ચોથી શ્રેણી

પુસ્તક - ૯૮

તા.૧૫મી માર્ચ, ૨૦૨૩
ફાલ્ગુન ૨૪, ૧૯૪૪ શાકે
થી
તા.૨૦મી માર્ચ, ૨૦૨૩
ફાલ્ગુન ૨૯, ૧૯૪૪ શાકે

ગુજરાત વિધાનસભા

ચર્ચાઓ

સત્તાવાર અહેવાલ
પંદરમી ગુજરાત વિધાનસભા
બીજું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

વિષય	પાના નંબર	
તા.૧૫મી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૨૪, ૧૯૪૪ શાકે		
તારાંકિત પ્રશ્નો	1	10
અતારાંકિત પ્રશ્નો	11	65
માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)	66	99
તા.૧૬મી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૨૫, ૧૯૪૪ શાકે		
તારાંકિત પ્રશ્નો	૧૦૦	૧૧૧
અતારાંકિત પ્રશ્નો	૧૧૨	૧૭૦
પોઇન્ટ ઓફ ઓર્ડર(પ્રશ્નોત્તરીના જવાબમાં આંકડાની વિસંગતતા અંગે)	૧૭૧	૧૭૧
સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો	૧૭૨	૧૭૨
માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)	૧૭૩	૨૦૫
તા.૧૭મી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૨૬, ૧૯૪૪ શાકે		
તારાંકિત પ્રશ્નો	૨૦૬	૨૧૮
અતારાંકિત પ્રશ્નો	૨૧૯	૨૬૩
તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ - ૧૧૬)	૨૬૪	૨૬૮
માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)	૨૬૯	૨૮૦
બિન - સરકારી વિધેયકો	૨૮૧	૨૯૦
ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક, ૨૦૨૩	૨૮૧	૨૮૪
ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક, ૨૦૨૩	૨૮૫	૨૯૦
તા. ૧૮મી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૨૭, ૧૯૪૪ શાકે		
તારાંકિત પ્રશ્નો	૨૯૧	૩૦૨
અતારાંકિત પ્રશ્નો	303	343
અધ્યક્ષશ્રીની જાહેરાત (વિકલાંક વ્યક્તિ માટે વાહનની વ્યવસ્થા અંગે)	344	344
પોઇન્ટ ઓફ ઓર્ડર (એન.સી.બી.ના અહેવાલના ડેટા રજૂ કરવા અંગે)	344	344
માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)	345	374
તા. ૨૦મી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૨૯, ૧૯૪૪ શાકે		
તારાંકિત પ્રશ્નો	૩૭૫	૩૮૮
અતારાંકિત પ્રશ્નો	૩૮૯	૪૨૦
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રીનું નિવેદન (નિયમ - ૭૪)	૪૨૧	૪૨૨
શ્રમયોગીઓના વેતનમાં સુધારા અંગે	૪૨૧	૪૨૨
શેરડી કાપણી - ભરણી વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓના વેતનદરમાં સુધારા અંગે	૪૨૨	૪૨૨
સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો	૪૨૩	૪૨૩
માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)	૪૨૩	૪૫૪

ફાલ્ગુન ૨૪, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

બુધવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૨૩

ફાલ્ગુન ૨૪, ૧૯૪૪ શાકે

સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

અમદાવાદ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ

* ૧૮૭૯ **શ્રી હર્ષદભાઈ પટેલ** (સાબરમતી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો,	(૧) ૧૫૯૦
(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી મહિલા તાલીમાર્થી અને કેટલા પુરુષ તાલીમાર્થીઓએ ભાગ લીધો, અને	(૨) ૭૮૦ મહિલા અને ૮૧૦ પુરુષ.
(૩) ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલો ખર્ચ થયો ?	(૩) રૂ. ૧૯,૭૩,૧૬૬/-

શ્રી હર્ષદભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત તાલુકાવાર સંસ્થાકીય તાલીમ કેટલા ખેડૂતોને આપવામાં આવી? બીજો પ્રશ્ન એ છે કે આ તાલીમ કેવા પ્રકારની છે અને આ કૃષિ વિષયક તાલીમ આપવાથી ખેડૂતોને શું ફાયદો થાય છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ તાલીમ વિશે જાણકારી માટેનો ખૂબ મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો છે, ત્યારે રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા જે કૃષિ વિષયક સંશોધનો અને નવી ટેક્નોલોજીના સંશોધનો થાય છે એ સંશોધનો ખેડૂતો સુધી પહોંચાડી ખેડૂતોના જ્ઞાન અને કૌશલ્યમાં વધારો કરી પાક ઉત્પાદન વધારી શકાય અને ખેડૂતો આર્થિક રીતે સદ્ધર બને અને દેશ અન્ન ક્ષેત્રે સ્વનિર્ભર બને એ મુખ્ય હેતુ આ ખેડૂત તાલીમ કેન્દ્રનો છે. રાજ્યમાં નેધરલેન્ડ પ્રોજેક્ટ પૂરો થયા પછી રાજ્ય સરકાર તરફથી અગાઉના પ્રોજેક્ટ મુજબ ખેડૂતો અને બહેનોને તાલીમ આપવાનું રાજ્ય સરકારે ચાલુ રાખેલ છે. હાલ રાજ્યમાં ૨૬ જેટલાં ખેડૂત તાલીમ કેન્દ્રો છે અને અમદાવાદ જિલ્લામાં વર્ષ ૧૯૮૦-૮૧થી આ ખેડૂત તાલીમ કેન્દ્રો કાર્યરત છે. આધુનિક ટેક્નોલોજી અને વૈજ્ઞાનિક જાણકારી મારફત કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ દ્વારા ખેડૂતોને ખેત ઉત્પાદન વધારવા માટે તાલીમ આવશ્યક છે. જેથી રાજ્ય સરકારે ખેડૂત ભાઇઓ અને બહેનો માટે વર્ષ ૨૦૧૨-૧૩થી કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ શરૂ કરેલ છે. મહિલા અને ખેડૂત ભાઇઓના વિવિધ ઘટકો જેવા કે સંસ્થાકીય તાલીમ, યુવા સંસ્થાકીય તાલીમ, પ્રિ-સિઝનલ કેમ્પ, શેરિંગ ફોલો-અપ, રાજ્યની અંદર અને રાજ્ય બહાર પ્રેરણા પ્રવાસ જેવા ઘટકોમાં તાલીમ આપવામાં આવે છે. આ કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમની યોજના દ્વારા સમગ્ર રાજ્યના ખેડૂતોને તાલીમ દ્વારા અત્યાધુનિક ટેક્નોલોજી વિશે જાણકારી આપવી, શૈક્ષણિક પ્રેરણા પ્રવાસ થકી કૃષિ યુનિવર્સિટીનાં વિવિધ સંશોધન કેન્દ્રો તથા પ્રગતિશીલ ખેડૂતોના ખેતરોની પ્રત્યક્ષ મુલાકાત જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ખેડૂત ભાઇ બહેનોના કૃષિલક્ષી જ્ઞાનમાં વધારો થાય અને કૃષિ ક્ષેત્રે તેઓ આત્મનિર્ભર બની શકે તેવો આ તાલીમનો મુખ્ય હેતુ છે. માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે તે મુજબ અમદાવાદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત તાલુકાવાર સંસ્થાકીય તાલીમ લીધેલા હોય તેવા ખેડૂતોની વિગતો જણાવું તો દેત્રોજ તાલુકામાં ખેડૂત તાલીમાર્થીઓની સંખ્યા ૧૮૦ છે, બાવળા તાલુકામાં ૧૮૦, દસક્રોઇ તાલુકામાં ૨૪૦, સાણંદ તાલુકામાં ૨૪૦, ધોળકા તાલુકામાં ૨૭૦, વિરમગામ તાલુકામાં ૨૧૦, ધંધુકા તાલુકામાં ૬૦, ધોલેરા તાલુકામાં ૬૦ અને માંડલ તાલુકામાં ૧૫૦ એમ કુલ ૯ તાલુકાના ૧,૫૯૦ લાભાર્થીઓએ સંસ્થાકીય તાલીમ અને સહાય યોજનાનો લાભ લીધેલ છે. સભ્યશ્રીના બીજા પ્રશ્નમાં ખેડૂતોને તાલીમથી થતાં ફાયદા અંગે જણાવું તો કૃષિ વિષયક તાલીમ દ્વારા ખેડૂતોને કૃષિ વિષયક માહિતી, માર્ગદર્શન, જ્ઞાન અને કૌશલ્ય પૂરા પાડવામાં આવે છે. જેના ઉપયોગથી ખેડૂત વધારે સારી રીતે અને સક્ષમતાથી પોતાની ખેતી, બાગાયત, પશુપાલન અને સંલગ્ન વ્યવસાય કરી શકે છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઈ ક. પટેલ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મહિલા ખેડૂત અને ખેડૂત તાલીમાર્થીઓને કયા માધ્યમો દ્વારા કૃષિ વિષયક તાલીમ આપવામાં આવી અને મારો બીજો પ્રશ્ન છે કે અમદાવાદ જિલ્લાના ખેડૂત તાલીમ કેન્દ્રમાં છેલ્લાં બે વર્ષમાં કેટલી ખેડૂત મહિલાઓને કયા કયા પ્રકારની તાલીમ આપવામાં આવી?

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પહેલાં ખેતી માત્ર આજીવિકાનું સાધન હતી, પરંતુ હાલના વૈશ્વિકરણના આધુનિક યુગમાં ખેતીએ ઉદ્યોગનું સ્વરૂપ ધારણ કર્યું છે. આવા વિકસતા યુગમાં ખેડૂત મહિલાઓ અને ભાઈઓએ આંખ અને કાન ખુલ્લા રાખી નવી નવી ટેકનોલોજી, સંશોધનો, બજાર વ્યવસ્થા, બજાર ભાવ, કંપની સમાચાર, વગેરે વિષયની જાણકારી મેળવી પોતાના જ્ઞાનમાં સતત વધારો કરતાં રહેવું પડે અને આ જ્ઞાન આપવા માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ છે. સંશોધન કેન્દ્રની કૃષિ પશુપાલન, બાગાયત વિભાગોની સ્વૈચ્છિક સંસ્થા અને પ્રગતિશીલ ખેડૂતોની મુલાકાત દ્વારા, કૃષિ મેળા અને નિદર્શન દ્વારા, ઇલેકટ્રોનિક પ્રચાર માધ્યમો જેવા કે રેડિયો, ટી.વી., સી.ડી. મોબાઇલ, એસ.એમ.એસ.દ્વારા, કૃષિ સાહિત્ય દ્વારા, કૃષિ પ્રવાસ દ્વારા ખેતી વિષયક જ્ઞાન આપવામાં આવે છે અને સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવું કે આજના આ આધુનિક અને વૈજ્ઞાનિક યુગમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં પોતાના કૌશલ્ય અને વિકાસ થકી દેશના અને રાજયના વિકાસમાં અગત્યનો ભાગ ભજવી રહી છે, ત્યારે ખેતી પણ દેશના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે અને ખેતીમાં મહિલાઓ પણ સંકળાયેલ છે, ત્યારે તેઓ ખેતી, પશુપાલન, બાગાયત ક્ષેત્રે થતા નવીન સંશોધન અને ટેકનોલોજીથી માહિતગાર થઇ તેનો ઉપયોગ કરી આર્થિક રીતે પગભર બને એવા હેતુથી આ તાલીમ કેન્દ્ર અમદાવાદમાં છેલ્લાં બે વર્ષમાં ખેડૂત મહિલાઓને આપવામાં આવેલ. તાલીમ અંગે જણાવું તો સંસ્થાકીય તાલીમ વર્ગમાં ૭૮૦ મહિલાઓ, પ્રીસિઝનલ તાલીમ વર્ગમાં ૮૦૦ મહિલાઓ, શેરિંગ ફોલો-અપ વર્ગમાં ૩૦૦ મહિલાઓ આમ અમદાવાદ જિલ્લામાં કુલ ૧,૮૮૦ મહિલા ખેડૂત તાલીમાર્થીઓને વિવિધ પ્રકારની તાલીમ આવા કેમ્પોમાં આપવામાં આવેલ છે.

શ્રી કાળુભાઈ ચ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે કઇ કઇ પ્રવૃત્તિઓ ચાલે છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે અમદાવાદ જિલ્લામાં ખેડૂત તાલીમ વર્ગમાં છેલ્લાં બે વર્ષમાં કેટલા ખેડૂત તાલીમાર્થીઓને કયા કયા પ્રકારની તાલીમ આપવામાં આવેલ છે?

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે રાજય સરકારશ્રીની પ્લાન અને કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજનાઓ અંતર્ગત ખેડૂત ભાઇઓ માટે અને બહેનો માટે ચાલતી તાલીમ અંગે જણાવું તો સંસ્થાકીય તાલીમ વર્ગ-૩ દિવસનો, યુવા સંસ્થાકીય મહિલા અને પુરુષ તાલીમ વર્ગ-૪ દિવસ માટે, પ્રીસિઝનલ કેમ્પ ૧ દિવસ માટે, શેરીંગ ફોલોઅપ કાર્યક્રમ ૧ દિવસ માટે, રાજય અંદરનો શૈક્ષણિક પ્રેરણા પ્રવાસ ૭ દિવસ માટે, રાજય બહારનો શૈક્ષણિક પ્રેરણા પ્રવાસ ૧૦ દિવસ માટે આવી અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી ખેડૂતોને જ્ઞાન અને ટેકનોલોજીથી માહિતગાર કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીના પ્રશ્નના બીજા ભાગમાં જણાવું તો કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ખેડૂત તાલીમ દ્વારા છેલ્લાં બે વર્ષમાં ખેડૂત તાલીમાર્થીઓને આપવામાં આવેલ તાલીમની વિગતો સંસ્થાકીય તાલીમ-૧,૫૯૦ તાલીમાર્થીઓની સંખ્યા, પ્રિસિઝનલ તાલીમમાં ૧,૫૫૦ ખેડૂત તાલીમાર્થીઓ અને શેરીંગ ફોલોઅપ વર્ગમાં-૬૦૦ એમ કુલ ૩,૭૪૦ જેટલા ખેડૂત તાલીમાર્થીઓને વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવેલ છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે ખેડૂતોને તાલીમ આપવામાં આવે છે એમાં ખાસ કરીને જે તાલુકાઓ નર્મદાના કમાન્ડ એરિયામાં આવે છે એ તાલુકાના ખેડૂતો નર્મદાનું પાણી હોય એ કઇ રીતે વાપરવું એનો પૂરતો અનુભવ ન હોવાના કારણે પાણીનો મોટા પ્રમાણમાં બગાડ થાય છે અને લાંબા સમયે આ જમીન નીચે ખાર આવવાથી બગડવાની ભીતિ પણ છે. આવા તાલુકાના ખેડૂતોને પાણીનો ઉપયોગ કઇ રીતે કરવો એના માટે અલગથી તાલીમ આપવા માગો છો કે કેમ? વિવિધ પ્રકારના ખેડૂતોને તાલીમ આપવામાં આવે છે એમાં આવકમાં કોઇ વધારો કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રીનું સૂચન બહુ મહત્ત્વનું છે. એટલા માટે કે સિંચાઇ કમાન્ડ હેઠળ આવતા વિસ્તારમાં ખેડૂતો ત્રણ-ત્રણ સિઝન પાક લઇ શકે છે. આવા જ્યારે ત્રણ-ત્રણ પાકો લઇ શકતા હોય ત્યારે એવા કમાન્ડ એરિયા વિસ્તારના ખેડૂતોને જો આ તાલીમ વિશેષ પ્રમાણમાં મળે તો તેઓ સારી રીતે ખેતી કરી શકે અને વધુ ઉત્પાદન મેળવી શકે. પરિણામે દેશને ખેતી ક્ષેત્રે આત્મનિર્ભર કરવામાં ખૂબ મોટો ભાગ ભજવી શકે. એના માટે માનનીય સભ્યશ્રીએ સૂચન કર્યું છે એ આવકારદાયક છે. તાલીમ કેન્દ્રમાં વિષયો છે એમાં આ વિષય છે કે કમાન્ડ એરિયાના વિસ્તારના ખેડૂતોને ખેતી માટેની તાલીમ આપીને કેમ પાણીનો વધારે સારી રીતે ઉપયોગ કરવો, પાણીનો સદુપયોગ કરીને વધુને વધુ ખેતી સારી રીતે થાય એ વિષય આ કાર્યક્રમ હેઠળ આવી જાય છે. છતાં માનનીય સભ્યશ્રીના કોઇ વિશેષ સૂચનો હોય તો આવકાર્ય છે. અમારો હેતુ છે કે ખેડૂતો વધારેમાં વધારે સારી રીતે ખેતી કરી શકે એ દિશામાં રાજ્ય સરકાર કટિબદ્ધ છે. કોઇ સૂચન હોય તો માનનીય સભ્યશ્રી અમને મોકલે.

ફાલ્ગુન ૨૪, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

પંચમહાલ જિલ્લામાં બકરાં એકમ સહાય

* ૧૯૦૭ **શ્રી ફતેસિંહ ચૌહાણ** (કાલોલ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન	**જવાબ**
(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કેટલી મહિલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને	(૧) ૧૬૦
(૨) ઉક્ત સ્થિતિએ તે અંતર્ગત કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?	(૨) રૂ. ૭૨,૦૦,૦૦૦/-

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બકરાં એકમ સ્થાપવા માટે પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી? આ બકરાં એકમ સ્થાપવા માટે કયા કયા પ્રકારનો ખર્ચ કરવામાં આવે છે અને લાભાર્થીએ કેટલા રૂપિયાનો ખર્ચ કરવો પડે છે?

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓને જણાવવા માગું છું કે, આ બકરાં એકમ પશુપાલન ક્ષેત્રે જે નાના પશુઓનું પાલન કરે છે એના માટે બહુ અગત્યનું એકમ છે. આપણને બધાને યાદ હશે કે પૂજ્ય મહાત્મા ગાંધીજી બકરી રાખતા હતા અને બકરીનું દૂધ પીતા હતા. એટલા માટે કે આ બકરી એ.ટી.એમ. જેવી છે. એ.ટી.એમ.માં કાર્ડ નાખીએ એટલે પૈસા નીકળે એમ બકરીને ગમે ત્યારે દોહી શકાય છે. આ બકરી એકમ ઘરાવતા પશુપાલકો પાસે કોઇપણ ગ્રાહક ગમે ત્યારે આવે તો એને તાજુ દૂધ બકરીને દોહીને આપી શકે. બીજું, પશુપાલન વ્યવસ્થા એ આપણા ભારતની અર્થ વ્યવસ્થામાં બહુ મોટું સ્થાન ધરાવે છે. વરસાદની અનિશ્ચિતતા અને દુષ્કાળના કારણે ખેતીમાં નાના અને ગરીબ ખેડૂતોને ખૂબ જ જોખમ રહે છે. ખેતીના વ્યવસાય સાથે પશુપાલન વ્યવસાય નાના ખેડૂતો માટે ખૂબ ફાયદાકારક છે. એમાં બકરાં પાલન વ્યવસાય નાના ખેડૂતો, જમીન વિહોણા ગરીબો માટે આવકનો એકમાત્ર સ્ત્રોત છે તેમજ ગાય-ભેંસ જેવા અન્ય પ્રકારના પશુઓ માટે અયોગ્ય પણ બકરાં માટે અનુકૂળ એવી ડુંગરાળ જમીનમાં બકરાં ઉછેરી શકાય છે. આથી ગરીબોની આવક વધારવા માટે બકરાં પાલન શ્રેષ્ઠ વિકલ્પ છે. અત્યંત ઓછા મૂડીરોકાણ સાથે બકરાંનો ઉછેર નાના ખેડૂતો માટે નફાકારક બની રહે છે. બકરી એ ગરીબોની ગાય કહેવાય છે. બકરીના દૂધમાં આયુર્વેદિક ગુણધર્મો રહેલા છે જે ઘણા બધા રોગોના નિવારણ માટે પણ ઉપયોગી થાય છે. રાજ્યમાં ૭૦ ટકાથી વધારે સંખ્યામાં ઘેટાં-બકરાં નાના અને સીમાંત ખેડૂતો અને ખેતમજૂરો દ્વારા પાળવામાં આવે છે. રાજ્યમાં લગભગ ૪૮.૬૭ લાખ બકરાંની વસતિ છે. સરકાર દ્વારા રાજ્યના આર્થિક રીતે નબળા વર્ગના લોકો, અનુસૂચિત જાતિ વર્ગના લોકો અને આદિજાતિ મહિલાઓ બકરાં પાલન કરી પોતાનું ગુજરાન ચલાવી આર્થિક રીતે સદ્ધર થાય તેમજ શુદ્ધ સંવર્ધન થકી ઓલાદ સુધારણા થાય તે અંતર્ગત લાભાર્થીઓ માટે બકરાં એકમની સ્થાપના ૧૦ વત્તા ૧, એટલે કે ૧૦ બકરી અને ૧ બકરો સહાયની યોજના અમલીકૃત કરેલ છે. આ યોજના હેઠળ યુનિટ ખર્ચના ૫૦ ટકા મુજબ મહત્તમ રૂ. ૪૫ હજારની સહાય સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે. આ બકરાં એકમ સ્થાપવા માટેની સહાયની યોજના અંગે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે તો મારો જવાબ માનનીય સભ્યશ્રીને આપું કે, પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જનજાતિની મહિલાઓને ચૂકવેલ સહાયની વિગતો મુજબ કાલોલ તાલુકામાં ૪ લાભાર્થીને રૂપિયા ૧ લાખ ૮૦ હજાર, ઘોઘંબામાં ૨૬ લાભાર્થીને રૂપિયા ૧૧ લાખ ૭૦ હજાર, જાંબુઘોડામાં ૪ લાભાર્થીને રૂપિયા ૧ લાખ ૮૦ હજાર, મોરવાહડફમાં ૨૯ લાભાર્થીને રૂપિયા ૩૧ લાખ ૫ હજાર, શહેરામાં ૪૨ લાભાર્થીને રૂપિયા ૧૮ લાખ ૯૦ હજાર, હાલોલમાં ૯ લાભાર્થીને રૂપિયા ૪ લાખ ૫ હજાર, ગોધરામાં ૬ લાભાર્થીને રૂપિયા ૨ લાખ ૭૦ હજાર એમ કુલ મળીને ૧૬૦ લાભાર્થીઓને રૂપિયા ૭૨ લાખ જેટલી સહાયની ચૂકવણી કરી છે. માનનીય સભ્યશ્રીએ બકરાં એકમ સ્થાપવા માટે થતાં ખર્ચ અંગેનો પ્રશ્ન પૂછ્યો છે. ૧૦ બકરીના રૂપિયા ૪ હજાર લેખે ૪૦ હજાર અને એક નર બકરાંની ખરીદી માટે રૂપિયા ૫ હજાર એમ ટોટલ ખર્ચ અંદાજિત ૪૫ હજાર રૂપિયા જેવો આવે છે. લાભાર્થીએ કરવાનો ખર્ચ છે ખોરાક-પાણીનાં સાધનો માટે રૂ. ૪,૫૦૦ રહેઠાણ અને ફેન્સિંગ માટે રૂ. ૯,૦૦૦, ઘાસચારો અને ખાણદાન માટે રૂ. ૨૭,૦૦૦, દવાનો ખર્ચ રૂ. ૨,૨૫૦ અને અન્ય પરચૂરણ ખર્ચ રૂ. ૨,૨૫૦ એમ થઈને રૂ.૪૫,૦૦૦. બીજા રૂ.૪૫,૦૦૦ એમ કરીને ટોટલ રૂ. ૯૦,૦૦૦નો ખર્ચ થાય છે અને એ ખર્ચના ૫૦ ટકા લેખે એટલે કે રૂ. ૪૫,૦૦૦ની સહાય રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે.

શ્રી રમેશભાઈ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ યોજનાનો લાભ રાજ્યના તમામ પશુપાલકો મેળવી શકે અને આ યોજનામાં પારદર્શિતા જળવાય એ માટે રાજ્ય સરકાર દ્વારા શું વ્યવસ્થા કરવામાં આવી છે?

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, યોજનાનો લાભ લાભાર્થી કઈ રીતે મેળવી શકે એના માટેની જાણકારી સન્માનનીય સભ્યશ્રી દ્વારા માગવામાં આવી છે ત્યારે કહું કે, રાજ્ય સરકાર દ્વારા આઇ-ખેડૂત ડિજિટલ પ્લેટફોર્મમાંથી અરજી કરવા માટેની કાર્યવાહી થાય છે. પશુપાલકોને સહાયકારી યોજનાની ઓનલાઇન અરજી કરવા માટે ગ્રામ પંચયાત કચેરી કે નજીકના કોઇ પણ પશુ દવાખાના ખાતે સુવિધા પૂરી પાડવામાં આવે છે. ઓનલાઇન અરજીના સાધનિક

કાગળોની ચકાસણી થયા બાદ પશુપાલકના મોબાઈલ નંબર ઉપર પૂર્વ મંજૂરીનો મેસેજ પાઠવી એની અરજી મંજૂર થઈ છે કે કેમ? તેવી જાણકારી પશુપાલકોને મળે તેવી સુવિધા પણ છે. લક્ષ્યાંક કરતા વધારે અરજીઓ મળે તો પાત્રતા ધરાવતી અરજીઓનો ઓનલાઈન ડ્રો કરીને પૂર્વ મંજૂરી આપવામાં આવે છે. પૂર્વ મંજૂરી મળેલ પશુપાલક દ્વારા બકરાં યુનિટની સ્થાપના કર્યાની ચકાસણી બાદ સહાયની રકમ ડી.બી.ટી.થી સીધેસીધી લાભાર્થીના બેંક ખાતામાં ચૂકવણી કરવામાં આવે છે. કોઈ પણ સંજોગોમાં લાભાર્થીને સીધી રોકડ સહાય ચૂકવવામાં આવતી નથી એટલે આ યોજના આખેઆખી પારદર્શી છે. બકરાં એકમના લાભાર્થીના આરોગ્ય માટે પણ સરકાર ઘણી બધી યોજનાઓ કરે છે.

ગાંધીનગર જિલ્લામાં શોર્ટિંગ અને ગ્રેડિંગ યુનિટ સહાય

* ૧૮૮૫ **શ્રી જયંતિભાઈ પટેલ** (માણસા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ શાકભાજી અને ફળ પાકોના શોર્ટિંગ અને ગ્રેડિંગ યુનિટ માટેની યોજના માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ,	(૧) હા, જી.
(૨) જો હા, તો તે અંગે કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવે છે, અને	(૨) બાગાયત ખાતા તરફથી શોર્ટિંગ અને ગ્રેડિંગ યુનિટ માટે નીચે મુજબ સહાય ચૂકવવામાં આવે છે.
(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા શોર્ટિંગ અને ગ્રેડિંગ યુનિટ ઉભા કરવા સહાય પેટે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ?	(૩) કુલ-૩ યુનિટ ઉભા કરવા સહાય પેટે રૂ. ૧૭,૯૮,૭૮૦ / - રકમની ચૂકવણી કરવામાં આવી.

ક્રમ	**લાભાર્થીનો પ્રકાર**	**વિસ્તાર**	**મહત્તમ સહાયની રકમ**
૧	વ્યક્તિગત	સામાન્ય	રૂ. ૬.૦૦ લાખ
		આદિજાતિ	રૂ. ૮.૨૫ લાખ
૨	એપીએમસી, સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજિસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠન	સામાન્ય	રૂ. ૯.૭૫ લાખ
		આદિજાતિ	રૂ. ૧૧.૨૫ લાખ

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય કૃષિ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે**,** શાકભાજી અને ફળ પાકોના શોર્ટિંગ અને ગ્રેડિંગ યુનિટ માટે મહત્તમ એકમ ખર્ચ શું છે? તે માટે સહાય આપવામાં આવે છે કે કેમ? અને આમાં કઇ કઇ સુવિધા ઊભી કરવા માટે સહાય આપવામાં આવે છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ફળ અને શાકભાજી પાકોનું વાવેતર અને ઉત્પાદન આ બધું દિવસે દિવસે વધતું જાય છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રાજયમાં કુલ ૮૨.૬૭ લાખ મેટ્રિક ટન ફળ અને ૧૬૭.૩૩ લાખ મેટ્રિક ટન શાકભાજીનું ઉત્પાદન થાય છે. ફળ અને શાકભાજી પાકો લાંબો સમય સંગ્રહી શકાતા નથી. એની કાપણી પછી યોગ્ય માવજત કરવામાં ન આવે તો બગડી જતા હોય છે. ખેડૂતો તેના ઉત્પાદનોની કાપણી પછી ગ્રેડિંગ, વોશિંગ, શોર્ટિંગ, પેકેજિંગ જેવી પ્રક્રિયા ખેતર ઉપર જ કરી શકે તે માટે આવા એકમો વસાવવા માટે બાગાયત ખાતા તરફથી ભારત સરકારશ્રીની મિશન ઓન ઇન્ટીગ્રેટેડ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ યોજના હેઠળ આ સહાય પૂરી પાડવામાં આવે છે. ખેડૂતો પોતાના ખેતર ઉપર આવા એકમો ઊભા કરવા માગતા હોય તો તેના વર્કિંગ શેડ, ગ્રેડિંગ, શોર્ટિંગ મશીનરી, વજનકાંટા, પેકેજિંગનાં સાધનો વગેરે માટેનો મહત્તમ એકંદર ખર્ચ રૂ.૧૫ લાખના ૪૦ ટકા સુધી સામાન્ય વિસ્તારમાં તથા ૫૫ ટકા સુધી ટ્રાયબલ વિસ્તારમાં અનુક્રમે રૂ. ૬ લાખ અને રૂ.૮.૨૫ લાખ સુધીની સહાય પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત ખેડૂતો, ખેડૂત સંગઠનો, જાહેર સંસ્થાઓ, એ.પી.એમ.સી. વગેરે પણ જો આવા એકમો ઊભા કરવા માગતા હોય તો રાજય સરકાર ૨૫ ટકા સુધી વધારાની સહાય પૂરી પાડે છે અને આવા એકમોને સામાન્ય વિસ્તારમાં ખર્ચના ૬૫ ટકા લેખે એટલે કે રૂ.૯.૭૫ લાખ અને આદિજાતિ વિસ્તારમાં ખર્ચના ૭૫ ટકા લેખે રૂ.૧૧.૨૫ લાખની સહાય મળવાપાત્ર થાય છે. શાકભાજી અને ફળોના શોર્ટિંગ અને ગ્રેડિંગ યુનિટ માટે સહાયના ધોરણોની વાત કરું તો શાકભાજી અને ફળ પાકોના શોર્ટિંગ અને ગ્રેડિંગ યુનિટ માટે મહત્તમ યુનિટ ખર્ચ રૂ.૧૫ લાખને ધ્યાને રાખી એ ધોરણે સહાય ચૂકવવામાં આવે છે. સહાયના ધોરણ અંગે વાત કરું તો સામાન્ય વિસ્તારના લાભાર્થીને યુનિટ ખર્ચના ૪૦ ટકા લેખે મળતર રૂ.૬ લાખ સુધીની સહાય, આદિજાતિ વિસ્તારમાં લાભાર્થીને યુનિટ ખર્ચના ૫૫ ટકા લેખે મળતર રૂપિયા ૮.૨૫ લાખ સુધીની સહાય, સામાન્ય વિસ્તારમાં એ.પી.એમ.સી., સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજિસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠનને ૬૫ ટકા લેખે મહત્તમ રૂ.૯.૭૫ લાખ સુધીની સહાય, આદિજાતિ વિસ્તારમાં એ.પી.એમ.સી. સહકારી ખેડૂત સંસ્થા જાહેર સાહસો, નગરપાલિકા...

અધ્યક્ષશ્રી : આ માણસા તાલુકા પૂરતો પ્રશ્ન છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જનરલ માહિતી આપી. માણસા તાલુકાની વાત કરું તો આખા ગાંધીનગર જિલ્લાની મારી પાસે માહિતી છે.

અધ્યક્ષશ્રી : એમાંથી સમજી લેવું.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ:માનનીય અધ્યક્ષશ્રી, માણસા તાલુકા માટે એમાં લિમિટેડ અરજદારો છે.

અધ્યક્ષશ્રી : નહીં, આખા રાજયના બાકીના વિસ્તારમાં આદિજાતિ વિસ્તાર અલગ છે. અહીંયા આગળ ખાલી માણસા તાલુકાની વાત છે.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માણસા તાલુકાની માહિતી હું ટેબલ ઉપર મૂકીશ.

અધ્યક્ષશ્રી : આપે જવાબ આપ્યો એમાં મોટાભાગની માહિતી આવી પણ ગઇ છે.

શ્રી લક્ષ્મણજી પું. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે ખેડૂતોને શોર્ટિંગ, ગ્રેડિંગ યુનિટ ઊભું કરી બાગાયત ખાતાની સહાય મેળવવા માટે અરજીની પ્રક્રિયા શું છે? એને સહાય કઇ રીતે ચૂકવવામાં આવે છે?

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રી આ સહાયની કઇ રીતે ચૂકવણી થાય છે એના માટેની માહિતી જાણવા માગે છે ત્યારે હું જણાવવા માગું છું કે આઇ-ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરવાની રહે છે. અરજી પ્રોજેકટ રિપોર્ટ અને બેંક લોનની વિગતો સાથેના જરૂરી કાગળો જે તે જિલ્લાની નાયબ બાગાયત નિયામકની કચેરીમાં જમા કરાવવાની રહે છે અને સહાય ચૂકવવા જિલ્લા કચેરીએથી જ જિલ્લા કક્ષાની સમિતિમાં ભલામણ સહ દરખાસ્તને રાજયકક્ષાએ રજૂ કરવામાં આવે છે. લાભાર્થીની અરજી રાજયકક્ષાની સમિતિ દ્વારા ખરાઇ કરી મંજૂર કરવામાં આવે છે અને અરજી મંજૂર થયા બાદ પ્રોજેકટની કામગીરી પૂર્ણ થયેથી લાભાર્થી દ્વારા જરૂરી સાધનિક કાગળો અને બિલો રજૂ કર્યા બાદ સંયુકત સ્થળની ચકાસણી કરવામાં આવે છે. સંયુકત સ્થળ ચકાસણી સમિતિના રિપોર્ટના આધારે લાભાર્થીના સબસિડી રિઝર્વ ફંડ ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર ડી.બી.ટી.થી જમા કરાવવામાં આવે છે. આ રીતે લાભાર્થીને સહાયની ચૂકવણી કરવામાં આવે છે.

રાજકોટ જિલ્લામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના

* ૧૯૨૫ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ ભેટ આપવા માટેની યોજના અમલમાં છે કે કેમ,	(૧) હા, જી.
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની કેટલી વિદ્યાર્થિનીઓને સાઇકલ ભેટ આપવામાં આવી છે, અને	(૨) કુલ-૧૭૦ વિદ્યાર્થિનીઓ
(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ?	(૩) કુલ ખર્ચઃ રૂ. ૭,૩૭,૯૫૪/- (રૂપિયા સાત લાખ સાડત્રીસ હજાર નવસો ચોપન)

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં તાલુકાવાર બે વર્ષમાં અનુસૂચિત જનજાતિની બાળાઓને કેટલી સાઇકલોનું વિતરણ કરવામાં આવેલ છે?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે કે રાજકોટ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને કેટલી સાઇકલોનું વિતરણ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૧માં કુલ ૧૦૯ સાઇકલો અને વર્ષ ૨૦૨૨માં કુલ ૬૧ સાઇકલો મળીને છેલ્લાં બે વર્ષમાં ૧૭૦ સાઇકલોનું વિતરણ કરવામાં આવ્યું છે. રાજકોટ જિલ્લાની તાલુકાવાર સાઇકલ વિતરણની માહિતી આપું તો તેમાં આદિવાસી બંધુઓ મજૂરી અર્થે ગયા હોય અને તેમની દીકરીઓને ત્યાં ભણાવતા હોય અને આ સરકારે જયારે મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય આપ્યું છે, ત્યારે મહિલાઓ શિક્ષણથી વંચિત ન રહે અને તેમને શિક્ષણની સુવિધા પ્રાપ્ત થાય તેના માટે આ સાઇકલની સહાય આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં રાજકોટ તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૨૭ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૧૫ સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું છે. ધોરાજી તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૧૫ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૦૯ સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું છે. પડધરી તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૧૧ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૦૫ સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું છે. લોધિકા તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૦૭ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૦૩ સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું છે. ઉપલેટા તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૧૧ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૦૯ સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું છે. જામકંડોરણા તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૦૫ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૦૪ સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું છે. ગોંડલ તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૦૯ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૦૭ સાઇકલનું વિતરણ

કરવામાં આવ્યું છે. જેતપુર તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૦૮ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૦૨ સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું છે. વિંછીયા તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૦૪ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૦૨ સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું છે. કોટડા સાંગાણી તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૦૬ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૦૩ સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું છે. જસદણ તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૦૬ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૦૨ સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું છે. આમ, કુલ મળીને વર્ષ ૨૦૨૧માં ૧૦૯ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૬૧ સાઇકલનું વિતરણ કરવામાં આવેલ છે.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આપણા લોકલાડીલા વડાપ્રધાન આરદણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા આવી અનુસૂચિત જનજાતિની જે દીકરીઓ છે કે જેને પહેલાં વિદ્યાદાન પછી કન્યાદાનના ઉદ્દેશ સાથે આવી દીકરીઓને સાઇકલ આપવાની જે યોજના છે તે અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું સૂત્ર છે કે, બેટી બચાવો બેટી પઢાઓ જેના અનુસંધાને સાચા અર્થમાં મહિલા સશક્તિકરણ થાય, દીકરીઓને સાઇકલની સુવિધા પ્રાપ્ત થાય અને સમયસર દૂરના સ્થળ સુધી સ્કૂલે જઇ શકે તેના માટે માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે કે છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં કુલ કેટલી સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું છે અને તેમાં કેટલો ખર્ચ કર્યો છે? તો તેના જવાબમાં જણાવું તો કુલ ૧૯ જેટલા જિલ્લાઓમાં તા.૧૩-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ ૭૪,૪૯૯ સાઇકલનું વિતરણ કરવામાં આવેલ છે અને તેના માટે રૂ.૩,૨૨૯.૯૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. છેલ્લાં બે વર્ષ દરમિયાન જિલ્લા કલેક્ટર કચેરીઓ દ્વારા સાઇકલ વિતરણની જે વ્યવસ્થા છે તેમાં અમદાવાદ જિલ્લો છે તેમાં કુલ ૧૯૯ સાઇકલનું વિતરણ કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : ટોટલ સરવાળો આપી દેશો તો પણ ચાલશે.

શ્રી કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ સરવાળો કહું તો રૂ.૩૨૨૯.૯૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આ સાઇકલ વિતરણ યોજનાની પાત્રતાના ધોરણો કયા છે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા એ બાબતનો આનંદ છે કે, વર્ષ ૨૦૧૩-૧૪થી ધોરણ-૮ પ્રાથમિક શાળામાં ગયું એના પછી વર્ષ ૨૦૧૩-૧૪થી ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની દીકરીઓને આ યોજના અંતર્ગત લાભ આપવામાં આવે છે. સાથે સાથે અગાઉ ધોરણ-૮માં ભણતી વિદ્યાર્થિનીઓ જે માધ્યમિકમાં હતી એમને પણ આ યોજનાનો લાભ આપણે આપતા હતા. સાથે સાથે આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૮-૯-૨૦૧૫ના ઠરાવથી વિદ્યા સાધના યોજના અંતર્ગત અંતરની મર્યાદા ધ્યાને લીધા સિવાય લાભ આપવમાં આવે છે. અગાઉ ગ્રામ્ય વિસ્તાર માટે રહેણાંકથી ૨.૫ કિલોમીટરની અંતરની મર્યાદા હતી અને શહેરી વિસ્તારમાં રહેણાંકથી ૩ કિલોમીટરની મર્યાદા હતી એ આપણે દૂર કરી છે. સાથે સાથે આ યોજના અંતર્ગત આદિજાતિ વિકાસ વિભાગના તા.૨-૧૧-૨૦૨૨ના ઠરાવથી અભ્યાસ કરતી દીકરીના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા વધારીને રૂપિયા ૬ લાખ કરવામાં આવી છે. અગાઉ તા.૨૪-૧૦-૨૦૧૭ના ઠરાવથી આ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તાર માટે અભ્યાસ કરતી દીકરીના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા જે રૂપિયા ૧.૨૦ લાખ હતી અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી દીકરીના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂપિયા ૧.૫૦ લાખ હતી એ દૂર કરીને રૂપિયા ૬ લાખની વાર્ષિક આવક મર્યાદા કરવામાં આવી છે અને એને ધ્યાને રાખીને સાઇકલનું વિતરણ દીકરીઓને કરવામાં આવે છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જનજાતિઓની દીકરીઓને સાઇકલ આપવાની યોજના એ ખૂબ સારી યોજના છે અને એ બદલ હું સરકારશ્રીને અભિનંદન પણ આપું છું. આ દીકરીઓ સાઇકલનો ઉપયોગ ફકત શાળાએ જવા માટે જ નથી કરતી, એના ઘરેથી કહેવામાં આવે કે જા બેટા ડેરીએ જઇને દૂધ ભરી આવ, તારા પપ્પા ખેતરે છે તો એને ટિફિન આપી આવ અથવા એના ઘરના એમ કહે કે બજારમાંથી શાકભાજી લઇ આવ કે આ વસ્તુ બજારમાંથી લાવી આપ તો એના માટે પણ આ દીકરીઓ સાઇકલનો ઉપયોગ કરતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન એ થાય છે કે, એ દીકરી જ્યારે બજારમાં જાય કે જાહેર જગ્યાએ જાય ત્યારે બધાને ખબર પડી જાય છે કે આ સરકારી સાઇકલ લઇને બજારમાં આવી છે એ અનુસૂચિત જનજાતિની દીકરી છે એટલે આ કેસરી સાઇકલ લઇને આવી છે એના કારણે કુમળી વયમાં એ લઘુતાગ્રંથીનો શિકાર બને છે ત્યારે મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે, બજારમાં સામાન્ય રંગની મળતી સાઇકલ અમારી આદિવાસી દીકરીઓને સરકાર આપવા માગે છે કે કેમ?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન આવકાર્ય છે, પણ ક્યારેક સાઇકલ ચોરાઇ જવાનો ભય હોય છે, એમાં આ સાઇકલ એક વિશેષ ઓળખાણ છે અને આ કેસરી સાઇકલ છે એ વિશેષ ઓળખાણ છે અને તેમ છતાં સભ્યશ્રીનું સૂચન છે એના માટે વિચારીશું. આમ છતાં અમારું એવું માનવું છે કે ક્યારેક ચોરીનો ભય રહેતો હોય છે ત્યારે આ કેસરી સાઇકલ છે એ નિશાન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, રાજકોટ જિલ્લામાં આ યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલી અનુસૂચિત જાતિની કુલ કેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરતી હતી તે પૈકી ૧૨૭ને મળી છે અને ભારતનું બંધારણ એમ કહે છે કે, સમરસતા જાળવવી જોઇએ. માનનીય મુખ્યમંત્રીશ્રી આપને પણ વિનંતી કરું છું

કે, એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી.ની તમામ દીકરીઓ જ્યારે સાઇકલ લઇને બજારમાં જાય છે એની શ્રી તુષારભાઇએ જે વાત કરી છે એ બહુ સત્ય વાત છે માટે અમે લાગણી સાથે વિનંતી કરીએ છીએ કે, સરકારની યોજના સારી છે પણ એનો પ્રચાર પણ એવો જ છે અને કેસરી કલરની જે આપવામાં આવે છે એ અન્ય સામાન્ય સાઇકલ કરતા જુદી પડી જાય છે માટે આપને વિનંતી છે કે, "ચોરી કરે છે માટે આ કલરની આપવામાં આવે છે." કારણ જુદું છે. ચોરીની વાત કરતા હોય તો મંત્રીશ્રીની ગાડીઓનો કલર પણ કેસરી કરી દો જેથી ખ્યાલ પડે કે આ મંત્રીશ્રીની ગાડી છે અને કોઇ ચોરી ન જાય.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, સીધા પ્રશ્ન ઉપર આવી જાવ, પોલિટિકલી રંગ નહીં કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમારી દીકરી જતી હોય તો દેખાઇ જાય છે કે, આ અમારી દીકરી છે એટલે અમારી લાગણી દુભાય છે ત્યારે સરકારને અભિનંદન સાથે કહીએ છીએ કે આમાં ચેન્જિસ કરે. બીજો મારો પ્રશ્ન હતો કે કેટલી દીકરીઓ ભણતી હતી એ પૈકી કેટલી દીકરીઓને આપવામાં આવી છે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી છે એ વાજબી છે. સાઇકલના કેસરી કલર સાથે એમને વાંધો છે પણ એ કહેતા આનંદ છે કે અમારી આદિવાસી સમાજની દીકરીઓ ભણે છે એની આ નિશાની છે અને સમાજને પણ ખબર પડે છે કે, આ દીકરી આ સ્કૂલમાં જાય છે.

તાપી જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના

* ૧૯૩૨ **શ્રી મોહનભાઈ કોંકણી** (વ્યારા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાપી જિલ્લામાં આદિજાતિ વ્યક્તિઓને આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,	(૧) હા, જી.
(૨) જો હા, તો આ યોજના હેઠળ આદિજાતિ વ્યક્તિઓને શાં લાભ આપવામાં આવે છે, અને	(૨) આવાસદીઠ રૂ. ૧,૨૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.
(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ?	(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલ રૂ. ૨૧૨.૮૦ લાખની સહાય આપવામાં આવેલ છે.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો હું આભાર માનું છું કે, આદિજાતિ વિભાગના વિકાસ માટે અવિરત ગંગા વહાવી છે. ભૂતકાળની સરકારોમાં અને ભારતીય જનતા પાર્ટીની સરકારોમાં સન ૧૯૯૫થી આજદિન સુધી વહીવટમાં મેં આ તફાવત જોયો છે અને પંચાયતથી માંડીને જિલ્લા પંચાયત સુધી અને હાલ ધારાસભ્ય તરીકેની જવાબદારી સંભાળવા મળી છે ત્યારે ભૂતકાળની સરકારો અને આજની સરકારોમાં જે તફાવત છે તે આદિજાતિ વિકાસ વિભાગની આખી કાયાપલટ કરવામાં આવી છે તેનો હું સાક્ષી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ડાયરેક્ટ પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, અનુસૂચિત જાતિના લોકોને સહાય આપવાની વ્યકિતગત ધોરણે આવાસ યોજનાનો ઉદ્દેશ શું છે ? અને વ્યકિતગત ધોરણે આવાસ યોજનાનો અમલ કયારથી થયેલ છે ? અને સાથે સાથે વ્યકિતગત ધોરણે આવાસ યોજનાનો લાભ મેળવવા માટે આવક મર્યાદા શું છે ?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ખૂબ સારો પ્રશ્ન લઇ આવ્યા છે આદિવાસી વિસ્તારના અમારા સમુદાયની ચિંતા તેમણે કરી છે ત્યારે મને કહેતા આનંદ થશે કે, **" નમોને પસંદ એ જ અમોને પસંદ, વાદ નહીં વિવાદ નહીં આવાસ સિવાય બીજી કોઇ વાત નહીં."** એમનો પહેલો પ્રશ્ન છે કે, વ્યકિતગત ધોરણે આવાસ આપવાનો ઉદ્દેશ શું છે? અનુસૂચિત જનજાતિના સમુદાયના લોકોને ઘરનું ઘર મળી રહે તેના માટે આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ચિંતા વ્યકત કરી, તમારી સરકારમાં આવાસ માટે રૂપિયા ૩૫ હજાર આપતા હતા.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમે પ્રશ્ન ઉપર આવી જાવ. આગળના પ્રશ્નની અસર અત્યારે ના રાખશો એ પ્રશ્ન પૂરો થઇ ગયો છે. તમે અહીંયા જોઇને જવાબ આપો.

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જનજાતિના લોકો માટે મુખ્ય ઉદ્દેશ છે કે તેમને ઘરનું ઘર મળી રહે અને પાકું મળી રહે તેવી ચિંતા આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ કરી છે અને બીજો જે તેમનો કયારથી અમલમાં આવી સવાલ છે, તો આ યોજના વર્ષ ૧૯૮૯થી અમલમાં આવી છે. રૂ.૩૫ હજાર આપતા હતા ત્યારથી અને પછી જે સુધારો આવ્યો તેમાં રૂ.૧ લાખ ૨૦ હજાર જેટલી આ રાજયના મુખ્યમંત્રીએ અને દીર્ઘ દ્રષ્ટિવાળા મોદી સાહેબે સહાય આપી છે. આવકની મર્યાદા પણ તમારા રાજમાં ઓછી હતી એ આવક મર્યાદા આ રાજયની સરકારે રૂપિયા ૬ લાખ કરી છે.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, આદિજાતિ વિકાસ માટે આદિજાતિ વ્યકિતઓને આવાસ દીઠ રૂપિયા ૧ લાખ ૨૦ હજારની સહાય આપવામાં આવે છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી

પાસેથી એ જાણવુ છે કે, વ્યકિતગત ધારેણે આવાસ સહાય યોજનાનો લાભ મેળવવા માટે કયા પૂરાવાઓ રજૂ કરવાના હોય છે ?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, બહુ સારી વાત કરી છે તેમણે " જયાં ના પહોંચે રવિ ત્યાં પહોંચે અમારા રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ" અને આવક મર્યાદાની જે વાત કરવામાં આવી છે તેમાં પહેલાં રૂપિયા ૧ લાખ ૨૦ હજારની મર્યાદા હતી. આજની તારીખે રૂપિયા ૬ લાખની આવક મર્યાદા કરવામાં આવી છે અને તેના જે પૂરાવા જોઇએ તેમાં કુટુંબની આવકનો દાખલો, જાતિનો દાખલો, રહેઠાણનો પૂરાવો, વીજ બિલ, આધાર કાર્ડ રેશનકાર્ડમાંથી માત્ર એક આધાર-પૂરાવો હોવો જોઇએ અને પોતાની જમીન હોય, ખુલ્લા પ્લૉટ હોય, કાચા આવાસ હોય, માલિકીનો હક્ક હોય, આકારણી પત્રક હોય, આવાસ વેરા ભર્યા હોય તો એમાંથી પણ એક પૂરાવો હોય તો પણ આ રાજ્યની સરકાર મકાન સહાય આપે છે. જો જમીન સંયુક્ત માલિકીની હોય, આવાસ બાંધકામ કરવા માટે સંયુક્ત વારસદારો હોય તો માત્રને માત્ર રૂ.૨૦ના સ્ટેમ્પ પેપર ઉપર લેખિત લઇને પણ મકાન આપવામાં આવે છે અને જર્જરિત મકાન હોય તો એ કુટુંબની કોઇ પણ એક વ્યકિતના ફોટા સાથે અમે મંજૂર કરીએ છીએ.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આદિજાતિ કુટુંબોને વ્યક્તિગત આવાસ યોજના ઉપરાંત અન્ય યોજના હેઠળ આવાસ સહાય આપવામાં આવે છે? જો હા તો કઇ કઇ યોજના હેઠળ આવાસ સહાય આપવામાં આવે છે?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન પણ ખૂબ અગત્યનો છે. આ રાજ્યમાં આદિજાતિ લોકોને ટ્રાઇબલ સબ કમિટી મારફત આવાસ યોજનાનો લાભ આપવામાં આવે છે અને એમાં ખાસ કરીને છેવાડાના માનવી જો કોઇને કહી શકાય તો એ હળપતિ સમાજને કહી શકાય. એવા લોકોની કોઇએ કદર કરી હોય અને બોર્ડ બનાવ્યું હોય તો એ માનનીય મોટી સાહેબે બનાવ્યું છે અને હળપતિ આવાસ યોજના પણ આપી છે. આ સાથે આદિમ જૂથ, કોટવાડિયા, કોલગા, કોલચા જેવા સમાજ માટે પણ પાયાની સુવિધા બનાવી છે. કોટવાડિયા સમાજને પણ આવાસ આપવામાં આવે છે. આ સાથે પી.એમ. આવાસ યોજનામાં પણ મકાન આપવામાં આવે છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે શહેરી વિકાસ આવાસ અને ગ્રામીણ વિકાસ આવાસ સહાયમાં તફાવત છે? જો હા તો કેટલો તફાવત છે અને એનાં કારણો શું છે?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે સવાલ કર્યો છે એ શહેરી વિસ્તારનો છે. આ પ્રશ્ન માત્રને માત્ર આદિજાતિ વિભાગનો છે. આથી પ્રશ્ન રહેતો નથી.

અધ્યક્ષશ્રી : એમાં બંને વિભાગ છે. તમારે માહિતી જોઇએ તો પત્ર લખીને મોકલજો. બંને મંત્રીઓ ભેગા થઇને તમને જવાબ આપી શકશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે વર્ષ ૧૯૮૯માં આ યોજના શરૂ થઇ ત્યારે રૂ.૩૫૦૦૦ની સહાય મળતી હતી. વર્ષ ૧૯૮૯માં હું નોકરી કરતો હતો. ત્યારે મારો પગાર રૂ.૧૫૦૦ હતો.

અધ્યક્ષશ્રી : તમે સીધા પ્રશ્ન પર આવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા પ્રશ્ન પર જ આવું છું. ત્યારે જેનો પગાર રૂ.૧૫૦૦ હતો એનો પગાર અત્યારે રૂ.૯૫૦૦૦ થઇ ગયો છતાં સહાય રૂ.૩૫૦૦૦માંથી રૂ.૧,૨૦,૦૦૦ જ કરી છે. એમાં ગામડામાં નળિયાં પણ ન આવે અને બીજું કે જે સહાયની રકમ છે એ પ્રમાણે રૂ.૨ કરોડ ૧૨ લાખની સહાય કરવામાં આવી છે. એમાં બહુ ઓછી સંખ્યામાં લોકોને મદદ મળી છે. (આ તબક્કે સભ્યશ્રી ડૉ.સી.જે.ચાવડા બેઠાં - બેઠાં કૉમેન્ટ કરતાં)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, બેઠા-બેઠા કોમેન્ટ ન કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ સહાય રૂ.૫ લાખ કરવા માગો છો કે કેમ? અને એ ઉપરાંત આખો જિલ્લો આદિવાસીઓનો છે, એમાં રૂ.૨ કરોડની સહાય નહિવત્ ગણાય. એ વધારીને રૂ.૨૦ કરોડ કરવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ વર્ષ ૧૯૮૯ની વાત કરી. ત્યારે અમારા હળપતિઓને માત્ર રૂ.૫ પ્રતિ રોજ મળતા હતા. આજે અમારી સરકાર કેટલા રૂપિયા પ્રતિ રોજ આપે છે એ તમને ખબર છે? પણ હું મારા જવાબ પર આવું છું. એમણે જે સહાય વધારવાની વાત કરી છે તે એમનું સૂચન છે, પણ આ રાજ્યની સરકાર યોગ્ય સમયે, યોગ્ય નિર્ણય લેવા માટે કટિબદ્ધ છે. વિચારણા કરીને ચોક્કસ નિર્ણય કરવામાં આવશે. (આ તબક્કે માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા જગ્યા પર બેઠાં - બેઠાં બોલતાં)

અધ્યક્ષશ્રી : તમને પૂરતી તક આપું છું. તમારી સંખ્યા કરતાં પણ વધારે તક આપું છું. દરેક પ્રશ્નમાં આપું છું. તમે એવું નહિ કહી શકો. અહીંયા મારે બધા ધારાસભ્યોને સપ્રમાણ રાખવા જોઇએ છતાં તમને વધારે સમય આપું છું. એક પ્રશ્નમાં ચાર-ચાર લોકોને તક આપું છું. તમને પણ આપું છું પણ તમારે માત્ર પોલિટિકલ ઓબ્ઝર્વેશન જ કરવા હોય તો મને લાગે છે કે એ ઠીક નથી. આના માટે તમે પૉઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકશો. પ્રશ્નોત્તરી પૂરી થયા પછી હું જવાબ આપીશ. અત્યારે સમય ના બગાડો. તમે અત્યારે સમય ન બગાડો.

આણંદ જિલ્લામાં ચોખાપાકની નિદર્શન યોજના

* ૧૮૭૮ **શ્રી કમલેશભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં સિસ્ટમ ઓફ રાઇસ ઇન્ટેન્સીફીકેશન પધ્ધતિથી ચોખાપાકની નિદર્શન યોજના હેઠળ કેટલાં નિદર્શન ગોઠવવામાં આવ્યા, અને	(૧) ૧૩૪૭
(૨) તે માટે કુલ કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ?	(૨) રૂ. ૪૪,૯૧,૦૦૦/-

ડો. કમલેશભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી ખેડૂત આગેવાન અને ખેડૂતોની હરહંમેશ ચિંતા કરવાવાળા ગૃહના અનુભવી કૃષિમંત્રીશ્રીને પૂછવા માગું છે કે, આણંદ જિલ્લામાં ક્ષેત્રીય નિદર્શનમાં કઈ કઈ ખેત સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં શ્રી નિદર્શન પદ્ધતિ ડાંગર પાકના તાલુકાવાર, વર્ષવાર કેટલા નિદર્શન ગોઠવવામાં આવ્યા અને કેટલી સહાય આપવામાં આવી તેનો માનનીય મંત્રીશ્રી જવાબ આપવા કૃપા કરે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગરની સિસ્ટમ ઓફ રાઇસ ઈન્ટેન્સિફિકેશન પદ્ધતિને શ્રી પદ્ધતિ એટલે કે ઓછા પાણીએ થતી ડાંગરની ખેતીમાં ડાંગરના છોડ, જમીન અને પાણીના શ્રેષ્ઠ વ્યવસ્થાપન થકી હેક્ટર દીઠ ડાંગરની ઉત્પાદકતા વધારવાનો પ્રયાસ કરવામાં આવે છે. આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ ખેડૂતોની અને ખેતીની આત્મનિર્ભરતાને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ઓછી પિયત અને ઓછી મજૂરીના ખર્ચે ડાંગરનું પાક ઉત્પાદન વધારી શકાય તે હેતુથી આ શ્રી પદ્ધતિથી ડાંગર પાક નિદર્શનની યોજના વર્ષ ૨૦૧૭-૧૮માં અમલમાં મૂકવામાં આવી છે. માનનીય સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો આણંદ જિલ્લામાં ક્ષેત્રીય નિદર્શનમાં બિયારણ, પ્રવાહી જૈવિક ખાતર, ગૌણ અને સૂક્ષ્મ તત્ત્વો, જૈવિક જંતુનાશક દવાઓ, નિંદામણનાશક દવાઓ, બીજ માવજતની દવાઓ અને સેન્દ્રીય ખાતર આપવામાં આવે છે. આણંદ જિલ્લામાં શ્રી નિદર્શન પદ્ધતિથી ડાંગર પાકમાં છેલ્લાં બે વર્ષમાં ગોઠવેલ નિદર્શનની માહિતી આ પ્રમાણે છે. સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં આંકલાવ તાલુકામાં ૭૮ નિદર્શનો અને રૂ.૨ લાખ ૯૨ હજાર ૫૦૦, આણંદ તાલુકામાં ૭૮ નિદર્શનો અને રૂ.૨ લાખ ૯૨ હજાર પાંચસો, ઉમરેઠ તાલુકામાં ૬૮ નિદર્શનો અને રૂ.૨ લાખ ૫૫ હજાર, ખંભાત તાલુકામાં ૭૮ નિદર્શનો અને રૂ.૨ લાખ ૯૨ હજાર પાંચસો, તારાપુર તાલુકામાં ૭૬ નિદર્શનો અને રૂ.૨ લાખ ૮૫ હજાર, પેટલાદ તાલુકામાં ૭૬ નિદર્શનો અને રૂ.૨ લાખ ૮૫ હજાર પાંચસો, બોરસદ તાલુકામાં ૭૮ નિદર્શનો અને રૂ.૨ લાખ ૯૫ હજાર પાંચસો, સોજિત્રા તાલુકામાં ૬૮ નિદર્શનો અને રૂ.૨ લાખ ૫૫ હજાર એમ મળી કુલ ૬૦૦ નિદર્શનો અને રૂ.૨૨ લાખ ૫૦ હજારની સહાય ચૂકવવામાં આવી છે. સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં આંકલાવ તાલુકામાં ૮૭ નિદર્શનો અને રૂ.૨ લાખ ૬૧ હજાર, આણંદ તાલુકામાં ૮૭ નિદર્શનો અને રૂ.૨ લાખ ૬૧ હજાર, ઉમરેઠ તાલુકામાં ૭૫ નિદર્શનો અને રૂ.૨ લાખ ૨૫ હજાર, ખંભાત તાલુકામાં ૧૨૨ નિદર્શનો અને રૂ.૩ લાખ ૬૬ હજાર, તારાપુર તાલુકામાં ૧૨૭ નિદર્શનો અને રૂ.૩ લાખ ૮૧ હજાર, પેટલાદ તાલુકામાં ૮૭ નિદર્શનો અને રૂ.૨ લાખ ૬૧ હજાર, બોરસદ તાલુકામાં ૮૭ નિદર્શનો અને રૂ.૨ લાખ ૬૧ હજાર, સોજિત્રા તાલુકામાં ૭૫ નિદર્શનો અને રૂ.૨ લાખ ૨૫ હજાર એમ મળી કુલ ૬૦૦ નિદર્શનો અને રૂ.૨૨ લાખ ૪૧ હજારની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ક્ષેત્રીય નિદર્શન માટે ખેડૂતની પસંદગી કેવી રીતે કરવામાં આવે છે? અને આ યોજનામાં સહાયના ધોરણો શું છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ક્ષેત્રીય નિદર્શન માટે ખેડૂતોની પસંદગીના ધોરણની વાત કરું તો, ડાંગર પાકનું તાલુકામાં મુખ્ય પાક તરીકે વાવેતર થતું હોય તો ગામના ક્ષેત્રીય નિદર્શન માટે ગ્રામસેવક અને વિસ્તરણ અધિકારી દ્વારા ખેડૂતની પસંદગી કરવામાં આવે છે. આ ગામના પ્રગતિશીલ ખેડૂતની પસંદગી કરી ગામના અન્ય ખેડૂતો પણ ક્ષેત્રીય નિદર્શન પ્લોટની મુલાકાત લઇ માર્ગદર્શન મેળવી શકે તેવા મુખ્ય અવરજવરવાળા રસ્તા પરના ખેતરવાળા ખેડૂતની પસંદગી કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીના બીજા પ્રશ્નમાં જણાવું તો, આ યોજનાના ખેડૂતોને ઇનપુટ કિટ્સરૂપે સહાય આપવામાં આવે છે. ખાતાદીઠ રૂ.૭,૫૦૦ પ્રતિ હેક્ટરની ઇનપુટ સામગ્રી અને વધુમાં વધુ એક હેક્ટર માટે સહાય આપવામાં આવે છે. આ યોજનાનો લાભ ખેડૂત દર વર્ષે લઇ શકે છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે કુદરતી ઉત્પાદનો થઇ રહ્યા છે જેવા કે, બાજરી, જુવાર, મગ, ગુવાર, ચણા, ઘઉં, જાંબુ માટે આપણા આદરણીય વડાપ્રધાનશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી એવું ઇચ્છે છે કે ઓર્ગેનિક ખેતી થવી જોઇએ કે જેનાથી

લોકોને વધુમાં વધુ ફાયદો થાય. ડાયાબિટીસ, કેન્સર જેવી બીમારીઓ નિવારવા આપણે આના માટે ખરીદ કેન્દ્રો બનાવવા માંગીએ છીએ કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રી અને ગુજરાત સરકાર અત્યારે લોકો રોગમુક્ત થાય, એમનું આરોગ્ય સારું થાય એના માટે પ્રાકૃતિક ખેતી તરફ વિશેષ ધ્યાન આપે છે અને પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસાર માટે ઘણી બધી યોજનાઓ રાજ્ય સરકારે અમલમાં મૂકી છે. માનનીય સભ્યશ્રીનું જે પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટેની સહાય અને અન્ય જરૂરિયાત માટેનું સૂચન છે એના માટે રાજ્ય સરકાર યોગ્ય કાર્યવાહી કરશે.

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોની ઘટ

* ૯૭૯ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં એક જ શિક્ષક છે,

(૨) ઉક્ત શાળાઓમાં એક જ શિક્ષક હોવાના શાં કારણો છે, અને

(૩) ઉક્ત શાળાઓમાં જરૂરીયાત મુજબના શિક્ષકોની નિમણૂંક ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે ?

જવાબ

(૧)

જિલ્લો	**તાલુકો**	**કેટલી સરકારી શાળામાં એક જ શિક્ષક છે.**
જામનગર	જામનગર	૨
	ધ્રોલ	૧
	જોડિયા	૨
	કાલાવડ	૦
	લાલપુર	૨
	જામજોધપુર	૧
દેવભૂમિ દ્વારકા	ખંભાળીયા	૧૨
	ભાણવડ	૧૨
	કલ્યાણપુર	૧૬

(૨) શિક્ષકોની બદલી અને નિવૃત્તિના કારણે

(૩) જેમ બને તેમ ઝડપથી

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી શાળાઓમાં શિક્ષકોની ઘટ હોવાના કારણે તેમજ ભાષા અને વિષયના શિક્ષકો પૂરતા પ્રમાણમાં ન હોવાના કારણે વાલીઓને પોતાનાં બાળકોને સરકારી શાળામાંથી ખાનગી શાળાઓમાં ભણવા મૂકવાની ફરજ પડે છે અને ખાનગી શાળાઓ એફ.આર.સી.ના નિયમનો ભંગ કરી બેફામ ફી ઉઘરાવે છે. જિલ્લા શિક્ષણ અધિકારી નોટિસ આપે તો નોટિસનું પણ પાલન કરતાં નથી. આવી સરકારી પ્રાથમિક શાળાઓ કે જ્યાં શિક્ષકોની ઘટ છે ત્યાં હાલમાં શિક્ષકોની ભરતી કરવાની સત્તા જિલ્લા શિક્ષણ અધિકારી પાસે છે. એ સત્તા એસ.એમ.સી.ને આપવા માંગો છો કે કેમ? અને પ્રવાસી શિક્ષકોને સમયસર પગાર મળતો નથી અને એમનું પગારઘોરણ ખૂબ નીચું છે તો એમના પગારમાં વધારો કરવા માંગો છો કે કેમ? અને મારો ત્રીજો પ્રશ્ન એ છે કે મારા વિસ્તારના મોટાભાગના લોકો વાડી વિસ્તારમાં રહે છે. તેથી બાળકોને શાળાએ જવા માટે ટ્રાન્સપોર્ટેશન પેટે માત્ર રૂ. ૪૫૦ આપવામાં આવે છે. તો આમાં વધારો કરવા માંગો છો કે કેમ?

શ્રી કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી છે કે તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ-દ્વારકા જિલ્લાની તાલુકાવાર શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોમાં એક જ શિક્ષકની વાત છે. સાથે-સાથે પ્રવાસી શિક્ષકોમાં ઉક્ત શાળાઓમાં શિક્ષકોની નિમણૂક ક્યાં સુધીમાં કરવાની થાય છે? અને ઉક્ત શાળાઓમાં એક જ શિક્ષક હોવાનાં કારણો પણ એમણે પૂછ્યા છે. જામનગરમાં બે શાળાઓ છે અને ત્યાં ૧ શિક્ષક છે. સાથે ધ્રોલમાં ૧, જામનગર જોડિયામાં ૨, કાલાવાડમાં ૦, લાલપુરમાં ૨, જામજોધપુરમાં ૧, ખંભાળિયામાં ૧૨, દેવભૂમિ-દ્વારકામાં ભાણવડમાં ૧૨ અને કલ્યાણપુરમાં ૧૬, દ્વારકામાં ૬ અને સાથે-સાથે એમણે જે પ્રવાસી શિક્ષકોની વાત કરી છે એમાં હાલ જામનગર જિલ્લામાં ૧૦૨ પ્રવાસી શિક્ષકો અને દેવભૂમિ-દ્વારકામાં ૨૫૬ પ્રવાસી શિક્ષકો મૂકવામાં આવ્યા છે અને એમને નીતિ-નિયમોનુસાર તાસદીઠ પેમેન્ટ આપવામાં આવે છે. ભરતી કેલેન્ડર મુજબ આગામી સમયમાં કાર્યવાહી કરવામાં આવશે. સાથે સાથે જામનગર અને દેવભૂમિ દ્વારકાની મેં જે વાત કરી એમાં, હું આપના માધ્યમથી સમગ્ર સભાગૃહને અવગત કરવા માગું છું.

અતારાંકિત પ્રશ્નો

આપ ૧ શિક્ષકવાળી શાળાની વાત કરો છો પણ સાથે સંખ્યાની વાત મૂકતા નથી. આર.ટી.ઇ. એક્ટ-૨૦૦૯માં વિદ્યાર્થી અને શિક્ષકના રેશિયો અંગે હું માનનીય સભાગૃહના તમામ સભ્યશ્રીઓને અવગત કરવા માગું છું. The section 19 and 25 norms and standards આર.ટી.ઇ. એકટમાં સ્કૂલના જે નિયમો બનાવ્યા છે તે બધા સભ્યશ્રીઓ માટે જાણવું જરૂરી છે. જેમાં, For the class with attendance of children upto 60. ૬૦ વિદ્યાર્થીઓ છતાં ૨ શિક્ષકો. આર.ટી.ઇ. એક્ટમાં આ પ્રમાણે વિદ્યાર્થી અને શિક્ષકનો રેશિયો આપવામાં આવેલો છે. સાથે સાથે Between 61 to 90 - number of teachers 3, between 91 to 120 - number of teachers 4 and between 121 to 200 - ત્યાં ૫ શિક્ષકો છે. વિદ્યાર્થી અને શિક્ષકના રેશિયા સાથે શિક્ષકોની વ્યવસ્થા કરવામાં આવે છે. તેમ છતાં રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ કટિબદ્ધ છે કે સંખ્યા ભલે ૩૦થી ઓછી હોય, ૧૦થી ૧૫ હોય તો પણ અમે શિક્ષક પૂરા પાડીએ છીએ અને પ્રવાસી શિક્ષકોના માધ્યમથી વિદ્યાર્થીઓના હિતમાં અને શિક્ષણના હિતમાં અમે શિક્ષકોની ભરતી કરીએ છીએ. મને એ બાબતનો કહેતાં આનંદ છે કે, આ ધોરણ- ૧થી પની સ્કૂલ જયાં એક શિક્ષક છે એમાં, જામનગરમાં ધોરણ- થી પની ૨ શાળાઓ છે અને ત્યાં ૨ શિક્ષક છે. ધ્રોલમાં ૧ શાળા છે અને ત્યાં ૧ શિક્ષક છે. જોડિયામાં ૨ શાળા છે ત્યાં ૨ શિક્ષક છે. લાલપુરમાં ધોરણ-૧થી પમાં ૨ શિક્ષક છે. જામજોધપુરમાં ૧ શિક્ષક છે. સાથે સાથે દેવભૂમિ દ્વારકાના ખંભાળીયામાં ધોરણ ૧થી પની ૧૨ શાળાઓ છે. કલ્યાણપૂરામાં ૧૬ શાળાઓ છે. કુલ મળીને જામનગરની ૭ શાળાઓ અને દેવભૂમિ દ્વારકાની ૪૧ શાળાઓ એમ કરીને કુલ ૪૮ શાળાઓમાં શિક્ષકોની જે સંખ્યા છે એમાં, જામનગર જિલ્લામાં ૬ શિક્ષકોની બદલી થવાથી અને ૫ શિક્ષકો નિવૃત્ત થયા એટલે ૮ શાળાઓમાં ૧ જ શિક્ષક કામ કરે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૯ શિક્ષકોની બદલી થઇ તથા ૩ શિક્ષકો વયનિવૃત્ત થવાના કારણે ૪૬ શાળાઓમાં ૧ શિક્ષક કામ કરે છે. મારે સભ્યશ્રીને થોડી સંખ્યા આપવી છે. આપણા જામનગરમાં ધોરણ...

અધ્યક્ષશ્રી : એમણે જે પ્રશ્ન પૂછયો છે એનો જ જવાબ આપો. વધારે નહીં આપો તો ચાલશે.

શ્રી કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સંખ્યાના આધારે છે એટલે એક સ્કૂલનો દાખલો આપી દઉં. જોડિયા જામસર પ્રાથમિક શાળામાં માત્ર ૧થી ૫ ધોરણમાં ૮ વિદ્યાર્થી છે તેમ છતાં પણ ૧ શિક્ષક ત્યાં કામગીરી કરી રહ્યા છે. ધોરણ ૧માં ૧ વિદ્યાર્થી છે. ધોરણ-૨માં ૨ વિદ્યાર્થીઓ છે. ધોરણ-૩માં ૩ વિદ્યાર્થીઓ છે અને ધોરણ-૪માં ૩ વિદ્યાર્થીઓ છે. એમ કુલ મળીને ૮ વિદ્યાર્થીઓ ધોરણ ૧થી પની શાળામાં છે તેમ છતાં ૧ શિક્ષક ફેઇથફુલી કામગીરી કરી રહ્યા છે. અમે વિદ્યાર્થી અને શિક્ષકનો રેશિયો જણાવવા માગીએ છીએ. અમે સ્કૂલ બંધ કરવા માગતા નથી પણ શિક્ષણ અને વિદ્યાર્થીઓના હિતમાં પ્રવાસી શિક્ષકો મૂકીને પણ આગળની કામગીરી ચલાવીએ છીએ.

અધ્યક્ષશ્રી : એમનો એક ટ્રાન્સપોર્ટેશનનો પ્રશ્ન હતો. સરકારે હમણાં નાનાં બાળકો માટે વ્હીકલની વ્યવસ્થા કરી છે એના માટે શું?

શ્રી કુબેરભાઇ ડીંડોર : જયાં વિદ્યાર્થીના ઘરથી જે સ્કૂલ ૧ કિ.મી.ના એરિયાથી દૂર હોય એને ટ્રાન્સપોર્ટેશનની પૂરેપૂરી વ્યવસ્થા શિક્ષણ વિભાગના નીતિ- નિયમો પ્રમાણે આપવામાં આવે છે.

શ્રી દિવ્યેશભાઇ ૨. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ધોરણ ૧થી ૫ અને ધોરણ ૧થી ૮ની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા કેટલી છે? અને તેમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની કેટલી સંખ્યા છે?

શ્રી કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એમાં જણાવું તો, જામનગર જિલ્લામાં કુલ ૬૬૪ સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે અને તેમાં ૮૪,૯૧૫ વિદ્યાર્થીઓ હાલની તારીખે અભ્યાસ કરી રહ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૫૯૩ સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

દાહોદ જિલ્લામાં બકરાં એકમ સહાય

૧૯૦૮ **શ્રી મહેન્દ્રભાઈ ભાભોર** (ગરબાડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં બિન અનામત કેટેગરીના કેટલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને	(૧) ૩૯
(૨) ઉક્ત સ્થિતિએ તે અંતર્ગત કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?	(૨) રૂ. ૧૭,૫૫,૦૦૦/-

ભરૂચ જિલ્લામાં કેળાના વાવેતર માટે પ્રોત્સાહન બાબત

૧૮૯૧ **શ્રી રમેશભાઇ મિસ્ત્રી** (ભરૂચ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	જવાબ
(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ટીસ્યુકલ્ચર કેળાના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને	(૧) હા, જી.
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩માં ટીસ્યુકલ્ચર કેળાના વાવેતર માટે ભરૂચ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?	(૨) કુલ ૫૭૯ લાભાર્થીઓને કુલ રૂ.૧,૮૫,૬૬,૯૨૮/- રકમની સહાય ચૂકવવામાં આવી.

- - - - - - - - -

પાકિસ્તાની તંત્ર દ્વારા પકડાયેલ કચ્છ જિલ્લાના માછીમારોના કુંટુંબોને આર્થિક સહાય

૧૧૯૪ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	જવાબ
(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાતના કેટલા માછીમારોને પાકિસ્તાને જેલમાં રાખેલ છે, અને	(૧) ૫૬૦
(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પાકીસ્તાનની જેલમાં રહેલ કચ્છ જિલ્લાના કેટલા માછીમારોના કુંટુંબોને કેટલી આર્થિક સહાય ચૂકવવામાં આવેલ છે ?	(૨) ૧ માછીમારના કુંટુંબને રૂ. ૨,૧૯,૩૦૦/- ની સહાય.

દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાઓમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી

૨૦૮૧ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	જવાબ
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે, અને	(૧) મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
દેવભૂમિ દ્વારકા	કલ્યાણપુર	૦૦	૦૦	૦૦	૦૦
	દ્વારકા	૦૦	૦૦	૦૦	૦૦
	ભાણવડ	૦૦	૦૦	૦૧	૦૦
	ખાંભલિયા	૦૦	૦૦	૦૧	૦૦
જામનગર	જામનગર	૦૦	૦૦	૦૯	૦૭
	ધ્રોલ	૦૦	૦૦	૦૦	૦૩
	જોડિયા	૦૦	૦૦	૦૦	૦૦
	લાલપુર	૦૦	૦૦	૦૦	૦૩
	કાલાવડ	૦૦	૦૦	૦૧	૦૧
	જામજોધપુર	૦૦	૦૦	૦૪	૦૦

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
દેવભૂમિ દ્વારકા	કલ્યાણપુર	૦૦	૦૦	૦૦	૦૦
	દ્વારકા	૦૦	૦૦	૦૧	૦૧
	ભાણવડ	૦૦	૦૦	૦૦	૦૦
	ખાંભલિયા	૦૦	૦૦	૦૦	૦૦
જામનગર	જામનગર	૦૦	૦૦	૦૨	૦૪
	ધ્રોલ	૦૦	૦૦	૦૦	૦૦
	જોડિયા	૦૦	૦૦	૦૦	૦૦
	લાલપુર	૦૦	૦૦	૦૦	૦૦
	કાલાવડ	૦૦	૦૦	૦૦	૦૦
	જામજોધપુર	૦૦	૦૦	૦૦	૦૦

(૨)ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ? (૨) શૂન્ય (નીલ).

અતારાંકિત પ્રશ્નો

દાહોદ જિલ્લામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના

૧૯૪૩ **શ્રી કનૈયાલાલ કિશોરી** (દાહોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ ભેટ આપવા માટેની યોજના અમલમાં છે કે કેમ,	(૧) હા.
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની કેટલી વિદ્યાર્થિનીઓને સાઇકલ ભેટ આપવામાં આવી છે, અને	(૨) કુલ-૧૮,૧૯૭ વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવામાં આવી છે.
(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ?	(૩) કુલ ખર્ચ રૂ.૭,૯૯,૯૬,૧૩૫/- (રૂપિયા સાત કરોડ નવ્વાણું લાખ છન્નું હજાર એકસો પાંત્રીસ)

\- - - - - - - - -

મોરબી જિલ્લામાં ગુણોત્સવ-૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકન

૧૯૫૨ **શ્રી કાંતીલાલ અમૃતિયા** (મોરબી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ગુણોત્સવ-૨ અંતર્ગત મોરબી જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

જવાબ

(૧)

જિલ્લો	**શૈક્ષણિક વર્ષ**	**મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ**	**મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ**
મોરબી	૨૦૨૧-૨૨	૫૮૯	૫૮૯
	૨૦૨૨-	૫૮૯	૨૯૮

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ-૨ અંતર્ગત રિપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કો-ઓર્ડિનેટર, સી.આર.સી કો-ઓર્ડિનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું, સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ-૨ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનિટરિંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રિપોર્ટ કાર્ડમાં

લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

- - - - - - - - -

આણંદ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ પર રૂફ ટોપ સોલાર પેનલ સહાય

૧૮૮૬ **શ્રી યોગેશ પટેલ** (આણંદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કૃષિ પેદાશોના સંગ્રહ માટેના કોલ્ડ સ્ટોરેજ પર રૂફ ટોપ સોલાર પેનલ માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને	(૧) હા. જી.
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં સહાય પેટે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ?	(૨) ૩.૮૫,૯૮,૩૦૦/-

- - - - - - - - -

રાજકોટ જિલ્લામાં પાવરટ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના

- રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી. કો-ઓર્ડિનેટર, સી.આર.સી. કો-ઓર્ડિનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ-૨ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનિટરિંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રિપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

- - - - - - - - -

અરવલ્લી જિલ્લામાં પપૈયાના વાવેતર માટે પ્રોત્સાહન બાબત

૧૮૯૨ **શ્રી પી. સી. બરંડા** (ભિલોડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને પપૈયાના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને	(૧) હા, જી.
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩માં પપૈયાના વાવેતર માટે અરવલ્લી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?	(૨) કુલ-૫૧૦ લાભાર્થીઓને કુલ ૩.૧,૬૦,૨૯,૬૭૧/- રકમની સહાય ચૂકવવામાં આવી.

- - - - - - - - -

ભરૂચ જિલ્લામાં કેળાના વાવેતર માટે પ્રોત્સાહન બાબત

૧૮૯૪ **શ્રી ડી. કે. સ્વામી** (જંબુસર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ટીસ્યુકલ્ચર કેળાના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને	(૧) હા, જી.
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩માં ટીસ્યુકલ્ચર કેળાના વાવેતર માટે ભરૂચ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?	(૨) કુલ-૫૭૯ લાભાર્થીઓને કુલ ૩.૧,૮૫,૬૬,૯૨૮/- રકમની સહાય ચૂકવવામાં આવી.

- - - - - - - - -

રાજકોટ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ સહાય

૧૮૯૭ **શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બાગાયતી પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટોરેજ બાંધવા માટેની યોજના પેટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૨) બાગાયત ખાતા તરફથી કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા નીચે મુજબ સહાય ચૂકવવામાં આવે છે.

ક્રમ	લાભાર્થીનો પ્રકાર	વિસ્તાર	૫૦૦૦ મે.ટન સુધી મહત્તમ સહાયની રકમ			૫૦૦૦ થી ૨૦૦૦૦ મે.ટન સુધી મહત્તમ સહાયની રકમ
			૨૫૦ ટન થી મોટી ચેમ્બર	૨૫૦ ટન થી નાની ચેમ્બર	નિયંત્રિત વાતાવરણ પ્રણાલી	
૧	વ્યક્તિગત લાભાર્થી	સામાન્ય	રૂ. ૨૦૫ લાખ	રૂ. ૨૫૫ લાખ	રૂ. ૫૦૦ લાખ	રાજ્ય સરકાર દ્વારા સહાય મળવાપાત્ર નથી
		આદિજાતિ વિસ્તાર	રૂ. ૨૬૫ લાખ	રૂ. ૩૨૫ લાખ	રૂ. ૬૫૦ લાખ	રૂ. ૩૬૦ લાખ
૨	એપીએમસી, સહકારી, ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજિસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠન	સામાન્ય	રૂ. ૨૪૬ લાખ	રૂ. ૩૦૬ લાખ	રૂ. ૬૦૦ લાખ	રાજ્ય સરકાર દ્વારા સહાય મળવાપાત્ર નથી
		આદિજાતિ વિસ્તાર	રૂ. ૩૦૭.૫૦ લાખ	રૂ. ૩૭૫ લાખ	રૂ. ૭૮૦ લાખ	રૂ. ૩૬૦ લાખ

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા કોલ્ડ સ્ટોરેજ બાંધવા કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ?

(૩) કુલ-૨(બે) કોલ્ડ સ્ટોરેજ માટે રૂ.૫૪,૬૦,૦૦૦/ રકમની ચૂકવણી કરવામાં આવી.

- - - - - - - - -

પંચમહાલ જિલ્લામાં આદિજાતિના ઉચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટેના સરકારી છાત્રાલયો

૧૯૨૩ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને તે પૈકી કુમાર અને કન્યા માટેના છાત્રાલયોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ આદિજાતિના વિદ્યાર્થીઓ માટેના ઉક્ત કાર્યરત સરકારી છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે, અને

(૩)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયોની સંખ્યામાં કેટલો વધારો મંજૂર કરવામાં આવ્યો છે ?

જવાબ

(૧) ૨ સરકારી છાત્રાલયો
૨ કુમાર અને શૂન્ય (૦) કન્યા

(૨) ૯૦

(૩) શૂન્ય.

- - - - - - - - -

આણંદ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ પર રૂફ ટોપ સોલાર પેનલ સહાય

૧૮૮૮ **શ્રી વિપુલકુમાર પટેલ** (સોજીત્રા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કૃષિ પેદાશોના સંગ્રહ માટેના કોલ્ડ સ્ટોરેજ પર રૂફ ટોપ સોલાર પેનલ માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

જવાબ

(૧) હા. જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં સહાય પેટે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ? (૨) ૩.૮૫,૯૮,૩૦૦/-

ગાંધીનગર જિલ્લામાં પશુ દવાખાનામાં મહેકમ

૧૯૪૨ **શ્રીમતી રીટાબેન પટેલ**(ગાંધીનગર ઉત્તર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં પશુદવાખાનામાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

જવાબ

(૧) અને (૨)

પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨)		ડ્રેસર (વર્ગ-૪)		પટ્ટાવાળા/ડ્રેસર કમ એટેંડન્ટ/એટેંડન્ટ (વર્ગ-૪)	
૨૪		૦૭		૨૭	
પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨)		**ડ્રેસર (વર્ગ-૪)**		**પટ્ટાવાળા/ડ્રેસર કમ એટેંડન્ટ/એટેંડન્ટ (વર્ગ-૪)**	
ભરાયેલ	**ખાલી**	**ભરાયેલ**	**ખાલી**	**ભરાયેલ**	**ખાલી**
૨૩	૦૧	૦૧	૦૬	૧૫	૧૨

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ ભરવાની કાર્યવાહી સરકારશ્રીના દસ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ પ્રગતિ હેઠળ છે.

ડ્રેસર (વર્ગ-૪) અને પટ્ટાવાળા/ડ્રેસર કમ એટેંડન્ટ/એટેંડન્ટ (વર્ગ-૪)ની ખાલી જગ્યાઓ પર જિલ્લા પંચાયત મારફત આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

- - - - - - - - -

આણંદ જિલ્લામાં ચોખાપાકની નિદર્શન યોજના

૧૮૭૬ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં સિસ્ટમ ઓફ રાઇસ ઇન્ટેન્સીફીકેશન પદ્ધતિથી ચોખાપાકની નિદર્શન યોજના હેઠળ કેટલાં નિદર્શન ગોઠવવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) ૧૩૪૭

(૨) ૩. ૪૪,૯૧,૦૦૦/-

- - - - - - - - -

જૂનાગઢ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન-ઓઈલસીડ યોજના

૧૮૮૩ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન-ઓઈલસીડ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી,

(૨) સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને

(૩) તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) ૧૫

(૨) ૪૯૧

(૩) ૩.૨,૪૭,૧૦૧/-

- - - - - - - - -

સાબરકાંઠા અને સુરત જિલ્લાઓમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી

અતારાંકિત પ્રશ્નો

૨૦૭૭ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે, અને

જવાબ

(૧) મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
સાબરકાંઠા	હિંમતનગર	૦૦	૦૦	૦૧	૦૧
	ઈડર	૦૦	૦૦	૦૦	૦૦
	પ્રાંતિજ	૦૦	૦૦	૦૧	૦૦
	તલોદ	૦૦	૦૦	૦૦	૦૦
	ખેડબ્રહ્મા	૦૦	૦૦	૦૦	૦૦
	વિજયનગર	૦૦	૦૦	૦૦	૦૦
	વડાલી	૦૦	૦૦	૦૦	૦૦
	પોશીના	૦૦	૦૦	૦૦	૦૦
સુરત	સુરત શહેર	૦૦	૦૦	૦૧	૦૪
	ચોર્યાસી	૦૦	૦૦	૦૪	૦૧
	મહુવા	૦૦	૦૦	૦૧	૦૦
	માંગરોળ	૦૦	૦૦	૦૦	૦૦
	ઉમરપાડા	૦૦	૦૦	૦૦	૦૦
	પલસાણા	૦૦	૦૦	૦૩	૦૫
	બારડોલી	૦૦	૦૦	૦૦	૦૧
	માંડવી	૦૦	૦૦	૦૦	૦૦
	કામરેજ	૦૦	૦૦	૦૪	૦૬
	ઓલપાડ	૦૦	૦૦	૦૦	૦૫

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
સાબરકાંઠા	હિંમતનગર	૦૦	૦૦	૦૦	૦૧
	ઈડર	૦૦	૦૦	૦૦	૦૦
	પ્રાંતિજ	૦૦	૦૦	૦૦	૦૧
	તલોદ	૦૦	૦૦	૦૧	૦૦
	ખેડબ્રહ્મા	૦૦	૦૦	૦૦	૦૦
	વિજયનગર	૦૦	૦૦	૦૦	૦૦
	વડાલી	૦૦	૦૦	૦૦	૦૦
	પોશીના	૦૦	૦૦	૦૦	૦૦

સુરત	સુરત શહેર	૦૦	૦૦	૦૧	૦૮
	ચોર્યાસી	૦૦	૦૦	૦૧	૦૦
	મહુવા	૦૦	૦૦	૦૦	૦૦
	માંગરોળ	૦૦	૦૦	૦૦	૦૨
	ઉમરપાડા	૦૦	૦૦	૦૦	૦૦
	પલસાણા	૦૦	૦૦	૦૦	૦૦
	બારડોલી	૦૦	૦૦	૦૦	૦૦
	માંડવી	૦૦	૦૦	૦૦	૦૦
	કામરેજ	૦૦	૦૦	૦૦	૦૨
	ઓલપાડ	૦૦	૦૦	૦૦	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ? (૨) શૂન્ય (નીલ).

- - - - - - - - -

ખેડા જિલ્લામાં ઘાસચારા વિકાસ કાર્યક્રમ યોજના

૧૯૪૬ **શ્રી રાજેશકુમાર ઝાલા** (કપડવંજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨માં ખેડા જિલ્લામાં ઘાસચારા વિકાસ કાર્યક્રમ યોજના હેઠળ કેટલી બિયારણ કીટ વિતરણ કરવામાં આવી, અને	(૧) ૩૫૦૪
(૨) ઉક્ત બાબતે કેટલો ખર્ચો કરવામાં આવ્યો ?	(૨) ૩.૨૨,૪૧,૭૦૭/-

- - - - - - - - -

વડોદરા જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

૧૯૧૯ **શ્રી ચૈતન્યસિંહ ઝાલા** (પાદરા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં પશુપાલકોના વિયાણ થયેલ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને	(૧) ૩.૫૪.૦૦ લાખ.
(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ?	(૨) ૪,૧૧૪

- - - - - - - - -

બનાસકાંઠા જિલ્લામાં ખારેકના વાવેતર માટે પ્રોત્સાહન બાબત

૧૮૯૯ **શ્રી અનિકેત ઠાકર** (પાલનપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને	(૧) હા, જી.
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩માં ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે બનાસકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?	(૨) કુલ-૭ લાભાર્થીઓને ૩.૭,૨૩,૮૧૦/- રકમની સહાય ચૂકવવામાં આવી.

- - - - - - - - -

ડાંગ અને તાપી જિલ્લાઓમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી

૨૦૭૦ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ડાંગ અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે, અને

જવાબ

(૧) મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
ડાંગ	આહવા	૦૦	૦૦	૦૧	૦૧
	વઘઈ	૦૦	૦૦	૦૦	૦૦
	સુબીર	૦૦	૦૦	૦૦	૦૦
તાપી	ઉચ્છલ	૦૦	૦૦	૦૦	૦૦
	કુકરમુંડા	૦૦	૦૦	૦૦	૦૦
	ડોલવણ	૦૦	૦૦	૦૦	૦૦
	નિઝર	૦૦	૦૦	૦૦	૦૦
	વાલોડ	૦૦	૦૦	૦૦	૦૦
	વ્યારા	૦૦	૦૦	૦૨	૦૧
	સોનગઢ	૦૦	૦૦	૦૦	૦૦

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
ડાંગ	આહવા	૦૦	૦૦	૦૦	૦૦
	વઘઈ	૦૦	૦૦	૦૦	૦૦
	સુબીર	૦૦	૦૦	૦૦	૦૦
તાપી	ઉચ્છલ	૦૦	૦૦	૦૦	૦૦
	કુકરમુંડા	૦૦	૦૦	૦૦	૦૦
	ડોલવણ	૦૦	૦૦	૦૦	૦૦
	નિઝર	૦૦	૦૦	૦૧	૦૦
	વાલોડ	૦૦	૦૦	૦૦	૦૦
	વ્યારા	૦૦	૦૦	૦૦	૦૦
	સોનગઢ	૦૦	૦૦	૦૦	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ?

(૨) શૂન્ય (નીલ).

- - - - - - - - -

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ

૯૮૦ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી, અનુદાનિત અને બિન-અનુદાનિત પ્રાથમિક શાળાઓ આવેલી છે,

જવાબ

(૧)

જિલ્લો	તાલુકાનું નામ	સરકારી	અનુદાનિત	બિન-અનુદાનિત
જામનગર	જામનગર	૧૯૮	૦૮	૨૫૧
	ધ્રોલ	૬૮	૦૦	૨૭
	જોડિયા	૪૫	૦૦	૦૮
	કાલાવડ	૧૧૭	૦૦	૩૬
	લાલપુર	૧૨૪	૦૦	૨૭
	જામજોધપુર	૧૧૨	૦૦	૧૮
દેવભૂમિ દ્વારકા	ખંભાળીયા	૧૯૭	૦૦	૦૦
	ભાણવડ	૧૧૧	૦૦	૦૦
	કલ્યાણપુર	૧૯૪	૦૧	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર સરકારી, અનુદાનિત અને બિન-અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, અને

(૨)

જિલ્લો	તાલુકાનું નામ	સરકારી	અનુદાનિત	બિન-અનુદાનિત
જામનગર	જામનગર	૧૩૭	૩૩	૦૦
	ધ્રોલ	૧૯	૦૦	૦૦
	જોડિયા	૨૯	૦૦	૦૦
	કાલાવડ	૫૨	૦૦	૦૦
	લાલપુર	૫૮	૦૦	૦૦
	જામજોધપુર	૩૫	૦૦	૦૦
દેવભૂમિ દ્વારકા	ખંભાળીયા	૧૯૪	૦૦	૦૦
	ભાણવડ	૧૧૨	૦૦	૦૦
	કલ્યાણપુર	૧૩૮	૦૨	૦૦
	દ્વારકા	૧૩૧	૦૦	૦૦

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ ઝડપથી.

\- - - - - - - - -

રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી

૨૦૮૨ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે, અને

જવાબ

(૧) મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
રાજકોટ	રાજકોટ	૦૦	૦૦	૧૦	૦૪

	જસદણ	૦૦	૦૦	૦૦	૦૦
	ગોંડલ	૦૦	૦૦	૦૮	૦૪
	જેતપુર	૦૦	૦૦	૦૧	૦૪
	ઉપલેટા	૦૦	૦૦	૦૦	૦૦
	ધોરાજી	૦૦	૦૦	૦૨	૦૧
	પડધરી	૦૦	૦૦	૦૨	૦૨
	કોટડાસાંગણી	૦૦	૦૦	૦૧	૦૦
	વિંછીયા	૦૦	૦૦	૦૦	૦૧
	જામકંડોરણા	૦૦	૦૦	૦૦	૦૦
	લોધિકા	૦૦	૦૦	૦૦	૦૦
સુરેન્દ્રનગર	વઢવાણ	૦૦	૦૦	૦૬	૦૨
	લીંબડી	૦૦	૦૦	૦૦	૦૧
	ચુડા	૦૦	૦૦	૦૦	૦૦
	ચોટીલા	૦૦	૦૦	૦૦	૦૪
	થાનગઢ	૦૦	૦૦	૦૦	૦૦
	સાયલા	૦૦	૦૦	૦૦	૦૦
	મુળી	૦૦	૦૦	૦૦	૦૦
	ધ્રાંગધ્રા	૦૦	૦૦	૦૩	૦૧
	લખતર	૦૦	૦૦	૦૨	૦૦
	પાટડી	૦૦	૦૦	૦૦	૦૧

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	**તાલુકાનું નામ**	**ગ્રાન્ટેડ**		**નોન ગ્રાન્ટેડ**	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	**તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨**	**તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧**	**તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨**
રાજકોટ	રાજકોટ	૦૦	૦૦	૦૦	૦૩
	જસદણ	૦૦	૦૦	૦૧	૦૧
	ગોંડલ	૦૦	૦૦	૦૧	૦૨
	જેતપુર	૦૦	૦૦	૦૨	૦૦
	ઉપલેટા	૦૦	૦૦	૦૦	૦૦
	ધોરાજી	૦૦	૦૦	૦૦	૦૦
	પડધરી	૦૦	૦૦	૦૦	૦૦
	કોટડાસાંગણી	૦૦	૦૦	૦૦	૦૦
	વિંછીયા	૦૦	૦૦	૦૦	૦૦
	જામકંડોરણા	૦૦	૦૦	૦૦	૦૦
	લોધિકા	૦૦	૦૦	૦૦	૦૦
સુરેન્દ્રનગર	વઢવાણ	૦૦	૦૦	૦૦	૦૦
	લીંબડી	૦૦	૦૦	૦૦	૦૦
	ચુડા	૦૦	૦૦	૦૦	૦૦
	ચોટીલા	૦૦	૦૦	૦૦	૦૦
	થાનગઢ	૦૦	૦૦	૦૦	૦૦
	સાયલા	૦૦	૦૦	૦૦	૦૦
	મુળી	૦૦	૦૦	૦૧	૦૦
	ધ્રાંગધ્રા	૦૦	૦૦	૦૦	૦૧

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
	લખતર	૦૦	૦૦	૦૦	૦૦
	પાટડી	૦૦	૦૦	૦૦	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ?

(૨) શૂન્ય (નીલ).

- - - - - - - - -

જૂનાગઢ અને પોરબંદર જિલ્લાઓમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી

૨૦૭૬ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે, અને

જવાબ

(૧) મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
જૂનાગઢ	જૂનાગઢ	૦૦	૦૦	૦૦	૦૦
	મેંદરડા	૦૦	૦૦	૦૦	૦૦
	વિસાવદર	૦૦	૦૦	૦૦	૦૦
	કેશોદ	૦૦	૦૦	૦૦	૦૦
	માણાવદર	૦૦	૦૦	૦૦	૦૧
	ભેંસાણ	૦૦	૦૦	૦૦	૦૦
	માંગરોળ	૦૦	૦૦	૦૦	૦૦
	માળીયા-હાટીના	૦૦	૦૦	૦૦	૦૧
	વંથલી	૦૦	૦૦	૦૦	૦૦
પોરબંદર	પોરબંદર	૦૦	૦૦	૦૦	૦૪
	રાણાવાવ	૦૦	૦૦	૦૦	૦૦
	કુતિયાણા	૦૦	૦૦	૦૦	૦૦

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
જૂનાગઢ	જૂનાગઢ	૦૦	૦૦	૦૦	૦૩
	મેંદરડા	૦૦	૦૦	૦૦	૦૦
	વિસાવદર	૦૦	૦૦	૦૦	૦૦

	કેશોદ	૦૦	૦૦	૦૦	૦૦
	માણાવદર	૦૦	૦૦	૦૦	૦૦
	ભેંસાણ	૦૦	૦૦	૦૧	૦૦
	માંગરોળ	૦૦	૦૦	૦૦	૦૦
	માળીયા-હાટીના	૦૦	૦૦	૦૦	૦૦
	વંથલી	૦૦	૦૦	૦૦	૦૦
પોરબંદર	પોરબંદર	૦૦	૦૦	૦૦	૦૦
	રાણાવાવ	૦૦	૦૦	૦૦	૦૦
	કુતિયાણા	૦૦	૦૦	૦૦	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ?

(૨) શૂન્ય (નીલ).

- - - - - - - - -

નર્મદા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) હેઠળની કામગીરી

૧૪૦૩ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નર્મદા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) અંતર્ગત શોકપીટ અને કંપોસ્ટપીટના કામો માટે કેટલી નાણાંકીય જોગવાઈ કરવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર હાથ ધરવામાં આવેલ કયા કયા કામો પૈકી કેટલા કામો પૂર્ણ થયા, કેટલા પ્રગતિમાં છે તેમજ કેટલા બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે કામો બાકી રહેવાના કારણો શાં છે ?

જવાબ

(૧) ૩.૧૪૬૮.૪૬ લાખ

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર હાથ ધરવામાં આવેલ કામો પૈકી થયેલ કામો પ્રગતિમાં તેમજ બાકી રહેલ કામો.

તાલુકાનું નામ	સામૂહિક સોકપીટ			સામૂહિક કમ્પોસ્ટપીટ		
	પૂર્ણ થયેલ કામો	પ્રગતિ	બાકી રહેલ કામો	પૂર્ણ થયેલ કામો	પ્રગતિ	બાકી રહેલ કામો
દેડીયાપાડા	૧૩૯૨	૧૮૩	૦	૧૨૯	૧	૦
ગરૂડેશ્વર	૩૦૯	૧૩૮	૬૭૮	૫૬	૧૯	૦
નાંદોદ	૬૬૪	૧૭૦	૩૩૧	૬૯	૧૬	૦
સાગબારા	૨૫૪	૪૧૧	૨૫૦	૭૫	૦	૦

(૩) વહીવટી અને ટેકનીકલ કારણસર.

- - - - - - - - -

અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

૧૦૦૪ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં શહેર/જિલ્લાવાર ક્યાં વિષયના કેટલા શિક્ષકોની ઘટ છે, અને

જવાબ

(૧)

ક્રમ	જિલ્લો/શહેર	ધો. ૧ થી ૫ના શિક્ષકોની ઘટ	ધો. ૬ થી ૮ના વિષયવાર શિક્ષકોની ઘટ		
			ભાષા	ગણિત-વિજ્ઞાન	સા.વિ.

૧	અમદાવાદ	૩૮૮	૫૯	૧૦૫	૭૧
૨	અમદાવાદ શહેર	૯૬૫	૪૩	૬૨	૧૫
૩	ગાંધીનગર	૧૩૩	૫૯	૪૯	૬૬
૪	ગાંધીનગર શહેર	૩૪	૦૭	૦૬	૨૦

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવાનું આયોજન છે ?

(૨) જેમ બને તેમ ઝડપથી

- - - - - - - - -

અમદાવાદ અને વડોદરા જિલ્લામાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી

૨૦૭૯ **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે, અને

જવાબ

(૧) મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
અમદાવાદ	સિટી	૦૦	૦૦	૦૮	૦૫
	દસ્ક્રોઈ	૦૦	૦૦	૦૦	૦૧
	સાણંદ	૦૦	૦૦	૦૦	૦૦
	વિરમગામ	૦૦	૦૦	૦૦	૦૦
	માંડલ	૦૦	૦૦	૦૦	૦૧
	દેત્રોજ-રામપૂરા	૦૦	૦૦	૦૦	૦૦
	બાવળા	૦૦	૦૦	૦૦	૦૦
	ધોળકા	૦૦	૦૦	૦૦	૦૦
	ધંધુકા	૦૦	૦૦	૦૦	૦૦
	ધોલેરા	૦૦	૦૦	૦૦	૦૦
વડોદરા	વડોદરા	૦૦	૦૦	૦૦	૦૫
	ડભોઈ	૦૦	૦૦	૦૧	૦૦
	કરજણ	૦૦	૦૦	૦૦	૦૨
	વાઘોડીયા	૦૦	૦૦	૦૦	૦૨
	સાવલી	૦૦	૦૦	૦૦	૦૦
	ડેસર	૦૦	૦૦	૦૦	૦૦
	પાદરા	૦૦	૦૦	૦૪	૦૨
	શિનોર	૦૦	૦૦	૦૦	૦૦

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨

અમદાવાદ	સિટી	૦૦	૦૦	૦૦	૦૦
	દસ્ક્રોઈ	૦૦	૦૦	૦૦	૦૨
	સાણંદ	૦૦	૦૦	૦૦	૦૦
	વિરમગામ	૦૦	૦૦	૦૦	૦૦
	માંડલ	૦૦	૦૦	૦૦	૦૦
	દેત્રોજ-રામપૂરા	૦૦	૦૦	૦૦	૦૦
	બાવળા	૦૦	૦૦	૦૦	૦૨
	ધોળકા	૦૦	૦૦	૦૦	૦૨
	ધંધુકા	૦૦	૦૦	૦૦	૦૦
	ધોલેરા	૦૦	૦૦	૦૦	૦૦
	મ્યુનિસિપલ કોર્પોરેશન	૦૦	૦૦	૦૫	૦૬
વડોદરા	વડોદરા	૦૦	૦૦	૦૦	૦૩
	ડભોઈ	૦૦	૦૦	૦૦	૦૨
	કરજણ	૦૦	૦૦	૦૦	૦૦
	વાઘોડીયા	૦૦	૦૦	૦૦	૦૩
	સાવલી	૦૦	૦૦	૦૦	૦૦
	ડેસર	૦૦	૦૦	૦૦	૦૦
	પાદરા	૦૦	૦૦	૦૦	૦૨
	શિનોર	૦૦	૦૦	૦૦	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ?

(૨) શૂન્ય(નીલ).

- - - - - - - - -

પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ અને અન્ય સુવિધાઓ

૨૦૬૮ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં જિલ્લાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં વીજળી, કંપાઉન્ડ વોલ, પીવાના પાણી અને શૌચાલયની સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં ખૂટતી સુવિધાઓ ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે ?

જવાબ

(૧)

જિલ્લો	**શાળાની સંખ્યા**
પોરબંદર	૦૯
જૂનાગઢ	૧૨૭

(૨)

સુવિધા	**પોરબંદર**	**જૂનાગઢ**
વીજળી વિનાની શાળાની સંખ્યા	૦૭	૦૦
કંપાઉન્ડ વોલ વિનાની શાળાની સંખ્યા	૦૭	૫૪
પીવાના પાણીની સુવિધા વિનાની શાળાની સંખ્યા	૦૦	૦૦
શૌચાલયની સુવિધા વિનાની શાળાની સંખ્યા	૦૦	૦૦

(૩) - કંપાઉન્ડ વોલ અને ઘટતા ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન છે.

-પોરબંદર જિલ્લાની લાઈટની સુવિધા વગરની સાત શાળાઓમાં સોલર પેનલ દ્વારા વિજળીની સુવિધા ઉપલબ્ધ

કરાવવાની કામગારી હાથ ધરવામાં આવેલ છે. જે ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

ખેડા અને મોરબી જિલ્લાઓમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી

૨૩૧૦ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે, અને

જવાબ

(૧) મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
ખેડા	નડીયાદ	૦૦	૦૦	૦૫	૦૧
	ઠાસરા	૦૦	૦૦	૦૦	૦૧
	કપડવંજ	૦૦	૦૦	૦૧	૦૦
	ખેડા	૦૦	૦૦	૦૦	૦૦
	મહેમદાવાદ	૦૦	૦૦	૦૦	૦૦
	મહુધા	૦૦	૦૦	૦૦	૦૦
	માતર	૦૦	૦૦	૦૧	૦૨
	વસો	૦૦	૦૦	૦૦	૦૦
	ગળતેશ્વર	૦૦	૦૦	૦૦	૦૦
	કઠલાલ	૦૦	૦૦	૦૧	૦૦
મોરબી	મોરબી	૦૦	૦૦	૦૩	૦૨
	માળીયા	૦૦	૦૦	૦૦	૦૦
	હળવદ	૦૦	૦૦	૦૦	૦૦
	ટંકારા	૦૦	૦૦	૦૦	૦૦
	વાંકાનેર	૦૦	૦૦	૦૦	૦૦

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
ખેડા	નડીયાદ	૦૦	૦૦	૦૩	૦૦
	ઠાસરા	૦૦	૦૦	૦૦	૦૦
	કપડવંજ	૦૦	૦૦	૦૦	૦૦
	ખેડા	૦૦	૦૦	૦૦	૦૦
	મહેમદાવાદ	૦૦	૦૦	૦૦	૦૦
	મહુધા	૦૦	૦૦	૦૦	૦૦
ખેડા	માતર	૦૦	૦૦	૦૦	૦૦
	વસો	૦૦	૦૦	૦૦	૦૧
	ગળતેશ્વર	૦૦	૦૦	૦૦	૦૧

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
	કઠલાલ	૦૦	૦૦	૦૦	૦૦
મોરબી	મોરબી	૦૦	૦૦	૦૪	૦૧
	માળીયા	૦૦	૦૦	૦૦	૦૦
	હળવદ	૦૦	૦૦	૦૦	૦૦
	ટંકારા	૦૦	૦૦	૦૦	૦૧
	વાંકાનેર	૦૦	૦૦	૦૦	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ?

(૨) શૂન્ય(નીલ).

- - - - - - - - -

આણંદ અને વડોદરા જિલ્લામાં બાગાયત વિભાગની યોજનાદીઠ અરજીઓ

૧૪૨૪ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં બાગાયત વિભાગની યોજના દીઠ કેટલી અરજીઓ મળી ?

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી યોજનાદીઠ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર અને કેટલી પેન્ડીંગ છે, અને

(૩) અને તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં આણંદ અને વડોદરા જિલ્લામાં બાગાયત વિભાગની યોજનાઓદીઠ મળેલ અરજીઓની સંખ્યા પત્રક-૧ મુજબ છે.

(૨) બાગાયત ખાતાની વિવિધ યોજનાઓદીઠ આવેલ અરજીઓ, મંજૂર કરેલ અરજીઓ, નામંજૂર કરેલ અરજીઓ તેમજ પેન્ડિંગ અરજીઓની વિગત પત્રક-૨ મુજબ છે.

(૩) બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ દીઠ ચૂકવવામાં આવેલ સહાયની વિગત પત્રક-૩ મુજબ છે.

(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

આણંદ અને ખેડા જિલ્લામાં ખેડૂત ખાતેદાર

૨૪૫૦ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદાર નોંધાયેલા છે,

જવાબ

(૧) ભારત સરકારીશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર નીચે મુજબ છે.

પ્રકાર	ખેડૂત ખાતેદારોની સંખ્યા	
	આણંદ	ખેડા
સીમાંત	૧,૫૭,૬૧૧	૧,૬૦,૪૯૮
નાના	૪૩,૮૫૧	૫૩,૩૪૬
અર્ધ-મધ્યમ	૧૮,૪૮૮	૨૭,૧૦૧
મધ્યમ	૪,૯૫૧	૭,૯૮૧

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રો સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારની વધ-ઘટ થઈ, અને

(૨) આણંદ જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખેડૂત ખાતેદારની સંખ્યામાં ૭,૬૪૧નો વધારો, નાના ખેડૂત ખાતેદારની સંખ્યામાં ૧,૯૩૮નો વધારો, અર્ધ-મધ્યમ ખેડૂત ખાતેદારની સંખ્યામાં ૧૫નો ઘટાડો, મધ્યમ ખેડૂત ખાતેદારની

સંખ્યામાં ૪૦૯નો ઘટાડો અને મોટા ખેડૂત ખાતેદારની સંખ્યામાં ૬૭નો ઘટાડો નોંધાયેલ છે. એમ આણંદ જિલ્લામાં તમામ પ્રકારના કુલ ખેડૂત ખાતેદારની સંખ્યામાં ૯,૦૮૮નો વધારો નોંધાયેલ છે.

ખેડા અને પંચમહાલ જિલ્લામાંથી વર્ષ ૨૦૧૩માં મહીસાગર જિલ્લાની રચના થયેલ હોવાથી, એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં ખેડા જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદારની સરખામણી એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧માં ખેડા જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર સાથે કરી શકાય નહી. આથી, ખેડા જિલ્લામાં ખેડૂત ખાતેદાર થયેલ વધ-ઘટ નોંધવા અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂત ખાતેદારની ઘટ થઈ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

નર્મદા અને નવસારી જિલ્લાઓમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી

૨૦૬૫ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે, અને

જવાબ

(૧) મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
નર્મદા	નાંદોદ	૦૦	૦૦	૦૦	૦૦
	ગરૂડેશ્વર	૦૦	૦૦	૦૦	૦૦
	તિલકવાડા	૦૦	૦૦	૦૦	૦૦
	સાગબારા	૦૦	૦૦	૦૦	૦૦
	ડેડીયાપાડા	૦૦	૦૦	૦૦	૦૦
નવસારી	જલાલપોર	૦૦	૦૦	૦૩	૦૩
	નવસારી	૦૦	૦૦	૦૧	૦૦
	વાંસદા	૦૦	૦૦	૦૦	૦૧
	ચીખલી	૦૦	૦૦	૦૧	૦૧
	ગણદેવી	૦૦	૦૦	૦૧	૦૧
	ખેરગામ	૦૦	૦૦	૦૦	૦૨

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-

					૧૨-૨૨
નર્મદા	નાંદોદ	૦૦	૦૦	૦૦	૦૦
	ગરૂડેશ્વર	૦૦	૦૦	૦૦	૦૦
	તિલકવાડા	૦૦	૦૦	૦૦	૦૦
	સાગબારા	૦૦	૦૦	૦૦	૦૦
	ડેડીયાપાડા	૦૦	૦૦	૦૦	૦૦
નવસારી	જલાલપોર	૦૦	૦૦	૦૦	૦૦
	નવસારી	૦૦	૦૦	૦૦	૦૦
	વાંસદા	૦૦	૦૦	૦૦	૦૦
	ચીખલી	૦૦	૦૦	૦૦	૦૦
	ગણદેવી	૦૦	૦૦	૦૦	૦૩
	ખેરગામ	૦૦	૦૦	૦૦	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ? (૨) શૂન્ય(નીલ).

- - - - - - - - -

ગીર સોમનાથ જિલ્લામાં ગૌસંવર્ધન યોજના અંતર્ગત મૂંગા પશુઓ માટેની સહાય

૧૪૨૬ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર ગૌસંવર્ધન યોજના અંતર્ગત પાંજરાપોળને કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ગૌસંવર્ધન યોજના અંતર્ગત જિલ્લાવાર કે તાલુકાવાર કોઈ જોગવાઈ કરવામાં આવતી નથી પરંતુ સમગ્ર રાજ્ય માટે જોગવાઈ કરવામાં આવે છે.

(૨)

તાલુકાનું નામ	**સહાય આપેલ રકમ (ખર્ચ)**
વેરાવળ	૩.૧૫,૮૧,૪૮૦/-

- - - - - - - - -

અરવલ્લી અને વલસાડ જિલ્લાઓમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી

૨૦૭૮ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે, અને

જવાબ

(૧) મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	**તાલુકાનું નામ**	**ગ્રાન્ટેડ**		**નોન ગ્રાન્ટેડ**	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	**તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨**	**તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧**	**તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨**
અરવલ્લી	બાયડ	૦૦	૦૦	૦૦	૦૩
	મોડાસા	૦૦	૦૦	૦૧	૦૦
	મેઘરજ	૦૦	૦૦	૦૧	૦૦
	માલપુર	૦૦	૦૦	૦૦	૦૦
અરવલ્લી	ભિલોડા	૦૦	૦૦	૦૨	૦૦
	ધનસુરા	૦૦	૦૦	૦૦	૦૦
વલસાડ	વલસાડ	૦૦	૦૦	૦૨	૦૬

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
	પારડી	૦૦	૦૦	૦૦	૦૧
	વાપી	૦૦	૦૦	૦૨	૦૧
	ઉમરગામ	૦૦	૦૦	૦૧	૦૨
	ધરમપુર	૦૦	૦૦	૦૦	૦૦
	કપરાડા	૦૦	૦૦	૦૦	૦૦

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
અરવલ્લી	બાયડ	૦૦	૦૦	૦૦	૦૧
	મોડાસા	૦૦	૦૦	૦૦	૦૦
	મેઘરજ	૦૦	૦૦	૦૦	૦૦
	માલપુર	૦૦	૦૦	૦૦	૦૦
	ભિલોડા	૦૦	૦૦	૦૦	૦૦
	ધનસુરા	૦૦	૦૦	૦૦	૦૦
વલસાડ	વલસાડ	૦૦	૦૦	૦૦	૦૨
	પારડી	૦૦	૦૦	૦૦	૦૦
	વાપી	૦૦	૦૦	૦૦	૦૦
	ઉમરગામ	૦૦	૦૦	૦૧	૦૦
	ધરમપુર	૦૦	૦૦	૦૦	૦૧
	કપરાડા	૦૦	૦૦	૦૦	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ?

(૨) શૂન્ય(નીલ).

- - - - - - - - -

દાહોદ અને છોટાઉદેપુર જિલ્લાઓમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી

૨૦૭૧ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે, અને

જવાબ

(૧) મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
દાહોદ	દાહોદ	૦૦	૦૦	૦૦	૦૨
	ગરબાડા	૦૦	૦૦	૦૦	૦૦
	ઝાલોદ	૦૦	૦૦	૦૦	૦૦
	લીમખેડા	૦૦	૦૦	૦૦	૦૦

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
દાહોદ	સંજેલી	૦૦	૦૦	૦૦	૦૦
	ફતેપૂરા	૦૦	૦૦	૦૩	૦૨
	દેવગઢબારીયા	૦૦	૦૦	૦૦	૦૨
	ધાનપુર	૦૦	૦૦	૦૦	૦૦
	સીંગવડ	૦૦	૦૦	૦૦	૦૦
છોટાઉદેપુર	છોટાઉદેપુર	૦૦	૦૦	૦૧	૦૧
	કવાંટ	૦૦	૦૦	૦૦	૦૦
	સંખેડા	૦૦	૦૦	૦૦	૦૦
	પાવી જેતપુર	૦૦	૦૦	૦૦	૦૦
	બોડેલી	૦૦	૦૦	૦૦	૦૦
	નસવાડી	૦૦	૦૦	૦૧	૦૦

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
દાહોદ	દાહોદ	૦૦	૦૦	૦૦	૦૦
	ગરબાડા	૦૦	૦૦	૦૦	૦૦
	ઝાલોદ	૦૦	૦૦	૦૦	૦૦
	લીમખેડા	૦૦	૦૦	૦૦	૦૦
	સંજેલી	૦૦	૦૦	૦૦	૦૧
	ફતેપૂરા	૦૦	૦૦	૦૦	૦૦
	દેવગઢબારીયા	૦૦	૦૦	૦૦	૦૦
	ધાનપુર	૦૦	૦૦	૦૦	૦૦
	સીંગવડ	૦૦	૦૦	૦૦	૦૦
છોટાઉદેપુર	છોટાઉદેપુર	૦૦	૦૦	૦૦	૦૦
	કવાંટ	૦૦	૦૦	૦૦	૦૦
	સંખેડા	૦૦	૦૦	૦૦	૦૦
	પાવી જેતપુર	૦૦	૦૦	૦૦	૦૦
	બોડેલી	૦૦	૦૦	૦૦	૦૧
	નસવાડી	૦૦	૦૦	૦૦	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ?

(૨) શૂન્ય(નીલ).

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની શાળાઓનું મંજૂર મહેકમ

૯૮૧ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કેટલી શાળાઓ આવેલી છે,

જવાબ

(૧) **સરકારી શાળાઓ**

જિલ્લો	પ્રાથમિક શાળા	માત્ર માધ્યમિક શાળા	માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા	માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા
જામનગર	૬૬૪	૨૦	૧૦	૦૬

દેવભૂમિ દ્વારકા	૫૯૨	૨૬	૧૩	૦૩

ગ્રાન્ટેડ શાળાઓ

જિલ્લો	પ્રાથમિક શાળા	માત્ર માધ્યમિક શાળા	માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા	માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા
જામનગર	૦૮	૭૨	૨૮	૦૧
દેવભૂમિ દ્વારકા	૦૧	૨૧	૨૧	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

સરકારી શાળા

જિલ્લો	વિગત	સરકારી પ્રાથમિક શાળાઓ		સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ		
		પ્રાથમિક શિક્ષક	આચાર્ય	માધ્યમિક શિક્ષક	ઉચ્ચતર માધ્યમિક શિક્ષક	આચાર્ય
જામનગર	ભરાયેલ	૩૩૬૦	૧૨૦	૬૧	૪૮	૧૦
	ખાલી	૩૩૦	૦૦	૨૭	૪૨	૦૪
દેવભૂમિ દ્વારકા	ભરાયેલ	૨૬૨૧	૯૧	૮૦	૩૫	૧૯
	ખાલી	૫૭૫	૦૪	૩૭	૪૩	૦૯

ગ્રાન્ટેડ શાળા

જિલ્લો	વિગત	સરકારી પ્રાથમિક શાળાઓ		સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ		
		પ્રાથમિક શિક્ષક	આચાર્ય	માધ્યમિક શિક્ષક	ઉચ્ચતર માધ્યમિક શિક્ષક	આચાર્ય
જામનગર	ભરાયેલ	૩૧	ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂકની	૩૨૯	૧૬૯	૩૦
	ખાલી	૩૩		૮૨	૯૫	૭૦
દેવભૂમિ	ભરાયેલ	૦૭		૧૬૭	૭૮	૨૦

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ ઝડપથી.

\- - - - - - - - -

નર્મદા જિલ્લાના દેડીયાપાડા અને સાગબારા તાલુકાઓની શાળાઓની પાળી પદ્ધતિ

૧૪૦૪ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ નર્મદા જિલ્લાના દેડીયાપાડા અને સાગબારા તાલુકામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ પાળી (શિફ્ટ) પદ્ધતિથી ચાલે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાઓની કેટલી શાળાઓ પાળી (શિફ્ટ) પદ્ધતિથી ચાલે છે, અને

જવાબ

(૧) હા.

(૨)

તાલુકો	પાળી (શિફ્ટ) પદ્ધતિથી ચાલતી પ્રાથમિક શાળાઓની	પાળી (શિફ્ટ) પદ્ધતિથી ચાલતી માધ્યમિક શાળાઓની

	સંખ્યા	**સંખ્યા**
દેડીયાપાડા	૦૨	૦૩
સાગબારા	૦૧	૦૧
કુલ	**૦૩**	**૦૪**

(૩) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં પાળી પધ્ધતિથી શિક્ષણ આપવાના કારણો શાં છે ?

(૩) • સરકારી પ્રાથમિક શાળાના મકાનમાં પ્રાથમિક અને માધ્યમિક શાળા ચાલતી હોઈ પાળી (શિફ્ટ) પધ્ધતિથી શિક્ષણ આપવામાં આવે છે.

• ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાના મકાનમાં ગુજરાતી અને અંગ્રેજી એમ બે માધ્યમ ચાલતા હોઈ પાળી (શિફ્ટ) પધ્ધતિથી શિક્ષણ આપવામાં આવે છે.

- - - - - - - - -

અમદાવાદ અને ગાંધીનગર શહેર / જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ શાળાઓમાં પ્રવેશ

૧૦૦૫ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર શહેર / જિલ્લાવાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ કેટલા બાળકોને પ્રવેશ મળવાપાત્ર હતો,

જવાબ

(૧)

જિલ્લો	**આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર બાળકોની સંખ્યા**	
	શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨	**શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩**
અમદાવાદ શહેર	૧૨૩૧૪	૧૨૬૦૭
અમદાવાદ જિલ્લો	૧૭૦૩	૧૬૫૮
ગાંધીનગર શહેર	૩૮૫	૪૫૪
ગાંધીનગર જિલ્લો	૧૭૨૭	૧૭૫૧

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત વર્ષવાર ઉક્ત શહેર / જિલ્લાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨)

જિલ્લો	**આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા**	
	શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨	**શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩**
અમદાવાદ શહેર	૧૧૦૯૩	૧૨૦૬૨
અમદાવાદ જિલ્લો	૧૨૭૯	૧૨૬૩
ગાંધીનગર શહેર	૩૩૯	૪૨૪
ગાંધીનગર જિલ્લો	૧૪૦૮	૧૪૧૦

(૩) ઉક્ત સ્થિતિએ મળવાપાત્ર બાળકો કરતાં ઓછા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હોય તેવી કઈ શાળાઓ સામે શાં પગલાં લીધાં ?

(૩) પસંદગી અનુસારની શાળાઓ ન મળવાના કારણે બાળકોને પ્રવેશ મેળવેલ નથી. આથી, શાળા સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

મહેસાણા અને ગાંધીનગર જિલ્લાઓમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી

૨૦૮૦ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં

જવાબ

(૧) મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

અતારાંકિત પ્રશ્નો

તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને
માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે, અને

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
મહેસાણા	મહેસાણા	૦૦	૦૦	૦૧	૧૦
	વિજાપુર	૦૦	૦૦	૦૦	૦૦
	બેચરાજી	૦૦	૦૦	૦૦	૦૧
મહેસાણા	કડી	૦૦	૦૦	૦૧	૦૦
	સતલાસણા	૦૦	૦૦	૦૦	૦૦
	વિસનગર	૦૦	૦૦	૦૧	૦૧
	જોટાણા	૦૦	૦૦	૦૩	૦૦
	ઉંઝા	૦૦	૦૦	૦૧	૦૦
	વડનગર	૦૦	૦૦	૦૦	૦૩
	ખેરાલુ	૦૦	૦૦	૦૦	૦૦
ગાંધીનગર	ગાંધીનગર	૦૦	૦૦	૦૩	૦૮
	માણસા	૦૦	૦૦	૦૦	૦૦
	દહેગામ	૦૦	૦૦	૦૧	૦૧
	કલોલ	૦૦	૦૦	૦૦	૦૦

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
મહેસાણા	મહેસાણા	૦૦	૦૦	૦૧	૦૨
	વિજાપુર	૦૦	૦૦	૦૦	૦૦
	બેચરાજી	૦૦	૦૦	૦૦	૦૦
	કડી	૦૦	૦૦	૦૦	૦૨
	સતલાસણા	૦૦	૦૦	૦૦	૦૦
	વિસનગર	૦૦	૦૦	૦૦	૦૨
	જોટાણા	૦૦	૦૦	૦૦	૦૧
	ઉંઝા	૦૦	૦૦	૦૦	૦૦
	વડનગર	૦૦	૦૦	૦૧	૦૦
	ખેરાલુ	૦૦	૦૦	૦૦	૦૦
ગાંધીનગર	ગાંધીનગર	૦૦	૦૦	૦૦	૦૯
	માણસા	૦૦	૦૦	૦૦	૦૦
	દહેગામ	૦૦	૦૦	૦૧	૦૦
	કલોલ	૦૦	૦૦	૦૦	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ?

(૨) શૂન્ય(નીલ).

- - - - - - - - -

તા. ૧૫ માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ

૨૦૬૭ **શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકારે કેટલી રકમની માંગણી કરી,

(૨) તે પૈકી વર્ષવાર કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત અભિયાન અંતર્ગત કેટલી રકમ ફાળવવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલી રહી, અને

(૪) ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શાં છે ?

જવાબ

(૧)

વર્ષ	માંગણી કરેલ રકમ (રૂ.લાખમાં)
૨૦૨૧-૨૨	૧૧૮૦૬૧.૫૩
૨૦૨૨-૨૩ (૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ)	૧૨૫૭૦૧.૫૦

(૨)

વર્ષ	ફાળવેલ રકમ (રૂ.લાખમાં)
૨૦૨૧-૨૨	૮૭૮૦૯.૫૨
૨૦૨૨-૨૩ (૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ)	૭૭૫૨૬.૮૨

(૩)

વર્ષ	ખર્ચ (રૂ.લાખમાં)	વણવપરાયેલ રકમ (રૂ.લાખમાં)
૨૦૨૧-૨૨	૧૧૧૦૬૪.૨૮	૦
૨૦૨૨-૨૩ (૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ)	૭૪૩૯૯.૫૩	૦

(૪) સને ૨૦૨૦-૨૧ અને સને ૨૦૨૧-૨૨ અંતિત વણવપરાયેલ રકમ, ત્યારબાદના નાણાંકીય વર્ષ અનુક્રમે ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં પૂરેપૂરી વપરાઈ ગયેલ હોય, વણવપરાયેલ રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

Subject to Final Audit.

- - - - - - - - -

બનાસકાંઠા અને કચ્છ જિલ્લાઓમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી

૨૦૬૮ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે, અને

જવાબ

(૧) મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
બનાસકાંઠા	પાલનપુર	૦૦	૦૦	૦૧	૦૧
	ડીસા	૦૦	૦૦	૦૨	૦૦
	વડગામ	૦૦	૦૦	૦૨	૦૨
	દાંતા	૦૦	૦૦	૦૨	૦૦

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
	અમીરગઢ	૦૦	૦૦	૦૦	૦૦
	દાંતીવાડા	૦૦	૦૦	૦૦	૦૦
	ધાનેરા	૦૦	૦૦	૦૦	૦૦
	લાખણી	૦૦	૦૦	૦૨	૦૨
	થરાદ	૦૦	૦૦	૦૬	૦૧
	વાવ	૦૦	૦૦	૦૦	૦૦
	સુઈગામ	૦૦	૦૦	૦૦	૦૦
	કાંકરેજ	૦૦	૦૦	૦૨	૦૦
	ભાભર	૦૦	૦૦	૦૦	૦૦
	દિયોદર	૦૦	૦૦	૦૨	૦૧
કચ્છ	અબડાસા	૦૦	૦૦	૦૦	૦૦
	ગાંધીધામ	૦૦	૦૦	૦૦	૦૨
	અંજાર	૦૦	૦૦	૦૨	૦૫
	ભચાઉ	૦૦	૦૦	૦૦	૦૧
	ભૂજ	૦૦	૦૦	૦૦	૦૪
	લખપત	૦૦	૦૦	૦૦	૦૦
	માંડવી	૦૦	૦૦	૦૦	૦૦
	મુન્દ્રા	૦૦	૦૦	૦૦	૦૦
	નખત્રાણા	૦૦	૦૦	૦૦	૦૦
	રાપર	૦૦	૦૦	૦૦	૦૦

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રાન્ટેડ		નોન ગ્રાન્ટેડ	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨	તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨
બનાસકાંઠા	પાલનપુર	૦૦	૦૦	૦૦	૦૦
	ડીસા	૦૦	૦૦	૦૦	૦૦
	વડગામ	૦૦	૦૦	૦૦	૦૦
	દાંતા	૦૦	૦૦	૦૦	૦૧
	અમીરગઢ	૦૦	૦૦	૦૦	૦૦
	દાંતીવાડા	૦૦	૦૦	૦૦	૦૦
	ધાનેરા	૦૦	૦૦	૦૧	૦૦
	લાખણી	૦૦	૦૦	૦૧	૦૦
	થરાદ	૦૦	૦૦	૦૨	૦૨
	વાવ	૦૦	૦૦	૦૦	૦૦
	સુઈગામ	૦૦	૦૦	૦૦	૦૦
	કાંકરેજ	૦૦	૦૦	૦૦	૦૦
	ભાભર	૦૦	૦૦	૦૦	૦૦
	દિયોદર	૦૦	૦૦	૦૦	૦૧

કચ્છ	અબડાસા	૦૦	૦૦	૦૦	૦૦
	ગાંધીધામ	૦૦	૦૦	૦૧	૦૨
	અંજાર	૦૦	૦૦	૦૦	૦૦
	ભચાઉ	૦૦	૦૦	૦૦	૦૦
	ભૂજ	૦૦	૦૦	૦૨	૦૫
	લખપત	૦૦	૦૦	૦૦	૦૦
	માંડવી	૦૦	૦૦	૦૦	૦૦
	મુન્દ્રા	૦૦	૦૦	૦૦	૦૧
	નખત્રાણા	૦૦	૦૦	૦૦	૦૦
	રાપર	૦૦	૦૦	૦૦	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ?

(૨) શૂન્ય(નીલ).

- - - - - - - - -

વેરાવળ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં બિનવારસી ગૌવંશ પશુ સહાય

૧૪૨૭ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રખડતા અને બિનવારસી ગૌવંશ પશુઓને દૈનિક રૂ.૩૦ની સહાય આપવાનો નિર્ણય કર્યો છે તે હકીકત સાચી છે, અને	(૧) હા, જી.
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વેરાવળ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં કેટલી પાંજરાપોળો અને ગૌશાળાઓને કેટલા પશુઓ માટે કેટલી સહાય ચૂકવવામાં આવી છે ?	(૨) વેરાવળ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સહાય ચૂકવવા માટે જિલ્લા કક્ષાની સમિતિના હુકમો મળેલ ન હોઈ સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

મહીસાગર અને પંચમહાલ જિલ્લાઓમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી

૨૦૭૨ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે, અને	(૧) મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા.

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	**તાલુકાનું નામ**	**ગ્રાન્ટેડ**		**નોન ગ્રાન્ટેડ**	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	**તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨**	**તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧**	**તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨**
મહીસાગર	ખાનપુર	૦૦	૦૦	૦૦	૦૦
	લુણાવાડા	૦૦	૦૦	૦૨	૦૧
	સંતરામપુર	૦૦	૦૦	૦૦	૦૦

	કડાણા	૦૦	૦૦	૦૧	૦૦
	બાલાસિનોર	૦૦	૦૦	૦૦	૦૦
	વિરપુર	૦૦	૦૦	૦૦	૦૧
પંચમહાલ	ગોધરા	૦૦	૦૦	૦૨	૦૨
	શહેરા	૦૦	૦૦	૦૦	૦૦
	હાલોલ	૦૦	૦૦	૦૪	૦૪
	કાલોલ	૦૦	૦૦	૦૦	૦૦
	જાંબુઘોડા	૦૦	૦૦	૦૦	૦૧
	ઘોઘંબા	૦૦	૦૦	૦૦	૦૦
	મોરવા હડફ	૦૦	૦૦	૦૦	૦૦

મંજૂરી આપેલ ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા

જિલ્લાનું નામ	**તાલુકાનું નામ**	**ગ્રાન્ટેડ**		**નોન ગ્રાન્ટેડ**	
		તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧	**તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨**	**તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧**	**તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨**
મહીસાગર	ખાનપુર	૦૦	૦૦	૦૦	૦૦
	લુણાવાડા	૦૦	૦૦	૦૦	૦૦
	સંતરામપુર	૦૦	૦૦	૦૦	૦૦
મહીસાગર	કડાણા	૦૦	૦૦	૦૦	૦૦
	બાલાસિનોર	૦૦	૦૦	૦૦	૦૧
	વિરપુર	૦૦	૦૦	૦૦	૦૦
પંચમહાલ	ગોધરા	૦૦	૦૦	૦૦	૦૧
	શહેરા	૦૦	૦૦	૦૦	૦૦
	હાલોલ	૦૦	૦૦	૦૦	૦૨
	કાલોલ	૦૦	૦૦	૦૧	૦૦
	જાંબુઘોડા	૦૦	૦૦	૦૦	૦૦
	ઘોઘંબા	૦૦	૦૦	૦૦	૦૦
	મોરવા હડફ	૦૦	૦૦	૦૧	૦૦

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ?

(૨) શૂન્ય (નીલ).

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, કાંઇ છે પોઇન્ટ ઓફ ઓર્ડર?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : ના.

અધ્યક્ષશ્રી : મારે એ બાબતમાં કહેવું છે કે વચ્ચે માનનીય સભ્યશ્રી શૈલેષભાઇએ જે હમણાં ચર્ચા કરી કે અમને સમય પૂરતો આપો. પ્રશ્નોત્તરીના સમયની અંદર આ અગાઉના પ્રશ્ન ક્રમાંક પમાં પણ મેં માનનીય શૈલેષભાઇને બોલવા માટેનો મોકો આપ્યો હતો. બીજું, જે પ્રશ્ન નંબર ૬ આવ્યો. જયાં આપણે ચર્ચા જેની ચાલતી હતી. એમાં પણ ૪ જેટલા સભ્યોને બોલવાનો મોકો આપ્યો છે. જેમાં માનનીય અર્જુનભાઇ પણ બોલ્યા છે. સામેથી શ્રી ચૈતરભાઇ પણ બોલ્યા અને અહીંયાથી ભારતીય જનતા પાર્ટીના પણ બે સભ્યો બોલ્યા. આપણે એવો આગ્રહ નહીં રાખી શકીએ કે વિપક્ષમાં હોઇએ એટલે આપણને જ બધો મોકો મળે. અહીંયા વિધાનસભામાં આવેલા તમામ ધારાસભ્યોને જયારે પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન હાથ ઊંચો કરવાનો દરેકને અધિકાર છે. જે કોઇ હાથ ઊંચો કરશે. એક વખત મેં પ્રશ્ન મૂવ કર્યો હોય તો પ્રાયોરિટી જે તે જિલ્લાના ધારાસભ્યશ્રીને આપીશ. એ પછી આજુબાજુના જિલ્લા અને છેલ્લે જિલ્લો છોડીને પણ ઘણી વખત હું તમને બધાને મોકો આપતો હોંઉ છું, પરંતુ મારા માટે પહેલી પ્રાયોરિટી જે તે જિલ્લો અને જે તે સંલગ્ન હોય. દાખલા તરીકે ટ્રાયબલ વિસ્તારનો હશે તો હું ટ્રાયબલ વિસ્તારના ધારાસભ્યોને સૌથી વધારે મોકો આપવાનો પ્રયત્ન કરતો હોંઉ છું. તો મને લાગે છે કે એના માટે કોઇ દુરાગ્રહ ન રાખે એવી જરા મારી વિંનતી હતી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

ઉદ્યોગ અને ખાણ વિભાગ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, મહેસૂલ વિભાગ

ઉદ્યોગ અને ખાણ વિભાગ

માગણી ક્રમાંક - ૪૯

શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગો સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૫૧,૩૩,૦૮,૨૨,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૭,૮૨,૫૭,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૪૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

ડો. સી.જે. ચાવડા : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર **:** હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : શ્રી કિરીટભાઇ હાજર નથી? તો જે હાજર નથી રહેવાના એમને શું કામ નામ લખાવીને કાગળ બગાડો છો?

શ્રી અમિત ચાવડા : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

માગણી ક્રમાંક - ૫૦

શ્રી બળવંતસિંહ રાજપૂત (ખાણ અને ખનીજ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૨,૫૧,૪૬,૯૩,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૫,૨૨,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૫૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : શ્રી વિમલભાઇ, ઊભા થાઓ.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

માગણી ક્રમાંક - ૫૭

શ્રી બળવંતસિંહ રાજપૂત (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૩,૭૮,૭૫,૫૯,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૬,૮૬,૧૭,૬૬,૦૦૦/- ની માગણી ક્રમાંક ૫૭ રજૂ કરું છું.

ફાલ્ગુન ૨૪, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

માગણી ક્રમાંક ૫૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૧ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી જીગ્નેશ મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી તુષાર ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઇ આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૬ રજૂ કરવામાં આવી.

મહેસૂલ વિભાગ

માગણી ક્રમાંક - ૭૮

શ્રી બળવંતસિંહ રાજપૂત (મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૮,૧૯,૩૨,૫૦,૦૦૦/ - ની માગણી ક્રમાંક - ૭૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૭૮ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગકુમાર પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૩ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક - ૭૯

મહેસૂલ વિભાગ

શ્રી બળવંતસિંહ રાજપૂત (મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩૦,૦૭,૯૭,૨૬,૦૦૦/ - ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૫૪,૦૩,૦૦,૦૦૦/ - ની માગણી ક્રમાંક - ૭૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૭૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૬ રજૂ કરવામાં આવી.

સન૨૦૨૩-૨૦૨૪ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિતયાદી.

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી
૧	૨	૩	૪	૫
	ઉદ્યોગ અને ખાણ વિભાગ			
	માગણી નં. ૪૯			
૧	૨૮૫૧ - ગ્રામ..ઉદ્યોગો ૧૦૨ - લઘુ ઉદ્યોગો રૂ.૧૫,૭૪,૨૬,૪૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૩ પાનાનં. ૨૮ થી ૩૨	૧૦૦	કાચામાલના ભાવ વધારાને કારણે આર્થિક સંકટમાં આવેલ લઘુ ઉદ્યોગોને રાહત આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અરવિંદભાઈ લાડાણી
૨	૨૮૫૨ - ઉદ્યોગ ૮૦ - સામાન્ય ૦૦૧ - નિર્દેશ અને વહીવટ ૦૧ - IND-2 ઉદ્યોગ..શાખા રૂ.૨૧,૨૮,૯૧,૦૦૦ અં.પ્ર.નં. ૧૩ પાનાનં. ૪૧	૧૦૦	કેન્દ્ર સરકાર દ્વારા રાજય સરકારને ફાળવાતો કોલસો કઇ કઇ એજન્સીઓદ્વારા કયાકયાનાના અને મધ્યમ ઉદ્યોગોને ફાળવેલ છે તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. સી.જે.ચાવડા
૩	_ _ " _ _	૧૦૦	રાજયના નાના અને મધ્યમ ઉદ્યોગોને કોલસો ફાળવતી રાજયની એજન્સીઓ દ્વારા અન્ય જગ્યાએ કોલસો ફાળવી દેવાય છે તેની તપાસ કરી વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૪	_ _ " _ _	૧૦૦	વધુ મૂડી રોકાણ અર્થે નાના અને મધ્યમ ઉદ્યોગોને એન્વાયરમેન્ટ કિલયરન્સની મંજૂરી ઝડપથી મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
*૫	_ _ " _ _	૧૦૦	રાજ્યની ધરતીમાં રહેલ કરોડો ટન કોલબેડ મીથેનનો જથ્થો બહાર લાવી ઉર્જાક્ષેત્રે તેનો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કિરીટકુમાર પટેલ
૬	_ _ " _ _	૧૦૦	રાજ્યની જી.આઇ.ડી.સી.ના ઔદ્યોગિક એકમોને મહાનગરપાલિકાનો ડબલ ટેક્સ ભરવો પડે છે તેનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા.	ગેનીબેન ઠાકોર
૭	_ _ " _ _	૧૦૦	નાના અને મધ્યમ ઉદ્યોગો માટેની પોલિસી અંતર્ગત નાના એકમોને વિના વિલંબે ચૂકવણી થાય તેવી કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૮	૨૮૫૨ - ઉદ્યોગ ૮૦ - સામાન્ય ૦૦૧ - નિર્દેશ અને વહીવટ ૦૧ - IND-2 ઉદ્યોગ..શાખા રૂ.૨૧,૨૮,૯૧,૦૦૦ અં.પ્ર.નં. ૧૩ પાનાનં. ૪૧	૧૦૦	રાજ્યમાં ઈમીટેશન જવેલરી પાર્ક બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચિરાગકુમાર પટેલ
	માગણીનં. ૫૦			
*૯	૨૮૫૩ - બિનલોહ..ઉદ્યોગ ૦૨ - ખાણોનું..વિકાસ ૦૦૧ - નિર્દેશ અને વહીવટ રૂ.૯૩,૨૫,૯૮,૦૦૦ અં.પ્ર.નં. ૧૩ પાનાનં. ૫૦ અને ૫૧	૧૦૦	જમ થયેલા વાહનો ખાણ ખનીજ માફીયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે છોડાવવા બાબતની તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
૧૦	_ _ " _ _	૧૦૦	ક્વોરી માલિકોના પાયાના પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જિગ્નેશ મેવાણી
૧૧	_ _ " _ _	૧૦૦	ખનીજ માફીયાઓનું વધતું જતું દબાણ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
*૧૨	_ _ " _ _	૧૦૦	કાયદામાં જરૂરી સુધારાઓ કરી ખનીજ ચોરીઓ કરનારાઓને	શ્રી ઇમરાન ખેડાવાલા

			સખ્ત સજા થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા.	
૧૩	_ _ " _ _	૧૦૦	પકડાયેલ ખાણ ખનીજ માફીયાઓ ઉપર ફોજદારી ગુન્હાઓ દાખલ કરી સખ્ત પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા (ઉમેશભાઇ મકવાણા)
૧૪	_ _ " _ _	૧૦૦	ખાણ ખનીજની ચોરીઓ માટે જવાબદાર અધિકારી/ કર્મચારીઓ સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઇ ઠાકોર
૧૫	_ _ " _ _	૧૦૦	ખનીજની ચોરી પેટે કરેલ દંડની રકમો વસુલવામાં તંત્રની ઉદાસીનતા.	ડૉ. તુષાર ચૌધરી
૧૬	_ _ " _ _	૧૦૦	જામનગર જિલ્લામાં સિમેન્ટ કંપનીઓ દ્વારા થતું ગેરકાયદેસર ખનન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઇ આહિર
<u>શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારવિભાગ</u> **માગણીનં. ૫૭**				
*૧૭	૨૨૩૦-શ્રમ..વિકાસ ૦૧-શ્રમ ૦૦૧-નિર્દેશ અને વહીવટ રૂ.૨૦,૬૩,૨૫,૦૦૦ અં.પ્ર.નં. ૧૫, પાનાનં. ૪ અને ૫	૧૦૦	દક્ષિણ ગુજરાતમાં આવેલ કેમીકલ્સ કંપનીઓમાં વારંવાર આગ લાગવાના અને ગેસ લીકેજ થવાના બનાવોને કારણે શ્રમિકોના મૃત્યુ અને ઘાયલ થવાના બનાવો બનતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૧૮	_ _ " _ _	૧૦૦	સ્થાનિકોને રોજગારી મળી રહે તે હેતુથી ગ્રામ્ય કક્ષાએ લઘુ જી.આઇ.ડી.સી.ઓ ઊભી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૧૯	_ _ " _ _	૧૦૦	પબ્લીક લાયબેલીટી ઇન્સયોરન્સ એક્ટ હેઠળ જમા થયેલ ભંડોળની વિગતો જાહેર કરી ઔદ્યોગિક એકમોમાં થતાં અકસ્માત દરમિયાન વળતર પેટે આ ભંડોળનો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
૨૦	૨૨૩૦-શ્રમ..વિકાસ ૦૧-શ્રમ ૦૦૧-નિર્દેશ અને વહીવટ રૂ.૨૦,૬૩,૨૫,૦૦૦ અં.પ્ર.નં. ૧૫, પાનાનં. ૪ અને ૫	૧૦૦	વિમા પ્રીમીયમ ભર્યુ હોવા છતાં નુકસાન વળતર જે તે ઉદ્યોગોએ જ ચૂકવવું પડે છે તે નિવારવા માટે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી અમીત ચાવડા
૨૧	_ _ " _ _	૧૦૦	રાજ્યમાં સ્થપાયેલ ઉદ્યોગોમાં સ્થાનીકોને રોજગારી આપવાની નીતિનું કડકાઇથી પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૨૨	_ _ " _ _	૧૦૦	રાજ્યમાં બાંધકામ ક્ષેત્રની સરકારી યોજનાના લાભાર્થીઓને જ તેના લાભો મળે તેવી કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. સી.જે.ચાવડા
૨૩	૨૨૩૦-શ્રમ..વિકાસ ૦૨-રોજગાર સેવાઓ ૦૦૧-નિર્દેશ અને વહીવટ રૂ.૨૨,૭૨,૬૪,૦૦૦ અં.પ્ર.નં. ૧૫, પાનાનં. ૧૬ અને ૧૭	૧૦૦	રાજ્યમાં આવેલ કેન્દ્ર સરકાર હસ્તકના જાહેર સાહસો તેમજ અન્ય નોકરીઓમાં સ્થાનિકોને પ્રાથમિકતા મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જિગ્નેશ મેવાણી
૨૪	_ _ " _ _	૧૦૦	રાજ્યમાં વધતી જતી બેરોજગારી અંગેનું વિશ્લેષણ કરી બેરોજગારી અંગેના આંકડાંઓ ઘટે તે માટે નકકર પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કિરીટકુમાર પટેલ (ડૉ. તુષાર ચૌધરી)
૨૫	_ _ " _ _	૧૦૦	રાજ્યના હિરાના કારીગરોને ઘારાધોરણ મુજબ વેતન અને અન્ય સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા	શ્રી ઉમેશભાઇ મકવાણા
૨૬	_ _ " _ _	૧૦૦	રોજગાર કચેરીમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારોને રોજગારી ન મળે તે દરમિયાન બેકારીભથ્થું આપવામાં તંત્રની નિષ્ફળતા	શ્રી હેમંતભાઇ આહિર
<u>મહેસૂલવિભાગ</u> **માગણીનં. ૭૮**				
*૨૭	૨૦૫૩-જિલ્લા વહીવટ ૦૯૩- જિલ્લા..વર્ગ ૦૧-કલેક્ટર કચેરીઓ રૂ. ૨,૭૧,૫૧,૯૭,૦૦૦ અં.પ્ર.નં. ૨૧,	૧૦૦	સરકારી જમીનોની ગેરકાયદેસર ફાળવણી થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા

	પાનાનં. ૪૪ અને ૪૫			
૨૮	_ _ " _ _	૧૦૦	હથિયાર લાયસન્સ આપવા સામે નેગેટીવ રિપોર્ટ હોવાં છતાં આવા લાયસન્સ ઈસ્યુ કરનાર સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા.	ગેનીબેન ઠાકોર
*૨૯	_ _ " _ _	૧૦૦	કલેક્ટર કચેરીઓમાં કાયમીરાહે કચેરીના નિશ્ચિત સમય બાદ હાજર થનાર કર્મચારીઓ/અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
૩૦	૨૦૫૩-જિલ્લા વહીવટ ૦૯૩- જિલ્લા..વર્ગ ૦૧-કલેક્ટર કચેરીઓ રૂ. ૨,૭૧,૫૧,૯૭,૦૦૦ અં.પ્ર.નં. ૨૧, પાનાનં. ૪૪ અને ૪૫	૧૦૦	ખેડૂત ખાતેદાર ન હોવા છતાં તેની મંજૂરી આપનાર સામે શિક્ષાત્મક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઇ ઠાકોર
૩૧	_ _ " _ _	૧૦૦	કલેક્ટર કચેરીઓમાં ભ્રષ્ટાચાર આચરનાર સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૩૨	_ _ " _ _	૧૦૦	કલેક્ટર કચેરીઓમાં પ્રજાના પડતર પ્રશ્નો અને રજૂઆતોના નિકાલ માટે નિયમિત બેઠકો યોજવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચિરાગકુમાર પટેલ
૩૩	_ _ " _ _	૧૦૦	જન સેવા કેન્દ્રોમાં પ્રજાલક્ષી કામો વિના વિલંબે પૂર્ણ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અરવિંદભાઇ લાડાણી
માગણીનં. ૭૯				
*૩૪	૨૨૪૫-કુદરતી..રાહત ૮૦-સામાન્ય ૦૦૧- નિર્દેશ અને વહીવટ રૂ. ૨,૬૮,૮૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૧, પાનાનં. ૧૦૨ અને ૧૦૩	૧૦૦	દક્ષિણ ગુજરાતમાં આવેલ ખાડીઓની નિયમિત સફાઇના અભાવે ભારે વરસાદના સમયે ખાડીના પાણી ગામોમાં તારાજી સર્જે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૩૫	_ _ " _ _	૧૦૦	ભારે વરસાદના કારણે રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં વારંવાર ભરાતા પાણીનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૩૬	૨૨૪૫-કુદરતી..રાહત ૮૦-સામાન્ય ૮૦૦-અન્ય ખર્ચ રૂ. ૩૦,૧૯,૪૬,૦૦૦ અં.પ્ર.નં. ૨૧, પાનાનં. ૧૦૨ થી ૧૦૭	૧૦૦	ભારે વરસાદ અને પૂરના કારણે થતા નુકશાન સામે યોગ્ય વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી: હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના પર મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતમાં ખેડૂતોને રાત્રે ઉંઘ પણ ન આવે, પેઢીઓના જે સંબંધો હતા, પારિવારિક સંબંધો હતા એમાં કયાંક ઊભી તિરાડ પડે તેવો સળગતો પ્રશ્ન એટલે ગુજરાતમાં જમીન માપણીનો પ્રશ્ન ચાલે છે. વર્ષ ૨૦૦૮-૦૯માં કેન્દ્ર સરકાર દ્વારા જમીન દસ્તાવેજ મોર્ડનાઇઝેશન કરવા માટે લેન્ડ રેકોર્ડ મોર્ડનાઇઝેશન પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી અને તેના અંતર્ગત તેના મેન્યુઅલ બનાવવામાં આવ્યા. લગભગ ૪૯૨ પાનાનું મેન્યુઅલ, જેમાં જમીન માપણી કેવી રીતે કરવી તેની સંપૂર્ણ ગાઇડ લાઇન અને નિયમો બનાવીને આપવામાં આવ્યા. ગુજરાતમાં ૧૮,૦૦૦ કરતા વધારે ગામો, અને એ ગામના ખેડૂતોના ખેતરના સરવે નંબરો ગણવા જઇએ તો લગભગ ૧ કરોડ ૨૫ લાખ જેટલા સરવે નંબરોની માપણી કરવાની થાય. આ માપણીના જે નિયમો હતા એમાં દરેક ગામમાં ગ્રામસભા બોલાવવી અને તમામ ખેડૂતોને માહિતગાર કરીને કયારે કોના ખેતરમાં માપણી કરવા જવાનું છે તેનું ટાઇમ ટેબલ નક્કી કરવાની પણ જોગવાઇ હતી. ગુજરાતમાં વર્ષ ૨૦૧૦-૧૧માં આ યોજનાની શરૂઆત કરવામાં આવી. દક્ષિણ ભારતની ૮ જેટલી કંપનીઓને કોન્ટ્રાકટ આપ્યા. મેન્યુઅલની ગાઇડલાઇનનો કોઇ પણ જાતનો અમલ કર્યા સિવાય કંપનીઓએ પોતાની રીતે આની શરૂઆત કરી. વ્યાપક ફરિયાદો આવી. પહેલા દિવસથી રજૂઆતો અને ફરિયાદો હતી. આ ગૃહમાં આપણે ખૂબ ચર્ચા કરી. પણ આજે ૧૨ વર્ષ પછી પણ એ કંપનીઓ કરોડો રૂપિયા લઇને છૂ થઇ ગઇ, એ કંપનીઓ સામે ફરિયાદ હતી, અને કંપનીઓની જે જવાબદારી હતી તે એણે પૂરી ન કરી. પણ આજે ૧૨

વર્ષ પછી પણ ખેડૂતો લડી રહ્યા છે. સંબંધો બગડી રહ્યા છે. સરકારી તંત્ર અને કંપનીઓ જે કામગીરી બગાડીને ગઈ છે એ સુધારવા માટે સરકારી તંત્રનો અને સરકારી કર્મચારીઓનો એ સુધારવા પાછળ નાણાં અને સમયનો વ્યય થઈ રહ્યો છે. આજે પણ ગુજરાતમાં લગભગ સાડા પાંચ લાખ જેટલી સુધારા અરજીઓ છે. જ્યારે શરૂઆત કરવામાં આવી તો પાઈલોટ પ્રોજેક્ટ તરીકે બનાસકાંઠા, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં શરૂઆત કરી હતી. આજે પણ બનાસકાંઠા જિલ્લાની જ વાત કરીએ તો લગભગ ૩૦ હજાર જેટલી સુધારા અરજીઓ છે. અનેક ફરિયાદો એવી છે કે સ્થળ પર ગયા સિવાય માપણી કરવામાં આવી. ઓફિસમાં બેઠાં બેઠાં માપણી કરવામાં આવી. સુધારા અરજીઓમાં જે સુધારા થાય છે તેનાથી સ્પષ્ટ થાય છે કે આ માપણીમાં મોટા પાયે ભૂલો હતી, ગેરરીતિઓ હતી. વર્ષ ૨૦૧૮માં સરકારે તેના માટે ચાર મંત્રીશ્રીઓની કમિટી બનાવી. આ કમિટીએ નક્કી કર્યું કે બે ગામમાં જઈને પ્રેક્ટિકલ રીતે રી-સરવે કરવામાં આવે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના પીપર અને સીમોર ગામમાં રી-સરવે માટેની શરૂઆત થઈ. તેનો જે રિપોર્ટ આવ્યો કે જેને આકૃતિ કહેવાય, તેના નકશામાં ફેરફારો હતા, તો આ બન્ને ગામમાં ૧૦૦ ટકા ફેરફારો નોંધવામાં આવ્યા. જે કબજામાં ફેરફારો હતા કે મારા નામે બોલતી હોય અને કબજો કોઈ બીજાનો હોય તો કબજામાં પણ પીપર ગામમાં ૪૯ ટકા અને સીમોર ગામમાં ૫૪ ટકા ફેરફાર આવ્યા. આનાથી સ્પષ્ટ થાય છે કે આખા ગુજરાતમાં જે માપણી થઈ તે ભૂલભરેલી છે. અનેક જગ્યાએ વિસંગતતા છે. આની પાછળનું કૌભાંડ પણ બહાર આવે. ત્યાંની જ વાત કરીએ તો એક ગામમાં કોઈ ખેડૂતોની પોતાની જમીનો ખૂબ અંતરિયાળ ભાગમાં હતી. તેના બદલે રોડ ટચ ગોચરની જમીન હતી, નકશામાં એ જગ્યાએ પ્રાઈવેટ જમીન બતાવી દીધી અને અંતરિયાળ જમીનનો સરવે નંબર હતો ત્યાં ગોચરની જમીન બતાવી દીધી. આ એક કિસ્સો બહાર આવ્યો. આખા ગુજરાતમાં આવા અનેક કિસ્સા છે. અમારું સ્પષ્ટ માનવું છે કે આખા ગુજરાતમાં મળતિયાઓને લાભ કરાવવા માટે આ જમીન માપણીમાં જે ખોટું કરવામાં આવ્યું છે, સરવે નંબરોની હેરાફેરી કરવામાં આવી છે તેના જ કારણે કદાચ સરકાર આ જમીન માપણી રદ કરવાથી પીછેહઠ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૩ની શરૂઆતમાં પ્રેસ કોન્ફરન્સ કરી કે મોટા પ્રમાણમાં આવી ગેરરીતિઓ, ભૂલો ધ્યાનમાં આવી છે. એટલે પ્રેસ કોન્ફરન્સમાં પહેલાં તો એમ કહ્યું કે સરકાર જમીન માપણી રદ કરવાનો નિર્ણય લે છે, પણ ત્રણ-ચાર કલાકમાં શું થયું તો ફરી પ્રેસ કોન્ફરન્સ કરીને સુધારો કરવામાં આવ્યો કે આખી માપણી રદ કરતા નથી પણ સુધારો કરવા માગીએ છીએ. ત્યારે અમે તો ગુજરાતના ખેડૂતોવતી સરકારને એટલી જ વિનંતી કરવા માગીએ છીએ કે મોટા પ્રમાણમાં વિસંગતતાઓ હોય, મોટા પ્રમાણમાં કેટલાક મળતિયાઓને લાભ કરાવવાનું *(xxx) હોય, મોટું કૌભાંડ હોય, આખા ગુજરાતની જમીન માપણી થઈ છે એ રદ કરવામાં આવે અને નવેસરથી સરકારી રાહે તેની માપણી કરવામાં આવે. કોઈએ એક ફૂટ જમીનનું દબાણ કર્યું હોય, નાનો ખેડૂત હોય અને નાનું-મોટું દબાણ થઈ ગયું હોય તો તેના પર લેન્ડ ગ્રેબિંગના કેસો થાય અને બીજી બાજુ સરકારના માનીતા ઉદ્યોગપતિઓ કે જે લોકો કરોડો-અબજો રૂપિયાની જમીનનો ગેરકાયદેસર રીતે કબજો કરે. સુરતની ઘટના અંગે વારંવાર રજૂઆતો થઈ પણ સરકારે આજ દિન સુધી પગલાં ન લીધાં. હજીરા ખાતે ૯૯ વર્ષના ભાડાપટ્ટાની જમીન જે નવસાધ્ય કરવા માટે આપવામાં આવી હતી, ખારાપટની જમીન નવસાધ્ય કરવાની હતી. તેના બદલે આ જમીન એસ્સાર કંપનીને વેચવામાં આવી. એસ્સાર કંપનીએ તેની ઉપર ફેક્ટરીઓ બનાવી. ત્યાર પછી બીજા હેતુ માટે પણ ઉપયોગ કરવામાં આવ્યો. વારંવાર કહેવા છતાં હજીરા બ્લોકની સરવે નં. ૩૫૫ પૈકી ૯૬,૪૧૭ ચોરસમીટર અને બ્લોક નં. ૩૫૮ પૈકી ૧,૨૮,૦૦૦ ચોરસમીટર જમીનનો પણ ગેરકાયદેસર રીતે ઉપયોગ થતો હોય, વર્ષોથી રજૂઆતો થતી હોય તેમ છતાં પણ સરકાર તેના માટે કોઈ ચિંતા કરતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જિંગા તળાવોની ગેરકાયદેસર પ્રવૃત્તિની અહીં ચર્ચા થઈ. તે દિવસે કદાચ કોઈ બીજા મંત્રી ના પાડતા હતા એટલે બળવંતસિંહ ભાઈએ જવાબ નહીં આપ્યો હોય પણ માનનીય મુકેશભાઈએ અનેક પત્રો લખ્યા છે કે આટલા ગેરકાયદેસર તળાવો છે. આટલા ગેરકાયદેસર જિંગા ઉદ્યોગ ચાલે છે. આજે મહેસૂલ વિભાગની ચર્ચા હોય ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે કોઈનો ડર રાખ્યા સિવાય, કોઈની શરમ રાખ્યા સિવાય જે લોકો આવા ગેરકાયદેસર કબજા કરીને કરોડો-અબજો રૂપિયાનો નફો કરે છે અને કદાચ કોઈ નેતાને તેમાં લાભ પણ થતો હોય તો તેની પણ ચિંતા કર્યા સિવાય ગુજરાતનું હિત જોઈને એ જમીનો પરના ગેરકાયદેસર કબજા છે કે નહીં તેની પણ ચોખવટ કરે.સુરતની વાત કરીએ તો મીઠા ઉદ્યોગના નામે દરિયાકાંઠાની જમીનો ફાળવાઈ છે. મોટા પ્રમાણમાં ત્યાં ચેરના વૃક્ષોનું નિકંદન થાય છે, માછીમારોનો ધંધો બંધ થઈ જાય છે ત્યારે એવા હેતુઓ માટે જમીન ફાળવતા પહેલાં ત્યાં જે હયાત લોકોને રોજગાર મળી રહી છે એની પણ સરકાર ચિંતા કરે એવી અમારી વિનંતી છે. ધોલેરાનું સ્વપ્ન બધાને ખૂબ બતાવ્યું, ત્યાં ઇન્ટરનેશનલ એરપોર્ટ બનશે, ત્યાંની આજુબાજુની લગભગ સો કરોડ રૂપિયાની જમીન એનો અંદાજે એરિયા જોઈએ તો છથી સાત લાખ ચોરસ મીટરની સરકારી જમીન બારોબાર વેચી દેવામાં આવી, એ અંગે SITની રચના કરવામાં આવી, ૧૫ દિવસમાં SITએ રિપોર્ટ આપી દેવાનો હતો, આજે મારે સરકારને પૂછવું છે, મંત્રીશ્રી પણ જવાબ આપે કે એ રિપોર્ટનું શું થયું? કોની સામે કાર્યવાહી થઈ? આ સો કરોડ રૂપિયા જેટલી કિમતી છથી સાત લાખ ચોરસ મિટર જગ્યા કોને વેચવામાં આવી, કોણે લીધી, કોના લાભાર્થે આખું કૌભાંડ થયું અને સરકાર કેમ ચૂપ છે એનો પણ જવાબ અહીંયા આપે. અમદાવાદ શહેરના અસારવા તાલુકાના સરદારનગર ગામના સિટી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સરવે નંબર ૨૩૪૬, કલેકટરશ્રીએ ઓર્ડર કરે કે આ સરકારી જમીનમાં બિલ્ડિંગ બની ગયું છે એ તોડી નાખવામાં આવે. સન ૨૦૨૧માં કોર્પોરેશન દ્વારા એને તોડી નાખવામાં આવ્યું અને ફરી પાછું બીજા જ વર્ષે એક રાજકીય આગેવાનના આશીર્વાદથી ફરી પાછું એ જગ્યા ઉપર કોમ્પલેકસ બની ગયું. સો કરોડ કરતા વધારે રકમની આ પ્રોપર્ટી સરકારી જમીન ઉપર બને, એ બારોબાર વેચાઇ જાય અને સરકારને ખબર ના હોય,એ લેન્ડ ગ્રેબિંગ માટેના કલેકટર ઓર્ડર કરે પણ સરકારી તંત્રની હિંમત ના હોય કે ત્યાં આગળ જઇ અને એક ઇંટ પણ આઘીપાછી થાય, એવો આ મહેસૂલ વિભાગ ચાલે છે. માનનીય વિજયભાઇ રૂપાણી જયારે મુખ્યમંત્રી હતા ત્યારે એમણે કહેવું પડયું હતું કે સૌથી ભ્રષ્ટ વિભાગો પૈકીનો એક વિભાગ એ મહેસૂલ વિભાગ છે. ઉદ્યોગ વિભાગની આજે માગણીઓ હતી. ગુજરાત એની સ્થાપનાથી ઉદ્યોગ ક્ષેત્રે પહેલેથી અગ્રેસર રહ્યું છે અને ગુજરાતીઓના લોહીમાં સાહસિકતા અને વેપાર છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અમિતભાઇ સાહેબે તેમના પ્રવચન દરમિયાન ઉચ્ચારેલ *(xxx) શબ્દ એ અસંસદીય શબ્દ છે તેથી આ શબ્દ સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : અસંસદીય શબ્દો હોય એને રદ કરવામાં આવે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એટલે પેટ્રોલિયમ પ્રોડકટસ, ફાર્માશ્યુટિકલ, ટેક્ષટાઇલ, ઓટોમોબાઇલ પાર્ટસ, એન્જિનિયરિંગ, સિરામિકસ, જેમ્સ એન્ડ જવેલરી આવા અનેક ક્ષેત્રોમાં આપણે આખા વિશ્વમાં આપણા ઉદ્યોગ અને વેપાર માટે પ્રસિદ્ધ છીએ પણ આપણે ચિંતા કોની કરવાની હોય, કોઇ ઉદ્યોગ આવે એ આવકાર્ય છે પણ ઉદ્યોગ લાવવા પાછળ આર્થિક ઉપાર્જનની સાથે સાથે આપણા ગુજરાતીઓને રોજગારી મળે એ આપણી અગત્યની પ્રાયોરિટી છે અને સૌથી વધુ રોજગાર આપનાર કોઇ ઉદ્યોગ હોય તો આપણા MSME છે. આપણે મેગા ઉદ્યોગોને જે લાભ કરાવીએ છીએ જે બેનિફિટ આપીએ છીએ એટલા MSMEને આપીએ છીએ? આજે ગુજરાતમાં જે રોજગારીનું સર્જન થાય છે એમાંથી મોટો હિસ્સો MSMEનો હોય ત્યારે આપણે એની ચિંતા કરીએ એવી પણ મારી ખાસ વિનંતી છે. ચિંતા તો ત્યારે થાય કે જયારે MSMEના રેગ્યુલર કમિશ્નર નિમાય. આજે લાંબા સમયથી કમિશ્નરની જગ્યા ખાલી હોય અનેક MSME યુનિટો પોતાના નાના નાના પ્રશ્નો માટે, નાના નાના લાભો માટે હજારોની સંખ્યામાં એમની સુનાવણી માટેની રાહ જોતા હોય અને એમની ચિંતા ના થાય એ પણ સરકારશ્રી જોવે. એક બાજુ મોટા ઉદ્યોગોને આપણે લાભ કરાવીએ છીએ, કોઇ વખત આપણે એનો હિસાબ કરીએ કે આપણે કેટલો લાભ કરાવ્યો અને એની સામે એમણે કેટલાને રોજગારી આપી અને નાના MSME યુનિટોને આપણે કેટલી સબસિડી અને સહાય આપી અને એની સામે એમણે કેટલી રોજગારી આપી તો હું માનું છું કે આપણે આવનારા દિવસોમાં જયારે બજેટ લાવીએ ત્યારે એની ઉપર ચિંતા કરી શકાય. જે નાના MSME યુનિટો હોય છે, અમદાવાદની જ વાત કરીએ તો સાબરમતિ નદીમાં પોલ્યુશન થાય છે એમ કરીને અનેક ફેકટરીઓને બંધ કરાવીએ છીએ, આ નાના યુનિટોને GPCB દ્વારા હેરાનગતિ થાય છે, કયાંક બોઇલર ઇન્સ્પેકટરો જાય, નાની નાની તપાસો થઇને હેરાનગતિ ના થાય એ જોવાની જવાબદારી પણ આપણી સૌની છે. કોંગ્રેસના શાસનકાળમાં GIDCની શરૂઆત કરવામાં આવી.ત્યારે પછાત વિસ્તારો, અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં જી.આઇ.ડી.સી. સ્થપાય કે જેથી કરીને સ્થાનિક લોકોને રોજગારી મળે અને ત્યાંથી શહેરો તરફનું સ્થળાંતર અટકે એની ચિંતા કરી. પણ આજની હમણાંની જ પ્રશ્નોત્તરીમાં જોવામાં આવ્યું કે આજે પણ ગુજરાતના ૧૫૨ તાલુકાઓ પૈકી ૧૦૪ તાલુકામાં જી.આઇ.ડી.સી. જ નથી. છેલ્લાં ૨૦ વર્ષથી મારા વિસ્તારની વાત કરું તો આંકલાવ વિસ્તારમાં જી.આઇ.ડી.સી. બનાવવા માટે રજૂઆત કરીએ છીએ તેમ છતાં સરકાર ચિંતા કરતી નથી. જે તાલુકાઓ બાકી છે એની સંખ્યા આપું તો બનાસકાંઠામાં ૧૪ તાલુકાઓ છે, એમાંથી ૮માં જી.આઇ.ડી.સી. નથી. જૂનાગઢ જિલ્લાના ૯ તાલુકામાંથી ૭માં નથી, ખેડામાં ૧૦માંથી ૬માં નથી એમ ૧૦૪ તાલુકામાં નથી. એમ.એસ.એમ.ઇ.નો લાભ આપવાની વાત હોય તો ગુજરાતમાં એમ.એસ.એમ.ઇ.ના નામે ૬૦ લાખ ટન કોલસાનું સૌથી મોટું કૌભાંડ થયું. જેની કિંમત રૂપિયા ૬ હજાર કરોડ કરતાં વધારે થાય. એમ.એસ.એમ.ઇ.ના નામે કોલસો ફાળવાય એ કંપનીવાળા અને ફેકટરીવાળાને ખબર નથી. બારોબાર અધિકારીઓ અને એજન્સીઓ દ્વારા કોલસાને બીજાં રાજ્યોની માર્કેટમાં વેચી દેવામાં આવ્યો. જ્યારે તપાસ થઇ ત્યારે સરકારે સી.આઇ.ડી. ક્રાઇમ દ્વારા તપાસની વાત કરી. મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે ગૃહના ફ્લોર ઉપર કહે કે આ રૂપિયા ૬ હજાર કરોડના ૬૦ લાખ ટન કોલસાનું કૌભાંડ થયું એના માટે સી.આઇ.ડી. ક્રાઇમે શું તપાસ કરી? કયા જવાબદારો સામે પગલાં લીધાં? ખાલી એક અધિકારીની બદલી કરવાથી નહીં ચાલે. સરકારમાં બેઠેલા લોકોની સામેલગીરીથી આ કૌભાંડ થયા છે તેની વિગતો પણ માનનીય મંત્રીશ્રી અહીંયા આપે એવી વિનંતી છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી માગણી નં. ૫૭ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપીને મારી વાત રજૂ કરવા ઊભી થઇ છું.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી રદ કરવામાં આવ્યો.

ફાલ્ગુન ૨૪, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, વ્યક્તિને જીવન જીવવા માટે રોટી, કપડાં, મકાનની સાથોસાથ રોજગારની પણ જરૂર હોય છે. જો રોજગાર જ નહીં હોય તો માનવીને જીવન જીવવું શક્ય નથી. એટલા માટે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર દેશનું ભવિષ્ય એવા નવયુવાનોની હરહંમેશ ચિંતા કરીને રોજગારી પૂરી પાડતી આવી છે. એટલા માટે આ વખતના બજેટમાં શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે રૂપિયા ૨,૫૩૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કેન્દ્રમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર અને રાજ્યમાં માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર જ્યારે ડબલ એન્જિનની સરકારની વાત આવે ત્યારે મને શ્રી વિપુલભાઇ પરીખની પંક્તિ યાદ આવે છે. એમણે સરસ લખ્યું છે. 'હું તને એમ નહીં પૂછું, તારી આંખમાં આંસુ કેમ છે? માત્ર એટલું જ કહીશ, આવ, મારી બાજુમાં બેસ' માણસ જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે તેને કોરા આશ્વાસનની જરૂર નથી હોતી, હૂંફની જરૂર હોય છે. એવી હૂંફ જે નિરાશ થયેલા માનવીમાં આશાનો સંચાર કરે, એવી હૂંફ જે ઉજ્જવળ ભવિષ્યની દિશા દેખાડે, એટલું જ નહીં એ દિશામાં પ્રસ્થાન કરવા માટે આગળ કરે. એવી હૂંફ હું યુવાનોને રોજગારી પૂરી પાડું. આજે ગુજરાતના પ્રત્યેક નાગરિકને ડબલ એન્જિનની સરકાર પોતાની બાજુમાં બેઠી હોય એની હૂંફનો અહેસાસ થઇ રહ્યો છે. એટલા માટે હું કહેવા માગીશ કે કેટલાક લોકો રોજગારી એટલે ફક્ત સરકારી નોકરીને જ સમજે છે. પરંતુ રોજગારી કોઇપણ પ્રકારની હોઇ શકે છે. એ સરકારી નોકરીની હોય, એ પ્રાઇવેટ નોકરીની હોય, બિઝનેસ કરતા હોય કે પછી ચા વેચતા હોય, ફળ અને શાકભાજી વેચતા હોય એ પણ રોજગારીનું માધ્યમ હોય છે. એટલા માટે રાજ્યના યુવાનો આર્થિક રીતે પગભર થાય અને રોજગારીની ઉચ્ચ તકો મેળવે એ માટે કૌશલ્યબદ્ધ કરવા અમારી સરકાર કાર્યરત છે. ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રમાં નવા નવા કૌશલ્યની જરૂરિયાત ઊભી થાય છે. આ કુશળ માનવ બળની જરૂરિયાત પૂરી પાડવા કૌશલ્ય વિકાસના નવા ક્ષેત્રોનો વિકાસ કરી રોજગારીની તકો પૂરી પાડવા અમારી સરકાર ચિંતિત છે. શ્રમિકોની સુખાકારી માટે સરકાર કાયદાકીય રીતે અને કલ્યાણકારી યોજનાઓ થકી પગલાં લઇ રહી છે. હમણાં અહીંથી કહેવામાં આવ્યું કે સરકાર ફક્ત ઉદ્યોગકારોની ચિંતા કરે છે પણ એવું નથી. હું એમ કહેવા માગીશ કે ખાલી ઉદ્યોગકારોની ચિંતા કરતા નથી પણ છેવાડાના નાગરિકોને અને નાનામાં નાના શ્રમિકોની પણ અમારી સંવેદનશીલ સરકાર ચિંતા કરતી આવી છે અને એટલા માટે દેશના શ્રમયોગીઓની સામાજિક સુરક્ષા પ્રદાન કરી તે માટે ઇ-શ્રમ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યના ૮૬ લાખ ૫૬ હજાર ૪૭૫ સંગઠિત ક્ષેત્રની નોંધણી ઇ-શ્રમ પોર્ટલ પર કરવામાં આવી છે. શ્રમિકોને ૬૦ વર્ષની ઉંમર પછી પેન્શન મળે તે માટે પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અમલી બનાવવામાં આવી છે. જો કોઇ લાભાર્થીને પેન્શનની પ્રાપ્તિના સમય ગાળા દરમ્યાન મૃત્યુ પામે તો પેન્શનની ૫૦ ટકા રકમ લાભાર્થીના જીવનસાથીને મળે છે, આ અમારી સંવેદનશીલ સરકારની સંવેદનશીલતા છે. અહીંયા શ્રમિકોની પણ ચિંતા કરવામાં આવી છે. પ્રતિ માસ મળતું પેન્શન ડી.બી.ટી.થી સીધું લાભાર્થીના ખાતામાં ટ્રાન્સફર થાય એના માટે વ્યવસ્થા કરવામાં આવી છે. આ યોજના હેઠળ સરકાર દ્વારા આપવામાં આવેલી રૂપિયા ત્રણ હજારની રકમ ઓટો ડી.બી.ટી. સુવિધા દ્વારા લાભાર્થીઓના બચત બેંક ખાતામાં અથવા જનરલ ખાતામાંથી સીધી ટ્રાન્સફર કરવામાં આવે છે. દેશમાં ૨.૭ લાખ શ્રમિકોને અત્યાર સુધી આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે તેમજ ગુજરાતમાં ૩ લાખ ૭૩ હજાર ૭૯૭ જેટલા શ્રમિકોની નોંધણી ઇ-શ્રમ પોર્ટલ પર કરવામાં આવી છે. બાંધકામ શ્રમિકોને બાંધકામના સ્થળથી નજીક રહેઠાણની વ્યવસ્થા ઉપલબ્ધ કરવા શ્રમિક બસેરા સ્થાપવા માટે રૂપિયા પાંચસો કરોડની જોગવાઇ આ વખતના બજેટમાં કરવામાં આવી છે એને હું આવકારું છું અને સરકારની શ્રમિકો પ્રત્યે સંવેદશનશીલતાને સલામ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, શ્રમિકોના નાકા પર જ તેમને કામ પર જતા પહેલા ભરપેટ જમવાનું મળે છે અને તેમાં પણ પોષણક્ષમ આહાર મળે તેના માટે શ્રમિકોની સુખાકારી માટે સરકારશ્રી દ્વારા શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત શ્રમિકોને રૂપિયા પાંચના નજીવા દરે ભોજન ઉપલબ્ધ કરવાની યોજના કરવામાં આવી છે. હું કહીશ કે, પાંચ રૂપિયામાં તો કંઇ મળતું નથી પણ અમારી સંવેદનશીલ સરકાર શ્રમિકોની ચિંતા કરતી આવી છે. એને રૂપિયા પાંચના દરે આજે ભરપેટ ભોજન આપી રહ્યાં છે. ગુજરાત સરકારે માત્ર શ્રમિકોની ચિંતા કરી નથી પણ ગુજરાતના ઉજ્જવળ ભવિષ્ય માટે શ્રમિકોના બાળકો અભ્યાસથી વંચિત ન રહે તે માટે આંગણવાડી, ઘોડિયા ઘર અને આરોગ્ય કેન્દ્રો દ્વારા ચકાસણીની પણ શરૂઆત કરી છે જેથી શ્રમિકો જ્યારે શ્રમ કરવા જાય ત્યારે એમનાં બાળકો પણ ભણે, આગળ વધે અને દેશનું ભવિષ્ય ઉજ્જવળ થાય તેના માટે ચિંતા અમારી સરકાર કરતી આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક એકમોને તેમની કુશળ કારીગરોની માંગને પહોંચી વળવા તેમજ રાજ્યના યુવાનોને ઔદ્યોગિક વાતાવરણમાં તાલીમ આપી, રોજગારક્ષમ બનાવતી એપ્રેન્ટિસશીપ યોજના અમલમાં આવી છે. ઔદ્યોગિક એકમ ખાતે અપાતી પાયાની તાલીમ શોફ્લોર તાલીમને એપ્રેન્ટિસશીપ યોજના કહેવામાં આવે છે અને એના થકી એની ભરતી સમગ્ર વર્ષ દરમ્યાન કરવામાં આવે છે. સ્ત્રી કે પુરુષ કે જેઓએ ૧૪ વર્ષની વય પૂર્ણ કરેલ હોય, શારીરિક યોગ્યતાના માપદંડ પ્રમાણે શારીરિક યોગ્યતા ધરાવનાર તેમજ જે તે વ્યવસાય માટેની નિયત લઘુત્તમ શૈક્ષિણાક લાયકાત ધરાવતી કોઇ પણ વ્યક્તિ એપ્રેન્ટિસશીપ યોજનામાં જોડાઇ શકે છે. આ તમામ માટે એપ્રેન્ટિસશીપ તાલીમ નિઃશુલ્ક આપવામાં આવે છે. મારે ગુજરાતમાં આવેલ લગભગ ૬૦૦ આઇ.ટી.આઇ.ની વાત કરવી છે. ગુજરાતમાં ૬૦૦ આઇ.ટી.આઇ.માં અંદાજે બે લાખ બેઠકો ધરાવે છે ત્યારે આઇ.ટી.આઇ.ના નવા બાંધકામ તથા નવીનીકરણ માટે રૂપિયા ૨૨૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યની પાંચ આઇ.ટી.આઇ.ને મેગા આઇ.ટી.આઇ.માં રૂપાંતરિત કરવા માટે રૂપિયા ૧૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જે

કૌશલ્ય વર્ધન પ્રત્યે ડબલ એન્જિન સરકારની સંવેદનશીલતાનો પરિચય કરાવે છે. હું જે શહેરમાંથી આવું છું એ સુરત શહેરની આઇ.ટી.આઇ. કોલેજની વાત કરું તો સુરત શહેરમાં કુલ ૫,૮૭૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. જેમાંથી મહિલા વિદ્યાર્થીઓ ૧,૪૧૧ છે. જેમાંથી ૬૭૪ જેટલા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ આપવામાં આવ્યું છે. એવી રીતે અમારી સરકાર દેશનું ઉજ્જવળ ભવિષ્ય જે નવયુવાનો છે એમને જે કંપનીમાં જગ્યા હોય, જેમને જરૂર હોય એવી જગ્યાએ એમને પ્લેસમેન્ટ આપતી હોય છે અને એટલા માટે જી.આઇ.ડી.સી. વિસ્તારમાં સ્થાનિક યુવાધન માટે લોકો ઇન્સ્ટિટયૂટ ઓફ વોકેશનલ એકસલન્સ લાઇવ યોજના માટે રૂ.૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મહિલા એપ્રેન્ટિસને પ્રોત્સાહન આપવા વધારાના સ્ટાઇપેન્ડ માટે રૂ.૧૬ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. શ્રમ અને રોજગાર નાગરિકોના જીવનને સીધી રીતે સ્પર્શતી બાબત છે. આદરણીય વડાપ્રધાનશ્રી જયારે આપણા મુખ્યમંત્રીશ્રી હતા ત્યારથી તેમણે જે માર્ગ પ્રશસ્ત કરેલો છે તે માર્ગ ઉપર અમારી સરકાર દ્વારા શ્રમ અને રોજગાર ક્ષેત્રમાં ક્રાંતિકારી પગલાં લેવામાં આવ્યાં છે. પરંપરાગત વ્યવસાયો સાથે આધુનિક ટેકનોલોજીનો સમન્વય સાધીને જનસુખાકારી અભિયાન ચલાવ્યું છે. જેને કારણે રોજગારી વધી રહી છે.

ઉપાધ્યક્ષશ્રી : બહેનશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : ટેકો આપું છું. સમર્થન આપું છું.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ઉદ્યોગ મંત્રીશ્રી, ખાણ ખનિજ મંત્રીશ્રી તથા મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમને હું આવકારું છું અને મારા વિચારો રજૂ કરું છું. અગાઉ પણ મહેસૂલની માગણીઓ ઉપર વાત કરવામાં આવી કે માપણીમાં ઘણી બધી ક્ષતિઓ છે પણ મને કહેતા આનંદ થાય છે કે ગતિશીલ અને પારદર્શક માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર આવ્યા પછી એમણે માપણીમાં પારદર્શકતા લાવવા માટે અરજદારોને વારંવાર મુદતો આપીને એમને પૂરી તક પણ પૂરી પાડી છે અને એ રીતે પારદર્શક રીતે સરવે ખેડૂતોનું માપણીનું કામ હાલ ચાલી રહ્યું છે અને એ જ રીતે અત્યારે બધા જ ઉતારા ૭/૧૨ નો લેવો હોય કે ૮/અ નો કોઇપણ ઉતારો લેવો હોય તો ઓનલાઇન ઇ-ધરામાંથી ઘેરબેઠા અથવા ગમે તે જગ્યાએથી પણ અત્યારે મળી જાય છે એટલે આ ગતિશીલ સરકાર આવ્યા પછીના જ આ બધાં કામો થયાં છે. એ સિવાય પણ રેવન્યુને લગતાં જે કામો છે એ કામોની જો આપણે વાત કરીએ તો જે લેડીઝ છે એ દસ્તાવેજ કરે તો એને એક ટકાનો વધુ લાભ મળે છે એટલે મહિલાઓના હિતમાં પણ આ સરકારે નિર્ણય કરેલો છે એટલે આવા ઘણા બધા નિર્ણયો કે જે રેવન્યુ વિભાગ દ્વારા લેવામાં આવ્યા છે. આજનો મારો જે ખાસ વિષય છે તે છે કે અગાઉ પણ જયારે આ રાજયમાં બુલેટ ટ્રેનની વાત આવી હતી તો પ્રશ્ન થયા, મોદી સાહેબ બહાર કેમ જાય છે? બીજા દેશોમાં કેમ જાય છે? પણ જયારે જાપાનના વડાપ્રધાન જે તે વખતના શિન્જો આબે જયારે અહીં ગુજરાતમાં આવ્યા તો એ વખતે પણ કોંગ્રેસના મિત્રોએ આખા દેશમાં એમની ટીકા કરી કે અહીં કેમ આવ્યા? પણ એમને ખબર નથી કે દુનિયામાં જે તમે જોવા જાઓ છો એ તમે ભારતની ધરતી ઉપર જો કોઇ બુલેટ ટ્રેન લાવી શકે તો એ મોદી સાહેબ જ લાવી શકે અને એ વાત આપણે બધાએ સ્વીકારવી જોઇએ. એ માટે તાત્કાલિક વર્ષ ૨૦૧૭માં બુલેટ ટ્રેનની જમીનનું કામ પણ શરૂ કરવામાં આવ્યું અને મને કહેતા આનંદ થાય છે કે આપણી સરકારે લગભગ ૯૮ ટકા ગુજરાતની સરહદમાં આવતી જમીનનું કામ છે એ કામ પૂરું કરેલ છે. મારે ખેદ સાથે કહેવું પડે કે આમ તો ડબલ એન્જિન સરકારની ઘણીબધી વાતો કરતા હોય છે, પણ જેવી મહારાષ્ટ્રમાં ટ્રીપલ એન્જિનની સરકાર આવી એટલે કોંગ્રેસે એવું કહ્યું કે અમે તો જમીન અહીંથી નહીં જ આપીએ. બુલેટ ટ્રેન નહીં થવા દઇએ. એવું કહ્યું એટલે પ્રજાને ખબર પડી અને જેવી પાછી અમારી ડબલ એન્જિનની સરકાર મહારાષ્ટ્રમાં આવી એટલે ડબલ ગતિથી પાછું બુલેટ ટ્રેનનું કામ હાલ શરૂ થયું છે એટલે એવી બુલેટ ટ્રેન કે જેનું આખી દુનિયામાં પ્રથમ નંબરનું નામ છે. જયારે બુલેટ ટ્રેનનું કામ અહીંયા ગુજરાત રાજયમાં હાથ ધરાતું હોય અને એના માટેની જમીનના કેસોમાં ખેડૂતોને પણ પૂરતું વળતર મળે. ખેડૂતોને પૂરતું વળતર બજાર ભાવે મળે તેનો પણ ભારત સરકાર અને ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે. એટલા માટે જ કોઇને ધક્કા ખાવા ન પડે, કોર્ટ-કચેરીઓમાં જવું ના પડે અને તેમની જમીનનો પૂરતો ભાવ મળે તે માટેનું આયોજન ગુજરાત સરકારે બહુ સારી રીતે કરેલું છે. મને કહેતાં આનંદ થાય છે કે, મોદી સાહેબે એક બીજો પ્રોજેક્ટ હમણાં જ હાથ ઉપર લીધેલ છે. અમારા સાબરકાંઠા જિલ્લામાંથી પણ એક બુલેટ ટ્રેન પસાર થવાની છે અને તે પણ મારા હિંમતનગરમાંથી પસાર થવાની છે. તેની જમીનના સરવે અને માપણીનું કામ હાથ ધરાચેલ છે. તેમાં ખેડૂતોને તેનું પૂરેપૂરું વળતર મળે તે માટે પહેલાં ૮૦ ટકા રકમ આપી દેવાની અને પછી બજાર કિંમત છે તેની ૨૫ ટકા રકમ ખેડૂતને મળી જાય અને લિટિગેશનનો કોઇ પ્રશ્ન રહે નહીં. એટલે આપણને ભારત દેશમાં પાંચેક બુલેટ ટ્રેન ચલાવવાનો ઉદ્દેશ છે તે ઝડપથી પૂરો થાય અને સકસેસ થાય. એટલા માટે આપણે નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ગુજરાત સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. આ પ્રોજેકટ માટે જે જમીન મેળવવાની છે તેના માટે ખેડૂતોને કોઇ નુકસાન ન થાય, સમયસર તેના એવોર્ડ થઇ જાય અને બીજા લોકો છે તેને પણ નુકસાન ન થાય તે અંગેની પૂરી કાળજી લેવામાં આવી રહી છે. ખેડૂત સિવાયના બીજા લોકો છે તેમને પણ તેમની જમીનનું પૂરેપૂરું વળતર મળે તેના માટે વ્યવસ્થિત પ્લાનિંગ આ ગુજરાત સરકારે કરેલું છે. તેના માટે ગુજરાતની શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે બીજો જમીનનો જે વિષય છે તે જોઇએ તો બિનખેતી કરવામાં પહેલાં ત્રણ વર્ષનો નિયમ હતો તે ત્રણ વર્ષનો નિયમ આ ભાજપની સરકારે કાઢી નાખ્યો છે. એટલે કે ત્રણ વર્ષ સુધી બિનખેતી ન કરે તો ખેડૂતને

કાયમી નુકસાન થાય એટલે તે કલમ કાઢી નાખવાથી ખેડૂતોને મોટી રાહત થઈ છે. બિનખેતી કરીને જે કામ કરવા માગતા હોય તે લોકોને આના લીધે ઘણોબધો ફાયદો થયો છે. આવા પ્રજા માટેના ફાયદારૂપ જે નિર્ણયો છે તે આ સરકારે કર્યા છે. જમીનના ઉતારા મેળવવા હોય તો તેના માટે પણ સરળીકરણ કર્યું છે. આદિવાસી વિસ્તાર હોય તો ઓનલાઈન તાલુકા કક્ષાએથી ઉતારા મળી જાય તેવા નિર્ણય કર્યા છે. કોઈ સરકારી જમીન હોય અને પ્રાઈવેટ લોકો તે જમીનોનો કબજો વર્ષોથી કરી રહ્યા હોય તેના માટે લેન્ડ ગ્રેબિંગનો કાયદો આ ભાજપ સરકારે બનાવ્યો છે. આમાં જમીન પચાવી પાડનારા માફિયાઓ હોય કે બીજા હોય તો તેને તેની જગ્યા બતાવી દેવામાં આવે છે. આ રીતે સરકારી જમીન પર દબાણ થયું હોય તો તે પણ તાત્કાલિક ખાલી કરાવવામાં આવે છે. જમીન સાથે સંકળાયેલી બીજી બાબત મોબાઇલ નેટવર્કની વાત છે. ખાસ કરીને હિંમતનગર મત વિસ્તારના અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં ખાપરેટા જેવા ગામો છે, ત્યાં મોબાઈલ નેટવર્ક મળતા નથી. એટલા માટે ત્યાં સરકારી જમીન ઉપલબ્ધ થાય તો ત્યાં કોઇને કોઇ કંપની મોબાઇલ ટાવર ઊભા કરી શકે તેમ છે. તેના માટે આ સરકારે સારામાં સારું આયોજન કરેલ છે. શરતભંગના કોઇ કેસ હોય તો તેને પણ તાત્કાલિક ચલાવી લેવાય તેના માટે આયોજન કરેલ છે. રમત-ગમત સંકુલ બનાવવા હોય તેના માટે, બોર્ડ-કોર્પોરેશન માટેના મકાનો બનાવવા માટે સરકારી જમીનનો ઉપયોગ કરવાનો હોય તો તેના માટે ગુજરાત સરકારે બહુ સારી રીતે આયોજન ગોઠવેલ છે. જમીન સંપાદનની બાબતમાં જે કંઇ નિર્ણયો કરવાના હોય તે તાત્કાલિક ધોરણે અને ગતિશીલ રીતે પ્રોજેકટ તેની સમય મર્યાદામાં પૂરો થાય તે રીતનું આયોજન ગુજરાત સરકારે કરેલ છે. સ્ટેમ્પ વિભાગની કાર્યવાહીમાં ધારો કે બિનખેતી થયેલ સરવે નંબરો હોય અને પ્રોપર્ટી કાર્ડધારકે પ્રોપર્ટી કાર્ડ લેવા હોય તો તે પ્રોપર્ટી કાર્ડ તેને મળી જાય તેવા સોફ્ટવેર વિકસાવીને કમ્પ્યુટરાઇઝ સિસ્ટમ દ્વારા તાત્કાલિક ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. એટલે આવા ઘણા બધા જે કિસાનલક્ષી નિર્ણયો છે અને કિસાનોને તાત્કાલીક ઉપલબધ કરાવવામાં આવે છે અને જે મિલકત ધારકો હોય એને સ્વામીત્વ યોજના છે એ યોજના માનનીય મોદી સાહેબે બહાર પાડેલી છે અને એના આધારે કોઇ પણ મિલકત ધારકને પ્રોપર્ટી કાર્ડ લેવું હોય તો એને તાત્કાલીક મળી જાય છે. એટલે કોઇ પણ જાતનું એમાં કરપ્શન ન થાય અને લોકોને તાત્કાલીક ફાયદો મળે અને એના દાવાઓનો નિકાલ થાય એવું સુંદર આયોજન ભારત સરકાર અને ગુજરાત સરકારે કરેલું છે. ઘેર બેઠાં IORA પોર્ટલ ઉપર એના દસ્તાવેજની પ્રમાણિત નકલ મળી જાય છે. માનનીય ચાવડા સાહેબ, પહેલા એફિડેવિટ કરવામાં આવતું હતું, દરેકમાં તમે એફિડેવિટ માગતા હતા.

શ્રી પંકજ વિ. દેસાઇ(નડિયાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ, ખાણ-ખનિજ, મહસૂલ અને શ્રમ રોજગાર વિભાગની માગણીઓ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે તે બધી જ માગણીઓને હું અનુમોદન આપુ છું અને ઉદ્યોગ વિભાગની માગણી ક્રમાંક-૪૯ અંગે હું મારી વાત રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એટલે વિકાસનો પર્યાય, ગુજરાત એટલે એવું રાજય જેણે તમામ આફતોને મક્કમતાથી મુકાબલો કરીને વિકાસની રફતાર જાળવી રાખી છે. ખમીરવંતી ગુજરાતની પ્રજા દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વના સમન્વયથી ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. સને ૧૯૬૦માં અલગ ગુજરાત રાજયની સ્થાપના સમયે ગુજરાત એક સિમિત વિકાસ ધરાવતા રાજય તરીકે ગણાતું હતું. સને ૨૦૦૧માં ગુજરાતને દીર્ઘદ્રષ્ટા કર્મઠ નેતૃત્વના રૂપમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજયની શાસનધૂરા સંભાળી અને સમગ્રતઃ ગુજરાતના વિકાસને એક નવી દિશા આપી. જગતભરમાંથી ઉદ્યોગકારો પોતાના ઔદ્યોગિક એકમો ગુજરાતમાં સ્થાપવા માટે આતુર થયા. રાજયની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ગુજરાતની અંદર ઘણી સુંદર છે. ૨૪ કલાક વીજ પુરવઠો અને વિશિષ્ટ ભૌગોલિક મહત્ત્વના કારણે એક પછી એક વિદેશી કંપનીઓ ગુજરાતમાં પોતાના ઔદ્યોગિક એકમો શરૂ કરવા લાગ્યા. ગુજરાતનું અર્થતંત્ર અંદાજે રૂ.૧૮ લાખ કરોડનું છે તેમાં ૫૦ ટકાથી વધુ હિસ્સો ગુજરાતી ઉદ્યોગકારો અને કોર્પોરેટ તેમજ એમ.એસ.એમ.ઇ. સેકટરનો રહેલો છે. ફાર્મા, કેમિકલ, સિરામિક, ટેકસટાઇલ્સ, ડાયમંડ, એગ્રી, ઓટો સેકટરમાં ગુજરાતી ઉદ્યોગકારોએ વૈશ્વિક સ્તરે ડંકો વગાડ્યો છે. આ ગુજરાતની અર્થવ્યવસ્થા રૂપિયા ૧૮ લાખ કરોડ છે અને સને ૨૦૩૦માં અનુમાન છે કે રૂપિયા ૪૦ લાખ કરોડ સુધી પહોંચવા જશે. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત તરફ ગુજરાતનું પરિણામલક્ષી પ્રયાણ છે અને તે સાકાર કરવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત ઉદ્યોગ, સેવા અને કૃષિ ત્રણેય ક્ષેત્રે સમતોલ વિકાસ સાધવા પ્રયત્નશીલ છે. રાજયના મુખ્યમંત્રી તરીકે માનનીય શ્રી નરેન્દ્રભાઇએ ૨૦૦૩માં વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની શરૂઆત કરી અને જેને વૈશ્વિક સ્વીકૃતિ મળી અને વાઇબ્રન્ટ સમિટમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવા માગતા દેશોની સંખ્યામાં ઉત્તરોતર વધારો થયો અને વિશ્વભરમાં ગુજરાતની એક આગવી ઓળખ ઊભી થઇ. વાઇબ્રન્ટ સમિટ થકી રાજયમાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિક રોકાણો પણ આવ્યા અને નવા ઉદ્યોગો પણ સ્થપાયા અને વિપુલ પ્રમાણમાં રોજગારીની તકો પણ ઊભી થઇ જેનાથી રાજયની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સ્થિતિની અંદર પરિવર્તન આવ્યું. રાજય સરકારના સતત પ્રયત્નોના કારણે ભારતમાં વિવિધ ઉદ્યોગો સ્થપાયા અને દેશભરમાં ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રાજય બન્યું અને આત્મનિર્ભર ગુજરાતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં મક્કતાથી ગુજરાતે પગલાં ભર્યા. શ્રેષ્ઠ માળખાકીય સગવડો, સુશાસન, ease of doing business અને industry friendly નીતિઓના પરિણામે ગુજરાત આજે બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે. ભારતમાં ઇલેક્ટ્રિક વાહનો અને બેટરીના મેન્યુફેક્ચરિંગ માટે જાપાનની ઓટોમોબાઇલ કંપની સુઝૂકી મોટર કોર્પોરેશન સાથે ગુજરાત સરકારે રૂ.૧૦,૪૦૦ કરોડના રોકાણોના એમ.ઓ.યુ.

પણ કર્યા છે. ગુજરાતને net zero carbon free બનાવવાના હેતુ સાથે ગ્રીન એનર્જી ક્ષેત્રમાં રૂ.૫ લાખ કરોડથી વધુના રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સાથેના એમ.ઓ.યુ. થયા છે અને તેનાથી અંદાજિત ૧૦ લાખ રોજગારીનું સર્જન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં એક ઔદ્યોગિક પાર્ક સ્થાપવા માટે રૂપિયા ૪,૫૦૦ કરોડના એમ.ઓ.યુ. પણ થયા છે. ત્યાં કેમિકલ, ફાર્માસ્યુટીકલ, પેપર, ટેક્ષટાઇલ, એન્જિનિયરિંગ ક્ષેત્રમાં ૩૫૦ ઔદ્યોગિક એકમો સ્થપાવા જઇ રહ્યા છે. નવી રોજગારી માટેનું પણ ખૂબ સારી રીતે આયોજન થવાનું છે. ગુજરાતમાં નોંધાયેલા સ્ટાર્ટ-અપની કુલ સંખ્યા ૮,૪૫૦થી વધુ છે અને State Startup Rankingનું વર્ષ ૨૦૨૧માં પણ ગુજરાત સતત ત્રીજી વખત બેસ્ટ પરફોર્મન્સ સ્ટેટ તરીકે જાહેર થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ખનિજ વિકાસ પુરસ્કાર અંતર્ગત સમગ્ર દેશમાં ગુજરાત કેટેગરી-૩ હેઠળ ગૌણ ખનિજોની હરરાજી માટે પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. Ease of Doing Business ranking સમગ્ર દેશમાં ગુજરાત બીજા ક્રમ સાથે top achiever State તરીકે રહ્યું છે. ઇ.પી.આઇ.ડી.એ સૂચવેલા ૩૦૧ જેટલા રિફોર્મસનું સો ટકા પાલન કરનાર માત્ર બે રાજ્યોમાં ગુજરાતને સ્થાન મળ્યું છે. દાહેદ મેકિંગ ઇન્ડિયાનું સૌથી મોટું કેન્દ્ર બનવા જઇ રહ્યું છે. Locomotive Steam Engine ના કારખાનાને હવે રૂપિયા ૨૦ હજાર કરોડના ખર્ચે આધુનિક બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને અહીંયા ૯ હજાર હોર્સ પાવરના ઇલેક્ટ્રિક લોકોમેટિવ રેલ્વે એન્જિનનું નિર્માણ થવા જઇ રહ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે કુલ રૂપિયા ૮,૫૮૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને જે ઔદ્યોગિક વિકાસની દિશામાં આગળ વધવા માટે મહત્ત્વનું આયોજન બની રહેવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સકલ ઘરેલું ઉત્પાદન જી.ડી.પી.માં મેન્યુફેક્ચરિંગ સેકટરનો સૌથી મોટો ફાળો રહ્યો છે. ટેક્ષટાઇલ, કેમિકલ, ફાર્માસ્યુટીકલ, સિરામિક, ડાયમંડ જેવા ક્ષેત્રમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. ગ્રીન હાઇડ્રોજન અને બીજા નવા ક્ષેત્રમાં અદ્યતન ટેકનોલોજી સાથે ખાનગી ક્ષેત્રના મૂડીરોકાણ માટે ગુજરાત ખૂબ પ્રયત્નશીલ રાજ્ય તરીકે છે અને ટેક્ષટાઇલ નીતિ અંતર્ગત કાપડ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે રૂપિયા ૧,૫૮૦ કરોડની જોગવાઇ ગુજરાતે કરી છે. એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગો રાજ્યના મેન્યુફેક્ચરિંગ સેકટરની કરોડરજ્જૂ સમાન છે અને આ ઉદ્યોગોના પ્રોત્સાહન માટે જુદા જુદા પ્રકારની સહાય માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ પણ આ બજેટની અંદર કરવામાં આવી છે. મોટા ઔદ્યોગિક એકમોને રાજ્યમાં મૂડીરોકાણ માટે પ્રોત્સાહિત કરવા માટે રૂપિયા ૮૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત આદિજાતિ વિસ્તારમાં ૮ એગ્રો પ્રોસેસિંગ માટે ૨ અને sea-food પ્રોસેસિંગ માટે ૨ જી.આઇ.ડી.સી. વસાહતો સ્થાપવાનો પણ નિર્ણય સરકાર દ્વારા લેવાયો છે. આ ઔદ્યોગિક વસાહતોના વિકાસ માટે રાજ્ય સરકારે સહાય પેટે ૨૩ કરોડ રૂપિયાની બજેટની અંદર જોગવાઇ કરી છે. વન ડિસ્ટ્રિકટ વન પ્રોડક્ટ યોજના અંતર્ગત દરેક જિલ્લાની ખાસ ઉત્પાદિત આઇટમને આંતરરાષ્ટ્રીય ઓળખ ઊભી કરવા માનનીય વડાપ્રધાનશ્રીએ આહવાન કર્યું છે. પાટણના પટોળા, જામનગરની બાંધણી, કચ્છનું ભરતકામ એ ગુજરાતની આગવી ઓળખ છે અને ભવ્ય વારસાના પ્રતિક છે. જેમને જી.આઇ. ટેગ પણ આપવામાં આવ્યું છે. વાજપાઇ બેન્કેબલ યોજના અન્વયે ૩૭,૦૦૦ લાભાર્થીઓ માટે રૂ.૨૩૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનવ કલ્યાણ યોજના અન્વયે ૨૮ ટ્રેડ માટે અંદાજે ૩૫,૦૦૦ લાભાર્થીઓને આમાંથી લાભ મળ્યો છે. આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્ટ ટુ ઇન્ડસ્ટ્રી જે ગુજરાતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે મોટું પરિવર્તન લાવશે. એક અંદાજ મુજબ રૂ.૧૨.૫ લાખ કરોડનું રોકાણ થવાની અપેક્ષાએ આ ગુજરાતમાં ૧૫ લાખથી વધુ લોકો માટે રોજગારીની તકો ઊભી થશે. આ માગણી ઔદ્યોગિક વિકાસને વેગ આપવા તેમજ નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા ખૂબ જ મહત્ત્વની બની રહેનાર છે. માનનીય મંત્રીશ્રી દ્વારા લાવવામાં આવેલ માગણીઓને હું મારું સમર્થન આપું છું. આ માગણી ગુજરાતના વિકાસની કેડીને આગળ લઇ જવા માટે ચાલક બની રહેનાર છે ત્યારે હું અપેક્ષા રાખું છું કે આ માગણીઓ સર્વાનુમતે મંજૂર થાય.

શ્રી જિતેન્દ્ર કાં. સોમાણી(વાંકાનેર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે ઉદ્યોગ વિશે મારા વિચારો રજૂ કરવા માગું છું. ગુજરાતની જનતાએ જોયેલું અને ભોગવેલું છે કે ગુજરાતના લોકોની છત્રછાયા હેઠળ અસામાજિક તત્વો અને આતંકના ઓછાયાના કારણે ગુજરાતમાંથી ઉદ્યોગો ધીમે-ધીમે પલાયન થવા લાગ્યા હતા. એક વખતનું વેપાર-ઉદ્યોગનું હબ એવું આપણું ગુજરાત વામણું, પાંગળું બની ગયું હતું ત્યારે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજ્યના શાસનની ધૂરા સંભાળતા, ઉદ્યોગો માટે લાલ જાજમ બિછાવવામાં આવેલ હતી. વર્ષ ૨૦૦૨થી ગુજરાત રાજ્યની વસુધૈવ કુટુંબકમની ભાવનારૂપે ઔદ્યોગિક નીતિના કારણે સમગ્ર વિશ્વમાં ગુજરાત એક રોલ મૉડેલ તરીકે ઉભરી આવ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલા આત્મનિર્ભર ભારતના કોલને સાકાર કરવાની દિશામાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત દિન-પ્રતિદિન આગળ વધી રહ્યું છે અને પ્રગતિ કરી રહ્યું છે. રાજ્યના ઉદ્યોગોનો સર્વાંગી વિકાસ થાય, સ્પર્ધાત્મક યુગમાં વિશ્વસ્તરે ટકી શકે એ માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહન યોજનાઓ અંતર્ગત રાજ્યમાં એમ.એસ.એમ.ઇ. પ્રોજેક્ટ સ્થાપિત થાય તે રાજ્યના જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાની કેટેગરી નક્કી કરી પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ યોજના થકી ગુજરાત રાજ્યમાં અંદાજે રૂ.૧,૫૯,૪૧૬ કરોડ જેટલું મૂડીરોકાણ આકર્ષવામાં સફળ થયેલ છે. ઔદ્યોગિક નીતિ - ૨૦૦૯ અંતર્ગત ગુજરાત રાજ્યને ફક્ત ભારતનું જ નહિ પણ વિશ્વનું રોકાણકાર બને તે માટે રાજ્ય સરકારના મેગા યુનિટ પ્રોજેક્ટ સહાય યોજના અમલી બની છે. જેના કારણે રાજ્યમાં મોટા પ્રમાણમાં રોજગારી ઊભી થાય અને

રાજ્યનો સર્વાંગી વિકાસ થાય. આ યોજના થકી ગુજરાત રાજ્ય અંદાજે રૂ.૩૮,૨૪૯ કરોડથી વધુ મૂડીરોકાણ આકર્ષવામાં સફળ રહ્યું છે. એરફોર્સ અને ડિફેન્સ સેક્ટરને પ્રોત્સાહન આપવા સરકારશ્રીના તા.૧૯/૧૨/૨૦૧૪ના ઠરાવ હેઠળ એરફોર્સ અને ડિફેન્સના એમ.એસ.એમ.ઈ. એકમોને કેપિટલ રોકાણની કેશ સબસિડી તથા વ્યાજ સહાય મળવાપાત્ર કરી છે. હાલમાં આ યોજના હેઠળ ચાર એકમોને રાજ્યમાં રજિસ્ટ્રેશન આપવામાં આવે છે. જેમાંથી એલ. એન્ડ ટી. ના હજીરા ખાતે પ્લાન્ટમાંથી બનેલી ટેંકનું તા.૧૯/૦૧/૨૦૧૯ના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રીએ લોકાર્પણ કરેલ. આપણે સૌ જાણીએ છીએ કે માનવ જીવનમાં સુખાકારી વધારવા તથા સમાજિક જીવનધોરણ ઊંચું લાવવા સંશોધન અને નવીન ફેરફારો પ્રત્યક્ષ રીતે ફાળો આપે છે. 'હર હાથ મેં કામ, હર કામ કા સહી દામ 'થકી આ સાર્થક કર્યું છે. માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના મતે આજનો યુવાન આવતી કાલના ભવ્ય ભારતની ઈમારતનો પાયો છે. ઉત્સાહી માનસ ધરાવતા યુવાનો માટે ગુજરાત સરકારે સૌ પ્રથમ સ્ટાર્ટ અપના વિચારોને વેગ આપેલ છે. જે યોજના હેઠળ અત્યાર સુધીમાં ૪૬ સંસ્થાઓને નોડલ ઈન્સ્ટિટ્યૂટ તરીકે માન્યતા આપવામાં આવેલી છે અને અત્યાર સુધીમાં ૩૬૭ ઈનોવેટીવ પ્રોજેક્ટે માન્યતા મેળવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૨-૨૩ નવેમ્બર-૨૦૨૨ અંતિત કુલ રૂ.૨૬૭.૬ લાખનો ખર્ચ થયેલ છે. વિકાસનું દૂરંદેશી વ્યક્તિત્વ એવા આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની ઔદ્યોગિક ક્ષમતાને પારખી તેના વિકાસ, સરવેક્ષણ અને વર્ષ ૨૦૦૩માં શરૂ કરેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટ સમિટમાં સન ૨૦૦૩થી ૨૦૧૯ની સમિટો દરમિયાન કુલ રૂ.૧ લાખ ૪ હજાર ૮૭૨ પ્રોજેક્ટો, એમ.ઓ.યુ. તથા ઈન્વેસ્ટમેન્ટ લેટર ફાઈલ કરવામાં આવેલ છે.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી(કરંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ખાણ અને ખનિજ વિભાગની માગણી લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું અને તેમાં મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતના ગામડાઓની સમૃદ્ધિ માટે સરકારશ્રી દ્વારા અનેકવિધ યોજનાઓ અને નીતિઓ ઘડવામાં આવે છે જે આવકારદાયક છે. ગુજરાત સરકાર દ્વારા ખાણ અને ખનિજ ક્ષેત્રે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહિત કરતો મહત્ત્વપૂર્ણ અભિગમ અપનાવ્યો છે. આ સંદર્ભમાં ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૨૨માં જાહેરહિત અને વહીવટી સરળીકરણ માટે જે ખાણ કામ નિયમોના સુધારા જાહેર કર્યા છે જેના પરિણામે રાજ્યની માઈનિંગ ઈકો સિસ્ટમ વધુ ગતિશીલ અને સુદૃઢ બનશે. સને ૨૦૨૧-૨૨માં જિલ્લાઓની પંચાયતોને રેતી, કંકર અને ગ્રેવલ ખનિજની રોયલ્ટી, ડેડ રેન્ટની થયેલી મહેસૂલી આવકના ૯૫ ટકા લેખે ગ્રાન્ટ-ઈન-એઇડની કુલ રકમ રૂ.૧૪,૮૨૯.૦૩ લાખ ફાળવવામાં આવેલા છે તેમજ સને ૨૦૨૨-૨૩માં ફેબ્રુ.-૨૦૨૩ અંતિત રૂ.૧૦,૬૬૮.૪૬ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે તેમજ સને ૨૦૨૩-૨૪માં રૂ.૧૫ હજાર લાખ ફાળવવાનું આયોજન કરવામાં આવેલું છે જેને હું આવકારું છું અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. રેતી, કંકર અને ગ્રેવલ જે ગામમાંથી મળે છે તે ગામના રસ્તા તેમજ નદીના કિનારાઓને ટ્રક, લારી જેવા ભારવાહકોની અવરજવરથી નુકસાન થતું હોય છે તેમજ નદીના કિનારેથી રેતી કાઢવાથી પૂરના સંજોગોમાં પાણીનું વહેણ બદલવાનો ભય રહે છે અને ગામની હસ્તી પણ જોખમાય છે. જેથી ગામના રક્ષણ અને રસ્તાની સુવિધા માટે પૂર નિયંત્રણ ભંડોળના નાણાં ફાળવવામાં પ્રથમ અગ્રતા આપવામાં આવી છે. આ જે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે એમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના કેટલાક કાર્યો કરવાના રહે છે. એમાં ગ્રામ પંચાયતની વાત કરું તો, વરસાદી પાણીના સંગ્રહ માટેનાં કામો જેવાં કે, શાળા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગ્રામ પંચાયત હસ્તકના જાહેર સ્થળોના ભૂગર્ભ પાણી ઉતારવા માટેની યોજનાઓ તેમજ મોટા ટાંકા, જળસંચયની યોજના, પીવાના પાણીની વ્યવસ્થા, ગ્રામ પંચાયત વિસ્તારના ઘન કચરા માટે કમ્પોસ્ટિંગ સાઇટ બનાવી ઘન કચરાનો નિકાલ, પંચાયત વિસ્તારની વીજળીકરણની સુવિધા જેવાં કામો ગ્રામ પંચાયત અંતર્ગત થાય તેવી માગણી લઈને આવ્યા છે તેને હું આવકારું છું. એવી જ રીતે, તાલુકા પંચાયત અંતર્ગત બે ગામોને જોડતા રસ્તા, પુલોને અગ્રિમતા આપવાની રહે છે. મોટા રસ્તાઓને મળતા નાના ગ્રામ્ય રસ્તાઓના બાંધકામ અને જાળવણી માટેનાં કામો, નાનાં સિંચાઇનાં કામો, પાણી આપતી નહેરની દેખરેખ, વધુમાં વધુ જમીન સિંચાઇ હેઠળ આવે એવી કાર્યવાહી માટેની માગણી આવકારદાયક છે. એવી જ રીતે, જિલ્લા પંચાયત દ્વારા બે કરતાં વધુ ગામોના જૂથ માટે પીવાના પાણીના પુરવઠા, પ્રબંધ તેમજ જાળવણી, પંચાયત વિસ્તારના આરોગ્યની દૃષ્ટિએ લોકોની સુખાકારી માટે દવાખાનાની સ્થાપના અને નિભાવ, ખેતીવાડી વિકાસ, પશુસંવર્ધન સ્થાપવા અને તેનો નિભાવ, તળાવ અને બંધારણ નહેર દ્વારા સિંચાઇનાં કામો આવકારદાયક છે. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત પોતપોતાના કાર્યક્ષત્રમાં આવતા ગ્રામવિકાસના અનેક કાર્યો આ યોજના હેઠળ હાથ ધરી શકશે. એના માટે આ માગણીને આવકારું છું. રેતી, કંકર, ગ્રેવલ પરમિટ ક્વોરી લીઝ આપવાના પરિણામે રોયલ્ટી અને ડેડરેન્ટની આવક સરકારશ્રીને થશે. તેમાંથી વહીવટી પ્રક્રિયા કરી બાકીની રકમ જિલ્લા પંચાયતને ફાળવવામાં આવશે. જેમાંથી ચોક્કસ રકમ આકસ્મિક ખર્ચ પેટે સરપ્લસ રાખી બાકીની રકમ ગ્રામ પંચાયતને ફાળવવામાં આવશે. સદર રકમ ગામના રસ્તા, નદી, તળાવ, કિનારાને થયેલ નુકસાન ભરપાઇ કરવા માટે ફાળવવામાં આવે છે. સદર ગ્રાન્ટમાંથી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના તાબા હેઠળના પ્રાથમિક સુવિધાઓ સહિતનાં અનેક કામો હાથ ધરવાની જોગવાઇ સાથે કેટલા:ક કામો ન કરવાની ગાઇડલાઇન પણ આપવામાં આવી છે. જેના કારણે ફાળવેલ ગ્રાન્ટનો યથોચિત તેમજ તાતી જરૂરિયાતની બાબતો માટે ખર્ચ કરી શકાશે અને ગુજરાત સરકારનો આવકનો સ્ત્રોત વધશે અને તેની સાથે-સાથે વિવિધ કાર્યોને વેગ મળશે તેમજ રોજગારી પણ ઉપલબ્ધ થશે. એ જ ઉમદા હેતુથી માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેને આવકારું છું. અસ્તુ, વંદેમાતરમ્, ભારત માતા કી જય.

શ્રી કિશોર કુમાર કાનાણી(વરાછા રોડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગમંત્રીશ્રી માગણી નં. ૪૯ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના આભાર-પ્રસ્તાવમાં અને અંદાજપત્ર પર ઉદ્યોગોની ઘણી બધી ચર્ચાઓ થઈ છે અને આજે આ માગણી ઉપર પણ બે સદસ્યશ્રીઓએ ચર્ચા કરી છે. ગુજરાતમાં ઉદ્યોગોની જે પ્રગતિ થઈ છે એના કારણો અંગેની વાત આ ગૃહ સમક્ષ મૂકવા માંગુ છું. ગુજરાતમાં લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ પ્રકારના ઉદ્યોગોના વિકાસના કારણે ગુજરાતનો જે વિકાસ થયો છે એનો કોઈ સ્વીકાર કે અસ્વીકાર કરે પણ ગુજરાતની જનતાએ આ વાતનો સ્વીકાર કર્યો છે અને એટલા માટે ૨૭ વર્ષથી આ ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીને પ્રમાણપત્ર આપ્યું છે. ગુજરાતની અંદર લઘુ, સૂક્ષ્મ અને મધ્યમવર્ગના ઉદ્યોગોનો જે વિકાસ થયો છે.એની લોકોને અનુભૂતિ અને અનુભવ થયો છે. વર્ષ ૧૯૮૬માં પાવર્સલૂમ શરુ કર્યા. મેં પ્લોટ રાખીને મકાનનું કામ શરું કર્યું ત્યારે વીજળી કનેકશન માટે અરજી કરી. એક વર્ષ મકાનનું કામ ચાલ્યું અને મશીન આવ્યા પછી છ મહિના થયા. દોઢ વર્ષ થયું પણ મને વીજળી કનેક્શન ન મળ્યું. દોઢ વર્ષ પછી મને વીજળી કનેક્શન મળ્યું ત્યારે અધિકારીઓ દ્વારા કહેવામાં આવ્યું કે, અમે તમારું વીજળી કનેક્શન આપવા આવીએ છીએ તમે મીટર લઈને આવજો. સ્વખર્ચે આપણે મીટર લાવવાનું. અમે મીટર લઈને આવ્યા. મીટર લાવીને કર્મચારીઓને આપ્યું. કર્મચારીઓ મીટર લગાવવા આવ્યા ત્યારે એમણે અમને પૂછ્યું કે, મીટર લગાવવા ખીલા ના લાવ્યા? વીજળી ના હોય, ટી.સી. ના હોય, મીટર ના હોય, મીટર લગાવવાના ખીલા ના હોય. આ પરિસ્થિતિ ગુજરાતમાં, ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડની હતી. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ગુજરાત રાજ્યમાં ઉદ્યોગોનો વિકાસ એમને એમ થયો નથી. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતના ઉદ્યોગોને ૨૪ કલાક ગુણવત્તાયુકત પૂરતી વીજળી આપી છે એટલા માટે ઉદ્યોગોનો વિકાસ થયો છે. ઉદ્યોગો માટે શાંતિનું વાતાવરણ જોઈએ. ઉદ્યોગોનો વિકાસ એમને એમ ન થાય. ગુજરાત રાજ્યમાં ચાલતાં હુલ્લડો અને તોફાનો થતાં હતાં. ઓચિંતાના હુલ્લડો ફાટી નીકળતા હતા. છૂરાબાજી થાય, ચપ્પુબાજી થાય, અસ્ત્રાબાજી થાય. કર્ફ્યું મૂકાય. ડરના કારણે કામદારો પોતાના વતન જતા રહેતા હતા. ઉદ્યોગો ખોરંભે પડતા હતા. ઉદ્યોગો બંધ થઈ જતા હતા. ઉદ્યોગ શરુ થતા થતા મહિનાઓ લાગતા હતા. કામદારો વતન જતા રહ્યા હોય એમને પાછા લાવવા માટેની કામગીરી ઉદ્યોગપતિઓ અને ઉદ્યોગકારો કરે. કામદારોને ધીમે ધીમે લાવવાના પ્રયાસો થાય. મહિનાઓ સુધી ઉદ્યોગો ચાલુ ન થાય. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ હુલ્લડો અને તોફાનો બંધ થઈ ગયા તથા કર્ફ્યું ભૂતકાળ બની ગયો. ૩૦-૩૫ વર્ષના યુવાનને ખબર પણ નથી કે કર્ફ્યું કોને કહેવાય, એને કર્ફ્યું જોયો પણ નથી. ભારતીય જનતા પાર્ટીએ શાંત ગુજરાતનું નિર્માણ કર્યું એટલે ઉદ્યોગોનો વિકાસ થયો છે. વિકાસ એમને એમ ન થાય. સરકારની ઉદ્યોગ નીતિ હોવી જોઈએ. ઉદ્યોગો માટે જે કંઈ જરૂરિયાતો ઊભી થતી હોય એ પુરવા માટેની ઇચ્છાશક્તિ હોવી જોઈએ. રોડ, રસ્તા, વીજળી અને સુરક્ષાનું વાતાવરણ ભારતીય જનતા પાર્ટીએ ગુજરાત રાજ્યના ઉદ્યોગોને આપ્યું છે. સરકારશ્રીની જો ઇચ્છા શક્તિ હોય તો એનું શું પરિણામ આવે એનો એક દાખલો હું સુરતનો આપવા માગું છું. આ વિશ્વમાં સૌથી વધારે હીરાનું પૉલિસિંગ કામ થતું હોય, હીરો તૈયાર થતો હોય તો ૯૫ ટકાથી વધારે હીરો સુરત અને ગુજરાતમાં તૈયાર થાય છે. હીરો સુરતમાં તૈયાર થાય એનો વેપાર મુંબઈમાં થાય અને આયાત-નિકાસ મુંબઈમાં થાય. હૂંડિયામણ મહારાષ્ટ્રની સરકારને મળે. આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉદ્યોગકારો સાથે ચર્ચા અને વાતચીત કરી અને કીધું કે, હીરો જો સુરતમાં અને ગુજરાતમાં તૈયાર થતો હોય તો વેપાર સુરતમાં કેમ ન થાય? હીરાની આયાત- નિકાસ સુરતથી કેમ ન થાય?

શ્રી જિગ્નેશકુમાર મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, જયાં મહેસૂલ વિભાગ દ્વારા આદિવાસી, ઓ.બી.સી. અને દલિત સમાજના ભૂમિહીનોને જમીનોની ફાળવણીનું વર્ષ ૨૦૦૮ પછીનું કોઇ આયોજન નથી. જયાં ખાલી પડેલા સરકારી પદો આવતાં કેટલા વર્ષોમાં ભરીશું, એની બજેટમાં સરકાર કોઇ નક્કર બાંહેધરી આપવા તૈયાર નથી. જયાં સ્મોલ અને મિડિયમ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝના રિવાઇવલનું, જેમ માનનીય શ્રી અમિતભાઇએ વાત કરી એ પ્રમાણે ૧૦૦થી વધારે તાલુકાઓમાં જી.આઇ.ડી.સી.ના યુનિટ ઊભા કરવાનું કોઇ આયોજન નથી, એવા ગતિશીલ ગુજરાતના મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. આજે આમ તો શ્રમિકોની વાત કરવી છે પણ ખાસ કરીને, ખાણ અને ખનિજ મંત્રીશ્રી જવાબ આપશે એવી અપેક્ષાએ એક મુદ્દો ઉપસ્થિત કરવા માગું છું. લીઝ ધારકોને ફાળવેલ લીઝના એરિયાની બહાર મારા પ્રશ્નોત્તરી કાળના સવાલના જવાબમાં સરકાર કબૂલે છે. એ લીઝ એરિયા, જયાં ફાળવેલી છે ઓફિશિયલી, એ સિવાય ૨,૬૭,૨૭૧ મેટ્રિક ટન ખનિજ ચોરી થઇ. એની સામે શું પગલાં ભર્યાં? તો સરકાર કહે છે કે કોઇ એફ. આઇ. આર. નહીં. કોઇ ઘરપકડ નહીં. કોઇ ચાર્જશીટ નહીં. કોઇ ટ્રાયલ નહીં અને એકપણ માણસનું કન્વિકશન નહીં. ફકત નોટિસો પાઠવી છે. આ બાબતે માનનીય ખાણ અને ખનિજ મંત્રી જયારે મારી વાતને રિસ્પોન્ડ કરે ત્યારે જવાબ આપશે એવી અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે વાત કરવી છે શ્રમિકોની. આપણે માતૃભાષા માટેનું બિલ લાવ્યા અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની એક પંક્તિ યાદ આવે છે. ઝવેરચંદ મેઘાણીએ લખ્યું છે કે પૃથ્વી પર રાજ કોના? સાચા શ્રમિકના, ખેડૂતના, ખાણિયાઓના અને ઉદ્યમવંતોના. આ ખેડૂત, ખાણિયાઓ અને ઉદ્યમવંતોના રાજ આવે? એ રાજ તો છોડો. આપણો શ્રમ અને રોજગાર વિભાગ ફેકટરીના માલિકો ફેકટરીના કામદારોને જે લઘુત્તમ વેતન ચૂકવતા નથી. એની સામે તો કડક પગલાં ભરતો નથી, આ સચિવાલયના છવ્વીસે છવ્વીસ બ્લોકમાં જે લિફ્ટમેન, સફાઇ કામદાર અને વર્ગ-૪ના પટ્ટાવાળા કામ કરે છે.

પૂરેપૂરી જવાબદારી સાથે કહું છું કે એમને પણ લઘુત્તમ વેતન ચૂકવવામાં આવતું નથી. આપણા ગુજરાતની અંદર શ્રમયોગી કલ્યાણ બોર્ડની અંદર ૪,૫૦૦ કરોડ રૂપિયા પડ્યા છે. આ શ્રમયોગી કલ્યાણ બોર્ડના પૈસા જે શ્રમિકો કાળી મજૂરી કરીને ગુજરાતની એક એક ઇમારત, મોલ, મલ્ટિપ્લેક્સ, શોપિંગ સેન્ટર, ટાવર અને ઇવન આ ગુજરાતની વિધાનસભાના મકાનના પાયામાં જેના લોહી અને પરસેવો છે, એ શ્રમિકો માટે રૂપિયા ૪,૫૦૦ કરોડ તમારે બજેટમાં અલગ વ્યવસ્થા કરવી જોઇએ એ તો છોડો. જે ૪,૫૦૦ કરોડ રૂપિયા શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં પડયા છે. એનો પણ ખર્ચ કરવા તૈયાર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સુરત, બરોડા, રાજકોટ, અમદાવાદ, પોરબંદર, ભાવનગર, જામનગર, પાલનપુર, ગાંધીનગર. આ બધા કડિયાનાકા ઉપર ગુજરાતના ઇન્ફ્રાસ્ટ્રકચરના ડેવલપમેન્ટ માટે જે કડિયા મજૂર ઊભા રહે છે, એમના માટે પાણીની પરબની વ્યવસ્થા નથી. એમના માટે કોઇ ટોઇલેટની વ્યવસ્થા નથી. એ સવારે ૬થી બેથી અઢી કલાક ઊભા રહેતા હોય છે. એ તાપમાં એમના માટે કોઇ શેલ્ટરની વ્યવસ્થા નથી. આ રૂપિયા ૪,૫૦૦ કરોડ આપણી પાસે પડયા છે. જે માણસ પોતાના જીવનના ૨૫ વરસ, ૩૫ વરસ, ૪૫ વરસ આખી દુનિયાના મકાનોનું નિર્માણ કરવામાં કાઢે છે, એના માટે આ રાજયની સરકાર શેલ્ટર ઊભા કરવા માગતી નથી. એ કડિયા મજૂરને પૂછો કે જેની પત્ની એનીમીકની શિકાર છે. જેનું બાળક કુપોષિત છે. જેનો ઉછેર કપચીના ઢગલા અને સિમેન્ટની થેલીઓની વચ્ચે થયો. એ બાળક જે કુપોષિત છે, એને પણ આ રાજયની સરકાર એવી કોઇ વ્યવસ્થા ઊભી કરવા માગતી નથી કે મજૂરનો દીકરો મજૂર ના બને અને આ ૪,૫૬૦ કરોડ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં વપરાયા વગર પડ્યા રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ સન્માનનીય ગૃહથી બહુ નજીકમાં અડાલજમાં ઇંટોના ભઠ્ઠા છે. ઇન્ટર સ્ટેટ માઇગ્રન્ટ વર્કર્સ એકટ લાગુ થવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, મેં ઇંટોના ભઠ્ઠા જોયા છે. અમદાવાદ શહેરમાં અને ગાંધીનગરમાં જયારે ૪૦, ૪૫ ડિગ્રીનું ટેમ્પરેચર હોય, ત્યારે એ ઇંટોના ભઠ્ઠાની અંદર ૭૦૦ ડિગ્રીનું ટેમ્પરેચર હોય છે. એ ઇંટ ભઠ્ઠાના મજૂરોની પણ નોંધણી કરવી. એમને એમના હક્ક, અધિકાર આપવા. એનું પણ રાજય સરકાર પાસે કોઇ આયોજન નથી. સફાઇ કામદારો ગટરમાં ઉતરીને મરી જાય એને વળતર આપવાની કોઇ વાત નથી. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ દરમ્યાન ગુજરાતમાં ૪૯૯ કડિયા મજૂરો ચણતર પ્લાસ્ટરની સાઇટ પરથી પડીને મરી ગયા. એમની પત્નીઓએ લાશો ઉપાડવી પડી. એના વળતરની પણ કોઇ બ્લ્યુ પ્રિન્ટ રાજયની સરકાર પાસે નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર શ્રમ કાયદાઓની અંદર, લેબર લોઝમાં એવું સ્પેસિફિક પ્રોવિઝન છે કે નિયમિત ધોરણે લઘુત્તમ વેતનને તમારે રિવાઇઝ કરવું પડે. શેરડી કામદારોનું લઘુત્તમ વેતન વર્ષ ૨૦૧૫થી રિવાઇઝ થતું નથી. ગયા વર્ષે ડ્રાફટ નોટિફિકેશન બહાર પાડયું. એ ડ્રાફટ નોટિફિકેશન લાગુ કર્યું હોત તો રૂપિયા ૨૩૮ના બદલે રૂપિયા ૪૭૬ મળ્યા હોત. ડબલ કરવાનું આયોજન હતું. એક વર્ષથી એનું અમલીકરણ કરતા નથી. એ અમલીકરણ નહીં કરવાના કારણે દોઢથી બે લાખ શેરડી કામદારો જે દિવસમાં દોઢસો દિવસ કામ કરે, એમના રૂપિયા ૭૫૦ કરોડ એમને અપાયા નથી.

<u>ઉપાધ્યક્ષશ્રી</u> : જીજ્ઞેશભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય પ્રકાશભાઇ વરમોરા.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી: માનનીય અધ્યક્ષશ્રી, થોડી જ સેકન્ડો લઇશ. એટલે મારી મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે આ સચિવાલયના છવ્વીસે છવ્વીસ બલોકમાં જે શ્રમજીવીઓ છે, એમને લઘુત્તમ વેતન ચૂકવાય એની ગેરન્ટી લે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ખાસ કરીને શ્રી જીજ્ઞેશભાઇ બહુ વિગતવાર માહિતી સાથે વક્તવ્ય આપતા હતા એટલે બધા લોકોને એવું થાય કે શ્રમજીવીઓ માટે આપણે કશું કરતા જ નથી. પાંચ રૂપિયે ભાણું આપવાનું પણ આ સરકારે નકકી કર્યું છે. આપણી સરકાર એક કોઇ અમારી બાઇ કદાચ તેના પતિ સાથે આવે ને તો એ તંબૂની અંદર રહેતી હોય ને તો પણ વન નેશન વન રેશન દ્વારા એને આપણે અનાજ આપીએ છીએ. એનાં બાળકને ભણાવવા માટેની પણ ચિંતા કરીએ છીએ. આવી અનેક જોગવાઇ આપણી સરકાર કરે છે. નો ડાઉટ એમણે કહેવું જોઇએ, કેટલાંક સૂચનો પણ સાચા હોય છે. પણ આ સરકાર કશું જ નથી કરતી એવી ખોટી માહિતી રેકર્ડ ઉપર ન જાય એટલા માટે મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

<u>ઉપાધ્યક્ષશ્રી</u> : આ જવાબ મંત્રીશ્રી આપશે. એટલે પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા**(**ધ્રાંગધ્રા**)** : માનનીય અધ્યક્ષશ્રી, અંત્યોદયથી સર્વોદયના સિદ્ધાંત સાથે કામ કરતી રાજય સરકાર અને કેન્દ્ર સરકાર છે. જો કોઇ વધુમાં વધુ કામ કરતો વિભાગ હોય તો એ શ્રમ અને રોજગાર વિભાગ છે. આ વિભાગની સરકારમાં અતિ મહત્ત્વની ભૂમિકા હોય છે. ત્યારે મહાત્મા ગાંધીજીએ એક વાત કરી હતી, સાત સામાજિક પાપ એમણે કહ્યા હતા. શ્રમ વગરની સંપતિ એક સામાજિક પાપ છે. સિદ્ધાંત વગરનું રાજકારણ એક સામાજિક પાપ છે. ચારિત્ર્ય વગરનું શિક્ષણ એક સામાજિક પાપ છે. નીતિ વગરનો વેપાર એક સામાજિક પાપ છે. ત્યાગ વગરની ભક્તિ એક સામાજિક પાપ છે. માનવતા વિહોણુ વિજ્ઞાન એક સામાજિક પાપ છે અને વિવેક વગરનો ઉપભોગ એક સામાજિક પાપ છે. ત્યારે શ્રમ અને રોજગાર માટે આપણી સરકારે એટલા બધા આયોજન કર્યા, ૩૬૦ ડિગ્રીએ, એક બાજુ ઉદ્યોગકારોને માણસ નહોતા મળતા અને એક બાજુ યુવાનોને રોજગારી નહોતી મળતી. આ સરકારે બન્નેને જોડવા માટે ઘણી બધી યોજનાઓ બનાવી, રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારીની યોગ્ય તકો મળી રહે તે માટે રાજયની રોજગાર કચેરીઓ ખાતે નામ નોંધણી, ખાલી

જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, કારકિર્દી માર્ગદર્શન તથા કાઉન્સેલિંગ જેવી અગત્યની સેવાઓ આ વિભાગમાં ઉપલબ્ધ છે. રોજગારવાંચ્છુઓને તેમની આવડત તથા કૌશલ્ય અનુસાર રોજગાર મળી રહે તે માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત રોજગાર સેતુ કોલ સેન્ટર મારફત માહિતી, માર્ગદર્શન દ્વારા અનુબંધમ પોર્ટલ મારફત રોજગાર વિશે સેવાઓ ઓન લાઇન માધ્યમથી પૂરી પાડવા તથા શાળા કોલેજમાં સેમિનાર, વેબીનાર દ્વારા પરોક્ષ રીતે રોજગાર અપાવવામાં રોજગાર કચેરીઓ મદદરૂપ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની રોજગાર કચેરી દ્વારા આ વર્ષમાં ૨,૭૭,૭૮૨ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. જે પૈકી ૧,૫૦૦ ભરતી મેળાનું આયોજન થકી ૧,૪૭,૦૬૩ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. રાજયના યુવાનોને રોજગારી તથા નોકરી દાતાઓને કુશળ માનવ બળ ઓન લાઇન માધ્યમથી પૂરું પાડી શકાય તે માટે ડિજિટલ ઇન્ડિયાની જે મૂવમેન્ટ છે એના માટે અનુબંધમ વેબ પોર્ટલ વિકસાવવામાં આવેલ છે. અનુબંધમ પોર્ટલ નોકરી દાતા અને રોજગારવાંચ્છુઓ વચ્ચે એક મહત્ત્વની સેતુરૂપ કામગીરી કરે છે. અનુબંધમ વેબ પોર્ટલમાં હાલની સ્થિતિએ ૩,૦૨,૭૨૭ ઉમેદવારો છે અને ૪૩,૨૯૧ નોકરી દાતાઓની નોંધણી થયેલ છે. આનુ જોડાણનું કામ કરતી હોય છે. રાજયના યુવાનો કોલ સેન્ટરના માધ્યમથી કોઇ પણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારલક્ષી તથા સરકારી યોજનાની માહિતી ટેલિફોનિક માધ્યમથી મેળવી શકે તે માટે રોજગાર સેતુ કોલ સેન્ટર પ્રોજેકટ અમલમાં મૂકેલ છે. ૧,૫૦,૦૦૦ થી વધુ યુવાનોએ આ સેવાનો લાભ લીધો છે. રોજગારવાંચ્છુ ઉમેદવારોને વિદેશમાં અભ્યાસ તથા રોજગારલક્ષી માર્ગદર્શન મળી રહે તે હેતુથી, આજે ભારતનું બુદ્ધિધન એમાં ખાસ કરીને ગુજરાતના બુદ્ધિધનની વિશ્વમાં ડિમાન્ડ છે. આવા યુવાનોને વિદેશમાં અભ્યાસ કરવા માટે રોજગારલક્ષી માર્ગદર્શન મળી રહે તેના માટે અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે વિદેશ રોજગાર અને કારકિર્દી માહિતી કેન્દ્રો દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૦૮ સેમિનાર, વેબિનાર આયોજન થકી ૩૫,૫૭૮ ઉમેદવારોને માર્ગદર્શન પૂરું પાડયું છે. માનનીય વડાપ્રધાનશ્રીએ ડેવલપમેન્ટ કરવું હશે તો સ્કીલ ઉપર બહુ મોટો ભાર મૂક્યો છે,ત્યારે મુખ્યમંત્રી સ્કીલ ડેવલપમેન્ટ ઇનિસિએટીવ, જે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત રાજયના મુખ્યમંત્રી સ્કીલ ડેવલપમેન્ટ ઇનિસિએટીવની જાહેરાત કરી જે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં પાંચ લાખથી વધુ ઉમેદવારોને કૌશલ્ય તાલીમ આપવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવેલ છે. એમ.એસ.ડી.આઇ. રાજયની સ્કીલ ઇકો સિસ્ટમને વધુ સુદઢ કરવાના હેતુથી સ્કીલ ડેવલપમેન્ટની વિવિધ યોજનાઓ અમલમાં મૂકતા વિભાગોના સહયોગી અભિગમથી...

ઉપાધ્યક્ષશ્રી : શ્રી પ્રકાશભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી કેશુભાઇ પટેલ.

શ્રી કેશુભાઇ શિ. પટેલ(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ વિભાગની માગણીઓ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે તે માગણીઓને હું મારું સમર્થન આપું છું અને તેના પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકાર દ્વારા ઉદ્યોગ અને ખાણ ખનિજ વિભાગ માટે કુલ રૂ.૮૫૮૯ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. કચ્છ જિલ્લામાં વિવિધ પ્રકારના ઉદ્યોગો જેવા કે મીઠા ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ, ટીમ્બર, હેન્ડિક્રાફ્ટ, શિપિંગ ઉદ્યોગ અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ મોટા પાયે વિકસ્યા છે. તેમજ કુદરતી સંપત્તિ-ખનીજો ઘરાવતા ઉદ્યોગો જેવા કે લિગ્નાઇટ, બોક્સાઇટ, બેન્ટોનાઇટ જેવી ખનિજ સંપત્તિ ઇત્યાદીનો પણ તેમાં સમાવેશ થાય છે. જિલ્લામાં ખનિજ સંપત્તિ વિપુલ જથ્થામાં ઉપલબ્ધ છે. જે ઔદ્યોગિક દષ્ટિએ જિલ્લાનું મુખ્ય જમા પાસુ છે.

કચ્છ જિલ્લામાં અનેક ઉદ્યોગો સ્થપાયા છે અને કંડલા તથા અદાણી જેવા બંદરો આવેલા છે. જેના લીધે રસ્તા ઉપર ઘસારાની અસર થાય છે તો તેની સપાટી જળવાઇ રહે તે માટે હું સરકારને વિનંતી કરીશ કે કચ્છ જે રીતે ડેવલપ થઇ રહ્યું છે તે રીતે ભારે વાહનો માટે ટ્રાન્સપોર્ટેશનની ચિંતા કરે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યમશીલ ગુજરાતની પ્રજા અને દીર્ઘદષ્ટિપૂર્ણ નેતૃત્વના સમન્વયથી ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. ગુજરાત સદીઓથી વેપાર-નિકાસ ઉદ્યોગ ક્ષેત્રે દેશ અને દુનિયામાં અનેરું સ્થાન ધરાવે છે. દેશમાં ઔદ્યોગિક પ્રગતિમાં આગળ પડતા રાજ્યોમાં ગુજરાતનું સ્થાન મોખરે છે. વિવિધતાભર્યા ખેતીના પાકોના કારણે ખાંડ, કાપડ જેવા ખેતી આધારિત ઉદ્યોગોની દષ્ટિએ ગુજરાત સદીઓથી આગળ છે. એટલું જ નહીં, કાપડ ઉત્પાદનના ક્ષેત્રે અમદાવાદ ભારતના માન્ચેસ્ટર તરીકે ઓળખાતું હતું. ખાંડ ઉત્પાદન ક્ષેત્રે દક્ષિણ ગુજરાત આગળ છે. એ જ રીતે વિવિધતાભર્યા ખનીજોની પ્રાપ્તિના કારણે રાજ્યમાં ખનિજ આધારિત ઉદ્યોગોનો ખૂબ જ વિકાસ થયેલ છે. દા.ત. ચાઇના ક્લે આધારિત મોરબીનો સિરામિક ટાઇલ્સ ઉદ્યોગ મોટા પાયે ફૂલ્યો ફાલ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં આવેલ ભૂકંપ-૨૦૦૧ પછી એક માત્ર કચ્છ જિલ્લામાં ૫૦૦થી વધારે ઉદ્યોગો સ્થપાયા છે. તેના પરિણામે લઘુતમ વેતન કરતાં પણ ઉંચા દરે રોજગારી પ્રાપ્ત થવા લાગી છે. બેરોજગારી નહિવત્ બની છે. આર્થિક પ્રગતિ ઝડપી બની છે.

ઉદ્યોગોને સ્વચ્છ ઉત્પાદન પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા અને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા તેમજ ભારતના વડાપ્રધાન દ્વારા નિર્ધારિત ''પંચામૃત'' સિદ્ધાંતો સાથે સુસંગત રહેવા માટે ડીકાર્બોનાઇઝેશન પહેલ અપનાવવી એટલી જ મહત્ત્વપૂર્ણ છે. આ ઉદ્દેશ્યોને હાંસલ કરવા માટે ગુજરાત સરકારે તાજેતરમાં ઉદ્યોગોને સહાયરૂપ એવી ''આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસિસ્ટન્ટ ટુ ઇન્ડસ્ટ્રીઝ'' ની જાહેરાત કરી છે. જે રીતે ''આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસિસ્ટન્ટ ટુ

ઇન્ડસ્ટ્રીઝ ''ઉભરતા ઉદ્યોગ સાહસિકોને તેમની મહત્ત્વાકાંક્ષાઓને પરિપૂર્ણ કરવા પ્રોત્સાહિત કરશે અને વધારાના મૂડીરોકાણોને પ્રોત્સાહિત કરશે. આ યોજના ઉદ્યોગ સાહસિકો માટે સાનુકૂળ વાતાવરણનું નિર્માણ કરશે. યુવાનોને નવીનતા લાવવા અને રોજગાર સર્જકો બનવા માટે પ્રોત્સાહિત કરશે, જેનાથી મોટા પાયે ગુણવત્તાયુક્ત નોકરીની તકો ઊભી થશે.

ગુજરાતના ઘરેલુ ઉત્પાદન-જી.ડી.પી.માં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો ફાળો સૌથી વધારે છે. ટેક્સટાઇલ, કેમિકલ, ફાર્માસ્યુટિકલ, સિરામિક, ડાયમંડ જેવા ક્ષેત્રોમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. ગ્રીન હાઇડ્રોજન અને બીજાં નવા ક્ષેત્રોમાં અદ્યતન ટેક્નોલોજી સાથે ખાનગી ક્ષેત્રના મૂડીરોકાણ માટે ગુજરાત પ્રયત્નશીલ છે. થ્રસ્ટ સેક્ટરમાં ગ્રીન એમોનિયા, ફ્યુઅલ સેલ, બેટરી સ્ટોરેજ, ઇલેક્ટ્રિક વ્હીકલ, ઇલેકટ્રોનિક્સ, અવકાશ અને ઉડ્ડયન જેવા ક્ષેત્રોમાં સંપૂર્ણ ઇકો સિસ્ટમ ઊભી કરવામાં આવશે. છેલ્લા આઠ વર્ષમાં દેશમાં થયેલ આશરે રૂ. ૩૨ લાખ કરોડના વિદેશી મૂડીરોકાણ પૈકી ૫૭ ટકા એટલે કે રૂ. ૧૮ લાખ કરોડનું મૂડીરોકાણ ગુજરાતમાં થયેલ છે. જે નીતિ આયોગના ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગમાં સમગ્ર દેશમાં ગુજરાત ટોપ એચિવર સ્ટેટમાં સ્થાન પામેલ છે. દેશની કુલ નિકાસમાં ૩૩ ટકા હિસ્સા સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

શ્રી ત્રિકમ બિ. છાંગા**(**અંજાર) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૩ના વર્ષના અનુદાનો માટેની માગણી નં. ૫૦ ખાણ અને ખનિજ વિભાગની છે તેને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીનું પવિત્ર મંદિર એવી વિધાનસભામાં ગૌરવવંતી ગરવી ગુજરાતની ગરીમાની ગાથા ગાવાનો જે અવસર પ્રાપ્ત થયો છે એના માટે ગૃહના નેતા અને માનનીય અધ્યક્ષશ્રીનો આભાર માનું છું. ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી અને જેમની દીર્ઘદૃષ્ટિ છે જેના માટે સંસ્કૃતમાં ઉકિત કહી શકાય કે ''વજ્રાદપિ કઠોરાણિ મૃદુનિ કુસુમાદપિ''એવા આદરણીય મુખ્યમંત્રીની દૃષ્ટિને કારણે આજે ગુજરાત ખૂબ ઝડપથી સાર્વત્રિક મોરચે આગળ વધી રહ્યું છે. ગુજરાતે ઉચ્ચ લોકશાહીના મૂલ્યો અને આદર્શોનું હંમેશા જતન અને સંવર્ધન કરેલું છે. ગુજરાત રાજયએ સાર્વત્રિક રીતે પ્રગતિ કરતું રાજય છે. મોટા ભાગના ક્ષેત્રોમાં ગુજરાત ખૂબ આગળ પડતું સ્થાન ધરાવે છે. ગુજરાતના ઔધોગિક વિકાસ માટે જે શાંતિ, સ્થિરતા અને સલામતી જોઇએ એ શાંતિ અને સ્થિરતા ગુજરાતમાં છેલ્લાં ૨૭ વર્ષથી ગુજરાતની જનતાએ પૂરી પાડી છે અને એના પરિણામ સ્વરૂપ ગુજરાતનો ખૂબ ઝડપી આર્થિક વિકાસ થઇ શકયો છે. એક સમયે માત્ર અમુક જ વિસ્તારો પૂરતો વિકાસ હતો એને બદલે આજે ગુજરાતના ચારેખૂણે વ્યાપ્ત બન્યો છે. ખાણ ખનિજની વાત કરીએ તો ગુજરાતના પ્રાપ્ય ૮ મુખ્ય અને ૩૫ ગૌણ ખનિજોને કારણે ખનિજોનો ઉપયોગ ગુજરાતના સાર્વત્રિક વિકાસ માટે થઇ રહ્યો છે. મુખ્ય ખનિજ લાઇમ સ્ટોનનો ઉપયોગ એશિયાના સૌથી મોટા એવા કચ્છના સિમેન્ટ પ્રોજેકટમાં થઇ રહ્યો છે. ગૌણ ખનિજ એવા કચ્છના ચાઇના કલેને કારણે મોરબીનો ટાઇલ્સ ઉદ્યોગ ખૂબ જ સારી રીતે વિકસી શકયો છે. કાચ ઉદ્યોગ માટે એક વખત વિદેશથી જે સિલિકા મંગાવવી પડતી હતી એના બદલે હવે ચાઇના કલે પ્રોસેસમાંથી પ્રાપ્ત થતી સિલિકા ખૂબ જ મોટા પાયે કાચ ઉદ્યોગ માટેના કાચા માલ તરીકે ઉપયોગી થાય છે. લિગ્નાઇટ આધારિત બળતણ અને ઊર્જા એ બન્ને ખનિજમાંથી પ્રાપ્ત થતી હોય છે, આમ અનેક પ્રકારના ખનિજ આધારિત ઉદ્યોગોનો ગુજરાતમાં સરકારની પ્રોત્સાહક નીતિને કારણે વિકાસ થયો છે. રાજયના હાલ કુલ ૪૪૭ માઇનિંગ લીઝો અને ૭૪૨૮ કવોરી લીઝો અસ્તિત્વ ધરાવે છે, જેમાંથી રાજય સરકારશ્રીને વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૧૭૩૩.૪૭ કરોડની મહેસૂલી આવક થયેલ છે અને ચાલુ વર્ષ સને ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી અંતિત રૂ.૧૫૮૭.૦૯ કરોડની મહેસૂલી આવક પ્રાપ્ત થયેલ છે. મુખ્ય ખનિજ લાઇમ સ્ટોન અને બોકસાઇટના કુલ ૧૨ બ્લોકની ઇ-ઓકશનથી ફાળવણી કરવામાં આવેલ છે અને આગામી સમયમાં મુખ્ય ખનિજના વધુ ૪ બ્લોક જાહેર હરાજીમાં મૂકવા અર્થે પણ કાર્યવાહી હેઠળ છે. જેમાંથી સિમેન્ટ અને રિફેકટરી ઉદ્યોગોને વેગ મળશે અને રોજગારીની નવી તકોનું ગુજરાતમાં નિર્માણ થશે. હાલમાં સામાન્ય વ્યકિતના ઘરના બાંધકામથી લઇને મોટી ઇમારતો, રસ્તાઓ, નેશનલ હાઇવે, એકસપ્રેસ વે, બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન, રેલવે માર્ગ વગેરેના બાંધકામમાં ગૌણ ખનિજો જેવા કે સાદી રેતી, માટી, કપચી, ગ્રેનાઇટ, માર્બલ વગેરેનો વપરાશ વધતો જઇ રહ્યો છે તેમજ સિમેન્ટ ઉદ્યોગોમાં ઇંટો, નળિયા, પેઇન્ટ, સિરામિક વગેરે માટેનો કાચો માલ ખનિજ સંપત્તિમાંથી પ્રાપ્ત થાય છે. આ ખનિજ સંપત્તિ પૂરતા પ્રમાણમાં સરળતાથી મળી રહે તે માટે જાહેર હરાજીથી પારદર્શકતાથી ખનિજ સભર વિસ્તારોમાં બ્લોકની ફાળવણી કરવા માટે સરકારશ્રી દ્વારા જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇઓને ધ્યાને લઇ નવી પદ્ધતિ અનુસાર ગૌણ ખનિજોનો ઇ-ઓકશનથી ઝડપી અને સરળતાથી પારદર્શી ફાળવણી થઇ શકે એ માટે સંશોધનની કામગીરી કરવામાં આવે છે તથા વહીવટી વ્યવસ્થા ઊભી કરવામાં આવેલી છે જેના ભાગરૂપે આજદિન સુધી કુલ ૧,૬૬૯ બ્લોકની સફળ હરાજી થયેલ છે. હયાત લીઝો કે જેમાં લીઝ ધારકોએ ખનિજ વિકાસ માટે મોટું રોકાણ કરેલ હોય તેમાં નવી પદ્ધતિ મુજબ ઇ-ઓકશન કરી ઝડપથી ફાળવણી કરી શકાય અને નવી લીઝો કાર્યરત થાય ત્યાં સુધી રાજયને પર્યાપ્ત ખનિજ મળી રહે અને એ ખનિજ આધારિત ઉદ્યોગોને કયાંય કમી ન થાય તે માટે હયાત લીઝોની મુદત પણ સરકારશ્રીએ વધારેલ છે. સરકારશ્રી દ્વારા તા.૧૨-૧૦-૨૦૨૨થી ખાનગી માલિકીની જમીનમાં અરજી આધારિત લીઝોની ફાળવણી કરવા બાબતે ગુજરાત ગૌણ છૂટછાટ નિયમ, ૨૦૧૭માં સુધારો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જેથી સ્થાનિક જમીન માલિકો તેઓની માલિકીની જમીનમાં લીઝ મેળવી શકે છે. વધુમાં ઉકત સુધારા નિયમોમાં સરકારશ્રી દ્વારા નાણાકીય બોજો ઘટાડવા સંબંધિત તેમજ ઓકશન પ્રક્રિયા ઝડપી અને સરળ કરવા સંબંધિત સુધારા પણ કરવામાં આવેલ છે. ડ્રોન પોલિસી દ્વારા પણ ગેરકાયદેસર ખનન રોકવા માટેના પણ પ્રયાસો

સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય માળખાકીય સુધારા કરવા ખાણકામ વિસ્તારોમાં વિકાસ ગ્રાન્ટની પણ જોગવાઇ કરવામાં આવેલ છે. પેસા એકટ દ્વારા સ્થાનિક લોકતંત્રની સત્તા આપી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ત્રિકમભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે ગૃહ ફરીથી બપોરના ૩-૦૦ કલાકે મળશે.

(વિરામ બપોરના ૨-૩૦થી ૩-૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ**(**અકોટા**)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષના અનુદાનો માટે જે માગણીઓ લઇને ગૃહ સમક્ષ આવ્યા છે તેને હું આવકારું છું અને તેમાં મારો સૂર પૂરાવું છું અને માગણી ક્રમાંક-૪૯ માટે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાષ્ટ્રના વિકાસ માટે મોટાભાગે ઉદ્યોગોનો સિંહફાળો હોય છે. તેથી કેટલીકવાર એમ પણ કહેવાય છે કે ઉદ્યોગો એ રાજ્ય અને રાષ્ટ્રના વિકાસની કરોડરજ્જુ સમાન છે. કોઇપણ બાબતની સકારાત્મક તેમજ નકારાત્મક બન્ને અસરો હોય છે. જો ઉદ્યોગોની સામાન્ય નકારાત્મક બાબતો બાદ કરીએ તો ઉદ્યોગોનો વિકાસ એ રાષ્ટ્રના વિકાસ માટે અવિભાજ્ય અંગ છે. આપણું રાષ્ટ્ર ખેતીપ્રધાન રાષ્ટ્ર હોવા છતાં ઉદ્યોગો રાષ્ટ્રના વિકાસમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે અને એમાં પણ આપણા ગુજરાત રાજ્યની વાત કરીએ તો રાજ્યના જી.એસ.ડી.પી.માં ઝડપથી વધારો થઇ રહ્યો છે. સને ૨૦૨૨-૨૩ના અંદાજો લગભગ ૨૨ લાખ કરોડ રૂપિયાથી વધારે પહોંચ્યા છે. ઉદ્યોગોને કારણે આપણે ઘણી બધી રોજગારીની તકો વધારી છે. રોજગારીની તકો વધવાના કારણે રાજ્યની આવકમાં વખતો વખત ઘણો વધારો થયો છે. તે રીતે આ સાઇકલ ચાલુ રહેવાના કારણે ઉદ્યોગોને સાઇકલ ઓફ પ્રોસ્પેરિટી પણ કહેવામાં આવે છે. જેમાં દેશની પ્રજા આર્થિક વૃદ્ધિ, સામાજિક વિકાસ અને પોતાની પ્રગતિ અનુભવે છે. લોકોનું જીવનધોરણ અને શિક્ષણનું સ્તર ઘણું ઊંચું જાય છે. ઉદ્યોગોના કારણે આંતરરાષ્ટ્રીય વેપાર અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં પણ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. જેનું ઉત્તમ ઉદાહરણ હાલ આપણે રશિયામાંથી પેટ્રોલિયમ પેદાશો સસ્તા ભાવે આયાત કરીએ છીએ અને આંતરરાષ્ટ્રીય રાજકીય બાબતોમાં આપણો દબદબો ઊભો કરેલ છે. આ બધું ઔદ્યોગિક વિકાસના કારણે શક્ય બન્યું છે. જેને ભૌગોલિક રાજકીય અર્થતંત્ર પણ કહી શકાય છે. એક સમય એવો પણ હતો કે જેમાં રોજીંદી જરૂરિયાતની એવી ઘણી વસ્તુઓ હતી કે જેના ઉપર ફક્ત 'મેઇડ ઇન ચાઇના', 'મેઇડ ઇન જર્મની', 'મેઇડ ઇન યુ.એસ.એ.' લખેલું આવતું હતું. પરંતુ વર્ષ ૨૦૧૪ પછી આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજી દ્વારા તેમની દીર્ઘદષ્ટિના કારણે આપણને સૌને 'મેઇક ઇન ઇન્ડિયા' અને 'મેઇડ ઇન ઇન્ડિયા'નું લખાણ રોજીંદી વપરાતી વસ્તુઓ ઉપર લખેલું જોવા મળે છે. ખરેખર આ ગર્વની બાબત છે. આ બધું ઔદ્યોગિક વિકાસના કારણે શક્ય બન્યું છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા થોડા સમય પહેલાં વડોદરામાં સી-૨૯૫ પ્લેન બનાવવાનો પ્લાન્ટ આશરે રૂપિયા ૨૧ હજાર ૯૩૫ કરોડની લાગતથી ઊભો કરવા માટે વડોદરા શહેર ખાતે ખાતમુહૂર્ત કર્યું. જેના કારણે ૧૦ હજારથી વધુ નોકરીઓ અને તેના પર નિર્ભર થાય તેવા અનેક સાહસિક ઉદ્યોગો વડોદરા અને તેની આસપાસમાં આવેલ છે તે ઉદ્યોગોને આનો સીધો લાભ થશે જેનો મને ગર્વ છે. આ બધું જ ઉદ્યોગોના વિકાસને આધીન છે. તેથી એમ કહી શકાય કે ઉદ્યોગ એ રાજ્ય અને રાષ્ટ્રની કરોડરજ્જુ છે અને તેથી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું એ રાજ્યના વિકાસ માટે એક અનિવાર્ય બાબત છે. આ વાસ્તવિકતાને જોતાં આપણી ગુજરાત સરકારે ઉદ્યોગોના વિકાસ માટે ઘણી બધી યોજનાઓ આપેલ છે. ગુજરાત સરકારની ઔદ્યોગિક વિકાસની કટિબદ્ધતાના ભાગરૂપે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ મારફતે આગામી વર્ષમાં અંદાજે રૂપિયા ૨,૫૦૦ કરોડના ખર્ચે પ્રોડક્ટ આધારિત ૫ નવા ઔદ્યોગિક પાર્કની સ્થાપના કરવામાં આવનાર છે. જે અંતર્ગત સિરામિક પાર્ક, મેડિકલ ડિવાઇસ પાર્ક, વ્હિકલ સ્ક્રેપ અને રીસાઇકલિંગ પાર્ક, ટેક્સટાઇલ અને એપરલ પાર્કનો સમાવેશ કરવામાં આવેલ છે. આ નવી ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગકારોને પોષાય તેવા ભાવે પ્લોટ ઉપલબ્ધ થાય તે માટે ગુજરાત સરકારે રૂપિયા ૨૫૦ કરોડ જેટલી રકમ સહાય તરીકે ઉપલબ્ધ કરાવી છે. જે પૈકી વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂપિયા ૨૦ કરોડ જેટલી ફાળવણી કરવામાં આવી છે.જે ઘણી સરાહનીય બાબત છે. પ્રધાનમંત્રીશ્રીના આત્મનિર્ભર સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂપિયા એક હજાર કરોડની સહાયથી જંબુસર ખાતે સ્થાપવામાં આવેલી (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. (અંતરાય)

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ : સાહેબ, મને ૬ મિનિટ ફાળવવામાં આપી છે. નિર્માણ માટે ગુજરાત સરકાર રૂપિયા ૧૦૦ કરોડની સહાય ઉપલબ્ધ કરાવશે જે ઘણી આનંદની બાબત છે. ઔદ્યોગિક નીતિ વર્ષ ૨૦૧૫ તથા વર્ષ ૨૦૨૦ અંતર્ગત એમ.એસ.એમ.ઇ. હેઠળ ઉદ્યોગ સાહસિકોને કેપિટલ સબસિડી, ટેકનોલોજી ઇક્વિઝિશન સહાય, એમ.એસ.એમ.ઇ.એક્ષચેન્જ મારફતે કેપિટલ વધારવા માટે સહાય, સી.જી.ટી.એમ.એસ.ઇ. ક્રેડિટ ગેરંટી ફંડ ટ્રસ્ટ ફોર માઇક્રો ઇકવેલન્ટ ફીમાં સહાય વિગેરે યોજનાઓ માટે સહાય આપવાની જોગવાઇ છે જેમાં આ પ્રકારની સિદ્ધિઓ મળેલ છે. કેપિટલ અને વ્યાજ સહાય હેઠળ સી.જી.ટી.એમ.એસ.ઇ. યોજના વર્ષ ૨૦૧૫ હેઠળ ૧૯,૬૦૦થી વધારે દાવાઓને રૂ.૭૨૬ કરોડની વધારે સહાયના ચૂકવણા કરેલ છે. કેપિટલ અને વ્યાજ સહાય હેઠળ સી.જી.ટી.એમ.એસ.ઇ. યોજના વર્ષ ૨૦૨૦ અન્વયે કુલ ૪,૦૦૦ દાવાઓ છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કનુભાઈ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ ના અનુદાનો માટેની માગણીઓ પર મારા વિચારો વ્યક્ત કરું છું અને મારું સમર્થન આપું છું. સમગ્ર ગુજરાતની અંદર આજે ઉદ્યોગો સૌથી વધારે આવતા હોય તો એ આપણા સૌના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબને આભારી છે. વાયબ્રન્ટ ગુજરાત કરીને સમગ્ર વિશ્વના જેટલા પણ ઉદ્યોગકારો હોય એમને ગુજરાતની અંદર ઉદ્યોગો સ્થાપવા માટે આમંત્રણ આપીને સમગ્ર ગુજરાતની અંદર આજે ઉદ્યોગો આવી રહ્યા છે. હમણાં મારા વિસ્તારની અંદર પણ અમારાં લોકસભાના સાંસદ અને દેશના ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબ દ્વારા ત્યાં આગળ જેટલા પણ ઉદ્યોગો છે ત્યાં શ્રમિકો અને સ્થાનિક લોકો માટે ૫૦૦ બેડની ઈ.એસ.આઈ. હોસ્પિટલનું ખાતામુહૂર્ત કરવામાં આવ્યું હતું, જેથી શ્રમિકો અને લોકલ લોકો ત્યાં આગળ સારવાર કરાવી શકે. સમગ્ર ગુજરાતની અંદર ઘણી બધી એમ.એન.સી. કંપની હોય, મોટી મોટી મલ્ટિનેશનલ કંપની હોય એ પણ સાણંદમાં ટાટા, હિટાચી, કોલગેટ, પાર્લે, કોકો કોલા, નિવિયા વિગરે મોટી મોટી કંપનીઓ સ્થાપિત થઈ છે એના લીધે ઘણાં બધા લોકોને ત્યાં આગળ રોજગાર મળે છે. એક કંપની આવવાથી માત્ર એ કંપનીમાં નોકરી કરતા હોય એવા લોકોને જ રોજગાર મળતો નથી પણ એના થકી નાનું નાનું જોબ વર્ક મળવાથી નાની નાની કંપનીઓ બને છે અને એમને પણ રોજગાર મળે છે. એવી નાની નાની કંપનીને રોજગાર મળવાની સાથે સાથે ત્યાં આગળ જેટલા લોકો નોકરી કરવા આવતા હોય છે એમને ભાડે રહેવા માટે ઘર જોઈતું હોય છે જે મકાન ભાડે આપે છે એમને પણ રોજગાર ઊભો થાય છે. કંપનીમાં જવા માટે ટ્રાન્સપોર્ટેશનની જરૂર પડતી હોય છે તો એ ટ્રાન્સપોર્ટેશન થકી રોજગાર ઊભો થાય છે. એમને ખાવા માટે કરિયાણાની દુકાનમાંથી ખરીદી કરતા હોય, શાકભાજીની લારીએથી ખરીદી કરતા હોય, હોટલ કે રેસ્ટોરન્ટમાં જમવા જતા હોય તો ત્યાં પણ રોજગાર ઊભો થાય છે. આમ, એક કંપની આવવાથી અનેક પ્રકારે ઘણા બધા લોકોને રોજગાર મળતો હોય છે. આ ઉદ્યોગો આવવાથી લગભગ દરેકે દરેક લોકો નોકરી કરતા હોય છે તો આપણને બધાને ખબર છે કે જેનો પણ પગાર હોય તો એ સો એ સો ટકા પગાર ઘરે પહોંચાડતા નથી પણ ત્યાં આગળ જીવવા માટે પગારમાંથી ખર્ચ કરવામાં આવતો હોય છે. એટલે લગભગ ૫૦થી ૭૦ ટકા ખર્ચ સ્થાનિક લેવલે જ થતો હોય છે એના થકી ત્યાં આગળ ઘણાં બધા લોકોને અલગ અલગ પ્રકારે આવક ઊભી થાય છે. ત્યાર બાદ હમણાં હમણાં જ અમારાં ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત સાહેબ આવ્યાં હતા ત્યારે ત્યાં આગળ એક ફાયર સ્ટેશનનું ઓપનિંગ કરવામાં આવ્યું છે. હમણા અમારા સાથી ધારાસભ્ય શ્રી જિગ્નેશભાઈ કહેતા હતા કે, શ્રમિકો માટે કંઈ પણ કરવામાં આવતું નથી પણ એમણે જો આ વખતનું બજેટ વાંચ્યું હોત ખબર હોત કે શ્રમિકો માટેના શ્રમિક બશેરા માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પાના નંબર ૧૧ પર આ લખેલું જ છે. ત્યાર બાદ એમણે કહ્યું કે ભોજન માટે કોઈ પણ વ્યવસ્થા શ્રમિકો માટે કરવામાં આવતી નથી તો પાના નંબર ૧૨ ઉપર પણ શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ પાંચ રૂપિયામાં શ્રમિકોને ભોજન આપવાનું કામ પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. સી.એસ.આર.નો પણ ઉપયોગ કરવામાં આવે છે અને સી.એસ.આર. થકી ઘણાં વિકાસનાં કામો થયાં છે. સાથે સાથે મારે રજૂઆત કરવાની છે કે સી.એસ.આર.નો સ્થાનિક ગામોના વિકાસ માટે ઉપયોગ કરવામાં આવે તો સ્થાનિક ગામોનો ઘણો વિકાસ થશે. કંપનીઓ આવવાથી તેનો પ્રોફેશનલ ટેકસ હોય અને પંચાયતની અંદર ફાળો પણ વધારે થયો છે. હું મારા વિસ્તારની વાત કરું તો ઘણાબધા ગામો એવા છે કે એકેએક પંચાયતની અંદર લગભગ બે બે કરોડ રૂપિયાની આવક થાય છે અને એના થકી ઘણાં વિકાસનાં કામો થાય છે. સરકારનું આપણું ફંડ હોય છે એની પણ જરૂર નથી પડતી. ગામની અંદર વિકાસના ખૂબ જ કામો આનાં થકી થયાં છે. આપણે સૌ જાણીએ છીએ કે આપણા ભારત દેશની અંદર ઘણાંબધાં રાજ્યો છે પણ દરેક ઉદ્યોગકારો માત્ર ગુજરાતની અંદર જ કેમ આવે છે? ગુજરાતની અંદર આવવાનું મોટું કારણ છે કે અહીંયા આગળ પારદર્શક વહીવટ છે. અહીંયા કોઈપણ જાતની કોઈને હેરાનગતિ કરવામાં નથી આવતી અને જે પણ મંજૂરીની જરૂરિયાત હોય છે એ મંજૂરી એમને તાત્કાલિક મળે છે અને એના થકી દરેકે દરેક ઉદ્યોગકારો અહીં આવે છે અને આપણને બધાને ખબર છે કે વેસ્ટ બેંગોલની અંદર એમને વધારે પડતી કનડગત કરી તો ત્યાંથી છોડીને એમણે ગુજરાતમાં ઉદ્યોગનું સ્થાપન કર્યું છે અને છેલ્લે છેલ્લે એક કવિતા કહીને મારી વાત પૂરી કરું છું કે આપણા સૌના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હરહંમેશ કહેતા હોય છે કે -

हे भारत तुझको आत्मनिर्भर होना है, हे भारत तुझको आत्मनिर्भर होना है,
धरती ये फिरसे उगलेगी सोना, खेतों को उज्जवल होना है;
दूध की नदियां बहेतीथी तुझ में, खीर का अब सागर होना है;
विकास न लाए गेस विषेला, उद्योग- कुटीर घर-घर होना है;
सोने की चीड़िया अब तु न बनना, सोने का तुझे अंबर होना है;
आए विश्व पर आपदा कोई, सेवा का न अवसर खोना है;
सिखाना जग को है अपनी भाषा, किसी का न नौकर होना है;
हे भारत तुझको आत्मनिर्भर होना है, हे भारत तुझको आत्मनिर्भर होना है।

થેન્કયુ વેરી મચ.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા(રાજકોટ-દક્ષિણ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ વિભાગની માગણીઓ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે તે માગણીઓને હું મારું સમર્થન આપું છું અને ઉદ્યોગ વિભાગની માગણી નં. ૪૯ માટે હું મારી વાત રજૂ કરું છું. ગુજરાત એટલે વિકાસનો પર્યાય. ગુજરાત એટલે એવું રાજય જેણે તમામ આફતોનો મકકમતાથી મુકાબલો કરીને વિકાસની તેજ રફતાર જાળવી રાખી છે. ઉદ્યમશીલ ગુજરાતની પ્રજા અને દીર્ઘદષ્ટિપૂર્ણ નેતૃત્વના સમન્વયથી ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. દેશના પનોતા પુત્ર આદરણીય નરેન્દ્રભાઇ મોદીના સ્વપ્નનું આત્મનિર્ભર ભારત અને મેક ઇન ઇન્ડિયાને આગળ વધારવાની જવાબદારી આપણા સૌની છે. રાજય સરકારનો સકારાત્મક અભિગમ અને સુધારાવાદી નીતિના કારણે રોકારણકારોને અનુકૂળ વાતાવરણ ગુજરાતે પૂરું પાડયું છે. આ ઉપરાંત ગુજરાત રોડ, બાયોટેકનોલોજી, આઇ.ટી., કૃષિ અને ખનિજ ક્ષેત્રે અગ્રેસર છે. મિલીટરી એરક્રાફટ મેન્યુફેકચર માટે રૂ. ૨૧,૯૩૫ કરોડનો પ્રોજેકટ ટાટા ગૃપ દ્વારા વડોદરા ખાતે શરૂ થનાર છે તે ગુજરાત માટે ગૌરવની બાબત છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ લઘુઉદ્યોગ માટેનું એક હબ છે. જયાં દરેક પ્રકારની મશીનરી તેમજ રેલ્વેથી લઇને એરક્રાફટ સુધીના તમામ પ્રકારના ઓટોપાર્ટસનું ઉત્પાદન થાય છે. ગુજરાત દેશનું પેટ્રોકેમિકલ રાજય છે. પેટ્રોકેમિકલ ઉત્પાદનમાં ૩૦ ટકા, રસાયણ ઉત્પાદનમાં ૫૦ ટકા અને ફાર્માશ્યુટિકલ ઉદ્યોગોમાં ટોચનું સ્થાન ધરાવે છે. દરિયાઇ માર્ગે વિકાસમાં મત્સ્યોદ્યોગ અને બંદરને લગતા ઉદ્યોગમાં પણ અગ્રિમ સ્થાન ધરાવે છે. દહેજ ખાતે પેટ્રોલિયમ અને રસાયણ ઉદ્યોગ માટેનું વિશિષ્ટ રોકાણ ક્ષેત્ર બનાવવામાં આવ્યું છે. જે ઉદ્યોગોને મજબૂતી પ્રદાન કરશે. ગુજરાત પાસે વિપુલ માનવશકિત છે. માનવ શ્રમનો બગાડ દેશના અન્ય રાજયો કરતા ગુજરાતમાં ૦.૬ ટકા કરતા નીચો છે. ગુજરાત દેશના ઉદ્યોગોનું કેન્દ્ર બન્યું છે. ગુજરાત દેશના કુલ કરવેરાનો ૨૭ ટકા જેટલો ભાગ ધરાવે છે. વાઇબ્રન્ટ ગુજરાત સમિટ દ્વારા સૌથી ઝડપી ઉદ્યોગોનું અમલીકરણ રાજયમાં શકય બન્યું છે. સમગ્ર દેશમાં આર્થિક રોકાણ માટે શ્રેષ્ઠ સ્થાન તરીકે ગુજરાત રાજય અગ્રેસર છે. દરેક ક્ષેત્રોમાં ઉજળી તકો સાથે ગુજરાતનો વિકાસ સમગ્ર ચળવળ બન્યો છે ત્યારે ઊર્જામાં ગુજરાત સરપ્લસ રાજય બન્યું છે. હું રાજકોટમાંથી આવું છું ત્યારે અને ત્યાં રાજકોટની બાજુમાં શાપર વેરાવળ ઔદ્યોગિક ઝોન છે ત્યાં અએક એસોસિયેશનની સ્થાપના કરેલી છે. બધા જ ઉદ્યોગકારોને આવકારતાં બધાને અમે ખાતરી આપીએ છીએ કે, તમારે કંઇપણ કામ હોય તો અમે તમને જરૂરિયાત મુજબ મદદ કરીશું. મને આનંદ થાય છે કે, આજે ત્યાં ૩,૫૦૦ થી વધારે યુનિટ છે. ૧ લાખ ૫૦ હજારથી વધારે લોકોને ત્યાં રોજીરોટી મળે છે અને કરોડો રૂપિયાનો ટેક્સ પણ જમા થાય છે. ઉદ્યોગોના વિકાસના કારણે જોઇએ તો સરકારની નીતિ, શાંતિ અને સલામતિ છે. દુનિયાના વિકસિત દેશોની ભારત ઉપર નજર છે. યુ.એસ.એ., યુરોપ જેવા બધા જ દેશો ભારતના વિકાસમાં મોટો સિંહફાળો આપી રહ્યા હોય તેવું લાગે છે. એટલે આવતા પચ્ચીસ વર્ષમાં ભારતના વિકાસને કોઇ રોકી નહીં શકે તેવું હું માનું છું. આજે જયારે ગુજરાતના ઉદ્યોગ મંત્રીશ્રી તેઓના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને મારી વાતને વિરામ આપું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ઉદ્યોગ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન કરીને મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ઉદ્યોગની લોજિસ્ટિક કોસ્ટ ઘટાડવા લાસ્ટ માઇલ રેલ કનેક્ટિવિટી પૂરી પાડવા તેમજ લોજિસ્ટિક ફેસિલિટી વિકસાવવા પી.એમ. ગતિશકિત યોજના હેઠળ મોરબી પાસે રફાળેશ્વર બેડી પોર્ટ પાસે ટર્મિનલ બનાવવા માટે આ માગણીઓમાં રૂપિયા ૧૧૦ કરોડ સહિત કુલ રૂપિયા ૧૨૭ કરોડની જોગવાઇ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કરવામાં આવેલ છે. રાજ્યમાં આવેલ અગત્યના ત્રણ સર (સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન) એટલે કે ધોલેરા, માંડલ અને બેચરાજીમાં પેટ્રોલિયમ, કેમિકલ અને પેટ્રોકેમિકલ્સ માટેના સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયનમાં ઉદ્યોગો માટે વૈશ્વિક કક્ષાની આંતર માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે કુલ રૂપિયા ૧૮૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યમાં મૂડીરોકાણને આકર્ષિત કરવા માટે યોજાતા વિવિધ કાર્યક્રમો અને પ્રદર્શનોમાં ભાગ લેવા માટે તથા સમગ્ર દેશના અને વિદેશના ડેલિગેટસ, રોકાણકારોને સુવિધા મળી રહે તે હેતુસર ગાંધીનગર ખાતે મહાત્મા મંદિર સહિત પંચતારક હોટલમાં રહી શકે તે માટે ૩૭ કરોડ રૂપિયાની જોગવાઇ આ માગણીમાં કરવામાં આવી છે. ધોલેરા તાલુકાના નવાગામ ખાતે આવેલ ધોલેરા ગ્રીનફિલ્ડ એરપોર્ટને ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડ દ્વારા અમદાવાદના બીજા એરપોર્ટ તરીકે વિકસાવવા માટે રૂ.૩૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. સૂચિત એરપોર્ટ આગામી ધોલેરા એસઆઇઆરને એર કનેક્ટિવિટી પ્રદાન કરશે તેનાથી અમદાવાદના સ્પીલ ઓવર ટ્રાફિકને પૂરો પાડશે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ગતિશકિત રાષ્ટ્રીય માસ્ટર પ્લાનની પહેલ કરી છે અને તેમાં રાજ્યને સંકલિત ઇન્ફ્રાસ્ટ્રકચર માસ્ટર પ્લાન તૈયાર કરવા આગેવાની લેવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા ગતિશકિત ગુજરાત ઇન્ટીગ્રેટેડ માસ્ટર પ્લાન તૈયાર થઇ રહેલ છે. જેમાં તમામ વિભાગો અને બોર્ડ-એજન્સીઓની માળખાકીય માહિતી અને ડેટાને ગતિશકિત ગુજરાત ઇન્ટિગ્રેટેડ માસ્ટર પ્લાન પોર્ટલ સાથે એકીકૃત કરવાની કામગીરી ચાલુ છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગોની ઇન્ફ્રાસ્ટ્રકચર એન.ઓ.સી., અરજીઓ અને મંજૂરીઓ મેળવવાની પ્રક્રિયાઓનું સ્વયં સંચાલન પી.એમ.ગતિશકિત ગુજરાત પોર્ટલ સાથે સંકલિત કરવામાં આવી રહ્યું છે. આ પોર્ટલના વિકાસ માટે તથા અન્ય

વિવિધ ઇન્ફ્રાસ્ટ્રકચરના પ્રોજેકટના ફિઝિબિલિટી અભ્યાસ, મહેકમ ખર્ચ અને અન્ય ખર્ચ જી.આઇ.ડી.બી.ને રૂ.૫(પાંચ) કરોડની બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ એ ઔદ્યોગિક ગતિવિધીઓ મારફતે વિકાસ કરતું કટિબદ્ધ એકમ છે. અંદાજિત ગુજરાતમાં ૨૨૦ જેટલી વસાહતો જેમાં ૬૦ હજારથી વધુ એકમો કાર્યરત છે. ઇજનેરી, ફાર્મા, ટેક્સટાઇલ્સ, એગ્રો તેમજ કેમિકલ ઉદ્યોગો આ બધી જ વસાહતોમાં સ્થાન ધરાવે છે. આ એકમોમાં કુલ મળીને ૧૭ લાખથી વધુ લોકોને રોજગારી મળી રહી છે. આખા રાજયમાં જુદા જુદા સ્થાન ઉપર ભૌગોલિક રીતે તમામને એનો લાભ મળી રહે અને રોજગારીની તકો મળી રહે એટલા માટે સરકાર દ્વારા એગ્રો પાર્ક, ટ્રાયબલ પાર્ક, સી-ફૂડ પાર્ક આ પ્રકારના પાર્ક વિક્સાવીને તમામ વિસ્તારને ન્યાય મળે એ માટે સરકાર દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રમાં વધુ રોજગારી મળે અને નવા જે ઉદ્યોગ સાહસિકો છે એને પ્રોત્સાહન મળે એ પ્રકારના પાર્ક અને એની સાથે અનેક પ્રકારની સહાયની યોજનાઓ પણ દાખલ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં પાણીની સુવિધાનો પ્રશ્ન છે એવા સ્થાનો ઉપર, દરિયાઇ સ્થાનો ઉપર ડી-સેલિટેશન પ્લાન્ટ, ઉદ્યોગમાંથી નીકળતા પાણીને ટ્રીટ કરવા માટેનો પ્લાન્ટ અને સી.ટી.પી. પ્લાન્ટ જેવા પ્લાન્ટ લગાવીને પણ લોકોની આરોગ્યની ચિંતા કરીને ઉદ્યોગ વિભાગ દ્વારા આ પ્રકારના પ્લાન્ટો કાર્યરત કરવામાં આવ્યા છે. આ પ્રકારે સંપૂર્ણ રોજગારી સાથે ગુજરાતમાં જે પ્રકારે ઉદ્યોગ ક્ષેત્રમાં વિકાસ થઇ રહ્યો છે મને લાગે છે કે, માનનીય મંત્રીશ્રી આ જે માગણીઓ લઇને આવ્યા છે એ વાજબી છે અને એને સહર્ષ અનુમોદન કરીને મારી વાત પૂર્ણ કરું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગાર વિભાગની માગણી નં.૫૭ અને માનનીય મંત્રીશ્રી ખાણ અને ખનિજ વિભાગની માગણી નં. ૫૦ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના શિક્ષિત અને અશિક્ષિત યુવાનો અન્ય રાજયની સરખામણીમાં રોજગાર મેળવવામાં ખૂબ જ પાછળ રહી ગયા છે. મારા બોટાદ જિલ્લાની વાત કરું તો આ જિલ્લામાં હીરાનો ઉદ્યોગ ખૂબ મોટો છે. ૮૦ હજાર કરતા વધારે હીરાના કારીગરો બોટાદ શહેરમાં કામ કરી રહ્યા છે. ખૂબ જ દુ:ખ સાથે કહેવું પડે છે કે, એમને પૂરતું વેતન આપવામાં આવતું નથી, એમને કોઇ વીમો આપવામાં આવતો નથી કે નથી એમના માટે કોઇ પેન્શનની જોગવાઇ કરવામાં આવતી. સાથો સાથ ગુજરાતના આઉટ સોર્સિંગના કર્મચારીઓની વાત કરવામાં આવે તો એનું પણ આઉટ સોર્સિંગની કંપનીઓ દ્વારા ખૂબ જ શોષણ થઇ રહ્યું છે. ગુજરાતના યુવાનોને રોજગાર આપવામાં તંત્ર ખૂબ નિષ્ફળ ગયું છે. ગુજરાતમાં ખૂબ મોટા ઉદ્યોગો આવ્યા છે તે હું સ્વીકારું છું. રિલાયન્સ હોય, અદાણી હોય કે અન્ય હોય તેને આપણી સરકાર દ્વારા મફતના ભાવે જમીનો પણ આપી છે, ખૂબ મોટી લોનો પણ આપી છે પણ સાથો સાથે એમાં રોજગાર આપવાની વાત આવે ત્યારે અન્ય રાજયોની સરખામણીમાં આપણા શિક્ષિત યુવાનો છે એને નોકરી ઓછી આપવામાં આવે છે. સાથો સાથ શ્રમિક બેરોજગાર છે એને લઘુતમ વેતન ખૂબ જ ઓછું આપવામાં આવે છે અને સાથો સાથ એને રોજગારીનો ખૂબ મોટો પ્રશ્ન ઊભો થયો છે. ગુજરાતમાં ૧૦ લાખ કરતા પણ વધારે શિક્ષિત બેરોજગારોનું પ્રમાણ છે એને આપણે આજ સુધી રોજગારી આપી નથી શક્યા. ગુજરાતની બહેનો ખાસ કરીને શ્રમિક બહેનો છે એને રોજગાર આપવામાં આપણું સરકારી તંત્ર ખૂબ જ નિષ્ફળ નિવડ્યું છે અને સાથો સાથ એને પૂરતું વેતન આપવામાં પણ આપણે નિષ્ફળ નિવડ્યા છીએ. રોડ ઉપર આપણે જોઇશું તો ઘણી બધી બહેનો એના નાના નાના બાળકો સાથે ખોદકામ કરતી હોય છે, રોડનાં કામ કરતી હોય છે,ત્યારે આપણે તેનુ વેતન પૂછીએ તો માત્ર અને માત્ર ૧૦૦ કે ૧૨૫ રૂપિયાથી વધુ હોતુ નથી તો આના માટે પણ કોઇ જોગવાઇ હજુ સુધી કરવામાં આવી નથી. મોટી મોટી બજેટની વાતો કરવી છે કે, રૂપિયા ૫૦૦ કરોડ બજેટ ફાળવ્યું, રૂપિયા ૬૦૦ કરોડ બજેટ ફાળવ્યું પણ વાસ્તવિક અમલીકરણ થયું નથી અને સાથોસાથ જે ૫ રૂપિયામાં ભોજન આપવાની વાત છે તો મારા બોટાદ જિલ્લામાં હજુ સુધી આ યોજના લાગુ થઇ નથી. ખાણ ખનિજની વાત કરું ત્યારે ખાસ કરીને બોટાદ જિલ્લામાં ખૂબ જ બેફામ ચોરી થઇ રહી છે અને આ જે ખનિજ માફિયાઓ દ્વારા ચોરી થઇ રહી છે તેમાં ખાસ કરીને બ્લેક ટ્રેપ અને રેતીની ચોરી કરવામાં આવે છે તો ખાણ ખનિજમાં જયારે અધિકારીઓને અવાર-નવાર સૂચનો કરતા હોઇએ છીએ તેમ છતાં પણ ખાણ ખનિજના અધિકારીઓ આ લોકોની સાથે સાંઠ ગાંઠ કરી અને ખૂબ જ ખનિજની ચોરીઓ કરતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથોસાથ સુરેન્દ્રનગર, બોટાદ અને ભાવનગરમાં લાઇમ સ્ટોનનું ખૂબ જ મોટાં પ્રમાણમાં સિમેન્ટની કંપની અલ્ટ્રાટેક છે તે ગેરકાયદેસર માઇનિંગ કરી અને ખનિજની ચોરી કરી રહી છે. જો સમગ્ર ગુજરાતમાં જેને પણ આપણે બ્લોક ફાળવ્યા છે તેનુ ખાણનું જો દર ત્રણ મહિને મેપિંગ કરવામાં આવે તો સરકારને વિપુલ પ્રમાણમાં રોયલ્ટી મળે એવી શકયતા છે, આભાર.

ડો. કમલેશભાઇ ર. પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ વિભાગની માગણીઓ આ ગૃહ સમક્ષ જયારે લઇને આવ્યા છે ત્યારે એ માગણીઓને હું મારું સમર્થન આપું છું અને મારી વાત ગૃહ સમક્ષ મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એટલે વિકાસનો પર્યાય, ગુજરાત એટલે આફતને અવસરમાં ફેરવનારું રાજય, ગુજરાત એટલે વેપારી વણદની પ્રજાનું રાજય, ગુજરાત એટલે નોકરી આપનારું રાજય. ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાતની પ્રગતિ આઝાદી પછી વર્ષ-૧૯૬૭થી દ્વિભાષીય રાજયમાં ગુજરાત હતું ત્યારે પણ વર્ષ-૧૯૬૦ સુધી ગુજરાતનું ઔદ્યોગિક પાટનગર એ મહારાષ્ટ્રનું મુંબઇ જ હતું અને આ મુંબઇને ઔદ્યોગિક સામ્રાજયનું વડું મથક બનાવવાનો શ્રેય બધા ગુજરાતીઓને જાય છે. અત્યારે પણ

વર્ષ -૧૯૬૦ પછી આ વર્ષ-૨૦૨૩ સુધીમાં ગુજરાતને ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રેસર રાજ્ય બનાવવાનું શ્રેય પણ અહીંના ગુજરાતના મક્કમ નેતૃત્વને જાય છે. આત્મનિર્ભર ગુજરાત scheme for assistance to industries, ઉદ્યોગ સાહસિકોની ભૂમિ ગુજરાત ભારતનું મેન્યુફેક્ચરિંગ હબ બનવા જઈ રહ્યું છે ત્યારે આવુ આગવુ રાજ્ય આત્મનિર્ભરતાની પરિકલ્પના પૂર્ણ કરી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યોગદાન આપવા આગેવાની લેશે એવો દ્રઢ વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્ટ ટુ ઇન્ડસ્ટ્રીઝ આવનારા વર્ષોમાં ગુજરાતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર માટે મોટું પરિવર્તન લાવશે. આ યોજનાથી ગુજરાતમાં ૧૫ લાખથી વધુ લોકોને રોજગારીની તકો ઊભી થશે અને ગુજરાતમાં રૂ.૧૨.૫ લાખ કરોડનું મૂડી-રોકાણ આવશે. એમએસએમઈ માટે રૂપિયા ૧,૫૦૦ કરોડ, કાપડ ઉદ્યોગના વિકાસ માટે રૂ.૧,૫૮૦ કરોડ, મોટા એકમો માટે રૂ.૮૮૦ કરોડની સહાય કરવા માટે સરકાર કટિબદ્ધ છે. ગુજરાત રાજ્યમાં આવેલા અગત્યના ત્રણ Special Investment Region, ધોલેરા. મને ખબર છે કે, આ ધોલેરા વિસ્તારમાં ભાલનો વિસ્તાર અમારા નજીકનો પાંચ હજાર રૂપિયે પણ કોઈ વીઘો જમીન લેવા જગ્યા તૈયાર નહીં. અત્યારે પાંચ લાખ રૂપિયામાં પણ કોઈ આપવા તૈયાર નથી. આ ગુજરાતની ઔદ્યોગિક નીતિનું પરિણામ છે. એ જ રીતે માંડલ-બેચરાજી SIR શ્રી કનુભાઇને પણ ખબર હશે અને એ વિસ્તારના ધારાસભ્યને પણ ખબર હશે કે આ વિસ્તારમાં ગાંડા બાવળ સિવાય કશું હતું નહિ. એના બદલે અત્યારે ગુજરાતની મક્કમ સરકાર અને આપણા આદરણીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં માંડલ - બેચરાજી SIRના ગુજરાત કેમિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગ માટે વૈશ્વિક કક્ષાની આંતર માળખાકીય સુવિધાઓ ઊભી કરી છે. ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત ભારતનું ગ્રોથ એન્જિન બનવા જઈ રહ્યું છે ત્યારે ગુજરાતની આ ડબલ એન્જિનની સરકાર આત્મનિર્ભર ભારત માટે હંમેશા ગુજરાતના મજબૂતીકરણથી જ આગળ વધવાની છે. રાજ્યમાં મૂડીરોકાણને આકર્ષિત કરવા યોજાતા વિવિધ કાર્યક્રમો અને પ્રદર્શનોમાં ભાગ લેવા સમગ્ર દેશના અને વિદેશી ડેલિગેટ્સ અને રોકાણકારોને સુવિધા મળી રહે તે હેતુ માટે ગાંધીનગર ખાતે મહાત્મા મંદિર સહિત પંચતારક હોટલના વિકાસ માટે રૂ.૩૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતમાં કચ્છ-ભૂજમાં ઈલેક્ટ્રિક કોમર્શિયલ વ્હિકલ પ્રોડક્શન માટેનો પ્લાન્ટ સ્થાપવાનો નિર્ધાર પણ ગુજરાત સરકારે કર્યો છે. રાજ્યમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કીલ્સની સ્થાપના માટે ગુજરાત સરકારે કૌશલ્ય વિકાસ મંત્રાલયને ટાટા આઇ.આઇ.એસ. સાથે એમ.ઓ.યુ. કર્યા છે. ગુજરાતમાં એગ્રિ બેઝ બિઝનેસના વિસ્તાર માટે પણ આશરે રૂ.૨,૩૫૯ કરોડના એગ્રી બિઝનેસ સ્પેસ માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. ગુજરાતના ઔદ્યોગિક સાહસિકોને આગળ વધારવા માટે ગુજરાતની સરકાર હરહંમેશ કટિબદ્ધ છે. ગુજરાતના મક્કમ મુખ્યમંત્રીના નેતૃત્વ નીચેની ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાત બાયોં ટેકનૅલોજી પૉલિસી વર્ષ ૨૦૨૨થી ૨૦૨૭ જાહેર કરી છે. હું એનાથી આગળ વધીને કહું છું કે વર્ષ ૨૦૨૭થી ૨૦૩૨ સુધીની પૉલિસી પણ ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકાર જાહેર કરશે. ગુજરાત સરકારની ડબલ એન્જિનની દૂરંદેશી નીતિ અને અસરકારક વહીવટી કુશળતાને કારણે રાષ્ટ્રમાં જ નહિ પરંતુ વિશ્વ ફલક પર ઉદ્યોગ ક્ષેત્રે એક અદભૂત છાપ ઊભી થયેલી છે. તે માટે હું ભારતીય જનતા પાર્ટી શાસિત રાજ્ય સરકારને અભિનંદન પાઠવું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય ઉદ્યોગમંત્રીને પણ અભિનંદન આપું છું. આ બજેટની ઉદ્યોગ વિભાગની માગણીઓને મારું સમર્થન આપું છું. ભારત માતા કી જય, જય જય ગરવી ગુજરાત.

શ્રી બાબુસિંહ સા. જાદવ(વટવા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રાચીન કાળથી વેપાર-ઉદ્યોગમાં ખૂબ જ સૂઝ-બૂઝ ધરાવતો પ્રદેશ છે. આપણા ગુજરાતીઓ પ્રાચીન કાળમાં દરિયાઇ માર્ગે વેપાર કરતાં હતાં. જેમાં આપણો હાલાર પંથક એટલે કે જામનગર વિસ્તારના લોકોએ આફ્રિકામાં જઇ અને વેપાર કર્યો અને આફ્રિકાને લવિંગની ખેતી કેવી રીતે થાય તે શિખવાડ્યું. આજે પણ આફ્રિકામાં હાલારના રહેવાસીઓની પેઢીઓ છે. માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ જે અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં માનનીય બલવંતસિંહજી રાજપૂત સાહેબે જે માગણીઓ મૂકી છે તેને મારું સમર્થન છે અને એ અંગે હું મારા વિચારો રજૂ કરું છું. કોઇ પણ રાજ્ય કે રાષ્ટ્રના આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિના પાયામાં ઔદ્યોગિક ક્ષેત્રનો સિંહ ફાળો રહેલો હોય છે. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનો સંકલ્પ સાકાર કરવાની દિશામાં માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે ગુજરાતમાં પગલાં લીધા છે. ઉદ્યોગ એ ગુજરાત માટે મહત્ત્વનું ક્ષેત્ર છે. ગુજરાતની જી.ડી.પી.માં સૌથી વધુ ફાળો મૅન્યુફૅક્ચરિંગ ક્ષેત્રનો છે. છેલ્લા આઠ વર્ષમાં દેશમાં થયેલ આશરે રૂ.૩૨ લાખ કરોડના વિદેશી મૂડીરોકાણ પૈકી ૫૭ ટકા એટલે કે ૧૮ લાખ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ ગુજરાતમાં થયેલ છે. આ બજેટમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના કુલ રૂ.૮,૫૮૯ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવેલ છે.શ્રેષ્ઠ માળખાકીય સગવડો, સુશાસન, ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ અને ઉદ્યોગ ફ્રેન્ડલી નીતિઓના પરિણામે ગુજરાત બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે. રાજ્યમાં ખાનગી રોકાણોને પ્રોત્સાહન આપવા માટે આત્મનિર્ભર ગુજરાત યોજના અંતર્ગત 'ધ સ્કિમ્સ ફોર આસિસ્ટન્ટ ટુ ઇન્ડસ્ટ્રીઝ' નીતિ જાહેર કરવામાં આવેલ છે. સાથે સાથે આઈ.ટી. નીતિ, સેમી કંડક્ટર નીતિ અને ઇલેક્ટ્રોનિક નીતિની પણ જાહેરાત કરવામાં આવેલ છે. માનનીય નાણામંત્રીશ્રીએ બજેટના પ્રવચનમાં કહ્યું હતું તેમ, દેશનો પ્રથમ સેમિકોન-ડિસ્પ્લે ફેબ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ ધોલેરા ખાતે સ્થાપવામાં આવનાર છે. આ ભવિષ્યગામી નીતિઓ થકી રાજ્યમાં મૂડીરોકાણ થતાં યુવાનો માટે વિપુલ પ્રમાણમાં રોજગારીની તકો ઉપલબ્ધ થશે. રાજ્યમાં પ્રોડક્ટ આધારિત ઉત્પાદનને પ્રોત્સાહન આપવા આધુનિક સગવડો ધરાવતા સિરામિક પાર્ક, બલ્ક ડ્રગ પાર્ક, મેડિકલ ડીવાઇસ પાર્ક, વ્હીકલ સ્ક્રેપેજ પાર્ક, ટેક્સ્ટાઈલ પાર્ક તેમજ એપેરલ પાર્કની

સ્થાપના કરવામાં આવનાર છે. ભારતમાં ઈલેક્ટ્રિક વાહનો અને બેટરીના મેન્યુફેક્ચરિંગ માટે જાપાનની ઓટોમોબાઈલ કંપની સુઝૂકી મોટર્સ કોર્પોરેશનના ગુજરાત સરકાર સાથે રૂ.૧૦,૪૦૦ કરોડના રોકાણો કરવા માટેના એમ.ઓ.યુ. થયા છે. મને જણાવતાં આનંદ થાય છે કે ગુજરાતને નેટ ઝીરો કાર્બન ફી બનાવવાના હેતુ સાથે ગ્રીન એનર્જી ક્ષેત્રમાં રિલાયન્સ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. જેનાથી અંદાજિત દસ લાખ રોજગારીનું સર્જન થશે. વાયબ્રન્ટ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં એક ઔદ્યોગિક પાર્ક સ્થાપવા માટે રૂ.૪,૫૦૦ કરોડના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. જ્યાં કેમિકલ ફાર્માસ્યુટિકલ, પેપર, ટેક્સ્ટાઈલ અને એન્જિનિયરિંગ ક્ષેત્રમાં ૩૫૦ ઔદ્યોગિક એકમો સ્થપાશે અને નવી રોજગારી માટેની તકોનું સર્જન થશે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ-ભુજમાં ઈલેક્ટ્રિક કોમર્શિઅલ વ્હીકલ પ્રોડક્શન માટેનો પ્લાન્ટ સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બિઝનેસ પ્રોસેસ મેનેજમેન્ટ ક્ષેત્રની આંતરરાષ્ટ્રીય કંપની QX ગ્લોબલ ગૃપ લિમિટેડ અને રાજ્યના સાયન્સ ટેકનોલોજી ડીપાર્ટમેન્ટ વચ્ચે એમ.ઓ.યુ. થયા છે. આ ભાગીદારીના કારણે રાજ્યમાં આઈ.ટી. ક્ષેત્રે બે હજાર જેટલી રોજગારીનું સર્જન થશે. ઔદ્યોગિક ટ્રીટેડ પાણીના નિકાલ માટે સરીગામ, વાપી, સુરત અને અંકલેશ્વરમાં ડીપ-સી પાઈપલાઈન નાંખવામાં આવી છે. બે દાયકા પહેલા અગરિયાઓની તકલીફો સામે જૂજ સહાયો ઉપલબ્ધ હતી. આજે મીઠું પકવતા અગરિયાઓને તેમની સલામતી અને સુરક્ષા માટે ૪૭,૨૮૮ નંગ રક્ષણાત્મક કીટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં ગોગલ્સ, હાથના મોજાં, માથાની કેપ અને ગમ બુટનો સમાવેશ થાય છે. અગરિયાઓના બાળકોને પ્રાથમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે સ્કૂલના ઓરડાઓના બાંધકામ માટે કુલ રૂ.૫,૩૧૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. રાજ્યમાં પાંચ સ્થળોએ એગ્રો ફૂડ પાર્ક બનાવવામાં આવ્યા છે. ગુજરાતમાં આજે ઉદ્યોગ વિભાગમાં નોંધાયેલી ૪૪ નોડલ સંસ્થાઓ છે અને ૧૫૦થી વધુ ઈન્ક્યુબેટર શિક્ષણ વિભાગની SSIP નીતિ હેઠળ સમર્પિત છે. 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત' ની થીમ ઉપર સુરતમાં ' વિવિંગ ગ્રોથ ફોર ટેક્ષટાઈલ' સમિટનું સફળ આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા માટે ગૌરવની વાત છે કે લોજિસ્ટિક માલ-સામાનની સરળતાથી હેરફેરની કાર્યક્ષમતા લોજિસ્ટિક લીડ્સમાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે છે. ગુજરાતમાં નોંધાયેલ સ્ટાર્ટ અપ્સની કુલ સંખ્યા ૮,૪૫૦થી વધુ છે.

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની અંદાજપત્રીય માંગણીઓ સંદર્ભે મારા વિચારો સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનો સર્વગ્રાહી વિકાસ થાય તે માટે રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે તે એક આવશ્યક બાબત છે. શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળના શ્રમ આયુક્ત તંત્ર દ્વારા રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ જાળવવાનું કાર્ય કરવામાં આવે છે. શ્રમ આયુક્ત તંત્ર દ્વારા વિવિધ શ્રમ કાયદાઓ જેવા કે, (૧) લઘુત્તમ વેતન અધિનિયમ (૨) બોનસ ચૂકવણી અધિનિયમ (૩) ગ્રેજ્યુઈટી ચૂકવણી અધિનિયમ (૪) કોન્ટ્રાક્ટ મજૂર અધિનિયમ (૫) સમાન વેતન અધિનિયમ (૬) ઔદ્યોગિક વિવાદ અધિનિયમ મુખ્ય છે. શ્રમ કલ્યાણ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટીના વિકાસ તેમજ યુવાનોને ડ્રોન તાલીમ જેવા કૌશલ્યના વિવિધ અભ્યાસક્રમોમાં તાલીમ માટેનું આયોજન કરવામાં આવેલ છે. શ્રમિકોના બાળકો માટે આંગણવાડી, ઘોડિયાઘર તેમજ આરોગ્ય ચકાસણી કેન્દ્રની સ્થાપના કરવાનું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્ર અને બાંધકામ ક્ષેત્રનો વિકાસ રાજ્યમાં કામ કરતાં શ્રમિક ભાઈઓ અને બહેનોને આભારી છે. આ શ્રમિક ભાઈઓ-બહેનોના કાયદાકીય અધિકારો, યોજનાકીય લાભો, આરોગ્યની સુવિધાઓ, પૌષ્ટિક આહાર, સલામતી, રહેણાંક વગેરે બાબતો માટે રાજ્ય સરકાર સતત ચિંતિત અને જાગૃત છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમિક કાયદાઓના અમલીકરણની સાથે સાથે શ્રમિકોની સામાજિક સુરક્ષા અને કલ્યાણની વિવિધ યોજનાઓ ચલાવવામાં આવે છે. રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહેવાના કારણે રાજ્યમાં ઔદ્યોગિક ગૃહો દ્વારા વિવિધ સ્થળોએ નવા-નવા ઉદ્યોગોની સ્થાપના કરવામાં આવેલ છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમયોગીઓના કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ જેવી કે, શ્રમ નિકેતન યોજના, શ્રમ બસેરા યોજના, શ્રમિક અન્નપૂર્ણા યોજના, પ્રસુતિ સહાય યોજના, મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના, શૈક્ષણિક પુરસ્કાર યોજના ચલાવવામાં આવે છે. ઔદ્યોગિક સલામતી જાળવવા તંત્ર સદાય અગ્રેસર રહ્યું છે. સરકાર દ્વારા રાજ્યની હદમાં આવેલ કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓને પ્રોત્સાહિત કરવા માટે ૧૬ રાજ્ય શ્રમ પારિતોષિકો પ્રદાન કરવાની યોજના છે. આ યોજના હેઠળ યોગ્યતા ધરાવતા શ્રમયોગીઓને રીજિયનદીઠ ૧૬ એમ કુલ ૬૪ જુદા-જુદા પારિતોષિકો નીચે જણાવ્યા મુજબ આપવામાં આવે છે:

રાજ્ય શ્રમ રત્ન - ૪ પારિતોષિકો, પારિતોષિક દીઠ રૂ. ૨૫,૦૦૦/-
રાજ્ય શ્રમ ભૂષણ - ૪ પારિતોષિકો, પારિતોષિક દીઠ રૂ. ૧૫,૦૦૦/-
રાજ્ય શ્રમ વીર - ૪ પારિતોષિકો, પારિતોષિક દીઠ રૂ. ૧૦,૦૦૦/-
રાજ્ય શ્રમશ્રી/શ્રમદેવી - ૪ પારિતોષિક, પારિતોષિક દીઠ રૂ. ૫,૦૦૦/-

મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના(MATS) અંર્તગત પ્રતિ સ્નાતક એપ્રેન્ટિસની ભરતી માટે રૂ. ૩૦૦૦/- પ્રતિ ડિપ્લોમા એપ્રેન્ટિસની ભરતી માટે રૂ. ૨૦૦૦/- અને પ્રતિ ડિપ્લોમાથી નીચેની કક્ષાના તમામ પ્રકારના એપ્રેન્ટિસની ભરતી માટે રૂ. ૧૫૦૦/-નું માસિક વળતર એકમોએ એપ્રેન્ટિસોને ચૂકવેલ સ્ટાઇપેન્ડની સામે એકમોને આપવામાં આવે છે. રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા આ વર્ષમાં ૨,૭૭,૭૮૨ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. જે પૈકી ૧,૫૦૦

ભરતી મેળાના આયોજન થકી ૧,૪૭,૦૬૩ ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે. લશ્કર/અર્ધલશ્કરી દળોમાં ભરતી પૂર્વેની તાલીમ યોજના અંતર્ગત આ વર્ષમાં ૬૨ તાલીમ વર્ગોના આયોજનથી ૧,૮૦૧ ઉમેદવારોને શારીરિક તથા લેખિત કસોટી અંગેની સઘન તાલીમ આપવામાં આવેલ છે. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી સ્કીલ ડેવલપમેન્ટ ઈનિસિએટિવ (MSDI)ની જાહેરાત કરી. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં પાંચ લાખથી વધુ ઉમેદવારોને કૌશલ્ય તાલીમ આપવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવેલ છે. MSDIરાજ્યની સ્કિલ ઈકોસિસ્ટમને વધુ સુદૃઢ કરવાના હેતુથી સ્કિલ ડેવલપમેન્ટની વિવિધ યોજનાઓ અમલમાં મૂકતા વિભાગોના સહયોગી અભિગમથી રાજ્યના કૌશલ્ય પ્રયાસોને એકીકૃત કરવા પર ભાર મૂકે છે. MSDIઅંતર્ગત કુલ પાંચ લાખ પૈકી શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે ૩.૫ લાખનો લક્ષ્યાંક નિયત થયેલ અને બાકી લક્ષ્યાંક અન્ય વિભાગો વચ્ચે વહેંચણી થયેલ છે. MSDIઅંતર્ગત સ્કિલિંગ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ તમામ વિભાગોમાં નોડલ અધિકારીશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે તથા ડેટા કન્વર્ઝન્સ જી.એસ.ડી.એમ.પોર્ટલ પર કરવામાં આવે છે. જે અંતર્ગત ફાળવેલ લક્ષ્યાંક પૈકી ૨,૮૮,૫૫૦ તાલીમાર્થીઓની તાલીમ પૂણ થયેલ છે. જ્યારે ૨,૦૦,૪૯૦ તાલીમાર્થીઓ હાલ તાલીમ લઇ રહેલ છે. આમ, ૪,૮૯,૦૪૦ જેટલી સિદ્ધિ મળેલ છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગને MSDIતરફથી ૩,૫૦,૩૦૦નો લક્ષ્યાંક મળેલ હતો. તેની સામે ૨,૦૪,૬૭૩ની તાલીમ પૂર્ણ થયેલ છે અને ૧,૮૫,૭૧૦ની તાલીમ ચાલુ છે. આ યોજનાનો હેતુ ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન દ્વારા ગુજરાત રાજ્યમાં કુશળ, અનુભવી અને સારી રીતે પ્રશિક્ષિત ટ્રેનર્સનો સમૂહ બનાવવા માટે નવીન ટેકનોલોજી સંબંધિત તાલીમ અભ્યાસક્રમો શરૂ કરવા ગુજરાત એપેક્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ (GATI)ની સ્થાપના કરવાની કલ્પના કરેલ છે. ગુજરાત કૌશલ્ય વિકાસ મિશનને GATI દ્વારા આઇ.ટી.આઇ.ના પ્રશિક્ષકોની તાલીમ સંસ્થા તરીકે વિકસાવવા માટે ''ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન પ્રોગ્રામ'' હેઠળ JICA પાસેથી ભંડોળ પ્રાપ્ત થયું છે. આ પ્રોજેક્ટ માટે રૂ. ૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યમાં ૦૮ જેટલા (i-ToT) આઇ-ટોટ કેન્દ્રો અને ૦૪ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ સ્થાપવામાં આવશે. જેનો મુખ્ય ઉદ્દેશ પ્રશિક્ષકોના ક્ષમતા નિર્માણ દ્વારા ગુજરાતમાં વ્યવસાયિક તાલીમની ગુણવત્તાને પ્રોત્સાહન આપવાનો છે. GATIઅંતર્ગત સ્કિલ ક્ષેત્રે કાર્યરત શૈક્ષણિક અથવા તાલીમ સંસ્થાના પ્રશિક્ષકોને અગાઉથી કૌશલ્યની તાલીમ આપીને અને અસરકારક તાલીમ માટે નવા અભિગમનો ઉપયોગ કરીને તેમની ગુણવત્તા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

શ્રી રાકેશ ગુ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલા એક કામની વાત કરવી છે. નવસારી જિલ્લામાં મુખ્ય ત્રણ નદી લોકમાતા વહે છે. એમાંથી પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓ છે. અંબિકા નદી ઉપર ભારતીય જનતા પાર્ટીની સરકારે ભૂતકાળમાં ટાઇડલ રેગ્યુલેટર ડેમ બનાવી દીધો છે અને પ્રજા એના મીઠાં ફળ ચાખી રહી છે. હાલ કાવેરી નદી ઉપર વાઘરેચ ટાઇડલ રેગ્યુલેટર ડેમનું કામ પ્રગતિમાં છે. નવસારી-વીજલપોર શહેરની વર્ષોથી એક જૂની માગણી હતી કે પીવાના પાણીની નવસારી શહેરને ભારે તકલીફ હતી. વર્ષોથી પૂર્ણા નદી ઉપર ટાઇડલ રેગ્યુલેટર ડેમના કામ માટે નવસારીની જનતા ઝંખી રહી હતી એ કામને આ બજેટમાં રૂપિયા ૧૧૦ કરોડમાં, પૂર્ણા ટાઇડલ રેગ્યુલેટર ડેમ મંજૂર કરીને રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. આ કામ માટે નવસારીની જનતા વતી ગુજરાત રાજ્યના ડાયનામિક માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, ગુજરાતના નાણામંત્રી વડીલ શ્રી કનુભાઇ દેસાઇ તથા મંત્રી શ્રી કુવરજીભાઇ બાવળિયાનો દિલથી આભાર માનું છું. વર્ષ ૨૦૨૩-૨૪ના અનુદાનો અંગેની માગણી નંબર- ૪૯ ઉદ્યોગના અનુમોદન માટે હું મારા વિચારો રજૂ કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય છેલ્લાં બે દાયકાથી દેશનું ઔદ્યોગિક પાવરહાઉસ છે. બદલાતાં સમય સાથે ડગ ભરીને વિકાસના માર્ગે મક્કમતા સાથે આગળ વધવું એ ગુજરાતનો એક સ્વભાવ છે. ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીનું વિઝન, બિઝનેસ ફ્રેન્ડલી નીતિઓ, પારદર્શકતા અને ઝડપથી ઉદ્યોગોને મળતી મંજૂરીઓ, ઉદ્યોગોને અવિરત વીજ પુરવઠો મળે એનું ધ્યાન રાખવું, મજબૂત ઇન્ફ્રાસ્ટ્રક્ચર, વિશેષ આર્થિક ઝોન સેઝ બનાવવા આ બધી ઉપલબ્ધિઓ અને નિર્માણના લીધે ગુજરાત રાજયમાં ઝડપી ઔદ્યોગિકીકરણનો પાયો મજબૂત થયો. ગત ડિસેમ્બર માસમાં આર.બી.આઇ.એ જે ડેટા જાહેર કર્યા છે એમાં એવું કહ્યું છે કે, ગુજરાત ભારતનું સૌથી મોટું મેન્યુફેક્ચરિંગ હબ બની ગયું છે. આ આપણે કહેતાં નથી. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર કહેતી નથી. આ આર.બી.આઇ. કહે છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વાવેલાં બીજના ફળ વટવૃક્ષ બન્યા પછી આજે આપણે ચાખી રહ્યા છીએ. ગુજરાતે ગ્રોથ વેલ્યુ એડિશન સાકાર કરી, ફાઇનાન્શિયલ વર્ષ ૨૦૧૨થી ૨૦૨૦ દરમિયાન મેન્યુફેકચરિંગ ક્ષેત્રે ૧૫.૯ ટકાની વૃદ્ધિ કરી ૫.૧૧ લાખ કરોડ ઉપર આ મેન્યુફેકચર ક્ષેત્ર પહોંચ્યું છે. આ દરમિયાન ગુજરાત રાજ્યે ઘણા અગ્રેસર રાજ્યોને પાછળ મૂકી દીધાં છે. રાજ્યમાં આવેલી અસંખ્ય ફેકટરીઓમાં લાખો લોકોને ગુજરાત રાજ્ય રોજી પૂરી પાડી રહ્યું છે. ગુજરાત રાજ્ય ગુજરાતીઓને તો રોજી પૂરી પાડી રહ્યું છે પણ આઉટ સ્ટેટના અસંખ્ય લોકોને પણ રોજગારી પૂરી પાડી રહ્યું છે. વર્ષ ૨૦૦૨-૦૩માં ગુજરાત રાજ્યની નિકાસ ઘણી જ ઓછી હતી. આજે વર્ષ ૨૦૨૧-૨૨માં આશરે ૮ લાખ કરોડ થઇ છે. ભારતના નિકાસમાં ગુજરાત રાજ્યનો ૩૦ ટકા હિસ્સો છે તથા ગુજરાત રાજ્યના બંદરો ભારતના ૪૦ ટકા કાર્ગોનું સંચાલન કરે છે. ૨૭ વર્ષથી ગુજરાતની ભા.જ.પ. સરકારે જે પરિશ્રમની પરાકાષ્ઠા કરી છે, એનું આ ફળ છે. દેશની ૫ ટકા વસતિ અને ૬ ટકા જમીન ધરાવતા આપણા ગુજરાતના જી.એસ.ટી.બી. ૨૦૨૧ ભારતના જી.ડી.પી.ના ૮.૩૬ ટકા છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની રાજય સરકારના ભગીરથ

પ્રયાસોને લીધે ઉદ્યોગકારોને ગુજરાતમાં આકર્ષવામાં પણ આપણે સફળ રહ્યાં છીએ. ગિફ્ટ સિટી હોય. ધોલેરા સર હોય. મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ હોય કે દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર હોય. વગેરે તમામ આત્મનિર્ભર ભારત માટે આત્મ નિર્ભર ગુજરાતને વેગ આપશે એ જ વાત સાથે વિરમું છું. ભારત માતા કી જય.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને મારું એક સૂચન છે અને નમ્ર રજૂઆત છે કે આપણી ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારનો જે મેઇન ઉદ્દેશ છે. અત્યારે તળાવો વગેરે ઊંડા કરી રહ્યા છીએ, તો એમાં મારું સૂચન છે કે જે ખાણો છે, મોટી મોટી લિગ્નાઇટની ખાણો છે, લાઇમ સ્ટોનની છે, બોકસાઇટની, મેન્ટોનેટની છે. આ બધી ખાણો છે એ આટલા વર્ષો સુધી ખનન થવાને કારણે મોટા મોટા ડેમ જેટલી ઊંડી થઇ ગઇ છે. એમાં સરકારનો એવો નિયમ છે કે પાછી એ ખાણો દાટી અને એની ઉપર ઝાડી વાવીને કરી દીધી. એના કરતા સાહેબ અત્યારે ૫૦ કરોડ કે ૨૫ લાખ કરોડ ખર્ચો કરીએ તો પણ ડેમ ન બની શકે. માનનીય અધ્યક્ષશ્રી, એ મોટી મોટી ખાણો અત્યારે ડેમ બની ગઇ છે. અત્યારે ફકત એક એક જગ્યાએ નદી એનામાં બંધ કરી ૨૫ ટકા, ૧૦ ટકા ખર્ચ પણ ન થાય. જેનાથી આપણો જે આ ઉદ્દેશ છે, પાણી રોકવાનો અને પાણી રીચાર્જિંગનો. એ મોટામાં મોટા માનનીય અધ્યક્ષશ્રી, ડેમો તૈયાર થઇ જાય અને દસ દસ ટકા પણ ખર્ચ થાય તેમ નથી. કયાંક ૧૦૦ મીટર, કયાંક ૫૦ મીટર બંધ કરીને આપણા સારી રીતે મોટા મોટા ડેમ થઇ જાય છે. એટલે નમ્ર અપીલથી આપને હું સૂચન કરું છું અને અપીલ પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક બીજું સૂચન અને અપીલ છે. આપણે પવનચક્કીને જે જમીન આપીએ છીએ એ સમતળ જમીન હોય છે. અમુક જગ્યાએ એ ડુંગર ઉપર કરે છે. તો ખરેખર એ ડુંગરનું ખનિજનું આપણને વળતર આપે છે કે નહીં?

માનનીય અધ્યક્ષશ્રી, આટલી મારી રજૂઆત હતી. ખૂબ ખૂબ આભાર. ધન્યવાદ.

શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ અને ખાણ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ખાણ અને ખનીજ અને મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહ સમક્ષ મારી માગણી નંબર ૪૯, ૫૦, ૫૭, ૭૮ અને ૭૯ લઇને આવ્યો છું. ઘણા બધા મિત્રોએ ચર્ચા કરી છે. ૨૦થી વધુ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો છે. ઘણા બધા લોકોએ સારા સૂચનો કર્યા છે. ત્રણેક સભ્યશ્રીઓએ એમના ઘણાબધા પ્રશ્નો પણ ઊભા કર્યા છે. અમિતભાઇ વિપક્ષના નેતા છે. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અમિતભાઇ, શ્રી જિગ્નેશભાઇ, શ્રી ઉમેશભાઇ અને ૧૭ સભ્યોએ વાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ૨૦૦૨થી આ વિધાનસભામાં, રાજકારણમાં છું. વિપક્ષના નેતા હંમેશા જયારે પણ બોલતા હોય ત્યારે આ વિધાનસભાના લોકો એમને જોતા હોય છે કે શું બોલે છે એના પર બહુ આધારિત હોય છે. વિપક્ષના નેતા જયારે બોલે ત્યારે સમગ્ર ગુજરાતને કયા પ્રકારનો ફાયદો થશે, શું થશે અને સરકાર માટે કાંઇ કહેવાનું હોય તે ચોકકસ કહેતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આદરણીય વિપક્ષના નેતાએ જે વાત કરી ત્યારે મને ખરેખર દુ:ખ થયું. આટલા જાગૃત, અભ્યાસુ વિપક્ષના નેતાશ્રીએ માત્રને માત્ર ટીકાઓ અને જે પ્રમાણે એમણે વાત કરી છે. પાંચ, સાત વાતો એટલી જ ટીકામાં કરી છે. કદાચ સારા સૂચનો કર્યા હોત તો આનંદ થાત.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે પહેલી વાત કરી જમીન માપણી માટે. આજે મને કહેતા આનંદ થાય છે કે સમગ્ર ગુજરાતમાં સને ૧૮૮૬માં પહેલીવાર જમીન માપણી થઇ. ત્યારપછી સને ૧૯૨૦માં જમીન માપણી થઇ હતી. ૯૦ વર્ષ પછી આ ગુજરાતમાં એ વખતના મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા અને એમણે આ નક્કી કર્યું કે ૯૦ વર્ષ સુધી અગાઉની સરકારોએ જયારે કશી માપણી કરી નથી ત્યારે ગમે તે સંજોગોમાં મારે આ માપણી ગુજરાતમાં કરવી છે. માટે સને ૨૦૦૯-૧૦માં એમણે એ નિર્ણય કર્યો. આજે નિર્ણય કર્યો છે ત્યારે મને કહેતા ચોક્કસ આનંદ થાય છે કે ૩૩ જિલ્લાઓમાં ૧૮,૦૪૬ ગામો, તે પૈકી ૧૮,૦૩૫ ગામોની માપણી પૂર્ણ થઇ છે. ૧૯,૯૮૮ ગામોનો રેકોર્ડ પ્રમોલેટ કરવાનું અમલીકરણ કરવામાં આવ્યું છે. અને માનનીય સભ્યશ્રી જે કહેતા હતા એ ચોક્કસ સાચી વાત છે, પણ આ પ્રક્રિયા સમગ્ર ભારતની અંદર કોઇએ કરી હોય તો આ ગુજરાતમાં પ્રથમ છે. આપણા સૌ માટે આ ગૌરવ લેવા જેવી વાત છે. જયારે એમણે કહ્યું ત્યારે કહું કે ૩૩ જિલ્લાઓમાં ૫,૯૩,૦૬૨ વાંધા અરજીઓ મળી હતી, વાંધા અરજીઓ ચોક્કસપણે મળી છે. પણ આ ગુજરાત સરકાર છે, આ ગુજરાત સરકારે ૪,૫૧,૩૨૨ અરજીઓની માપણી પૂર્ણ કરી દીધી છે અને એ અરજીઓનો નિકાલ કરી દીધો છે જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. જે સમયે (અંતરાય) જુઓ શ્રી અમિતભાઇ, આપ બોલતા હતા, મારું નામ બોલ્યા હતા છતાં પણ આપ વિપક્ષના નેતા હતા, તેથી મેં કયાંય આપને ડિસ્ટર્બ કર્યા નથી, આપ મારા માટે એવું પણ બોલ્યા કે આપને કોઇએ ઇશારો કર્યો અને હું બંધ થઇ ગયો. તોય મેં આપને ડિસ્ટર્બ ન કર્યા. એટલા માટે કે હું તમને તમારો જ જવાબ આપું છું. જયારે આટલી વાત થઇ હોય ત્યારે મને કહેતા આનંદ થાય છે, ચોક્કસ આટલા બધા બેઠા છે ત્યારે માપણી પ્રત્યે બધાને ચિંતા છે અને હું સમજી શકું છું. ભૂતકાળમાં ચાવડા સાહેબનો પણ વિજાપુરમાં પ્રશ્ન આવ્યો હતો. પણ હું કહું છું કે આ ગુજરાતની અંદર જયાં નાની મોટી કમી દેખાતી હશે તે અમારી સરકાર ટૂંક સમયની અંદર જયાં જયાં જરૂર જણાશે ત્યાં તેને પૂર્ણ કરશે તેની મને ખાતરી છે. એમણે જયારે બીજી વાત રોજગારી માટેની કરી ત્યારે મને ચોક્કસ કહેતા આનંદ થાય છે, નાના નાના ઉદ્યોગો માટેની એમણે ચિંતા વ્યકત કરી, અને ચિંતા સાથે એટલું હું ચોક્કસ કહી શકું કે આજે ૧૧ લાખથી વધારે નાના ઉદ્યોગો ગુજરાતમાં છે અને એની અંદર અમે અનેક પ્રકારની સ્કીમો બનાવી છે. એના કારણે રૂ.૪૫,૦૦૦ કરોડ રૂપિયાનું આપણું રોકાણ છે અને ૩ લાખ લોકોને આજે સીધી રોજગારી પ્રાપ્ત થાય છે. મોટા ઉદ્યોગો અને નાના ઉદ્યોગોનો જે ડિફરન્સ હતો,

ગુજરાત સરકાર સૌથી વધુ પ્રાયોરિટી નાના ઉદ્યોગોને આપે છે અને આવનારા સમયમાં નાના ઉદ્યોગોને વધુ મહત્ત્વ આપવાના છીએ. એમણે જી.આઇ.ડી.સી.ની વાત કરી, જી.આઇ.ડી.સી. બાબતે મને કહેતા આનંદ થાય છે કે એમણે બનાસકાંઠાની અંદર જે નામ ગણાવ્યા, છેલ્લા પાંચ વર્ષમાં ૨૩ જી.આઇ.ડી.સી. આપણે નવી આપી છે. આટલી જી.આઇ.ડી.સી. જ્યારે નવી આપી હોય ત્યારે એમણે જે નામો ગણાવ્યા એમાં એક મુડેઠા, તો મુડેઠાની અંદર આપણે એગ્રો પાર્ક કરવાની શરૂઆત કરી દીધી છે. ત્યાં આપણે સૈદ્ધાંતિક રીતે મંજૂરી આપી છે, એ જ રીતે અમીરગઢની અંદર પણ આપણે કર્યું છે અને હમણાં જ શ્રી જિજ્ઞેશભાઇ બેઠા હતા, એમણે પણ વાત કરી હતી ઝલોત્રાની અંદર પણ આજે આપણે મંજૂર કરી છે. એટલે બનાસકાંઠામાં આપ જે ગણાવતા હતા એમાં છેલ્લા પાંચ વર્ષમાં આપણે ત્રણ કરી છે અને આવનારા સમયમાં જ્યાં જ્યાં આપણને કહેવામાં આવશે ત્યાં આપણે સરવે કરાવીને આપણા ગુજરાતનો એક પણ યુવાન બેકાર ન રહે અને તમામને રોજગારી પૂરી પાડવાના પ્રયત્નો આપણે ચોક્કસપણે કરવાના છીએ. હમણાં જ કહેવામાં આવ્યું, શ્રી જિજ્ઞેશભાઇની મજૂર ભાઇઓ બાબતની ચિંતા હતી, રોજગારી બાબતમાં ચિંતા હતી, તો જે લોકો મજૂર ભાઇઓ છે, એમના માટે અનેક પ્રકારની સુવિધાઓ આજે પણ થતી હોય છે, રોજગારી માટે જે મજૂર ભાઇઓ આવે છે એમના કડિયા નાકા માટેની એમણે ચિંતા વ્યકત કરી છે, તો ત્યાં આપણે ભોજન શરૂ કર્યું છે, પાણીની વ્યવસ્થાનું એમનું સૂચન સારુ હતું, હું સ્વીકારું છું, ત્યાં પાણીની વ્યવસ્થા પણ આપણે ચોક્કસપણે કરીશું. આપણો એક પણ મજૂર છે તેને કયાંય તકલીફ ન પડે, એના માટે જે પૈસા આવ્યા છે તે એમના માટે વપરાય એ બાબતની આપણે ચોક્કસપણે વ્યવસ્થા કરવાના છીએ. અને મને કહેતા આનંદ થાય છે કે સમગ્ર ભારતની અંદર તમે રિપોર્ટ જોયો હશે કે સમગ્ર ભારતનો બેરોજગારીનો આંક ૪.૨ છે. આપણે ગૌરવ સાથે કહી શકીએ કે બેરોજગારીમાં ગુજરાતનો આંક માત્ર ૨.૨ છે. એ આપણા સૌ માટે ગૌરવની વાત છે. અનેક સભ્યોએ સારા સૂચનો કર્યા છે. અને હમણાં શ્રીઅમિતભાઇ, આપ મને કહેતા હતા તો એ પણ મેં ચર્ચા કરી, આપના વિસ્તાર માટેનીની વાત હતી કે લોકોએ દબાણ કર્યું છે, એની પણ મેં ખરેખર તપાસ કરાવડાવી કે આમાં ખરેખર શ્રી અમિતભાઇનો પ્રશ્ન શું છે.જ્યારે હું પ્રશ્ન સમજ્યો, ત્યાં આગળ ૪૫૦થી ૫૦૦ ખેડૂતોને હેક્ટર, બે હેક્ટર જમીન આપવામાં આવી છે. વર્ષ ૧૯૯૪થી ૨૦૧૮ સુધીમાં આપવામાં આવી છે. કદાચ નાના મોટા દબાણો હશે. મારી પાસે બે વર્ષની માહિતી હતી. મેં આપને તે વખતે કહ્યું હતું કે મેં કલેક્ટરશ્રી પાસેથી માહિતી મગાવી હતી. તેમણે કહ્યું હતું કે આ બે વર્ષમાં કંઇ નથી પણ આવું કોઇ દબાણ હશે. આપે કાગળ બાબત પણ કહ્યું છે એ પણ મેં તપાસ કરાવવા માટે કહ્યું છે. એવું કંઇ હશે તો દબાણ દૂર કરાવવાની કોશિશ પણ આપણે ચોક્કસ કરવાના છીએ.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ મારા નામજોગ ઉલ્લેખ કર્યો છે તો હું સભ્યશ્રીને કહેવા માગું છું કે જે રીતે ઓલપાડ તાલુકામાં ગેરકાયદેસર જિંગાના તળાવ વિશે એમણે કહ્યું, સભ્યશ્રી પાસે પૂરી માહિતી ન હોય.. હા, મેં લેટર લખ્યો છે. ધારાસભ્ય તરીકે લેટર લખ્યો છે કે બિન અધિકૃત રીતે તળાવ કરવા માટે, પણ વર્ષ ૧૯૯૪થી લઇને ૨૦૧૮ સુધીમાં ઓલપાડ તાલુકામાં ૨,૦૩૫ હેક્ટર સરકારશ્રી તરફથી જિંગાના તળાવો ફાળવવામાં આવ્યા છે. મેં જે રજૂઆત કરી હતી કે જે બાકી રહી ગયેલા તળાવો, જ્યાં ગેરકાયદેસર તળાવ હતા તેમાં મેં વર્ષ ૨૦૧૭-૧૮માં મુખ્યમંત્રીશ્રીને જે તે સમયે લેટર લખ્યો હતો. તેમાં પણ ઉલ્લેખ કર્યો હતો કે જિંગાના તળાવો છે, ફરીથી માસ્ટર મેપિંગ થાય, તેમાં વલસાડની એમ.પી. રાજ દ્વારા માસ્ટર મેપિંગ થયું. એ લેટર પછી તા.૧૯-૮-૨૦૦૦ના દિવસે ૨૨૭ હેક્ટર તળાવો ફરીથી માસ્ટર મેપિંગ કરીને કાયદેસર રીતે ફાળવવામાં આવ્યા એટલે ઓલપાડ તાલુકાની અંદર માનનીય અમિતભાઇને જણાવવાનું કે એક પણ જિંગાના તળાવો નથી અને દબાણની વાત કરે છે તો તા.૩૧-૧૨-૨૦૧૨ના દિવસે જે સેનાખાડી છે, ઘોડાખાડી છે ત્યાં નજીક તળાવ બનાવવાના છે. મારે કલેક્ટર સાથે મિટિંગ થઇ હતી. કલેક્ટરને સૂચના આપી છે. ખાડીની બન્ને બાજુ ૨૫-૨૫ મીટરનું દબાણ દૂર કરો. જે લોકો દબાણ દૂર ન કરે તેના પર લેન્ડ ગ્રેબિંગ કરવાની પણ અમે સૂચના આપી છે. અમારા ખેડૂત માટે અમે જાગૃત છીએ. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી. (અંતરાય) નહીં, તમે નામ આપ્યું હતું. એમણે શું કહ્યું એ તમે સાંભળી લીધું. એમણે સ્પષ્ટતા કરી દીધી છે.

શ્રીબલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માટે હકારાત્મક રીતે વિચાર્યું છે અને ખોટી માહિતી ન જાય. મેં માહિતી મગાવી હતી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ સમગ્ર ભારતનું પાવર હાઉસ છે. પાવર હાઉસ એટલા માટે કહી શકાય કે સમગ્ર ભારતમાં દરેક રાજ્યોમાં ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રીના મેક ઇન ઇન્ડિયા અભિયાનમાં ગુજરાતની સૌથી મોટી ભૂમિકા રહી છે. ગુજરાતમાં કોઇ પણ ઉદ્યોગ કરવો હોય તો શાંતિ જોઇએ, સુરક્ષા જોઇએ, ઝડપથી જમીનની વ્યવસ્થા થાય, સ્કીલ માટેની વ્યવસ્થા થાય. લોકો તરત ઉદ્યોગમાં જોડાઇ શકે. આ રીતે ગુજરાત આગળ વધી રહ્યું છે. દેશમાં ગુજરાતની વસતિ ૫ ટકા છે. ૬ ટકા જમીન ધરાવતા ગુજરાતનો વર્ષ ૨૦૨૦-૨૧માં જી.એસ.ડી.પી. ભારતના જી.ડી.પી.નો ૮.૨૭ ટકા રહ્યો હતો. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે બિઝનેસ ફ્રેન્ડલી નીતિઓ ઘડી છે. જેના લીધે આખા વિશ્વમાંથી લોકો આવે. અન્ય રાજ્યમાંથી આવે. અહીં જે ઉદ્યોગપતિઓ આવે તેમને ઉદ્યોગો માટે મોકળું મેદાન મળે છે. તેના લીધે આપણે હકારાત્મક રીતે આગળ વધી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯-૨૦ના ભારત સરકારના ઉદ્યોગો માટેના વાર્ષિક સરવેક્ષણમાં દર્શાવ્યા અનુસાર, સૌથી વધુ ફેકટરીઓ સાથે ગુજરાત ભારતમાં બીજા ક્રમાંકે રહી ઔદ્યોગિક ક્ષેત્રે પણ પ્રભુત્વ ધરાવે છે. રાજયમાં લગભગ ૨૮,૪૭૯

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

ફેકટરીઓમાં ૧૬ લાખ લોકોને સીધી રોજગારી પૂરી પાડે છે. ભારતના કુલ ઔધોગિક ઉત્પાદનમાં ગૌરવ સાથે કહી શકાય કે ૧૮.૧૪ ટકાના યોગદાન સાથે ગુજરાત દેશમાં આજે પ્રથમ નંબરે છે એ આપણા માટે ગૌરવની વાત છે. વર્ષ ૨૦૧૯-૨૦માં એન્યુઅલ સરવે ઓફ ઇન્ડસ્ટ્રીઝ (એ.એસ.આઇ.)ના પરિણામ અનુસાર ગુજરાત સમગ્ર દેશમાં ગ્રોસ પ્રોડકશનમાં સમગ્ર ભારતની અંદર ૧૮.૨ ટકા, ફિકસ્ડ કેપિટલમાં સમગ્ર ભારતના ૨૦.૬ ટકા, નેટ વેલ્યુ એડેડમાં સમગ્ર ભારતના ૧૫.૭ ટકાના હિસ્સા સાથે દેશમાં પ્રથમ સ્થાને છે. વર્ષ ૨૦૦૨-૦૩માં ગુજરાતની કુલ નિકાસ રૂ.૧,૦૦૮ કરોડ હતી જે સન ૨૦૨૧-૨૨માં વધીને ૯.૪ લાખ કરોડ રૂપિયા થઇ છે. ગુજરાત હાલમાં ભારતની નિકાસમાં ૩૦ ટકા ફાળો આપે છે જેના લીધે તે સર્વોચ્ચ નિકાસકર્તા રાજય તરીકે સ્થાપિત થયેલ છે જે આપણા માટે ગૌરવની વાત છે. એકંદર ગુજરાતના બંદરો ભારતના ૪૦ ટકા કાર્ગોનું સંચાલન કરે છે એ આપણા માટે ગૌરવની વાત છે. ભારતના કુલ નિશ્ચિત મૂડીરોકાણના લગભગ ૨૦.૬ ટકા સાથે ગુજરાત તે શ્રેણીમાં ભારતમાં પ્રથમ ક્રમે છે એ આપણા માટે ગૌરવ છે. વર્ષ ૨૦૦૩થી અત્યાર સુધી ગુજરાતમાં ૫૧.૧૯ બિલિયન ડોલરનું સીધું વિદેશી મૂડીરોકાણ આવ્યું છે. વચ્ચે કોવિડ-૧૯ના સમયગાળા દરમિયાન પણ જયારે વૈશ્વિક અર્થવ્યવસ્થા ધીમી પડી ગઇ હતી અને તે સમયગાળામાં વાઇબ્રન્ટ સમિટ પણ આપણે ન કરી શકયા ત્યારે પણ ગુજરાતની જે આબરું, ગુજરાતની જે સ્થિતિ હતી એના કારણે રાજયએ વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૭ ટકા સીધું વિદેશીરોકાણ મેળવ્યું હતું જે એ હકીકતનો પૂરાવો છે કે ગુજરાત પ્રતિકૂળ પરિસ્થિતિ દરમિયાન પણ રોકાણ માટે પસંદગીનું સ્થળ છે એ આપણા માટે ગૌરવની વાત છે. સન ૨૦૨૨માં પણ ગુજરાતમાં એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન ૪.૧ બિલિયન ડોલરનું સીધું વિદેશી રોકાણ પ્રાપ્ત થયું હતું, જે ગયા વર્ષે પ્રાપ્ત કુલ સીધા વિદેશી રોકાણના ૧૫૩ ટકા છે એ આપણા માટે ગૌરવની વાત છે. ભારત સરકાર દ્વારા પ્રકાશિત આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૧૦થી ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં ફાઇલ કરાયેલ તમામ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શનના ૧૬.૩ ટકા સાથે અને કુલ રૂપિયા ૧૪ લાખ કરોડના ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન સાથે ગુજરાત ભારતમાં પ્રથમ ક્રમે છે એ પણ આપણા માટે ગૌરવ છે. ભારત સરકારના પ્રકાશિત આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૧૦થી ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં ફાઇલ કરાયેલા તમામ કમિશન્ડ ઇન્વેસ્ટમેન્ટના ૫૫ ટકા સાથે અને કુલ રૂપિયા ૧૮.૫ લાખ કરોડના કમિશન્ડ ઇન્વેસ્ટમેન્ટ સાથે ગુજરાત ભારતમાં પ્રથમ ક્રમે છે. છેલ્લા ત્રણ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ સન ૨૦૧૫, સન ૨૦૧૭ અને સન ૨૦૧૯ દરમિયાન કુલ ૭૪,૪૩૮ એમ.ઓ.યુ. ફાઇલ કરવામાં આવ્યા. તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધીમાં તેમાંથી ૫૩,૫૯૦ પ્રોજેકટસ પહેલેથી જ કાર્યરત થઇ ચૂકયા છે અને ઉધોગો ચાલુ થઇ ગયા છે. ૨,૬૩૧ પ્રોજેકટ અમલીકરણના તબક્કામાં છે એ આ ગુજરાતની વિશેષતા બતાવે છે. વિશ્વ હજુ પણ કોવિડ-૧૯ રોગચાળાના આફટર શોકસમાંથી બહાર આવી રહ્યું હોવાથી ભારત સહિત લગભગ તમામ રાષ્ટ્રોએ ગ્લોબલ સપ્લાય ચેઇનમાં વિક્ષેપ જેવા પડકારોનો સામનો કર્યો છે. ભૌગોલિક રાજકીય ઘટનાઓને કારણે આજે પણ તે ચાલુ જ છે. આવા યોગ્ય સમયે આપણા લોકલાડીયા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ દ્વારા આપવામાં આવેલ ''આત્મનિર્ભર ભારત'' માટેનો સંકલ્પ સન ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત દેશોની પ્રથમ પંકિતમાં લઇ જવાનો દૃઢ નિર્ણય હતો અને એના કારણે ઉત્પાદન ક્ષેત્રે પ્રોત્સાહન યોજનાઓ અથવા મેગા ઇન્ડસ્ટ્રીઝ પાર્ક બનાવ્યા જેના કારણે આપણે આ સ્થિતિમાં આવી શક્યા. રાજ્યમાં બલ્ક ડ્રગ પાર્ક લાવવો હોય તો એની હરિફાઇ થાય છે. ત્રણ રાજ્યોને બલ્ક પાર્ક મળવાના હતા એમાં આપણા ગુજરાતને મળ્યો છે એ આપણા માટે ગૌરવની વાત છે. બલ્ક ડ્રગ પાર્ક, ટેક્સટાઇલ પાર્ક ક્ષેત્રમાં ભારતને ગ્લોબલ ચેમ્પિયન બનવાનો હેતુ આજે ભારત ધરાવી રહ્યું છે, તેની સાથે ગુજરાત પણ મદદરૂપ થઇ રહ્યું છે. ઉધોગો માટે આત્મનિર્ભર ગુજરાતની સ્કીમ હેઠળ અનેક ક્ષેત્રે લાભાર્થીઓ આવી રહ્યા છે. આપણે નવી યોજનાઓની સબસિડીમાં વ્યાજ સબસિડી, યુવાન ઉધોગકારોને સાહસિક મૂડી ઉઠાવવાના ખર્ચમાં ઘટાડો થાય તેની સાથે સ્ટેટ જી.એસ.ટી. ૧૦૦ ટકા ભરપાઇ વેલ્યુ એડિશન પણ શક્ય બન્યું છે. ઔપચારિક રીતે રોજગારીનું સર્જન કરવા માટે લેબર કોસ્ટ ઘટાડવા માટે ઉધોગ સાહસિકોને પી.એફ.નું યોગદાન પણ ૧૦૦ ટકા ગુજરાત સરકાર આપી રહી છે. એમ.એસ.એમ.ઇ. માટેનું કુલ મૂડીરોકાણના ૧૦૦ ટકા સુધી પ્રોત્સાહન અપાય છે. તેથી જ યુવાનોનું મૂડીરોકાણ જોખમમુક્ત બને એવી વ્યવસ્થા નાના ઉધોગોને ગુજરાત સરકાર પૂરી પાડી રહી છે. આત્મનિર્ભર ગુજરાત સ્કીમ માટે ગ્રીન હાઇડ્રોજન સાથે નવીનીકરણ ઊર્જા સાધનો, ફ્યુઅલ સેલ, ગ્રીન એમોનિયા, રિન્યુએબલ એનર્જી, સોલાર પેનલ, વિન્ડ એનર્જી, એ.સી.સી. બેટરી, અનેક પ્રકારના વેલ્યુ એડિશન માટેની યોજનાઓ ધરાવે છે. આપણા વડાપ્રધાનશ્રી દ્વારા અપાયેલા પંચામૃત સિદ્ધાંતોને અનુરૂપ મેન્યુફેકચરિંગ પ્રોત્સાહિત કરવા માટેના ક્ષેત્રમાં આપણે મહત્ત્વનું યોગદાન ધરાવીએ છીએ. મને કહેતા આનંદ છે કે વર્ષ ૨૦૨૨માં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની દૂરદર્શિતાથી શરૂ કરેલ આત્મનિર્ભર ગુજરાતની સ્કીમ આપણા રાજ્યની અંદર રૂપિયા ૧૨.૫ લાખ કરોડથી વધારેના રોકાણો આકર્ષવાની અપેક્ષા છે અને અંદાજે ગુજરાતના ૧૫ લાખ લોકોને માટે રોજગારીનું સર્જન થવાની સંભાવના છે. માનનીય શ્રી ચાવડા સાહેબ, એક મહિનાની અંદર રૂપિયા ૬૭ હજાર ૫૫૦ કરોડ રૂપિયાનું રોકાણ આ ગુજરાતમાં આવ્યું છે. ૩૮ હજાર ૬૦૦ લોકોને રોજગારીની સંભાવના સાથે ૩૬ મોટા અને મેગા ઉધોગો સાથે રોકાણ આશય પર હસ્તાક્ષર કર્યા છે, જે ઉધોગનો આ સ્કીમ પ્રત્યે વિશ્વાસ દર્શાવે છે. ગુજરાત આજે નંબર વન તરફ જઇ રહ્યું છે એની સૌથી મોટી સફળતા છે. ગુજરાતમાં ઉધોગો આવે, એને સરળતા રહે, પદ્ધતિસર સારું કામ થાય એના માટે સિંગલ વિન્ડો પોર્ટલ પર એકવાર અરજી કરો પછી છેવાડા સુધી જોઇ શકો એવું અદભૂત જો કોઇએ કર્યું હોય અને આખા ભારતમાં કોઇ રાજ્ય હોય તો એ ગુજરાત પ્રથમ નંબરે છે. આ એક ગૌરવ લેવાની વાત છે. છેલ્લાં બે વર્ષમાં ૨૫ થી વધુ નવી

એપ્લીકેશન અને એપ્રુવલ્સ વિકસાવવામાં આવ્યા છે અને રોકાણકાર સુવિધા પોર્ટલ સાથે સંકલિત કરીને આ પોર્ટલ ઉપર ૧૮ વિભાગોને લગતા ૧૮૦થી વધુ બિઝનેસ રજિસ્ટ્રેશન અને એપ્રુવલ્સ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. ૧૨ લાખ ૭ હજાર અરજીઓ આપણે પ્રોસેસ કરી છે એ આપણા માટે ગૌરવ લેવા જેવી બાબત છે. રોકાણકાર સુવિધા પોર્ટલમાં દરેક અરજીમાં રાજ્યના રાઇટ ઓફ સિટીઝન ટુ પબ્લિક સર્વિસ અધિનિયમ હેઠળ જારી કરાયેલા સર્વિસ ડિલિવરીનો પૂર્વ નિર્ધારિત સમયગાળો હોય છે જેનું દૈનિક ધોરણે નિરીક્ષણ કરવામાં આવે છે. રોકાણકારોને પ્રથમ પોર્ટલ જે ભારત સરકારની નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ સાથે સંકલિત કરવામાં આવ્યું છે. જે રોકાણકારોને રાજ્ય સરકારની વિવિધ મંજૂરીઓ મેળવવામાં પણ સક્ષમ બને એવી વ્યવસ્થાઓ પણ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી જ્યારે જી.આઇ.ડી.સી.ની વાત કરું છું ત્યારે (અંતરાય)(પાટલી થપથપાવવાના અવાજો થતાં)

ઉપાધ્યક્ષશ્રી : આપના મિત્ર છે એટલે શાંતિથી બોલવા દો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય જિજ્ઞેશભાઇ, ખખડાવવાની જરૂર નથી. અમારા વડાપ્રધાન ૫૬ ઇંચના છે એટલે ૧૫૬ સિટો લાવ્યા આ આટલી મોટી વસ્તુ છે. આ જ મોટો ન કલ્પિ શકાય એવો ખખડાટ છે. ગુજરાત રાજ્યમાં જી.આઇ.ડી.સી. આપણા સૌ માટે આખા એશિયા ખંડમાં સૌથી મોટી કોઇ હોય તે એ જી.આઇ.ડી.સી. છે એ બહુ ગૌરવ લેવા જેવી બાબત છે. ૪૧,૦૦૦ હેકટર જમીનની અંદર સંપાદન થયેલું છે. એમાં ૨૩૯ થી વધારે જી.આઇ.ડી.સી.ની સ્થાપના કરી છે અને ઉદ્યોગકારોને ત્યાં આગળ પ્લોટ મળે એના માટે ૪૨ જી.આઇ.ડી.સી. એવી છે કે જેની અંદર ૧,૫૮૮ હેકટર જેટલા રહેણાંક વિસ્તારની વ્યવસ્થા કરવામાં આવી છે એના કારણે ગુજરાતમાં ૭૦,૦૦૦થી વધારે કારખાનાં છે અને આજે પણ આપણે બધા કહી શકીએ કે ૧૭ લાખથી વધારે લોકોને રોજગારી પ્રાપ્ત થાય છે એ આપણા માટે સૌથી મોટું મહત્ત્વનું છે. ગુજરાતની અંદર ઔદ્યોગિક વિકાસ માટે ૨૧ જેટલી નવી જી.આઇ.ડી.સી.નું નિર્માણ આરંભ કરી દીધું છે. મેં હમણાં કહ્યું એમ અનેક ક્ષેત્રે નક્કી કર્યું છે જેમાં મોટા મોટા પાર્ક જેમાં ભરૂચ જિલ્લાના જંબુસર ખાતે ભારત સરકારના સહયોગથી આત્મનિર્ભર સંકલ્પ સાથે ૨,૦૦૦ હેકટરમાં બલ્ક ડ્રગ્સ પાર્ક થાય છે. આ ઉપરાંત રાજકોટના નાગલપુર ખાતે ૧૩૫ હેકટર વિસ્તારમાં મેડિકલ ડિવાઇસ પાર્ક થાય છે. મોરબીની અંદર સ્માર્ટ જી.આઇ.ડી.સી. માનનીય કાંતિભાઇ, સાથે સાથે બધી જ સુવિધાઓ થાય એવી રીતે ૪૨૫ હેકટર વિસ્તારની અંદર સિરામિક પાર્ક ત્યાં આગળ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

ભાવનગરની અંદર મઢિયા ખાતે ૧૪૩ હેકટરમાં વ્હિકલ સ્ક્રેપેજ રિસાયકલિંગ પાર્ક થાય છે. વલસાડમાં સી-ફૂડ પાર્ક થાય છે. બનાસકાંઠામાં એગ્રો પાર્ક થાય છે આમ અનેક ક્ષેત્રે આવા પાર્કોનું નિર્માણ થયું છે અને મને જણાવતા આનંદ થાય છે કે, હવે આવનાર સમય દુનિયાની અંદર ૨૧મી સદી જે પ્રમાણે વિકસે છે એ જ પ્રમાણે આપણે પણ ભારત અને ગુજરાતની અંદર વિકાસ કરીએ છીએ. અહીં આગળ સ્માર્ટની સાથે સાથે કોમન ફેસિલિટી, કેવી રીતે આપણા ઉદ્યોગોનું ભારણ ઘટે? એના માટે કોમન ફેસિલિટી. હવે જે જી.આઇ.ડી.સી. કે પાર્ક બનશે એ કોમન ફેસિલિટી સાથે બનશે એના કારણે ૨૫થી ૩૦ ટકા ખર્ચો ઘટશે અને આવનાર સમયમાં દુનિયામાં ગુજરાત બીજાની હરિફાઇ કરવામાં સારું આગળ થઇ શકે એવી અદભૂત વ્યવસ્થા આપણે કરવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૦ દિવસના સંકલ્પમાં એનક પ્રકારના અનધિકૃત બાંધકામ હતા અને બધા લોકોની રજૂઆત હતી એના કારણે આપણે જે બાંધકામ હતા એને રેગ્યુલાઇઝ કરી આપ્યા છે. સરળ પધ્ધતિ થાય એના માટે ૧૩૦થી વધારે પરિપત્રો હતા અને મને જણાવતાં આનંદ થાય છે કે બે દિવસ પહેલા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના હસ્તે માત્ર ૧૫ જી.આર. કરીને સીધેસીધી બૂક બનાવી દીધી છે જેથી પારદર્શકતાથી જોઇ શકાય એ પ્રમાણેની અદ્યતન વ્યવસ્થા જી.આઇ.ડી.સી.માં કરી દીધી છે. નાના ઉદ્યોગો માટેની વાત કરવામાં આવી હતી ત્યારે પણ મેં કહ્યું છે કે ત્યાં આગળ વધુ ને વધુ લોકોને લાભ થાય તે પ્રમાણેની વ્યવસ્થા આજે આપણે કરીએ છીએ. સ્ટાર્ટ અપ્સ, આપણા વિદ્યાર્થીઓને લાભ થાય. આજનો યુવાન ગમે તે સંજોગોની અંદર તૈયાર થાય એ માટેની વ્યવસ્થાનો ભાગ કર્યો છે અને જે કોઇ વિદ્યાર્થી આવે એને સારી વ્યવસ્થાનો ભાસ થાય એના માટે ગુજરાત સરકારે ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પોલિસી ૨૦૨૦ હેઠળ ''સ્ટાર્ટઅપ્સ નવીનતા પ્રોત્સાહન યોજના'' બહાર પાડવામાં આવેલ છે જે સ્ટાર્ટઅપ્સને ૩૬૦ ડિગ્રી સપોર્ટ કરે છે, જેમાં ૩૦ લાખ રૂપિયા સુધી સ્ટાર્ટઅપ દીઠ સીડ ફંડિંગ. સામાજિક અસર કરતા સ્ટાર્ટઅપ્સને ૧૦ લાખ રૂપિયા સુધીની વધારાની સીડ ફંડીગ સહાય. ૨૦ હજાર રૂપિયા પ્રતિ માસનો સસ્ટેનેબલ એલાઉન્સ એક વર્ષ સુધી અને મહિલા સ્ટાર્ટઅપ હોય તો તેને ૨૫ હજાર રૂપિયા પ્રતિ માસનો સસ્ટેનેબલ એલાઉન્સ આપે છે અને ડેવલપમેન્ટ થાય છે. રાજય, આંતરરાજય પ્રમોટ કરવા માટે પણ રૂ.૩,૦૦,૦૦૦/- સુધીની આ સહાય છે, એટલે આવનાર લોકો પણ આમાં તૈયાર થઇ શકે એના માટેની પણ વ્યવસ્થા સરકારે કરી છે. આજ સુધીમાં ઉદ્યોગ વિભાગે ૫૫ કરોડ રૂપિયાના ભંડોળ સાથે ૩૫૦ લોકોને સહયોગ આપ્યો છે, એ આપણા માટે ગૌરવની વાત છે. આજે ઉદ્યોગોમાં દિન પ્રતિદિન વધારો થઇ રહ્યો છે. એ ઉદ્યોગની અંદર અહીં આગળ બધાં રાજયોના લોકો પણ આવતા હોય છે. એ બધા મળતા હોય છે. એમાં કોઇ તમિલનાડુની વાત કરે, કોઇ બીજા રાજયની વાત કરે પણ ગુજરાતની જ્યારે વાત આવે અને આપણે ૫-૭ પ્રશ્નો પૂછીએ તો સરસ રીતે એમ કહે કે નહીં, ગુજરાત એ ગુજરાત છે. એના કારણે આજે ગુજરાત ભારતમાં મોખરે છે. અહીં બેઠેલા આપણા સૌ માટે ગૌરવની વાત છે. ખનિજ વિભાગની અંદર પહેલા માત્ર ૩૨ જિલ્લાઓની અંદર એક મુખ્ય કચેરી હતી અને ત્રણ સ્કવોર્ડ કાર્યરત હતી. આપણે ગૌરવ સાથે કહી શકાય કે જે સ્થિતિ હતી

એની અંદર પાંચ જિલ્લાનો ઉમેરો કરવામાં આવ્યો છે અને એના કારણે એના તાબાની કચેરીઓ પણ પાંચ ઊભી કરવામાં આવી છે. હાલ ૩૨+૫ એટલે ૩૭ કચેરીઓ કાર્યરત છે અને ખનિજની ગેરકારદેસર વહનની પ્રવૃત્તિઓ અટકાવવા માટે મોબાઈલ આઉટપોસ્ટની ચોકીઓ પણ ચાલુ કરવામાં આવી છે. ઘણાબધા સુધારાઓ કરવામાં આવ્યા છે. ઓનલાઇન સિસ્ટમમાં સુધારો કરી અને ટેકનોલોજી સાથે અપગ્રેડેશન કરવામાં આવ્યું છે. બોગસ ડ્રાઇવિંગ તેમજ ડિલિવરી ચલણ બનાવી ગેરકાયદેસર પ્રવૃત્તિને નિયંત્રણમાં લાવવા માટે પણ ગુજમાઇન સોફ્ટેલ બનાવ્યું છે. ખનિજના ઓવરલોડ વહનને રોકવા માટે આર.ટી.ઓ.ની મદદના સહયોગ સાથે બંને જણા સાથે કામ કરીએ છીએ. જીયોમાઇનમાં મોબાઇલ ચીપ્સ વિકસાવામાં આવી છે અને એના દ્વારા ખનિજ વહન કરનારાઓનું ચેકિંગ કરવામાં આવ્યું છે. લીઝધારકોની ચૂકવણી ઓનલાઇન કરી શકાય તેના માટે સિસ્ટમ વિકસાવવામાં આવી છે. ગુજરાતમાં ખનિજ વહનનું મોનિટરિંગ થાય તે માટે ડ્રોન સિસ્ટમ વિકસાવવામાં આવી છે. અનેક કાયદાકીય સુધારાઓ પણ આપણે આની અંદર કર્યા છે. પહેલા જે પદ્ધતિ હતી એની અંદર હરાજી સિસ્ટમ લાવીને એની પારદર્શકતા જળવાય એવી વ્યવસ્થા કરી છે. એના કારણે અનેક સિદ્ધિઓ પણ ખનિજ વિભાગે મેળવી છે. આજે ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડે ચાર બોકસાઇટ ખાણોની અંદર ભારતીય ખાણનો ભારત સરકાર દ્વારા ૨૦૨૦-૨૧માં પંચતારણ એવોર્ડ પણ આપણને મળ્યો છે એ આપણા ગુજરાત માટે ગૌરવની વાત છે. નિગમની વર્ષ ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨ની નાણાકીય સિદ્ધિને ધ્યાનમાં લઇ જી.એમ.ડી.સી.નું સ્થાન ૪૮૬ રેન્ક સાથે ૫૦૦માં સમાવેશ કરવામાં આવ્યો છે એ આપણા માટે ગૌરવની વાત છે. કેન્દ્ર દ્વારા ગ્રેનાઇટ ખાણ સુરક્ષા અને સ્વચ્છતા અભિયાન માટે વર્ષ ૨૦૨૨-૨૩માં જી.એમ.ડી.સી.ની ઓવરસીસ લિગ્નાઇટ ખાણમાં વર્ષ ૨૦૨૨-૨૩ માટે પણ શ્રેષ્ઠ ખાણનો ખિતાબ આપણને મળ્યો છે એ પણ આપણા માટે ગૌરવની વાત છે. ખાણોની અંદર જે લોકો કામ કરતાં હોય છે અને એ લોકોનું જે ભંડોળ હોય છે મુખ્ય ખાણ ખનિજ મળીને ૧,૨૮૨ કરોડ ૧૯ લાખ રૂપિયા ડિસ્ટ્રિકટ મિનરલ ફાઉન્ડેશન ડી.એમ.એફ.માં ભંડોળ વસૂલવામાં આવે છે અને આ ડી.એમ.એફ. હેઠળ ખાણમાં જે લોકો કામ કરે છે એમને એકત્રિત થયેલા ભંડોળમાંથી ૧,૪૪૫ કરોડ રૂપિયાના ૨૨,૦૦૮ કામ મંજૂર કરવામાં આવ્યાં છે આ આપણા માટે બહુ મહત્ત્વની વાત છે. અનેક પ્રકારની સુવિધાઓ માટે ઘણી વખત પ્રશ્નો ઊભા થતા હોય છે. આજે પણ કહી શકાય કે છેલ્લાં પાંચ વર્ષમાં ૪૦,૪૮૩ લોકોની સામે ગેરરીતિ અંગેના કેસ કરીને તેમની ઉપર ફરિયાદો કરી છે અને તેમાં કરોડો રૂપિયા વસૂલ કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુટિર ઉદ્યોગમાં પણ નાના નાના ઉદ્યોગોને અનેક પ્રકારની સુવિધાઓ પ્રાપ્ત થાય તેના માટે કામ કરવામાં આવી રહ્યા છે. કુટિર ઉદ્યોગમાં નાના નાના લોકોને કેવી રીતે મદદ કરી શકાય તેના માટેનું કામ, વ્યવસ્થિત રોજગારીની તકોનું નિર્માણ કર્યું છે. કૌશલ્ય સુધારણા, ટેકનોલોજીની સુધારણા, નાણાકીય સુધારણા, બજાર પ્રોત્સાહન અને આંતર માળખાકીય સુવિધાના વિકાસ દ્વારા કામદારો/કારીગરોને સક્ષમ કરી તેઓની આવકમાં વધારો કરી શકાય તેવા સુધારા કર્યા છે. તેની યોજનાઓ છે તેની અંદર બાજપાઇ બેન્કેબલ યોજના અમલમાં મૂકવામાં આવી છે. અત્યારે આ યોજનામાં ઓનલાઇન એપ્લિકેશન કરી અનેક લોકોને આ યોજનાના લાભ મળ્યા છે. પોર્ટલ ઓનલાઇ થયા પછી ૬૦ હજારથી વધારે લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લઇ વેપાર ધંધા શરૂ કર્યા છે. સદર યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ.૨૦૧ કરોડની જોગવાઇ સામે ૨૦૨૨-૨૩ના વર્ષમાં રૂ.૨૩૭ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. સરકાર પણ આવી યોજનાઓને પ્રોત્સાહન આપતી હોય છે. માનવ કલ્યાણ યોજનાઓની અંદર અનેક પ્રકારનાં કામ કરવામાં આવી રહ્યાં છે. તેમાં ફેરિયા હોય, શાકભાજી વેચનારા હોય, સુથારીકામ કરવાવાળા હોય વગેરે પ્રકારના ૨૭ લોકોનો આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે અને વર્ષ ૨૦૨૩-૨૪ની અંદર સરકારે ગરીબ કલ્યાણ મેળાની અંદર તેને સાંકળીને પ્રત્યેક લાભાર્થીને અત્યાર સુધીમાં ૩૫,૧૫૮ નાના નાના ઉદ્યોગકારોને રૂ.૫૩ કરોડથી વધારે સહાય પૂરી પાડવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક ઉડ્ડયનમાં ૨૦૨૨-૨૩ના વર્ષમાં ૧૮૮ કરોડ રૂપિયાની જોગવાઇ હતી. વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૩૩૮ કરોડની બાબતો સાથે કુલ રૂપિયા ૫૨૭.૮૯ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આમાં ૧૮૦ ટકાનો વધારો માનનીય કનુભાઇ સાહેબ અને મુખ્યમંત્રીશ્રીએ કરી આપ્યો છે તેમને હું ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું અને એમ કહું છું કે આ પાયાની જરૂરિયાત આપે પૂરી કરી છે. આ યોજનામાં રાજ્ય સરકાર દ્વારા વી.જી.એફ હવાઇ યોજના નીચે ફલાઇટો શરૂ કરવામાં આવી છે. આપણા લોકોને સસ્તું પડે તેના માટે સુરતથી અમદાવાદ, અમદાવાદથી સુરત ૯ સિટર પ્લેનમાં ૫,૬૬૬ મુસાફરોએ લાભ લીધો છે. સુરતથી અમરેલી અને અમરેલીથી સુરત ૫,૭૭૨ મુસાફરોએ લાભ લીધો છે. સુરતથી ભાવનગર અને ભાવનગરથી સુરત પ્લેનમાં ૪,૮૮૯ મુસાફરોએ લાભ લીધો છે. સુરતની રાજકોટ અને રાજકોટથી સુરત પ્લેનમાં ૫,૫૦૬ મુસાફરોએ લાભ લીધો છે. અમદાવાદથી ભૂજ ૫૦ સિટર પ્લેનમાં ૫,૧૬૯ લોકોએ લાભ લીધો છે. આ યોજનાના કારણે રાજકોટ, અમરેલી, ભાવનગર, સુરત, ભૂજ વગેરે શહેરોના ૩૦,૯૭૨ મુસાફરોએ ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં આનો લાભ લીધો છે. આવનાર સમયની અંદર ૨૦૨૩-૨૪ના વર્ષમાં અમદાવાદ-કેશોદ, અમદાવાદ -પોરબંદર માટેના નવા રૂટ શરૂ કરવામાં આવશે. આજે પણ અમદાવાદ અને સુરતમાં ફલાઇટ ફૂલ આવે છે. આ પ્રકારની વ્યવસ્થા આપણે કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બીજે કયાંય નવું કરવાનું હોય તો તમે કહી શકશો.

શ્રી બળવંતસિંહ રાજપૂત : ચોક્કસ માનનીય અધ્યક્ષશ્રી. સંવેદનશીલ સરકારના નિર્ણય સાથે વિમાન બીચ ક્રાફ્ટ બી-૨૦૦ VTGUJ એક એર એમ્બ્યુલન્સ બસની સુવિધા કરી છે. જેના કારણે કોઇપણ માણસને દવાખાને જવું હોય તેના

માટે આ વ્યવસ્થા ઊભી કરી છે. આમાં સાત મેડિકલ ફલાઇટ પેરાશુટ સાથે ઉડાણ ભરી છે. તેમાં માનવઅંગો તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવા માટે આ ફલાઇટનો ઉપયોગ થાય છે. તે આપણા બધા માટે વિશેષ વ્યવસ્થાનો ભાગ છે. અનેક જગ્યાએ આ વ્યવસ્થા તૈયાર થઇ ગઇ છે અને આવનારા સમયમાં બીજી જગ્યાએ આવી વ્યવસ્થા ઊભી કરવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગારની વાત કરું તો શ્રમ અને રોજગારમાં સરકારને મારે એટલા માટે અભિનંદન આપવા છે કે, ગુજરાતના શ્રમ અને રોજગારનો વિકાસ થાય એના માટે બજેટમાં ખૂબ સારી જોગવાઇ કરી છે. શ્રી કનુભાઇ સાહેબે ૭૦૦ કરોડ રૂપિયાનો વધારો કર્યો છે એટલા માટે હું એમને પણ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજયની પ્રગતિ શેના ઉપરથી જોઇ શકાય છે? તો જે રાજયમાં ઔધોગિક શાંતિ કેટલી છે એના ઉપરથી એનો ખ્યાલ આવે છે. બીજાં બધાં રાજયોમાં તમે જોતા હશો તો ખ્યાલ આવશે તાળાબંધી થઇ જતી હોય છે, હડતાલ પડતી હોય છે અને અનેક ક્ષેત્રે કેટલી મુસીબતો હોય છે. ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૨૧-૨૨માં જે હડતાલો ના પડી એના કારણે ૩૯.૫૫ ટકાનો નોંધપાત્ર ઘટાડો કરી શક્યા છીએ એજ આપણા ગુજરાતની સિદ્ધિ બતાવે છે. અનેક પ્રકારની શ્રમ ટેકનોલોજી દ્વારા પ્રજાલક્ષી સેવાઓ કરવામાં આવે છે અને એના કારણે અનેક વ્યવસ્થા અને એમાં પણ પારદર્શકતા જળવાય એ પ્રકારનું કામ કર્યું છે. શ્રમ ઇન્સ્પેકશનની વાત કરું તો પહેલા ફેકટરીઓમાં ઇન્સ્પેકટરો ઇન્સ્પેકશન માટે જતા અને ત્યાં તપાસ કરતા અને તપાસ કરીને પછી રિપોર્ટ કરતા. હવે એ સિસ્ટમ બદલાઇ ગઇ છે. હવેની સિસ્ટમમાં શ્રમ નિરીક્ષણ ઝડપી પદ્ધત્તિથી બને એના માટે શ્રમ કાયદા હેઠળ કંપનીમાં ઇ-મેલ કરી દેવો પડે કે એમણે શું તપાસ કરી છે એનો તરત ખ્યાલ છે. ભારતની અંદર ગુજરાત આ પ્રકારનું પહેલું રાજય છે કે જેમાં આટલી સારી વ્યવસ્થા થઇ છે અને આજની તારીખ સુધીમાં ૩૨,૪૬૩ નિરીક્ષણો કરવામાં આવ્યા છે આ પારદર્શકતા બતાવે છે. ઘણી બધી વખત લેબર એકટમાં રજિસ્ટ્રેશન કરવામાં પહેલા દિવસો લાગતા હતા. અત્યારે ફરજિયાતપણે લાયસન્સ ઓન લાઇન પદ્ધતિ કરી દીધી છે અને એની અરજીની યોગ્ય તપાસ થાય એટલા માટે ૪૫ દિવસની અંદર રજિસ્ટ્રેશન આપી દેવું એ ફરજિયાત છે. વિવિધ શ્રમ કાયદાઓને લગતી માહિતીમાં એક કોલ મળે કે તરત જ બધી વ્યવસ્થા થઇ જાય અને એનો નંબર ૧૫૫૩૭૨ છે. અત્યાર સુધીમાં ૧૩૦૦થી વધારે લોકોએ આનો લાભ લીધો છે અને આના માટે બજેટમાં પણ ૭૦ લાખ રૂપિયાનો વધારો કર્યો છે. રોજગારી સેતુ માટે, રોજગાર સેતુ કોલ સેન્ટર મારફતે અનેક માહિતી અને અનુબંધન કોટક મારફત રોજગાર વિશેષ સેવાઓ ઓન લાઇન પૂરી પાડવા માટે શાળા, કોલેજો, સેમિનારો અને પરોક્ષ રીતે રોજગારીમાં મદદરૂપ થાય એવી સેવાનો ૧.૫૦ લાખથી વધારે યુવાનોએ લાભ લીધો છે. કારીગરોને તાલીમ યોજના માટે સી.ટી.એસ. હેઠળ કુલ આપણી પાસે ૨૮૮ સરકારી, ૧૧૧ ગ્રાન્ટ ઇન એઇડ, ૧૯૭ સ્વનિર્ભર તાલીમ સંસ્થાઓમાં સૌ પ્રથમવાર કેન્દ્રમાં આ ધોરણે સો ટકા ઓન લાઇન પ્રવેશ કરવામાં આવ્યો છે એ ગુજરાત રાજય માટે સૌથી મોટી ગૌરવની વાત છે. આ વર્ષે ૨૦૨૨-૨૩માં કુલ ૫૯૬ આઇ.ટી.આઇ.માં ૧,૨૮,૨૨૬ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે ઇતિહાસમાં આ સૌથી મોટી સિદ્ધિનું કામ છે. આજે ત્યાં પ્રવેશ આપીએ છીએ એની વ્યવસ્થાના ભાગરૂપે સ્કીલ બાબતમાં પહેલા જે ઓછા કોર્સ હતા એની જગ્યાએ અનેક પ્રકારના કોર્સ પણ એમાં જોડી દીધા છે. તેના કારણે વિદ્યાર્થીઓમાં જે નવી સ્કીલ આવે તે સ્કીલ તૈયાર થઇને જઇ શકે એવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. શ્રમ નિકેતન યોજના, પર-પ્રાંતિય રહેવા માટે કોઇ પણ ફેક્ટરી થાય, કોઇ પણ જીઆઇડીસી હોય, પાર્ક હોય, બીજે બધે હોય ત્યારે એવુ નક્કી કરવામાં આવ્યું છે કે, ત્યાં આગળ મજૂર ભાઇઓને રહેવા માટે કોઇ વ્યવસ્થા કરે તો ૩૦ ટકા પૈસા ગુજરાત સરકાર એટલે શ્રમ અને રોજગાર આપે છે અને ૭૦ ટકા પૈસા ત્યાં આગળ ફેકટરીવાળા કરે તો એની એક વ્યવસ્થાનો પાર્ટ છે અને વધુમાં વધુ આપણે ૩ કરોડ રૂપિયા આપતા હોઇએ છીએ. હમણાં સાણંદની અંદર શ્રી કનુભાઇ કહેતા હતા કે ત્યાં આગળ પણ એવી વ્યવસ્થા કરી છે આવનાર સમયની અંદર ૫,૫૦૦થી પણ વધારે લોકોને આવી યોજનાનો લાભ મળે એના ભાગરૂપે તૈયારી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ બસેરા આપણી યોજના છે. આ સૌથી મોટી અને કલ્પી ના શકાય આ બજેટની અંદર ૫૦૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવી છે અને જે પ્રમાણે આપણે ગુજરાતની અંદર જોયું કે જે પ્રમાણે કોવિડ આવ્યો અને મજૂર ભાઇઓએ જયારે સ્થળાંતર કર્યું ત્યારે એમને બધી ફેસિલિટી મળી રહે, તેમને ત્યાં આગળ રહેવાની વ્યવસ્થા થાય, ભણવાની વ્યવસ્થા થાય તેના માટે ૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે અને આવનાર સમયની અંદર ૭૫ હજારથી વધારે લોકો આમાં રહી શકે તે પ્રકારની વ્યવસ્થા કરવાના છીએ. શ્રમિક યોજના માટે કહેવામાં આવ્યું અને ઘણા બધા મિત્રોએ કહ્યું છે, હું બધા મિત્રોને કહું છું કે ૧૫૦થી વધારે આપણાં કડિયાનાકા શરૂ કરવામાં આવ્યા છે. તમે બધાય પોઝિટિવ લેજો આપના વિસ્તારમાં પણ જયાં જયાં આપ કહેશો અને ત્યાં આગળ ૧૦૦-૧૨૫ કે ૧૫૦ની સંખ્યા થતી હશે તો ત્યાં આપણે ૫ રૂપિયા પ્રમાણે આપવા માગીએ જ છીએ. આપણે તો કહીએ છીએ કે ગુજરાતની અંદર કોઇ પણ મજૂર, કોઇ પણ ક્ષેત્રે કાર્ડ ઘણી વખત નથી હોતું તો પણ ૫ રૂપિયામાં ભોજન મળે એવું ગુજરાત આ પહેલું રાજય છે અને બધાને પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા આપણે કરવાના છીએ. (અંતરાય) શ્રી જિજ્ઞેશભાઇ, તમે કોઇ વખત જમવા જજો, આપ મને કહેજો એટલે ખ્યાલ આવે.

અધ્યક્ષશ્રી : ચાલો હવે હળવું થઇ ગયું, હવે ચાલવા દો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની આયુષ્યમાન ભારત પ્રધાન મંત્રી જન યોજનાના પેટર્ન મારફતે આપણે પણ નોંધાયેલા બાંધકામ શ્રમિકોના પરિવારને કેસલેશ વાર્ષિક આરોગ્ય સેવાઓ પ્રધાન મંત્રી જન

આરોગ્ય યોજનાની અંદર પણ આપણે આપીએ છીએ. ધનવંતરી રથ પણ જુદી જુદી જગ્યાએ જઈને દરેક ફેકટરીઓથી માંડીને બીજે બધે જઈને પણ તેની વ્યવસ્થાનો પાર્ટ આપણે કરીએ છીએ. બાંધકામ સમિતિઓની હમણાં વાત થતી હતી તે બધા આપણાં આદિવાસી સમાજના જિલ્લાઓ જયાં આગળ છે ત્યાં આગળ પણ શિક્ષણ અને શાળાઓ થાય તેના માટે પણ આપણે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. ટ્રેનિંગ વ્યવસ્થિત અને સારી રીતે થઇ શકે તેના માટે પાંચ મેગા સિટી અત્યારે છે એવી પાંચ મેગા આઇટીઆઇ આપણે બનાવવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઔધ્યોગિક તાલીમ ગ્રીન યોજના પણ કોઇ દ્વિચક્રી વાહન લાવે તો ૩૦ ટકા અથવા ૩૦ હજાર રૂપિયા આપણે આપીએ છીએ. નોંધાયેલા દિવ્યાંગ બાંધકામ શ્રમિકોને ઇલેક્ટ્રિક ત્રિચક્રીય લાવવાનું હોય તો ૫૦ ટકા રકમ આપીએ છીએ અને ૪૮ હજાર રૂપિયા અંદર આપીએ છીએ. સ્કિલ યુનિવર્સિટી આદરણીય પ્રધાનમંત્રી સાહેબનું એક સપનું છે. વિશ્વમાં સ્કિલ ઉપર એજ્યુકેશન અપાય છે. જાપાનમાં ૯૫ ટકા, અમેરિકામાં ૬૫ ટકા તથા અન્ય જગ્યાએ ૫૫ ટકા છે. ભારતમાં પણ સ્કીલ તૈયાર થાય, આપણા વિદ્યાર્થીઓને ભણતર સાથે રોજગારી પ્રાપ્ત થાય એ માટેની વ્યવસ્થા થાય છે. આજે પણ કોઇ ઉદ્યોગપતિ આવે ત્યારે અમે એને ચેલેન્જ સાથે કહીએ છીએ કે અમે તમને જોઇએ તેવી સ્કિલ તૈયાર કરી આપીશું. આથી ઉદ્યોગોને સ્થાનિક રોજગારીનો જે પ્રશ્ન છે એ પણ અહીંથી મળે એ પ્રકારની વ્યવસ્થા કરવાના છીએ. એમ કહેવાય છે કે, 'મહેસૂલ વિભાગ અત્ર, તત્ર, સર્વત્ર છે.' એમાં પણ સરકારે ૧૭ ટકાનો વધારો કર્યો છે. એના કારણે મહેસૂલ વિભાગ ગુજરાત રાજ્યમાં સારાં-સારાં કામ કરી શકે એ માટેની અદ્યતન વ્યવસ્થા કરી છે. હમણાં બધા જમીન આપવાની વાત કરતાં હતા એટલે મારે કહેવું છે કે ગુજરાતમાં કેવા-કેવા પ્રકારે કેવી-કેવી ઉપયોગિતા માટે મહત્ત્વની જમીનો અપાય છે. ગુજરાત સરકારે વડોદરા ખાતે રાષ્ટ્રીય કક્ષાએ મહત્ત્વની એવી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન ટૅકનૉલૉજી (IIIT), વડોદરાને ૫૦ એકર સરકારી જમીન આપી હતી. એ આજે આખા વિભાગને ઉપયોગી થાય છે. ઓખા અને બેટ દ્વારકા વચ્ચે સરળતાથી આવાગમન થાય તે માટે સિગ્નેચર બ્રિજ માટે રાજ્ય સરકારે દ્વારકા તાલુકાના ઓખા અને બેટ ગામોની કુલ ૧,૧૫,૫૮૧ ચો.મી. સરકારી જમીન ફાળવી છે. ગિફ્ટસિટી એ મહત્ત્વનો પ્રોજેક્ટ છે. દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું સ્વપ્ન સાકાર કરવા માટે આગળ વધી રહ્યા છીએ ત્યારે ગિફ્ટ સિટી માટે ૨,૮૬,૫૧૭ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. ગુજરાત દેશના સંરક્ષણ માટેનું મજબૂત પરિબળ છે ત્યારે બી.એસ.એફ., મિલિટરી, નેવી, કૉસ્ટગાર્ડને ૧૮,૫૫,૬૬૯ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીનું ભારતના તમામ નાગરિકોને ઘર પૂરું પાડવાનું સ્વપ્ન છે. આ સ્વપ્ન પૂરું કરવા માટે મહેસૂલ વિભાગ સતત પ્રયત્નશીલ છે. નગરપાલિકા, મહાનગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળોને વિવિધ આવાસ યોજનાઓ માટે ૩૩,૯૪૦ ચો.મી. સરકારી જમીન ફાળવી છે. ગત નાણાકીય વર્ષમાં પી.એચ.સી., સી.એચ.સી. અને પેટા આરોગ્ય કેન્દ્રો માટે પણ ૯૭૬૫ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. દૂધ ઉત્પાદક મંડળીઓ અને સહકારી મંડળીઓને પણ ૧,૧૮,૪૧૯ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીના ડ્રીમ પ્રૉજેક્ટ બુલેટ ટ્રેન માટે પણ જમીન ફાળવવામાં આવી છે. હું ગૌરવ સાથે કહી શકું કે ગુજરાત રાજ્યમાં ૯૮ ટકા જમીન સંપાદન થઇ ગઇ છે. ટૂંક સમયમાં આ બુલેટ ટ્રેન પણ ચાલુ થવાની છે. ગુજરાતમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાની માળખાકીય સુવિધા માટે પણ માટે ૧૦ ટકા કિંમતે ૪,૬૩,૪૧૯ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. રાજ્યના નાગરિકોને પૂરતો વીજ પુરવઠો મળી રહે તે માટે વીજ સબસ્ટેશનો માટે જેટકોને ૫,૫૪,૧૬૩ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. જી.આઇ.ડી.સી.ને ૩,૪૩,૪૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. મહેસૂલ વિભાગમાં પણ અનેક પ્રકારનાં ક્રાંતિકારી મહેસૂલી સુધારા કરીને લોકોને ફાયદો થાય એવી વ્યવસ્થા કરી છે. કચ્છ જિલ્લામાં અંદાજે ૮૦ કરતા વધુ ગામોમાં હજારોની સંખ્યામાં ભૂકંપ અસરગ્રસ્ત લોકોના મકાન ધારકોને સનદ/માલિકી હક્ક આપેલ છે. બિન ખેતીમાં પહેલાં એક શરત આવતી હતી કે ત્રણ વર્ષ સુધી કામ પૂરું ન કરો તો તમારું એન.એ. રદ થઇ જાય. આજે એમ કહી શકાય કે સરકારે ત્રણ વર્ષ હટાવીને પારદર્શકતા કરી આપી છે. આદિજાતિ વિસ્તારમાં બધાને મોબાઈલ નેટવર્ક મળી રહે તે હેતુથી સરકારે ૫૩ તાલુકાઓના ૫૪૩ ગામોમાં ૨૦૦ ચો.મી.ની મર્યાદામાં સરકારી/ગામતળની જમીન ૩૦ વર્ષના ભાડા પેટે ફાળવવા ઠરાવેલ છે તે આપણા માટે મહત્ત્વની છે. આપણા વિદ્યાર્થીઓ રમી શકે તે માટે રમત-ગમતના મેદાન અને સ્પોર્ટ સંકુલ માટે જિલ્લા કક્ષાએ ૧૫ થી ૨૦ એકર જમીન ફાળવવા માપદંડો નિયત કરેલ છે. મિત્રોને જાણ થાય કે આવા અનેક પ્રકારનાં સારાં કામો માટે સરકાર દ્વારા જમીન ફાળવવામાં આવે છે. મહેસૂલ વિભાગમાં પણ ઘણી બધી સિસ્ટમ ઓનલાઈન કરી છે અને i ORA પોર્ટલ થકી ખેડૂતોની અરજી, વારસાઈ હકપત્રક ૬, ૭/૧૨ તથા ૮-અની ડિજિટલી નકલો જેવી અદ્યતન વ્યવસ્થાનો ભાગરૂપે બોર્ડ કોર્પોરેશન અને વિવિધ વિભાગોમાં ઝડપથી પરવાનગીઓ આપી શકાય તે હેતુસર ૩૪થી પણ વધારે પ્રકારની સેવા જોડવામાં આવી છે. મહેસૂલ વિભાગે તા.૧૮/૧૧/૨૦૨૧ના રોજ કમ્પ્યુટરાઈઝડ જનરેટ થતાં મહેસૂલી દસ્તાવેજોમાં ૬, ૭/૧૨ અને ૮-અની ડિજિટલી સાઈન ક્યુ.આર. કોડ સાથેની પ્રમાણિત નકલો ઓનલાઈન પોર્ટલ પર ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં તા.૨૨/૦૨/૨૦૨૩ની સ્થિતિએ કુલ ૮૫ લાખથી પણ વધુ નકલો ઓનલાઈન ઈસ્યુ કરવામાં આવી છે આ એક સૌથી મોટી સિદ્ધિ છે. ખેતીની જમીન માટે પણ અનેક કિસ્સાઓમાં સબરજિસ્ટ્રારમાં એફિડેવિટ કરવામાં આવતું હતું તેની પણ સરળ પદ્ધતિ બનાવી છે. ગરવી-2માં પણ સરકારે તે માટેની સુવિધા i ORA પોર્ટલ પર ઉપલબ્ધ કરેલ છે. જમીન સંપાદન ક્ષેત્રે પણ અમદાવાદ-બોમ્બે હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ, જી.આઇ.ડી.સી. બલ્ક ડ્રગ પાર્ક, વડનગર ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ, ભાડભૂત યોજના, રાજકોટ ગ્રીન ફિલ્ડ એરપોર્ટ, મિયાનગર-

કરજણ-ડભોઈ રેલવે લાઈન જેવા મહત્ત્વના પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ કરી છે. જમીન દફતર ખાતામાં પણ હમણાં બધાને સૂચના આપી છે કે નાની-મોટી કોઈ ભૂલો થતી હશે તો સુધારીને આવનાર સમયમાં આપણા બધા માટે ડિજિટલ ડેટાની અદભૂત વ્યવસ્થા થવાની છે. કુદરતી આપત્તિના સમયે સરકાર દ્વારા અનેક પ્રકારની સહાયની ચૂકવણી કરવામાં આવતી હોય છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩માં તા.૦૩/૦૨/૨૦૨૩ની અદ્યતન સ્થિતિએ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને કૃષિ રાહત પેકેજ અંતર્ગત નાના અને સીમાંત ખેડૂતોને સહાય માટે રૂ.૧૧૯,૯૨,૭૦,૪૦૧/- ની ચૂકવણી કરવામાં આવેલ છે. આવી રીતે અનેક જગ્યાએ સહાય આપવાની થતા હોય તો આપી છે. વર્ષાઋતુ-૨૦૨૨ દરમ્યાન રાજ્યમાં ૧૨૨.૦૯ ટકા વરસાદ નોંધાયેલ છે. જે અન્વયે માનવમૃત્યુ સહાય પેટે રૂ.૫૮૦ લાખ, પશુમૃત્યુ સહાય માટે રૂ.૧૬૧.૭૦ લાખ, આવી અનેક પ્રકારની સહાય ચૂકવવામાં આવેલ છે. ઘણી વખત મોટાં મોટાં ચક્રવાત જોખમ પણ આવતાં હોય છે તેમાં પણ સહાય ચૂકવવાની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અને મહેસૂલ વિભાગની માગણીઓ પરના હકારાત્મક સૂચનોની મેં નોંધ લીધી છે અને આપના માધ્યમથી સભ્યશ્રીઓને કાપ દરખાસ્ત પાછી ખેંચે તેવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : તમે ટીકા કરવાની જગ્યાએ સીધા સૂચનો કરતાં હોય તો એટલા પૂરતો મોકો આપું નહીંતર સીધી મતદાન પર મૂકું. પોલિટિકલી ઓબ્ઝર્વેશમાં પડતા હોવ તો નહીં કરું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ વિસ્તારથી સારી વાત કરી. અમારી પણ ચિંતા હતી કે, ઉદ્યોગો આવે અને સ્થાનિક યુવાનોને રોજગાર મળે. આ જ ગૃહમાં તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજીએ ચિંતા કરી હતી અને જે પ્રશ્નો હતા કે, સ્થાનિક રોજગારી માટે ૮૫ ટકાનો સરકારનો જે જી.આર. છે એનો યોગ્ય રીતે અમલ થતો નથી. આજે કેન્દ્ર સરકારના જાહેર સાહસોમાં અને ખાનગી મેગા યુનિટોમાં પણ આનો અમલ થતો નથી. માનનીય શ્રી વિજયભાઇએ જે-તે વખતે ખાતરી આપી હતી કે, (વચ્ચે અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : સ્થાનિક યુવાનોને રોજગારી મળે એ પ્રશ્ન પર સીધા આવો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે પરિપત્ર છે એના બદલે સ્થાનિક યુવાનોને ૮૫ ટકા રોજગારી મળે એના માટેનો કાયદો લાવવા માગો છો કે કેમ?

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબનો અમદાવાદ થી મુંબઇ સુધીનો બુલેટ ટ્રેન ડ્રીમ પ્રોજેકટ લગભગ પૂર્ણ થવામાં છે પણ સૂચિત ગાંધીનગર, હિંમતનગર, ઉદેપુર, જયપુર અને દિલ્હી સુધીનો જે માર્ગ છે એમાં જમીનનું જે ખેડૂતોને પૂછવામાં આવી રહ્યું છે એમાં સંમતિ એવોર્ડની કોઇ વાત ચાલે છે કે નહીં?

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આજે જમીન માપણીની જે વાત કરવામાં આવી અને માનનીય મંત્રીશ્રીએ જે આંકડા આપ્યા કે ૪,૯૦,૦૦૦ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, આ અરજીઓનો જે નિકાલ કરવામાં આવ્યો એમાં ૭/૧૨માં કેટલા ખેડૂતોને અસર આપવામાં આવી? હું તમને જામનગર જિલ્લાની વાત કરું તો(વચ્ચે અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : ના, વાત ના કરો. તમે જે કરવું હોય એ સજેશન જ આપો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, જમીન માપણીના પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત જામનગર જિલ્લામાં માપણી થઇ હતી અને જમીન માપણીના તમામ અખતરાઓ ત્યાં થયા છે. તો આ પ્રોજેકટ અંતર્ગત જમીન માપણીમાં જે જિલ્લાઓ પસંદ થયા હતા એમાં સમગ્ર ગુજરાતની જમીન માપણી રદ થવી જોઇએ. આ પસંદ થયેલા જિલ્લાઓની જમીન માપણી રદ કરવામાં આવે અને જૂની જે જમીન માપણી હતી એ મુજબ ટિપ્પણના આધારે ફરીથી જમીન માપણી કરવામાં આવે.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઘણા જિલ્લાઓમાં મોટી મોટી કંપનીઓ આવેલી છે. જેમ કે, મારા વિરમગામ વિધાનસભાના માંડલમાં ઘણી કંપનીઓ આવેલી છે. કંપની એક્ટ મુજબ એમનું સી.એસ.આર. પણ જે-તે વિસ્તારમાં વાપરવું ખૂબ મહત્ત્વનું હોય છે. બીજા રાજ્યો જેવા કે, મુંબઇ અને દિલ્હીમાં વાપરતા જ હોય છે. ઘણા તાલુકાઓ એવા છે કે જ્યાં સી.એસ.આર. ફંડ યોગ્ય રીતે વાપરવામાં આવે તો સરકારની ગ્રાન્ટની જરૂર જ ના પડે. આવા વિસ્તારોમાં સ્પેશ્યલ કોઇ સમિતિ બનાવીને સી.એસ.આર. ફંડ જે-તે તાલુકામાં જ વપરાય એના માટે કોઇ પૂરક સમિતિ બનાવવા માગો છો કે કેમ?

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સરકાર સુએજ ટ્રીટેડ વૉટર માટે કટિબદ્ધ છે. કેટલાય શહેરોમાં જી.આઇ.ડી.સી.ના ઉદ્યોગો આ ટ્રિટમેન્ટ થયેલું પાણી સ્વીકારવા તૈયાર ન થવાને કારણે પાણી વપરાતું નથી. પીવાના શુદ્ધ પાણીની આપણી પાસે શોર્ટેજ છે તો (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : સીધા સજેશન આપો.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, જી.આઇ.ડી.સી. ફરજિયાતપણે આ ટ્રીટેડ પાણી વાપરે એ માટે કંઇ કરવા માગો છો કે કેમ?

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ વર્ષના બજેટમાં અને અગાઉના બજેટમાં અમારા ટ્રાયબલ વિસ્તારોના યુવાનો રોજગારી માટે આજુબાજુ અમદાવાદ, વડોદરા અને સુરત જેવા મેગાસિટીમાં જતા હોય છે. ૮ જેટલી નવી જી.આઇ.ડી.સી. આપવાનું આ વર્ષના બજેટમાં પ્રાવધાન છે તો પંચમહાલ અને મહીસાગર જેવા ટ્રાયબલ જિલ્લામાં યુવાનોને રોજગારી મળે એ માટે નવી જી.આઇ.ડી.સી. આપવા માગો છો કે કેમ?

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને બધી જગ્યાએ ખૂબ સારી જી.આઇ.ડી.સી. આપી એના માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. જૂનાગઢ અને ગીર-સોમનાથ એ એગ્રિકલ્ચર આધારિત જિલ્લા છે. ત્યાં એક સ્માર્ટ બેઝ એગ્રિકલ્ચર જી.આઇ.ડી.સી. મળે તો બહારથી જે ઉદ્યોગો આવે એનાથી ખેડૂતોને લાભ થાય અને લોકોને પણ મોટા પ્રમાણમાં રોજગારી મળે. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ કેશોદ એરપોર્ટને ડેવલપ કરવાનું તથા ત્યાં કાર્ગોની સગવડતા મળે એવું કહ્યું છે, તો વિદેશમાં પણ ત્યાંથી કેસર કેરી મોકલી શકીએ અને એગ્રો આધારિત ખેતી લઇ શકીએ. મારો ત્રીજો વિષય છે કે, ઇમ્પેકટ ફીનો ઉદ્યોગોમાં સમાવેશ કર્યો છે પણ ઘણા અધિકારીશ્રીઓ હજી એવું કહે છે કે એનો જી.આર. મળ્યો નથી.

અધ્યક્ષશ્રી : પોતાની વાત ઓછા શબ્દોમાં સીધી કઇ રીતે રજૂ કરી શકાય એની કલા બધા ધારાસભ્યશ્રીઓ શીખે એટલા માટેનો આ પ્રયત્ન છે. શ્રી સંજયભાઇ, તમારો વિષય આવી ગયો. તમારો વિષય કાર્ગો માટેનો છે. જેથી કેરીઓ બહાર મોકલી શકાય. જે તે અધિકારીશ્રી પણ નોંધ કરતા રહે. આ પ્રજાનો પ્રશ્ન છે. ધારાસભ્યશ્રીઓ પ્રજા વતી અહીંયા વાત કરે છે. તો તમારા કામમાં એની પ્રાયોરિટી થાય.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી બે સીધી-સાદી માગણીઓ છે. મંત્રીશ્રીએ આટલી અદભુત વાત કરી છે.

અધ્યક્ષશ્રી : કોમેન્ટ નહીં, સીધો પ્રશ્ન પૂછો.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હા સીધો પ્રશ્ન ઉપર આવું છું. વિજાપુર મત વિસ્તારમાં નદી કાંઠાના ૪૦ ગામો છે. વિજાપુર, હિંમતનગર અને પ્રાંતિજ સાઇડના ૮૦ જેટલા ગામોમાં રોજગારી નથી. ત્યાં એક નવી જી.આઇ.ડી. સી. શરુ કરો એવી મારી એક માગણી છે. હું અધિકારીશ્રીમાંથી આવું છું. એટલા માટે મારી બીજી માગણી એ છે કે, આપણે ઘણાં વર્ષોથી એટલે કે લગભગ ૩૦-૩૫ વર્ષથી કર્મચારીશ્રી, અધિકારીશ્રીઓને અહીંયા રહેણાકનો પ્લોટ આપતા નથી. સત્યમ કોમ્પ્યુટરને આપ્યું અને જમીન ફેઇલ ગઇ એને કૌભાંડ કર્યું. પૂરી ફાઉન્ડેશનને ૧૦ લાખ ચો.મી. જમીન આપી છે પણ કંઇ કર્યું નથી. એના બદલે, જે લોકોએ જિંદગી ખર્ચી નાખી છે એવા કર્મચારીશ્રી, અધિકારીશ્રીઓને આપ પ્લોટ આપવા માગો છો કે કેમ? અને ધારાસભ્યશ્રીઓને પણ પ્લોટ આપો અમને વાંધો નથી. ધારાસભ્યશ્રીઓને પણ પ્લોટ આપવા માગો છો કે કેમ? આટલો મારો પ્રશ્ન છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, મંત્રીશ્રી પોતે ઉદ્યોગપતિ છે. એટલે ઉદ્યોગો વિશે સારી રીતે જાણે છે. મારી એક રજૂઆત છે.

અધ્યક્ષશ્રી : તેઓશ્રી જાણે છે. તમે ફક્ત પ્રશ્ન પૂછો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન જ છે. અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી ટેક્સટાઇલની ઇન્ડસ્ટ્રીઝ ફેકટરીઓ બંધ છે અને સરકારે સી.ઇ.ટી.પી. બનાવી આપ્યું છે. તો વહેલું ચાલુ થાય અને ફેકટરીઓમાં ૧ લાખથી વધારે કારીગરો અને મજૂરો છે એમને રોજી મળે એ માટે તાત્કાલિક ચાલુ થાય એવી મારી વિનંતી છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મારા વિસ્તારમાં રોજગારીનો સવાલ છે. સિમેન્ટ કંપની ૫૦ વર્ષ ચાલી અને બંધ થઇ ગઇ. એક જે.કે. સિમેન્ટ કંપની છે પણ સ્થાનિક માણસોને લેતી નથી.

અધ્યક્ષશ્રી : શ્રી માનસિંહભાઇ, શું કરવું જોઇએ તે કહો?

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ૪-૫ વર્ષથી જી.આઇ.ડી.સી. મંજૂર થયેલી છે. પોલીસ સ્ટેશન શરુ થઇ ગયું પણ બાલાશિનોરમાં જી.આઇ.ડી.સી. વહેલી તકે શરુ કરવા માગો છો કે કેમ?

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મહુવામાં જી.આઇ.ડી.સી.ની ખાસ જરૂર છે. ૧૫થી ૧૭ કિ.મી.ના રાઉન્ડમાં ડિહાઇડ્રેશન ડુંગળીના ઉદ્યોગો ફેલાયેલા છે અને ૧૦૦ ટકા એક્સપોર્ટ થાય છે. આપણને વિદેશથી ખૂબ હૂંડિયામણ મેળવી આપે છે. એટલે આ ડિહાઇડ્રેશન ઉદ્યોગ તથા ૬૦થી ૭૦ કોલ્ડ સ્ટોરેજ આવેલા છે એ બધા માટે એક નવી જી.આઇ.ડી.સી.ની ખાસ જરૂરિયાત છે.

અધ્યક્ષશ્રી :શ્રી શિવાભાઇ ગોહિલની મહુવામાં નવી જી.આઇ.ડી.સી.ની માગણી છે. શ્રી શિવાભાઇ, આપ બેસો.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું અને વિનંતી કરું છું કે, મારો વિસ્તાર અતિપછાત અને અતિસંવેદનશીલ છે. મારા વિસ્તારમાં હજારો એકરમાં ખરાબો આવેલો છે. એ વિસ્તારમાં જો નવા-નવા ઉદ્યોગો આવે તો ગામડામાંથી શહેર બાજુ જે પલાયન થઇ રહ્યું છે એ ન થાય, એના માટે ઉદ્યોગો આપવામાં આવે એવી આપ સાહેબશ્રીને મારી વિનંતી છે.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી એટલે કે સાંજના ૫-૦૫ વાગ્યા સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

ડો. સી.જે. ચાવડા : (કૉંગ્રેસ પક્ષના દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, મારું બેકગ્રાઉન્ડ એજ્યુકેશનનું છે. વર્ષોથી એક લાગણી મનમાં છે જે અત્યારે કહેવાનું મન થાય છે. એક એવા પોર્ટલની જરૂર છે જે શિક્ષણ ખાતું, એટલે શિક્ષણની કોલેજો, યુનિવર્સિટીઓ, ઇન્ડસ્ટ્રીઝ અને સરકાર. આ ત્રણેય વચ્ચેનું લાઇવ પોર્ટલ હોય. જેની અંદર વિદ્યાર્થી જે ભણતો હોય એને જો જોબ જોઇએ છે, તો એની લાઇવ ડિમાન્ડ એની અંદર હોય. ઇન્ડસ્ટ્રીઝને પણ ખૂબ મોટો લાખો કરોડો રૂપિયાનો એડવર્ટાઇઝનો ખર્ચો થાય છે. તો આ એક લાઇવ પોર્ટલ જો ઇન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટ બનાવે તો અવશ્ય રીતે એ લાઇવ જોબ તરીકે ખૂબ મહત્ત્વનું અને ઉપયોગી સાબિત થશે. આવું એક પોર્ટલ આપ બનાવવાની કૃપા કરો, તો ગુજરાતના વિદ્યાર્થીઓને અને ઇન્ડસ્ટ્રીઝને મોટો ફાયદો થશે.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે તાપી જિલ્લામાં કાકરાપાર અણુમથક અને ટી.પી.એસ. બે મોટા સરકારશ્રીની નીતિ સાથે જોડાયેલી બાબત છે કે એમાં જે ભરતી કરવામાં આવે છે. એમાં સ્થાનિક લોકોમાં ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓની ભરતી કરવામાં આવે છે. એ સિવાયના બહારથી ભરવામાં આવે છે. સાહેબ, જે નીતિ વિષયક બાબત છે કે ત્યાં અમુક ટકા સ્થાનિકોની ભરતી થાય. એ પ્રમાણેનું સૂચન છે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, ઉદ્યોગને વિનંતી છે કે મારા વિસ્તારમાં, રાજકોટમાં એશિયાની સેકન્ડ નંબરની ઇમિટેશન માર્કેટ છે. લગભગ ૪ લાખ બહેનોને આખા જિલ્લામાં એ રોજગારી પૂરી પાડે છે. એના માટે ઇમિટેશન પાર્કની એ લોકોની ડિમાન્ડ છે અને એ લોકો જે કાંઇ એના માટે ઇન્વેસ્ટમેન્ટ કરવું પડે, હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીને એમણે રજૂઆત પણ કરી છે. સાહેબે ખૂબ જ સારો પ્રત્યુત્તર પણ આપ્યો છે, પોઝિટિવ. તો એના માટે આગળ કાર્યવાહી કરો એવી વિનંતી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું શ્રમ રોજગાર મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સદસ્ય નિવાસમાં જે એટેન્ડન્ટ અમારી સેવા માટે મૂકવામાં આવેલા છે, એમને દૈનિક ૨૬૩ રૂપિયા વેતન આપવામાં આવે છે. મારો પહેલો પ્રશ્ન છે કે જે નિર્ધારિત વેતન છે એ એટલું છે કે એનાથી વધારે છે, કારણ કે એ લોકોની ફરિયાદ એવી છે કે પહેલા એ લોકોનું પી.એફ. ૧૦૪૧ રૂપિયા કપાતું હતું. હવે પી.એફ. ફકત ૮૦૦ રૂપિયા કપાય છે.....

અધ્યક્ષશ્રી : એમને મિનિમમ વેઇઝીસ પ્રમાણે ન મળતું હોય તો એના માટેની વ્યવસ્થા.

ડો. તુષાર અ. ચૌધરી : કહેવાનો ભાવાર્થ એવો છે કે...

અધ્યક્ષશ્રી : ભાવાર્થ સમજી ગયો અને એનો ઉકેલ પણ મેં કહી દીધો.

ડો. તુષાર અ. ચૌધરી: માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીના આટલા સુંદર ભાષણ પછી એવું ન થવું જોઇએ કે સદસ્ય નિવાસમાં જ કામદારોનું શોષણ થાય.

અધ્યક્ષશ્રી : સીધે સીધા પ્રશ્નનો ઉકેલ થાય એટલા માટે આ ઘટનાને પોલિટિકલી ન કરીએ. નહીંતર હું બંધ કરીશ. મારી પાસે બે જ રસ્તા છે. હું એવું ઇચ્છું છું કે ધારાસભ્યના પ્રશ્નની પ્રાયોરિટી મંત્રીશ્રી અને અધિકારી પાસે ઇમિજિએટ પંહોચે એવો ઉદ્દેશ છે. તમે પોલિટિકલ એજન્ડા સાથે વાત કરશો તો જેમ પેલી પરંપરા હતી એમ બે જણને તક આપીને હું સીધી વાત કરીશ. કોઇનું ખરાબ કહેવાની જગ્યાએ તમે આટલું સારું કરો, એ વાત કરો એવો મારો આગ્રહ છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ભૂમિહીનોને સરકારી પડતર જમીન અને ટોચમર્યાદાના કાયદા નીચે જમીન ફાળવવાની જોગવાઇ છે. એકસ.આર્મીમેન, આદિવાસી, દલિત, ઓ.બી.સી. અને પછી દરેક સમાજના ભૂમિહીનો. એકંદરે વર્ષ ૨૦૦૮ પછી જમીનોની સાંથણી બંધ થઇ ગઇ છે એ શરૂ કરવામાં આવે. મારી સ્પીચમાં મેં કહ્યું હતું કે સચિવાલયના છવ્વીસે છવ્વીસ બ્લોકમાં એવા કોન્ટ્રેકચ્યુઅલ કર્મચારીઓ છે કે જેમને લઘુત્તમ વેતન મળતું નથી, તો એમની પગાર સ્લીપ ચેક કરી ના મળતું હોય તો સુનિશ્ચિત કરવામાં આવે.

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને એક નાનું સજેશન છે કે અત્યારે હાલ જી.આઇ.ડી.સી.માં કર્મચારીઓની અને લેબર માટે દરેક જગ્યાએ બોર્ડ મારેલા છે કે લેબર જોઇએ છે. એ લેબર નહીં મળવાના કારણોમાં જે જગ્યાએ જી.આઇ.ડી.સી.માં જગ્યા હોય ત્યાં એના રહેઠાણની વ્યવસ્થા થઇ શકતી હોય તો એ કરવી જોઇએ. જેનાથી લેબર ત્યાં રહી શકે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : ઉદ્યોગમંત્રીશ્રીને મારી વિનંતી છે કે અમારા પંચમહાલ દાહોદ વચ્ચે જી. આઇ. ડી. સી. માટે જે તે વખતે કોંગ્રેસનું રાજ હતું ત્યારે સી. એમ. સાહેબ આવીને જી. આઇ. ડી.સી. માટેનો પથ્થર મૂકી ગયેલા તો એ જી.આઇ.ડી.સી. શરૂ કરવા મારી આપ સાહેબને વિનંતી છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારો બોટાદ જિલ્લો છે, તે ગુજરાતમાં કપાસનું સૌથી વધારે ઉત્પાદન કરે છે, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બોટાદ જિલ્લાને સ્પિનિંગ ઝોન અને જિનિંગ ઝોન જાહેર કરવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને રજૂઆત કરવા માગું છું કે ગુજરાતમાં આપણે ૮૫ ટકા જે રોજગારી આપીએ છીએ, તો જયાં સ્થાનિક લોકો કે જેમણે જમીન આપી હોય તો ૮૫ ટકા પૈકી એમાંથી અમુક ટકા પ્રમાણે ત્યાંના લોકલ લોકોને આપણે રોજગાર આપીએ તો વધુ સારું રહે તેવી મારી માગણી છે.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૫ અને ૩૬ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક-૪૯, ૫૦, ૫૭, ૭૮ અને ૭૯ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૬ વાગ્યે પૂરું થતા સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

ગુરુવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૩

ફાલ્ગુન ૨૫, ૧૯૪૪ શાકે

સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

રાજ્યમાં ગટરમાં સફાઈ કરવા ઉતરેલા સફાઈ કામદારના મૃત્યુ અન્વયે સહાય

* ૧૧૯૮ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ગટરમાં સફાઈ કરવા ઉતરેલા સફાઈ કામદારના મૃત્યુ અન્વયે કેટલી રકમની મૃત્યુ સહાય ચૂકવવાની જોગવાઈ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગટર સફાઈ કરવા ઉતરેલા સફાઈ કામદારોના મૃત્યુ અન્વયે વર્ષવાર કેટલા કામદારોના પરિવારજનોને કુલ કેટલી રકમની મૃત્યુ સહાય ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા પરિવારજનોને ઉક્ત સહાય ચૂકવવાની બાકી છે ?

જવાબ

(૧) ૩. ૧૦,૦૦,૦૦૦/-

(૨)

ક્રમ	વર્ષ	મૃત્યુ પામેલ સફાઈ કામદારની સંખ્યા	મૃત્યુ સહાય ચૂકવવામાં આવી હોય તેવા સફાઈ કામદારના પરિવારજનોની સંખ્યા	ચૂકવેલ મૃત્યુ સહાયની રકમ (રૂ. લાખમાં)
૧	તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨	૦૭	૦૫	૫૦.૦૦
૨	તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩	૦૪	૦	૦.૦૦
	કુલ	**૧૧**	**૦૫**	**૫૦.૦૦**

(૩)

ક્રમ	વર્ષ	મૃત્યુ સહાય ચૂકવવાની બાકી હોય તેવા પરિવારજનોની સંખ્યા
૧	તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨	૦૨
૨	તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩	૦૪
	કુલ	**૦૬**

શ્રી ઈમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને રાજ્યમાં ગટર સફાઇ કામદારો અંગેનો મારો આ પ્રશ્ન છે અને જવાબમાં જણાવવામાં આવ્યું છે કે ૬ કામદારોને સહાય ચૂકવવાની બાકી છે એ કયારે ચૂકવવામાં આવશે અને બીજો પ્રશ્ન એ છે કે નામદાર સુપ્રીમકોર્ટે કામદારોને ગટરમાં ઉતારવાનું બંધ કરાવેલ છે તેમ છતાં કામદારોને કેમ ગટરમાં ઉતારવામાં આવે છે? અને ત્રીજો પ્રશ્ન એ છે કે રાજ્યમાં આ પ્રકારની કેટલી એફ.આઇ.આર. દાખલ કરવામાં આવી છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હાલના તબક્કે છમાંથી એક પણ સહાય ચૂકવવાની બાકી નથી, તમામને સહાય ચૂકવી દેવામાં આવેલ છે. બીજું એમણે MS એકટ ૨૦૧૩ની વાત કરી તો હું આપના મારફત સભાગૃહને જણાવવા માગું છું કે અમારી સરકાર દ્વારા સફાઇ કામદારોને અસ્વચ્છ વ્યવસાયમાંથી મુકિત અપાવી તેઓને સ્વચ્છ વ્યવસાય તરફ વાળી તેમનું પુનઃસ્થાપન કરવા માટે અલાયદું ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ રચવામાં આવ્યું છે. ઉકત નિગમના માધ્યમથી સફાઇ કામદારોને ચારથી છ ટકાના વ્યાજ દરે લોન આપવામાં આવે છે અને તે લોન ઉપર રૂપિયા ૩૦ હજારથી ૭૫ હજાર સુધીની સબસિડી આપવામાં આવે છે આ ઉપરાંત જે છૂટક સફાઇ કામદારોનું કામ કરતા હોય એવા રોજમદારોને

સલામતીનાં સાધનો ખરીદવા માટે રૂપિયા ૫૦ હજારની સહાય પૂરી પાડવામાં આવે છે. એ ઉપરાંત નિગમ દ્વારા પ્રસ્તુત બાબતે જાગૃતિ લાવવા માટે પણ જરૂરી પ્રચાર પ્રસારની કામગીરી હાથ ધરવામાં આવે છે. વધુમાં સરકારશ્રીના શહેરી વિકાસ અને પંચાયત વિભાગ દ્વારા પણ જરૂરી સૂચના આપવામાં આવી છે આમ છતાં માનનીય સભ્યશ્રી જે વાત કરે છે કે MS એકટ ૨૦૧૩ના અને નામદાર સુપ્રીમકોર્ટના તા. ૨૭-૩-૨૦૧૪ના આપેલા ચુકાદાના આદેશોની અમલવારી ચુસ્તપણે સરકારમાં કરવામાં આવે છે એ ઉપરાંત સરકારશ્રી દ્વારા આવા સઘન પ્રયત્નો કરાતા હોવા છતાં અમુક કિસ્સાઓમાં ખાનગી ઈજારદારો દ્વારા કામ ઉપર રખાયેલ કે છૂટક મજૂરી કરતા કે પરપ્રાંતમાંથી આવેલા કામદારો જાગૃતિના અભાવે કે કેટલાક કિસ્સાઓમાં બેદરકારીના લીધે સુરક્ષાનાં સાધનો સિવાય ગટરમાં સફાઇ કામદાર સફાઇ માટે જયારે ઉતરતા હોય છે અને ગેસ લિકેજના કારણે કામદારોનું મૃત્યુ થવાની દુર્ભાવ્યપૂર્ણ ઘટના બનતી હોય છે ત્યારે આવી દુર્ભાવ્યપૂર્ણ ઘટનાઓમાં સરકારશ્રી દ્વારા મૃતકના વારસદારને મૃતકની સહાયની રકમ ચૂકવવામાં આવે છે અને એમનો ત્રીજો પ્રશ્ન છે, એનું એમને વિગતવાર લિસ્ટ હું પહોંચાડી દઈશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે સફાઇ કામદારને ગટરમાં ના ઉતારવા માટે સુપ્રીમકોર્ટે આદેશ કર્યો છે અને સુપ્રીમકોર્ટના આદેશ મુજબ જે પણ જગ્યાએ કોઇપણ સફાઇ કામદારને ગટરમાં ઉતારવામાં આવે અને એનું મૃત્યુ થાય તો દસ લાખ રૂપિયાની સહાય, તેના પરિવારને એક સરકારી નોકરી અને જે લોકોએ એને ગટરમાં જે કોન્ટ્રાકટરે, ફેકટરીવાળાએ જેણે પણ ઉતાર્યો હોય એની સામે પોલીસ કેસ કરવામાં આવે. અત્યાર સુધી ગુજરાતમાં સન ૨૦૧૭થી ૨૦૨૨ સુધીમાં લગભગ ૩૭ કરતાં પણ વધુ સફાઇ કામદારોના મૃત્યુ થયા છે, ત્યારે સરકારે જે જવાબ આપ્યો છે, એમાં માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે આપે સહાય તો ચૂકવી દીધી પણ એ સહાય ચૂકવ્યા પછી આ વ્યકિતઓ સામે પોલીસ કેસ થયો છે કે કેમ અને સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન્સ મુજબ એમના પરિવારોને સરકારી નોકરી આપવી જોઇએ તો આ લોકોને સરકારી નોકરી આપી છે કે કેમ?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે સરકારી નોકરી માટેની વાત કરી તો એ બાબત સરકારની વિચારણામાં છે. બીજી વિગતો એમને પહોંચાડી દઈશ.

ડો. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, સરકારે સફાઇ કામદારોના મૃત્યુના બનાવો ન બને તે માટે શું પગલાં લીધેલાં છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા ગટર સફાઇની કામગીરી માટે આધુનિક સાધનો જેવાં કે જેટિંગ મશીન, સંકશન મશીન, હાઇડ્રોલિક ઓપરેટેડ ટ્રોલી, ડ્રેનેજ ક્લિનિંગ મશીન, વોશિંગ ઇન્સ્ટ્રુમેન્ટ વગેરે ઉપયોગમાં લેવામાં આવે છે. સાથોસાથ સફાઇ કામદારોની સુરક્ષા અને સલામતીનાં સાધનો જેવા કે બ્રિધિંગ એપરેટસ, ગેસ મોનિટર, ફુલ બોડી સેફ્ટી શૂટ, એર કમ્પ્રેસર ફોર બ્લોઅર, બ્રિધિંગ માસ્ક, હેન્ડ ગ્લોઝ, હેન્ડ લેમ્પ, હેલ્મેટ, સેફ્ટી બોડી હાર્નેસ, સેફ્ટી ગોગલ્સ પણ પૂરા પાડવામાં આવે છે. એ ઉપરાંત પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૨૧-૬-૨૦૧૪ અને તા.૧૧-૭-૨૦૧૯ના ઠરાવોથી ગુજરાત રાજ્યની તમામ જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો તથા ગ્રામ પંચાયતોમાં સફાઇ કામદારો મારફતે ભૂગર્ભ ગટરની સફાઇ કામગીરી કરાવવા પર પ્રતિબંધ મૂકવા અને સફાઇ કામદારોના અકસ્માતે અપમૃત્યુ રોકવા અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ પણ આપવામાં આવી છે. આ ઉપરાંત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૬-૧૨-૨૦૧૬ અને તા.૧૦-૫-૨૦૧૯ના ઠરાવોથી ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં સફાઇ કામદારો માટે ભૂગર્ભ ગટરની સફાઇ કરાવવા પર પ્રતિબંધ મૂકવા અને સફાઇ કામદારોના અપમૃત્યુ રોકવા માટે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવી છે.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો જે રીતે અમારા માનનીય મંત્રીશ્રીએ વાત કરી છે, આ સરકાર છેવાડાના માનવીની ચિંતા કરતી સરકાર છે એટલે માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારને ખૂબ અભિનંદન પાઠવું છું. મને શહેરી વિસ્તારમાં કામ કરવાનો અનુભવ છે, પણ એ વિગતોમાં જતો નથી. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આવા સફાઇ કામદારો માટે સફાઇ કામદાર વિકાસ નિગમની સ્થાપના કરી છે એની યોજનાઓની ટૂંકી વિગત પણ સન્માનનીય હાઉસને આપે, જેથી સમજી શકાય કે સરકાર કેટલી ચિંતિત છે?

અધ્યક્ષશ્રી : બધી લાંબી વિગતો નહીં, પણ ટૂંકમાં જ આપજો.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ મેં વ્યાજના દર અને સબસિડીની વાત કરી. મહિલાઓ માટે ૧ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે તેમજ રૂપિયા ૩૦ હજારની સબસિડી આપવામાં આવે છે. મહિલા અધિકારિતા અંતર્ગત પણ સહાય ૨ લાખ રૂપિયા સુધીની ૫ ટકાના વ્યાજે આપવામાં આવે છે. એ જ રીતે માઇક્રો ક્રેડિટ ફાયનાન્સ યોજના અંતર્ગત પુરુષોને પણ ૧ લાખ રૂપિયા સુધીની ૫ ટકાના વ્યાજે લોન આપવામાં આવે છે અને એમાં પણ ૩૦ હજાર રૂપિયાની સબસિડી આપવામાં આવે છે. વ્યક્તિગત લોન યોજના અંતર્ગત રૂપિયા ૧ લાખથી ૧૫ લાખ સુધીની ૬ ટકાના વ્યાજે લોન આપવામાં આવે છે અને ૭૫ હજાર રૂપિયા સુધીની સબસિડી આપવામાં આવે છે. એ જ રીતે ડો.આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના અંતર્ગત કામદારો માટે વ્યક્તિગત રૂપિયા ૧ લાખ ૨૦ હજારની સહાય આપવામાં આવે છે. વધુમાં, શહેરી વિસ્તારમાં રૂપિયા ૬૦ હજાર અને ગ્રામ્ય વિસ્તારમાં રૂપિયા ૩૦ હજારની બિન વ્યાજકીય લોન પણ આપવામાં

આવે છે અને છૂટક મજૂરી કરતા હોય એવા લોકોને સાધન સહાયની જરૂર પડતી હોય તો રૂપિયા ૫૦ હજારની સહાય આપવામાં આવે છે. એ ઉપરાંત બીજી ઘણી બધી સહાય નિગમ દ્વારા આપવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગંભીર વિષય છે. સુપ્રીમકોર્ટના વારંવારના આદેશો હોય, સન ૨૦૧૩થી કાયદો હોય તેમ છતાં પણ દર વર્ષે નગરપાલિકા હોય, મોટી પંચાયત હોય કે મહાનગરપાલિકામાં કોઇ વાલ્મિકી સમાજની વ્યક્તિ કે અન્ય ગરીબને ગટરમાં ઉતરીને સફાઇ કરવી પડે એ આપણા માટે મોટી દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. એટલા માટે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે, આ ૧૧ મૃત્યુ થયાં એ કઇ કઇ નગરપાલિકા કે મહાનગરપાલિકામાં થયા છે? માનનીય શૈલેષભાઇએ વાત કરી કે, કાયદામાં જોગવાઇ છે અને સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન છે. જવાબદાર અધિકારી કે એના કોન્ટ્રાકટરની સામે કોઇ કડક કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ? માનનીય મંત્રીશ્રીએ સફાઇ કામદાર નિગમની વાત કરી. ગયા વર્ષે ફક્ત રૂપિયા ૧૩ કરોડની ગ્રાન્ટ (અંતરાય)...

અધ્યક્ષશ્રી : આ બે વિષય થાય છે. આમાં સફાઇ કામદાર નિગમ આવતું નથી. એનો લાભ મળે છે એટલો જ વિષય છે. (અંતરાય)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું કે રૂપિયા ૧૩ કરોડ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે એ રકમ વધારવા માગો છો કે કેમ?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એમ.એસ. એક્ટ સન ૨૦૧૩ની વાત કરી. નામદાર સુપ્રીમકોર્ટના આદેશનું મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને પંચાયતોમાં ચુસ્તપણે પાલન થાય એ પ્રમાણેની સૂચના આપતા હોઇએ છીએ, તેમ છતાં મેં અગાઉ જેમ વાત કરી એ મુજબ કોઇ કોન્ટ્રાક્ટર કે એ લોકો બોલાવતા હોય છે. ઘણીવાર કોઇ મજૂરો હોય એ બહારના રાજ્યના હોય છે અને આવાં કામ માટે જતાં હોય છે. એમાં આવા અકસ્માતના કિસ્સા બનતા હોવા છતાં પ્રાઇવેટ પાર્ટી બોલાવે છે, છતાં રાજ્ય સરકાર દ્વારા ચૂકવણુ કરવામાં આવે છે અને છેલ્લે એમણે વાત કરી એ એમનું સૂચન છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નમાં ૧૧ મિનિટ થઇ ગઇ છે.

જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અરજીઓ

* ૧૯૫૮ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અનુસૂચિત જાતિની કેટલી અરજીઓ મળી,	(૧) ૮૨૧
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,	(૨) ૮૦૬
(૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને	(૩) રૂ. ૯૩,૩૬,૦૦૦/-
(૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે?	(૪) શૂન્ય.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જૂનાગઢ જિલ્લામાં ૮૨૧ અરજીઓ આવી એમાંથી ૮૦૬ મંજૂર કરી છે. આવડી મોટી માતબર રકમ ચૂકવવામાં આવી છે એ બદલ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાથે સાથે જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ૧૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે તો નામંજૂરીનાં કારણો શું છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ૧૫ અરજીઓ નામંજૂર કરી છે એમાં એક અરજી આવક મર્યાદા વધુ હોવાથી, એક કન્યા અનુસૂચિત જનજાતિની ના હોવાથી, અગાઉ બે દીકરીઓ હોય એને ત્રીજી દીકરી હોય અને સહાયનું ફોર્મ ભર્યું હોય, આપણે બે દીકરીઓ સુધી જ લાભ આપીએ છીએ એટલે ૧૦ એ રીતે નામંજૂર કરી છે. અરજદારને અગાઉ સહાય મળી ગઇ હોવાથી ત્રણ અરજી નામંજૂર કરી છે.

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જૂનાગઢ જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં કુલ કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં પાંચ વર્ષમાં લાભાર્થીઓની વાત કરું તો ૩૧૦૬ લાભાર્થીઓને કુલ રૂપિયા ૩ કરોડ ૨૬ લાખ ૧૦ હજારની સહાય ચૂકાવવામાં આવેલ છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કુંવરબાઇનું મામેરું યોજનામાં સહાય રૂપિયા ૧૨ હજાર ચૂકવવામાં આવે છે. એ સહાયમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કર્યો અને સહાયનો દર ડબલ કરવા માગો છો કે કેમ?

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પાંચ હજાર રૂપિયાની સહાય આપવામાં આવતી હતી. પાંચ હજાર રૂપિયામાંથી દસ હજાર રૂપિયા કરી અને પછી બે હજાર રૂપિયા વધારીને બાર હજાર રૂપિયા કરી છે અને ત્રીજું એમનું સૂચન છે.

સુરત જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અરજીઓ

* ૨૦૦૬ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સુરત જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી,	(૧) ૨૧૩૨
(૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને	(૨) ૨૧૦૧
(૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી ?	(૩) રૂ. ૨૩૬.૭૦ લાખ.

શ્રી મોહનભાઈ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે એવા વ્યક્તિત્વનો જન્મ દિવસ છે. આપના માધ્યમથી અમારા લોકપ્રિય નવસારીના સાંસદ શ્રી સી.આર. પાટિલ સાહેબ જેમણે ૧૮૨ સીટોનો લક્ષ્યાંક આપ્યો હતો અને ૧૫૬ સીટો આ સન્માનનીય ગૃહમાં છે અને તેમાંય ખાસ કરીને અમારા આદિવાસીમાં (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : તમે સીધા પ્રશ્ન ઉપર આવી જાઓ.

શ્રી મોહનભાઈ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અને બીજા આપણા સન્માનનીય કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા સાહેબને પણ જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કુંવરબાઈનું મામેરું યોજનામાં સરકાર દ્વારા સહાયના દરમાં કયારે કયારે વધારો કરવામાં આવ્યો છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નનો જવાબ મેં આગળ આપ્યો પણ એમાં તારીખ નહોતી આપી.

અધ્યક્ષશ્રી : તારીખ આપી દો. વાંધો નહીં.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૨-૫-૧૯૯૫માં જે રૂપિયા ૫૦૦૦ ઠરાવેલ હતા એ તા.૧૩-૪-૨૦૧૨માં ડબલ કરીને રૂપિયા ૧૦૦૦૦ કર્યા અને તા.૩-૬-૨૦૨૧માં ૨૦૦૦ રૂપિયાનો વધારો કરીને ૧૨૦૦૦ રૂપિયા કર્યા.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, વિકસતિ જાતિને કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ ૧૨૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે, પરંતુ સાથેસાથે સાત ફેરા સમૂહ લગ્નમાં જો એ ભાગ લે તો વધારાના બીજા રૂપિયા ૧૨૦૦૦ સરકાર ચૂકવે છે. મારે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે અમારો સુરત રાણા સમાજ એટલે કે અમારો રાણા સમાજ વિકસતિ જાતિમાં આવે છે. તા.૨૬મી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ વસંતપંચમી હતી અને તે દિવસે અમારા રાણા સમાજના સમૂહ લગ્ન હતા. ૪૮ કન્યાઓએ ભાગ લીધો હતો અને ૪૮ કન્યાઓને ૧૨૦૦૦ રૂપિયા કુંવરબાઈનું મામેરું યોજનામાં અને ૧૨૦૦૦ રૂપિયા સાત ફેરા સમૂહ લગ્ન એમ કરીને ૨૪૦૦૦ રૂપિયા દરેક કન્યાને માત્ર બે મહિનાની અંદર ચૂકવવામાં આવ્યા છે એ બદલ માનનીય મંત્રીશ્રીનો હું આભાર માનું છું અને આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કુંવરબાઈનું મામેરું યોજનામાં સુરત જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી અને તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો એની માહિતી આપે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં પાંચ વર્ષની વાત કરું તો લાભાર્થીઓની સંખ્યા છે ૧૦,૦૧૦ લાભાર્થીઓ અને તેમને રૂપિયા ૧૦,૩૮,૪૪,૦૦૦/- ની સહાય ચૂકવવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કુંવરબાઈનું મામેરું સહાય યોજનામાં આપણે બે દીકરીઓને લાભ આપીએ છીએ. એકબાજુ આપણે ઘટતી જતી દીકરીઓની ચિંતા કરીએ છીએ અને બીજી બાજુ આપણે દીકરીઓ માટે ક્રાઇટેરિયા નકકી કરીએ છીએ તો મારું સૂચન છે અને વિનંતી પણ છે. રાજયના મુખ્યમંત્રી સાહેબ પણ હાજર છે એટલે જેટલી દીકરીઓ હોય એટલી દીકરીને કુંવરબાઈનું મામેરું સહાય યોજનાનો લાભ મળવો જોઈએ અને બીજું જે આખા પરિવારમાં સંતાનોમાં દીકરીઓ હોય એને પણ રાજય સરકારે કંઈક વિશેષ મદદ કરવી જોઈએ. આવી કઈ મદદ સરકાર કરવા માગે છે ?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મને ગૃહને જણાવતા આનંદ થાય છે સમગ્ર દેશમાં ગુજરાત રાજય એક એવું રાજય છે કે જયાં બહેનોની, દીકરીઓની વિશેષ ચિંતા કરવામાં આવે છે. ગુજરાત રાજયમાં પહેલી વખત ૫૦ ટકા મહિલાઓને હિસ્સેદારી આપી હોય તો એ ગુજરાત રાજયમાં છે. જેન્ડર બજેટ જો બહાર પાડવામાં આવ્યું હોય તો એ

ગુજરાત રાજયમાં છે અને આજે વિધાનસભામાં પણ સૌથી વધારે બહેનોની સંખ્યા બી.જે.પી.માં છે એ પણ ગુજરાત રાજયમાં છે અને એમની મહિલા તરીકે જે લાગણી છે, એક તો એમની લાગણીને હું પણ આદર આપું છું અને આવનારા દિવસોમાં એમના જે કાંઇ સૂચનો છે એ સૂચનો ધ્યાનમાં લઇશું.

અધ્યક્ષશ્રી : ચલો, મામેરાં ભરાઇ ગયાં. પ્રશ્ન ક્રમાંક -૪

અમદાવાદ જિલ્લામાં ટેક્ષટાઈલ એકમોમાં વેટ / એસ.જી.એસ.ટી. સહાયની ચૂકવણી

* ૧૯૯૪ **શ્રી દિનેશસિંહ કુશવાહ** (બાપુનગર) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન	**જવાબ**
(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી-૨૦૧૨ હેઠળ ટેક્ષટાઈલ ક્ષેત્રના એકમોને કુલ કેટલી દાવા અરજીઓને વેટ/એસજીએસટી સહાયની ચૂકવણી કરવામાં આવી, અને	(૧) ૧૧૬૬ દાવા અરજીઓ.
(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવેલ છે ?	(૨) ૩. ૮૧૬.૦૬ કરોડ.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો હું આપણા યશસ્વી પ્રમુખશ્રી સી.આર. પાટીલજી અને કુંવરજીભાઇ બાવળીયાને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ આપું છું. આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત ટેક્સટાઇલ પોલિસી ૨૦૧૨ યોજનામાં અમલનો સમયગાળો કેટલો છે? આ યોજના જાહેર કરવા પાછળ રાજય સરકારનો ઉદ્દેશ શું હતો? ગુજરાત ટેક્સટાઇલ પોલિસી ૨૦૧૨ હેઠળ કઇ કઇ બાબતે કઇ કઇ પ્રવૃત્તિઓ આવરી લેવામાં આવે છે? અને આપણા તરફથી ટેક્સટાઇલ ઉદ્યોગને કઇ કઇ સબસિડી આપવામાં આવે છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું છે કે, ગુજરાત ટેક્સટાઇલ પોલિસી-૨૦૧૨ની યોજનાનો સમય તા.૫-૯-૨૦૧૨થી તા.૪-૯-૨૦૧૭ સુધીનો હતો. રાજ્ય સરકારે તા.૪-૯-૨૦૧૭ના ઠરાવથી પોલિસીના સમયમાં એક વર્ષનો વધારો કર્યો હતો. આમ પોલિસી અમલીકરણનો સમય તા.૩-૯-૨૦૧૮ સુધીનો થયેલો છે. હાલ આ પોલિસીમાં મંજૂર થયેલા એકમોને દાવાઓની ચૂકવણીની કામગીરી ચાલુ છે. એમનો બીજો પ્રશ્ન હતો. તેમાં ગુજરાત ટેક્સટાઇલ પોલિસીમાં રૂપિયા ૧૦ હજાર કરોડથી વધારે સહાય ચૂકવાઇ છે. આ યોજના જાહેર કરવા પાછળનો રાજ્ય સરકારનો ઉદ્દેશ કપાસનું વધુ સારું વળતર ચૂકવી શકાય, કપાસ ઉત્પાદન કરતા ખેડૂતોના વિકાસમાં વધારો થાય, દેશમાં અને આંતરરાષ્ટ્રીય બજારમાં રૂના માલની અનિશ્ચિત ભાવની વધઘટ સામે ખેડૂતોને સક્ષમ બનાવવા, રાજ્યમાં રૂ આધારિત મૂલ્ય સાંકળને મજબૂત કરવાનો, દરેક કક્ષાએ ટેકનોલોજી સંપાદન કરી સુરતમાં ઉત્પાદિત થતો માનવનિર્મિત અને કૃત્રિમ રેસાના કાપડને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક બનાવવામાં આવશે. આપણા પ્રધાનમંત્રીશ્રીનું એક સપનું હતું કે Farm to Fabric અને Fabric to Fashion. સ્પિનિંગ એકમના અભાવે અગાઉનાં વર્ષોમાં ખેડૂતો દ્વારા ઉત્પન્ન થતું રૂ દક્ષિણના રાજ્યોમાં મોકલવામાં આવતું હતું. જેથી રાજ્યની ૨૦૧૨ની ટેક્સટાઇલ પોલિસીનો ઉદ્દેશ ૨૫ (પચ્ચીસ) લાખથી વધુ નવા સ્પિનિંગ સ્થાપવાનો હતો. જેમાં કહેતાં મને આનંદ થાય છે કે, આપણા ત્યાં ૪૬ લાખથી વધારે નવા સ્પિનિંગ સ્થાપવામાં આવ્યા છે. જેના કારણે રૂનો વપરાશ મહદઅંશે આપણા રાજ્યમાં વધ્યો અને ખેડૂતોને રૂના સારા ભાવ મળતા થયા છે. તેમનો બીજો પ્રશ્ન હતો તેના જવાબમાં કહું તો ગુજરાત ટેક્સટાઇલ પોલિસી ૨૦૧૨ નીચે મુજબની પ્રવૃત્તિ આવરી લેવામાં આવી છે. જિનિંગ અને પ્રોસેસિંગ, કોટન સ્પિનિંગ, વિવિંગ, ડાઇંગ અને પ્રોસેસિંગ, નીટિંગ, ગારમેન્ટસ્, મેઇડ અપ્સ, મશીન કારપેટિંગ, મશીન એમ્બ્રોઇડરી તેમજ મૂલ્યલક્ષી સાંકળની અન્ય પ્રવૃત્તિઓ જેવી કે ક્રિમ્પિંગ, ટેક્સટરાઇઝિંગ, ટવીસ્ટિંગ, વાઇન્ડિંગ, સાઇઝિંગ તથા જિનિંગથી લઇને ગારમેન્ટસ્, મેઇડ અપ્સ સુધીની બધી જ પ્રવૃત્તિઓનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે સાંજે આ પ્રશ્નને પૂરક થોડીક વાત કરી હતી. આમાં આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિશેષ પૂછવા માગું છું કે, અમદાવાદ જિલ્લાનો પ્રશ્ન છે અને ઘણાબધા જિલ્લાઓમાં અને તેમાંય ખાસ કરીને અમદાવાદ જિલ્લામાં ખૂબ મોટી કંપનીઓ આવી છે. કંપની એકટ મુજબ તે કંપનીનો સીએસઆર ફંડ સારી જગ્યાએ વાપરવા માટેની જોગવાઇઓ છે. ઘણી કંપનીઓ એવું કરે છે કે, તે ફંડ બાજુના રાજ્યમાં કે બોમ્બે, દિલ્હીમાં મોકલી આપતી હોય છે. મારો પ્રશ્ન એટલો છે કે, માનનીય મંત્રીશ્રી અમદાવાદ કે અન્ય કોઇપણ જિલ્લાની અંદર આવી કંપનીઓના સીએસઆર ફંડ પૂરક સમિતિઓના માધ્યમથી જે તે ગામો કે જે તે તાલુકાઓમાં વાપરવા માગે છે કે કેમ? કેમ કે આમાં હજારો, કરોડો રૂપિયા હોય છે. માની લો કે કોઇ કંપનીનું ટર્ન ઓવર ૫૦૦-૭૦૦ કે ૧૦૦૦ કરોડ રૂપિયાનું હોય તો તેના અમુક ટકા....

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તો તે પૈસા જે તે તાલુકા કે ગામમાં વાપરવા માટે યોગ્ય કમિટી બનાવવા માગો છો કે કેમ?

તારાંકિત પ્રશ્નો

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે સૂચન કર્યું છે તેમાં આપણા રાજ્ય લેવલની કમિટી છે અને તે કમિટી આ સીએસઆર ફંડના લાભ લોકો સુધી પહોંચે તે બાબતનું સુપરવિઝન કરતી હોય છે.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાત ટેક્સટાઇલ પોલિસી-૨૦૧૨ અંતર્ગત રાજ્યમાં તેમજ અમદાવાદ જિલ્લામાં વિવિધ પ્રવૃત્તિઓ હેઠળ કેટલા એકમો મંજૂર થયેલા છે અને તેમાં કેટલું મૂડીરોકાણ કરવામાં આવેલ છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી માહિતી હોય તો બરાબર છે નહીં તો આપ ટેબલ ઉપર મૂકી શકો છો.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું ટેબલ ઉપર જવાબ આપીશ.

રાજકોટ જિલ્લામાં ટેક્ષટાઈલ એકમોમાં વેટ / એસ.જી.એસ.ટી. સહાયની ચૂકવણી

* ૧૯૯૬ **શ્રી જીતેન્દ્ર સોમાણી** (વાંકાનેર) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી-૨૦૧૨ હેઠળ ટેક્ષટાઈલ ક્ષેત્રના એકમોને કુલ કેટલી દાવા અરજીઓને વેટ/એસજીએસટી સહાયની ચૂકવણી કરવામાં આવી, અને	(૧) ૫૪૨ દાવા અરજીઓ.
(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવેલ છે ?	(૨) રૂ. ૨૧૪.૧૦ કરોડ.

શ્રી જિતેન્દ્ર કાં. સોમાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે**,** ગુજરાત ટેક્સટાઇલ પોલિસી-૨૦૧૨ અંતર્ગત રાજ્યમાં કેટલા એકમોને મંજૂરી આપવામાં આવેલ છે અને તેમાં કેટલું મૂડીરોકાણ આવેલ છે. તે પૈકી રાજકોટ જિલ્લામાં કેટલા એકમોને મંજૂરી આપવામાં આવેલ છે અને તેમાં કેટલું મૂડીરોકાણ કરવામાં આવેલ છે? માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન છે કે, ગુજરાત ટેક્સટાઇલ્સ પોલિસી ૨૦૧૨ અંતર્ગત રાજયમાં તેમજ રાજકોટ જિલ્લામાં વિવિધ પ્રવૃત્તિઓના કેટલા એકમો મંજૂર થયેલ છે અને તેમાં કેટલું મૂડીરોકાણ આવેલ છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ટેક્સટાઇલ્સ પોલિસીમાં સન ૨૦૧૭ સુધીમાં કુલ ૧૩૭૪ એકમોને મંજૂરી આપવામાં આવી છે અને રૂપિયા ૩૫૦૦ કરોડથી પણ વધારે મૂડી રોકાણ આમાં આવેલું છે, તે પૈકી રાજકોટ જિલ્લામાં ૧૩૦ એકમોને મંજૂરી આપવામાં આવી છે અને એમાં રૂપિયા ૨૩.૨૯ કરોડનું મૂડીરોકાણ થયેલું છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇએ ખેડૂતોનું ઉત્પાદન ડબલ થાય અને એને એનો ભાવ વધારે આવે એના માટે આ પોલિસી લાવ્યા હતા એ બદલ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પોલિસી આવ્યા પછીની ૫૪૨ અરજી આવી છે એમાં સરકારે કેટલી સબસિડી ચૂકવી એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગે આપણે તમામ અરજીઓ મંજૂર કરતા હોઇએ છીએ અને એની વ્યાજ સહાયથી માંડીને તમામ સહાય એ એકમો પૂર્તતા કરતા હોય એ પ્રમાણે આપણે ચૂકવી દેતા હોઇએ છીએ.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જાહેર થયેલ ટેક્સટાઇલ્સ પોલિસી સન ૨૦૧૯ આવી એમાં ૨૦૧૨ની પોલીસ જે હતી એના કરતા શું વિશેષ લાભ આપવામાં આવેલ છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી આપણે સન ૨૦૧૨ની પોલિસી મુજબ લાભો આપતા હતા અને એ પછી ૨૦૧૯માં નવી પોલિસી આવી છે. સન ૨૦૧૨ની પોલિસીમાં જે નાના ઉદ્યોગો હતા એને ૫ વર્ષ સુધી માત્ર ૫ ટકા લેખે વ્યાજની સહાય આપતા હતા, સન ૨૦૧૯ની નવી પોલિસી મુજબ હવે એને ૫ વર્ષ સુધી ૬ ટકા વ્યાજની સહાય આપણે આપીએ છીએ. ફકત સ્કીપિંગ, વિવિંગ એકમોમાં ૫ વર્ષ સુધી ૧ રૂપિયો પ્રતિ યુનિટે પાવરની સહાય આપવામાં આવતી હતી, હવે સન ૨૦૧૯માં એલ.ટી. પાવર કનેકશન ધરાવતા યુનિટોને ૫ વર્ષ સુધી ૩ રૂપિયા પ્રતિ યુનિટ પાવર સહાય આપવામાં આવે છે અને એચ.ટી. પાવર કનેકશન ધરાવતા યુનિટોને ૫ વર્ષ સુધી ૨ રૂપિયા પ્રતિ યુનિટ પાવર સહાય આપવામાં આવે છે અને અન્ય લોકોને ૫ વર્ષ સુધી ૨ રૂપિયા પ્રતિ યુનિટે પાવર સહાય આપવામાં આવે છે. ઊર્જા સંરક્ષણ, જલ સંરક્ષણ અને પર્યાવરણ અનુપાત ચાલુ એકમોમાં ૫૦ ટકા સુધીનું વળતર સન ૨૦૧૨માં રૂપિયા ૫૦ હજારની મર્યાદામાં હતું એ સન ૨૦૧૯માં ઊર્જા સંરક્ષણ, જલ સંરક્ષણ અને પર્યાવરણ અનુપાત માટે ૫૦ ટકા સુધીનું મહત્તમ રૂપિયા ૧ લાખની સહાય આપવામાં આવે છે. તેમજ સાધનોની કિંમતમાં ૩૦ લાખ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. ટેક્સટાઇલ્સ પાર્ક સ્થાપવા માટે રૂપિયા ૧૦ કરોડની મર્યાદામાં સહાય આપવામાં આવતી હતી એ હવે નવી પોલિસી મુજબ ટેક્સટાઇલ્સ પાર્ક સ્થાપવા માટે રૂપિયા ૧૫ કરોડની સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત કામદારોને રહેવા અને છાત્રાલય

માટે રૂપિયા ૭.૫૦ કરોડની સહાય આપવામાં આવે છે. એટલે સન ૨૦૧૨ની પોલિસી કરતા પણ અમારા પ્રધાનમંત્રીશ્રીએ સન ૨૦૧૯ની પોલિસીમાં બહુ વધારે લાભો આપીને સહાયમાં વધારો કર્યો છે.

જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

*૨૫૬૮ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૩) તે પૈકી જિલ્લાવાર કેટલાને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી આપવામાં આવી ?

જવાબ

(૧)

જિલ્લાનું નામ	શિક્ષિત	અર્ધશિક્ષિત	કુલ
જૂનાગઢ	૯૮૬૬	૪૫૭	૧૦૩૨૩
પોરબંદર	૪૪૬૯	૧૭૫	૪૬૪૪

(૨)

જિલ્લાનું નામ	આપવામાં આવેલ રોજગારી
જૂનાગઢ	૪૫૭૩
પોરબંદર	૪૦૫૩

(૩) સરકારી નોકરીમાં ભરતી પ્રક્રિયા રોજગાર કચેરી મારફત થતી નથી જેથી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ અને પોરબંદર મારફત આપવામાં આવેલ ખાનગી રોજગારીની વિગતો નીચે મુજબ છે.

જિલ્લાનું નામ	ખાનગી
જૂનાગઢ	૪૫૭૩
પોરબંદર	૪૦૫૧

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે? ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી છે? એ પૈકી જિલ્લાવાર કેટલાને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી આપવામાં આવી છે? આ બાબતે મને જે જવાબ મળેલ છે એમાં હું મારો વિચાર રજૂ કરું છું કે, જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કુલ ૧૦૩૨૩ બેરોજગારો નોંધાયેલા હતા,જેમાંથી ૪૫૭૩ને રોજગારી આપવામાં આવેલ હતી જે ખાનગી કંપનીએ જ આપેલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ સીધો પ્રશ્ન પૂછી શકો છો, આપનો શું પ્રશ્ન છે ?

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવાનું એ છે કે, સરકારે આમાં કોઇ પણ જાતની ભરતી કરેલી નથી તો સરકાર આમાં કયારે ભરતી કરવા માગે છે ? અને કેટલી ભરતી કરવા માગે છે ?

અધ્યક્ષશ્રી: સરકાર કેટલી ભરતી કરવા માગે છે અને કયારે કરવા માગે છે ?આ બે પ્રશ્ન જ છે ને ?

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હા, જી.

અધ્યક્ષશ્રી : ત્રીજો હોય તો હજુ પૂછી લો, ત્રીજો છે ?

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, ના, જી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે તેમની ચિંતા વ્યકત કરી છે મને જવાબ આપતા આનંદ થાય છે. છેલ્લાં પાંચ વર્ષમાં આ ગુજરાત જ એક એવું રાજય છે કે જેને દોઢ લાખથી વધારે લોકોને સરકારી નોકરી આપી છે. ભારતના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળ ગુજરાત રાજયની માહિતીમાં પ્રસિદ્ધ થયેલ અહેવાલમાં ગુજરાત એક એવું રાજય છે કે, આજે રોજગારી આપવામાં પ્રથમ છે અને આખા ભારતનો બેરોજગારીનો આંક ૪.૨ છે. તેમાં ગુજરાતનો ૨.૨ છે તે આપણા માટે ગૌરવ લેવાની વાત છે અને જે પ્રમાણે તેમણે ચિંતા વ્યકત કરી છે તે પ્રમાણે અત્યારે પણ આપણે અનેક પ્રકારના લોકમેળાઓ કરીએ છીએ. ૧૫૦૦થી પણ વધારે આપણે ભરતી મેળાઓ કર્યા છે તેમાં પણ લોકોને પ્રાઇવેટમાં નોકરી વધુમાં વધુ પ્રાપ્ત થાય તેના માટેના અનેક પ્રોગ્રામો આપણે કરીએ છીએ. હમણાં જ આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પણ આપણા લોકોને સમગ્ર ભારતમાં રોજગારી થાય તેના માટે પણ દર મહિને આ લોકોને રોજગારી અપાય તે બાબતી વ્યવસ્થા થાય છે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે રાષ્ટ્રીય ટીકાકરણ દિવસ છે ત્યારે વિશ્વમાં સૌથી વધુ કોવિડનું ટીકાકરણ કરનાર આ દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને આરોગ્ય મંત્રી ડો.મનસુખભાઇ માંડવીયાને આજે

આપણે અભિનંદન આપીએ છીએ અને એ જ રીતે ગુજરાતમાં ટીકાકરણ અભિયાનને આગળ વધારનાર આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલને પણ ખૂબ ખૂબ અભિનંદન.

અધ્યક્ષશ્રી : ટીકા એટલે વેક્સિન હોં પેલી ટીકા ન સમજતા.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી જાણવા માગું છું કે, તા:૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી ? અને આજની સ્થિતિએ બે વર્ષમાં કેટલા રોજગારી ભરતી મેળા કરવામાં આવ્યા ? કેટલા ઉમેદવારોએ અને કેટલા અરજદારોએ તેની અંદર ભાગ લીધો અને કેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢની અંદર છેલ્લા બે વર્ષમાં આપણે ૯૬ ભરતી મેળાઓ કર્યા છે. ભરતી મેળાઓમાં ૧૦,૪૭૬ ઉમેદવારો હાજર હતા અને ભરતી મેળામાં રોજગારી મેળવનાર ઉમેદવારોની સંખ્યા ૪૪.૪૧ ટકા હતી અને ભરતી આપનાર જે દાતાઓ હતા તે ૨૦૮ હતા.

શ્રી ભગવાનજીભાઈ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પોરબંદર જિલ્લામાં તા:૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાલુકાવાઇઝ કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી? અને રાજયમાં આવેલ રોજગાર કચેરીઓ યુવાનોને કઇ કઇ રીતે મદદરૂપ થાય છે તે હું જાણવા માગું છું?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદરની અંદર ૩૨૧૪, રાણાવાવમાં ૪૮૪ અને કુતિયાણામાં ૩૫૫ એ પ્રમાણે ૪૦૫૩ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી છે અને રાજયમાં આવેલી રોજગાર વિનિમય કચેરીમાં જે મદદરૂપ થવાની વાત માનનીય સભ્યશ્રીએ કરી છે, તેમાં રાજયના યુવાનોને વિવિધ તકો આપવા માટે રાજયમાં ૪૬ રોજગાર કચેરીઓનું વિશાળ નેટવર્ક છે. રોજગાર કચેરીમાં ઉમેદવારનું નામ, નોંધણી, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારની ભલામણ, કારકિર્દી, માર્ગદર્શન અને કાઉન્સિલ જેવી અગત્યની સેવાઓ અપાય છે. લોકોની આવડત અને કૌશલ્ય અનુસાર રોજગારી મળે તે માટે રોજગારી ભરતી મેળાનું આયોજન થાય છે. કોલ સેન્ટર મારફત ઉમેદવારને કોઇ પણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારીલક્ષી તથા સરકારી યોજનાની માહિતી ટેલિફોનીક માધ્યમથી પણ મેળવી શકાય છે. એક પોર્ટલ છે. અનુબંધન પોર્ટલ મારફત રોજગાર વિષયક સેવાઓ અને યુવાનોને ઓનલાઈન મદદ પણ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ શિક્ષણ સંસ્થાઓ મારફતે સેમિનાર અને વેબિનારના માધ્યમ દ્વારા અથવા રૂબરૂમાં અભ્યાસલક્ષી/રોજગારલક્ષી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે. રોજગાર કચેરી દ્વારા કરવામાં આવતી વિવિધ રોજગારલક્ષી પ્રવૃત્તિઓના પરિણામ સ્વરૂપ ભારતમાં રોજગારી આપવામાં આપણે છેલ્લા ૨૨ વર્ષથી આજ દિન સુધી પ્રથમ સ્થાને રહ્યા છીએ. આ પ્રકારની વ્યવસ્થા ગુજરાત સરકારે કરેલી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ટીકા પણ એક વેક્સિન છે. એ લેવાય તો આપણા આરોગ્યમાં ખૂબ સુધારો થાય છે એટલે ટીકા સાંભળવાની મારા મિત્રો તૈયારી રાખે.

અધ્યક્ષશ્રી : પોઝિટિવ વેક્સિન અપાય તે પણ સારી બાબત છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, પોઝિટિવ લેતાં આવડવું જોઈએ. માનનીય મંત્રીશ્રીએ રોજગારીના આંકડા આપ્યા, પણ એક હજાર જગ્યાની જાહેરાત બહાર પડે ત્યારે રૂપિયા ૧૫થી ૨૦ લાખ અરજીઓ આવે છે. મેં વારંવાર માનનીય મંત્રીશ્રીઓનું ધ્યાન દોરેલું છે કે જે વિસ્તારોમાં ઉદ્યોગો ઓછા છે તે વિસ્તારોમાં બેરોજગારી અને માઈગ્રેશનનું પ્રમાણ ખૂબ મોટું છે. તેના કારણે રોજગારીના આંકડા અહીંયા નોંધાયેલા છે તેના કરતાં અનેકગણા વધારે છે. માત્ર પોરબંદરમાં જ છેલ્લાં ૨૭ વર્ષમાં ૧૧ ઉદ્યોગોમાંથી ૯ ઉદ્યોગો બંધ થયા છે.

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બેરોજગારી ઘટાડવી હોય તો જે જિલ્લાઓ બાકી છે તેમાં ઔદ્યોગિકીકરણનું સ્તર વધારવું પડે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં ઉદ્યોગો નહિવત છે અને જે છે તે પણ બંધ થયા છે તે વધારવા માગો છો કે કેમ? જે પણ ઉદ્યોગો છે તેમાં સ્થાનિક રોજગારી નથી. ઓરિસ્સા, ઝારખંડ, છત્તીસગઢ, આસામ કે બીજા રાજયોમાંથી મજૂરો લાવીને તેમની પાસે કામ કરાવાય છે. કારણ કે તેને ક્વોલિટી રોજગારી ન આપે તો ચાલે તેમ છે. તે બંધ કરીને ૮૫ ટકા સ્થાનિક રોજગારી આપવાના નિયમનો અમલ કરવા માગો છો કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય અર્જુનભાઈ બહુ સિનિયર નેતા છે. છેલ્લાં બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો ૪,૬૪૪ નોંધાયેલા હતા, તેની સામે ૪,૦૫૧ લોકોને રોજગારી આપી શક્યા છીએ. ૮૫ ટકા સ્થાનિક રોજગારી ન આપવાની એક પણ ફરિયાદ પોરબંદર જિલ્લામાંથી આવે તો ચોક્કસપણે પગલાં લેવામાં આવશે. ગુજરાતના યુવાનોને ૮૫ ટકા સ્થાનિક રોજગારી મળે તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્કિલ યુનિવર્સિટી ચાલુ કરીને સ્થાનિક લોકોને રોજગારી પ્રાપ્ત થાય તે બાબતની વ્યવસ્થા કરી છે. આવી કોઈ પણ ફરિયાદ હશે તો અમે કાળજીપૂર્વક જોઇશું.

તારાંકિત પ્રશ્નો

મહેસાણા જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વયવંદના) યોજના

*૧૯૭૦ **શ્રી કિરીટકુમાર પટેલ** (ઊંઝા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા. ૦૧-૦૧-૨૦૨૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં મહેસાણા જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વયવંદના) યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી,	(૧) ૧૪૭૪
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,	(૨) ૧૪૨૧
(૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને	(૩) રૂ. ૯૨,૭૩,૫૦૦/-
(૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ?	(૪) ૧૩

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનામાં લાભાર્થીને કેટલી સહાય ચૂકવવામાં આવે છે અને આ સહાય કયા માધ્યમથી અને કેવી રીતે ચૂકવવામાં આવે છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળના ૬૦ વર્ષથી ૭૯ વર્ષના જે લાભાર્થીઓ છે તેમને રાજ્ય સરકાર દ્વારા રૂ.૮૦૦ અને કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૨૦૦ એમ કુલ મળીને રૂ.૧૦૦૦ની સહાય ચૂકવવામાં આવે છે. એ જ રીતે, ૮૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા રૂ.૭૫૦ અને કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૫૦૦ એમ કુલ મળી રૂ.૧૨૫૦ની સહાય ડી.બી.ટી. ના માધ્યમથી ચૂકવવામાં આવે છે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો? અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં ૧૪,૫૦૩ લાભાર્થીઓને રૂ. ૫૪ કરોડ ૭૦ લાખ ૭૧ હજારની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનામાં જે લોકો ૬૦ વર્ષથી ઉપરના હોય છે અને બી.પી.એલ. યાદીમાં નામ હોય એવા લોકોને પેન્શન આપવામાં આવે છે. પરંતુ, વૃદ્ધ થયા પછી અમુક લોકોની પરિસ્થિતિ ખરાબ હોય છે અને બી.પી.એલ. યાદીમાં નામ હોતું નથી. તો એવા લોકોનો સરવે કરી પેન્શન યોજના આપવા માગો છો કે કેમ?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

સાબરકાંઠા જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના

* ૧૯૬૦ **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા. ૦૧-૦૧-૨૦૨૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી,	(૧) ૪૨
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,	(૨) ૩૪
(૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને	(૩) રૂ.૧૭,૦૦,૦૦૦/-
(૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ?	(૪) ૦

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દિવ્યાંગ લગ્ન સહાય યોજના અંતર્ગત કયા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા લોકોને આ યોજનાનો લાભ મળે છે?, આ યોજનાના માપદંડો શું છે?, આમાં સરકારની કેટલી સહાય છે? અને જો કોઇ સામાજિક સંસ્થા આવા લગ્ન કરાવતી હોય તો એમને કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિના લગ્નસહાયની યોજનાની વાત કરીએ તો, એમાં ૨૧ પ્રકારની દિવ્યાંગતા નક્કી કરેલી છે. એમાં ૪૦ ટકા કે તેનાથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિ, અંધત્વ, ઓછી દૃષ્ટિ, આનુવંષિક કારણોસર થતો સ્નાયુક્ષય, રક્તપિત્તમાંથી સાજા થયા હોય એવા વ્યક્તિઓ, એસિડ હુમલાનો ભોગ બનેલ વ્યક્તિ, હલન-ચલન સાથેની અશક્તતા, સેરેબલ પાલ્સી, વામનતા જેવી દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ. આ ઉપરાંત, જેને ૭૧થી ૧૦૦ ટકા સાંભળવાની ક્ષતિ હોય અને ૫૦ ટકા કે તેનાથી વધુની દિવ્યાંગતા હોય, ક્રોનિક ન્યુરોલોજિકલ સ્થિતિ, સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્ત્રાવ, ધ્રુજારી, સ્નાયુબદ્ધ કઠોરતા, બૌદ્ધિક અસમર્થતા, હિમોગ્લોબીનની માત્રા ઓછી હોય એવા વ્યક્તિ, દીર્ઘકાલીન એનિમિયા, માનસિક બીમાર તેમજ ખાસ અભ્યાસ સબંધિત કોઇ દિવ્યાંગતા હોય તો એ વાણી અને ભાષા પ્રત્યેની દિવ્યાંગતા અને ચેતાતંત્ર તેમજ ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ હોય અને મલ્ટિપલ ડિસેબિલિટી જેવી

દિવ્યાંગતા હોય એવા પ્રકારના લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે. આ યોજના હેઠળ દિવ્યાંગથી દિવ્યાંગ વ્યક્તિ સાથેના લગ્ન હોય તો એ બંનેને રૂ. ૫૦ હજાર લેખે સહાય ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત, જો નોર્મલ વ્યક્તિ સાથેના લગ્ન હોય તો રૂ. ૫૦ હજારની સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાતની અંદર દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કેવી રીતે અને કેટલી સહાય ચૂકવવામાં આવે છે? અને તેની વિગતો શું છે? આ સહાયની રકમમાં છેલ્લે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ સહાયની રકમની વાત કરી એ પ્રમાણે આપણે લાભાર્થીઓને રૂપિયા ૫૦૦૦૦+૫૦૦૦૦ અને નોર્મલને રૂપિયા ૫૦,૦૦૦/-ની સહાય આપીએ છીએ. જે સહાય ડી.બી.ટી.ના માધ્યમથી ચૂકવવામાં આવે છે અને સીધા લાભાર્થીના ખાતામાં જમા કરાવવામાં આવે છે. તારીખ ૨૧-૦૫-૨૦૧૬ના રોજથી જે રૂપિયા ૨૦,૦૦૦/-ની સહાય હતી એ વધારીને રૂપિયા ૫૦,૦૦૦/- ની કરવામાં આવી છે.

નર્મદા જિલ્લામાં જર્જરિત આંગણવાડીઓ

*૧૪૦૫ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે,	(૧) નર્મદા જિલ્લામાં ૯૫૨ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે.
(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ જર્જરિત હાલતમાં છે, અને	(૨) ૧૪૬ આંગણવાડીઓ જર્જરિત છે.
(૩) ઉક્ત જર્જરિત આંગણવાડીઓની શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે ?	(૩) ઉક્ત ૧૪૬ આંગણવાડી કેન્દ્રો પૈકી ૧૩ આંગણવાડી કેન્દ્રો આંગણવાડી વર્કરના ઘરમાં, ૧૯ કેન્દ્રો શાળામાં, ૪ કેન્દ્રો પંચાયતના મકાનમાં, ૧૭ કેન્દ્રો ભાડાના મકાનમાં, ૫ કેન્દ્રો અન્ય સરકારી મકાનમાં અને ૮૮ દાતાના મકાનમાં ચાલે છે.

શ્રી ચૈતરભાઈ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, જર્જરિત આંગણવાડીઓના મારા પ્રશ્નમાં, નર્મદા જિલ્લામાં ૧૪૬ આંગણવાડીઓ જર્જરિત છે, એવો મને જવાબ મળેલ છે. આ જર્જરિત આંગણવાડીઓની વૈકલ્પિક વ્યવસ્થા જણાવેલ છે, એમાં ૧૩ આંગણવાડી કેન્દ્રો આંગણવાડી વર્કરના ઘરમાં ચાલે છે, ૧૯ આંગણવાડી કેન્દ્રો શાળામાં ચાલે છે, ૪ આંગણવાડી કેન્દ્રો પંચાયતના મકાનમાં ચાલે છે, ૧૭ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં ચાલે છે, ૫ આંગણવાડી કેન્દ્રો અન્ય સરકારી મકાનમાં ચાલે છે તથા ૮૮ આંગણવાડી કેન્દ્રો દાતાના મકાનમાં ચાલે છે. ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સરકારશ્રી આ આંગણવાડી કેન્દ્રો સત્વરે બનાવવા માગે છે કેમ? મારો બીજો પ્રશ્ન છે કે, નર્મદા જિલ્લામાં આજની સ્થિતિએ કુપોષણથી પીડાતાં બાળકોની સંખ્યા ૯૮૨૬ છે અને અતિકુપોષણથી પીડાતાં બાળકોની સંખ્યા ૨૫૧૦ છે. આમ, કુલ ૧૨૩૩૬ બાળકો કુપોષણથી પીડાય છે. જયારે કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા ૩૨ ટકા છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુપોષણ ઘટાડવા માટે સરકારશ્રી શું પગલાં લઇ રહી છે અને શું પગલાં લેવાં માગે છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ આંગણવાડીનો પ્રશ્ન છે. સભ્યશ્રીએ જર્જરિત આંગણવાડીની વાત કરી કે, આજે જર્જરિત આંગણવાડીમાં બાળકોને શા માટે બેસાડવામાં આવે છે. એમાં જણાવું તો, રાજ્ય સરકાર દ્વારા મનરેગા સાથે સંકલન કરી આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે પ્રતિવર્ષ બજેટની જોગવાઇ મંજૂર કરવામાં આવે છે ત્યારબાદ, ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે અને જિલ્લાવાર તેનું આયોજન કરવામાં આવે છે. પરંતુ ઘણી જગ્યાએ જગ્યાઓની વૈકલ્પિક વ્યવસ્થા હોતી નથી. બાળકો માટે અનુકૂળ આંગણવાડી પડતી હોય એ જગ્યાએ આંગણવાડીની વ્યવસ્થા થઇ શકતી નથી. એવી પરિસ્થિતિમાં બાળકોને આંગણવાડીએ જતાં અટકાવી ન શકાય એના માટે એમને ભાડાના મકાનમાં કે અન્ય જગ્યાએ જેમ સભ્યશ્રીએ લિસ્ટ વાંચ્યું એ રીતે બેસાડવામાં આવે છે. બને એટલા વહેલા સમયમાં જે જર્જરિત આંગણવાડીઓ છે એને બનાવવાનું અમારું આયોજન છે.

અધ્યક્ષશ્રી : જર્જરિત મકાન હોય તો બીજી જગ્યાએ આંગણવાડી રાખવી જોઇએ. જર્જરિત મકાનમાં આંગણવાડી ન રાખવી જોઇએ. એવી એમની રજૂઆત છે.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે બાળકો આંગણવાડીમાં આવતાં હોય છે, એમને બેસાડવા માટે ભાડાના મકાનમાં આંગણવાડીઓ ચલાવવામાં આવે છે. છતાં સભ્યશ્રીની જે રજૂઆત છે એને ધ્યાનમાં લઇશું.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નવા આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટેની શું પ્રક્રિયા છે?

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, નવા આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે તાલુકા કક્ષાએ સક્ષમ અધિકારીશ્રી દ્વારા જરૂરી જમીનની ઉપલબ્ધિ અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. બાંધકામ માટે ઓછામાં ઓછી ૫૫.૭૪ ચો.મી. જમીનની ફાળવણીની જરૂરિયાત રહે છે. નવા મકાન માટે નંદ ઘરે ટાઈપ ડિઝાઈન મંજૂર કરવામાં આવેલ છે. આ ટાઈપની ડિઝાઈન મુજબ તૈયાર થતા આંગણવાડી કેન્દ્રોમાં જરૂરી માળખાકીય સુવિધાઓ જેવી કે, રસોઈ ઘર, સ્ટોર રૂમ, બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ કરવા માટે બાલમિત્ર વર્ગ, વીજ કનેકશન, પીવાના પાણીની સુવિધાઓ, શૌચાલય વિગેરે માળખાકીય સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેનાથી આંગણવાડીમાં આવતાં નાનાં બાળકો સારી રીતે આંગણવાડીની સેવાનો લાભ લઈ શકે. એ ઉપરાંત જે જગ્યાએથી જમીન ઉપલબધ થયેથી જિલ્લા કક્ષાએથી વહીવટી મંજૂરી લેવામાં આવે છે અને પછી તાંત્રિક મજૂરી મેળવવામાં આવે છે. આંગણવાડી કેન્દ્રનું બાંધકામ પૂર્ણ થયેથી તેનું પઝેશન લેવામાં આવે છે. એ ઉપરાંત રાજયમાં આંગણવાડી કેન્દ્ર દીઠ કુલ રૂપિયા ૭ લાખની નાણાકીય જોગવાઈ નકકી કરવામાં આવેલ છે. જે પૈકી મનરેગા દ્વારા રૂપિયા ૫ લાખ તથા આઈ.સી.ડી.એસ. દ્વારા આંગણવાડી દીઠ રૂપિયા ૨ લાખ. આમ, ભારત સરકારના ૫૦ ટકા અને રાજય સરકારના ૫૦ ટકા. વિશેષ આંનદની લાગણી વ્યકત કરવા સાથે વાત કરું તો ઓગસ્ટ-૨૦૨૨માં ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ મિશન સક્ષમ આંગણવાડી પોષણ ૨.૦ની માર્ગદર્શિકામાં આંગણવાડીના બાંધકામ માટે યુનિટ કોસ્ટ રિવાઈઝ કરીને રૂપિયા ૧૨ લાખ કરવામાં આવી છે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ભારતીય જનતા પાર્ટીના અમારા આદરણીય નેતા એવા શ્રી સી. આર. પાટિલ સાહેબ અને માનનીય કુંવરજીભાઈ બાવળિયા સાહેબને હું આજના દિવસે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ખૂબ સારા એવા કાર્યકર તરીકે અને રાજયને આજે ખૂબ સારી રીતે વહન કરી રહ્યાં છે. એવા આદરણીય બન્ને નેતાઓને જન્મ દિવસ નિમિત્તે હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. સાધુવાદ પાઠવું છું. ખાસ તો સાહેબ, આપને પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું કે કાપ દરખાસ્ત અને એવા અનેક પ્રશ્નો બાદ એક એક મિનિટનો જે દરેક સભ્યને પૂછવાનો સમય આપો છો, એ બદલ આપને પણ ખૂબ અભિનંદન પાઠવું છું. મારો પ્રશ્ન આપના માધ્યમથી...

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવી જાઓ.

શ્રી ડી.કે.સ્વામી : મારો પ્રશ્ન છે અને આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે હાલમાં રાજયમાં જર્જરિત આંગણવાડી કેન્દ્રો જે છે. આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બાંધકામનું શું આયોજન કરેલ છે? અસ્તુ.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા કક્ષાએ કાર્યરત વિવિધ યોજનાઓ જેવી કે નાણાં પંચ, આયોજન, ડિસ્ટ્રિકટ મિનરલ ફંડ, ટ્રાયબલ સબપ્લાન, સંસદ સભ્યશ્રીની ગ્રાન્ટ, ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ, વિકાસ કાર્યોની ગ્રાન્ટમાંથી પણ જર્જરિત આંગણવાડી કેન્દ્રોનું આયોજન કરી શકાય છે. એ ઉપરાંત જર્જરિત આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે જિલ્લા કક્ષાએથી સૌ પ્રથમ કાર્યપાલક ઈજનેરશ્રી પાસેથી જર્જરિત આંગણવાડી હોવાનું પ્રમાણપત્ર મેળવવામાં આવે છે. ત્યારબાદ તે કેન્દ્રને તોડી અને જમીનની ઉપલબ્ધિ થતાં જમીન ખુલ્લી કરવામાં આવે છે અને આંગણવાડી કેન્દ્રો મનરેગા અથવા જિલ્લા કક્ષાએ કાર્યરત વિવિધ યોજનાઓ અંતર્ગત બાંધકામ કરવા માટેનું આયોજન કરવામાં આવે છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તાજેતરમાં જ મારા મત વિસ્તાર પોસીના તાલુકા આયોજનની મિટિંગમાં હું હાજર હતો. તાલુકા વિકાસ અધિકારીએ મને વિનંતી કરી કે પ્રોત્સાહક જોગવાઈ હેઠળ તમારી ગ્રાન્ટમાંથી લોકફાળો ભરીને અમારે ૨૫ આંગણવાડીમાં શૌચાલય બનાવવા છે. તો મારે મંત્રીશ્રી પાસે એટલું જ જાણવું છે કે આંગણવાડીની જે ડિઝાઈન, પ્લાન એસ્ટિમેટ કરેલા છે, એમાં શૌચાલયની જોગવાઈ છે કે કેમ? અને જો છે તો આ મારી પાસે ૨૫ શૌચાલય બનાવવા માટે માગણી કેમ કરવામાં આવી? મારે એટલું જ જાણવું છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જેમ અગાઉ વાત કરી તેમ આંગણવાડીની સંપૂર્ણ ડિઝાઈન વિશે ચર્ચા કરી. એમાં શૌચાલયની પણ વાત કરી, પરંતુ એમણે જે વાત કરી કે ૨૫ શૌચાલયની વાત થઈ છે તો એવી કોઈ વિગતો હોય તો મને આપે. મારી કક્ષાએથી પણ હું નિયમાનુસાર તપાસ કરીશ.

શ્રી ભગાભાઈ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા પણ માગું છું અને મારું સૂચન પણ છે. આંગણવાડીમાં જે બાળકો આવે છે એ મોટા ભાગે ૧ થી ૫ વરસના ભણવા માટે આવે છે, એટલે પ્લેહાઉસ જેવું જ કહેવાય. સિટીમાં પ્લેહાઉસ કહે છે. એની જે ડિઝાઈન છે. મારા ગીર સોમનાથ જિલ્લાની વાત કરું તો હું પ્રવાસમાં જતો હોઉં તો એકસરખી ડિઝાઈન. ડિઝાઈનમાં એક જ મકાનની અંદર એનું ટોઈલેટ. આ બાજુ બાળકોને જમવા માટેનું કિચન. એક બાજુ તેનો સ્ટોર રૂમ અને વચ્ચેના ભાગમાં બાળકો બેસતાં હોય છે, એટલે એક એવી ડિઝાઈન આખા ગુજરાતમાં મૂવ કરવામાં આવે કે જેનાથી બાળકોને આનંદ મળે અને જગ્યા મળે અને રમત ગમતનું નાનું મેદાન પણ ત્યાં હોવું જોઈએ કે જેનાથી બાળકોની સંખ્યા એમાં વધારે આવી શકે. તો આવી કોઈ ચોક્કસ ડિઝાઈન આપણે બનાવવા માગીએ છીએ કે નહીં તે મારો પ્રશ્ન છે.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ વાત કરી એમાં આપણે કેવા પ્રકારની આંગણવાડી બનાવીએ છીએ તેનું સંપૂર્ણ વિવરણ કરેલું છે. આ ગૃહને જણાવતા વિશેષ આનંદની લાગણી વ્યકત કરું છું કે એક મહિના

પહેલા જ હું વેરાવળમાં પ્રોપર સોમનાથમાં આંગણવાડીની વિઝિટમાં ગઇ હતી અને મુસ્લિમ વિસ્તારમાં એકી સાથે ચાર મોડેલ આંગણવાડી હતી અને ત્યાં એ આંગણવાડીમાં બાળકોને જે સુવિધા આપવામાં આવતી હતી, એમાં આંગણવાડીના બહેનો એવું કહેતા હતા કે આ બાળકોને અહીંયા ખૂબ આધુનિક રમકડાં પણ આપવામાં આવે છે અને બાળકો તેનો ખૂબ સારો લાભ લે છે. છતાં પણ શ્રી ભગાભાઇની કોઇ વિશેષ માગણી અને સૂચન હશે તો હું ધ્યાનમાં લઇશ.

બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અરજીઓ

* ૨૦૦૯ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી,	(૧) ૧૪૫૪
(૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને	(૨) ૧૪૫૪
(૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી ?	(૩) રૂ. ૧૬૮.૨૮ લાખ

શ્રી પ્રવિણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના છપાયેલા જવાબથી મને સંપૂર્ણ સંતોષ છે.

રાજ્યના નાના શહેરોનું આંતરિક હવાઈ જોડાણ

* ૨૦૧૮ **શ્રી યોગેશ પટેલ** (આણંદ) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા નાના શહેરોને આંતરિક હવાઈ જોડાણથી જોડવાનું કોઈ આયોજન છે કે કેમ,	(૧) હા, જી.
(૨) જો હા, તો રાજ્યના કયા કયા શહેરોને જોડવામાં આવનાર છે, અને	(૨) અમદાવાદ, કેશોદ અને પોરબંદર.
(૩) આ માટે વિમાનની બેઠક ક્ષમતા અને રૂટની માહિતી શું છે?	(૩) ઓછામાં ઓછી ૯ સીટરની બેઠક ક્ષમતા વાળા વિમાન સાથે અમદાવાદ-કેશોદ-પોરબંદર-અમદાવાદ રૂટ શરૂ કરવાનું આયોજન છે.

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી**,** આજે આ ગૃહમાં ગુજરાત ભાજપના અધ્યક્ષ આદરણીય શ્રી પાટીલ સાહેબ અને ગુજરાત સરકારના પાણી ખાતાના પાણીદાર મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા સાહેબનો જન્મ દિવસ હોઇ એમને હું આપના દ્વારા શુભેચ્છા પાઠવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી**,** માનનીય ઉડ્ડયન મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે રાજ્યની અંદર હવાઇ જોડાણ એટલે કે ઇન્ટર સ્ટેટ કનેક્ટિવિટિ યોજના કાર્યરત છે? જો હોય તો કયારે શરૂ કરવામાં આવેલી છે અને આ યોજનામાં કેટલા રૂટ પસંદ કરવામાં આવેલ છે? સાથે સાથે અમારા ચરોતરના આણંદ અને ખેડા જિલ્લામાં ખૂબ જ એન.આર.આઇ. રહેતા હોઇ આણંદ કે ખેડા જિલ્લામાં આપ એરપોર્ટ આપવા માગો છો કે કેમ તેનો મને જવાબ આપે.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનાં શહેરોને જોડતી વાય.બી.ટી. એટલે વી.જી.એફ. યોજના સન ૨૦૧૬માં શરૂ કરવામાં આવી અને રાજ્યની અંદર હવાઇ સેવાઓ પૂરી પાડવા માટે ઇ-ટેન્ડર મારફત ઓપરેટરની પસંદગી કરવામાં આવે છે. જે ઓપરેટર પસંદગી પામે તેમને હવાઇ સેવા શરૂ કરવા માટે વાય.બી.ટી. એટલે વી.જી.એફ. હેઠળ રકમ ચૂકવવામાં આવે છે અને સન ૨૦૨૧માં આ યોજના મારફત હવાઇ સેવા શરૂ કરવા ઇ-ટેન્ડરના માધ્યમથી એજન્સી નિયુકત કરી હવાઇ જોડાણ શરૂ કરવામાં આવેલ છે. આ યોજના રાજ્યમાં અવિરત રીતે ચાલે તેવા રૂટ પસંદ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત જે શહેરમાં હવાઇ કનેકશનનો અભાવ હોય તેવાં શહેરોને હવાઇ જોડાણ પૂરા પાડવામાં આવ્યા છે. એમણે બીજો પ્રશ્ન પૂછયો છે, તો નાનાં નાનાં શહેરોમાં અને મોટાં મોટાં શહેરોમાં જયાં હવાઇ સેવાઓ લોકોને પોષાય નહીં તેના માટે લોકો આનો વધુમાં વધુ લાભ લઇ શકે તેની વ્યવસ્થા કરવા માટે આમાં ટિકિટમાં જે કંઇ નુકસાન થતું હોય તો એ ગુજરાત સરકાર ભોગવે છે અને એના માટે સુરત, અમદાવાદ, રાજકોટ, આવાં જે શહેરો છે તેનો ઉપયોગ થાય છે અને રાજ્યમાં પ્રવાસન સ્થળોને હવાઇ માર્ગે જોડી શકાય અને તેનાથી પ્રવાસનને વેગ મળે અને રાજ્યમાં નાગરિક ઉડ્ડયન પાઇલોટ...

અધ્યક્ષશ્રી : થોડો ટૂંકમાં જવાબ આપજો તો બીજા કોઇ સભ્યશ્રીને પ્રશ્ન પૂછવો હોય તો પૂછી શકે.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એમણે આણંદમાં એરપોર્ટ માટેની વાત કરી છે તે એમનું એક સારું સૂચન છે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારું પોરબંદર એરપોર્ટ સન ૧૯૬૨થી કાર્યરત છે. પહેલા ત્રણ શહેરો સાથે કનેક્ટિવિટિ હતી, પોરબંદર-દિલ્હી, પોરબંદર-મુંબઇ અને પોરબંદર-અમદાવાદ...

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ટૂંકો કરશો તો જવાબ મળશે, નહીંતર ટાઇમ નહીં રહે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ બાકીના પોરબંદર-અમદાવાદ સિવાયના પોરબંદર-મુંબઇ અને પોરબંદર-દિલ્હી શરૂ કરવા માગે છે કે કેમ?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની અંદર આપણે પોરબંદરને પણ જોડ્યું છે અને આપણે પોરબંદર માટે કરવાના છીએ.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લામાં અને મોરબીમાં રજવાડા વખતનું એરપોર્ટ છે અને મોરબી એક આંતરરાષ્ટ્રીય વ્યવહાર ધરાવતું શહેર છે. તો મોરબીનું એરપોર્ટ કયારે ચાલુ કરવા માગો છો તે હું જાણવા માગું છું?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

તાપી જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં કર્મચારી / વર્કરોનું શોષણ

૨૦૩૩ **ડૉ. જયરામભાઈ ગામીત** (નિઝર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/ વર્કરોના શોષણ, અન્યાય સંદર્ભે કેટલી ફરિયાદો મળી, અને	(૧) ૦૭
(૨) ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?	(૨) ● ૦૧ ફરિયાદમાં ઔદ્યોગિક એકમમાં તપાસ કરતાં લઘુત્તમ વેતન મુજબ વેતન મળતું હોવાનું માલૂમ પડેલ તેમજ શ્રમિકોના વેતનમાં ૮% વધારો કરવાનું સંસ્થા અને શ્રમયોગીઓ વચ્ચે સમાધાન થયેલ છે. ● ૦૧ ફરિયાદમાં ઔદ્યોગિક એકમ સામે લઘુત્તમ વેતન ધારા હેઠળ ૦૨ અને કોન્ટ્રાક્ટ લેબર (નિયમન અને નાબુદી) એક્ટ હેઠળ ૦૨ એમ કુલ ૦૪ કેસ દાખલ કરેલ છે. ● નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને મળેલ ૦૫ ફરિયાદો તેઓની કચેરી દ્વારા અમલીકરણ કરાતા કાયદાઓ અન્વયેની ન હોઈ, કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હતી.

વડોદરા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોમાં વ્યાજ સહાય

૨૦૪૪ **શ્રી કેયુર રોકડિયા** (સયાજીગંજ) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ (એમ.એસ.એમ.ઈ.) એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧) ૧૨૩ અરજીઓ.
(૨) આ સમયગાળા દરમિયાન કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?	(૨) ૫૫ એકમોને ૩.૯૪.૦૫ લાખની સહાય.

- - - - - - - - -

વડોદરા અને જૂનાગઢ જિલ્લામાં કુપોષિત બાળકો

૨૫૫૬ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા):**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ વડોદરા અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી ઉક્ત તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૩) ઉક્ત તાલુકાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધાં ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વડોદરા અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

જિલ્લો	કુપોષિત બાળકોની સંખ્યા
વડોદરા	૧૧૩૨૨
જૂનાગઢ	૨૩૭૮

(૨) તે પૈકી તાલુકાવાર ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

જિલ્લો	તાલુકાનું નામ	ઓછા વજનવાળા બાળકોની સંખ્યા	અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા
વડોદરા	ડભોઈ	૧૩૨૩	૩૩૩
	કરજણ	૧૨૯૪	૩૦૮
	પાદરા	૧૭૯૮	૩૫૦
	સાવલી	૧૧૧૫	૨૬૪
	શિનોર	૪૬૬	૧૧૯
	વડોદરા	૧૪૨૫	૩૬૯
	વાઘોડિયા	૧૭૧૦	૪૪૮
કુલ		**૯૧૩૧**	**૨૧૯૧**
જૂનાગઢ	ભેંસાણ	૧૨૯	૧૪
	જૂનાગઢ	૬૨૬	૧૨૯
	કેશોદ	૩૦૦	૪૪
	માળિયા / હાટીના	૧૨૭	૨૧
	માણાવદર	૧૬૦	૩૪
	માંગરોળ	૧૬૮	૧૬
	મેંદરડા	૧૬૬	૩૧
	વંથલી	૧૮૩	૪૮
	વિસાવદર	૧૪૯	૩૩

(૩) કોવિડ-૧૯ની મહામારીને કારણે તા. ૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવામાં આવેલ હતાં જે તા.૧૭-૦૨-૨૦૨૨થી પુનઃ શરૂ કરવામાં આવેલ છે, આથી તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુપોષિત બાળકોના પોષણસ્તરમાં થયેલ વધારા / ઘટાડાની સ્થિતિ રજૂ કરી શકાય તેમ નથી.

(૪) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- તા. ૧૬-૩-૨૦૨૦ થી ૧૭-૦૨-૨૦૨૨ દરમ્યાન કોરોના મહામારીના કારણે આંગણવાડીઓ બંધ કરવાના કારણે આંગણવાડીના તમામ લાભાર્થી બાળકોને દર અઠવાડિયાના ૭ દિવસ પ્રમાણે લાભાર્થીના ઘરે સુખડી આપવામાં આવતી હતી.
- તા. ૧૭-૦૨-૨૦૨૨ પછી આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.

- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસ થી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટ્સ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટ્સ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલ્શક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટ્સ આપવામાં આવે છે.
- લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં સત્વ ડબલ ફોર્ટિફાઇડ મીઠું, સત્વ ફોર્ટિફાઇડ આટો તેમજ ફોર્ટિફાઇડ તેલ પુરું પાડવામાં આવે છે.

- - - - - - - - -

મહેસાણા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોમાં વ્યાજ સહાય

૨૦૪૬ **શ્રી મુકેશકુમાર પટેલ** (મહેસાણા) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ (એમ.એસ.એમ.ઈ.) એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧) ૧૫૮ અરજીઓ.
(૨) આ સમયગાળા દરમિયાન કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?	(૨) ૭૫ એકમોને ૩.૨૨૫.૪૯ લાખની સહાય.

- - - - - - - - -

બનાસકાંઠા જિલ્લામાં સંત સુરદાસ યોજના

૧૯૬૫ **શ્રી કેશાજી ચૌહાણ** (દિયોદર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી,	(૧) ૪૧
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,	(૨) ૩૨
(૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને	(૩) ૩.૨,૧૪,૦૦૦/-
(૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ?	(૪) ૦

- - - - - - - - -

ખેડા જિલ્લામાં પાલક માતા-પિતા યોજના

૧૯૬૬ **શ્રી સંજયસિંહ મહીડા** (મહુધા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં ખેડા જિલ્લામાં પાલક માતા-પિતા યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી,	(૧) ૧૪૫
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,	(૨) ૧૩૨
(૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને	(૩) ૩.૨૫,૮૦,૦૦૦
(૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ?	(૪) ૦૦

- - - - - - - - -

પાટણ જિલ્લાનાં આંગણવાડી કેન્દ્રોમાં વીજ-જોડાણ

૧૯૮૫ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પાટણ	(૧) ૧૪૨૭ આંગણવાડી કેન્દ્રો.

જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાં આંગણવાડી કેન્દ્રમાં વીજ-જોડાણ આપવામાં આવેલ છે, અને

(૩) બાકી રહેતા આંગણવાડી કેન્દ્રમાં વીજ-જોડાણ ક્યારે આપવામાં આવશે ?

(૨) છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો વીજ કનેક્શન ધરાવતા હતા આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

બનાસકાંઠા જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં કર્મચારી / વર્કરોનું શોષણ

૨૦૩૦ **શ્રી અનિકેત ઠાકર** (પાલનપુર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી / વર્કરોના શોષણ, અન્યાય સંદર્ભે કેટલી ફરિયાદો મળી, અને

(૨) ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) ૦૩

(૨)

- ૦૧ ફરિયાદમાં બાકી મજૂરીના નાણાં બાબતે સમજાવટથી ફરિયાદીને રૂ.૩,૩૦૦/-નું ચૂકવણું કરવામાં આવેલ છે.
- ૦૧ ફરિયાદમાં ઔદ્યોગિક એકમે ફરિયાદીને ગ્રેજ્યુઈટીના રૂ.૧,૯૨,૧૧૫/-નું ચૂકવણી કરેલ છે.
- ૦૧ ફરિયાદમાં અરજદારને બાકી નાણાં બાબતે નામ. લેબર કોર્ટમાં રિકવરી અરજી દાખલ કરવા જણાવેલ છે.

- - - - - - - - -

ઈન્ડેક્ષ-સી કચેરી દ્વારા રાજ્ય બહાર મેળા

૧૯૯૯ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યના કારીગરો માટે કુટિર ઉદ્યોગ વિભાગના ઈન્ડેક્ષ-સી દ્વારા રાજ્ય બહાર કોઈ મેળા યોજવામાં આવે છે કે કેમ?

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા હાથશાળ-હસ્તકલાના કારીગરોએ આવા મેળાઓમાં ભાગ લીધો, અને

(૩) તેમાં કુલ કેટલી રકમનું વેચાણ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) હા,
તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ઈન્ડેક્ષ-સી દ્વારા છેલ્લાં બે વર્ષમાં નીચેની વિગતે કુલ ૧૫ રાજ્ય બહાર હાથશાળ-હસ્તકલાના મેળાઓ યોજવામાં આવેલ છે.

ક્રમ	**વર્ષ**	**મેળાની સંખ્યા**
૧	૨૦૨૧	૯
૨	૨૦૨૨	૬
	કુલ	**૧૫**

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ઈન્ડેક્ષ-સી દ્વારા છેલ્લાં બે વર્ષમાં નીચેની વિગતે કુલ ૧૨૩૧ હાથશાળ-હસ્તકલાના કારીગરોએ રાજ્ય બહારના મેળામાં ભાગ લીધેલ હતો.

ક્રમ	**વર્ષ**	**મેળામાં ભાગ લીધેલ કારીગરોની સંખ્યા**
૧	૨૦૨૧	૭૩૭
૨	૨૦૨૨	૪૯૪
	કુલ	**૧૨૩૧**

(૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ઈન્ડેક્ષ-સી દ્વારા રાજ્ય બહારના મેળાઓમાં કારીગરો દ્વારા છેલ્લાં બે

વર્ષમાં નીચેની વિગતે કુલ રૂ.૧૦૬૧.૨૬ લાખનું વેચાણ કરવામાં આવેલ હતું.

ક્રમ	વર્ષ	વેચાણ (રૂ.લાખમાં)
૧	૨૦૨૧	૫૫૩.૨૦
૨	૨૦૨૨	૫૦૮.૦૬
	કુલ	**૧૦૬૧.૨૬**

- - - - - - - - -

સાબરકાંઠા અને તાપી જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

૨૫૬૫ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા અને તાપી જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૩) તે પૈકી જિલ્લાવાર કેટલાને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી આપવામાં આવી ?

જવાબ

(૧)

જિલ્લાનું નામ	શિક્ષિત	અર્ધશિક્ષિત	કુલ
સાબરકાંઠા	૭૧૬૩	૨૨૧	૭૩૮૪
તાપી	૫૮૪૬	૧૯૪	૬૦૪૦

(૨)

જિલ્લાનું નામ	આપવામાં આવેલ રોજગારી
સાબરકાંઠા	૫૯૪૧
તાપી	૨૮૭૩

(૩) સરકારી નોકરીમાં ભરતી રોજગાર કચેરી મારફત થતી નથી. જેથી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી, સાબરકાંઠા અને તાપી મારફત આપવામાં આવેલ ખાનગી રોજગારી નીચે મુજબ છે.

જિલ્લાનું નામ	ખાનગી
સાબરકાંઠા	૫૯૪૧
તાપી	૨૮૭૩

- - - - - - - - -

નર્મદા અને વલસાડ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

૨૫૮૨ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નર્મદા અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૩) તે પૈકી જિલ્લાવાર કેટલાને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી આપવામાં આવી ?

જવાબ

(૧)

જિલ્લાનું નામ	શિક્ષિત	અર્ધશિક્ષિત	કુલ
નર્મદા	૪૬૪૯	૧૩૯	૪૭૮૮
વલસાડ	૭૧૪૫	૨૪૦	૭૩૮૫

(૨)

જિલ્લાનું નામ	આપવામાં આવેલ રોજગારી
નર્મદા	૫૦૦૪
વલસાડ	૨૫૮૮૮

(૩) સરકારી નોકરીમાં ભરતી પ્રક્રિયા રોજગાર કચેરી મારફત થતી નથી. જેથી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી, નર્મદા અને વલસાડ મારફત આપવામાં આવેલ ખાનગી રોજગારી નીચે મુજબ છે.

જિલ્લાનું નામ	ખાનગી
નર્મદા	૫૦૦૪
વલસાડ	૨૫૮૮૮

અતારાંકિત પ્રશ્નો

ભાવનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના

૧૯૫૬ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,	(૧) ૨૭૯
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,	(૨) ૨૭૭
(૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને	(૩) ૩.૧૩,૮૫,૦૦૦/-
(૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ?	(૪) શૂન્ય.

\- - - - - - - - -

આણંદ જિલ્લામાં સંત સુરદાસ યોજના

૧૯૭૫ **શ્રી કમલેશભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં આણંદ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી,	(૧) ૬૮
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,	(૨) ૩૯
(૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને	(૩) ૩.૨,૫૭,૦૦૦/-
(૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ?	(૪) ૦

\- - - - - - - - -

વિભાગ હસ્તકના બોર્ડ/નિગમો માટે અંદાજપત્રમાં નાણાકીય ફાળવણી

૧૦૦૭ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબા હેઠળના અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા અન્ય જાતિઓના વિકાસ માટે કયા બોર્ડ/નિગમો આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે અંદાજપત્રમાં આ બોર્ડ તથા નિગમોમાં આવતા વર્ગના કલ્યાણ માટે બોર્ડ/નિગમવાર કેટલી નાણાકીય ફાળવણી કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

ક્રમ	**નિગમ**
૧	ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ
૨	ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ
૩	ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)
૪	ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ
૫	ગુજરાત ગોપાલક વિકાસ નિગમ
૬	ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ
૭	ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ
૮	ગુજરાત વિચરતી અને વિમુક્તિ જાતિ વિકાસ નિગમ
૯	ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ

(૨)

ક્રમ	**નિગમ**	**નાણાકીય ફાળવણી (રકમ રૂપિયા લાખમાં)**	
		વર્ષ ૨૦૨૧-૨૨	**વર્ષ ૨૦૨૨-૨૩**
૧	ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ	૧૪૭૧.૫૦	૩૦૦.૦૦
૨	ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ	૨૫૨૫.૦૫	૧૩૭૬.૭૮
૩	ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)	૭૫૦.૦૦	૬૦૦.૦૦

૪	ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ	૧૪૯૦.૫૧	૧૪૨૧.૨૫
૫	ગુજરાત ગોપાલક વિકાસ નિગમ	૭૪૯.૮૨	૯૭૦.૫૦
૬	ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ	૧૬૧૫.૫૧	૧૧૮૧.૨૫
૭	ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ	૨૬૦૯.૨૩	૧૬૫૮.૨૫
૮	ગુજરાત વિચરતી અને વિમુક્તિ જાતિ વિકાસ નિગમ	૮૪૯.૨૩	૯૯૯.૪૫
૯	ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ	૪૫૭૦૫.૦૦	૨૫૩૩૬.૧૫

- - - - - - - - -

રાજકોટ જિલ્લામાં ટેક્ષટાઈલ એકમોમાં વેટ / એસ.જી.એસ.ટી. સહાયની ચૂકવણી

૧૯૯૫ **શ્રી રમેશભાઈ ટીલાળા** (રાજકોટ દક્ષિણ) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી-૨૦૧૨ હેઠળ ટેક્ષટાઈલ ક્ષેત્રના એકમોને કુલ કેટલી દાવા અરજીઓને વેટ / એસજીએસટી સહાયની ચૂકવણી કરવામાં આવી, અને	(૧) ૫૪૨ દાવા અરજીઓ.
(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવેલ છે ?	(૨) ૩.૨૧૪.૧૦ કરોડ

- - - - - - - - -

અમદાવાદ અને અમરેલી જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

૨૫૭૩ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૩) તે પૈકી જિલ્લાવાર કેટલાને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી આપવામાં આવી ?

જવાબ

(૧)

જિલ્લાનું નામ	**શિક્ષિત**	**અર્ધશિક્ષિત**	**કુલ**
અમદાવાદ	૧૬૩૧૨	૧૫૮૪	૧૭૮૯૬
અમરેલી	૯૭૨૧	૨૭૯	૧૦૦૦૦

(૨)

જિલ્લાનું નામ	**આપવામાં આવેલ રોજગારી**
અમદાવાદ	૭૩૯૭૪
અમરેલી	૫૫૭૬

(૩) સરકારી નોકરીમાં ભરતી પ્રક્રિયા રોજગાર કચેરી મારફત થતી નથી. જેથી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી, અમદાવાદ અને અમરેલી મારફત આપવામાં આવેલ ખાનગી રોજગારીની વિગતો નીચે મુજબ છે.

જિલ્લાનું નામ	**ખાનગી**
અમદાવાદ	૭૩૯૨૭
અમરેલી	૫૫૭૬

- - - - - - - - -

તાપી જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં કર્મચારી / વર્કરોનું શોષણ

૨૦૫૦ **શ્રી મોહનભાઇ કોંકણી** (વ્યારા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી /	(૧) ૦૭

વર્કરોના શોષણ, અન્યાય સંદર્ભે કેટલી ફરિયાદો મળી,

અને

(૨) ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) ● ૦૧ ફરિયાદમાં ઔદ્યોગિક એકમમાં તપાસ કરતાં લઘુત્તમ વેતન મુજબ વેતન મળતું હોવાનું માલૂમ પડેલ તેમજ શ્રમિકોના વેતનમાં ૮% વધારો કરવાનું સંસ્થા અને શ્રમયોગીઓ વચ્ચે સમાધાન થયેલ છે.

● ૦૧ ફરિયાદમાં ઔદ્યોગિક એકમ સામે લઘુત્તમ વેતન ધારા હેઠળ ૦૨ અને કોન્ટ્રાકટ લેબર (નિયમન અને નાબુદી) એકટ હેઠળ ૦૨ એમ કુલ ૦૪ કેસ દાખલ કરેલ છે.

● નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને મળેલ ૦૫ ફરિયાદો તેઓની કચેરી દ્વારા અમલીકરણ કરાતા કાયદાઓ અન્વયેની ન હોઇ, કોઇ કાર્યવાહી કરવાની રહેતી ન હતી.

- - - - - - - - -

આણંદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના

૧૯૫૩ **શ્રી વિપુલકુમાર પટેલ** (સોજીત્રા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,	(૧) ૨૯
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,	(૨) ૨૬
(૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને	(૩) રૂ. ૨૦,૫૦,૦૦૦/-
(૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ?	(૪) શૂન્ય

- - - - - - - - -

ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં કુપોષિત બાળકો

૨૫૭૧ **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી ઉક્ત તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

જિલ્લો	**કુપોષિત બાળકોની સંખ્યા**
ગીર સોમનાથ	૮૯૨
અમરેલી	૨૨૮૮

(૨) તે પૈકી તાલુકાવાર ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

જિલ્લો	**તાલુકાનું નામ**	**ઓછા વજનવાળા બાળકોની સંખ્યા**	**અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા**
ગીર સોમનાથ	કોડિનાર	૨૩૫	૫૦
	સુત્રાપાડા	૮૦	૫૭
	તાલાલા	૭૦	૨૩
	ઉના	૧૮૦	૬૩
	વેરાવળ	૯૨	૪૨
કુલ		**૬૫૭**	**૨૩૫**
અમરેલી	અમરેલી	૩૬૩	૮૮
	બાબરા	૪૭	૨૯

	બગસરા	૮૫	૨૧
	ધારી	૯૦	૩૩
	જાફરાબાદ	૧૨૨	૩૨
	ખાંભા	૧૭૩	૪૨
	કુકાવાવ	૨૧૧	૫૦
	લાઠી	૧૪૮	૩૫
	લિલિયા	૨૨૨	૫૭
	રાજુલા	૧૨૩	૩૩
	સાવરકુંડલા	૨૦૨	૮૨
	કુલ	**૧૭૮૬**	**૫૦૨**

(૩) ઉક્ત તાલુકાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૩) કોવિડ-૧૯ની મહામારીને કારણે તા.૧૬-૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવામાં આવેલ હતાં જે તા.૧૭-૦૨-૨૦૨૨થી પુનઃ શરૂ કરવામાં આવેલ છે, આથી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોના પોષણસ્તરમાં થયેલ વધારા/ઘટાડાની સ્થિતિ રજૂ કરી શકાય તેમ નથી.

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે શા પગલાં લીધા ?

(૪) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- તા.૧૬-૦૩-૨૦૨૦ થી તા.૧૭-૦૨-૨૦૨૨ દરમ્યાન કોરોના મહામારીના કારણે આંગણવાડીઓ બંધ કરવાના કારણે આંગણવાડીના તમામ લાભાર્થી બાળકોને દર અઠવાડિયાના ૭ દિવસ પ્રમાણે લાભાર્થીના ઘરે સુખડી આપવામાં આવતી હતી.

- તા.૧૭-૦૨-૨૦૨૨ પછી આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે

- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટ્સ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટ્સ અને ૩થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટ્સ આપવામાં આવે છે.

- લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં સત્વ ડબલ ફોર્ટિફાઈડ મીઠું, સત્વ ફોર્ટિફાઈડ આટો તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.

- - - - - - - - -

વડોદરા જિલ્લામાં પાલક માતા-પિતા યોજના

૧૯૬૮ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૦૧-૦૧-૨૦૨૨થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં વડોદરા જિલ્લામાં પાલક માતા-પિતા યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી,	(૧) ૧૬૧
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,	(૨) ૧૪૮
(૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને	(૩) રૂ.૨૫૮૯૦૦૦

(૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? (૪) ૦૦

- - - - - - - - -

રાજકોટ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના

૧૯૫૪ **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન	**જવાબ**
શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી**,** પોઇન્ટ ઓફ ઓર્ડરમાં સભ્યશ્રી શૈલેષભાઈએ કહ્યું, મને ખ્યાલ છે ત્યાં સુધી બે વ્યક્તિઓ રહી જાય છે તેમાં મારી પાસે આજની તારીખમાં જે જવાબ છે એ પોરબંદરમાં ઇન્ડિયન પોર્ટગાર્ડ કમાન્ડોની નોકરીમાં બે જણાને રોજગારી આપવામાં આવી છે. બધા લોકોએ રોજગાર કચેરીમાં નોંધણી કરાવવી ફરજિયાત નથી. જે લોકો નોંધણી કરાવે તે સિવાય પણ સરકારમાં અનેક જગ્યાએ લોકો નોકરી લેતા હોય છે. બધા જ આંકડા રોજગાર કચેરીમાં હોય એવું શક્ય હોતું નથી. એટલે જ્યારે જ્યારે લોકોએ નામ નોંધાવ્યા હોય એ આંકડા અમારી પાસે હોય એ રજૂ કરતા હોઈએ છીએ.

અધ્યક્ષશ્રી : તેમનું એવું કહેવું છે કે અલગ અલગ પ્રશ્નમાં અલગ અલગ જવાબ આપ્યા છે તેમાં આંકડામાં ફેરફાર છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી**,** હું જોઈ લઈશ. જે તફાવત હશે એને હું ટેબલ ઉપર રજૂ કરીશ. મારા ખ્યાલ સુધી અમે જે કર્યું છે તે સ્પષ્ટ છે અને છતાં કોઈ ભૂલ થઈ હશે તો તેમાં અમે સુધારો કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : ચારેય પ્રશ્નમાં આવું છે. એકમાં તમે વધાર્યા છે. એકમાં ઘટી ગયા છે.

શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં કેટલાક સન્માનનીય સભ્યોએ મારા પ્રત્યે અને પ્રદેશ અધ્યક્ષ આદરણીય સી.આર. પટીલ પ્રત્યે જન્મ દિવસની શુભેચ્છા અંગે લાગણી વ્યક્ત કરી. માનનીય અધ્યક્ષશ્રી, હું સૌનો આભાર માનું છું. સાથેસાથે આપ સહિત સન્માનનીય મુખ્યમંત્રીશ્રી અને આપ સૌ સન્માનનીય સભ્યોને મારી વિનંતી છે, માનનીય અર્જુનભાઇ, માનનીય શૈલેષભાઇ સૌને વિનંતી છે અને લાગણી છે કે આપ સૌ ગૃહના તમામ સભ્યો સાંજે ૭-૦૦ વાગ્યે ભોજન માટે પધારો એવી મારી આપને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : જન્મ દિવસની શુભકામનાઓ. આવી પાર્ટીઓ થતી રહે તો સારું કહેવાય.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એક ટાઇમ નહીં બે ટાઇમ ભોજન કરાવવું જોઈએ. કેટલા બધા લોકોએ શુભકામનાઓ આપી છે.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૨૦-૨૧નો ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન હબનો વાર્ષિક અહેવાલ

શ્રી ઋષિકેશ ગ. પટેલ (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન હબનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, હબની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૯-૨૦નો ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી જગદીશ વિશ્વકર્મા (માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ફાલ્ગુન ૨૫, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૮-૧૯, સન ૨૦૧૯-૨૦ અને સન ૨૦૨૦-૨૧ના ગુજરાત મેરીટાઇમ બોર્ડના વાર્ષિક અહેવાલો

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૮-૧૯ અને સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ તેમજ આ ત્રણેય અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલો, વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૩નું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનું જાહેરનામું

શ્રી કુંવરજીભાઇ બાવળીયા (અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩નું રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ હેઠળનું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનું તા.૨૫-૦૧-૨૦૨૩નું જાહેરનામા ક્રમાંક: જીટીએચ/૨૦૨૩/૪/એફસીએસસીએડી/એમકેએમ/ઇ-ફાઇલ/૫/૨૦૨૨/૧૨૪૧/સી૧ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, કાયદા વિભાગ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

માગણી ક્રમાંક- ૩૯

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૭૫,૧૩,૧૬,૪૩,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨૫,૧૯,૨૨,૪૮,૦૦૦/- ની માગણી ક્રમાંક- ૩૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

તા. ૧૬ માર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

માગણી નં. ૪૦

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૮,૬૯,૩૫,૬૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩,૫૪,૭૪,૪૪,૦૦૦/- ની માગણી ક્રમાંક- ૪૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૪૦ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.

કાયદા વિભાગ

માગણી નં. ૬૦

શ્રી ઋષિકેશ ગ. પટેલ (કાયદા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાયતંત્રનો વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૪,૫૪,૦૮,૧૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧૫,૦૦,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક- ૬૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૬૦ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરવામાં આવી.

સન૨૦૨૩-૨૦૨૪ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

અ.નં.	મુખ્યસદરઅનેસંદર્ભ	કાપદરખાસ્તરૂ.	વિષય	પ્રભારીસભ્યશ્રી
૧	૨	૩	૪	૫
		આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ **માગણીનં. ૩૯**		
૧	૨૨૧૦- તબીબી.. આરોગ્ય ૦૧- શહેરી...એલોપથી ૦૦૧- નિર્દેશ અને વહીવટ રૂ. ૪,૦૭,૦૦,૦૫,૦૦૦ અં.પ્ર.નં.૧૧, પાનાનં. ૧૦ થી ૧૩	૧૦૦	કેન્દ્ર સરકારે જાહેર કરેલ મેડીકલ ફી રેગ્યુલેશનને રાજયની ખાનગી કોલેજમાં લાગુ કરાવવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી અનંતકુમાર પટેલ
*૨	––"––	૧૦૦	વ્યસન મુકિત કેન્દ્રોની સંખ્યામાં વધારો કરી યુવાનોને વ્યસન મુકત બનાવવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી જિગ્નેશ મેવાણી
*૩	––"––	૧૦૦	કોરોના કાળમાં સરકારી હોસ્પિટલોમાં ગ્રાન્ટની વપરાશમાં થયેલ ગેરરીતિ સામે લીધેલ પગલાંઓની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. સી. જે. ચાવડા
૪	––"––	૧૦૦	સેવ ધ ગર્લ્સ ચાઇલ્ડ અભિયાનની પોલિસીનો ભંગ કરીને IVF સેન્ટરોમાં પુત્ર સંતાન માટે થતી ગતિવિધિઓની તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૫	––"––	૧૦૦	રાજયમાં ડાયાબિટીસના અનેક દર્દીઓ હોવા છતાં, રાજયમાં ડૉકટરેટ ઓફ મેડીસીન એન્ડોક્રિનોલોજીનો અભ્યાસક્રમ ચાલુ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૬	––"––	૧૦૦	આઉટ સોર્સીંગના કરોડો રૂપિયાના કોન્ટ્રાકટના કૌભાંડોની તપાસ અંગેનો અહેવાલ પ્રગટ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા

૭	૨૨૧૦- તબીબી.. આરોગ્ય ૦૧- શહેરી...એલોપથી ૦૦૧- નિર્દેશ અને વહીવટ રૂ. ૪,૦૭,૦૦,૦૫,૦૦૦ અં.પ્ર.નં.૧૧, પાનાનં. ૧૦ થી ૧૩	૧૦૦	રેસીડન્સ ડૉકટરો પાસેથી નિયત કામ સિવાયનું વધું પડતું કામ લેવાતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૮	_ _ " _ _	૧૦૦	દર્દીના મૃત્યુ બાદ પણ ટ્રીટમેન્ટ ચાલુ હોવાનું જણાવી કમરતોડ નાણા વસૂલતી ખાનગી હોસ્પિટલો સામે કડક પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા.	ગેનીબેન ઠાકોર
૯	_ _ " _ _	૧૦૦	પ્રાયવેટ પ્રેકટીસ કરતાં હોવાને લીધે સરકારી હોસ્પિટલોમાં મોટા ભાગના સિનીયર ડૉકટરો હાજર રહેતા નથી તેમની સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
૧૦	_ _ " _ _	૧૦૦	જામનગર જિલ્લામાં વસ્તીના ધોરણે સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઇ આહિર
૧૧	૨૨૧૦- તબીબી..આરોગ્ય ૦૧- શહેરી...એલોપથી ૧૧૦- હોસ્પિટલ અને દવાખાના ૦૧-HLT-2 સિવિલ..વહીવટ(તબીબી) રૂ. ૬,૯૭,૫૨,૫૨,૦૦૦ અં.પ્ર.નં. ૧૧ પાના નં. ૧૮ અને ૧૯	૧૦૦	સિવિલ હોસ્પિટલોમાં રાતના સમયે ગંભીર દર્દીઓની ઈમરજન્સી સારવાર માટે સિનીયર તબીબો હાજર રહે તે અંગેના પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૧૨	_ _ " _ _	૧૦૦	સિવિલ હોસ્પિટલો - દવાખાનાઓમાં એરકન્ડીશન,લાઈટ, પંખાઓ જેવી સુવિધાઓના અભાવે દર્દીઓને પડતી હાડમારી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૧૩	_ _ " _ _	૧૦૦	ગુજરાતની PHC, CHC તેમજ સિવિલ હોસ્પિટલોમાં ડૉકટરોની ઘટ પૂરી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઉમેશભાઇ મકવાણા
૧૪	૨૨૧૦-તબીબી..આરોગ્ય ૦૩-ગ્રામીણ..એલોપથી ૧૦૧-આરોગ્ય પેટા કેન્દ્રો રૂ. ૫૩,૪૬,૭૫,૦૦૦ અં.પ્ર.નં. ૧૧ પાના નં. ૫૦ થી ૫૩	૧૦૦	નર્મદા જીલ્લામાંદેડીયાપાડા ખાતે સબ ડિસ્ટ્રિકટ હેલ્થ સેન્ટરમાં જરૂરી તબીબી સાધનો પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઇ વસાવા
૧૫	૨૨૧૦-તબીબી..આરોગ્ય ૦૬-જાહેર આરોગ્ય ૧૦૪-ઔષધ નિયમન ૦૧- HLT-45-ખોરાક..તંત્ર રૂ. ૪૯,૪૦,૩૯,૦૦૦ અં.પ્ર.નં. ૧૧ પાના નં. ૧૧૩ અને ૧૧૪	૧૦૦	ભેળસેળયુકત ખાદ્યપદાર્થોનાનમૂનાઓની ઝડપથી ચકાસણી કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અરવિંદભાઇ લાડાણી
૧૬	૨૨૧૦-તબીબી..આરોગ્ય ૦૬-જાહેર આરોગ્ય ૧૦૪-ઔષધ નિયમન ૦૧- HLT-45-ખોરાક..તંત્ર રૂ. ૪૯,૪૦,૩૯,૦૦૦ અં.પ્ર.નં. ૧૧ પાના નં. ૧૧૩ અને ૧૧૪	૧૦૦	ભેળસેળીયું અનાજ વેચનાર દુકાનદાર સામે ફોજદારીરાહે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઇ ઠાકોર
૧૭	_ _ " _ _	૧૦૦	રાજયમાં વેજ નોનવેજ ફુડ માટેના ગ્રીન એન્ડ રેડ સેમ્પલ ચકાસવાના નીતિ - નિયમો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કિરીટકુમાર પટેલ

		માગણીનં. ૪૦		
૧૮	૨૨૧૧-પરિવાર કલ્યાણ ૧૦૧- ગ્રામીણ ..સેવાઓ રૂ. ૧૧,૦૭,૩૮,૮૭,૦૦૦ અં.પ્ર.નં. ૧૧ પાનાનં. ૧૩૮ અને ૧૩૯	૧૦૦	ગ્રામિણ વિસ્તારોમાં પરિવાર કલ્યાણની સેવાઓને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
		કાયદા વિભાગ **માગણીનં. ૬૦**		
૧૯	૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ ૧૦૫- સિવિલ..કોર્ટ ૦૧-જિલ્લા..જજ રૂ. ૩,૧૨,૭૦,૭૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૬ પાનાનં. ૧૦ અને ૧૧	૧૦૦	કોર્ટોમાં લાંબા સમયથી પેંડીંગ રહેલાં કેસોનો ઝડપથી નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચિરાગકુમાર પટેલ
૨૦	_ _ "_ _	૧૦૦	મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ - સેશન્સ કોર્ટમાંથી ગુમ થયેલ તેમજ સમયસર નહી મળતાં કેસોની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના કાયદા અને આરોગ્ય મંત્રીશ્રી રૂપિયા ૧૦૦૩ કરોડની તબીબી સેવા માટેની અને રૂપિયા ૩૨૨ કરોડ ૪૧૦ લાખની પરિવાર કલ્યાણ માટેની માગણીઓ લઇને આવ્યાં છે એના માટે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લાં પાંચ વર્ષથી આ વિધાનસભા ગૃહમાં જોઉં છું કે, અમે આરોગ્ય માટે આમ કર્યું, તેમ કર્યું. ભારતના બંધારણના આર્ટિકલ ૩૮, ૩૯ (ઇ)(એફ), આર્ટિકલ ૪૨ અને ૪૭ની અંદર પબ્લિક હેલ્થની સાચવણી કરવી એ સરકારની જવાબદારી છે. ભારતના બંધરણના આમૂખની અંદર પણ આ જોગવાઇ કરી છે. ભારતના બંધારણના આર્ટિકલ પાર્ટ-૩માં ફંડામેન્ટલ રાઇટ્સ આપ્યા છે, એમાં આર્ટિકલ ૨૧ની અંદર પણ રાઇટ ટુ હેલ્થના અધિકારો આપ્યા છે. ભારતના બંધારણના પાર્ટ પાંચની અંદર પણ દરેક રાજ્ય માટે ડાયરેક્ટ ટુ પ્રિન્સિપલ ઓફ સ્ટેટ્સ રજૂ થયો છે, એમાં પણ દરેક રાજ્ય સરકારે પબ્લિક હેલ્થ માટે સાવચેતી રાખવા, પગલાં લેવા આ બધી વાત કરી છે. એટલે જે પણ કરીએ છીએ એ કોઇ રાજ્ય કે પ્રજા ઉપર ઓબ્લિગેશન કરતા નથી પણ પ્રજાના ફંડામેન્ટલ અને બંધારણના અધિકારો છે. જાહેર આરોગ્ય સચવાવું જોઇએ. પબ્લિક હેલ્થ સચવાવું જોઇએ એની સાથે અમે સંમત છીએ. આપણે વર્ષોથી કહીએ છીએ કે, 'પહેલું સુખ તે જાતે નર્યા.' 'હેલ્થ ઇઝ વેલ્થ.' પરંતુ જે રીતે આટલા કરોડો રૂપિયાનો ખર્ચો કરીને રાજ્યની અંદર હજુ પણ પૂરતી સુવિધાઓ મળતી નથી. રાજ્યની મોટાભાગની હોસ્પિટલોમાં તમે સારા સારા બિલ્ડિંગો, સારા ઓપરેશન થિએટરો અને સારી હોસ્પિટલ બનાવી દીધી, પરંતુ એની અંદર ડોક્ટરો નથી. માનનીય મંત્રીશ્રી હું મારા સિદ્ધપુરની વાત કરું તો જ્યારે માનનીય જયનારાયણ વ્યાસ આરોગ્ય મંત્રી હતા ત્યારે સિદ્ધપુરની અંદર સુવિધા સભર મોટી હોસ્પિટલ બનાવી એના માટે અભિનંદન. ચાર મોટા ઓપરેશન થિએટર બનાવ્યા છે. તમે રેકર્ડ મંગાવો ચાર વર્ષમાં કરોડો રૂપિયાનો ખર્ચ કરીને ઓપરેશન થિયેટર બનાવ્યા છે. વર્ષ ૨૦૧૩ પછી આજે ચાર ઓપરેશન થિએટરની અંદર હજુ એક પણ ઓપરેશન થયું નથી. એટલે માનનીય મંત્રીશ્રી, જ્યારે આટલા બધા કરોડો રૂપિયાનો ખર્ચ કરીએ છીએ અને ખર્ચ કર્યા પછી પણ લોકોને પૂરતી સુવિધાઓ ના મળે. એટલે મારું સૂચન છે કે જે નજીકની હોસ્પિટલ છે દા.ત. જી.એમ.ઇ.આર.એસ. હોસ્પિટલ ધારપુર હોસ્પિટલને જે ઓપરેશન થિએટરની સુવિધાઓ સિદ્ધપુરમાં છે એનો ઉપયોગ કરવા દેવાની છૂટ આપવામાં આવે તો એનાથી વિદ્યાર્થીઓને પણ ફાયદો થશે અને જે ખર્ચ કર્યો છે એનો યોગ્ય ઉપયોગ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધુ જો ભ્રષ્ટાચાર ચાલતો હોય તો હેલ્થની અંદર આઉટ સોર્સિંગમાં ચાલે છે. આના માટે માનનીય મંત્રીશ્રી મારી સાથે બેસે તો એક કલાક ડિબેટ કરવા માટે તૈયાર છું. રૂપિયા ૧,૨૦૦ કરોડથી વધુનો ભ્રષ્ટાચાર આઉટ સોર્સિંગમાં થાય છે. આ જ વિધાનસભા ગૃહની અંદર આદરણીય હેલ્થ મિનિસ્ટર નીતિનભાઇએ ખાતરી આપી હતી કે, હવે પછી કોઇનું શોષણ થશે નહીં અને શોષણ થશે તો અમે કોઇ ચમરબંધીને છોડીશું નહીં. હજુ આ ચમરબંધી પકડાતા નથી. આઉટ સોર્સિંગની અંદર જે રીતે શોષણ થઇ રહ્યું છે, માનનીય મંત્રીશ્રી હું વિનંતી કરું છું કે આની અંદર કોઇ યોગ્ય તપાસ થાય. એક કર્મચારી માટે સરકાર તરફથી ૨૫થી ૨૮ હજાર રૂપિયા આપવામાં આવે છે એની સામે એને ૧૦ કે ૧૨ હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે. એના પી.પી.એફ.ના નાણાં રફેદફે થઇ જાય છે. ખોટાં ખોટાં ખાતા ખોલાવવામાં આવે છે. કાં તો પૈસા ચેકથી આપવામાં આવે છે અને રોકડા લઇ લેવામાં આવે છે. એટલે માનનીય મંત્રીશ્રી આ બાબતે યોગ્ય વિચારણા થાય. રાજ્યમાં ઘણી બધી અનુદાનથી સંસ્થાઓ ચાલે છે. દા.ત. કેન્સર સોસાયટી હોય, યુ.એન.મહેતા હોય, કિડની હોસ્પિટલ હોય આ બધી ઇન્સ્ટિટ્યૂટ સારી રીતે ચાલે છે એના બિલ્ડિંગો સરકારે બનાવ્યા છે. સારી સુવિધા પણ આપી છે. પરંતુ એ પોતાને ઓટોનોમસ બોડી સમજે છે એના લીધે એ દર્દીઓ પાસેથી ગમે તેટલી ફી ઉઘરાવે છે. ગમે તે રીતે સીધેસીધી ડાયરેક્ટ ભરતીઓ કરી દે છે

એના ઉપર સરકારનું કોઇ નિયંત્રણ નથી. રાજય સરકાર તરફથી અને કેન્દ્ર સરકાર તરફથી પણ ગ્રાન્ટ મેળવે છે, એટલે આ બધી ગ્રાન્ટનો યોગ્ય હિસાબ કરવામાં આવે તો જે રીતે આ સંસ્થાઓને વધુ ગ્રાન્ટ મળે છે એ જ ગ્રાન્ટ જો ગામડાંઓની અંદર તાલુકાની અથવા જિલ્લાની હોસ્પિટલોમાં આપવામાં આવે તો ગામડાંના લોકોને ફાયદો થશે. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એમને જે ગ્રાન્ટ મળે છે એનો વ્યવસ્થિત હિસાબ કરી અને એમને ગ્રાન્ટ આપવામાં આવે. હમણાં હું ગયા સોમવારે જ અમદાવાદની હોસ્પિટલની અંદર આંખ વિભાગની અંદર ગયો. મેં મારી ઓળખાણ આપી નહોતી. મારી બેબીને બતાવવાનું હતું. ત્યાંના પ્રોફેસર અને હેડ છે ડો. જાગૃતિબેન. હું બે કલાક બેઠો. એમણે બહુ સારી રીતે ચેક કર્યું. ચેક કર્યા પછી મેં કેસ કઢાવ્યો. લાઇનમાં ઊભો રહ્યો અને બે કલાક ઓબ્ઝર્વેશન કર્યું. બહુ સારી રીતે ઘણા બધા પેશન્ટ ત્યાં આવે છે એમણે તપાસ્યા પછી મેં મારી ઓળખાણ આપી તો એમણે કહ્યું કે સાહેબ, આટલા બધા પેશન્ટ આવે છે પણ અમારી હોસ્પિટલની અંદર પેન્ટાકેમ મશીન નથી. જે આંખોનું ઓબ્ઝર્વેશન કરી શકે એવું પેન્ટાકેમ મશીન નથી. જયારે આપણે આટલી બધી સારી સુવિધા આપી, સરસ બિલ્ડિંગ બનાવ્યું હોય તો સિવિલની અંદર જો પેન્ટાકેમ મશીન આપવામાં આવે તો જે દર્દીઓએ આંખોના નિદાન માટે બહાર જવું પડે છે, પાંચથી છ હજાર રૂપિયા એની ફી ચૂકવવી પડે છે એ ચૂકવવી નહીં પડે. હમણાં ટેલી આઇ.સી.યુ.નું આપણે પ્રોવિઝન કર્યું છે. તમે બીજા વિભાગની અંદર ટેલિફોનથી એનું ઓબ્ઝર્વેશન કરવાનું કે રિપોર્ટ આપવાનું રાખો. હેલ્થની અંદર કોઇ દર્દી આઇ.સી.યુ.ની અંદર દાખલ થયેલું હોય અને તમે ટેલિફોનથી એનું ઓબ્ઝર્વેશન કરો. આ લોકોની જિંદગી સાથે ચેડા છે. એટલે આટલી બધી હોસ્પિટલોમાં સુવિધા હોય તો આવી હોસ્પિટલોની અંદર એનેસ્થેટિક કે એમ.ડી. ડોકટરોની નિમણૂક થાય અને આ જે ટેલિ આઇ.સી.યુ.ની જોગવાઇ કરવામાં આવી છે એ બંધ કરવામાં આવે. મેડિકલ એજયુકેશનની વાત કરી. માનનીય રાજયપાલશ્રીના પ્રવચનની અંદર પણ જે વાત કરી છે એની અંદર અત્યાર સુધીમાં ૩૬ પી.જી.ની કોલેજો એની અંદર ૬૩૫૦ યુ.જી.ના વિદ્યાર્થીઓ, ૨૦૬૫ પી.જી.ના વિદ્યાર્થીઓ એના ઉપરાંત ડી.એન.બી., સી.પી.એસ. આ બધા વિદ્યાર્થીઓ આપણે પૂરા પાડીએ છીએ. ગ્રીન ફીલ્ડ અને ગ્રાઉન્ડ ફીલ્ડ હોસ્પિટલો શરૂ કરી. માનનીય અધ્યક્ષશ્રીની ડેરીની અંડરમાં જ જે કોલેજ ચાલી રહી છે પણ આમાં આપણે સરકારી કોલેજો કેટલી ઊભી કરી? કેટલા વિદ્યાર્થીઓને તમે ફાયદો આપ્યો? બનાસ મેડિકલ કોલેજની વાત કરું તો પહેલા વર્ષે એની ૩,૩૦,૦૦૦/-રૂપિયા ફી હતી. બીજા વર્ષે રૂપિયા ૬,૮૫,૦૦૦/- અને ત્રીજા વર્ષે રૂપિયા ૮,૧૦,૦૦૦/- ફી છે. એટલે બધી કોલેજોની અંદર આટલી આટલી તમે ફી વધારી દો છો. બધી સુવિધાઓ આપવાની. એક વિદ્યાર્થીદીઠ ૧૫ લાખ રૂપિયાની તમે ગ્રાન્ટ આપો. કેન્દ્ર સરકાર પાસેથી પણ તમે આટલી બધી ગ્રાન્ટ લેતા હો તો આટલી બધી ઊંચી ફી જે વિદ્યાર્થીઓ પાસેથી આપણે લઇએ છીએ એ ફીની અંદર ઘટાડો કરો એવી વિનંતી કરું છું. કાયદા વિભાગની જે ૧૪૬ કરોડ રૂપિયાની માગણીઓ લઇને આવ્યા છે. કાયદાની અંદર એક સિદ્ધાંત છે કે જસ્ટીસ ડીલેડ ઇઝ જસ્ટીસ ડીનાઇડ. પરંતુ આપણા સરવેના માટે બહુ ચિંતાનો વિષય છે કે હમણાં જ એન.જે.ડી.સી. એટલે કે નેશનલ જયુડિશિયલ ડેટા ગ્રેડ ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૩ની અંદર એના જે ડેટા રજૂ થયા એની અંદર આપણા ભારતને નંબર-૧ બનાવવાની માનનીય મંત્રીશ્રી વાતો કરે છે. આખા વિશ્વની અંદર જો પેન્ડિંગ કેસો સૌથી વધુ હોય તો એ ભારતની તમામ કોર્ટોની અંદર છે. ૪.૩ કરોડ ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં હાઇકોર્ટની અંદર અને એની અંદર ૧૬,૯૦,૦૦૦ કેસ તો ૩૦ વર્ષથી જૂના છે અને સન ૨૦૧૮ની અંદર જે નીતિ આયોગે રિપોર્ટ રજૂ કર્યો એની અંદર સ્પષ્ટ લખ્યું છે કે જે રીતે ગુજરાતની અંદર અને દેશની અંદર પેન્ડિંગ કેસોનો વધારો થઇ રહ્યો છે એ રીતે જો કેસનો નિકાલ કરવો હોય તો ૩૨૪ વર્ષ લાગશે એટલે આટલો બધો કેસોનો ભરાવો થાય એ યોગ્ય કહી શકાય નહીં. ન્યાય મોડો મળે એ ન્યાય ન મળ્યા બરાબર છે. આપણી ગુજરાત હાઇકોર્ટની અંદર ૫૫(પંચાવન) જજનું મહેકમ છે. અત્યાર સુધી ૩૬ જજથી વધુ જજનું મહેકમ એક પણ દિવસ ભરાયેલ નથી. અત્યારે હાલ ૨૪ જજો છે. હમણાં જ ૫(પાંચ) જજની નિમણૂક થઇ છે. એટલે ૫૫ (પંચાવન)ની જગ્યાએ ૨૯ જજ હોય અને આટલા બધા કેસ પેન્ડિંગ હોય તો તે યોગ્ય નથી. એટલે તેમાં પણ ઝડપી નિમણૂક થાય. નીચેની કાર્ટોની અંદર પણ ૩૫થી ૪૫ ટકા જગ્યાઓ ખાલી છે. સ્ટાફ મળતો નથી. માનનીય નરેન્દ્રભાઇએ વર્ષ ૨૦૧૪ની અંદર વાત કરી હતી અને તેમનો વિચાર કદાચ સારો હશે કે જસ્ટીસ એટ ડોર. એટલે કે તમારા ઘર આંગણે તમને ન્યાય મળવો જોઇએ. તે વાત સાચી છે. જે રીતે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રની અંદર હાઇકોર્ટની ત્રણ-ત્રણ કોર્ટ છે. તે રીતે આપણા સૌરાષ્ટ્ર ઝોનની અંદર પણ એક હાઇકોર્ટ શરૂ કરવામાં આવે તો શ્રી નરેન્દ્રભાઇનું સપનું જસ્ટીસ એટ ડોર તે પૂરું થાય. સૌરાષ્ટ્ર જેવા પ્રદેશમાં દૂરથી લોકોને ન્યાય મેળવવા માટે અમદાવાદ સુધી આવવું ન પડે. વર્ષો પહેલાં રેવન્યુ ટ્રિબ્યુનલની ખાસ સચિવની કોર્ટ તથા સહકારી ટ્રિબ્યુનલો ઝોનવાઇઝ ચાલતી હતી. આજે વાવ વિસ્તારનો કોઇ ખેડૂતને ન્યાય માટે અમદાવાદ કે ગાંધીનગર આવવું પડે છે. એટલે જૂની સિસ્ટમ જે ઝોનવાઇઝ ટ્રિબ્યુનલો પંદર દિવસે કે મહિનામાં એકવાર મળતી હતી તે શરૂ કરવી જોઇએ. તાલુકા કક્ષાએ કોર્ટની અંદર પટાવાળા કે કલાર્ક લેવા હોય તો તેના માટે પરીક્ષાની જોગવાઇ છે. તાલુકા કક્ષાની કોર્ટની અંદર પી.પી.પી. લેવા હોય તો તેની અંદર પરીક્ષાની જોગવાઇ છે. પરંતુ હાઇકોર્ટની અંદર સરકારી વકીલ બનવું હોય, સેશન્સ કોર્ટની અંદર સરકારી વકીલ બનવું હોય તો તેના માટે પરીક્ષાની કોઇ જોગવાઇ નથી. તેના માટે વય મર્યાદાની કોઇ જોગવાઇ નથી. જે પણ વર્ષોથી અડીંગો જમાવી અને...

શ્રી પુર્ણેશ મોદી(સુરત-પશ્ચિમ):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદામંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ ન્યાયતંત્રની વહીવટી બાબતે મહેસૂલ ખર્ચ રૂપિયા ૧૪૫૪ કરોડ ૦૮ લાખ ૧૦ હજાર તેમજ મૂડી ખર્ચ રૂપિયા ૧૫ કરોડની માગણી ક્રમાંક-૬૦ લઇને આવ્યા છે તેને મારું સંપૂર્ણ અનુમોદન અને સમર્થન છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, હિન્દુસ્તાનની આઝાદી પ્રાપ્ત કરવા માટે અનેક મહાપુરુષોએ પોતાનું બલિદાન આપ્યું હતું. તેમના મનમાં સ્પષ્ટ કલ્પના હતી કે આઝાદી આવશે તો સ્વરાજ મળશે અને સ્વરાજ એટલા માટે મળશે કે સ્વરાજ આવશે તો સુશાસન, રામરાજ્ય, કલ્યાણ રાજ્ય તે પ્રસ્થાપિત થશે. સુરાજ્ય, સુશાસન, રામરાજ્ય, કલ્યાણ રાજ્યની સ્થાપના કરવી હોય તો તેનો મુખ્ય આધારસ્તંભ તે ન્યાયતંત્ર છે. ભારતના બંધારણના ઘડવૈયા પરમ પૂજ્ય ડૉ.બાબાસાહેબ આંબેડકરજી અને તેના સાથે અનેક સદસ્યોએ આ વિશ્વની સૌથી મોટી લોકશાહી, હિન્દુસ્તાનની લોકશાહીનું બંધારણ ઘડીને હિન્દુસ્તાનને એક આગવું સ્થાન આપ્યું છે ત્યારે આ બંધારણમાં પણ ન્યાયતંત્રને આગવું અને અનેરું સ્થાન આપ્યું છે. એક બાજુ રાષ્ટ્રની લોકસભા, રાજ્યસભા અને જે તે રાજ્યોની વિધાનસભા, વિધાન પરિષદ આ બધા બંધારણ મુજબ કાયદા ઘડવા માટેના દેવાલયો છે. બીજી તરફ ન્યાયાલયો, કોર્ટ તે બંધારણના મૂલ્યોનું જતન કરવા માટેના મંદિર છે. મૂળભૂત રીતે જ્યારે આપણા બધાની કલ્પના બહુ સ્પષ્ટ છે કે, આપણું રાજ્ય સંપૂર્ણપણે વિકસિત રાજ્ય બને તો તેના મૂળમાં સર્વાંગી વિકાસ એ આધારસ્તંભ છે. સર્વાંગી વિકાસના મૂળમાં જો કોઇ આધારસ્તંભ હોય તો તે શાંતિ, સલામતી અને સુરક્ષા છે. જ્યારે શાંતિ, સલામતી અને સુરક્ષાના મૂળમાં જઇએ તો પહેલી વાત એ આવે કે, લો એન્ડ ઓર્ડર તે મેન્ટેઇન થવો જોઇએ. લો એન્ડ ઓર્ડર તે મુખ્ય આધારસ્તંભ છે. જ્યારે લો એન્ડ ઓર્ડર આધારસ્તંભ હોય તો તેના મૂળમાં અનેક કાયદાઓ છે. અનેક અનેક કાયદાઓ તેનો આધારસ્તંભ બને છે અને એટલા માટે રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતના તમામ નાગરિકોને ઝડપી ન્યાય મળે, ગુજરાતના નાગરિકોને ઘર આંગણે ન્યાય મળે, છેવાડાના માનવીને ઝડપથી ન્યાય મળે અને કોઇ ન્યાયથી વંચિત ન રહે એ માટે કટિબદ્ધ છે, ત્યારે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પરામર્શ કરીને ગુજરાત સરકાર જુદા જુદા કાયદા હેઠળ સ્પેશિયલ કોર્ટની સ્થાપના કરવાની કાર્યવાહી તેમજ કાયદા વિભાગ અને ગૃહ વિભાગની સાથે સંપૂર્ણપણે સંકલનમાં રહીને ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુસનનું માળખું કાર્યરત કરી રહ્યા છે, ફોજદારી કેસોનો ઝડપી નિકાલ કરી રહ્યા છે અને તેના માટે કન્વિન્સન રેટ વધે એના માટે સરકાર સંપૂર્ણપણે કામ કરી રહી છે, કાયદા વિભાગ કામ કરી રહ્યો છે અને ગુજરાત સરકાર એના માટે કટિબદ્ધ છે. ગુનાના કેસોના ઝડપી નિકાલ માટે અને નાગરિકોને ઝડપી ન્યાય મળે આ સૂત્રને સાર્થક કરવા માટે ગુજરાત રાજ્યમાં ૬૫૦થી વધુ સ્પેશિયલ કોર્ટોની સ્થાપના કરવામાં આવી છે. જેમ કે ધ ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝર ક્રાઇમ એક્ટ ૨૦૧૫ આમાં આપણે કહી શકીએ છીએ કે ગુજસીટોક કાયદો-એક્ટ છે એમાં મારે દુઃખ સાથે જણાવવું પડે છે કે, સમગ્ર ભારતમાં અનેક બોમ્બ બ્લાસ્ટ થયા, અનેક મહાનગરોમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા, આતંકવાદીને પકડવાની જો કોઇની માનસિકતા હોય તો એક માત્ર દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબની છે. ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ આ કાયદો લાવવામાં આપણે ઉતાવળ કરી તેમ છતાં પણ કેન્દ્રમાં રહેલી કોંગ્રેસ સરકારે એને મંજૂરી ન આપી. આ પ્રકારે આતંકવાદ પ્રત્યે રહેમ નજર રાખનાર કોંગ્રેસ પર શું ભરોસો કરી શકાય? માત્રને માત્ર ઝીરો ટોલરન્સની નીતિ અને આ ગુજસીટોકના કાયદા મારફત આતંકવાદની સામે લડવા માટેનો આ કાયદો એ ગુજરાતે આપ્યો છે. પોસ્કો એક્ટ ૨૦૧૨ હેઠળ ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવી. દુષ્કર્મ થાય અને કોઇ પ્રકારની કાર્યવાહી ઝડપથી થાય નહીં અનેક પ્રકારના ગુમતાના સોગંદ લેવામાં આવે છે, પરંતુ એનો અમલ ન થાય તો ત્યારે દુષ્કર્મ કરનાર એવા ગુનેગારોને ફાંસીની સજા થાય એના માટે પોસ્કો એક્ટનો કાયદો જરૂરી હતો. ઇલિગલી મની લોન્ડરિંગ એક્ટિવિટી, વાઇટ કોલર ક્રાઇમ આ કાયદો કડક કરવા માટે મની લોન્ડરિંગ એક્ટ આપણે ત્યાં લાવવામાં આવ્યો. સી.બી.આઇ. કોર્ટ, નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ હેઠળની કોર્ટ, ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ, ભૂમાફિયાઓને જેલના હવાલે કરવા માટેનો આપણો આ કાયદો, એસ.ટી., એસ.સી. એટ્રોસિટી કોર્ટ, એસ.સી. સમાજ હોય કે એસ.ટી. સમાજ હોય એની વ્યક્તિને રક્ષણ આપતો આ કાયદો તેમજ એન.ડી.પી.એસ. નાર્કોટીક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટોપિક સસ્ટેન્શન એક્ટ, ડ્રગ્સ માફિયાઓને પણ કડકમાં કડક સજા થાય તો આ કાયદો જરૂરી હતો. આપણે આમ તો ગૃહમાં ઘણી વાતો થઇ, ડ્રગ્સ બાબતે ઘણી ચર્ચા કરવામાં આવી પરંતુ એનો અમલ થાય, ગુનેગાર જેલના સળિયાની પાછળ ધકેલાય. મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ભારત અને વિદેશના અનેક દેશોના કાયદા ડ્રગ્સની અંદર શું શું એને સજા કરવામાં આવે છે, ક્યા પ્રકારના કાયદા ઘડવામાં આવે છે એનો પણ અભ્યાસ આપણી ગુજરાત સરકાર કરે અને કડકમાં કડક કાયદો હજુ પણ બનાવવાની વાત હોય તો એ આપણે ડ્રગ્સ સામેના રક્ષણમાં નાગરિકોના રક્ષણ માટે કરવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, ધ ગુજરાત પબ્લિક સેફ્ટી ઇન્ફર્મેશન એક્ટ ૨૦૨૨ હમણાં ગયા વર્ષે જ ઘડવામાં આવ્યો. નાગરિકોની સલામતી માટે સીસિટીવી કેમેરાથી નાગરિકોને રક્ષણ પૂરું પાડતો કાયદો અહીંયા ગૃહમાં આ જ સત્રમાં વાત થઇ હતી કે, જાહેર પરીક્ષામાં ગેરરીતિ આચરતી અટકાવવા માટેનો કાયદો. આમ, અનેક પ્રકારના આપણે કાયદા લાવી રહ્યા છીએ અને આ કાયદાની અંદર કોર્ટનું નિર્માણ પણ કરી રહ્યા છીએ. ૬૫૦થી વધુ સ્પેશિયલ કોર્ટ અને એ કોર્ટની બાબતમાં હું બે ત્રણ બાબત તરફ સમગ્ર ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, ગયા વર્ષે ૨૦૨૨માં બનેલ ઘટના સુરતમાં સાડા ત્રણ વર્ષની બાળકી સાથે થયેલું સૃષ્ટિ વિરુધનું દુષ્કૃત્ય આ

ગુનામાં સુરતની પોસ્કો કોર્ટે સ્પિડિ ટ્રાયલ ચલાવીને આરોપીને સાડા ત્રણ મહિનામાં પોસ્કો કોર્ટે ગુનેગારને ફાંસીની સજા ફરમાવી છે. આ પ્રકારની ઘટના વિશ્વમાં ક્યાંય નહીં બને. હમણાં મારા મિત્ર વાત કરતા હતા તેમણે કહ્યું કે ભારત સરકારની અંદર પેન્ડિંગ કેસો ૪ કરોડથી વધુ ૩૦ વર્ષથી જૂના કેસો સાહેબ, આ તો ત્રણ મહિનાની અંદર ફાંસીની સજા આપી આ પ્રકારનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગુજરાતની આ પોસ્કો કોર્ટે આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં બીજી ચકચારભરી ઘટના ગ્રીષ્મા વેકરીયા હત્યા કેસ. એમાં પણ સ્પિડિ ટ્રાયલ ચલાવીને આરોપીને ત્રણ મહિનામાં ફાંસીની સજા ફરમાવી. બીજી આ વર્ષની ૨૦૨૩ની ઘટના અમારા માનનીય વિનુભાઈના કતારગામ વિસ્તારમાં સાત વર્ષની બાળકી ઉપર રેપ વીથ મર્ડરનો કેસ. આ સુરતની પોક્સો કોર્ટની અંદર માત્ર અઢી મહિનામાં સાહેબ સ્પિડિ ટ્રાયલ ચલાવીને આરોપીને ફાંસીની સજા ફરમાવી આવા સંખ્યાબંધ કેસોના દાખલા આપી શકાય તેમ છે. જે પ્રકારની ઝડપ આ ન્યાય પ્રક્રિયામાં ગુજરાત સરકારે કોર્ટની સ્થાપના કરીને પ્રસ્થાપિત કરી છે આનું સમગ્ર વિશ્વમાં ઉદાહરણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ઘણી વાતો કહેવાની છે, મારી એકાદ મિનિટ વધારજો. હજુ ગઈકાલ સુધી કોઈ એક ટેકનોલોજીનો ઉપયોગ થતો હોય અને આજે નવી ટેકનોલોજી આવી જાય એટલો ઝડપી યુગ છે. આ યુગમાં ખૂંખાર ગુનેગારો જેલમાં અને જેલમાંથી અદાલત લઈ જતી વખતે પોલીસને મેન પાવર, વ્હિકલ ખર્ચ, સમયનો ખર્ચ, સુરક્ષા વગેરે અનેક મુશ્કેલીઓનો સામનો કરે છે ત્યારે અદાલતોમાં કેસોના પેન્ડિંગ ઘટાડવા માટે, ટ્રાયલ વિલંબને નિવારવા માટે, ઝડપી ટ્રાયલ ચાલે તે માટે ઈલેક્ટ્રિક વીડિયો કોન્ફરન્સના ઉપયોગથી ઝડપથી કોર્ટ પણ આ અદાલતની અંદર આગળ વધી રહી છે. ન્યાયતંત્રને વધુ માળખાકીય સુવિધા મળે તેના માટે ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, ભાવનગર જિલ્લામાં જિલ્લા કોર્ટ, તાલુકા કક્ષામાં થરાદ, ઉમરાળા, ટંકારા, સાણંદ, ગોધરા, કલોલ, સૂત્રાપાડા, ક્વાંટ, ઉચ્છલની એક તાલુકાની કોર્ટ આ નવ નિર્માણ માટે રૂપિયા ૫૧૧ કરોડની જોગવાઈને આજે સરકારે મંજૂરી આપી છે, ત્યારે છેલ્લાં પાંચ વર્ષમાં આવા ૧૬૦ કાયદા પણ બિનજરૂરી હતા તે રદ કર્યા છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ તત્કાલિન મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના કરી અને કાયદો વધુ સરળ અને મજબૂત બને તેના માટે તેમણે પ્રયત્ન કર્યો. ન્યાયિક પ્રક્રિયામાં જે નોટરીની અગત્યની ભૂમિકા છે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેને મારું સંપૂર્ણ સમર્થન છે.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ નવસારીના સાંસદ અને ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ એવા આદરણીયશ્રી સી.આર.પાટીલજી અને આપણા પાણી પુરવઠા જળસંપત્તિ વિભાગના મંત્રી એવા આદરણીયશ્રી કુંવરજીભાઈના બન્ને મહાનુભાવોના જન્મ દિવસ નિમિત્તે હું શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ માગણી નંબર-૬૦ રૂપિયા ૧૪,૫૪,૦૮,૧૦,૦૦૦/- ની મહેસૂલી ખર્ચની અને રૂપિયા ૧૫ કરોડની મૂડી ખર્ચ માટેની જે માગણી લઈને આવ્યા છે ત્યારે તેમાં હું મારો સૂર પૂરાવું છું અને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદાનું શાસન જ સુશાસન અને સુરાજયનો આધાર છે. કોઈ પણ રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે કાયદો અને વ્યવસ્થા તે અગત્યનું પરિબળ છે. સુરાજય અને સુશાસનના પરિકલ્પોને પૂર્ણ કરવા માટે કાયદાનો આધારસ્તંભ હોવો જરૂરી છે. લોકોના બૌદ્ધિક કે ભૌતિક વિકાસથી રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ થયેલો ગણાય નહીં પરંતુ,

सर्वे भवन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः,

सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःख भाग्भवेत् न।

સિદ્ધાંત મુજબ ભારતીય પરંપરાના મૂલ્યો પરિપૂર્ણ કરવા પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતી આ ભારતીય ભૂમિના પાયામાં માનવતાના નૈતિક અને બંધારણીય મૂલ્યોનો સમાવેશ થયેલો છે. આપણા બંધારણના ઘડવૈયાઓએ બંધારણમાં ન્યાયતંત્રને આગવું સ્થાન આપીને પબ્લિક વેલ્ફેર સ્ટેટની એટલે કે રામ રાજયની પરિકલ્પનાને પરિપૂર્ણ કરી છે. ન્યાયાલયો એ બંધારણીય મૂલ્યોનું જતન કરતા સાચા મંદિરો છે. રાજયના છેવાડાના નાગરિકને ઘર-આંગણે સુલભ અને ઝડપી ન્યાય મળે તે છેવાડાનો નાગરિક ન્યાયથી વંચિત ના રહે તે માટે પણ સરકાર આજે કટિબદ્ધ છે. રાજ્યના લોકોની સુખાકારી માટે તેમજ બંધારણીય હકો માટે નવા કાયદા ઘડવા અને છેવાડાના માનવીને ઘર આંગણે સુલભ, ઝડપી ન્યાય મળે તે માટે રાજ્ય સરકારે દરેક જિલ્લા અને તાલુકા મથકે ન્યાયાલયો બનાવ્યા છે. 'સર્વનો સાથ, સર્વનો વિકાસ અને સર્વને ન્યાય' ના મૂળભૂત સિદ્ધાંતને ધ્યાને રાખીને આ સંવેદનશીલ રાજ્ય સરકારે ન્યાયતંત્રમાં મૂળભૂત માળખાકીય સુવિધાઓ અને ન્યાયાધીશોની નિમણૂક માટે ઉત્તરોત્તર પૂરતા બજેટની ફાળવણી કરેલ છે. ભૂતકાળમાં અનેક સરકારી કચેરીઓ જેવી કે તાલુકા પંચાયત, મામલતદાર કચેરી, એસ.ડી.એમ. કચેરી, કલેક્ટર કચેરી, એસ.પી. કચેરી વગેરે વર્ષો જૂની અંગ્રેજો વખતની બિલ્ડિંગમાં ચાલતી હતી, ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે એક પહેલ કરીને તમામ સરકારી બિલ્ડિંગોનું નવીનીકરણ કરીને છેલ્લા એક વર્ષમાં ન્યાયતંત્રને માળખાકીય સુવિધાઓ મળી રહે તેના ભાગરૂપે નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે રૂ.૫૧૧.૮૩ કરોડની વહીવટી મંજૂરી પણ આપેલી છે. જેમાં

ગાંધીનગર, જામનગર, જૂનાગઢ અને ભાવનગર જિલ્લા કોર્ટ બિલ્ડિંગોની કામગીરી થઈ રહી છે. સાથે સાથે તાલુકા કોર્ટમાં થરાદ, ઉમરાળા, ક્વાંટ, ઉચ્છલ, સાણંદ, ગોધરા, કલોક, સુત્રાપાડા વગેરે તાલુકા મથકોએ તાલુકા કોર્ટ બિલ્ડિંગની કામગીરી થનાર છે. અમદાવાદ, હિંમતનગર ખાતે પણ ફેમિલી કોર્ટ બિલ્ડિંગના નિર્માણ માટેની મંજૂરી મળેલી છે. એટલું જ નહિ પરંતુ ન્યાયાધીશો અને અન્ય સ્ટાફના રહેઠાણ માટે પૂરતા પ્રમાણમાં સુવિધા મળી રહે તે માટે રૂ.૪૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલી છે. જેમાં સિદસર, રાજકોટ, સિનોર, જેસર અને થરાદ ખાતે ન્યાયિક સ્ટાફના રહેઠાણના મકોનોની બાંધકામની મંજૂરી આપેલી છે. તાજેતરમાં સરકાર દ્વારા અમદાવાદ બદલી થઈને આવેલ ન્યાયધીશોને રહેઠાણના આવાસ તાત્કાલિક મળી રહે તે હેતુથી અમદાવાદ ખાતે કોમન પુલના આવાસોમાંથી ન્યાયધીશો માટે કુલ ૧૦૪ આવાસો નામદાર હોઈકોર્ટ હસ્તક સોંપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ''કર લો મુઠ્ઠી દુનિયા મેં.''આ એકવીસમી સદી એ સાયન્સ અને ટેકનોલોજીની સદી તરીકે ઓળખાય છે ત્યારે સાયન્સ અને ટેકનોલોજીના ઉપયોગથી વિશ્વ ખૂબ જ નજીક આવી ગયું છે. જેમાં આપણો દેશ હરણફાળ પ્રગતિ કરી રહ્યો છે. તમામ ક્ષેત્રમાં ટેકનોલોજીના માધ્યમથી ઝડપી વિકાસ થઈ રહ્યો છે. ટેકનોલોજીના ભરપૂર ઉપયોગથી ન્યાયતંત્રમાં પણ અદ્વિતીય પ્રગતિ સાધવામાં આવેલ છે. માત્ર કોર્ટની સ્થાપનાથી ન્યાય પ્રક્રિયામાં ઝડપ આવતી નથી પરંતુ કોર્ટના ઈન્ફ્રાસ્ટ્રકચર, ફર્નિચર જેવી માળખાગત સુવિધાઓ, પક્ષકારોને અનુકૂળતા અને સારું વાતાવરણ મળી રહે તે પણ જરૂરી છે. તેના માટે પણ જરૂરી સુવિધાઓ અને કોર્ટ કાર્યવાહી દરમિયાન જરૂરી કમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ, આનુષંગિક ચીજવસ્તુઓ પૂરી પાડવામાં રાજ્ય સરકાર હંમેશા અગ્રેસર રહી છે. અદાલતોમાં કેસોની પેન્ડસી ઘટાડવા માટે, ટ્રાયલના વિલંબ નિવારવા માટે તેમજ ઝડપી ટ્રાયલ માટે ઈલેક્ટ્રોનિક વીડિયો માધ્યમ ખૂબ ઉપયોગી નીવડેલ છે. કોરોનાની કપરી પરિસ્થિતિમાં છેવાડાનો વ્યક્તિ ન્યાયથી વંચિત ન રહી જાય તેની પણ સરકારે ચિંતા કરીને તે માટે નામદાર વડી અદાલત, તાબાની વડી અદાલતોમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આ કાર્યવાહી શરૂ કરેલ હતી અને નામદાર વડી અદાલતમાં ઈ-ફાઈલિંગની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. રાજ્યની વડી અદાલતોની તમામ કોર્ટનું યુ-ટ્યૂબના માધ્યમથી પણ જીવંત પ્રસારણ કરવામાં આવે છે. તાજેતરમાં ફેબ્રુઆરી માસમાં જ રાજ્યની તાબાની અદાલતો, મુખ્ય ન્યાયધીશોની કોર્ટનું પણ જીવંત પ્રસારણ શરૂ કરવામાં આવેલ છે. જે તમામ બાબતોમાં સરકારશ્રી દ્વારા બહાર પાડેલ ઈ-કોર્ટ મિશન બોર્ડ પ્રોજેક્ટનો અમૂલ્ય ફાળો રહેલો છે. રાજ્યની તમામ ન્યાયલયો એકવીસમી સદીની ટેકનોલોજી સાથે કદમ થી કદમ મિલાવી લોકોને ઝડપી ન્યાય મળી રહે તે દિશામાં રાજ્ય સરકાર મદદ કરી રહી છે. નામદાર હાઈકોર્ટ દ્વારા દરેક પક્ષકારોને તેમના કેસની જરૂરી માહિતી સરળતાથી ઉપલબ્ધ થાય તે માટેની સેવા શરૂ કરવામાં આવેલી છે. સરકારના તમામ વિભાગના જવાબદાર અધિકારી તેમજ પોલીસ સ્ટેશનના અધિકારીઓના ઈ-મેઈલ આઈ.ડી. નામદાર વડી અદાલત ખાતે નોંધવામાં આવેલ છે. જેથી બધા જ પક્ષકારોને જે તે કેસોને લગતી વિવિધ માહિતી ઘર બેઠા મળી રહે અને ન્યાય પ્રક્રિયા ઝડપી અને વિશ્વાસપાત્ર બની શકે તેની પણ રાજ્ય સરકારે ચિંતા કરી છે. ન્યાયિક કાર્યવાહી ચલાવવા માટે ન્યાયાધીશો તેમજ મદદનીશ સ્ટાફની આવશ્યકતા રહેલી છે. સરકાર દ્વારા ન્યાયતંત્રની જરૂરિયાત મુજબ નામદાર હાઇકોર્ટના માગ્યા પ્રમાણે ન્યાયાધીશોની જગ્યા ભરવાની મંજૂરી પણ આપી છે તેમજ જરૂરી મદદનીશ સ્ટાફની સુવિધા પણ પૂરી પાડવામાં આવેલ છે. રાજ્યમાં વધતાં જતાં ગુનાઓની સંખ્યાને ધ્યાને લઈ સદર ગુનાઓનો ઝડપી નિકાલ થાય અને નાગરિકોને ન્યાય મળે તે હેતુથી જુદા-જુદા કાયદાઓ હેઠળ રાજ્યમાં સ્પેશલ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે આ અલગ-અલગ સ્પેશિયલ કોર્ટના કારણે છેવાડાના લોકોને ઝડપી અને સમયસર ન્યાય મળે એની પણ આ રાજ્યસરકારે ચિંતા કરી છે. આપણે જોઈએ છીએ કે, લોકઅદાલત પક્ષકારોના સમાધાનની પ્રક્રિયાથી તકરારનો સુખદ અંત લાવવા માટેની એક મહત્ત્વની પ્રક્રિયા છે. જેના દ્વારા પક્ષકારો વચ્ચેની તકરારનું નિરાકરણ બંને પક્ષકારોની સંમતિથી કરવામાં આવે છે. આ સમાધાનથી તકરારનો કાયમી અંત આવે છે અને મતભેદો કે મનદુઃખ પણ રહેતું નથી. રાજ્યમાં કેસોના ઝડપી નિરાકરણ માટે લોકઅદાલતો એક સર્વસ્વીકૃત માધ્યમ બની રહેલ છે. રાજ્યના નાગરિકોને મફત કાનૂની સહાય મળી રહે તેવા હેતુથી રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ તેમજ તાબા હેઠળની જિલ્લા કાનૂની સેવા સત્તામંડળની કચેરીઓ દ્વારા યોગ્યતા ધરાવતા દરેક નાગરિકને મફત કાનૂની સહાય પણ પૂરી પાડવામાં આવી રહી છે. રાજ્ય સરકાર અને લીગલ સર્વિસ ઓથોરિટીના સહયોગથી લૉ સ્કૂલ તેમજ જેલના કાનૂની સલાહ કેન્દ્રો સ્થાપવામાં આવેલ છે. એમાં વિવિધ સ્કીમોનો લાભ મળી રહે તે માટે કેમ્પનું પણ આયોજન કરવામાં આવે છે. જેથી લોકોમાં જાગૃતિ આવે અને તેઓ ન્યાયથી વંચિત ન રહે એની પણ રાજ્યસરકાર તકેદારી રાખી રહી છે. છેવાડાના માનવી સહિત સમાજના દરેક વર્ગના વ્યક્તિને સરળતાથી તથા પારદર્શી રીતે ન્યાય મળી રહે એ એક બંધારણીય અધિકાર છે. માળખાકીય સુવિધાઓના વિકાસ અને ટેકનોલોજીના ઉપયોગથી ન્યાયપ્રક્રિયામાં સરળતા લાવવા માટે ન્યાયતંત્ર અને સરકાર પ્રયત્નશીલ છે.

શ્રી કિશોર કાનાણી(વરાછા રોડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ માગણી નંબર ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એના સમર્થન માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગની સૌથી મોટી લોકોપયોગી અને આશીર્વાદરૂપ કોઇ યોજના હોય તો તે પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજના (PMJAY) છે. આયુષ્યમાન કાર્ડ એ ખરા અર્થમાં લોકોનું આયુષ્ય વધારનારું અમૃતકાર્ડ બન્યું છે. મારા વિસ્તારમાં મરઘાં કેન્દ્ર કરીને એક વસાહત આવેલી છે. ત્યાં એક ભાઇને રાત્રે બે વાગ્યે છાતીમાં

દુઃખાવો શરૂ થયો. એમના પત્ની એમને પી.પી.સવાણી હૉસ્પિટલમાં લઇને ગયા. રિપોર્ટના અંતે ડૉકટરે કહ્યું કે ''નળી બ્લોક છે, સ્ટેન્ટ મૂકવું પડશે, એટેક આવ્યો છે, પોણા બે લાખ રૂપિયાનો ખર્ચો થશે અને રૂ.૫૦ હજાર ડિપોઝિટ મૂકવી પડશે.'' આ વાત સાંભળીને બહેનની આંખોમાં આસું આવી ગયા અને એ ગભરાઇ ગયા. ઘરમાં બે હજાર રૂપિયા પણ નહોતા. ઓચિંતાની જ્યારે આવી કોઇ બીમારી આવે ત્યારે સગા-સંબંધી અને મિત્રોમાં હાથ લાંબો કરી ઉછીના રૂપિયા માંગવા પડે. પહેલાં પૈસાની વ્યવસ્થા કરવી પડે અને પછી એની સારવાર થાય. આ બહેન સવારે મારી ઓફિસે આવ્યા અને એમની આયુષ્યમાનકાર્ડ માટેની કાર્યવાહી શરૂ કરી એમને તાત્કાલિક કાર્ડ કાઢી આપવામાં આવ્યું. આ બહેને કાર્ડ લઇને હૉસ્પિટલમાં જમા કરાવ્યું અને સ્ટેન્ટ પણ મૂકાવી દીધું. એ ભાઇ બચી ગયા. આ ઘરનો આધાર બચાવવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. માણસની કિડની ખરાબ થઇ ગઇ હોય તો એનું આયુષ્ય કેટલું હોય? મારા મિત્ર રમણીકભાઇ મને હીરા બજારમાં મળ્યા અને અમે બંને વાતો કરતા હતા. એમના ઘરે ગામડેથી એમના એક મિત્ર આવેલા હતા. એમને જોઇને રમણીકભાઇને આશ્ચર્ય થયું કે, તમારી કિડની સાત વર્ષથી ખરાબ થઇ ગયેલ છે અને આજે તમે આટલી સારી તંદુરસ્તી ધરાવો છો. એટલે એ ભાઇએ જવાબ આપ્યો કે, રમણીકભાઇ સાત વર્ષથી મારી બંને કિડની ખરાબ થઇ ગયેલ છે અને હું તંદુરસ્તીપૂર્વક જીવું છું એનું કારણ ભારતીય જનતા પાર્ટીની સરકારનું મા- કાર્ડ છે. આ કાર્ડમાં મારું ડાયાલીસીસ થાય છે. મહિનામાં ચાર વખત ડાયાલીસીસ થાય છે. આ ડાયાલીસીસના રૂપિયા ૪૦ હજાર થાય છે. માણસ ઘર ચલાવે કે ડાયાલીસીસ કરાવે? આ ડાયાલીસીસ માટે રૂપિયા ૪૦ હજાર સરકારશ્રી આપે છે. આ ઉપરાંત, દવાખાનામાં આવવા-જવા માટે વાહનનું ભાડુ રૂપિયા ૩૦૦/- પણ બેંકના ખાતામાં જમા થાય છે. ન્યૂ રિપ્લેસમેન્ટ વડીલોની પીડા છે. મારા ઘરની સામે એક બગીચો છે. હું ઘણીવાર ત્યાં બેસવા જાઉ છું. વડીલ ઘરે જવા માટે ઉભા થાય તો લંગડાતાં, લંગડાતાં ચાલે ત્યારે હું પૂછું કે દાદા તમને ઘૂંટણનો દુઃખાવો લાગે છે? તો કહે કે હા મને ઘૂંટણનો દુઃખાવો છે. મેં કહ્યું કે હવે તો ની રિપ્લેસમેન્ટ થાય છે. ઘૂંટણ બદલાવાય છે બદલાવોને. તો કહે મને ખબર છે પણ, મારા દીકરાની એવી પરિસ્થિતિ છે કે હું એને કહી શકતો નથી અને પીડા, વેદના સહન કરું છું. મા-કાર્ડમાં ઘૂંટણ બદલાવવાના પૈસા આપવાનું સરકારશ્રીએ નક્કી કર્યું. હજારો વડીલોની સર્ટિફિકેટ લેવા માટે લાઇન લાગી. એનો મતલબ એવો નથી કે સરકારશ્રીએ પૈસા આપવાના શરૂ કર્યા અને ઘૂંટણ દુઃખવાના શરૂ થયા. ઘૂંટણ દુઃખતાં જ હતા, એને પીડા હતી, એની વેદના હતી પણ એની પાસે વ્યવસ્થા અને સગવડતા ન હતી. આ સગવડતા ઊભી કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. સરકારશ્રીનો શાળા તપાસણીનો એક કાર્યક્રમ ચાલે છે. દર વર્ષે શાળાઓમાં બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવે છે. ઘણીવાર વિદ્યાર્થીઓ અને તેમનાં મા-બાપને પણ ખબર હોતી નથી કે, મારા છોકરાઓને શું રોગ છે. જ્યારે એ રોગ વધી જાય ત્યારે ખબર પડતી હોય છે. સરકારશ્રીના આ શાળા તપાસણી કાર્યક્રમમાં બાળકના આરોગ્યની તપાસ થાય અને તેના રોગનું નિદાન થાય છે. મને કહેતાં આનંદ અને ગૌરવ થાય છે કે, ૧ રૂપિયાથી માંડી રૂપિયા ૫૦ લાખ સુધીનો ખર્ચો થાય તો પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ભોગવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાળક જન્મથી મૂંગું અને બહેરું હોય છે. બાળક શેરીમાં બધાં બાળકો રમતાં હોય એમની સાથે રમવામાં જોડાઇ ન શકે. બીજાં બાળકો રમતાં હોય એમની સામે જોઇને બાળક ઊભું રહે. એની મા સામે લાચાર થઇને ઊભી હોય અને આંખમાં આંસુ હોય કે, મારો દીકરો સાંભળતો નથી, બોલી શકતો નથી. એટલે બાળકો સાથે રમી શકતો નથી. બાળક દુનિયાના પ્રવાહમાં જોડાઇ શકતું નથી. આ કોક્લિયર ઇમ્પ્લાન્ટ મશીન, કાનમાં ઓપરેશન કરીને બેસાડવામાં આવે છે. ખાનગી હૉસ્પિટલમાં જો આ ઓપરેશન કરવા જાય તો રૂપિયા ૧૫ લાખ થાય છે. આ સરકારશ્રી રૂપિયા ૧૫ લાખ કોક્લિયર ઇમ્પ્લાન્ટ મશીનના આપે છે. બાળક સાંભળતું થાય, બોલતું થાય અને શેરીઓનાં બાળકો સાથે રમતું, ખેલતું અને કુદતું થાય. આ રીતે બાળકને દુનિયાના પ્રવાહમાં જોડવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. આવી તો આરોગ્ય વિભાગની અનેક યોજનાઓ લોકો માટે આશીર્વાદરૂપ છે. એટલા માટે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ જે માગણી લઇને આવ્યા છે એ માગણીને હું મારું સમર્થન આપું છું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું નવસારી જિલ્લાના સાંસદ અને આપણા પ્રદેશ ભા.જ.પ.ના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબનો આજે જન્મદિવસ છે તથા આપણા જળસંપત્તિ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા સાહેબનો પણ જન્મ દિવસ છે. તેથી એમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. આપણા આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી મોદી સાહેબ જેઓ ભારત વર્ષને વિશ્વ ગુરુ બનાવવા તરફ લઇ જઇ રહ્યા છે અને આયુષ્યમાન, આયુર્વેદ, યોગ અને હોમિયોપેથિક વગેરે સેવાઓ માટે દેશને વિશ્વ ફલક ઉપર લઇ જવા આયુષ્ય વિઝનને આગળ લઇ જઇ રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આગામી વર્ષોમાં આપણે અહીંયા જોઇશું તો વિશ્વના દેશોમાં આરોગ્ય પોલિસી બાબતે આપણા વડાપ્રધાનશ્રીનો ખૂબ જ એ બાબતે આગ્રહ રહ્યો છે. અહીંયા આપણે જોઇશું તો અમદાવાદમાં જે અખંડાનંદ આયુર્વેદિક કોલેજ છે. એને સંલગ્ન જે હોસ્પિટલો છે. એને અને બીજી સુરેન્દ્રનગર ખાતે જે આયુર્વેદિક કોલેજ અને સંલગ્ન હોસ્પિટલ આપણે બનાવવાની છે, એમાં પ્રથમ ૭૫ તથા ૬૦ વિદ્યાર્થીઓને આયુર્વેદિક સ્નાતક માટેની એમાં જોગવાઇ થવાની છે. અહીંયા સુરેન્દ્રનગર જિલ્લાની વાત છે. ત્યાં નવી આયુર્વેદિક કોલેજ થવાની છે. એમાં હોસ્પિટલ પણ એને સંલગ્ન શરૂ થવાની છે ત્યારે એનું ખાતમુહૂર્ત પણ થઇ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં તથા દેશભરમાં ખ્યાતનામ એવી સરકારી અખંડાનંદ આયુર્વેદિક કોલેજ અને તેને સંલગ્ન હોસ્પિટલનું બિલ્ડિંગ બનાવવા માટે, એના બાંધકામ માટે જૂની રક્તપિત હોસ્પિટલ, નારોલ ખાતે સરકારશ્રીએ ૧૫ એકર જમીનની ફાળવણી પણ કરી છે. એ રીતે તેના બાંધકામ માટે વહીવટી મંજૂરી પણ આપવામાં આવનાર છે. રાજયમાં ગરીબ તેમજ મધ્યમ વર્ગના જે વિદ્યાર્થીઓ હોય છે, તે વિદ્યાર્થીઓ ઓછા ખર્ચે સ્નાતક બની શકે, એના માટેની આ આયુર્વેદિક કોલેજ બનાવવામાં આવનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા સરકારી અખંડાનંદ આયુર્વેદિક કોલેજ સંલગ્ન હોસ્પિટલ, નારોલ, અમદાવાદ ખાતે રૂપિયા ૭૫૦ લાખની તેમજ વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂપિયા ૩૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારી આયુર્વેદિક કોલેજ સંલગ્ન હોસ્પિટલ, સુરેન્દ્રનગર માટે વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષ માટે રૂપિયા ૧૨૦૦ લાખની તેમજ વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂપિયા ૪૦૦ લાખ ચાલુ બાબતે મંજૂર થયેલા છે. અહીંયા જોઇશું તો મણીબેન હોસ્પિટલ, સરકારી આયુર્વેદિક હોસ્પિટલ, અમદાવાદ અસારવા ખાતે આવેલ છે. એના જૂના બિલ્ડિંગના રિનોવેશન માટે અને તે બાબતે રૂપિયા ૨૦૦ લાખ વર્ષ ૨૦૨૩-૨૪ માટે મંજૂર કરેલા છે.

એ જ રીતે વડોદરા ખાતે જે આયુર્વેદિક કોલેજ છે, એને સંલગ્ન હોસ્પિટલ માટે બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ માટે અને ઓ.પી.ડી. બિલ્ડિંગ માટે અને કોલેજના રિપેરિંગ ખર્ચ માટે એ રીતે અહીંયા ત્રણેય બાબતોના બાંધકામ માટે રૂપિયા ૪૩૪.૮૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

આ રીતે જે આયુર્વેદિક કોલેજો છે, એના ઉપર માનનીય વડાપ્રધાનશ્રીએ ખૂબ જ ઝોક આપ્યો છે. એ રીતે આપણે જોઇશું તો ગુજરાતમાં જે આયુર્વેદિક કોલેજો છે, એ વ્યવસ્થા જયારે એના માટેની જે પોલિસી છે, એ વિશ્વ લેવલે આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ એમાં સહયોગ બન્યો છે. એ રીતે આયુર્વેદની વિવિધ યોજનાઓ માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં રૂપિયા ૩૭૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને જેના જરૂરી મહેકમ અને સાધનો માટે પણ રૂપિયા ૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર**(**કાંકરેજ**)** : માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને આરોગ્ય બાબતે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય માન્યતા એવી છે કે કાયદો એટલે કાયદાનું પાલન કરાવવું. પરંતુ કાયદાનું શાસન છે અને દરેક નાગરિકને કાયદાનું સમાન રક્ષણ મળવું જોઇએ. પરંતુ કાયદો માત્ર ગરીબો ઉપર જ રાજ કરે છે. વગવાળા અને પૈસાદાર માણસો ઉપર કાયદો કાયદાનું કામ ઓછું કરે છે. અત્યારે આ સમયમાં લાચાર, ગરીબ અને મધ્યમવર્ગ ઉપર માથાભારે વ્યાજખોરોનો આતંક વધી રહ્યો છે. રોજબરોજ ગુજરાતમાં આવી ફરિયાદો મળી રહી છે. સાયબર ક્રાઇમના ગુનાઓ રોજબરોજ નોંધાઇ રહ્યા છે. સ્ત્રીઓની લાચારી સામેના ગુનાઓ વધ્યા છે. આત્મહત્યાના ગુનાઓ વધ્યા છે. ભ્રષ્ટાચાર બેફામ થઇ રહ્યો છે. ત્યારે આ ગુજરાત સલામત છે એમ કહી શકાય નહીં. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગઇ છે, આ બાબતે રાજકીય રીતે જવાબ આપવો ખૂબ સહેલો છે. પરંતુ સરકારી તંત્રમાં આનો સુધારો કરવો પણ ખૂબ જરૂરી છે. સમગ્ર ગુજરાતની અંદર સી.આર.પી.સી. ની કલમ ૧૫૧નો મોટા પાયે દુરુપયોગ થઇ રહ્યો છે. આ કલમની અંદર કયાંક કોઇ સોસાયટી હોય, કે એવી કોઇ પણ જગ્યાએ સામાન્ય પાણી ઢોળવા બાબતે પણ કંઇક સામાન્ય બોલાચાલી થાય ત્યારે બન્ને પરિવાર પોલીસ સ્ટેશનની અંદર જાય છે ત્યારે કોઇ ડોકટર હોય, કોઇ વેપારી હોય, કોઇ સામાજિક સંસ્થા સાથે જોડાયેલા પ્રતિભાશાળી વ્યકિત હોય અને એની સામે જયારે પોલીસ સ્ટેશનની અંદર કહેવામાં આવે છે કે તમારા ઉપર આ કલમ લાગી છે અને તમારે આખી રાત કસ્ટડીમાં રહેવું પડશે. સમગ્ર રાજયની અંદર આ બાબત અને આ વિષય પર સમગ્ર ગુજરાત ખૂબ ગંભીર રીતે ચિંતિત છે. ત્યારે આ કલમ ૧૫૧ની અંદર પણ કંઇક સુધારો થાય એવી મારી વાત છે. સમગ્ર ગુજરાત અને ખાસ કરીને અમદાવાદમાં દિવસેને દિવસે ટ્રાફિકની બહુ વિકટ પરિસ્થિતિ ઉત્પન્ન થઇ રહી છે. ટી.આર.બી.ના જવાનોને કયાંક બહુ કામના ભારણના કારણે અને કયાંક એમને મહેનતાણું ઓછું મળતું હોય, વારંવાર ગાંધીનગર આવવાનું થાય છે ત્યારે ભાટ સર્કલ અને ઇન્દ્રોડા સર્કલ ઉપર ટ્રાફિક જામ થતો હોવા છતાં પણ કયાંકને કયાંક ટી.આર.બી.ના જવાનોની અછત દેખાઇ રહી છે. અમદાવાદ જેવા સિટીમાં કયાંક ટ્રાફિક જામ થઇ જયા છે તો તેને ડાયવર્ટ કરવામાં આવે છે અને એ રાહદારીઓને પાંચથી સાત કિલોમીટર ફરીને આવવું પડે છે. આ બાબતનો પણ એક મોટો ગંભીર પ્રશ્ન સમગ્ર ગુજરાતમાં ઊભો થયો છે. ગુજરાતની અંદર લુખ્ખા તત્વોને પોલીસના કાયદાનો ડર નથી. સમગ્ર ગુજરાતની અંદર પાણીની પરબો હોય તે રીતે દારૂનું વેચાણ થઇ રહ્યું છે. દારૂનું વેચાણ કરનારા બુટલેગરોને આ કાયદાનો ડર કેમ નથી? આજના ન્યૂસ પેપરમાં મેં વાંચ્યુ છે, પ્રેસ નોટ આવી છે કે *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. આવા આક્ષેપ ન થાય.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાનો ડર કેમ નથી?

શ્રી પંકજ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ જે ૬૦ નંબરની માગણી છે એ ફક્ત ન્યાયતંત્ર ઉપર છે અને સભ્યશ્રી કાયદાની વાતો કરે છે. આ તમામ બાબત રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : સાહેબ, આ ન્યાયતંત્રમાં કાયદો તો આવે ને?

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઉપાધ્યક્ષશ્રી : ન્યાયતંત્રની બાબત ઉપર આપ સ્કોપમાં બોલો.

શ્રી અમૃતજી મો. ઠાકોર : આરોગ્ય બાબતની વાત કરું તો આરોગ્ય ક્ષેત્રે મોટા મોટા બિલ્ડિંગો બની ગયા પણ ત્યાં સુવિધાના નામે આજે પણ ઝીરો છે. કોરોનામાં વેન્ટિલેટરમાં વેઇટિંગ ચાલતા હતા. પી.એચ.સી., સી.એચ.સી. કેન્દ્રોમાં સમયસર એમ.બી.બી.એસ. કે મેડિકલ ઓફિસરોની ભરતી ન થવાના હિસાબે ગરીબ- મધ્યમ વર્ગના હજારો માણસોને પ્રાઇવેટ હોસ્પિટલમાં દાખલ થવું પડે છે અને ક્યાંક તેમને બુટલેગરો કે વ્યાજખોરોના શિકાર બની તેમની પાસેથી ઉછીના પૈસા લઇને સુવિધાઓ લેવી પડે છે. એક દાખલો આપું કે ગઇ કાલે મારા મત વિસ્તાર શિહોરી-કાંકરેજ વિધાનસભાના તાલુકા મથક શિહોરીમાં એમ.બી.બી.એસ. ડોક્ટર ન હોવાથી નવજાત બાળકને હની હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવેલ, ત્યાં શોર્ટ સર્કિટથી કે ઓક્સિજન લિકેજ થવાથી આગ લાગી તેવાં કારણો દર્શાવાઇ રહ્યાં છે, ત્યારે સી.એચ.સી. અને પી.એચ.સી. કેન્દ્રોમાં સમયસર સ્ટાફની ભરતી કરવામાં આવે. જેથી નાના અને ગરીબ વર્ગના લોકો તેનો લાભ લઇ શકે. ઘણા પી.એચ.સી., સી.એચ.સી કેન્દ્રો અને આરોગ્ય હોસ્પિટલોમાં નર્સ અથવા આયા ડોક્ટરોની ગેરહાજરીમાં ડોક્ટરોની ભૂમિકા અદા કરતા હોય છે, ડોક્ટરોનું કામકાજ કરતા હોય છે. આ રીતે દવા આપવાથી ક્યાંક દર્દીને તેની આડઅસર થવાની પણ સંભાવના હોય છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. (અંતરાય) તમે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો એ બાબત રેકર્ડ ઉપરથી દૂર કરવા સૂચના આપી છે.

શ્રી પંકજ વિ. દેસાઇ : જે બોલ્યા છે એ બધું જ માગણીઓની બહાર છે.

ઉપાધ્યક્ષશ્રી : જે અસંસદીય હોય એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

ડો. હસમુખ પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ આ ગૃહ સમક્ષ આરોગ્ય વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને આરોગ્ય વિભાગની માગણી નં. ૩૯ અને ૪૦ પર મને જે બોલવાની તક મળી તે બદલ સન્માનનીય ગૃહનો અને આપ સૌનો વંદન સાથે આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના તમામ વિસ્તારો, ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં પણ આરોગ્યની સેવાઓ સારી રીતે મળી રહે તેના માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. શહેરી આરોગ્ય સેવાઓ અંતર્ગત એલોપથી વિભાગની અંદર એક સરસ આયોજન છે. કામદાર રાજ્ય વીમા યોજનાના દવાખાના અને હોસ્પિટલ જેના થ્રુ દરેક કામદારોને આરોગ્યની સુવિધાઓ મળે છે. તેની સાથે સાથે તબીબી સ્ટોર ડિપો છે તેમાંથી દવાઓનું વિતરણ દરેક દવાખાનામાં થાય છે. શહેરી હોસ્પિટલ અને દવાખાના છે અને અનેક આરોગ્ય યોજનાઓ છે. આ માટે ૩.૨૭૧૧.૫૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સાથે સાથે શહેરમાં આયુર્વેદિક, હોમિયોપેથિક, ડેન્ટલ, ફિઝિયોથેરાપી હોસ્પિટલ અને દવાખાના આવેલાં છે. અંતરિયાળ વિસ્તારો એટલે કે ગ્રામીણ વિસ્તારોમાં સારી રીતે સુવિધાઓ મળી શકે તેના માટે ૯૨૩૧ પેટાં આરોગ્ય કેન્દ્રો છે. ૧૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૬૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે. આ વિશાળ શ્રૃંખલામાં દેશમાં ગુજરાત રાજ્ય પ્રથમ છે. આના માટે રૂપિયા ૧૩૫૩.૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઘર આંગણે આદિજાતિ વિસ્તારમાં અને પરા વિસ્તારમાં સેવાઓ મળી રહે તેના માટે ૯૮ મોબાઇલ વાન છે. ૩૦ મોબાઇલ મેડિકલ યુનિટ છે. જે દૂરના એરિયામાં રહેતા હોય તેમને સુવિધાઓ પૂરી પાડે છે અને એ એલોપથીની સાથેસાથે આયુર્વેદિક અને હોમિયોપેથિક સેવાઓ પૂરી પાડે છે. આ બધી થઇ માળખાકીય સુવિધાઓ અને સાથેસાથે તબીબી શિક્ષણ, તાલીમ, સંશોધન એ પણ ખૂબ જરૂરી છે અને એની સાથેસાથે જુદાજુદા આરોગ્યલક્ષી પ્રોગ્રામો અને જે યોજનાઓ છે એ પણ એટલા જ મહત્ત્વના છે. તબીબી શિક્ષણ અને તાલીમ સંશોધન માટે વિવિધ હોસ્પિટલો, મેડિકલ કોલેજો, ફિજિયોથેરાપિસ્ટ, હોમિયોપેથિક, આયુર્વેદિક કોલેજો, હોસ્પિટલો એના દ્વારા શિક્ષણ તાલીમ મળે છે. આને અનુલક્ષીને એલોપથીની રાજયમાં ૩૬ મેડિકલ કોલેજો છે, જેને અંતર્ગત એમ.બી.બી.એસ., એમ.ડી., એમ.એસ., પોસ્ટ ગ્રેજયુએટસ્ અને સુપર સ્પેશિયાલિસ્ટ ડોકટરોની સીટ અવેલેબલ છે અને આ વર્ષે ગુજરાત રાજય નવી ૪ મેડિકલ કોલેજો અને એ પણ અંતરિયાળ એરીયામાં ચાલુ કરેલી છે જેથી દૂરદૂરના વિસ્તારોમાં પણ સારી સુવિધા મળી શકે. એની સાથેસાથે ૧૩ ડેન્ટલ કોલેજ છે, ૬૮ ફિઝિયોથેરાપીની કોલેજ છે અને ૮ નર્સિંગ કોલેજ છે. આની સાથેસાથે કામદાર રાજય વીમા યોજના અંતર્ગત હોસ્પિટલો અને દવાખાનાઓ છે. દરેક જિલ્લામાં સિવિલ હોસ્પિટલો છે. એની સાથેસાથે માનસિક રોગની હોસ્પીટલ છે, ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ સોસાયટી સારું કામ કરી રહી છે. નેત્ર રોગ માટે એમ.એન.જે. ઇન્સ્ટીટ્યૂટ છે, યુ.એન. મહેતા કાર્ડિયોલોજી છે, ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ છે, પેરાપ્લેજિયા અને આયુર્વેદિક હોસ્પિટલો છે. આ બધી હોસ્પિટલોથી દરેક વિસ્તારમાં સારી રીતે આરોગ્યલક્ષી સુખ સુવિધાઓ મળી શકે છે તો સાથી સભ્યની જે ચિંતા હતી કે સ્ટાફ કે ડોકટરો નથી મળતા તો હું માનું છું કે આટલી વાત સાંભળીને એમને ચોક્કસ રાહત થઇ હશે. આની સાથેસાથે રોગોના નિવારણ અને એના નિયંત્રણ માટે વિવિધ યોજનાઓ અને પ્રોગ્રામ પણ એટલા જ કારણભૂત છે. માની લો કે ટી.બી. કંટ્રોલ પ્રોગ્રામ છે એની અંદર એમ કહીએ તો ચાલે કે આરોગ્ય કર્મીઓ, પેરા મેડિકલ સ્ટાફ અને આંગણવાડીની બહેનો પણ જે ઘરે ઘરે જઇને સ્પુટમ અને લોહીની તપાસ કરી અને સળંગ છ કે નવ મહિના સુધી ઘરે જઇને દવા આપીને જે સુંદર કામ કર્યું છે એ બદલ આપણા ગુજરાત રાજયને એનો એવોર્ડ પણ મળેલો છે. આની સાથે સાથે બીજા ઘણા બધા પ્રોગ્રામ છે, હમણાં જ શ્રી કાનાણીસાહેબે બતાવ્યું એ પ્રમાણે પી.એમ.જે.વાય. યોજના છે, એકેડેમિક યોજના છે, મેલેરિયા કંટ્રોલ યોજના છે, નેશનલ મેલેરિયા ઇરિડિકેશન પ્રોગ્રામ છે, વોટર બોન્ડ ડિસીઝ જેની અંદર ટાઇફોઇડ , કમળો, ઝાડા ઉલટી એના માટે પણ છે, રકતપિત્ત, લેપ્રસી નિવારણ પ્રોગ્રામ

પણ છે. એક સૌથી સારો ઇમ્યુનાઇઝેશન પ્રોગ્રામ છે જેની અંદર ૦ થી ૧૪ વર્ષનાં બાળકને સંપૂર્ણ રસી આપવામાં આવે છે. ૨૦-૨૫ વર્ષ પહેલાં લોકો રસી આપવા માટે પ્રાઇવેટ હોસ્પિટલ પ્રિફર કરતા હતા, સરકારમાં કોઇ નહોતું જતું પણ છેલ્લે હવે તમે જોશો તો અત્યારે સરકારની એટલી સારી સુવિધા છે કે સંપૂર્ણ રસીકરણ કોઇપણ માણસ હોય મધ્યમવર્ગનો હોય કે શ્રમિક વર્ગનો હોય એ બધા જ સરકારમાં રસી મૂકાવે છે આ એક સારી ઉપલબ્ધી છે. આની સાથે આયોડીન ડેફિસિયન્સી પ્રોગ્રામ પણ છે. સિકલસેલ એનીમિયા પ્રોગ્રામ છે એ પણ સારો છે. આ જુદી જુદી યોજનાઓમાં ગુજરાત રાજયને ઘણા બધા એવોર્ડ પણ મળેલા છે. આની સાથેસાથે આ બધી જે વાત થઇ એની ઇફેકટ કોરોના વખતે થઇ. કોરોના વખતે આપણે સારી રીતે બહાર નીકળી શકયા. એવી જ ઇફેકટ હમણાં નોંધ કરી હોય તો મિસેલમાં હતો. એમાં બે વર્ષથી માંડીને સાત વર્ષના બાળકમાં મિસેલનો વાઇરસ હતો. આ જે ડેટા સાથે એનાલીસીસ સાથે આરોગ્યકર્મીઓએ જે કામ કર્યું એના હિસાબે આપણે એમાંથી સારી રીતના બહાર આવી શકયા છીએ. છેલ્લે કહું તો સાથી પક્ષોએ જે કાપ દરખાસ્ત મૂકેલી છે એમાં મારે એટલું કહેવાનું કે આ કોઇ શાસક પક્ષ કે વિપક્ષની લડાઇ નથી, આ કોઇ ગુજરાત રાજય કે વિપક્ષની લડાઇ નથી. આ કોઇ એકાદ-બે વિધાનસભાના વિસ્તારની લડાઇ નથી. આ છે વાઇરસ બેક્ટેરિયા સામે માનવજાતની લડાઇ છે. એનો વાઇરસ કે બેકટેરીયા હાવી જઇ જાય છે ત્યારે કેવી ઇફેકટ થાય છે એ આપણે કોરોના વખતે જોયું છે તો મારી નમ્ર વિનંતી છે કે કાપ દરખાસ્તોમાં ફેરવિચારણા કરી અને આ માગણીઓને સર્વાનુમતે મંજૂરી આપે.

માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલજી જ્યારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ બાબતની માગણી નં. ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે ત્યારે હું મારું સમર્થન આપીને મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ રાજ્યમાં કાર્યરત થઇ છે ત્યારથી આજ દિન સુધી આરોગ્ય ક્ષેત્રે અનેક ક્રાંતિ કરી છે. અનેકવિધ સિદ્ધિઓ પણ પ્રાપ્ત થયેલ છે. રાજ્યના તમામ વિસ્તારોમાં આરોગ્યલક્ષી સેવાઓનો વ્યાપ વધારી શકાય તે માટે આ વખતના બજેટમાં પણ રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે રૂપિયા ૧૫ હજાર ૧૮૨ કરોડની બજેટની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં આરોગ્ય સેવા અંતર્ગત રોગોની અટકાયત અને રોગોના નિયંત્રણ માટે નેશનલ હેલ્થ મિશન હેઠળ રૂપિયા ૧,૭૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે તેમજ સૌથી લોકપ્રિય બનેલ પી.એમ.જે.વાય. યોજના માટે રૂપિયા ૧,૬૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. એક સમય હતો જ્યારે આર્થિક રીતે નબળા પરિવારોમાં કોઇ બીમાર થાય કે અચાનક ગંભીર બીમારી આવી પડે ત્યારે એ પરિવાર એકાએક તકલીફમાં અને ચિંતામાં મૂકાઇ જતો. એ તકલીફમાંથી એ પરિવારને બહાર લાવવા માટે ભારતીય જનતા પાર્ટીની આ સંવેદનશીલ સરકાર મા બનીને સહારે આવી અને પી.એમ.જે.વાય. યોજના અંતર્ગત અનેક નાના પરિવારને ગંભીર બીમારીમાંથી મુક્ત કરવા માટે ફ્રીમાં તબીબી સારવાર આપવાની યોજના લાવી છે. આ યોજનાનો લાભ હજારો અને લાખો લોકોએ લીધો છે. પી.એમ.જે.વાય. યોજનામાં રાજ્યમાં ૨ હજારથી વધારે હોસ્પિટલો કાર્યરત છે. જેમાં ૧૯૬૬ સરકારી અને ૮૪ ખાનગી હોસ્પિટલો કાર્યરત છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં તા.૭-૧૨-૨૦૨૨ સુધીમાં કુલ રૂપિયા ૧,૬૬૮ કરોડના ખર્ચે ૫.૭૨ લાખ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે. આ યોજનાની વાર્ષિક મર્યાદા અત્યાર સુધી રૂપિયા ૫ લાખ હતી. પરંતુ આ સંવેદનશીલ સરકારે આ યોજનાનો વધુને વધુ લોકો લાભ લઇ શકે એના માટે રૂપિયા ૫ થી વધારી રૂપિયા ૧૦ લાખની મર્યાદા કરવાનું સંવેદનશીલ કાર્ય કર્યું છે. જેના માટે સમગ્ર રાજ્યની જનતા વતી હું માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું અને અભિનંદન પણ આપું છું. કિડનીની એક એવી બીમારી કે જ્યાં સુધી ટ્રાન્સપ્લાન્ટ ન થાય ત્યાં સુધી એ દર્દીને કેટલીય વખતે ડાયાલીસીસ કરાવવું પડે. અઠવાડિયામાં બેથી ત્રણ વખત ડાયાલીસીસ કરાવવું પડે. ડાયાલીસીસ માટે પહેલાં દૂર સુધી જવું પડતું અને દર્દી સાથે પરિવારના એક-બે વ્યક્તિએ સાથે જવું પડતું. આવો ગંભીર પ્રશ્ન નાના પરિવાર માટે ઉપસ્થિત થતો હતો ત્યારે ભારતીય જનતા પાર્ટીની આ સંવેદનશીલ સરકારે આવા પરિવારની મિત્ર બનીને કિડનીના ડાયાલીસીસ માટેનાં સેન્ટરો વર્ષ ૨૦૧૧થી અમલમાં લાવીને આ પ્રકારનો સહારો આપ્યો છે. આજે હજારો અને લાખો લોકો ફક્ત ૧૫-૨૦ કિલોમિટરના અંતરે આ યોજનાનો ખૂબ સુંદર લાભ લઇ રહ્યા છે. ૬ કેન્દ્રો સાથે શરૂ થયેલ આ યોજના આજે રાજ્યમાં ૨૮૦ કેન્દ્રો સાથે કાર્યરત છે અને એમાં પણ ૨૬ થી વધુ કેન્દ્રો આદિવાસી અને પછાત વિસ્તારોમાં કાર્યરત છે. જ્યારે ઘરના વડીલ માતા-પિતા હોય અને એમને ઘૂંટણનો દુઃખાવાનો રોગ લાગુ પડે ત્યારે પહેલા એવી માન્યતા હતી કે આ ઘૂંટણ ઉંમર જેમ વધે એમ આ દુઃખાવો વધી જાય. પરંતુ એનો ઇલાજ કરાવવાનું એ માતા-પિતા કદી વિચારતા ન હતા. જો રિપ્લેસમેન્ટ કરવામાં આવે તો એના ખર્ચનું ભારણ પુત્રો ઉપર આવે એવું માતા ક્યારેય ન વિચારતી. આવા સમયે ભારતીય જનતા પાર્ટીની આ સંવેદનશીલ સરકારે આ માતાઓના પુત્ર બનીને આ પરિવારોના સહારે આવી છે. આજે આપણે જોઇ શકીએ છીએ કે પી.એમ.જે.વાય. યોજના અંતર્ગત અનેક માતાઓ અને વૃદ્ધો આ યોજના અંતર્ગત ઓપરેશન કરાવીને એ પરિવારને સુખ-સંપન્ન દિશામાં આગળ ધપાવી રહી છે. જ્યારે આરોગ્યના ક્ષેત્રે અનેકવિધ યોજનાઓ રાજ્ય સરકાર દ્વારા અનેક વિસ્તારોમાં ખૂબ સુંદર રીતે કાર્યરત છે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે મારા વિસ્તારની કેટલીક માગણીઓ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર ધાનેરા તેમજ કચ્છ જિલ્લો ભૌગોલિક દૃષ્ટિએ એટલો મોટો વિસ્તાર છે અને એમાં પણ મારું ગાંધીધામ એ સમગ્ર કચ્છમાં આર્થિક ક્ષેત્રે આગળ ધપતું છે જ્યાં દીન દયાળ પોર્ટ, સોલ્ટનું હબ, સ્ટીમરનું હબ અને અનેક

ઉદ્યોગો આવેલા છે ત્યારે કામદારોની સંખ્યા પણ લાખોમાં છે. મારા વિસ્તાર ગાંધીધામ અને આદીપુર જોડિયા શહેર છે. આદીપુર મધ્યે આવેલ રામબાગ હોસ્પિટલ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ તરીકે કાર્યરત છે જો એને ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ તરીકેનો દરજ્જો મળે તો વધુ ને વધુ લાભ મળી શકે તેમ છે, એની સાથે મારા મત વિસ્તાર ભચાઉમાં આવેલું કચ્છનું એક માત્ર ટ્રોમા સેન્ટર રાજ્ય સરકારની સહાયથી ખૂબ સુંદર રીતે નિર્માણ પામેલ છે. પરંતુ એમાં મહેકમની ભરતી કરવામાં આવેલ ન હોવાથી શરૂ કરી શકાયેલ નથી ત્યારે હું આપશ્રીના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરવા માંગું છું કે, તાત્કાલિક ધોરણે મહેકમ મળે અને કચ્છના તમામ લાખો લોકોને ટ્રોમા સેન્ટરનો લાભ મળે એ વિનંતી સાથે આપનો ખૂબ ખૂબ આભાર માનું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપનું પ્રવચન પૂરું થાય છે.

ડો. મહેન્દ્રભાઈ પાડલિયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા મંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ માગણી નંબર ૬૦ ને સમર્થન આપું છું. વર્ષો સુધી કાયદાના અધ્યાપક તરીકે કાર્ય કર્યું છે એટલા માટે આજે કાયદાના વિષય ઉપર માગણીના સમર્થનમાં બોલવાની તક મળી એના માટે માનનીય અધ્યક્ષશ્રી આપનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય બંધારણના સંદર્ભમાં હું એક બહુ મહત્ત્વની વાત કરવા માગું છું. ભારતીય બંધારણના સંદર્ભમાં કમનસીબે આપણા દેશમાં કેટલાંય વર્ષોથી લગભગ કહુ તો વર્ષ ૧૯૬૯-૧૯૭૦ પછીથી આ દેશમાં કહેવાતા એક ગોબલ્સ પ્રકારનું નકારાત્મક રાજકારણ ચાલી રહ્યુ હતું. આ દેશમાં ગોબલ્સ કહી શકાય એવી એક ટોળકી ભારતીય બંધારણના સંદર્ભમાં એક વાત ફેલાવી રહી હતી. હવે તો આજની તકે એ ટોળકીની બોલતી બંધ થઇ ગઇ છે. સતત એક વાત આ દેશમાં ચલાવવામાં આવી કે, જો ભારતીય જનતા પાર્ટીની સરકાર કેન્દ્રમાં બનશે તો આ બંધારણને બદલી નાખવામાં આવશે. જો રાષ્ટ્રીય સ્વંસેવક સંઘ સમર્પિત સરકાર આ દેશમાં બનશે તો ભારતીય બંધારણની મૂળ વિભાવનાને બદલાવી નાખવામાં આવશે એવો એક ગોબલ્સ પ્રચાર આ દેશમાં વર્ષો સુધી કર્યો અને પ્રજા માનસ ઉપર ભ્રમ ફેલાવવાની કોશિશ કરી. આ વાત હું એટલા માટે કરવા માગું છું કે, વર્ષ ૨૦૧૪માં આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબના નેતૃત્વમાં કેન્દ્રમાં સરકાર બની ત્યાર પછી આ દેશનું બંધારણ અમલમાં આવ્યાના ૬૫ વર્ષ પછી ૨૬મી નવેમ્બર ૧૯૪૯ના દિવસને બંધારણ દિન તરીકે ઊજવવાનું જાહેર કર્યું. આ ગૌરવશાળી તારીખ આપણા દેશ માટે, આપણા બંધારણ માટે આ તારીખનું ઘણું બધું મહત્ત્વ છે. ૨૬મી જાન્યુઆરીને આપણે પ્રજાસત્તાક દિન તરીકે ઊજવીએ છીએ પણ બરાબર આજ બંધારણ સભાની અંદર શોષિતો, પીડિતોના મસિહા ડો. બાબા સાહેબ આંબેડકરજીએ જ્યારે બંધારણ સભાને ૨૬મી નવેમ્બર ૧૯૪૯માં રજૂ કર્યું. આ તારીખનું આપણા ભારતના ઇતિહાસમાં અને લોકતંત્રના ઇતિહાસમાં ઘણું બધું મહત્ત્વ છે. આ કોંગ્રેસને કયારેય ન સૂઝ્યું. ૬૫ વર્ષ શાસનમાં રહ્યા પછી પણ ન સૂઝ્યું કે આ દિવસની એક સન્માનનીય દિવસ તરીકે, ગૌરવવંતા દિવસ તરીકે ઉજવણી થવી જોઇએ. સન ૨૦૧૫માં મોદીસાહેબે આની ઉજવણી કરી. આજે આ તકે આ વિધાનસભામાં ચર્ચા નીકળી છે ત્યારે મને બરાબર યાદ છે. અહીંના કેટલાક સન્માનનીય સભ્યશ્રીઓ પણ એ કાર્યક્રમમાં ઉપસ્થિત હશે કે જે સન ૨૦૧૦માં આપણા લોકપ્રિય વડાપ્રધાન તત્કાલિન મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ જયારે અહીંયા મુખ્યમંત્રીશ્રી તરીકે જવાબદારી સંભાળતા હતા ત્યારે ૨૬મી નવેમ્બર, ૨૦૧૦ના દિવસે સુરેન્દ્રનગર ખાતે એક ભવ્ય ઉજવણી થઇ. સન ૨૦૧૦માં ૨૬ નવેમ્બરે અહીંયા ઘણા બધા સાક્ષી હશે. હું પણ સાક્ષી હતો કે સુરેન્દ્રનગર ખાતે હાથીની અંબાડી ઉપર બંધારણની પ્રતિકૃતિ, વિરાટ પ્રતિકૃતિને મૂકીને એની ભવ્ય શોભાયાત્રા સુરેન્દ્રનગરમાં નીકળી અને લગભગ ૧૦,૦૦૦ કરતા વધારે સંખ્યામાં અધિકારીઓ, વકીલો એ શોભાયાત્રામાં જોડાયેલા. આ વાત હું ગૃહ સમક્ષ એટલા માટે કહેવા માગું છું કે આ એક ટોળકીએ વર્ષો સુધી બદનામ કરવાની કોશિશ કરી. ભારતીય જનતા પાર્ટીને બદનામ કરવાની કોશિશ કરી, રાષ્ટ્રીય જનસંઘ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને બદનામ કરવાની કોશિશ કરી કે આ લોકો સત્તામાં આવશે તો બંધારણ બદલાવી નાખશે. આપણા શ્રદ્ધેય અટલબિહારી બાજપાઇજી જયારે સત્તામાં આવ્યા, દેશનું સુકાન સંભાળ્યું ત્યારે આવું કશું ન બન્યું. થોડો સમય આ ટોળકી ચૂપ રહી પણ ફરી પાછી આ જ વાત એમણે ચલાવી કે શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ સત્તામાં આવશે તો બંધારણ બદલાવી નાખશે પણ આવું કશું જ ન થયું. ઉલટું સાહેબ, જયારે આ દેશનું સુકાન સંભાળ્યું ત્યારે સન ૨૦૧૫થી આપણે સમગ્ર દેશની અંદર ૨૬મી નવેમ્બરને બંધારણીય દિન તરીકે ઉજવીએ છીએ અને સમગ્ર દેશની અંદર આની જોરદાર ઉજવણી થાય છે. ઘણા લોકોએ એવો પ્રયાસ કર્યો કે ડો. બાબાસાહેબ આંબેડકરજીની જે કંઇ કલ્પના હતી એ કલ્પના મુજબનું કશું આ દેશમાં થશે નહીં, પણ એવું બધું સાચું પડ્યું નહીં. ઉલટું એક ઐતિહાસિક તારીખનો પણ હું અહીંયા ઉલ્લેખ કરવા માગું છું કે ૧૭ ડિસેમ્બર, ૧૯૪૬ આ દિવસે બંધારણસભામાં ડો. બાબાસાહેબ આંબેડકરજીએ એમનું પ્રવચન કર્યું હતું. ડો. બાબાસાહેબ આંબેડકરજીએ પોતાની ઓજસ્વી વાણીમાં જણાવ્યું હતું કે આ દેશનો સામાજિક, રાજકીય અને આર્થિક વિકાસ આજે નહીં તો કાલે ચોકકસ થશે જ. સમય અને પરિસ્થિતિ આવતા આ એક વિશાળ દેશ એક થયા વગર રહેશે નહીં. દુનિયાની કોઇપણ તાકાત એની એકતા અને અખંડિતતા આડે આવી શકશે નહીં. આ દેશમાં આટલા પંથો અને વિવિધ જાતિઓ હોવા છતાં કોઇને કોઇ રીતે આપણે એક થઇશું જ અને આજે આપણે અનુભવીએ છીએ. આજે સમગ્ર દેશની અંદર એકતા અને અખંડિતતાનું વાતાવરણ છે. કાશ્મિરનો જે પ્રશ્ન હતો આર્ટિકલ - ૩૭૦ની જોગવાઇ રદ થયા પછી પણ આપણે જોઇ રહ્યા છીએ કે કાશ્મીરથી કન્યાકુમારી સુધી આ દેશ આજે એક થયો છે. કાશ્મીરના ૯૦ ટકા લોકો આ બાબતનું એટલું સ્વાગત કરે છે અને ખુશ છે કે ત્યાં આજીવિકા, રોજીરોટીનું વાતાવરણ

સરસ થઈ ગયું છે ત્યારે આ ડો.બાબાસાહેબ આંબેડકરજીની જે વાણી છે એ સાચી પડી છે. બીજી ગૃહમાં હું એક બહુ મહત્ત્વની વાત કહેવા માગું છું કે ૬૫, ૬૫ વર્ષ સુધી...

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. ગૃહ ૩-૦૦ કલાકે ફરીથી મળશે.

(વિરામ બપોરના ૨-૩૦થી ૩-૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર, સભ્યશ્રી ડૉ.દર્શનાબેન દેશમુખ.

ડો. દર્શના ચં. દેશમુખ**(**નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહમાં હું આપના માધ્યમ થકી ગુજરાતના ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલજી અને માનનીય મંત્રીશ્રી કુંવરજી બાવળીયાને તેમના જન્મદિવસ નિમિત્તે ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલજી માગણી ક્રમાંક-૩૯ અને ૪૦ લઈને આવ્યા છે તે માગણીઓને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં RMNCH+A એટલે કે રિપ્રોડક્ટિવ મેટરનલ ચાઈલ્ડ હેલ્થ અને એડોલેસન્ટ ન્યુટ્રિશનના કાર્યક્રમનો અભિગમ અપનાવીને નીતિ આયોગ દ્વારા વર્ષ ૨૦૨૦માં કંપોઝીટ હેલ્થ ઇન્ડેક્ષમાં ગુજરાત રાજ્યને આરોગ્યમાં પ્રથમ ક્રમ આપવામાં આવેલ છે. જન્મભૂમિ અને જનની તે સ્વર્ગથી પણ ચઢિયાતી છે. આ રાજ્યમાં માતાનો મૃત્યુ પ્રમાણદર એક લાખ જીવિત જન્મે ઘટીને વર્ષ ૨૦૧૧થી ૨૦૧૩માં ૧૧૨ હતો જે વર્ષ ૨૦૧૮ અને ૨૦૨૦માં ૫૭ થયો છે. માતા મરણ ઘટાડવાનું લક્ષ્ય વર્ષ ૨૦૩૦નું હતું. પરંતુ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ૩.૧ અંતર્ગત વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ માં આ ગોલ આપણે હાંસલ કર્યો છે અને રાજ્યમાં સંસ્થાકીય પ્રસૂતિનો દર ૯૯.૦૭ ટકા છે. પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન હેઠળ જૂન-૨૦૧૬માં આ કાર્યક્રમ માટે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા એક જાહેર મંચ પરથી આ રાજ્યના અને આ દેશના તમામ ગાયનેકોલોજિસ્ટ ડૉકટરોને એક આહવાન કરવામાં આવ્યું કે આપ સૌ દર મહિનાની નવમી તારીખે સગર્ભા બહેનો માટે એક દિવસ ફાળવીને આપની સેવાકીય પ્રવૃત્તિનો લાભ આપો. મને કહેતાં આનંદ થાય છે કે, આજે ગુજરાતમાં ૪૨૨ જેટલા પ્રાઇવેટ પ્રેક્ટિસ કરતા ડૉકટરો આ સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયેલા છે. જેમાં હું પણ મારો સહયોગ આપી રહી છું. ૨૧ લાખ જેટલી સગર્ભા બહેનોને આ માધ્યમ દ્વારા તપાસ કરવામાં આવી છે અને ઘણીવખતે એવું બને કે સગર્ભા બહેનોમાં જે જોખમી પરિબળો હોય એટલે કે, અર્લી ડિટેક્શન અને અર્લી ડાયાગ્નોસ્ટિક જેટલું ઝડપી થાય તો આપણે સગર્ભા બહેનોને જોખમી પરિબળોથી બચાવી શકીએ છીએ. આના દ્વારા આજે રાજ્યમાં જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં ૧.૮૫ લાખ જેટલી સગર્ભા બહેનોને લાભાન્વિત કરવામાં આવી છે. જનની સુરક્ષા યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન બી.પી.એલ. કુટુંબની બે લાખ સગર્ભા બહેનોને લાભાન્વિત કરવામાં આવી છે અને જેમાં ચાલુ વર્ષે જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં ૧.૪ લાખ જેટલી સગર્ભા બહેનોને લાભાન્વિત કરવામાં આવી છે. સંસ્થાકીય પ્રસૂતિના આ માધ્યમ થકી આપણે માતા મરણદર અને નવજાત શિશુ મરણદર ઘટાડી શકીએ છીએ. વર્ષો પહેલાં એવું હતું કે જયારે પ્રસૂતિ કરાવવાની હોય ત્યારે ગામડા ગામમાં કોઇ સેવાઓ શક્ય ન હોય તે વખતે આ બધી ઘટનાઓ ખૂબ જોખમી પુરવાર થતી હતી. ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે, ભારતીય જનતા પાર્ટીની આ સરકાર દ્વારા અતિ સંવેદનશીલ સરકાર દ્વારા આજે ૧૦૮ એમ્બ્યુલન્સના માધ્યમ થકી સમયસર દવાખાને પહોંચી જઇને આ સગર્ભા બહેનોને સારવાર ખૂબ સારી રીતે ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને જેના થકી આતે માતા મરણ અને બાળ મરણનો આંક ઘટયો છે. જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ જાહેર આરોગ્યની જે સંસ્થાઓ છે તેમાં સગર્ભા બહેનો અને એક વર્ષની અંદરના બાળકોને નિદાન અને સારવાર તથા બ્લડ ટ્રાન્સમિશન હોય કે રેફરલ સેવાઓ હોય તે સેવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. જેમાં ૧૯ લાખ કરતાં વધારે લાભાર્થીઓ લાભાન્વિત બન્યા છે. રાજ્ય સરકાર દ્વારા માતા અને બાળકને પ્રસૂતિ સમય બાદ પોતાના ઘરે સલામત રીતે પહોંચાડવા માટે ખિલખિલાટ જેવી સેવાઓનું આયોજન કર્યું છે. આ આયોજન વર્ષ ૨૦૧૨થી શરૂ કરવામાં આવ્યું છે. જેના થકી આજે માતા અને બાળકને ખિલખિલાટ ગાડીમાં સલામત રીતે પહોંચાડવામાં આવે છે. રાજ્યમાં આવી ખિલખિલાટ યોજના માટે ૪૬૮ જેટલાં વાહનો કાર્યરત છે. આ વાહનમાં માતાઓને બાળકના રસીકરણના કાર્યક્રમ અને બાળકનો કેવી રીતે ઉછેર કરવામાં આવે તે અંગેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સગર્ભા માતાઓને પૂર્વપ્રસૂતિની સેવાઓ સુનિશ્ચિત કરવા માટે ઇ.એમ.આર.આઇ. અને ૧૦૮ સલગ્ન એકસ્ટેન્ડેડ જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ ૧૯ લાખ કરતા પણ વધારે સગર્ભા બહેનોને પૂર્વપ્રસૂતિની સેવાઓ માટેના લાભ અપાયેલા છે. જાહેર આરોગ્યની સંસ્થાઓ સાથે ૧૫૦ જેટલા બ્લડ સ્ટોરેજ પણ આપવામાં આવ્યા છે અને મારા નર્મદા જિલ્લાની વાત કરું તો આ બ્લડ સ્ટોરેજની સાથે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા પણ વિનામૂલ્યે સગર્ભા માતાઓને સિકલસેલ એનીમિયા હોય, થેલેસેમિયા હોય એવા દર્દીઓને પણ વિનામૂલ્યે બ્લડ અમે પૂરું પાડીએ છીએ. ૧૩૦ જેટલી આરોગ્ય સંસ્થાઓમાં ફર્સ્ટ રેફરલ યુનિટ આપવામાં આવ્યા છે કે જેના થકી સગર્ભા માતાઓ અને બાળકોને તાત્કાલીક ધોરણે સેવાઓ મળી રહે અને એમની આરોગ્ય સુખાકારી જળવાઇ રહે.

માનનીય અધ્યક્ષશ્રી, તંદુરસ્ત રાષ્ટ્રની સ્થાપના કરવા માટે દરેક વ્યક્તિએ તંદુરસ્ત હોવું ખૂબ જ જરૂરી છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ૩.૨ અંતર્ગત ૫ વર્ષથી નીચેનાં અને નવાં જન્મેલાં બાળકોમાં મૃત્યુ દર ઘટાડવા માટે વર્ષ ૨૦૧૧ થી ૨૦૨૦

સુધીમાં અનુક્રમે ૧૨ ટકા અને ૫ ટકા જેટલો ઘટાડો નોંધાયેલો છે. આજે જ્યારે નેશનલ વેક્સિનેશન ડે છે ત્યારે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ અંતર્ગત સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ હેઠળ નિર્ધારીત સમયે ઝેરી કમળો હોય, રુબેલા હોય, ઓરી હોય, અછબડા હોય, ક્ષય હોય, લકવો હોય, ડિપ્થેરિયા હોય, હીબ હોય કે પછી રોટા વાઇરસની રસી હોય તો આવી રસીઓ મૂકીને બાળકોને ૧૧ જેટલા ઘાતક રોગો સામે આપણે રક્ષણ પૂરું પાડી શકીએ છીએ. ઘનિષ્ટ નવજાત શિશુ સારવાર કેન્દ્ર એટલે કે સ્પેશિયલ ન્યુ બોર્ન કેર યુનિટ. ગુજરાતમાં આશરે ૫૪ જેટલા SNCU આજે કાર્યરત છે. ગુજરાતમાં જ્યારે વાર્ષિક ૧૩ લાખ જેટલાં બાળકો જન્મે છે, ત્યારે તેમાંથી ૧૦ ટકા એટલે કે ૧.૩૦ લાખ જેટલાં બાળકોને SNCU જરૂર પડે છે.

ડો. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ - પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ આદરણીય શ્રી સી.આર.પાટીલ સાહેબ અને કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા સાહેબના જન્મ દિવસે એમને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આરોગ્ય વિભાગની માગણી નં.૩૯ અને ૪૦ અર્થે હું ગૃહ સમક્ષ મારી વાત મૂકું છું અને સન્માનનીય ગૃહ એ માગણીઓને મંજૂર કરે એ માટે હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે, આજનો મારો જે વિષય છે અંગદાન અને પ્રત્યારોપણ એક મહાઅભિયાન, એક મહાયજ્ઞ અને એક જનજાગૃતિ જે અભિયાન છે એ બાબતે હું મારી વાત રજૂ કરું છું અને મને કહેતા ખૂબ ગૌરવ અને આનંદ થાય છે કે, આ અંગદાનનો મેં પણ સંકલ્પ લીધેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, **वक्रतुण्ड महाकाय सूर्यकोटि समप्रभ। निर्विघ्नं कुरु मे देव सर्वकार्येषु सर्वदा॥** અર્થાત દેવાધિદેવ ગણપતિને વંદન સાથે હું કહેવા માગું છું કે, આ દુનિયામાં સૌથી પહેલા ટ્રાન્સપ્લાન્ટ સર્જન જો કોઇ હોય તો એ દેવાધિદેવ મહાદેવ છે કે જેમણે ભગવાન ગણપતિના મસ્તિસ્કમાં પ્રત્યારોપણ કર્યું હતું. એ જ રીતે આપણી ભારતીય સંસ્કૃતિ પ્રમાણે મહર્ષિ દધિચિએ પણ પોતાના હાડકાનું અંગદાન કરીને ઇન્દ્રને પ્રજદાન બનાવવા માટે આપેલું હતું અને એના માધ્યમથી ઇન્દ્રલોક બનાવવામાં આવેલ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આવા હજારો દધીચિઓની અત્યારે જરૂર છે. હું કહેવા માગું છું કે, કોઇ પણ મનુષ્ય ચાર પુરુષાર્થ માટે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એના માટે થઇને પોતાના શરીરનો ઉપયોગ કરે છે પરંતુ જ્યારે આ શરીરનું કોઇ પણ એક અંગ નકામું થઇ જાય છે, ત્યારે એ વ્યક્તિ ઉપર વજ્રઘાત થાય છે, પરિવારના મોભીને ખૂબ દુઃખની લાગણી અનુભવાય છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સન્માનનીય ગૃહને એક સત્ય હકીકત જણાવવા માગીશ કે જામનગરના એક ભાઇ છે એમનું નામ છે અરજણભાઇ આંબલિયા એમને બે હાર્ટ એટેક આવેલા હતા ત્રીજો હાર્ટ એટેક આવતા એમને અમદાવાદ દાખલ થયા ત્યારે એમને ખ્યાલ આવ્યો કે એમની બધી જ નળી બ્લોક હતી એમને કોઇ પણ રીતે બચાવી શકાય એમ ન હતા કેમ કે એમનું બ્લડ પ્રેસર ઘટતું જતું હતું, એટલે એમને વેન્ટિલેટર ઉપર રાખવામાં આવ્યા હતા ત્યારે ડોકટરો અને પરિવારજનોને ખૂબ તકલીફ હતી કે હવે કેવી રીતે અરજણભાઇને બચાવવા,જયારે એ જ સમયે ગુજરાતમાં એક એક્સિડંટ થયો અને જેમાં એ ભાઇનું બ્રેઇન ડેડના લીધે તે પણ ત્યાં દાખલ થયા ત્યારે આ બન્ને પરિવારની સંમતિથી અરજણભાઇમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરાવવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ રીતે સન્માનનીય ગૃહને બીજો કોઇ દાખલો જણાવું તો આઇફોનના founder Steve Jobs જેને બધા લોકો જાણે છે તેમને પણ લિવર કેન્સર હતું અને તેમનું પણ લિવર પ્રત્યારોપણ આ જ રીતે કરવામાં આવ્યું એટલે અંગદાન છે તે ખૂબ જરૂરી છે. અત્યારે દરરોજ ૩૦ જેટલા લોકો અંગદાન માટે થઇને રાહ જુએ છે. સમગ્ર વિશ્વમાં ૨ લાખથી પણ વધારે લોકોને કિડનીની જરૂર છે, ૫૦ હજારથી વધારે લોકોને હૃદયની જરૂર છે અને ૩૦ હજારથી પણ વધારે લોકોને લિવરની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું આ સન્માનનીય ગૃહને જણાવવા માગું છું કે, જો એક વ્યકિત અંગદાનનો સંકલ્પ કરે તો એ ૮થી પણ વધારે વ્યકિતની જિંદગી બચાવી શકે છે. એટલા માટે થઇને જ આપણા લોકલાડીલા વડાપ્રધાન આદરણીયશ્રી વડાપ્રધાન મોદી સાહેબ દ્વારા અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ દ્વારા આ અંગદાનની જનજાગૃતિ માટે વધુને વધુ પ્રચાર પ્રસાર થાય તે માટે અથાગ પ્રયત્નો કરવામાં આવ્યા છે. કેન્દ્ર લેવલે નોટો, રોટો અને ગુજરાત લેવલે વર્ષ-૨૦૧૯થી સોટો એટલે કે State Organ and Tissue Transplantation Organizationની નિમણૂક કરવામાં આવી કે જેથી કરીને અંગદાનની પ્રક્રિયા વધુ સરળ બને, વધુને વધુ લોકોમાં જનજાગૃતિ આવે અને વધુને વધુ લોકો તેના માટે પ્રેરિત થાય.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં સોટોના માધ્યમથી ૫૫૪૭ લોકોમાં live અને ૧૬૮૧ લોકોમાં cadaver પ્રત્યારોપણ કરવા માટે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે છે. સોટોના માધ્યમથી અત્યાર સુધીમાં ૩૪૨ દાતાઓએ ૧૩૯૨ દર્દીઓમાં પોતાના અંગનું પ્રત્યારોપણ કર્યું છે. જેમાં કિડની, લીવર, હૃદય, ફેફસાં, હાથ, સ્વાદુપીંડ અને નાના આંતરડા જેવા અવયવોનો સમાવેશ થાય છે. ગઇકાલે જ દિલ્હીમાં આપણાં રાજ્યસભાના આરોગ્યના સાંસદે આ જ વાત મૂકી હતી કે, વર્ષ-૨૦૨૦માં ૪૪૮ જેટલા અંગદાન થયા હતા જ્યારે અત્યારે જનજાગૃતિના પ્રયત્નોથી અને આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબના પ્રયત્નોથી વર્ષ-૨૦૨૨માં ૮૧૭ જેટલા અંગદાનના પ્રત્યારોપણ કરવામાં આવ્યા છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, અંગદાનની પ્રક્રિયા અને તેના ઓપરેશનનો ખર્ચ, વહીવટ ખૂબ વધારે હોવાથી આપણી સરકારે સંવેદનશીલતા દેખાડીને પી.એમ.જે.વાય.મા કાર્ડ અંતર્ગત પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી રાહત ફંડ અંતર્ગત અને શાળા આરોગ્યના માધ્યમથી પણ રાહતભાવે અને નિઃશુલ્ક પણ અંગદાન પ્રત્યારોપણ કરવામાં આવે છે. હું આપના માધ્યમથી અંતમાં મારી વાત ટૂંકસારમાં એટલું કહેવા માગીશ કે,

નસોમાં વહેતાં લોહીસંગ સંસ્કાર,અંગદાન જાગૃતિ લાવી સરકાર,
અંગદાનથી પામ્યું વ્યકિતએ જીવનદાન, ગુજરાતની છે આ જય જય કોશિશ,
પામે હૈયાના જન જન આશિષ, આ છે સરકારની પરોપકાર ભાવનાનો લલકાર,
ભાજપના મક્કમ મનોબળનો છે આ આધાર, આ છે ગુજરાતની પરોપકારની જય જય કોશિશ.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ માધ્યમથી પી.એમ.જે.વાય. અંતર્ગત ૨૩૦૦થી વધારે યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ ખાતે ૫ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ, કિડની હોસ્પિટલ ગુજરાત ખાતે અત્યાર સુધીમાં ૫૭૦થી પણ વધારે કિડની ટ્રાનસ્પ્લાન્ટ, રાષ્ટ્રીય શાળા આરોગ્ય ખાતે ૩૦૦થી પણ વધારે બાળકોના અંગદાન કરવામાં આવ્યાં છે, ત્યારે આપના માધ્યમથી સર્વ સન્માનનીય ગૃહને અંગદાનના માધ્યમથી વધુને વધુ લોકોને જીવનદાન આપી શકાય એવા સંકલ્પ માટે, એવા જનજાગૃતિ અભિયાન માટે હું વિનંતી કરું છું, સૌનો ખૂબ ખૂબ આભાર.

શ્રી હેમંતભાઇ હ. આહિર**(**જામજોધપુર**)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે માનનીય આરોગ્યમંત્રીશ્રી માગણી ક્રમાંકઃ ૩૯ અને ૪૦ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં દેશનાં બીજાં રાજ્યો આરોગ્ય પાછળ બજેટની જે ફાળવણી કરે છે તેનો નેશનલ એવરેજનો રેશિયો જોવામાં આવે તો કુલ બજેટના લગભગ ૩.૬ ટકા બજેટ બધાં રાજ્યો આરોગ્યમાં ફાળવતા હોય છે, ત્યારે ગુજરાત રાજ્યમાં આ વખતે કુલ બજેટના ૫ ટકા બજેટ આરોગ્ય પાછળ ફાળવવામાં આવ્યું છે. ગયા વર્ષે પણ બજેટના ખર્ચ કરતાં ઘણો ખર્ચ પાછળથી કરવામાં આવ્યો હતો. આંકડાકીય માહિતી પ્રમાણે આ વખતે આરોગ્ય માટે રૂ.૩,૧૦૦ કરોડ જેટલું બજેટ નેશનલ એવરેજ કરતાં ઓછું ફાળવવામાં આવ્યું છે. દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકાર કુલ બજેટના લગભગ ૧૪.૮ ટકા બજેટ આરોગ્ય પાછળ ખર્ચે છે. ગુજરાતમાં માત્ર પાંચ ટકા બજેટ આરોગ્ય પાછળ ફાળવવામાં આવે છે. આટલી બધી ફાળવણી અને આટલા બધા આંકડાઓ ફાળવ્યા પછી પણ ગ્રાઉન્ડ લેવલે આરોગ્ય ક્ષેત્રની વાત કરવામાં આવે તો આઝાદીનાં ૭૫ વર્ષ પછી પણ જામનગર જિલ્લાનો સૌથી છેવાડાનો તાલુકો એટલે કે મારા મતવિસ્તાર જામજોધપુરમાં આજે પણ એક સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ બનાવી શક્યા નથી. જામજોધપુરમાં હાલમાં જે સી.એચ.સી. દવાખાનું આવેલું છે તેનું બિલ્ડિંગ પણ જામજોધપુરના એક દાતા પરિવાર દ્વારા બનાવી આપવામાં આવેલ છે. એ બિલ્ડિંગ એટલું વિશાળ છે કે તે બિલ્ડિંગમાં જ સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ ચાલુ કરવી હોય તો સી.એચ.સી.માંથી સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ ફાળવી શકીએ તેમ છીએ. આઝાદીનાં ૭૫ વર્ષનો અમૃતકાળ ઊજવી રહ્યા હોય ત્યારે જામજોધપુર તાલુકાના છેવાડાના તરસાઇ ગામનો ખેડૂત વાડીએ પાણી વળતો હોય ત્યારે જો તેને સર્પદંશ થાય તો સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ પહોંચતા પહોંચતા બે કલાક જેટલો સમય વીતી જાય અને સમયસર સારવાર ન મળવાના કારણે જ્યારે મૃત્યુ થાય ત્યારે ખરેખર દુઃખ થાય છે.

શ્રી જનકભાઇ તળાવિયા**(**લાઠી**)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી ગુજરાતના લોકપ્રિય અને ભારતીય જનતા પાર્ટીના યશસ્વી પ્રમુખ માનનીય સી. આર. પાટીલ સાહેબ તેમજ આપણા માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના જન્મદિવસે તેમને ખૂબ ખૂબ શુભકામના પાઠવું છું. માનનીય આરોગ્યમંત્રીશ્રી આરોગ્ય વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરીને મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં કહેવત છે કે ''પહેલું સુખ તે જાતે નર્યા.'' જેમનું શરીર અને આરોગ્ય સારું તેમનું સઘળુ સારું. આ ન્યાયે દરેક વ્યકતિએ સ્વાસ્થ્ય ઉપર ધ્યાન આપવું ખૂબ જરૂરી છે. સ્વસ્થ શરીરની અંદર જ સ્વસ્થ મન રહેતું હોય છે ત્યારે ભારત દેશના અને ભવિષ્યના નાગરિક એવા બાળકોનું આરોગ્ય સારી રીતે સચવાય તે માટે પગલાં ભરવાં ખૂબ જરૂરી છે. ગુજરાત સરકારશ્રી દ્વારા તેવાં બાળકો માટે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ખૂબ જ સફળતાપૂર્વક ચલાવવામાં આવી રહ્યો છે. શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત રાજ્યના ડિલિવરી પોઈન્ટ ખાતે નવજાત શિશુનું બર્થ ડિફેક્ટ સ્કેનિંગ કરવામાં આવે છે તથા નવજાત શિશુથી છ વર્ષનાં આંગણવાડીનાં બાળકો, ધો.૧ થી ૧૨માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ, ૧૮ વર્ષ સુધીના શાળાએ જતાં કે ન જતાં તમામ બાળકોનું આર.બી.એસ. કે મોબાઈલ હેલ્થ સ્કીન દ્વારા નિયમિત રીતે આરોગ્ય ચેક-અપ કરવામાં આવે છે. આ ચકાસણી કાર્યક્રમમાં આયુષના તબીબો, ફાર્માસિસ્ટ અને આરોગ્ય કાર્યકરો જોડાયેલા હોય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના વડપણ હેઠળ ભારતીય જનતા પાર્ટીની આ રાજ્ય સરકારમાં દર વર્ષે અંદાજિત કુલ ૧ કરોડ ૫૧ લાખ જેટલાં બાળકોની સ્થળ ઉપર જ ચકાસણી કરવામાં આવે છે. ચકાસણીના અંતે જ્યાં જરૂર જણાય ત્યાં આરોગ્ય સંસ્થાઓ, પી.એચ.સી., સી.એચ.સી., જિલ્લા હૉસ્પિટલો, મેડિકલ કૉલેજ, સંલગ્ન હૉસ્પિટલો અને સુપર સ્પેશ્યાલિસ્ટ હૉસ્પિટલો ખાતે રિફર કરીને તદ્દન મફત સારવાર કરવામાં આવે છે. આ રીતે રાજ્યમાં કુલ ૯૯૨ મોબાઇલ આર.બી.એસ.કે. મોબાઇલ હેલ્થ ટીમો કાર્યરત છે. શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત જિલ્લાકક્ષાએ ૦થી ૬ વર્ષનાં બાળકોના નિદાન, રિફર અને સારવાર માટે કુલ ૨૬ ''ડિસ્ટ્રિક્ટ અરલી ઇન્ટરવેન્શન સેન્ટર'' કાર્યરત કરવામાં આવેલ છે. ભારત સરકારના આર.બી.એસ.કે. પ્રોગ્રામ માટે તૈયાર કરેલા સોફ્ટવેરનું ગુજરાત રાજ્યમાં

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

તા.૦૧/૧૦/૨૦૨૧થી અમલીકરણ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા એકાદ વર્ષથી શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત જુવેનાઇલ ડાયાબિટીસ ધરાવતાં બાળકોને સારવાર આપવા માટેની રજૂઆતો વિવિધ કક્ષાએથી કરવામાં આવતા રાજ્ય સરકારે એની ચિંતા કરી આવા પ્રકારના રોગ ધરાવતાં બાળકો, તરુણ-તરુણીઓને જુવેનાઇલ ડાયાબિટીસની સારવારમાં તબીબી સલાહ મુજબ ઇન્સ્યુલિન ઇન્જેક્શનો લેવા પડે છે. જુવેનાઇલ ડાયાબિટીસ એ એક સાયલન્ટ કિલર ગણાતો રોગ છે. જે બાળકોના વિવિધ અંગો, અવયવો અને તંત્રો ઉપર ગંભીર અસર કરે છે. જેનાથી આંધળાપણું, કિડની ફેલ્યોર જેવા કોમ્પ્લિકેશનો પણ થાય છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત સદર રોગની સારવાર માટે નિમ્નલિખિત ટેબલ મુજબ દવાઓ અને ગ્લુકોમીટર સપ્લાય કરવામાં આવે તો આર.બી.એસ.કે. ટીમ દ્વારા શોધી કાઢેલ જુવેનાઇલ ડાયાબિટીસનાં બાળકોને ગુણવત્તાસભર સારવાર વિનામૂલ્યે મળી રહે અને આ માટે રાજ્યસરકાર કટિબદ્ધ છે. તેના માટે બાળકદીઠ વાર્ષિક અંદાજિત ખર્ચ રૂ. ૩૪,૭૦૦ જેટલો થતો હોય છે. આથી, શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત સદર હેતુસર રૂ. ૯ કરોડ ૩૬ લાખ ૯૦ હજારનો ખર્ચ થતો હોય છે. આ માટે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં જોગવાઇ કરી તે બદલ હું માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. વર્ષ ૨૦૧૩થી સમગ્ર રાજ્યમાં કાનમાં પ્રોફાઉન્ડ હિયરિંગ લોસ ધરાવતાં છ વર્ષ સુધીનાં બાળકોને અદ્યતન સારવારની સેવાનો લાભ મળી રહે તે માટે તેમજ સ્પીચ થેરાપી વિનામૂલ્યે પૂરી પાડી બાળકોના સામાજિક, ભાવાત્મક પરિવર્તન, વાણી વિકાસ થકી સર્વાંગી વિકાસ માટે રાજ્યસરકાર પ્રતિ બાળકદીઠ અંદાજિત રૂ.૮ લાખ જેટલા ખર્ચની સારવાર વિનામુલ્યે કરે છે. ૨૨૬ કિડની ટ્રાન્સપ્લાન્ટ, ૨૮ લીવર ટ્રાન્સપ્લાન્ટ, ૨૭૭૬ કોક્લિયર ઇમ્પ્લાન્ટ, ૧૯૮ બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, ૧,૧૪,૩૧૮ હૃદયરોગની સારવાર , ૨૪,૨૮૩ કિડની રોગની સારવાર, ૧૬,૬૨૪ કેન્સર રોગની સારવાર વિનામૂલ્યે કરવામાં આવી રહી છે. ગુજરાતના પ્રજાજનોની સુખાકારી અને તેના સ્વાસ્થ્ય માટે સતત ચિંતિત રહેતી રાજ્ય સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવી મારી વાતને વિરામ આપું છું. જય હિંદ, વંદે માતરમ્, જય જય ગરવી ગુજરાત.

શ્રી અભેસિંહ મો. તડવી**(**સંખેડા**)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય વિભાગની માગણી નંબર ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે અમારા ૧૫૬ લોકો અહીંયા બેઠા છે એમના માટે ખૂબ મહેનત કરી છે એવા અમારા શ્રી પાટીલ સાહેબ અને અમારા પાણીદાર મંત્રીશ્રી માનનીય કુંવરજીભાઇ બાવળીયાનો આજે જન્મદિવસ છે તો આ તબક્કે હું એમને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવું છું. આ વખતે મારા વિસ્તારમાં ચાલુ બજેટમાં જોગવાઇ કરીને અમારા નાણામંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીએ છોટા ઉદેપુર, અરવલ્લી, મહીસાગર અને ડાંગ જિલ્લો જે પછાત વિસ્તાર કહેવાય તેવા આદિવાસી વિસ્તારમાં આરોગ્યની સુવિધા આપવા માટે આદિવાસીનો દીકરો ડૉકટર બને, આવું ભૂતકાળમાં કોઇ કૉંગ્રેસની સરકારે જોયું નથી ત્યારે હું સાચું એટલા માટે બોલું છું કે, આ વખતે અમારા આદિવાસીના દીકરાઓ ડૉકટર બને એના માટે જે મેડિકલ કૉલેજો કરી છે એના લીધે અમારા દીકરાઓ ડૉકટર બનશે. એના માટે હું સરકારશ્રી, આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબને અભિનંદન આપું છું કે તેઓશ્રીએ અમારા વિસ્તારની ચિંતા કરી છે. ૩૫ વર્ષ પહેલા આવી ચિંતા કરવાવાળી સરકાર ન હતી. પહેલા કૉંગ્રેસના વખતમાં તો ઝાંઝવાના જળ જુદા જ હતા. કૉંગ્રેસની સરકારે કર્યું હોત તો આપણા જેવા ઘણા બધા ડૉકટરો બનતા પણ, આપણે બધા અહીંયા આવ્યા અને બીજા બહાર છે. શ્રી અનંતભાઇ, આ લોકો ૨૭માંથી ૨૩ થઇ ગયા. એટલે હવે ૪ જ બાકી છે એની પણ તમે ચિંતા કરજો.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી કાંતિભાઇ, શ્રી અનંતભાઇ, આપ આ બાજુ જુઓ. પાછળ જોવાની જરૂર નથી.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે કે માનનીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબની કોવિડના સમયે આખા વિશ્વના લોકોએ સરાહના કરી, એમને અભિનંદન આપ્યા. ભારત દેશના લોકોનો જીવ ગભરાતો હતો, ઘરવાળી પાણી આપે તો દૂરથી આપે, ખાવાનું જુદુ આપે, આવી પરિસ્થિતિ હતી. ત્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની આખા દેશ ઉપર નજર હતી. એમને દેશની ચિંતા થઇ. એમને કોવિડ વેક્સિન તૈયાર કરાવી આખા દેશમાં જે ગભરાટનું વાતાવરણ હતું એ દૂર કર્યું. એટલે આજે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આખો દેશ સલામ કરે છે અને વંદન કરે છે. કપરા સમયમાં લોકોને અનાજ આપ્યું છે. સૌરાષ્ટ્રમાં, મહારાષ્ટ્રમાં, રાજસ્થાનમાં કે દિલ્હીમાં લોકોને માઇગ્રેટ થવું પડતું હતું એવી પરિસ્થિતિ હતી. ધારાસભ્યશ્રીઓની પણ પરિસ્થિતિ સારી ન હતી. ૧૭ જેટલા માજી ધારાસભ્યશ્રીઓ અને મને પણ કોરોના થઇ ગયો હતો. ૨૨ દિવસે આ સરકારશ્રીના પ્રયત્નોથી અમે સાજા થઇને વિસ્તારમાં આવ્યા. એટલે આ સરકારશ્રીને અમે અભિનંદન આપીએ છીએ. આ જેવી-તેવી વાત નથી. પૈસાની વાત આવે ત્યારે દીકરો હોય, મોટો શેઠીયો હોય એના ત્યાં કામ કરતો હોય તો પણ ન આપે પણ આ સરકાર ગરીબોના વારે ગઇ છે. એટલે આ સરકારને અભિનંદન આપવા જોઇએ. જેમને ન ગમતું હોય એમને ગમવાનું તો છે જ નહીં. સોનાની થાળી બનાવીએ તો પણ એમને સીસું જ દેખાય. એટલે આ લોકોને ત્રાંસુ દેખાય છે. એમને દેખાતું નથી. એમને આંખો નથી. આ વખતમાં સરકારશ્રી દ્વારા ખૂબ સારી સેવા કરવામાં આવી છે. આ વખતે માનનીય આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે રૂપિયા ૯૨૩૩ કરોડની યોજના કરી છે. આરોગ્ય માટે રૂપિયા ૧૭૪૫ કરોડની ફાળવણી કરી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય માટે યોજના કરી છે. ૧૫માં નાણાપંચ અંતર્ગત માળખાકીય સગવડો માટે રૂપિયા ૬૪૩ કરોડની જોગવાઇ કરી છે. આરોગ્ય સેવાઓ માટે રૂપિયા ૪૨૦૦ કરોડની જોગવાઇ કરી છે. કસ્તુરબા પોષણ સહાય યોજના જે બહુ સારી યોજના છે એના માટે રૂપિયા ૩૨૪ કરોડની જોગવાઇ કરી છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નિભાવ ખર્ચ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે પણ ખૂબ સારી યોજનાઓ સરકારે કરી છે. મારા વિસ્તારની એક વાત કરું તો, મારા જિલ્લામાં લાગણી અને માગણી છે કે, ૫૦ પી.એચ.સી. કેન્દ્રો છે. ૧૨ સામૂહિક કેન્દ્રો છે અને ૨૫૦૦થી ૩૦૦૦ લોકો આરોગ્યની સારવાર લે છે. બીજું, મારા વિસ્તારના ઘડભડિયાળ ગામમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે. છેલ્લા એક વર્ષથી બાંધકામ માટે એનો પી.આઇ.યુ.માં કેસ પડેલો છે. ટેન્ડર પણ થઇ ગયું છે. તો મારા વિસ્તારના ૬૦ ગામોને આની યોજનાથી લાભ થાય તેમ છે. તો માનનીય આરોગ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું કે આનું કામ જલદી ચાલુ થાય અને ખાતમુહૂર્ત કરવા આ સાડાત્રણ કરોડની યોજના છે, તો આપ પધારો એવી મારી વિનંતી છે.

બીજું કે નસવાડી ખાતે ૨૦૦ ગામના લોકો સારવાર માટે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આવે છે. જૂના રજવાડા વખતનું દવાખાનું છે. જગ્યા પણ છે. બીજા પાંચ રૂમો ઓપરેશનના, ઓક્સિજનના અને એના માટે ચારેક રૂમોની જરૂર છે, તો મંત્રીશ્રીને મારી રજૂઆત છે કે આ ૨૦૦ ગામોને લાભ મળે. તાલુકા સેન્ટર છે. એટલે એ થાય એવી મારી લાગણી છે.

બીજું સ્વર્ગીય જોષીયારા સાહેબ આજે આપણી વચ્ચે નથી. પણ જયારે સરકારે બહાર એમને આરોગ્ય સારવાર હૈદરાબાદમાં કરાવી.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મેઘજીભાઇ ચાવડા.

શ્રી અભેસિંહ મો. તડવી: એટલે આ સરકાર લોકોની છે. માગણીઓને હું મારું સમર્થન આપું છું.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી તેમના વિભાગની માગણી નંબર ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારી વાત કરવા માટે ઊભો થયો છું.

હમણાં જ જામનગરના આદરણીય ધારાસભ્યશ્રી વિરોધમાં વાત કરીને ગયા. જયારે આપણું લક્ષ્ય જ બહુ મોટું છે.

ભારતીય જનતા પાર્ટીની સરકારનું લક્ષ્ય બહુ મોટું છે, ત્યારે વિરોધ કરનારા પણ હોય.

જયારે લક્ષ્ય મોટું હોય ત્યારે અપશબ્દો બોલનારા પણ હોય.

જયારે લક્ષ્ય મોટું હોય ત્યારે ગેરસમજ ઊભી કરનારા પણ હોય.

જયારે લક્ષ્ય મોટું હોય ત્યારે ટીકા કરનારા પણ હોય.

જયારે લક્ષ્ય મોટું હોય ને ત્યારે મજાક કરનારા પણ હોય.

જયારે લક્ષ્ય મોટું છે. જો લક્ષ્ય નાનું હોય તો કોઇ કાંઇ કહેતું નથી. ભારતીય જનતા પાર્ટીનું લક્ષ્ય મોટું છે, ત્યારે છેલ્લાં ૩ વર્ષમાં કોરોનાકાળ હતો. એ કોરોનાકાળમાં આપણા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને વૈશ્વિક નેતાએ જે પ્રકારે કામ કર્યું અને જે પ્રકારે વિશ્વને પણ જે શીખ આપી છે અને આપણા દેશને પણ તાર્યો છે, એ એક સરાહનીય કામગીરી કરી છે.

''ना कोइ दर्द, न कोइ आराम, बस जिंदगी देश के नाम''

આ પ્રકારનું કામ આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે.

મારે પી.એમ.જે.વાય.ની યોજના વિશે કહેવું છે. જયારે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી આપણા રાજયના મુખ્યમંત્રી તરીકે સન ૨૦૧૨માં હતા ત્યારે તેમણે 'મા અમૃતમ્' યોજના સાકાર કરી હતી. તા.૪-૯-૨૦૧૨ના રોજ આ યોજના સાકાર કરી હતી. એમાં ૫ લાખ રૂપિયાની નિ:શુલ્ક સારવાર આપવામાં આવતી હતી. ત્યારપછી આનંદીબેન પટેલે તા.૧૫-૮-૧૪ના રોજ 'મા વાત્સલ્ય કાર્ડ' ની યોજના સાકાર કરી. અત્યારે આપણા જે પ્રજાવત્સલ મુખ્યમત્રીશ્રી છે. એમણે એ રૂપિયા ૫ લાખની જે મર્યાદા હતી એમાં રૂપિયા ૫ લાખનો વધારો કરીને રૂપિયા ૧૦ લાખની સહાય કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા જામનગરની વાત કરવી છે અને આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપવા છે. જામનગરમાં ૧૦ કરોડની માતબર રકમના ખર્ચે એમ.આર.આઇ. મશીન આવ્યું છે. એક અઠવાડિયાથી તજજ્ઞો એની તાલીમ લઇ રહ્યા છે. ટૂંક સમયમાં આ મશીન ચાલવાનું છે અને લોકોને એનો ખૂબ મોટો લાભ મળવાનો છે. આ મશીન શરીરમાં રહેલી ઉણપો દેખાઇ શકે એ રીતનું મશીન છે. માનનીય અધ્યક્ષશ્રી, આયુષ્યમાન કાર્ડમાં ૧.૭૨ કરોડ લાભાર્થીઓ જોડાયેલા છે અને તેમાં કુલ ૩૯ લાખ લાભાર્થીઓને રૂપિયા ૮૯૬૭ કરોડના દાવાઓ સરકારે મંજૂર કર્યા છે અને કુલ ૨૭૨૯ જેવું વિશાળ નેટવર્ક ધરાવતી હોસ્પિટલો છે. એની અંદર એમને સુચારું સારવાર મળે છે. આ યોજનામાં ટોલ ફ્રી નંબર પણ આવ્યા છે અને ઓન લાઇનના માધ્યમથી પણ આપણે જઇ શકીએ છીએ. આપણા વેદને ચરિતાર્થ કરવા માટેનો એક મંત્ર જયારે આપણે આદર્યો છે ત્યારે **ॐ सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः। सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग्भवेत्।** એ પ્રકારનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. આજે વિશ્વ ટીકાકરણનો દિવસ છે. આપણે વિશ્વની અંદર રસીકરણની અંદર સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ કર્યો છે. બાળકોના જીવનનું રક્ષણ કરવા માટે આ ચાવીરૂપ કાર્યક્રમ છે. આ કાર્યક્રમ મારફત બાળકને નિર્ધારિત રસી મૂકી ઝેરી કમળો, બાળ લકવો, ઓરી, રૂબેલા, રોટા વાયરસ, ઝાડા, ધનૂર જેવા અગિયાર પ્રકારના ગંભીર રોગો સામે આપણે આ રસી થકી એમને રક્ષણ આપી રહ્યા છીએ. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ ૧૦.૩૧ લાખ બાળકોને સંપૂર્ણ રસીકરણ કરવામાં આવ્યું છે. મારા જામનગરની વાત આવે છે ત્યારે ગુજરાત અને ભારતના પરંપરાગત દવા માટે હું વૈશ્વિક કેન્દ્રનું ઓનલાઇન લોંચિંગ સન ૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી ઓન લાઇન હતા, તેઓ જામનગરમાં આવ્યા હતા ત્યારે એમનું જે નામ છે એમાં તેને તુલસીભાઇ

કહીને સંબોધન કર્યું હતું. ત્યારે વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન સાથે ભારતમાં હું ગ્લોબલ સેન્ટર ટ્રેડીશનલ મેડિસીન સ્થાપવા માટે કરાર હસ્તગત કર્યા હતા. મોસાળે જમણવાર અને માં પીરસનાર, એવી પરિસ્થિતિ અત્યારે આપણી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપણને અસંખ્ય પ્રકારની સેવાઓનો લાભ આપ્યો છે અને આવનારા સમયમાં પણ આપવાના છે. માનનીય મંત્રીશ્રી બેઠા છે ત્યારે મારા જામનગર જિલ્લાની અંદર જી.જી. હોસ્પિટલની વાત કરું તો ૯૩ વર્ષ જૂની એ હોસ્પિટલ છે. એ હોસ્પિટલને પાડીને નવી હોસ્પિટલ બનાવવાનું આદરણીય મંત્રીશ્રીએ મને વચન આપ્યું છે ત્યારે આ તબક્કે હું આદરણીય મંત્રીશ્રીનો આભાર માનું છું. જામનગરમાં કોરોના કાળની અંદર આ જી.જી. હોસ્પિટલમાં ડોકટરોએ જે સેવાઓ આપી છે એ જોઈએ તો લગભગ ૪૦૦ ડોકટરો અને નર્સો મળીને અસંખ્ય લોકોને સેવા આપી છે. પોરબંદર, દેવભૂમિ દ્વારકા, મોરબી અને રાજકોટથી લોકોએ આ હોસ્પિટલમાં આવીને સારવાર લીધી હતી અને અમારા ડોકટરોએ રાત દિવસ એક કરીને કોરોના કાળમાં આ સેવાઓ આપી હતી.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી ગોવિંદભાઇ પરમાર.

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર(ઉમરેઠ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતના પ્રદેશ પ્રમુખ પાટીલ સાહેબ અને માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા સાહેબનો જન્મ દિવસ છે એમને હું શુભેચ્છા પાઠવું છું. રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર વિકાસને વરેલી સરકાર છે. તેઓશ્રીએ આ બજેટમાં રાજયના ગરીબો, વંચિતો અને છેવાડાના માનવીઓની ચિંતા કરી છે. ગરીબોના જીવન ધોરણ ઊંચા આવે અને તેમને રોજગારી મળે, તેમને આરોગ્યની સુખાકારીની સેવાઓ માટે સરકારની કલ્યાણકારી યોજનાઓ લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવે છે અને તે માટે સરકાર કટીબદ્ધ છે. માનનીય મંત્રીશ્રી સન્માનનીય ગૃહ સમક્ષ તબીબી અને જાહેર આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ વિભાગની માગણીઓ લઇને ઉપસ્થિત થયા છે એમાં હું મારા સમર્થન સાથે વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના તમામ વિસ્તારો ખાસકરીને અંતરિયાળ વિસ્તારોના લોકોને ગુણવત્તાસભર આરોગ્યની સેવાઓ પૂરી પાડવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે. પ્રાથમિક આરોગ્ય સેવાઓની સાથો સાથ રેફરલ અને સુપર સ્પેશિયાલીટી સુધીની આરોગ્યલક્ષી સેવાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. ગરીબોને દવાઓ સુલભ રીતે ઉપલબ્ધ થાય તેમજ જરૂરી નિદાન સેવાઓનો વ્યાપ ગ્રામ્ય સ્તર સુધી વધે તે માટે સરકારે સઘન આયોજન કર્યું છે. માતૃકલ્યાણ અને બાળ કલ્યાણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને આ સેવાઓ વધુ સઘન અને સુલભ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરી આરોગ્ય સિદ્ધ કરવા માળખાકીય સેવાઓનું સુનિયોજિત રીતે વિસ્તરણ કરવામાં આવશે. કેન્સર, ડાયાબિટીસ અને હાઇપરટેન્શન જેવા બિનચેપી રોગોના નિદાન અને સારવાર માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની સેવાઓ માટે ૩.૯,૨૬૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તેને હું આવકારું છું. જન આરોગ્ય યોજના, મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત મફત તબીબી સારવાર આપવા ૩.૧૬૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. આરોગ્ય કેન્દ્રોની માળખાકીય સગવડો અને નિદાન સુવિધા વધારવા માટે ૩.૬૪૩ કરોડની જોગવાઇ કરેલ છે. કસ્તુરબા પોષણ સહાય યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના વગેરે મહિલાલક્ષી યોજનાઓ માટે ૩.૩૨૪ કરોડની જોગવાઇ કરેલ છે. શહેરી આરોગ્ય સેવાઓ વધારે સુવિધાયુક્ત બને તે માટે ૩.૨૫૦ કરોડની જોગવાઇ કરેલ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા સબ સેન્ટરના નવીન મકાન બાંધકામ માટે ૩.૭૧ કરોડની જોગવાઇ કરેલ છે. જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં બાંધકામ તથા હયાત હોસ્પિટલોના બાંધકામના નવીનીકરણ માટે ૩.૫૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. એમ્બ્યુલન્સ સેવાઓની ક્ષમતામાં વધારો કરવા રાજ્યમાં ૧૯૮ નવી એમ્બ્યુલન્સ વસાવવા ૩. ૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે જે આવકારદાયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં તબીબી શિક્ષણ અને સંશોધન માટે પણ માનનીય મંત્રીશ્રીએ બજેટમાં ખૂબ સુંદર આયોજન કર્યું છે. મેડિકલ કોલેજો, શિક્ષણ અને આરોગ્ય સગવડો માટે ૩.૩૯૯૭ કરોડની જોગવાઇ કરેલ છે. રાજ્યમાં પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ, નવી મેડિકલ કોલેજો સ્થાપવા તેમજ સાધન સહાય માટે ૩.૧૩૦ કરોડની જોગવાઇ કરેલ છે. ગુજરાતમાં નવી મેડિકલ કોલેજો અરવલ્લી, છોટા ઉદેપુર અને ડાંગ ખાતે સ્થાપના કરવાની જોગવાઇ કરેલ છે જે આવકારદાયક છે. ગુજરાતમાં પાંચ નવી કોલેજોની સ્થાપના કરવાનું પણ આયોજન કરવામાં આવેલ છે તે પણ આવકારદાયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લાની વાત કરું તો ઘણાં સમયથી જિલ્લા સિવિલ હોસ્પિટલ આણંદનો જમીન ફાળવણી બાબતનો વિવાદ હતો. માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માનનીય મંત્રીશ્રીએ આ વિવાદ ઉકેલી અને સિવિલ હોસ્પિટલ ઝડપથી બને તે માટે તાત્કાલિક કાર્યવાહી કરી છે તે માટે હું ગૃહના આણંદ જિલ્લાના ધારાસભ્યો તરફથી આભાર માનું છું. માનનીય મંત્રીશ્રીને મારે એક સૂચન કરવાનું કે ઉમરેઠમાં ઘણા સમયથી સિવિલ હોસ્પિટલ બનાવવા માટેનું કામ અગાઉથી મંજૂર થયેલ હ, પણ કામ શરૂ થતું ન હતું. માનનીય મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીને લેખિતમાં જાણ કરી હતી. આજે મને ફોન આવ્યો કે આજે તેના પાયા ખોદવાના શરૂ થઇ ગયા છે એટલે મંત્રીશ્રીનો પણ હું આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં આણંદ તાલુકાનું ચિહોરા ગામ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જર્જરિત હાલતમાં છે. મેં અનેક પત્રો દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને નવીન મકાન માટે માગણી કરેલ છે. આ નવા મકાનની જગ્યા પણ મહી સિંચાઇ વિભાગ દ્વારા ફાળવેલ છે પણ તેની મંજૂરી આજ દિન સુધી મળેલ નથી, તો આ ચિહોરા પ્રાથમિક

આરોગ્ય કેન્દ્રના નવીન મકાન માટેની મંજૂરી મળે તેવી અપેક્ષા રાખું છું. બીજું, કજરપરા ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થઇ ગયેલું છે, ટેન્ડર થઇ ગયેલું છે. તેનું ખાતમુહૂર્ત કર્યે પણ દોઢ વર્ષ થઇ ગયું. કોન્ટ્રાક્ટર ક્યાં જતો રહ્યો ખબર જ પડતી નથી. તો એ કામ શરૂ કરવા માટે હું આપશ્રીને ભલામણ કરું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રીનો આભાર માની, મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહમાં માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ દ્વારા જે માગણી રજૂ કરવામાં આવી છે તેના પર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીનો અમૃતકાળ ચાલી રહ્યો છે ત્યારે નર્મદા જિલ્લાની ગણના એક પછાત જિલ્લા તરીકે થાય છે ત્યારે અહીંના લોકો માટે આરોગ્યની સમસ્યા અને એના નિવારણ માટે આરોગ્ય વિભાગે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. નર્મદા જિલ્લામાં હાલના તબક્કે સૌથી વધારે પડકારરૂપ બીમારીની વાત કરીએ તો સિકલસેલ, એનીમિયા એ સૌથી મોટો પડકાર છે. સાથે સાથે ૯૮૨૬ જેટલા બાળકો કુપોષણથી પીડાય છે. ૨૫૧૦ જેટલા બાળકો અતિકુપોષણથી પીડાય છે. ત્યારે ૧૦૦માંથી ૩૨ બાળકો કુપોષણથી પીડાઇ રહ્યા છે ત્યારે આરોગ્ય વિભાગ એક મહત્ત્વની ભૂમિકા ભજવી શકે એમ છે. નર્મદા જિલ્લામાં આવેલ સિવિલ હોસ્પિટલ હોય, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ હોય, સામૂહિક આરોગ્ય કેન્દ્ર હોય, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોય એમાં દરેક મહેકમ સંવર્ગની વાત કરીએ વર્ગ-૧ હોય, વર્ગ-૨ અને વર્ગ-૩ એમાં આજની સ્થિતિએ માત્ર ૮૦ ટકા જગ્યા ઉપરજ ભરતી થયેલ છે અને એના સિવાયની બીજી જગ્યાઓ ખાલી છે. આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે નર્મદા જિલ્લાની આ તમામ જગ્યાઓ ઉપર સત્વરે સરકારશ્રી મહેકમ પ્રમાણેની જગ્યાઓ ભરે એવી આપના માધ્યમથી હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, સરકારને અભિનંદન આપીએ છીએ કે પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડમાં આ વર્ષે એમાં પાંચ લાખથી વધારીને દસ લાખ કરવામાં આવ્યા છે, પરંતુ દુઃખની વાત એ છે કે નર્મદા જિલ્લામાં છ લાખથી વધુ વસ્તી છે અને ત્રણ લાખથી વધુ આયુષ્યમાન કાર્ડધારકો છે, પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે નર્મદા જિલ્લામાં એક પણ ખાનગી હોસ્પિટલને આ કાર્ડ માટે એમ્પેનલ કરવામાં આવેલ નથી એટલે જે પણ સારવાર કરવાની હોય કે નાના મોટા ઓપરેશન કરવાના હોય છે ત્યારે નર્મદા જિલ્લાના લોકોને વડોદરા, ભરૂચ અથવા સુરત જવું પડે છે અને ત્યાં ઘણી હાલાકીનો સામનો કરવો પડે છે. હું માનનીય આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે નર્મદા જિલ્લામાં પણ આ યોજના અંતર્ગત હોસ્પિટલને એમ્પેનલ કરવામાં આવે જેથી લોકોને આરોગ્યનો ત્યાં લાભ મળી શકે છે. થોડા દિવસ પહેલાં દેડીયાપાડાના સબ ડિસ્ટ્રિક્ટ હેલ્થ સેન્ટર જેનું બે વર્ષથી બિલ્ડિંગ તૈયાર છે એના ઉદ્ઘાટન માટે મેં માનનીય મંત્રીશ્રીને પત્ર લખ્યો હતો અને માનનીય મંત્રીશ્રીએ એ પત્રના અનુસંધાને હોસ્પિટલ તો ચાલુ કરાવી દીધી છે એ બદલ એમને અભિનંદન આપું છું પણ ત્યાં પૂરતા સાધનો અને મહેકમ મળે તેવું કરવા વિનંતી.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ માનનીય શ્રી સી.આર. પાટીલસાહેબ અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી આદરણીયશ્રી કુંવરજીભાઇ બાવળીયાસાહેબને એમના જન્મદિવસ નિમિત્તે ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવું છું. માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ આરોગ્ય અને તબીબી સેવા ઉપરની માગણી નં. ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એ અન્વયે સન્માનનીય સદન સામે મારી વાત મૂકવા ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ઉજ્જવળ અને સશકત રાષ્ટ્રના નિર્માણ માટે પાયાની જો કોઇ બાબત હોય તો એ રાષ્ટ્રનાં બાળકો, સ્ત્રીઓ, પુરૂષો અને પ્રત્યેક નાગરિકનું આરોગ્ય તંદુરસ્ત હોવું જોઇએ. ગુજરાત સરકાર અને ભારત સરકારે આરોગ્ય માટેનું સુદઢ માળખું રચી અને સૌ કોઇ નિરોગી રહે અને સૌ કોઇની સારવાર સમયસર થાય, ચોક્કસ થાય અને વિનામૂલ્યે થાય એ માટેની વ્યવસ્થા પણ ગોઠવી છે. આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આરોગ્ય વિષયક સેવાઓ ઉપર ભાર મૂકીને પ્રત્યેક માનવીને સમયસર સુલભ સારવાર પ્રાપ્ત થાય એના માટે છેલ્લાં નવ વર્ષમાં જે પરિશ્રમ કર્યો છે, જેના પ્રતાપે આજે આયુષ્યમાન ભારત હેઠળ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને પૂર્ણ સુવિધાયુકત બનાવવામાં આવ્યા છે. રાજય સરકાર દ્વારા પણ બહું મોટું બજેટ ફાળવી આરોગ્ય વિષયક સેવાનો લાભ છેવાડાના વિસ્તાર સુધી સુદઢ રીતે મળી રહે એવ પ્રયત્નો કર્યા છે. જે માટે હું માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર તેમજ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. હાલની તારીખે રાજ્યમાં ૯,૨૭૧ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧,૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૬૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો હયાત છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં જન્મ લેનાર પ્રત્યેક બાળક તંદુરસ્ત જન્મે એની પણ ચિંતા કરે છે. આપણે એ નથી જાણતા કે આગામી છ મહિનામાં કેટલાં બાળકો ગુજરાતમાં જન્મ લેનાર છે. પણ આની જાણ અમારી સરકાર રાખે છે અને આના પાકા આંકડા પણ સરકાર પાસે છે. એટલા માટે આ રાખવામાં આવે છે કે ગુજરાતમાં જન્મ લેનાર બાળક તંદુરસ્ત અને નિરોગી જન્મે એની કાળજી અમારી સરકાર લઇ રહી છે અને આરોગ્ય વિભાગ લઇ રહ્યો છે. આશા વર્કર બહેનો ગામડામાં શેરીએ શેરીએ જઇને ગર્ભવતી બહેનોની નોંધણી કરે છે અને માતૃવંદના યોજનાના માધ્યમથી આવી ગર્ભવતી બહેનોની નોંધણી થયા બાદ એક હજાર રૂપિયાનો હપ્તો આપવામાં આવે છે. એ બાળકને જન્મ આપે

ત્યારે બે હજારનો હપ્તો સહાયરૂપે આપવામાં આવે છે અને બાળક ૯ માસનું થાય અને તમામ રસીકરણ પૂર્ણ થાય પછી આ યોજનાના માધ્યમથી રૂપિયા બે હજાર આપવામાં આવે છે. આમ, કુલ ૫ હજાર રૂપિયાની સહાય આ યોજનાના માધ્યમથી આપવામાં આવે છે. આ રીતે આવનારા ભવિષ્યની ચિંતા અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. આ રીતે કસ્તુરબા પોષણ સહાય યોજના હોય, જનની સુરક્ષા યોજના હોય એવી અનેક યોજનાઓના માધ્યમથી ગર્ભવતી માતા અને બાળક બન્ને તંદુરસ્ત રહે એની ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. એટલું જ નહીં પરંતુ બાળકનો હોસ્પિટલમાં જન્મ થયા પછી માતા અને બાળક ઘેર જવા માટે ખિલખિલાટ નામની એમ્બ્યુલન્સ એમને ઘેર મૂકવા જાય છે અને ખરેખર ખિલખિલાટ એ શબ્દ સાર્થક થતો હોય એવું ક્યારે લાગે કે જ્યારે એનો હોર્ન વાગે અને બાળક ખિલખિલાટ હસતું હોય એ અવાજથી આખી શેરી ગૂંજી ઉઠે છે, ત્યારે આપણને એમ થાય કે ખરેખર આ સરકાર આરોગ્ય બાબતમાં અવ્વલ નંબરે છે. આયુષ્યમાન ભારત યોજનાના માધ્યમથી ગુજરાતના કેટલાય દાદા-દાદીઓના ઘૂંટણના ઓપરેશનો કરીને એમને ચાલતા કર્યા છે. એ દાદા-દાદીના આશીર્વાદ આજે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારને મળી રહ્યા છે. હું એક બીજી સર્વવ્યાપી વાત કરવા માગું છું. જે આપણે બધા જાણીએ છીએ. ૧૦૮ની યોજના સર્વવ્યાપી છે. કોઇ પ્રાન્ત નહીં, કોઇ ક્ષેત્ર નહીં, કોઇ કેટેગરી નહીં, બધાને લાગુ પડે એવી યોજના અને એનો લાભ લાખો લોકો લઇ રહ્યા છે. ૧૦૮ના માધ્યમથી આપણે સૌ જાણીએ છીએ તેમ લાખો લોકોના જીવ બચાવી શકાયા છે. ૧૦૮ સમયસર પહોંચે છે અને સમયસર દર્દીને હોસ્પિટલ પહોંચાડવામાં આવે છે એટલે એનો જીવ બચી જાય છે. એટલે ૧૦૮ની સેવા ગુજરાતની જનતા માટે આશીર્વાદરૂપ સાબિત થઇ છે ત્યારે ગુજરાત સરકારની અમી દૃષ્ટિમાં વાત્સલ્ય રૂપી અમૃત વહેતું હોય તેવું વાતાવરણ ગુજરાતમાં સર્જાયું છે. ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

ડો. પાયલ મ. કુકરાની(નરોડા) : માननीय अध्यक्ष श्री, 15वीं विधानसभा, लोकशाही के इस मंदिर में आपने मुझे आरोग्य और परिवार कल्याण विभाग कि चर्चा में भाग लेने का मौका दिया उसके लिए मैं आभारी हूं। कुछ समय पहले जो मेडिकल क्षेत्र की व्यवस्था थी कि मेडिकल सायन्स पढ़ने के लिए दुसरे राज्य या विदेश में पढ़ने जाना पडता था। और कुछ लोगों कि बात करें तो एक ड़ॉक्टर बनने का ख्वाब था वो मात्र ख्वाब बनकर रह जाता था। क्योंकि कोई ड़ॉक्टर बनना चाहे तो irrespective of good marks limited seats होने के कारण वो ड़ॉक्टर नहीं बन पाता था। ये भारतीय जनता पार्टी कि सरकार है, ये नरेन्द्रभाई मोदीजी की सरकार है, जिन्हों ने उस व्यवस्था का कायाकल्प किया है। मैंने जब MBBS किया तब यहां जितने students admission लेते थे, उससे कहिं ज्यादा students रशिया, युक्रेन, चाईना में admissions लेते थे। पर आज वो बहोत ही कम मात्रा में है। अगले दो-तीन साल में वो बिलकूल बंद हो जाएगा ऐसा दिख रहा है।

माननीय अध्यक्ष श्री, Numerical data पर बात करें उससे पहले अगर मैं ये बोलुं, आज से दस साल के बाद African और Other countries के students Medical Education के लिए गुजरात में आते दिखेंगे तो शायद कोई विश्वास नहीं करेगा। पर मुझे विश्वास है कि आनेवाले सालों में ये होनेवाला है। मैं ये क्युं ऐसा बोल रही हूं उसके आंकडे बताएंगे। पिछले साल तक गुजरात में 31 Medical Colleges में 5700 seats थीं। और पिछले ही साल पांच GMERS Medical College नए खुले और साथ ही साथ पुराने Medical Colleges में seats में बढ़ोतरी हुई। Total 650 seats एक ही साल में increase हुई। Methametically देखें तो 11 प्रतिशत ज्यादा seats बढ़ीं। ये बहोत ही अच्छा संकेत है। Next year की बात करें 2024 में 4 private colleges - एक सूरत में, एक अहमदाबाद में, 2 कलोल में। इनको associability certificate दे दिया गया है। ये भी शुरु होने ही वाली हैं। बोटाद, जामखंभालिया, गीर-सोमनाथ - तीन जगहों पर 100 seats की Medical College के लिए भारत सरकार को दरखास्त कि गई है। Permission आते ही ये भी Start हो जाएंगी। इसके साथ ही अरवल्ली, छोटा उदेपुर, डांग में Medical Colleges खोलने की जाहेरात भी कि गई है। मतलब के एक साल में 11 नए Medical Colleges start

होनेवाले हैं। इस से शायद 20 प्रतिशत जितनी Medical seats की बढ़ोतरी हो सकती है। और ये सब एक साल में होगा। सोचिए अगले पांच से दस साल में हम कहां होंगे। तो जैसे मैंने शुरूआत में कहा हमारे students तो बहार नहीं हीं जाएंगे, infact बहार से गुजरात में Medical Students पढ़ने आएंगे।

माननीय अध्यक्ष श्री, Medical Colleges कि सिर्फ MBBS सीट्स के लिए नहीं बात कि जा सकती। उसके जरिए infrastructure में भी रोजगारी मिलती है। Administration में भी बहोत सारी job खुलती है। आसपास के विस्तार का विकास होता है। लोगों को मुफ्त में अच्छा इलाज उपलब्ध होता है। ऐसे कई सारे benifits होते हैं। आज गुजरात अहमदाबाद में Medical Tourism के लिए दुनियाभर में जाना जाता है। और आनेवाले कुछ सालों में Medical education के लिए भी जाना जाएगा। सरकार के इन कदमों को मेरा शतमस्तक, नमन है और पूरा समर्थन है। आभार।

ડો. પ્રધુમન ગ. વાજા(કોડિનાર) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૩-૨૪ના વર્ષ માટે માનનીય મંત્રીશ્રી કાયદા અને ન્યાયતંત્ર વિભાગની અનુદાન માટેની માગણી નંબર ૬૦ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો હું ખાસ વિશેષ આભાર ગૃહના નેતાનો અને મંત્રીશ્રીનો એટલા માટે માનું છું કે, પાંચ-પાંચ ડોક્ટર ગૃહમાં છે અને તેમાંથી ચાર ડોક્ટરને આરોગ્ય વિભાગ વિષે બોલવાનું છે. જ્યારે મારે કાયદા માટે બોલવાનું છે તેના માટે હું ખાસ આભાર માનું છું. એની સાથેસાથે ગૃહે માનનીય પાટીલસાહેબને, માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇને જન્મદિવસની શુભેચ્છા આપી પરંતુ આજે જન્મદિવસ અને આરોગ્ય બંનેને સાથે લઇને હું અહીં ગૃહમાં બધા સન્માનનીય સભ્યશ્રીઓ છે એમને વિનંતી કરીશ કે આજે આપણે સૌ અંગદાનનો, અંગદાન ડોટ ઓઆરજી વેબસાઇટ ઉપર સંકલ્પ લઇએ તો એમની આ શુભેચ્છા આજના દિવસે સાર્થક થશે કારણ કે આપણે બધા લોકો ખૂબ મોટી સંખ્યામાં લોકપ્રતિનિધિ હોવાને કારણે ખૂબ ફોલોઅર છે અને સોશિયલ મીડિયામાં મૂકીશું તો વેગ મળશે. સિનિયર સભ્યશ્રી અમેસિંહભાઇએ ખૂબ સરસ કહ્યું કે સવારથી અમે સમજાવીએ છીએ કે આપની કાપ દરખાસ્ત વાપસ લો. પરંતુ એમણે કહ્યું કે સોનાની થાળી હોય એ પિત્તળની જ દેખાય તો ડોકટરની ભાષામાં હું કહું તો કમળો થયો હોય એને પીળું જ દેખાય. મારી સાથે સાથી સભ્યશ્રી પૂર્ણેશભાઇ અને શ્રી ઇશ્વરસિંહભાઇએ સુરાજય, રામરાજય અને રાજયનીતિના જે માર્ગદર્શક સિદ્ધાંતોમાં જે કલ્યાણરાજય છે એની કલ્પના કરી છે ત્યારે મારે આપને કહેવું છે કે સુખ, શાંતિ, સલામતી અને સુરક્ષાની સરકાર એટલે ભારતીય જનતા પાર્ટીની સરકાર. સુખ, શાંતિ, સલામતીની દરકાર એટલે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને એટલે જયારે કાયદા વિશેની વાત થતી હોય ત્યારે આ દેશના પ્રથમ કાયદા મંત્રી ડો. બાબાસાહેબ આંબેડકરને નતમસ્તક વંદન કરીને હું મારી વાત રજૂ કરું છું. કમનસીબી છે કે ડો. બાબાસાહેબ આંબેડકરે રાજીનામું આપવું પડયું. અનુસૂચિત જાતિ, જનજાતિ અન્ય પછાત વર્ગને થતા અન્યાય સામે હિન્દુ કોડ બિલના સમર્થનમાં એ લોકોએ સમર્થન ન કર્યું એટલે એના સમર્થન માટે જે તે તત્કાલીન સરકાર હતી એની વિદેશની રાજનીતિ સામે અને પોતાને થયેલા અપમાનની સામે ડો. બાબાસાહેબ આંબેડકર જેવા વિશ્વના વિચક્ષણ રાજપુરુષે રાજીનામું આપવું પડયું, એ આપણા બધા માટે કમનસીબી છે અને જયારે કાયદાની વાત કરીએ ત્યારે આપણને બધાને ખ્યાલ છે કે કાયદો જેમ કેશવાનંદ ભારતી વર્સિસ કેરળનો જે એક ચુકાદો આપણને પ્રશિક્ષણ વર્ગમાં કહેવામાં આવ્યો છે કે બંધારણના આમુખમાં જે એનું મૂળભૂત માળખું છે એમાં બદલાવ ન થઇ શકે. એમાં બે મૂળભૂત તત્વો છે એટલે સુપ્રીમસી ઓફ લો અને રૂર ઓફ લો એટલે કાયદો સર્વોચ્ચ છે અને કાયદાનું શાસન છે એ બે મૂળભૂત માળખા છે. બીજા અનુચ્છેદ-૪માં ઇકવાલિટી બી ફોર લો અને ઇકવલ પ્રોટેકશન ઓફ લો એટલે કાયદા આગળ બધા જ સમાન છે અને કાયદાનું બધાને સમાન સંરક્ષણ મળે છે. અનુચ્છેદ-૨૧માં રાઇટ ટુ લાઇફ એન્ડ લીબર્ટી એટલે ગૌરવપૂર્વક જીવવાનો સૌને અધિકાર મળે છે. આ બધા અનુચ્છેદો કાયદાની સાથે સંકળાયેલા છે. એટલે ટૂંકમાં હું કહું લેટિન વર્ડમાં કાયદાની વ્યાખ્યા એ છે કે જસ્ટ સિવિલ એટલે કે નૈતિકતા અને નૈતિકતા સાથે જોડાયેલા જે નિયમો છે, જે સિદ્ધાંતો છે જે બધા જ નાગરિકોને બંધનકર્તા છે અને બંધારણ દ્વારા જેનું રક્ષણ મળે છે અને જેને તોડવાની જોગવાઇ છે એ કાયદો. ડો. બાબાસાહેબ આંબેડકરે કહ્યું કે બંધારણ ગમે તેટલું શ્રેષ્ઠ કેમ ન હોય, પરંતુ એ બંધારણનો અમલ કરવાવાળી રાજસત્તાની જો નીતિ સાફ ન હોય, એની જો નિયત ન હોય, એની દાનત ન હોય તો એ શ્રેષ્ઠ બંધારણ કદાપિ ન બની શકે. મને ગૌરવ એટલું છે કે અત્યારે આપણે એ સુવર્ણકાળમાંથી પસાર થઇ રહ્યા છીએ કે જે સરકારની નીતિ સાફ છે, જે સરકારની નિયત સ્પષ્ટ છે અને જે સરકાર પાસે વિશ્વનો સૌથી લોકપ્રિય નેતા છે એટલા માટે આપણે આ સુવર્ણકાળમાંથી પસાર થઇ રહ્યા છીએ. એટલા માટે મને કહેવાનું મન થાય છે. કારણ કે હું વાડીલાલ હોસ્પિટલનો સ્ટુડન્ટ હતો ત્યારે મેં રમખાણો નજીકથી જોયેલા છે અને કરફયુ પાસ શું હતો એ ખબર છે. તમને બધાને ખબર નહીં હોય પરંતુ એ કરફયુ અત્યારે માત્ર ડિકશનરી શબ્દ પૂરતો સીમિત રહી ગયો છે. પરંતુ એ કરફયુ પાસનું સ્થાન અત્યારે ભારતીય તિરંગાએ આંતરાષ્ટ્રીય સ્તરે લઇ લીધેલું છે. મારે આજે મુખ્ય વાત જે કરવાની છે એ બે વિષય વૈકલ્પિક તકરાર નિવારણ અને ડાયરેકટર ઓફ પ્રોસિકયુશન. કોર્ટમાં જે પડતર કેસો છે એનું અસરકારક મોનિટરિંગ થાય અને તેની સાથેસાથે પ્રોસીક્યુશનની

કામગીરીમાં ઝડપ લાવે એના માટે ડાયરેકશન ઓફ પ્રોસિકયુશનની કચેરી કામ કરે છે. તેમજ સરકારી ઓફિસરો માટે તાલીમની વ્યવસ્થા ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૨૨-૨૩થી શરૂ કરવામાં આવેલ છે. જી.એન.એલ. એ ગુજરાતના વિકાસનું એક મોરપીંછ છે. બંધારણ પ્રત્યે લોકોને જાગૃતિ આવે અને લોકો બંધારણ પ્રત્યે સહૃદયતા અનુભવે તે માટે આ કચેરી દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં સંવિધાન દિવસ નિમિત્તે રાજ્યભરમાં જિલ્લા સ્તરે સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. આગામી સન ૨૦૨૩-૨૪માં પણ તાલીમ સેમિનાર અને વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે. સબ એકાઉન્ટન્ટ, લો-ઓફિસર, ડેટા એન્ટ્રી ઓપરેટર એવા અલગ વહીવટી સ્ટાફની પણ નિમણૂક કરવામાં આવી છે. એક જ મિનિટ સર. અન્ય પાર્ટીઓ પ્રજાવિમુખ થઇ ગઇ છે એટલા માટે ડાયરેક્ટર ઓફ પ્રોસિકયુશનના તંત્રનો મહત્ત્વનો રોલ આવે છે. જો કાનૂન કી ધજિયા ઉડાતે હૈ વો આજ ફડફડાતે હૈ. સાહેબ એક મિનિટ છે કે પૂરી થઇ ગઇ. અંતમાં મારે આપને એટલું જ કહેવું છે કે, માગણી ક્રમાંક-૬૦ ને હું સમર્થન આપું છું અને મારા સાથી મિત્રોને વિનંતી કરું છું કે પોતાની કાપ દરખાસ્ત પાછી ખેંચી લે.

અધ્યક્ષશ્રી : ડૉકટર તમે એલ.એલ.એમ. કર્યું લાગે છે. આજે મેડિકલના બદલે ન્યાયતંત્ર ઉપર સરસ બોલ્યા. અભિનંદન.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (કાયદા વિભાગ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં આરોગ્ય વિભાગની માગણી નંબર-૩૯ અને ૪૦ તથા કાયદા વિભાગની માગણી નંબર-૬૦ લઇ ચર્ચામાં અત્રે ઉપસ્થિત સૌ સભ્યો ભાઇ પૂર્ણેશભાઇ મોદીથી લઇ પ્રધુમનભાઇ વાજા સુધી આ માગણીઓના અનુસંધાનમાં વિવિધ ચર્ચાઓ, કયાંક સારી બાબતો હતી તો તેની પણ ચર્ચા, સારી બાબતો હોવા છતાં પણ અભિનંદન સાથે રસીકરણ એટલે કે ટીકાકરણ પણ થયું. પરંતુ ગુજરાતની સ્થાપના થયા પછી ગુજરાતનો વિકાસ અને મેં અગાઉ પણ કહ્યું છે કે, ગુજરાતનો વિકાસ બે તબક્કામાં થયો છે. જેમાં એક તબક્કો વર્ષ ૧૯૬૦થી ૨૦૦૦ અને બીજો તબક્કો વર્ષ ૨૦૦૧થી લઇને ૨૦૨૩-૨૪ સુધીનો છે. આ બે તબક્કાનું વિશ્લેષણ કરવામાં આવે તો રાજનીતિક પંડિતો, આર્થિક વિશ્લેષકો જયારે પણ ભવિષ્યની અંદર આ ઇતિહાસ આલેખે ત્યારે ઉડીને આંખે પડી તેવી મહત્ત્વની બાબતો જોઇએ તો તેમાં શિક્ષણ, ઇન્ફાસ્ટ્રકચર, આરોગ્ય હોય આ તમામ બાબતોમાં એક છલાંગ કહેવાય તેવો વિકાસ થયો છે. આપણે જયારે પગથિયાં ચઢતા હોઇએ ત્યારે સ્વાભાવિક આપણે એક-એક પગથિયું ચઢીએ છીએ અને ઘણી વખત ઉતાવળ હોય તો ત્રણ-ચાર, એક-બે પગથિયાં સાથે ચઢતા હોઇએ છીએ અને આપણે આપણી મંજિલ હાંસિલ કરી છીએ છીએ. આ મંજિલ હાંસિલ કરવા માટે ભારતીય જનતા પાર્ટી એ જ રીતે, એ જ ઝડપથી દરેકે દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. ખૂબ બધી ટીકાઓ થઇ. શ્રી કિરીટભાઇ હાજર નથી એટલે તેમની ટીકાઓનો હું જવાબ નહીં આપું. તેમણે જે વાતો કરી તે ચિંતાના સ્વરૂપમાં કરી છે. પરંતુ તેમની એ ચિંતા કયાંકને કયાંક યોગ્ય નથી. કારણ કે તે થવા પાછળ કયાંકને કયાંક નાનાં મોટાં કારણો છે. શ્રી ચૈતરભાઇએ વાત કરી કે નર્મદા જિલ્લામાં ૩૨ ટકા કુપોષણ છે. નર્મદા જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષના ગાળામાં ૩૭૬૩૪ બાળકોનું આપણે સ્ક્રિનિંગ કર્યું છે. જે પૈકી ૯૭૭ બાળકો અતિકુપોષિત હોવાનું માલૂમ પડયું. તેમાંથી ૬૭૪ બાળકોને આપણે એન.આર.સી. સેન્ટર ખાતે સફળતાપૂર્વક સારવાર કરી છે. ત્યાં લઇ જઇને કુપોષણમાંથી બહાર કાઢવાનું કામ આપણે કર્યું છે. આના માટેના ટોટલ ૧૨ સ્વાસ્થ્ય કેન્દ્રો આપણે ત્યાં છે. શ્રી કિરીટભાઇની ટીકાઓનો જવાબ નથી આપતો. કારણ કે તે વાત કરીને સાંભળવા ઉભા રહ્યા નથી. એટલે તેમની વાત હું કરતો નથી. કારણ કે પછી મારે જે કહેવું છે તે કહેવાનું રહી જાય.

અધ્યક્ષશ્રી : એક વખત તો એ પરંપરા રાખવી જોઇએ અને હું ફરી એક વખત ટકોર કરીશ કે જે માનનીય સભ્યશ્રી જે તે માગણીઓ ઉપર બોલે છે, ત્યારે જયારે માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હોય ત્યારે પોતાના સ્થાન ઉપર બેસવું જોઇએ. બેસીને સાંભળે તો તેમનો જવાબ પણ મળી જાય. નહીંતર પછી આની ગંભીરતા નહીં રહે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અમૃતજી હાજર છે એટલે એમણે એમની વાત મૂકી છે એટલે સ્વાભાવિક મને આનંદ થયો. જી.પી.એસ.સી.માં ૧૦૦૦ ડોકટરોનું માગણાપત્રક આપ્યું છે, પ્રક્રિયા ચાલુ છે અને ૧૦૦૦ ડોકટરો આપણને ટૂંક સમયમાં રાજયની આરોગ્યની સેવાઓમાં આવી જશે, જી.પી.એસ.સી. દ્વારા એની નિમણૂક આપવામાં આવશે, એટલે જ્યાં પણ ખાલી જગ્યા છે, ત્યાં આગળ આપણે એમની નિમણૂક કરીશું. સાથે સાથે મારે એ પણ કહેવું છે રાજયમાં અત્યારે ટોટલ મેડિકલ ઓફિસર વર્ગ ૨ના એમ.બી.બી.એસ. ડોકટરોની જગ્યા ૪૬૯૧ છે એમાંથી ૩૯૮૧ જગ્યા આપણે ભરી છે અને બનાસકાંઠાની અંદર પણ કુલ ૧૨૧ પી.એચ.સી. એમાં ૧૩૬ જગ્યા મંજૂર થયેલી છે ૧૦૦ આપણે ભરી દીધેલી છે, ૨૬ સી.એચ.સી.માં ૮૧ મંજૂર છે એમાંથી ૬૩ ભરી દીધેલી છે અને સી.એચ.સી. શિહોરીમાં ૩ જગ્યા છે એમાંથી ૧ ભરેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણી પાસે ડોકટરો જેમ જેમ અવેલેબલ થશે તેમ તેમ બધી જગ્યાઓ ભરતા જઇશું અને બોન્ડ પોલિસીની અંદર પણ જે રીતે આપણને ડોકટરો હવે પછી એમ.બી.બી.એસ. જે મળવાના છે એ આપણે બોન્ડ પોલિસીમાં પણ ફેરફાર કરવો પડે, એટલા બધા ડોકટરો એક જ વર્ષે આપણને બોન્ડની સેવાઓ માટે મળવાના છે. આ ૧૦૦૦ એમ.બી.બી.એસ. ડોકટરો કે જેને કાયમી નિમણૂક આપીશું અને સાથે સાથે એક વર્ષની સેવા લેવાની છે એવા ડોકટરો પણ આપણને મળવાના છે. એટલે વર્ગ ૨ની વર્ષોથી આપણે જે ચિંતા કરતા હતા અને આ ગૃહમાં કાયમ દવાખાનું, ડોકટર વગેરેની ફરિયાદો થતી હતી પણ સન ૨૦૦૧માં પરિસ્થિતિ એવી હતી ૧૧૦૦ સીટો એમ.બી.બી.એસ.ની હતી અને પછી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ સન ૨૦૦૨થી શાસન કરતા થયા. ડોકટર ભરો, ડોકટર ભરો અરે ડોકટર પેદા કરવાનું તૈયાર નથી

થયું અને તમે ડોકટર ભરવાની વાત કરો છો? મને ગર્વથી કહેતા આનંદ થાય છે કે આજે ૬૩૫૦ સીટ એમ.બી.બી.એસ.ની છે અને આપણે ત્યાં વર્ષે ૬૩૫૦ એમ.બી.બી.એસ. ડોકટરો તૈયાર થાય એવી વ્યવસ્થા થઇ છે. ત્રણ મેડિકલ કોલેજ માટે સન ૨૦૨૨-૨૩માં આપણે જોગવાઇ કરી હતી, એન.એમ.સી.માં મંજૂરી અર્થે મોકલી છે અને બાકીની ચાર કોલેજ માટે પણ આ વખતે બજેટમાં પ્રોવિઝન કર્યું છે. આપણે ઇચ્છીએ છીએ કે, બાકીના દરેક જિલ્લાઓમાં પણ મેડિકલ કોલેજ થાય અને મેડિકલ કોલેજ થાય એટલે ત્યાંના સ્થાનિક લોકોને ખૂબ સસ્તા ભાવે સ્કીલ ડોકટરો, સ્પેશિયલાઇઝ ડોકટરો અને આરોગ્યની સુવિધાઓ જેની અંદર રાજય સરકારના લાગુ કાર્યક્રમો મા યોજના, ક્રિટીકલ કેર સર્વિસીસ જિલ્લા મથકે જ મળી જાય એને દૂર ન જવું પડે એ પણ તદન નજીવા મફત દરે મળે એ પ્રકારની વ્યવસ્થાઓ આપણે કરી ચૂક્યા છીએ. માનનીય અમૃતજીભાઇ, ત્રણ જગ્યા છે એમાંથી એક અત્યારે ભરેલ છે અને બીજી બેમાં આપણે જલદીથી મૂકી દઇશું. માનનીય હેમંતભાઇ આહિરે જામજોધપુરમાં સી.એચ.સી. છે જેને એસ.ડી.એચ. બનાવવાની બાબત છે. સરકારી મેડિકલ કોલેજ જી.જી.હોસ્પિટલ ત્યાં કાર્યરત છે, મેડિકલ હોસ્પિટલ, જિલ્લા જેલ હોસ્પિટલ, જામનગરમાં ૯ સી.એચ.સી., ૩૩ પી.એચ.સી. આમ પૂરતી આરોગ્ય સેવા ઉપલબ્ધ છે. એમણે જે સૂચન કર્યું છે પણ માનનીય આહિર અત્યારે ગૃહમાં નથી એટલે મારે એમનો જવાબ આપવાની જરૂર નથી. માનનીય કિરીટભાઇ પણ ગૃહમાં હાજર નથી એટલે એનો પણ જવાબ આપવાની જરૂર નથી. માનનીય માલતીબેને જે વાત કરી છે એના માટે ગંભીરતાથી ધ્યાન આપીશું. માનનીય ચૈતરભાઇ, હાલમાં નર્મદા જિલ્લામાં પી.એચ.સી., સી.એચ.સી., એસ.ડી.એચ.ડી.એચ. તબીબી અધિકારીઓ ભરવાનો વિષય છે. જિલ્લા હોસ્પિટલ રાજપીપળા ૧૦ જગ્યાઓ છે એમાંથી ૯ ભરેલી, એસ.ડી.એચ. કુલ ૩ છે એમાં ૧૦ જગ્યા છે એમાંથી ૮ ભરેલી, સી.એચ.સી. કુલ ૩ છે એમાં ૧૧ જગ્યાઓ મંજૂર થયેલ છે એમાંથી ૭ ભરેલી છે, પી.એચ.સી. કુલ ૨૭ છે એમાં કુલ ૫૩ જગ્યા મંજૂર થયેલ છે, એમાંથી ૪૧ જગ્યા ભરેલી છે. આમ અવેલેબલ જે સોર્સિસ સરકાર પાસે છે એ ભૂતકાળની પરિસ્થિતિ ૩૬૦ ડિગ્રીએ આપણે બદલવા માટે સક્ષમ થયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આમ જોઇએ તો આરોગ્ય એ વિભાગ નથી પણ આરોગ્ય પરિવાર છે અને પરિવારનો અહેસાસ ગુજરાતને વખતો વખત થયો છે. જે વખતે કોવિડ પીક ઉપર હતો એટલે સ્પેશિયલાઇઝ ડોકટરથી લઇ અને છેક આશાબહેન સુધીની જે આખી આપણી કેડર છે તે આખે આખી પોતાનો જીવ, પરિવાર, પોતાના બાલુડાઓ અને સમયની કોઇ પણ ચિંતા કર્યા સિવાય ગુજરાતની ચિંતા કરી છે એટલે હું તો આને વિભાગ ગણતો નથી પરંતુ ગુજરાતનો પરિવાર છે. એટલુ જ નહીં રસીકરણનો તબક્કો આવ્યો કોવિડની તો આપણને બીક હતી જ અને છતાં પણ રસીકરણની અંદર આ પરિવારે એટલા જ ઉત્સાહથી કામ કર્યું, એટલા જ ઉત્સાહથી રાજયને કોરોના મુકત કરાવવા માટે થાય એટલા તનતોડ પ્રયત્ન કરી લગભગ ૧૩ કરોડ ટીકાકરણ આપણે કરી ચૂકયાં છીએ. તેમાં પ્રથમ, બીજો ડોઝ તો આપણે સંપૂર્ણ કર્યો છે. બાળકોના ડોઝ, સિનિયર સિટીઝનના ડોઝમાં અદભૂત કામ થયું છે. ૧૦ લાખ બિલિયને લગભગ સમગ્ર જે મોટાં રાજય છે તેમાં સૌથી પહેલાં નંબરે હોઇએ તો આપણે છીએ. એટલે આ વિભાગ નહીં પણ આપણે પરિવાર ગણીશું તો મને લાગે છે તેમને પણ આનંદ થશે કે ગુજરાતનો પ્રત્યેક ધારાસભ્ય, પ્રત્યેક નાગરિક તેને પરિવાર સમજી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં કાપ દરખાસ્ત ના હોય, આમાં તો ખાસ દરખાસ્ત લાવો તો મને આનંદ થાય કે તમે આવું કરો, આવું કરો તો મને એવું થાય અને સારા સજેશનો છે તે ગુજરાત માટે છે. અમે તો પક્ષ અને સાથી પક્ષ તરીકે જયારે સંબોધતા હોઇએ ત્યારે સ્વાભાવિક અમારા મનમાં પણ હોય કે કંઇક સારાં સૂચનો આવે, ટીકાના સ્વરૂપે આવે પરંતુ ટીકા એવી હોય કે કંઇક સુધારાને અવકાશ હોય. પોલિટિકલ ઓબ્ઝર્વેશન તો કાયમ થતાં હોય છે. આ ગૃહ છોડીશું બહાર જઇએ તમારે બાઇટમાં જે કહેવું હોય એ કહો પણ આ ગૃહમાં તો રાજયના લોકોની આપણે ચિંતા કરીએ એવી મારી સૌને વિનંતી છે. પક્ષ, સાથી પક્ષ બધા જ લોકો જો આ પ્રમાણેની વાત કરે તો મને લાગે છે કે ખૂબ સારું કામ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટની વાત કરીએ તે પહેલાં આપણા રાજયનું ઇન્ફ્રાસ્ટ્રકચર કદાચ કોઇને આંકડામાં, કારણ કે હવે તો આપણે ૩થી ૫ હજાર, ૨૫થી ૫૦ હજાર અને ૮૦ હજારથી ૧ લાખ સુધી અને મોટાં શહેરોમાં જે પ્રમાણેનું ઇન્ફ્રાસ્ટ્રકચર છે, જે હેલ્થ અને વેલનેસ સેન્ટર બનાવવાના જે થોડાં ઘણાં બાકી રહી ગયા છે તે સબ-સેન્ટર જે કન્વર્ટ કરવાના પી.એચ.સી., સી.એચ.સી. અદભૂત છે અને આખા દેશની અંદર કદાચ સૌથી વધારે સારામાં સારું ઇન્ફ્રાસ્ટ્રકચર આપણું છે જે હું આંકડાથી સાબિત કરી શકું તેમ છું.

માનનીય અધ્યક્ષશ્રી, હેલ્થ અને વેલનેસ સેન્ટરની સંખ્યા આપણે ત્યાં ૮૮૪૪ છે. પેટા આરોગ્ય કેન્દ્રની સંખ્યા ૯૨૩૧ છે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા ૧૪૭૫, અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૩૫૪, દીનદયાલ ઔષધાલય ૪૯૨, પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રો ૫૧૮, સી.એચ.સી. ૩૬૫, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ૫૯, ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ૨૧, મેડિકલ કોલેજ ૩૬ આ આખે આખું નેટવર્ક છે. આશાવર્કરથી લઇ અને સુપર સ્પેશિયાલિસ્ટ સુધી આપણાં જે ડોકટરોનું માળખું છે તે આંકડા પણ હું આપીશ પરંતુ આ જે પ્લેટફોર્મ ઉપર સારવાર કરવાની વ્યવસ્થા સરકારે કરી છે જે ડોકટર હોય, નર્સીસ હોય, દાખલ કરવાનો વિષય હોય એ બધી વ્યવસ્થાઓ બિલકુલ ઓકે કરી છે જેથી કરી જે મેનપાવર છે તેને કામ કરવાની મોકળાશ અને સારામાં સારી સગવડ પૂરેપૂરી ક્ષમતા સાથે આપણે તૈયાર કરી છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, હાલ વસતિના માપ ધોરણ મુજબ એટલે હું સન-૨૦૨૧ની વાત કરું છું એક પણ આરોગ્ય કેન્દ્રની અછત નથી. અત્યારે કદાચ વસતિ ગણતરી થઇ નથી પરંતુ આપણે વર્ષ-૨૦૧૧ની વાત કરું તો એમ લાગે કે તમે તો હજુ ૧૩-૧૪ વર્ષ પાછળ જે વસતિ હતી તે પ્રમાણે કહો છો, પરંતુ સતત ઉત્તરોત્તર આપણે આગળ વધતાં રહ્યાં તેના કારણે આજે ગુજરાતની અંદર સબ સેન્ટરની જો હું વાત કરું તો ૩થી ૫ હજારની સંખ્યાએ આપણે છીએ. ૨૦થી ૩૦ હજારની સંખ્યાએ પી.એચ.સી.માં છીએ અને એક લાખથી નીચે આપણે સી.એચ.સી.ની વ્યવસ્થા કરી ચૂક્યા છીએ. હું બીજાં બે-ચાર રાજ્યોની વાત કરું તો પંજાબમાં પથી ૭ હજારની સંખ્યાએ સબ-સેન્ટર, ૪૦થી ૫૦ હજારની સંખ્યાએ પી.એચ.સી., એક થી બે લાખની સંખ્યાએ સી.એચ.સી. છે. રાજસ્થાનમાં ૩થી ૫ હજારની સંખ્યાએ સબ-સેન્ટર, ૨૦થી ૩૦ હજારની સંખ્યાએ પી.એચ.સી., એક લાખથી ઓછી સંખ્યામાં સી.એચ.સી. છે એટલે રાજસ્થાન આપણી સરખામણીમાં છે. પશ્ચિમ બંગાળમાં પથી ૭ હજારની સંખ્યાએ સબ-સેન્ટર, ૫૦ હજારથી ઉપરની સંખ્યા હોય તો જ પી.એચ.સી., દોઢથી બે લાખની સંખ્યામાં સી.એચ.સી. છે. બિહારમાં ૭ હજારથી વધુની સંખ્યાએ સબ-સેન્ટર, ૫૦ હજારથી વધુની સંખ્યાએ પી.એચ.સી., બેથી આઠ લાખની સંખ્યાએ સી.એચ.સી. છે. ગુજરાતમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૯.૮૫ ટકા જ વેકન્ટ છીએ. પંજાબમાં ૩૧ ટકા, રાજસ્થાનમાં ૧૨.૮૧ ટકા, મહારાષ્ટ્રમાં ૧૮.૨ ટકા અને બિહારમાં ૫૭ ટકા જેટલી ડૉક્ટરોની આજે પણ ઘટ છે. ગુજરાત વહેલું ચેત્યું તેના કારણે ડૉક્ટરો આવતા વર્ષોમાં નોકરીઓ માટે લાઈનમાં હશે. આવનારા પાંચ વર્ષમાં આપણી પાસે પૂરતા ડૉક્ટર હશે અને ૧૦ વર્ષમાં પી.જી. ડૉક્ટરને ગામડામાં જવું પડે તેવી મેડિકલ ક્ષેત્રમાં શિક્ષણ વ્યવસ્થા કરવા જઈ રહ્યા છીએ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મંજૂર થયેલ સ્ટાફ નર્સ ગુજરાતમાં ૧૨.૬ ટકા ખાલી છે, પરંતુ પંજાબમાં ૩૬ ટકા, રાજસ્થાનમાં ૧૮ ટકા, મહારાષ્ટ્રમાં ૨૨ ટકા, બિહારમાં ૩૯ ટકા ખાલી છે. ક્યાંય આપણે આંગળી ચીંધીએ તો ત્રણ આંગળી આપણી સામે હોય છે. ગ્રામ્ય હૉસ્પિટલમાં પણ ખૂબ સારા આંકડા આપણી પાસે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપર્યુક્ત આરોગ્ય માળખા અનુસાર ગુણવત્તાયુક્ત વધારો કરવા માટે આગામી વર્ષમાં આયોજન કર્યું છે. વર્ષ ૨૦૨૧ની સ્થિતિએ સરકારી મકાનમાં કાર્યરત હોય તેવા સબ-સેન્ટર, પી.એચ.સી અને સી.એચ.સી. જેવા ૭૨.૪૮ ટકા આરોગ્ય કેન્દ્રો સરકારી મકાનોમાં ચાલુ છે. પંજાબમાં ૬૩ ટકા, આંધ્ર પ્રદેશમાં ૩૪ ટકા, તેલંગણામાં ૫૩ ટકા અને બિહારમાં ૩૯ ટકા છે. આજે રાજ્ય સરકાર પોતાન સબ-સેન્ટર, પી.એચ.સી. અને સી.એચ.સી. માટે આગળ વધી રહી છે. વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં જોગવાઈ કરી હતી અને વર્ષ ૨૦૨૩-૨૪માં પણ જોગવાઈ કરી છે. આ કામ વહીવટી પ્રક્રિયા પૂરી કર્યા પછી જમીનની જેમ ઉપલબ્ધતા થાય તે પ્રમાણે બેથી પાંચ હજારની વસતી સુધી આરોગ્યની સેવાઓ પહોંચી શકે તે પ્રકારનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર કરવા માટે રાજ્ય સરકાર બિલકુલ કટિબદ્ધ છે. રાજ્યમાં ૮૮ સામાન્ય અને ૩૨ આદિજાતિના જૂના જર્જરિત પેટા આરોગ્ય કેન્દ્રના મકાન તોડીને નવા બનાવવાના છીએ. રાજ્યના ૬૭ જર્જરિત નવા મંજૂર સ્થળ ફેર થયેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નવા બનાવવાના છીએ. આગમી વર્ષમાં રાજ્યના સામાન્ય વિસ્તારોમાં ૧૧ સી.એચ.સી. નવા બનાવવાના છીએ. કોઈ રાજ્ય સત્તા કે રાજ્ય સરકાર માટે એક સાથે બધું કરવું ક્યારેય શક્ય બનવાનું નથી. તબક્કાવાર ક્રમશઃ એવા પ્લેટફોર્મ ઉપર પહોંચવું છે કે જ્યાં ડૉક્ટરો પણ હોય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વ્યવસ્થા પણ હોય તે પ્રકારનો સરસ મજાનો અભિગમ સરકારનો રહ્યો છે. એ બાબતમાં આપણે આગળ વધી રહ્યા છીએ. આપણા સબ-સેન્ટરો અને પી.એચ.સી. તો ચાલતા જ હતા એમાં દવાઓ અને ટેસ્ટની સુવિધા આપી છે અને આખા દેશમાં દોઢ લાખ જેટલા નવા હેલ્થ અને વેલનેસ સેન્ટરોની સુવિધા આપી છે. આપણે ત્યાં પણ ૭૭૫૬ પેટા આરોગ્ય કેન્દ્રોમાંથી ૭૦૪૫ કન્વર્ટ કરી દીધા. ૧૪૭૫ પી.એચ.સી.સેન્ટરોને ૧૪૭૧ હેલ્થ અને વેલનેસ સેન્ટરોમાં કન્વર્ટ કરી દીધા. ૩૭૬ અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાંથી ૩૨૮ કન્વર્ટ કરી દીધા. આરોગ્યનો વિષય છે એટલે થોડો સમય લંબાવવો પડે તો જોજો.

અધ્યક્ષશ્રી : માનનીય દંડકશ્રી, તમે જરા દરખાસ્ત મૂકો.

સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય અને મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવો પ્રસ્તાવ મૂકું છું.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી: માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમાં આપણે સાત પ્રકારની લેબોરેટરીની તપાસ પણ કરવાના છીએ. હિમોગ્લોબીન, સગર્ભાવસ્થાના નિદાન માટે પેશાબની તપાસ, પેશાબના આલબ્યુમિન સુગર તપાસ, બ્લડ સુગર, મેલેરિયા, લોહીની તપાસ, પાણીના ક્લોરિનેશન, ટી.બી. માટેના સેમ્પલ કલેક્શન વગેરે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદીસાહેબના મનમાં હતું કે ગ્રામ્યસ્તરે જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે એમાં વધારો થાય. એમણે સી.આર.પી. પેકેજ કોવિડ-૧૯ વખતે આપ્યા હતા. આપણા શહેરી અને ગ્રામ્ય વિસ્તારના આરોગ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો થાય અને સારામાં સારું આરોગ્યનું પ્લેટફોર્મ બને એના માટેનો પણ પ્રયત્ન કર્યો છે. આપણે જે સી.એચ.ઓ. કક્ષાના હેલ્થ અને વેલનેસ સેન્ટરોમાં એક આયુષ ડૉકટર અથવા તો નર્સ કે જેણે સ્પેશિયલ છ મહિનાનો કોર્સ કર્યો હોય એને વધારાના સ્ટાફ તરીકે મૂકીએ છીએ. આમ, તો આપણા સબ-

સેન્ટરમાં એમ.પી.એચ.ડબલ્યુ અને એફ.એચ.ડબલ્યુ હોય જ છે, પી.એચ.સી.માં ડૉકટર પણ હોય છતાં આ વધારાનો સ્ટાફ મૂકવાથી આ સેવાઓનો વ્યાપ આપણે વધારી શકીએ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૧૭ પ્રકારના ટેસ્ટ, ૧૯૦ દવાઓ, યોગ કરાવવાની શરૂઆત, હેલ્થ અને વેલનેસ સેન્ટર પર નોન- કોમ્યુનિકેબલ રોગોની તપાસ, સારવાર અને દવાઓ પણ મળે છે. ટેલિમેડિસિનથી સબ સેન્ટર, પ્રાથમિક સેન્ટર, સી.એચ.સી., હબ એન્ડ સ્પોકની વ્યવસ્થા, કોઈ નાની-મોટી મુશ્કેલીઓ હોય અને નીચલા ધોરણે ખ્યાલ ન આવે તો તરત જ ઉપલા ધોરણે પૂછી દવાઓ, સારવાર કે ટેસ્ટ અંગેની સારવારની પદ્ધતિ કે જેમાં રૂબરૂ ન જવું પડે અને ખાસ કરીને આપણા વડીલોને જિલ્લા મુખ્યમથકે ન જવું પડે અને પી.એચ.સી., સી.એચ.સી. લેવલે જ સારવાર થઈ જાય એના માટે આ ટેલિમેડિસિનનો કન્સેપ્ટ લાવ્યા છીએ. ટેલિમેડિસિનની મુખ્ય વાત એટલી જ છે કે કોઈ સામાન્ય વિષય હોય તો છેક સી.એચ.સી. સુધી ના જવું પડે, સબ-સેન્ટરેથી જ સારવાર મળી જાય તો પી.એચ.સી.એ ન જવું પડે અને જો આગળ જવાની જરૂર પડે તો આ ટેકનોલોજીના જમાનામાં સીધા સ્પેશ્યાલિસ્ટ ડૉકટર પાસેથી ફોન પર સલાહ લઈ શકીએ તે પ્રકારની વ્યવસ્થાઓમાં હવે આપણે આગળ વધી રહ્યા છીએ. ટેલિમેડિસિન અંતર્ગત ટેલિ કન્સલ્ટેશનમાં ટેસ્ટ અને દવાઓના ક્ષેત્રમાં આપણે ખૂબ આગળ વધી રહ્યા છીએ. ૧૯ જેટલા ટેલિમેડિસિન હબ પણ આપણી પાસે છે. સ્ટેટ લેવલે પી.એમ.સી.બી. હબ પણ આપણી પાસે છે. AIMS રાજકોટ, ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, જયદીપ હોસ્ટેલ, ટેલિરેડ ફાઉન્ડેશન દ્વારા વાપી ખાતે ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ટેલિમેડિસિન સેવા આપી રહ્યા છે. ત્યારે ઈ-સંજીવની પ્લેટફોર્મ આપણા માટે ખૂબ આશીર્વાદ સ્વરૂપ છે. દર્દીઓને ઓનલાઈન મોબાઈલ ઉપર ઈ- પ્રિસ્પ્રિક્શન પ્રાપ્ત થાય અને ઈ-પ્રિસ્પ્રિક્શન દ્વારા દર્દીને નજીકના સરકારી દવાખાનામાંથી મફત દવા મળે, એને બહું માથાકૂટમાં ન પડવું પડે એના માટે ઈ-સંજીવની પ્લેટફોર્મ કોવિડમાં આશીર્વાદ સ્વરૂપ રહ્યું છે અને એ જ પ્લેટફોર્મનો આપણે સામાન્ય દર્દો અને દર્દીઓ માટે ઉપયોગ કરી રહ્યા છીએ. આ મહિનામાં એટલે કે તારીખ ૧૫-૦૩-૨૦૨૩ સુધીમાં કુલ ૨૮૮૧ ડૉકટરો રજિસ્ટર્ડ થયા છે. આમાં આપણે કુલ ૯ લાખ ૮૭ હજાર ૪૩૭ ઓ.પી.ડી. કરી છે. સમયની સાથે બદલાતી જતી જીવનશૈલી તથા આધુનિકીકરણના કારણે NCD એટલે કે બીનચેપી રોગોનું પ્રમાણ વધી રહ્યું છે. એના માટેની સરકારશ્રીએ સગવડો કરી છે અને વધારાની જોગવાઈ કરી છે. સાથે સાથે વન ગુજરાત, વન ડાયાલીસીસ આપણે ૨૫૮ જગ્યાએ મૂકી દીધું છે. આજે રાજ્યનો કોઈપણ નાગરિક અને હવે તો દેશનો કોઈપણ નાગરિક કે જેની પાસે મા કાર્ડ છે, આયુષ્યમાન કાર્ડ છે એને આપણે અહીંયા સેવા આપીએ છીએ. હમણાં મમતા દીદીના બંગાળમાં ત્યાં એક વ્યકિતને અઠવાડિયામાં બે વખત ડાયાલીસીસ કરવું પડતું હતું. હું એમનું નામ ભૂલી ગયો છું. કદાચ ઘણા બધા લોકોએ સોશિયલ મીડિયામાં એનો વીડિયો જોયો હશે. બે વખત ડાયાલીસીસ કરાવે એટલે રૂપિયા ૪ હજાર થાય અને આખો મહિનો ગણીએ તો ચાર અઠવાડિયા થાય એટલે રૂપિયા ૧૬થી ૨૨ હજારનો ખર્ચો એને થતો હતો. એ ભાઈ ગુજરાત રાજ્યમાં આવ્યો અને આપણે IKDRCમાં એક રૂપિયો લીધા સિવાય, બિલકુલ મફતમાં વ્યવસ્થા કરી છે. એના પરિણામે દેશના કેટલાયે પરિવારો અહીંયા આવીને વસ્યા છે. એ પરિવારોની સંખ્યા ખૂબ મોટા પ્રમાણમાં છે. અહીંયા ૩૫૦ જેટલા પરિવારો રહે છે. અહીંયા રહીને પોતાનું ડાયાલીસીસ કરાવે છે. ડાયાલીસીસ જીવનમાં કમ્પલસરી થતું હોય છે. દર્દીની સાથે બીજો વ્યકિત જાય, થોડી ઘણી સારવાર આપી પછી એનું આખું બ્લડ નવું ફ્રેસ થાય, પછી એને લઈને આવવું, દર્દીને વિકનેશ લાગવી પણ સામાન્ય રીતે એ વ્યકિતને જીવાડવાનો જ હોય છે. એ નાનું-મોટું કામ બાકીના દિવસોમાં કરી શકે. એના સાતમાંથી બે કે ત્રણ દિવસ ડાયાલીસીસમાં જાય અને બાકીના ચાર દિવસ તે કામ કરે. ગુજરાત રાજ્ય એવી વ્યકિતને કોઈપણ રીતે જીવાડવા માટેની મથામણ કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના આરોગ્ય વિભાગનું બજેટ વર્ષ ૨૦૦૧-૦૨માં રૂપિયા ૯૭૨ કરોડ હતું. એટલે કે એ વખતનું જે કુલ બજેટ હતું એનું ૨.૬ ટકા હતું. બજેટમાં ફકત રાજ્યના આરોગ્યની જે ચિંતા થતી હતી એ ૨.૬ ટકા થતી હતી. વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા ૧૫,૧૮૨ કરોડની જોગવાઈ કરી છે એટલે કે કુલ બજેટના ૫.૦૨ ટકા જોગવાઈ આરોગ્યની કરી છે. બીજાં રાજ્યોની વાત કરીએ તો, પંજાબમાં ૨.૪૩ ટકા છે. રાજસ્થાનમાં ૩.૯૯ ટકા છે. મહારાષ્ટ્રમાં ૨.૬૮ ટકા છે. તેલાંગણામાં ૪.૨૭ ટકા છે. મારી પાસે બધા જ આંકડા છે પણ આખા દેશના મારે બોલવા નથી. ગુજરાત રાજ્યે વર્ષ ૨૦૨૦-૨૧માં નીતિ આયોગના S D G એટલે કે ઈન્ડિયા સકસેસના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલમાં, સારા સ્વાસ્થ્ય અને સુખાકારીના આરોગ્યને લગતાં સૂચિકાંકોમાં સતત સુધારો કરી આજે આપણે દેશના મોટા રાજ્યોમાં પહેલા નંબરે છીએ. આપણે વર્ષ ૨૦૦૧માં ૬૫ વર્ષ જીવતા હતા. હવે ૭૧ વર્ષ જીવતા થયા છીએ. વર્ષ ૨૦૨૧માં દેશના લોકોની જે સરેરાશ ઉંમર હતી એમાં પણ આપણે આગળ છીએ. વર્ષ ૨૦૦૧માં માતા મૃત્યુ દર ૧૭૨ હતો એ ઘટીને ૫૭ થયો છે. વર્ષ ૨૦૦૧માં બાળ મૃત્યુ દર ૬૦ હતો જે વર્ષ ૨૦૨૦માં ૨૩નો થયો છે. વર્ષ ૨૦૨૩માં S T B એ જે ગોલ આપ્યા છે તેને આપણે વર્ષ ૨૦૨૩ની મધ્યમાં પકડી રહ્યા છે અને પૂરા કરી રહ્યા છીએ. ભારતમાં માતા મૃત્યુ દર ૯૭ છે જયારે આપણે ૫૭ ઉપર છીએ. આપણે બાળ મૃત્યુ દર ઘટાડવામાં સૌથી સારી કામગીરી કરી રહ્યા છીએ. આપણે ત્રીજા નંબરે છીએ. દેશમાં માતા મૃત્યુ દર ઘટાડવામાં આપણું સારું પરર્ફોમન્સ થઈ રહ્યું છે અને હજી પણ આપણે ગોલ બનાવ્યો છે કે, કે આવતા વર્ષમા અહીંયા છીએ, ત્યાંથી અહીંયા પંહોચીશું. અહીંયા પંહોચીશું. આપણે કંયાય અટકતા નથી. આપણે એક ગોલ સાથે આપણું ગુજરાત આગળ ચાલી રહ્યું છે, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, જે એમ. એમ. આર. અને આઈ. એમ. આર. એ બન્ને દરમાં આપણે પાછળ છીએ. આવતાં વર્ષોમાં આપણે ખૂબ સારી સિદ્ધિ હાંસલ કરીશું.

ફાલ્ગુન ૨૫, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય રસીકરણ દિવસ છે. ૯૫ની સાલમાં શરુ થયેલ દેશનું પોલિયો રસીકરણ, એ આપણે પરંપરાગત મિશન ઇન્દ્રધનુષના અંતર્ગત જે રસીઓ આપીએ છીએ. એવા પણ કંઇક નવા બે ત્રણ પ્રકારના રોગો ના થાય એવી વાત ઉમેરી છે. સંપૂર્ણ રસીકરણ આપણી આશા બહેનો, આપણો સ્ટાફ કરી રહ્યો છે. આરોગ્ય પરિવાર કરી રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, કોવિડના રસીકરણમાં પણ મેં કહ્યું તેમ સૌથી સારું પરફોર્મન્સ કર્યું છે. સાહેબ, સિવિલ મેડિસિટી કન્સેપ્ટ આપણા અમદાવાદમાં આદરણીય નરેન્દ્રભાઇએ મૂકયો હતો કે એક જ જગ્યાએ સુપર સ્પેશિયાલિટી ફેસેલિટી એટલે કે ક્રિટીકલ કેર માટે, જેમાં સૌથી વધારે મુશ્કેલી પડે, એવા બધા રોગોની સારવાર એક જ જગ્યાએ થાય. રાજયમાં આપણી પાસે એ વખતે જે બજેટની જોગવાઇ હતી. અમદાવાદને ડેવલપ કર્યું. આ વખતે પણ એમના બાકી રહેલા નાના મોટા સ્વપ્નોને આપણે પૂરા કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હવે તો અમદાવાદ જ નહીં. બરોડા, સુરત, જામનગર, ભાવનગર, રાજકોટ દરેક જગ્યાએ. આપણા માટે ઝોન વાઇઝ. આવતાં વર્ષોમાં જે અમદાવાદનું સપનું સાહેબે જોયું હતું. શ્રી ભૂપેન્દ્રભાઇ અને શ્રી કનુભાઇ એ સપનું જોઇ રહ્યાં છે કે આવતાં ૫ વર્ષની અંદર અને આવતાં ૧૦ વર્ષની અંદર એક રસ્તો બનાવવો છે, કે દરેક ઝોન વાઇઝ સારામાં સારી સારવાર એક જ જગ્યાએ મળે. ઝોન વાઇઝ મળે. બજેટની જોગવાઇઓ તો આમાં આપેલી જ છે. માનનીય અધ્યક્ષશ્રી. આ શરુઆત છે, પણ એ દિશામાં 'હમ ચલ પડે હૈ'. એ દિશામાં અમે ચાલી નીકળ્યા છીએ અમે. ઝોનવાઇઝ કોઇને દક્ષિણમાં રહેતો વાપીથી નીકળેલો માણસ અમદાવાદમાં કેન્સરની સારવાર ના લે. વાપીથી નીકળેલો માણસ, અમદાવાદમાં એને હાર્ટની સારવાર લેવા ના આવવું પડે. આ પ્રકારની વ્યવસ્થાઓ. સુરતથી ત્યાં પતી જાય. મધ્ય ગુજરાતમાં બરોડાથી પતી જાય. રાજકોટમાં તો એઇમ્સ છે. એના સિવાય ભાવનગર, જામનગર અને રાજકોટની અંદર પણ એઇમ્સ સિવાયની સગવડોનો જો વિકાસ થાય તો આવતા સમયમાં આરોગ્યની જે સુવિધાઓ..(અંતરાય) અમદાવાદ ઉત્તર ગુજરાતમાં અમે ગણીએ છીએ. ઉત્તર ગુજરાત. તમારું અમદાવાદનું રજવાડું જો તમે જુદું ગણતા હોય તો શ્રી શૈલેષભાઇ, એ જુદો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતમાં અમદાવાદ, મધ્ય ગુજરાતમાં બરોડા, દક્ષિણ ગુજરાતમાં સુરત, રાજકોટ, ભાવનગર અને જામનગર એ સૌરાષ્ટ્રને દૈદીપ્યમાન કરે એ રીતની વ્યવસ્થા અમે વિચારી છે. માનનીય અધ્યક્ષશ્રી, મમતા દીદીએ તો હમણા ના પાડી દીધી. આપણે અહીંયા આઇ.કે.ડી.આર.સી.માં અને હવે એ કુટુંબ અહીંયા જ રોકાઇ ગયું. માનનીય અધ્યક્ષશ્રી. કિડની ડાયાલીસીસ પ્રોગ્રામ. વન સ્ટેટ-વન ડાયાલીસીસ. સાહેબ આપણે ખૂબ સારી રીતે ચાલુ કર્યો છે. ખૂબ સારો એને પ્રતિસાદ પણ મળી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ ડાયાલીસીસમાં આપણા ગુજરાતમાં ૨૭૨ કેન્દ્રો છે. જયાં આગળ તમે જાઓ અને ડાયાલીસીસ થઇ જાય. આંધ્રપ્રદેશમાં કેવળ ૩૯, રાજસ્થાનમાં ૩૪, બિહારમાં ૩૭, પંજાબમાં ૩૩ અને સાહેબ, દિલ્હીમાં જે પેલા મોડલની વાત કરે છે ને, એ તો કેવળ ૭ જ છે. સાત જ છે. બે કરોડનું દિલ્હી અને સાત. છ કરોડનું ગુજરાત. ૨૭૨. બસ્સો બોંતેર આપણે ત્યાં કિડની ડાયાલીસીસ સેન્ટર છે. ગુજરાત ડાયાલીસીસ પ્રોગ્રામ હેઠળ ગુજરાતમાં ડાયાલીસીસ સારવારની ગુણવત્તા અને ઉપલબ્ધતાના પરિણામે ૩૫૦ જેટલા દર્દીઓ, જેમ મેં પહેલા કહ્યું તેમ સાહેબ, અહીંયા ગુજરાતમાં સ્થાયી થઇ ગયા. રાજસ્થાનના ૧૫૦, મહારાષ્ટ્રના ૪૯, મધ્ય પ્રદેશના ૯૪, ઉત્તર પ્રદેશના ૧૮, આંધ્ર પ્રદેશનું ૧, બિહારના ૧૦, છત્તીસગઢના ૨, દાદરા એન્ડ નગર હવેલીના ૨, દમણ એન્ડ દીવ ૧૨, દિલ્હીથી ૩, હરિયાણાથી ૪, ઝારખંડથી ૨, કર્ણાટકથી ૧, કેરાલાથી ૧, ઓરિસ્સાથી ૧, પંજાબથી ૧, તમિલનાડુથી ૧ અને પશ્ચિમ બંગાળથી ૧. એ લોકોએ ગુજરાતમાં રહેવાનું ચાલુ કર્યું, કારણ કે ત્યાં વ્યવસ્થા નથી. વ્યવસ્થા એમને ગુજરાતમાં મળે અને જયાં રહે ત્યાં નજીકમાં મળે. એ રીતનું એમને માળખું મળ્યું અને પરિણામે ૩૫૦ કુટુંબો તો કેવળ કિડની ડાયાલીસીસ માટે. સાહેબ, કેન્સર માટે પણ લગભગ ૩ થી ૪ હજાર કુટુંબો નિયમિત જે સારવાર લેવા આવતા હતા. હવે અહીંયા મકાન ભાડે રાખીને રહેતા થઇ ગયા. હાર્ટ માટે તો આવે અને હોસ્પિટલમાં જાય એટલે તરત જ એને સારવાર મળી જાય, પરંતુ કેન્સરની સારવાર મોંઘી અને લાંબી હોય છે. પરંતુ આપણી સિવિલમાં સસ્તી અને મફત હોય છે, એટલે અહીંયા આવે, મકાન ભાડે રાખીને રહે અને અહીંયા જ સિવિલમાં સારવાર કરાવે, રાજસ્થાનથી આવે, મધ્યપ્રદેશથી આવે, મહારાષ્ટ્રથી આવે, આમ ૩૨ ટકા લોકો જી.સી.આર.આઇ.માં બીજાં રાજયમાંથી આવે છે. હાર્ટની અંદર ૧૦થી ૧૨ ટકા અને બાકીના રોગોમાં પણ એવરેજ ૨૫ થી ૩૦ ટકા લોકો અમદાવાદ બહારથી અને રાજય બહારના લોકો અહીં આવીને ટ્રિટમેન્ટ લે છે. એટલે ગુજરાતનું ઇન્ફ્રાસ્ટ્રકચર, ગુજરાતના ડોકટરો અને ગુજરાતની સરકાર ઉપર વિશ્વાસ છે. અહીંયા સારવાર શ્રેષ્ઠ મળશે, શ્રેષ્ઠની સાથે અમારું ખીસ્સુ કપાઇ નહીં જાય, અહીંયા પી.એમ.જે.વાય. કાર્ડ ચાલશે, સાહેબ દિલ્હીમાં તો ચલાવતા નથી. બંગાળમાં ચલાવતા નથી, ત્યાં આ પી.એમ.જે.વાય. આયુષ્યમાન કાર્ડ ન ચાલે, એમણે બનાવેલું જ કાર્ડ ચાલે, કેન્દ્ર સરકાર ત્યાંથી પૈસા મોકલે, ૬૦ ટકા રૂપિયા આપે એ.સી.સી.સી. ડેટા પ્રમાણે, એ લેવાની તૈયારી પણ નથી. મોદી સાહેબ આપે એટલે એમને એમ કે બધું પૂરું થઇ જશે. જેમ નર્મદાનું થયું એમ. એ જ રીતે આ ૩ રાજયો આયુષ્યમાન કાર્ડના ૬૦ ટકા રૂપિયા મોદી સાહેબ આપવા માગે છે કે તમે લઇ જાઓ, અને ડોકટરની સેવા આપો, પણ એ લેતા નથી. અહીંયા આપણું જે ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું થયું છે એ ઇન્ફ્રાસ્ટ્રકચરમાં પ્રાઇવેટ હોસ્પિટલો પણ છે. બિહારમાં નથી, દિલ્હીમાં કદાચ મને ખ્યાલ નથી, અહીંયા આંકડા છે હું જોઇ લઉં છું. ત્યાં પણ પ્રાઇવેટ નહીં કેવળ સરકારી જ માળખું, મમતા દીદીના રાજયમાં પણ કેવળ સરકારી, અને જે એ.સી.સી.સી. ના ડેટામાં આવે છે એ જ લોકોને સારવાર આપવાની, અહીંયા તો

'મા' અને 'મા વાત્સલ્ય કાર્ડ' થકી ૪ લાખથી ઓછી આવક જેની છે એ બધાને જ આરોગ્યની સગવડ મળે એ પ્રકારની વ્યવસ્થા છે, આજે ૧ કરોડ અને ૭૮ લાખ લોકોને અલગ અલગ કાર્ડ આપી દીધા છે. 'મા' અને 'મા વાત્સલ્ય' અને પી.એમ.જે.વાય. ના કાર્ડ મારફત આપણે ૮૦થી ૯૦ લાખ પરિવારને આજે પણ સેવા આપી રહ્યા છીએ. આ ૪ લાખથી નીચે 'મા' અને 'મા વાત્સલ્ય કાર્ડ' ને પણ આપણે ઇન્ટીગ્રેડ કરીને આયુષ્યમાન કાર્ડ સાથે જોડવાના છીએ. જેથી કરીને ભવિષ્યમાં માનો કે કેન્દ્ર સરકાર પોતાની રીતી નીતિ બદલે તો બધાને ફાયદો થાય. એ પ્રકારનું કાર્ડ આપણે ગુજરાતમાં આપીએ છીએ. એ.સી.સી.સી. ડેટા પ્રમાણે તો રૂપિયા આપી જ દે છે. પૂછતા પણ નથી કે તમે આપ્યું કે ન આપ્યું, આ કેન્દ્ર સરકારની ઉદારતા છે. આપણને આટલા રૂપિયા ૬૦ ટકા પ્રમાણે મળે અને બાકીનો ભાગ રાજયના મુખ્યમંત્રી, રાજયની સરકાર પોતાના ખભા ઉપર લઈ સામાન્ય નાગરિકને દવાખાના સુધી પહોંચાડવાનું કામ જયારે કરતા હોઈએ ત્યારે મને ખૂબ જ આનંદ છે કે આરોગ્ય વિભાગનું આટલું મોટું સુદૃઢ અને સુનિયોજીત માળખા વાળા વિભાગમાં જયારે મને મંત્રી તરીકે કામ કરવાનો મોકો મળ્યો છે ત્યારે આ આરોગ્ય કર્મીઓ સાથે કામ કરીને મને ખૂબ આનંદ થાય છે. ૮૦ કરોડ જેવા જી.સી.આર.આઈ. માં ૮૦થી ૮૫ કરોડ રૂપિયાનાં સાધનો, આખા ગુજરાતમાં નહીં પણ આખા ભારતમાં ન હોય તેવા પાંચ સાધનો કેન્સરની સારવાર માટે અપાતાં હોય, નામો છે, વિગતો છે, પણ ડીટેઇલમાં હું નહીં જાઉ, મેડિસિટીનો વિષય છે એમાં મેં વાત કરી, મેં મોટી મોટી વાત એટલા માટે કરી, ડીટેઇલ બહુ છે, આંકડા પણ છે. ૧૨૦૦ બેડની હોસ્પિટલ કોવિડમાં પણ આપણને કામમાં આવી. અને અમુક રોગો મૂત્રાશયની કોથળીમાં જયારે બાળક જન્મે એટલે જન્મજાત એને ખોડ હોય તે ઓપરેશન રૂપિયા ૧૦ લાખ ઉપર જાય, આપણે અહીંયા મફત કરીએ છીએ. અને ૮થી ૧૦ કલાક ચાલે છે એને પણ આપણે આવરી લઈએ છીએ. સંભળાતું ન હોય, બાળક જન્મે એટલે કુટુંબમાં ઉત્સવ હોય, પણ ચાર, પાંચ કે છ મહિના થાય અને મા-બાપને ખબર પડે કે મારું બાળક, આ દીકરો કે દીકરી સાંભળતી નથી, એના માથે આખી દુનિયા ફરી જતી હોય તેવું લાગે, અને એવા સમયે જે સારવાર પ્રાઇવેટ દવાખાનામાં રૂપિયા ૧૦ લાખ ઉપર થાય એ સારવાર આપણા સરકારી દવાનામાં બિલકુલ મફત આપીએ છીએ. અને લગભગ ૩ હજાર જેટલાં બાળકોને એ સારવાર આજ સુધીમાં આપણે આપી ચૂકયા છીએ. એ જ રીતે અંધત્વ નિવારણમાં પણ કુલ ૩૦ ટકા, હું આ આંકડા નહીં વાંચું, કારણ કે આંકડા વાંચીશ તો એમને એમ થશે કે આ ગુજરાતના ગુણગાન ગાય છે. આપણે બધા ભેગા થઈને ગાઈએ. કારણ કે આંકડા બધા છે.

અધ્યક્ષશ્રી : તમારી પાસે ડોક્ટર જેટલી જ માહિતી છે. એટલે હવે ઘણા બધા ડો. ઋષિકેશ પટેલ પણ કહેશે. ખૂબ સારી રીતે માહિતી આપી રહ્યા છો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : શૈલેષભાઇ નહીં કહે ત્યાં સુધી નહીં માનું.

અધ્યક્ષશ્રી : ઓફિસમાં તમે બે મિત્રો મળશો ત્યારે તમને શૈલેષભાઇ કહેશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : મારા ખાસ મિત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણા આંકડા છે પણ આંકડા ઉપર નથી જતો. જામનગરની વાત, રાજકોટ, સુરત, ભાવનગરની વાત આંકડા સાથે છે. મુખ્ય વાતો જ કરી રહ્યો છું. સ્નાતકોની સંખ્યા. એ હું એટલા માટે કહીશ કે આવતી પેઢીને સારવાર માટે ડોક્ટરોની જરૂર છે. હાલ ૩૬ મેડિકલ કોલેજ જ ગણીએ છીએ. ૬૩૫૦ સીટ છે, પંજાબમાં ૧૭૫૦, રાજસ્થાનમાં ૫૦૦૦, વેસ્ટ બેંગાલમાં ૪૮૦૦, બિહારમાં ૨૫૬૨ એટલે આ સાત કોલેજો આવતાં વર્ષોમાં આપણે શરૂ કરીએ એટલે બીજી ૭૦૦ સીટો એડ થાય. એટલે ૭૦૫૦ જેટલી સીટો એમ.બી.બી.એસ.ની અને એમ.બી.બી.એસ.ની સીટ થાય એટલે પી.જી.ની સીટ પણ વધે. સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરની સીટ વધે. ડિગ્રી ડોક્ટરોની પણ સંખ્યા આપણે વધારી શકીએ. એ રીતની વ્યવસ્થા તરફ ગુજરાત જ્યારે આગળ વધી રહ્યું છે. હજુ ઘણું બધું છે.

અધ્યક્ષશ્રી : હજુ આઇ.પી.ડી., ઓ.પી.ડી. બાકી રહી ગયું. ઇન્વેસ્ટીગેશન ડિલિવરી બાકી રહી. કાયદા વિભાગ પણ બાકી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આરોગ્ય વિભાગમાં સબ સેન્ટર, પી.એચ.સી., સી.એચ.સી., સબ ડિસ્ટ્રક્ટ હોસ્પિટલ, ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ આ માળખું અને તેની સાથે મહેકમનું માળખું આ બન્ને પેરેલલ જ્યારે ચાલતા હોય ત્યારે આરોગ્ય માટે આ જે જોગવાઇ છે એ કાપ દરખાસ્ત માટે નથી અને ૧૦૦ રૂપિયાની કાપ દરખાસ્ત. ૧૦૦ રૂપિયા એક દર્દીના કામમાં પણ જો આવી જાય તો તેનું જીવન બચી જાય. આરોગ્ય વિભાગ છે, આખા ગુજરાતની ચિંતાનો વિષય છે એટલે હું કટાક્ષમાં નથી કહેતો, પોલિટિકલ ઓબ્ઝર્વેશનથી વાત નથી કરતો. ગુજરાતના આરોગ્ય વિષે જે કોઇ સજેશન કરવાપાત્ર હોય તે ચોક્કસ કહેજો. સરકાર, મુખ્યમંત્રી કે નાણામંત્રી ક્યારેય પણ કોણે કહ્યું નહીં પણ ગુજરાતની જનતા માટે કહ્યું એટલું જ અમારા માટે મહત્ત્વનું છે એટલે આરોગ્યની માગણીને આપ સૌ સર્વસંમતિથી પસાર કરો એવી વિનંતી કરું છું.

કાયદા વિભાગની વાત કરી લઉં. વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૦૧૪ કરોડ રૂપિયા ફાળવેલ છે. એ પૈકીની ૬૦ નંબરની માગણી ૧૪૬૯.૦૮ કરોડની માગણીઓ હું ગૃહ સમક્ષ મૂકી રહ્યો છું. ભારતના લોકલાડીલા વડાપ્રધાનના માર્ગદર્શન નીચે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની રાહબરી હેઠળના ડબલ એન્જિનની સરકારના ઋગવેદના પ્રાચીન શ્લોક. સાહેબ, આમેય આ મને ઓછું ફાવે છે પણ એમ થયું કે આ કહીએ. બધાને મજા આવે. કદાચ છેલ્લે છેલ્લે ઉંઘ આવી જાય તો વળી પાછા જાગતા થાય. ''**ॐ सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः। सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग्भवेत्।**'' એટલે જનરલી આ બોલાતું હોય છે એ આદર્શોને વરેલી સરકાર છે.

અધ્યક્ષશ્રી : ''**ॐ सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः। सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिदुःखभाग्भवेत्।**'' આરોગ્યનું બરાબર છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : એટલે કે રાજ્યની તમામ પ્રજાની સુખાકારી, પ્રજા હક્કોના રક્ષણ માટે કાયમ તત્પર રહેતી સરકાર છે અને લેજીસ્લેટીવ, કાયદો એટલે ન્યાયતંત્ર અને મીડિયા એ કોઇ પણ સરકાર અને કોઇ પણ રાજાને જાગતા રાખવા માટેનું મહત્ત્વનું સાધન છે. જ્યારે પણ કોઇ ઇન્ટરપ્રિટેશન થતું હોય એ છેવટે ન્યાયપ્રણાલિકા પર છે. સાહેબ, શાંતિ-સલામતીનો વિષય આવે એટલે સ્વાભાવિક કોઇ પણ રાજ્યની શાંતિ-સલામતી એનો કાયદો કેવો છે તેના ઉપર આધારિત હોય છે.મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાતની અંદર કયાંય પણ આખા ગુજરાતમાં, પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણના ગુજરાતમાં કાયદાની પરિસ્થિતિ સારી છે, ઠીક છે કોઇ બે જણા ઝઘડયા હોય, કોઇકનો દોરો લૂંટી લીધો હોય, કોઇ બે છોકરા ભાગી ગયા અને બળાત્કારની ઘટના બને, કોઇક જગ્યાએ થાય પરંતુ એકંદરે મારી માતા દીકરી, મારી બહેનને આજે પણ રાત્રે બે વાગ્યે ફરવું હોય તો ફરી શકે. દીકરી શિક્ષિકા થઇ હોય, નર્સ થઇ હોય તો સ્કૂટી લઇને એકલી સર્વિસ ઉપર જઇ શકે એ પણ આદિવાસી વિસ્તારમાં એ પ્રકારનું વાતાવરણ છે અને એ થયું એની પાછળનું એકમાત્ર કારણ હોય તો કડક શાસન અને આદરણીય મોદી સાહેબે જે રીતે દાબ અને દંડો પછાડયો કે અહીંયાથી કોઇ ચમરબંધી હલી નહીં શકે એ છાપની વાત કરું છું અને કોઇ પોપટ પણ બોલી નહીં શકે, કોઇ પોપટને પણ ખોટું બોલવાની છૂટ નહીં એ પ્રકારનું વાતાવરણ સર્જાયુ છે.

અધ્યક્ષશ્રી : આમાં પોપટ કયાં આવ્યો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : પોપટ સાહેબ વર્ષ ૨૦૦૭થી ૨૦૧૨માં હતો. વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૨માં પોપટ હતો, પોપટ ઉડી ગયો ગેનીબેન, આ પોપટની વાત છે. આ બીજા બધાને પલ્લે નહીં પડે. વિષય એટલો જ છે કે ન્યાય પ્રણાલિકાને વખતોવખત આપણે મજબૂત કરતા રહ્યા છીએ. હાઇકોર્ટ હોય તો હાઇકોર્ટના ન્યાયાધીશોને જે સગવડ જોઇએ, ન્યાય તોળવા માટે જે ટેકનોલોજીની સગવડો જોઇએ કે જે પ્રકારના મેનપાવરની સગવડ જોઇએ, જે પ્રકારના બિલ્ડિંગોની સગવડ જોઇએ આપી છે, કારણ કે છેવટે તાલુકાથી જિલ્લા અને જિલ્લાથી હાઇકોર્ટ સુધી આ આખી હેરારકી છે અને આ હેરારકીમાં જયારે ન્યાય લેવાની શરૂઆત થાય, આપણે ત્યાં તાલુકા સુધી પોતાના મકાનો બનાવી દીધા છે. ખાલી જોટાણાનું જ તાલુકા લેવલે બાકી છે બાકી દરેક તાલુકા લેવલે આપણે આ મકાનો બનાવવામાં, કોર્ટો ચાલુ કરવામાં સફળ રહ્યા છીએ. ડિસ્ટ્રિક્ટ કોર્ટો પણ દરેક જગ્યાએ બની ગઇ છે. કેવળ ડાંગમાં નથી બાકી બધી જ જગ્યાએ આપણે ડિસ્ટ્રિક્ટ કોર્ટ પણ બનાવી દીધી છે. હાઇકોર્ટની સગવડ પણ સુંદર છે. જે તે વખતે શ્રી એમ. આર. શાહ અને સુપ્રીમકોર્ટે પણ ઓબ્ઝર્વેશન કર્યું હતું કે ન્યાય પ્રણાલી જોવી હોય તો ગુજરાત જાવ. ઉત્તરપ્રદેશથી પણ આપણું ઇન્ફ્રાસ્ટ્રકચર, આપણી વ્યવસ્થાઓ જોવા માટે ત્યાંથી લોકો આવ્યા હતા. આ હું જે વાત કરી રહ્યો છું એ હું પેપર ઉપરની વાત કરી રહ્યો છું એ પ્રકારની ન્યાય વ્યવસ્થા આપણા રાજયમાં થઇ છે અને ટોટલ રૂ. ૨૦૧૪ કરોડની માગણી છે એ માગણી રૂ. ૧૪૬૯ કરોડની જ છે એ પર્ટીકયુલર વિષય માટે છે, પરંતુ એકંદરે આ જે માગણીઓ છે, ઘણા બધા મિત્રોએ કાયદા માટે વાત કરી, ચિંતા પણ કરી છે તો આ ૧૪૬૯ કરોડ રૂપિયા જે છે એ ન્યાય પ્રણાલીને મજબૂત કરવાના અને વખતોવખત આ રૂપિયા લોકો માટે જ ખર્ચાવાના છે. સારા જજો હશે, સારા મકાનો હશે, બેસવાની સગવડ હશે, અંતે તો ન્યાય ગુજરાતના નાગરિકને મળવાનો છે અને જ્યુડિશિરીએ આપણે અલગ જ રાખ્યું છે અને અલગ છે જ. બંધારણમાં પણ અલગ છે. એને કેવળ સારા પ્લેટફોર્મની જરૂર છે અને એ પ્લેટફોર્મ પૂરું પાડવાનું કામ ગુજરાત સરકાર કરી રહી છે એનો મને આનંદ છે.

અધ્યક્ષશ્રી : સાંધ્ય કોર્ટ અને ફાસ્ટટ્રેક કોર્ટ આ બે પૂરતું મને એમ છે કે બાકી રહી ગયું લાગે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : જી, ફાસ્ટ્રેકની પણ વાત કરી લઉં. ન્યાયાધીશોનું ૧૫૮૨નું મહેકમ તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મંજૂર કરી દીધું છે. ડેઝીગ્નેટેડ અને સ્પેશિયલ કોર્ટ મળીને ૬૯૮ ન્યાય પ્રણાલીનું માળખું લોકોની સેવા માટે કાર્યરત છે. ડિસ્ટ્રિક્ટ જજની ૭૫ નવી જગ્યા આપણે ઊભી કરી છે. રાજયના ૨૫ જિલ્લાઓમાં એટ્રોસિટીની ૨૫ નવી કોર્ટો, ૫ એન.ડી.પી.એસ.ની અલાયદી એકસકલુઝીવ કોર્ટ અમદાવાદ, કચ્છ, સુરત, બરોડા અને બનાસકાંઠા, ૧૩૮ના કેસો એમાં પણ અમદાવાદ સિટી સિવિલ રાજકોટ, સુરત, બરોડા ખાતે બે બે એકસલુઝીવ નેગોસીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ કલમ ૧૩૮ એપેલેટ કોર્ટ, આમ જે નાના નાના ગુનાઓના કેસોનો ભરાવો થઇ જાય, બહુ બધું એમણે કહ્યું, હું આકડા આપેત પણ એ પોતે હાજર નથી રહ્યા, કહેવા ખાતર કહ્યું હશે અને નીચે જઇને બાઇટ આપી હશે, એમનો વિષય ત્યાં પતી જાય છે પરંતુ હકીકત જુદી છે. પોસ્કો માટે જે સ્ટેશનમાં સો કરતા વધુ કેસ હોય ત્યાં અલાયદી કોર્ટ અને વર્ષ ૨૦૨૩-૨૪માં સિનિયર સિવિલ જજની ૨૫ નવી જગ્યાઓ. રોકાણકારો કે ઉદ્યોગ સાહસિકોને ઔદ્યોગિક મામલે થતી તકરારનો સાહજિક નિકાલ મળી રહે તેવું વાતાવરણ થયું છે. વર્ષ ૧૯૯૫-૯૬ની સરકાર હતી ત્યારે બધું થઇને રૂપિયા ૪૮ કરોડ હતા, આજે રૂપિયા ૨ હજાર કરોડે છીએ. વર્ષ ૨૦૦૧-૦૨માં રૂપિયા ૧૧૬ કરોડ હતા, આજે સીધેસીધા આંકડાઓ કહે છે. ન્યાયિક હક્કો માટે આપણી સરકાર જાગૃત છે. બિલ્ડિંગોમાં ડિઝિટલાઇઝેશન થઇ રહ્યું છે. હવે હાઇકોર્ટમાં વીડિયો કોન્ફરન્સથી જેમ સરકાર ઓપન છે, ટ્રાન્સપરન્ટ રીતે કામ કરે છે. કોર્ટોની અંદર પણ પહેલા વિષય એવો હતો કે દરબાર ભરાતો. દરબાર એટલે બધા જ લોકો હાજર હોય અને રાજા ન્યાય તોળે. અત્યારે હાઇકોર્ટમાં યુ-ટયૂબ ઉપર પ્રસારણ થઇ શકે, લોકો જોઇ શકે એ રીતે દરબાર. તમારો ન્યાય, તમારા વકીલ શું બોલે છે, સામેના વકીલ શું બોલે છે, શું દલીલો થાય છે, શું જજ થાય છે એ પ્રકારનું વાતાવરણ ઊભું થયું છે.

ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં, પી.ડી.જે. કોર્ટમાં પણ એ વ્યવસ્થા ચાલુ થઇ છે. વારંવાર ગૃહની વાત કરી રહ્યા છે. ગૃહની વાત આપણે બહાર ડીબેટ કરીશું. કેવી રીતે લાઇવ થાય, કેવી રીતે ન થાય. (અંતરાય) મેસેજ તો સરસ જ ગયો છે.

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, બેઠા બેઠા કોમેન્ટ નહીં કરીએ. (અંતરાય) સારી વાત પછી કરજો. માનનીય ધારાસભ્યશ્રીઓને સલાહ આપવાનો પૂરતો અધિકાર છે પણ પત્ર લખીને પણ આપી શકશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આમ, ટેકનોલોજીનો પૂરતો ઉપયોગ થતો થયો છે. દરેક જિલ્લાવાર ચેરિટી તંત્ર ગોઠવાતું જાય છે. લગભગ આઠેક જિલ્લા બાકી છે. આવતા સમયમાં એ પણ આપણે પૂરા કરીશું. ત્યાં આગળ જેટલા કેસો નોંધાયા છે અને જે કાંઇ નાની મોટી ફરિયાદો હતી એના ઝડપી નિકાલની ઝુંબેશ કરી છે. જે કેસો ચાલતા હોય અથવા જે ચુકાદાઓ હોય એનું ડિઝિટલાઇઝેશન કરીને કોઇપણ જોઇ શકે એ રીતની વ્યવસ્થા ચેરિટી તંત્રમાં આપણે કરી રહ્યા છીએ. એમાં ટ્રસ્ટ, ફેરફાર રિપોર્ટ, ટ્રસ્ટના વાર્ષિક હિસાબો, મિલકત ઘણી બધી વાતો છે એને ટેકનોલોજીમાં આપણે આવરી રહ્યા છીએ. વકીલોને પણ આપણે આવરી લીધા છે. ૫ કરોડ રૂપિયા આપણે વકીલો માટે એમના બાર કાઉન્સિલને આપી રહ્યા છીએ. કોરોનામાં ૬ કરોડ રૂપિયા આપ્યા હતા. ઇન્ફ્રાસ્ટ્રકચરની અંદર પણ વખતોવખત આપણે ચિંતા કરતા રહ્યા છીએ ત્યારે આરોગ્ય અને ન્યાયતંત્ર આ બન્નેની માગણીઓ મારા મિત્રો ખાસ દરખાસ્ત મૂકે તો આનંદ થશે. તમારી જે કોઇ લાગણી ને માગણી હોય અથવા જરૂરિયાતના સારા પોઝિટિવ સજેશનો હશે તો સરકાર બિલકુલ પોઝિટિવલી તૈયાર છે. ધન્યવાદ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં અમુક રેર ડિસીઝ એવા હોય છે કે એની સારવાર અત્યંત મોંઘી હોય છે. ઇવન મધ્યમવર્ગના લોકોને પણ એ પરવડી શકે એમ ન હોય અને લાખો કે કરોડો રૂપિયાનો ખર્ચ થતો હોય છે. રેર ડિસીઝને ટ્રીટ કરવા માટે ભારત સરકારની પોલિસી છે પણ આપણે ત્યાં રેર ડિસીઝને કેવી રીતે માનનીય આરોગ્ય મંત્રીશ્રી (અંતરાય)

અધ્યક્ષશ્રી : અહીંયા સંભળાય છે અને નોટિંગ પણ થાય છે. અધિકારીશ્રીઓ પણ ત્યાં લખે છે અને અહીંથી નોટિંગ થાય છે એ ડિપાર્ટમેન્ટને પણ મોકલીશું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ રેર ડીસિઝને ટ્રીટ કરવા માટે ઘણી વખત આપણે એઇમ્સ, દિલ્હી કે મુંબઇમાં લીલાવતી કે ચેન્નાઇમાં ટ્રિટમેન્ટ કરવા જવું પડતું હોય છે. એની સારવાર અહીંયા ઉપલબ્ધ નથી હોતી. મેં આવો એક અનુભવ કરેલો. રેર ડીસિઝની સ્કીમ માટે એનો અમલ થાય અને દર્દીને રાહત થાય એના માટે ખૂબ પ્રયાસ કર્યા. પણ આપણા વહીવટી તંત્રની અંદર આને કેવી રીતે મદદ કરી શકાય એ એની જાણમાં ન હતું એટલે કમનસીબે અમારે ક્રાઉડ ફંડિંગ કરીને કરવું પડ્યું. મારી મંત્રીશ્રી વિનંતી છે કે રેર ડીસિઝ જે લોકોને હોય એની ટ્રિટમેન્ટ માટે એને મદદ કરવાની વ્યવસ્થા છે એ વ્યવસ્થા તંત્રમાં યોગ્ય ગોઠવણી કરવા માગો છો કે કેમ?

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને મારાં બે સૂચન છે. કાયદા વિભાગમાં પ્રેમલગ્ન કે કોર્ટ મેરેજ થાય ત્યારે લગ્નની નોંધણી થાય છે તેમાં સરકારે ગંભીરતાથી એવો નિર્ણય લેવો જોઇએ કે ફરજિયાત મા-બાપની સહી આપે, સંમતિ આપે. પંચમહાલમાં છોરા-છોરી ડાંગમાં જઇને નોંધણી કરાવી લ્યે. ડાંગમાં પંચમાં જઇને નોંધણી કરે આવા કાળા કાયદાને આખા સભાગૃહે ખૂબ ગંભીરતાથી લેવો જોઇએ. આપની અનુમતિ હોય તો આપની જગ્યાએ બેઠેલા અધ્યક્ષ સ્વ.શ્રી ઘીરૂભાઇ શાહ (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ જરા સીધા મુદ્દા ઉપર બોલો. કાયદો કોઇ પણ કાળો હોય નહીં. જે તે સમયે જરૂર હશે ત્યારે કાયદો બનાવ્યો હશે. આપનો સુધારો હોય એટલી જ વાત કરો.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : સાહેબ, સુધારો મારો એ છે કે, આ લગ્ન નોંધણીમાં ફરજિયાત મા-બાપની મંજૂરી અને અને જગ્યાની નોંધણી જે તે જગ્યાએ જન્મ્યાં હોય ત્યાં નોંધણી કરવામાં આવે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એમનો સીધો એવો પ્રશ્ન છે કે જ્યાં જન્મ્યા હોય ત્યાં નોંધણી કરે અને શક્ય હોય તો મા-બાપની સહી લે. આ બે વિષય છે. (અંતરાય) ચલો, આવી ગયું. આપ બેસો.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ આભાર માનું છું કે, રાજકોટની સાથે સાથે જામનગર માટે પણ સરકાર ચિંતિત છે. સુપર સ્પેશિયાલિટી ડિપાર્ટમેન્ટ અને યોગ્ય સારવાર મળી રહે તે માટે માનનીય મંત્રીશ્રી પાસે અપેક્ષા રાખું છું કે, જી.જી.હોસ્પિટલ અને એમ.પી.શાહ મેડિકલ કોલેજ એ જામનગરમાં સૌથી જૂનામાં જૂની અને જીવાદોરી સમાન હોસ્પિટલ છે. આજુબાજુના જિલ્લાઓમાંથી પણ ત્યાં રોજની ૧૫૦૦ થી ૨૦૦૦ ની ઓ.પી.ડી.ના કેસો આવે છે. આ પ્રશ્નને ધ્યાનમાં લઇને લેવલ ૩ એટલે કે ૫૦ બેડનું ટ્રોમા સેન્ટર મંજૂર થયેલ છે પણ ત્યાં કાર્યભારને ધ્યાનમાં રાખીને ઓછોમાં ઓછું ૧૫૦ બેડનું ટ્રોમા સેન્ટર જો સરકારશ્રી તરફથી અમને ફાળવવામાં આવે તો જામનગર માટે ખૂબ જ લાભાન્વિત સાબિત થશે. આભાર.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, અમારો નર્મદા જિલ્લો પછાત જિલ્લો છે અને એની આજુબાજુ છેક ડેડિયાપાડા, સાગબારા અને મહારાષ્ટ્રના નવાપાડા અને અલકકુવા સુધીના લોકો ત્યાં આરોગ્યની સુવિધા માટે આવતા હોય છે. હાલમાં જ ત્યાં મેડિકલ કોલેજ ચાલુ કરવામાં આવી છે એ માટે

માનનીય મંત્રીશ્રીનો હું આભાર માનું છું અને આ બધી વ્યવસ્થાની સાથે સાથે મારા નર્મદા જિલ્લામાં એક ટ્રોમા સેન્ટર ઊભું કરવામાં આવે, એક સીકલસેલ એનીમિયા માટે અલગ ઈન્સ્ટિટ્યૂટ ઊભું કરવામાં આવે એની સાથે એક કેન્સર ઈન્સ્ટિટ્યૂટ ઊભું કરવામાં આવે આ ત્રણ ઈન્સ્ટિટ્યૂટ મારા નર્મદા જિલ્લાની સિવિલ હોસ્પિટલ ખાતે ઊભું કરવામાં આવે તો નર્મદા જિલ્લાના લોકો માટે ખૂબ જ આશીર્વાદરૂપ બની રહેશે. આભાર.

અધ્યક્ષશ્રી : આમાં સીધા પ્રશ્ન ઉપર આવો. આમાં લાંબુ વર્ણન ન કરતા, સીધો પ્રશ્ન પૂછશો તો તમારા પ્રશ્નનો ઉકેલ થશે.

શ્રી ઉદયભાઈ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીનો આભાર માનું છું આમાં કાયદો-ન્યાય અને આરોગ્ય બંનેની વાત છે. રાજકોટમાં જામનગર રોડ ઉપર નવી સેશન્સ કોર્ટનું બિલ્ડિંગ એકદમ તૈયાર થઈ ગયું છે એ ક્યારે ચાલુ થશે? રાજકોટમાં ખૂબ જ મોટા ખર્ચે જનાના હોસ્પિટલ બાળકો માટે બનાવી છે એ જલ્દીથી શરૂ થાય એવી વિનંતી.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એક વિનંતી કરવા માગું છું કે, નવરચિત બોટાદ જિલ્લો બન્યો એને દસકો વીતી ગયો. આજ સુધી નથી સિવિલ હોસ્પિટલનું નિર્માણ થયું કે નથી મેડિકલ કોલેજ નિર્માણ પામી તો મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ટૂંક સમયમાં સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજનું નિર્માણ કરે અને સાથોસાથ જ્યાં સુધી સિવિલ હોસ્પિટલનું નિર્માણ ના થાય ત્યાં સુધી બોટાદ સોનાવાલા હોસ્પિટલને સિવિલનો દરજ્જો આપ્યો છે, પણ સિવિલ હોસ્પિટલ પ્રમાણે કોઈ પણ પ્રકારનું મહેકમ ફાળવવામાં આવ્યું નથી. એક પણ ઓર્થોપેડિક કે બાળકોના ડોક્ટર નથી. (અંતરાય) સાધનો પણ નથી.

અધ્યક્ષશ્રી : ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં પૂરતા ડોક્ટરો આપે અને એને સિવિલનો દરજ્જો આપે. સાધન સહિત વ્યવસ્થા કરે.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : હા, જ્યાં સુધી સિવિલ હોસ્પિટલ કે નવી મેડિકલ કોલેજ ના બને ત્યાં સુધી સોનાવાલા હોસ્પિટલને ડોક્ટરો ફાળવી દે એવી વિનંતી છે.

શ્રી હેમંતભાઈ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાનો સૌથી છેવાડાનો તાલુકો જામ-જોધપુર છે એમને સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ આપવામાં આવે અને હાલમાં પી.એચ.સી.નો સ્ટાફ છે એમાં ખાસ કરીને મેડિકલ ઓફિસરની બોન્ડ આધારિત ભરતી કરીએ છીએ. બોન્ડ આધારિત ભરતી કર્યા પછી બોન્ડના પૈસા ભરીને અધવચ્ચેથી જતા રહે છે. મોટાભાગે આગળનો અભ્યાસ કરવા માટે રજા પર ઉતરી ગયા હોય છે. હાલ જામજોધપુર તાલુકાના સાત ડોકટરોમાંથી બે જ ડોકટર ફરજ બજાવે છે. બાકી ચાર્જમાં છે તો બોન્ડવાળા ડોકટરની જગ્યાએ જી.પી.એસ.સી-૨ ના ડોકટરોની કાયમી ભરતી કરવામાં આવે અને બોન્ડની રકમ થોડી વધારી દેવામાં આવે જેથી અત્યારે જે પાંચ લાખ રૂપિયા બોન્ડની રકમ છે એ વધારી દેવામાં આવે તો અધવચ્ચેથી નોકરી છોડીને ન જાય એ મારું સજેશન છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, મેરેજ રજિસ્ટ્રેશન એકટ ૨૦૦૬ની અંદર રજિસ્ટ્રેશન લગ્ન નોંધણી કરાવવી પડતી હોય છે તો ડેસ્ટીનેશન મેરેજ જયારે થતા હોય છે. આજે ગુજરાતની અંદર ઘણાબધા ડેસ્ટીનેશન મેરેજ થાય છે. દા.ત. કોઈ ગોવા લગ્ન કરવા જાય છે તો ગોવામાં ત્યાંના સ્થાનિક લોકોનું જ રજિસ્ટ્રેશન થતું હોય છે તો ગુજરાતી લોકો ત્યાં ગયા હોય તો એનું રજિસ્ટ્રેશન થતું નથી તો એ લોકો જયારે અહીંયા આવે તો કાં તો એને ફરીથી લગ્નની વિધિ બતાવવી પડે અથવા તો ખોટું બતાવવું પડે. રજિસ્ટ્રેશન પણ એમણે કરાવવું આવશ્યક હોય છે તો આમાં આપણે સુધારો કરવો કે એમના દીકરા અથવા દીકરી એના પોતાના પૈતૃક ગૃહે પોતાના માતાપિતાની ઉપસ્થિતિમાં જો રજિસ્ટ્રેશન થઈ શકતું હોય તો એ કરવું જોઈએ.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે અમદાવાદની એસ.વી.પી. હોસ્પિટલ જેણે કોવિડમાં ખૂબ સારી સેવા કરી છે. છેલ્લા પાંચ વર્ષથી ૩૦૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચનો બોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપર પડે છે અને અમે રાજય સરકારને વિનંતી કરીએ છીએ કે આના માટે સ્પેશિયલ ૩૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવે તો એસ.વી.પી. નો ઉપયોગ થઈ શકે અને એરલિફટિંગ ફેસિલિટીનો સારો ઉપયોગ થઈ શકે.

શ્રી પ્રવિણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, એક સૂચન હતું કે આપણા ગુજરાતના દર્દીઓ દવાખાને જાય તો એની પ્રિસ્ક્રિપ્શન હિસ્ટ્રી રહે તો એ જયારે પણ બીજી કે ત્રીજીવાર દવાખાને જાય તો પાસ્ટમાં શું દવા થઈ એનો ડેટા તૈયાર કરવામાં આવે તો ફાયદો થઈ શકે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો હું આરોગ્ય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું કે મારા વિસ્તારની અંદર ટૂંક સમય પહેલા ડાયાલીસીસ સેન્ટર માગ્યું હતું અને એમણે તાત્કાલિક મંજૂર કર્યું અને અત્યારે ખૂબ જ લોકો એનો લાભ લઈ રહ્યા છે અને આપના માધ્યમથી ફરી એક વિનંતી કરું છું કે મારા વિસ્તારની અંદર એસ.બી.એચ. એટલે કે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ હયાત હોટલ જેવી તૈયાર થઈ ગઈ છે. એનું જલદીમાં જલદી લોકાર્પણ થાય અને મારા વિસ્તારના

લોકો એનો લાભ મેળવે. બહુ સરસ બનાવી છે અને આપ સરવેને હું આમંત્રણ આપું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને બધા પધારે.

અધ્યક્ષશ્રી : આવશે. આવશે. બધાને પ્રસાદની લાડુડી ખવડાવજો.

શ્રી ડી.કે. સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે આ જલદી શરૂ થાય.

શ્રી પંકજ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કિડની ફેલ્યોરના કેસો ખૂબ વધી ગયા છે. આપણે ડાયાલીસીસ સેન્ટરો પણ ખૂબ બનાવ્યા છે પણ હજુપણ ડાયાલીસીસ કરવાનાં સાધનોની જરૂર છે અને એના માટે ફોરેનની અંદર એક કીટ હોય છે જેથી ઘરે આપણે ડાયાલીસીસ કરી શકીએ. એવી કીટ અહીંયા આગળ વિકસાવવા માગો છો કે કેમ અથવા તો ઇમ્પોર્ટ કરવા માગો છો કે કેમ? જેનાથી ઘરે ડાયાલીસીસ કરી શકાય અને અડધા કલાકમાં જ ડાયાલીસીસ થઇ જતું હોય છે.

શ્રી પુર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ટ્રાન્સપ્લાન્ટ માટે રજિસ્ટર કરાવો અને શોટો દ્વારા ડોમીસાઇલ સર્ટિફિકેટ ફરજિયાત માગવામાં આવે છે. આ ડોમિસાઇલ સર્ટિફિકેટ ફરજિયાત લેવાનું બંધ કરવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મારા તાલુકાની અંદર ઉદ્યોગનો વ્યાપ ખૂબ વધેલો છે. લગભગ ૩થી ૪ લાખ જેટલા કામદારો છે. આપણે સી.એચ.સી. કેન્દ્ર આપીએ છીએ ત્યારે વસ્તીના ધોરણે આપીએ છીએ. ઉમરગામની ૩,૫૪,૦૦૦ ની વસ્તી છે એટલે સી.એચ.સી. દરજ્જો છે એને સ્ટેટ દરજ્જો આપે તો કામદારોને બેનિફીટ મળે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રી કહેતા હતા કે બધાને પીળિયો થયો છે તો એમની પાસે અમારો પીળિયાનો રિપોર્ટ હોય તો આપે એવી અપેક્ષા રાખીએ છીએ. વારંવાર પીળિયો શબ્દ આવતો હતો. બીજું, માનનીય મંત્રીશ્રી પાસેથી અપેક્ષા રાખું કે મારા સુઇગામ તાલુકામાં મોરવાડા અને દેણપ બંને પી.એચ.સી. મંજૂર થઇ ગઇ છે. ખાતમૂહૂર્ત થઇ ગયું છે પણ હજુ સુધી એનું કામ ચાલુ કરવામાં આવ્યું નથી એ ચાલુ કરવામાં આવે અને બીજું, ધારાસભ્યશ્રીના સૂચન હતા કે લવમેરેજમાં કોઇપણ સમાજની દીકરી હોય, કોઇપણ ધર્મની દીકરી હોય તો આપણે એવી પ્રણાલિકા રહી છે કે દીકરીની જાન સામાપક્ષેથી ગામમાં આવે તો ભલે લવમેરેજ કરે એની સામે વાંધો નહીં, પણ આ ગામની અંદર નોંધણી થાય. એના પંચમાં સહી કરે એ પણ ગામના હોય અને ધાર્મિક વિધિ પણ ગામનું જે મંદિર હોય એમાં કરવામાં આવે તો વર્ગવિગ્રહ અને ક્રાઇમ ઘણો બધો થાય છે એ અટકાવી શકાય આ મારું સૂચન છે.

ડો. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનમ્રતાપૂર્વક માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, કોડિનાર વિધાનસભાના લોકો મુખ્યત્વે મત્સ્યોદ્યોગ અને ખેતી સાથે સંકળાયેલા છે. દરિયાઇ પટ્ટી પણ લાંબી છે તો ત્યાં આગળ એક દરિયાઇ એમ્બ્યુલન્સ કે બોટ એમ્બ્યુલન્સ શરૂ કરવામાં આવે. અમારે ત્યાં બે સી.એચ.સી. છે. જયારે જરૂર પડયે ત્યારે વેરાવળ અને અમરેલી સુધી લાંબુ થવું પડે છે. બેમાંથી એક સી.એચ.સી.ને સબ-ડિસ્ટ્રિક્ટ લેવલનું અપગ્રેડશન કરવા માટે વિનંતી છે. સ્ટાફમાં માત્ર એક જ મેડિકલ ઓફિસરથી આ સી.એચ.સી. ચાલે છે તો તે સ્ટાફ પણ જલદી ભરવામાં આવે અને સી.એમ.સેતુ યોજના અંતર્ગત સ્પેશિયાલિસ્ટ ડૉકટરોની નિમણૂક આ સી.એચ.સી.માં કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કેન્સરની સારવારમાં આયુષ્યમાન કાર્ડમાં કિમોથેરાપીના કેટલા ડોઝ આપવાની મર્યાદા છે અને તેમાં કોઇ વધારો કરવાની વિચારણા ચાલે છે કે કેમ?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગની જેટલી પણ સેવાઓ છે તે સેવાઓ લોકો સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય આશાવર્કર બહેનો કરે છે. તેમાં પણ ખાસ કરીને મહિલાલક્ષી યોજનાઓ છે તેનો ખૂબ પ્રચાર પ્રસાર તેમના માધ્યમથી થાય છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, અત્યારે તેમનું વેતન કામના પ્રમાણમાં ખૂબ ઓછું મળે છે તે વધારવામાં આવે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મહુવામાં સિવિલ હોસ્પિટલનો દરજ્જો આપ્યે દસ વર્ષ થયા છે. છેલ્લા એક વર્ષમાં ૧૪૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ પણ આવી ગઇ છે. નવું મકાન બનાવવા માટે જૂના મકાનને ડિમોલીશ કરવા માટેની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે સરકારી તંત્રના ખાલી બિલ્ડિંગ છે તે જોવામાં આવે છે. તે મેળવવામાં છેલ્લા છ મહિના પસાર થયા છે. એટલે માનનીય મંત્રીશ્રી અહીંના લેવલેથી જિલ્લાના અધિકારીઓને સૂચના આપે તો તાત્કાલિક કામગીરી શરૂ થાય.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મારું ગામ માધવપુર ઘેડ છે અને પોરબંદરથી ૬૦ કિલોમિટર દૂર થાય છે. ઘેડ વિસ્તારને સરકારે ખાસ પછાત વિસ્તાર જાહેર કરેલ છે. માધવપુરમાં દરવખતે શ્રી કૃષ્ણ ભગવાનના લગ્ન થાય છે. એટલે ત્યાં મેળાનું આયોજન થાય છે. આ મેળામાં શ્રી નરેન્દ્રભાઇ સીધી દેખરેખ રાખે છે. મારા વિસ્તારમાં સબ કોર્ટ આપવામાં આવે, બે વર્ષ પહેલાં સબ કોર્ટ હતી. અઠવાડિયામાં એક દિવસ જજ આવતા હતા. નજીકના ભવિષ્યમાં આ કોર્ટ આપવામાં આવે તો અમારા વિસ્તારના ગરીબ લોકોને તેનો લાભ મળે અને લાંબા ખર્ચામાંથી બચી શકે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી એટલી જ વિનંતી છે કે, મેડિકલ કોલેજોની અંદર જે વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે છે તે કોલેજોની અંદર સરકાર અથવા સરકારના પ્રતિનિધિ મારફત ત્યાં સંવાદ કરવામાં આવે અને આવા બનાવો બનતા અટકે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રી કનુભાઈ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી મંત્રીશ્રીને રજૂઆત છે કે, હોસ્પિટલોની અંદર અમુક લોકોને જયારે ઇમરજન્સી હોય ત્યારે આરોગ્ય કાર્ડની અંદર ગાંધીનગરથી મંજૂરી આવ્યા બાદ તેનું ઓપરેશન કરવામાં આવે છે. તો આવી કોઇ ઇમરજન્સી ઊભી થાય ત્યારે તાત્કાલિક તેમનું ઓપરેશન થઇ જાય તેવું કરવા માગો છો કે કેમ?

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા સુરત જિલ્લામાં સિવિલ હોસ્પિટલ શહેરમાં આવેલી છે. રૂરલમાં લોકોને આરોગ્યની ખૂબ તકલીફ પડે છે. તો બારડોલી વિસ્તારમાં સિવિલ હોસ્પિટલ આપવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : ત્યાં તમારી તો હોસ્પિટલ છે જ. ગાયનેકોલોજિસ્ટ તરીકે તમારા દીકરાની પત્નીની હોસ્પિટલ તો છે.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એ તો પોતાની છે પણ સિવિલ હોસ્પિટલ આપવા માગો છો કે કેમ?

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક પી.એસ.સી. સેન્ટરો ચોવીસ બાય સાત ચાલે છે પરંતુ આઠ કલાક પછી ડૉકટરો ત્યાં હાજર રહેતા નથી અને નર્સો દ્વારા આવા દવાખાના ચાલે છે. તો બીજા ડૉકટરો મૂકવા મારી ખાસ વિનંતી છે.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, ચકલાસી નગરપાલિકામાં પી.અચ.સી. સેન્ટર છે એને સી.એચ.સી. સેન્ટર વસતિના આધારે બનાવી આપે એવી વિનંતી કરું છું.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એક વિનંતી છે કે, જેમ આપે વાત કરી અધતન લેબોરેટરી અમુક જગ્યાએ શરૂ કરવામાં આવી છે પણ આ લેબોરેટરીમાં બેઝિક ટેસ્ટ થાય છે. હેમોટોલોજીના, બાયોકેમેસ્ટ્રીના આવા બેઝિક ટેસ્ટ થાય છે પણ જેને કેન્સર થયું હોય એને કેન્સર ક્યા પ્રકારનું છે એના માટેનો જીનેટીકલ ટેસ્ટ હોય, મોલેકયુલર ટેસ્ટ હોય, બ્લડ અને ટીસ્યૂ કલ્ચરના ટેસ્ટ હોય કે બાયોપ્સીના હોય એ ટેસ્ટ માટે જો ચાર શહેરોમાં અધતન લેબોરેટરી સ્થાપવામાં આવે તો એનો લાભ લોકોને મળે અને ગરીબ લોકોના પૈસા પણ બચશે અને એમને મુંબઈ કે અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં બહાર જવું પડશે નહીં. બીજું એક સૂચન છે કે, આપણી ગંગા સ્વરુપ બહેનોને જેને આપણે વિધવા સહાય યોજનાનો લાભ આપીએ છીએ આ તમામ બહેનોને જો પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ બાય ડિફોલ્ટ કાઢી આપીએ તો એના પ્રોસેસમાં આપણે પડવું નહીં પડે.

શ્રી જિતેન્દ્ર કાં. સોમાણી :માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને મારી રજૂઆત કરવા માગું છું કે, મારો વાંકાનેર તાલુકો ૧૦૦ ગામોનો તાલુકો છે અને એ તાલુકો અતિ પછાત છે એને હિસાબે હોસ્પિટલમાં દર્દીઓ વધુ આવતા હોય તો અત્યારે જે ડોકટરની ઘટ છે ત્યારે જે પી.એચ.સી. અને સી.એચ.સી.માં ડોકટરો વધુ હોય તો મુખ્ય હોસ્પિટલ વાંકાનેર શહેરમાં મૂકવામાં આવે તો દર્દીઓને સવલત રહે એવી મારી રજૂઆત છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું જણાવવા માગું છું કે હિમોફિલિયા રોગ એવો છે કે જેમાં વાગવાથી બ્લીડિંગ બંધ થતું નથી, આપશ્રી આરોગ્ય મંત્રી હતા એટલે આપને ખ્યાલ છે કે આના માટે જે ઇન્જેકશન આપવાનું છે એ સરકારી હોસ્પિટલમાં જ ઉપલબ્ધ બને છે તો જે દર્દીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હોય ત્યારે એને સરકારી હોસ્પિટલમાં ઇન્જેકશન આપવામાં આવતું નથી તો આવા દર્દીઓને પણ સરકારી હોસ્પિટલમાં ઇન્જેકશન આપવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : સારું સજેશન છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આપણે વ્યવસ્થા બહુ સારી રીતે કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ ઘણી બાબતોને પોઝિટિવ લીધી છે. ફરી એકાદ વખત જરૂરી લાગે તો હેલ્થ માટે બધા ધારાસભ્યશ્રીઓને અધિકારીશ્રીઓ સાથે કોઇ કાર્યક્રમ રાખીને વાત કરી શકાય જેથી નાના નાના જે કોઇ પ્રશ્નો હશે તો એનું શોર્ટઆઉટ થશે. તો ઘણા પ્રશ્નો મને લાગે છે કે અહીંથી જ શોર્ટઆઉટ થઇ શકશે.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪,

૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૩૯, ૪૦ અને ૬૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫.૧૯ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર
શુક્રવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

શુક્રવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૩

ફાલ્ગુન ૨૬, ૧૯૪૪ શાકે

સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

ગીર સોમનાથ જિલ્લા પંચાયતને ફાળવેલ ગ્રાન્ટ

* ૧૪૩૩ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	જવાબ
(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લા પંચાયતને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને (૨) ફાળવેલ ગ્રાન્ટ અન્વયે કેટલો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલી રહી ?	(૧) જિલ્લા કક્ષાએ ફાળવેલ કુલ ગ્રાન્ટ રૂ. લાખમાં વર્ષ-૨૦૨૧-૨૨ : ૪૯૮.૨૮ વર્ષ-૨૦૨૨-૨૩ : ૫૧૯.૧૦ (૨) વપરાયેલ કુલ ગ્રાન્ટ રૂ. લાખમાં વર્ષ-૨૦૨૧-૨૨ : ૨૯૮.૪૪ વર્ષ-૨૦૨૨-૨૩ : ૯૨.૭૨ વણવપરાયેલ કુલ ગ્રાન્ટ રૂ. લાખમાં વર્ષ-૨૦૨૧-૨૨ : ૧૯૯.૮૪ વર્ષ-૨૦૨૨-૨૩ : ૪૨૬.૩૮

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૧-૨૨માં ૫ કરોડની ગ્રાન્ટ ફાળવણી કરાયેલ હોવા છતાં તેમાંથી રૂપિયા ૨ કરોડ ન વપરાયેલ હોય અને વર્ષ ૨૦૨૨-૨૩મા રૂપિયા ૫.૨૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ હોવા છતાં તેમાંથી રૂપિયા ૪.૨૬ કરોડ ન વપરાયેલ હોય તો આ રકમ સમયસર કેમ વાપરવામાં આવતી નથી? મારો બીજો પ્રશ્ન છે કે ગ્રામ્ય કક્ષાએ સમયસર વિકાસનાં કામો થાય તે માટે વહીવટી તંત્ર માર્ચ મહિનાની રાહ જોયા વગર સમયસર ગ્રાન્ટ વાપરે તે માટે મંત્રીશ્રી કોઇ સૂચના આપવા માગે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના સોમનાથ જિલ્લા માટેના પ્રશ્ન-૧ માં લાગણી છે કે ગ્રાન્ટ રૂપિયા ૨ કરોડ અને બીજી રૂપિયા ૪.૨૬ કરોડ બાકી છે. ૧૫મા નાણાપંચ અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ તથા ૨૦૨૧-૨૨માં કોરોનાના કારણે વાપરી શક્યા નથી અને વર્ષ ૨૦૨૧-૨૨માં ગ્રાન્ટ એકીસાથે જમા થયેલ હોવાના કારણે અને વર્ષ ૨૦૨૧-૨૨માં કામો એકીસાથે ચાલુ કરવાના હોવાના કારણે વિલંબ થયેલ છે. મે-૨૦૨૧માં ગીર સોમનાથ જિલ્લામાં તાઉતે વાવાઝોડાના કારણે અતિ ભારે નુકસાન થયેલ હોવાથી સરવેની કામગીરીમાં સમગ્ર તંત્ર ચારથી પાંચ મહિના સુધી રોકાયેલ હોવાથી નાણાપંચનાં કામોમાં વિલંબ થયેલ છે. ડિસેમ્બર-૨૦૨૧માં ગ્રામ પંચાયતની ચૂંટણીની કામગીરીમાં તંત્ર રોકાયેલ હોવાના કારણે કામોમાં વિલંબ થયેલો છે. નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયેલ હોઇ આચારસંહિતા તેમજ ચૂંટણી પંચના કારણે નાણાપંચનાં કામો થવામાં વિલંબ થયેલ છે. ડિસેમ્બર-૨૧માં ગ્રામ પંચાયતની ચૂંટણીઓનું આયોજન થયેલ હોઇ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં નવા સરપંચો ચૂંટાયેલ હોવાથી જૂના સરપંચોની ડી.એ.સી. કી અનરજિસ્ટર કરી તેમની જગ્યાએ નવા સરપંચની રજિસ્ટર કરી ડી.સી.કી બનાવવાની થતી હોઇ આ પ્રોસેસમાં બે મહિનાથી વધારે સમય લાગવાના કારણે આ બનેલું છે. હવે પછી આ તમામ કામો સમયસર પૂરાં થાય તેવી માનનીય સભ્યશ્રીની લાગણી છે એ મુજબ દરેક વિભાગને સૂચના આપીશું.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું અને થોડું ધ્યાન પણ દોરવા માગું છું કે, ૧૫મા નાણાપંચની ગ્રાન્ટો ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને ટકાવારી પ્રમાણે ફાળવવામાં આવે છે. અત્યારની પરિસ્થિતિ મુજબ ગ્રામ પંચાયતની અંદર જે સી.સી. રોડ મંજૂર કરવામાં આવ્યા છે, અત્યારે ભાવવધારાના કારણે ઘણી ગ્રામ પંચાયતો સિમેન્ટના રસ્તા બનાવી શકતી નથી, તો સરકારે એસ.ઓ.આર.ના ભાવમાં થોડો વધારો કરવો જોઇએ. બીજો પ્રશ્ન છે કે અમારા વિસ્તારમાં મારો વિસ્તાર બે તાલુકાઓમાં છે. એક તાલુકામાં પાણીની સમસ્યા છે અને બીજા તાલુકામાં નર્મદાના પાણી પહોંચી ગયા છે. ૧૫માં નાણાપંચમાં ૩૦ ટકા રકમ ફરજિયાત પાણીના કામોમાં વાપરવાની હોય છે. આના કારણે ઘણી વખત ગ્રાન્ટ લેપ્સ જતી હોય છે. જ્યાં પાણીની સુવિધા છે એની જગ્યાએ બીજી જગ્યાએ ૩૦ ટકા ગ્રાન્ટ વાપરવા માટે ગ્રામ પંચાયતને અધિકાર આપવા જોઇએ અથવા ડી.ડી.ઓ.ને અધિકાર આપવા જોઇએ. એવું સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે એસ.ઓ.આર. માટેની લાગણી વ્યક્ત કરી છે, એના માટે માનનીય ધારાસભ્યશ્રી, લુણાવાડા, મહિસાગરના તા.૨૪-૨-૨૦૨૩ના રોજ ગૃહમાં એસ.ઓ.આર.ને સંબંધિત

રજૂ કરેલી બાબતના અનુસંધાને જણાવવાનું કે, એસ.ઓ.આર. નક્કી કરવાની, સુધારવાની કામગીરી સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવે છે. માર્ગ અને મકાન વિભાગના તા. ૫-૨-૨૦૨૨ના પત્ર ક્રમાંક: એસઓઆર./૨૦૨૧/૨૨૮૪૧/સી.૧ સંદર્ભે અધિક ઈજનેરશ્રી, વડોદરા વર્તુળ, આર.એન્ડ બી. સર્કલ દ્વારા કાર્યપાલક ઈજનેરશ્રી, છોટાઉદેપુર , ભરુચ, રાજપીપળા, ગોધરા, લુણાવાડા, દાહોદ, વિભાગને તા. ૫-૨-૨૦૨૨ના પત્ર ક્રમાંક: પીઆર/એસઓઆર/૨૦૨૧-૨૨ થી ૬૪૩ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ મુજબ મંજૂર કરેલ એસ.ઓ.આર.ની અમલવારી સારું મોકલી આપેલ છે, જેની નકલ પણ પૃષ્ઠ-૧ થી ૨૨ સુધી છે. પંદરમા નાણાપંચ હેઠળ તાલુકા, જિલ્લા અને ગ્રામપંચાયત કક્ષાએ થતાં વિલંબનાં કામો સબંધે એસ.ઓ.આર. દ્વારા મંજૂર થયેલ ભાવો એસ.ઓ.આર. મુજબ કામોના આયોજન તૈયાર કરી મંજૂરી મેળવવાની રહે છે. કેટલાક કિસ્સામાં આ સુધારેલ એસ.ઓ.આર.ને કારણે કામના મૂળ આયોજનની રકમ કરતા સુધારેલા એસ.ઓ.આર. મુજબ આયોજનની રકમ વધતી હોય તેવા કિસ્સામાં જે તે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી તેમજ જિલ્લા વિકાસ અધિકારીની સંયુકત સહીથી સુધારેલા આયોજન માટેની દરખાસ્ત તૈયાર કરી મંજૂરી મેળવવાની રહેશે અને તાલુકા કક્ષાનાં કામો માટે પણ સબંધિત જિલ્લા દ્વારા ઉકત સૂચનોનું પાલન કરવાનું છે અને આના માટે નવા એસ.ઓ.આર. પણ અમલીકરણની દિશામાં કરી રહ્યા છીએ. માનનીય સભ્યશ્રીએ જે પાણી પુરવઠાનાં કામો ટાઇડ ગ્રાન્ટના છે, એના માટે જે વાત કરી છે, એનું માર્ગદર્શન ભારત સરકારનું હોય, તેમછતાં પણ એ કામો નલ સે જલ યોજનામાં પણ થયા છે. એ પાણી પુરવઠા ગટરમાં પણ વાપરવાના થાય છે, એટલે મોટેભાગે ગુજરાતમાં પીવાના પાણીની યોજનાઓ પૂરી થવાના આરે છે, એટલે આ ગ્રાન્ટો વણવપરાયેલી રહે છે, એના સુધારા માટેની દરખાસ્ત અન્ય ૩ જેટલાં રાજયોની ભારત સરકારને પણ કરવામાં આવેલ છે, તો આપના માધ્યમથી પણ કરીને ભારત સરકારનું ગાઇડન્સ મેળવીને આગામી દિવસોની અંદર જે અમલીકરણ થાય એ કરીશું.

ડો. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આપણે સૌ ડિજિટલ ક્રાંતિ દ્વારા અમૃતકાળમાં પ્રવેશી રહ્યા છીએ, ત્યારે આદરણીય વડાપ્રધાનશ્રીએ જે પંચ પ્રણ લીધા છે, એમાંથી એક વિકસિત ભારતના નિર્માણમાં આપણે કદમ માંડયા છે, ત્યારે અને આપણે સૌ જાણીએ છીએ કે તત્કાલીન વડાપ્રધાન કહેતા હતા કે એક રૂપિયો મોકલું છું ત્યારે ૧૫ પૈસા આવે છે, ત્યારે હું પૂછવા માગું છું કે ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ એ શું છે અને તેના ઉપર પંદરમા નાણાપંચનું આયોજન કયારે અપલોડ કરવામાં આવે છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ઇગ્રામ સ્વરાજ પોર્ટલ શું છે? એના ઉપર પંદરમા નાણાપંચનું આયોજન કરવા માટેના અપલોડ બાબતની વાત માનનીય સભ્યશ્રીએ કરી છે. ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ એ પંચાયતી રાજ મંત્રાલય ભારત સરકારના ઇ-પંચાયત મિશન મોડ પ્રોજેકટ હેઠળ પંચાયત એન્ટરપ્રાઇઝ ભાગરૂપે વિકસાવવામાં આવેલી એપ્લિકેશનમાંથી એક ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ છે. એનો હેતુ વિકસિત આયોજન, પ્રગતિવાર અને કાર્ય આધારિત એકાઉન્ટિંગ દ્વારા સમગ્ર દેશમાં પંચાયતી રાજ સંસ્થાઓ પી.આર.આઇ.એસ.માં વધુ સારી પારદર્શિતા લાવવા અને ઇગવર્નન્સને મજબૂત બનાવવાનો છે. ઇ-ગ્રામ સ્વરાજ એ પંચાયતોની વિશ્વસનિયતાને વધારવામાં મદદ કરશે જે પંચાયતી રાજ સંસ્થા ભંડોળના વધુ વિનિમયને પ્રેરિત કરે છે તેમજ ઉચ્ચ અધિકારીઓ દ્વારા અસરકારક દેખરેખ માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. દરેક નાણાકીય વર્ષના આગળના ૩૧મી જાન્યુઆરી સુધીમાં સંબંધિત પંચાયતો પોતાના આયોજનને ગ્રામસભા, સામાન્ય સભામાં મંજૂર કરાવી સામાન્ય સભાની બેઠકોની જરૂરી વિગતોની ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર એન્ટ્રી કર્યા બાદ સંબંધિત ફેબ્રુઆરી, માર્ચથી આયોજન અપલોડ કરવાની પ્રક્રિયા હોય છે.

આણંદ જિલ્લામાં દારૂબંધી ભંગના કિસ્સા

* ૧૪૩૧ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર દારૂબંધી ભંગના કેટલા કેસ કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલા ઇસમોને પકડવામાં આવ્યા, કેટલા ઇસમોને પકડવાના બાકી છે, અને

જવાબ

(૧)

તાલુકાનું નામ	દારૂબંધીના ભંગના નોંધાયેલ ગુનાની સંખ્યા
આણંદ	૪૪૭૪
ઉમરેઠ	૧૩૩૯
પેટલાદ	૧૩૮૮
બોરસદ	૨૩૧૮
આંકલાવ	૮૧૨
ખંભાત	૧૫૯૨
સોજીત્રા	૪૫૬
તારાપુર	૩૬૦

(૨)

પકડાયેલ ઇસમોની સંખ્યા	પકડવાના બાકી

	ઈસમોની સંખ્યા
૧૩૧૮૮	૮૫

(૩) બાકી ઈસમોને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) ઘરપકડ કરવાના બાકી ઈસમોને પકડી પાડવા સારું ભરોસાદાર બાતમીદારોથી તપાસ કરાવવામાં આવેલ છે, તેમજ ટેક્ નિકલ સરવેલન્સ આધારે તપાસ કરવામાં આવેલ છે, અને તે આરોપીઓની નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબ વોરંટ મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર દારૂબંધીના કેટલા કેસ કરવામાં આવ્યા? બીજો પ્રશ્ન છે કે તે અન્વયે કેટલા ઈસમોને પકડવામાં આવ્યા? કેટલા ઈસમોને પકડવાના બાકી છે? અને બાકી ઈસમોને પકડવા માટે શું પગલાં લેવામાં આવ્યાં?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબ તો ઓલરેડી છાપેલો જ છે. એમાં આણંદ જિલ્લાના તાલુકાવાર બધી વિગતો આપેલી છે. તાલુકાના નામ કહું તો આણંદ-૪૪૭૪, ઉમરેઠ-૧૩૩૯, પેટલાદ- ૧૩૮૮, બોરસદ- ૨૩૧૮, આંકલાવ- ૮૧૨, ખંભાત- ૧૫૯૨, સોજીત્રા- ૪૫૬, તારાપુર- ૩૬૦ પકડવામાં આવેલા ઈસમોમાં ૧૩૧૮૮ અને પકડવાના બાકી ઈસમો છે એ ૮૫ છે.

શ્રી અમિત ચાવડા :માનનીય અધ્યક્ષશ્રી, આ દારૂનું દૂષણ ખૂબ ગંભીર છે. યુવાધન બરબાદ થઈ રહ્યું છે અને નાની ઉંમરે આપણી બહેન-દીકરીઓ વિધવા થઈ રહી છે. જે દારૂ પકડાયાના છેલ્લાં બે વર્ષના આંકડા પ્રશ્નોત્તરીના જવાબમાં મળ્યા છે તે મુજબ આણંદ જિલ્લાની વાત કરીએ તો વિદેશી દારૂની ૨ લાખ ૮૭ હજાર બોટલ પકડાઈ છે અને જેની કિંમત ૬ કરોડ ૯૫ લાખ રૂપિયા જેટલી થાય. બિયર ૧૯ હજાર બોટલ પકડાઈ જેની કિંમત ૨૧ લાખ રૂપિયા થાય. ૧ કરોડ ૧૨ લાખ રૂપિયાથી વધારે અફિણ, ચરસ, ગાંજો અને ડ્રગ્સ પકડાયું છે. માનનીય મંત્રીશ્રીએ થોડા દિવસ પહેલાં પકડ્યું અને પકડાયાની વાત કરી હતી ત્યારે આ વિદેશી દારૂના આંકડા જોઈએ તો આવી ગયો કે આવવા દીધો એવું લાગે છે. બીજી બાજુ જે વેચાણ થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમે લાંબો પ્રશ્ન કે આ ટાઇપની વાત કરશો એટલે સામેથી જવાબ આવો જ આવશે. તમે આ વિધાનસભાની પ્રશ્નોત્તરીને પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટે જ વાપરશો તો વધારે સારું રહેશે. તમે પોલિટિકલી ઓબ્ઝર્વેશન કરશો તો પછી માનનીય મંત્રીશ્રીને હું કઇ રીતે ના પાડી શકીશ?

શ્રી અમિત ચાવડા :માનનીય અધ્યક્ષશ્રી, તેના આંકડા જે છે તે જોતાં એવું લાગે...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી તમે સીધા પ્રશ્ન ઉપર આવો ને?

શ્રી અમિત ચાવડા :માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે દારૂબંધી ભંગના જે કિસ્સા છે તે જોતાં ત્યાં ખૂબ મોટા પ્રમાણમાં વેચાણ થાય છે, તેમાં મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આપણા કાયદા છે. પોલીસ સ્ટેશનવાઇઝ જવાબદારી ઊભી કરવાના પણ નિયમો છે. આપણે જે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી અમિત ચાવડા :માનનીય અધ્યક્ષશ્રી, જે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વારંવાર દારૂ પકડાય છે તે પોલીસ સ્ટેશનના પી.આઇ., પી.એસ.આઇ., કે જવાબદાર લોકોની જવાબદારી ફિક્સ કરી દાખલો બેસે તેવી કોઇ કાર્યવાહી કરવા માગીએ છીએ કે કેમ? કારણકે જે દારૂ વેચાય છે....

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમે એક પ્રશ્ન પૂછ્યો હવે બીજો પ્રશ્ન પૂછ્યો. એમાં દોઢ-બે મિનિટ ગઇ. આટલા સિનિયર સભ્યને બે મિનિટ પ્રશ્ન પૂછવામાં થાય? કોઇ જુનિયર સભ્ય હોય તો તે સભ્ય માટે હું કહી શકું.

શ્રી અમિત ચાવડા :માનનીય અધ્યક્ષશ્રી, આંકડા એટલા માટે આપવા પડે કે..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમે આંકડા કરતાં તમારે જે માગવું હોય તે તેમની પાસેથી માગો, તેમાં માનનીય મંત્રીશ્રી જવાબ આપશે.

શ્રી અમિત ચાવડા :માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર જે પોલીસ સ્ટેશનમાંથી દારૂ પકડાય છે, દેશી દારૂની ભઠ્ઠીઓ ચાલે છે. તે તેમની આંખો સામે છે તો તેમાં તેમની જવાબદારી ફિક્સ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સભ્યશ્રી જે છેલ્લે બોલ્યા એટલો જ જવાબ આપવાનો છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એવું કઇ રીતે હોઇ શકે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ બાકીનું બધુ વર્ણન કર્યું છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એવું કઇ રીતે હોઇ શકે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એ ઠીક નથી. એ ઠીક નથી. તમે સિનિયર છો. કોઇ જુનિયર સભ્ય આવું કરે તો ચાલે.

તારાંકિત પ્રશ્નો

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ચિંતા, ચિંતા અને ચિંતાની વાતો જે કરી. હું ઇતિહાસમાં નથી પડવા માગતો, હું લતીફને યાદ નથી કરવા માગતો, સ્વ.ચિમનભાઇ પટેલને યાદ નથી કરવા માગતો. અમદાવાદની અંદર શું થતું હતું તે યાદ નથી કરવા માગતો. આ ચિંતાની જે વાત કરી તે હું નથી કરવા માગતો. એમણે જે ભાષણ કર્યું તે અમારે સાંભળવાનું અને અમારો જવાબ નહીં સાંભળવાનો? એમણે રાજકીય વર્ણન કર્યું છે. મેં રાજકીય જવાબ આપ્યો છે.

અધ્યક્ષશ્રી : હું ત્યાં પણ ટકોર કરું છું કે, તે ન આપે. પરંતુ આપણે પણ તેવું ન કરીએ. આ પ્રશ્નોત્તરીના સમયની અંદર.....

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર આરોપ લગાવવા છે અને સચ્ચાઇ નથી સાંભળવી?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચિમનભાઇ પટેલની જે વાત કરી છે..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ મારો વિષય એટલો જ છે કે,....

શ્રી હર્ષ સંઘવી : માનનીય શૈલેષભાઇ, એ જગજાહેર છે. શ્રી શૈલેષભાઇ હું નથી પડતો. મેં એમ કહ્યું કે મારે એમાં નથી પડવું. હું એમના પર આરોપ નથી લગાડતો.

અધ્યક્ષશ્રી : પોલિટિકલી ઓબ્ઝર્વેશન કરવા કરતાં.....

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, જે આરોપ લાગેલો છે તે પણ હું નથી કહેતો. જે આરોપ પુરવાર થઇ ગયો છે તેની પણ હું વાત કરવા નથી માગતો. નહીં, એટલા માટે નથી કરતો પણ આ વાત યોગ્ય છે? આ વાત યોગ્ય છે? તમે પાંચ મિનિટનો પ્રશ્ન....

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇનો વિષય એટલો છે કે, કોઇનું નામ ન લો એટલા પૂરતું છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો ઇતિહાસ કહ્યો. આવા લોકો પકડયું કે પકડાયું, હું ખાલી એટલું કહું શું કે પહેલાં શું થતું હતું તે ઇતિહાસ આખું ગુજરાત જાણે છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : ચૂંટણીમાં ખટારાને ખટારા આવતા હતા.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ખટારાને ખટારા, હા એ આદત કોણે પાડી? આ ગુજરાતમાં આદત કોણે પાડી? કોણે પાડી? કોણે પાડી? (અંતરાય) આ ખટારાની પ્રથા કોણ લાવ્યું? (અંતરાય) અર્જુનભાઇ આ... (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ બધા સ્થાન ઉપર બેસો. માનનીય મંત્રીશ્રી આપ સ્થાન ઉપર બેસો. બધા બેસો. તમારો પ્રશ્નોત્તરીનો સમય બગાડવાનું ન કરો, આ ગુજરાતની પ્રજાના પ્રશ્નો ઉકેલવા માટેનું પ્લેટફોર્મ છે. તેને રાજકીય અવલોકન કરીને આપણે પ્રજાના પ્રશ્નોના ઉકેલનો સમય ન બગાડીએ. મારી તમને પ્રાર્થના છે. માનનીય મંત્રીશ્રી, એમણે જે કહ્યું હોય, પરંતુ તમે સીધા જવાબ ઉપર આવી જાઓ.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું કોઇ આરોપ નથી લગાડતો. હું તો ખાલી સચ્ચાઇની વાત કરું છું. આ ખટારાની વાત કરી તે ખટારાની પ્રથા ગુજરાતમાં કોણ લાવેલું? હું એમાં નથી પડવા માગતો. હું નથી કહેતો, હું જરાય નથી કહેતો. હું એ વાતમાં પડવા જ નથી માગતો, પરંતુ ખટારા, ખટારા, ખટારા જ્યારે આપણે કરીએ છીએ, તો ગુજરાતની જનતાને જાણવાનો હક્ક છે કે આ ખટારાની પ્રથા આ ગુજરાતમાં લાવેલું કોણ? એનો પણ જવાબ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, અત્યારે પ્રશ્નના જવાબ ઉપર આવો. બેઠાં બેઠાં કોઇ કોમેન્ટ નહીં કરે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ પ્રકારની ઘટનાઓ બની હોય, આ પ્રકારના કોઇ પણ કેસો પકડાયેલા હોય તો ત્યાંના જે કોઇ જવાબદાર અધિકારી છે એની ઉપર પગલાં લેવામાં આવે છે. એ લોકોને સસ્પેન્ડ કરવામાં આવે છે, એ લોકો ઉપર ઇન્કવાયરી કરવામાં આવે છે. હું શ્રી અમિતભાઇની વાતને નકારતો નથી, પરંતુ આવા કિસ્સામાં જ્યારે આપણે સમાજની ચિંતા કરતા હોઇએ, ત્યારે જો રાજનીતિની વાત કરીએ તો રાજનીતિવાળો જવાબ સાંભળવો પડે. આ પ્રકારનું જે દૂષણ છે તેને દૂર કરવા માટે સરકાર સો ટકા મક્કમ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું જણાવવા માગું છું કે, વર્ષ ૨૦૧૮માં આખા ગુજરાતમાં કુલ ૨૪૯ કેસ કરવામાં આવેલ હતા, વર્ષ ૨૦૧૯માં ૪૦૦ કેસ કરવામાં આવેલ હતા, વર્ષ ૨૦૨૦માં ૨૨૪ કેસ કરવામાં આવેલ હતા, વર્ષ ૨૦૨૧માં ૨૭૫ કેસ કરવામાં આવેલ હતા અને ગુજરાતની માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર એકદમ મક્કમતા દાખવી આ પ્રકારના દૂષણની સામે લડી રહી છે અને વર્ષ ૨૦૨૨માં ૪૪૦ કેસ કરવામાં આવેલા છે. વર્ષ ૨૦૧૮નો આંકડો આપું તો રૂપિયા ૧૫ કરોડનો દારૂ પકડવામાં આવ્યો હતો એ વર્ષ ૨૦૨૨માં રૂપિયા ૨૦,૦૬,૪૩,૬૭૪/-નો દારૂ પકડેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, એક મહત્ત્વની વાત મારે કહેવી છે કે, ગુજરાત નહીં દેશભરના ઇતિહાસમાં પહેલીવાર આવું થયું હશે કે દારૂ વેચવાવાળા વ્યક્તિ પર એટલે કે આ પીન્ટુ કરીને આખા ગુજરાતમાં દારૂનું નેટવર્ક ચલાવનાર વ્યક્તિ છે કે જેની ઉપર ૧૪૭ કેસ દાખલ થયેલા છે, એ દારૂ વેચવાવાળા પીન્ટુ પર પહેલીવાર રેડ કોર્નર નોટિસ કોઇએ લગાડી હોય તો એ ગુજરાત પોલીસે લગાવી છે. આપણે આ બાબતે ગંભીરતાપૂર્વક લડી રહ્યા છીએ અને સ્ટેટ મોનિટરિંગ સેલ આ બાબતે ખૂબ સારી કામગીરી કરી રહ્યું છે. હજુ સફળતા પૂરેપૂરી મળે તે માટે સમાજમાં આ બાબતની હંમેશા મૂહિમ ચલાવતા રહીએ છીએ.

તારાંકિત પ્રશ્નો

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહના સૌથી યુવા આદરણીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીને આપના મારફત પૂછવા માગું છું કે, ગુજરાત રાજયમાં સ્ટેટ મોનિટરિંગ સેલની શું કામગીરી છે અને, સ્ટેટ મોનિટરિંગ સેલ તરફથી છેલ્લા એક વર્ષમાં શું કામગીરી થઇ છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સ્ટેટ મોનિટરિંગ સેલ એ રાજય સ્તરની એક એજન્સી છે જે દારૂ, જુગાર અને અન્ય સંવેદનશીલ બાબતો પર પોલીસ મહાનિર્દેશક અને પોલીસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ કાર્યરત છે. આ એજન્સી દ્વારા છેલ્લા એક વર્ષમાં ૫૭૧ ક્વોલિટી ગુનાઓ શોધીને ૧૩.૫૦ કરોડ રૂપિયાનો દારૂ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં દારૂ અને અન્ય મુદામાલ મળીને ટોટલ ૨૬ કરોડ રૂપિયાનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ટોટલ ૧૨૬૬ આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી કુલ ૨૯૯ પ્રોહિબિશન લિસ્ટેડ બુટલેગર વિરદ્ધ કાર્યવાહી કરી છે. મેં આપને જણાવ્યું એ પ્રકારે જે વર્ષોથી નાસી ભાગેલા આરોપીઓ હતા જેમ કે નાગદાન, ગોરખ ઉર્ફે પીન્ટુ, અલ્કેશ, પીન્ટુ બારડોલી, સુનિલ દરજી આ બધાં વર્ષોથી જે વોન્ટેડ હતા એ લોકોને આ વર્ષે સ્ટેટ મોનિટરિંગ સેલને પકડવામાં સફળતા મળી છે.

ડો. કમલેશભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કર્મઠ, જાંબાઝ ગૃહમંત્રી કે ગુજરાતને નશામાંથી મુક્ત કરવા માટે તેમના વિભાગે સર્જિકલ સ્ટ્રાઇક કરી છે અને કરોડોના નશાકારક દ્રવ્યો વિભાગ દ્વારા પકડ્યા છે અને કાર્યવાહી કરી છે, ત્યારે હું ગુજરાત સરકારને અને ગૃહમંત્રીશ્રી અને તેમના વિભાગને અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વિદેશી દારૂ, દેશી દારૂ અને બિયરના ગેરકાયદેસર ધંધાઓ કરતા કેટલા ઇસમોને પકડ્યા અને એની સામે ક્યા પ્રકારનાં પગલાં લેવામાં આવ્યાં એ માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારના ગુનેગારો સામે પ્રોહિબિશન એકટની કલમ ૯૩ મુજબ વર્ષ ૨૦૨૧માં ૧૭૫૧, વર્ષ ૨૦૨૨માં ૨૨૧૩ એટલે કુલ મળીને બે વર્ષમાં ૩૯૬૪ લોકો ઉપર કાર્યવાહી કરવામાં આવી છે, હદપારીમાં વર્ષ ૨૦૨૧માં ૧૧૨, વર્ષ ૨૦૨૨માં ૧૮૩ એમ બે વર્ષમાં કુલ મળીને ૨૯૫ લોકો ઉપર કાર્યવાહી કરવામાં આવી છે અને પાસામાં આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૨૧માં ૩૩ અને વર્ષ ૨૦૨૨માં ૩૦ એમ બે વર્ષમાં કુલ મળીને ૬૩ લોકો ઉપર કાર્યવાહી કરવામાં આવી છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, દારૂની પરમિટ પણ આપવામાં આવે છે તો આણંદ જિલ્લામાં અત્યાર સુધીમાં કેટલી દારૂની પરમિટો આપવામાં આવી છે અને છેલ્લાં બે વર્ષમાં કેટલી આપવામાં આવી? જે આ દારૂની પરમિટ આપવાનાં કારણો હોય છે, એમાં ડોકટરી સર્ટિફિકેટની ખરેખર તપાસ કરવાની જરૂર છે? કેમ કે એમાં એવું લખ્યું હોય છે કે આ દારૂ નહીં પીએ તો મૃત્યુ પામશે, પણ જે પરમિટ લે છે એ ૯૦-૯૦ વર્ષ સુધી જીવે છે અને કોઇ મૃત્યુ પામતા નથી એટલે મારું એમ કહેવાનું છે કે, પરમિટ માટે જે સર્ટિફિકેટ ડોકટરો પાસેથી લેવામાં આવે છે એ ખોટા હોય છે તો એમાં પણ રિવ્યુ કરવા માગો છો કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એટલે મારે શ્રી સી.જે.ચાવડાજીને પૂછવું છે કે, આ પરમિટ આપીને વધારે જીવતા હોય તો આપવી જોઇએ કે ના આપવી જોઇએ ? આ જે પરમિટની વિગત છે તે મારાથી અટવાયેલી છે માટે હું તેમને લેખિતમાં આજે આપી દઇશ.

સુરત જિલ્લામાં બિનખેતી માટે મળેલ અરજીઓ

* ૨૧૬૭ **શ્રી મનુભાઈ પટેલ** (ઉધના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી માટેની પરવાનગી માગતી કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

જવાબ

(૧) ૬૪૩૬

(૨)

તાલુકાનું નામ	**મંજૂર કરેલ અરજીઓ**
મજુરા	૫૮૬
અડાજણ	૩૪૦
પુણા	૧૨૪
ઉધના	૫૧
કતારગામ	૬૦
ચોર્યાસી	૬૯૭
કામરેજ	૫૯૭
પલસાણા	૪૭૧
ઓલપાડ	૪૦૧

બારડોલી	૧૭૭
માંડવી	૧૧૬
માંગરોળ	૩૦૭
મહુવા	૩૨
ઉમરપાડા	૦૪
કુલ	**૩૯૬૩**

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત જિલ્લામાં તારીખઃ ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બિનખેતી માટેની પરવાનગી માગતી મળેલ કુલ-૬૪૩૬ અરજીઓ પૈકી કેટલી અરજીઓ પેન્ડિંગ છે? અને તેની તાલુકાવાર વિગત શું છે? આ પેન્ડિંગ અરજીઓનો સમયગાળો શું છે? છ માસ ઉપરની કેટલી અરજીઓ પેન્ડિંગ છે? મારો બીજો પ્રશ્ન એ છે કે તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પડતર અરજીઓની અદ્યતન તાલુકાવાર સ્થિતિ શું છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં તારીખઃ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બિનખેતીની પરવાનગી મળેલ ૬૪૩૬ અરજીઓ પૈકી તારીખઃ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ૬૯૨ અરજીઓ પેન્ડિંગ છે. તાલુકાવાર હું બોલું તો, મજુરામાં-૮૬, અડાજણમાં-૪૪, પુણામાં-૨૭, ઉધનામાં-૬, કતારગામમાં-૪, ચોર્યાસીમાં-૧૨૬, કામરેજમાં-૧૦૭, પલસાણામાં-૫૭, ઓલપાડમાં-૮૨, બારડોલીમાં-૪૫, માંડવીમાં-૩૭, માંગરોળમાં-૬૭, મહુવામાં-૩ અને ઉંમરપાડામાં-૧ એમ કુલ-૬૯૨ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૬૯૨ પૈકી જે સમયગાળો માગ્યો છે તે ૧ થી ૩૦ સુધીમાં-૩૭ અરજી, ૩૧ થી ૬૦ દિવસમાં-૧૭૭ અરજી, ૬૧ થી ૯૦ દિવસ સુધીમાં ૧૮૬ અરજી, ૯૧ થી ૧૨૦ દિવસમાં ૨૫૯ અરજી અને ૧૨૧ થી ૧૮૦ દિવસમાં ૩૩ છે અને છ માસ ઉપરની કોઇ પણ અરજી પેન્ડિંગ આજની તારીખમાં છે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, તેમનો જે બીજો પ્રશ્ન છે તે પ્રશ્ન કે, સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં બિનખેતીની ૬૪૩૬ અરજીઓ પૈકી તારીખ ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ૬૯૨ પેન્ડિંગ હતી, જે પૈકી ૬૫૩ અરજીઓનો આજની તારીખમાં નિકાલ થઇ ગયો છે, માત્ર ૩૯ અરજીઓ જ પેન્ડિંગ છે અને ૯૦ દિવસ ઉપરની એક પણ અરજી આજની તારીખમાં છે નહીં.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં તારીખઃ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં બિનખેતીની પરવાનગી લેવા માટે ૬૪૩૬ અરજીઓ પૈકી કેટલી તાલુકાવાર અરજીઓ નામંજૂર કરવામાં આવી છે ? અને તેનાં કારણો શું છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં તારીખઃ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં બિનખેતીની પરવાનગીમાં કુલ-૬૪૩૬ અરજીઓ પૈકી ૨૦૭૪ નામંજૂર કરવામાં આવી અને દફતરે કરી તેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે. તાલુકાવાર આપું કે ચાલશે ?

અધ્યક્ષશ્રી : મોટાભાગે આવી ગયુ છે, છતાં સભ્યશ્રીને જરૂરી હોય તો આપો નહીંતર લખીને આપી દેજો.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાને જોડતા રસ્તાને ચારમાર્ગીય બનાવવાની કામગીરી

*૨૭૦૪ **પાયલ કુકરાની** (નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાને જોડતા નરોડા-દહેગામ-હરસોલ-ઘનસુરા રોડને ચારમાર્ગીય કરવા માટેની કામગીરી કયા તબક્કે છે,	(૧) ટેન્ડર તબક્કે.
(૨) આ કામ માટે કેટલી લંબાઇના અને કેટલી રકમના કામ મંજૂર કરવામાં આવ્યા,	(૨) કુલ ૩૭.૬૦ કી.મી. લંબાઈ અને કુલ રૂ.૨૪૪૦.૦૦ લાખ
(૩) ઉક્ત કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને	(૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.
(૪) તેનાથી થનાર લાભની વિગત શી છે ?	(૪) આ અગત્યના રાજ્યધોરી માર્ગનું ચારમાર્ગીયકરણ થતા ટ્રાફિકનું ભારણ હળવું થશે, અકસ્માતો ઘટશે અને રસ્તા પર આવેલ કવોરી ઉદ્યોગના પરીવહન માટે સુગમતા થશે. તેમજ કોરનેટવર્ક અને યાત્રાધામને જોડતા રસ્તાઓ પૈકી અગત્યનો રસ્તો હોવાથી શામળાજી યાત્રાધામને વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન થશે.

તારાંકિત પ્રશ્નો

ડો. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, નરોડા-દહેગામ-હરસોલ-ઘનસુરા રસ્તાનું ચારમાર્ગીય કરવા માટે હાલ કેટલી જમીન ઉપલબ્ધ છે ? હવે કેટલી જગ્યાનો ઉપયોગ થશે ? અને ચારમાર્ગીય કરવા માટે રસ્તામાં આવતા નાના મોટા વૃક્ષો દૂર કરવા પડશે તો તેના માટે વિભાગે શું વ્યવસ્થા કરેલ છે ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ-ગાંધીનગર-અરવલ્લીને જોડતો આ ખૂબ અગત્યનો રસ્તો છે. આ ઉપરાંત શામળાજી યાત્રાધામ પણ આવેલું હોવાથી રસ્તો પહોળો કરવો જરૂરી છે. હયાત ૧૦ મીટર જેટલો રસ્તો છે. હાલમાં ચારમાર્ગીય રસ્તો કરવામાં લગભગ ૩૭.૬ કિ.મી.ની લંબાઈ, બંને બાજુ ૩૦ મીટર જેટલી જગ્યા છે. જમીન સંપાદનનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ સરકાર કોઈ પણ રસ્તા પહોળા કરવાના થતા હોય અને કદાચ વૃક્ષો હટાવવા પડતા હોય તો વન વિભાગની પૉલિસી મુજબ ડબલ વૃક્ષો વાવવામાં આવે છે. આ વૃક્ષો ઉગાડવાનો ખર્ચ પણ માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવે છે. સાથે સાથે ૧૦ વર્ષનો નિભાવ ખર્ચ પણ રાજ્ય સરકાર ભોગવતી હોય છે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અરવલ્લી જિલ્લામાં છેલ્લાં ત્રણ વર્ષથી રસ્તાઓનાં કામના ટેન્ડર બહાર પડી ગયેલ હોવા છતાં હજુ પણ સ્ટેટ અને પંચાયતનાં કામ ધીમી ગતિએ ચાલે છે તો તેના માટે ઝડપથી કામ કરાવવા માગો છો કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના તમામ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આપના મત વિસ્તારમાં કોઈ પણ રોડ હોય તો અમારા ધ્યાન ઉપર મૂકશો. સરકાર દ્વારા ઝડપથી કામ કરવામાં આવશે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, શામળાજી ધર્મસ્થાન અને ઘોરી ઉદ્યોગને જોડતો ઘણો જ ટ્રાફિકવાળો રસ્તો હતો એટલા માટે માનનીય મુખ્યમંત્રશ્રી હવાલો સંભાળે એટલે તેમને અભિનંદન આપું છું. આ ચારમાર્ગીય રસ્તો કરાવવાના પ્રોજેક્ટમાં રોડ સેફ્ટીની શું જોગવાઈ કરી છે? ક્યા તાલુકાના કેટલા ગામોને તેનો લાભ મળનાર છે? ટેન્ડર પ્રક્રિયા કેટલા સમયમાં પૂર્ણ થવાની છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવીશ કે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. લગભગ ૧૨ જેટલી કંપનીઓ આવી છે અને એલ-૧ જે આવશે તેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરીને કામ તાત્કાલિક પૂર્ણ કરવામાં આવશે. સરકાર જ્યારે કોઈ પણ નવી ટેકનોલોજી લાવતી હોય તો તેનો માત્ર આઈ.ટી. લેવલે નહિ, પરંતુ આ ગૃહમાં આપે જે ટેકનોલોજી વાપરવાની મંજૂરી આપી તે મુજબ માનનીય ભૂપેન્દ્રભાઈની સરકારે પણ ગુજરાતમાં તમામ જગ્યાએ ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે. કોઈ પણ હાઈ-વે બનતો હોય ત્યારે વળવા માટે યુ-ટર્ન આપવામાં આવે છે, પરંતુ આ રસ્તા પર યુ-ટર્નની જગ્યાએ ફ્લેર પ્રકારના ઓપનિંગ આપીએ છીએ. જેના કારણે કોઈ પણ ગાડીને વળવું હોય તો સાઈડમાં પાર્ક કરીને ધીમેથી ગાડી વળી શકે. આ કારણે એક્સિડન્ટના પ્રમાણમાં ખૂબ ઘટાડો થયો છે. ૩૭ કિ.મી.માં આવા ૭ જેટલા જંક્શન બનશે. સાથે સાથે બે મેજર બ્રિજ, એક માઇનોર બ્રિજ અને ૪૧ જેટલા નાળાં બનશે. આથી રોડ ઉપર ટ્રાફિક પણ ન થાય અને વચ્ચે આવતાં ૨૪ જેટલા ગામડામાં વસતા ૧ લાખ ૮૩ હજાર જેટલા લોકો અવર-જવર પણ કરી શકે. આ રોડ ઉપર એક દિવસના ૭૮ હજાર જેટલા અને વાર્ષિક ૨ કરોડ ૮૪ લાખ જેટલા મુસાફરો અવરજવર કરે છે. માર્ગ અને મકાન વિભાગને એટલા માટે અભિનંદન આપવા છે કે હમણાં જ ડાંગમાં નવી ટેકનોલોજી વાપરીને અંબાજી-દાંતા ટર્નિંગ પાસે રોલર ક્રોસ વાપરવામાં આવ્યા. હમણાં જ એક એક્સિડંટ દરમિયાન બસ ટર્નિંગ ઉપર હતી, પરંતુ રોલર ક્રોસના કારણે બસ અથડાઈ અને પાછી પડી છતાં એક પણ મૃત્યુ ન થયું. આ પ્રકારની ટેકનોલોજી માર્ગ અને મકાન વિભાગ વાપરે છે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કૉર્પોરેશનની અંદરના રસ્તાઓની જાળવણી કૉર્પોરેશન કરતું હોય છે, પરંતુ શહેરોની અંદર પ્રવેશતાં એન્ટ્રી પોઇન્ટ સુધી માર્ગ મકાન વિભાગના હાઈ-વેના ડિવાઈડરો ઉપર આજુબાજુ ઝાડી-ઝાંખરાના કારણે શહેરોના એન્ટ્રી પોઈન્ટ એકદમ ખરાબ દેખાતા હોય છે તો તેના માટે કોઈ યોજના છે કે કેમ? શહેરોના પ્રવેશ દ્વારો સુંદર દેખાય તેના માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા જાળવણી કરવાનું કોઈ આયોજન છે કે નહિ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન સારું છે. મૂળ સવાલ હદનો હોય છે. કૉર્પોરેશન, જિલ્લા પંચાયત કે સ્ટેટ હાઈ-વેની હદ આવતી હોય છતાં પણ ક્યાંય ધ્યાન દોરવા જેવું હોય તો ચોક્કસ દોરજો. અમારો વિભાગ તાત્કાલિક કામ કરશે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, હિંમતનગરથી અંબાજી જતા રસ્તાનું કામ ઘણાં વર્ષોથી ચાલુ છે પણ એ પૂર્ણ થતું નથી અને એ રસ્તા પર પદયાત્રીઓની મહત્તમ અવર-જવરના કારણે ઘણા અકસ્માતોના બનાવો બને છે તો આ કામ ક્યારે પૂર્ણ થશે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ-હિંમતનગર અને હિંમતનગર-અંબાજી ખૂબ જ અગત્યનો રસ્તો છે. અમદાવાદથી હિંમતનગરનો જે રસ્તો છે એ નેશનલ હાઇવેમાં આવે છે. ચોમાસા દરમિયાન એમાં થોડી અડચણો હતી પણ હિંમતનગર-અંબાજીનું કામ પણ ઝડપથી પૂર્ણ કરીશું.

ફાલ્ગુન ૨૬, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

રાજકોટ અને દાહોદ જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સ

* ૨૧૧૯ **શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ અને દાહોદ જિલ્લામાંથી કેટલું ડ્રગ્સ પકડવામાં આવ્યું,

(૨) તેની કિંમત કેટલી છે, અને

(૩) ઉક્ત પકડાયેલ ડ્રગ્સ અન્વયે કેટલા ઈસમોની ઘરપકડ કરવામાં આવી ?

જવાબ

(૧) અને (૨) પત્રક મુજબ

(૩)

જિલ્લાના નામ	**ઘરપકડ કરવામાં આવેલ ઈસમોની સંખ્યા**
રાજકોટ શહેર	૪૧
રાજકોટ ગ્રામ્ય	૩૫
દાહોદ	૧૫

પત્રક

જિલ્લાના નામ	**ડ્રગ્સનો પ્રકાર**	**જથ્થો**	**કિંમત (રૂ.)**
રાજકોટ શહેર	ગાંજો	૧૯૯ કિલો ૩૬૩ ગ્રામ ૫૮૧ મીલી	૯,૪૧,૪૬૩ / -
	પોષડોડા	૧૫૦.૦૨૬ કિ.ગ્રા.	૪,૫૦,૦૭૮ / -
	હેરોઈન	૩ ગ્રામ ૩૩૦ મીલી	૧૬,૬૫૦ / -
	મેફેડ્રોન	૨૪૮ ગ્રામ ૯૯૩ મીલી	૨૫,૧૮,૦૦૦ / -
રાજકોટ ગ્રામ્ય	ગાંજો	૫૪૫.૪૩૧ કિ.ગ્રા.	૪૨,૬૮,૪૬૦ / -
	ચરસ	૦.૧૭૦ ગ્રામ	૨૫,૫૦૦ / -
દાહોદ	ગાંજો	૫૬૦.૬૪૭ કિ.ગ્રા.	૫૬,૦૬,૪૭૦ / -
	અફિણના ઝીંડવા (પોષડોડા)	૧૭૩૧.૦૬૦ કિ.ગ્રા.	૫૧,૯૩,૧૮૦ / -
	લીલા-સુકા અફિણના પોષડોડા તથા અફિણના છોડ	૯૧.૬૬૦ કિ.ગ્રા.	૨,૭૪,૯૮૦ / -

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ડ્રગ્સ માફિયાઓ સામે જંગ છેડનાર માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ શહેર, રાજકોટ ગ્રામ્ય અને દાહોદ જિલ્લામાં નશીલા પદાર્થો સંદર્ભે કેટલી રેડ પાડવામાં આવી?, એમાંથી કેટલી સફળ થઈ?, સફળતાની ટકાવારી કેટલી છે?, આ ડ્રગ્સની કિંમત કેટલી છે? અને ઉક્ત પકડાયેલા ડ્રગ્સ અન્વયે કેટલા ઈસમોની ઘરપકડ કરવામાં આવી?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો છે. રાજકોટ શહેરમાં પોલીસ દ્વારા કુલ ૨૬ રેડ કરવામાં આવી. આ તમામ રેડમાં રાજકોટ શહેરમાં પોલીસને ખૂબ મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. રાજકોટ શહેરમાં સફળ રેડની ટકાવારી સો ટકા રહી છે. રાજકોટ ગ્રામ્યમાં ૨૦ રેડ કરવામાં આવી અને એ તમામ રેડ સફળ રહી છે. દાહોદમાં ૯ રેડ કરવામાં આવી અને તમામ સફળ રહી છે. દાહોદ અને રાજકોટમાં બે તફાવત છે. રાજકોટના જે ગુનેગારો પકડાયા છે એ ત્યાંના લોકલ પેડલર પ્રકારના ગુનેગારો છે કે જે લોકલ યુવાનોને આ નશાખોરીમાં જોડવા માટે માલ વેચતા હોય છે. દાહોદના જે ગુનેગારો પકડાય છે એ ગુનેગારો ગુજરાતમાં માલ લાવવાનો પ્રયાસ કરતા હોય એવા પ્રકારના છે. ગાંજો, પોસડોડા, હેરોઈન, મેફેડ્રોન, ચરસ, અફિણના ઝીંડવા, લીલા-સૂકા અફિણના પોસડોડા તથા અફિણના છોડ આ બધું મળીને ખૂબ મોટી રકમ છે. જેના આંકડા ખૂબ લાંબા હોવાથી આ રકમનું લિસ્ટ આપી દઉં છું. રાજકોટ શહેરમાં કુલ ૪૧ આરોપી, રાજકોટ ગ્રામ્યમાં ૧૫ આરોપી અને દાહોદમાં પણ ૧૫ આરોપી પકડાયા છે. રાજકોટ શહેર પોલીસ આ બાબતે ખૂબ સારી કામગીરી કરે છે. રાજકોટ શહેરના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પોલીસ દ્વારા આવનારી ૨૪મી તારીખે કમસેકમ ૫૦ હજાર યુવાનોને જોડીને '' Say No To Drugs '' ના નામે એક મેરેથોન દોડનું આયોજન કર્યું છે. આ પ્રકારે નાના-મોટા કાર્યક્રમો થકી રાજ્યના યુવાનોને ડ્રગ્સની જગ્યાએ ફિટનેસમાં જોડાવા માટેની ગુજરાત પોલીસ એક પ્રેરણા પૂરી પાડે છે.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ શહેર, રાજકોટ ગ્રામ્ય અને દાહોદ જિલ્લામાં કેટલા ઈસમોની ડી.એસ.ટી.એક્ટ ૧૯૮૮ હેઠળ અટકાયત કરવામાં આવી?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ શહેરમાં ૯, રાજકોટ ગ્રામ્યમાં ૨ અને દાહોદમાં ૨ ઈસમો પર કાર્યવાહી ચાલી રહી છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી કનૈયાલાલ બ. કિશોરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી કે જેના નામથી વ્યાજખોરો અને ડ્રગ્સ માફિયાઓ થરથર કાંપે છે એવા યુવા ગૃહમંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાતમાં દેશનું યુવાધન ડ્રગ્સથી બરબાદ ન થાય એ માટે જનજાગૃતિના કયા-કયા કાર્યક્રમો થઇ રહ્યા છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ શ્રી ઉદયભાઇના પ્રશ્નના જવાબમાં જણાવ્યું એ રીતે ગુજરાત પોલીસ વિવિધ કાર્યક્રમો થકી ગુજરાતના યુવાનો સુધી ડ્રગ્સથી થતી નુકસાની છે, એ પહોંચાડવાનો પ્રયાસ કરતી હોય છે. ખાસ કરીને, ૨૬મી જૂનના રોજ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ વિરોધી દિવસે ગુજરાતભરના અલગ અલગ જિલ્લાઓમાં સ્કૂલો, કોલેજોને જોડીને આ કાર્યક્રમ કરવામાં આવતા હોય છે. આમ તો દર વર્ષે સામાજિક રીતે, યુવાનોને કોલેજના સેમિનાર વિગેરે પ્રકારના કાર્યક્રમો કરવામાં આવતા હોય છે. પરંતુ આ વખતે આપે ગુજરાત પોલીસને એક કલાકનો સમય આપવાનું કહ્યું છે, જેનાથી ગુજરાત પોલીસે છેલ્લાં બે વર્ષમાં ડ્રગ્સ માટે શું કામગીરી કરી છે અને તમામ લોકોની મદદથી આવનાર દિવસોમાં ગુજરાતના યુવાધનોને બચાવવા માટે કંઇ રીતે પ્રયાસ કરી શકીએ. આ તમામ વિષયો અમે એમાં લીધા છે. જેમાં આવનારા દિવસોમાં સામાજિક સંસ્થા હોય, ધાર્મિક સંસ્થાઓ હોય કે સ્કૂલ-કોલેજ, સો ટકા લોકો તેમજ પક્ષ- વિપક્ષ સાથે મળીને એક યોજના થકી ગુજરાતના યુવાનો સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરીમાં ડ્રગ્સ બાબતમાં આપણે સૌ ચિંતા કરી રહ્યા છીએ ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છું કે, ગુજરાતના તમામ આંકડાઓ આજની વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં જવાબ સાથે આપેલા છે. જે રીતે ઇસમોની ધરપકડ કરવામાં આવી છે. કોઇ એક વ્યકિત નાની વસ્તુ વેચતો હશે પણ એનો માલ કોઇ બીજી જગ્યાએથી આવતો હશે. આ બધી તો નાની માછલીઓ થઇ છે પણ આખા ગુજરાતનો પ્રશ્ન છે એટલે મને માફ કરજો, આ ચિંતાનો વિષય છે માટે આપને પૂછું છું અને માનનીય અધ્યક્ષશ્રી પણ પરવાનગી આપશે. આ બાબતે ડ્રગ્સના એવા કોઇ મુખ્ય વેપારીને પકડવામાં આવ્યો છે કે નહીં પહેલા મારે એ જાણવું છે? બીજું, ખાસ કરીને કોલેજ, હોસ્ટેલ અને કેફેનો વિસ્તાર છે એ જગ્યાએ સૌથી વધારે પ્રમાણમાં યુવાનો ભેગા થતા હોય છે અને ત્યાં ડ્રગ્સનું સેવન થતું હોય છે, તો સરકાર દ્વારા કોઇ સ્પેશિયલ સ્કૉવર્ડ ઊભી કરીને એ જગ્યાએ તપાસ કરી, ત્યાં રેડ કરીને કોઇ તપાસ કરવા માગે છે કે કેમ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ બે વિષયો ખૂબ મહત્ત્વના છે. પ્રશ્ન સ્કોપની બહાર છે પણ મારી પાસે માહિતી છે એટલે હું આપવાનો પ્રયત્ન કરું છું.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન દાહોદ અને રાજકોટ જિલ્લાનો છે પણ આપની પાસે માહિતી હોય તો આપી શકો છો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇ, આ દોઢ વર્ષથી જે પ્રકારે દરિયાઇ માર્ગો ઉપર ગુજરાત પોલીસે મજબૂતાઇથી કામગીરી કરી એમાં, પાકિસ્તાનના કરાંચીના સૌથી મોટા ડ્રગ્સ ડીલર જે એશિયાઇ દેશોમાં સૌથી મોટું સપ્લાય કરતાં હોય છે એ સલીમના દીકરાએ પોતે અહીંયા ડિલિવરી આપવા આવવાની ફરજ પડી. કારણ કે, એને પેડલર ના મળ્યા. એ પોતે આ ગુનામાં પકડાયેલ છે અને સૌથી મોટું સપ્લાય ભારત દેશમાં કરતા હતા. આ જ રીતે ગુજરાત રાજ્યના બીજા ૧૪ કેસોમાં ટોપ ટુ એન્ડ વાત કરું તો, હમણાં કેન્દ્ર સરકારની એક યોજના છે કે આપણે જે તપાસ કરીએ એ ભલે રૂ.૫૦૦/- ના ડ્રગ્સ સાથે પકડાયેલ વ્યકિત હોય તો એને પણ સેન્ટ્રલ એજન્સી સાથે શેર કરી, તમામ રાજ્યની એજન્સીઓ સાથે મળીને આ તપાસમાં જોડાય છે. એવા ૧૪ કેસોમાં આપણને ખૂબ મોટી સફળતા પ્રાપ્ત થઇ છે. દેશમાં પહેલી વાર એવું બન્યું કે, ગુજરાતમાં સુરત પોલીસે ગાંજામથી જે પાન્ડી બ્રધર્સ કરીને લોકો, ગુજરાતમાં સૌથી વધારે ગાંજો મોકલવાનું કામ કરતાં હતાં. અહીંયા જેમ જણાવ્યું એમ, નાના-નાના પેડલરો માલ વેચતા હોય છે. પરંતુ પાન્ડી બ્રધર્સના ત્યાં કરોડો રૂપિયાની પ્રોપર્ટી જપ્ત કરવાની કામગીરીમાં ગુજરાત સરકાર અને ઓરીસ્સા સરકારે સાથે મળીને જયારે ઓપરેશન કર્યું તેમાં આપણને બે મહિના પહેલા સફળતા પ્રાપ્ત થઇ છે. દેશમાં આ પહેલું મોડલ છે અને કેસ સ્ટડીના સ્વરૂપે બધા જ રાજ્યની પોલીસને મોકલવામાં આવ્યું છે. આ પ્રકારની ઘટનાઓને રોકવા માટે શ્રી શૈલેષભાઇ, આપે જે કોલેજ અને સ્કૂલોનું સૂચન આપ્યું એ સૂચનમાં, અમે ૧૦૦ ટકા કામગીરી કરી રહ્યા છીએ. અનેક કિસ્સાઓમાં આપણે પકડ્યા છે. સ્ટુડન્ટો પણ પકડ્યા છે. પરંતુ સ્ટુડન્ટનું ભવિષ્ય ધૂંધળું ન થાય તે માટે આપણે પ્રયાસ કર્યો છે કે એને સીધી દિશામાં કંઇ રીતે લવાય? અમદાવાદ, સુરત, મોરબી અને જામનગરમાં આવી ઘટનાઓ બની છે. ત્યાંના પોલીસ અધીક્ષકશ્રી માતા-પિતાને તથા એમના દીકરા-દીકરીને બોલાવીને સાથે બેસાડીને એ ખરેખર ઊંધી દિશાએ ચડી ના જાય, ખોટી લાઇને જતો ન રહે, એનું ભવિષ્ય ન બગડે તે માટે એને સમજાવવાનો પ્રયત્ન કરે છે અને સીધી લાઇન ઉપર લાવવાનો પ્રયત્ન કરે છે. તમામ વિષયોમાં સફળતા પ્રાપ્ત થશે કે નહીં તેનો અંદાજો નથી. પરંતુ ૧૪, ૧૫ કે ૧૮ વર્ષના છોકરાઓનું જીવન બરબાદ ન થવું જોઇએ એટલા માટે અમે આ પ્રયાસ કરીએ છીએ
અને સ્કૂલ કોલેજો ઉપર અને ૧૦૦ ટકા ગંભીરતાપૂર્વક પગલાં ભરીએ છીએ. છતાં પણ એમની પાસે એવી કોઇ માહિતી આવે અને અમને આપશે તો ખૂબ ખુલ્લા મને સ્વીકારીને આ માટે કામગીરી કરવા માગીએ છીએ.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે તા.૩૧-૧૨-૨૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ શહેર, રાજકોટ ગ્રામ્ય અને દાહોદ જિલ્લામાં નશીલા પદાર્થના કેટલા કેસો કઇ એજન્સી દ્વારા શોધવામાં આવેલ છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, રમેશભાઇએ પૂછ્યું છે. તમારું ધ્યાન કદાચ શ્રી શૈલેષભાઇ તરફ હોય..

શ્રી હર્ષ સંઘવી : ના. મારું ધ્યાન અહીંયા જ છે. શ્રી શૈલેષભાઇ પર ધ્યાન નથી.

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, તમે બેઠા બેઠા વધારે કોમેન્ટ કરો છો, એટલે એમનું ધ્યાન આ બાજુ આકર્ષિત થાય છે.

શ્રી હર્ષ સંઘવી : ના, ના, ના. મારું ધ્યાન શ્રી રમેશભાઇ પર છે. માનનીય અધ્યક્ષશ્રી, પૂરતું ધ્યાન છે. એમણે જે અલગ અલગ એજન્સી દ્વારા કેટલું ડ્રગ્સ પકડ્યું છે એના માટે પ્રશ્ન પૂછયો છે.

અધ્યક્ષશ્રી : તમારી ગ્રહણશક્તિ અને સ્મરણશક્તિને અભિનંદન.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ શહેર એસ.ઓ.જી. દ્વારા ૧૧ કેસો પકડવામાં આવ્યા છે. રાજકોટ ગ્રામ્ય દ્વારા ૧૩ રેડો પાડવામાં આવી. દાહોદ એસ.ઓ.જી. દ્વારા ૭ રેડો પાડવામાં આવી. એ જ રીતે રાજકોટ શહેરની ડી.સી.બી., એલ.સી.બી.દ્વારા ૧, રાજકોટ શહેરની સ્થાનિક પોલીસ દ્વારા ૩, એ જ રીતે રાજકોટ ગ્રામ્યની ડી.સી.બી., એલ.સી.બી. દ્વારા ૧ અને સ્થાનિક પોલીસ દ્વારા એકપણ નહીં. દાહોદ શહેર એસ.ઓ. જી. દ્વારા ૭, ડી.સી.બી., એલ.સી.બી. દ્વારા ૧ અને સ્થાનિક પોલીસ દ્વારા ૧.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, તમને ફરી તક આપું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય હર્ષભાઇ, આપની વાત સાથે હું સંમત છું. આ બહુ સિરિયસ મામલો છે એટલે ખાલી એટલું જ પૂછવું છે કે કોઇ ડ્રગ્સ લઇને દીકરો ઘેર આવ્યો અને પોલીસે એને પકડ્યો. આપ કહો છો કે એની ઉંમરના લીધે કેસ ના કરે. પોલીસ એને સમજાવે અને માબાપને પણ સમજાવે છે. શ્રી હર્ષભાઇ, આપણે આ સ્વીકારવું પડશે કે ડ્રગ્સ કયાં વેચાય છે અને કયાં પીવાય છે એ પોલીસ વિભાગ બહુ સ્ટ્રીક્ટલી સારી રીતે જાણતા હોય છે. આમાં જો સરકાર સ્ટ્રીક્ટ નહીં થાય. જેમ દારૂની કોઇ જગ્યાએ ...

અધ્યક્ષશ્રી : તમે સીધા પ્રશ્ન ઉપર આવો. જે તમારે પ્રશ્ન પૂછવાનો બાકી રહ્યો હોય એના પર આવો. પાછી ફરી વર્ણન કરવાની શ્રી અમિતભાઇની અસર તમને થવા માંડી? તમે ટુ ધ પોઇન્ટ આવો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે જગ્યાએ દારૂ પકડાય છે, ત્યાં પી. આઇ. ને આપ સસ્પેન્ડ કરો છો. એવી જ રીતે જે પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ રીતે ડ્રગ્સ વેચાતું હોય કે પકડાતું હોય તો એમાં કોઇ એકશન પોલીસ અધિકારી સામે લેશો તો હું માનું છું કે આને આપણે રોકી શકીશું. મારું મંત્રીશ્રીને સૂચન છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, પકડે એને ઇનામ પણ આપીશું અને જેની ઢીલ હશે, ત્યાં ૧૦૦ ટકા પગલાં પણ ભરીશું, કારણ કે આપણા રાજયના ભવિષ્યનો વિષય છે. આમાં કોઇ પણ પ્રકારની રાજનીતિ ન જ હોઇ શકે, પરંતુ ડ્રગ્સના પણ અલગ અલગ પ્રમાણ હોય છે. હું માનું છું ત્યાં સુધી શ્રી શૈલેષભાઇ સમાજ જોડે રોકાયેલા વ્યકિત છે. ખૂબ સારી રીતે જાણતા હશે કે હું જે પ્રાયમરી સેકટરના સ્ટુડન્ટ્સની વાત કરું છું, એનું ડ્રગ્સનું પ્રમાણ એટલે ગાંજો, ચરસ એ પ્રકારનું નથી હોતું. એમાં સ્ટેશનરીની દુકાન પર મળતા કોરસ જે હોય છે એનો પણ ઉપયોગ પણ કરવામાં આવતો હોય છે. એનો કંટ્રોલ પોલીસ વિભાગ પાસે નથી હોતો. એ બાબતે પણ હું એ જ કહેવા માગું છું. બીજી દવાઓ પણ જે આવે છે. જે જનરલ ફિઝિશિયન, જનરલ મેડિકલ શોપ્સ પર મલતી હોય એના ઉપરથી એ લોકો નાનો મોટો નશો કરતા હોય છે. આપણે આ નશાથી ચરસ ગાંજાના નશા સુધી ન પહોંચે તે માટે એના પરિવારને જાણકારી આપીએ છીએ. આપણે કોઇ ઢીલ નથી આપતા, પરંતુ આ નાનાં બાળકોને જો પહેલા જ દિવસે આપણે આ રીતનો કેસ કરીને એના પાસપોર્ટ પર થપ્પો મારી દઇશું તો એનું જીવન બરબાદ થઇ જશે અને એ નેગેટિવિટી તરફ વળી જશે. આપણે એને પોઝિટિવિટી તરફ વાળીને રી-હેબિલેશન સેન્ટરના માધ્યમથી એને એક સારો નાગરિક બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ. કોરસ અને આ પ્રકારની ઘટનાઓ પર પણ પોલીસનું ધ્યાન છે. અને આ બાબતે બીજા વિષયોને લઇને પણ અમે યોજનાઓ બનાવી રહ્યાં છીએ. હું આપને વિશ્વાસ અપાવું કે આમાં ખૂબ મજબૂતાઇથી આપણે પગલાં ભરીશું. હું એમ નથી કહેતો કે માત્ર અમે કે સરકાર આ પગલાં ભરીશું, પણ આપણે ૧૮૨ સાથે મળીને આમાં પગલાં ભરીશું.

અધ્યક્ષશ્રી : આ એક સોશિયલ રિસ્પોન્સિબિલિટીનું પણ કામ છે. પોલીસની સાથે સાથે અવેરનેસ આવે એ માટે આપણે બધા ધારાસભ્યશ્રીઓએ પણ જાગરૂકતા માટેનું કામ, નવી પેઢીને બચાવવા માટેનું કામ આપણે કરવું પડશે.

પંચમહાલ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યાઓ

* ૨૧૨૧ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,	(૧) અને (૨)

મંજૂર	ભરાયેલ	ખાલી
૦૭	૦૭	૦

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને	
(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?	(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પંચમહાલ જિલ્લાના ૭ તાલુકામાં, સાતે સાત તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ ભરાયેલી છે. માનનીય રાજય સરકારનો અને માનનીય મંત્રીશ્રીનો પણ હું ખૂબ ખૂબ આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારો પહેલો પ્રશ્ન એ છે કે આ ભરાયેલી જગ્યાઓથી લોકોને શું ફાયદો, શું લાભ મળે અને બીજી વસ્તુ એ છે કે તાલુકા વિકાસ અધિકારી કોઇ બહેન હોય, કોઇ ભાઇ હોય અને એમના પતિદેવ કે ભાઇ બીજા જિલ્લામાં ૩૦૦ કિલોમીટર દૂર હોય. તો એવા જે જોડાં વિખૂટા પડ્યા છે, એને ભેગા કરવા માગે છે કે કેમ?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સિનિયર આગેવાન સભ્યશ્રીની લાગણી છે કે જોડાં વિખુટાં પડયાં છે એવા કેસ એટલે પતિ-પત્નીના કેસમાં ભેગા કરવા માગો છો કે કેમ, તો માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે અમારા પંચાયત વિભાગના માધ્યમથી, આરોગ્યનો કોઇ પ્રશ્ન હોય, કોઇ વિધવા હોય, કે પતિ-પત્નીના કેસ હોય તેવા કેસની અંદર જિલ્લા ફેર કરીને પણ એવા કેસમાં બદલી કરવાની જોગવાઇ છે અને આવા કેસોમાં ગયા વર્ષે મારા વિભાગમાં ૨૭૪૨ જેટલા કર્યા છે. માનનીય સભ્યશ્રીએ એ લાગણી વ્યકત કરી છે કે તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ ભરેલી હોય તો લોકોને શું લાભ થાય, પણ મને લાગે છે કે મારા બધા સાથી ધારાસભ્યશ્રીઓ એ વાતથી વાકેફ જ હશે, તાલુકા વિકાસ અધિકારી એ આપણા ગ્રામ વિકાસની કરોડરજ્જુ જેવું કામ કરતાં હોય છે. એ ગ્રામ્ય સ્તરથી માંડીને તાલુકા સુધીની તમામ યોજનાઓ સાથે જોડાયેલા હોય છે, તાલુકા વિકાસ અધિકારી લોકો સાથે તેમજ પંચાયતના ત્રી-સ્તરીય માળખા સાથે સીધા સંપર્કમાં આવીને કામ કરતાં હોય છે. અને તાલુકા વિકાસ અધિકારી આવકના દાખલા, જાતિના દાખલા, કોઇ પણ યોજનાનો લાભ લેવા માટે પ્રાથમિક જરૂરિયાત રહેલી છે એમાં પણ એ મદદરૂપ થાય છે. અને નાણાપંચનાં કામોનું આયોજન હોય, સરકારની મહત્ત્વની યોજનાઓ હોય, સ્વચ્છ ભારત અભિયાન હોય, રૂર્બન ડેવલપમેન્ટ હોય, પી.એમ.જે.વાય. હોય, એસ.પી.એમ. હોય, મનરેગા હોય, એન.આર.એલ.એમ. હોય આવી તમામ યોજનાના અમલીકરણમાં એમનું માર્ગદર્શન રહેતું હોય છે. પંચાયતના ધારા અન્વયે સોંપાયેલી કામગીરી પણ તાલુકા વિકાસ અધિકારી કરતા હોય છે. તાલુકા વિકાસ અધિકારી રાજય સરકારના વિવિધ વિભાગો, આરોગ્ય અને પરિવાર કલ્યાણ હોય, શિક્ષણ હોય, સિંચાઇ હોય, માર્ગ અને મકાન હોય, ગૃહ વિભાગ હોય, મહેસૂલ વિભાગ હોય, આદિજાતિ વિભાગ હોય, નાગરિક પુરવઠા વિભાગ હોય, કૃષિ, ખેડૂત કલ્યાણ સહકાર વિભાગ હોય, આ તમામ પ્રકારની કામગીરી તાલુકા વિકાસ અધિકારી કરતા હોય છે.

અધ્યક્ષશ્રી : અને જો એ જગ્યા ખાલી રહે તો આ બધી જ કામગીરીમાં તકલીફ થાય. બરાબર ને? અહીં સાતે સાત તો ભરેલી છે

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ખાલી રહેવાનો સવાલ નથી, રાજયના મુખ્યમંત્રીશ્રીને મારે અભિનંદન પાઠવવા પડે કે ગુજરાતની ૨૪૮ જગ્યાઓ પૂરે પૂરી ભરાયેલી છે. અને ખાલી રહેવાની આપે જયારે વાત કરી છે ત્યારે આગામી પાંચ વર્ષનું પણ અમે આયોજન કર્યું છે. જેને પ્રમોશનથી બઢતી આપવાની છે, નવી જગ્યાઓના માંગણાપત્ર પણ અમે વિભાગમાં મોકલેલા છે, આગામી વર્ષ ૨૦૨૭ સુધી અને તેના પછી પણ અમે છીએ એટલે અમે આ જગ્યાઓ ખાલી રાખવાના નથી.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પંચમહાલ જિલ્લાની એકલી વાત નથી, પણ ગુજરાતના તમામ તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ ભરાયેલ છે, એટલે ફરીથી મારા ખૂબ સ્નેહસભર સરકારશ્રીનો અને માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું.

ઘાનેરા અને દાંતીવાડા તાલુકામાં સ્પોર્ટ સંકૂલ વિકસાવવા બાબત

*૨૪૫૫ **શ્રી માવજીભાઈ દેસાઈ** (ઘાનેરા) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ઘાનેરા અને દાંતીવાડા તાલુકાના રમતવીરો માટે તાલુકા મથકોએ એક પણ સ્પોર્ટ સંકૂલ આવેલ નથી તે હકીકત સાચી છે, અને	(૧) હા
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકા મથકોએ સ્પોર્ટ સંકૂલ બનાવવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે ?	(૨) કોઈ કાર્યવાહી હાથ ધરેલ નથી.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે સ્પોર્ટસ બાબતની અંદર છેલ્લાં ઘણાં વર્ષોથી ખૂબ પ્રશંસનીય કામગીરી કરી છે. ત્યારે રાજય સરકારને અને મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજયમાં હાલના જિલ્લા કક્ષાના તથા તાલુકા કક્ષાના કેટલા સ્પોર્ટસ સંકુલ કાર્યરત છે અને એમાં કઇ કઇ સુવિધાઓ અત્યારે ઉપલબ્ધ છે. અને મારા બનાસકાંઠા જિલ્લા અને મારા વિસ્તાર ઘાનેરામાં આવી કોઇ સુવિધા ઉપલબ્ધ છે કે કેમ?

તારાંકિત પ્રશ્નો

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા એક નિર્ધાર કરવામાં આવ્યો છે કે તમામ જિલ્લાઓમાં જિલ્લા કક્ષાના રમત ગમત કેન્દ્ર આ વર્ષે ચાલુ કરવામાં આવે અને એ જિલ્લા રમત ગમત કેન્દ્ર દ્વારા એ જિલ્લાના અનેક ખેલાડીઓને એક એવું પ્લેટફોર્મ આપવા માગીએ છીએ કે જેનાથી આખું વર્ષ એ સ્પોર્ટસની પ્રેક્ટિસ કરીને સારો ખેલાડી બનીને પહેલા જિલ્લાને, પછી રાજ્યને અને પછી દેશને રિપ્રેઝન્ટ કરે. આ વર્ષે હાલમાં ૧૯ જિલ્લા કક્ષાના અને ૩ તાલુકા કક્ષાના રમત ગમત સંકુલ કાર્યરત છે. એના સિવાયના જેટલા જિલ્લાઓ છે તે આ વર્ષે બજેટમાં લેવામાં આવેલ છે. ખાસકરીને બનાસકાંઠા જિલ્લાને તો લહેર છે, જી.આઇ.ડી.સી. આવી, બટાકાના ભાવો વધી ગયા, બટાકાને સબસિડી મળી ગઇ અને હવે ઘાનેરા અને ડીસા અને પાલનપુર ને બધે (અંતરાય) દૂધની રેલમછેલ છે.

અધ્યક્ષશ્રી : તમારી આજુબાજુ ચારે બાજુ બનાસકાંઠા દેખાય છે એટલે.

શ્રી હર્ષ સંઘવી : તમે માનનીય અધ્યક્ષશ્રી**,** દૂધ પીવડાવો અને છોકરાઓ તંદુરસ્ત થાય અને અમે સ્પોર્ટસ સેન્ટર આપીએ અને આપણે એને ખેલાડી બનાવીએ અને દેશભરમાં આવનારા દિવસોમાં આપણું રિપ્રેઝન્ટ કરશે. બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં જિલ્લા રમતગમત સંકુલમાં કુલ રૂ. ૮ કરોડ ૪૭ લાખના ખર્ચે મલ્ટીપર્પઝ ઇન્ડોર હોલની કામગીરીનો વર્ક ઓર્ડર એજન્સીને આપવામાં આવેલ છે. ડીસા ખાતે એક તાલુકા કક્ષાનું રમતગમત સંકુલ બનાવવા માટે જમીન મેળવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. ઘાનેરાએ માગેલું છે. ઘાનેરામાં પણ આગળ કામ વધારીશું. પછી ગેનીબેનને આપીશું અને પછી તમે જેને જેને કહો એ બધાને આપીશું, કોઇ બાકી નહીં રહે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ખેલકૂદ મંત્રીશ્રીનો ડીસામાં રમતગમત સંકુલની પ્રક્રિયા હાથ ધરવા બદલ ખૂબ ખૂબ આભાર. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જિલ્લા અને તાલુકા કક્ષાના રમતગમત સંકુલો ઉપરાંત રમતગમતની ઉચ્ચ કક્ષાની વૈજ્ઞાનિક પદ્ધતિથી તાલીમ માટે કોઇ આયોજન થયેલ છે કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાત રાજ્યમાં છેલ્લાં ઘણાં વર્ષોથી સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ખૂબ મહત્ત્વના પગલાં લેવામાં આવ્યાં છે. જિલ્લા અને તાલુકા કક્ષાના રમત સંકુલો ઉપરાંત રમતગમતની ઉચ્ચ કક્ષાની વૈજ્ઞાનિક પદ્ધતિથી તાલીમ માટે નડિયાદ જિલ્લા રમત સંકુલ ખાતે હાઇ પર્ફોર્મન્સ સેન્ટર બનાવવામાં આવેલ છે. હું આપના થકી ગુજરાતના સૌ ધારાસભ્યશ્રીઓને વિનંતી કરવા માગું છું કે આ હાઇ પર્ફોર્મન્સ સેન્ટર જ્યારે પણ સમય મળે ત્યારે જરૂરથી વિઝિટ કરવું જોઇએ. પોતાનાં બાળકોને પણ સાથે લઇ જવા જેવું હાઇ પર્ફોર્મન્સ સેન્ટર છે. તમામ પ્રકારની હાઇ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ગુજરાતના ખેલાડીઓને નેશનલ અને ઇન્ટરનેશનલ કક્ષાના કોચ છે તેને ત્યાં અપોઇન્ટ કરીને આપણા અનેક પ્લેયરોને ત્યાંથી નેશનલ અને ઇન્ટરનેશનલ કક્ષાની ટ્રેનિંગ આપવામાં આવે છે. ત્યાં ૫૦ મીટરની શુટિંગ રેન્જ, ૧૦ મીટરની શુટિંગ રેન્જ, ટેબલ ટેનિસ, રીકવરી ફેસિલિટી, સ્ટીમબાથ, સોનાબાથ અને જાકુઝીની સુવિધાઓ પણ આપવામાં આવી છે. કુલ ૧૦૪ પ્રકારની ફેસિલિટી છે, જે હું લેખિતમાં સભ્યશ્રીને આપી દઇશ.

વલસાડ અને ડાંગ જિલ્લામાં હોમગાર્ડઝનું મંજૂર મહેકમ

* ૨૧૧૦ **શ્રી અરવિંદભાઈ પટેલ** (ધરમપુર) : **માનનીય ગૃહ રક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વલસાડ અને ડાંગ જિલ્લામાં હોમગાર્ડઝનું કેટલું મહેકમ મંજૂર કરેલ છે,	(૧) વલસાડ-૭૮૪ ડાંગ-૪૭૧
(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલું મહેકમ ભરાયેલ છે, અને	(૨) વલસાડ-૭૧૯ ડાંગ-૪૬૧
(૩)કેટલા હોમગાર્ડઝ સભ્યોની (પૂરૂંષ + મહિલા) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરતી કરવામાં આવેલ છે ?	(૩) ૧૩૭ પૂરૂંષ અને ૦૮ મહિલાની ભરતી કરેલ છે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો હોમગાર્ડનો પ્રશ્ન છે અને હોમગાર્ડની કામગીરી ખૂબ કઠિન હોય છે. શિયાળો, ઉનાળો કે ચોમાસુ હોય, તેમની કામગીરી કરવી ખૂબ અઘરી હોય છે. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે હોમગાર્ડઝ માટે કોઇ એવોર્ડ કે મેડલ આપવામાં આવે છે કે કેમ? તેના માપદંડ અને ધારાધોરણો શું છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો હું ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો આભાર માનવા માગું છું કે હોમગાર્ડઝના સભ્યોને પ્રતિદિન રૂ. ૩૦૦ માનદ્ વેતન ચૂકવવામાં આવતું હતું. રાજ્ય સરકારે તા. ૩૦-૧૧-૨૦૨૨થી તેમાં સીધો ૫૦ ટકાનો વધારો કરીને પ્રતિદિન ૪૫૦ રૂપિયાનું માનદ્ વેતન કરવામાં આવેલ છે. અલગ અલગ પ્રકારના અનેક ચંદ્રકો હોમગાર્ડઝના સભ્યોને આપવામાં આવે છે, જેમાં મહામહિમ્ રાષ્ટ્રપતિશ્રી દ્વારા એનાયત કરવામાં આવતા એવોર્ડમાં હોમગાર્ડઝ સભ્ય દ્વારા ઉચ્ચ કક્ષાની બહાદુરી, શૂરાતન, શૌર્ય જેવી ઉચ્ચ ગુણવત્તા ધરાવતી છેલ્લા એક વર્ષની કામગીરીને ધ્યાને લઇને ગેરેન્ટરી મેડલ આપવામાં આવે છે. હોમગાર્ડઝ દળમાં ૧૫ વર્ષની સળંગ સેવાઓ હોય તેવા જવાનોને લાંબી અને પ્રશંસનીય કામગીરી માટે મેરિટોરિયસ સર્વિસ એવોર્ડ આપવામાં આવે છે. હોમગાર્ડઝ દળમાં ૨૦ વર્ષની સળંગ સેવાઓ હોય તેમજ જેઓએ મહામહિમ્ રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવેલ હોય તેવા જવાનોને લાંબી અને પ્રશંસનીય કામગીરી/સેવાઓ

માટે ડિસ્ટ્રિક્ટ વાઇઝ સર્વિસ મેડલ આપવામાં આવે છે. માનનીય રાજ્યપાલશ્રી દ્વારા રાજ્યપાલશ્રી ચંદ્રક આપવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રી દ્વારા મુખ્યમંત્રી ચંદ્રક આપવામાં આવે છે. આ પ્રકારના અલગ અલગ ચંદ્રકો આપીને હોમગાર્ડઝના જવાનોને પ્રેરણા પૂરી પડાય છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો રાજ્યના ગૃહ મંત્રીશ્રી હર્ષભાઇને અભિનંદન આપું છું એટલા માટે કે યુવાન વયે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગૃહખાતાની મહત્ત્વની જવાબદારી આપી છે તે તેઓ ખૂબ સારી રીતે બજાવી રહ્યા છે. મંત્રીશ્રી ભલે અમારાથી ઉંમરમાં નાના હોય પણ ખૂબ ભણેલા માણસોથી પણ સારું કામ કરી રહ્યા છે એ શ્રી હર્ષભાઇએ સાબિત કરી બતાવ્યું છે. અમારા પ્રદેશ અધ્યક્ષને પણ અભિનંદન આપવા ઘટે કે ચુનંદા ધારાસભ્યોને ઉમેદવાર બનાવીને આ ધારાસભામાં મોકલ્યા છે. ખૂબ સારી કામગીરી કરી રહ્યા છે અને ગૃહ વિભાગ દ્વારા પોલીસ દ્વારા એટલે ધાક જમાવવામાં આવી છે, શોલેમાં એક ડાયલોગ છે, માં બાળકને સુવડાવતી વખતે ....

અધ્યક્ષશ્રી : તમે સીધા પ્રશ્ન ઉપર આવી જશો.

શ્રી ભરતભાઇ કી. પટેલ : સાહેબ, બે મિનિટ, મેં કોઇ દિવસ ગૃહમાં સમય નથી બગાડયો.

અધ્યક્ષશ્રી : બે મિનિટ ના હોય ભરતભાઇ, તમે સીધા પ્રશ્ન ઉપર આવો. નહીંતર હું બીજા કોઇને તક આપીશ.

શ્રી ભરતભાઇ કી. પટેલ : સાહેબ, બે શબ્દ બોલી લઉં,

અધ્યક્ષશ્રી : કંઇ બોલવું નથી, તમે સીધા પ્રશ્ન ઉપર આવો?

શ્રી ભરતભાઇ કી. પટેલ : સાહેબ, શોલેમાં એક ડાયલોગ છે..

અધ્યક્ષશ્રી : અરે શોલેના ડાયલોગ બોલ્યા પછી ટાઇમ હશે? આ પ્રજાના માટે પ્રશ્ન છે. તમે ડાયરેકટ વાત કરો?

શ્રી ભરતભાઇ કી. પટેલ : સાહેબ, પોલીસની ધાક એટલી છે કે કોઇ ગેરકાયદેસર ધંધો કરવા જાય તો '' સંભાલકે જાનેકા, નહીં તો શ્રી હર્ષભાઇકી ફૌજ આ જાયેગી.'' આ માહોલ ઊભો કર્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય ભરતભાઇ આપ બેસો. માનનીય ઉમેશભાઇ...

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર એવા યુવા ગૃહમંત્રીશ્રીને આપના માધ્યમથી પૂછવા માગું છું કે ગુજરાતના જે હોમગાર્ડના જવાનો, ટી.આર.બી. જવાનો, જી.આર.ડી. જવાનોને મોંઘવારી પ્રમાણે ભથ્થું ચૂકવવા માગો છો કે કેમ? અને આ જવાનોને પેન્શન આપવા માગો છો કે કેમ અને ચાલુ સર્વિસે જો શહીદ થઇ જાય તો એમને રૂપિયા એક કરોડની રકમ આપવા માગો છો કે કેમ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મોટાં ભાગનાં એમનાં સૂચન છે અને એના સિવાય પણ મેં પહેલાં પણ જણાવ્યું એમ તા.૩૦-૧૧-૨૦૨૨થી હોમગાર્ડસના જવાનો માટે ૫૦ ટકાનો વધારો કરીને પ્રતિદિન રૂ. ૪૫૦નું માનદ્ વેતન કરવામાં આવેલ છે અને એનાં સિવાયનાં જે સૂચનો છે એ તમામ સૂચનોને ચર્ચામાં લઇશું.

શ્રી રાકેશ ગુ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે હોમગાર્ડસ સભ્યોની ભરતી અને તે અંગેની પસંદગીની પ્રક્રિયા શું હોય છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મુંબઇ હોમગાર્ડસ નિયમ ૧૯૫૩ના નિયમ-૩ની જોગવાઇ હેઠળ જિલ્લા કમાન્ડન્ટશ્રી જિલ્લા કક્ષાએ હોમગાર્ડસ ભરતીનું આયોજન હાથ ધરવામાં આવે છે, જેમાં મુખ્યત્વે લાયકાતના ધોરણો અને પસંદગીના માપદંડને ધ્યાને લઇ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. હોમગાર્ડસ દળમાં ભરતી થવા આવનાર પુરુષ, મહિલા ઉમેદવારોની અલગ અલગ લાયકાત ધ્યાને રાખવામાં આવતી હોય છે. ઉંમર ૧૮ થી ૫૦ની વચ્ચે હોવી જોઇએ. વજન એનું ૫૦ કિલો, મહિલા હોય તો ૪૦ કિલો, ઉંચાઇ પુરુષની ૧૬૨ સે.મી., મહિલા માટે ૧૫૦ સે.મી. છાતી ૭૯, ૫. સે.મી. ફુલાવીને, ગુનાહિત કૃત્ય કરેલ ન હોવા જોઇએ અને કોમી સંસ્થા સાથે સંકળાયેલા ન હોવા જોઇએ.

પાલીતાણા નગરપાલિકા હસ્તક રેલ્વે ઓવરબ્રિજ / અંડરપાસ

* ૨૧૮૦ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની પાલીતાણા નગરપાલિકા હસ્તકના રેલ્વે લેવલ ક્રોસીંગના સ્થળે રેલ્વે ઓવરબ્રિજ/અંડરપાસની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,	(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની પાલીતાણા નગરપાલિકા હસ્તકના રેલ્વે લેવલ ક્રોસીંગ-૩૧ બી ના સ્થળે રેલ્વે ઓવરબ્રિજની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે.
(૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે,	(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરીમાં ૨૯% ભૌતિક પ્રગતિ અને ૧૯% નાણાકીય પ્રગતિના તબક્કે છે.
(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને	(૩) સદરહું કામગીરી પાછળ અંદાજીત રૂ.૨૬૦૯.૦૬ લાખ ખર્ચ થનાર છે.
(૪)આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?	(૪) આ કામગીરી મંજૂર થયેલ સમયમર્યાદા તા.૧૨-૦૪-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

અતારાંકિત પ્રશ્નો

શ્રી ભીખાભાઇ ૨. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે ગુજરાતમાં રેલ્વે ફાટક મુકત કરી રહ્યા છે ત્યારે મારા પાલિતાણા વિસ્તારનો એક પ્રશ્ન છે. પાલિતાણા નગરપાલિકા હસ્તક રેલ્વે ક્રોસિંગ ઓવરબ્રિજનું કામ પૂર્ણ કરવામાં વધારે સમય લાગેલો. તેની પાછળનું કારણ શું છે અને આમાં મર્યાદા વધારવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા વિવિધ કામો કે જેમાં શહેરી વિસ્તરોમાં જે રેલ્વે પસાર થતી હોય ત્યાં આગળ શહેરો વિકસતા જાય એટલે સ્વાભાવિક ટ્રાફિક થાય, સાધનોની સંખ્યા વધે, ફાટક બંધ થાય, પેટ્રોલ ડીઝલ વગેરે પણ બરબાદ થાય એના કારણે ગુજરાતે શહેરીની અંદર ફાટક મુકત ગુજરાતનું એક અભિયાન ચલાવ્યું છે અને એ અભિયાનના કારણે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર, આ વાત હું એટલા માટે કરી રહ્યો છું કે કેટલાય શહેરી વિસ્તારમાંથી આવતા ધારાસભ્યો છે. સમય પણ ઓછો છે, બીજા પ્રશ્નને અવકાશ નથી એટલે આ વાત હું કહી રહ્યો છું. એમણે જે પ્રશ્ન પૂછયો એનો ઝડપથી જવાબ આપી દઉં. સર્વિસ રોડમાં દબાણ દૂર કરવામાં, ડી.આઇ.એલ.આર. કક્ષાએ માપણીની પ્રક્રિયામાં, યુટિલિટી શિફ્ટિંગ એટલે ગટર, સ્ટોર્મ વોટર, વીજળીના થાંભલાઓની પ્રક્રિયા જે બદલવામાં સમય લાગે છે, ઓવરબ્રિજના કુલ ભાગ પૈકી રેલવેનો જે પોર્શન હોય એમાં જનરલ એરેંજમેન્ટ ડ્રોઇંગ જે રેલ્વે દ્વારા મંજૂરી આપવામાં આવે છે એની જયારે મંજૂરી મળે પછી જ એ પોર્શનની અંદર આપણે કામ કરી શકતાં હોઇએ છીએ એટલે એમાં પણ સમય લાગતો હોય છે. હાલમાં આ કામ ડીલે થવાનું કારણ કોન્ટ્રાકટર નથી પરંતુ આવા નાનાં મોટાં કારણોસર એ કામ થોડું મોડું થયું છે.

અધ્યક્ષશ્રી :પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

પાટણ અને પોરબંદર જિલ્લામાં લોક દરબાર યોજવા બાબત

૨૧૧૫ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં વ્યાજખોરો વિરુદ્ધ કોઈ ઝુંબેશ કરવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો તેનો સમયગાળો કેટલો છે, અને

(૩) આ સમયગાળામાં પાટણ અને પોરબંદર જિલ્લામાં કેટલા લોક દરબાર યોજાયા ?

જવાબ

(૧) હા, જી.

(૨) તા.૦૫-૦૧-૨૦૨૩ થી તા.૩૧-૦૧-૨૦૨૩ સુધી

(૩)

જિલ્લાનું નામ	યોજાયેલ લોકદરબારની સંખ્યા
પાટણ	૫૯
પોરબંદર	૧૩૮

- - - - - - - - -

જામનગર અને આણંદ જિલ્લામાં વ્યાજખોરો વિરૂદ્ધ ઝુંબેશ

૨૧૧૪ **શ્રી યોગેશ પટેલ** (આણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં વ્યાજખોરો વિરૂદ્ધ કોઇ ઝુંબેશ કરવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો તેનો સમયગાળો કેટલો છે, અને

(૩) જામનગર અને આણંદ જિલ્લામાં કેટલા વ્યાજખોરો સામે કેટલા ગુના દાખલ કરવામાં આવ્યા ?

જવાબ

(૧) હા, જી.

(૨) તા.૦૫-૦૧-૨૦૨૩ થી તા.૩૧-૦૧-૨૦૨૩

(૩)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર અને ભરૂચ જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર

જવાબ

(૧) પત્રક મુજબ.

(૨) અને (૩)

કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

જિલ્લા	ધરપકડ કરી	ધરપકડ બાકી
ભાવનગર	૧૦૭૪૦	૬
ભરૂચ	૨૭૮૯૩	૫૧

(૪) ધરપકડ કરવાના બાકી આરોપીઓને પકડી પાડવા સારૂ ભરોસાદાર બાતમીદારોથી તપાસ કરાવવામાં આવેલ છે. તેમજ ટેક્નિકલ સરવેલન્સ આધારે તપાસ કરવામાં આવેલ છે, અને તે આરોપીઓની નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ - ૭૦ મુજબ વોરંટ મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે.

પત્રક

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧						
જિલ્લા	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)
ભાવનગર	૧૯૯૮૯૪૬૫	૫૨૩૯૭	૭૪૪૦૧૬	૩૦૧૬૩	૧૧૪૨૬૦૦	૧૧૩૫૦
ભરૂચ	૨૬૬૩૦૦૧૫	૨૦૧૫૯૯	૯૭૨૦૪૦	૪૮૫૯૨	૩૧૪૯૭૦૦	૩૧૪૯૭
તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧						
જિલ્લા	ગાંજો		પોષડોડા / પાઉડર		એફેડ્રીન ડ્રગ્સ	
	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
ભાવનગર	૨,૦૧,૯૦૦	૨૦.૫૪૮ કિ.ગ્રા	૧,૧૭,૪૨૦	૮૫.૪૦૦ કિ.ગ્રા	૦	૦
ભરૂચ	૮,૦૧,૪૪૦	૮૦.૯૬૬ કિ.ગ્રા	૦	૦	૯,૪૬,૦૦૦	૭૩૦ ગ્રામ ૪ લિટર

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨								
જિલ્લા	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર		સુકો ગાંજો	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો
ભાવનગર	૧૦૨૮૮૯૮૫	૩૮૪૩૩	૭૩૭૦૦૦	૩૬૮૬૧	૩૮૬૦૩૫	૩૬૪૮	૫,૦૯,૮૪૦	૫૦.૯૮૪ કિ.ગ્રા
ભરૂચ	૩૬૪૭૮૪૫૮	૨૩૮૨૯૩	૧૦૭૮૩૪૦	૫૩૯૧૭	૧૮૧૨૯૪૦	૧૭૬૪૯	૦	૦

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨										
જિલ્લા	લીલો ગાંજાના છોડ		ગાંજો		મેફેડ્રોન		મેફેડ્રોન		ચરસ	
	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
ભાવનગર	૮૯,૧૭,૩૩૦	૧૭૮૩.૪૬૬ કિ.ગ્રા	૦	૦	૦	૦	૦	૦	૦	૦
ભરૂચ	૦	૦	૧૪,૬૩,૫૧૦	૧૪૬.૩૫૧ કિ.ગ્રા	૮૨,૫૪,૩૮,૭૦૦	૮૨ કિલો ૫૪૩ ગ્રામ ૭૯૮ મીલી ગ્રામ	૧૩,૦૦,૦૦,૦૦,૦૦૦	૧૩૦૦ લિટર	૧,૬૧,૪૦૦	૧.૦૭૬ કિ.ગ્રા

\- - - - - - - - -

અમીરગઢ અને દાંતા તાલુકાઓના રસ્તાઓને જોબ નંબર ફાળવવા બાબત

૧૪૨૮ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમીરગઢ અને દાંતા તાલુકાઓમાં માંગણીવાળી રસ્તાઓના જોબ નંબર હજુ સુધી ન ફાળવવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે,

જવાબ

(૧), (૨) અને (૩)

વિભાગને મળેલ વિવિધ માંગણીઓના રસ્તા પૈકી આંતરિક અગ્રતાક્રમ, સ્થળસ્થિતિની જરૂરીયાત અને નાણાકીય ઉપલબ્ધતા અનુસાર જોબ નંબર ફાળવવામાં આવે છે.

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) આ જોબ નંબરો ક્યારે મંજૂર કરી ફાળવવામાં આવશે ?

- - - - - - - - -

મોરબી જિલ્લામાં બોર્ડ / કોર્પોરેશનને જમીન ફાળવવા બાબત

૨૧૫૬ **શ્રી કાંતીલાલ અમૃતિયા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) મોરબી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારના બોર્ડ / કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧) ૧૨ (બાર)
(૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨) ૦૮ (આઠ) દરખાસ્તોને આગોતરો કબ્જો આપવાની મંજૂરી આપવામાં આવેલ છે.
(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ દરખાસ્તો પૈકી ક્યા ક્યા બોર્ડ કોર્પોરેશનને કેટ કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ?	(૩)

ક્રમ	બોર્ડ / કોર્પોરેશન	દરખાસ્તની સંખ્યા	ફાળવેલ જમીન ચો.મી.
૧	જેટકો, ગોંડલ / લીંબડી	૫	હે. ૧-૮૭-૬૦ ચો.મી.
૨	ગુજરાત સ્ટેટ વેરહાઉસ કોર્પોરેશન	૩	હે. ૧૦-૧૧-૭૫ ચો.મી.

- - - - - - - - -

બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ

૨૧૯૩ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૮) હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા,	(૧) ૧૦૨
(૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી,	(૨) ૫૬
(૩) આ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાંથી કેટલી અરજીઓ આવી, અને	(૩) ૭૬૬૮૬
(૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?	(૪) ૭૬૬૮૬

- - - - - - - - -

મહિસાગર જિલ્લામાં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

૨૨૦૯ **શ્રી માનસિંહ ચૌહાણ** (બાલાસિનોર):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં નાણાકીય વર્ષ: ૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,	(૧) મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં નાણાકીય વર્ષ: ૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયતને રૂ.૪૩૮.૬૬ લાખ અને ગ્રામ પંચાયતોને રૂ.૧૫૩૫.૩૦ લાખ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી.
(૨) તે ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો દ્વારા કેટલા કામનું આયોજન કરવામાં આવ્યું,	(૨) તે ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત દ્વારા ૨૯૮ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૧૯૫૯ કામોનું આયોજન કરવામાં આવ્યું.
(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ	(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ૬૩૫

કેટલા કામ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૪) ઉક્ત પૂર્ણ કામ સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ ૭૨૮.૯૦ લાખ ખર્ચ થયેલ છે.

- - - - - - - - -

ઉમરેઠ નગરપાલિકા હસ્તક રેલ્વે ઓવરબ્રિજ / અંડરપાસ

૨૧૭૯ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લાની ઉમરેઠ નગરપાલિકા હસ્તકના રેલ્વે લેવલ ક્રોસીંગના સ્થળે રેલ્વે ઓવરબ્રિજ / અંડરપાસની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૪) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લાની ઉમરેઠ નગરપાલિકા હસ્તકના રેલ્વે લેવલ ક્રોસીંગ-૨૩ના સ્થળે રેલ્વે ઓવરબ્રિજની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરીમાં ૨૫% ભૌતિક પ્રગતિ અને ૧૬% નાણાકીય પ્રગતિના તબક્કે છે.

(૩) સદરહું કામગીરી પાછળ અંદાજીત રૂ.૨૪૫૦.૫૧ લાખ ખર્ચ થનાર છે.

(૪) આ કામગીરી મંજૂર થયેલ સમયમર્યાદા તા.૦૩-૦૮-૨૦૨૩ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

- - - - - - - - -

ખેડા જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ

૨૧૬૧ **શ્રી સંજયસિંહ મહિડા** (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ કરવામાં આવ્યો,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

જવાબ

(૧) ૬૪૪૭૨

(૨)

પાડવામાં આવેલ નોંધો	મંજૂર કરેલ નોંધો	નામંજૂર કરેલ નોંધો
૭૦૪૪૩	૬૧૦૪૭	૩૪૨૫

(૩) (૧) વેચાણ નોંધમાં નિયત સમયમાં ખેડૂત ખરાઈના દાખલા રજૂ થયેલ ન હોવાથી, ટાઈટલ ક્લિયર ન હોવાથી, વેચાણ થતી જમીન પર બોજા હોવાથી, નવી શરતની જમીન હોવાથી, કોર્ટ લિટિગેશન ચાલતા હોવાથી.
(૨) ઓનલાઈન વારસાઇ નોંધમાં અરજદારશ્રી દ્વારા નિયત સમયમાં અસલ પૂરાવા રજૂ કરેલ ન હોવાથી.
(૩) હક્ક જમીન નોંધમાં સરકારશ્રીની સ્ટેમ્પ ડ્યૂટી ભરપાઇ કરેલ ન હોવાથી.

- - - - - - - - -

ગીર સોમનાથ જિલ્લામાં સરકારી જમીનો પર દબાણ

૧૪૩૪ **શ્રી વિમલભાઈ ચુડાસમા**(સોમનાથ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સરકારી જમીનો ઉપર કેટલા દબાણો છે,

જવાબ

(૧)

તાલુકાનું નામ	દબાણની સંખ્યા
વેરાવળ (શહેર)	૮
વેરાવળ (ગ્રામ્ય)	૧૧
તાલાલા	૨
સુત્રાપાડા	૧

કોડીનાર	૧
ઉના	૧૬
ગીરગઢડા	૨૩
કુલ	**૬૨**

(૨) આ ગેરકાયદેસર દબાણો પૈકી કેટલા ઇસમોની સામે છેલ્લા એક વર્ષમાં કેટલી ફરિયાદો દાખલ થઇ, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા દબાણો દૂર કરી કેટલી જમીન ખુલ્લી કરાઇ ?

(૨) જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળ ૭૭ ઇસમોની સામે ૬૨ ફરિયાદો.

(૩) કુલ ૧૦૩ દબાણો દૂર કરી, હે. ૫૬-૧૩-૪૨ ચો.મી. જમીન ખુલ્લી કરાઇ.

- - - - - - - - -

આણંદ જિલ્લામાં રસ્તાઓ બનાવવાની કામગીરી

૨૮૮૦ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને રાજ્ય હસ્તકના કેટલા રસ્તાઓને જોબ નંબર ફાળવવામાં આવ્યા,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા રસ્તાઓના કામો પ્રગતિમાં છે, કેટલા રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૩) ઉક્ત રસ્તાના કામો નબળા થતા હોવા અંગેની કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, અને

(૪) મળેલ ફરિયાદો અન્વયે ક્યારે કોની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પંચાયત અને રાજ્ય હસ્તકના તાલુકાવાર ફાળવવામાં આવેલ જોબ નંબર નીચે મુજબ.

તાલુકો	**કુલ ફાળવેલ જોબનંબર**
આણંદ	૧૦૭
ઉમરેઠ	૩૧
બોરસદ	૮૮
આંકલાવ	૬૩
પેટલાદ	૯૦
સોજીત્રા	૨૪
તારાપુર	૨૯
ખંભાત	૬૮
કુલ	**૫૦૦**

(૨) ઉક્ત સ્થિતિએ પ્રગતિ હેઠળના અને પૂર્ણ કામો નીચે મુજબ.

તાલુકો	**કુલ પ્રગતિ હેઠળના કામો**	**કુલ પૂર્ણ કામો**
આણંદ	૧૧	૨૭
ઉમરેઠ	૧૦	૯
બોરસદ	૧૨	૧૭
આંકલાવ	૧૧	૨૧
પેટલાદ	૨૪	૭
સોજીત્રા	૧૧	૨
તારાપુર	૧	૫
ખંભાત	૧૩	૧૬
કુલ	**૯૩**	**૧૦૪**

(૩) અને (૪)
પરિશિષ્ટ મુજબ.

પરિશિષ્ટ

ક્રમ	**અરજદારશ્રીનું નામ**	**અરજીની તારીખ**	**વિષય**	**કરેલ કાર્યવાહી અને અદ્યતન સ્થિતિ**
૧	શ્રી જશવંતસિંહ એ. સોલંકી (પૂર્વ ધારાસભ્યશ્રી)	૨૬-૦૭-૨૦૨૧	મોગર ગામે હલકી ગુણવત્તાના સુવિધાપથના કામ બાબત.	આક્ષેપિતોના ખુલાસા રૂજૂ ગુણવત્તા નિયમન તંત્રના તાંત્રિક અભિપ્રાય અર્થે રૂજૂ કરેલ છે.

૨	શ્રીમતી રતનબેન અતુલભાઈ પટેલ	૨૩-૦૫-૨૦૨૨	જહાજ અનાદ્રપુરા રોડની ગુણવત્તા બાબત.	અરજદારની રજૂઆત બાદ ગુણવત્તા અન્વયે TPI ના નિરીક્ષણ મુજબ સદર કામ ગુણવત્તાયુક્ત પ્રતીત થયેલ છે.
૩	માન. ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ આર. પરમાર	૨૪-૦૫-૨૦૨૨	ઉમરેઠ વિસ્તારના માર્ગ અને મકાન (પંચાયત/સ્ટેટ) ના રસ્તાઓ તથા કામોની વિજિલન્સ તપાસ કરવા બાબત.	તેમજ મુ.ઇ.(ગુ.નિ.) અને અ.સ.શ્રી પાસેથી રજૂઆતમાં નિર્દિષ્ટ એજન્સીઓ દ્વારા કરેલ કામોની તપાસ અંગેની વિગતો મંગાવેલ છે.
૪	શ્રી મહેશભાઈ ભાનુભાઈ પટેલ	૦૫-૦૯-૨૦૨૨	આણંદ જિલ્લાના એમ.એમ. જી.એસ.વાય.ના સી.સી. રોડના કામોમાં ભ્રષ્ટાચાર બાબત.	અ.ઇ.શ્રી, પંચાયત (મા.મ.) વર્તુળ, અમદાવાદને હકીકતલક્ષી અહેવાલ રજૂ કરવા જણાવેલ છે.
૫	માન. ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ આર. પરમાર	૦૬-૦૯-૨૦૨૨	વિધાનસભા વિસ્તારમાં થયેલ ભ્રષ્ટાચારની તપાસ કરી કડક કાર્યવાહી કરવા બાબત.	અ.ઇ.શ્રી, મા.મ. વર્તુળ, અમદાવાદને નિયમાનુસારની કાર્યવાહી કરવા તેમજ વિગતવાર અહેવાલ રજૂ કરવા જણાવેલ છે.

- - - - - - - - -

બનાસકાંઠા જિલ્લામાં જમીનોનું રી સરવેની કામગીરીમાં ક્ષતિ

૨૪૫૬ **શ્રી માવજીભાઈ દેસાઇ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર જમીન રી-સરવેની કામગીરીમાં ક્ષતિ હોવા અંગેની કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પરત્વે તાલુકાવાર શી કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને તેના નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

જવાબ

(૧), (૨) અને (૩)

તાલુકો	મળેલ અરજીઓ	નિકાલ અરજીઓ
પાલનપુર	૩૭૬૭	૧૩૨૫
ડીસા	૪૨૪૮	૧૨૫૮
સુઇગામ	૬૭૮	૪૩૯
વાવ	૧૩૧૪	૬૮૭
દાંતીવાડા	૨૦૦૮	૬૭૯
ભાભર	૭૬૪	૪૧૯
લાખણી	૧૮૦૫	૮૯૮
વડગામ	૨૬૧૦	૧૫૬૮
અમીરગઢ	૪૦૮	૨૫૯
દાંતા	૬૬૫	૩૬૮
થરાદ	૩૯૫૯	૧૩૩૯
ધાનેરા	૧૯૮૮	૬૮૯
કાંકરેજ	૧૫૬૮	૭૨૮
દિયોદર	૧૦૪૨	૩૭૯
કુલ	**૨૬૮૨૪**	**૧૧૦૩૫**

ઉક્ત સ્થિતિએ ૧૫,૭૮૯ અરજીઓ પડતર છે. જેના નિકાલ માટે વધુ અરજીઓવાળા ગામોના ક્લસ્ટર કરી ઝુંબેશરૂપે ગામે-ગામે કેમ્પ કરી નિકાલ કરવાની કામગીરી કરવાનું આયોજન કરેલ છે.

- - - - - - - - -

મહેસાણા જિલ્લામાં કેફી દ્રવ્યોનું વેચાણ

૧૨૮૩ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ડ્રગ્સ, દારૂ પકડવાના કેટલા કિસ્સા થયેલ છે અને કેટલાની સામે F.I.R. થઇ છે, અને

(૨) જિલ્લામાં ડ્રગ્સ અને દારૂ પકડવાના કિસ્સા ન બને તે માટે પોલીસ તંત્ર દ્વારા શુ પગલાં લીધેલ છે ?

જવાબ

(૧)

કિસ્સાની સંખ્યા			એફ.આઇ.આર. થઇ હોય તેવા આરોપીઓની સંખ્યા		
ડ્રગ્સ	દેશી દારૂ	વિદેશી દારૂ	ડ્રગ્સ	દેશી દારૂ	વિદેશી દારૂ
૨૦	૧૨૫૮૮	૯૭૭	૫૨	૧૨૬૫૭	૧૬૮૨

(૨) જિલ્લામાં ડ્રગ્સના કિસ્સા ન બને તે માટે એકથી વધુ ડ્રગ્સના કેસ થનાર આરોપીઓ વિરુદ્ધ PIT NDPS ACT હેઠળ કેસ કરવામાં આવે છે. તેમજ અગાઉ ડ્રગ્સના કેસો થયેલ હોય તેવા આરોપીઓ પર અવાર-નવાર વોચ રાખવામાં આવે છે. જિલ્લામાં દારૂના કિસ્સા ન બને તે માટે દારૂના કિસ્સાઓમાં પકડાયેલ આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન, પાસા, તડીપાર જેવા અટકાયતી પગલાં લેવામાં આવે છે. દારૂની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ લીસ્ટેડ બુટલેગર્સને ચેક કરવા તેમજ આવી પ્રવૃત્તિ જ્યાં ચાલતી હોય તેવા સ્થળોએ રેઇડ કરવા અવાર-નવાર પ્રોહિબિશન ડ્રાઇવનું આયોજન કરવામાં આવે છે.

- - - - - - - - -

અરવલ્લી અને મહેસાણા જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો

૨૮૭૦ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને મહેસાણા જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

જવાબ

(૧) પત્રક મુજબ.

(૨) અને (૩)

જિલ્લા	ધરપકડ કરેલ ઈસમોની સંખ્યા	ધરપકડ કરવાના બાકી ઈસમોની સંખ્યા
અરવલ્લી	૭૫૧૮	૫૫
મહેસાણા	૧૪૩૧૫	૪૬

(૪) ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડી પાડવા સારૂ ભરોસાદાર બાતમીદારોથી તપાસ કરાવવામાં આવેલ છે. ટેકિનકલ સરવેલન્સ આધારે તપાસ કરવામાં આવેલ છે, અને તે આરોપીઓની નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી.કલમ-૭૦ મુજબ વોરંટ મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે.

પત્રક

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧						
જિલ્લાનું નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)
અરવલ્લી	૩૧૭૭૨૧૬૯	૧૯૫૨૩૦	૨૪૦૬૦૦	૩૦૩૧૦	૩૦૧૦૭૦૩	૨૨૫૪૮
મહેસાણા	૫૪૮૫૪૪૧૭	૨૦૬૦૩૪	૫૭૪૧૬૦	૨૮૭૦૮	૨૧૩૮૪૧૭	૧૭૮૧૨

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧								
જિલ્લાનું નામ	એમ.ડી.		ગાંજો		ચરસ		પોષડોડા	
	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
અરવલ્લી	૦	૦	૦	૦	૩૫,૮૬,૦૫૦	૨૩.૬૦૭	૫,૭૮૦	૩.૪૦૦ કિ.ગ્રા.

						કિ.ગ્રા.		
મહેસાણા	૩,૯૦,૦૦૦	૩૯ ગ્રામ	૨૯,૫,૦૪૦	૨૯.૫૦૪ કિ.ગ્રા.	૨૬,૨૧,૨૫૦	૧૭.૪૭૫ કિ.ગ્રા.	૪,૧૨,૯૮૨	૧૩૭.૬૬ કિ.ગ્રા.

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨						
જિલ્લાનું નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)
અરવલ્લી	૫૩૧૨૬૨૧૮	૨૩૮૨૭૦	૨૪૦૬૮૬	૨૫૮૭૯	૪૭૭૫૦૯૫	૩૩૩૪૨
મહેસાણા	૩૭૭૬૨૦૪૦	૧૭૬૫૫૫	૭૦૭૭૪૦	૩૫૩૮૭	૩૫૫૦૫૭૪	૨૯૭૪૨

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨								
જિલ્લાનું નામ	મેફેડ્રોન		ગાંજો		ગાંજાના લીલા છોડ		ચરસ	
	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
અરવલ્લી	૦	૦	૨,૩૦,૧૧,૩૩૨	૨૩૦૧.૧૩૪ કિ.ગ્રા.	૦	૦	૦	૦
મહેસાણા	૩૩,૨૮,૮૦૦	૩૩૨.૮૮ ગ્રામ	૬,૬૫,૪૩૦	૬૬.૫૪૩ કિ.ગ્રા.	૯૧,૬૮૦	૯.૧૬૮ કિ.ગ્રા.	૫૪,૩૦૦	૦.૩૬૨ ગ્રામ

- - - - - - - - -

ગાંધીનગર અને અમરેલી જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો

૨૮૬૪ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને અમરેલી જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

જવાબ

(૧) પત્રક મુજબ.

(૨) અને (૩)

જિલ્લા	ધરપકડ કરી	ધરપકડ બાકી
ગાંધીનગર	૮૮૯૫	૬૭
અમરેલી	૬૨૪૩	૦૯

(૪) ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડી પાડવા સારૂ ભરોસાદાર બાતમીદારોથી તપાસ કરાવવામાં આવેલ છે. ટેકિનકલ સરવેલન્સ આધારે તપાસ કરવામાં આવેલ છે, અને તે આરોપીઓની નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી.કલમ-૭૦ મુજબ વોરંટ મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે.

પત્રક

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧						
જિલ્લા	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)
ગાંધીનગર	૨,૯૬,૬૫,૫૯૬	૧,૦૬,૪૭૪	૫,૯૩,૪૪૦	૨૯,૬૭૨	૮૫,૦૯૩	૬૯૧
અમરેલી	૧૫,૮૨,૫૫૯	૫,૨૪૨	૨,૧૫,૪૪૦	૧૦,૭૭૨	૩,૭૮૫	૪૬

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧						
જિલ્લા	ગાંજો		અફીણ		પોષડોડા / પાવડર	
	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો ગ્રામ	કિંમત (રૂ.)	જથ્થો

ગાંધીનગર	૧,૯૮,૭૭૦	૬૪.૬૭૨ કિ.ગ્રા.	૦	૦	૦	૦
અમરેલી	૮૩,૫૦૦	૮.૩૫૦ કિ.ગ્રા.	૫,૮૦૦	૫૮ ગ્રામ	૩૩,૪૬,૪૧૦	૩૫૮.૪૧૯ કિ.ગ્રા.

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨

જિલ્લા	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)
ગાંધીનગર	૪,૬૮,૬૯,૮૩૯	૨,૧૧,૭૦૫	૬,૧૬,૨૦૦	૩૦,૮૧૦	૨,૪૫,૧૪૦	૨,૦૯૮
અમરેલી	૮૮,૦૪,૧૧૩	૨૮,૭૪૧	૧,૭૩,૬૪૦	૮,૬૮૨	૧૮,૬૪૭	૧૬૪

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨

જિલ્લા	અલ્પ્રાઝોલમની હાજરીવાળા પાવડર		હેરોઈન		ગાંજો		પોષડોડાના ખોખાનો ભુક્કો		પોષડોડા		અફીણ	
	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
ગાંધીનગર	૦	૦	૦	૦	૯૧,૨૫૦	૭ કિલો ૯૮૬ ગ્રામ ૫૦૦ મીલી	૦	૦	૦	૦	૦	૦
અમરેલી	૧૮,૦૦૦	૧૮.૦૬ ગ્રામ	૧,૯૦,૦૦૦	૩૮ ગ્રામ	૫,૧૮,૨૭૫	૬૪.૯૦૨ કિ.ગ્રા.	૧૫૦૦	૫૦૦ ગ્રામ	૬૯૦	૨૩૦ ગ્રામ	૧૦,૨૦૦	૧૦૨ ગ્રામ

- - - - - - - - -

વલસાડ અને ડાંગ જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો

૨૮૭૮ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ અને ડાંગ જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

જવાબ

(૧) પત્રક મુજબ.

(૨) અને (૩)

જિલ્લા	ધરપકડ કરેલ ઈસમોની સંખ્યા	ધરપકડ બાકી ઈસમોની સંખ્યા
વલસાડ	૨૭૪૭૩	૩૨૭
ડાંગ	૧૫૫૭	૧૫

(૪) ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડી પાડવા સારૂ ભરોસાદાર બાતમીદારોથી તપાસ કરાવવામાં આવેલ છે. ટેકિનકલ સરવેલન્સ આધારે તપાસ કરવામાં આવેલ છે, અને તે આરોપીઓની નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી.કલમ-૭૦ મુજબ વોરંટ મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે.

પત્રક

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧

જિલ્લાનું નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)
વલસાડ	૯,૪૨,૫૫,૨૮૦	૭,૨૩,૮૩૭	૬,૫૦,૬૬૦	૩૨,૫૩૩	૭૮,૯૮,૧૦૦	૭૮,૯૮૧
ડાંગ	૫૦,૫૫,૦૮૪	૬૧,૧૪૧	૪૩,૮૨૦	૨,૧૯૧	૨,૭૮,૩૯૫	૨,૨૬૫

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧						
જિલ્લાનું નામ	મેથાએમ્ફેટામાઈન		પોષડોડા		ગાંજો	
	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
વલસાડ	૫,૮૩,૬૦૦	૫૮.૩૬ ગ્રામ	૨૨,૫૮૪	૭.૫૨૮ કિ.ગ્રા. પોષડોડા તથા પોષડોડાનો પાવડર	૪૫,૭૭,૯૪૦	૪૫૭.૭૯૬ કિ.ગ્રા.
ડાંગ	૦	૦	૦	૦	૦	૦

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨						
જિલ્લાનું નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)
વલસાડ	૧૧,૫૮,૫૯,૭૪૫	૮,૧૨,૭૫૮	૮,૬૫,૦૪૦	૪૩,૨૫૨	૧૪,૫૩,૮૮૦	૧૪,૫૦૬
ડાંગ	૧૯,૬૦,૭૦૩	૧૭,૪૩૪	૩૮,૪૨૦	૧,૯૨૧	૨,૪૮,૫૬૦	૨,૫૦૯

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨						
જિલ્લાનું નામ	ગાંજો		પોષડોડા		અફીણ	
	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
વલસાડ	૫૨,૫૮,૨૧૦	૫૨૫.૮૨૧ કિ.ગ્રા.	૬૪,૬૧,૯૪૬	૨૧૫૩.૯૮૨ કિ.ગ્રા. પોષડોડા તથા પોષડોડાનો પાવડર	૧,૧૩,૨૭૫	૧.૩૦૩ કિ.ગ્રા.
ડાંગ	૮૩,૬૦૦	૮.૩૬૦ કિ.ગ્રા.	૦	૦	૦	૦

- - - - - - - - -

અમદાવાદ અને વડોદરા જિલ્લામાં બનાવટી નોટોના બનાવો

૨૪૬૦ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને વડોદરા જિલ્લામાંથી કેટલી બનાવટી નોટો પકડવામાં આવી,	(૧)

શહેર / જિલ્લાનું નામ	પકડવામાં આવેલ બનાવટી નોટોની સંખ્યા
અમદાવાદ શહેર	૧૭૬૦૧
અમદાવાદ ગ્રામ્ય	૦૮
વડોદરા શહેર	૭૭૦
વડોદરા ગ્રામ્ય	૧૪

(૨) બનાવટી નોટોના સંદર્ભમાં કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી, અને (૨) ૨૯

(૩) કેટલા લોકોની સામે ચાર્જશીટ કરવામાં આવી ? (૩) ૨૮

- - - - - - - - -

ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો

૨૮૬૮ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,	(૧) પત્રક ૧ અને ૨ મુજબ.
(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,	(૨) અને (૩)

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

જિલ્લાનું નામ	ધરપકડ કરી	ધરપકડ બાકી
ગીર સોમનાથ	૬૯૮૧	૧૮
દેવભૂમિ દ્વારકા	૬૨૭૯	૪૫

(૪) ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડી પાડવા સારૂ ભરોસાદાર બાતમીદારોથી તપાસ કરાવવામાં આવેલ છે. તેમજ ટેકિનકલ સરવેલન્સ આધારે તપાસ કરવામાં આવેલ છે, અને તે આરોપીઓની નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી.કલમ-૭૦ મુજબ વોરંટ મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે.

પત્રક-૧

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧						
જિલ્લાનું નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)
ગીર સોમનાથ	૨૫,૩૯,૭૯૮	૩૫,૪૩૨	૨,૫૧,૩૪૦	૧૨,૫૬૭	૨,૭૮,૭૦૦	૨,૭૮૭
દેવભૂમિ દ્વારકા	૫૯,૭૩,૮૫૦	૧૪૮૪૬ બોટલ	૨૪૦૧૬૦	૧૨૦૦૮	૧૬૨૦૦	૧૬૨
	૫૮,૨૪૦	૬૪૪ ચપ્ટા				

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧						
જિલ્લાનું નામ	ગાંજો		મેથાફેટામેન્ટ		હેરોઈન	
	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
ગીર સોમનાથ	૯૦૦૦	૯૦૦ ગ્રામ	૦	૦	૦	૦
દેવભૂમિ દ્વારકા	૨૧,૩૩,૭૨૯	૮૮ કિ.ગ્રા. ૧૦૦૫ ગ્રામ ૫૦૦ મિ.ગ્રા.	૩૦,૮૪,૦૦૦૦૦	૬ કિલો ૧૬૮ ગ્રામ	૨૮,૪૨,૫૫,૨૦૦૦	૫૬ કિલો ૮૫૧ ગ્રામ

પત્રક-૨

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨						
જિલ્લાનું નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)
ગીર સોમનાથ	૭૭,૯૬,૬૧૭	૧૩,૫૬,૦૯૬	૨,૮૬,૧૮૨	૧,૧૦,૯૯૩	૩,૮૩,૫૨૫	૫૬,૩૧૪
દેવભૂમિ દ્વારકા	૫૯,૪૪,૪૫૦	૧૪,૧૧૯	૨,૬૨,૫૨૦	૧૩,૧૨૬	૧,૦૫,૫૨૦	૧,૧૨૬

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨								
જિલ્લો	ગાંજો		ચરસ		મેફેડ્રોન		હેરોઈન	
	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
ગીર સોમનાથ	૧,૩૧,૪૪૯	૧૮૫.૭૧ કિ.ગ્રા.	૫,૧૪,૮૦,૯૦૦	૩૪૩.૨૦૬ કિ.ગ્રામ	૫,૭૩,૫૦૦	૫૭.૩૫૦ મિ.ગ્રામ	૦	૦
દેવભૂમિ દ્વારકા	૧,૮૭,૫૧૦	૧૮ કિલો ૭૫૧ ગ્રામ	૩,૩૭,૮૬૦	૨ કિલો ૨૫૨.૪ ગ્રામ	૦	૦	૪૩,૨૫,૬૦,૦૦૦૦	૮૮ કિલો ગ્રામ

કાર્યક્રમોમાં જાહેર જનતાને લઈ જવા એસ.ટી બસોના ઉપયોગ

૧૨૭૮ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક	(૧) કુલઃ- ૩૪૬૧૪ એસ.ટી.બસ

વર્ષમાં વડાપ્રધાન અને મુખ્યમંત્રીના રાજ્યમાં કાર્યક્રમોમાં આમ જનતા લાવવા લઈ જવા કુલ કેટલી બસો ભાડે આપવામાં આવી,

(૨) તેને ભાડા પેટે કેટલી રકમ એસ.ટી.ને આપવામાં આવી અને કેટલી રકમ હજુ આપવાની બાકી છે, અને

(૩) એક એસટી બસ દીઠ કિલોમીટર દીઠ કેટલું ભાડું ચૂકવવામાં આવે છે ?

(૨)

જમા કરવામાં આવેલ રકમ	૫૬,૦૧,૨૨,૧૨૦/-
બાકી વસૂલાતની રકમ	૫૩,૮૧,૨૧,૮૯૫/- (રૂપિયામાં)

(૩) નિગમના પરિપત્ર ક્રમાંકઃ- ૦૧/૨૦૨૨ના પરિપત્રની જોગવાઈ મુજબ કિલોમીટર દીઠ ભાડું વસુલવામાં આવે છે. પત્રક આ સાથે સામેલ છે.

સરકારશ્રીના વિભાગો, સરકારી / અર્ધ સરકારી / ખાનગી / સામાજિક / ધાર્મિક સંસ્થા

(વ્યક્તિગત કોન્ટ્રાક્ટ સિવાય)ના ઓને કેજ્યુઅલ કોન્ટ્રાક્ટથી બસ ભાડે આપવાના દરનું પત્રક

કિલોમીટર મુજબ વસુલવાના દર				
ક્રમ	**સર્વિસ પ્રકાર**	**મીનીમમ કિલોમીટર (અપ / ડાઉન)**	**પ્રતિ કિમી વસુલવાના દર**	**મીનીમમ પ્રતિ બસનો દર**
૧	મીની	૨૪૦	૩૩.૦૦	૭૯૨૦
૨	એક્સપ્રેસ	૨૪૦	૩૯.૦૦	૯૩૬૦
૩	ગુર્જરનગરી / નોન એ સી સ્લીપર	૨૪૦	૪૧.૦૦	૯૮૪૦
૪	એ.સી.સીટર	૪૦૦	૬૯.૦૦	૨૭૬૦૦
૫	વોલ્વો સીટર	૫૦૦	૯૪.૦૦	૪૭૦૦૦

સમયગાળા મુજબ વસૂલવાના દર				
ક્રમ	**સર્વિસ પ્રકાર**	**કલાક**	**પ્રતિ કલાક દર (રૂ.)**	**૨૪ કલાકના ભાડાના દર**
૧	મીની	પ્રથમ ૧૨ કલાક સુધી	૭૫૦	૧૫,૭૫૦
		૧૨ થી ૧૮ કલાક	૬૨૫	
		૧૮ થી ૨૪ કલાક	૫૦૦	
૨	એક્સપ્રેસ	પ્રથમ ૧૨ કલાક સુધી	૮૭૫	૧૮,૭૫૦
		૧૨ થી ૧૮ કલાક	૭૫૦	
		૧૮ થી ૨૪ કલાક	૬૨૫	
૩	ગુર્જરનગરી / નોન એ સી સ્લીપર	પ્રથમ ૧૨ કલાક સુધી	૧૦૬૫	૨૧,૦૬૦
		૧૨ થી ૧૮ કલાક	૮૧૫	
		૧૮ થી ૨૪ કલાક	૫૬૫	
૪	એ.સી.સીટર	પ્રથમ ૧૨ કલાક સુધી	૨૫૦૦	૫૫,૫૦૦
		૧૨ થી ૧૮ કલાક	૨૨૫૦	
		૧૮ થી ૨૪ કલાક	૨૦૦૦	
૫	વોલ્વો સીટર	પ્રથમ ૧૨ કલાક સુધી	૪૧૨૫	૯૪,૫૦૦
		૧૨ થી ૧૮ કલાક	૩૮૭૫	
		૧૮ થી ૨૪ કલાક	૩૬૨૫	
નોંધઃ કેજ્યુઅલ કોન્ટ્રાક્ટ માટે કિમી અને સમય બંને રીત પ્રમાણે બીલની ગણતરી કરવામાં આવશે જે ચાર્જ વધુ હશે તે નિગમ દ્વારા વસૂલાત કરવામાં આવશે.				

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

દાહોદ જિલ્લામાં વન બંધુ યોજના-૨ હેઠળ મંજૂર કામો

૨૬૯૪ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપૂરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં વન બંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ કેટલી રકમના કેટલા કામ મંજૂર થયા, અને	(૧) રૂ.૭૭૮૪.૯૦ લાખની અંદાજીત રકમના ૧૨૨ કામો.
(૨) આ કામથી કેટલી પ્રાથમિક શાળાઓ અને કેટલા આરોગ્ય કેન્દ્રને રસ્તાની સુવિધા મળનાર છે ?	(૨) ૧૦૨ પ્રાથમિક શાળાઓ, ૧૪ આંગણવાડી અને ૬ આરોગ્ય કેન્દ્ર ને રસ્તાની સુવિધા મળનાર છે.

\- - - - - - - - -

રાજ્યમાં લાંચ રૂશ્વત બ્યુરો દ્વારા ગુના દાખલ કરવા બાબત

૨૮૬૧ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં લાંચ રૂશ્વત બ્યુરો દ્વારા કેટલા લાંચ લેવાના ગુના દાખલ કરવામાં આવ્યા,

(૨) ઉપરોક્ત ગુનાઓમાં સંદર્ભે કુલ કેટલી રકમ સરકારે કબ્જે કરી,

(૩) ઉપરોક્ત ગુનાઓમાં કેટલા કર્મીઓને સજા કરવામાં આવી, અને

(૪) ઉક્ત વર્ષવાર કરવામાં આવેલ ગુના દાખલમાં કેટલા પોલીસ કર્મીઓ સામે ગુના દાખલ કરવામાં આવેલ ?

જવાબ

(૧)

વર્ષ	**કુલ**
૨૦૨૧	૧૪૫
૨૦૨૨	૧૬૯

(૨) રૂ. ૨,૨૩,૮૧,૭૬૦/-

(૩) ઉક્ત ગુનાઓ પૈકી કુલઃ ૧૭૭ ગુનામાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. જ્યારે કુલઃ ૧૩૭ ગુનામાં તપાસ ચાલુ છે.

(૪)

વર્ષ	**પોલીસ કર્મીઓ સામે ગુના દાખલ**
૨૦૨૧	૪૦
૨૦૨૨	૪૬

\- - - - - - - - -

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રોયલ્ટી પેટે થયેલ આવક

૨૪૯૯ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કઈ સિમેન્ટ કંપનીઓની ક્યા પ્રકારની ખનીજની કેટલી લીઝો આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ક્યા પ્રકારના ખનિજનો કેટલો જથ્થો કાઢવામાં આવ્યો, અને

(૩) તે અન્વયે રાજ્ય સરકારને રોયલ્ટી પેટે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી આવક થઈ ?

જવાબ

(૧)

જિલ્લો	**કંપનીનું નામ**	**ખનિજ**	**લીઝોની સંખ્યા**
જામનગર	શ્રી દિગ્વિજય સિમેન્ટ	લાઈમસ્ટોન	૦૪
દેવભૂમિ દ્વારકા	શ્રી દિગ્વિજય સિમેન્ટ	લાઈમસ્ટોન	૦૮
	ટાટા કેમિકલ્સ	લાઈમસ્ટોન	૦૬

(૨)

જામનગર		
વર્ષ	**ખનિજ**	**જથ્થો (મે.ટન)**
૨૦૨૧	લાઈમસ્ટોન	૩,૯૨,૨૮૨
૨૦૨૨	લાઈમસ્ટોન	૬,૬૦,૩૩૭
દેવભૂમિ દ્વારકા		
વર્ષ	**ખનિજ**	**જથ્થો (મે.ટન)**
૨૦૨૧	લાઈમસ્ટોન	૧૦,૨૦,૦૪૧
	બોક્સાઈટ	૧૪,૯૮૨
૨૦૨૨	લાઈમસ્ટોન	૬,૪૫,૨૦૦

(૩)

જામનગર	
વર્ષ	**આવક (રૂ. લાખમાં)**
૨૦૨૧	૩૧૩.૮૨

૨૦૨૨	૫૨૮.૫૧
દેવભૂમિ દ્વારકા	
વર્ષ	**આવક (રૂ. લાખમાં)**
૨૦૨૧	૮૩૬.૫૩
૨૦૨૨	૫૯૩.૮૮

- - - - - - - - -

બોટાદ તાલુકામાં ઓવરબ્રિજ બનાવવાની કામગીરી

૨૦૬૨ **શ્રી ઉમેશભાઈ મકવાણા** (બોટાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બોટાદ તાલુકાના બોટાદ સિટીથી ભાવનગરને જોડતા રોડ પરના રેલ્વે ફાટક પર ઓવરબ્રિજ બનાવવા અંગે સૈધ્ધાંતિક અને તાંત્રિક મંજૂરી મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઓવરબ્રિજનું કામ ક્યા તબક્કે છે,

(૩) આ ઓવરબ્રિજમાં વિલંબ થવાના કારણો શાં છે,

(૪) આ ઓવરબ્રિજનુ કામ ક્યાં સુધીમાં પૂર્ણ થનાર છે, અને

(૫) આ ઓવરબ્રિજ બનાવવા પાછળ અંદાજિત કેટલો ખર્ચ થનાર છે ?

જવાબ

(૧), (૨), (૩), (૪) અને (૫) સૈધ્ધાંતિક મંજૂરી તા.૮-૩-૨૦૧૯થી મળેલ છે અને રેલ્વેના પરામર્શમાં જી.એ.ડી. બનાવી મંજૂર કરાવવાની કાર્યવાહી હાથ ધરેલ છે તથા સમાંતરે સદર કામનો રેલ્વેના બજેટમાં સમાવેશ કરાવી કામગીરી હાથ ધરવામાં આવશે. જેનો પ્રાથમિક અંદાજીત ખર્ચ રૂ.૫૦ કરોડ થવાનો સંભવ છે.

- - - - - - - - -

રાજ્યમાં સ્ટેમ્પ અને નોંધણી કર પેટે થયેલ આવક

૨૦૮૭ **શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૦૨૧ અને ૨૦૨૧-૨૦૨૨માં વર્ષવાર સ્ટેમ્પ અને નોંધણી કર પેટે કેટલી આવક થઇ,

(૨) ઉક્ત આવકમાં ઉક્ત વર્ષવાર કેટલી રકમનો વધારો-ઘટાડો થયો, અને

(૩) ઉક્ત વધારો-ઘટાડો થવાના કારણો શા છે ?

જવાબ

(૧)

વિગત	**તા. ૦૧-૦૪-૨૦૨૦ થી તા. ૩૧-૦૩-૨૦૨૧**	**તા. ૦૧-૦૪-૨૦૨૧ થી તા. ૩૧-૦૩-૨૦૨૨**
સ્ટેમ્પ ડ્યૂટી	૪૯૭૪ કરોડ	૭૦૬૨ કરોડ
નોંધણી ફી	૧૦૬૩ કરોડ	૧૫૦૬ કરોડ
કુલ	૬૦૩૭ કરોડ	૮૫૬૮ કરોડ

(૨) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૦૨૧ની આવકના સંદર્ભે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ૪૨ % વધારો થયેલ છે.

(૩) સ્થાવર મિલકતના વેચાણ, બક્ષીસ તથા હક્ક કમી તેમજ ઇક્વીટિબલ મોર્ગેજ પ્રકારના લેખોની નોંધણીની સંખ્યામાં વધારો થવાના કારણે આવકમાં વધારો થયેલ છે.

- - - - - - - - -

જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો

૨૮૭૩ **શ્રી અરવિંદભાઇ લાડાણી** (માણાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ

જવાબ

(૧) પત્રક મુજબ.

(૨) અને (૩)

જિલ્લાનું નામ	**ધરપકડ કરી**	**ધરપકડ બાકી**
જૂનાગઢ	૭૭૧૨	૭૬

કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ઘરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

પોરબંદર	૧૧૨૪૮	૧૦

(૪) ઘરપકડ કરવાના બાકી ઈસમોને પકડી પાડવા સારૂ ભરોસાદાર બાતમીદારોથી તપાસ કરાવવામાં આવેલ છે. તેમજ ટેકનિકલ સરવેલન્સ આધારે તપાસ કરવામાં આવેલ છે, અને તે આરોપીઓની નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી.કલમ-૭૦ મુજબ વોરંટ મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે.

પત્રક

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧

જિલ્લાનું નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર		ગાંજો		ચરસ		પોષડોડા / પાવડર	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
જૂનાગઢ	૨૧૦૯૯૬૦૦	૫૭૪૯૪	૬૯૮૪૩૦	૩૪૯૨૨	૨૩૩૯૦૦	૨૩૩૯	૩૮૯૩૩૦	૩૮.૯૩૩ કિ.ગ્રા.	૧૪૧૨૩૭	૯૪૧ ગ્રામ ૫૮ મીલી ગ્રામ	૧૬૨૬૦	૫.૪૨૦ કિ.ગ્રા.
પોરબંદર	૩૬૬૧૮૨૫	૯૮૪૮	૪૪૬૪૩૦	૨૨૩૮૦	૪૪૯૮૦	૯૭	૧૫૮૮૫૦	૧૫.૮૮૫ કિ.ગ્રા.	૦	૦	૦	૦

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨

જિલ્લાનું નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર		ગાંજો		ચરસ		મેફેડ્રોન	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
જૂનાગઢ	૩૯૭૬૫૭૫૪	૧૩૩૪૯૦	૫૦૧૪૩૦	૨૫૧૭૬	૧૪૨૭૦૨૦	૧૩૯૬૩	૭૨૩૧૦	૭.૨૩૧ કિ.ગ્રા.	૧૭૯૭૬૪૫૦	૧૧૯.૮૪૩ કિ.ગ્રા.	૩૪૧૪૮૦૦	૩૪૧.૪૮ ગ્રામ
પોરબંદર	૧૪૧૦૮૯૪	૩૮૦૧	૪૩૨૭૯૦	૨૧૬૪૦	૩૦૫૦	૨૯	૭૪૯૭૦	૭.૪૯૭ કિ.ગ્રા.	૫૬૪૩૩૦૦	૩૯.૧૨૨ કિ.ગ્રા.	૦	૦

- - - - - - - - -

કલ્પસર યોજનાનો તાંત્રિક રિપોર્ટ

૨૮૮૪ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ કલ્પસર યોજનાની કાર્યવાહી ક્યા તબક્કે છે,

(૨) તે અન્વયે તેનો તાંત્રિક રિપોર્ટ સરકારને ક્યારે મળ્યો, અને

(૩) કલ્પસર યોજનાનું કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ ની સ્થિતિએ કલ્પસર યોજનાની કાર્યવાહી કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર) તૈયાર કરવાના તબક્કે છે,

(૨) કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (તાંત્રિક રિપોર્ટ)ની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે.

(૩) કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યાતદર્શી અહેવાલ પૂર્ણ થયેથી, રાજ્ય/કેન્દ્ર સરકારશ્રી પાસેથી મેળવવાની થતી યોજના સંબંધિત તમામ મંજૂરીઓ મળ્યેથી, આ યોજનાનું નિર્માણ કાર્ય શક્ય તેટલું વહેલુ શરૂ કરી પૂર્ણ કરવાનું આયોજન છે.

- - - - - - - - -

અમદાવાદ અને સુરત જેલોમાંથી પ્રતિબંધિત સામગ્રી મળી આવવા બાબત

૧૭૦૮ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા

જવાબ

(૧)

બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સુરતમાં આવેલ ગૃહ વિભાગ હસ્તકની જેલોમાંથી કઇ પ્રતિબંધિત વસ્તુઓ સામગ્રી કેટલી સંખ્યામાં મળી આવેલ છે, અને

પ્રતિબંધિત વસ્તુનું નામ	તા. ૦૧-૦૨-૨૦૨૧ થી તા. ૩૧-૦૧-૨૦૨૨	તા. ૦૧-૦૨-૨૦૨૨ થી તા. ૩૧-૦૧-૨૦૨૩
મોબાઇલ	૨૮	૪૦
સીમકાર્ડ	૧૧	૨૧
બેટરી	૧૫	૨૯
ચાર્જર	૧૦	૪૮
ડેટા કેબલ	૦૦	૦૨
ધ્રૂમપાન પ્રતિબંધિત વસ્તુઓ	૧૬૨૯	૧૯૮૦
રેઝર / ધારદાર પટ્ટી	૪૮	૨૮
ચાલણીનાણું	રૂ. ૪૯,૮૦૧ / -	રૂ. ૫,૩૦૦ / -

(૨) ઉક્ત પ્રતિબંધિત વસ્તુઓ-સામગ્રી ગેરકાયદેસર રાખવા બદલ કેટલા કેદીઓ અને જવાબદાર અધિકારીઓ સામે શા પગલા લીધા ?

(૨)

- ૨૮૮ કેદીઓને જેલ મુલાકાત / કેન્ટીન / ટેલીફોન સુવિધા બંધ કરવાની, અલગ બેરેકમાં રાખવાની, વોર્ડર / વોચમેન નીચલી પાયરી ઉતારવાની વગેરે શિક્ષા કરવામાં આવેલ છે.
- ૯૩ અધિકારીઓને ક્ષતિ મુજબ ઈજાફા અટકાવવાની / અજમાયશી સમય લંબાવવાની / ઠપકો / તાકિદ વગેરે શિક્ષા કરવામાં આવેલ છે.

- - - - - - - - -

જામનગર અને બોટાદ જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો

૨૮૬૬ **શ્રી દિનેશભાઇ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને બોટાદ જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

જવાબ

(૧) પત્રક મુજબ.

(૨) અને (૩)

જિલ્લાનું નામ	ધરપકડ કરી	ધરપકડ બાકી
જામનગર	૧૧૩૧૧	૪૪
બોટાદ	૧૫૭૧	૧૩

(૪) ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડી પાડવા સારૂ ભરોસાદાર બાતમીદારોથી તપાસ કરાવવામાં આવેલ છે. ટેક્નિકલ સરવેલન્સ આધારે તપાસ કરવામાં આવેલ છે, અને તે આરોપીઓની નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી.કલમ-૭૦ મુજબ વોરંટ મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે.

પત્રક

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧

જિલ્લાનું નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર		ગાંજો		મેંફેડ્રોન	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
જામનગર	૧૭૨૦૮૧૭૮	૪૧૦૪૫	૫૩૪૧૭૦	૨૬૭૧૦	૩૨૯૮૭૫	૩૨૯૮	૬૯૬૭૪૦	૭૦.૭૭૪ કિ.ગ્રા.	૧૧૩૦૦૦૦	૧.૧૩ મીલી ગ્રામ
બોટાદ	૪૦૫૩૬૭૨	૧૧૬૦૨	૮૬૯૬૦	૪૩૪૮	૧૧૩૫૫૦	૭૭૯	૭૮૦૧૨	૧૫.૪૧૮ કિ.ગ્રા.	૦	૦

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨

જિલ્લાનું નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર		ગાંજો		એમ.ડી.		લીલો તથા સુકો ગાંજો	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
જામનગર	૧૪૩૧૬૩૩૦	૩૭૫૮૭	૯૬૩૨૬૦	૪૮૩૭૭	૪૩૦૮૬	૧૩૯૮૯	૬૩૫૦૦૦	૬૩ કિલો ૫૦૦ ગ્રામ	૧૩૩૪૦૦૦	૧૩૩ ગ્રામ ૪ મીલી	૦	૦
બોટાદ	૭૯૨૯૭૧૦	૨૩૬૧૬	૧૫૭૨૪૦	૭૮૬૨	૪૨૩૦૬૦	૪૨૬૮	૦	૦	૦	૦	૨૬૨૩૩૯	૫૨.૧૧૨ કિ.ગ્રા.

- - - - - - - - -

દાંતા અને અમીરગઢ તાલુકામાં રમત-ગમત ક્ષેત્રે ફાળવેલ ગ્રાન્ટ

૧૪૩૦ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં રમત ગમત ક્ષેત્રે ક્યા કામો માટે કેટલી ગ્રાન્ટ ફાળવી ?

જવાબ

- તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ઇનસ્કૂલ યોજના અંતર્ગત દાંતા તાલુકામાં ટ્રેઇનર્સના વેતન, સાધન-મેદાનના કામો માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨	રૂ. ૯,૪૭,૫૦૦.૦૦
વર્ષ ૨૦૨૨-૨૩	રૂ. ૮,૪૭,૫૦૦.૦૦

- તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમીરગઢ તાલુકામાં રમતગમત ક્ષેત્રે કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

- - - - - - - - -

મોરબી શહેરમાં રસ્તા પહોળા કરવા બાબત

૨૭૦૮ **શ્રી કાંતીલાલ અમૃતિયા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મોરબીમાં આવેલ મહેન્દ્રનગર ચોકડી પર અકસ્માત તથા ટ્રાફીકની સમસ્યાના નિવારણ માટે રસ્તા પહોળા કરવા સહિતની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) આ કામ માટે ક્યારે અને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૪) તેનાથી શા લાભ થશે ?

જવાબ

(૧) ઉક્ત સ્થિતિએ મહેન્દ્રનગર ચોકડી ઉપર ફ્લાય ઓવર બનાવવાની કામગીરી તથા મોરબી-જેતપર અને મોરબી-હળવદ રોડને ચાર માર્ગીય કરવાની કામગીરી પ્રગતીમાં છે.

(૨) ફ્લાયઓવરની કામગીરી માટે તા.૦૪/૦૬/૨૦૨૧ ના રોજ રૂ.૮૦.૦૦ કરોડ, મોરબી જેતપર રોડની કામગીરી માટે તા.૧૭/૦૬/૨૦૨૧ ના રોજ રૂ.૧૧૮.૦૯ કરોડ અને મોરબી હળવદ તા.૧૭/૦૬/૨૦૨૧ ના રોજ રૂ.૧૯૦.૯૪ કરોડની વહીવટી મંજૂરી આપેલ છે.

(૩) ઉક્ત કામગીરી કરારની શરતોને આધિન બનતી ત્વરાથી પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) ઉક્ત કામગીરી કરવાથી ટ્રાફિકજામની સમસ્યા હલ થશે તેમજ તેના કારણે વાહન-વ્યવહારમાં વિલંબ થશે નહી અને વાહન ચાલકો સલામતી પૂર્વક ચલાવી શકશે. આ કામગીરી પૂર્ણ થવાથી સમય અને ઇંધણની બચત થશે.

- - - - - - - - -

માહિતી અને પ્રસારણ ખાતા દ્વારા પ્રકાશિત થતા દીપોત્સવી અંકો

૧૪૩૫ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માહિતી અને પ્રસારણ ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાત દીપોત્સવી અંકોની કેટલી નકલો છપાવવામાં આવી અને વર્ષવાર કેટલો ખર્ચ થયો,

(૨) ઉક્ત અંકો ક્યા પ્રેસમાં છાપવામાં આવી અને તે પેટે પ્રેસને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩)ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા અંકો મફત વિતરણ કરાયા અને ઉક્ત વેચાણ પેટે કેટલી આવક થઇ ?

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત દીપોત્સવી અંકોની નીચે મુજબની નકલો છપાવવામાં આવી અને ખર્ચ થયેલ છે.

વર્ષ	છપાયેલ નકલો	થયેલ ખર્ચ
૨૦૨૨	૧૦,૦૦૦	રૂ. ૨૬,૮૩,૬૭૪/-

(૨) ઉક્ત અંકો સરકારી પ્રેસમાં છાપવામાં આવ્યા છે અને તે પેટે રૂ. ૨૬,૮૩,૬૭૪/- ની રકમ ચૂકવવામાં આવી.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર મફત વિતરણ કરાયેલા અંકો તેમજ વેચાણ પેટે થયેલ આવકની વિગતો નીચે મુજબ છે:-

વર્ષ	મફત વિતરણ કરાયેલ અંકો	વેચાણથી આપવામાં આવેલ અંકો	વેચાણ પેટે થયેલ આવક
૨૦૨૨	૪૮૭૮	૫૧૨૨	રૂ. ૧૩૪૪૫૪/-

- - - - - - - - -

આણંદ અને અમદાવાદ જિલ્લામાં મહિલાઓ ઉપર દુષ્કર્મોના બનાવો

૨૮૮૧ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર આણંદ અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર મહિલાઓ અને સગીર કન્યાઓને ભગાડી જવાના, બળાત્કાર અને સામુહિક બળાત્કારના કેટલા બનાવો નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર, તાલુકાવાર કેટલા બનાવોમાં F.I.R. નોંધી પોસ્કો હેઠળ કાર્યવાહી કરી,

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલાને પકડવાના બાકી છે, અને

(૪)બાકી આરોપીઓને પકડવા શી કાર્યવાહી કરી છે ?

જવાબ

(૧) પત્રક-(૧) મુજબ

(૨) પત્રક-(૨) મુજબ

(૩) પત્રક-(૩) મુજબ

(૪) બાકી રહેલ આરોપીને પકડવા માટે ઝુંબેશ સ્વરૂપે સઘન કાર્યવાહી કરવામાં આવેલ છે.

(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

ગ્રામ પંચાયતોના મકાનોને રિપેરિંગ / નવીન બનાવવા બાબત

૨૪૫૭ **શ્રી માવજીભાઇ દેસાઇ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં કેટલી ગ્રામ પંચાયતોને પોતાના મકાનો નથી અને કેટલી ગ્રામ પંચાયતોના મકાનો જર્જરીત હાલતમાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જે ગ્રામ પંચાયતોને પોતાના મકાન નથી. તેને કયાં સુધીમાં મકાન ઉપલબ્ધ કરવામાં

જવાબ

(૧)

તાલુકાનું નામ	પોતાના પાક્કા મકાનો નથી તેવી ગ્રા. પં.ની સંખ્યા	જર્જરીત ગ્રા.પં.ની સંખ્યા
ધાનેરા	૦૬	૦૫
દાંતીવાડા	૦૩	૦૫
કુલ	**૦૯**	**૧૦**

(૨) ઉક્ત સ્થિતિએ જે ગ્રામ પંચાયતોને પોતાના પાકા મકાનો નથી તેવી કુલ ૯ ગ્રામ પંચાયતો પૈકી

આવશે, અને જર્જરીત હોય તેવી ગ્રામ પંચાયતોને મકાન કયાં સુધીમાં રીપેર કે નવીન બનાવવામાં આવશે ?

- **ધાનેરા તાલુકાની** ૦૬ ગ્રામ પંચાયતોના નવીન મકાનના બાંધકામની કામગીરી મનરેગા યોજના અંતર્ગત પ્રગતિ હેઠળ છે.
- **દાંતીવાડા તાલુકાની** ૩ ગ્રામ પંચાયતો (નવરચિત) પૈકી ૨ ગ્રામ પંચાયતના નવીન મકાનની કામગીરી મનરેગા યોજના પ્રગતિ હેઠળ છે, જ્યારે ૧ ગ્રામ પંચાયત માટે નવીન મકાન બનાવવાની દરખાસ્ત મંજૂરી હેઠળ છે.

ઉક્ત સ્થિતિએ જે ગ્રામ પંચાયતો જર્જરિત છે તેવી ૧૦ ગ્રામ પંચાયત પૈકી

- **ધાનેરા તાલુકાની** ૫ જર્જરીત ગ્રામ પંચાયતો પૈકી ૩ ગ્રામપંચાયતોના નવીન મકાનની કામગીરી મનરેગા યોજના અંતર્ગત પ્રગતિ હેઠળ છે, અને ૨ ગ્રામ પંચાયતો માટે નવીન મકાન બનાવવાની દરખાસ્ત મંજૂરી હેઠળ છે.
- **દાંતીવાડા તાલુકાની** ૫ જર્જરીત ગ્રામ પંચાયતો પૈકી ૧ ગ્રામપંચાયતનું નવીન મકાનની કામગીરી મનરેગા યોજના અંતર્ગત મંજૂર થયેલ હોવાથી પ્રગતિ હેઠળ છે, જ્યારે ૪ ગ્રામ પંચાયતો રાજીવ ગાંધી ભવનમાં કાર્યરત છે. જે સારી હાલતમાં હોઇ નવીન મકાનની જરૂરિયાત નથી.

- - - - - - - - -

ખેડબ્રહ્મા તાલુકામાં રમત-ગમતના મેદાનો

૨૮૮૫ **ડો. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય રમત-ગમતમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ખેડબ્રહ્મા તાલુકામાં રમત ગમતના કેટલા મેદાનો છે, અને	(૧) શૂન્ય
(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા મોટા મેદાનો બનાવવા સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?	(૨) કોઈ કાર્યવાહી કરેલ નથી.

- - - - - - - - -

સુરત અને નર્મદા જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો

૨૮૭૯ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને નર્મદા જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

જવાબ

(૧) પત્રક મુજબ.

(૨) અને (૩)

શહેર / જિલ્લા	**ધરપકડ કરેલ ઈસમોની સંખ્યા**	**ધરપકડ બાકી ઈસમોની સંખ્યા**
સુરત શહેર	૨૨૯૬૫	૩૨૧
સુરત ગ્રામ્ય	૧૮૮૯૦	૩૫૦
નર્મદા	૫૮૨૫	૩૯

(૪) ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડી પાડવા સારૂ ભરોસાદાર બાતમીદારોથી તપાસ કરાવવામાં આવેલ છે, ટેકનિકલ સરવેલન્સ આધારે તપાસ કરવામાં આવેલ છે, અને તે આરોપીઓની નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી.

કલમ-૭૦ મુજબ વોરંટ મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે.

પત્રક

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧						
જિલ્લાનું નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)
સુરત શહેર	૩,૬૯,૦૨,૮૧૩	૨૪૫૫૨૯	૧૯,૮૩,૪૨૦	૯૯૧૭૧	૧૫,૬૦,૦૮૪	૧૫૦૯૭
સુરત ગ્રામ્ય	૭,૬૯,૮૫,૧૨૬	૫૩૬૦૭૩	૭,૮૬,૩૨૨	૩૯૩૧૬.૬	૬૨,૦૩,૨૯૦	૫૩૮૯૩
નર્મદા	૧,૦૧,૬૪,૮૮૫	૮૪૧૪૬	૧,૬૯,૭૦૦	૮૪૫૭	૮,૬૯,૨૦૦	૮૫૪૧

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧										
જિલ્લાનું નામ	ગાંજો		પોષડોડા		ચરસ		અફિણ		એમફેટામાનઈ/મેથાએમ્ફેટામાઈન	
	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
સુરત શહેર	૧,૬૮,૦૩,૪૫૭	૧૬૫૦.૩૯૧ કિ.ગ્રા	૧,૦૨,૧૩૫	૩૪.૦૪૫ કિ.ગ્રા	૨૫,૮૬,૦૦૦	૫.૧૭૨ કિ.ગ્રા	૭,૪૦,૦૭૬	૪.૨૬૪ કિ.ગ્રા	૬૯,૨૯,૮૦૦	૬૯૩ ગ્રામ ૯૭ મીલી ગ્રામ
સુરત ગ્રામ્ય	૩,૩૭,૯૮,૧૯૦	૩૪૦૬.૫૫૯ કિ.ગ્રા	૦	૦	૦	૦	૦	૦	૦	૦
નર્મદા	૬,૬૦,૫૨૦	૬૬.૦૫૨ કિ.ગ્રા	૦	૦	૦	૦	૦	૦	૦	૦

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨								
જિલ્લાનું નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બિયર		ગાંજો	
	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો (લિટર)	કિંમત (રૂ.)	જથ્થો (બોટલ)	કિંમત (રૂ.)	જથ્થો
સુરત શહેર	૩,૬૧,૪૬,૨૨૦	૨૬૯૪૯૧	૨૧,૪૦,૯૬૦	૧૦૭૦૪૮	૭,૧૩,૩૨૦	૫૮૬૪	૫૯,૫૭,૪૪૮	૫૯૫.૭૦૮ કિ.ગ્રા.
સુરત ગ્રામ્ય	૬,૪૨,૧૬,૪૧૫	૭૫૭૮૩૧૮	૫,૯૮,૪૭૮	૨૭૦૨૫૪	૧,૦૫,૨૬,૭૩૪	૪૨૪૩૮૫	૧,૪૪,૯૩,૯૨૦	૧૪૪૯.૩૮૭ કિ.ગ્રા.
નર્મદા	૮૧,૨૯,૧૪૧	૬૫૦૩૩	૪,૪૬,૧૦૦	૨૨૩૦૫	૧૦,૩૪,૦૦૦	૧૦૩૪૦	૨૭,૪૪,૬૪૦	૨૭૪.૪૬૪ કિ.ગ્રા.

તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨										
જિલ્લાનું નામ	ચરસ		એમફેટામાનઈ/મેથાએમ્ફેટામાઈન		અફીણ		કોકેઈન		પોષડોડા	
	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો	કિંમત (રૂ.)	જથ્થો
સુરત શહેર	૫,૫૧,૭૫૩	૧ કિલો ૨૬૮ ગ્રામ ૪૪૦ મીલી ગ્રામ	૭,૬૪,૬૪,૩૦૦	૭ કિલો ૭૦૬ ગ્રામ ૫૬૬ મીલી	૧૭,૩૦,૭૦૦	૫.૭૬૯ કિ.ગ્રા	૩૯,૧૦,૦૦૦	૩૯ ગ્રામ ૧૦૦ મીલી	૦	૦
સુરત ગ્રામ્ય	૦	૦	૦	૦	૨૯,૨૦૦	૨૯૨ ગ્રામ	૦	૦	૦	૦
નર્મદા	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૩૩,૯૬,૯૪૮	૧૧૩૨.૩૧૬ કિ.ગ્રા.

\- - - - - - - - -

બનાસકાંઠા જિલ્લામાં કેનાલોની મરામત કરવા બાબત

૨૮૮૬ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નર્મદાની કેટલી કેનાલોની મરામત કરવામાં આવી, અને

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નર્મદાની નીચે મુજબની કેનાલોમાં મરામત કરવામાં આવી.

ક્રમ	વર્ષ	તાલુકા	કેનાલ મરામતની સંખ્યા
૧	તા.૦૧-૦૨-૨૦૨૧ થી	વાવ	૧૬

	તા.૩૧-૦૧-૨૦૨૨	ભાભર	૨
		સુઈગામ	૫
		થરાદ	૪
		કુલ	**૨૭**
૨	તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩	વાવ	૬
		ભાભર	૬
		સુઈગામ	૮
		થરાદ	૬
		કાંકરેજ	૭
		કુલ	**૩૩**

(૨) મરામત કરવામાં આવેલ કેનાલો પૈકી કઈ કેનાલો ફરીથી તૂટી ગઈ ?

(૨) મામુર.

- - - - - - - - -

રાજ્યમાં સ્ટેમ્પ અને નોંધણી પેટે થયેલ આવક

૨૮૬૨ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્ટેમ્પ અને નોંધણી પેટે સરકારને કેટલી આવક થઈ,

(૨) ઉક્ત વર્ષવાર ઉક્ત આવકમાં કયા કારણોસર કેટલો વધારો-ઘટાડો નોંધાયો, અને

(૩) આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ઉક્ત આવક કેટલી અંદાજવામાં આવેલ છે ?

જવાબ

(૧)

વિગત	તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ સુધી	તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધી
સ્ટેમ્પ ડ્યૂટી	૬૬૧૪ કરોડ	૮૫૦૮ કરોડ
નોંધણી ફી	૧૪૬૦ કરોડ	૧૮૨૭ કરોડ
કુલ	**૮૦૭૪ કરોડ**	**૧૦૩૩૫ કરોડ**

(૨) ૨૦૨૧ની આવકના સંદર્ભે ૨૦૨૨માં ૨૮% વધુ આવક થયેલ છે. સ્થાવર મિલકતના વેચાણ, બક્ષીસ તથા હક્ક કમી તેમજ ઈક્વિટેબલ મોર્ગજ પ્રકારના લેખોની નોંધણીની સંખ્યામાં વધારો થવાના કારણે આવકમાં વધારો થયેલ છે.

(૩) આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ઉક્ત આવકમાં ૨૫% નો વધારો અંદાજવામાં આવેલ છે.

- - - - - - - - -

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જમીનોનું રી-સરવેની કામગીરીમાં ક્ષતિ

૨૫૦૦ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર રાજ્ય સરકારે ખેતીની જમીનોનું રી સરવે (પુન: માપણી) કરાવેલ તે સંબંધમાં પ્રમોલગેશન થયા પછી પણ ખેડૂતોની જમીનોની માપણીમાં જણાઇ આવેલ ક્ષતિઓની સુધારવા માટે કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત પડતર અરજીઓ પૈકી કેટલી અરજીઓ એક વર્ષ અને કેટલી અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે,

જવાબ

(૧)અને (૨)

જામનગર			
તાલુકો	**પડતર અરજીઓ**	**એક વર્ષથી પડતર**	**બે વર્ષ કરતા વધુ સમયથી પડતર**
જામનગર	૩૯૪૭	૨૫૨૩	૧૪૨૪
ધ્રોલ	૨૩૦૭	૧૪૨૧	૮૮૬
લાલપુર	૨૩૨૬	૧૩૨૧	૧૦૦૫
કાલાવડ	૩૨૧૯	૨૦૧૮	૧૨૦૧
જોડીયા	૧૨૭૦	૫૧૦	૭૬૦
જામજોધપુર	૨૦૪૩	૪૭૯	૧૫૬૪
કુલ	**૧૫૧૧૨**	**૮૨૭૨**	**૬૮૪૦**
દેવભૂમિ દ્વારકા			

ખંભાળીયા	૪૩૨૭	૬૭૧	૩૬૫૬
કલ્યાણપુર	૩૭૧૭	૭૭૩	૨૯૪૪
ભાણવડ	૧૯૪૫	૫૮૫	૧૩૬૦
દ્વારકા	૯૧૩	૧૬૭	૭૪૬
કુલ	**૧૦૯૦૨**	**૨૧૯૬**	**૮૭૦૬**

(૩) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે, અને

(૪) આવી ક્ષતિઓની સુધારણા માટેની અરજીઓનો નિકાલ માટે જે ખર્ચ થાય છે તે કોના દ્વારા ભોગવવામાં આવે છે ?

(૩) ઉક્ત પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

(૪) આવી ક્ષતિઓની સુધારણા માટેની અરજીઓનો નિકાલ માટે જે ખર્ચ થાય છે તે સરકારશ્રી દ્વારા ભોગવવામાં આવે છે.

- - - - - - - - -

બોટાદ જિલ્લામાં સરકારી જમીનો પર થયેલ દબાણ

૨૮૮૮ **શ્રી ઉમેશભાઇ મકવાણા** (બોટાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સરકારે જમીનો જેવી કે ગૌચરની જમીન ઉપર કેટલું દબાણ કરવામાં આવેલ છે, અને

(૨) આ દબાણો ખાલી કરવા માટે સરકારે શાં પગલાં લીધા છે ?

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સરકારી જમીનો જેવી કે ગૌચરની જમીન ઉપર ૫૬-૬૮-૧૮ હે.આરે.પ્ર.આરે દબાણ કરવામાં આવેલ છે.

(૨) આ બિનઅધિકૃત દબાણો દૂર કરવામાં નિષ્ક્રિયતા દાખવવા બદલ સરપંચશ્રીઓને ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૫૭(૧) હેઠળ હોદ્દા પરથી દૂર કરવામાં આવેલ છે.

જે કિસ્સામાં બિનઅધિકૃત દબાણો સબંધે હદ-નિશાન નક્કી ન થતા હોય તેમાં ડી.આઇ.એલ.આર. કચેરી દ્વારા બનતી ત્વરાએ હદ-નિશાન નક્કી થયેથી દબાણ દૂર કરવામાં આવશે.

જે કિસ્સામાં બિનઅધિકૃત દબાણો સબંધે નામદાર કોર્ટમાં કેસ પડતર છે તેમાં કોર્ટ કેસોના નિર્ણય આવ્યેથી દબાણો દૂર કરવામાં આવશે.

- - - - - - - - -

પોરબંદર જિલ્લામાં સ્પોર્ટસ સંકુલ બનાવવા બાબત

૨૦૮૮ **શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા**(પોરબંદર):**માનનીય રમત-ગમતમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્ય સરકારે ખેલકૂદ અને રમત-ગમતને પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૧૬માં ખેલકૂલ નીતિ જાહેર કરી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કેટલા સ્પોર્ટસ સંકુલ ક્યા સ્થળે બનાવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્પોર્ટસ સંકુલવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) હા

(૨) ૧ (એક) સ્પોર્ટસ સંકુલ
મોજે છાયા તા. જી. પોરબંદર ખાતે

(૩) વર્ષ ૨૧-૨૨ =૨.૧૬ લાખ
વર્ષ ૨૨-૨૩=૩૯.૩૭ લાખ

- - - - - - - - -

સામાન્ય વહીવટ વિભાગનું મંજૂર મહેકમ

૨૮૮૩ **શ્રી અરવિંદભાઇ લાડાણી** (માણાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ સામાન્ય વહીવટ વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ નિવૃત્તિ પછી કેટલા કર્મચારી/ અધિકારીઓને પુનઃનિમણૂકો આપવામાં આવી છે ?

જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ સામાન્ય વહીવટ વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, તેની વિગતો દર્શાવતુ પત્રક-૧ આ સાથે સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ નિવૃત્તિ પછી ૨૭ કર્મચારી/ અધિકારીઓને પુનઃનિમણૂકો આપવામાં આવી છે

પત્રક - ૧

તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ સામાન્ય વહીવટ વિભાગમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

ક્રમ	સંવર્ગનું નામ	મંજૂર જગ્યાઓ	ખાલી જગ્યાઓ
૧	મુખ્ય સચિવ / અધિક મુખ્ય સચિવ / અગ્ર સચિવ / સચિવ	૦૫	૦૧
૨	સંયુક્ત સચિવ અને સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી (આઇએએસ સંવર્ગ)	૦૧	૦૧
૩	અધિક સચિવ / સંયુક્ત સચિવ / નાયબ સચિવ	૨૫	૦૫
૪	ઉપસચિવ	૩૦	૧૬
૫	અધિક કલેક્ટર	૦૨	૦૦
૬	નાયબ કલેક્ટર	૦૨	૦૦
૭	સંયુક્ત નિયામક (આંકડા)	૦૧	૦૦
૮	નાયબ નિયામક (આંકડા)	૦૧	૦૧
૯	નાયબ નિયામક (હિસાબ)	૦૧	૦૦
૧૦	નાયબ નિયામક (આઇટી)	૦૧	૦૦
૧૧	હિસાબી અધિકારી	૦૪	૦૧
૧૨	ભાષા નિયામક	૦૧	૦૧
૧૩	સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧	૧૬	૦૫
૧૪	મદદનીશ નિયામક	૦૧	૦૦
૧૫	મામલતદાર	૦૨	૦૦
૧૬	આઇસિટી અધિકારી	૦૨	૦૧
૧૭	નાયબ ભાષા નિયામક	૦૧	૦૧
૧૮	સંશોધન અધિકારી	૦૩	૦૩
૧૯	સહાયક માહિતી નિયામક	૦૧	૦૦
૨૦	નાયબ માહિતી નિયામક	૦૧	૦૧
૨૧	સેક્શન અધિકારી	૭૪	૧૨
૨૨	નાયબ સેક્શન અધિકારી	૨૦૫	૭૨
૨૩	સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨	૨૨	૧૬
૨૪	સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩	૦૩	૦૧
૨૫	નાયબ હિસાબનીશ	૦૩	૦૦
૨૬	કારકૂન	૦૨	૦૦
૨૭	ઓફિસ આસીસ્ટન્ટ	૭૨	૩૪
૨૮	સબ એડીટર	૦૧	૦૧
૨૯	આંકડા મદદનીશ	૦૧	૦૧
૩૦	હિસાબનીશ	૦૨	૦૧
૩૧	નાયબ હિસાબનીશ	૦૩	૦૦
૩૨	નાયબ મામલતદાર	૦૭	૦૦
૩૩	કાયદા અધિકારી	૦૧	૦૧
૩૪	માહિતી મદદનીશ	૦૨	૦૨
૩૫	ભાષાંતરકાર	૦૨	૦૨
૩૬	ડ્રાઇવર	૧૩	૦૯
૩૭	ટેલેક્ષ ઓપરેટર	૦૪	૦૪
૩૮	આસી. લાયબ્રેરીયન	૦૧	૦૧
૩૯	પટાવાળા / હવાલદાર / હમાલ / નાયક / મેસેન્જર	૯૭	૮૪

- - - - - - - - -

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ - ૧૧૬)

સ્માર્ટ સિટી મિશન આંતર્ગત પસંદગી પામેલ રાજ્યનાં શહેરો

૧૭૦૯ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ ગુજરાતના કયા શહેરોની સ્માર્ટ સિટી મીશન અંતગર્ત પસંદગી થયેલ છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કયાં શહેરોમાં સ્માર્ટસિટી મીશનના ધોરણો મુજબના કયા કામોની કામગીરી પૂર્ણ કરવામાં આવી અને કેટલી કામગીરી કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ શહેર દીઠ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી અને તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો ?

જવાબ

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર, સુરત, રાજકોટ, વડોદરા અને દાહોદ ની સ્માર્ટ સિટી મીશન અંતગર્ત પસંદગી થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત તમામ શહેરો માં પૂર્ણ થયેલ કામોની વિગત સ્માર્ટ સિટી વાઇઝ આ સાથે Annexure-A માં સામેલ છે તેમજ બાકી કામગીરીની વિગત આ સાથે Annexure-B માં સામેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ખર્ચ કરવામાં આવેલ કુલ રકમ પૈકી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર નાં હિસ્સા મુજબ શહેરો દ્વારા કરવામાં આવેલ ખર્ચ ની વિગત નીચે મુજબ છે.

(રૂ.કરોડ માં)

નામ	કુલ ખર્ચ	GoI	GoG
અમદાવાદ	૮૭૫.૭૨	૪૫૯.૩૪	૨૦૮.૧૭
ગાંધીનગર	૬૩૦.૬૧	૩૧૫.૩૦૫	૩૧૫.૩૦૫
રાજકોટ	૭૨૯.૪૯	૩૮૬.૭૬	૧૬૯.૨૩
સુરત	૮૪૨.૮૮	૪૯૦	૨૪૨.૫૦
દાહોદ	૫૭૩.૪૧	૨૯૩	૨૮૦.૪૧
વડોદરા	૭૩૨.૫૬	૩૮૨	૧૯૫

નોંધઃ- ઉપરોક્ત થયેલ કુલ ખર્ચમાં જે-તે ULB નો હિસ્સો પણ સામેલ છે.

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ -૧૧૬)

H 3N 2 ફ્લૂને ફેલાતો અટકાવવા બાબત

અધ્યક્ષશ્રી : નિયમ-૧૧૬ અંગે બધા સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે, આ નિયમ અન્વયે મંત્રીશ્રીએ નિવેદન આપેલ હોય છે. નિવેદનમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ રજૂ કરી દીધેલ હોય છે. વિધાનસભાની પરંપરાઓ પ્રમાણે આપણે નિવેદન ઉપરથી કોઇ ચર્ચા લાગે તો સીધો પ્રશ્ન પૂછીએ. એની અંદર ચર્ચા કરવાનો અવકાશ નથી, માત્ર પ્રશ્ન પૂછવાનો છે. જે સભ્યશ્રીઓ નિયમ-૧૧૬માં ભાગ લેતા હોય એમને હું કહીશ કે તમે સીધો પ્રશ્ન પૂછી શકો છો. તમે એનું અવલોકન કરવું અથવા ચર્ચા કરવી એ નિયમ-૧૧૬માં કરી શકાતી નથી. મારી વિનંતી છે કે સભ્યશ્રીઓ સીધા પ્રશ્ન ઉપર આવે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''તાજેતરમાં રાજ્યમાં H 3N 2 ફ્લૂના કારણે શરદી, તાવ, ઝાડા, ઉલટી તેમજ ખાંસીના કેસોમાં ખૂબ જ વધારો થયો છે. આ વાઇરસ અબાલવૃદ્ધ સહિત તમામમાં ફેલાઇ રહ્યો છે. તેના કારણે કોરોના બાદ હાલમાં નાગરિકોમાં H 3N 2 ફ્લૂનો ભય ફેલાયેલ છે, ત્યારે H 3N 2 ફ્લૂને ફેલાતો અટકાવવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.''

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી સિઝનલ ફ્લૂ H1N1 અને H 3N 2ના કેસો જોવા મળેલ છે. જે ઇન્ફ્લુએન્ઝા-એ ના સબટાઇપ છે જે અન્વયેની હકીકતલક્ષી વિગત નીચે મુજબ છે.

૧. ઇન્ફ્લુએન્ઝા-એ રોગની જાણકારી :-

H 3N 2એ ઇન્ફ્લુએન્ઝા-એ નો સબટાઇપ છે. ઇન્ફ્લુએન્ઝા-એની બીમારી કે જેને આમ જનતા ફ્લૂ, શરદી, સળેખમ કે સિઝનલ ફ્લૂની બીમારી તરીકે ઓળખે છે. ફ્લૂની બીમારી સદીઓથી થતી બીમારી છે. જે વિષાણુથી થાય છે અને

હવાથી ફેલાતો રોગ છે. વિષાણુના જનીનિક બંધારણમાં સમયાંતરે ફેરફાર થવાના કારણે તે સમગ્ર વિશ્વમાં વારંવાર જોવા મળે છે

૨. ઈન્ફ્લુએન્ઝા - એ રોગનો ઈતિહાસ : -

- અગાઉ વર્ષ ૨૦૦૯માં વાઇરસના બંધારણમાં ફેરફાર થવાના કારણે સિઝનલ ફ્લૂનો રોગચાળો સમગ્ર વિશ્વ સાથે ભારતમાં પણ વ્યાપક રીતે પ્રસર્યો હતો. સને ૨૦૦૯ના જુલાઇ માસમાં ગુજરાતમાં સૌ પ્રથમ કેસ નોંધાયો. તે બાદ સને ૨૦૧૦માં સ્વાઇન ફ્લૂના કેસ તથા મરણના નોંધપાત્ર કેસ થયેલ હતા. એ સમયે વિશ્વ આરોગ્ય સંસ્થા તેમજ ભારત સરકારશ્રીની ગાઇડલાઇન અનુસાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અટકાવ અને નિયંત્રણ તેમજ સારવારની કામગીરી કરવામાં આવેલી હતી.
- સને ૨૦૧૦માં વિશ્વ આરોગ્ય સંસ્થાએ જાહેર કરેલ કે સિઝનલ ફ્લૂનો વિષાણુ વાતાવરણમાં સામાન્ય ફ્લૂના વાઇરસ તરીકે પ્રસ્થાપિત થયેલ હોઇ, હવે દર બે - ત્રણ વર્ષના સમયાંતરે આમ જનતામાં આવા કેસોની સંખ્યામાં વધારો જોવા મળે છે.
- આમ, સિઝનલ ફ્લૂનાં વિષાણુની પ્રકૃતિ મુજબ સને ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૬, ૨૦૨૦ અને સને ૨૦૨૧માં ગુજરાત રાજ્યમાં કેસો ઓછા નોંધાયેલ, જ્યારે સન ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૨માં કેસો વધુ નોંધાયેલ. ઉક્ત સમય દરમિયાન દેશનાં મોટાં ભાગનાં રાજ્યોમાં તથા વિશ્વના ઘણા દેશોમાં સિઝનલ ફ્લૂ રોગના કેસોની સંખ્યામાં વધારો નોંધાયેલ હતો.
- વર્ષ ૧૯૬૮માં અમેરિકામાં પણ એક લાખથી વધુ બાળકોને H 3N 2 સિઝનલ ફ્લૂના કેસો મળેલ હતા.

૩. ઈન્ફ્લુએન્ઝા - એ રોગની રાજ્યની સ્થિતિ : -

- હાલમાં રાજ્યમાં સિઝનલ ફ્લૂના કેસો જોવા મળેલ છે જેમાં H 1N 1 ટાઇપ તથા H 3N 2ના કેસો નોંધાયેલ છે. H 1N 1અને H 3N 2 એ ઇન્ફ્લુએન્ઝા - એ ના ટાઇપ છે. આ બન્ને પ્રકારમાં મરણનો દર ખૂબ જ ઓછો હોય છે. તમામ વાયરલ ફિવરના રોગોમાં દર્દીને દિન - ૭ સુધી લક્ષણો જોવા મળે છે. તાવ અને શરદીના સામાન્ય લક્ષણોમાં સામાન્ય દવા લેવાથી પણ રોગમાં રાહત મળે છે.
- રાજ્યમાં તા. ૧.૧.૨૦૨૩થી તા. ૧૩.૩.૨૦૨૩ સુધીમાં The Gujarat Epidemic response Management System Portal (GERMIS Portal) મુજબ ૮૩ સિઝનલ ફ્લૂના પોઝિટિવ કેસ અને ૦૧ મરણ નોંધાયેલ છે. જેમાં ૮૦ H 1N 1 અને 3 H 3N 2 કેસો નોંધાયેલ છે. રાજ્યમાં H 3N 2 થી એક પણ મરણ થયેલ નથી.
- ભારત સરકારશ્રીના તા.૧૧.૦૩.૨૦૨૩ નાં પરિપત્રમાં I L I (ઈન્ફ્લુએન્ઝા લાઈક ઈલનેસ) તથા S A R ! (સિવિયર એક્યુટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ) કેસોનો સરવે સઘન બનાવવા સૂચન કરેલ છે તથા કેસો અટકાવવાના પ્રચાર - પ્રસાર સઘન બનાવવા સૂચન કરેલ છે.
- ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ સામાન્ય રીતે દરેક રાજ્યમાં જાન્યુઆરીથી માર્ચ સુધીમાં આ વધારો જોવા મળે છે. રાજ્યની હોસ્પિટલોમાં ઓ.પી.ડી. ની સંખ્યામાં ૧૦ થી ૧૫% નો વધારો જોવા મળેલ છે, અને ઇન્ડોર દર્દીમાં ૩ થી ૫% નો વધારો જોવા મળેલ છે.
- Integrated health Information Portal (IHIP Portal) ના એનાલીસીસી મુજબ ILI (ઈન્ફ્લુએન્ઝા લાઈક ઈલનેસ) કેસોનો ટ્રેન્ડ ચાલુ અઠવાડિયામાં ઘટેલ માલુમ પડેલ છે.

૪. રાજ્ય સરકાર દ્વારા અગમચેતીનાં રૂપે લીધેલ પગલાં

- રાજ્યમાં રોગચાળાને ત્વરીત ઓળખવા અને તે અનુસાર પગલાં ભરવા માટે ઈન્ટીગ્રેટેડ ડિસીઝ સરવેલન્સ પ્રોજેક્ટ અમલી કરવામાં આવ્યો છે, જેમાં ઈન્ટીગ્રેટેડ હેલ્થ ઈન્ફોર્મેશન પ્લેટફોર્મ (I H I P) નાં માધ્યમથી I L I (ઈન્ફ્લુએન્ઝા લાઈક ઈલનેસ) તથા S A R I (સિવિયર એક્યુટ રેસ્પરિટરી સિન્ડ્રોમ) કેસોને નિયમિત મોનિટરિંગ કરવામાં આવે છે અને તે મોનિટરિંગના આધારે જરૂરી રોગચાળા અટકાયત પગલાં લેવામાં આવે છે તથા સારવાર આપવામાં આવે છે.
- તેમજ તમામ સિઝનલ ફ્લૂ કેસોની નામ સાથેની વિગતવાર દૈનિક ધોરણે GERMIS Portal નાં માધ્યમથી મોનિટરિંગ કરવામાં આવે છે.
- રાજ્યમાં આ વર્ષની શરૂઆતથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તુર્ત જ રોગ અટકાયત અને નિયંત્રણ માટેનાં પગલા સઘન કરવામાં આવેલ. આ રોગનાં અટકાયત માટે વિશ્વ આરોગ્ય સંસ્થા અને આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા નિયત કરેલ માર્ગદર્શિકા અને ભલામણનો અમલવારી કરવામાં આવી છે.

- અગમચેતીના ભાગરૂપે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા.૨૫.૦૨.૨૦૨૩ નાં રોજ તમામ જિલ્લા / કોર્પોરેશન કક્ષાએ સિઝનલ ફ્લૂના કેસો નોંધાવા પામે ત્યારે રોગ અટકાયતી પગલાં લેવાં માટે જરૂરી સૂચનાઓ આપેલ છે.
- જે અન્વયે તમામ સિવિલ હોસ્પિટલો અને જનરલ હોસ્પિટલોમાં આઇસોલેશન વોર્ડ, જરૂરી દવાઓ, વેન્ટિલેટર્સ, પી.પી.ઇ. કીટ અને મારકનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ રાખવામાં આવેલ છે.
- આઇસોલેશન વોર્ડમાં ફરજ બજાવતા તમામ સ્ટાફને સિઝનલ ફ્લૂ અંગે તાલીમ આપવા જણાવેલ છે
- સિઝનલ ફ્લૂની સંભવિત પરિસ્થિતિને અનુલક્ષીને જરૂરી દવાઓ, કેપ્સુલ, ઓસેલ્ટામાવીર, પી.પી.ઈ. કીટ, એન-૯૫ માસ્ક, ટ્રીપલ લેયર મારક વગેરેના જિલ્લા કક્ષાએ ઉપલબ્ધ જથ્થામાંથી તમામ આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલો ખાતે પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ રાખેલ છે.
- સમગ્ર વિશ્વમાં સિઝનલ ફ્લૂની સારવાર માટે અપાતી અને ખૂબ જ અસરકારક કેપ્સ્યૂલ. ઓસેલ્ટામાવીર દવા રાજ્યની બધી હોસ્પિટલો તેમજ દવાખાનાઓમાં ઉપલબ્ધ છે. કેપ્સ્યૂલ. ઓસેલ્ટામાવીર (૭૫ મી.ગ્રા., ૩૦ મી.ગ્રા. ૪૫ મી.ગ્રા. અને બાળકો માટેની સીરપ) નો કુલ ૨,૭૪,૪૦૦ જેટલો જથ્થો રાજ્યમાં વેરહાઉસ ખાતે ઉપલબ્ધ છે.
- સરકારી હોસ્પિટલોમાં સારવાર લેતા દર્દીઓને ઉક્ત દવાનો કોર્સ જે અંદાજે ૫ થી ૧૦ દિવસ સુધીનો હોય છે તે વિનામૂલ્યે આપવામાં આવે છે. H 1N 1 અને H 3N 2 ના બંને વાયરલ ઇન્ફેકશનમાં એક જ પ્રકારની દવા આપવામાં આવતી હોય છે. જે રાજ્યમાં પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.
- રાજ્ય સરકાર દ્વારા તા.૧૧.૦૩.૨૦૨૩ના રોજ રાજ્ય કક્ષાએથી સેટકોમ દ્વારા તબીબી અધિકારીઓ તથા ફિમેલ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ સુપરવાઇઝર, આશા, આંગણવાડી કાર્યકરોને માર્ગદર્શન, સ્વાઇન ફ્લૂના કેસોનો કોન્ટેક્ટ સરવે તથા ગાઇડલાઇન મુજબ જરૂરી સારવાર આપવા માટે જાણકારી આપવામાં આવેલ છે.
- અગ્ર સચિવ અને કમિશનરશ્રી, આરોગ્ય અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા.૧૪-૩-૨૦૨૩ નાં રોજ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા અને કોર્પોરેશનના તમામ વિભાગીય નાયબ નિયામકશ્રી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી, આરોગ્ય અધિકારીશ્રી, તથા મેડિકલ કોલેજના અધિક્ષકશ્રી, તમામને સિઝનલ ફ્લૂ અટકાયતી અને સારવાર કામગીરી તેમજ હોસ્પિટલોમાં સાધન સામગ્રી અને જરૂરી માનવબળ ઉલબ્ધ રહે તે સુનિશ્ચિત કરવા સુચના આપેલ છે.
- તા.૧૫-૩-૨૦૨૩ નાં રોજ બપોરે ૧.૦૦ કલાકે તમામ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને આરોગ્ય અધિકારીશ્રી, મહાનગરપાલિકા દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જીલ્લા અને મહાનગરપાલિકાના તમામ મેડિકલ અને પેરા મેડિકલ સ્ટાફને સિઝનલ ફ્લૂ રોગ અટકાયતી અને સારવાર માટેની તાલીમ આપવામાં આવેલ છે.

૫. ઇન્ફ્લુએન્ઝા-એ રોગની ટેસ્ટિંગ લેબોરેટરી

- સિઝનલ ફ્લૂના લક્ષણો ધરાવતા દર્દીઓને સિઝનલ ફ્લૂ પોઝિટિવ છે કે કેમ તેની ચકાસણી માટેનો લેબોરેટરી ટેસ્ટ રાજયની તેર (૧૩) સરકારી લેબોરેટરીમાં વિનામૂલ્યે કરી આપવામાં આવે છે. તેમજ ૬૦ ખાનગી લેબોરેટરીમાં પણ ટેસ્ટિંગ કરવામાં આવે છે. જરૂર જણાયે કુલ ૨૦૦ થી વધુ લેબોરેટરીમાં ટેસ્ટિંગની સુવિધા ઉપલબ્ધ કરાવી શકાય તેમ છે.
- ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ સિઝનલ ફ્લૂ નું ટેસ્ટિંગ નાક અને ગળાના ઇન્ફેકશનમાં કરવાની જરૂરીયાત નથી, પરંતુ ફક્ત ફેફસાના ઇન્ફેકશનમાં જ એટલે કે કેટેગરી-C માં જરૂરિયાત હોય છે. રાજ્યમાં H 1N 1 અને H 3N 2 ના ગંભીર પ્રકારના લક્ષણો ધરાવતા દર્દીઓ જોવા મળેલ નથી.

૬. રાજ્ય સરકાર દ્વારા અગમચેતીનાં રૂપે લેવાનાં પગલાં

- આ રોગનો વધુ ફેલાવો ન થાય તે માટે જાહેર જનતા જન-જાગૃતિ તરીકે વારંવાર સાબુથી હાથ ધોવા, જાહેર સ્થળો પર માસ્ક પહેરવું, ગમે ત્યા જાહેર જગ્યાઓએ થૂંકવું નહિ તેમજ વારંવાર પાણી પીવું વગેરે બાબતે મીડિયા મારફતે પ્રચાર-પ્રસાર થાય તે ખૂબ જ જરૂરી છે. જેના થકી લોકોમાં અને પરીક્ષાલક્ષી વિદ્યાર્થીઓમાં ભય પેદા ન થાય.
- રોગની જાણકારી તમામ લોકો સુધી પહોંચાડવા જરૂરિયાત મુજબ જરૂર જણાયે વિવિધ વર્તમાનપત્ર, ટી. વી. અને અન્ય પ્રસાર માધ્યમો દ્વારા સિઝનલ ફ્લૂથી બચાવ માટેની માર્ગદર્શન અને માહિતી લોકો સુધી વ્યાપક રીતે પહોંચે તેવી જાહેરાતો પ્રસારિત કરી નિષ્ણાતો દ્વારા રેડિયો અને ટેલિવિઝન પર જરૂરી વાર્તાલાપ પણ યોજવામાં આવશે.
- તેમજ જરૂર જણાયે તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનમાં સ્વાઇન ફ્લૂના લક્ષણો અને સારવાર માટેના હોર્ડિંગ્સ અને ફ્લેક્ષ બેનરો મૂકવામાં આવશે.
- વધુમાં જરૂર જણાયે પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે વ્યક્તિગત સ્વચ્છતા, હાથ ધોવાની સાચી રીત તથા સ્વાઇન ફ્લૂ અને અન્ય સંક્રામક રોગ અટકાવવા માટેની અગમચેતીનાં પગલાંઓ અંગેની સેટકોમ કોન્ફરન્સ પણ કરવામાં આવશે.

ફાલ્ગુન ૨૬, ૧૯૪૪ શાકે

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ - ૧૧૬)

જનજાગૃતિના કારણે બહુ મોટી સંખ્યામાં લોકો હોસ્પિટલમાં નિદાન કરાવવા આવતા, તે પૈકી જે સિઝનલ ફ્લૂ પોઝિટિવ હતા તેમને ઝડપથી ઓળખી અને સારવાર આપી શકાયેલ છે. જેના કારણે અગાઉના વર્ષો કરતા મૃત્યુઆંક માં ઘટાડો નોંધાયેલ છે.

આમ, રાજ્યમાં પ્રવર્તમાન પરિસ્થિતિ પર સરકાર દ્વારા સતત મોનિટરિંગ રાખવામાં આવી રહ્યું છે અને આ રોગના દર્દીઓને સરકારી દવાખાનામાં વિનામૂલ્યે નિદાન તથા યોગ્ય સારવાર મળે તે માટેના તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કોરોના હોય કે H 1N 1 હોય કે H 3N 2 હોય આ બધા જ ફ્લૂના કોઇને કોઇ પ્રકારો જ હોય છે. એમાં સામાન્ય રીતે આપણે જજમેન્ટ લઇ શકતા નથી કે આ કયા પ્રકારનો ફ્લૂ છે. એના કારણે આ વ્યાપક પ્રમાણમાં અત્યારે ફેલાઇ રહ્યો છે. મહારાષ્ટ્રમાં એક મેડિકલ વિદ્યાર્થીનું એના કારણે અવસાન પણ થયું છે અને ગુજરાતમાં પણ એક મૃત્યુ થયું હોવાનું જાણવામાં આવે છે. આજે રાજ્યમાં જે કસો છે એ ૩ બતાવેલ છે અને આખા દેશમાં ૪૫૬ કેસો હોવાનું આપણા ઓફિશિયલ આંકડા પ્રમાણે ધ્યાનમાં આવ્યું છે. પણ આ જે પ્રકારના દર્દીઓ છે એ ખૂબ વ્યાપક પ્રમાણમાં છે. પણ હોસ્પિટલમાં આવીને રિપોર્ટ કરતા નથી એટલે આપણા ધ્યાનમાં આવતું નથી. આ કોઇપણ પ્રકારના ફ્લૂ હોય એ વારંવાર પોતાનું સ્વરૂપ કે વેરિઅન્ટ બદલે છે અને જે નવો વેરિઅન્ટ આવે છે એના માટે આપણા શરીરમાં ઇમ્યુનિટી હોતી નથી, એના કારણે ક્યારેક ઘાતક નીવડે છે. અત્યારે જે મૃત્યુ થાય છે એ ઘાતક પણ છે. અત્યાર સુધી આ ફ્લૂના દર્દથી આપણે બહુ ડરતા ન હતા, પણ કોરોના આવ્યા પછી ખૂબ મોટો વ્યાપકપણે ડર પણ છે અને ડર સાચો પણ છે. એના માટે આગોતરા પગલાં લેવાં ખૂબ જરૂરી છે. પોંડીચેરીમાં હમણાં જ આના માટે ૧૦ દિવસ સ્કૂલો બંધ કરવામાં આવી છે. આજે પણ વ્યાપક પ્રમાણમાં આ ડર છે. કોરોના પણ એક પ્રકારનો વેરીઅન્ટ કે સબ વેરીઅન્ટ જ હતો અને એ સમગ્ર વિશ્વ માટે, ભારત માટે અને આપણા સૌ માટે ઘાતક નીવડ્યો. આપણા બધાએ કોઇને કોઇ આપણા સ્વજનો ગુમાવ્યા છે. એને રોકવા માટેના પ્રયાસો થવા ખૂબ જ જરૂરી છે. આપણે કોરોના વખતે આપણા રાજ્ય અને દેશ સહિત ઘણી જગ્યાએ બેદરકારીઓ રહી અને એનાં પરિણામો આપણે સૌએ ભોગવ્યા છે. આવા સંજોગોમાં આ H 3N 2 વાઇરસ છે એક તો એને પહેલાં એનો ટેસ્ટ થવો જોઇએ, ટ્રેસ થવું જોઇએ અને પછી આઇસોલેશન કરીને એને ટ્રિટમેન્ટ આપવી જોઇએ. એ માટેના પગલાં લેવાવાં જોઇએ. પહેલાં તો આ સબ વેરીઅન્ટ પોતાના સ્વરૂપ બદલે છે એનું જિનોમ સિકવન્સિંગ થવું જોઇએ અને જેટલું જિનોમ સિકવન્સિંગ ઝડપથી થાય એટલી આપણને રોકવામાં સફળતા મળશે. હું ડોકટર નથી એક લેમેન તરીકે વાત કરું છું. માનનીય આરોગ્ય મંત્રીશ્રી આ વિષે વધારે પ્રકાશ પાડશે એટલે આપણા ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યે જિનોમ સિકવન્સિંગ લેબોરેટરીઓ ઊભી કરવી જોઇએ એ ઊભી કરવા માગે છે કે કેમ? અને H 3N 2 જે વધારે વ્યાપક પ્રમાણમાં ફેલાય છે એનું રિપોર્ટિંગ છે એ કોઇપણ દર્દી ભલે દવાખાને સારવાર લેવા ન આવતો હોય તો પણ પોતાની રીતે એ રિપોર્ટિંગ કરે કે H 3N 2 વાઇરસ મને ડિટેકટ થયેલો છે તો સરકાર સુઓમોટો જે રીતે એના ઘરે જઇને ટેસ્ટ કરતી હતી એ રીતે કરી શકે તો એ માટે કોઇ સ્પેશિયલ એપ બનાવી અને બધાનું સરળતાથી રિપોર્ટિંગ થઇ શકે એવી વ્યવસ્થા કરવા માગે છે કે કેમ? મારા આ બે પ્રશ્નો છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અર્જુનભાઇએ જે વાત કરી એમાં એન્ફ્લ્યુએન્ઝા એ ટાઇપ અને એની અંદર H 1N 1 અને H 3N 2 આ એ પરિવારના વાઇરસના બે સભ્યો જ છે. સામાન્ય રીતે H 1N 1 આપણે જોવા મળતો હતો, પરંતુ લગભગ ૧૯૬૮ ની અંદર અને એના પછી પણ એમાં જે વેરીઅન્ટની અંદર સંક્રમણ અંદર અંદર થયું અને બીજા નવા વેરીઅન્ટનો જન્મ થયો. આ બધું ભૂતકાળમાં પણ H 3N 2 આપણને વિશ્વમાં પણ જોવા મળ્યો છે. તાજેતરમાં જેમ વાત કરી ૮૬ દર્દીઓ આપણને મળ્યા એમાં કદાચ સંખ્યા થોડી વધી છે, પરંતુ આની અંદર જે આપણને ગાઇડલાઇન મળી છે અને જે વ્યવસ્થાઓ છે એની અંદર એ પ્રકારની છે એટલે કે એક પ્રકારની શરદી સળેખમ હોય, કયાંક સામાન્ય તાવ આવતો હોય, માથું દુખતું હોય એવા પ્રકારના જો લક્ષણો હોય તો એમાં જે ખાસ ટ્રિટમેન્ટ લેવાની કે જે ઓસેલ્ટામાવીર નામની જે ડ્રગ બહુ ઇફેક્ટીવ છે. ડબલ્યુ.એચ.ઓ.એ પણ માન્યતા આપી છે એ એમાં નથી આપવાની. એ સામાન્ય વાત છે અને એ સામાન્ય વાતને ડોકટર ટ્રીટ કરે અને માનો કે કોઇને ગળું પકડાઇ ગયું, ગળું દુ:ખે છે, હેવી માથું દુ:ખે છે, ખૂબ મોટો તાવ આવે છે તો એવા સંજોગોમાં ટેસ્ટ કરવાની પહેલા પ્રકારમાં અને આ બીજા પ્રકારમાં પણ કોઇ જરૂર નથી અને સીધી જે અસરકારક ડ્રગ છે ઓસેલ્ટામાવીર એની તરત ટ્રિટમેન્ટ આપવાથી એ સાજા થતા હોય છે પરંતુ જે ભય H 3N 2નો છે અને ટેસ્ટ કર્યા પછી, ઇન્ફ્લુએન્ઝાનો ટેસ્ટ કર્યા પછી માનો કે પોઝિટિવ આવે અને H 1N 1 નથી તો આપણે H 3N 2 માની લઇએ છીએ અને H 3N 2 માની લઇએ તો પણ દવા તો બંનેની સરખી જ છે. H 1N 1 હોય કે H 3N 2 હોય બંનેની દવા તો સરખી જ છે. દવાની પ્રોસિઝરમાં કોઇ ફરક નથી જે ટ્રિટમેન્ટ આપવાની છે એ ટ્રિટમેન્ટ H 1N 1 હોય કે H 3N 2 હોય બંનેમાં કોઇ ફરક નથી અને એમાં કોઇ જરૂર નથી પડતી. જ્યારે ત્રીજા પ્રકારની અંદર સખત તાવ આવે, છાતીમાં કફ થઇ જાય, ગળફામાં લોહી નીકળે અને ખૂબ હેવી તાવ આવે તો એવા સંજોગોમાં ૬૫ વર્ષથી ઉપરના જે દર્દીઓ હોય અને સગર્ભા માતા હોય અથવા તો પાંચ વર્ષથી નાનું બાળક હોય તો એને તરત જ સારવાર માટે આપણે હોસ્પિટલાઇઝ પણ કરીએ છીએ અને એના માટેની જે ટ્રિટમેન્ટ છે એ પણ ઓસેલ્ટામાવીર જ છે. આમાં લાઇન ઓફ ટ્રિટમેન્ટ ત્રણેયમાં સરખી જ છે અને એના માટે રાજય સરકારે સી.એચ.સી., પી.એચ.સી., સબ ડિસ્ટ્રિકટ, ડિસ્ટ્રિકટ હોસ્પિટલ, મેડિકલ કોલેજ આ બધી જ જગ્યાએ ઓસેલ્ટામાવીર નામની દવા હાજર જ છે અને હજારોની અને લાખોની સંખ્યામાં છે. એ સિવાય પણ આપણે ત્યાં આપણા ગોડાઉનમાં ૨,૭૪,૦૦૦ જેટલી કેપ્સ્યૂલ

૭૫, ૬૦ અને ૭૫ એમ.એલ. સુધીની અને બાળકો હોય તો પી શકે એ પ્રકારની આ જ ઓસેલ્ટામાવીર એ દવા આપણી પાસે અવેલેબલ છે. મોટાભાગના દર્દીઓ જયાં આપણે ટેસ્ટ નથી કરવાનો એ પહેલા પ્રકારમાં પણ આપણે વાઇરલની સારવાર આપી દઇએ છીએ. એ ડોકટર સારવાર આપે સાજો થઇ જાય પણ માનો કે એને વધારે થાય તો જ પછી એને બીજા પ્રકારનો ગણી અને એને આપણે ઓસેલ્ટામાવીર આપીએ છીએ અને ત્રીજા પ્રકારમાં મેં કહ્યું કે જે ડેન્જર ઝોન છે એ ડેન્જર ઝોનવાળા દર્દીઓને ખાસ આપણે શોધીને ટ્રિટમેન્ટ પણ આપીએ છીએ.

ડો.પાયલ મ. કુકરાની (નરોડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, રાજ્યમાં દવાના જથ્થાની ઉપલબ્ધતા અંગેની માહિતી શું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તમામ સિવિલ હોસ્પિટલો, જનરલ હોસ્પિટલોમાં આઇસોલેશન વોર્ડ, જરૂરી દવાઓ, વેન્ટિલેટર, પી.પી.ઇ.કીટ, મારકનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે/ રાખ્યો છે. સિઝનલ ફલૂની પરિસ્થિતિને અનુલક્ષી દવાઓ, કેપ્સ્યુલ્સ, જે રીતે અગાઉ મેં કહ્યું તેમ ડબલ્યુ.એચ.ઓ. માન્યતા પ્રાપ્ત ઓસેલ્ટામાવીર, પી.પી.ઇ.કીટ, એન.૯૫ માસ્ક આ બધું આપણે તૈયાર કરીને રાખ્યું છે. છેક ગ્રામ્ય સ્તરથી માંડીને શહેરો સુધી આ વ્યવસ્થાઓ આપણે કરી છે. ઓસેલ્ટામાવીર ૭૫ મિલિગ્રામ, ૪૫ મિલિગ્રામ, ૩૦ મિલિગ્રામ, બાળકો માટે આ જ પ્રકારની સિરપનો કુલ ૨ લાખ ૭૪ હજાર જેટલો જથ્થો આપણા વેરહાઉસમાં પડયો છે. સરકારી હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓને ઉકત દવાઓનો કોર્સ જે અંદાજે પાંચ થી દસ દિવસનો હોય છે તે આપણે વિનામૂલ્યે આપીએ છીએ. H 1N 1 અને H 3N 2 ના બંને વાઇરલ ઇન્ફેક્શનમાં એક જ પ્રકારની દવા આપણે આપતા હોઇએ છીએ. બાકી મેં કહ્યું તેમ ગ્રામ્યથી શહેર સુધીના દરેક સેન્ટરની અંદર આરોગ્ય વ્યવસ્થામાં આપણે નિશુલ્ક દવા આપવાની વ્યવસ્થા કરી છે.

અધ્યક્ષશ્રી : પી.એચ.સી.થી માંડીને હોસ્પિટલ સુધી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પી.એચ.સી. થી લઇને મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ સુધી.

શ્રીહર્ષદભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના વરિષ્ઠ સભ્યશ્રી અર્જુનભાઇ દ્વારા નિયમ - ૧૧૬ ની તાકીદની નોટિસ આપી છે તેના સંદર્ભમાં મારો પ્રશ્ન....

અધ્યક્ષશ્રી : તમે પણ નોટિસ આપેલી જ છે. ભેગી નોટિસ છે. બાકીના બીજા ત્રણેય સભ્યોએ આપેલી છે.

શ્રી હર્ષદભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્ય સરકાર દ્વારા સિઝનલ ફલૂને અટકાવવા માટે કેવાં પ્રકારનાં પગલાં લીધાં છે અને કેવાં પ્રકારનાં પગલાં હવે લેવામાં આવશે. આપની અનુમતિ હોય તો જયારે આ પ્રશ્ન પૂછાયો છે ત્યારે આ સન્માનનીય ગૃહને કેટલીક બાબતો ધ્યાન પર મૂકવા માગું તો તેમાં...

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્ન પૂછી શકશો. શ્રી હર્ષદભાઇ, આ અંગે આપે કોઇ પ્રશ્ન પૂછવો હોય તો તે પૂછી શકશો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે, સિઝનલ ફલૂને અટકાવવા માટે કેવા પ્રકારનાં પગલાં લીધાં છે અને હવે કેવાં પગલાં લેવામાં આવશે. રાજ્યમાં વર્ષની શરૂઆતથી જ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તુરત જ રોગ અટકાયત નિયંત્રણ માટેનાં પગલાં સઘન કરવામાં આવેલા છે. આ રોગની અટકાયત માટે વિશ્વ આરોગ્ય સંસ્થા અને આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રાલય ભારત સરકાર દ્વારા નિયત કરેલ માર્ગદર્શિકા અને ભલામણને આપણે આખરી ગણી તેની અમલવારી કરતા હોઇએ છીએ. કારણકે ઉપર બેઠેલા આપણા જે સાયન્ટિસ્ટો, ડૉકટરો છે તે જે પ્રકારની ભલામણો અને વખતોવખતની વ્યવસ્થાઓ આપણને સોંપે તે પ્રમાણે આપણે વ્યવસ્થા કરતા હોઇએ છીએ. અગમચેતીના ભાગરૂપે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા.૨૫-૨-૨૦૨૩ ના રોજ તમામ જિલ્લા કોર્પોરેશન કક્ષાએ સિઝનલ ફલૂના કેસો નોંધાવા પામે ત્યારે રોગ અટકાયતી પગલાં લેવાં માટેની જરૂરી સૂચનાઓ આપણે આપી દીધી છે. જે અન્વયે તમામ સિવિલ હોસ્પિટલો, જનરલ હોસ્પિટલોમાં આઇસોલેશન વોર્ડ અને મેં અગાઉ કહ્યું તે પ્રમાણેની તૈયારી કરી રાખી છે. સરકારી હોસ્પિટલમાં પાંચ થી દસ દિવસનો દવાનો કોર્સ મફતમાં આપીએ છીએ. આમાં એક જ પ્રકારની દવા હોય છે. રાજ્યમાં ચાર હજાર કરતાં વધારે ડૉકટરો ગ્રામ્ય થી શહેરી માળખા સુધી છે. આ માટેની તા.૧૧-૩-૨૦૨૩ના રોજ રાજ્યકક્ષાની સેટકોમ દ્વારા તબીબી અધિકારીઓ, પુરુષ હેલ્થ વર્કર, આશાવર્કરો, આંગણવાડીના કાર્યકરોનો એક સીધેસીધો સંવાદ કરીને આવા દર્દીઓ દેખાય તો શું કરવું તેના માટેની સમજણ આપી હતી. એક વાત બીજી પણ કહી દઉં કે આ પ્રકારના કેસ દેખાય એટલે કોરોનાના લક્ષણ અને H 1N 1અને H 3N 2ના લક્ષણો એકસરખા હોય છે. એટલે તેમાં આપણે કોરોનાનો ટેસ્ટ કરી દઇએ છીએ. પરંતુ ફલૂનો જે ટેસ્ટ કરવાની વાત છે તેમાં મેં અગાઉ કહ્યું તેમ પહેલો પ્રકાર અને બીજો પ્રકાર હોય તો તેમાં આપણે ટેસ્ટ નથી કરતા. તેમાં ટેસ્ટ કરવાની પણ જરૂર નથી. પરંતુ ટેસ્ટ કરવાની જરૂર પડે તો પહેલાં ઇન્ફ્લુએન્ઝા-A આવે અને H 1N 1આવે એટલે આપણે માની લઇએ છીએ. પરંતુ ઇન્ફ્લુએન્ઝા પોઝિટિવ છે અને H 1N 1 નથી આવતો તો H 3N 2 માની બંને વાઇરલનો આ રીતે ડિફરન્સ લઇએ છીએ. એટલે એની પણ મિટિંગ કરી લીધી છે, માનવ બળ પણ રેડી છે અને હવે સરકાર દ્વારા જે પગલાં લેવાનો વિષય છે એની વાત કરું તો આ એક વ્યકિતથી બીજી વ્યકિત સુધી પહોંચી શકે એવો આ વાયરલ પ્રકારનો એટલે કે મને થયો હોય તો મારા સંપર્કમાં આવે તો મારા ઘરવાળાને થાય અને ઘરવાળાને થયો હોય તો એના સંપર્કમાં આવવાથી બીજાને થાય એ પ્રકારનો છે એટલે આમાં હાથ ધોવા, છીંક આવે તો રૂમાલ રાખવો, સેનિટાઇઝ કરવા અને કદાચ

આ પ્રકારના લક્ષણો હોય તો વધુ સંપર્કમાં નહીં આવવું અને ઘરમાં પોતે આઇસોલેટ થઇ જવું અને લગભગ આ કેસોનો ટ્રેન્ડ આપણને જોવા મળ્યો છે એમાં પાંચથી સાત દિવસમાં પહેલા બે પ્રકારની અંદર તો આપણે ઝડપથી રીકવરી જોવા મળી છે. મેં કહ્યું તેમ વદ્ધો, બાળકો અને સગર્ભા માતાઓ માટે આપણે વિશેષ ચિંતા કરીએ છીએ. કોઇ ભય ફેલાવવાની કે કોઇ પેનિક થવાની જરૂર નથી, પરંતુ અવશ્ય જે જે ગાઇડલાઇન આપણને મળે છે એનું આપણે બધા અને લોકો પણ એનું પાલન કરશે તો વધુ સંક્રમણ નહીં થાય. આ જે ટ્રેન્ડ છે એ જાન્યુઆરીથી માર્ચ સુધી આ વાયરલ ફલૂનો ટ્રેન્ડ જોવા મળ્યો છે પણ આ વખતે થોડો વિશેષ દેખાય છે.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ ચાર દિવસથી શહેરી વિસ્તારમાં કેટલીક ગેરસમજો ઉભરી રહી છે એટલે આ પ્રશ્ન હું ઊભો કરું છું કે, લોકોમાં વાત એમ પ્રસરી રહી છે કે જ્યારે કોઇ એક વ્યક્તિને ખાંસી-શરદી થઇ હોય તો માસ્ક પહેરવું જરૂરી છે, કટલાક લોકો સેનિટાઇઝેશન માટેની પણ વાતો કરી રહ્યા છે અને આવું વિસ્પરિંગ આખા શહેરમાં ઘણી બધી જગ્યાએ થઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અને અધિકારીશ્રીઓ અહીંયા હાજર છે ત્યારે હું જાણવા માગું છું અને પૂછવા માગું છું કે, આવી કોઇ ગાઇડલાઇન સરકાર આપવા માગે છે કે જાહેરમાં ના થૂંકવું. આપણે કોરોનામાં આવી ગાઇડલાઇન આપી હતી અને ૫૦૦ રૂપિયા સુધીનો દંડ પણ એમાં કરતા હતા તો એવું કંઇ કરવાની વાત છે કે કેમ? નહીં તો એની ગેરસમજ દૂર થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, માસ્ક પહેરવું કમ્પલસરી છે કે નહીં? એ પણ ક્લેરિફાઇ થવું જોઇએ જેથી લોકોમાં ગેરસમજ ઊભી ન થાય અને ખોટો ભય ન ફેલાય.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની સલાહ છે કે આ રીતે કરશો તો તમે અને તમારું કુટુંબ સલામત રહેશે. આજુ બાજુવાળાને પણ આ રીતે કરવાથી કોઇ પણ પ્રકારનું સંક્રમણ નહીં થાય. કોવિડ દરમ્યાન કોવિડની પરિસ્થિતિ જુદી હતી. ફલૂ તો વર્ષોથી ચાલતો આવ્યો છે અને હવે જ્યારે આપણી પાસે એની અસરકારક દવા ઉપલબ્ધ છે એટલે પેનિક થવાની સહેજ પણ જરૂર નથી. ફરજિયાત નથી, પરંતુ જેને પણ શરદી-ખાંસી થઇ હોય તો તરત જ એજ દિવસથી એ માસ્ક પહેરવાનું ચાલુ કરે અને થોડું ઘરમાં પોતાની જાતને આઇસોલેટ કરે જેથી કરીને આજુ બાજુ એ ફેલાઇ નહીં અને બધા લોકોએ હાથ નહીં મિલાવવો. આપણી હિન્દુ સંસ્કૃતિમાં આપણે શીખેલા છીએ કે હાથ જોડીને અભિવાદન કરવું અને આપણને એમ લાગે કે કામસર આપણે ભીડભાડવાળી જગ્યાએ જવાનું છે અને સંક્રમણથી આપણે બચવું છે તો માસ્ક પહેરીને જવું આ જાતે અનુશરણ કરવાવાળો વિષય છે. પેનિક થવાની જરૂર નથી, આમાં મૃત્યુ પણ નથી થતું પણ બરોડાની જે વાત કરી એ કો-મોર્બિડ દર્દી હતું અને થોડી લાઇન ઓફ ટ્રિટમેન્ટ જે કહેવાય એ ખબર પડ્યા પછી થોડી બેદરકારીના કારણે મોડી ટ્રિટમેન્ટ ચાલુ થઇ બાકી શરુઆતથી જ સામાન્ય શરદી જેવું એમને લાગ્યું ત્યારથી જ એમણે ટ્રિટમેન્ટની શરુઆત કરી હોત તો કદાચ એમને પણ આપણે બચાવી શક્યા હોત.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

પંચાયત**,** ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**,** વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

માગણી ક્રમાંક- ૭૦

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ **(**પંચાયત પ્રભાગનો હવાલો ધરાવતા રાજય કક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪૧,૯૪,૯૯,૦૭,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૪૯,૭૬,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક-૭૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક -૭૦ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

ડો. સી.જે. ચાવડા : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી **:** માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા **:** માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા **:** માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ **:** માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

માગણી ક્રમાંક- ૭૧

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩૨,૦૪,૬૮,૭૭,૦૦૦ / -ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૪૬,૪૦,૦૦૦/ -ની માગણી ક્રમાંક- ૭૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૭૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

માગણી ક્રમાંક-૮૯

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા**(**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ સેવાને લગતી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૧૫,૮૮,૪૯,૦૦૦/ -ની માગણી ક્રમાંક-૮૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૮૯ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.

સન૨૦૨૩-૨૦૨૪ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

અ.નં.	મુખ્યસદરઅનેસંદર્ભ	કાપદરખાસ્તરૂ.	વિષય	પ્રભારીસભ્યશ્રી
૧	૨	૩	૪	૫
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ **માગણીનં. ૭૦**				
૧	૨૫૧૫-અન્ય..કાર્યક્રમો ૧૦૧-પંચાયતી રાજ રૂ.૯,૩૪,૨૧,૨૪,૦૦૦ અં.પ્ર.નં.૧૯ પાનાનં. ૫૩ થી ૫૯	૧૦૦	ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જીલ્લા પંચાયતોમાં સ્વભંડોળના કામોમાટે નિયત ધારા ધોરણનો કડકાઇથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
૨	––"––	૧૦૦	પંચાયતીરાજ વ્યવસ્થા સુદ્દઢ કરવા મહેસૂલ ઉપકર વધારવા માટેનું જાહેરનામુ બહાર પાડી સત્વરે તેનો અમલ કરાવવામાં તંત્રનીનિષ્ફળતા.	શ્રીશૈલેષપરમાર
*૩	––"––	૧૦૦	તલાટીઓના તાબા હેઠળના પ્રજાલક્ષી કામોનો ઝડપથી નિકાલ થાય તે માટે નિયમિત મોનિટરિંગની વ્યવસ્થા ગોઠવવામાં તંત્રનીનિષ્ફળતા.	શ્રી જિજ્ઞેશ મેવાણી

૪	_ _ " _ _	૧૦૦	૧૫મા નાણાપંચની ગ્રાન્ટમાંથી ટેન્ડર વગર આર.ઓ.મશીન અને ડસ્ટબીનની ખરીદીમાં થયેલ ગેરરીતિઓની તપાસ કરવામાં તંત્રનીનિષ્ફળતા.	ગેનીબેન ઠાકોર
૫	_ _ " _ _	૧૦૦	જીલ્લા પંચાયતોમાં એજન્સીઓ દ્વારા થતી ખરીદીનીતપાસ કરાવવામાં તંત્રનીનિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
૬	_ _ " _ _	૧૦૦	પંચાયતો દ્વારા ગૌચર જમીનો વન વિભાગને ન સોંપાતા ગ્રામવન યોજના નિષ્ફળ જઈ રહેલ છે તે નિવારવામાં તંત્રનીનિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૭	_ _ " _ _	૧૦૦	આમ જનતાની સમસ્યાઓના સત્વરે ઉકેલ માટે જીલ્લા અધિકારીઓ દ્વારા જીલ્લાનો સમયાંતરે પ્રવાસ કરે તે પ્રકારનું આયોજન કરવામાં તંત્રનીનિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
*૮	૨૫૧૫-અન્ય..કાર્યક્રમો ૧૦૧-પંચાયતી રાજ રૂ.૯,૩૪,૨૧,૨૪,૦૦૦ અં.પ્ર.નં.૧૯ પાનાનં. ૫૩ થી ૫૯	૧૦૦	૧૫મા નાણાપંચની ગ્રાન્ટનો વપરાશ ન થતા કેન્દ્ર સરકારે ગ્રાન્ટ અટકાવી છે તે સામે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કિરીટકુમાર પટેલ
૯	_ _ " _ _	૧૦૦	જીલ્લાઓનું વહીવટીતંત્ર ચુંટાયેલ પ્રતિનિધિઓની દખલઅંદાજીવિના સ્વતંત્ર રીતે કામગીરી કરી શકે તે પ્રકારનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. સી.જે.ચાવડા
૧૦	૨૫૧૫-અન્ય..કાર્યક્રમો ૧૦૨-સમૂહ વિકાસ રૂ.૨૪,૭૦,૪૪,૯૪,૦૦૦ અં.પ્ર.નં.૧૯ પાનાનં. ૬૦ થી ૬૭	૧૦૦	કેન્દ્ર સરકારે ૧૫મા નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટનો ઉપયોગ કરી જીલ્લાઓ હેઠળના ગામડાઓમાં CCTV કેમેરા અને LED લગાવવાના પડતર કામો સત્વરે કરાવવામાં તંત્રનીનિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
૧૧	_ _ " _ _	૧૦૦	સ્માર્ટ ગામોને પુરસ્કાર આપવાની બજેટમાં જોગવાઈ છતાં આવા ગામોને પુરસ્કાર અપાયા વિના તે રકમ વણવપરાયેલી રહે છે તેની વિગતો જાહેર કરવામાં તંત્રનીનિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૧૨	_ _ " _ _	૧૦૦	સ્માર્ટ વિલેજ યોજનાના ઘારાઘોરણોમાં અનેકવાર ફેરફારો થવા છતાં યોજનાના માપદંડો અંતર્ગત એક પણ ગામડું ખરૂ ઉતર્યુ નથી આથી યોગ્ય આયોજન થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૧૩	_ _ " _ _	૧૦૦	ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની નબળી કામગીરીને સંગીન બનવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચિરાગકુમાર પટેલ
માગણીનં. ૭૧				
૧૪	૨૨૧૫-પાણી..સ્વચ્છતા ૦૨-ગટર..સ્વચ્છતા ૧૦૫-સફાઈ સેવા રૂ.૧,૭૬,૫૫,૫૨,૦૦૦ અં.પ્ર.નં.૧૯ પાનાનં. ૧૮ અને ૧૯	૧૦૦	સફાઈ સેવાઓ પાછળ માતબર રકમનો ખર્ચ કર્યા બાદ પણ વ્યાપક પ્રમાણમાં જોવા મળતી ગંદકીનું નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૧૫	૨૨૧૬-આવાસન ૦૩-ગ્રામ ગૃહ નિર્માણ ૧૦૫-ઈન્દીરા...યોજના ૦૪-પ્રધાનમંત્રી..ગ્રામીણ રૂ.૨,૫૮,૨૭,૩૮,૦૦૦ અં.પ્ર.નં.૧૯ પાનાનં. ૨૧ થી ૨૫	૧૦૦	બોટાદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઉમેશભાઈ મકવાણા
*૧૬	૨૨૧૬-આવાસન ૦૩-ગ્રામ ગૃહ નિર્માણ ૧૦૫-ઈન્દીરા...યોજના ૦૪-પ્રધાનમંત્રી..ગ્રામીણ રૂ.૨,૫૮,૨૭,૩૮,૦૦૦ અં.પ્ર.નં.૧૯ પાનાનં. ૨૧ થી ૨૫	૧૦૦	પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ જામનગર જીલ્લાના લાલપુર અને જામજોધપુર તાલુકાના બાકી ગામોનો સરવે સત્વરે પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઈ આહિર
૧૭	૨૫૦૫-ગ્રામીણ રોજગાર ૦૨-ગ્રામ્ય..યોજનાઓ ૧૦૧-રાષ્ટ્રીય..યોજનાઓ રૂ.૧૧,૨૭,૩૨,૧૬,૦૦૦ અં.પ્ર.નં.૧૯ પાનાનં. ૪૫ થી ૪૮	૧૦૦	નર્મદા જિલ્લામાં મનરેગા યોજના હેઠળના કામોમાં થતો ભ્રષ્ટાચાર અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઈ વસાવા
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ				

માગણીનં. ૮૯				
૧૮	૨૦૫૨-સચિવાલય...સેવાઓ ૦૯૦-સચિવાલય ૦૧-STP-12 વિજ્ઞાન..વિભાગ રૂ. ૪૮,૨૭,૨૬,૦૦૦ અં.પ્ર.નં.૨૩ પાનાનં. ૫	૧૦૦	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી વિવિધ પોલિસીઓ માતૃભાષા-ગુજરાતીમાં જાહેર કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઈ ચુડાસમા
૧૯	__"__	૧૦૦	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળની સંસ્થા ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનીક મીશન દ્વારા રાજ્યમાં ઈલેક્ટ્રોનીક અને સેમીકંડકટર ઉદ્યોગોની વૃદ્ધિ અર્થે થતા રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અરવિંદભાઈ લાડાણી
૨૦	__"__	૧૦૦	રાજ્યમાં આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ અંગેની ખરીદી કરવા તેમજ તે અંગેની સેવાઓ મેળવવા માટેની માર્ગદર્શક સૂચનાઓનો કડક અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઈ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ગેનીબેન ન. ઠાકોર**(**વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી નંબર-૭૦ અને ૭૧માં હું મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારની રૂપિયા ૩૧૨૨ કરોડની જે બજેટની અંદર વિવિધ વિભાગોની ફાળવણી કરવામાં આવેલી છે તે પૈકી રૂપિયા ૧૦૭૪૩ કરોડની જોગવાઇ ગ્રામ ગૃહ નિર્માણ અને પંચાયત વિભાગમાં જે કરવામાં આવેલી છે તે પૈકીમાં હું મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂજ્ય મહાત્મા ગાંધીજીનું સ્વપ્નું ગ્રામ્ય સ્વરાજ્યનું હતું. ગ્રામ્ય વિસ્તારમાં ત્રિસ્તરીય પંચાયતની રચના જે તે વખતે સન ૧૯૬૩માં કરવામાં આવી. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત તમામ છેવાડાના લોકોને નાણાંનો પૂરો ઉપયોગ થઇને લાભ મળે તે માટે જવાહર રોજગાર યોજના માથાદીઠ ગ્રાન્ટની ફાળવણી કરી અને જે તે વખતની સરકારે દાખલ કરેલી હતી. આજે ગૃહની અંદર અમે ૧૫ મહિલા ધારાસભ્યો છીએ. ૩૩ ટકા મહિલા અનામતનો ખરડો તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયત, નગરપાલિકા આ તમામ નાની મોટી ચૂંટણીઓ લડીને આજે અમે આ વિધાનસભા ગૃહ સુધી પહોંચ્યા તે ૩૩ ટકા મહિલા અનામત તે વખતે રાજીવજીની સરકારે આ ખરડો લાવી અને પંચાયતી રાજમાં મહિલાઓની ભાગીદારી લોકોની સેવા કરવા માટેનું અને અનામત પ્રથા દાખલ કરીને જે જોગવાઇ કરી અને તેના ભાગરૂપે અત્યારે અમે બધા જ નાના મોટા સેવાના કાર્યો કરી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી અપેક્ષા રાખું કે ૩૩ ટકા મહિલા અનામતનો ખરડો એ વખતે રાજ્યસભામાં પસાર થઈ ગયો હતો અને આજે સ્પષ્ટ બહુમતી સાથેની કેન્દ્રમાં સરકાર છે, ત્યારે સમગ્ર દેશની મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં ૩૩ ટકા અનામત મળે તેના માટે રાજ્યમાં ઠરાવ કરીને આ ગૃહ ખરડો પસાર કરવા માટે વિનંતી કરે તે પણ અપેક્ષા રાખું છું. પંચાયતી રાજમાં અત્યારે ૭ હજાર જેટલી પંચાયતો, ૭૫ જેટલી નગરપાલિકા, ૧૭ જેટલી તાલુકા પંચાયત અને ૨ જિલ્લા પંચાયતની ચૂંટણી બાકી છે. ખાસ કરીને બક્ષીપંચને કઈ રીતે અનામત આપવી તેના ઝવેરી પંચના રિપોર્ટ મુજબ રાજ્ય સરકારે પ્રક્રિયા ન કરી તેના કારણે આજે પણ જે તે પંચાયતોમાં મોટા પ્રમાણમાં વહીવટદારોના કારણે ભ્રષ્ટાચારની વાતો સાંભળવામાં આવે છે. ગ્રામ પંચાયતમાં નાના-મોટા દાખલા આપવાનું અને ઉતારા આપવાનું કામ વી.સી. કરે છે, તો તેને ફિક્સ માનદ વેતન આપવામાં આવે તેવી હું માગણી કરું છું. મોટા ભાગની પંચાયતોમાં પંચાયતનું મકાન નથી અને જ્યાં છે તે જર્જરિત છે. પેવર બ્લોક કે સી.સી. રોડની યોજનાનાં નાનાં-મોટાં કામોને પ્રાથમિકતા ન આપીને ગુજરાતમાં સમગ્ર ગ્રામ પંચાયતને પોતાનું પંચાયતનું મકાન બને તે માટે હું માગણી કરું છું. વાવ અને સુઈ ગામ તાલુકામાં તાલુકા પંચાયતનું મકાન નથી. સુઈ ગામ તાલુકો અલગ થયો તેને ઘણો સમય વીત્યા છતાં પણ તાલુકા પંચાયતનું પોતાનું મકાન નથી. આ બંને તાલુકા પંચાયતમાં મકાન મંજૂર કરવા માટે હું માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધારે ગ્રામીણ રોજગારી મળે તે માટે વર્ષ ૨૦૦૫માં મનરેગાનો કાયદો કેન્દ્રમાં જે તે વખતની કોંગ્રેસની સરકારે લાવ્યો અને તેનો અમલ વર્ષ ૨૦૦૬માં કરવામાં આવ્યો. આ ગ્રાન્ટમાં ૯૦ ટકા ફંડ કેન્દ્ર સરકારનું અને ૧૦ ટકા ફંડ રાજ્ય સરકારનું હોય છે. આ યોજનામાં અલગ-અલગ ૨૦૦ જેટલાં કામોનો સમાવેશ થાય છે. આ કામ માટે માર્ગ અને મકાન વિભાગ તેમજ ગ્રામ વિકાસ એજન્સીનું સંકલન થાય તો ૬૦/૪૦ના રેશિયોથી માર્ગ અને મકાન વિભાગ માત્ર ડામર કામ કરે અને માટી અને મેટલ કામ મનરેગામાં થાય તો ગામથી ગામને જોડતા અને ખેતરોમાં જવાના રસ્તાઓની મોટા પ્રમાણમાં માગણી છે તે પૂરી થાય તેવું મારું માનવું છે. ઘણા બધા ગામોમાં ગામતળ નીમ ન થવાના કારણે ગરીબોને જે પ્લોટ મળવો જોઇએ તે મળતો નથી. આવા ગામોમાં સરકાર વેચાતી જમીન લઇને મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને પ્લોટ આપે તેવી હું માગણી કરું છું. દરેક વ્યક્તિને પોતાના ઘરનું ઘર બનાવવા માટેનું સપનું હોય છે અને તેના ભાગરૂપે વર્ષ ૧૯૮૫માં ઇન્દિરા આવાસ યોજના દાખલ કરવામાં આવી. આ યોજનાના માધ્યમથી ઘણા બધા મકાનો બનાવ્યા. હાલ પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લક્ષ્યાંક બહુ ઓછો છે. આ લક્ષ્યાંકમાં વધારો થાય તેવી હું માગણી કરું છું. ખાસ કરીને, મહિલાઓને રોજગારી માટે સ્વસહાય જૂથો અને સખી મંડળો બનાવવામાં આવે છે, પણ આ લોકોને પોતાની કોઈ પ્રોપર્ટી ન હોવાને કારણે

બેંક લોન આપતી નથી. આવા કિસ્સાઓમાં રાજ્ય સરકાર જે-તે બેંકોને ભલામણ કરીને લોન અપાવે તેવી અપેક્ષા રાખું છું. શ્રમ અને રોજગાર વિભાગ મારફત મહિલાઓને રોજગારી મળે. ડાયમંડમાં રૂ. ૨૩ કરોડની જોગવાઇ કરી છે તે ઘણી ઓછી છે તેને બદલે થોડી વધારે જોગવાઈ કરવામાં આવે. ગ્રામ્ય વિસ્તારમાં મોટા ભાગે તલાટી-કમ-મંત્રીઓની જગ્યાઓ ખાલી છે તે તાત્કાલિક ભરવામાં આવે તેવી વિનંતી કરું છું.

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ વિકાસ વિભાગ માટેના મારા વિચારો આ ગૃહમાં વ્યક્ત કરું છું. વર્ષ ૨૦૨૩-૨૪માં ગ્રામ વિકાસ વિભાગ માટે કુલ રૂ. ૩૧૭૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં અનુસૂચિત જાતિ પેટા યોજના એસ.સી.એસ.પી. હેઠળ રૂ. ૨૬૦ કરોડની અને આદિજાતિ વિકાસ માટે ટી.એ.એસ.પી. હેઠળ રૂ. ૫૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

મહાત્મા ગાંધી મનરેગા યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ રૂ.૧૧૧૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં અનુસૂચિત જાતિ પેટા યોજના એસ.સી.એસ.પી. હેઠળ કુલ રૂ.૭૮ કરોડની અને આદિજાતિ વિકાસ માટે રૂ.૧૯૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. કન્વર્જન દ્વારા ટકાઉ અને લોકોપયોગી મિલકતોનું બહોળા પ્રમાણમાં સર્જન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ.૨૦૦ કરોડની અલાયદી જોગવાઇ કરવામાં આવી છે. જેમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કુલ રૂ.૧૪ કરોડ અને આદિજાતિ વિકાસ પેટા યોજના હેઠળ કુલ રૂ.૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ગ્રામીણ વિસ્તારના લોકોને ૯મી માર્ચ ૨૦૨૩ અંતિત રૂ. ૪૪૫.૨૬ લાખ માનવદિન રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં કુલ રૂ. ૧૭૮૧.૩૬ કરોડનો ખર્ચ થયેલ છે અને વિવિધ લાઇન ડિપાર્ટમેન્ટ સાથે કન્વર્ઝન કરી રૂ.૧ લાખ ૪૯ હજાર ૯૧૮થી વધુ વ્યક્તિગત તથા સામૂહિક ટકાઉ અસ્ક્યામતોનું નિર્માણ કરવામાં આવેલ છે. રૂપિયા ૨.૧૦ લાખથી વધુ રકમનાં કામો પ્રગતિ હેઠળ છે. સો ટકા ગ્રામ પંચાયતોના જી.આઇ.એસ. પ્લાનિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. સમયસર વેતન ચૂકવણીમાં ૯૮.૭૮ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં આવેલ છે. મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત ૯૯.૯૪ ટકા એટલે કે, લગભગ સો ટકાનું ચૂકવણું પી.એફ.એમ.એસ., ડી.બી.ટી.ના માધ્યમથી સીધા લાભાર્થીઓના ખાતામાં કરવામાં આવે છે. મિશન અમૃત સરોવર યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં કુલ ૨૭૧૩ અમૃત સરોવરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જે પૈકી કુલ ૧૪૮૫ અમૃત સરોવરનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે. ૧૨૨૮ અમૃત સરોવરનું કાર્ય તારીખ ૩૧મી મે, ૨૦૨૩ સુધીમાં આગામી ચોમાસા પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે. પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ રૂ. ૯૩૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કુલ રૂ. ૬૫ કરોડ અને આદિજાતિ વિકાસ પેટા યોજના હેઠળ કુલ રૂ. ૧૬૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક ૭૧ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું. બોટાદ જિલ્લો બન્યાને દસ વર્ષથી વધારે સમય થઇ ગયો છે. બોટાદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના કે મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત આજદિન સુધી એકપણ ઘર બન્યું જ નથી. બોટાદ ખૂબ નાનો જિલ્લો છે. સાથો સાથે પછાત જિલ્લો પણ છે. આ જિલ્લામાં કોઇ મોટી જી.આઇ.ડી.સી. કે મોટા ઉદ્યોગ આવેલા નથી. આ જિલ્લામાં મોટા ભાગે પછાત લોકો વસે છે. બોટાદ જિલ્લામાં હજી સુધી એક પણ પ્રધાનમંત્રી આવાસ કે મુખ્યમંત્રી આવાસ બનાવવામાં આવ્યું નથી. તો આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, અન્ય જિલ્લાઓની જેમ બોટાદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ તથા મુખ્યમંત્રી આવાસ બનાવવામાં આવે. બોટાદ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં ખૂબ જ કાચા મકાનો આવેલા છે. તંત્ર દ્વારા તાત્કાલિક કાચા મકાનોનો સરવે કરી એને પાકા મકાન બનાવવાની સહાય આપવામાં આવે. અમારા લોકો ખૂબ જ અશિક્ષિત છે. તેઓને કયાં ફોર્મ ભરવું, શું કરવું એની વધારે માહિતી હોતી નથી. તો તંત્ર દ્વારા સરવે કરી, કાચા મકાનોમાંથી પાકા મકાનો આપવાની જે યોજના છે એ પૂરી પાડવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રીશ્રી તેમના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયત એ પંચાયતી રાજ વ્યવસ્થાનો પાયો છે. ગ્રામીણ વિકાસ એ મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું જે આજે લોકતાંત્રિક શક્તિના સ્વરૂપે ચરિતાર્થ થતું જોવા મળે છે. ગ્રામ સ્વરાજ્યના સ્વપ્નને પૂર્ણ કરવા પંચાયતી રાજ સંસ્થા મહત્ત્વનો ભાગ ભજવી રહી છે. આપણે જાણીએ છીએ એમ, કૃષિ, પશુપાલન, શિક્ષણ સંસ્થા, જાહેર બાંધકામ, સમાજ કલ્યાણ વિગેરે વિભાગને લગતી પ્રવૃતિઓની અમલવારી પંચાયત વિભાગને સોંપવામાં આવી છે. પંચાયતને જમીન મહેસૂલ ઉઘરાવવાની કામગીરી પણ સોંપવામાં આવી છે. પંચાયત વિભાગની દરેક નીતિ ગ્રામીણ ઉત્કર્ષને ધ્યાનમાં રાખીને બનાવી છે. આમ, આ વિભાગ ખૂબ જ અગત્યનો વિભાગ છે. રાજ્યની પંચાયતી રાજ સંસ્થાને તેમને સોંપવામાં આવેલી પ્રવૃતિઓ માટે જરૂરી ભંડોળ ઉપલબ્ધ થાય તે અંગે તેમના નાણાકીય સંશોધનને સુદઢ કરવા માટે કેન્દ્રીય નાણાપંચ, ૧૫મા નાણાપંચ અંતર્ગત સહાય અનુદાન ફાળવવામાં આવે છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧ થી વર્ષ ૨૦૨૫ના ૬ વર્ષના સમયગાળા માટે રૂપિયા ૧૫,૬૫૦/- કરોડની ફાળવણી થનાર છે. ૧૫મા નાણાપંચની ભલામણની અમલવારી વર્ષ ૨૦૨૧થી કરવામાં આવેલ છે. જે અન્વયે રાજ્યને મળવાપાત્ર ગ્રાન્ટનો ઉપયોગ ૬૦, ૪૦ ટકા પ્રમાણેના ગુણોત્તરમાં ટાઇડ

ગ્રાન્ટ અને બેઝિક અનટાઇડ ગ્રાન્ટ મુજબ કરવામાં આવે છે. આ અન્વયે મળનાર કુલ ગ્રાન્ટ પૈકી ૭૦ ટકા ગ્રામ પંચાયતો દ્વારા, ૨૦ ટકા તાલુકા પંચાયત દ્વારા અને ૧૦ ટકા જિલ્લા પંચાયત દ્વારા ઉપયોગ કરવામાં આવે છે. ટાઇડ ગ્રાન્ટનો ઉપયોગ પીવાના પાણી તેમજ ગટર વ્યવસ્થાને લગતાં કામો કરવા માટે કરવામાં આવે છે. જયારે બીજી ગ્રાન્ટનો વપરાશ પંચાયતી રાજ સંસ્થાની જરૂરિયાત સંદર્ભે રાજ્ય સરકાર ઠરાવે તે નિશ્ચિત હેતુ માટે કરવામાં આવે છે. ઇ-ગ્રામનો આદર્શ પૂર્ણ કરવા પંચાયત વિભાગ દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓ જેવી કે, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોમાં કોમ્પ્યુટરાઇઝેશનનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. જે ઇ- ગ્રામ વિશ્વ ગ્રામ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર અને અનુષાંગિક સાધન- સામગ્રી પૂરી પાડવામાં આવે છે તેમજ ૧૪૧૮૧ ગ્રામ પંચાયતોને ઇ-કનેક્ટિવિટીથી જોડવામાં આવેલ છે. જેમાં, પ્રાથમિક પરંતુ મહત્ત્વની સેવાઓ જેવી કે, આધારકાર્ડ, જન્મ-મરણનો દાખલો, આવકનો દાખલો, ચારિત્ર્ય પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, આકારણી, બી.પી.એલ. યાદી, ૭/૧૨ અને ૮-અ ના ઉતારા, કરવેરા ભર્યાની પહોંચ, ઇ-શ્રમ કાર્ડ રજિસ્ટ્રેશન, વિવિધ યોજનાઓ માટે અરજીપત્ર ફોર્મ, ધોરણ- ૧૦ અને ૧૨ના રિઝલ્ટ, મોબાઇલ ચાર્જ-રિચાર્જ જેવી વિગેરે સેવાઓ પૂરી પાડવામાં આવી રહેલ છે. વહીવટી અને વાણિજ્ય સેવાઓ જેવી કે વીમા, નાની બચત અને બેંક વિગેરે ગ્રામ પંચાયતો ખાતેથી પૂરી પાડવા માટે ઇ-ગ્રામ એક આઇ.ટી. હબ તરીકે કામગીરી કરી રહેલ છે. રાજ્ય સરકારશ્રીની જુદા જુદા વિભાગોની વિવિધ વ્યકિતલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે, ગ્રામજનોને તાલુકા અને જિલ્લા કક્ષાએ જવું ન પડે અને જન સામાન્ય જીવન જીવવાની સરળતાનો રાજ્ય સરકારનો ઉમદા હેતુ સાધી શકાય, એ માટે ડિજિટલ ગુજરાત અંતર્ગત ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ ઓક્ટોબર-૨૦૨૦થી અમલમાં મૂકેલ છે. જે અંતર્ગત જુદા જુદા વિભાગોની કૃષિ સહાય પેકેજ યોજના, નવીન રેશનકાર્ડ તેમજ તેને લગતાં કામો, ઓનલાઇન બસ ટિકિટ બુકિંગ, જાતિ અંગેનું સોગંદનામું, વિધવા સહાય અંગે આવકનું સોગંદનામું, ગંગા સ્વરૂપા આર્થિક સહાય પ્રમાણપત્ર વિગેરે જેવા પ્રમાણપત્ર વગેરે જેવી ૩૨૧ સેવાઓ ડિજિટલ સેવા સેતુ અંતર્ગત ઇ-ગ્રામ કેન્દ્રો મારફત આપવામાં આવી રહી છે. આમ છેવાડાના માનવી સુધી વિકાસના લાભો પંહોચાડવા તેમજ સરકારના વિવિધ વિભાગોની સેવાઓ પાયાના સ્તર સુધી લઇ જવા માટે પંચાયત વિભાગ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. બધા સમુદાય સાથે ખભેખભા મિલાવીને રાજયના વિકાસમાં ભાગીદાર થાય તેવી વિકાસલક્ષી નીતિ સાથે ગુજરાત પંચાયતી રાજ વ્યવસ્થાનું અમલીકરણ રાજયના પંચાયતીરાજના સફળ સંચાલન અને સુદ્દઢીકરણમાં આપણા માનનીય વડાપ્રધાનશ્રી અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અને હાલના...

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મુકેશકુમાર પટેલ, મહેસાણા.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ(મહેસાણા) : માનનીય અધ્યક્ષશ્રી, આત્મનિર્ભર ભારત દ્વારા શ્રેષ્ઠ ભારત તેમજ ઉત્તમથી શ્રેષ્ઠત્તમ ભારતના નિર્માણ માટે આજની અને ભવિષ્યની યુવા પેઢી વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે જોડાય તે માટે દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના પ્રેરકબળ દ્વારા રાજયના દૂરંદેશી અને સતત વિચારશીલ માનનીય મુખ્યમંત્રીના વિચારો સાથે સહમતિ આપી માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં વિજ્ઞાન અને ટેકનોલોજી માટે રૂપિયા ૨૧૩૯ કરોડનો સમાવેશ કરેલ છે. તે પૈકી માગણી નંબર ૮૯ના મહેસૂલી ખર્ચ પેટે ૧,૧૫,૮૮,૪૯,૦૦૦ ની જે માગણી છે એ માગણીને હું અનુમોદન આપું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આઇ.ટી., ઇલેક્ટ્રોનિક્સ, સેમી કન્ડકટર જેવી નીતિઓનો અમલ કરી આધુનિક ટેકનોલોજી આધારિત ઉદ્યોગો અને સેવાકીય ક્ષેત્રો દ્વારા આર્થિક વિકાસ માટે રાજયમાં સાનુકૂળ વાતાવરણ ઊભું કરવા સરકાર કાર્યરત છે. ગ્રામ્ય સ્થળે ડિમાન્ડ આધારિત ડિજિટલ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવી વિશ્વ કક્ષાની ડિજિટલ સેવાઓ પૂરી પાડવાનું અને ડિજિટલ વ્યવહારોને ઉત્તેજન આપવાનું સરકારનું લક્ષ્ય છે. વિજ્ઞાન પ્રત્યે વિદ્યાર્થીઓને અભિરુચિ કેળવવા વિજ્ઞાન કેન્દ્રોનો વ્યાપ વધારી જિલ્લા કક્ષાએ આવા કેન્દ્રો સ્થાપવાનો નિર્ણય કરેલ છે. રાજય કક્ષાના સાયન્સ સિટીથી માંડી પ્રાદેશિક અને જિલ્લા કક્ષાના આ કેન્દ્રોનું નેટવર્ક નોલેજ બેઇઝ સોસાયટીની દિશામાં સરકારનું એક મહત્ત્વનું પગલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક ક્ષેત્રને વધુ પ્રોત્સાહન આપવા માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા વિભાગના બજેટમાં ગત વર્ષની સરખામણીમાં ૨૨૭ ટકાનો વધારો સૂચવાયો છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં સેમી કન્ડકટર પોલિસી હેઠળ સેમી કન્ડકટર ડિસ્પ્લે ફેબ અને ફોસેપ ફેસેલિટી માટે રૂ.૫૨૪ કરોડ, ઇલેકટ્રોનિક પોલિસી હેઠળ ઇલેક્ટ્રોનિક ક્ષેત્રના ઉદ્યોગો માટે રૂ.૧૨૫ કરોડ, આઇ.ટી. પોલિસી હેઠળ રોકાણોને પ્રોત્સાહન આપી રોજગારીનું સર્જન કરવા રૂ.૭૦ કરોડ, સાયન્સ સિટી ખાતે ભારત સરકારની સંસ્થા ઇનસ્પેસ સાથે મળીને સ્પેસ મેન્યુફેકચરિંગ ક્લસ્ટરનો વિકાસ કરવા રૂપિયા ૧૨ કરોડ, આઇ.ટી. અને સ્ટાર્ટઅપ કલ્ચરના સર્વાંગી વિકાસ હેતુ સાયન્સ સિટી ખાતે આઇ.ટી. અને સાયન્સ પાર્કના વિકાસ માટે રૂ. ૧૦ કરોડ, સાયન્સ સિટીના વિકાસના માસ્ટર પ્લાનના ભાગરૂપે નવા ક્ષેત્રો, ડિફેન્સ અને એવિએશનની ગેલેરી સ્થાપવા રૂપિયા ૨૫૦ કરોડનું આયોજન કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૮ સ્થળોએ રિજિયોનલ સાયન્સ સેન્ટર અને બાકીના તમામ કેન્દ્રોમાં જિલ્લા કેન્દ્રની સ્થાપના અને સંચાલન માટે રૂપિયા ૨૩૩ કરોડની ફાળવણી કરેલ છે. ગ્રામ્ય ક્ષેત્રે ડિજિટલ ડિવાઇડ ઓછું કરવા ડિજિટલ વિલેજ સ્કિમ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં એમ.પી.પી.એચ. ફાયબર ટુ ધ હોમ કનેકશન આપવાની યોજના માટે રૂ.૧૨૦ કરોડની જોગવાઇઓ કરેલ છે. રાજય સરકારના વિભાગો, ખાતાના વડાઓ અને જિલ્લા કચેરીના અધિકારીઓને આઇ.ટી.બાબતે યોગ્ય

સહાય પૂરી પાડવા વર્ષ ૨૦૧૫માં આ વિભાગ હેઠળની ખાતાના વડાની કચેરી ડાયરેકટર ઓફ આઇ.સી.ટી. એન્ડ ઇ-ગવર્નન્સની રચના કરી તેમાં આઇ.ટી. ક્ષેત્રના નિષ્ણાત અધિકારીઓની વિવિધ કેડર ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત આઇ.ટી. પોલિસી વર્ષ ૨૦૨૨થી ૨૭નું અમલીકરણ પણ આ કચેરી દ્વારા કરવામાં આવે છે. આ નીતિનો હેતુ રાજયમાં આઇ.ટી. પ્રોડકટ્સ અને સર્વિસની નિકાસમાં વધારો થાય, અને આઇ.ટી. ક્ષેત્રમાં રોજગારી વધારવાનો છે. આ નવી નીતિ પાંચ વર્ષ એટલે કે ૨૦૨૨થી ૨૦૨૭ સુધી અમલમાં રહેશે. નવી આઇ.ટી. નીતિ આવવાથી ગુજરાતમાં નવી ૧ લાખ રોજગારીનું સર્જન થશે. નવી આઇ.ટી. નીતિ આવવાથી ગુજરાતમાં આઇ.ટી. ક્ષેત્રે નવા રોકાણોને ગુજરાતમાં આકર્ષિત કરશે. અને ગુજરાતની આઇ.ટી. નિકાસ ૮ ગણું વધી રૂપિયા ૨૫ હજાર કરોડ જેટલું થશે. રાજયમાં આઇ.ટી. ઉદ્યોગને વેગ આપવાના પ્રયાસ રૂપે ગુજરાત સરકારે પોલિસીમાં બે વિશિષ્ટ પ્રોત્સાહનનો સમાવેશ કરેલ છે. એક એમ્પ્લોયમેન્ટ જનરેશન ઇન્સેન્ટિવ પ્રતિ કર્મચારી ૬૦ હજાર રૂપિયા સુધી અને અને બીજું આત્મ નિર્ભર ગુજરાત રોજગાર સહાય દ્વારા એમ્પ્લોયરના ઇ.પી.એફ. યોગદાનનું સો ટકા સુધીનું વળતર, તેમજ રૂપિયા પાંચ કરોડ સુધીની ટર્મ લોન પર સાત ટકા લેખે વ્યાજની ચૂકવણી માટે સહાય, તમામ આઇ.ટી., આઇ.ટી.ઇ.એસ એકમોને સો ટકા ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીનું વળતર, તદઉપરાંત આઇ.ટી. નીતિ ૨૦૧૬ થી ૨૦૨૧ અંતર્ગત નાણાકીય વર્ષ.....

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રી મુકેશભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયા.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા(વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા રાજયકક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૨૩-૨૪ના વિજ્ઞાન અને પ્રાદ્યોગિક વિભાગની માગણીઓ લઇને હું આ ગૃહ સમક્ષ આવ્યો છું. માનનીય અધ્યક્ષ મહોદય, વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૨૧૯૩ કરોડ રૂપિયા જેવી માતબર રકમ આ વિભાગને ફાળવવા બદલ આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો હું આભાર વ્યકત કરું છું તેમજ આદરણીય કનુભાઇ સાહેબનો પણ હું આભાર વ્યકત કરું છું. જે ગત વર્ષ કરતા ૨૨૭ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે જે સૂચવે છે કે સરકાર આ દુનિયા સાથે કદમ મિલાવવા માટે ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરી અંત્યોદય સુધીના દરેક વ્યકિતની યોજનાઓથી લઇને સરકારનું વિશ્વકક્ષા સુધીનું સંશોધન જન માનસ સુધી પહોંચાડવાનો એક પોઝિટિવ પ્રયાસ છે. ગુજરાત ભારતમાં આ દિશામાં નંબર વન બની રહ્યું છે. આ ગુજરાતની અંદર ૨૦૧૨થી ૨૦૧૭ હું ધારાસભ્ય તરીકે પણ અહીંયા ઉપસ્થિત હતો ત્યારે પણ દેશના હાલના વડાપ્રધાન અને ત્યારના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ ટેકનોલોજી ઉપર..

ઉપાધ્યક્ષશ્રી : શ્રી પ્રફુલભાઇ, એક મિનિટ, સભાગૃહના તમામ સભ્યોને સૂચના આપવામાં આવે છે કે મોબાઇલ ઉપર જે કંઇ કામ કરતા હોય એ બંધ કરે.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ત્યારે પણ આ જ ગૃહની અંદર બાયસેગ વિષેની ખૂબ સુંદર માહિતી આપેલી. અન્ય રાજયોએ વિચાર્યું પણ ન હોય ત્યારે ટેકનોલોજીનો આટલો મોટો ઉપયોગ કરવા માટે ગુજરાત રાજય અને આપણું તંત્ર સક્ષમ છે. પ્રગતિના નવા શીખરો સર કરવા સંકલ્પબદ્ધ નવી નીતિઓ યાને કે સેમી કન્ડકટર પોલિસી-૨૦૨૨ થી ૨૦૨૭, આ ક્ષેત્રે બહુ જરૂરી છે. બેઝિક ઇન્ફ્રાસ્ટ્રકચર અને આ પોલિસી નીતિ ઇકો સિસ્ટમથી ઊભી કરીને સેમી કન્ડકટર ફેબ અને ડિસ્પ્લે ફેબ સ્થાપી મોટા પાયે રોજગારીનું સર્જન કરી શકાય. ગુજરાત સરકાર દ્વારા વેદાંત ફોકસકોન ઉદ્યોગ સમૂહ સાથે તાજેતરમાં રૂપિયા દોઢ લાખ કરોડના એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. આથી ગુજરાતના સ્ટડી કરી રહેલા કોમ્પ્યુટર એન્જિનિયર અને સોફટવેર એન્જિનિયરિંગ સાથેના સ્ટુડન્ટ્સને આવનારા સમયની અંદર એક વિપુલ અને વિશાળ તક ગુજરાતમાં પ્રાપ્ત થવાની છે. ઇલેકટ્રોનિકસ પોલિસી પણ ખૂબ મહત્ત્વની છે. આઇ.ટી. ક્ષેત્રે જેટલું જેટલું ડેવલોપિંગ કરી રહ્યા છીએ ત્યારે એની સામે ઇન્સ્ટ્રુમેન્ટની પણ એટલી જ જરૂર પડશે. ત્યારે ઇલેકટ્રોનિકસ પોલિસી પર આધારિત ઇન્ફ્રાસ્ટ્રકચર, વૈશ્વિક સ્તરનું ઇન્ફ્રાસ્ટ્રકચર, અનુકૂળ નીતિ, ઇકો સિસ્ટમ ઊભી કરી ઉદ્યોગને પ્રસ્થાપિત કરવા માટે સરકાર કટિબદ્ધ છે. આઇ.ટી. પોલિસીની અંદર વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા ૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ત્યારે આઇ.ટી. ગુજરાતને ડેસ્ટીનેશન ઓફ ચોઇસ. ગુજરાત એવું સ્થળ બનશે કે આ જ સ્થળ પર લોકો આઇ.ટી. ક્ષેત્રના ઉદ્યોગો અને ઓફિસો પ્રસ્થાપિત કરવા માટે ગુજરાત એક પસંદગીનું, મહત્ત્વનું અને લોકપ્રિય સ્થળ બનશે, જ્યારે અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા જેવા શહેરની અંદર આઇ.ટી. ક્ષેત્રે આજે ગૃહને માહિતી આપતાં આનંદ અનુભવું છું. જે વિસ્તારમાં હું રહું છું ત્યાં આઇ.ટી. ક્ષેત્રનું આખા વિશ્વની અંદર ગુગલ સર્ચ મારા વરાછા વિસ્તારમાં સૌથી વધુ થઇ રહ્યું છે અને આવનારા સમયમાં એ વિસ્તાર આઇ.ટી. ક્ષેત્રે ડેવલપ થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ઇ-ફાઇલિંગ અને ઇ-સિસ્ટમ પર જઇ રહી છે ત્યારે મારા વિભાગના અધિકારી મિત્રો દિવસ-રાત દુનિયાની શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. ઇ-ફાઇલિંગની વાત કરું. એક વિભાગથી એક ફાઇલ કોમ્પ્યુટરના ડેસ્ક પર આવે અને એક કલાકમાં આદરણીય સી.એમ. સાહેબના ડેસ્ક પર પહોંચી જાય છે. આ ઝડપી છે. દુનિયા સાથે કદમ મિલાવવાના શ્રેષ્ઠ પ્લાનિંગ સાથે ૭ કરોડ પેપરનું સ્કેનિંગ કરીને શ્રેષ્ઠ ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો છે અને આવનારા સમયમાં ગુજરાત સરકાર પેપરલેસ બની જશે. એક ખેડૂત ૭/૧૨નો દાખલો લેવા, ખેડૂત ખરાઇ માટે મામલતદાર

ઓફિસમાં ત્રણ-ચાર ધક્કા ખાતો હોય, એ કોમ્પ્યૂટરના ડેસ્કબોર્ડ પર આવીને ક્લિક કરશે એટલે ખેડૂત ખાતેદાર છે કે નથી એ અમુક સેકન્ડોમાં આ જાણકારી પ્રાપ્ત કરી શકશે. ગુજરાત આ ક્ષેત્રે પણ ખૂબ આગળ વધી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાયોટેક્નોલોજી માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જિજ્ઞાસા સાથે વૈજ્ઞાનિક અભિગમનું ચિંતન એ આર્ટ ગેલેરી જે એવીએશન અને ડિફેન્સ ગેલેરીની ભેટ આપવામાં આવી છે. પર ડે ૫,૦૦૦થી વધુ દેશ-વિદેશના લોકો મુલાકાત લઇ રહ્યા છે. જાન્યુઆરીમાં ૧,૯૭,૩૨૮ લોકોએ મુલાકાત લીધી છે. આજે પર ડે ૧૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ સેન્ટરની મુલાકાત લે છે. મારે વિદ્યા સમીક્ષા કેન્દ્રની વાત કરવી છે. આજે ગુજરાતમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર જોઇને આદરણીય કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ દરેક રાજ્યને ગુજરાતનું અનુકરણ કરવા કહ્યું. એમને અહીં જોવા મોકલ્યા. એટલું જ નહીં, જે રાજ્ય ગુજરાત જેવા વિદ્યા સમીક્ષા કેન્દ્રનું આયોજન કરશે એમને રૂ. ૫ કરોડ કેન્દ્ર સરકાર આપશે. આ ગુજરાતની આગવી વિશેષતા છે. ક્યાંય ન હોય એ ટેક્નોલોજીના આધારે આપણે આગળ વધી રહ્યા છીએ, ત્યારે વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં સામાન્ય વાત નથી. વિભાગના અધિકારીઓએ દિવસ-રાત મહેનત કરી છે. દુનિયાભરની માહિતી મેળવીને સોફ્ટવેર ડેવલપ કરીને ૫૪,૦૦૦ શાળાને ડાયરેક્ટ કનેક્ટ કરી છે. ૪૦,૦૦૦ શાળાઓ સરકારી છે. તમામ શાળાઓનું જોડાણ વિદ્યા સમીક્ષા કેન્દ્ર સાથે છે. ૧૧ વાગીને ૫ મિનિટે આખા ગુજરાતમાં ૪ લાખ શિક્ષકો અને ૧ કરોડ અને ૧૫ લાખ વિદ્યાર્થીઓ. કેટલા વિદ્યાર્થીઓ શાળામાં હાજર છે, કેટલા શિક્ષકો હાજર છે તે પાંચ મિનિટમાં વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં પૂરો ડેટા તૈયાર થઇ જાય છે. ગુજરાત સિવાય કોઇ રાજ્યમાં આવી પદ્ધતિ નથી. આવી ટેક્નોલોજીનો ઉપયોગ નથી. ૧૭ કરોડ રિઝલ્ટ કાર્ડ, ૩૦૦૦ શાળાને ડાયરેક્ટ કનેક્ટિવિટી. એ ક્લાસની અંદર શિક્ષક સાથે ડાયરેક્ટ વિદ્યા સમીક્ષા કેન્દ્રમાંથી વાત કરી શકે. એ શાળામાં કયો વિદ્યાર્થી ગણિતમાં નબળો છે, વિજ્ઞાનમાં નબળો છે, ગુજરાતી ભાષામાં નબળો છે એ આખું સ્કેનિંગ થઇને બોર્ડ ઉપર આવી જતું હોય છે. ત્યારે ટેકનોલોજીની અમારા વિભાગની અંદર જે કામગીરી થઇ રહી છે એ કામગીરી કરનાર તમામ સ્ટાફ અને અમારા વિભાગના અધિકારીઓને હું અભિનંદન પાઠવું છું. રાજ્યમાં સ્પેસ ક્ષેત્રની અંદર ખાનગી મૂડીરોકાણ અને ઇનોવેટર્સ આકર્ષવા માટે સ્પેસના સહયોગથી સ્પેસ મેન્યુફેકચરિંગ ક્લસ્ટર વિકસાવવામાં આવશે આ પ્રકારની પહેલ કરવામાં ગુજરાત ભારતની અંદર નંબર વન ક્રમે છે. ટેકનોલોજીનો ઉપયોગ એ ઉરીની ઘટના પછી પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપી આપણા ઝાબાંઝ જવાનોએ એમના આતંકવાદી કેમ્પોનો ખાતમો બોલાવીને પછી બીજી ઘટના ઘટી હતી. સમગ્ર દુનિયામાં ભારતની જમીન ઉપર, આકાશ ઉપર અને સમુદ્ર કિનારે કોઇ ઊંચી આંખ ઉઠાવીને જોઇ ના શકે, અગર તો ભારત ઉપરથી કોઇ ઉપગ્રહ જાસૂસી કરવા માટે આવ્યો હોય તો વીઘીન સેકંડોમાં આકાશની અંદર એ ઉપગ્રહને તોડી નાખવાની ટેકનોલોજી આપણા ભારતની અંદર છે. વિશ્વના દેશોમાં ચોથા સ્થાન ઉપર આપણે આવી ચૂક્યા છીએ, ત્યારે જે દેશની અંદર આદરણીય નરેન્દ્રભાઇ મોદી એ ટેકનોલોજીના અઘારે એક ક્લિક કરે તો ૧૨ કરોડ ખેડૂતોના, વંચિતોના ખાતાની અંદર ૩૦ સેકન્ડમાં પૈસા આવી જાય. એક ક્લિક કરે અને દેશની અંદર હાલમાં કેટલાને આની જરૂર છે એ તમામ ડેટા આજે સરકાર પાસે ઉપલબ્ધ છે. આ ટેકનોલોજીના ઉપયોગથી કરોડો માનવ કલાકો બચાવી શકાયા છે. એક અધિકારી એની ઓફિસમાં બેસીને શ્રેષ્ઠ કામગીરી ટેકનોલોજી દ્વારા કરી રહ્યા છે ત્યારે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક ક્ષેત્રે સરકાર જે આ કામગીરી કરી રહી છે એ શ્રેષ્ઠ છે. જે સન ૨૦૨૩-૨૪માં રૂપિયા ૩૦૦ કરોડની જોગવાઇ ગુજકોસમાં કરવામાં આવી છે જે હવે પછીના આવા કેન્દ્રો અને પછી ૪ રિજિયનના સાયન્સ સેન્ટર પછી ૨૫ જિલ્લાઓમાં ડિસ્ટ્રિકટ સાયન્સ સેન્ટર પણ ખોલવામાં આવશે. દેશની સૌથી મોટી રોબોટિકસ સ્પર્ધાની વૈજ્ઞાનિકોને તક મળી શકે અને આ તકને પ્રોત્સાહિત કરવા માટે રૂપિયા પાંચ કરોડ જેટલી ઇનામી રકમ આપી આવી ક્વિઝ કરવામાં આવે છે. સાયન્સ ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સ, આ પ્રકારે વિદ્યાર્થીઓ આ ક્વિઝની અંદર ભાગ લે છે. એમને પ્રોત્સાહિત કરવા માટે પાંચ કરોડ રૂપિયા જેટલી રાશી તેમાં ફાળવવામાં આવે છે. ભારત નેટથી ડિજિટલ સેવા સુધી આગળ વધી રહ્યું છે ત્યારે ફેઝ-૨ ની અંદર આપણે દરેક ગ્રામ પંચાયત ફેબ્રિક ઓપ્ટિકલ સાથે જોડવામાં આવશે. શિક્ષણ ક્ષેત્રે અત્યારે ધોરણ -૧૦ અને ૧૨ની પરીક્ષા ચાલી રહી છે ત્યારે એકેએક પેપરનું બોક્ષ આખા ગુજરાતની દરેક શાળાની અંદર પહોંચે ત્યાં સુધી કયા વાહનની અંદર કયારે પહોંચ્યું, ૧૦-૦૦ વાગ્યાનો સમય હોય તો દસને એક મિનિટે આપણી ગાંધીનગરની ઓફિસ ઉપર એ તમામ ફોટોગ્રાફી સાથે પકેટેના ફોટોગ્રાફ, જે શિક્ષક, જે સ્ક્વોર્ડ અને જે પેપર લેવાઇ જાય પછી પણ એના પેકિંગના ફોટા હોય, આટલી મહેનત કરે છે. આ એક દીર્ઘદષ્ટિથી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર જયારે આટલી ટેકનોલોજીથી કાર્ય કરે છે ત્યારે મને હર્ષ થાય છે અને ગર્વ સાથે હું આ ગૃહની અંદર માહિતી આપી રહ્યો છું. અમારા આ વિભાગના તમામ અધિકારીઓ અને હજી આવનારા સમયમાં ટેકનોલોજીનો જયાં જયાં જરૂર પડે ત્યાં એનું કાર્ય બેસ્ટ જ હશે, માનો કે કોરોના આવ્યા પછી લાઇવ વાઇરસ હોય એની તપાસ કરવા માટેનું ૧૪ કરોડ રૂપિયાનું મશીન આપણે આ બાયોલોજીકલ ઇન્સ્ટ્રુમેન્ટ વસાવ્યું, ગુજરાત એ પહેલું એવું રાજય છે કે જે લાઇવ વાઇરસના સંશોધન માટેનો પણ એક ભગીરથ પ્રયાસ કર્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજીના આ યુગની અંદર પહેલાં જે ફાઇલથી લઇને બધી જ કામગીરી કરી રહ્યા હતા ત્યારે આવનારા સમયમાં આપણે આશા રાખીએ છીએ કે ગુજરાતમાં ગુજરાત સરકાર જે પેપરલેસ ઓફિસ અને શ્રેષ્ઠ ટેકનોલોજીના માધ્યમ દ્વારા નાનામાં નાના વ્યકિતને આનો લાભ મળે એવા આશયથી આ માગણી લઇને ગૃહ સમક્ષ આવ્યો છું ત્યારે હું આશા રાખું છું કે માગણીઓ મંજૂર થશે. અસ્તુ.

ફાલ્ગુન ૨૬, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ (પંચાયત પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ની વિભાગની માગણી ક્રમાંક: ૭૦ હેઠળ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળના પંચાયત પ્રભાગ માટેના મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૪,૧૯૪.૯૯ કરોડ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧૪૯.૭૬ કરોડ એમ કુલ મળીને ૪,૩૪૪.૭૫ કરોડ રૂપિયાની માગણીઓ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરતાં હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું. આ મારા પંચાયત વિભાગ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને આપણા નાણામંત્રીશ્રી કનુભાઇ સાહેબના માધ્યમથી અમારા વિભાગ માટેની ગયા વર્ષ કરતાં પણ ૨૬.૫૧ ટકા વધારાનું બજેટ ફાળવ્યું છે તે બદલ તેઓશ્રીને સરકારી વતી અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગની માગણી ઉપર જે માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે, સૂચનો કર્યાં છે, સમર્થન પણ આપ્યું છે અને જેઓએ વિચારો પણ વ્યક્ત કર્યા છે એમની કામગીરીને આપણે બિરદાવીએ છીએ. અમારા ગેનીબેનના સૂચનો આવ્યાં છે. આ ચર્ચામાં ભાગ લેનાર માનનીય સભ્યશ્રીઓનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. પંચાયત શબ્દ ખૂબ પૂરાણો શબ્દ છે. પંચાયતી રાજ વ્યવસ્થા એ વેદ કાળથી જુદા જુદા સ્વરૂપે અમલમાં છે. વૈદિક કાળમાં પણ ગામને મૂળભૂત એકમ તરીકે ગણવામાં આવેલું છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ પણ ભારતનું સાચું દર્શન કરવું હોય તો ગામડામાં જવું જોઇએ અને ગામડાનો સર્વાંગી વિકાસ થાય તો જ દેશ ખરા અર્થમાં સમૃદ્ધ થશે એવું મહાત્મા ગાંધીજીએ તે વખતે કહ્યું હતું. આજે પણ હાલના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના કાર્યકાળમાં પંચાયતોને વિકાસ કરતી પંચાયતી રાજ વ્યવસ્થા તરીકે સ્થાપિત કરેલ છે. વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તે પ્રવૃત્તિ ચાલુ રહે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની હાલની સરકાર સતત જાગૃત, ચિંતનશીલ અને સંવેદનશીલ બનીને છેવાડાના માનવીને અને વંચિતોના વિકાસ માટે અવિરત પ્રયાસો કરી રહી છે. પંચાયતી રાજ વ્યવસ્થા ગુજરાતના આશરે ૧૮ હજાર જેટલાં ગામડા સુધી વિસ્તરેલ છે. તેના સફળ સંચાલન માટે ૧૪,૫૭૫ જેટલી ગ્રામ પંચાયતો, ૨૨૮ જેટલી તાલુકા પંચાયતો અને ૩૩ જિલ્લા પંચાયતો આવેલી છે. તેનો વહીવટ ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા સુચારું રૂપે ચાલી રહ્યો છે. પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણની જોગવાઇઓ પ્રમાણે ફંડ, ફંકશન પૂરા પાડીને જુદા જુદા વિભાગોની વિકાસલક્ષી યોજનાઓને ગ્રામ્ય વિકાસ માટે અસરકારક અમલવારી કરવા માટે રાજ્ય સરકારે પૂરતી વ્યવસ્થા કરેલ છે. આ રીતે ગ્રામ્ય વિસ્તારનો અવિરત વિકાસ થાય એના માટે રાજ્ય સરકાર હંમેશા પ્રયત્નશીલ અને કટિબદ્ધ છે. હું આપના માધ્યમથી મારા પંચાયત પ્રભાગ હેઠળની મહત્ત્વની યોજનાની વિગતો તમામ સભ્યશ્રીઓના ધ્યાને મૂકવા માગું છું. ૧૫મા નાણાપંચ થકી રાજ્યની ત્રીસ્તરીય પંચાયતોને સર્વાંગી વિકાસની યાત્રામાં જોડીને ત્રીસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા આગામી વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૨૫૦૦ કરોડ રૂપિયા જેટલી નોંધપાત્ર રકમની જોગવાઇ કરવામાં આવેલ છે. આ રકમ પૈકી ૭૦ ટકા રકમ ગ્રામ પંચાયતોને, ૨૦ ટકા રકમ તાલુકા પંચાયતોને અને ૧૦ ટકા રકમ જિલ્લા પંચાયતોને મળનાર છે. આ રકમને સીધેસીધી જે તે પંચાયતના ખાતામાં જમા કરાવવામાં આવશે. નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસનાં કામોની પસંદગી અને કામોને અગ્રિમતા પણ ગ્રામસભા, પંચાયત ડેવલપમેન્ટ પ્લાન. જી.પી.ડી.પી.ના માધ્યમથી નકકી કરે એવા નિર્ણય કરીને પાયાના સ્તરે પંચાયતીરાજને વધુ સુદઢ બનાવ્યું છે. મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અને સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના છે. મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનની વાત કરીએ તો મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ગામડાંમાં ડોર ટુ ડોર ઘન કચરાનું એકત્રિકરણ કરવા માટે રાજયના તમામ ગામોને આવરી લઇને વ્યક્તિદીઠ માસિક રૂ. ૪ની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૨૩-૨૪માં આ બજેટમાં રૂ. ૧૭૫.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજનામાં ગ્રામ પંચાયતો સફાઇ અંગે જાગૃત બને એ માટે ગ્રામ પંચાયતો પોતાના બાકી સફાઇ દરની વસૂલાત માટે વધુ પ્રયત્નશીલ બને એ માટે વસૂલાતના માપદંડના આધારે પ્રોત્સાહિત રકમની ફાળવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આમ દરેક ગ્રામ પંચાયતને સફાઇ માટે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અને સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ અંતર્ગત ગ્રાઉન્ડ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. શહેરી વિકાસ સત્તા મંડળ હેઠળના ગામોની સ્વચ્છતા અંગેની યોજના શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો ઉદ્યોગ તથા વાણિજ્ય પ્રવૃત્તિનો વ્યાપ વધુ હોવાથી ઘન કચરો વધુ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. આવી ગ્રામ પંચાયતના વિસ્તારમાં રોડ, રસ્તા, સૂકા કચરા તથા તમામ રહેણાક તથા વાણિજ્ય વિસ્તારમાં દૈનિક ધોરણે ડોર ટુ ડોર કચરાને એકત્રિત કરવા મહાનગરપાલિકાની લેન્ડ ફીલ્ડ સાઇટ સુધી લઇ જવાની વ્યવસ્થા માટે આગામી વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. સમરસ યોજના, આ ગુજરાત સમરસતાને માનનારું ગુજરાત છે. વાદ નહીં, વિવાદ નહીં પરંતુ સંવાદ દ્વારા સર્વસંમતિથી બિનહરિફ ચૂંટાયેલ ગ્રામપંચાયતને પ્રોત્સાહન આપવાની યોજના એટલે સમરસ યોજના. અત્યાર સુધીમાં ૧૪૬૬૯ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થયેલી છે એ પૈકી ગેનીબહેન, માનનીય સભ્યશ્રી, ૭૬૮ ગ્રામપંચાયતો મહિલા સમરસ જાહેર કરેલી છે અને એને અત્યાર સુધીમાં આપણે સમરસ પંચાયતોના સહયોગમાં રૂપિયા ૩૦૮.૩૨ કરોડની પ્રોત્સાહક રકમ આવી ગ્રામ પંચાયતોને આપવામાં આવેલી છે. આગામી વર્ષ ૨૦૨૩-૨૪ માં આ યોજના હેઠળ રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. ગરીબ કલ્યાણ મેળાઓ, રાજયના છેવાડાના લોકો જેને ખબર નથી સરકારની યોજનાની એવા લોકોને અમારી રાજ્ય સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળા થકી દૂર અને અંતરિયાળ વિસ્તારના લોકો માટે વ્યક્તિલક્ષી, સામૂહિકલક્ષી યોજનાઓનો સીધો લાભ સરળતાથી પહોંચે એ માટે આ

યોજનાના લાભથી એમનું જીવનધોરણ ઉન્નત થાય અને તેઓ રાજયની મુખ્ય વિકાસની ધારામાં જોડાય તેવા અભિગમ સાથે રાજય સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત કરવામાં આવી છે. આ યોજના થકી રાજય સરકારની યોજનાનો લાભ લાભાર્થીઓને સીધેસીધો સ્થળ ઉપર આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૬૦૪ ગરીબ કલ્યાણ મેળા દ્વારા રાજયમાં જુદાજુદા વિભાગની વિવિધ યોજનાઓ અન્વયે ૧.૮૪ કરોડ લાભાર્થીઓને રૂપિયા ૩૫૬૬૮ કરોડની નાણાકીય સહાય સીધેસીધી કરી છે. જે પૈકી ચાલુ વર્ષે ૩૭ ગરીબ કલ્યાણ મેળામાં ૧૮.૬૯ લાખ લાભાર્થીઓને રૂપિયા ૪૧૦૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આગામી વર્ષ ૨૦૨૩-૨૪ માટે ગરીબ કલ્યાણ મેળાના આયોજન માટે રૂપિયા ૬.૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી હમણા વાત કરતા હતા પંચાયત ઘર, તલાટી કમ મંત્રી અને મંત્રીઓના નિવાસસ્થાને જે ખૂબ પાયાની સગવડ આપણે ઊભી કરવા જઇ રહ્યા છીએ, ત્યારે ગ્રામ પંચાયત પંચાયતી રાજ વ્યવસ્થાનો પાયો તેમાં ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી દ્વારા ગ્રામજનોને સરકારની યોજનાઓનો અવિરત લાભ મળતો રહે તે માટે તલાટી મંત્રીની ગામમાં હાજરી ખૂબ જરૂરી છે. તે માટે તેઓને મુખ્ય મથકમાં કામ કરવાની અને રહેવાની યોગ્ય સગવડ મળી રહે એ પણ એટલું જ જરૂરી છે. તે માટે તેઓને મુખ્ય મથકમાં કામ કરવાની અને રહેવાની યોગ્ય સગવડ મળી રહે તે પણ એટલું જ જરૂરી છે. તે ધ્યાને લઇને રાજ્ય સરકારે ૨૦૧૬ થી નવીન પંચાયત ઘર, તલાટી કમ મંત્રી આવાસ બનાવવા માટેની યોજના અમલમાં મૂકેલી છે. આ યોજના અન્વયે અત્યાર સુધીમાં ૩૧૮૯ ગ્રામ પંચાયતોના મકાનો મંજૂર કર્યા હતા તે પૈકી ૨૭૧૮ નવીન ગ્રામ પંચાયતોનાં મકાનનાં કામ પૂર્ણ થયેલ છે. અમારી સરકારે ગુડ ગવર્નન્સના ભાગરૂપે તમામ ગ્રામ પંચાયતને મનરેગા યોજનામાં કન્વર્ટ કરી નવીન મકાન મળી રહે તે માટે જિલ્લા વિકાસ અધિકારીને સૈદ્ધાંતિક તેમજ વહીવટી મંજૂરી આપવાની સત્તા આપેલી છે. જેમાં સરકાર સુધી લાંબું થવું ન પડે અને જિલ્લા સ્તરે તેને સૈદ્ધાંતિક તેમજ વહીવટી મંજૂરી મળી જાય તેવો હકારાત્મક નિર્ણય કરેલો છે. આ ટૂંકાગાળામાં ૧૩૨૯ નવીન પંચાયતઘરોના નિર્માણની કામગીરી શરૂ કરેલી છે. તેમાંથી ૧૫૭ પંચાયતઘરોનાં કામ પૂર્ણ થયેલ છે. જે સત્તા વિકેન્દ્રીકરણનું ઉત્તમ ઉદાહરણ છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં ગ્રામ પંચાયતઘરની યોજના માટે ૬૨.૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. મારા માનનીય સભ્યશ્રી ગેનીબેને તેમના તાલુકા પંચાયતના ભવનની વાત કરી છે. તેમાં તેઓને જણાવવા માગું છું કે, વાવ અને સૂઇ તાલુકા પંચાયતના મકાનોની મંજૂરીની પ્રક્રિયા ચાલી રહી છે. ટૂંક સમયમાં તેને મંજૂર કરીને તેના માટે ગ્રાન્ટ ફાળવીશું. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, વહીવટી તંત્ર સંનિષ્ઠ બનાવવા માટે ગ્રામ પંચાયત ખાતે પંચાયતઘરની વાત કરી તેમ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના મકાનોની વાત કરું તો આ યોજનાની શરૂઆત સને ૨૦૧૦ થી કરવામાં આવી હતી. તાલુકા પંચાયતના મકાન બાંધવા માટે ૨.૪૦ કરોડ રૂપિયા અને જિલ્લા પંચાયતના મકાન બાંધવા માટે ૨૯.૪૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૧૩૦ તાલુકા પંચાયતના મકાનોના બાંધકામની મંજૂરી આપેલી છે. તે પૈકી ૯૮ તાલુકા પંચાયતનાં મકાનોનાં કામ પૂર્ણ થઇ ગયેલા છે. તે જ રીતે ૧૫ જિલ્લા પંચાયતના મકાનની બાંધકામની મંજૂરી આપેલી છે. તે પૈકી ૧૦ મકાનનાં કામ પૂર્ણ કરેલ છે. આ માટે સને ૨૦૨૩-૨૪ માં ૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કચેરીના મકાન ઉપર સોલાર રૂફટોપ પૂરી પાડવી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી રાઘવજી પટેલ.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિભાગ તે ગામડાના છેવાડાના માનવીને લાભ આપતો અને વંચિતોનો વિકાસ કરતો વિભાગ છે. મારા વિભાગની કામગીરીનો વૃતાંત મેં રજૂ કર્યો છે તેને ધ્યાને લેતાં મારા વિભાગની અનુદાન માટેની માગણીઓની નાણાકીય જોગવાઇઓ અંદાજપત્રમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે તે માગણીઓને સર્વાનુમતે પસાર કરવામાં આવે તેવી સભાગૃહના માનનીય તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું અને મારા સાથી સભ્યો તેમણે મૂકેલી કાપદરખાસ્તો પરત ખેંચે અને મારી માગણીઓને સર્વાનુમતે સન્માનનીય ગૃહ મંજૂર કરે તેવી વિનંતી કરું છું. આભાર.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગ ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ ખાતાની માગણીઓ અંગેની આ ચર્ચામાં સન્માનનીય સભ્યશ્રી ગેનીબેન ઠાકોર, શ્રી શામજીભાઇ ચૌહાણ, શ્રી ઉમેશભાઇ મકવાણા, શ્રી કાળુભાઇ ડાભી, શ્રી મુકેશભાઇ પટેલ સહિતના સન્માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે અને તેમાં કયાંક ઉપયોગી સૂચનો કર્યાં અને મારા ખાતાની કામગીરીની પ્રશંસા પણ કરી તેના માટે સૌ સભ્યશ્રીઓનો હું આ તકે આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં હું બે જવાબ આપી દઉં. સન્માનનીય સભ્યશ્રી ઉમેશભાઇ મકવાણા અત્યારે તો હાજર નથી પણ એમણે વાત કરી કે, મારા બોટાદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે એકપણ કામ થયું નથી. રેકર્ડ ઉપર રહે એટલા માટે મારે બોલવું પડે કે, બોટાદ જિલ્લામાં ૨૦૧૬-૧૭ના વર્ષથી ૨૦૨૧-૨૨ના વર્ષ સુધીમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો કુલ લક્ષ્યાંક ૨૯૩૩ નો ફાળવવામાં આવેલ અને અત્યારે ૨૪૪૫ મકાનો પ્રધાનમંત્રી આવાસ યોજનામાં બોટાદ જિલ્લામાં પૂર્ણ થઇ ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગેનીબેને મનરેગાનાં કામો માર્ગ મકાન સાથે જોડી અને રસ્તાનાં વધુ કામો હાથ ધરવા માટેનું સૂચન કર્યું. માનનીય ગેનીબેનને જણાવવાની રજા લઉં કે, સને ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩માં ૫૬૬૨૧ જે કામો લેવામાં

આવ્યાં હતાં, એમાં ૧૫૩૮૬ જેટલા રસ્તાનાં કામો પૂર્ણ થઈ ગયા છે એટલે ગેનીબેનને કહેવાનું છે કે, અમારું ખાતું આ યોજના અંતર્ગત વિશેષ પ્રાધાન્ય આપે છે. સને ૨૦૨૩-૨૪ માટેની માગણી ઉપર એ ગામડાના લોકોના ઉત્કર્ષ માટે અને સામાન્ય પ્રજાજનોની સુખાકારી માટે જે જે સભ્યોએ સૂચનો કર્યાં છે એને હું આવકારું છું અને અમારી આ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળની ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિનની સરકાર ગામડાના વિકાસ માટે જે કામો કરી રહી છે એ વિશે વાત કરું એ પહેલા હું કહેવા માગું છું ગામડાં વિશે પૂજ્ય મહાત્મા ગાંધીજીએ એ વખતે કહ્યું હતું કે, "ભારતનો આત્મા ગામડામાં વસે છે." આવાં ગામડાં કેવાં હોય એની વ્યાખ્યા કરતા ચારણી સાહિત્યમાં કહેવાયું છે કે, આંગણિયે આવકારો હોય મહેમાનોનો મારો હોય, ચા પાવાનો ધારો હોય વહેવાર એનો સારો હોય, રામ રામનો રણકારો હોય, જમાડવાનો પડકારો હોય, સુંદર રળિયામણા વન હોય, સુગંધિત મંદ મંદ પવન હોય, ટાણાં એવાં ગાણાં હોય, મળવા જેવા માણસ હોય, કૂવા કાંઠે આરો હોય, નિર્મળ નદીને કિનારો હોય, ઘી-દૂધ બારેમાસ હોય મીઠી મધૂર છાસ હોય, વાણીમાં મીઠાશ હોય.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, આવા ગામડાની આપણી ભારતીય સંસ્કૃતિને ઉન્નતિના રસ્તે લઇ જવાનું કામ જો કોઇએ કર્યું હોય તો આપણા યશસ્વી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. માનનીય નરેન્દ્રભાઇ જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે કહેલું અને એક સંકલ્પના આપી કે આત્મા ગામડાની અને સુવિધા શહેરની આવી રીતે આપણે ગામડાઓનો સુધારો કરવો છે, એમાં સગવડ આપવી છે અને એના વિઝન પાછળ દરેક ગ્રામ્ય વિસ્તારને તમામ માળખાકીય સુવિધાઓ પૂરી પાડી અને ગ્રામ્ય જીવનને ઉન્નત બનાવવાનો એનો ઉદેશ હતો અને મને કહેતા આનંદ થાય છે કે, આપણે ગામડાઓને અનેક સુવિધાઓ માનનીય નરેન્દ્રભાઇ મોદીના વિઝન હેઠળ ગુજરાતમાં પૂરી પાડી છે. માનનીય અધ્યક્ષશ્રી, આદર્શ ગામ કેવું હોવું જોઇએ એના ઉત્તરમાં જે જે સુવિધા છે એ તમામ સુવિધા આજે ગુજરાતના ગામડામાં ઉપલબ્ધ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગામડામાં જ્યોતિગ્રામ યોજના થકી ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી મળે છે, ગામડામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના દ્વારા આંતરિક પાકા રસ્તાઓથી લઇને તાલુકા મથકે જવા સુધી પાકા રસ્તાઓની સગવડતા છે, ગામડાની સ્વચ્છતા માટે સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત સુંદર કામગીરી થઇ રહી છે, ગામડામાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ બહેનોને સખીમંડળ મારફત સ્વાવલંબી બનાવવાનું કામ થઇ રહ્યું છે, નલ સે જલ યોજનાં મારફત ગામડાના લોકોને ઘરે ઘરે પીવાનું શુદ્ધ પાણી મળી રહ્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાકા ઘરોની સુવિધા ગામડામાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને આપણા પ્રધાનમંત્રીશ્રીએ સંકલ્પ કર્યો છે કે, વર્ષ ૨૦૨૪ સુધીમાં ગામડામાં રહેતા તમામ લોકોને પાકા ઘરની સુવિધાથી આવરી લેવામાં આવશે. ગામડામાં પશુઓના છાણમાંથી બનતા ગોબરધન યોજના થકી ગેસ અને સેન્દ્રિય ખાતર બનાવવાની યોજના અમલમાં છે, ગામડાના યુવાનોને દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના હેઠળ કૌશલ્યવર્ધક તાલીમ આપવાની જોગવાઇ છે, ગામડાનાં બાળકો માટે આંગણવાડી, યુવાનો માટે રમત-ગમતનું મેદાન, લાઇબ્રેરી, કોમ્યુનિટી હોલ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામજનોને ઇ-ગ્રામ, વિશ્વગ્રામ થકી યોજનાકીય તમામ સુવિધાઓ ઘર આંગણે આજે મળી રહી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપની પાસે પાંચ મિનિટ છે એટલે આપને સમયમાં પૂરું કરવું પડશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકમાં કરીશ, પ્રત્યેક વ્યકિતને મનરેગા અંતર્ગત સો દિવસની રોજગારી આજે ગામડાંના લોકોને પ્રાપ્ત થઇ રહી છે. આધુનિક ગ્રામ પંચાયત ભવાનો સાથે તલાટી, મંત્રીશ્રીઓના આવાસ માટેની સુવિધાઓ પણ આજે ગામડાંમાં ઉપલબ્ધ થઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીજીએ ગ્રામ સ્વરાજ્યનું સ્વપ્નું જોયું, પણ એ સ્વપ્નાને સાકાર કરવાનું જો કોઇએ કામ કર્યું હોય તો એ આપણાં યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની કલ્પના, તેની કાર્યવાહી, તેની કામગીરી અને અમારી ડબલ એન્જિનની સરકાર ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના એના અંતર્ગત હું થોડીક વાત કરવા માગું છું કે, કુટુંબદીઠ ઓછામાં ઓછી ૧૦૦ દિવસની સવેતન રોજગારી આ યોજના હેઠળ આપવામાં આવે છે અને તેનો પ્રતિદિન વેતનનો દર રૂપિયા ૨૩૯/- છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ રૂપિયા ૧૧૧૬ કરોડની જોગવાઇ સૂચવાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારના લોકોને ૪૪૫.૨૬ લાખ માનવદિનની રોજગારી પૂરી પાડવામાં આવેલ છે અને તેનો ખર્ચ ૧૭૮૧ કરોડ ૩૬ લાખનો થયો છે. આ જ રીતે આઝાદીકા અમૃત મહોત્સવના વર્ષ નિમિત્તે આ યોજના હેઠળ ૧૭૨ કરોડનાં કામોનું ખાતમુહૂર્ત અને ૧૦૮ કરોડનાં કામોનું લોકાર્પણ કરવામાં આવેલ. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત મિશન અમૃત સરોવર હેઠળ આ યોજના હેઠળ ગુજરાતમાં ૧૪૮૫ અમૃત સરોવરનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે અને જિલ્લાદીઠ ૭૫ અમૃત સરોવરો બનાવવાનો સરકારે નિર્ણય કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી ગ્રામ્ય આવાસ યોજનાની વાત કરું તો આ ચાલુ નાણાકીય વર્ષ માટે રૂપિયા ૯૩૧ કરોડની માતબર રકમની જોગવાઇ આ યોજનામાં સૂચવવામાં આવેલ છે અને આ પ્રધાનમંત્રી આવાસ યોજનાનો જે આપણને લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો, તે ૪ લાખ ૪૯ હજાર ૧૫૨નો હતો, તેથી સામે ૪ લાખ ૨ હજાર ૯૩૩ આવાસો આપણે પૂર્ણ

કર્યા છે. ડિસેમ્બર - ૨૦૨૨માં આપણને વધારાના ૧ લાખ ૮૬ હજાર ૬૦૫ આવાસોનો નવો લક્ષ્યાંક ફાળવવામાં આવેલો તેની સામે ૧ લાખ ૪૪ હજાર ૬૪૨ આવાસો આપણે મંજૂર પણ કરી દીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા. મહાત્મા ગાંધીજી સ્વચ્છતાને જીવનની અગત્યની જરૂરિયાત ગણતા હતા. તેને મહત્ત્વ આપીને ઉજાગર કરવાનું જો કોઈએ કામ કર્યું હોય તો શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. ૨જી ઓકટોબર, ૨૦૧૪ના ગાંધી જયંતિના શુભ દિને આ યોજના માનનીય વડાપ્રધાનશ્રીએ શરૂ કરી અને પ્રત્યેક પરિવારને ઘરદીઠ સસ્તા શૌચાલયની સુવિધા ઉપલબ્ધ થાય તેના માટે આખા દેશમાં આ યોજના અમલમાં મૂકી અને ગુજરાતમાં ૪૪ લાખ જેટલા શૌચાલયનું નિર્માણ કર્યું છે. આ મિશન હેઠળ ખુલ્લા શૌચમુકત બનેલ પરિસ્થિતિનો દરજ્જો લાંબા સમય સુધી જાળવી રખાય તેના માટેનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધી વાતો હું કરીશ પણ મારી પાસે સમય નથી, એટલે માનનીય સભાગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે, ગ્રામ વિકાસને લગતી તમામ કામગીરી માટે અમારો ગ્રામ વિકાસ વિભાગ પૂરેપૂરી સાવચેતી સાથે કામ કરી રહ્યો છે. ગુજરાતના ગામડાંને સંપૂર્ણ સુવિધાયુક્ત મેં કહ્યું તેમ ગામડાનો આત્મા અને સુવિધા શહેરની આ રીતે દરેક ગામડાં બનાવવાનું અમારું જે સ્વપ્ન છે, અમારી નેમ છે અને અમારા ખાતાની કામગીરી છે તેના માટે તમારાં કોઇ જો સૂચનો હોય, કોઇ ગામનાં વિકાસનાં કામો બાકી હોય તો તમે વિના સંકોચે મને મોકલજો તમારાં કામો પણ મંજૂર થશે અને આપણે બધાય સાથે મળી અને ગુજરાતનાં ગામડાને ગોકુળ ગામ બનાવી, રળિયામણાં બનાવી, આદર્શ ગામો બનાવી અને ગ્રામ્ય જીવન વધુ ધબકતું રહે, તેના લોકો વધુ સુખી થાય તે દિશામાં ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારનો જે સંકલ્પ છે એ સંકલ્પને સિદ્ધ કરવા અમે જયારે કામ કરી રહ્યાં છીએ, ત્યારે સન્માનનીય સભ્યશ્રીઓને, ખાસ કરીને મારા વિપક્ષના મિત્રોને તમે જે કાપ દરખાસ્ત મૂકી છે તે કાપ દરખાસ્ત પાછી ખેંચો અને સર્વાનુમતે અમારી માગણીઓ મંજૂર થાય તેના માટે તમે અને સન્માનનીય સભાગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓ આમાં સહકાર આપે એવી વિનંતી સાથે, અસ્તુ ભારત માતા કી જય.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મોટાં શહેરોને સ્માર્ટ સિટી તરીકે દરજ્જો આપીને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ રીતે સ્માર્ટ વિલેજ માટે પણ રાજ્ય સરકારે યોજના બહાર પાડી છે ત્યારે સ્માર્ટ વિલેજમાં વસ્તીના ઘોરણનું નિયંત્રણ હટાવવામાં આવે અને મારા ગીર - સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાનું બાદલપૂરા ગામ સ્માર્ટ વિલેજ તરીકે જાહેર થયેલ હોવા છતાં પણ પુરસ્કારની રકમ મળી નથી તે વહેલી તકે મળી જાય તે માટે વિનંતી કરું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે બોટાદ જિલ્લામાં બે હજાર કરતા વધારે આવસો બનાવવામાં આવ્યા છે ત્યારે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બોટાદ જિલ્લામાં કેટલી કોલોની બનાવવામાં આવી છે? અને મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત બોટાદ જિલ્લાના કયા તાલુકામાં કોલોની બનાવવામાં આવી છે?

અધ્યક્ષશ્રી : આપના પ્રશ્નનો ઉકેલ લાવવા માટે કંઈ હોય તો વાત કરજો. આ પ્રશ્નનો જવાબ હાલ નહિ મળે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમારા નવસારી જિલ્લાના વાંસદા, ચિખલી અને ખેરગામ જેવા વિસ્તારોમાં હળપતિ સમાજ, નાયકા સમાજ અને આદિમજૂથ રહે છે. તેમની પાસે જમીનો હોતી નથી અને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં કાચું મકાન હોય તો તે કોઈ બીજી જગ્યાએ હોય અથવા અન્યની જમીનમાં હોય ત્યારે તેમની પાસે જમીનના પૂરાવા માગવામાં આવે છે તેવા કેટલાંક કિસ્સાઓમાં તેમનું ઘર બને તેના માટે કોઈ આયોજન છે?

શ્રી પ્રધુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચાયત ઓફિસ, આંગણવાડી કોમ્યુનિટી હૉલ ખરેખર સારી કંન્ડિશનમાં છે તેને નવા આપવાના બદલે રિપેરિંગ માટે રકમ ફાળવવામાં આવે તો સરકારનાં નાણાં બચી જાય તો રિપેરિંગ કરવા માગો છો કે નહિ?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે લગભગ આઠેક વર્ષ પહેલા રૂર્બન પ્રોજેક્ટની ખૂબ મોટા પાયે જાહેરાત કરવામાં આવી હતી. ૫ હજારથી વધુ વસ્તીવાળા તમામ ગામડાનો એજન્સી રોકીને સરવે કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ફક્ત તાલુકા મથકના ગામમાં જ પ્રોજેક્ટ અમલી થયો. તે સિવાયના કોઈ ગામોમાં અમલી થયો નથી તેને આપણે અમલી કરવા માગીએ છીએ કે કેમ?

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક - ૭૦, ૭૧ અને ૮૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

(વિરામ બપોરના ૨.૨૯થી ૩.૦૦)

ફાલ્ગુન ૨૬, ૧૯૪૪ શાકે

ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

બિન સરકારી કામકાજ

બિન સરકારી વિધેયકો

સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક - ૧૦

ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક**,** ૨૦૨૩

ગુજરાત રાજ્યમાં ખાનગી વાહનોના માલિકે કામે રાખેલા ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન કરવા તેમજ તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક

શ્રી બાબુભાઇ જ. પટેલ**(**દસ્ક્રોઇ**)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, [*] રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૩, ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક લાવવા પાછળનું મારું હાર્દ ગરીબ ડ્રાઇવરો કે જેઓ ખાનગી વાહનોના માલિકોને ત્યાં કામ કરે છે તેમને પડતી તકલીફોને ઉજાગર કરવાનું અને તેમને કાયદાકીય રક્ષણ મળી રહે એ માટેનું છે. અસંગઠિત ક્ષેત્રમાં માળીનું કામ કરતા હોય, ઘરનું કામ કરતા હોય, નોકરી કરતા હોય કે ખાનગી વાહનોના ડ્રાઇવર હોય એમનું જીવનધોરણ સમાન પ્રકારનું હોવું જોઇએ. આવા ડ્રાઇવરો રોજગારી માટે ખાનગી વ્યક્તિઓને ત્યાં સેવા આપે છે. આ નોકરી દરમિયાન એમના સામાન્ય અધિકારોનું પણ રક્ષણ થતું નથી. ખાનગી વાહનોના ડ્રાઇવર તરીકે નોકરી કરતાં ડ્રાઇવરોને ખાનગી વાહનમાલિકો ઘણીવખત બાર કલાકની નોકરી કરવાની ફરજ પાડે છે. આ કામગીરી માટે તેમને પૂરતું વેતન પણ આપવામાં આવતું નથી. ઘણા કિસ્સાઓમાં આ ડ્રાઇવરોના રજિસ્ટ્રેશનના અભાવને કારણે કોઇવાર વાહનનો અકસ્માત થાય તો ડ્રાઇવરની ભાળ મેળવવી પણ મુશ્કેલ પડે છે. બીજું એવું પણ ધ્યાને આવેલ છે કે, ખાનગી વાહનોના માલિકો દ્વારા આવા ડ્રાઇવરોને કોઇપણ પ્રકારની નોટિસ વગર છૂટા કરી દેવામાં આવે છે અને આ માટે કોઇ વળતર પણ ચૂકવવામાં આવતું નથી. આવી પરિસ્થિતિમાં આવા ડ્રાઇવરોનું અને તેમના પરિવારનું જીવન જોખમભર્યું બની જાય છે. આ ડ્રાઇવરોના અધિકારોનું રક્ષણ કરવા અને રજિસ્ટ્રેશન કરવા માટેનો કોઇ કાયદો હોય તેવું જણાતું નથી. આથી આવા ડ્રાઇવરોના રજિસ્ટ્રેશન અંગેનો કોઇ કાયદો હોય તો તેમના હક્કોનું રક્ષણ થાય એવી મારી લાગણી છે. આ અંગેની કોઇ ફરિયાદો કરવામાં આવે તો એ ફરિયાદો પણ માલિકો ધ્યાને લેતા નથી. આવા માલિકો પાસેથી દંડ વસૂલ કરવો જોઇએ અને જે-તે દંડની રકમ એકઠી કરીને ખાનગી વાહનોના ડ્રાઇવરોના કલ્યાણ ફંડમાં નાંખવી જોઇએ કે જેથી જરૂર પડ્યે આ ફંડ ડ્રાઇવરોના ઉપયોગમાં આવી શકે. જો આ કાયદો ઘડવામાં આવે તો આવા ખાનગી વાહનોના ડ્રાઇવરોની તકલીફો દૂર થશે અને એમના અધિકારોનું રક્ષણ થાય એટલા માટે હું આ બિલ લાવ્યો છું.

ડો. સી.જે. ચાવડા**(**વિજાપુર**)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબતે આ ગૃહના સિનિયર સભ્યશ્રી માનનીય બાબુભાઇ પટેલ જે બિલ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું. ખરેખર, આ બિલને સભાગૃહે સર્વાનુમતે પસાર કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે ખાનગી વાહનોમાં જે ડ્રાઇવરો કામ કરે છે એમની ચિંતા વ્યકત કરી છે. ગુજરાત રાજ્યમાં તમામ માલિકો, રાજકીય માણસો, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ બધા જ ખાનગી ડ્રાઇવરો રાખે છે. આમ તો ચિંતા કરવી એટલા માટે વાજબી છે કે, આપણે બધા જ આપણા ઘર, કુટુંબ કે પત્ની સાથે જે સમય ગાળીએ છીએ એના કરતા, વધુ સમય ડ્રાઇવર સાથે ગાળતા હોઇએ છીએ. એટલે એવા ડ્રાઇવરની ચિંતા શ્રી બાબુભાઇ લઇને આવ્યા છે એ ખૂબ વાજબી છે. ખાનગી ડ્રાઇવરનું રજિસ્ટ્રેશન થાય તો શું શું ફાયદા થશે એ એમણે જણાવ્યા છે. એક તો શ્રી બાબુભાઇનું કહેવું એમ છે કે, એમની પાસેથી ઓવરટાઇમ લેવામાં આવે છે. ૧૨-૧૨ કલાક સુધી ઓવર ટાઇમ થાય છે. એમનું શોષણ થાય છે. ખરેખર, એમની આઠ કલાકની નોકરી હોવી જોઇએ. અહીંથી વલસાડ નીકળ્યા હોય, ડ્રાઇવરની આઠ કલાકની નોકરી હોય અને આઠ કલાક પૂરા થાય ત્યારે ડ્રાઇવર સુરત ઉતરી જાય તો આપણી શું દશા થાય? ડ્રાઇવરનું રજિસ્ટ્રેશન થયું હોય તો એ ઓવર ટાઇમ કરતો જ હોય છે. એટલે એમનો પગાર પણ એ પ્રમાણે નોંધાવો જોઇએ એવું તમારે બિલમાં કહેવું જોઇતું હતું. ખાનગી ડ્રાઇવરનું રજિસ્ટ્રેશન થાય તો સરકારના ચોપડે એની જવાબદારી ઊભી થાય છે. ગુજરાત કે ગુજરાત બહાર કોઇપણ ડ્રાઇવર રહેતો હોય, ધારો કે યુ.પી. બિહાર કે બીજા બહારના રાજ્યમાંથી કોઇ ડ્રાઇવર આવે તો એનું પણ રજિસ્ટ્રેશન થાય તો એનું આધારકાર્ડ, લાયકાતો વિગેરે અંગેની માહિતી માગી શકાય. તો ખરેખર ત્યાં ગુનેગાર છે કે કેમ? ત્યાં ગુનો કરીને ભાગીને આવ્યો છે કે કેમ? ત્યાંની પોલીસના ચોપડે ભાગેડું છે કે કેમ? એ પણ જાણી શકાય છે. એટલે રજિસ્ટ્રેશન થાય તો આવી ઘણી બાબતો બહાર આવે. ગુજરાત રાજ્યનો ડ્રાઇવર આપણી સાથે કામ કરતો હોય અને એનું રજિસ્ટ્રેશન થાય તો એને ચારિત્ર્યનું પ્રમાણપત્ર મળે અને આવતી કાલે ડ્રાઇવર માટેની સરકારમાં, ડેરીઓમાં કે બેંકોમાં ભરતી થાય તો આ પ્રમાણપત્ર, અનુભવ

[*] વિધેયક તા. ૩જી માર્ચ, ૨૦૨૩ના રોજ ગુજરાત સરકાર રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

એને કામમાં આવે અને બહું સારું ડ્રાઇવિંગ છે એવું સર્ટિફિકેટ મળે તો પણ ભવિષ્યમાં એને કામમાં આવે. આ એક કારણ ખાનગી ડ્રાઇવરના રજિસ્ટ્રેશનનું લઇને આવ્યા છે એ ખૂબ વાજબી છે. શ્રી બાબુભાઇને ખરેખર ધન્યવાદ આપવા જોઇએ કે એમણે ખાનગી ડ્રાઇવરોની આટલી ચિંતા કરી છે. એમની આ ચિંતામાં બધા સાથી પક્ષો, વિરોધપક્ષો સહિત એમને ટેકો આપીએ છીએ. ખરેખર, આ બિલમાં કોઇ વિરોધ જ ન હોવો જોઇએ અને સર્વાનુમતે પસાર થવું જોઇએ. શ્રી બાબુભાઇ ખૂબ સિનિયર ધારસભ્યશ્રી છે. પાંચ-પાંચ ટર્મથી ચૂંટાઇને આવે છે. આમ તો જયારે પહેલી વખતે ચૂંટાઇને આવ્યા ત્યારે જ આ ચિંતા કરવાની જરૂર હતી પણ કંઇ વાંધો નહીં. બીજું, ગુજરાત રાજ્યમાં શહેરોમાં અને ખાસ કરીને ફાર્મ હાઉસોમાં મોડી રાત સુધી પાર્ટીઓ કરતા, દારૂની મહેફિલો માણતા નબીરાઓના દીકરાઓ દારૂ પીને ડ્રાઇવિંગ કરે છે અને પુરજોશમાં ગાડીઓ ચલાવી એક્સિડંટ કરી, રન એન્ડ ડ્રાઇવ કરીને ભાગી જાય છે. નબીરાના દીકરાએ પોતે જ ગાડી ચલાવી હોય અને ખોટું ડ્રાઇવરનું નામ ઊભું કરે છે પણ ડ્રાઇવરનું રજિસ્ટ્રેશન થયેલું હોય અને ડ્રાઇવરને પૂછીએ કે તમે હતા? તો એ કહે કે ના સાહેબ, હું ન હતો. તો એવા નબીરાઓના દીકરાને પણ પકડી શકાય છે. એટલે ખાનગી ડ્રાઇવરોનું રજિસ્ટ્રેશન થવું ખરેખર ખૂબ જરૂરી છે. શ્રી બાબુભાઇએ જે ચિંતા વ્યકત કરી છે એમાં મારો સૂર પૂરાવું છું અને ગૃહના તમામ સભ્યશ્રીઓ આ બિલને સમર્થન આપે એવી લાગણી સાથે મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : શ્રી સી.જે.ચાવડાજી, આજે તમે એક બહું મોટી વાત કરી કે ઘર અને પરિવારના સભ્યો કરતા પણ, આપણે વધારે સમય ડ્રાઇવરની સાથે રહીએ છીએ. આ વાસ્તવિકતા છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા (હિમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બી સભ્યશ્રી બાબુભાઇ પટેલ ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબતનું વિધેયક ક્રમાંક-૧૦ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. મોટર વ્હિકલ એક્ટ-૧૯૮૮ અને સેન્ટ્રલ મોટર વ્હિકલ રૂલ્સ-૧૯૮૯ મુજબ સમગ્ર દેશમાં વાહનોની નોંધણી, ડ્રાઇવર તથા કંડકટરની નોંધણી, વ્યકિતના ડ્રાઇવિંગ કૌશલ્યને પ્રમાણિત કરાવવા અંગેની કામગીરી, વાહનોની તબદીલી એવા જે વિવિધ પ્રશ્નો છે એ પ્રશ્નોનું વિગતવાર આયોજન ભારત સરકાર અને આપણી ગુજરાત સરકાર, ભારત સરકાર અને આપણી ગુજરાત સરકાર. એના મારફતે એની વ્યવસ્થા, પ્લાનિંગ સતત ચાલતું આવેલું જ છે. એનો જે આશય છે. ખાનગી ડ્રાઇવરો, જે ખાનગી માલિકોએ જે ડ્રાઇવરો રાખ્યા હોય છે. એની સાથેની એની કઇ રીતની કામગીરી છે, એના અનુસંધાનમાં છે. એ જે ભારત સરકાર કે ગુજરાત સરકારના નિયમોમાં નક્કી કરવામાં આવ્યું છે. આ જે વિધેયક છે તે બહુ સારા આશયથી આમ તો મુરબ્બી શ્રી બાબુભાઇ લાવ્યા હશે, પણ અત્યારના જે ભારત સરકાર અને ગુજરાત સરકારના કાયદાઓ છે, એ આને કાયદાનું સ્વરૂપ આપવાથી, લીગલ સ્વરૂપ આપવાથી એની સાથે બંધબેસતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે ભારત સરકારે પણ તા.૨૩-૬-૧૭ના જાહેરનામાથી મોટર વ્હિકલ ડ્રાઇવિંગ રેગ્યુલેશન-૨૦૧૭ પણ બહાર પાડેલ છે. ડ્રાઇવિંગ કરવા વખતે એને મળવાપાત્ર, જે એની કુશળતા, ચોકસાઇ અને ડ્રાઇવિંગ દરમિયાનની એની સજ્ઞતા. આ બધી જ એમાં જોગવાઇ કરેલી છે અને એની સેવાકીય શરતો એમાં ભારત સરકારે પણ નકકી કરી નથી. એ જ રીતે ભારત સરકારે વર્ષ ૨૦૧૯નો ૩૨ નંબરનો કાયદો લાવી મોટર વ્હિકલ એકટમાં અભૂતપૂર્વ સુધારો કર્યો છે અને એ સુધારાઓની સાથે સાથે કેન્દ્રીય મોટર વાહન નિયમોમાં પણ નોંધપાત્ર સુધારાઓ દાખલ કર્યા છે. એમાં પણ ડ્રાઇવરની તાલીમ, ડ્રાઇવિંગ ટેસ્ટ અને ડ્રાઇવરની સલામતી સંબંધિત જોગવાઇઓ અમલી બનાવી છે. એમાં પણ ભારત સરકારે કોઇ આવી શરત વૈધાનિક બાબતની આપવાની કોઇ શરત એમાં રાખેલી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે વિધેયકની કલમ ૪ ની પેટા કલમ-૨ સક્ષમ અધિકારીની નિમણૂક ગુજરાત સરકારને આપવાની જે જોગવાઇ કરવામાં આવી છે. એ પ્રમાણે પણ, અત્યારનો જે નિયમ છે કે એની રજાઓનો પણ એમાં પ્રશ્ન ઊભો કરેલો છે. એને રજાઓ જે મળે, આ થાય, તે થાય એ બધામાં પણ વૈધાનિક વ્યવસ્થા અત્યારના હયાત કાયદામાં એવી કોઇ જોગવાઇ કરેલી નથી. એ જ રીતે રેગ્યુલેટરી કોમ્પ્લાયન્સ બર્ડનને દૂર કરવા માટેનું અભિયાન પણ ભારત સરકારે હાથ ધર્યું છે. તા. ૨૭-૭-૨૦૨૦ના પરિપત્રથી પણ બિનજરૂરી આવું કોઇ બર્ડન એમની ઉપર ન થાય, ઇવન ડ્રાઇવરો ઉપર પણ, એની પણ ભારત સરકારે જોગવાઇ કરેલી છે. એટલા માટે આ જે વિધેયકનું સ્વરૂપ આપવાની બાબત છે, એ એની સાથે મેળ પડતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે આ દાખલ કરવાનું જે વિધેયક છે, એ વિધેયકને જો સ્વીકારવામાં આવે તો આ બાબત શ્રી ચાવડા સાહેબે જે વાત કરી કે આ ડ્રાઇવર વધારે સાથે રહેતા હોય છે, પણ દરેક ડ્રાઇવરો કાયમી હોતા નથી. ખાનગી માલિકોને ત્યાં દરેક ડ્રાઇવરો કાયમી હોતા નથી. જેથી એ કાયમ આપણી સાથે રહી શકે. એટલે અમુક એનો મીસયુઝ ન થાય. આ કાયદાની કલમ ૧૦ જે છે, એ કલમ ૧૦માં ૫ નંબરનું જે કોલમ છે. એમાં ખાનગી માલિકે એના ડ્રાઇવરને માનો કે ઓછા ટાઇમ માટે એને રાખ્યો છે અથવા તો ગમે તે ટાઇમ માટે હોય. એ પણ જો કમ્પ્લેઇન કરે તો સક્ષમ અધિકારી એને ૫ હજાર રૂપિયા સુધીનો દંડ કરવાની પણ આમાં જોગવાઇ કરેલી છે. એટલે લગભગ જે આ કાયદો છે, એ કાયદા પ્રમાણે ખાનગી વ્યકિતઓ અને ડ્રાઇવરો, એ બંને પોતાની સમજૂતિથી જે જવાબદારી છે અથવા તો એમની કામગીરી છે અથવા કેટલા સમય માટે એ નોકરી કરશે એ એમણે પ્રેમથી નક્કી કરેલું હોય છે. એકબીજાએ સાથે મળીને નક્કી કરેલું હોય છે. એટલા માટે જો આને કાયદાનું સ્વરૂપ આપવામાં આવે તો એ બે જણનો સારો સંબંધ છે, જે ચાવડા સાહેબે ઉલ્લેખ કર્યો કે સારો સંબંધ છે. એ સારો

સંબંધ એમાં જળવાઇ રહેતો હોય છે. સારો સંબંધ જળવાઇ રહે એ માટે એની વચ્ચે પણ વૈમનસ્ય ઊભું થાય એવી કોઇ કલમ નાંખી અને માલિકને ડરાવી એને એમ કહીએ કે તમે ૫ હજાર રૂપિયા દંડ થઇ જશે. એવી કલમ નાંખીને માલિક ઉપર બર્ડન નાંખવું એ પણ ઊચિત નથી. એટલા માટે જ મારી વિનંતી છે કે આશય ગમે તેટલો સારો હોય. આશય સારા જ હોય છે, પણ કોઇપણ વસ્તુને કાયદાનું સ્વરૂપ આપવાથી અને દંડનીય કાર્યવાહી કરવાથી ડ્રાઇવર અને એના માલિકનો કાયમી સાથે રહેવાનો સારો સંબંધ છે, એ સંબંધમાં તિરાડ પડવાની શક્યતા મોટા પ્રમાણમાં રહે છે. એમ પણ ભારત સરકાર અને ગુજરાત સરકારે નિયમો ઘડેલા જ છે અને એ નિયમોમાં પણ ડ્રાઇવર અને એની સલામતી, એની નોંધણી અને એમણે શું કરવાનું છે, એ બધી જોગવાઇ કરેલી જ છે. એટલે આ નવું વૈધાનિક સ્વરૂપ આપી આ જોગવાઇ દાખલ કરવી એ ભારત સરકારના અને ગુજરાત સરકારના કાયદાને અનુરૂપ નથી થતું અને એટલા માટે આપણે આ વસ્તુને પણ નજરમાં રાખવી જોઇએ. દરેક વસ્તુના બે પાસા હોય છે. એટલે સારું પાસુ શ્રી ચાવડા સાહેબ તમે અહીં રજૂ કર્યું છે અને એટલે જ તમે સર્વાનુમતે કહ્યું છે, જે બીજા કાયદાઓ સર્વાનુમતે કરવાના હોય છે તે કરતા નથી અને જે ન કરવાનું હોય તે તમે પહેલું કરો છો. બીજું ઘણું બધું સારું લઇને ગૃહમંત્રી સાહેબ આવે છે તેમાં તમે હા પાડતા નથી. અને આ બીજામાં ડખાં નાખો છો. એટલે સારી જે બાબત છે એ સ્વીકારીએ અને આ જે કાયદો છે એ કાયદાની વિસંગતતા ઊભી થાય એવી છે એટલી જ મારી વાત છે. આભાર..

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઇ જે. પટેલ આ બિલ લઇને આવ્યા છે તેના સંદર્ભમાં હું મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦મી સદીમાં એટલે કે ૨૦૦૦ની સાલ પહેલા કવિ સંમેલનોમાં એક બહુ પ્રખ્યાત કવિતા હતી કે, એક નેતાજી માલિક હતા, એ કહે કે આજ કાર મેં ચલાઉંગા, ડ્રાઇવર કહે તો મેં ઉતર જાઉંગા, કયોં કી યે કાર હૈ, સરકાર નહીં હૈ જો ભગવાન ભરોસે ચલ જાયેગી, પછી ૨૧મી સદી આવી, શ્રી નરેન્દ્રભાઇ આવ્યા, કાર એટલી જોરદાર ચાલવા માંડી કે હવે ગુજરાતના રેલના પાટા ઉપર પણ બુલેટની ગતીએ પણ આ ગતી દોડી રહી છે. ગુજરાત રાજયમાં ખાનગી વાહનોના માલિકે કામે રાખેલા ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન કરવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઇ કરવા બાબતનું આ વિધેયક રજૂ થયું છે. ડ્રાઇવરોનો વ્યવસાય કુશળતાભર્યા વ્યવસાયનો એક ભાગ છે. ડ્રાઇવરનો સારથી તરીકે માન વાચક સંબોધનથી ઉલ્લેખ થતો હોય છે. ડ્રાઇવરની કુશળતા જેટલી વધારે એટલી તેની રોજગાર વિષયક ક્ષમતા વધારે ગણાય છે. સામાન્ય વ્યવહારમાં આપણે જોઇએ છીએ કે કુશળ ડ્રાઇવરોને સમાજમાં માન અને સન્માન પણ મળતું હોય છે. ડ્રાઇવર ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ ગાડીમાં બેસનાર વ્યક્તિઓ છે તેને મંજિલ સુધી પહોંચાડે છે. આ સરકારે ભારત સરકારના માર્ગદર્શન હેઠળ ડ્રાઇવરની કુશળતા વધારવા આધુનિક ટેકનોલોજી, બેસ્ટ ઓફ ધ આર્ટ, વ્યવસ્થાપનનો સુયોગ્ય સામંજસ્ય કરીને અસરકારક યોજનાઓનો અમલ કર્યો છે. ડ્રાઇવરની કુશળતા વધારવા માટે ભારત સરકાર દ્વારા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડ્રાઇવિંગ ટ્રેઇનિંગ એન્ડ રિસર્ચ દ્વારા ૨૨-૧૨ એ એક માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી એના આધારે ડ્રાઇવરની સ્કીલને વધારવા માટેના પ્રયોગ થયા જેના કારણે ડ્રાઇવરનો મૃત્યુ દર ઘટે એ દિશામાં પગલાં લેવાયાં છે. આઇ.ડી.ટી.આર. દ્વારા જે બંદરો અને વાહન વ્યવહાર વિભાગ છે તેના દ્વારા જે પ્રકારે થિયરીકલ નોલેજના આધાર ઉપર સામાન્ય ડ્રાઇવરના ઉત્કર્ષ માટે પણ રાજય સરકાર ઊચિત પગલાં લઇ રહી છે. આઇ.ડી.ટી.આર. મોટર વ્હિકલ એકટ ૧૯૮૮, સેન્ટ્રલ મોટર વ્હિકલ રૂલ્સ-૧૯૮૯ના નિયમની જોગવાઇઓને આધીન ડ્રાઇવરોનું પ્રત્યક્ષ નિવાસી ટ્રેનિંગ થાય, એ ઉપરાંત એના કોમ્પ્યુટર સીમીલેટર દ્વારા વિસમ પરિસ્થિતિમાં પણ ડ્રાઇવરની યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા ડેવલપ થાય એ માટેની ટ્રેઇનિંગ આપવામાં આવે છે. કુશળ ટ્રેઇનરો દ્વારા આ ડ્રાઇવરોને યોગ્ય થિયરીકલ નોલેજ આપવામાં આવે છે અને ડ્રાઇવરોનું જે કૌશલ્ય શારીરિક અને માનસિક સ્વસ્થતા વધે તેના માટે કાળજી લેવામાં આવે છે. આ તાલીમ હેવી મોટર વ્હિકલના ડ્રાઇવરો માટે ઇન્ડકસન ટ્રેઇનિંગ કોર્સની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ કોર્સમાં ૨૨ કલાકની પ્રેક્ટિકલ તાલીમ, સોળ કલાકની સઘન થિયરીની તાલીમ, જેના કારણે ડ્રાઇવરોમાં માર્ગ પ્રત્યેની સભાનતા અને ટ્રાફિકમાં વાહન ચલાવવાનો વિશ્વાસ ઊભો થાય તે માટેની ટ્રેઇનિંગ આપવામાં આવે છે. આ રીતે લાઇટ મોટર વ્હિકલ જેને એલ.એમ.વી. કહે છે તેના ડ્રાઇવરોને ઇન્ડકસન ટ્રેઇનિંગ કોર્સ, લાઇટ મોટર વ્હિકલના ડ્રાઇવરોને જે ચિંતા છે એના ઉત્કર્ષ માટે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા આઇ.ડી.પી.આર.ની સર્વગ્રાહી વ્યવસ્થા છે.તેના માટે ૩૦ દિવસની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડ્રાઇવિંગ ટ્રેનિંગ સેન્ટરમાં ૧૦થી ૧૫ એકર જમીન પૂરતી આંતર માળખાકીય સુવિધાઓની જરૂર રહે છે. આ ડ્રાઇવિંગ ટ્રેનિંગ સેન્ટર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ છે તેનું સેન્ટ્રલ વર્કશોપ નરોડા ખાતે છે તેમાં સ્થાપવાની નેમ છે. છેલ્લા બે દાયકાથી ગુજરાતે ભારતમાં ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરિંગ, એગ્રીકલ્ચર, વાહનવ્યવહાર વગેરેમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એ સમયે ત્યાં ૧૬ ડિવિઝન, ૧૨૫ ડેપો, ૨૨૬ બસ સ્ટેશનો, ૮,૦૦૦થી વધુ બસોના ડ્રાઇવરોની ટ્રેનિંગનું કામ ચલાવવામાં આવે છે. સારથિ અને વાહન નામના બે વેબ પોર્ટલ, ૨૮ જેટલી સેવાઓની ફેસલેસ વ્યવસ્થા છે, તેમાં આર.ટી.ઓ. કચેરીમાં તેમને રૂબરૂ જવું પડતું નથી અને ડ્રાઇવરોના લાઇસન્સ સંબંધી જે કામ છે એ સરળતાથી પૂર્ણ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે એક્રિડિટેડ ડ્રાઇવિંગ સેન્ટર છે તેની સ્થાપનાના નિયમોની જોગવાઇ તા. ૨૦-૯-૨૦૨૨ના જાહેરનામાથી કરવામાં આવી છે. થિયોરિટીકલ અને પ્રેક્ટિકલ ટ્રેનિંગ જે આપવાની છે. દેશમાં થતાં અકસ્માતોમાં ૭૮ ટકા અકસ્માત ડ્રાઇવરની ભૂલથી થતા હોય છે. આ વખતે મને કહેવાનું મન થાય કે આપણા દેશમાં પણ ઘણા બધા અકસ્માતો

ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક, ૨૦૨૩

વર્ષોથી કુશળ ડ્રાઇવર નહોતા એટલે થતા હતા. કોંગ્રેસ પક્ષના લોકો બેઠા છે. આગળના વડાપ્રધાન હતા તેમને બે દીકરા હતા. એક દીકરો વિમાન ઉડાડવા માગતો હતો તેને દેશ ચલાવવા આપ્યો અને એકને દેશ ચલાવવો હતો તો તેને વિમાન ઉડાડવા આપ્યું. બન્નેના હાદસા આપણી સામે છે. કહેવાનો મતલબ એ છે કે હાદસા ન થાય. હાદસામાં ૭૮ ટકા ડ્રાઇવરની ભૂલ હોય છે આથી ડ્રાઇવરોને ગુણવત્તાયુક્ત કડક ઘોરણવાળી ડ્રાઇવિંગની તાલીમ એક્રિડિટેડ ડ્રાઇવિંગ સેન્ટર દ્વારા જોગવાઇથી આપવામાં આવે છે. આ બિલમાં કુશળ ડ્રાઇવરોના નિર્માણની ઓનલાઇન ફેસલેસ પ્રક્રિયા છે. એ સંદર્ભે સરકાર પારદર્શક રીતે ઘણું કામ કરી રહી છે એટલે મને એવું લાગે કે આ બિલની હાલ પૂરતી કોઇ આવશ્યકતા હોય એવું મને દેખાતું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, પહેલાં શ્રી કિરીટસિંહજીને ઘોડા હતા તો ઘોડા માટે લાઇસન્સની જરૂરિયાત નહોતી ને?

શ્રી હર્ષ સંઘવી(રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી) : સાહેબ, બાપુને લાઇસન્સની જરૂર ન પડે. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી બાબુભાઇ જમનાદાસ પટેલનું સન ૨૦૨૨-૨૩નું બિન સરકારી વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક છે જેમાં શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા, શ્રી અમિતભાઇ ઠાકર, શ્રી બાબુભાઇ જમનાદાસ પટેલ અને ડો.સી.જે ચાવડાજીએ પોતપોતાના જે મત રજૂ કર્યા છે અને અલગ અલગ સાત ભાગમાં માનનીય બાબુભાઇએ આ વિધેયકને મૂક્યું છે. માનનીય ધારાસભ્યશ્રીએ બિન સરકારી વિધેયક દાખલ કરવા અંગેના ઉદ્દેશો અને કારણો તરીકે રજૂ કરેલ કારણો અને હેતુઓ હું આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે જણાવ્યું છે કે હાલમાં એવું ધ્યાન પર આવ્યું છે કે ઘણાં બધાં લોકો તેમના ખાનગી વાહનો માટે ડ્રાઇવરને કામે રાખે અને ઘણીવાર ડ્રાઇવરોને કોઇ આરામ વિના દિવસના ૧૨ કલાક કામ કરવાની ફરજ પાડવામાં આવે છે. આ સંબંધમાં મારે જણાવવું છે કે ખાનગી વાહનોના ડ્રાઇવર તરીકે કામગીરી કરતા કે સેવાઓ આપતા ડ્રાઇવરોનું કોઇ સંગઠન અથવા આ પ્રકારની સંસ્થા હોવાનું જાણવામાં આવ્યું નથી. ખાનગી વાહનોના માલિકો દ્વારા ડ્રાઇવર પાસેથી ૧૨ કલાક કરતા વધુ સમય સેવાઓ લેવાની બાબતે કોઇ સંગઠનો દ્વારા કે વ્યક્તિગત રીતે કોઇ પગલાં લેવાં એવી રજૂઆત હમણાં સુધી ધ્યાન પર આવી નથી. હું માનું છું ત્યાં સુધી જી.એસ.આર.ટી.સી.માં પણ જે પ્રકારે નિયમ છે કે ડ્રાયવરો ૧૧ કલાક સુધી જ બસ ચલાવી શકે છે અને કોઇપણ વ્યકિત સામાન્ય રીતે જયારે ટ્રાવેલિંગ કરતી હોય તો ૧૧-૧૨ કલાક પછી સ્વાભાવિકપણે એ વ્યકિત ડ્રાઇવિંગ નથી કરી શકતો કારણ કે એને આરામની જરૂર હોય છે. વધુમાં કામ માટે ભાગ્યે જ તેમને પૂરતું વેતન આપવામાં આવે છે આ સંબંધમાં સભાગૃહને જણાવું કે માનનીય ધારાસભ્યશ્રીએ ખરેખર કેટલું વળતર ડ્રાઇવરને મળવાપાત્ર થાય અને કેટલું આપવામાં આવે અને તે કઇ રીતે પૂરતું નથી. આ અંગેની કોઇ આધારભૂત વિગતો સભાગૃહને રજૂ કરેલ નથી. એમણે જણાવ્યું કે અમુક અસામાન્ય અકસ્માતના કિસ્સામાં તેમના રજિસ્ટ્રેશનના અભાવે એવી વ્યકિતઓના ઠેકાણાની ભાળ મેળવવી મુશ્કેલ બને છે. અકસ્માતના સમયે જો આવું રજિસ્ટ્રેશન નહીં હોય તો વ્યકિતની ઓળખમાં મુશ્કેલી પડે છે, પરંતુ આવા કોઇ કિસ્સાઓ ખરેખર કોઇ ધ્યાન ઉપર આવેલ હોય તેમ જણાતું નથી. વાહનનું રજિસ્ટ્રેશન હોય, તેના વીમા હોય તે કંપનીઓ પાસે ઉતારેલા હોય છે, તેમાં વાહનોની વિગત, ઇલેક્ટ્રોનિકસ ડોકયુમેંટ વેબ ઉપર જળવાયેલ હોય છે તથા રેકોર્ડ કચેરી અને વાહન માલિક પાસે ફિઝિકલ પણ જળવાયેલા હોય છે. તેના ઉપરથી વાહન માલિકની ઓળખ થઇ શકે છે અને વાહન માલિક મારફતે અકસ્માત સમયે વાહન કોણ ચલાવતું હતું તેની પણ ભાળ મેળવી શકાય છે. એમણે જણાવ્યું છે કે તદ્ઉપરાંત એમની સેવા કોઇ નોટિસ વગર સમાપ્ત કરવામાં આવે છે. ખાનગી વાહનોના ડ્રાઇવર તરીકે કામગીરી કરતા કે સેવા આપતા ડ્રાઇવરોનું કોઇ સંગઠન હોવાનું જાણમાં નથી કે ખાનગી વાહનોના માલિક દ્વારા ડ્રાઇવરોની સેવા કોઇપણ પૂર્વ નોટિસ વિના સમાપ્ત કરવામાં આવે છે અને તેને કોઇ વળતર ચૂકવવામાં આવતું નથી. આવી બાબતો અંગે આવા કોઇ સંગઠન કે વ્યકિતગત રીતે ખાનગી વાહનોના માલિક સામે કોઇ પગલાં લેવાં રજૂઆત હોવાનું ધ્યાનમાં નથી આવતું. એમણે ''ચ''માં જણાવ્યું છે કે તેથી તેમના અધિકારોનું રક્ષણ કરવા માટે તેમના રજિસ્ટ્રેશન માટે તંત્રની જોગવાઇ કરવા ઉપર કાયદો અધિનિયમિત કરવાનું જરૂરી જણાય છે. ભારત સરકાર દ્વારા સેન્ટ્રલ મોટર વ્હિકલ એકટ ૧૯૮૮ અને સેન્ટ્રલ મોટર વ્હિકલ એકટ રૂલ્સ નં. ૧૯૮૯ અમલમાં લાવવામાં આવેલ છે અને આ એકટ અને રૂલ્સ દેશમાં પ્રવર્તમાન છે. સામાન્ય રીતે વાહનો સંબંધિત બાબતો આ એકટ અને રૂલ્સ હેઠળ નિયમો, વિનિયમો બનતા હોય છે અને ભારત સરકારે કરેલી જોગવાઇઓ પર્યાપ્ત છે અને આ જોગવાઇઓ પર્યાપ્ત નહી હોવાના સંબંધમાં કોઇ આધારભૂત વિગતો રજૂ કરવામાં આવેલ નથી. માનનીય ધારાસભ્યશ્રીએ આ બિનસરકારી વિધેયકની કલમ-૧ અને ૨ માં ટૂંકી સંજ્ઞા અને વ્યાખ્યા બાબતે જે ધ્યાન ઉપર મૂકેલા વિષયો છે એમાં હું જણાવવા માગું છું કે આ વિધેયક માત્ર લાઇટ મોટર વ્હિકલ પૂરતું જણાયું છે, પરંતુ લાઇટ મોટર વ્હિકલ સિવાય પણ ઘણાં વાહનો ખાનગી ગણાય છે. જેમ કે કંસ્ટ્રકશનના ઇકિવપમેન્ટ છે એ ઇકિવપમેન્ટમાં વપરાતાં વાહનો છે, અંગત વપરાશનું ડંમ્પર વાહન છે, અંગત વપરાશનું પ્રાઇવેટ સર્વિસ વ્હિકલ છે જેનો વિધેયકમાં કોઇપણ પ્રકારનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ વિધેયક પ્રાઇવેટ વ્હીકલ્સના ડ્રાઇવર માટે લાવવામાં આવેલ છે, પરંતુ પ્રાઇવેટ વ્હિકલની વ્યાખ્યા જણાવવામાં આવેલ નથી. ઉપરાંત આ વાહનો અંગેનો મૂળ કાયદો મોટર વ્હિકલ એકટ ૧૯૮૮નો છે. તેની જોગવાઇઓ વૈધાનિક પદ્ધતિઓની સામાન્ય પ્રક્રિયા પ્રમાણે બિન કોર્પોરેટ પ્રોવિઝન જે દાખલ કરવી જોઇએ જેનો આ વિધેયકમાં અભાવ છે. આ વિધેયકથી અલગ અલગ પ્રકારના ડ્રાઇવરો બાબતમાં અસમાનતા થશે. જે બંધારણીય સિદ્ધાંતોના સાથે સુસંગત નથી.

બિલમાં માત્ર લાઇટ મોટર વ્હિકલ એટલે કે એલ.એમ.વી.ના જ ખાનગી ડ્રાઇવરોને સમાવતી જોગવાઇ છે. અન્ય ખાનગી ડ્રાઇવરો બાબતે કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. આ બિલનું સ્વરૂપ વ્યાપક નથી. તેની જોગવાઇઓ સર્વગ્રાહી નથી. આમ વિધેયકમાં વ્યાપકતા તથા બંધારણીયતાનો અભાવ જણાય છે. કલમ-૩માં ખાનગી વાહનોના ડ્રાઇવરોનું રજિસ્ટ્રેશન કરવા બાબતના મુદ્દા મૂક્યા છે. સક્ષમ સત્તાધિકારીઓએ સરકારે ઠરાવેલી રીતે ખાનગી વાહનના ડ્રાઇવરનું ફરજિયાત રજિસ્ટ્રેશન કરવું જોઇશે. હું આ બાબતમાં સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે આ કલમમાં પ્રાઇવેટ વાહનોના ડ્રાઇવરની કંમ્પલ્સરી રજિસ્ટ્રેશનની જોગવાઇ વગર કોઇપણ ડ્રાઇવરને પ્રાઇવેટ વાહનના ડ્રાઇવર તરીકે રોકી શકાશે નહીં તેવી નિષેધાત્મક જોગવાઇ પણ કરવામાં આવી છે. મોટર વ્હિકલ એક્ટ-૧૯૮૮ની કલમ-૩ અને મોટર વાહન હંકારવા માટે ડ્રાઇવિંગ લાઇસન્સની ફરજિયાત જોગવાઇ કરવામાં આવી છે. જે એક રીતે ડ્રાઇવરનું રજિસ્ટ્રેશન જ ગણાય છે અને ડ્રાઇવરની વિગતો સારથિ સોફ્ટવેરમાં જાળવવામાં આવે છે. તે સંજોગોમાં વધારાની જોગવાઇ કરવાથી ડ્રાઇવરોનું ડુપ્લીકેશન થશે અને તંત્ર પર કામનો ખૂબ મોટો લોડ પડશે. ધી મોટર ટ્રાન્સપોર્ટ વર્ક્સ એક્ટ-૧૯૬૧નો મોટર ટ્રાન્સપોર્ટ અન્ડરટેકિંગને લાગુ પડતો કાયદો હાલ અમલમાં છે. આ કાયદા દ્વારા મોટર વાહન વર્કર્સ જેમાં ડ્રાઇવરોનો પણ સમાવેશ થઇ જાય છે. તેનો સમાવેશ કરી તેના માટે વેતન, અઠવાડિક રજા, કામના કલાકો વગેરે ઠરાવવામાં આવેલ છે. સૂચિત વિધેયકમાં આવી વિસ્તૃત અને વ્યાપક જોગવાઇઓ જણાઇ આવતી નથી. જેથી અમલીકરણ સુનિશ્ચિત થવામાં મુશ્કેલી પડે છે. આ કલમથી ઓથોરિટીના સૂચનાના અનાદર બદલ દંડની જોગવાઇ છે. આ જોગવાઇ પ્રમાણે દંડ કરવા ઓથોરિટીને જ સત્તા આપવા જોગવાઇ છે. આ જોગવાઇ પણ પૂરતી જણાતી નથી. કારણ કે કોઇપણ ગુનાઓ માટે પ્રોસિક્યુશન કરવા નામદાર કોર્ટને સત્તા હોવી જરૂરી છે. ઓથોરિટી દ્વારા દંડ થવાના કિસ્સામાં એને સાંભળવાની તક આપવી જરૂરી છે, જે આ વિધેયકમાં નથી. દંડની રકમ રૂપિયા ૫ હજાર કયા આધારે રાખેલ છે તેની કોઇ સ્પષ્ટતા થયેલ નથી. સમગ્રપણે આવી જોગવાઇઓ ખાનગી વાહન માલિકોમાં અસંતોષ ફેલાશે. તેને બિનજરૂરી કાયદાકીય આંટીઘૂંટીમાં ઉતરવું પડશે. લિટિગેશનનું પ્રમાણ વધશે. કોર્ટમાં આવા પ્રકારના કેસોનું ભારણ વધશે. સમગ્રપણે આવી જોગવાઇઓની નકારાત્મક અસરો ડ્રાઇવરોની રોજગારી ઉપર ખૂબ મોટા પ્રશ્નો ઊભા થશે. મારી આ તમામ હકીકતો અને વિગતો ધ્યાને લઇને હાલની જોગવાઇઓ પર્યાપ્ત હોવાનું અને પ્રશ્ન હેઠળનું વિધેયક કાયદામાં પરિવર્તિત કરવું આવશ્યક નહીં હોવાનું ધ્યાને લઇ માનનીય સભ્યશ્રીને તેમણે દાખલ કરેલ બિન સરકારી વિધેયકને પરત લેવાની હું ખાસ વિનંતી કરું છું.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિધેયક ઉપર ખૂબ સારી વાતો સભાગૃહના સભ્યશ્રીઓએ કરી છે. બાપુએ પણ ખૂબ સારી વાતો કરી અને માનનીય મંત્રીશ્રીએ પણ સારી વાત મૂકી છે ત્યારે સૌનો આભાર માનું છું. હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૮ : માનનીય સભ્યશ્રી પુનમચંદ બરંડા ગેરહાજર

સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૯ : માનનીય સભ્યશ્રી અમિત શાહ ગેરહાજર

સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક:૭

ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક, ૨૦૨૩

નાના કુટુંબ યોજના હેઠળ વંધ્યીકરણ કરાવેલ વ્યક્તિઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટેનું વિધેયક

શ્રીમતી રીટાબેન કે. પટેલ(ગાંધીનગર-ઉત્તર): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૩નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયકના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો મારે મોટા પરિવાર, કુટુંબથી જે સમાજ, રાજય અને રાષ્ટ્રને જે વિપરીત અસર થાય છે તેના ઉપર ચર્ચા કરવી છે. જયારે કોઇ મોટો પરિવાર હોય જેમાં બેથી વધારે બાળકો હોય ત્યારે અને એમાં પણ એ પરિવાર આર્થિક રીતે નબળો હોય ત્યારે એ પરિવારનાં બાળકો ઉપર માનસિક અને શારીરિક વિપરીત અસર થતી હોય છે. જયારે કોઇ પરિવારમાં સભ્યની કે એના પિતાની આવક ઓછી હોય અને બેથી વધારે બાળકો જો એ પરિવારમાં હોય તો એ બાળકોને અધવચ્ચેથી એમનું ભણતર છોડવું પડે છે. એ પરિવારની અંદર જો કોઇ બાળક શારીરિક રીતે તંદુરસ્ત ન હોય તો એ કુપોષણનો ભોગ બનતો હોય છે. ત્યારે ફકત એ પરિવારને નહીં પરંતુ એ પરિવારથી આગળ સમાજ, રાજય અને રાષ્ટ્રને પણ તેની વિપરીત અસર થતી હોય છે. જયારે કોઇ મોટો પરિવાર હોય, મોટું કુટુંબ હોય ત્યારે એ પરિવારમાં વધારે સભ્ય હોવાને

* વિધેયક તા. ૩જી માર્ચ, ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કારણે અન્ન, પાણી, રહેઠાણ, આવાસ, શિક્ષણ બધી જ માંગો ઊભી થતી હોય છે, ત્યારે આ માંગોને પૂરી કરવા માટે રાજય સરકારે ખૂબ મોટા પ્રમાણની અંદર બજેટ ફાળવવું પડતું હોય છે. ઘણીવખત એવું બનતું હોય છે કે મોટા પરિવારોની માંગ અને એની જરૂરિયાતોને પહોંચી વળવા માટે એ જરૂરિયાતો પાછળ રાજય સરકારની ખૂબ મોટી આવક વપરાતી હોય છે. આ વિધેયકની પ્રેરણા ઈજિપ્તના કેરો જાહેરનામા ૧૯૭૪થી લીધેલ છે. નાના કુટુંબને વૃદ્ધિ વિધેયકથી વસતિ વૃદ્ધિ નિયંત્રણની સાથેસાથે કુટુંબના કદને બે જીવિત બાળકો સુધી મર્યાદિત રાખનાર વ્યક્તિઓને કેટલાક પ્રોત્સાહનની પણ જોગવાઇ રાખવામાં આવેલ છે. મંજૂરી મળ્યે આ વિધેયક નાના કુટુંબને વૃદ્ધિ વિધેયક, ૨૦૨૩ જે રાજય સરકારશ્રી નકકી કરે તે તારીખથી સમગ્ર ગુજરાત રાજયમાં લાગુ પડશે. નાના કુટુંબને વૃદ્ધિ અધિનિયમ અમલી થયેથી સ્વૈચ્છિક વંધ્યીકરણ કરાવનાર પુખ્ત વયની વ્યક્તિને કલમ-૪ મુજબના પ્રોત્સાહન મળવાપાત્ર રહેશે. જેમાં લાભાર્થીઓને સરકારી હોસ્પિટલોમાં મફત સારવાર, ખાનગી શાળાઓમાં મફત શિક્ષણથી લઇને સરકારી નોકરી સુધીના લાભોનો સમાવેશ કરેલ છે. હોસ્પિટલો ખાતે વંધ્યીકરણની શસ્ત્રક્રિયાની સગવડ પણ ગુજરાત રાજયમાંની રાજય અથવા કેન્દ્ર સરકારની માલિકીની હોસ્પિટલ અથવા સ્થાનિક સત્તામંડળની માલિકીનું કોઇ આરોગ્ય કેન્દ્ર અથવા રાજય સરકાર જાહેર કરે તેવી ગુજરાત રાજયમાંની ખાનગી હોસ્પિટલ સામાન્ય રીતે આ રાજયની રહેવાસી હોય તેવી કોઇ પુખ્તવયની વ્યક્તિને કોઇપણ ચાર્જ લીધા વિના વંધ્યીકરણની શસ્ત્રક્રિયા કરી આપી શકાશે અને સંબંધિત વ્યક્તિને આવી શસ્ત્રક્રિયા કરનાર અધિકારીની સહી અને સિક્કાવાળું પ્રમાણપત્ર આપવું પડશે. ખાનગી હોસ્પિટલોને રાજય સરકાર નકકી કરે તેટલા દરે વંધ્યીકરણદીઠ ચાર્જ ચૂકવવાનો રહેશે અને તે માટેનો ખર્ચ કુટુંબકલ્યાણ કાર્યક્રમના હેતુ માટે આરોગ્ય વિભાગને આપવામાં આવતા વાર્ષિક અનુદાનમાંથી કરવો જોઇએ. કલમ-૪ પ્રોત્સાહનની યાદી મુજબ સ્વેચ્છાએ બે જીવિત સંતાન અંગેના માપદંડનું પાલન કરવા માટે સંમત થાય અને વંધ્યીકરણ કરાવે તેવી દરેક પુખ્તવયની વ્યક્તિ નીચેના તમામ અથવા તે પૈકીના કોઇપણ પ્રોત્સાહન માટે હક્કદાર રહેશે. જરૂરી લાયકાત અને માપદંડનું પાલન કરતા હોય તો એક સંતાનને સરકારી સેવામાં વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યા ઉપર રોજગાર, સરકારી સેવામાં પ્રવેશ મેળવવા માટે ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષ સુધીની છૂટછાટ, રાજય સરકારની હોસ્પિટલોમાં અને સ્થાનિક સત્તામંડળ દ્વારા સંચાલિત હોસ્પિટલોમાં દવા ઉપરના ખર્ચની ભરપાઇ સહિતની નિઃશુલ્ક તબીબી સારવાર મેળવવાનો હક્ક આપતું ખાસ આરોગ્ય કાર્ડ. બે સંતાનો માટે ખાનગી શાળાઓમાં ટ્યૂશન ફીની ચૂકવણી દ્વારા પ૦ ટકા નાણાકીય સહાય. સ્ત્રી સંતાનના કિસ્સામાં ખાનગી કોલેજોમાં મેડિકલ અને ટેકનિકલ શિક્ષણનો ખર્ચ અને ભોજન ખર્ચ તેમજ છાત્રાલય ફીના ખર્ચ સહિત ખાનગી શાળામાં અને કોલેજમાં શિક્ષણનો સંપૂર્ણ ખર્ચ. જો વ્યક્તિને બે સ્ત્રી સંતાન હોય તો દરેક સ્ત્રી સંતાનના લગ્ન માટે રૂ. એક લાખની સહાય, જો વ્યક્તિ રાજય સરકાર અથવા અર્ધસરકારી સેવામાં હોય તો ત્રણ અગ્રિમ ઈજાફા અને પતિ-પત્ની બંને સરકારી અથવા અર્ધસરકારી નોકરીમાં હોય તેવા કિસ્સામાં પતિ પત્ની બંને આ પ્રકારના ઈજાફા માટે હક્કદાર રહેશે. ખાસ અનાજકાળ અને રાજય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તેવા નિયત દરે અનાજ મેળવવા હક્કદાર રહેશે. વધુમાં જો કોઇ કારણસર આ અધિનિયમ હેઠળના લાભાર્થી કોઇ તબીબી કારણ સિવાય ફરીથી પ્રજનન શરૂ કરે તો મંજૂર કરવામાં આવેલા પ્રોત્સાહન રદ કરવામાં આવશે. રાજય સરકારશ્રી આ અધિનિયમની જોગવાઇના અમલીકરણના નિયમો કરી શકશે. એવું અનુભવાયું છે કે, ગુજરાત રાજયના વસતિ વધારાને નિયંત્રણ કરવાની જરૂર છે. જેથી વિકાસના લાભો મોટાભાગની વસતિને મળી શકે. એવું પણ અનુભવાયું છે કે, રાજય સરકાર દ્વારા અમુક પ્રોત્સાહન આપવામાં આવે તો લોકોને સ્વૈચ્છિક વંધ્યીત્વકરણ માટે પ્રોત્સાહિત કરી શકાય. તેથી સરકાર હેઠળના રોજગાર, નિઃશુલ્ક આરોગ્ય સંભાળ, ઉચ્ચ શિક્ષણ અને કોલેજ શિક્ષણ સહિત નિઃશુલ્ક શિક્ષણ, સહાયયુકત ખાદ્યસામગ્રીઓ, સરકારી કર્મચારીઓને અગ્રિમ ઈજાફા, સ્ત્રી સંતાનના લગ્ન માટેની નાણાકીય સહાય સ્વરૂપે પ્રોત્સાહન આપવા માટેની જોગવાઇ કરવાનું જરૂરી જણાયું છે. જો અધિનિયમની જોગવાઇ અમલમાં લાવવામાં આવે તો તે રાષ્ટ્રને ઝડપી પ્રગતિ તરફ દોરી શકે છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પ્રોત્સાહનો આપવાથી રાષ્ટ્રને સાચા અર્થમાં કુટુંબ કલ્યાણ તરફ દોરી શકાશે. મારા આ વિધેયકને મંજૂર કરવા માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું. આભાર.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રીટાબેન જે બિલ લઇને આવ્યા છે અને જે ચિંતા એમણે વ્યક્ત કરી છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ ગૃહની અંદર આપણને પ્રોત્સાહન મળે,

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ તમે સીધા બેસી જાઓ. માનનીય સભ્યશ્રીની વાત ચાલી રહી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વસતિ નિયંત્રણને પ્રોત્સાહન મળે એટલા માટે આપણે જે લોકલ બોડીઝની ચૂંટણીઓ છે તેમાં બે બાળકોના નોર્મ્સ રાખીને તેને જ આપણે એન્ટાઇટલ ગણ્યા હતા. એટલે તે વખતે પણ ગૃહે ચિંતા વ્યક્ત કરી હતી અને અત્યારે જે ચિંતા માનનીય સભ્યશ્રીની છે તેમાં મારો સૂર પૂરાવું છું. આપણે વસતિનું નિયંત્રણ કરવું જ પડશે અને નહીં કરીએ તો આપણે તેનાં ગંભીર પરિણામો ભોગવવા પડશે, પણ વસતિનું નિયંત્રણ કાયદાઓથી નથી થતું. તેના માટે હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ છે તે મજબૂત હોવો જોઇએ. માતા મૃત્યુદર ઘટાડવો જોઇએ, બાળકોનો મૃત્યુદર ઘટાડવો જોઇએ. મા-બાપ એટલાં માટે બીજાં-ત્રીજાં કે ચોથાં બાળકની અપેક્ષ રાખે છે કે, તેને ડર હોય છે કે, મારા બાળકને કંઇક થયું તો પછી મારો દીકરો કે દીકરી રહેશે નહીં. એટલે જયાં આ હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ ઊંચા છે તે રાજ્યોની અંદર નેટ

વસતિ વધારો છે તે શૂન્યની નજીક છે. કેરાલા, તમીલનાડુ, આંધ્રપ્રદેશ, જમ્મુ અને કાશ્મિર આના દાખલાઓ છે. જયાં હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ ખૂબ સારા છે. જયારે હ્યુમન ડેલપમેન્ટ ઇન્ડેક્ષ નીચા છે અથવા ચેલેન્જિંગ છે તેવા રાજ્યો, ભલે આપણે પ્રોગ્રેસિવ રાજ્ય હોઇએ પણ આપણે ત્યાં પણ હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ નીચો છે અને આપણે તળિયાના રાજ્યોમાં આવીએ છીએ. યુ.પી, બિહાર, રાજસ્થાન કે મધ્યપ્રદેશ હોય. આ રાજ્યોની અંદર હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ ચિંતાજનક છે. આરોગ્યની સારસંભાળ આખી દુનિયાની અંદર ડબલ્યુ.એચ.ઓ. સહિત બધાએ કહ્યું છે કે, જયાં આરોગ્યની સારસંભાળ વધારે લેવાય છે ત્યાં વસતિ વધારો કંટ્રોલમાં રહે છે. એ હદ સુધી કંટ્રોલમાં રહે છે કે અને મેં હમણાં કેરાલાની અંદર વાંચ્યું કે તેનો નેટ વસતિ વધારો ઝીરો છે. ત્યાં વસતિ વધારવા માટે પ્રોત્સાહન આપવું પડે છે. ચાઇનાની અંદર વસતિ વધારવા માટે પ્રોત્સાહન આપવું પડે છે. સ્વિટ્ઝર્લેન્ડ, સ્વિડનની અંદર તો ખૂબ મોટા પ્રોત્સાહન છે. આપણે એક તો ઝીરો સુધી પહોંચવા માટે થઇ આપણે ગોલ નકકી કરવો જોઇએ. હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ વધે તેની ચિંતા કરવી જોઇએ. બીજું તેની જે ન્યુનતમ આવક છે તે પણ ફિક્સ થવી જોઇએ. માનનીય સભ્યશ્રીએ જે સૂચનો કર્યાં છે તેના કરતાં પણ પ્રોત્સાહન ડબલ આપે અને હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષમાં બાળકો અને માતાનો મૃત્યુદર છે, તેમાં માનનીય આરોગ્ય મંત્રીશ્રી તેની ચિંતા કરી આપણે ગોલ નક્કી કરીએ કે, પાંચ વર્ષની અંદર આપણે માતા મૃત્યુદરમાં અને બાળ મૃત્યુદરમાં નંબર વન થવું છે અને એ પણ જ્યાં માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદર સૌથી વધારે ક્યાં છે? આદિવાસી બાળકોની અંદર, ગરીબ બાળકોની અંદર છે. આપણે એના હેલ્થની જો ચિંતા કરીશું તો આ બિલ ભલે આપણે લઇને આવ્યા પણ વાસ્તવિક અમલ કરવો જરૂરી નહીં પડે. આ બિલને હું ટેકો પણ આપુ છું અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ બિલ આપણી પરંપરા પ્રમાણે ભલે પાછું ખેંચાશે પણ આ બિલમાં જે ચિંતા કરી છે અને એનો જે હાર્દ છે એનો અમલ કરી અને જે પ્રોત્સાહનો છે એ ભૂતકાળમાં અપાતા હતા એ મને ખબર છે કે આપણે બધા પાંચ-પાંચ, છ-છ ભાઇ બહેનોવાળા લોકો બેઠા છીએ. હવે આપણા પછીનો પરિવાર છે એ બેથી વધારે ભાઇ-બહેનો કોઇને નથી એટલે એ વખતની સરકારોએ ખૂબ ચિંતા કરી હતી અને પ્રોત્સાહનો ખૂબ આપ્યા હતા. આપણે પણ પ્રોત્સાહનો આપીએ interventional પ્રકારના હોય, vasectomy tubectomy operation કરવાના હોય કે બીજા હોય એ વ્યાપક પ્રચાર કરીને કુટુંબો નાના બને અને એ બોજો પોતાના પરિવાર પર પણ ન આવે અને રાજય ઉપર પણ ન આવે એટલા માટે આપણે ગોલ નક્કી કરીએ કે બાળ મૃત્યુદર અને માતા મૃત્યુદર ઘટાડીને શૂન્ય કરીએ અને કેરળ જેવા આદર્શ રાજયની સમકક્ષ મૂકીએ. માનનીય સભ્યશ્રીએ જે ગોલ આ વિધેયક દ્વારા સૂચવ્યો છે એ હાંસલ કરીએ એ સાથે આ વિચારોને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ જ્યારે બિન સરકારી વિધેયક નાના કુટુંબોની વૃદ્ધિ પ્રોત્સાન વિધેયક ૨૦૨૩ લઇને આવ્યા છે ત્યારે એમને હું સમર્થન કરું છું અને તેના પર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારું માનવું છે કે, આપણી સંસ્કૃતિની ઓળખો, આપણા આદર્શો, આપણા મૂલ્યો અને પરંપરાની સંભાળની સાથે સાથે કુટુંબના વિકાસશીલ આયોજનમાં મદદરૂપ થવા માટે આ વિધેયક હાલના પ્રોત્સાહનને વેગ આપશે. રાજયમાં પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમ દ્વારા અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા છે અને આવા કાર્યક્રમોના અસરકારક અમલીકરણને પરિણામે રાજયમાં સંસ્થાકીય પ્રસૃતિનું પ્રમાણ વર્ષ ૨૦૦૧ અને ૨૦૦૨માં જે ૫૧.૪ ટકા હતું તે વધીને વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩માં ૯૯.૬૫ ટકા થયું છે. રાજયમાં પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમોના અસરકારક અમલીકરણને પરિણામે વર્ષ ૨૦૧૯માં દર હજારે જીવિત જન્મદર ઘટીને ૧૯.૩ અને મૃત્યુદર ઘટીને ૫.૬ તથા બાળ મૃત્યુદર ઘટીને ૨૩ થયો છે તેમજ માતાના મૃત્યુદરમાં પણ સારો એવો ઘટાડો થયો છે. આ તમામ કામગીરીને હજુ વધુ સારી બનાવવા માટે પ્રજનન સ્વાસ્થ્ય અને કુટુંબ નિયોજનની સેવાઓને શકય હોય તેટલી વ્યાપક પ્રમાણમાં જોગવાઇ કરવાથી રાજયના શિક્ષણ અને આરોગ્યના સ્તરમાં સુધારાની સાથે વસતિ અને કુદરતી સંશાધનો વચ્ચે પણ સંતુલનની સહાયતા મળી શકશે અને જ્યારે વાત કુદરતી સંશાધનોની થતી હોય ત્યારે ચોક્કસ કહેવાનું મન થાય છે કે, હવે તો કુદરતે પણ શીખી લીધું માણસની જેમ સ્વાર્થી થવાનું, સ્વાર્થ નહીં ત્યાં ધ્યાન ન દેવું અને જરૂર પડે ત્યાં બદલાઇ જવાનું, પોતાને સુખી રાખવા અન્યને દુઃખી કરવાનું હવે તો કુદરતે પણ શીખી લીધું માણસની જેમ સ્વાર્થી થવાનું, બસ માણસને હવે જરૂર છે બદલવાની, થોડું હવે નિસ્વાર્થ થવાની, પોતાના માટે ઘણું કર્યું પણ હવે થોડું કુદરત માટે પણ કરવાનું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનુ છું કે આ સભાગૃહના તમામ સદસ્યો પણ આ વાતને ચોક્કસપણે માનતા હશે કે, વસતિ વધારો એ અન્ય પરિબળોને તો અસર કરે જ છે, પરંતુ એ સાથે સાથે કુદરતી સંશાધનો પર ખૂબ મોટા પાયા પર અસરકારક થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોવિડ-૧૯ના સમયમાં પણ રોગચાળા દરમ્યાન આવશ્યક આરોગ્ય સેવાઓ અને સુવિધાઓ અવિરત ચાલુ રાખી કુટુંબ નિયોજનની સેવાઓ સુનિશ્ચિત કરવાથી વણ જોઇતી ગર્ભાવસ્થા અટકાવી માતા અને નવજાત શિશુના સ્વાસ્થ્ય સંબંધિત નકારાત્મક અસર નિવારી શકવા માટેની ખૂબ કામગીરી કરવામાં આવી,તે પણ ખૂબ સરાહનીય છે. સ્વૈચ્છિક રીતે માનવામાં આવે છે કે, વસતિનો મુદ્દો અલગ નથી, પરંતુ તેની સાથે સાથે સંભવિત તેમના સમગ્ર પરિણામો, તેમની અસરો તે પણ એક તેની સાથે સંકળાયેલા છે ત્યારે આર્થિક વિકાસ હોય કે દરેક માનવીના જીવન શૈલીની ગુણવત્તામાં

વધારો હોય, સંશાધનોનો વધુ પડતો વપરાશ હોય કે ગરીબીનું પ્રમાણ, આરોગ્યનું પ્રમાણ, શિક્ષણનું સારું પ્રમાણ આ તમામ પરિબળો કુટુંબ નિયોજનની મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે વધારે બાળકો ધરાવતાં દંપતિઓનાં બાળકોની આરોગ્ય સંભાળ, તેનું ગુણવત્તાસભર શિક્ષણ, બાળકોના ઉછેર જેવા આયામોમાં જયારે તકલીફ પડે છે, તેના પરિણામે કુપોષિત બાળકો**,** એનેમિક બાળકો વગેરે જેવી સમસ્યાઓ ઉત્પન્ન થાય છે, ત્યારે વસતિ વધારાની સમસ્યાના ઉકેલ માટે આ વિધેયક થકી આજની સમસ્યાઓના સમાધાનની ખાતરી મળશે અને સરકારશ્રીની આર્થિક નીતિને વેગ મળશે. રાજયના ઝડપી આર્થિક વિકાસ માટે અન્ય વિકાસના ફળ લોકો સુધી પહોંચે અને વધુને વધુ લોકો આ સરકારી યોજનાઓના લાભો વધુને વધુ લોકો સુધી પહોંચે તેના માટે મારું માનવું છે કે આ વિધેયકને હું સમર્થન આપું છું અને આ વિધેયકને પસાર કરવું જોઇએ.

ડો. દર્શના ચં. દેશમુખ**(**નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ તરફથી રજૂ કરેલ નાના કુટુંબને વૃદ્ધિ પ્રોત્સાહન વિધેયક-૨૦૨૩ને હું મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું કે વર્તમાન પરિસ્થિતિમાં વસતિ નિયંત્રણ કરવી તે માત્ર રાજયોનો જ નહીં પરંતુ આ દેશ માટે પણ એક પડકારરૂપ છે. એટલે જ માત્ર વ્યકિત દીઠ નહીં પરંતુ કુટુંબ અને સમાજના સાર્વત્રિક વિકાસ તેનો સાંસ્કૃતિક વારસો, તેના મૂલ્યો અને તેના આદર અને પરંપરાની સંભાળ માટે અને ભાવિ ઘડતરરૂપ યોજનાઓનું આયોજન કરવા માટે અને મદદરૂપ થવા માટે પણ આ વિધેયક હાલના પ્રયાસોને ખૂબ વેગ આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં માતા અને બાળ આરોગ્ય સ્તરને અસરકારક રીતે સુધારવાનો, ગરીબ અને ઓછી આવક ધરાવતાં લોકોની પરિવાર કલ્યાણની વણ-સંતોષાયેલી જરૂરિયાત પૂરી કરવા માટે અને માતા મરણદર, બાળ મરણદર અને માંદગીનું પ્રમાણ ઘટાડવા માટે પણ આ એક જરૂરી છે. વર્ષ ૧૯૯૭-૯૮માં પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. જેમાં માતા, બાળકો, તરૂણીઓ અને સંતતિ નિયમો અંગે સાંકળી લેવામાં આવેલ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં પ્રજનન માતા અને બાળ કલ્યાણનો ખૂબ જ અસરકારક રીતે અમલ કરવામાં આવ્યો છે અને જેના થકી વર્ષ ૨૦૦૧-૦૨માં જે માતાનો સંસ્થાકીય પ્રસૂતિનો દર ૫૧.૪ ટકા હતો જે વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને ૯૯.૭ ટકા થયો છે અને આના જ પરિણામે આ અસરકારક અમલીકરણના પરિણામ સ્વરૂપ આજે ઇન્ફન્ટ મોર્ટાલિટી રેઇટ અને નીઓ- નેટલ મોર્ટાલિટી રેઇટ પણ દર હજાર જીવિત જન્મે બાળકે ૨૬ અને ૧૫ થવા જઇ રહ્યો છે. માતા મૃત્યુનો પ્રમાણદર વર્ષ ૨૦૨૩માં ૧ લાખ જીવિત જન્મે ૫૭ થયો છે તે પણ સિદ્ધિ ગુજરાત સરકારે હાંસલ કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજના દરેક ક્ષેત્રમાં પ્રજનન, સ્વાસ્થ્ય અને કુટુંબ કલ્યાણની સેવાઓ શકય હોય એટલો તેનો વ્યાપ વધારવા માટે, એના ઉપલબ્ધિ માટેના તમામ પ્રયાસો કરવાથી રાજયમાં શિક્ષણ અને આરોગ્યના સ્તરમાં સુધારાની સાથે સાથે વસતિ અને કુદરતી સંશાધનો વચ્ચે પણ એક સંતુલન જાળવવામાં સહાયતા મળશે. ચિરંજીવી યોજનાની વાત કરું ત્યારે ગુજરાતમાં ૧૩ લાખ જેટલી સગર્ભા બહેનોની પ્રસૂતિ વિનામૂલ્યે કરવામાં આવી છે. તેની સાથે સાથે બાળસખા યોજના ત્રણ અંતર્ગત આ રાજયના ૨૦૬ જેટલા પિડિયાટ્રીક ડોકટરો સહભાગી થઇને ૪,૨૬,૧૩૩ જેટલાં બાળકોની એન.આઇ.સી.યુમાં સારવાર કરવામાં આવેલી છે. કોવિડ-૧૯ના સંક્રમણમાં પણ અતિ આવશ્યક જે આરોગ્યની સુવિધાઓ હતી તેની સાથે સાથે આ કુટુંબ કલ્યાણની સેવાઓ પણ સતત ચાલુ રાખીને વણ જોઇતા ગર્ભને અટકાવીને માતાને અને શિશુને જે કોઇ પણ તકલીફ પડતી હોય તેની નકારાત્મક અસરથી પણ આપણે બચાવી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે કુટુંબ મોટું હોય ત્યારે બાળકોના શિક્ષણ, આરોગ્ય અને તેના ઉછેરમાં પણ ખૂબ જ મુશ્કેલીઓ આવતી હોય છે. તો આ સમય દરમિયાન પણ તેને કુપોષણ અને શારીરિક એનિમિયા જેવી વસ્તુઓ પણ ઉદભવતી હોય છે, ત્યારે તે લોકોને કુટુંબ નિયોજનના આ પરિબળો રક્ષણાત્મક રીતે આવશ્યક બને છે. જ્યારે પણ દેશમાં ગુનાઓ થતા હોય છે ત્યારે ગરીબી, બેરોજગારી, નિરક્ષરતા અને અસુરક્ષા જેવી ભાવના ઉદભવતી હોય છે તેમાં પણ આ એક વસ્તી વધારાનું જ કારણ હોય છે. જ્યારે આજે માનનીય શ્રીમતી રીટાબેન આ વિધેયક લઈને આવ્યા છે, ત્યારે વસ્તી વધારાની સમસ્યાના ઉકેલ માટે સદર વિધેયક થકી આજની અનેક સમસ્યાઓના સમાધાનની ખાતરી સાથે સરકારની આર્થિક નીતિને વેગ મળશે અને મોટા કુટુંબો મર્યાદિત થાય તે હેતુથી નાનું કુટુંબ રાખવા માટે પ્રોત્સાહિત થાય તે દિશામાં રાજય સરકારે વિચારવું જોઈએ. જેથી કરીને 'નાનું કુટુંબ, સુખી કુટુંબ' અને સુખી જીવનનો આધાર જ નાનો અને સ્વસ્થ પરિવાર. એ સાથે હું આ વિધેયકને મારું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : દંકડ કક્ષાએ નામ ન હોય છતાં પણ કોઈ માનનીય સભ્યશ્રીને બોલવું હોય તો બોલી શકે છે. માનનીય ઇમરાનભાઈ, આપની ઈચ્છા હોય તો બોલી શકો છો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું તો કુંવારો માણસ છું એટલે મારી કોઈ ઈચ્છા નથી. મારું તો આમ પણ સમર્થન છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને જણાવવું છે કે મારા વિસ્તારમાં ૧૧ બહેનો અને ૯ ભાઈઓ તેવી રીતે સગા ૧૭ ભાઈ-બહેનો, ૧૬ ભાઈ-બહેનો આજની તારીખે હાજર છે એટલે આ વિશે વિચારવું જરૂરી છે.

ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક, ૨૦૨૩

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે બહુ ઉદારતાથી જણાવ્યું કે કોઈને પોતાની વાત રજૂ કરવી હોય તો કરી શકે છે ત્યારે લગભગ ગૃહના બધા સભ્યશ્રીઓ ઈચ્છે કે સમાજમાં સંદેશો જાય એટલા માટે માનનીય ઈમરાનભાઈએ બોલવું જોઈએ.

અધ્યક્ષશ્રી : તમારી બધાની મિત્રતા સારી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક, ૨૦૨૩ લઈને આવ્યા છે તે વિશે હું મારા વિચારો રજૂ કરું છું. ગૃહના બધા સભ્યશ્રીઓએ જે વાત કરી અને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર જે કામગીરી કરે છે તેના થકી આજે આપણે કયા સ્ટેજ ઉપર છીએ તેની પણ કેટલીક વાત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, વસ્તી વધારો એ વિકાસને ભરખી જતો હોય છે. કુદરતી સંશાધનો ઉપર પણ તેનો ખૂબ મોટો પ્રભાવ પડતો હોય છે. આપણા દેશના ભૂતપૂર્વ નેતાઓ પણ આ બાબતે જાગૃત અને સજાગ હતા. રાજ્ય સરકારે વર્ષ ૧૯૫૨થી કુટુંબ નિયોજનની જાણીતી કડી કુટુંબ કલ્યાણ યોજના હેઠળ અમલમાં મૂકી હતી. કુટુંબ નિયોજન કાર્યક્રમ અભિગમને પરિવાર કલ્યાણ કાર્યક્રમ તરીકે સ્વીકારી કુટુંબ નિયોજનની કાયમી પદ્ધતિઓ ઉપરાંત ગર્ભ નિરોધક સાધનો પૂરા પાડી બે બાળકો વચ્ચેનું અંતર રાખવા ઈચ્છિત દંપતિઓને આવરી લઈને તેની સેવાઓ પૂરી પાડવા ઉપર ધ્યાન આપ્યું છે. સાથે સાથે લાઈફ સાઇકલ એપ્રોચ અંતર્ગત કિશોર અવસ્થા, ગર્ભાવસ્થા, બાળ અવસ્થા, બાળ જન્મ, જન્મ પછીનો સમયગાળો, વિવિધ સંકલિત આરોગ્ય સેવાઓ, આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઘરે જઈ ઓ.પી.ડી.માં આઉટ પેશન્ટ સેવાઓ, જરૂર જણાયે દાખલ કરીને પણ ઈન-પેશન્ટ સેવાઓ સરકારી દવાખાનામાં આપીએ જ છીએ. પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમમાં સંકલિત જીવન ચક્ર અભિગમ અપનાવી માતા, બાળક, તરૂણાવસ્થાનું આરોગ્ય, પોષણ અને સંતતિ નિયમનની બાબતોને પણ સાંકળી લેવાય છે. જેનો લક્ષ્ય માતા મરણ દર, બાળ મરણ દર અને માંદગીનું પ્રમાણ ઘટાડવાનું અને પ્રજનન, આરોગ્યની જાળવણી દ્વારા વસતિ સ્થિરતામાં ફાળો આપવાનું છે. આ કાર્યક્રમમાં માતા આરોગ્ય, બાળ આરોગ્ય, કુટુંબ કલ્યાણ, તરુણાવસ્થાનું આરોગ્ય, પોષણ એમ પાંચ બાબતોનો સમાવેશ થયો છે. રાજ્યસરકારની આરોગ્યની સેવાઓ ગુણવત્તાસભર વિકસાવવા અને વધારવાના ધ્યેય સાથે માતા મૃત્યુદર, બાળ મૃત્યુદર તેમજ કુલ પ્રજનન દર ઘટાડી તે હાંસલ કરવાની દિશામાં આપણે સતત કાર્યરત રહ્યા છીએ અને કટિબદ્ધ પણ છીએ. કુટુંબ કલ્યાણ એ વૈચારિક જીવન જીવવાનો રસ્તો છે. જેમાં દંપત્તિ કે વ્યક્તિના સ્વાસ્થ્ય કલ્યાણનો વિકાસ પણ સમાયેલો હોય છે. આ માટે પાયાની જાણકારી અને વલણ અગત્યના નિર્ણયો પર આધારિત છે. આ સ્વૈચ્છિક રીતે સ્વીકૃત હોવું જોઈએ. સમજણ કે શિક્ષણનો અભાવ, ઘરમાં બાળકોની સંખ્યા, બાળકોનું પાલન-પોષણ વગેરે જેવી પરિસ્થિતિ અંતર્ગત આપણે સામાજિક નિર્ણાયકની દિશામાં આગળ વધવાની જરૂર છે. બાળજન્મ અટકાવવો અને માતા મરણદરમાં ઘટાડો કરવાનો વિષય પણ ખૂબ મહત્ત્વનો છે. વર્ષ ૧૯૫૨થી ચાલતા કાર્યક્રમોમાં દેશ અને રાજ્યો પણ આ કડીની અંદર આગળ વધતા રહ્યા છે. સમયાંતરે સમગ્ર પ્રજા જીવન અને સમાજ જીવનમાં એક આમૂલ પરિવર્તન આવ્યું. વસતિ ગણતરીનાં પરિણામો મુજબ, રાજ્યમાં વર્ષ ૧૯૯૧-૨૦૦૧ દરમિયાન ૨૨.૭ ટકાનો વૃદ્ધિદર ઘટીને વર્ષ ૨૦૦૧-૨૦૧૧માં ૧૯.૦૩ ટકા થયો. આમ, આ આંકડા બતાવે છે કે, આપણે ઈન્ક્રિઝિંગ ટ્રેન્ડ ઉપર છીએ. ગુજરાત રાજ્યે પ્રજનન દરમાં ૧.૯ ટકાનો નોંધપાત્ર ઘટાડો પ્રાપ્ત કરેલ છે. આ ઘટાડો મુખ્યત્વે રાજ્ય સરકાર દ્વારા કુટુંબ નિયોજન કાર્યક્રમના અસરકારક અમલીકરણને કારણે થયો છે. રાજ્યમાં પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમોના અસરકારક અમલીકરણના પરિણામે વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૫.૩૮ લાખ સ્ત્રીઓને કોપર-ટી અને ૨.૪૩ લાખ નસબંધીના ઓપરેશનો થયા છે. વર્ષ ૧૯૮૦નો દર હજારે ૩૫.૮નો જીવિત જન્મદર ઘટીને વર્ષ ૨૦૨૨માં ૧૯.૩ થયો છે, વર્ષ ૧૯૮૦નો દર હજારે ૧૨.૨નો મૃત્યુદર ઘટીને વર્ષ ૨૦૨૨માં ૫.૬ થયો છે, વર્ષ ૧૯૮૦નો દર હજારે જીવિત જન્મએ ૧૧૩નો બાળમૃત્યુદર ઘટીને ૨૩ થયો છે. રાજ્યમાં સંસ્થાકીય પ્રસૂતિનું પ્રમાણ વર્ષ ૨૦૦૧-૦૨માં ૫૧.૪ ટકા હતું, જે વધીને વર્ષ ૨૦૨૨-૨૩માં ૯૯.૧૨ ટકા થયું. રાજ્યનો માતા મૃત્યુદર વર્ષ ૨૦૦૧-૦૩ દરમિયાન પ્રતિ એક લાખ જીવિત જન્મે ૧૭૨ હતો, તે વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૭ થયો. ચિરંજીવી યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં ૩.૫ કરોડ અને બાળસખા યોજનામાં ૧૬૬.૯૧ કરોડ બાળજન્મ સંબંધિત આઉટ ઓફ પોકેટ ખર્ચ આપણે ઘટાડ્યો છે. કુટુંબનિયોજન માટેની આવશ્યકતાઓ અભિગમ અંતર્ગત હોય છે. નાના કુટુંબના ધોરણો સ્વૈચ્છિક છે. પ્રજનન અભિગમ એ વ્યક્તિનો મૌલિક અભિગમ છે. જેમાં વ્યક્તિને કુટુંબની યોજના બનાવવાનો, ગર્ભાવસ્થા સમાપ્ત કરવાનો, ગર્ભનિરોધકનો ઉપયોગ કરવાનો અને પ્રજનનને લગતી સેવાઓની માહિતી મેળવવાના અધિકારોનો સમાવેશ થઈ શકે છે. કુટુંબ નિયોજનની પદ્ધતિઓને અપનાવવા માટે પ્રોત્સાહન આપવાની યોજના સંદર્ભે ભારત સરકાર તરફેણકર્તા નથી. હાલમાં દીકરી યોજના અંતર્ગત રાજ્ય સરકારશ્રીના બજેટ ભારણ હેઠળ ફક્ત એક અથવા બે દીકરીઓ હોય તેવા દંપતિ પૈકી કોઈ એક પણ નશબંધી કરાવે તો, તેઓને રાષ્ટ્રીય બચત પત્રો આપવાની રાજ્ય સરકારની ખાસ પુરસ્કૃત યોજના છે પણ દીકરો ન હોવો જોઈએ. જે દંપતિને સંતાનમાં એકમાત્ર દીકરી હોય અને પુરુષ-સ્ત્રી નશબંધી કરાવે તો રૂપિયા ૬૦ હજાર તથા સંતાનમાં બે દીકરીઓ હોય અને નશબંધી કરાવે તો રૂપિયા ૫ હજારના રાષ્ટ્રીય બચત પત્રો આપણે આપીએ છીએ. કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની માલિકીની હૉસ્પિટલ અથવા સ્થાનિક સત્તા મંડળની માલિકીઓનું કોઈપણ આરોગ્ય કેન્દ્ર અથવા રાજ્ય સરકાર જાહેર કરે તેવી ગુજરાત રાજયમાંની ખાનગી હૉસ્પિટલમાં સામાન્ય

રીતે કોઇપણ લક્ષિત દંપતિને કોઇપણ ચાર્જ લીધા વિના આપણે વંધ્યીકરણનું કામ કરીએ છીએ. આ ઉપરાંત, ભારત સરકારશ્રીએ મુકરર કરેલા ધોરણો અનુસાર રાજ્ય સરકારશ્રી દ્વારા નશબંધી કરાવનાર લાભાર્થી સ્ત્રી જો સરકારી સંસ્થામાં નશબંધી કરાવે તો રૂપિયા ૨ હજાર અને પ્રાઇવેટ સંસ્થામાં નશબંધી કરાવે તો રૂપિયા ૩ હજાર અને પુરુષ નશબંધી કરાવે તો રૂપિયા ૨૭૦૦/-ની સહાય ચૂકવીએ છીએ. મહિલા સશક્તિકરણ, માનવ વિકાસ, મહિલાઓને સમાન અધિકારના પ્રવર્તમાન કાર્યક્રમો અને અગાઉ જણાવેલ પરિણામો ધ્યાને લેતાં, રાજ્ય સરકારે નાના કુટુંબ અંગેના કાર્યક્રમને ગંભીરતાથી લક્ષ્યમાં લઇને પગલાં ભર્યાં છે. જે ધ્યાને લેવા માનનીય રીટાબેનને મારી વિનંતી છે. રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા વસતિ વધારાને નિયંત્રિત રાખવા માટે કુટુંબ કલ્યાણના કાર્યક્રમને પણ આવરી લીધેલ છે. આ સતત ચાલતી પ્રક્રિયા છે. કદાચ આપના સજેશનો સારા હોઇ શકે છે. પરંતુ આ સજેશનો અંતર્ગત રાજય સરકાર અને કેન્દ્ર સરકાર બંને આ દિશામાં ખૂબ જ કામ કરી રહી છે ત્યારે આપ આ વિધેયક પાછું ખેંચો એવી મારી આપને વિનંતી છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૩નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) બિન-સરકારી વિધેયક ઉપર માનનીય મંત્રીશ્રી દ્વારા હકારાત્મક અને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. જેને હું માન્ય રાખું છું. હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૭, ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક, ૨૦૨૩ પાછું ખેંચી લેવાની સભાગૃહ પાસે અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

સભાગૃહનું કામકાજ સાંજના ૪-૦૮ વાગ્યે પૂરુ થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શનિવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૩ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

શનિવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૩

ફાલ્ગુન ૨૭, ૧૯૪૪ શાકે

સભાગૃહ સવારના ૮-૩૦ વાગે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

અંજાર તથા ગાંધીધામ તાલુકાના વિડી જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ ગામો

*૨૨૬૧ **શ્રી ત્રિકમ છાંગા** (અંજાર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અંજાર તથા ગાંધીધામ તાલુકાના કેટલા ગામોને વિડી જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને	(૧) અંજાર તાલુકાના-૦૭ ગામ તથા ગાંધીધામ તાલુકાના-૦૪ ગામ.
(૨) આ યોજના પાછળ કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે ?	(૨) અંદાજિત કિંમત રૂ.૩૯૮૬.૧૭ લાખ.

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વીડી જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ કેટલા તેમજ કયા કયા ગામોનો સમાવેશ થયેલ છે? આ યોજનાથી કેટલી વસ્તીને લાભ થનાર છે અને યોજનાનો સોર્સ તેમજ ભૌતિક પ્રગતિની વિગત આપવા વિનંતી છે.

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લો એટલે વિસ્તારની દૃષ્ટિએ જોઇએ તો ગુજરાતમાં સૌથી મોટો જિલ્લો છે. કચ્છ એટલે પીવાના પાણી અને સિંચાઇ માટેનો કાયમી ઘોરણે મુશ્કેલીવાળો વિસ્તાર છે. આ દુર્ગમ વિસ્તારને સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ આધારિત ઢાંકીથી માળિયા, માળિયાથી ખીરસરા સુધીની બલ્ક પાઇપલાઇનનાં કામો હાથ ધરી વીડી, અંજાર, ગાંધીધામ વિસ્તાર નર્મદા ડેમથી આશરે ૫૫૦ કિલોમિટરના અંતરે આવા દુર્ગમ અને અછત વિસ્તારમાં પણ નર્મદાનું પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય રાજ્ય સરકારશ્રીના પાણી પુરવઠા વિભાગે કર્યું છે. એટલું જ નહિ નર્મદા ઉપરાંત ટપર ડેમ આધારિત પાઇપલાઇનનાં કામો પૂર્ણ કરીને પાણીનો જથ્થો વધારવામાં આવેલ છે અને મોટાભાગે બધાં જ ગામડાંને સરફેશ સોર્સ ઉપર લઇ જવા માટેનું અમારું આયોજન છે. બલ્ક પાઇપલાઇનની સાથોસાથ કચ્છ જિલ્લામાં વિવિધ જૂથ યોજનાઓ અંતર્ગત જળ શુદ્ધીકરણ પ્લાન્ટ, હેડ વર્ક, સબ હેડ વર્ક, પમ્પિંગ મશીનથી પાણી વિતરણ માટે પાઇપલાઇનનાં કામો હાથ ધર્યાં છે. પીવાનું શુદ્ધ પાણી અંતરિયાળ ગામો સુધી પહોંચે એ માટે જોગવાઇ અને યોજના છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન અને ધન્યવાદ આપું છું કે, આ વખતે અમને સપોર્ટ કરીને લગભગ રૂપિયા ૬ હજાર કરોડ જેટલી વધારાની જોગવાઇ આ વિભાગમાં કરી છે. અમારા માનનીય સભ્યશ્રીના ખાસ મૂળ પ્રશ્નની વાત છે, એમાં વીડી જૂથ યોજના એ કેન્દ્ર સરકારની મહત્ત્વની યોજના છે. દરેક ગામને સરફેસ સોર્સથી જોડી અંજાર અને ગાંધીધામ તાલુકાના બાકી રહેતા ગામોને પણ નવી વીડી જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા સરફેસ સોર્સથી પાણી આપવાનું આયોજન છે. આ યોજનામાં અંજાર તાલુકાના સાત ગામ, એક પરૂ, ગાંધીધામ તાલુકાના ચાર ગામ અને એક શહેર આદીપુરનો સમાવેશ કર્યો છે.અંજારના સાત ગામ છે એમાં વીડી, માથક, સંઘાડ, રામપર, તુણા, દેવળિયા, મેઘપર કુંભારડી અને પરૂ એટલે વંડી. ગાંધીધામના સિણાય, કિડાણા, અંતરજાળ, ભારાપર અને શહેર આદીપુર. આમ, કુલ ૧૧ ગામ, એક પરૂ અને એક શહેરનો આ યોજનામાં સમાવેશ થાય છે. આ યોજના પૂર્ણ થતા ૪.૨૫ લાખની વસ્તીને ૪૫ એમ.એલ.ડી. જેટલું શુદ્ધ પાણી મળતું થશે. આ સોર્સ નર્મદા કેનાલ અને ટપર ડેમ આધારિત એટલે એન-સી ૧૧ ના માધ્યમથી પીવાનું પાણી મળશે. વીડી જૂથ યોજનાનાં કામો પ્રગતિ હેઠળ છે અને લગભગ ૨૬ ટકા જેવું કામ પૂર્ણ થયું છે.

અધ્યક્ષશ્રી : માનનીય અનિરુદ્ધભાઇ દવે, અહીંયા પ્રશ્નના જવાબમાં ઘણું બધું આવી ગયું છે. હવે ન આવ્યું હોય એટલો જ પ્રશ્ન પૂછો.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, વીડી યોજનામાં સમાવિષ્ટ ગામો હાલ ક્યાંથી પાણી મેળવે છે?

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના આધારિત જે ગામો છે એમાં ખાસ કરીને અંજાર તાલુકાના ગામો છે એ બધા પાતાળકૂવા આધારિત અંજાર જૂથ પાણી પુરવઠા યોજનામાંથી અત્યારે પાણી મેળવે છે અને ગાંધીધામના બધા ગામો પાતાળકૂવા તેમજ નર્મદા આધારિત કંડલા-ગાંધીધામ જૂથ પાણી પુરવઠા યોજનામાંથી અત્યારે પાણી મેળવે છે. આદીપુર શહેર પણ પાતાળકૂવા તેમજ નર્મદા આધારિત કંડલા જૂથ પાણી પુરવઠા યોજનામાંથી અત્યારે પાણી મેળવે છે.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં જયારે પાણીની વ્યવસ્થાને સુદૃઢ બનાવવા માટે અનેક કાર્યો કાર્યરત છે, ત્યારે આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વીડી જૂથ પાણી પુરવઠા યોજનાને

કયારે વહીવટી મંજૂરી મળી, આ કામોની શરૂઆત કયારે કરવામાં આવી? અને આ વ્યવસ્થા ક્યારે પૂર્ણ થઈ અને ક્યારે કાર્યરત થવાની છે?

શ્રી કુવરજીભાઈ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જયારે ચિંતા કરી છે ત્યારે હું આપના માધ્યમથી જણાવવા માગું છું કે આ યોજનાને તા.૨૫-૧-૨૦૨૨ના રોજ અંદાજિત રકમ રૂ. ૪૬.૭૯ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી. આ યોજનાના ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી મંજૂરી તા.૪-૧૦-૨૦૨૨ના રોજ કામ શરૂ કરવા માટેનું એલોય આપવામાં આવ્યું. આ કામ એપ્રિલ-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

ભાવનગર જિલ્લામાં નવા વીજ સબસ્ટેશન

*૨૨૮૯ **શ્રી ગૌતમભાઈ ચૌહાણ** (તળાજા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા નવા વીજ સબ સ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને	(૧) ૪(ચાર).
(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?	(૨) રૂ.૭૧૮૨.૧૯ લાખ.

શ્રી ગૌતમભાઈ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, નવું સબ સ્ટેશન બનાવવા માટેની જરૂરિયાત ક્યારે ઊભી થાય છે અને નવું સબ સ્ટેશન બનાવવાના માપદંડ શું છે અને એની પ્રક્રિયા શું છે?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સમગ્ર દેશમાં એવું રાજય છે કે ગુજરાતમાં સતત અને સાતત્યપૂર્ણ વીજળી ક્વોલિટી સાથેની મળી રહે છે ત્યારે નવા વીજ સ્ટેશનની જે સ્થાપનાની વાત કરવામાં આવી છે એના માપદંડો અને એની કાર્યવાહી વિશે જણાવું તો જયારે કોઇપણ વિસ્તારમાં નવા વીજ સ્ટેશનની માગણી આવે, ત્યારે વીજ જોડાણની માગણીવાળા સ્થળ નજીકના હયાત વીજ ફિડર કે સબ સ્ટેશન પરથી જોડાણ આપવામાં આવે છે. જો હયાત વીજ ફિડર ઉપર નકકી કરેલી ક્ષમતા કરતા વધુ લોડ હોય તેવા સંજોગોમાં કે ફિડરની લંબાઇ વધુ હોય એ કારણે હયાત ફિડર ઉપર જોડાણ આપી ન શકવાથી ગ્રાહકને પૂરતો લોડ મળે તેમ ન હોય તેવા સંજોગોમાં સામાન્ય રીતે હયાત વીજ ફિડરનું વિભાજન કરવામાં આવે છે અને વીજ માંગ પૂરી કરવામાં આવે છે. પરંતુ સબ સ્ટેશનમાં કન્ટ્રોલ રૂમનું વિસ્તરણ થઇ શકે તેમ ન હોય ત્યારે વીજ ફિડરનું વિભાજન પણ શકય બનતું નથી ત્યારે નવું સબ સ્ટેશન બનાવવું જરૂરી બને છે. આવા સંજોગોમાં નવા સબ સ્ટેશન માટે લોડ સેન્ટરને ધ્યાનમાં રાખીને વીજ વિતરણ કંપની દ્વારા નવું વીજ સ્ટેશન સ્થાપવા માટેની દરખાસ્ત મંજૂર કરીને જેટકો એટલે કે વીજ પ્રવાહન કંપનીને સબ સ્ટેશન બનાવવાની આગળની કાર્યવાહી કરવા માટે જણાવવામાં આવે છે. સબ સ્ટેશન બન્યા બાદ સબ સ્ટેશનમાંથી પૂરતા પ્રમાણમાં ફિડર નીકળી શકે તેવી ભૌગોલિક સ્થિતિ હોવી જોઇએ. સબ સ્ટેશન માટે કરવાની થતી અતિ ભારે વીજ લાઇન રૂટ માટે ટેકનિકલ ભૌગોલિક વગેરે જેવા પાસાઓને ધ્યાને લઇને રૂટ નક્કી કરવામાં આવે છે અને હયાત ૬૬ કે.વી. સબ સ્ટેશનમાંથી ૬૦ એમ.વી.એ.ની ક્ષમતાના ૮૦ ટકા સુધી જ નવા વીજ જોડાણો મંજૂર કરવામાં આવે છે અને ત્યારબાદ નવા વીજ જોડાણો માટે નવું સબ સ્ટેશન બનાવવામાં આવે છે. ૬૬ કે.વી. સબ સ્ટેશન માટે ૪,૯૦૦ ચોરસ મીટર એટલે કે ૭૦ બાય ૭૦ નો પ્લોટ જરૂરી હોય છે. એમાં રૂપિયા ૮ કરોડ જેટલો ખર્ચ થાય છે અને એને બનાવવા માટે ૮થી ૧૨ મહિનાનો સમય લાગે છે. જયારે ૧૩૨ કે.વી. સબ સ્ટેશન માટે ૧૫૦ બાય ૧૫૦નો પ્લોટ જોઇએ છે. રૂપિયા ૩૦થી ૩૫ કરોડનો ખર્ચો થાય છે. ૨૦થી ૨૪ મહિનાના સમયગાળામાં એ તૈયાર થાય છે. ૨૨૦ કે.વી. માટે ૨૫૦ બાય ૨૫૦નો પ્લોટ જોઇએ અને રૂપિયા ૪૫થી ૫૫ કરોડની વચ્ચે આનો ખર્ચ થાય છે અને ૨૦થી ૨૪ મહિનામાં એ પૂર્ણ થઇ શકે છે. ૪૦૦ કે.વી. સબ સ્ટેશન માટે ૩૪૦ બાય ૪૦૦નો પ્લોટ જોઇએ એટલે કે ૨,૧૬,૦૦૦ ચોરસ મીટર જગ્યા જોઇએ છે. એમાં રૂપિયા ૨૮૦થી ૩૦૦ કરોડ જેટલો ખર્ચ થાય છે અને ૩૦થી ૩૬ મહિનામાં એ કામગીરી પૂર્ણ થાય છે. આ સબ સ્ટેશનની જયારે વાત આવે છે ત્યારે આ સભાગૃહના સરવે સભ્યોને મારે જણાવવું છે કે સબ સ્ટેશન માટે જયારે જમીનની પસંદગી કરવામાં આવે એ માટે ડેપ્યુટી કલેકટર અથવા મામલતદારને જણાવવામાં આવે. એ લોકો સ્થળ તપાસ કરી ફિઝિબિલિટી રિપોર્ટ આપે અને ત્યાર પછી કલેકટરની જો પોઝિટિવ નોટ હોય તો એની ડિમાન્ડ નોટ વીજ પ્રવહન કંપનીને મોકલી આપે છે. એ ડિમાન્ડ નોટની ભરપાઇ થયા પછી કલેકટર કચેરી જમીનનો કબજો સોંપવા માટે હુકમ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજ કંપની તરફથી ડી.આઇ.એલ.આર. સાથે માપણી કરીને જમીનનો કબજો લેવામાં આવે છે અને તે પછી ટેન્ડરની પ્રક્રિયા કરી લોએસ્ટ બિડરને આ સબ સ્ટેશન બનાવવાનો ઓર્ડર આપવામાં આપવામાં આવે છે. આ સબ સ્ટેશન બનાવવા માટે ઘણી બધી પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હોય છે. તેના માટે રેલવે ક્રોસિંગ, હાઇવે ક્રોસિંગ, નેશનલ હાઇવે ઓથોરિટી, જી.આઇ.ડી.સી., સિંચાઇ વિભાગ, વન વિભાગ, નગરપાલિકા તેમજ મહાનગરપાલિકા વગેરેની મંજૂરીઓ લેવાની થતી હોઇ વીજ લાઇનની કામગીરી પૂર્ણ કરવા માટે કયારેક વિલંબ પણ થતો હોય છે. એક વાત જણાવતા આનંદ થાય છે કે, સન ૨૦૨૩ની સ્થિતિએ આપણી પાસે સબ સ્ટેશનોની સંખ્યા ૨,૨૬૧ની છે. પરંતુ વર્ષ ૨૦૦૨ સુધી આપણી પાસે ખાલી ૭૦૫ સબ સ્ટેશન હતા. એટલે કે વર્ષ ૨૦૦૨ પછી....

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તે પછી આખા રાજ્યનો પ્રશ્ન થઇ જશે. ભાવનગરમાં જે ચાર સબ સ્ટેશન આપે મંજૂર કર્યા છે તેની આજુબાજુ રહીશું તો આ પ્રશ્ન ઓપન નહીં થાય. પ્રશ્નનો જવાબ મોટાભાગે આવી ગયો છે. સભ્યશ્રીએ જે ત્રણ પ્રશ્નો પૂછ્યા તેનો જવાબ આવી ગયો છે.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભાવનગર જિલ્લામાં આગામી બે વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો બનાવવાનું આયોજન છે, તેમાં પાલિતાણા તાલુકામાં કોઇ નવા સબ સ્ટેશન બનાવવાનું આયોજન છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આ જે ચાર નવા બનાવ્યા તેના સિવાયની વાત છે ને?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં આગામી બે નાણાકીય વર્ષ દરમ્યાન આયોજિત સબસ્ટેશનોની યાદી આ પ્રમાણે છે. સન ૨૦૨૨-૨૩માં ૬૬ કે.વી.ના બે સબ સ્ટેશન બનાવવામાં આવશે. ૬૬ કે.વી. સબ સ્ટેશન ભાણવડ ખાતે અને ૬૬ કે.વી. સબ સ્ટેશન સારંગપુર-ડમરાળા ખાતે બનાવવાનું આયોજન છે. સન ૨૦૨૩-૨૪માં ૬૬ કે.વી. સબ સ્ટેશન સુખપર ખાતે બનાવવામાં આવશે. આમ કુલ ત્રણ સબ સ્ટેશન બનાવવામાં આવશે. ૬૬ કે.વી. સબ સ્ટેશન ભાણવડ અને સારંગપુરનું કાર્ય પ્રગતિ હેઠળ છે. ૬૬ કે.વી. સબ સ્ટેશન સુખપર માટે જમીન ફાળવણી અંગેની દરખાસ્ત તા. ૧૦-૮-૨૦૨૨ ના રોજ કલેકટર કચેરીને આપેલ છે. તેમાં સિવિલ બાંધકામની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મહુવા, પાલીતાણા, તળાજા સમગ્ર જિલ્લામાં જે નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત થઇ રહ્યા છે, તેમાં આગામી સમયની અંદર કુલ કેટલા મંજૂર થયા અને બીજું કે આપણે ખેડૂતો માટે દિવસે વીજળી આપવાનું ટૂંક સમયમાં લાવી રહ્યા છીએ, તો તેના માટે આ સમગ્ર સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં વીજળી દિવસે મળે તેના માટેના નેટવર્કની અંદર અને તેમાં ભાવનગર જિલ્લામાં આ યોજનાનો અમલ કરવા માટે કેટલા સબ સ્ટેશનો ઘટે છે અને મહુવા તાલુકામાં કોઇ નવા સબ સ્ટેશનો મંજૂર થયા છે કે નહીં?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી તમે ખાલી જિલ્લા પૂરતો આપો. આખા સૌરાષ્ટ્રનો જવાબ નહીં, આ પ્રશ્ન માત્ર ભાવનગર જિલ્લાનો છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તળાજામાં બે સબ સ્ટેશન કરવામાં આવ્યા છે. તેના માટે રૂ.૬૨ કરોડ ૬૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. પાલીતાણામાં એક સબ સ્ટેશન રૂ.૪ કરોડ ૯૭ લાખના ખર્ચે કરવામાં આવ્યું છે. આમ, ટોટલ રૂ.૬૭ કરોડ ૬૪ લાખ રૂપિયાનો ખર્ચ વર્ષ ૨૦૨૧માં કરવામાં આવ્યો છે અને વર્ષ ૨૦૨૨માં એક સબ સ્ટેશન મહુવામાં રૂ.૪ કરોડ ૧૮ લાખના ખર્ચે કરવામાં આવ્યું છે. આમ, ટોટલ રૂ.૭૧ કરોડ ૮૨ લાખ રૂપિયાના ખર્ચે આ સબ સ્ટેશનો કરવામાં આવ્યા છે. તેમાં સોલાવદર ૨૨૦ કે.વી.નું સબ સ્ટેશન છે.

રોજમદારોના જી.પી.એફ.ના આખરી ચૂકવણાની પડતર અરજીઓ

* ૨૨૮૬ **શ્રી કાંતીભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીમાં રોજમદારોના જી.પી.એફ. ના આખરી ચૂકવણાની કેટલી અરજીઓ પડતર છે,	(૧) ૫૨(બાવન).
(૨) ઉક્ત પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે, અને	(૨) હાલમાં તે પૈકી કોઈ અરજી પડતર નથી.
(૩) આ અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?	(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી કાંતિભાઇ હિં. બલર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રોજમદારની જી.પી.એફ.ના હિસાબો નિભાવવાની શું વ્યવસ્થા છે? તેઓના જી.પી.એફ. ખાતામાંથી ઉપાડ અંગેની શું જોગવાઇ છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રોજમદારો જેઓને પણ સરકાર તરફથી પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેજ્યુઇટી જેવા ઘણાબધા લાભો આપવામાં આવે છે. રોજમદારના જી.પી.એફ. ખાતાના હિસાબોની નિભાવણી નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી દ્વારા કરવામાં આવે છે. રોજમદારના પગારમાંથી જી.પી.એફ.ની થયેલ કપાતના શિડ્યુલના આધારે જિલ્લા તિજોરી કચેરીઓ દ્વારા હિસાબો તૈયાર કરીને નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરીને મોકલવામાં આવે છે. નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી દ્વારા આઇ.એફ.એમ.એસ. (ઇન્ટિગ્રેટેડ ફાઇનાન્સ મેનેજમેન્ટ સિસ્ટમ) સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિ દ્વારા રોજમદારોના ખાતાના હિસાબો નિભાવવામાં આવે છે. વર્ષના અંતે ખાતામાં જમા થયેલ રકમ પર સરકારશ્રીના પ્રવર્તમાન વ્યાજદરે સિસ્ટમમાં ઓનલાઇન ગણતરી કરી વ્યાજ જમા કરવામાં આવે છે. સંબંધિત કચેરીના ઉપાડ અને વહેંચણી અધિકારી તેઓના આઇ.એફ.એમ.એસ. લોગઇનમાંથી તેમની કચેરીમાં ફરજ બજાવતા રોજમદારને ઓનલાઇન વાર્ષિક હિસાબની સ્લીપ જનરેટ કરી ઇસ્યુ કરે છે. આમ, હિસાબોની ઓનલાઇન ખતવણીથી માંડીને

વાર્ષિક હિસાબી સ્લીપ ઇસ્યુ કરવાની તમામ કામગીરી ઓનલાઈન આઇ.એફ.એમ.એસ. સિસ્ટમથી કરવામાં આવે છે. એમનો બીજો પ્રશ્ન છે કે, રોજમદાર તેમના જી.પી.એફ. ખાતામાંથી ક્યારે પૈસા ઉપાડી શકે? નિયમ મુજબ માંદગીના કારણસર, પુત્ર-પુત્રીના ઉચ્ચ અભ્યાસ માટે, રોજમદારના સામાજિક રીત રિવાજો લગ્ન, મરણ વગેરે માટે, મકાન ખરીદવા, મકાન બાંધવા, મકાનના રીનોવેશન, મકાનની લોન ભરપાઇ કરવા વગેરે માટે જી.પી.એફ.માંથી ઉપાડ કરી શકે છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં રોજમદારોના જી.પી.એફ. ચૂકવણાના કુલ ૮૨૦ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે અને રોજમદારોના આખરી ચૂકવણા પેટે રૂ.૩૫ કરોડ ૪૬ લાખ ચૂકવવામાં આવેલ છે. આમ, રોજમદારોના જી.પી.એફ.ના આખરી ચૂકવણાનો કોઇ કેસ પેન્ડિંગ નથી અને બધા કેસોનો સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવેલ છે.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો સામાન્ય ભવિષ્ય નિધિ જે રોજમદાર કામદારો માટેની ખૂબ અગત્યની યોજના છે. આપશ્રીના માધ્યમથી મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને અભિનંદન પાઠવવા માગું છું કે, એક પણ અરજી આજની તારીખમાં પેન્ડિંગ નથી. માનનીય મંત્રીશ્રીને મારા વધુ નોલેજ માટે પૂછવા માગું છું કે, આવું ખાતુ ધરાવનાર ચાલુ નોકરીએ અવસાન પામે તો તેના વારસદારોને ક્યા લાભો મળે છે? એ મળે છે કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી બધા માટે અગત્યની છે. ચાલુ નોકરીએ અવસાન થાય તો એ રોજમદારના કુટુંબ ઉપર આફત આવી પડે છે ત્યારે એના વારસદારોને ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં વારસદારોને કુટુંબ પેન્શન, ગ્રેજ્યુઇટી તેમજ જી.પી.એફ. આખરી ઉપાડ, જૂથ વીમા યોજના વગેરે જેવા નિવૃત્તિ વિષયક લાભો આપવામાં આવે છે. વધુમાં રોજમદારના ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં જી.પી.એફ. યોજના અંતર્ગત લિંક ઇન્સ્યોરન્સનો લાભ આપવામાં આવે છે, આ યોજના અંતર્ગત અવસાન પામેલા રોજમદારના વારસદારને તેના ખાતામાં જમા રકમના પ્રમાણમાં મહત્તમ ૬૦ હજાર રૂપિયાની મર્યાદામાં લાભ આપવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ૪૧ રોજમદારોના વારસદારોને લિંક ઇન્સ્યુરન્સ યોજના અંતર્ગત રૂપિયા ૨૪,૨૩,૫૦૭/- ચૂકવવામાં આવેલ છે.

જામનગર જિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બિલમાં સબસિડી

* ૨૨૧૦ **શ્રીમતી રિવાબા જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બિલમાં સબસિડી આપવામાં આવેલ છે કે કેમ,	(૧) હા,જી.
(૨) જો હા, તો કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે, અને	(૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૧માં કુલ ૧,૦૭,૭૫૩ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૨માં કુલ ૧,૦૯,૮૪૫ ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં સબસિડી આપવામાં આવેલ છે.
(૩) ઉક્ત સ્થિતિએ આ ગ્રાહકોને કુલ કેટલી સબસિડી આપવામાં આવેલ છે ?	(૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા જામનગર જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને રાહત પેટે વર્ષ ૨૦૨૧માં રૂ.૧૭૨.૫૫ કરોડ અને વર્ષ ૨૦૨૨માં રૂ.૨૦૩.૯૦ કરોડની સબસિડી આપવામાં આવેલ છે.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું એ પહેલા ભારત એ કૃષિ પ્રધાન દેશ છે અને ગુજરાત રાજયની આ સરકાર જગતના તાત એવા ખેડૂતો માટે સતત ચિંતા કરતી સરકાર છે, ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખેડૂત ભાઈઓને વીજ બિલમાં કઇ કઇ રાહત આપવામાં આવે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળની આ અમારી સરકાર ખેડૂતો માટે સતત ચિંતિત છે અને ખેડૂતોના દરેક પ્રશ્નો માટે વારંવાર નિર્ણયો લેતી હોય છે ત્યારે રાજયના ખેડૂતો માટે બે પ્રકારના વીજ દર છે. હોર્સ પાવર આધારિત અને મીટર આધારિત. હોર્સ પાવર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતો માટે ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા જાહેર કરેલ વીજ દર રૂપિયા ૨૪૦૦ પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ છે. પરંતુ ખેડૂતોને રાહત આપવામાં આવેલ છે જે મુજબ આયોગે નક્કી કરેલ ૨૪૦૦ રૂપિયા પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષના દરને બદલે ખેડૂતોએ ફકત ૬૬૫ રૂપિયા પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષના દરથી વીજ બિલની ચૂકવણી કરવાની રહે છે અને વીજ દરની તફાવતની રકમ રૂપિયા ૧૭૩૫ પ્રતિ હોર્સપાવર પ્રતિ વર્ષ ખેડૂતો વતી રાજય સરકાર સબસિડીરૂપે ગુજરાત ઊર્જા વિભાગને ચૂકવે છે. વીજ ઉત્પાદનના વધારાના કારણે વીજ કંપનીને થતા નુકસાનને પહોંચી વળવા માટે ગ્રાહકો પાસેથી વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ ચાર્જની વીજ ગ્રાહકે ભરપાઇ કરવાની હોય છે,પરંતુ રાજ્યના ખેડૂતોને ફ્યૂઅલ ચાર્જ ભરપાઇ કરવામાંથી પણ રાજ્ય સરકાર દ્વારા મુક્તિ આપવામાં આવેલ છે અને પૂરેપૂરી રકમ રાજ્ય સરકાર ખેડૂતવતી સબસિડીરૂપે

ગુજરાત ઊર્જા નિગમને ચૂકવે છે. રાજ્યના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૨૧માં રૂ.૬,૧૬૧ કરોડ અને વર્ષ ૨૦૨૨માં રૂપિયા ૬,૬૫૬ કરોડ એમ બે વર્ષમાં રૂ.૮,૭૫૭ કરોડની સબસિડી ચૂકવવામાં આવેલ છે અને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૧૦,૯૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ખેડૂતોને વીજ બિલમાં ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી ભરવામાંથી પણ મુક્તિ આપવામાં આવેલ છે. ખેડૂતોને વીજ બિલમાં તો રાહત આપવામાં આવે છે જ પણ નવા ખેતીવાડી કનેક્શન માટે ભરવાના થતા એસ્ટિમેટમાં પણ રાહત આપવામાં આવે છે. રાજ્યના અનુસૂચિત જાતિના ખેડૂતો અને આદિજાતિના ખેડૂતોને નવા ખેતી વીજ જોડાણ માટે એસ્ટિમેટનો ફિક્સ્ડ ચાર્જ ભરવાનો થતો નથી અને જોડાણ દીઠ એસ્ટિમેટ સામાન્ય વર્ગને રૂ.૭,૮૦૦માં કનેક્શન મળે છે તે આદિજાતિ અને અનુસૂચિત જાતિના લોકોને ફક્ત રૂ.૧,૩૫૫માં આપવામાં આવે છે. તે જ રીતે ૧૦ હોર્સપાવરના કનેક્શન સામાન્ય વર્ગને રૂ.૧૪,૧૯૦માં આપવામાં આવે છે તે અનુસૂચિત જાતિ અને આદિજાતિના લોકોને રૂ.૨,૧૯૦માં આપવામાં આવે છે.

શ્રી દિવ્યેશભાઇ ૨. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મીટર આધારિત વીજ બિલ ભરતાં ખેડૂતોને વીજ બિલમાં ભરવાના થતાં ફિક્સ્ડ ચાર્જમાં તાજેતરમાં કોઇ રાહત આપવામાં આવેલ છે કે કેમ? જો હા તો તેની વિગતો જણાવો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારે લીધેલ નિર્ણય મુજબ પહેલાં ફિક્સ્ડ ચાર્જ રૂ.૨૦ પ્રતિ હોર્સ પાવર વસૂલાતા હતા. તેમાં સરકારે અત્યારે નિર્ણય કરીને નવા સુધારા મુજબ ૭.૫ હોર્સ પાવર સુધીના કનેક્શન પર રૂ.૧૦ પ્રતિ હોર્સ પાવર લાગુ પડશે અને ૭.૫ હોર્સ પાવરથી વધારાના કનેક્શન પર રૂ.૫ પ્રતિ હોર્સ પાવર ચાર્જ લાગુ પડે છે. આમ, મીટર આધારિત વીજ બિલ ભરતાં ખેડૂતોને ભરવાના થતા ફિક્સ ચાર્જમાં ૫૦થી ૭૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જેના કારણે રાજ્યના ૧૪ લાખ મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજળી બિલમાં વાર્ષિક રૂ.૨૬૦ કરોડની રાહત થયેલ છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે જામનગર જિલ્લામાં વર્ષવાર અને તાલુકાવાર કેટલી સબસિડી આપવામાં આવી?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ભાજપ સરકાર જે રીતે ખેડૂતોની કાળજી લે છે એનો જે ફાયદો છે એ લોકોના બિલમાં દેખાઇ આવ્યો છે. વર્ષ ૨૦૨૧માં ગણીએ તો જામનગરમાં રૂ.૪૧ કરોડ ૭૨ લાખની સબસિડી આપવામાં આવી છે. જોડિયામાં રૂ.૭ કરોડ ૯૩ લાખ, ધ્રોલમાં રૂ.૨૧ કરોડ ૨૦ લાખ, કાલાવાડમાં રૂ.૪૭ કરોડ ૭૨ લાખ, જામજોધપુરમાં રૂ.૩૮ કરોડ ૮૪ લાખ અને લાલપુરમાં રૂ.૧૫ કરોડ ૧૩ લાખની સબસિડી આપવામાં આવી છે. આમ, કુલ રૂ.૧૭૨ કરોડ ૫૫ લાખની સબસિડી આપવામાં આવી છે અને વર્ષ ૨૦૨૨માં જામનગરમાં રૂ.૫૧ કરોડ ૫૮ લાખ, જોડિયામાં રૂ.૯ કરોડ ૬૪ લાખ, ધ્રોલમાં રૂ.૨૪ કરોડ ૮૧ લાખ, કાલાવાડમાં રૂ.૫૯ કરોડ ૩૧ લાખ, જામ જોધપુરમાં રૂ.૪૬ કરોડ ૬૦ લાખ અને લાલપુરમાં રૂ.૧૨ કરોડ ૩૬ લાખની સબસિડી આપવામાં આવી છે. આમ, કુલ રૂ.૨૦૩ કરોડ ૯૦ લાખની સબસિડી આપવામાં આવી છે અને બે વર્ષ દરમિયાન કુલ રૂ.૩૭૬ કરોડ ૪૫ લાખની સબસિડી આપવામાં આવી છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં રાજ્યમાં ખેડૂતોને જે વીજળી આપવામાં આવે છે તેમાં મીટર પ્રથા અને હોર્સ પાવર એમ બે પ્રથા અમલમાં છે. આ ડબલ એન્જિનની સરકાર *(xxx) કરે તે સારું નહિ.

અધ્યક્ષશ્રી : ***(xxx)** શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડૂતોને જે મીટર પ્રથા દ્વારા વીજળી આપવામાં આવે છે તે દૂર કરી અને સરકાર હોર્સ પાવર થકી વીજળી કેમ આપી શકતી નથી તેનાં કારણો અને હોર્સ પાવરથી વીજળી આપવા માગે છે કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચાવડા સાહેબ ખૂબ અભ્યાસુ છે અને રાજ્યના હિતની વાત કરી છે, ત્યારે માત્ર ડબલ એન્જિનની સરકાર નહિ, પરંતુ તેના ડ્રાઈવર આપણા ગુજરાતના છે. આદરણીય નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહ જ્યારે કેન્દ્રની સરકાર ચલાવી રહ્યા છે ત્યારે આપણા ગુજરાતને દરેક બાબતમાં હંમેશા ફાયદો થયો છે. તેના લીધે જ આ વીજ કટોકટી દરમિયાન પણ ગુજરાતમાં કોલસો અને બધો સપ્લાય રેગ્યુલર મળી રહ્યો છે. મારે આપના માધ્યમથી ખાસ જણાવવું છે કે જો ગુજરાતના ખેડૂતો એક હજાર વીજ યુનિટ વાપરે તો તેમણે ફક્ત ૯ ટકા જેટલો જ ચાર્જ ભરવો પડતો હોય છે એટલે ૯૦૦ વીજ યુનિટ ગુજરાતના ખેડૂતોને મફત મળે છે એટલા માટે ગુજરાતના ખેડૂતો ભારતીય જનતા પાર્ટીની સરકારને લાવ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં અગરિયાઓ માટે સોલારપંપ સિસ્ટમ યોજના હેઠળ સહાય

***૨૨૫૩ શ્રી પરસોત્તમભાઈ પરમાર**(દસાડા):**માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે. -

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

પ્રશ્ન	જવાબ
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં અગરિયાઓ માટેની સોલારપંપ સિસ્ટમ યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને	(૧) રૂ.૧૧,૦૮,૭૬,૯૭૮/-
(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા અગરિયા કુટુંબને લાભ મળેલ છે ?	(૨) ૩૯૧૫ અગરિયા કુટુંબને લાભ મળેલ છે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ ગૃહના વડા એવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ અને મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સાહેબનો આભાર માનું છું. મારા મત વિસ્તારને લગતો આ પ્રશ્ન પૂછવાની તક મળી છે ત્યારે આપનો પણ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. વર્ષ ૧૯૩૦માં મહાત્મા ગાંધીજીએ ચપટી મીઠું ઉપાડીને દાંડી યાત્રા કરી અને આ દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવાનું કામ કર્યું હોય તો તેમને પણ આજની આ તકે યાદ કરું છું. હમણાં જ આ સત્ર શરૂ થયું તે પહેલાં જ અમારા માનનીય મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અમારા અગરિયા વિસ્તારમાં રણમાં સ્પેશિયલ મુલાકાત કરીને રણના અગરિયાઓના પ્રશ્નો સાંભળી તાત્કાલિક વહીવટી તંત્રને કામે લગાડી અગરિયાના જે પ્રશ્નો હતા... (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, પ્રશ્ન પર આવી જાઓ.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તેમાં વહીવટી તંત્રને કામે લગાડી અને સેવા સેતુનો કાર્યક્રમ આપી પ્રશ્નો ઉકેલવાનો પ્રયત્ન કર્યો તે માટે માનનીય મંત્રીશ્રીને અભિનંદન.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, પ્રશ્ન પર આવી જાઓ.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા અગરિયા ભાઈઓ અગાઉ ડીઝલ અને ક્રુડ ઓઈલના એન્જિનથી ભૂગર્ભ જળના લિફ્ટિંગ માટે પોતાનું મીઠું પકવતા હતા ત્યારે આ સોલાર પંપની સિસ્ટમ સરકારે આપી અને જે પ્રકારના આશીર્વાદ અમારા અગરિયા આપે છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ પ્રશ્ન પર આવી જાઓ નહિતર હું પ્રશ્ન બીજાને સોંપી દઈશ.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજ્યમાં આ સોલાર પંપ સહાય યોજના કયા વર્ષમાં અમલમાં આવી અને અત્યાર સુધીમાં કુલ કેટલા કુટુંબોને આ યોજનાનો લાભ મળ્યો? તથા લાભાન્વિત કુટુંબોને આ યોજનાથી શું ફાયદા થયા? અગરિયાને જે લાભો મળ્યા છે તેમાં અમુક અગરિયા તે લાભથી વંચિત છે તેવા અગરિયાઓને બીજા તબક્કામાં સોલાર પંપ આપવા માટે સરકારનું શું આયોજન છે?

અધ્યક્ષશ્રી : એમણે બે જ પ્રશ્ન પૂછ્યા છે કે કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો અને બાકીના લાભાર્થીઓને ક્યારે મળશે? આટલો જ વિષય છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે અગરિયાઓની ચિંતા કરીને ખૂબ અગત્યની યોજના અમલમાં મૂકી છે. આ યોજના તા.૨૪/૧૦/૨૦૧૭ના રોજ અમલમાં મૂકવામાં આવી અને તા.૨૩/૧૦/૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ છે. અત્યાર સુધીમાં ૫,૪૯૬ અરજીઓ મળી છે, તેમાંથી ૩૯૧૫ કુટુંબોને લગભગ રૂ.૯૫ કરોડના ખર્ચે સોલાર સિસ્ટમ આપી. હાલ ૧,૩૨૯ જેટલી અરજીઓ બાકી છે અને જેમને બાકી છે તેમને આ વર્ષે આપવામાં આવશે. અગરિયાઓને ડીઝલના પંપથી જે વાર્ષિક ખર્ચ થતો હતો તે સંપૂર્ણ નીકળી ગયો. સાથે સાથે જે વધારે કષ્ટ પડતું હતું તે પણ નીકળી ગયું અને એન્જિનનો જાળવણી ખર્ચ નીકળી ગયો.

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અગરમાં કામ કરતા અગરિયાઓને કામ કરવાના સ્થળે જીવન જરૂરિયાતની સુવિધાઓ તથા માળખાકીય સુવિધાઓ રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે કે કેમ? અને તેને સંલગ્ન કઈ-કઈ બાબતો રાજ્ય સરકાર દ્વારા અમલી કરવામાં આવેલ છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મારે બે મહિના પહેલાં જ ત્યાં જવાનું થયું હતું ત્યારે અગરિયાનો સીધો સંપર્ક કરી એમને પડતી નાની-મોટી મુશ્કેલી સાંભળી માનનીય મુખ્યમંત્રીશ્રીને વાત કરીને તાત્કાલિક સેવાસેતુ કાર્યક્રમના માધ્યમથી અગરિયાઓને રેશનિંગ કાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ, પી.એમ.જે.એ.વાય. કાર્ડની સુવિધાઓ અગરિયાઓના કામના સ્થળે પૂરી પાડવામાં આવી હતી. આની સાથે-સાથે આરોગ્યમંત્રીશ્રીએ મેડિકલ હેતુ માટે મોબાઇલ વાન પણ મૂકી છે. શિક્ષણ વિભાગ દ્વારા બાળકોને ભણવા માટે ૪૫ જેટલી સ્કૂલ વાન મૂકવામાં આવી છે અને આ જે સ્કૂલ બસ મૂકવામાં આવી છે એ અદ્યતન સુવિધાથી સજ્જ છે. બાળકો બસમાં બેસીને ડેસ્ક ઉપર લખી શકે એવી એલ.ઈ.ડી. સ્ક્રીન સાથેની બસો મૂકવામાં આવી છે, આંગણવાડી પણ બનાવવામાં આવી છે. આ અગરિયાઓનાં મોટાં બાળકો હોય એમને ભણવા માટે બહાર જવું પડતું હોય છે. આવાં અગરિયાનાં બાળકોને બહાર ન જવું પડે એ માટે સમાજ કલ્યાણ વિભાગ દ્વારા હૉસ્ટેલ બનાવવામાં આવી છે અને આ હૉસ્ટેલમાં બાળકો ભણતાં હોય છે. આવાં બાળકોને ડ્રેસથી માંડીને તમામ સુવિધાઓ સરકારે ઊભી કરી છે.

તારાંકિત પ્રશ્નો

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, અગરિયા દ્વારા મીઠાના ઉત્પાદન બાદ જે પાણી નીકળે છે જેને બિટન કહેવામાં આવે છે. આ બિટનનો નિકાલ કઇ રીતે કરવામાં આવે છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ અગત્યનો પ્રશ્ન છે. પહેલાંના વર્ષોમાં ત્રણ પ્રકારના પાટા કરવામાં આવતા હતા અને આ પાટાની અંદર સતત પાણી નાખવામાં આવતું હતું. એટલે એક પાટામાંથી પાણી બીજા પાટામાં જાય, બીજા પાટામાંથી ત્રીજા પાટામાં જાય ત્યારબાદ મીઠું તૈયાર થતું હોય છે. ઓકટોમ્બર-નવેમ્બર મહિનાથી અગરિયાઓ ત્યાં જાય છે અને એપ્રિલમાં પરત આવે છે. પહેલાં સગવડતા ન હોવાથી પાણી એ લોકો અગરમાં પાછું છોડી દેતા હતા. સરકારશ્રીએ નાની-મોટી કંપનીઓને મંજૂરી આપી અને બ્રોમિન બનાવતી કંપનીઓ ત્યાં આવી. આ વહી જતાં પાણીને કારણે અગરિયાઓને ઊપજ થતી નહોતી. આ પાણી નકામું ન જાય એ માટે કંપનીઓ ટેન્કર દ્વારા આ પાણી લઇ જાય છે. એમાંથી બ્રોમિન, મેગ્નેશિયમ ક્લોરાઇડ, સોડિયમ બાયોટીન, સોડાએશ અને મિનરલ્સ બને છે. એટલે મીઠું પકવ્યા પછી પણ આ પાણીનો ઉપયોગ થાય છે. આ જે બ્રોમિન બને છે એ બ્રોમિન બન્યા બાદ મેગ્નેશિયમ બને છે. યુરોપ અને અમેરિકાના દેશો કે જયાં વધારે વરસાદ અને બરફવર્ષા થાય છે ત્યાં બરફને પીગળાવવા માટે આ મેગ્નેશિયમનો ઉપયોગ થાય છે અને આ મેગ્નેશિયમ આપણે ત્યાંથી એક્સપોર્ટ થાય છે. સરકારે ખૂબ સારી વ્યવસ્થા ઊભી કરી છે.

અધ્યક્ષશ્રી : આ અગરિયાઓનો પ્રશ્ન છે તો અગરિયાઓને પગમાં પહેરવાના શૂઝ અપાતા જ હશે. પંદરેક વર્ષ પહેલાં હું ત્યાં ગયો હતો ત્યારે ફરિયાદ આવી હતી કે, જો આ અગરિયાઓને શૂઝ આપવામાં ન આવે તો એમના પગ અગ્નિસંસ્કાર આપવામાં આવે ત્યારે સળગી શકતાં નથી અને આઇ વિઝન માટે ચશ્માં અપાય છે એની પૂરક માહિતી આપવા મારી વિનંતી છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ ખૂબ આભાર. અમારા કુટીર ઉદ્યોગ વિભાગ દ્વારા આવા અગરિયાઓને રક્ષણાત્મક કીટ તરીકે હોલબુટથી માંડીને ગ્લોવ્ઝ સુધીની વસ્તુઓ સરકારશ્રી દ્વારા પૂરી પાડવામાં આવે છે. અમે ત્યાં ગયા હતા ત્યારે પણ આ પ્રકારની કીટો, ઓઢવા માટેના ધાબળા, બાળકો માટેની સ્કૂલ કીટ આપવામાં આવી હતી. એક નાના અગરિયાના ઝૂંપડામાં મારે જવાનું થયું.જયારે હું ઝૂંપડામાં ગયો ત્યારે એ વ્યકિત સામાન્ય કાચા ઝૂંપડામાં રહેતો હતો છતાં એનું દિલ એટલું મોટું હતું કે એમણે કહ્યું સાહેબ**,** અહીંયા કાવો પીશો? આપણે એમના ઘરે દૂધ વગરની ચા પીધી. એમનું ઘર જોયું તો આગળ એક સરસ નાનો લિવિંગ રૂમ હતો એટલે બેઠક માટે ખાટલો હતો. બાજુમાં બીજો ઊંઘવા માટેનો રૂમ હતો. આખુ રસોડું હતું. એટલે આ બધી જ વ્યવસ્થાઓ ખૂબ સરસ રીત થાય છે. સાથે સાથે ત્યાં ખારા પાટમાં પીવાના પાણી માટે જી.ડબલ્યુ.એસ.એસ.બી. મારફતે દર અઠવાડિયે ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે અને ત્યાં પાણીની સ્ટોરેજ ટેન્ક પણ આપવામાં આવે છે. ત્યાં પીવા માટે મીઠું પાણી મળી રહે એની પણ સગવડ કરવામાં આવે છે.

સૌની યોજના અન્વયે પાઇપલાઇનની કામગીરી

*૨૦૮૯ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર):**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નર્મદાના પાણીની સૌરાષ્ટ્રના જળાશયો સૌની યોજના અન્વયે પાણીથી ભરવા માટેની યોજના માટે કેટલા કિ.મી. પાઇપલાઇન નાખવા માટે કેટલી રકમની વહીવટી અને સૈદ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ,	(૧) નર્મદાના પાણીથી સૌરાષ્ટ્રના જળાશયો સૌની યોજના અન્વયે પાણીથી ભરવા ૧૩૭૧ કિ.મી. પાઇપલાઇન માટે નીચેની વિગતે મંજૂરીઓ આપવામાં આવેલ.
	સૈદ્ધાંતિક મંજૂરી – ફેબ્રુઆરી-૨૦૧૩ – રૂ.૧૦,૦૦૦ કરોડ વહીવટી મંજૂરી – એપ્રિલ-૨૦૧૩ – રૂ.૧૦,૮૬૧ કરોડ સુધારેલ વહીવટી મંજૂરી – ડિસેમ્બર-૨૦૧૮ – રૂ.૧૮,૫૬૩ કરોડ (ઉપરાંત, સૌની યોજનાના ૧૧૫ જળાશયોના મૂળભૂત આયોજન સિવાયની સૌની યોજનાની આનુસંગિક અંગભૂત કામગીરી હાથ ધરવા માટે ફીડરલાઇન તથા એક્સટેન્શન લાઇનને જૂન-ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૦માં અલગથી રૂ.૪૧૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.)
(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને	(૨) રૂ.૧૬,૭૨૧/- કરોડ.
(૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા કિ.મી. પાઇપલાઇન નાખવામાં આવી અને કેટલા કિ.મી. પાઇપલાઇન નાખવાની કામગીરી કયા કારણોસર બાકી છે ?	(૩) કુલ ૧૨૯૮ કિ.મી. પાઇપલાઇન નાખવામાં આવી છે અને ૭૩ કિ.મી. પાઇપલાઇન સ્થળ પરના ખેડૂત ખાતેદારોના ROU ના વિવિધ પ્રશ્નો, વિવિધ ક્રોસિંગ (રેલ્વે, હાઇવે)ની જરૂરી મંજૂરી તેમજ વર્ષ-૨૦૨૦ અને વર્ષ-૨૦૨૧મા કોવિડ-૧૯ની પરિસ્થિતિના કારણે બાકી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું છે કે, પહેલી વહીવટી મંજૂરી રૂપિયા ૧૦,૮૬૧ કરોડની અને સુધારેલી વહીવટી મંજૂરી રૂપિયા ૧૮,૫૬૩ કરોડની છે. એટલે રૂપિયા ૭,૭૦૨ કરોડની

વધારાની વહીવટી મંજૂરી આપવી પડેલ છે. જયારે યોજનાના પહેલા ફેઝના ૧૨ ટેન્ડરો હતા. એમાં રિંગ ગોઠવાઇ અને એ ટેન્ડરો આપવામાં આવ્યા ત્યારે મંજૂર કરતી વખતે નાણાં વિભાગે નોંધ કરી હતી કે, આ એસ.ઓ.આર. જે સુધારવામાં આવ્યા છે એ ગેરવાજબી છે. સ્ટીલનો ભાવ વધારો થયો નથી. માનનીય મંત્રીશ્રીએ અહીંયા જવાબ આપ્યો છે કે, સ્ટીલનો ભાવ વધારો છે. કોઇ ભાવ વધારો થયો ન હતો. માત્ર ગોઠવણ કરવાના ભાગરૂપે છ મહિનામાં બીજી વખત ભાવ વધારો કરી, રૂપિયા ૨,૦૦૮ કરોડનો વધારો ખાલી પહેલા ફેઝના ટેન્ડરમાં જ આપવામાં આવ્યો અને એને કારણે, આખી યોજનામાં રૂપિયા ૭,૭૦૨ કરોડનો વધારો કરવામાં આવ્યો. એ વખતે નાણા વિભાગે જે નોંધ કરી હતી કે, આની બરાબર સ્કૂટિની થઇ નથી અને આ એસ.ઓ.આર. વાજબી રીતે થયા નથી. તો આની તપાસ કરાવવા માગો છો કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહમાં વર્ષ ૨૦૧૨થી બેસું છું. માનનીય શ્રી અર્જુનભાઇ તથા બીજા ઘણા બધા સભ્યશ્રીઓ દ્વારા આ જ પ્રશ્ન વારંવાર અલગ-અલગ રીતે થઇને આવે છે. આજે હું સ્પષ્ટતા આપું છું કે જેથી બીજી વખત પૂછે નહીં. બધી જ માહિતી એમને આપી દઉં છું. આ ગૃહની જાણકારી માટે જણાવું કે આપણે અગાઉ જોયું હતું કે, નર્મદામાંથી ૩ મિલિયન એકર ફીટ પાણી વહી જતું હતું. આ પાણી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રને મળે એના માટે એ વખતના આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ખૂબ ચિંતિત હતા. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજકોટ ખાતે તારીખ ૨૫-૦૯-૨૦૦૨ના રોજ યોજાયેલ કિસાન વિકાસ સંમેલનમાં આ યોજનાનું નામ 'સૌની યોજના' જાહેર કર્યું હતું. જૂન ૨૦૧૩માં આ યોજનાની શરૂઆત કરવામાં આવી. આ યોજના ત્રણ તબક્કામાં બનાવેલ છેઃ પહેલા તબક્કામાં એક મિલિયન એકર પાણી સૌરાષ્ટ્રમાં પીવા તથા સિંચાઇના પાણી માટે અને ઉત્તર ગુજરાતમાં આ યોજના કરવામાં આવી. બીજા તબક્કામાં, એક મિલિયન એકર પાણી સુજલામ સુફલામ યોજના માટે જેમાં ૯ જળાશયો અને ૭૦૦ તળાવો ભરવા માટેની ૧૪ પાઇપલાઇન દ્વારા આ યોજના કરવામાં આવી. ત્રીજી યોજનામાં કચ્છમાં પાણી પહોંચાડવા માટે ટેન્ડર મંજૂર કરવામાં આવ્યા છે. આમ ત્રણ યોજના મંજૂર કરી હતી. સભ્યશ્રીનો પ્રશ્ન હતો કે, જે ટેન્ડર આવ્યા હતા એના માટે શું કહેવું છે. તો હું જણાવું છું કે, સૌની યોજનાના પ્રથમ ફેઝના ૧૨ ટેન્ડરોના પેકેજ બહાર પાડવામાં આવ્યા હતા. જૂન-૨૦૧૩માં ૧૨ પેકેજમાંથી ૮ ના ટેન્ડરો બહાર પડ્યા હતા. એ પહેલાં ૪૫ ટકા ટેન્ડરો ઊંચા આવ્યા હતા. એ એટલા માટે ઊંચા આવ્યા હતા કે વર્ષ ૨૦૧૧-૧૨ના એસ.ઓ.આર. હતા, એમાં ખૂબ ઓછા ભાવ હતા એટલા માટે ૪૫ ટકા ટેન્ડરો ઊંચા આવ્યા હતા. ૪૫ ટકા ટેન્ડરો ઊંચા આવવાથી અમારા એફ.ડી.એ અને બધાએ મળીને એ ટેન્ડરો રદ કર્યા હતા. ત્યારબાદ, વર્ષ ૨૦૧૩-૧૪માં નવા એસ.ઓ.આર. બનાવ્યા. નવા એસ.ઓ.આર.માં વર્ષ ૨૦૧૧-૧૨ના એસ.ઓ.આર. કરતાં, ૨૩ ટકા જેટલો વધારો આવ્યો. કારણ કે, એસ.ઓ.આર. નવા બનાવ્યા એટલે જૂના એસ.ઓ.આર. કરતાં નવા એસ.ઓ.આર.માં ૨૩ ટકા જેટલો ભાવ વધારો કરવામાં આવ્યો. ત્યારબાદ વર્ષ ૨૦૧૩-૧૪ની અંદર ફરી ટેન્ડર બહાર પાડવામાં આવ્યા. એ ટેન્ડરો ૧૮થી ૧૯ ટકા ફરી નવા એસ.ઓ.આર.માં ઊંચા આવ્યા હતા. ત્યારબાદ સક્ષમ કક્ષાએ આનું નેગોસિયેશન કરીને ૧૨ થી ૧૩ ટકા જેટલા ઊંચા ટેન્ડરો મંજૂર કરવામાં આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૧-૧૨ના એસ.ઓ.આર.માં ડી.ટી.પી. રકમ થતી હતી રૂ.૪,૯૪૮ કરોડ અને વર્ષ ૨૦૧૩ના એસ.ઓ.આર. મુજબ જૂના ટેન્ડરની ડી.ટી.પી. થતી હતી રૂ.૫,૯૮૫ કરોડ, એટલે કે મૂળ ડી.ટી.પી. કરતા ૨૩ ટકા રકમ વધી. માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૩ ટકા એટલા માટે વધી કે વર્ષ ૨૦૧૧-૧૨ના જે એસ.ઓ.આર. હતા અને પછી વર્ષ ૨૦૧૩-૧૪ના એસ.ઓ.આર.માં ૨૩ ટકા વધારો થયો એટલા માટે એની ડી.ટી.પી.ની કિંમત વધી. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૧-૧૨ના એસ.ઓ.આર. મુજબ ટેન્ડર મંજૂર કરવામાં આવ્યા હોત અને ૪૫ ટકા ટેન્ડર ઊંચા હોત તો રૂપિયા ૭,૧૧૩ કરોડની કિંમત થતી હતી, પણ માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૩-૧૪ના એસ.ઓ. આર. મુજબ ટેન્ડર મંજૂર કરવામાં આવ્યા અને વાટાઘાટો બાદ ૧૩ ટકા ઊંચા આવ્યા હતા. જેની રકમ રૂપિયા ૬૭૬૧ કરોડ થઇ. એટલે પેલા જે વર્ષ ૨૦૧૧-૧૨ના ૪૫ ટકા ઊંચા મંજૂર કર્યા હોત તો વધુ રકમ ચૂકવવી પડત. પરંતુ આની અંદર વર્ષ ૨૦૧૩માં ૩૫૦ કરોડ રૂપિયાની બચત થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૩ ટકા ઊંચા આવવાનું પણ કારણ છે. આખા ભારતમાં અત્યાર સુધીમાં ૭થી ૮ ફૂટ ડાયામીટરના પાઇપો વપરાતા હતા. પરંતુ આ સૌની યોજના જયારે શરૂ થઇ ત્યારે સમગ્ર ભારતમાં ૧૦ ફૂટ ડાયામીટરના પાઇપ કયારેય પણ કોઇ જગ્યાએ આખા ભારતમાં વપરાતા ન હતા. એના માટે એ પાઇપ માટે સ્પેશિયલ ફેકટરીઓ નાંખી. આમ, આ યોજનાની અંદર ૮૦થી ૮૫ ટકા ખર્ચ એ પાઇપલાઇનનો થતો હોય છે. બીજા તબકકામાં જે ૧૨ પેકેજ બહાર પડ્યા, એમાં વર્ષ ૨૦૧૫-૧૬માં અંદાજિત રકમ રૂ. ૬,૨૦૭ કરોડની સામે રૂ.૪,૪૭૩ કરોડ રૂપિયા, એટલે કે અંદાજિત રકમ કરતા ૫ ટકા ઊંચા રહ્યા. કેમ? પહેલા ૧૩ ટકા ઊંચા એટલા માટે રહ્યાં, તે વખતે ફેકટરીઓ ન હતી.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, આખો જવાબ તમારે પૂરો કરવામાં કેટલો ટાઇમ થશે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : સાહેબ, બધી માહિતી આપી રહ્યો છું. વારંવાર આ ગૃહમાં પ્રશ્ન આવે છે.

અધ્યક્ષશ્રી : કંઇ વાંધો નહીં. તમે વિસ્તૃત જવાબ આપીને એમને સંતોષ આપવાનો તમને અધિકાર છે. હું તો ખાલી પૂછું છું.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : સાહેબ, એકાદ મિનિટમાં પતી જશે.

અધ્યક્ષશ્રી : હા. ઠીક છે. ઠીક છે. આપો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : મારા પ્રશ્નનો જવાબ તો આવતો નથી.

અધ્યક્ષશ્રી : આવશે. આપનો જવાબ પણ આવશે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા ૧૩ ટકા ઊંચા આવ્યા હતા. એટલા માટે ઊંચા આવ્યા હતા કે ૧૦ ફૂટ ડાયામીટરના પાઇપની ફેકટરી ભારતમાં કયાંય પણ ન હતી. જયારે ફેકટરી નાંખવામાં આવી. આ ૧૦ ફૂટ ડાયામીટરના પાઇપો બનાવવામાં આવ્યા. પછી બીજા પેકેજના ટેન્ડર બહાર પડયા, એમાં ટેન્ડર ૫ ટકા જ ઊંચા રહ્યા. કેમ કે ફેકટરી પણ હતી અને પાઇપ પણ અપેલેબલ થતા હતા. એટલા માટે ૫ ટકા ઊંચા આવ્યા હતા. ત્રીજા તબકકાની અંદર ૮ પેકેજ બહાર પાડયા હતા. એની અંદર પણ ૫ ટકા જ ઊંચા ટેન્ડરો આવ્યા હતા, પણ આમ જોવા જઇએ તો ૭૫ ટકા ઊંચાની જે વાત કરતા હતા, તેની અંદર આપણા પૈસા વધારે જતા હતા. ત્યારબાદ જે નવા એસ.ઓ.આર.બન્યા છે. એમાં આપણા ૩૫૦ કરોડ રૂપિયાનો ફાયદો થયો છે. માનનીય સભ્યશ્રી, આ યોજના એટલા માટે છે કે ઉત્તર ગુજરાતના ખેડૂતોના ખેતરો આ યોજનાથી લીલાછમ થઇ ગયા છે. સૌરાષ્ટ્રની અંદર પાણી પંહોચે છે અને બધા લોકો આ પાણીથી ખુશ થઇ ગયા છે. એટલે મહેરબાની કરીને હવે પછી આની આજે સ્પષ્ટતા થઇ ગઇ છે. એટલે ફરી પૂછવાની જરૂર નહીં રહે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ ઉત્તર ગુજરાત એટલા માટે કહે છે કે ચૌદે ચૌદ પાઇપલાઇનો અત્યાર સુધીમાં થઇ, એટલા માટે એની સંયુકત રીતે એમણે કેટલીક વાત કરી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારી પોતાની વાત કરી નથી. સરકારની ફાઇલમાં નોંધ કરેલી છે. એમાં ૩,૦૦૦ એમ.એમ.ની પાઇપ છે એ અપેલેબલ નહોતી એવું નહીં, પાઇપ તો ફેકટરીઓ બનાવતી જ હતી. એસ.ઓ.આર. માત્ર ૫ મહિનાના ગાળાની અંદર *(xxx) ભાવ વધારે આપવા માટે કર્યું છે. આ જે આપની ફાઇનાન્સની નોંધ છે. ફાઇનાન્સ સેક્રેટરી જે તે વખતના અને અત્યારના માનનીય મુખ્યમંત્રીના સલાહકાર છે, એમણે કહ્યું કે આની વહીવટી મંજૂરી ખૂબ વધારવી પડે એમ છે. ઉપરાંત કહ્યું કે આ સ્કૂટિની થઇ નથી. મારી આ બે બાબતની માગણી છે કે સ્કૂટિની પણ થઇ નહોતી અને ૫ મહિનાના ગાળાની અંદર એમણે લખ્યું છે કે આમાં સ્ટીલના પાઇપની અંદર પાઇપના રેઇટમાં ઘટાડો થયો છે. વધારો થયો નથી. આ નોંધ ફાઇલમાં છે. એટલે આની તપાસ કરવા માગો છો કે કેમ? કારણ કે એ પૈસા ૨,૦૦૮ કરોડ રૂપિયા....

અધ્યક્ષશ્રી : તપાસ કરાવવા માગો છો કે કેમ?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માત્ર ૧૨ ટેન્ડરોમાં અપાયા.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન એટલો છે કે... (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : ભાઇ, તમને ખબર ન હોય તો રહેવા દો ને. એમને જવાબ આપવા દો ને.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બેસો. બેસો.

શ્રી કુંવરજીભાઇ હળપતી : (xxx) એવું ન કહી શકાય.

અધ્યક્ષશ્રી : આપ બેસો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : મારી તો એટલી જ વાત છે..

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : એમાં સાચી વાત કરવામાં કંઇ વાંધો નહીં મંત્રીશ્રી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપે વાત કરી દીધી. હવે મંત્રીશ્રી, તપાસ કરાવવાનું તમને લાગતું હોય તો કહો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં સ્પષ્ટ ખુલાસો કરી દીધો છે. એમાં સ્પષ્ટ પાણી જેવો ચોખ્ખો ખુલાસો કર્યો છે. કોઇ તપાસ કરવાની રહેતી નથી. ૮ ફૂટના ડાયામીટરના મોટા પાઇપ મળતા જ નહોતા અને ૧૦ ફૂટ ડાયામીટરના પહેલી વાર બન્યા હતા. જેમાં આખી મારૂતી નીકળી જાય એટલા મોટા પાઇપ પહેલી વાર ઇન્ડિયામાં બન્યા હતા.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સૌની યોજનામાં ચારેય લિંકમાં લિંક વાઇઝ કેટલા પમ્પિંગ સ્ટેશનનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની અંદર લગભગ ૩૩ જેટલા પંપ છે એનું પમ્પિંગ સ્ટેશનનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. એમાં મુખ્ય પમ્પિંગ સ્ટેશનની અંદર પચીસ અને ફિડર પમ્પિંગ સ્ટેશનની અંદર કુલ ૮ એમ કુલ ટોટલ ૩૩ પમ્પિંગ સ્ટેશનના કામ પરીપૂર્ણ કરવામાં આવ્યાં છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રની ધરાને ભીની કરતી આ યોજના, મારે આદરણીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ યોજના થકી સૌરાષ્ટ્રના કેટલા વિસ્તારને તથા શહેર અને ગામોને નર્મદાના પાણીની સિંચાઇ અને પીવાના હેતુ માટેના લાભ મળનાર છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌની યોજના થકી સૌરાષ્ટ્રમાં આશરે ૮ લાખ ૨૫ હજાર એકર વિસ્તાર તથા ૧૧ જિલ્લાના ૯૭૨ ગામોને સિંચાઇનો લાભ તેમજ ૧૧ શહેર અને ૭૦૭ ગામોને પીવાના પાણીનો લાભ મળશે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે પ્રાથમિક મંજૂરીના રાઇટ ઓફ યુઝનો કેટલો ખર્ચ થયો અને પી.જી.વી.સી.એલ. દ્વારા જે ઇલેક્ટ્રિસિટી કનેકશન આપવામાં આવ્યું તેનો લાઇટનો કેટલો ખર્ચ થયો એ બે ખર્ચ જણાવે?

અધ્યક્ષશ્રી : માહિતી અવેલેબલ હોય તો આપો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : મારી પાસે માહિતી અવેલેબલ નથી, પણ હું એમને પહોંચાડી દઇશ.

સુરત જિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બિલમાં સબસિડી

* ૨૨૪૬ **શ્રી મનુભાઈ પટેલ** (ઉધના) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બિલમાં સબસિડી આપવામાં આવેલ છે કે કેમ,	(૧) હા,જી.
(૨) જો હા, તો કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે, અને	(૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા સુરત જિલ્લામાં વર્ષ ૨૦૨૧માં કુલ ૫૬,૯૨૬ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૨માં કુલ ૫૭,૮૬૪ ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં સબસિડી આપવામાં આવેલ છે.
(૩) ઉક્ત સ્થિતિએ આ ગ્રાહકોને કુલ કેટલી સબસિડી આપવામાં આવેલ છે ?	(૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા સુરત જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને રાહત પેટે વર્ષ ૨૦૨૧માં રૂ.૮૫.૯૭ કરોડ અને વર્ષ ૨૦૨૨માં રૂ.૧૦૪.૬૦ કરોડની સબસિડી આપવામાં આવેલ છે.

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે તા. ૩૧.૧૨.૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બિલમાં સબસિડી આપવામાં આવેલ છે કે કેમ? અને જો હા તો કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે? અને ઉકત સ્થિતિએ આ ગ્રાહકોને કુલ કેટલી સબસિડી આપવામાં આવેલ છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧.૧૨.૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડૂતોને વીજ બિલમાં સુરત જિલ્લામાં વર્ષ ૨૦૨૧ અને વર્ષ ૨૦૨૨ દરમિયાન જોઇએ તો કામરેજ તાલુકામાં રૂ.૧૫ કરોડ ૭૭ લાખ, વર્ષ ૨૦૨૧માં ઓલપાડમાં રૂ.૨ કરોડ ૧૨ લાખ, ચોર્યાસીમાં રૂ.૨ કરોડ ૬૧ લાખ, બારડોલીમાં રૂ.૨૦ કરોડ ૨૦ લાખ, મહુવામાં રૂ.૧૨ કરોડ ૭૩ લાખ, માંગરોળમાં રૂ.૫ કરોડ ૮૮ લાખ, માંડવીમાં રૂ.૧૨ કરોડ ૮૬ લાખ, ઉમરપાડામાં રૂ.૧ કરોડ ૩૨ લાખ, પલસાણામાં રૂ.૧૨ કરોડ ૪૮ લાખ, એટલે કે રૂ.૮૫ કરોડ ૯૭ લાખની સબસિડી વર્ષ ૨૦૨૧માં આપવામાં આવી છે અને વર્ષ ૨૦૨૨માં કામરેજમાં રૂ.૨૦ કરોડ ૭૭ લાખ, ઓલપાડમાં રૂ.૨ કરોડ ૨૨ લાખ, ચોર્યાસીમાં રૂ.૩ કરોડ ૩૯ લાખ, બારડોલીમાં રૂ.૨૨ કરોડ ૩૪ લાખ, મહુવામાં રૂ.૧૩ કરોડ ૭૭ લાખ, માંગરોળમાં રૂ.૭ કરોડ ૯૦ લાખ, માંડવીમાં રૂ.૧૭ કરોડ ૧૫ લાખ, ઉમરપાડામાં રૂ.૨ કરોડ ૧૭ લાખ, અને પલસાણામાં રૂ.૧૪ કરોડ ૮૮ લાખ, એટલે કે ટોટલ રૂ.૧૦૪ કરોડ ૫૯ લાખની સબસિડી આપવામાં આવી છે.

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧.૧૨.૨૦૨૨ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ખેડૂતોને નવા વીજ જોડાણના એસ્ટિમેટમાં તાલુકાવાર કેટલી રાહત આપવામાં આવી છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના મારા જવાબમાં મેં જણાવ્યું છે કે, ખેડૂતોને વીજ બિલમાં તો રાહત આપવામાં આવે છે, પરંતુ નવા વીજ જોડાણ લેતાં હોય ત્યારે પણ તેમને ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોને કનેક્શન માટે જે લાભ આપવામાં આવે છે એ કામરેજ તાલુકામાં વર્ષ ૨૦૨૧ના વર્ષમાં ૨૧૭ લાભાર્થીઓને રૂ.૧૪,૧૧,૦૦૦નો લાભ આપવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : આખા જિલ્લાનો ટોટલ આંકડો આપશો તો ચાલશે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૨,૮૧૬ લાભાર્થીઓને વર્ષ ૨૦૨૧માં રૂપિયા ૧,૮૩,૦૫,૦૦૦/-ની રાહત આપવામાં આવી અને વર્ષ ૨૦૨૨માં ૨,૩૬૯ લાભાર્થીઓને ૧,૫૪,૦૧,૦૦૦ રૂપિયાની રાહત આપવામાં આવી છે.

તારાંકિત પ્રશ્નો

દાહોદ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશન

* ૨૨૯૩ **શ્રી કનૈયાલાલ કિશોરી** (દાહોદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા નવા વીજ સબ સ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને	(૧) ૪(ચાર).
(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?	(૨) રૂ.૨૪૬૫.૫૬ લાખ.

નર્મદા	૧૩૦૮	૧૩૦૮	૦	૦

(૩) સામાન્ય સંજોગોમાં ખેતીવાડી વીજ કનેક્શનોમાં બંધ ટ્રાન્સ્ફોર્મરની ફરિયાદ મળ્યા બાદ તેને બદલવાનો સમયગાળો ૭૨ કલાકનો હોય છે.

- - - - - - - - -

અધ્યક્ષશ્રીની જાહેરાત

વિકલાંગ વ્યક્તિઓ માટે વાહનની વ્યવસ્થા અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની હતી કે, માનનીય ધારાસભ્યશ્રીઓને આ બાબતની જાણકારી થાય કે મારી પાસે મુખ્ય દંડકશ્રીએ એવી રજૂઆત કરી હતી અને તે અંગે મેં માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું તો એમણે અહીંયા વિધાનસભામાં આવતા ઘણા બધા પ્રેક્ષક મિત્રો અને માનનીય મંત્રીશ્રીઓને મળવા આવતા કોઈ અપંગ, અશક્ત અથવા વૃદ્ધ વ્યક્તિ ઉનાળાની ગરમીના કારણે એમને પાર્કિંગથી અહીંયા આવવામાં મુશ્કેલી પડે નહીં એના માટે એક કારની વ્યવસ્થા થાય તો પાર્કિંગથી વિધાનસભા સુધી લાવી શકાય. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ બાબતને પોઝિટિવ લઈ બે ઈલેક્ટ્રિક કારની વ્યવસ્થા કરી દીધી છે અને હવે આજથી એ વ્યવસ્થામાં કોઈ આ પ્રમાણેના વ્યક્તિઓ હોય તો પાર્કિંગથી વિધાનસભા સુધી ઈલેક્ટ્રિક કારની અંદર આવી શકશે. આ જાણકારી આપને આપું છું જેથી આપના વિસ્તારમાંથી આવતા રજૂઆત કરવાવાળા લોકો હોય એમને પણ જાણકારી આપી શકો.

શ્રી કુંવરજીભાઇ હળપતી (આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે માનનીય શ્રી અર્જુનભાઇ ખૂબ અનુભવી અને ગૃહના જાણીતા નેતા છે અને સંસદીય પ્રણાલિકાના મારા ખ્યાલ મુજબ સૌથી અનુભવી નેતા છે. પ્રશ્નકાળ દરમિયાન એ *(xxx) શબ્દ બોલ્યા એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના સલાહકારને ઉદ્દેશીને બોલ્યા છે. એમાં કોઇ (xxx) ના હોય. જાણીબૂઝીને એવો અર્થ થાય. એમનો કહેવાનો ભાવાર્થ (xxx) એવો છે એની સાથે આ ગૃહ સંમત નથી. આથી કાર્યવાહીમાંથી આ શબ્દ દૂર થાય.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં એમ કહ્યું છે કે જે તે વખતના નાણાં સચિવ છે એ વર્તમાન મુખ્યમંત્રીશ્રીના સલાહકાર છે અને એમણે આ નોંધ કરેલી છે. એ સિવાય મેં બીજું કાંઇ કહ્યું નથી. વર્તમાન સલાહકાર વિશે કોઇ વાત કરી નથી. પણ એમણે નોંધ કરી છે કે આ પ્રમાણે સ્કુટીની થઇ નથી અને એસ.ઓ.આર.માં ભાવવધારો ગેરવાજબી થયેલો છે. આટલી જ વાત છે.

અધ્યક્ષશ્રી : (xxx) શબ્દ છે એ રેકર્ડ પરથી દૂર કરીએ છીએ. પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. (અંતરાય) મેં જજમેન્ટ આપી દીધું છે. એ વિષય પૂરો થાય છે. નવું કાંઇ છે?

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વીજ મંત્રીશ્રી છે એ રસિયો રૂપાળો છે એ વીજ બિલ ભરતો નથી આવા ગીત ગવડાવે છે અને બધી જગ્યાએ બિલ લેવડાવે છે. માનનીય મંત્રીશ્રી પાસેથી મારે માહિતી એટલી જોઇએ છે કે અમારે આવા ગીત આપની પાસે ગવડાવવા છે કે રસિયો રૂપાળો શા માટે વીજ બિલ ભરતો નથી? આપ મંજૂરી આપો.

પોઇન્ટ ઓફ ઓર્ડર

એન.સી.બી.ના અહેવાલના ડેટા રજૂ કરવા અંગે

શ્રી હર્ષ સંઘવી(રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. બે દિવસ પહેલાં માનનીય અર્જુનભાઇ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, એન.સી.બી.એ કહ્યું છે. (અંતરાય) એમણે જે કહ્યું હતું અને એન.સી.બી.ના ડેટા રજૂ કરવાના હતા એ હજુ સુધી આવ્યા નથી. એમણે કહ્યું હતું કે મારી પાસે રિપોર્ટ હાથમાં જ છે. એમણે એમ કહ્યું હતું કે, એન.સી.બી.એ એમના રિપોર્ટમાં એમ કહ્યું છે કે, જે આપણે પકડી શક્યા નથી, આપણે ૧૦ ટકા જ ડ્રગ્સ પડકી શક્યા છીએ. ૯૦ ટકા ડ્રગ્સ એન.સી.બી.ના રિપોર્ટ પ્રમાણે બહાર નીકળી ગયું છે. એ એમ કહેતા હતાં કે, જે રિપોર્ટ છે એ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કાગળ હાથમાં છે એ કાગળ જે આપવાના હતા એ હજુ સુધી મળ્યો નથી. બે દિવસ નીકળી ગયા છે. મારું એવું માનવું છે કે આ વિષય પર આટલો ગંભીર આરોપ જ્યારે આપ લગાવતા હોય ત્યારે અમે એન.સી.બી.ના ડેટા મંગાવ્યા અને એન.સી.બી.નું એવું કહેવું છે કે અમે જ્યોતિષીનું કામ ક્યારેય નથી કરતા. અમે કોઇ ભવિષ્યવાણી કરી શકતા નથી. અમે જે પકડાયું છે એનો જ રિપોર્ટ આપી શકીએ છીએ. ૯૦ ટકા નીકળી ગયું કે રૂપિયા ૭૫ હજાર કરોડનું નીકળી ગયું, આ પ્રકારનું અમારા કોઇ રિપોર્ટમાં નથી. આવો એન.સી.બી.નો લેખિત જવાબ અમારી પાસે આવેલો છે. આ બાબતે એમણે કોઇ ખુલાસો જરૂરથી આપવો જોઇએ. કારણ કે એમના દ્વારા ગૃહને ગુમરાહ કરવાનો પ્રયાસ કરવામાં આવેલો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અહીંયાથી ૯૦ ટકા નીકળી ગયું છે એવી વાત કરી નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે મંત્રીશ્રી, આપે એમની વાત સાંભળવી જોઇએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં ચોક્કસ ફિગરો આપ્યા હતા કે આ વર્ષ અને આ મહિનાની અંદર આટલું ડ્રગ્સ આ જગ્યાએથી પકડાયું અને એના ડેટા મારી પાસે છે. દેશમાં કે દુનિયામાં ડ્રગ્સ પકડાય છે એ માત્ર ૧૦ ટકા પકડાય છે, બાકીનું ૯૦ ટકા ડ્રગ્સ કોઇને કોઇ જગ્યાએથી અંદર આવી ગયું હોય છે આ ઓબ્ઝર્વેશન વર્લ્ડવાઇડ છે. એન.સી.બી.ને કોટ કરીને કે બીજી કોઇ જગ્યાએ નહીં, એન.સી.બી.ના આંકડા જે ગુજરાતની અંદર પકડાયું છે એ મેં તો ઓછા આપ્યા હતા એ સિવાયના પણ વધારે છે. હું આંકડાઓ અને સ્થળની બાબતને વળગી રહુ છું. ૧૦ ટકા ડ્રગ્સ ગુજરાતની અંદર પકડાયું છે બાકીનું ૯૦ ટકા આવી ગયું છે એ મારું જનરલ ઓબ્ઝર્વેશન આખા દેશના સંદર્ભમાં હતું.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે વીડિયોની ક્લિપ એમને જરૂરથી પાછી આપવી જોઇએ એના કારણે ત્યારે એમણે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરેલો હતો અને એમ જણાવ્યું હતું કે હું હંમેશા ડેટા લઇને જ બોલું છું. એ જ ડેટા હું માગું છું, બીજા કોઇ ડેટા માંગતો નથી. મારી પાસે એમણે જે બોલેલા એ કાગળ મેં મેળવ્યો છે એના પછી એકેએક પોઇન્ટ ઉપર સ્ટડી કરેલો છે. એમણે આંકડા આપેલા હતાં. એમાંથી માત્ર બે જ આંકડા સાચા છે. બીજા બધા જ આંકડા ખોટા છે. મારી આપને વિનંતી એટલી છે કે ડ્રગ્સ જેવા વિષયમાં માત્ર પેપરની અંદર હેડ લાઇન બનાવવી એ ગૃહનું કામ ન જ હોઇ શકે. આટલી મહત્ત્વની ચર્ચામાં બધા જ આંકડા ખોટા છે. એ કહે છે કે આંકડા બધા સાચા બોલેલા છે. આંકડા પણ ખોટા છે. એન.સી.બી.ને ક્વોટ કરીને આંકડા બોલેલા છે. મેં એન.સી.બી.ના કાગળ મગાવ્યાં, એન.સી.બી.નો રિપ્લાય મંગાવ્યો. તમામ આંકડા ખોટા, માત્ર બે આંકડા સાચા છે. એના સિવાયના આંકડા પણ ખોટા. ૯૦ ટકા માલ નીકળી ગયો. આ તો તે દિવસે મેં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો. દરરોજ એ કહે છે કે મારી પાસે કાગળ છે. મારું એવું માનવું છે કે માત્ર ટી.વી.ની હેડ લાઇન બનાવવાથી આવાં કામો ન થઇ શકે. એમણે કાગળ ઉપસ્થિત કરવો જ જોઇએ કાં તો ગૃહની માફી માગવી જોઇએ. આ કઇ રીતે ચલાવી લેવાય? એમની બોલેલી વાત છે. એમને વીડિયો બતાડવામાં આવે જેથી એમના ધ્યાને આવે. જ્યારે આપણે બોલતા હોઇએ છીએ ત્યારે કોઇ પણ એજન્સીના આંકડા આપણે ક્વોટ કરી લઇએ. બીજા દિવસે જ્યારે આપણે માંગીએ ત્યારે હવે એ એમ કહે છે કે નેશનલ અને ઇન્ટરનેશનલ લેવલની વાત કરતા હતા. એ દિવસે કોઇ નેશનલ, ઇન્ટરનેશનલની વાત જ નથી થઇ. હવે આજે અચાનક કાગળ માંગવામાં આવ્યો એટલે નેશનલ, ઇન્ટરનેશનલ થઇ જાય. આ ખૂબ ગંભીર બાબત છે. અમારી આખી ફોર્સને ડીમોરલાઇઝ કરવાનું કામ કરવામાં આવ્યું છે. આ ખૂબ ગંભીર મુદ્દો છે. મારી વિનંતી છે કે, એ ખૂબ સિનિયર સભ્ય છે. અમારાં તો બધા નવા સભ્ય આવ્યા છે એ શું શીખીને જશે? અમે તો એમની પાસેથી શીખવા માંગીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બેસો. આજે માનનીય મંત્રીશ્રી હર્ષભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે તેનું રેકોર્ડ અને અગાઉ માનનીય શ્રી અર્જુનભાઇ બોલ્યા છે, બંનેની વાતમાં એક વાત એવી આવે છે કે એમણે કહ્યું છે કે હું આ અંગે બોલ્યો નથી. મંત્રીશ્રી કહે છે કે તમે આ પ્રમાણે બોલ્યા છો તો બંનેના હું વીડિયો ક્લિપ જોવડાવી લઇશ. હું પોઇન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય એ બંને વસ્તુ જોયા પછી આપીશ.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

વન અને પર્યાવરણ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, ક્લાઇમેટ ચેન્જ વિભાગ

વન અને પર્યાવરણ વિભાગ

માગણી ક્રમાંક- ૨૬

શ્રી મુળુભાઇ બેરા (વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩,૮૬૩,૯૪,૨૨,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની ૩,૬૮૩,૦૯,૩૮,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૨૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : કોંગ્રેસ પક્ષમાંથી ઘણા બધા સભ્યશ્રીઓ કાપ દરખાસ્ત મૂકીને પછી હાજર રહેતા નથી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસમાં ગેરહાજર છે એવા માનનીય જિજ્ઞેશભાઇને આજે કોર્ટમાં એમનું જજમેન્ટ છે એટલે હાજર નથી. જે સભ્યો કદાચ... (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી વિમલભાઇ. આ કોઇ એક દિવસ નથી રોજે રોજ ૨,૩,૪,૫ (અંતરાય)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ઇરાદાપૂર્વક ગેરહાજર રહે છે એવું હોતું નથી પણ સંજોગોવસાત ફરજિયાત એમને ક્યાંક જવાનું હોય એટલા માટે... (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું આને ટીકા તરીકે નથી લેતો કે ટીકા કરતો નથી. હું આપનું ધ્યાન એ રીતે દોરું છું કે જે સભ્યશ્રી હાજર રહેવાના હોય એમની જ કાપ દરખાસ્ત મૂકાય. કાપ દરખાસ્ત મૂકાયા પછી હાજર રહેતા નથી એ સારું લાગતું નથી એટલે તમે આના માટે જે વ્યવસ્થા કરતા હોવ એ તમારા પક્ષના નેતાશ્રી અને દંડકશ્રી બંને આ બાબતમાં જરા ગંભીરતાથી લે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા:માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.

વન અને પર્યાવરણ વિભાગ

માગણી ક્રમાંક- ૨૭

શ્રી મુળુભાઇ બેરા(વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૭૭,૭૯,૨૫,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૨૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

માગણી ક્રમાંક - ૫૧

શ્રી મુળુભાઇ બેરા (પ્રવાસન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨,૪૫,૪૭,૫૭,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧૧,૫૦,૭૯,૩૪,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૫૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૫૧ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી :: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરવામાં આવી.

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ

માગણી ક્રમાંક - ૯૮

શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૬૨,૧૦,૮૮,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૮૧,૭૧,૪૯,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૯૮ રજૂ કરું છું.

ફાલ્ગુન ૨૭, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

માગણી ક્રમાંક - ૯૮ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરવામાં આવી.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરવામાં આવી.

ક્લાઇમેટ ચેન્જ વિભાગ

માગણી ક્રમાંક - ૧૦૭

શ્રી મુળુભાઇ બેરા (ક્લાઇમેટ ચેન્જ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ક્લાઇમેટ ચેન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૯૪,૧૨,૦૦૦/- ની માગણી ક્રમાંક- ૧૦૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૧૦૭ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૧ રજૂ કરવામાં આવી.

સન૨૦૨૩-૨૦૨૪ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત ચાદી.

અ.નં.	મુખ્યસદરઅનેસંદર્ભ	કાપદરખાસ્તરૂ.	વિષય	પ્રભારીસભ્યશ્રી
૧	૨	૩	૪	૫
		વન અને પર્યાવરણ વિભાગ **માગણીનં. ૨૬**		
૧	૨૪૦૬- વન..જીવન ૦૧-વનનિર્માણ ૦૦૧- નિર્દેશઅનેવહીવટ રૂ. ૩,૧૪,૩૫,૪૪,૦૦૦ અં.પ્ર.નં. ૮ પાનાનં. ૧૨અને૧૩	૧૦૦	ખોરાક અનેરહેઠાણ સમસ્યાના કારણે સિંહો - દિપડાઓ જંગલ છોડી માનવ વસ્તી તરફ સ્થળાંતર કરી જીવલેણ હુમલાઓ કરે છે જે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા (અરવિંદભાઇ લાડાણી)
*૨	––"––	૧૦૦	મીશન મિલિયન ટ્રી અંતર્ગત થતી નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જિગ્નેશ મેવાણી
૩	––"––	૧૦૦	વન પ્રભાગ હેઠળ ફરજ બજાવતા બીટ ગાર્ડોને સમયસર બઢતી આપવામાં તંત્રની ઉદાસીનતા.	ગેનીબેન ઠાકોર
૪	––"––	૧૦૦	વન વિસ્તારમાંથી પસાર થતા બિસ્માર રસ્તાઓનું સમારકામ સત્વરે કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
૫	––"––	૧૦૦	વન સંરક્ષણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં વન અભ્યારણની સ્થિતિમાં સુધારો લાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
*૬	––"––	૧૦૦	જંગલોમાં ટીમરૂના પાન વીણવા માટેની મજૂરીના દરમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી અનંતકુમાર પટેલ
*૭	––"––	૧૦૦	રાતના સમયમાં સિંહદર્શનમાટે મનાઇ હોવા છતાં આ સમયમાંસિંહદર્શન કરાવનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જિગ્નેશ મેવાણી
*૮	––"––	૧૦૦	નર્મદા જીલ્લાના વન વિભાગમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઇ વસાવા

*૯	૪૪૦૬-વન..જોગવાઇ ૦૧-વનનિર્માણ ૧૦૧-વન..વિકાસ રૂ. ૬,૨૦,૬૯,૩૮,૦૦૦ અં.પ્ર.નં. ૮ પાનાનં. ૪૦ થી ૪૮	૧૦૦	નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકા ખાતે "વાંસ આધારીત કૌશલ્ય વર્ધક કેન્દ્ર"ના હેતુને સફળ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઇ વસાવા
		માંગણી નં.૨૭		
૧૦	૨૨૧૫- પાણી..સ્વચ્છતા ૦૨-ગટર..સ્વચ્છતા ૧૦૬-વાયુ..નિવારણ રૂ. ૧૭,૮૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૮ પાનાનં. ૮ અને ૯	૧૦૦	સાબરમતી નદીના શુદ્ધિકરણ માટે કરવામાં આવેલ ખર્ચમાં થયેલ ગેરરીતિ માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૧૧	_ _ " _ _	૧૦૦	સાબરમતી નદીના પાણીને અશુદ્ધ કરતા ઔદ્યોગિક એકમોસામે સખ્ત પગલાં લઇ આવા એકમોને તાત્કાલિક બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૧૨	_ _ " _ _	**૧૦૦**	ગુજરાત પોલ્યુશન નિયંત્રણ બોર્ડ દ્વારા સીધા ઓડીટર ફાળવી દેવાની નીતિના કારણે ઉદ્યોગ જૂથો અને વિવિધ એકમોને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર **(**ડૉ. તુષાર ચૌધરી**)**
૧૩	_ _ " _ _	૧૦૦	ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડની માર્ગદર્શીકા અનુસાર મહેકમની આકારણી કરવા માટે સમિતિની રચના બાદ આકારણી અંગેના અહેવાલને આખરી સ્વરૂપ આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
*૧૪	_ _ " _ _	૧૦૦	ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને તેની તાબાની કચેરીઓમાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઇ ઠાકોર
૧૫	_ _ " _ _	૧૦૦	ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રદુષણ ફેલાવતા એકમો સામે કાર્યવાહી નહીં કરનાર જવાબદારો સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૧૬	_ _ " _ _	૧૦૦	રાજ્યની તમામ ઔદ્યોગિક વસાહતોમાં હવા ગુણવત્તા ચકાસતા મથકો સ્થાપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચિરાગકુમાર પટેલ
		ઉદ્યોગ અને ખાણ વિભાગ **માગણીનં. ૫૧**		
૧૭	૩૪૫૨-પ્રવાસન ૮૦-સામાન્ય ૦૦૧-નિર્દેશઅને વહીવટ રૂ.૪૨,૪૭,૦૦૦ અં.પ્ર.નં. ૧૩ પાનાનં. ૬૯	૧૦૦	ગાંધીનગર ખાતેના સંત સરોવર પર પીકનીક પોઇન્ટયોજનાના નકશા તેમજ આર્કીટેક્ટ સેવાની મંજૂરી અપાયા બાદ આગળની કામગીરી સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા.	ગેનીબેન ઠાકોર
૧૮	૩૪૫૨-પ્રવાસન ૮૦-સામાન્ય ૦૦૧-નિર્દેશઅને વહીવટ રૂ.૪૨,૪૭,૦૦૦ અં.પ્ર.નં. ૧૩ પાનાનં. ૬૯	૧૦૦	પ્રવાસન કચેરી દ્વારા ટેન્ડરોની કામગીરી સ્થાનિક કંપનીઓને આપવાને બદલે રાજ્ય બહારની કંપનીઓને અપાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
*૧૯	૫૪૫૨- પ્રવાસન..જોગવાઇ ૮૦-સામાન્ય ૦૨-TRS-37 ગુજરાત..બોર્ડ રૂ.૧,૨૯,૨૯,૩૪,૦૦૦	૧૦૦	પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની બેઠકો નિયમિત યોજી વિકાસના કામોની સમીક્ષા તથા રૂબરૂ સ્થળ ઉપર ચકાસણી કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કિરીટકુમાર પટેલ

	અં.પ્ર.નં. ૧૩ પાનાનં. ૯૩			
૨૦	_ _ " _ _	૧૦૦	પવિત્ર યાત્રાધામોના સ્થળો પર ફેલાયેલ વ્યાપક ગંદકીને દૂર કરવામાં તંત્રનીનિષ્ફળતા.	ડૉ. સી. જે. ચાવડા
	રમત - ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ **માગણીનં. ૯૮**			
૨૧	૨૨૦૪-ખેલકૂદ..સેવાઓ ૦૦૧- નિર્દેશઅનેવહીવટ ૦૧-યુવક..નિયામક રૂ. ૧,૬૨,૧૬,૦૦૦ અં.પ્ર.નં. ૨૫, પાનાનં.૧૨	૧૦૦	સ્વામી વિવેકાનંદ બિન નિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્ર સેન્ટર ઓફ એકસલન્સ સ્કીમ હેઠળ છેલ્લા બે વર્ષથી યુવા ખેલાડીઓને સુવિધા પેટે નાણાકીય સહાયઅંગેની બાકી ચુકવણીની તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
*૨૨	_ _ " _ _	૧૦૦	સ્વામી વિવેકાનંદ બોર્ડની રચનાની અને આ બોર્ડ અંતર્ગત સાહસિક પ્રવૃત્તિ માટે જાહેરાતો દ્વારા યુવાનોને અપાતી નિમણૂંકોની તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઇ ઠાકોર
*૨૩	_ _ " _ _	૧૦૦	રમત ગમત માટે ગ્રામ્ય ક્ષેત્રે રમતના મેદાનો બનાવવાની જાહેરાત છતાં મેદાનો બનતા નથી તે સંદર્ભે ઘટતી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કિરીટકુમાર પટેલ
૨૪	_ _ " _ _	૧૦૦	યુવા સાંસ્કૃતિક બોર્ડ દ્વારા સંયોજકભરતી અંતર્ગત ખાનગી એજન્સીઓને ચૂકવવામાં આવેલ રકમની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. સી. જે. ચાવડા (શૈલેષ પરમાર)
૨૫	_ _ " _ _	૧૦૦	રાજયમાં ૩૬મી નેશનલ ગેમ્સ અંતર્ગત કરવામાં આવેલ જમણવાર, વાહન, જાહેરાત ખર્ચ તથા અન્ય ખર્ચાઓ પાછળ ખર્ચાયેલ રકમની વિગતો જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
૨૬	૨૨૦૫-કલા અને સંસ્કૃતિ ૧૦૩-પૂરાતત્વ ૦૧-ART-7 પૂરાતત્વવિકાસ રૂ. ૬,૪૭,૧૫,૦૦૦ અં.પ્ર.નં. ૨૫, પાનાનં.૨૩	૧૦૦	પ્રાચીન સંસ્કૃતિના સ્થળો સાચવનાર પૂરાતત્વ સ્ટાફની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૨૭	_ _ " _ _	૧૦૦	પૂરાતત્વ વિભાગને આધુનિક સાધનોથી સંપન્ન કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
	કલાઇમેટ ચેન્જ વિભાગ **માગણીનં. ૧૦૭**			
૨૮	૩૪૫૧-સચિવાલય..સેવાઓ ૦૯૦-સચિવાલય ૦૧-કલાઇમેટ..વિભાગ રૂ.૧,૯૪,૧૨,૦૦૦ અં.પ્ર.નં. ૨૮ પાનાનં. ૧૦અને૧૧	૧૦૦	ગ્રીન હાઇડ્રોજન ટેકનોલોજીને રાજયમાં પ્રોત્સાહન આપવા માટેના રોડમેપની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અરવિંદભાઇ લાડાણી
*૨૯	_ _ " _ _	૧૦૦	રહેણાંક મકાનો ઉપર સોલાર સીસ્ટમ માટે સબસીડી ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રનીનિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
૩૦	_ _ " _ _	૧૦૦	કલાઇમેટ ચેન્જ વિભાગને ફાળવેલ બજેટ સામે તેનો પૂરેપૂરો ઉપયોગ ન કરનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચિરાગકુમાર પટેલ
૩૧	_ _ " _ _	૧૦૦	કલાયમેટ ચેન્જ વિભાગના મંજૂર મહેકમ સામે સમયાંતરે ભરતી કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
*૩૨	_ _ " _ _	૧૦૦	કલાયમેટ ચેન્જનાકારણે રાજયમાં ઉભી થતી ભારે વરસાદ-પૂરની સ્થિતિ સામે વિભાગે કરેલ સંશોધનની વિગતો જાહેર કરવામાં તંત્રનીો નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં ખાસ કરીને વન અને પર્યાવરણ, પ્રવાસન, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ તથા કલાઈમેટ ચેન્જ વિભાગની માગણીઓ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફોરેસ્ટ રાઈટ એકટ ૨૦૦૬ તત્કાલીન યુ.પી.એ. સરકાર દ્વારા શ્રીમતી સોનિયાજીના નેત્વૃત્વમાં શ્રી મનમોહનસિંહજી વડાપ્રધાન હતા ત્યારે આખા દેશમાં જે પણ વન વિસ્તાર છે અને ત્યાંના જે રહેવાસીઓ છે કે જેમણે જળ, જંગલ અને જમીનનું વર્ષોથી, પેઢીઓથી જતન કર્યું છે અને તેની ઉપર તેમનો પહેલો અધિકાર છે તે ભાવના સાથે આ કાયદો લાવવામાં આવ્યો હતો. આ કાયદો લાવ્યાને સત્તર વર્ષ થયા હમણાં જ હું એક ડેટા જોતો હતો તેમાં તા.૩૦-૬-૨૦૨૨ની સ્થિતિનો ડેટા છે તેમાં આ કાયદા હેઠળ જમીન મેળવવા માટેના જે વ્યક્તિગત દાવાઓ કરવામાં આવ્યા અને તેને મંજૂરી આપવામાં આવી તેનો રેશિયો જોઈએ તો આંધ્રપ્રદેશમાં ૭૭ ટકા, ઓરિસ્સામાં ૭૨ ટકા, ત્રિપૂરામાં ૬૪ ટકા, કેરાલામાં ૬૧ ટકા, ઝારખંડમાં ૫૬ ટકા, છત્તીસગઢમાં ૫૧ ટકા અને ગુજરાતમાં ૫૦ ટકા છે. આદિવાસીઓ કે વનમાં વસતા લોકો છે તેને અધિકાર આપવામાં આવ્યો છે તેમ છતાં તેના દાવાનો નિકાલ સત્તર વર્ષ પછી પણ ન થાય અને આજે આ ગુજરાતમાં ફકત ૫૦ ટકા દાવાઓનો નિકાલ થાય તેમાં હું માનું છું કે, આ વિસ્તારમાં રહેતા લોકો સાથે ખૂબ મોટો અન્યાય છે. આ તો વ્યક્તિગત દાવાઓની વાત થઇ પણ સામૂહિક દાવામાં જોઈએ તો છત્તીસગઢમાં ૯૦ ટકા રેશિયો છે. ઉત્તરપ્રદેશમાં ૭૪ ટકા, મધ્યપ્રદેશમાં ૬૬ ટકા અને ગુજરાતમાં ૬૦ ટકા છે. સામૂહિક દાવામાં આજે આપણે ૪૦ ટકા લોકોને સત્તર વર્ષ પછી પણ તેમની માગણીઓ મુજબનો અધિકાર આપી શકતા નથી. આ ડબલ એન્જિનની સરકારની વાહ વાહ કરીએ પણ અત્યારે તો ઉપર આપણી સરકાર છે અને અહીં પણ આપણી સરકાર છે, તમને કોઇ રોકનાર નથી. કાયદાએ અધિકાર આપ્યો છે તો શું કામ આ દાવાઓનો નિકાલ નથી થતો? જે નિકાલ થાય છે તેને પણ પૂરતા પ્રમાણમાં માગણી મુજબની જમીન નથી મળતી. જે એનો અધિકાર છે અને જેના પર વર્ષોથી તેનો કબજો છે અને આવનારું ભવિષ્ય તેની સાથે જોડાયેલું છે તેમ છતાં પણ સરકાર તેના માટે ચિંતિત નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આપની કક્ષાએથી આ તમામ દાવાઓનો રિવ્યુ કરીને ઝડપથી તેનો નિકાલ કરવામાં આવે. વનોનું રક્ષણ કરવાની જવાબદારી આપણી છે. બીજી બાજુ એ જ વન વિસ્તારમાં ગેરકાયદેસર રીતે પ્રવૃત્તિઓ ચાલે અને તેમાં પણ આપણે કયાંક આંખ આડા કાન કરીએ તેનાથી મોટા પ્રમાણમાં વનોનું તો નિકંદન થાય છે પણ સાથે સાથે વન્ય પ્રાણીઓ છે તેને પણ ખૂબ મોટું નુકસાન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આપણા સિંહો માટે ગૌરવ લઈએ, એશિયાટીક સિંહ જોવા માટે આખી દુનિયાના લોકો અહીં આવે પણ અત્યારે હાલત શું છે કે, રોજ ત્રીજા દિવસે એક નવો વીડિયો આવે છે કે, સિંહ જંગલ વિસ્તાર છોડીને રહેણાંક વિસ્તારમાં ખોરાકની શોધમાં નીકળ્યા હોય. રાત્રે ખુલ્લેઆમ બજારમાં કે ગામમાં ફરતા જોવા મળે છે. વન્ય પ્રાણીઓ માટેના જે રક્ષિત વિસ્તારો છે તેમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થાય છે, ગેરકાયદેસર માઇનિંગ થાય છે. આજે માની લો કે ગીર સોમનાથનો વિસ્તાર હોય, જૂનાગઢનો વિસ્તાર હોય કે અન્ય રક્ષિત વિસ્તાર હોય તેમાં પણ ગેરકાયદેસર માઇનિંગ અને પ્રવાસનના નામે જે પ્રવૃત્તિઓ થાય છે તેના જ કારણે આ વન્ય પ્રાણીઓને પોતાનો વિસ્તાર છોડીને રહેણાક વિસ્તારમાં જવાની ફરજ પડે છે. અહીં આપણે પ્રશ્નોત્તરીમાં આંકડા આપ્યા કે, છેલ્લાં બે વર્ષમાં ૨૪૦ સિંહના મરણ થયા, તેમાંથી ૨૬ જેટલા અકુદરતી મૃત્યુ થયા. તે જ રીતે છેલ્લાં બે વર્ષમાં દીપડાં અને દીપડાંના બચ્ચાના ૩૭૦ મૃત્યુ થયા તે પૈકી પણ ૧૧૪ અકુદરતી મૃત્યુ થયા. આનો મતલબ સ્પષ્ટ છે કે, આપણે તેના સંરક્ષણ માટેની વાતો કરીએ છીએ, જાહેરાતો કરીએ છીએ અને તેના માટેનું મોટું બજેટ ફાળવીએ છીએ પણ તેના માટે જે વ્યવસ્થાઓ ગોઠવવી જોઈએ તે ગોઠવતા નથી. આપણે જ અહીં પ્રશ્નના જવાબમાં આપ્યું છે કે, ખુલ્લા કૂવાઓ છે કે જેમાં વારંવાર સિંહ હોય, દીપડા હોય કે તેના બચ્ચાંઓ હોય તે પડી જાય અને તેના મૃત્યુ થાય છે. અંદાજે ૩,૯૬૦ જેટલા ખુલ્લા કૂવાઓ છે, તો સરકાર આ બાબતમાં પણ ચિંતા કરે. આપણે ખાલી ગૌરવ લઈએ એટલું જ નહીં પણ તેના રક્ષણ માટે, તેની વસતિ વધે અને તેનો રક્ષિત વિસ્તાર વધે એટલા માટેની વ્યવસ્થાઓ પણ ગોઠવવી જોઈએ તેવી સરકારને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રદૂષણ, વન અને પર્યાવરણની વાત કરીએ તો આપણે વૃક્ષોની વાવણી તો કરીએ છીએ. સાથે સાથે પર્યાવરણની જાળવણી થવી જોઇએ તેની ચિંતા હોવી જોઇએ તેમાં કયાંક ને કયાંક આપણે ઊણા ઉતરીએ છીએ. આખા દેશની વાત કરીએ તો જેટલા લોકોના એક વર્ષમાં કોરોનામાં મરણ થતા નથી તેનાથી વધારે લોકોના પર્યાવરણ અને પ્રદૂષણથી મરણ થાય છે. આજે આપણે અનેક કિસ્સાઓ જોઇએ છીએ તો શ્વસનતંત્રની બીમારોઓ જેમાં કેન્સર હોય, પલ્મોનરી ડિસીસ છે એની બીમારીઓ ખૂબ વધી રહી છે અને એટલા માટે કહેવામાં આવે છે કે, પર્યાવરણની જાળવણી નહીં કરીએ તો આવનારા દિવસોમાં હવામાન બદલાઇ રહ્યું છે, ક્લાઇમેટ ચેન્જિસની આપણી સામેની મોટી ચેલેન્જો છે એ આવનારા સમયમાં વિકાસ ગમે તેટલો થયો હશે, સુવિધા ગમે તેટલી હશે પણ કુદરત સામે આપણે ટક્કર નહીં લઇ શકીએ એવા દિવસોનું નિર્માણ થવાનું છે. અત્યારે પર્યાવરણની જાળવણી માટે આપણી પાસે જી.પી.સી.બી. બોર્ડ છે એમાં અધિકારીઓની જે જગ્યાઓ છે એ ભરવાની વાત બાજુ પર રહી, પણ જેટલી જગ્યાઓ છે એ જગ્યાઓ ઓછી કરવાની કે નાબૂદ કરવાની આપણે જે વાત કરીએ છીએ એ યોગ્ય નથી. કેમ કે લગભગ ૭૨૮ જગ્યાઓમાંથી ૨૨૩ જગ્યાઓ આપણે નાબૂદ કરી

છે. એક બાજુ ઔદ્યોગિકીકરણ વધતુ હોય, પ્રદૂષણ વધતું હોય, હવાનું પ્રદૂષણ વધતું હોય અને એવા સંજોગોમાં આપણે જગ્યાઓ નાબૂદ કરીએ એજ બતાવે છે કે આપણે એના માટે ચિંતિત નથી. અહીંયા આપણા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ હતા તેઓએ દિલ્હીની કોઇ ચૂંટણી સભામાં જઇને કલ કલ વહેતી સાબરમતી નદીના ભાષણ કરીને એમ કહે કે એશિયાની સૌથી શુદ્ધ નદી માનનીય નરેન્દ્રભાઇએ સાબરમતી બનાવી છે અને બીજી બાજુ એ જ સાબરમતી નદીમાં એકદમ ખરાબ હાલતમાં કેમિકલવાળું પાણી છોડતાં દશ્ય જોવાં મળે. આજે હાલત શું થઇ કે આપણે છેલ્લા ત્રણ વર્ષમાં ૨૮૦ કરોડ જેવી રકમ આ સાબરમતી નદીના શુદ્ધીકરણ માટેના પ્રોજેકટમાં વાપરવામાં આવી પણ એની સામે પરિણામ શું આવ્યું? આજે દેશની સૌથી જે પ્રદૂષિત નદીઓ છે એમાં બીજા નંબરે સાબરમતી નદીનો સમાવેશ થયો અને એજ રીતે ગુજરાતમાં લગભગ ૩૦ જેટલી નદીઓ છે જે ગંભીર રીતે પ્રદૂષિત છે અને એનું ભૂગર્ભ જળ છે એ દૂષિત થઇ રહ્યું છે. કાંઠા વિસ્તારમાં જેટલી ખેતી થઇ રહી છે, શાકભાજી થઇ રહી છે એ દૂષિત થઇ રહી છે. એનો ઉપયોગ લોકો ખાવામાં કરતા હોય છે ત્યારે આવનારા દિવસોમાં એના આરોગ્ય સાથે ચેડાં થવાનાં છે એની ચિંતા પણ આપણે ખાસ કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગો આવે છે આવકાર્ય છે પણ એ ઉદ્યોગો સ્થાનિકોના ભોગે કોઇ પણ સંજોગોમાં આવકાર્ય ન હોય. એ ઉદ્યોગોથી ત્યાં પ્રદૂષણ ફેલાતું હોય, લોકોના જીવ જોખમમાં મૂકાતા હોય, આરોગ્ય સાથે ચેડાં થતાં હોય, ત્યાંની જમીન પ્રદૂષિત થતી હોય, ત્યાંનું પાણી પ્રદૂષિત થતું હોય તો એની સામે ચોક્કસ લાલ આંખ કરીને પગલાં લેવા+ જોઇએ અને એટલા જ માટે કાયદામાં જોગવાઇ છે કે, આવા ઉદ્યોગ આવતા પહેલા લોક સુનાવણી કરવી. કચ્છ હોય કે દક્ષિણ ગુજરાત હોય ત્યાં દરેક જગ્યાએ લોક સુનાવણીના નામે ખાલી એક * (xxx) થાય છે. એના માટેના જે નીતિ નિયમો છે એનું પાલન કરવામાં આવતું નથી.

અધ્યક્ષશ્રી : (xxx) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : વારંવાર લોકો દ્વારા જે વિરોધ કરવામાં આવે છે એને અનદેખું કરી અને ઉદ્યોગપતિઓ માટે જાણે તમામ પ્રકારની છૂટ આપવામાં આવતી હોય એવું અધિકારીઓ દ્વારા જે થઇ રહ્યું છે એમાં ચોક્કસ એમની (xxx)ને કારણે થાય છે.

અધ્યક્ષશ્રી : (xxx) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે જ લોકો કહે છે કે, ભારતીય જનતા પાર્ટી ચૂંટણી પહેલા ધનસંગ્રહ યોજના લાવે અને જ્યારે સત્તા પર આવી જાય એટલે જે ઉદ્યોગપતિ મિત્રોએ એમને ધનસંગ્રહ યોજનામાં મદદ કરી હોય એમનું ઋણ અદા કરવા માટેની ઋણઅદા યોજના આવતી હોય છે અને એનો ભોગ ગુજરાતના લોકો, ગુજરાતનું પર્યાવરણ બનતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેગના રિપોર્ટ મુજબ પણ કહેવામાં આવ્યું કે, ગુજરાતમાં જેટલી પણ જી.આઇ.ડી.સી. છે ત્યાં હવાનું પ્રદૂષણ વધી રહ્યું છે. હવાની ગુણવત્તા માપવા માટે અને એની સુધારણા માટેના મથકો હોવા જોઇએ. આજે પણ ગુજરાતની મોટા ભાગની જી.આઇ.ડી.સી.માં એની વ્યવસ્થા નથી. અહીંયા નીતિ આયોગમાં સન ૨૦૧૮માં ગુજરાત સરકારે એક રિપોર્ટ સબમિટ કર્યો કે ગુજરાતમાં અમે ૨૬ નદીઓને પુન:જીવિત કરી. માનનીય મંત્રીશ્રી જવાબ આપવા ઊભા થાય ત્યારે એ નદીઓનાં નામ જણાવે અને એ નદીઓ પુન:જીવિત કરી તો આજની સ્થિતિ શું છે એ પણ જણાવે? આપણી પર્યાવરણ માટેની જે ચિંતાઓ છે એનો ખ્યાલ આવે. પર્યાવરણને કારણે ખેડૂતોને નુકસાન થાય છે. મને ભરુચનો કિસ્સો યાદ છે, દહેજ નજીક એક કંપની દ્વારા રાત્રે હવામાં ગેસ છોડવામાં આવ્યો એને કારણે એની આજુબાજુના ૫૦ કિલો મીટરના વિસ્તારોમાં ખૂબ મોટા પ્રમાણમાં ખેડૂતોને નુકસાન થયું અને આજુબાજુ લગભગ ૭૦ હજાર હેકટરમાં ખેડૂતોએ ઉગાડેલો જે કપાસ હતો એ સદંતર નાશ પામ્યો.હું જાતે સ્થળ તપાસ કરવા ગયો હતો. સરકારમાં લેખિતમાં વિગતો આપી. પ્રદૂષણ બોર્ડને પણ ફરિયાદ આપી તેમ છતાં એ કંપની સામે કોઇ પગલાં લેવામાં ન આવ્યાં. એવી જ રીતે સુરતની વાત કરીએ તો તાપી નદીમાં ડ્રેજિંગના નામે જે કોન્ટ્રેક્ટ્સ આપવામાં આવ્યા એમાં ડ્રેજિંગના બદલે એમણે કરોડો રૂપિયાની રેતીનું ખનન કર્યું અને એવા વિસ્તારમાં ખનન કર્યું કે જો ભવિષ્યમાં પૂર આવે તો દરિયાકાંઠાના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ધોવાણ થાય. પાણીમાં રહેતા જીવોને પણ મોટા પ્રમાણમાં નુકસાન થાય. માછીમારીના વ્યવસાયને પણ મોટા પ્રમાણમાં નુકસાન થાય. ત્યાંના સ્થાનિક માછીમારોએ ખૂબ વિરોધ કર્યો પણ એક કંપનીને લાભ કરાવવા માટે લગભગ દોઢસો કરોડનું કૌભાંડ કરીને નદીમાંથી રેતી કાઢવામાં આવી પણ સરકાર દ્વારા એને રોકવામાં ન આવ્યું. રેતી ખનન થાય એની સામે વાંધો નથી પણ એ નદીમાં પાણી ન હોય ત્યારે કાંઠાના વિસ્તારમાંથી થવું જોઇએ. આખા ગુજરાતમાં પાણીમાં બોટ ઉતારીને ડંકીથી પાણીનું પમ્પિંગ કરીને રેતીનું ખનન થઇ રહ્યું છે એના કારણે પાણીમાં વસતા જીવોને ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન થાય છે. ભવિષ્યમાં માછીમારી અને જિંગા ઉછેર જેવાં આવકનાં સાધનો છે એને પણ ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન થવાનું છે. ક્લાઇમેંટ ચેન્જ થાય છે એના કારણે દરિયાકાંઠે મેન્ગ્રુવ્સના વૃક્ષોનું જતન ન કરવાના કારણે એનું ગેરકાયદેસર રીતે નિકંદન નીકળી રહ્યું છે એના કારણે આજે દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાઇ પાણી ઘૂસી રહ્યા છે. હમણાં જ એક રિપોર્ટ આવ્યો છે કે આવનારા દિવસોમાં પગલાં નહિ લઇએ તો કચ્છ, પોરબંદર, ભરૂચ, ભાવનગર તથા વલસાડ જેવા અનેક જિલ્લાનાં દરિયાકાંઠાના ગામો ડૂબાણમાં જવાની શક્યતા છે. રમત-

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગમત વિભાગની વાત કરીએ તો થોડા દિવસ પહેલાં જાહેરાત કરવામાં આવી કે વર્ષ ૨૦૩૬માં ગુજરાત રમત-ગમત ક્ષેત્રે સૌથી મોટી એવી ઓલિમ્પિક હરીફાઇનું યજમાન બનવા જઇ રહ્યું છે, તે આવકાર્ય છે. એના માટે મોટું સ્ટેડિયમ બનાવીએ તે પણ આવકાર્ય છે. ઓલિમ્પિક હરીફાઇને હજી ઘણા વર્ષનો સમય છે. તો શા માટે આપણા ગુજરાતી ખેલાડીઓ ઓલિમ્પિકમાં ભાગ લઇને મેડલ લાવે અને આપણે સૌ ગૌરવ ના લઇએ? એના માટે આપણી શાળા-કૉલેજોમાં મેદાનની વ્યવસ્થા છે? પી.ટી.ના શિક્ષકો છે? આપણી પાસે સારા કોચ છે? આપણે તાલુકા મથકે સ્પૉર્ટ્સ સંકુલ બનાવવાની વાત કરી એ બનાવી શક્યા છીએ? આ સુવિધાઓ ઊભી કરવામાં આવે તો હું માનું છું કે યજમાન બનવું યથાર્થ ગણાશે. મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એના માટે પણ ચિંતા કરે અને પૂરતું બજેટ ફાળવે.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ(રાવપૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ વર્ષ ૨૦૨૩-૨૪ માટેની પ્રવાસન વિભાગની માગણી ક્રમાંક-૫૧ જેમાં મહેસૂલ પેટે રૂ.૨,૪૫,૪૭,૫૭,૦૦૦/-અને મૂડી પેટે રૂ.૧૧,૫૦,૭૯,૩૪,૦૦૦/-એમ કુલ મળીને રૂ.૧૩,૯૬,૨૫,૯૧૦૦૦/- તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણી ક્રમાંક - ૯૮ જેમાં મહેસૂલ પેટે રૂ.૩,૬૨,૧૦,૮૮,૦૦૦/- અને મૂડી પેટે રૂ.૮૧,૭૧,૪૯,૦૦૦/- એમ કુલ મળીને રૂ.૪૪૩,૮૨,૩૭,૦૦૦/-ની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે આ માગણીઓને સમર્થન આપવા અને તેના પર મારા વિચારો રજૂ કરવા હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપનો ખૂબ આભાર માનું છું. આપની કામ કરવાની જે પદ્ધતિ છે એ સભાગૃહના તમામ સભ્યો જોઇ રહ્યા છે. આપ બધાંને સાચવીને અને બધાની વાત સાંભળીને આગળ વધી રહ્યા છો. જ્યારે હું દિવ્યાંગોનો અને સિનિયર સિટીઝનનો વિષય લઇને આપની પાસે આવ્યો ત્યારે તમે જે ઉદારતાથી પહેલ કરી છે તે માટે હું આ સભાગૃહવતી આપનો ખૂબ આભાર માનું છું. સાથે-સાથે આજે મને બોલવા માટે તક આપી તે બદલ પણ આપનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : એ આપનો પૂર્ણ અધિકાર છે.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સપ્તાહમાં વિશ્વમાં બે ઘટનાઓ બની છે. આજના સમાચારપત્રમાં એક વાત આવી છે કે રશિયા અને યુક્રેનના યુદ્ધમાં રશિયાના રાષ્ટ્રપતિ પુતિન દ્વારા વૉર ક્રાઇમના અનુસંધાનમાં ઇન્ટરનેશનલ ક્રાઇમ કોર્ટે તેમના પર વૉરંટ જારી કર્યો છે. બે દિવસ પહેલાં જ નોબલ પ્રાઇઝ કમિટીના ઉપાધ્યક્ષ અસ્લે તોજેએ જાહેરાત કરી કે, ભારત હવે વિશ્વની મહાસત્તા બનવા જઈ રહ્યું છે. જે પ્રકારે ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પરમાણુ યુદ્ધ દ્વારા કેટલું નુકસાન થઈ શકે છે તે સમજાવવા માટે રશિયા અને યુક્રેન સાથે વાતચીત કરી તેના માટે તેમણે કહ્યું કે શાંતિ માટેના નોબલ પ્રાઇઝના સૌથી પ્રબળ દાવેદાર શ્રી મોદી સાહેબ છે. આજે ફક્ત ભારત દેશ અને તેમાં પણ ફક્ત શ્રી મોદી સાહેબ એવા છે કે જે આ દુનિયાને સમજાવી શકે છે. આપણે બધા જ સાક્ષી છીએ કે વર્ષ ૨૦૦૨થી ૨૦૧૪ સુધીના ૧૨ વર્ષમાં ગુજરાતે કઈ પ્રકારે કામ કર્યું. સોળમી લોકસભાની ચૂંટણીના પ્રારંભમાં જ્યારે તેઓ વડાપ્રધાન પદના દાવેદાર હતા એટલે કે પાર્ટીએ જ્યારે નિશ્ચિત કર્યું હતું ત્યારે તેમણે ભારત દેશને આખી દુનિયામાં એક બ્રાન્ડ તરીકે પ્રસ્થાપિત કરવો હોય તો ભારતીય જનતા પાર્ટી, એન.ડી.એ. શું કરશે તેનો એક રોડ મેપ બનાવ્યો. તેમણે આખી દુનિયાને પાંચ 'ટી' ટેલેન્ટ, ટ્રેડિશન, ટુરિઝમ, ટ્રેડ અને ટેકનોલોજીની ઓળખ કરાવી. આ પાંચે પાંચ મુદ્દા ઉપર તેમણે ધ્યાન કેન્દ્રિત કરીને તમામ રાજ્યોને આ પ્રકારનું માર્ગદર્શન કર્યું અને સાથે સહાય ઊભી કરી. જ્યારે સપ્ટેમ્બર-૨૦૨૧માં અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ તરીકે જો બાઇડને શપથ ગ્રહણ કર્યા ત્યારે સૌથી પહેલા મળનારા રાજનેતા આદરણીય મોદી સાહેબ હતા ત્યારે તેમણે પાંચ ટીમાં એક નવા ટીની વેલ્યુ એડિશન કરીને સમજાવ્યું તેનું નામ હતું ટ્રસ્ટીશિપ. આજે જ્યારે રશિયા અને યુક્રેનની લડાઇમાં કોઈ પણ દેશની સામે આવવાની હિંમત થતી નથી ત્યારે ભારત દેશ અને ખાસ કરીને માનનીય વડાપ્રધાન શ્રી મોદીજી જે પ્રકારે દુનિયાને સમજાવવામાં સફળ થયા છે અને આજે નોબલ પ્રાઇઝ કમિટીના ઉપાધ્યક્ષ અસ્લે તોજે એવું કહેતાં હશે કે આ પ્રકારનું વાતાવરણ, આ પ્રકારની તાકાત મોદી સાહેબની છે. આપણે બધા જ જાણીએ છીએ કે દુનિયાને શૂન્યની ઓળખાણ આર્યભટ્ટે કરાવી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં કોમેન્ટ ન કરીએ. (અંતરાય) તેમણે આપનો સમય જરા પણ બગડે નહિ તેનું ધ્યાન રાખ્યું છે. તમે પણ આવું ન કરો.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદજીએ હિંદુત્વ અને હિંદુ સંસ્કૃતિની અને મહાત્મા ગાંધીજીએ અહિંસાની આખી દુનિયાને ઓળખાણ કરાવી. તેવી જ રીતે મોદીજીએ ભારતની પ્રાચીનતમ્ સંસ્કૃતિની ઓળખાણ સમગ્ર વિશ્વને કરાવી છે. શરીર સુદૃઢ હશે તો જ આપણે આયુષ્ય સારી રીતે જીવી શકીશું. ભારતીય સંસ્કૃતિના પાયામાં યોગ છે. જ્યારે ડિસેમ્બર-૨૦૧૪માં મોદી સાહેબે યુ.એન.માં વિશ્વને યોગની શું જરૂરિયાત છે તે વાત મૂકી ત્યારે ૪૪ મુસ્લિમ રાષ્ટ્ર સહિત કુલ ૧૯૨ દેશોએ તેમને ટેકો આપ્યો હતો. તેનો અર્થ છે કે યોગ સર્વગ્રાહી છે. આજે આખા વિશ્વમાં વર્ષના સૌથી મોટા દિવસ ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઊજવી રહ્યા છીએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ ચાલુ રાખો. એમને જે લાગે તે, તમે ચાલુ રાખો.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ડબલ એન્જિનની સરકાર આપણા ગૃહના નેતા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં આગળ વધી રહી છે ત્યારે ગયા વર્ષના બજેટ કરતાં ૨૫ ટકાનો વધારો કરીને રૂ. ૩ લાખ કરોડ કરતાં પણ વધારે બજેટની જોગવાઇ કરવામાં આવી છે. નાગરિકો પર કોઇ પ્રકારનો બોજો ન પડે એવું કરવિહીન બજેટ લઇને આવ્યા છે

ત્યારે હું એમને લાખ-લાખ અભિનંદન આપું છું અને તેમનો આભાર માનું છું. મોટાં સપનાંઓ જોવાં અને એ સાચાં કરવાં માટે રાતનો દિવસ કેમ કરવો એ આ સદીના મહાનાયક શ્રી મોદીસાહેબે આપણને શીખવાડ્યું છે. ફક્ત દેશનો વિચાર કરીને 'ઇદમ્ ન મમ્, ઇદમ્ રાષ્ટ્રાય સ્વાહા' આ વાકયને ચરિતાર્થ કરતાં કામ કેવી રીતે કરવું એનો આદર્શ દાખલો આપ્યો છે. જ્યોતિષમાં 'એક રાશી, ભિન્ન નક્ષત્ર' હોય ત્યારે છત્રીસ ગુણ મળતા હોય છે અને સંસાર ખૂબ સારો ચાલે છે. પાટીલ સાહેબ અને પટેલ સાહેબની એક જ કન્યા રાશિ છે અને તેના કારણે જ તેમને મોટા સપનાંઓ જોવાનું શીખવાડ્યું છે. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકર્તાઓને તેમણે મોટા સપનાં જોવાનું શીખવાડ્યું છે. જ્યારે પાટીલ સાહેબે વાત કરી કે, ૧૫૦ કરતાં વધારે બેઠકો લાવીશું ત્યારે તમામ કાર્યકર્તાઓએ આ વાતને માથે લીધી. આપણે જો બે કલાક હાથ સતત હલાવીએ તો સ્પોન્ડિલાઇટિસ થઇ જાય છે ત્યારે કલાકોના કલાકો સુધી રોડ શો કરીને નાગરિકોની વચ્ચે જઇને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ જહેમત ઉઠાવી છે. જનતા-જનાર્દનના આશીર્વાદથી ૧૫૬ ધારાસભ્યો અહીં ઉપસ્થિત છે એ જોતાં મોટાં સપનાં કઇ રીતે સાર્થક થાય એ મને શીખવા મળ્યું છે. આપણા બધા માટે આ અલીબાબાની ગુફા ખોલી છે અને રૂ.૩ લાખ કરોડનું બજેટ આપવામાં આવ્યું છે. આ ગુફામાં આપે જઇને જોવું જોઇએ કે શું થઇ શકે છે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આજે પહેલીવાર ગૃહમાં બોલી રહ્યા છે એટલે જરા જોઇ લેજો.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : ચાલીસ ચોર બનવાની જરૂર નથી પણ અલીબાબાના ટ્રસ્ટી તરીકે આપણે રહેવું જોઇએ. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા શિવજીની સુવર્ણજડિત મૂર્તિનું શિવરાત્રીના અવસર પર અનાવરણ કરવામાં આવ્યું છે. એક વ્યક્તિ સમાજ માટે શું કરી શકે એનો સારો દાખલો શ્રી યોગેશભાઇએ મૂક્યો છે. આપણે બધા જ નવસારીથી લઇને અમરેલી સુધી જેમનું સામ્રાજય હતું એવા સર સયાજીરાવ ગાયકવાડ સાહેબના વિસ્તારમાંથી ચૂંટાયેલા છીએ. માનનીય નાણામંત્રી દ્વારા બજેટની ફાળવણી કરવામાં આવી છે ત્યારે સમાજ માટે ગમે તે વિષય હોય એ કોઇપણ ચૂંટાયેલા પ્રતિનિધિ દ્વારા આવે અને એને પોઝિટિવલી કેવી રીતે લેવાય એના માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય અધ્યક્ષશ્રી વારંવાર દાખલા આપી રહ્યા છે. મને ખબર નથી કે, ઇતિહાસમાં કોઇ વખત વિપક્ષ દ્વારા કોઇ મુદ્દો એમેન્ડ કરવામાં આવે અને સરકારશ્રી દ્વારા સ્વીકારવામાં આવે. અત્યારે સરકારશ્રી બધા જ વિષયોમાં બધાને સાથે જ લઇને ચાલે છે. આપણે બધાએ વિચારવું જોઇએ કે, પોતાના વિસ્તારમાં એવી કઇ વસ્તુ છે, દરેક વસ્તુ સરકારશ્રી ઉપર મૂકીને, રાજ્ય સરકાર જ કરશે, શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ જ કરશે એવું રાખવા કરતા, આપણા વિસ્તારમાં અને આપણે જયાં રહીએ છીએ, જયાંથી આપણે બધા અહીંયા ચૂંટાઇને આવેલા છીએ, દરેકની પોતાની એક ક્ષમતા છે અને એ ક્ષમતાનો સદુપયોગ કેવી રીતે થઇ શકે એના માટે કોઇને કોઇ વિષય લેવો જોઇએ, એવું મને લાગે છે. માની લો કે જેવી રીતે અમે વડોદરા શહેર, જિલ્લાના તમામ ધારાસભ્યશ્રીએ નક્કી કર્યું છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય યુવા અને સાંસ્કૃતિક મંત્રીશ્રીએ આમ જોઇએ તો કંઇક બેરલ ચેક આપી દીધો છે કે તમે તમારા વિસ્તારની સારી વસ્તુ શોધો. એક વર્ષમાં વડોદરા શહેર અને જિલ્લામાં એક અલગ પ્રકારનું દર્શન થશે. રાજ્ય સરકારે વડોદરાનું ન્યાય મંદિર કોર્પોરેશનને સોંપી દીધું છે, લાલ કોર્ટ સોંપી રહ્યું છે. આ એવું સ્થળ છે કે જયાં મહર્ષિ, બ્રહ્મર્ષિ વિશ્વામિત્રએ તપ કર્યું. જે નદીના કિનારે તપ કર્યું અને ગાયત્રી મંત્રોનો ઉદ્ઘોષ અને ગાયત્રી મંત્રોની શરૂઆત જયાંથી કરી એવી આ વડોદરા નગરી છે. બોલવા માટે એવું બોલાશે કે વિશ્વામિત્રી નદી ગંદી છે. પરંતુ સરકારશ્રી દ્વારા આયોજન થઇ રહ્યું છે. સરકારશ્રીએ એવું નક્કી કર્યું છે કે, આ ગંદી નદી છે એમાં તમને જે કંઇપણ તકલીફ હોય એ દૂર કરવા માટે સરકારશ્રી કટિબદ્ધ છે. વડોદરાની તાકાત છે. વડોદરાનું હેરિટેજ કલ્ચર છે. ગુજરાત રાજ્યની સાંસ્કૃતિક રાજધાની વડોદરા છે. જયારે સરદાર પટેલ સાહેબે ૩૫૦થી વધારે રજવાડાં એકત્ર કરી પ્રજાસત્તાક રાષ્ટ્રની રચના કરી છે ત્યારે તેમને આદરાંજલિ આપવા માટે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે, તેમની વિશાળ અને વિશ્વની સૌથી મોટી 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' ની પ્રતિમા બનાવી છે. આપણે જોઇ રહ્યા છીએ કે, જયારે લાખો-કરોડો મુલાકાતીઓ ત્યાં આવે છે ત્યારે એ સર્કિટમાં વડોદરાનો પણ ખૂબ મહત્ત્વનો હિસ્સો છે. સાહેબ, આપનો તો વડોદરા સાથે સીધો નાતો છે. ડૉ. તુષારભાઇ પણ વડોદરામાં જ ભણેલા છે. આપણે જાણીએ છીએ કે વડોદરાની શું તાકાત છે. અમે તમામ ધારાસભ્યશ્રીઓએ નક્કી કરીને, માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારા પ્રભારી મંત્રીશ્રી સાથે સંકલન કરીને આવતાં દિવસોમાં, એક કોમ્પ્રિહેન્સિવ પ્લાન બનાવીને ટુરિઝમને કેવી રીતે મહત્ત્વ મળી શકે, વડોદરાની જે હેરિટેજ તાકાત છે એને એસ્ટાબ્લિશ કરીને કેવી રીતે ટુરિઝમને વધારે પ્રાધાન્ય મળી શકે આ જોવાની જયારે અમે બધાએ પહેલ કરી છે ત્યારે આપના માધ્યમથી આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે, આપ પણ આપના વિસ્તારમાં કોઇ આવો વિષય શોધો. ચૂંટણી લડવી એ મહત્ત્વનું નથી. લોકો તો મત આપે છે પણ, લોકોનો વિશ્વાસ હોય છે કે અમારા માટે કંઇક સારુ થાય. સરકારશ્રી દ્વારા રોટી, કપડાં ઔર મકાન તો છે જ પણ, તેની સાથે સાથે નાગરિકોની માનસિક તાકાત વધારવી જોઇએ. આપણે બધા જાણીએ છીએ કે, પ્રવાસન જીવનમાં કેમ મહત્ત્વનું છે. કેમ કે, દુનિયામાં કોઇ જગ્યાએ બે દિવસની રજા હોય છે. કોઇક ઠેકાણે એક દિવસની રજા હોય છે. આપણે જે કામ કરી રહ્યાં છીએ તેમાંથી અલગ થઇને અલગ જિંદગી જીવવા માટેની આ પદ્ધતિ છે, ત્યારે પોતાના વિસ્તારમાં જે પણ કરી શકાય તે કરવું જોઇએ. હમણાં જ માનનીય અમિતભાઇ સાહેબે જે વાત કરી, સાહેબ, પોઇન્ટ ઓફ ઓર્ડર નથી, ફક્ત વાત છે. રમત-ગમતના પ્રોત્સાહન માટે આજે આ ફ્લોર ઉપર એક ખાસ મહત્ત્વની વસ્તુ જે જાણવા જેવી છે એ મૂકું છું કે, ખેલ-મહાકુંભની શરૂઆત થઇ અને જયારે ખેલ મહાકુંભનો પહેલી વખત રાજ્ય સરકારશ્રી દ્વારા કાર્યક્રમ કરવામાં આવ્યો ત્યારે વર્ષ ૨૦૧૦માં ૧૬ લાખ ૫૦ હજાર જેટલા રમતવીરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.

ગત વર્ષે ૫૫ લાખ ૫૯ હજાર ૧૯૫ રમતવીરોએ ઉત્સાહપૂર્વક રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આ ખેલ મહાકુંભમાં સરકારશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા રૂપિયા ૨૯ કરોડ કરતાં પણ વધારેના રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા છે. ગુજરાતના ૬૦ વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખત આખા વિશ્વમાં ગુજરાત રાજ્ય ઓળખાય છે તે વેપારી રાજ્ય તરીકે ઓળખાય છે. રમતગમતમાં પ્રથમ વખત ગુજરાત રાજયની ૬ મહિલા ખેલાડીઓએ ટોકયો ઔલિમ્પિક ૨૦૨૧ માં ભારતનું પ્રતિનિધિત્વ કરીને રાજય દ્વારા રાષ્ટ્રનું નામ રોશન કરેલું હતું. આજે હમણા ગત સપ્તાહમાં જ માનનીય મંત્રીશ્રીએ નડિયાદ ખાતે હાઇ પરફોર્મન્સ સેન્ટરની વાત કરી. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા રમતગમતની ઉચ્ચ કક્ષાની વૈજ્ઞાનિક પદ્ધતિની તાલીમ માટે નડિયાદ ખાતે હાઇ પરફોર્મન્સ સેન્ટર બનાવવામાં આવ્યું છે. તેમાં અલગ અલગ રમતોના જે આંતરરાષ્ટ્રીય કક્ષાએ જઇ શકે..(સમય સૂચક ઘંટડી)

શ્રી હર્ષ સંઘવી : એમને ૫ મિનિટ વધારે આપવામાં આવે. બીજા કોઇનામાંથી કાપીને એમને વધારે આપવામાં આવે.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : એ હાઇ પરફોર્મન્સ સેન્ટરમાં ૧૭૦ થી વધારે રમતવીરો જયારે લઇ રહ્યાં છે, ત્યારે એ તમામના ઉપર વર્ષે દહાડે ૩ લાખ રૂપિયાનો રાજય સરકાર જયારે ખર્ચ કરી રહી છે ત્યારે આવા સેન્ટરથી શું થઇ શકે તેનો ઉત્કૃષ્ટ દાખલો સરિતા ગાયકવાડે એથ્લેટિક્સ રમતમાં એશિયન ગેઇમ્સ સન ૨૦૧૮માં રીલે દોડ હતી તેમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. મને લાગે છે કે સારી ટેકનોલોજી શું કરી શકે છે તે જો જોવું હોય તો ખરેખર બધાએ આ પ્રકારનું પરફોર્મન્સ સેન્ટર જોવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, જયારે પ્રવાસન વિકાસની (અંતરાય) મારી ૨૦ મિનિટ છે.

અધ્યક્ષશ્રી : એમને મંત્રીશ્રીએ બીજી ૩ મિનિટ પોતાનામાંથી આપેલી છે. એટલે હજુ ૩ મિનિટ એ બોલી શકશે.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવાસનની હરણફાળ વેગવંતી થાય તેના માટે રાજય સરકારે જયારે રૂપિયા ૨૦૭૭ કરોડની જોગવાઇ કરેલ છે. આપણે આમ જોવા જઇએ તો અલગ અલગ પ્રકારના ટુરિઝમના જે વિષયો લેવામાં આવ્યા છે. કેટલા પ્રકારના ટુરિઝમ થઇ શકે છે. મેડિકલ ટુરિઝમ હોય, સ્પોર્ટસ ટુરિઝમ હોય. સાથે સાથે આમ જોવા જઇએ તો રાજય સરકારના પ્રયત્નોથી ૧,૬૦૦ કિલોમીટરનો જયારે આપણી પાસે દરિયાકિનારો છે ત્યારે ફીગ ટુરિઝમ, યુથ ટુરિઝમ, સ્પોર્ટસ ટુરિઝમ, એડવેન્ચર ટુરિઝમ, વાઇલ્ડ લાઇફ ટુરિઝમ, રૂરલ ટુરિઝમ, હેરિટેઝ ટુરિઝમ, ઇન્ડસ્ટ્રીયલ ટુરિઝમ, એગ્રો ટુરિઝમ, ઇકો ટુરિઝમ, બોર્ડર ટુરિઝમ, મેડિકલ ટુરિઝમનો જે પ્રકારે ઝડપથી વિકાસ થઇ રહ્યો છે. સાથે સાથે ખાસ તો અભિનંદન આપવા જોઇએ મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને કે હમણા જે પ્રકારે સંસ્કૃતિ કુંજ પર વસંતોત્સવ ચાલે છે. હું તો ગઇકાલે પણ ગયો હતો. આપણે રાત્રે નીકળીએ તો ખબર પડે કે પ્રવાસન, સંસ્કૃતિ અને કલાનો વારસો ગુજરાત કેવી રીતે જાળવે છે. કાલે કીર્તિદાનભાઇના ડાયરામાં, ૪ દિવસ પહેલા સાંઇરામભાઇના ડાયરામાં કિડિયારું જોઇ લો. ત્યાંથી એનાઉન્સ કરવું પડે કે ભાઇઓ, જરા સાચવજો. આ પ્રકારનું આયોજન જયારે રાજય સરકારશ્રી કરે છે ત્યારે અનેકવિધ યોજનાઓ, જેટલી પણ યોજનાઓ છે, સરકારશ્રીની જે યોજનાઓ છે. જે પ્રકારે સરકાર આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે, ટુરિઝમ પોલિસી હોય તો એમાં પણ ૫ વર્ષનું આયોજન છે. ખેલ મહાકુંભની સાથે સાથે સ્પોર્ટસનું જે આયોજન છે તેમાં પણ આ પ્રકારે ચાલતું હોય છે ત્યારે મને લાગે છે કે હું નામ પછી લઇશ. આપ બધા ઓળખો જ છો. એક કવિતા સાથે હું મારી વાત પૂરી કરું છું.

ગુજરાત તને અભિનંદન,
ગુજરાતીના ગૌરવથી આ ધરા બની નંદનવન,
વેદકાળથી વહે નિરંતર, નયન ભક્તિની ધારા,
દશે દિશાઓ રક્ષે દેવો, નર નારી અહીં ન્યારા
તું સોમનાથનું બિલીપત્ર તું હાટકેશનું ચંદન
અભિનંદન, ગુજરાત તને અભિનંદન,
ધરતીકંપમાં ઊભો રહ્યો તું સાવ અડીખમ માનવ,
દુષ્કાળોની દારુણ ક્ષણમાં સદા ધબકતો માનવ,
સરળ, સહજ થઇ સંતાડ્યું તેં આંસુ વેણ ક્રંદન
અભિનંદન, ગુજરાત તને અભિનંદન ,
કોમ્પ્યુટરમાં કૃષ્ણ નિહાળે, ગરબે અંબા રમતી
દેશ વિદેશ વેબસાઇટમાં વિસ્તરતી ગુજરાતી વિસ્તરતી.
સમૂહજીવનમાં સૌની સાથે વ્હેંચે કેવા સ્પંદન,
અભિનંદન, ગુજરાત તને અભિનંદન ,
સ્વર્ણિમ સંકલ્પો જાગ્યા છે, જાગી છે મહાજાતિ.
બોલે હર ગુજરાતી દેશ અને દુનિયાને કોને કરીએ મળીને વંદન**,**
ગુજરાત તને અભિનંદન**,** ગુજરાત તને અભિનંદન**.**

આ મહાજાતિ એ તમામ ગુજરાતીઓ માટેની છે. જેમ મોદી સાહેબે કહ્યું હતું કે આ ગુજરાત મેં બનાવ્યું છે. મોદી સાહેબે જેમ કહ્યું હતું કે રમે છે ગુજરાત, ખેલે છે ગુજરાત, જીતે છે ગુજરાત. ફીટ ઇન્ડિયાની મુવમેન્ટ સાથે જે પ્રમાણે શ્રી નરેન્દ્રભાઇ

મોદીજીએ આખા દેશના તમામ યુવાનોને જયારે આહલેક જગાવી હતી. માનનીય અધ્યક્ષશ્રી, મારી આ વાત સાથે હું મારો વિષય પૂરો કરું છું. આભાર.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા જળ અને વાયુ પરિવર્તન વિભાગ દ્વારા જે માગણીઓ રજૂ કરવામાં આવેલ છે તે માગણી ક્રમાંક ૧૦૭ ઉપર હું મારા વિચાર રજૂ કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહીનું મંદિર છે અને લોકશાહીના મંદિરની અંદર હમણાં જ જેમ કહેવાયું એમ સૌ સાથે બેસી સૌ સાથે રહીને કંઈક ચિંતન અને કંઈક મનન કરીને આપણી જે ફરજ છે એ લોક જાગૃતિ અને લોકોના કલ્યાણ માટે કંઈક કાર્ય કરવું જોઈએ. એ સંદર્ભમાં આ જગ્યાએથી ભૂતકાળમાં કયારેય નહોતું બન્યું એવું વર્ષ ૨૦૦૯ની અંદર અલાયદા કલાઈમેટ ચેન્જ વિભાગની રચના અને સ્થાપના કરવામાં આવી. સમગ્ર એશિયાની અંદર એ પ્રથમ ક્રમ હતો અને દુનિયાની અંદર ચોથો ક્રમ હતો. એવા તે વખતના તત્કાલીન યશસ્વી મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ કે જેઓ હાલના વડાપ્રધાનશ્રી છે એમના નેતૃત્વની અંદર જળ વાયુ પરિવર્તનની ચિંતા કરવામાં આવી હતી. આવનારા દિવસોમાં જળ વાયુ પરિવર્તન એક વિકરાળ સમસ્યા થઈને ઊભી રહેવાની છે. અને આ સમસ્યાને શાંતિ કઈ રીતે પ્રાપ્ત થાય, વેદોમાં પણ કહેલું છે. **देवहु शांतिरन् तरीक्षकु शांति, प्रथवीः शांति, आपः शांति, औषधयः शांति, विश्वे देवाहा शांति, ब्रहम शांति, सर्व गौ शांति, शामा शांति रिद्धि।।** આ સમગ્ર વિશ્વની...

અધ્યક્ષશ્રી : આજે પંડિતોના શાંતિ મંત્રનો પણ લાભ વિધાનસભા ગૃહને મળી રહ્યો છે. અભિનંદન.

શ્રી અનિરુદ્ધ ભા.દવે: સાહેબ આ ગુજરાતના કલ્યાણ માટેનું મંદિર છે અને સૌ ગુજરાતીઓનું ભલુ થાય એના માટેનો યજ્ઞ કરી રહ્યા છીએ ત્યારે.....

અધ્યક્ષશ્રી : સાથે સાથે સ્વસ્તી વાંચન પણ હોય તો કરી જ લેજો.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, બિન પરંપરાગત ઊર્જાના સ્ત્રોતોનો ઉપયોગ વધુ અસરકારક રીતે બનાવવાની કામગીરી પણ ગુજરાતે હાથ ધરેલી છે. બિન પરંપરાગત ઊર્જાના સ્ત્રોતોનો અસરકારક ઉપયોગ થાય એના માટે થઈને પર્યાવરણની જે સમસ્યાઓ છે એ સમસ્યા પણ હળવી થશે અને ઊર્જાના વિકાસ માટે સરકાર પણ વિવિધ પ્રોત્સાહન આપી રહી છે. આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં આ ડબલ એન્જિનની સરકારે જે પ્રકારે સામાન્ય ઘરના લોકોને ઉપયોગી થઇ શકે એ માટે પોતાના ઘર ઉપર રૂફ ટોપ સોલાર યોજના લગાવવાનો પ્રયાસ કર્યો કે જેથી કરીને આખા ગુજરાતની અંદર ૪ લાખ ઘરો ઉપર રૂફ ટોપ સોલાર યોજનાની અમલવારી થઇ છે. ભૂતકાળમાં કોઇ લોકો અહીં આવીને આંબા આંબી વહેંચતા હતા કે મફત વીજળી, સાહેબ આ ગુજરાતી તો વીજળી પણ ઉત્પન્ન કરી અને વીજળીમાંથી પણ સામાન્ય ગુજરાતી પૈસા કમાય એના માટેની આ યોજના છે. સાથે સાથે પર્યાવરણનો પણ બચાવ થાય છે. અને એ રીતે આનો પણ ઉપયોગ થઇ શકે છે.

આ જગ્યા ઉપરથી એક બીજો વિચાર હું આપની સમક્ષ મૂકવા માગું છું અને સૌ મિત્રોને આ બાબત ઉપર વિચાર કરવાનું કહું છું કે જયારે જાહેર જીવનની અંદર હું અને તમે અહીંયા સુધી પહોંચ્યા છીએ તો આપણે નાના નાના પ્રયત્નો દ્વારા ગ્લોબલ વોર્મિંગ સામે કેમ લડી શકીએ, સૂર્ય પ્રકાશનો ઉપયોગ તો થાય છે, પણ આપણે ચંદ્ર પ્રકાશનો ઉપયોગ કરી શકીએ? ચંદ્ર પ્રકાશનો ઉપયોગના સંદર્ભમાં કઇ રીતે એનો ઉપયોગ કરી શકાય કે, શહેરની અંદર નગરપાલિકા હોય, મોટી નગરપાલિકા હોય તે રાત્રીના સમયે વીજળીનો બચાવ જયારે પૂર્ણ ચંદ્રમા હોય, અજવાળિયા પાંચમથી અંધારી પાંચમ આ પંદર દિવસ સુધી ચંદ્રનો પ્રકાશ પૂર્ણ રહેતો હોય છે અને પૂર્ણ ચંદ્રનો પ્રકાશ રહેતો હોય છે ત્યારે એ પ્રકાશમાં જો સ્ટ્રીટલાઇટ ઉપર કન્ટ્રોલ મૂકવામાં આવે, અને સ્ટ્રીટલાઇટનો ઉપયોગ ઓછો કરવામાં આવે તો ગુજરાત આમ પણ સક્ષમ છે, ગુજરાતનું પોલીસ દળ ખૂબ જ કાર્યરત છે. ક્રાઇમ રેટ બહુ ઓછો છે. તેના સંદર્ભમાં કોઇ ભય રાખ્યા વગર જો ચંદ્રના પ્રકાશનો ઉપયોગ કરીએ તો તેનો ઓક્ક્સપણે ફાયદો થઇ શકે. ભૂતકાળમાં મેં આ પ્રયોગ કરેલો. હું જ્યારે નગરપાલિકામાં હતો ત્યારે સન ૨૦૦૫-૦૬ને બેઝ લાઇન બનાવ્યો. તે વખતે આખા વર્ષનું સ્ટ્રીટ લાઇનું બિલ માત્ર ૩,૦૬,૬૨૭ યુનિટ હતું. એ પછી આ પ્રયોગ સતત કર્યો તો ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૧૬,૦૮,૬૧૦ યુનિટ, સન ૨૦૦૭-૦૮માં ૧૭,૦૦,૭૧૮ યુનિટ, સન ૨૦૦૮-૦૯માં ૧૭,૪૧,૦૭૪ યુનિટ એમ કુલ ૪૩ ટકા યુનિટ બચ્યા. એટલે આ ચંદ્ર પ્રકાશનો ઉપયોગ પણ હું અને તમે કરીશું, આપણે આપણી નગરપાલિકાઓમાં કરાવીશું તો આ કરી શકાય એવો વિષય છે. પર્યાવરણના સંદર્ભમાં કલાઇમેટ ચેન્જ વિભાગ આ બાબત ઉપર વધુ મંથન કરે તો ઓક્ક્સપણે ચંદ્ર પ્રકાશનો ઉપયોગ કરી શકીએ તેમ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્ટેટ એક્શન પ્લાન ઓન ક્લાઇમેટ ચેન્જને ભારત સરકાર દ્વારા પુષ્ટિ આપવામાં આવેલી છે. એ ચાવીરૂપ અગ્રતાઓ સાથે અલગ અલગ ૯ વિષયો ઉપર કામગીરી કરી રહ્યા છે. જેમાં કૃષિ, જળ, આરોગ્ય, વન, જૈવ વૈવિધ્ય, દરિયાની સપાટીના સ્તરમાં વધારો, દરિયાકાંઠાનું પૂર્વ જરૂરી માળખું, ઊર્જાની કાર્યદક્ષતા અને પુનઃપ્રાપ્ય ઊર્જામાં શહેરી વિકાસમાં કામગીરી થઇ રહી છે. દુનિયા સમગ્ર રીતે ચિંતિત છે. મેં વાંચેલું છે કે સમગ્ર દુનિયાનું ધ્યાન ખેંચાય તેના માટે માલદીવ્ઝ દેશ છે તેણે વર્ષ ૨૦૦૯-૧૦ની આસપાસ પોતાની સરકારની કેબિનેટ મિટિંગ પાણીમાં કરવી પડી હતી. ફોટોગ્રાફ અને રિપોર્ટ્સ પણ થયેલ હતા કારણ કે દરિયાના પાણીનું સ્તર એટલું વધી રહ્યું છે કે આવનારા દિવસોમાં આખો દેશ

ડૂબમાં જઈ શકે એવી સ્થિતિ છે. જે રીતે સમગ્ર વિશ્વ ઉપર યુદ્ધના ખતરાની સામે આદરણીય મોદી સાહેબ જે પ્રકારે અગ્રિમતા લઈને ભાગ ભજવી રહ્યા છે તે રીતે આ જળવાયુ પરિવર્તનના સંદર્ભમાં પણ ભારત સરકાર માનનીય મોદી સાહેબના નેતૃત્વમાં જે કામગીરી કરી રહી છે અને ગુજરાત સરકારે પણ જળવાયુ પરિવર્તન જેવા ચિંતાના વિષયમાં લોકો સુધી શિક્ષણનો વ્યાપ વધે, વિદ્યાર્થીઓમાં આ વિષય પ્રત્યે જાગૃતિ આવે તે માટે યુનિવર્સિટીઓમાં પણ ૧૫ દિવસ માટે અલગ અલગ સંવાદો બનાવવામાં આવ્યા હતા, જેમાં અમદાવાદ ખાતે સાયન્સ સિટી, આઇ.આઇ.એમ., નિરમા યુનિવર્સિટી, ભૂજની શ્યામજી કૃષ્ણવર્મા યુનિવર્સિટી, સુરતની વીર નર્મદ યુનિવર્સિટી વગેરેમાં પર્યાવરણના સંદર્ભમાં પખવાડિયું ઊજવીને આ કામગીરી કરવામાં આવી હતી. ગુજરાત સરકારે પણ આ બાબતે ચિંતા રાખી ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓને ઇલેક્ટ્રિક વ્હિકલ્સ આપ્યા છે એ માટે ૩.૧૨ કરોડની જોગવાઇ આદરણીય નાણામંત્રીશ્રીએ કરી છે એટલે તેમને પણ હું અભિનંદન આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, 'મિશન લાઇફ' નો વિચાર દેશના પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપ્યો છે. તેમાં વિવેકહીન અને વિનાશક વપરાશના બદલે વિવેકશીલ અને હેતુસર વપરાશ કરવામાં આવે તો એ ચોક્કસપણે સકારાત્મક રીતે ફાયદારૂપ થશે. આપણે જે કંઇ વસ્તુઓનો વપરાશ કરીએ છીએ તે વિવેકપૂર્વક વાપરીએ, પછી તે જળ હોય, પૃથ્વી હોય કે પર્યાવરણ હોય. આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ માનવકેન્દ્રિત સામૂહિક પ્રયત્નો સાથે મજબૂત કાર્યવાહીનો ઉપયોગ થાય તે માટે આ વિષયને લીધેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના નેતૃત્વમાં બનાસ ડેરી પણ ખૂબ સરસ રીતે કામગીરી કરી રહેલ છે. તેમાં ગોબરધનનો ઉપયોગ કરીને મિથેનમાંથી ગેસ બનાવીને લોકોને અપાય છે એ બનાસ ડેરીની પર્યાવરણલક્ષી કામગીરી છે. એસોસિયેશન ઓફ રિન્યુએબલ એનર્જી ઓફ સ્ટેટ દ્વારા પણ ગુજરાત રાજ્યને ૯ પ્રકારના એવોર્ડ આપીને ભારત સરકારે અભિનંદન પાઠવ્યા છે. માનનીય મંત્રીશ્રી ક્લાઇમેટ ચેન્જ વિભાગની માગણી લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. સભાગૃહ ૧૧-૦૦ કલાકે ફરી મળશે.

(વિરામ સવારના ૧૦-૩૦થી ૧૧-૦૦)

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ગણપતસિંહ વે. વસાવા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ અમારા આદરણીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરા સાહેબ જે વન અને પર્યાવરણ વિભાગની માગણી નં. ૨૬ અને ૨૭ લઇને આવ્યા છે એમને હું આવકારું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના બજેટમાં વન અને પર્યાવરણ વિભાગને માટે ૨,૦૩૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે જે ગત વર્ષના બજેટ કરતાં ૧૩.૨૩ ટકા જેટલો વધારો સૂચવે છે એ બદલ હું માનનીય મંત્રીશ્રી મુળુભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આજે માનનીય મુળુભાઇ એવા વિભાગની માગણી લઇને આવ્યા છે કે જે પ્રકૃતિ સાથે, પર્યાવરણ સાથે, વન્ય પ્રાણીઓ સાથે, પક્ષીઓ સાથે જોડાયેલી બાબતોની માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. વૃક્ષ એ આપણું મિત્ર જ નથી પરંતુ એને સંત પણ કહેવાય છે, કારણ કે એ મૌન રહીને પણ આપણને ઉપદેશ આપે છે. વૃક્ષ ઉપર આપણે પત્થરો ફેંકીએ છતાં પણ એ આપણને ફૂલ આપે છે, છાંયડો આપે છે, ફળ આપે છે, લાકડું આપે છે અને માણસને જીવવા માટે સૌથી જરૂરી ઓક્સિજન પણ વૃક્ષ જ આપે છે ત્યારે આપણને ઉપદેશ આપે છે કે આપણું ખરાબ કરનારાનું પણ આપણે ભલું કરવું જોઇએ. વૃક્ષ સંત તરીકે આપણને બધાને એવો ઉપદેશ આપે છે. આઝાદીના અમૃતકાળમાં ગુજરાત દેશની અંદર તમામ ક્ષેત્રમાં નંબર-વન એટલે કે અવ્વલ નંબરે છે, એ ચાહે ખેતીવાડીનો વિષય હોય, ઉદ્યોગોના વિકાસની વાત હોય, રોડ-રસ્તા બનાવવાની વાત હોય, પશુપાલનની વાત હોય, દરેક ક્ષેત્રમાં આજે ગુજરાત નંબર-વન છે, પરંતુ એની સાથે સાથે રાજ્ય સરકારે અત્યારે આપણે અનુભવી રહ્યા છીએ કે પર્યાવરણના પ્રશ્નો સ્થાનિક લેવલે, રાષ્ટ્રીય લેવલે અને આંતરરાષ્ટ્રીય લેવલે અત્યંત મહત્ત્વના બનેલા આ પર્યાવરણના વિષયો છે એની ચિંતા પણ આ રાજ્ય સરકારે કરી છે, ત્યારે વન અને વન્ય જીવનું રક્ષણ તથા તેનું સંવર્ધન કરવાની વાત અમારા માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે અને એના માટે રાજ્ય સરકાર પણ કટિબદ્ધ છે. મને કહેતા આનંદ થશે કે આ વનોના વિકાસ માટે, સંવર્ધન માટે અને એના સંરક્ષણ માટે બજેટમાં રાજ્ય સરકારે ૫૧૨ કરોડ રૂપિયાની જોગવાઇ આ વર્ષના બજેટમાં કરી છે. ભૂતકાળમાં વન મહોત્સવો માત્રને માત્ર ગાંધીનગરમાં ઊજવવામાં આવતા, રાજ્યની પ્રજા એની સાથે જોડાતી નહોતી, પણ આજે આપણા સૌના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને યાદ કરવા પડે કે તેઓ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે એમણે આ વૃક્ષોના ઉછેર સાથે પ્રજા પણ ભાવનાત્મક રીતે જોડાય એના માટે સાંસ્કૃતિક વન મહોત્સવની શરૂઆત વર્ષ ૨૦૦૪થી કરવામાં આવી અને એવાં સ્થળોએ કરવામાં આવે કે જે ઐતિહાસિક સ્થળો હોય, પર્યટનના સ્થળો હોય, ધાર્મિક સ્થળો હોય એવી જગ્યાએ આ સાંસ્કૃતિક વન મહોત્સવની શરૂઆત કરી.અત્યાર સુધી ૨૨ કરતા વધારે સાંસ્કૃતિક વનોનું નિર્માણ આ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું જે સ્વપ્ન હતું, ગ્રીન ગુજરાત અને ક્લિન ગુજરાત એને સાકાર કરવા માટે રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ દ્વારા આ જ વર્ષે એમના અધ્યક્ષપદે હમણાં ૭૩મો વન મહોત્સવ સુરેન્દ્રનગર જિલ્લાના વટેશ્વર સાંસ્કૃતિક વન તરીકે એનું લોકાર્પણ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ છે. આ વર્ષે ૭૩મા વન મહોત્સવમાં વન વિભાગ દ્વારા, ગુજરાત સરકાર દ્વારા ૧૦ કરોડ ૩૫ લાખ રોપાઓનું વિતરણ ગુજરાતમાં કરવામાં

આવેલ છે. શ્રી અમિતભાઇ ચાવડાજી જ્યારે ચર્ચામાં ભાગ લઇ રહ્યા હતા ત્યારે એમણે આદિવાસીઓની જંગલની જમીનની વાત કરી છે. શ્રી અમિતભાઇ, ભૂતકાળમાં એક નજર નાખીને જોવું જોઇએ કે ગુજરાતમાં આપની સરકારો ૭૨-૭૨ વર્ષ હતી, પરંતુ એક પણ આદિવાસીને એક એકર જમીનનો ટુકડો એમની સરકારમાં આપ્યો ન હતો એની ચિંતા કરો. તમે ટકાવારીની વાત કરો છો, આંકડા બોલ્યા નથી. એક લાખ કરતા વધારે અમારા આદિવાસી ભાઇ-બહેનોને વ્યક્તિગત દાવા, સામૂહિક દાવા અને માળખાકીય સુવિધામાં ૧૩ લાખ એકર કરતા વધારે જમીન ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે. સામૂહિક દાવાઓમાં મધ્યપ્રદેશ પછી ગુજરાત બીજા નંબરે છે. આ પ્રકારે જંગલની જમીનો અમારા આદિવાસી સમાજને આપવામાં આવી છે. શ્રી અમિતભાઇએ બીજો એક મુદ્દો ગૃહમાં રાખ્યો કે જંગલમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, જંગલોના કટિંગની વાતો કરી છે ત્યારે શ્રી અમિતભાઇએ ભૂતકાળ પણ યાદ કરવો જોઇએ કે ભૂતકાળની સરકારોમાં ચૂંટણી જીતવા માટે ૮૦ લાખ જેટલા ઝાડો કોની સરકારમાં કપાયા હતા? એ ભૂતકાળ યાદ કરવો જોઇએ. ભૂતકાળની સરકારોમાં તપાસના આદેશો થયા અને એમાં ખૂબ મોટી વ્યક્તિ જે અત્યારે જીવિત નથી એમને દોષિત સાબિત કર્યા અને એનો અહેવાલ મેં પોતે આ વિધાનસભા ગૃહમાં મૂક્યો છે. ૮૦ લાખ વૃક્ષો ચૂંટણી જીતવા માટે કાપ્યા હતા એ ઇતિહાસ યાદ રાખવો જોઇએ. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના પ્રયત્નોથી આજે ગુજરાત સરકારના વન વિભાગ અને ગુજરાતની જનતા આ વૃક્ષ વાવેતરમાં સાથે જોડાઇ અને ખૂબ મોટી સફળતા મળી છે. વર્ષ ૨૦૦૩-૦૪માં જ્યારે વન બહારના વૃક્ષોની ગણતરી થઇ ત્યારે ૨૫ કરોડ ૧૦ લાખ વૃક્ષો હતા. વર્ષ ૨૦૨૧માં વન બહારના વૃક્ષોની ગણતરી થઇ ત્યારે ૩૯ કરોડ ૭૫ લાખ વૃક્ષો આજે ગુજરાતની ધરતી ઉપર હયાત છે. એટલે વર્ષ ૨૦૦૩ની દૃષ્ટિએ ચાવડા સાહેબ, સરખામણી કરીએ તો ૫૮ ટકાનો વધારો વન બહારના વૃક્ષોમાં જોવા મળે છે. આપણા સૌ માટે સારી બાબત કહેવાય એ પ્રકારે આજે કામગીરી આગળ વધારી શકાઇ છે અને હજી પણ ગુજરાતને આપણે ગ્રીન કરી શકીએ એના માટે અમારા મંત્રીશ્રી આ વખતે સામાજિક વનીકરણમાં રૂપિયા ૩૫૩ કરોડની જોગવાઇ લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત બધી દૃષ્ટિએ સમૃદ્ધ છે, નંબર એક ઉપર છે, અવ્વલ નંબરે છે તો જૈવિક વિવિધતાની દૃષ્ટિએ પણ ગુજરાત ખૂબ સમૃદ્ધ છે. ૪ જેટલા રાષ્ટ્રીય ઉદ્યાનો આપણી પાસે છે. ૨૩ જેટલા વન્ય જીવ અભયારણ્યો છે અને એક કન્ઝર્વેશન રિઝર્વ મળીને કુલ ૨૮ રક્ષિત વિસ્તાર ગુજરાતમાં આવેલ છે. એની જમીનનું ટોટલ મારીએ તો ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે ૮.૮ ટકા જેટલી જમીન વન વિભાગ પાસે છે. શ્રી ચાવડા સાહેબે, સિંહોના મૃત્યુનો પણ ઉલ્લેખ કર્યો. એક સમય એવો હતો કે ભૂતકાળની સરકારોમાં આ એશિયાટીક સિંહોની સંખ્યા માત્ર ૨૦ આસપાસ પહોંચી ગઇ હતી. સિંહ એ ગુજરાત અને દેશનું ગૌરવ અને ઓળખ છે, એ સિંહો માત્ર ને માત્ર ગુજરાતમાં છે. વર્ષ ૨૦૧૫ માં જ્યારે એની ગણતરી થઇ ત્યારે ૫૨૩ હતા અને જ્યારે વર્ષ ૨૦૨૦માં પુન:અવલોકન કરવામાં આવ્યું ત્યારે એની સંખ્યા ૬૭૪ થઇ એટલે સિંહોમાં ૨૯ ટકાનો વધારો ગુજરાતની ધરતી ઉપર થયો છે, એ જ બતાવે છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર સિંહોના ગૌરવની પણ ચિંતા કરે છે. દીપડાઓની વાત કરી. આજે ગુજરાત ખાતે ૧,૮૦૦ કરતા વધારે દીપડા છે. રીંછમાં વાત કરીએ તો ૩૦૦ કરતા વધારે રીંછ છે. અમારા દંડકશ્રી બેઠા છે એમના શહેરમાં વચ્ચોવચ નદીમાં ૪૫૦ મગરો છે. એટલે હું કહુ છું કે, જૈવિક રીતે પણ ગુજરાત ખૂબ સમૃદ્ધ છે અને હજુ પણ આપણે એમાં આગળ વધીશું એના માટે બજેટમાં વન્ય પ્રાણીની વ્યવસ્થા અને વિકાસ માટે મંત્રીશ્રી રૂ.૩૧૭ કરોડની માગણી લઇને આવ્યાં છે. દેશ-વિદેશમાં આપણાં સિંહો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે અને વન મંત્રીશ્રી આ વખતે નવી બે લાયન સફારી માટે રૂપિયા ૨૭ કરોડની માગણી લઇને આવ્યા છે એના માટે પણ માનનીય મુળુભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ. જંગલના અને ધરતી પરના પ્રાણીઓની તો આપણે ચિંતા કરીએ છીએ પણ દરિયામાં રહેતી માછલીઓની પણ ચિંતા ગુજરાત સરકાર કરે છે. આપણા માટે ગૌરવની વાત એ છે કે વ્હેલ, શાર્ક એનાં બચ્ચાંને જન્મ આપવા માટે ગુજરાતનો દરિયાકિનારો પસંદ કરે છે અને પૂ. મોરારી બાપુએ કથામાં કહ્યું હતું કે, આ આપણી દીકરી છે અને આપણા પિયરમાં દીકરીના સ્વરૂપમાં જ્યારે વ્હેલ, શાર્ક આવતી હોય ત્યારે મારવી ના જોઇએ. એનું પરિણામ એ આવ્યું કે, માછીમાર ભાઇઓ પણ વ્હેલ, શાર્કનો શિકાર કરતા નથી અને મને કહેતા આનંદ થાય છે કે, વર્ષ ૨૦૦૫ -૦૬થી અત્યાર સુધીમાં ૮૪૪ જેટલી વ્હેલ, શાર્ક માછલીઓ જાળમાં ફસાઇ એને ફરીથી દરિયામાં છોડવામાં સફળ થયા છીએ. એની સાથે સાથે અમારા લોકલાડિલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ પક્ષીઓની પણ ચિંતા કરે છે. ગુજરાતમાં ઉત્તરાયણનો તહેવાર ખૂબ ધામ-ધૂમથી ઊજવાય છે એમાં કરુણા અભિયાનની શરૂઆત કરી. આખા દેશમાં એક માત્ર ગુજરાત જ એવું રાજ્ય છે કે જ્યાં કરુણા અભિયાન ઉત્તરાયણના સમયમાં ચલાવવામાં આવે છે. વર્ષ ૨૦૧૭થી શરૂ થયેલી આ કામગીરીમાં અત્યાર સુધીમાં ઉત્તરાયણમાં ઘવાયેલા ૭૬,૩૯૦ પક્ષીઓને સાજા કરીને પાછા છોડ્યાં છે એટલે માત્ર ગુજરાતની સરકાર એ ગુજરાતની પ્રજાની ચિંતા કરે છે એવું નથી પણ પશુ-પક્ષી, સિંહ, માછલી, રીંછ બધાની ચિંતા કરે છે. એ જ પ્રમાણે સમગ્ર દેશની અંદર ગુજરાત એક એવું રાજ્ય છે કે જ્યાં ઘાસનું એકત્રીકરણ કરવામાં આવે છે બાકી કોઇ રાજ્યમાં નહીં. વન વિભાગ પાસે ૨૯૨ જેટલા ઘાસના ગોડાઉન આવેલા છે, જેની ઘાસ સંગ્રહ કરવાની શક્તિ ૫૬૧.૮૫ લાખ કિલોગ્રામ છે. દુષ્કાળના સમયે ઘાસ વન વિભાગ રેવન્યુ વિભાગને સુપરત કરે છે અને જે જિલ્લાઓમાં માગણી હોય ત્યાં રેવન્યુ વિભાગ ઘાસ પહોંચાડવાની વ્યવસ્થા કરે છે અને ગોડાઉનો વધારવા માટે પણ વન મંત્રીશ્રી ૮ કરોડ રૂપિયાની માગણી લઇને આવ્યાં છે. ત્યારે માનનીય મુળુભાઇ બેરાજી જે આ પ્રકૃતિ, પર્યાવરણના રક્ષણ માટે કે પશુપક્ષીઓના રક્ષણ માટે જે માગણીઓ લઇને

આવ્યા છે એમાં કોંગ્રેસના મિત્રો કાપ દરખાસ્તો પાછી ખેંચે અને સર્વસંમતિથી શ્રી મુળુભાઇ બેરાની માગણીઓનો સ્વીકાર કરે એવી મારી વિનંતી છે. ધન્યવાદ સાહેબ.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા(કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલ માગણી ક્રમાંક-૨૭ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે અને માગણીઓને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલાઇમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ એ વિશ્વ ફલક ઉપર ચિંતાનો વિષય બની ગયો છે. કલાઇમેટ ચેન્જની વિપરીત અસરોથી વિશ્વ આખું જયારે ચિંતામાં છે ત્યારે આની અંદર ગુજરાત પણ એને કઇ રીતે હલ કરી શકાય એ દિશામાં ધીમી, મજબૂત અને મકકમ ગતિથી આગળ વધી રહ્યું છે. હમણા વાત થઇ જંગલોના કટિંગની, પાણીમાં રહેતી માછલીઓનો બચાવ, જંગલમાં રહેતા પ્રાણીઓનો વધારે વિકાસ થાય. વર્ષો પહેલાં માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે મુખ્યમંત્રી તરીકે વ્યક્તિગત ગીરના જંગલની અંદર જઇને વિઝિટ કરી અને ત્યારે જે જંગલની પરિસ્થિતિનું નિર્માણ થયેલું એમણે જોયું ત્યારે એમણે ત્યાં અંદર નવા ટ્રેકરોની ભરતી કરવાની સૂચના આપી અને જંગલની અંદર રહેતા આપણું જે ગૌરવ કહી શકાય એવા સિંહોની સુરક્ષા અને એનું સંવર્ધન થાય એ દિશામાં કામ કર્યું અને એના ફળસ્વરૂપે હમણા જેમ શ્રી ગણપતભાઇ વસાવા સાહેબે વાત કરી એમ ખાલી ૨૦ સિંહો હતા એમાં ૫૦૦ સિંહોનો ઉમેરો કરી અને પરૂ જેટલા સિંહો ત્યાં ઉછરી રહ્યા છે. ત્યારપછી બીજા પોણા બસ્સો જેટલા સિંહોનો સન ૨૦૨૦ સુધીમાં નવો ઉછેર થયો. આ સિંહોને જોવા માટે અત્યારે ફકત પર્યાવરણ એ વસ્તુ એવી છે કે એને રોગ આવતો હોય ત્યારે મરછી આવતી હોય. કપાસમાં મરછી આવતી હોય ત્યારે પણ એની એક આખી સાઇકલ ચાલતી હોય.

માનનીય સભાપતિશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

જયારે ઝીણી મરછી કૂદી આવે ત્યારે એની અંદર એક ડાળિયા જેવી જીવાત આવે ત્યારે આપણે એને મારી નાખીએ છીએ. એ વસ્તુ એટલા માટે આવે છે કે એ ઝીણી મરછીને ખાઇ જતી હોય છે. એવી રીતે આખી જે સાઇકલ હતી એ સાઇકલને તોડવાનું કામ મને લાગે છે કે આ દુનિયામાં રહેતા માનવોએ કર્યું. આપણે ત્યાં ગામડાંમાંથી નીકળીને શહેરોની વસ્તી વધી. શહેરોની અંદર ઇંટોના મોટામોટા જંગલો કર્યા. કારણ કે વર્ષો પહેલાં એવું બન્યું કે હું સૌરાષ્ટ્રની અંદર કયાંય પણ ફરતો હતો ત્યારે કયાંય વૃક્ષો દેખાતા નહોતા. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. વર્ષો પહેલાં તમે વાવ્યા હતા, ભાવનગરથી માંડીને બધે ગયા હતા. હું નાનો હતો ત્યારે અમારા ગામમાં વૃક્ષારોપણ કરવામાં આવતું. અમે જોવા જતા, ત્યારે અમને ખબર નહોતી કે આ લોકો શું રોપે છે. અમને એમ કહ્યું કે આ વનીકરણ કરવામાં આવે છે. એ મોટા થયા અને પછી જયારે અમે નીકળતા હતા ત્યારે અમને વાગતા હતા. એ આ ગાંડા બાવળનું રોપણ તમે કર્યું એ હજી નીકળતું નથી અને જયાં જયાં વાવ્યા ત્યાં હજી નડે છે. અમારી સુંદર મઝાની સૌરાષ્ટ્રની નદીઓ મારું વતન બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાનું નિંગાળા ગામ છે. દુ:ખ થાય છે કે એમના વાવેલા ગાંડા બાવળના બિયારણે આ નદીને બગાડી છે.આ પ્રદૂષણ ફેલાવવાનું કામ જો કોઇએ કર્યું હોય ને તો જે તે વખતની કોંગ્રેસની સરકારોએ કર્યું છે. આ ગાંડા બાવળની જે પેદાશ છે તે કોંગ્રેસની સરકારની છે. વૃક્ષો કપાઇ ગયા, જયારે સારા મુખ્યમંત્રી, સારું શાસન હોય અને જે રાજયમાં સારા રાજવી હોય ત્યાં વરસાદ વધારે થાય. તમારી સરકાર વખતે દુષ્કાળ પડવા માંડ્યા હતા. વૃક્ષો કાપ્યા એટલે દુષ્કાળ પડયા. ત્યારપછી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને વૃક્ષો વાવ્યા અને આજે સૌરાષ્ટ્રને હરિયાળું બનાવ્યું હોય તો તે ભારતીય જનતા પાર્ટીની શાસનમાં બનાવ્યું છે. જે તે સમયે કચ્છમાં કાંઇ ઉગતું ન હતું. આજે ત્યાં કેસર કેરીના આંબાનું વાવેતર કરવામાં આવ્યું અને તે કેરી આજે વિદેશમાં એક્સપોર્ટ થતી થઇ હોય તો તે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થઇ છે. કોઇ પ્રદૂષણ કરશે તો તે અમે અટકાવીશું, અમે ઘણું અટકાવવાના છીએ અને ઘણું બધું અટકાવ્યું છે. અત્યારે અમારે ત્યાં એક ઘાસ ઉગે છે. તે ઘાસને ઢોર કે પ્રાણી ખાતા નથી. તેને સૌરાષ્ટ્રમાં કોંગ્રેસ નામ આપ્યું છે. તેને ખેડૂતો કોંગ્રેસિયું ઘાસ કહે છે, અમે નથી કહેતા. તેને કોઇ ખાતું નથી. તમે કોઇ ના ખાતા. આજે તમે એટલા માટે સત્તર જ રહ્યા છો. હજી ધીરે ધીરે આ ઘોવાણ ચાલુ છે. રાજય સરકારના પર્યાવરણ વિભાગે કલાઇમેટ ઉપર જે કામ કર્યું છે ત્યારે ભારત સરકારે તાજેતરમાં સરકારના નીતિ આયોગ દ્વારા જાહેર કરેલ કલાઇમેટ અને એનર્જી ઇન્ડેક્ષમાં ગુજરાતને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રવાસન અંગેની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી બાજુમાં આવેલું ખેડા અને તે ખેડા જિલ્લાનું ડાકોર તે પવિત્ર યાત્રાધામ છે અને ત્યાં કાળિયા ઠાકર બિરાજે છે. હમણાં જ હોળીનો તહેવાર ગયો અને તે તહેવારમાં લાખો શ્રદ્ધાળુઓ ડાકોરમાં દર્શનાર્થે આવે છે. આ વખતે મારા ધ્યાનમાં આવ્યું કે, લાખોની સંખ્યામાં જે યાત્રાળુઓ આવે છે અને તે યાત્રાળુઓની સુપેરે વ્યવસ્થા થાય અને અહી ટ્રાફિકની વ્યવસ્થા માટે આઠ-આઠ કિલોમિટર દૂરથી વાહનોને ડાયવર્ટ કરવા પડે છે. કારણકે ત્યાંથી ગોધરા અને મધ્યપ્રદેશ જવાનો રસ્તો પસાર થાય છે. જયારે પ્રવાસનની ચર્ચામાં મારા વિચાર મૂકું છું કે, જો ડાકોરને આપણે અલગથી યાત્રાધામમાં સમાવેશ કરી રસ્તા માટે, પાર્કિંગ માટે અને બીજી પાયાની સુવિધાઓ વધે તે માટે પ્રયત્ન કરવામાં આવે તો આવનારાં વર્ષોમાં યાત્રાળુઓને સરળતા રહે. તેવી જ રીતે આખા ગુજરાતના ક્ષત્રિય સમાજની આસ્થા જે ભગવાનમાં સમાયેલી છે તેવા વીર ભાથીજી મહારાજનું જે ફાગવેલ ગામ છે તેનો પણ જો યાત્રાધામમાં સમાવેશ કરવામાં આવે તો લાખો ક્ષત્રિય

સમાજના શ્રદ્ધાળુઓને ઘણું આશીર્વાદરૂપ થશે. તેવી જ રીતે ખંભાતમાં વર્ષો પહેલાં ૮૪ દેશના વાવટા ફરકતા હતા અને તે બંદર ધમધમતું હતું. આથી ખંભાતને જે દરિયાકિનારો મળેલો છે તે માટે તેને પ્રવાસનમાં સમાવવામાં આવે તો અમારા ખંભાતનો સારો વિકાસ થશે. પ્રવાસન માટે કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને દરેક જિલ્લામાં એક કમિટી બનાવેલી છે, તેમાં ધારાસભ્યોનો સમાવેશ કરવામાં આવે તેવું મારું સૂચન છે. તેનું કારણ એ છે કે, કલેકટરશ્રીઓની બદલી થતી હોય છે એટલે તે જિલ્લાથી પરિચિત હોતા નથી. ત્યાંના યાત્રાધામ અને પ્રવાસન સ્થળોથી પરિચિત નથી હોતા પરંતુ જે સ્થાનિક ધારાસભ્ય હોય એ જે તે વિસ્તારમાંથી આવતા હોય ત્યારે ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિથી એ વાકેફ હોય છે એટલે આ કમિટીમાં ધારાસભ્યશ્રીઓનો સમાવેશ કરવામાં આવે તો ખરેખર એ યોજનાને અને ત્યાંના ધાર્મિક સ્થાનને ફાયદો થાય. એક દાખલો આપું કે મારા ખંભાતમાં કલેકટરની ગ્રાન્ટમાંથી એક રોક મ્યુઝિયમ બનાવવામાં આવ્યું હતું, એ નગરપાલિકાની હદમાં બનાવ્યું હતું, પરંતુ એ મ્યુઝિયમનો કબજો આજ સુધી નગરપાલિકાને લેખિતમાં કે પેપર ઉપર આપવામાં આવ્યો નથી. એના કારણે આ મ્યુઝિયમમાં ધૂળ ચડી ગઇ છે અને કેટલોય સામાન એમાંથી ચોરાઇ ગયો છે. નગરપાલિકાને મેં પૂછ્યું કે આ રોક મ્યુઝિયમનું કેમ આમ છે? તો મને એવું કહેવામાં આવ્યું કે સાહેબ, કોઇ લેખિતમાં રેકર્ડ ઉપર આનો અમને કબજો આપવામાં આવ્યો નથી. એટલે જો ધારાસભ્યશ્રીનો આ કમિટીમાં સમાવેશ કરવામાં આવે તો આવી બાબતોમાં વધુ ધ્યાન આપી શકાય.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(કાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરા સાહેબ માગણી નંબર ૨૬ અને ૨૭ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગ અને પર્યાવરણ વિભાગ મનુષ્ય જીવન સાથે જોડાયેલો વિભાગ છે ત્યારે કેટલાક મિત્રો કહેતા હતા કે, સરકારે આ આદિવાસી પટ્ટામાં વન વિશે કંઇ કર્યું નથી. હું એ વિસ્તારમાંથી આવું છું ત્યારે મને ખબર છે કે અગાઉની સરકારના વખતમાં અમે ક્યારેય એવું સાંભળ્યું નથી કે કોઇ આદિવાસી દીકરી ડોકટર બની હોય, ક્યારેય એવું સાંભળ્યું નથી કે કોઇ આદિવાસી દીકરી પાયલોટ બની હોય. એ વખતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન પરમ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૦૪માં વન મહોત્સવની રચના કરીને વનબંધુ યોજના દાખલ કરી. જે તે વખતે એ લોકો આઝાદી પછી આ વિસ્તારને ખાલી મત માટે ઉપયોગમાં લેતા હતા. અમારી સરકાર આવ્યા પછી આ દેશના વડાપ્રધાને આ વિભાગને એટલું બધું પ્રોત્સાહન આપ્યું કે આજે ત્યાં વીજળી, રસ્તા, આરોગ્યની સુવિધા, શિક્ષણ આ બધી જ સુવિધા સાથે એ વિસ્તારના આદિવાસી ભાઇઓને આખા ગુજરાતની જનતા સાથે જોડવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે બે-ત્રણ સૂચનો કરવાં છે. અમારા વિસ્તારની મહત્ત્વની જંગલની પેદાશ હોય તો એ મહુડો છે, આ મહુડાની પેદાશમાં ગઇ સાલ ભાવ બિલકુલ ઓછા મળ્યા એને કારણે આજે અમારા આદિવાસીભાઇઓના ઘરમાં હજુ પણ એ મહુડા પડ્યા છે તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ મહુડાની ખરીદી નિગમ કરે જેથી અમારા વનવાસી ભાઇઓને ઊંચા ભાવ મળે. મારું બીજું એક સૂચન છે કે, આઝાદીથી એક એવો જટિલ પ્રશ્ન વન વિભાગનો પડ્યો છે એમાં નાણામંત્રીશ્રીને પણ મારી વિનંતી છે કે, જાગીરદારોના વળતરના જે પ્રશ્નો છે એ બહુ જૂના છે એનો વહેલી તકે આપ સાહેબ આ સમાજને મદદ કરીને આ સમાજ માટે ઉપયોગી બનીને ઉકેલ લાવો એવી મારી વિનંતી છે. મારું એક બીજું પર્યાવરણ વિભાગમાં સૂચન છે કે, અમારા વિસ્તારમાં આદિવાસી સમાજ અને બક્ષીપંચ સમાજની બહુમતી છે. અમારે ત્યાં સામાજિક લગ્ન પ્રસંગો હોય છે ત્યારે મારે કહેવું છે કે, અમે જે વસતિમાં ઉછર્યા છીએ, સમાજ ભલે અમારો અલગ હોય પણ આદિવાસી સમાજ સાથે અને બક્ષીપંચ સમાજ સાથે ઉછર્યા છીએ ત્યારે અમારે ત્યાં લગ્ન પ્રસંગોમાં ગવાતા ગીતોનો સત્યાનાશ ડી.જે.ના કારણે વળી ગયો છે. આ ડી.જે. એટલે પશ્ચિમી સંસ્કૃતિનું આક્રમણ છે અને ડી.જે.ને સરકાર તરફથી તાત્કાલીક ધોરણે લગ્ન પ્રસંગોમાં પૂરેપૂરા બંધ કરવા જોઇએ. ડી.જે.ને કારણે અમારા લગ્ન ગીતો ખોવાઇ ગયા છે, અમારા આદિવાસી નૃત્ય ખોવાઇ ગયા છે. જે અમારો રાઠવા વિસ્તાર છે છોટા ઉદેપુર, ધોધંબા, જાંબુઘોડા એ ડાંગ જિલ્લા કરતા પણ નૃત્યમાં પહેલા નંબરે કોઇ હોય તો અમારો પંચમહાલનો આદિવાસી વિસ્તાર છે. અમારા દાહોદનું નૃત્ય આજે હિન્દુસ્તાનમાં કોઇ જગ્યાએ ન મળે એવા આ નૃત્યને ડી.જે. એ આજે ખતમ કરી નાખ્યું છે ત્યારે માનનીય મંત્રીશ્રી અને સરકારને મારી વિનંતી છે કે, આ ડી.જે.ના કોઇ ધારા-ધોરણ નક્કી કરે અને આ ડી.જે. વગાડીને આદિવાસીઓને લૂંટવામાં આવે છે કેમ કે ડી.જે.ની કિમત ૧ લાખ રૂપિયા કે ૧.૨૦ લાખ રૂપિયા એક દિવસનું ભાડું ચૂકવવામાં આવે છે. આ સમાજ આંધળા માર્ગે ચાલ્યો છે. કલેક્ટરને સૂચના આપીને ડી.જે. તાત્કાલિક બંધ કરવા જોઇએ. મારી બીજી એક વિનંતી છે કે વન્ય પ્રાણીઓ ખેડૂતોને ખૂબ નુકસાન કરે છે. મારા તાલુકામાં ત્રણ બાળકોને દીપડાએ મારી નાંખ્યા. મારું એક સૂચન છે કે ગીરના જંગલની હદ સુધી પૂરેપૂરી વાડ થાય અને ખેડૂતોના પાકને બગાડતા જાનવરોને ગીરના જંગલોમાં છોડવામાં આવે. જેથી કરીને વન્ય પ્રાણીઓ રહેણાંક વિસ્તારમાં ન આવે. પહેલાં જંગલના વૃક્ષો કાપીને વેચવાનો ધંધો ચાલતો હતો. આઝાદી પછી આયુર્વેદિક વૃક્ષોનો નાશ થયો. અમારા આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓ ફળોનો આહાર કરીને જીવન ગુજારતા. બધાં વૃક્ષોનો સત્યાનાશ વળી ગયો. આ માગણીઓને મારું પૂરેપૂરું સમર્થન છે.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ દ્વારા રજૂ કરવામાં આવેલ માગણી ક્રમાંક - ૨૬ અને ૨૭ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસની સાથે-સાથે પર્યાવરણનું સંતુલન જાળવવું અતિ આવશ્યક છે. આ માટે રાજ્ય સરકાર વર્ષોથી સજાગ હોઇ વન અને વન્ય જીવોનું સંરક્ષણ, સંવર્ધન અને વ્યવસ્થાપનની સાથે-સાથે આ કામ પણ વન

વિભાગ કરી રહ્યો છે. આમ તો વન મહોત્સવ દર વર્ષે ઊજવાય છે. પહેલાં તે ગાંધીનગર ખાતે ઉજવાતો હતો પરંતુ વર્ષ ૨૦૦૪માં તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજ્યના અનેક જિલ્લાઓમાં વન મહોત્સવ યોજીને રાજ્યની પ્રજાને સહભાગી બનાવવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. તેમનો વિચાર હતો કે ગુજરાતની સંસ્કૃતિ સાથે જોડાયેલા ધાર્મિક સ્થળો નજીક છાંયાદાર, ઘટાદાર, ઔષધીય, જ્યોતિષીય અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતા રોપાઓ રોપી સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવે. વન વિસ્તાર બહારના વિસ્તારમાં પણ વન આવરણ અને વૃક્ષ આવરણ વધારી વન સંપદા ઉપર નભતા સમાજોનું જીવન-ધોરણ ઊંચું લાવવા માટે રાજ્યનો વન વિભાગ સતત પ્રયત્નશીલ રહ્યો છે. આ વન વિભાગ સહભાગી વન વિકાસ મંડળીઓ ઊભી કરીને રાજ્યના વનની આસપાસ વસતી આદિવાસી પ્રજાઓનો પણ ખ્યાલ રાખ્યો છે. આ મંડળીઓ દ્વારા જંગલમાં થયેલ વનીકરણની કામગીરીની જાળવણી કરવાનાં કામમાં આદિવાસી સમાજને સામેલ કરે છે અને તેમની આર્થિક સ્થિતિ મજબૂત થાય, તેમને રોજગારીની તકો મળે તે માટે તેમને તાલીમ આપવાના કાર્યક્રમો પણ યોજે છે અને રોજગારી માટેનાં સાધનો જેવાં કે મંડપ, માઇક સેટ, મિક્સર મશીન, ખુરશીઓ, રસોઇના સાધનો, ડાંગર પીલવાનું હલર પણ આપે છે. મહિલાઓની ચિંતા કરીને મહિલાઓને સિવણની તાલીમ આપી સિવણ માટેના સંચા પણ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે છોટા ઉદેપુર જિલ્લાની પણ વાત કરવી છે. છોટા ઉદેપુર તાલુકામાં કેવડી ઈકો કેમ્પ સાઈટ પિકનિક માટે ખૂબ જ સારી જગ્યા છે. આ જગ્યા રતનમહાલના અભ્યારણ અને જાંબુઘોડાના અભ્યારણ વચ્ચે વન પર્યાવરણીય પ્રવાસન સ્થળ છે. તે દાહોદ જિલ્લાના કંજેટા ઈકો કેમ્પ સાઈટથી ૧૪ કિ.મી. દૂર આવેલ છે. જંગલમાં ટ્રેકિંગ માટે આ ખૂબ જ સારી જગ્યા છે. જંગલમાં ટ્રેક કરીને નદી તરફ જઈ શકાય. નદીની સાઈટ ઉપર ક્રિકેટ, વૉલીબોલ, બેડમિન્ટન જેવી રમતો પણ રમી શકાય છે. કેમ્પ સાઈટમાં રાત્રિ રોકાણ માટે અગાઉથી પરમિશન મેળવી ટેન્ટ પણ બુક કરી શકાય છે અને ત્યાં રાત્રિ ભોજનની પણ સુવિધા છે. તેના માટે અગાઉથી ઓર્ડર આપવાનો હોય છે. ત્યાં સાંજના સમયે ખૂબ દુર્લભ એવી ઊડતી ખિસકોલી પણ જોવા મળે છે. અહીં રાત્રિ રોકાણ કરવાથી રીંછ, દીપડો, ઝરખ અને શિયાળ જેવા જંગલી પ્રાણીઓ પણ જોવા મળે છે. મારી રાજ્ય સરકારને વિનંતી છે કે આ સ્થળને વધુ સારી સુવિધાઓ સાથે વિકસાવવું જોઈએ. મારા છોટા ઉદેપુર મત વિસ્તારમાં મીઠી બોર વિસ્તારના ૧૦ ગામોમાં જવા માટેનો રસ્તો જામલી ખાતે ડેમ બનવાથી ડુબાણમાં ગયેલો છે. સરકારશ્રી આ ગામોને નજીકથી જોડવા માટે વઢવાણથી દૂરનો રૂ. સાડા છ કરોડનો રસ્તો મંજૂર કરેલ છે. આ વિસ્તારમાં જંગલની જમીન પણ આવે છે. વન અને પર્યાવરણ વિભાગને આ રસ્તો બનાવવાથી કોઇ તકલીફ પડનાર નથી અને વધારે પ્રમાણમાં વૃક્ષો પણ કાપવાના થતા નથી તો વહેલી તકે ખાતા દ્વારા મંજૂરી આપવામાં આવે તેવી આપના થકી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં માત્ર ગુજરાત રાજ્યમાં પક્ષી સંરક્ષણ માટેનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. કરુણા અભિયાને પક્ષી સંરક્ષણ માટેનો એક શ્રેષ્ઠ દાખલો પૂરો પાડેલ છે. આથી દેશભરમાં ગુજરાતની આગવી ઓળખ બનવા પામેલ છે. ભિલાસયા ખાતે રૂ.૨.૭૨ કરોડના ખર્ચે નવીન વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર તૈયાર કરવામાં આવેલ છે. જેનાથી અમદાવાદના પૂર્વ વિસ્તારમાં પક્ષી તેમજ વન્ય જીવોની સારવાર સુચારુ અને તત્કાલ હાથ ધરી શકાશે. હું માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ દ્વારા રજૂ કરવામાં આવેલ વન અને પર્યાવરણ વિભાગની માંગણી ક્રમાંકઃ ૨૬ અને ૨૭ ને મારું સમર્થન આપું છું.

શ્રીમતી રિવાબા ર. જાડેજા(જામનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માંગણી ક્રમાંકઃ ૯૮ લઇને આવ્યા છે, ત્યારે હું જ્યારે યુથને રીપ્રેઝન્ટ કરું છું ત્યારે આભારસહ આ માંગણીઓને મારું સમર્થન આપું છું અને સાથે સાથે મારા વિચારો પણ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ તે સમયે રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ એક સ્વતંત્ર વિભાગ તરીકે અસ્તિત્વ ધરાવતો ન હતો, પરંતુ રાજ્યમાં યુવા પ્રવૃત્તિઓને વેગ આપવા માટે તા.૧૭/૧૨/૧૯૯૦માં એક અલગ વિભાગ તરીકે તેની રચના કરવામાં આવી. વિભાગને નવા વિષયોની પુનઃ ફાળવણી કરવામાં આવેલ હોવાથી વિભાગનું મૂળ નામ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ બદલીને રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ રાખવામાં આવ્યું.

'સાંસ્કૃતિક વારસો' એટલે માનવસર્જિત વારસો, માનવીએ પોતાની બુદ્ધિશક્તિ, જ્ઞાન, આવડત અને કલા, કૌશલ્ય વડે જે કંઈ સર્જ્યું છે, મેળવ્યું છે તે. ગુજરાતના લોકો હિંમતવાન અને સાહસિક વૃત્તિવાળા, સ્વભાવે વિનમ્ર, વ્યવહારકુશળ, ઊંડી સૂઝવાળા, પ્રેમાળ, દેશદાઝથી ભરપૂર, વીરતા અને સ્ત્રી-સન્માનની ભાવના તથા મૈત્રીપૂર્ણ વ્યવહારવાળા છે. અહીંના લોકો માટે તેલંગણાના કવિ વેંકટેશ્વરીએ સત્તરમી સદીમાં કહેલું ''આ ગુર્જર દેશ જો, ને આંખને ઠાર. સર્વ સંપત્તિથી ભરપૂર આ તો જાણે સ્વર્ગલોક. કપૂર અને મીઠી સોપારીથી મઘમઘતા પાન એના યુવાનોના મુખ શોભે છે. વિવિધ દિવ્યાંબરો તે ધારણ કરે છે. ચમકતા રત્નોના આભૂષણો પહેરે છે. અહીંની સ્ત્રીઓનું સૌંદર્ય પણ અનુપમ છે. એમના મુખ છે કમલસમ અને આંખો છે નીલકમલના તેજો.'' ગુર્જરભૂમિ માટેના વેંકટેશ્વરીએ ઉચ્ચારેલા આ શબ્દો ખરેખર સાર્થક છે. આપણા ગુજરાતની સંસ્કૃતિ એ વિવિધતામાં એકતાના સૂત્રને સાર્થક કરતી છે. સામાન્ય રીતે, સામાજિક જૂથના વ્યક્તિત્વનો પાયો એની રહેણીકરણીની વિશિષ્ટતામાં હોય છે. પહેરવેશ, રીતિ-રિવાજ, ખાનપાન, બોલી, માનસિક વલણો વગેરે પરથી પ્રાદેશિકતા નક્કી થાય છે અને એ પણ પરંપરાથી ચાલી આવેલી રૂઢિગત સાંસ્કૃતિક વિશેષતાઓ જ છે. જેને કારણે ગુજરાત સાંસ્કૃતિક ક્ષેત્રે સમૃદ્ધ બન્યું

છે. સાંસ્કૃતિક વારસામાં ભાષા, સાહિત્ય અને જો કળાની વાત આવે તો, ચિત્રકળા, રંગભૂમિ, લોકકળા, નૃત્ય અને સંગીતનો સમાવેશ થાય છે. આપણી સાંસ્કૃતિક ભવ્યતા, અનુકરણ અને ધાર્મિક વિધિઓ દ્વારા પેઢી દર પેઢી વારસા તરીકે અવતરતું રહે છે. રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે કુલ રૂ.૫૬૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જે દર્શાવે છે કે, ગુજરાતના સમૃદ્ધ, ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસાના સંરક્ષણ અને સંવર્ધન માટે તેમજ નવી પેઢીને સંસ્કૃતિ અને કલા પ્રત્યે જાગૃત કરવા ગુજરાત સરકાર સતત પ્રયાસરત છે. આ અંતર્ગત ગુજરાત સરકારના ઉદ્દેશો વિશે જણાવું તો, રાજ્યમાં ઊભરતા નવા સ્પોર્ટસ ટેલેન્ટને વિશાળ તકો પૂરી પાડવામાં આવી રહી છે. રાજ્યના આર્કિવલ રેકોર્ડની જાળવણી કરવી, કિમતી અને અલભ્ય રેકોર્ડનું ડિજિટલાઇઝેશન કરવું, ચિત્રકલા, શિલ્પકલા, ફોટોગ્રાફી જેવી વિવિધ કલાઓને પ્રોત્સાહન આપવું તથા રાજ્યની સ્થાનિક કલાઓ અને સંસ્કૃતિનો પ્રચાર કરવો. હું રમત-ગમત સાથે જોડાયેલી હોવાથી મને કહેતાં ખૂબ જ ગર્વની લાગણી થાય છે કે, રમત-ગમત ક્ષેત્રે આ વખતે રૂ.૩૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સાથે-સાથે સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨થી વર્ષ ૨૦૨૭ માટે નવી ખેલનીતિ પણ જાહેર કરવામાં આવેલી છે. વિશ્વમાં જ્યારે મેં ભ્રમણ કર્યું છે ત્યારે જુદી-જુદી સ્પોર્ટસ સંસ્થાઓ દ્વારા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્લેયરોને શારીરિક અને માનસિક રીતે સુદ્ધઢ બનાવવા માટે જે સવલતો આપવામાં આવી રહી છે તે હવે ગુજરાત સરકાર દ્વારા જુદા-જુદા જિલ્લાઓમાં આપવામાં આવશે. જેમાં દરેક જિલ્લામાં સેચ્યુરેશન અપ્રોચથી એક જિલ્લા કક્ષાનું સ્પોર્ટસ કોમ્પ્લેક્સ તથા દરેક જિલ્લાના એક તાલુકામાં તાલુકા કક્ષાનું સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત, ૫૦૦ નવી શાળાઓને ઇન-સ્કૂલ યોજનાનો લાભ મળવા જઇ રહ્યો છે. યુવાઓના સર્વાંગી વિકાસની વાત કરીએ તો, રાજ્યમાં રમત-ગમત ક્ષેત્રે પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ હાંસલ કરી દેશનું નામ રોશન કરે એ માટે શક્તિદૂત યોજના પણ અમલમાં આવી છે. જેના અંતર્ગત કોમનવેલ્થ ગેમ્સ-૨૦૨૨માં ઘણાબધા પ્રતિનિધિઓએ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરી વિશ્વક્ષેત્રે નામના મેળવી છે. આ ઉપરાંત, સ્પોર્ટસ ડિપાર્ટમેન્ટ દ્વારા G-20ને આવકાર આપવા વિવિધ સ્પર્ધાઓ જુદા-જુદા જિલ્લાઓમાં આયોજિત કરવામાં આવી. જેમાં ૫,૬૦૦ જેટલા સિનિયર સિટીઝન મહિલાઓએ પણ ભાગ લીધો હતો. માનનીય મુખ્ય દંડકશ્રીએ વાત કરી એમ ખેલમહાકૂંભની વાત હોય, ૩૬મી નેશનલ ગેમ્સની વાત હોય કે પછી ઇતિહાસમાં પહેલી વખત સૌથી મોટા સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમની વાત હોય ત્યારે તા. ૨૯/૦૯/૨૦૨૨ના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજી દ્વારા એમના વરદ્હસ્તે ૩૬મી ગેમ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. મને કહેતાં ખૂબ જ ગર્વની લાગણી થાય છે કે, નેશનલ ગેમ્સના આયોજનમાં સંચાલન માટે અંદાજિત ત્રણથી ચાર વર્ષનો સમય લાગે છે. જ્યારે ગુજરાતે સાત વર્ષથી ન યોજાયેલા નેશનલ ગેમ્સનું માત્ર ત્રણ મહિનાના સમયમાં જ સફળ આયોજન કરેલ હતું. જે ખરેખર બિરદાવવાપાત્ર છે. ભારતના નિર્માણમાં યુવાઓ માટે અનેક અવસરની તકો છે. જે અંતર્ગત સ્વામી વિવેકાનંદ પ્રતિમા સંવર્ધક કેન્દ્ર રાજ્ય કક્ષાની નિવાસી એકેડમી સતત કાર્યરત છે. આ ઉપરાંત, મુખ્યમંત્રીશ્રીની એપ્રેન્ટિસ યોજના, યુવા સ્વાવલંબન યોજના કે પછી સ્પર્ધાત્મક પરીક્ષા માટે વિદ્યાર્થીઓની વય મર્યાદામાં એક વર્ષનો વધારો એ યુવાઓના હિત માટે ગુજરાત સરકારની પ્રતિબદ્ધતા સૂચવે છે. યોગ આપણો પૌરાણિક વારસો છે અને ૨૧મી જૂન ૨૦૨૨ના રોજ ''માનવતા માટે યોગ'' એ થીમ પર આઠમા આંતરરાષ્ટ્રીય યોગદિવસની ઊજવણી ગુજરાતભરમાં કરવામાં આવી. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સિદ્ધિની વાત કરીએ તો, કલા મહાકુંભનું આયોજન પણ નક્કર રીતે કરવામાં આવેલ છે.

સભાપતિશ્રી : માનનીય રીવાબા આપનું પ્રવચન પૂરુ થાય છે. આપ જે પરિવારમાંથી આવો છો એવા શ્રી રવિન્દ્રસિંહ જાડેજાના પરિવારજનો ગુજરાત અને દેશનું ખૂબ ગૌરવ છો. આપ સ્પોર્ટસ બાબતમાં ખૂબ સારું બોલ્યા છો એ બદલ અભિનંદન આપું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ વિભાગની માગણી નંબર-૧૦૭ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત, આપણા દેશ અને વિશ્વમાં કલાઇમેંટ ચેન્જ ખૂબ ઝડપી થઇ રહ્યું છે. સાથો સાથ ગુજરાત રાજ્યમાં આપણા જંગલોનું પ્રમાણ ઘટી રહ્યું છે અને વૃક્ષો કપાઇ રહ્યા છે. ઉદ્યોગીકરણના કારણે ગુજરાત રાજ્યમાં હવા પ્રદૂષણ તથા પાણી અને ફળદ્રૂપ જમીનો દૂષિત થઇ રહી છે. વિશ્વમાં જે કેમિકલોને બનાવવા માટે પ્રતિબંધ છે એવા કેમિકલોનું, કેમિકલ માફિયાઓ દ્વારા ગુજરાતમાં ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. આજે મોટાભાગના ગુજરાતના મેગા સિટી અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ વિગેરેની હવા ખૂબ દૂષિત થતી જાય છે. ગુજરાત રાજ્યની મોટા ભાગની નદીઓ જેવી કે, અમદાવાદની સાબરમતી નદી હોય, વડોદરાની વિશ્વામિત્રી નદી હોય, સુરતની તાપી નદી હોય કે મારા મત વિસ્તાર બોટાદની મધુમતિ કે ઉતાવળી નદી હોય તે ખૂબ જ દૂષિત થતી જાય છે. આજે કલાઇમેટ ચેન્જના કારણે ગુજરાત રાજ્યમાં ભર ઉનાળે માવઠું પડી રહ્યું છે. મારા મત વિસ્તાર બોટાદના ભડાલામાં તો જાણે મીની કાશ્મીર બની ગયું હોય એમ કરાનો વરસાદ થયો છે. આ શા માટે થાય છે? તો જયારે કલાઇમેંટ ચેન્જના કારણે પર્યાવરણને ખૂબ નુકસાન થઇ રહ્યું છે અને વૃક્ષો કપાઇ રહ્યા છે ત્યારે આપણા બધાની જવાબદારી છે કે, વૃક્ષોનું વાવેતર કરવા માટે માનનીય સરકારશ્રી જો ખેતરના શેઢે વૃક્ષો વાવવાનું પ્રોત્સાહન આપી ૧ વૃક્ષ દીઠ રૂપિયા ૫ હજારની સહાય ચૂકવે તો આપણી પાસે ખેડૂતોની જે જમીન છે એમાં અનેક વૃક્ષો વાવી શકીએ તેમ છીએ. સાથો સાથ ગુજરાતનું પર્યાવરણ ખૂબ સારું થઇ શકે તેમ છે. દિલ્હીમાં જેમ હવા શુદ્ધીકરણના

ટાવરો ઊભા કર્યા છે તેવા ટાવરો ગુજરાત રાજ્યમાં અમદાવાદ, સુરત, નવસારી વિગેરે શહેરો કે જયાં મોટી જી.આઇ.ડી.સી. ઓ આવેલી છે ત્યાં ઊભા કરવામાં આવે તો ત્યાં હવાનું પ્રદૂષણ ઘટી શકે તેમ છે. ગુજરાત રાજ્યમાં અતિ પ્રદૂષણ ફેલાવતી કંપનીઓની તાત્કાલિક તપાસ કરવામાં આવે. આવી કંપનીઓ ઉપર તાત્કાલિક પ્રતિબંધ મૂકવામાં આવે. સાથો સાથ નગરપાલિકા અને મહાનગરપાલિકાઓ દ્વારા પણ કોઇપણ વ્યકિત પોતાના ઘરે વૃક્ષ વાવે તો એને નગરપાલિકા અને મહાનગરપાલિકાના ટેક્સમાં જો ૩૦ ટકા રાહત આપવામાં આવે અને આવી કોઇ યોજના લાવવામાં આવે તો પણ આપણે ગુજરાતમાં ઘણા બધા વૃક્ષો વાવી શકીએ તેમ છીએ અને પર્યાવરણનું જતન કરી શકીએ તેમ છીએ. આપણે હાલમાં જોયું કે, આપણી મોટાભાગની નદીઓ દૂષિત થઇ રહી છે.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી, વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલી વન અને પર્યાવરણ વિભાગની માગણી ક્રમાંક- ૨૭ ઉપર મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગના એક છત્ર હેઠળ કામ કરતી અનેક સરકારી સંસ્થાઓ માટેના મુખ્ય વિભાગ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જી.પી.સી.બી.), ગુજરાતી ઇકોલોજી કમિશન (જી.ઇ.સી.) અને ગુજરાત પર્યાવરણ વ્યવસ્થા (જી.ઇ.એમ.આઇ) આ તમામ સંસ્થાઓ તેમના આદેશ અનુસાર પર્યાવરણ અને સંરક્ષણની વ્યવસ્થાના વિશિષ્ટ ઉદ્દેશ માટે કામ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીને હું જણાવીશ કે જયારે હું નાનો હતો ત્યારે અમદાવાદ શહેરમાં કેરોસીનથી રીક્ષા ચાલતી હતી અને સાંજ પડે ત્યાં તો લોકોની આંખો બળતી હતી. અત્યારે શ્રી શૈલેષભાઇ અને શ્રી ઇમરાનભાઇ પણ અહીં છે. તે વખતે લોકોની આંખો બળતી હતી. આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી એ રીક્ષાઓ ગેસથી ચાલે છે અને એના લીધે પર્યાવરણને એક ખૂબ સરસ વાતાવરણ મળ્યું છે. ડીઝલથી ચાલતી જે ગાડીઓ હતી એને બંધ કરીને આપણી સરકારે ઇલેક્ટ્રિકથી ચાલતી ગાડીઓ આ અમદાવાદ શહેરને આપીને અમદાવાદ શહેરનું વાતાવરણ ખૂબ સરસ બનાવ્યું છે. સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આવી સરસ યોજનાઓ અને વ્યવસ્થાઓ કરીને લોકોની સુખાકારી વધારવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ સદનમાં ખૂબ નવો નવો છું. હમણાં જ મંત્રીશ્રીએ કહ્યું કે ભાઇ, મીડિયાની હેડલાઇન માટે લોકો કહેતા હોય છે. શ્રી અમિતભાઇ જયારે એવું કહેતા હોય કે કોરોનાકાળમાં મર્યા એના કરતા પર્યાવરણથી વધારે લોકો મર્યા છે. શું આવું ખોટું આ સદનમાં બોલી શકાય? કારણ કે આવી જે વ્યવસ્થા છે એ ભારતીય જનતા પાર્ટી....

પોઇન્ટ ઓફ કલેરિફિકેશન

શ્રી અમિત ચાવડા : પોઇન્ટ ઓફ કલેરિફિકેશન છે માનનીય અધ્યક્ષશ્રી, હું એવું બોલ્યો હતો કે કોરોના કાળમાં જેટલા લોકો મર્યા, એના કરતા પ્રદૂષણથી વધારે લોકોના મૃત્યુ થાય છે.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ : પર્યાવરણથી કોઇ મરતું નથી. પર્યાવરણ સુધારાનાં જે કામ છે એ ભારતીય જનતા પાર્ટીએ ખૂબ સરસ રીતે કર્યાં છે. એટલે પર્યાવરણથી કોઇ મરે છે, આવી ખોટી વાત, હું નવો નવો સદનમાં આવ્યો છું. માનનીય ગૃહમંત્રી જે કહેતા હતા એ વાતને હું સમર્થન કરું છું કે મીડિયામાં આવવા માટે આવા ખોટા નિવેદનો કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારથી ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવી છે, એ ભારતીય જનતા પાર્ટી કાયમ માટે કંઇકને કંઇક લોકોની સુખાકારી માટેના કાર્ય કરતી હોય છે. ભારતીય જનતા પાર્ટીએ મારા જ વિસ્તારમાં 'ઓકસિજન પાર્ક'ની એક રચના કરી છે. મારા જ વિસ્તારમાં 'નમો વન'ની એક રચના કરી છે. એ 'નમો વન'માં એક લાખ કરતા વધારે વૃક્ષો રોપીને ભારતીય જનતા પાર્ટીએ આ પર્યાવરણનાં સુધારાનાં કામ કર્યાં છે. છેલ્લાં ૫ વર્ષમાં અમદાવાદ શહેરમાં ૪૫ જેટલી જુદી જુદી સ્કીમ, થીમ આધારિત નવા ગાર્ડન ડેવલપ કર્યા છે. જેમાં વિવિધ પ્રકારના લેન્ડ થીમનો ઉપયોગ કરી અત્યાધુનિક સગવડો સાથેના પાર્ક તૈયાર કર્યા છે. શહેરની ગ્રીન કવરને વધારવાના હેતુથી વર્ષ ૨૦૧૯થી મિશન મિલિયન ટ્રી અભિયાન અંતર્ગત પ્રતિ વર્ષ ૧૦ લાખથી વધુ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક હાથ ધરવામાં આવ્યો છે. જેમાં પ્રતિ વર્ષ નીચે મુજબના વૃક્ષારોપણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯માં ૧૧,૬૬,૩૮૭ વૃક્ષો વાવ્યા છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦,૧૩,૮૫૬ વૃક્ષ વાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૨,૮૨,૦૧૪ વૃક્ષો વાવવામાં આવ્યા છે અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૦,૭૪,૪૩૧ વૃક્ષો વાવીને આ પર્યાવરણની રક્ષા કરી છે. મિશન મિલિયન ટ્રી અભિયાન અંતર્ગત આવા વૃક્ષો રોપીને પર્યાવરણનું જતન કરનારી સરકાર છે. દેશનું એક માત્ર અમદાવાદ શહેર જે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એ.એમ.સી. સેવા નામની મોબાઇલ એપ્લિકેશન મારફતે પ્લાન્ટેશન ડિમાન્ડમાં રજિસ્ટ્રેશન કરાવીને શહેરીજનોને વડ, પીપળો, લીમડો, બોરસલ્લી, ગુલમહોર જેવી ૨૦થી વધુ જાતો પૈકી પસંદગીના વૃક્ષો પોતાના ઘરે લગાવી શકે છે. એ.એમ.સી. સેવા એપ્લિકેશન મારફતે વ્યક્તિગત મહત્તમ ૫ અને સોસાયટીના મહત્તમ ૧૦, કોર્પોરેટ સંસ્થાને મહત્તમ ૨૫ તેમજ ઇન્સ્ટિટયૂટને મહત્તમ ૫૦ વૃક્ષો આપીને આ પર્યાવરણના જતનનું કામ આગળ વધારી રહી છે.

ફાલ્ગુન ૨૭, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સરકારશ્રી હસ્તકના પ્લોટોમાં મીયાવાંકી પદ્ધતિથી પ્લોટમાં ગીચ વૃક્ષારોપણ કરી તેના થકી સમગ્ર શહેરમાં કુલ ૧૨૮ જેટલા અર્બન ફોરેસ્ટ ડેવલપ કરવામાં આવેલ છે. જેના વૃક્ષો ઝડપથી વિકાસ થાય છે. આ વૃક્ષારોપણ થકી પર્યાવરણનું જતન કરવા માટેનું કાર્ય સરકાર સતત કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફલાવર શોના કાર્યક્રમ હોય કે બોપલ ઇકોલોજી પાર્ક હોય કે શીલજ આરોગ્ય વન ડેવલપમેન્ટ કે 'નમો વન'નું કાર્ય હોય. અમે જયારે અમારા કોઇ નેતાનો જન્મદિવસ હોય ત્યારે ખૂબ વૃક્ષોનું જતન કરીને વૃક્ષો વાવીને અમે જન્મદિવસ ઊજવતા હોઇએ છીએ. 'નમો વન' વખતે શ્રી નરેન્દ્ર મોદી, આપણા વૈશ્વિક નેતાના જન્મદિવસ પ્રસંગે મારા જ મત ક્ષેત્રમાં ૧ લાખ વૃક્ષ વાવીને 'નમો વન'નું નવું ઉદાહરણ પૂરું પાડ્યું છે. અત્યારે આપણા અધ્યક્ષ શ્રી સી.આર.પાટિલ સાહેબના જન્મ દિવસ પ્રસંગે ૬૮ હજાર વૃક્ષો વાવીને એક નવી વ્યવસ્થા ગોઠવી છે. અમે આ પર્યાવરણને કેવી રીતે સારી રીતે જતન કરી શકીએ, એના માટેની બધી વ્યવસ્થા કરનારા લોકો છીએ. 'પર્યાવરણની કરો રક્ષા, પૃથ્વીની થશે સુરક્ષા' એના પાલન સાથે ચાલનારા લોકો છીએ.ભારતીય જનતા પાર્ટી સતત લોકોની ચિંતા કરનારી પાર્ટી છે. સબકા સાથ સબકા વિકાસ અને સબકા વિશ્વાસ સાથે ચાલનારી પાર્ટી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી કે જે વૈશ્વિક નેતા છે તેમને ભલે આ લોકો સ્વીકારતા ન હોય, પણ હું આપને સો ટકા કહીશ કે વિશ્વ આખું એમને સ્વીકારી રહ્યું છે. આ જે વ્યવસ્થા છે એ વ્યવસ્થામાં હું મારા વૈશ્વિક નેતા માટે કહીશ કે એમના માટે **जग में जीतने जुर्म नहीं उतने सहने की ताकत है, तनो के भी किनारे में रहे सच कहने की आदिता है, मैं सागर से भी गहरा हूं, मैं सागर से भी गहरा हूं, तुम कितने कंकर फेंकोगे चुन चुन के उम्र बढ़ूंगा, तुम मुझे कब तक रोकोगे, तुम मुझे कब तक रोकोगे**। એવા વૈશ્વિક નેતા અને ગુજરાતના પનોતા પુત્ર જયારે આવી રાહ ચીંધી ગયા હોય ત્યારે પર્યાવરણ તો શું કોઇ પણ જાતની આપણે ચિંતા કરવાનો વિષય નથી. ભારતીય જનતા પાર્ટી સતત વિકાસ માટે કામ કરનારી પાર્ટી છે. સતત લોકોની ચિંતા કરનારી પાર્ટી છે. પર્યાવરણનો વિષય એ વિશ્વનો વિષય છે. જયારે આખા વિશ્વએ પર્યાવરણ દિવસ તરીકે પાંચમી જૂનના દિવસે વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવીને પર્યાવરણનું સંરક્ષણ કરવાની શરૂઆત કરી છે અને ૧૦૦થી વધારે દેશો વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરે છે. પર્યાવરણની જાળવણી ૨૧મી સદીનો સૌથી મોટો પડકાર છે.

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ**(**અકોટા**)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા ૨૦૨૩-૨૪ના વર્ષના અનુદાન માટેની જે માગણીઓ લઇને ગૃહમાં રજૂ થઇ છે એને હું આવકારું છું અને એમાં મારો સૂર પૂરાવું છું. માગણી ક્રમાંક-૧૦૭ માં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમ કહેવાય છે કે મુશ્કેલી એ સંશોધનની માતા છે અને આ વાસ્તવિકતા મનુષ્યની ઉપસ્થિતિથી સત્ય સાબિત થયેલ છે. મનુષ્ય પૃથ્વી ઉપરનું સૌથી બુદ્ધિશાળી પ્રાણી હોવાથી એને પડતી વિવિધ મુશ્કેલીઓને અનુલક્ષીને સંશોધન કરે છે. સૌ પ્રથમ ચક્રની શોધ કરી, પછી અગ્નિની શોધ કરી, કોલસાને ઇંધણ તરીકે બળતણમાં વાપર્યું, અશ્મીભૂત બળતણની શોધ થઇ અને તેને ઇંધણ બનાવ્યું વગેરે વગેરે. કોઇ પણ બાબતને હંમેશા બે પાસા હોય છેઃ એક પોઝિટિવ અને એક નેગેટીવ. મનુષ્યએ સુખ, સગવડ, સમૃદ્ધિ અને પ્રગતિ માટે કરેલ વિવિધ સંશોધનોની વાતો કરીએ તો તેના કારણે મનુષ્યે પૃથ્વીના ભૌગોલિક સંતુલનને વેરવિખેર કરી નાખ્યું છે અને તેને કારણે ઋતુઓમાં મોટા ફેરફાર, કમોસમી વરસાદ, ગઇ કાલે વડોદરા શહેરમાં અને આસપાસના વિસ્તારોમાં ઘણો બધો લગભગ એક સવા ઇંચ જેવો વરસાદ પડ્યો અને સાથે કરા પણ પડ્યા, જે લગભગ ટેનિસ બોલની સાઇઝના હતા. આ સાથે વાવાઝોડા, ધરતીકંપ, કેટલીક વાર અસહ્ય ગરમી તો કેટલીક વાર અસહ્ય ઠંડી જોવા મળે છે. જમીનની ફળદ્રુપતા ઓછી થવી, વાતાવારણમાં અતિશય પ્રદૂષણ, વાતાવરણ અને મોસમની અનિશ્ચિતતા આ બધી જ માણસની પ્રગતિ અને સગવડોની ભૂખને કારણે ઊભી થયેલી નકારાત્મક બાબતો છે. જેને આજે આપણે ગ્લોબલ વોર્મિંગ અથવા ક્લાઇમેટ ચેન્જ પણ કહીએ છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર ક્લાઇમેટ ચેન્જ અંગે વૈશ્વિક સમસ્યાઓને લઇને તેના નિવારણ માટે કટિબદ્ધ છે. આગામી વર્ષની અંદાજપત્રીય જોગવાઇઓ ગુજરાત રાજયના ક્લાઇમેટ ચેન્જ પરત્વેના સંવેદનશીલ અભિગમને વધુ એક કદમ આગળ ધપાવશે તેવો મને વિશ્વાસ છે. ક્લાઇમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યાનું મૂળ ભોગવાદી જીવનશૈલી છે. જેના દુષ્પરિણામો સમગ્ર વિશ્વ ભોગવી રહ્યું છે. બીજી તરફ ભારત દેશ આદિકાળથી પ્રકૃતિનું સંવર્ધન કરવામાં અગ્રેસર છે. એટલું જ નહીં ભારત દેશ પ્રકૃતિને માતૃતુલ્ય દરજ્જો આપે છે. આધુનિક સમયમાં પણ દેશ અને ગુજરાત રાજય પ્રકૃતિ તથા વિકાસ વચ્ચે સંતુલન રાખી પ્રગતિ સાધવાનું વલણ અપનાવે છે. તાજેતરમાં ગ્લાસગો, પોર્ટલેન્ડ ખાતે યોજાયેલી ક્લાઇમેટ ચેન્જ વૈશ્વિક સંમેલનમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પંચામૃતની વિચારધારા પ્રસ્તુત કરી હતી. સમગ્ર વિશ્વને નવી રાહ ચીંધી છે. પંચામૃતની વિચારધારાએ દુનિયાના વિકસિત રાષ્ટ્રોને પણ વિચારતા કર્યા છે. ગુજરાત રાજ્ય રહેણાકના મકાનો ઉપર સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં સમગ્ર દેશમાં પ્રથમ છે. રહેઠાણના મકાનો ઉપર સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપવા ૩ કિલોવોટ સુધી ૪૦ ટકા અને પછીના ૧૦ કિલોવોટ સુધીની ક્ષમતા માટે ૨૦ ટકા સબસિડીની સહાય આપવામાં આવે છે. સમગ્ર રાજ્યમાં રહેણાકના મકાનો પર ૧,૬૮૮ મેગાવોટ ક્ષમતાના સૌર ઊર્જા પ્લાન્ટ બેસાડેલ છે અને તે માટે ૪,૩૦,૪૫૧ લાભાર્થીઓને કુલ રૂ. ૨,૧૯૬ કરોડની સહાય ચૂકવેલ છે. નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવા

રાજ્ય સરકાર કટિબદ્ધ છે ત્યારે પવન ઊર્જાની હેઠળ ચાલુ વર્ષ દરમ્યાન ૬૧૪ મેગાવોટની ક્ષમતા વધારવા સાથે રાજ્યની કુલ વિદ્યુત ઉત્પાદન ક્ષમતા ૯,૭૬૬ મેગાવોટ થાય છે જે સમગ્ર દેશમાં દ્વિતીય ક્રમે છે. રાજ્યમાં ગુજરાત સૌર ઊર્જા નીતિ-૨૦૨૧ હેઠળ ચાલુ વર્ષે ૧,૬૮૫ મેગાવોટ ક્ષમતાના સોલર પાવર પ્લાન્ટ કાર્યરત કર્યા છે. તેમ થતાં રાજ્યની કુલ સોલર ઉત્પાદન ક્ષમતા વધીને ૯,૦૫૬ મેગાવોટ થઇ છે. તદુપરાંત તાજેતરમાં ગુજરાતમાં ૨૭૦ મેગાવોટનો વિન્ડ સોલર હાઇબ્રીડ પ્લાન્ટ કાર્યરત થયેલ છે. આમ રાજ્યની પુનઃપ્રાપ્ય ઊર્જાની કુલ સ્થાપિત ક્ષમતા ૨૦ ગીગાવોટથી વધુ થયેલ છે. જે સમગ્ર દેશમાં બીજા ક્રમે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની શાળા કોલેજ સુધીના અભ્યાસ કરતા ધોરણ-૯થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે બેટરી ઓપરેટેડ ક્રિચક્રી વાહન યોજનાનો અમલ કરવામાં આવેલ છે. જેમાં રાજ્ય સરકાર સબસિડી પેટે રૂ. ૧૨,૦૦૦ પ્રતિ વાહન સહાય ચૂકવે છે. રાજ્ય સરકાર દ્વારા છાત્રાલયો, આદર્શ નિવાસી શાળા, રેસિડેન્સ સ્કૂલો અને યાત્રાધામ વિશ્રામગૃહો પર છેલ્લાં ૧૦ વર્ષમાં ૪૬૭ સ્થળો પર કુલ ૨૦.૪૪ લાખ લિટર પ્રતિદિન ક્ષમતાની સોલર પાવર વોટર હિટિંગ સિસ્ટમ કુલ રૂ.૩૦.૧૭ કરોડના ખર્ચે સ્થાપવામાં આવેલ છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભારતમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત કરવાનું પણ વચન આપેલ છે. ઉક્ત બાબતને અનુસરીને ગુજરાત રાજ્યે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત કરવાના ભારત સરકારના લક્ષ્યાંકને અનુરૂપ ગુજરાત પુનઃપ્રાપ્ય ઊર્જા લક્ષ્યાંક નક્કી કરવાની વ્યૂહરચના બનાવવાનું કામ હાથ ધરેલ છે.

સભાપતિશ્રી : આપનો સમય પૂરો થાય છે. હવે જ્યારે મતદાનનો સમય આવશે તો માનનીય સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર પહોંચી જાય. બીજી જગ્યાએ બેસીને આપણે મતદાન કરીએ તો એ ગણતરીમાં લેવાતું નથી એટલા માટે.

શ્રી હર્ષ સંઘવી(રાજ્યકક્ષાના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ હું આ સન્માનનીય ગૃહ સમક્ષ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેના અંદાજપત્રમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ માટેની કુલ ૫૬૮.૩૫ કરોડ રૂપિયાની જોગવાઇઓની માગણી રજૂ કરું છું. રાજ્યના અંદાજપત્રમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સતત વધારો કરવામાં આવ્યો છે જેના માટે હું આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો આભારી છું. રાજ્યના સૌ યુવાનોવતી હું રાજ્ય સરકારનો આભાર માનું છું. કારણ કે જે પ્રકારે રાજ્ય સરકારે યુવાઓને પ્રોત્સાહન આપતાં આ બજેટની જોગવાઇમાં વધારો કર્યો છે તેના થકી આવનારા દિવસોમાં રાજ્યના યુવાનોને વિવિધ રમતગમતલક્ષી અલગ અલગ યોજનાઓનો લાભ મળવાનો છે.

<#FN/SMS1205-AL.DOC/FN#>

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ ઉપરની માગણીઓ ઉપરની ચર્ચા દરમિયાન સન્માનનીય સભાગૃહના વિવિધ પક્ષના અલગ અલગ સભ્યો દ્વારા જે સૂચનો આવ્યાં છે તેને અમે સંપૂર્ણ ધ્યાને લીધાં છે. આજે આ ચર્ચામાં ખૂબ ઓછા લોકોએ ભાગ લીધો છે, પરંતુ એના સિવાય ૬૩ માનનીય ધારાસભ્યશ્રીઓએ ગત ત્રણ મહિનાની અંદર અલગ અલગ જિલ્લા કક્ષાના સ્પોર્ટસ સેન્ટર છે અને રમત ગમત વિભાગ માટે પોતપોતાનાં સૂચનો, પોતપોતાની માગણીઓ મારા કાર્યાલય સુધી રજૂ કરી છે જેમાંથી ૩૯થી વધુ ધારાસભ્યોની જે માગણીઓ હતી, જે કંઇ સૂચનો હોય, બજેટની ફરિયાદ હોય કે રમતગમતના અધિકારીઓ ત્યાં ઓછા પડતા હોય અથવા ત્યાં શિક્ષકો ઓછા પડતા હોય એ તમામ માગણીઓ પૂર્ણ કરવામાં આવી છે અને એ લોકોના નાના મોટા જે વિષયો હતા એની ઉપર સંપૂર્ણ રીતે ચિંતાપૂર્વક ધ્યાન આપવામાં આવ્યું છે. કારણ કે સ્વાભાવિક વાત છે કે વિધાનસભા ગૃહની અંદર ચર્ચાઓ થતી હોય છે. તેમાં તમામ લોકો એક વિષયમાં ભાગ લઇ શકતા નથી, પરંતુ મંત્રીશ્રી પાસે આ પ્રકારની અલગ અલગ માગણીઓ આવતી હોય છે તેનું અમારે ત્યાં સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવે છે અને આ વખતે માનનીય રાજયપાલશ્રીના અભિભાષણ ઉપરની ચર્ચા હોય, માગણીઓ ઉપરની ચર્ચા હોય, બીજા અનેક બિલો ઉપર ચર્ચા હોય તો કોઇપણ પક્ષ કે વિપક્ષના માનનીય ધારાસભ્યશ્રીઓની એમના ભાષણ દરમિયાન નાની મોટી ફરિયાદ હોય, સૂચન હોય એ તમામ વિગતો અમારા વિભાગની બેઠકમાં અમે ચર્ચામાં લઇ રહ્યા છીએ અને માત્ર માગણી ઉપર કે રાજયપાલશ્રીની સ્પીચ ઉપર નહીં, પરંતુ સંપૂર્ણ વિધાનસભાના સત્ર દરમિયાન કોઇપણ વિષયની અંદર આ વિભાગની ચર્ચામાં કોઇપણ ચર્ચામાં ભાગ લઇને કોઇપણ માનનીય સભ્યશ્રીઓએ કોઇ વિષય મૂક્યો હોય એના ઉપર અમે ગંભીરતાપૂર્વક ચિંતન કરીને એના જે કોઇ સૂચન છે એમાં અમે ગંભીરતાથી આગળ વધવા જઇ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત શરૂ કરું તે પહેલાં આ સભાગૃહમાં અનેકવાર કોઇક સારાં કામો, કોઇક ખરાબ કામો, કોઇક ભૂલની ટીકા થતી હોય છે, કોઇકમાં અભિનંદન આવતા હોય છે ત્યારે આ વર્ષે હું મારી વાત શરૂ કરું તે પહેલાં મારી ટીમને ખાસ કરીને યુવા અને રમતગમત મંત્રાલયના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને આજે હું અભિનંદન આપવા માગું છું. જે પ્રકારે છેલ્લા એક વર્ષમાં અનેક ચેલેંજો ઉપાડીને માત્ર ગુજરાતમાં જ નહીં, દેશભરમાં ગુજરાતને સ્પોર્ટસ લેવલે અલગ પ્લેટફોર્મ પુરવાર કરવામાં આ વિભાગે ખૂબ મોટી સફળતા મેળવી છે તે બદલ હું મારી આખી ટીમને અભિનંદન આપું છું. હમણાં છેલ્લે એક સરવે થયો જેમાં એમ કહેવાય છે કે ચાઇનાની એવરેજ યંગ એજ ૩૭ વર્ષની છે, અમેરિકાની એવરેજ યંગ એજ ૪૦ વર્ષની છે, જાપાનની એવરેજ યંગ એજ ૪૮ની છે, જયારે ભારતની વાત કરીએ તો ભારત દેશ દુનિયાનો સૌથી યુવાદેશ છે

અને આપણી એવરેજ યંગ એજ માત્ર ૨૯ વર્ષની છે. જયારે આપણી એવરેજ યંગ એજ ૨૯ વર્ષની છે ત્યારે એક શાયરે ખૂબ સરસ વાત કરી છે કે,

"वक्त कि सुइयों को बदल के रख देता है, बड़े बड़े तुफानों को मचल के रख देता है। यार इतिहास की क्या बात करते हो, युवाओं का जोश तो पूरी दुनिया बदलके रख देता है।"

સ્વામી વિવેકાનંદજી કહ્યું છે કે તંદુરસ્ત શરીરમાં જ તંદુરસ્ત મનનું નિર્માણ થાય છે અને અમારી સ્વામી વિવેકાનંદનજીના વિચારો ઉપર ચાલવાવાળી સરકાર છે. સ્વામી વિવેકાનંદજીએ કહ્યું છે કે તંદુરસ્ત શરીરમાં જ તંદુરસ્ત મનનું નિર્માણ થાય છે. અમે ગુજરાતના તમામ યુવાનોનું તંદુરસ્ત શરીર અને તંદુરસ્ત મન થાય તે માટે અમારો વિભાગ કામગીરી કરી રહ્યો છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના ''ખેલશે ગુજરાત, જીતશે ગુજરાત''ના મંત્ર સાથે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં આ વિભાગ ''આગેકદમ આગેકદમ''ના જુસ્સા સાથે આગળ વધી રહ્યું છે. મને એક વાત કહેતા આનંદ થાય છે કે એક ફિલ્મનો એક ડાયલોગ હતો કે ''મારી છોરીઓ છોરા સે કમ નહીં.'' એમાં એ કહેવા માંગે છે કે છોકરીઓ છોકરાથી કમ નથી અને ગુજરાતની આપણી દીકરીઓએ આ દેશનું માન વધારવાનું કામ કર્યું છે. છેલ્લી પેરાલેમ્પિકની વાત હોય કે કોમનવેલ્થ ગેમની વાત હોય, મને અહીં એ વાત કહેતાં આનંદ થાય છે કે છેલ્લે રમાયેલી ટોકિયો ઓલિમ્પિકમાં સૌ પ્રથમ વખત ગુજરાતની ૬ રમતવીરોએ ભાગ લીધો.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, ૬ મહિલા રમતવીરો ભાગ લે એ ખૂબ મોટો વિષય છે. મારી ગુજરાતની દીકરી ગુજરાત લેવલ પર નહીં, નેશનલ લેવલ પર નહીં, ઇન્ટરનેશનલ લેવલ પર નહીં, પણ પેરા-ઓલિમ્પિકની અંદર ગુજરાતનું અને દેશભરનું નામ રોશન કરવાનું કામ કરતી હોય એ ગુજરાત વિધાનસભા માટે ગર્વની વાત છે. આ યાત્રાને આગળ ધપાવતા ઇંગ્લેન્ડના બર્મિંગહામ ખાતે યોજાયેલ ઓલમ્પિક ગેમ્સમાં ગુજરાતના ૬ રમતવીરોએ ભાગ લીધો. મને જણાવતા આનંદ થાય છે કે કુ. હરમીત દેસાઇએ ગોલ્ડ મેડલ જીતીને આપણી દીકરીઓ કુ. ભાવિના પટેલ તથા કુ. સોનલ પટેલે પેરા-ગેમ્સની અંદર મેડલ જીતીને આપણા રાજ્ય અને દેશનું નામ રોશન કરેલ છે. આ મેડલ જીતનાર એકેએક ખેલાડીના ઘેર હું પોતે ગયો છું. કુ. ભાવિના પટેલને ત્યાં હું ગયો છું. કુ. હરમીત દેસાઇના ઘેર પણ હું ગયો છું. આ એકેએક ખેલાડીના ઘેર જઇને સામે ચાલીને આ રાજ્ય સરકારવતી ચેક આપવા ગયેલ હતો. રાજ્યના ઇતિહાસમાં, દેશના ઇતિહાસમાં સરકાર ક્યારેય ખેલાડીના ઘેર ચેક આપવા જાય? મારી બહેન કુ. ભાવિના પટેલ, આપણી ગુજરાતની દીકરી કુ. ભાવિના પટેલે કઇ રીતે એની ગેમની તૈયારી કરી? દેશભરમાં લોકડાઉન ચાલતું હતું. કોરોનાનો સમય હતો. લોકડાઉનના કારણે કોઇ પ્લેયર પોતાના ઘરની બહાર નીકળીને ટ્રેનિંગ લઇ શકતા ન હતા. કુ. ભાવિના પટેલ એના ખૂબ નાના ઘરમાં રહેતા હતા. એમણે પોતાના રૂમમાંથી પલંગ હટાવીને ત્યાં ટેબલ ટેનિસનું ટેબલ મૂકીને રાત દિવસ મહેનત કરી અને ગુજરાત અને દેશનું નામ પેરા-ઓલિમ્પિકમાં રોશન કર્યું. કુ. હરમીત દેસાઇ પોતાના ઘેરથી બીજે રહીને રાત-દિવસ મહેનત કરીને કોમન વેલ્થમાં મેડલ જીતેલો છે. આ બધાના ઘેર જઇને હું પોતે જોઇને આવેલો છું કે આ મારા ખેલાડીઓ કઇ રીતે રાત દિવસ મહેનત કરી રહ્યા છે અને એ માટે અનેક જોગવાઇઓમાં વધારો કર્યો છે. જેથી કરીને પ્લેયરો જે રાત દિવસ મહેનત કરે છે, ગુજરાતનો યુવાન રાત દિવસ આપણા દેશનું નામ રોશન કરવા માટે મહેનત કરે છે એને અલગ અલગ યોજનાઓ થકી વધારો કરીને એને પ્રોત્સાહન આપવું જ પડે. જો એને પ્રોત્સાહન નહીં આપીએ તો આપણા યુવાનો કઇ રીતે આગળ વધી શકશે?

માનનનીય અધ્યક્ષશ્રી, નેશનલ ગેમ્સની વાત કરું તો દેશના ઇતિહાસમાં પહેલીવાર માત્ર ૧૦૦ દિવસમાં નેશનલ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ઇન્ડિયન ઓલમ્પિક એસોસિયેશનને પત્ર લખે છે કે ગુજરાત સરકાર છેલ્લા અનેક વર્ષોથી જે નેશનલ ગેમ્સ બંધ પડેલી છે એને શરૂ કરવા માટે માત્ર ૧૦૦ દિવસમાં તમામ વ્યવસ્થાઓ સાથે દેશભરના તમામ ખેલાડીઓનું સ્વાગત કરવા માટે તૈયાર છે. ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશનની મિટિંગની અંદર ગુજરાતની મજાક ઉડાડવામાં આવે. માત્ર ૧૦૦ દિવસમાં કઇ રીતે આવી ગેમ્સનું આયોજન થઇ શકે? ભૂતકાળમાં અનેક રાજ્યોએ આ ગેમ્સ લીધી છે, હજી આયોજન કરી શકતા નથી અને ગુજરાત આ આયોજન ૧૦૦ દિવસની અંદર કઇ રીતે કરી શકશે? ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન ગુજરાતમાં આવે છે. અલગ અલગ શહેરોની અંદર પ્રવાસ કરે છે. જામનગર, રાજકોટ, ભાવનગર, સુરત, વડોદરા, ગાંધીનગર અલગ અલગ શહેરોમાં જઇને ગુજરાતે છેલ્લા અનેક વર્ષોથી રમત-ગમત માટે જે વ્યવસ્થાઓ ઊભી કરી છે એનું નિરીક્ષણ કર્યા પછી ઇન્ડિયન ઓલમ્પિક એસોસિએશન આ નેશનલ ગેમ્સ કરવા માટે પરમિશન આપે છે અને ગુજરાત સરકારના આ રમત ગમત વિભાગે માત્ર ૧૦૦ દિવસમાં આ રમતનું આયોજન કર્યું. આ રમતમાં ક્યારેય ન થયું હોય એ પ્રકારે આયોજન કર્યું. હું સભાગૃહને કહેવા માગું છું કે, આપણે ગુજરાતી હોવાનું ગર્વ થવું જ જોઇએ. આ નેશનલ ગેમ્સની અંદર ગુજરાતે આખા દેશને એક દિશા આપી. એ દિશા શું છે? આપણે એકપણ રૂપિયાનું કેપિટલ કોસ્ટ, નવું બાંધકામ ન કર્યું. યુનિવર્સિટી, કોલેજો ખાતે અલગ અલગ વ્યવસ્થાઓ છે એ વ્યવસ્થાઓને વધારે કઇ રીતે સારી થાય અને એ વ્યવસ્થામાં ભવિષ્યમાં ગુજરાતના યુવાનો આની અંદર પ્રેક્ટિસ કરીને સારા ખેલાડી બની શકે એ માટે પ્રયત્ન કર્યો. દેશભરને એક નવી દિશા મળી કે માત્ર કેપિટલ કોસ્ટ કરીને મોટા મોટા નવા બાંધકામો કરવા કરતા આ જે વ્યવસ્થાઓ આપણી પાસે અવેલેબલ છે એ વ્યવસ્થાઓને વધુ સારી કઇ રીતે કરી શકીએ. ૧૪ હજાર ૫૦૦ લોકોનું ગુજરાતભરના લોકોએ

સ્વાગત કર્યું. ગુજરાતભરની ૩૩ હજાર સ્કૂલોમાં નાની મોટી રમતોનું આયોજન થાય. લીંબુ ચમચી રમે, કોઈ ખો ખો રમે, કોઈ કબડ્ડી રમે, બાળકો સ્કૂલની અંદર રમત રમતા હોય અને એના દાદા-દાદીને એની સાથે જોડવાનું કામ આ નેશનલ ગેમ્સ થકી ગુજરાતના લાખો ખેલાડીઓને ભેગા કરવાનું કામ ગુજરાતના આ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.મને ગર્વ થાય છે કે ૧૨મી ગુજરાતની નેશનલ ગેમ્સમાં ગુજરાતનું સ્થાન ખૂબ સારું રહ્યું. એથલેટ્સમાં ગુજરાતે ૧૩ ગોલ્ડ મેડલ, ૧૫ સિલ્વર મેડલ, ૨૧ બ્રોન્ઝ મેડલ મેળવ્યાં અને ગુજરાતે બીજા ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે આ ખૂબ મહત્ત્વનું પૂરવાર થયું છે. ૩૬મી નેશનલ ગેમ્સ ગુજરાત ડિલિવરી માટે મેં જણાવ્યું એ પ્રકારે અનેક નવતર અભિગમો અપનાવવામાં આવ્યાં અને નવતર અભિગમોના માધ્યમથી આપણી આ નેશનલ ગેમ્સ દેશના ઇતિહાસના પાના પર લખાય એ રીતે આપણા ગુજરાતીઓનું નામ માત્ર ૧૦૦ દિવસમાં આયોજન કરવામાં આપણે સફળતા પ્રાપ્ત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેલ મહાકુંભ વિષે કોણ નથી જાણતા. ખેલ મહાકુંભની થીસિસ વાંચી વાંચીને એના રિસર્ચ ડોક્યુમેન્ટ ઉપર લખાયેલા અનેક કાગળો વાંચીને ગુજરાતની પ્રેરણા લઈને દેશભરના અલગ અલગ રાજ્યોએ ખેલ મહાકુંભનું નામ ભલે બદલી નાખેલ હોય પણ આ યોજના, આયોજન કઈ રીતે થઈ શકે છે? એ ગુજરાતે દેશભરને નવી શીખ આપી. આપણે સૌ લોકો જાણીએ છીએ કે, ખેલ મહાકુંભ પહેલા ગુજરાતની શું પરિસ્થિતિ હતી? ગુજરાતના ખેલાડીઓ જ્યારે નેશનલ ગેમ્સ રમવા જતાં હતાં ત્યારે, હમણાં હું હાઇ પરફોર્મન્સ સેન્ટરમાં ગયો ત્યારે મને ખેલાડીઓએ કહ્યું કે, ભૂતકાળમાં અમને લોકોને કઈ રીતે બોલાવવામાં આવતા હતા? રમત રમવા જતા હતા ત્યારે ગુજરાતના ખેલાડીઓને ખમણ-ઢોકળાં, ફાફડા-જલેબી કહીને બોલાવવામાં આવતા હતા. ખેલ મહાકુંભે દેશની અંદર ગુજરાતની રમત-ગમતનો આખો સિનારિયો બદલી દીધો. આજે હું આ ગૃહમાં આપ સૌની વચ્ચે કહેવા માગું છું કે, માનનીય નરેન્દ્રભાઇ મોદીને અને એમના દૂરંદેશી વિચારોને વંદન કરવા માગું છું. ભારત-પાકિસ્તાન બોર્ડર પર કચ્છના ગામડાં હોય કે ડાંગ જેવાં નાનાં ગામડાં હોય ત્યાંના અલગ અલગ નાના નાના ગામોમાંથી એકેએક ખેલાડીઓને શોધી શોધીને ખેલ મહાકુંભે એક એવું પ્લેટફોર્મ પૂરું પાડ્યું કે જે મારી બહેને આજે ખેલ મહાકુંભ થકી સરિતા ગાયકવાડની વાત કરી. અહીયાં અનેક આદિવાસી ધારાસભ્યો હાજર છે. કચ્છના ગામડાંથી કોઈ રેસલર નીકળે. બોક્સિંગની અંદર અમદાવાદની એક દીકરી નીકળે. મારા સાથી ધારાસભ્યોને હું વિનંતી કરું છું કે, હાઇ પરફોર્મન્સ સેન્ટરમાં આવીને એ દીકરીને મળો. એ બહેન પઠાણ દીકરીને મળશો તો જાણવા મળશે. ખેલમહાકુંભે રેસલરને કઈ રીતે દેશમાં એક સારા રેસલર તરીકે આજે એનું નામ આવે છે. એણે ખેલ મહાકુંભમાં ભાગ લીધેલ હતો. આપણા સમાજની કેવી પરિસ્થિતિઓ છે? આજે પણ દીકરીઓને રમતમાં ભાગે લે ત્યારે એણે ખૂલ્લાંમાં કહ્યું છે કે, મારા સમાજના લોકો મને કહેતા હતા કે, આ કઈ રીતે કુસ્તીમાં ભાગ લે? એના મા-બાપે હિંમત કરીને એ દીકરીને ખેલ મહાકુંભમાં ભાગ લેવડાવ્યો અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ થકી એણે ટ્રેનિંગ લીધી અને આજે હાઇ પરફોર્મન્સ સેન્ટરમાં એ ટ્રેનિંગ લે છે. એ પઠાણ બહેને હરિયાણાની દીકરીને હરાવીને આ વખતે ગુજરાતને મેડલ અપાવ્યો. આ ખૂબ મોટો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને નવી સ્પોર્ટસ પોલિસી આપવાનું કામ આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં યુવા, સાંસ્કૃત્તિક અને રમત-ગમત વિભાગને આપ્યું છે. આ ન્યૂ સ્પોર્ટસ પોલિસીના માધ્યમથી સ્પોર્ટસની ફેસિલિટીઝ સરકાર પાસે અવેલેબલ છે એમાં વધારો કરતા કરતા સાયન્ટિફિક રીતે ટ્રેનિંગ કઈ રીતે આપી શકાય? પ્રાઇવેટ સેકટર જોડે પી.પી.પી. મોડલ દ્વારા કામ કરીને યુવાનોને વધારેમાં વધારે સગવડતા કઈ રીતે આપી શકીએ તે માટે પણ કામગીરી કરી રહ્યાં છીએ. એક ખૂબ મહત્ત્વની યોજના, હું આપના માધ્યમથી દરેક ધારાસભ્યશ્રીઓને પક્ષ-વિપક્ષ, અપક્ષ-નિર્દલીય તમામ લોકોને એક લિસ્ટ મોકલવાનો છું. એ લિસ્ટ એટલા માટે મોકલવા માગું છું કે, આ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની રાજ્ય સરકાર ગુજરાતનાં કેટલાંય બાળકોને ૧ લાખ ૬૮ હજાર રૂપિયા પ્રતિ બાળક ખર્ચીને ડી.એલ.એસ. યોજનાના માધ્યમથી ૪૧ ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટસ સંકુલ ગુજરાતમાં કાર્યરત છે, જેમાં ૪,૮૦૦ બાળકો છે જેની પાછળ ગુજરાત સરકાર ૧ લાખ ૬૮ હજાર રૂપિયાનો ખર્ચ પ્રતિ બાળક કરે છે, એમાં તમારી પોતાની વિધાનસભામાં કેટલાં બાળકો છે એનું લિસ્ટ હું આપને આપીશ. મારી આપને વિનંતી છે કે, વિધાનસભામાં આ વિભાગ શું કામગીરી કરી રહ્યું છે? ૪,૮૦૦ બાળકો છે, એમાં તમારી પોત-પોતાની વિધાનસભાનાં બાળકોને જરૂરથી પૂછજો કે, તમારું રહેવાનું, જમવાનું, ભણવાનું, રમત-ગમતની ટ્રેનિંગ એ કોણ કરે છે? તમારા મા-બાપ પર સરકાર ભાર આપે છે કે, આ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર તમારા બધાના બિલ ચૂકવે છે? રૂ.૧,૬૮,૦૦૦/- પ્રતિ બાળક અને એ જ રીતે ઇન સ્કૂલ યોજના - ગુજરાતના સવા લાખ બાળકો પાછળ આ રાજય સરકાર એક બાળક પાછળ ૨૫,૦૦૦/-થી ૩૦,૦૦૦/- રૂપિયા સુધીનો ખર્ચ કરે છે. આપ કલ્પના કરો કે ૨૫,૦૦૦/-થી ૩૦,૦૦૦/- રૂપિયા સુધીનો ખર્ચ એક બાળક પાછળ થાય છે એવા સવા લાખ બાળકો પાછળ ખર્ચ થઈ રહ્યો છે. એ સવા લાખ બાળકોના પરિવાર પૂછે છે કે આની અંદર વધારો કઈ રીતે કરી શકાય? આ બાળકોમાંથી આપણે એક ભાવિના પટેલ, એક હરમિત દેસાઇ, એક સરિતા ગાયકવાડ ઊભી કરવાની છે. આ રૂપિયા પચ્ચીસ, ત્રીસ હજારથી વધારે ખર્ચો કરવા માગીએ છીએ. અમે તો આપનો સહયોગ માગવા આવ્યા છીએ કે આ બાળકો કોની વિધાનસભાના, કયા પરિવારના આ કંઇ દેખાતું નથી. આ બાળકો આપણા ગુજરાતના છે. આપણી ગુજરાતની ધરતીનું નામ રોશન કરે એ માટે અમે એને મદદ કરવા માગીએ છીએ. સેન્ટર ઓફ એકસેલન્સ એ ગુજરાતના ખેલાડીઓ માટેનું છે. દેશભરમાંથી લોકો જોવા આવે છે. એ સેન્ટર ઓફ એકસેલન્સ અમારા શ્રી પંકજભાઇ અહીંયા છે, હમણાં હું અને એ ૨૪ કલાક ત્યાં રહ્યા હતા. અમે ૨૪ કલાક ત્યાં રહ્યા એ

પછી હું કહું છું કે આ સેન્ટર ઓફ એકસેલન્સ જરૂરથી એકવાર વિધાનસભાની જે અલગ અલગ સમિતિઓ છે એણે જરૂરથી ત્યાં વિઝિટ કરવી જોઇએ. એ સેન્ટર ઓફ એકસેલન્સ ઉપર જઇને ત્યાંના ખેલાડીઓને મળવું જોઇએ. ત્યાંના ખેલાડીઓને પૂછવું જોઇએ, એનો અભિપ્રાય લેવો જોઇએ કે ગુજરાત સરકારનો આ વિભાગ એ એકેએક ખેલાડીઓને પોતાના દીકરા, દીકરીની જેમ તૈયાર કરી રહ્યા છે. સાયન્ટિફિકલ ટ્રેનિંગ છે. સ્ટીમ બાથ, સોના બાથ, ઓલિમ્પિક સાઇઝનું સ્વિમિંગ પુલ હોય, યોગા હોય આ બાળકોને મેન્ટલ હેલ્થથી લઇને તમામ પ્રકારે આ સેન્ટર ઓફ એકસેલન્સની અંદર ધ્યાન આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની શક્તિદૂત યોજના. આ શક્તિદૂત યોજના દેશના અલગ અલગ રાજય માટે એક ઇન્સ્પિરેશનરૂપ રહી છે. શક્તિદૂત યોજના થકી હાલમાં ગુજરાતના જે ૬૪ ખેલાડીઓ છે એ શક્તિદૂત તરીકે પસંદ કરવામાં આવ્યા છે. જેમાંથી ૨૩ ખેલાડીઓને ઓલિમ્પિકના ટાર્ગેટેડ ખેલાડીઓ તરીકે ઘનિષ્ઠ તાલીમ આપી તૈયાર કરવામાં આવી રહ્યા છે. ખૂબ મહત્ત્વનો વિષય એટલા માટે છે કે ૬૪ જેટલા ખેલાડીઓ છે. જેને શક્તિદૂત યોજના થકી આપણે એમને સહયોગ આપીને આપણે એ લોકોને એક સારા ખેલાડી તરીકે ડેવલપ કરવા માટેનો એક પ્રયત્ન કરીએ છીએ. શક્તિદૂત યોજના-૨ એ શું છે? આપણે અઢી લાખ ખેલાડીઓને ઇ-મેઇલ કર્યા. શક્તિદૂત યોજના જે નવી બનાવવા જઇ રહ્યા છીએ એમાં ખેલાડીઓ તરીકે તમારે આ યોજનામાં શું શું સહયોગ જોઇએ છે? એમના એસોસિયેશન સાથે અમે મિટિંગ કરી. અમે ખુલ્લો દરવાજો આપ્યો. ખુલ્લું મંચ મૂકયું કે આપ આવો, અમારી સાથે ચર્ચા કરો. તમને આની અંદર જેટલી જરૂર હોય એ તમામની અંદર અમે મદદ કરવા તૈયાર છીએ. અમે કાલે આ બાબતે ગુજરાતના તમામ ધારાસભ્યોને ઇ-મેઇલ કરવાના છીએ. હું તમામ ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આમાં ભાગ લેજો. તમને એવું લાગતું હોય કે શક્તિદૂત-૨ ઓની યોજનામાં આ સ્કીમનો આ ખેલાડીઓને લાભ મળવો જોઇએ. આપ આપના સજેશન મોકલજો. અમે એમાં આપના સહયોગની અપેક્ષા રાખીએ છીએ. માત્ર સજેશન, તમે કોઇ ખેલાડી માટે સારું બોલતા નહીં. વિભાગ માટે સારું બોલતા નહીં, કોઇ વાંધો નથી, પરંતુ આ યોજના જે ખેલાડીઓને સહયોગ આપી શકતી હોય એના માટે તમે અમને જરૂરથી સજેશન આપજો. કાલે આપના બોકસમાં પણ મૂકવામાં આવશે અને અમે આપને ઇ-મેઇલના માધ્યમથી પણ જાણકારી આપવાના છીએ. આ યોજના થકી આવનારા દિવસોમાં ગુજરાતના એકેએક ખેલાડીને આપણે દેશભરની અંદર બીજા તમામ રાજયોની સામે પહોંચી વળે એવા ખેલાડીઓ ઊભા કરવા માટે આપણે પ્રયત્ન કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માર્ગદર્શન હેઠળ આ વખતે ગુજરાતે એક નવો ઇતિહાસ લખ્યો છે. મારા ગુજરાતના એક એક આદિવાસીભાઇઓએ એના માટે આભાર માન્યો છે. અમારા સાંસ્કૃતિક વિભાગ દ્વારા આપના માર્ગદર્શન હેઠળ ગુજરાતના મારા આદિવાસીભાઇઓની ઓળખ એવી હોળીના કાર્યક્રમનું આયોજન કરેલું. મેં અનેક લોકો જે વર્ષોથી બોલતા નહોતા એવા લોકોને જોયા. એકબીજાના રંગે રંગાઇને એ લોકો ગળે લાગીને વર્ષોની જે નાનીમોટી અનબન હોય એ પૂર્ણ કરવામાં આ કાર્યક્રમ ખૂબ જ મહત્ત્વનો સાબિત થયો. ગુજરાતની આપણી ઓળખ કેસૂડો. દેશભરની ચેનલમાં એ દિવસે કેસૂડાના રંગે રંગાઇ ગુજરાત વિધાનસભા. એ જે રંગ હતો એ જે કેસૂડાને આટલું મોટું પ્લેટફોર્મ ગુજરાત વિધાનસભાના માધ્યમથી મળ્યું એ ગુજરાતના ઇતિહાસમાં લખાશે. હવે આ રમત ગમત વિભાગ દ્વારા ક્રિકેટનું આયોજન કરવા જઇ રહ્યા છીએ. આપ જુઓ કેવો માહોલ હશે. શ્રી પબુભા અમારા બોલિંગ કરતા હશે, શ્રી લવિંગજી અમારા બેટિંગ કરતા હશે. શ્રી ડી.કે.સ્વામી વિકેટ કિપિંગ કરતા હશે. શ્રી રાઘવજીભાઇ હાથ ઊંચા કરીને રેફરીનું કામ કરતા હશે. આવા એક-એક ખેલાડીઓ, આ એક કેટલો મહત્ત્વનો પ્રયાસ છે. ડો. સી.જે.ચાવડા નો બોલ આપશે. ડો.સી.જે.ચાવડા પર, ગેનીબેન પર અને શ્રી શૈલેષભાઇ બધા પર વિશ્વાસ છે.

અધ્યક્ષશ્રી : ડૉ.વાજા શું કરશે?

શ્રી હર્ષ સંઘવી : ડો.વાજા બજાવશે બાજા. આમાં કોઇ ફરક નહીં પડે. મારી બધી બહેનો તૈયારી કરી રહી છે અને ચાર દિવસથી પ્રેક્ટિસ કરે છે. બેટ અને બોલનો સંગમ હવે થઇ ગયો છે. બાઉન્ડરીની બહાર બોલ જવાનો છે. મને શ્રી શૈલેષભાઇ, ડો. સી.જે.ચાવડા બધા પર વિશ્વાસ છે. ભલે પાર્ટી ના પાડે પણ આ તો પ્રેમનો સંગમ છે. આપણે કોઇ અહીં એકબીજા જોડે લડવા આવ્યા નથી. આપણે સૌ લોકો પોતપોતાની વિધાનસભાના વિસ્તારમાં રહેતા લોકો માટે અલગ અલગ યોજનાઓ છે તેનો લાભ મળે અને તેને ન્યાય મળે તે અપાવવા માટે આ વિધાનસભાગૃહમાં આવ્યા છીએ. આ ઐતિહાસિક વિધાનસભાગૃહનું સત્ર છે. આપણે સૌ લોકો એકબીજાની સાચી વાતો સ્વીકારી, એકબીજાની ખોટી વાત હોય તેને ક્લિયર કરીએ છીએ. એકબીજાના સાચા વિચારો હોય તેને એક્સેપ્ટ કરીએ છીએ. આ પ્રકારની વિચારધારા સાથે ચાલતી આ વિધાનસભામાં એક સારો માહોલ બને, આખો દિવસ આરોપ-પ્રતિઆરોપમાંથી બહાર નીકળીને ક્રિકેટના એ મેદાન પર પણ નાની મોટી ચર્ચા થશે. તે મેદાન પર ડો. સી.જે.ચાવડાજી કહેશે કે મારા વિસ્તારમાં નાનું મોટું સ્પોર્ટસનું કામ બાકી છે. તે કામ પૂર્ણ કરી લેજો તેવું કહેશે એટલે અમે બેટિંગ કરતાં કરતાં તે કામ પાસ કરી લઇશું. તમે ચિંતા ના કરો. મારી તો વિનંતી છે અને હજુ તો અગિયારની જ ટીમ થઇ છે. એકસ્ટ્રા પ્લેયર જોઇએ. તેમાં કોઇ વાંધો નથી. પરમ દિવસે જ અને એક અડધી મિનિટ છે એટલે અને આપે કહ્યું છે કે, વિધાનસભાગૃહમાં અલગ અલગ ધારાસભ્ય જયારે પોતાની માગણી મૂકે ત્યારે તેના પર ધ્યાન આપવું જોઇએ. અમારા વિભાગે તે માટે ખૂબ મહત્ત્વનો પ્રયાસ કર્યો છે. ભલે અમે હાજર, ગેરહાજર હોઇએ અમારા વિષય વગરની ચર્ચા ચાલતી હોય ત્યારે પણ આ વિષયમાં જે કોઇ સૂચનો આવ્યાં છે તેમાંથી ૮૦ ટકા સૂચનોનું અમે પાલન કર્યું છે. પરમ દિવસે અમે એક નવો

રેકર્ડ કર્યો. અમારા વિભાગ દ્વારા બપોરે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષના બાંધકામ માટેની ફાઇલ ઉપર ચાર વાગે સહી થાય છે. સાડા આઠ વાગે બાર તથા આઠ એટલે કે વીસ જેટલા નવા મકાનોના બાંધકામ કરવા માટે તાત્કાલિક સાડાચાર કલાકની અંદર તેને વર્કઓર્ડર આપવામાં આવે છે. તે વર્કઓર્ડરની કામગીરી આવતી વિધાનસભા સુધી જલદીમાં જલદી કેમ પૂરી થાય અને તેની અંદર કેટલાં ગામડાંઓ છે. દ્વારકા, જલાલપોર, મોડાસા, છોટાઉદેપુર, પાલનપુર, જસદણ, નાંદોદ, ઊંઝા, નરોડા, અસારવા, ભાવનગર પશ્ચિમ, ડાંગ, ગાંધીનગર દક્ષિણ, વાઘોડિયા, બેચરાજી અને હું વાંચતાં વાંચતાં થાકી જાઉં એટલાં બધાં નામ છે. હા, વિજાપુર તો લેવાનું જ ને. આપણે તો વાત થઈ ગઈ. ડો.સી.જે.ચાવડાજીને એક સ્પેશિયલ કેસમાં આપવાનું અને શ્રી કનુભાઈ દેસાઈ સાહેબે તેના માટે હા પાડી લીધી. અમારે તો જેટલું વધે અને સ્પોર્ટસ વિભાગમાં કોઈપણ વિધાનસભા હોય જેટલી નવી વ્યવસ્થા અમારાથી થાય તેટલી કરવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ખાતરી સમિતિમાં જશે પછી તમારે કરી આપવું પડશે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સો ટકા, અહીં બોલ્યો તેનું પાલન અડતાલીસ કલાકમાં જ થાય. આમાં અમે જે બોલીએ તે કાગળ ઉપર પણ હોય. અમે કહીએ તે કાગળ પણ આપી દઈએ અને ખાતરી પૂરી કરી લઈએ. ખૂબ ખૂબ આભાર. મારી સૌ ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે, મારા ગુજરાતના યુવાનો માટે, બાળકો કોઈના પણ હોય તેમને રમાડવાની જવાબદારી આપણા સૌની છે. આ જવાબદારી આપણે સૌ લોકો સાથે મળીને ઊંચકીએ. આ માગણી સર્વાનુમતે એક્સેપ્ટ કરીએ તેવી આપ સૌને મારી વિનંતી છે.

શ્રી મુળુભાઇ બેરા (વન અને પર્યાવરણ, પ્રવાસન તથા ક્લાઇમેટ ચેન્જ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા વિભાગની જે માગણીઓ છે તેમાં વન અને પર્યાવરણ વિભાગની જે માગણી છે તેમાં વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂપિયા ૧૯૭૮.૭૪ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. જે પૈકી માગણી નંબર ૨૬માં મહેસૂલી ખર્ચ માટે રૂ.૮૬૩ કરોડ ૯૪ લાખ ૬૨ હજાર અને મૂડી ખર્ચ માટે રૂ.૬૮૩ કરોડ ૦૯ લાખ ૩૮ હજાર તથા માગણી ક્રમાંક ૨૭ પર્યાવરણ પ્રભાગમાં મહેસૂલી ખર્ચ માટે રૂ.૭૭ કરોડ ૭૯ લાખ ૨૫ હજારની માગણી લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવેલ છું.એ જ રીતે પ્રવાસન વિભાગની માગણી નં.૫૧ છે એમાં મહેસૂલી સદરે રૂ.૨૪૫ કરોડ ૪૭ લાખ ૫૭ હજાર અને મૂડી સદરે રૂ.૧,૧૫૦ કરોડ ૭૯ લાખ ૩૪ હજારની માગણી લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ હું આવ્યો છું. એ જ રીતે ક્લાઇમેટ ચેન્જ વિભાગની માગણી નં.૧૭ છે એમાં મહેસૂલી સદરે રૂ.૧ કરોડ ૯૪ લાખ ૧૨ હજારની માગણી લઇને હું આ ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણીઓની ચર્ચામાં ભાગ લેનારા માનનીય સભ્યશ્રીઓ છે એમાં સૌથી પહેલા માનનીય અમિતભાઇ અને બીજા જે સભ્યશ્રીઓએ મારા વિભાગમાં ખૂબ સારાં સૂચનો કર્યાં છે અને અમારો વિભાગ જે કામ કરી રહ્યો છે એ કામની વિગતો પણ આપી છે અને એની પ્રશંસા કરી છે અને કેટલાંક સૂચનો પણ કર્યાં છે અને અમારા વિભાગમાં કોઇ ખામી હોય તો એની પણ વાત કરવામાં આવી છે. આ બધાં સૂચનો અમે હકારાત્મક રીતે લઇ આગામી દિવસોમાં આપણા રાજ્યમાં આ વિભાગના માધ્યમથી જે કંઇ પણ સારું કરવાનું થતું હશે એ કરવા માટે અમે ચોક્કસ વિચારણા કરીશું. મારી વાત કરું એ પહેલા માનનીય અમિતભાઇને કહેવું છે કે, તમે જે વાત કરી એમાં વન અધિકાર અધિનિયમની વાત થઇ એમાં જે આદિવાસીની જમીનના હક માટેની વાત કરી છે. આ કામ આદિજાતિ વિભાગ માનનીય કુબેરભાઇ ડીંડોરનો વિભાગ કરે છે છતાં હું તમને વિગત આપું તો વ્યક્તિગત દાવા જે ૧,૮૨,૮૬૯ મળ્યા હતાં એમાંથી ૯૫,૦૫૯ દાવા મંજૂર થયા છે, સામૂહિક દાવા ૭,૧૮૭ હતા એમાંથી ૪,૭૯૧ દાવા મંજૂર થયા છે. આમ તો અમારા માનનીય સભ્યશ્રી ગણપતભાઇ વસાવા સાહેબે વાત કરી હતી. આ રીતે આ વિભાગની બીજી વાત નદીઓની તમે કરી છે એની પણ હું વાત કરીશ કે અમે શું કર્યું છે? બીજું તમે કહ્યું કે કોરોના કરતા વધારે મૃત્યુ પ્રદૂષણને કારણે થયા છે એ વાત ખોટી છે. સિંહોના અકુદરતી મૃત્યુની વાત કરી છે એ અંગે પણ હું હમણાં મારા પ્રવચનમાં એ વિષય આવશે એટલે કહેવાનો છું. એ જ રીતે નદીઓની જે વાત કરી છે એમાં થોડી વિગત આપી દઉં. વર્ષ ૨૦૧૮નો જી.પી.સી.બી.નો જે રિપોર્ટ હતો એમાં ૨૦ નદીઓ પ્રદૂષિત હતી એમાંથી આપણે વર્ષ ૨૦૨૨માં ૭ નદીઓ ઓછી થઇ છે અને હવે ૧૩ પ્રદૂષિત નદીઓ છે. એ જ રીતે જી.પી.સી.બી.ના રિપોર્ટ મુજબ અલગ અલગ નદીઓમાં પ્રદૂષિત નદીના પટની યાદીમાંથી જે નદીઓ દૂર થઇ છે એમાં ત્રિવેણી છે, અમરાવતી છે, નર્મદા છે, કીમ છે, મેશ્વો છે, અનાસ છે અને બાલેશ્વરની ખાડી છે. આ જ રીતે માનનીય સભ્યશ્રી ચિરાગભાઇ જે વાત કરતા હતા, એમાં યાત્રાધામ ડાકોરનો યાત્રાધામમાં સમાવેશ કરવાની વાત કરી. યાત્રાધામ ડાકોરના ૮ જે મહત્ત્વના યાત્રાધામો છે એમાં સમાવેશ થયેલો જ છે. બીજી ત્યાં પાર્કિંગની વ્યવસ્થાની વાત કરી તો એમાં જણાવું કે, પ્રવાસન વિભાગ દ્વારા આ મંદિરની નજીક ૧૦ બસ, ૩૦૦ ગાડીઓ તથા ૫૦૦ ટુ વ્હીલર્સ રહી શકે એવું પાર્કિંગ વિક્સાવી સ્થાનિક નગરપાલિકા છે એને વર્ષ ૨૦૧૬માં હેન્ડઓવર કરી દીધું છે. અત્યારે ત્યાં નગરપાલિકા તમારી પાસે છે તો એમને કહો કે, આ વ્યવસ્થા બરાબર કરે અને જે સગવડ છે એનો લાભ લોકોને મળે જેથી દર્શને આવતા લોકો હેરાન ન થાય. એવી જ રીતે જિલ્લા પ્રવાસન સમિતિમાં ધારાસભ્યશ્રીનો સમાવેશ થાય એવી લાગણી વ્યક્ત કરી છે એમાં ઓલરેડી આ પ્રવાસન સમિતિ વર્ષ ૨૦૧૬માં બની એમાં ધારાસભ્ય સભ્ય છે જ. (શ્રી શૈલેષભાઇ પરમાર પોતાની જગ્યા પર બેઠાં-બેઠાં કૉમેન્ટ કરતાં)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, કોઇ બેઠાં-બેઠાં બોલે એનો જવાબ આપે આપવાનો હોતો નથી. આપ ચાલુ રાખો. એ એમની કૉમેન્ટ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : (જગ્યા પર બેઠાં-બેઠાં) એ રેકર્ડ પર ખોટું કહે છે.

અધ્યક્ષશ્રી : એના માટે તમે ઊભા થઇને પોઇન્ટ ઓફ ઓર્ડર કરીને વાત કરી શકશો. બેઠાં-બેઠાં કૉમેન્ટ ન કરો.

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, ભાથીજી મહારાજનો યાત્રાધામમાં સમાવેશ કરવાની જે વાત છે એમાં તા.૨૮/૧૦/૨૦૧૦ના ઠરાવથી યાત્રાધામ બોર્ડની કક્ષામાં આ સ્થળનો સમાવેશ કર્યો છે. એમાં રૂ.૫૦ લાખ સિવિલ કામ માટે અને સૌર ઊર્જાનાં કામો હાથ ધરવા માટે રૂ.૧૦ લાખની જોગવાઇ કરેલ છે. માનનીય ચિરાગભાઇએ ખંભાત-તારાપુર માર્ગ પર આવેલ નટેશ્વર મહાદેવના મંદિરની વાત કરી એ લેક દરિયાના બે પોર્ટથી રચાઇ તેના બ્યૂટિફિકેશન માટેનો પાંચ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ મંજૂર કર્યો છે અને એના આર્કિટેક્ટની નિમણૂક થઇ ગઇ છે. શ્રી ફતેસિંહભાઇએ જે સૂચનો કર્યાં છે એ પણ ખૂબ આવકાર્ય છે અને એમાં ચોક્કસ વિચારણા કરીશું. એમણે ખૂબ સરસ સૂચનો કર્યા છે. શ્રી રાજેન્દ્રભાઇએ પણ ખૂબ સરસ વાત કરી છે અને એમનાં સૂચનો પણ ધ્યાનમાં લીધાં છે. બાકીના અન્ય સભ્યોએ પણ જે - જે વિભાગે કામગીરી કરી છે એની વાત કરી છે અને એમના જે સૂચનો છે એ આવકાર્ય છે. એમાં અમે ચોક્કસ વિચારણા કરીશું. મારી જે ચાર માગણીઓ છે એમાં હું પહેલાં વન વિભાગની વાત કરું તો બધા સભ્યોએ ખૂબ સરસ રીતે વાત કરી. આ સભાગૃહ જાણે છે કે આપણા દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે વેદ અને પૂરાણોમાં વર્ણવેલી પ્રકૃતિને માતા ગણીને તેમાંથી પોષણ મેળવવાનું પણ શોષણ નહિ કરવાની નીતિ અપનાવી છે એના કારણે મારા વિભાગે પણ આપણા રાજ્યમાં વનનો વધારો થાય અને લોક ભાગીદારી થકી વન અને વન્ય સૃષ્ટિનું રક્ષણ થાય તેવા પ્રયાસો હાથ ધર્યા છે. એનાં ઉમદા પરિણામો પણ જોવા મળ્યાં છે. સરકારે વન પર આધારિત ગરીબોની આજીવિકામાં વધારો થાય એ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. આપણે જાણીએ છીએ કે ગુજરાતમાં જૈવિક વિવિધતામાં ખૂબ જ મહત્ત્વનું સ્થાન સિંહ અને દીપડા જેવા પ્રાણીઓનું છે. પરિણામે રાજ્ય સરકાર માલ ઢોર અને મનુષ્યના સંરક્ષણ માટે સતત પ્રયત્ન કરે છે અને તેને નુકસાન ન થાય તેની કાળજી રાખે છે. જો ક્યાંય ખુલ્લા કૂવામાં પડી જવાથી એનું મૃત્યુ થયું હોય તો આવા ખાનગી કૂવાઓના માલિકોને પેરાફિટ બનાવી આપવામાં આવે છે અને એના માટે સહાય ચૂકવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વાત થઇ એ પ્રમાણે કરુણા અભિયાન થકી દર વર્ષે પક્ષીઓને બચાવવામાં આવે છે. એના માટે સ્વૈચ્છિક સંસ્થાઓનો પણ ખૂબ સહકાર મળે છે. આ જ રીતે વર્ષ ૨૦૨૩-૨૪માં જે જોગવાઇ છે એમાં રૂ.૧,૯૭૮.૭૪ કરોડની જોગવાઇમાં સામાન્ય સદરે રૂ.૧,૫૪૯.૬૫ કરોડ, આદિજાતિ વિસ્તાર માટે રૂ.૩૭૨.૯૧ કરોડ, અનુસૂચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજના હેઠળ રૂ.૫૬.૧૮ કરોડની જોગવાઇ અંકિત કરેલ છે. કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૨૭.૨૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બજેટની બાબતમાં વાત કરું તો રાજ્યમાં ચાર રાષ્ટ્રીય ઉદ્યાન અને ૨૩ અભયારણ્યો, વન્ય પ્રાણીઓના સંરક્ષણની કામગીરીને વેગ આપવા વન્ય પ્રાણીઓની વ્યવસ્થા અને વિકાસની યોજના અંતર્ગત વન્ય પ્રાણીઓનું સશક્ત રીતે સંરક્ષણ અને સંવર્ધન થાય, જંગલ સફારી તેમજ લુપ્ત થતી પ્રજાતિઓને યોગ્ય રક્ષણ મળે, માનવ અને વન્ય પ્રાણીઓ વચ્ચે ઓછું ઘર્ષણ થાય, વેટલેન્ડ અને સંરક્ષણ તેમજ ઇકો ટુરિઝમને સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયના સુચારુ વ્યવસ્થાપનની કામગીરી માટે રૂ.૩૭૫.૦૭ કરોડની જોગવાઇ કરેલ છે. સામાજિક વનીકરણ યોજના અંતર્ગત વૃક્ષોની સંખ્યા વધે, વન મહોત્સવના કાર્યક્રમો થકી ખેતી વિષયક જંગલોના કાર્યક્રમો વધે તેના માટે રૂ.૩૪૫.૬૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.વનોનું સંરક્ષણ અમારી મુખ્ય ફરજ છે જ પરંતુ દરિયાકાંઠે વનો ઉપરનું ભારણ ઘટાડવા માટે આર્થિક વિકાસ જેવી કામગીરી માટે રૂ.૫૪૦.૭૬ કરોડની જંગી જોગવાઈ કરવામાં આવી છે. વન સંરક્ષણ ધારા ૧૯૮૦ના અમલીકરણ માટે જંગલ જમીનનો બિન જંગલ વપરાશને કારણે યુઝર એજન્સી પાસેથી જે રકમ વસૂલ કરવામાં આવે છે તેના વળતરની રકમ અને વન વિકાસની કામગીરીઓ માટે રૂ.૨૦૩.૬૫ કરોડની જોગવાઇ છે. પાકા થયેલા વનોને પુનઃ સ્થાપિત કરવા માટે તેમજ વન ઉપજ આધારિત લોકોની આજીવિકા વધારવા જાપાન ઇન્ટરનેશનલ કો-ઓપરેટિવ એજન્સી સાથે રહીને જંગલ તથા બિન જંગલ વિસ્તારમાં કામગીરી કરવા માટે રૂ.૫૩.૩૭ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. નેશનલ બામ્બૂ યોજના કેન્દ્રીય પુરસ્કૃત ખૂબ મહત્ત્વની યોજના છે. વાંસના વાવેતર તથા જાળવણી થકી આજીવિકા પૂરી પાડી શકાય તે માટે ભારત સરકારની સહાયથી રાજ્યમાં આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. વર્ષ ૨૦૨૩ની કુલ જોગવાઇઓ પૈકી નવી બાબતોની વાત કરું તો, માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા જે ભાર આપવામાં આવે છે તેવી અતિ મહત્ત્વની અને આપણું સન્માનનીય ગૃહ પણ જ્યારે વારંવાર ચિંતા કરે છે તેવા એશિયન સિંહ માટે વિશ્વ કક્ષાના એક માત્ર નિવાસસ્થાન તરીકે વિકસાવવા માટે, એશિયાઈ સિંહના સંરક્ષણ અને સંવર્ધન માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧૦ વર્ષ 'લાયન એટ ૨૦૪૭-અ વિઝન ફોર અમૃતકાળ' પ્રોજેક્ટ હેઠળ કુલ રૂ.૨,૯૨૭.૨૧ લાખ મંજૂર કરવામાં આવેલ છે. જે અન્વયે રૂ.૨૭ કરોડની નવી બાબતની દરખાસ્ત છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને ટુરિઝમનો સંયુક્ત વિકાસ થાય તે માટે બૃહદ ગીરમાં નવીન સફારી પાર્કનું નિર્માણ, આંબેરડી સફારી, શક્કરબાગ ઝૂના એન્ટ્રી પ્લાઝા રેસ્ટોરન્ટ, ગીર ફાઉન્ડેશન ગાંધીનગર હસ્તકના ઈન્દ્રોડા પાર્ક ખાતે જે પ્રાણી સંગ્રહાલય છે તેને સુદૃઢ કરવા માટે રૂ.૨ કરોડ અને રૂ.૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. હરિત વસુંધરા પ્રોજેક્ટમાં વન વિસ્તારની વૃદ્ધિમાં રૂ.૯ કરોડની જોગવાઇ, વિલુપ્ત થતી પ્રજાતિઓનું વાવેતર કરવું અને વનસ્પતિ આધારિત દવાઓનું ઉત્પાદન વધારવા, ઇમારતી અને ઔદ્યોગિક વૃક્ષોની ખેતી વધારવા માટે અમારો વિભાગ સતત પ્રયત્ન કરે છે. માનનીય

વડાપ્રધાનશ્રીએ આધુનિક ટેકનોલોજી સાથે પર્યાવરણ બચાવવાનું મેનેજમેન્ટ કરવાની જે અપીલ કરી હતી તેને ધ્યાનમાં રાખી અમે ડ્રોનનો ઉપયોગ કરી દુર્ગમ વિસ્તારોમાં ડ્રોનથી બીજનું વાવેતર કરવા માટે નવી પહેલ કરીએ છીએ અને તેમાં એક દિવસમાં ૩,૬૦૦ જેટલાં બીજ રોપી શકાય છે. આપણા રાજ્યમાં ખૂબ મોટા પ્રમાણમાં ઘાસની વીડીઓ આવેલી છે. હાલની સ્થિતિ પ્રમાણે જેટલા ગોડાઉન છે તેમાં ક્ષમતા ઉપરાંતનું ઘાસ હોવાથી રાજ્ય સરકારે વીડીઓમાંથી ગૌશાળા, પાંજરાપોળ, ખેડૂતોને ઘાસ વાઢી અને મફત લઈ જવા માટેનો નિર્ણય લીધો છે. હયાત ૨૯૪ ઘાસ ગોડાઉનમાં ૭ કરોડ કિ.ગ્રા. ક્ષમતાના ગોડાઉન ઉપરાંત આ વર્ષના બજેટમાં રૂ.૭.૫૦ કરોડની નવી જોગવાઈ કરી નવા બીજા ૧૦૦ ઘાસ ગોડાઉન બાંધવા માટે અમારી સરકાર કટિબદ્ધ છે. સામાજિક વનીકરણની નવી બાબતોમાં હરિત વસુંધરા પ્રોજેક્ટ અંતર્ગત વન વિસ્તારની બહાર વૃદ્ધિ માટે રૂ.૩૯.૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. હરિત વસુંધરા મોડલ હેઠળ રાજ્ય સરકારની ખરાબાની વેસ્ટ લેન્ડ/પડતર જમીનને હરિયાળી બનાવવા વાવેતર અને જાળવણી કરવા માટે વન કવચ વાવેતરની કામગીરી માટે આ ખૂબ જ પ્રગતિશીલ યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે. માળખાકીય સુવિધાઓ વધારવા માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરો થાય તેના માટે રૂ. ૩ કરોડની જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત ઔદ્યોગિક દૃષ્ટિએ મોખરાનું સ્થાન ધરાવે છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ એ એક અગત્યની સંસ્થા છે. તેના દ્વારા જોખમી ઉત્પાદનો સામે પ્રદૂષણ નિયંત્રણની કાર્યવાહી કરવામાં આવે છે. આ વર્ષે ઓપન હાઉસ અને પર્યાવરણીય ક્લિનિકનો નવતર અભિગમ અપનાવ્યો છે. પર્યાવરણના સંચાલન માટે રાજ્યમાં અસરકારક અને ઉત્કૃષ્ટ કામગીરી માટે આ અભિગમનો નિયમનકારી ભૂમિકા ભજવવા સાથે સુવિધા પ્રદાનકર્તા તરીકેની ઓળખ ઊભી થાય તેવા પ્રયત્નો કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, હવાના પ્રદૂષણ માટે ઘણાબધા સભ્યશ્રીઓએ ચિંતા કરી. એમાં મારે કહેવું છે કે, એમિસન ટ્રેડિંગ સ્કીમનો પાયલોટ પ્રોજેક્ટ સુરતમાં શરૂ થયો છે. પ્રદૂષણ નિયંત્રણની દિશામાં ગુજરાત સરકારે સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ પહેલ કરી છે. આ સ્કીમના અમલીકરણ માટે ઔદ્યોગિક એકમોને હવા પ્રદૂષણના નિયંત્રણ માટે પ્રોત્સાહન મળશે. હવામાં રજકણોના ઉત્સર્જનમાં ઘટાડો થાય એના માટે સુરત શહેરમાં પાયલટ પ્રોજેક્ટ કર્યો છે. પ્રશ્નોત્તરીકાળમાં જે માંગણી કરી હતી એવા અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેવાં મોટાં શહેરોમાં પણ આ પ્રોજેક્ટની કામગીરી હાથ ધરવાની છે કે જેનાથી હવાની ગુણવત્તા સુધરશે. જૈવિક તબીબી કચરાને પણ પૂરતું ધ્યાન આપીને ચેપીરોગ ન ફેલાય એ માટે ૨૦ કોમન બાયો મેડિકલ વેસ્ટની ટ્રિટમેન્ટ ફેસિલિટીની સ્થાપના કરવામાં આવી છે. દરરોજના ૩૭,૮૦૦ કિલોગ્રામ રીસાઇકલ વેસ્ટની વૈજ્ઞાનિક વ્યવસ્થાની તંત્રએ ગોઠવણ કરી છે. મિશન લાઇફ અંતર્ગત પર્યાવરણ ક્ષેત્રમાં તાલીમ અને જનજાગૃતિનાં કામ માટે રૂ.૧,૨૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. ગીર ફાઉન્ડેશન દ્વારા જે કામગીરી કરવામાં આવે છે એમાં રૂ.૩૩૨.૮૨ લાખની દરખાસ્ત છે. ભારતની એકમાત્ર સંસ્થા યુનીડોના ટેકનિકલ સહયોગથી પ્રદૂષણ નિવારણ માટે ૨૦૦થી વધારે પ્રોડક્શન પ્રમોશન પ્રોગ્રામ અને ૧૩૦થી વધારે ક્લિનર એસેસમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. ઈકોલોજી કમિશન દ્વારા જે કામગીરી કરવામાં આવે છે, એમાં મારા દ્વારકા જિલ્લામાં શિવરાજપુર બીચ એ રાજ્યનો એકમાત્ર બ્લ્યુ ફ્લેગ બીચ છે. જેના સારા પ્રતિસાદને કારણે રાજ્યમાં નવા અહેમદપુર, માંડવી, દાંડી, નવસારી, રાવલપીર, માંડવી, કચ્છ બીચની પસંદગી કરી એની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ રીતે વન અને પર્યાવરણ વિભાગ જે કામગીરી કરી રહ્યો છે એને હું અભિનંદન આપું છું અને પ્રવાસન વિભાગ એ આપણા માટે ખૂબ અગત્યનો અને રોજગારી પ્રાપ્ત આપનારો વિભાગ છે. વર્ષ ૨૦૨૩-૨૪ની પ્રવાસન વિભાગની માંગણી ક્રમાંક-૫૧ છે એમાં રૂ. ૨૪૫ કરોડ ૪૭ લાખ ૫૭ હજાર અને મૂડી ખર્ચ માટે રૂ. ૧,૧૫૦ કરોડ ૭૯ લાખ ૩૪ હજારની માગણી લઇને આ સભાગૃહમાં આવ્યો છું. એમાં ૩૪૬ ટકાનો વધારો આ વર્ષે થયો છે. સામાન્ય રીતે, ૧૦ કે ૨૦ ટકાનો વધારો થતો હોય છે. એના ઉપરથી આપણે નક્કી કરી શકીએ કે રાજ્ય સરકારના પ્રવાસન ક્ષેત્રમાં જે પર્યટકો આવે છે એમની સુવિધાઓમાં વધારો કરવા માટે સરકાર કેટલી સંવેદનશીલ છે. વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં જે વધારો કર્યો છે એ અકલ્પનીય છે. રાજ્ય સરકારે ''અતિથિ દેવો ભવ''ની લાગણીને કેન્દ્રમાં રાખી આવનારા પ્રવાસીઓની સુખ-સુવિધાઓને પ્રાધાન્ય આપ્યું છે. આપણા દેશના દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દેશ અને દુનિયામાં વિશ્વસ્તરે ટુરિઝમનો વિકાસ થાય એ માટે ગુજરાત વિકાસ મોડેલને આગળ ધપાવવા કટિબદ્ધ છે.રાજ્ય સરકારના આ આયોજનથી પર્યટકોની પસંદગીમાં ગુજરાત રાજ્ય અગ્ર સ્થાન ધરાવે છે જેના લીધે પ્રવાસીઓનો ઉત્તરોત્તર વધારો નોંધાયો છે. એક ઉદાહરણ આપું તો, આપણા રાજ્યમાં વર્ષ ૨૦૦૧-૦૨માં પ્રવાસનનું બજેટ માત્ર રૂપિયા ૧૨ કરોડ હતું. આજે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા ૧,૪૦૭ કરોડનું કરવામાં આવ્યું છે. 'ખુશ્બુ ગુજરાત કી' કેમ્પેઇનથી શરુ થયેલા પ્રવાસન વિકાસની પ્રાથમિકતાના કારણે ૧૪ કરોડ પ્રવાસીઓ ગુજરાત રાજ્યની મુલાકાત લે છે. પ્રવાસનના વિકાસ માટે અમે જે કટિબદ્ધતાથી કામ કરી રહ્યાં છીએ એના કારણે, આજે કેટલીક યોજનાઓએ આખા દેશનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જેના ઉદાહરણરૂપે કેટલીક વાત કરું તો, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, એકતા નગર આજે આપણને બધાને ખ્યાલ છે કે, જે વિશ્વના પ્રવાસીઓ માટે એક આકર્ષણનું સ્થળ બન્યું છે. ગાંધી સર્કિટ એટલે મહાત્મા ગાંધીજીના જીવન સાથે સંકળાયેલાં સ્થળનો વિકાસ કરતાં, પ્રવાસનના આ સ્થળમાં આજે દુનિયાભરના લોકોને રસ પડ્યો છે. આ ઉપરાંત, જૂનાગઢમાં ઉપરકોટનું કામ પૂરુ થઇ ગયું છે. હમણાં ઉદ્ઘાટન કરવાનું છે. સાસણ ગીરનું આધુનિકીકરણનું કામ પૂરું થઇ ગયું છે. નડાબેટમાં સીમા

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

દર્શનનું કામ અને માધુપુરના મેળા જેવા આયોજનોએ પ્રવાસીઓના દિલ જીતી લીધા છે. આપણા દેશના વડાપ્રધાનશ્રીની સીધી દેખરેખ હેઠળ આપણા રાજ્યમાં હમણાં જ એક ' તમિલ સૌરાષ્ટ્ર સંગમ' જેવું ઐતિહાસિક આયોજન આ વિભાગ કરી રહ્યું છે. હોમસ્ટેની યોજનાને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું છે. શિવરાજપુર બીચનો વિકાસ કરી આકર્ષક પ્રવાસી સ્થળ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલુ છે. બાલાશિનોર પાસે ડાયનાસોર થીમ પાર્ક આજે દેશમાં આધુનિક પ્રવાસન સ્થળ તરીકે વિકાસ પામ્યું છે. પાવગઢ મંદિરનું નવ-નિર્માણ કરીને કરોડો નાગરિકોની આસ્થાનું સરકારશ્રીએ સન્માન કર્યું છે. અમારી સરકાર આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી આતિથ્ય પોર્ટલ દ્વારા આપણા રાજ્યમાં જે પ્રવાસીઓ આવે છે અને એમનો જે રીતે ઘસારો છે એની તરત માહિતી મળી જાય અને એનું પૃથ્થકરણ થાય એના માટે પ્રયત્નશીલ છે. અગત્યના પ્રવાસન સ્થળોના વિકાસ માટે રૂપિયા ૧ હજાર કરોડની જોગવાઈ છે એમાંથી રૂપિયા ૬૦૬ કરોડની જે જોગવાઈ કરી છે એમાં ધોળાવીરા, દેવની મોરી, ડોન હીલ, કડાણા ડેમ, ધરોઈ ડેમ, બેટ દ્વારકા, પોરબંદર, નારાયણ સરોવર, નળ સરોવર, થોળ, શ્રીકૃષ્ણ-રૂક્ષ્મણજીનું મંદિર વિગેરે સ્થળોના વિકાસનો સમાવેશ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદજી આપણા સૌના આદર્શ છે. એમના જીવન સાથે જોડાયેલાં સ્થળને જોડતી સ્વામી વિવેકાનંદ સર્કિટનો વિકાસ કરવામાં આવનાર છે. જેમાં ભૂજ, પોરબંદર, વડોદરા, લીંબડી, લેખમ્બા, સોમનાથ, દ્વારકા, નારાયણ સરોવર, જૂનાગઢ અને અમદાવાદ વિગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. વર્લ્ડ હેરિટેજ સાઇટ જેવી કે ધોળાવીરાના વિકાસ માટે તેમજ ગીરી મથકો એવા ડોન હીલ, વિલ્સન હીલ, ગિરનાર, ઓલેવેરા હીલ સ્ટેશન વલસાડ, કતારાઇ માતા હીલ સ્ટેશન અરવલ્લી વિગેરેના વિકાસ કરવાનું આયોજન છે. આ ઉપરાંત ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા રાજ્યના મહાલયોને હેરિટેજનું સ્ટેટસ આપી પુનઃર્નિમાણ કરવાની ખાસ જોગવાઇ સૂચવવામાં આવે છે. રૂપિયા ૧૨ કરોડના ખર્ચે બરડા ડુંગર... (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, જરા એક મિનિટ બેસો.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી એટલે કે બપોરના ૧-૦૫ વાગ્યા સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

ડો. સી.જે. ચાવડા : (કૉંગ્રેસ પક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય ૫ મિનિટનો લંબાવવામાં આવે છે.

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, ભિલોડા તાલુકાનું સુનસરોવર, ઇડરનું રાણી તળાવ, તાપી જિલ્લાનું નંદેશ્વર મહાદેવ તળાવ, ઝંઝીર વોટર ફોલ ગીર, સોમનાથ, જામખંભાળીયા, દેવભૂમિ દ્વારકાની પ્રવાસનની સુવિધા વિકસાવવા માટેની રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રસંગો પર આધારિત પ્રવાસન સ્થળોના મુખ્ય મેળાઓ અને ઉત્સવોના આયોજન માટે ગુજરાતે આગવું સ્થાન બનાવ્યું છે. પ્રવાસન ક્ષેત્રે કુશળ માનવબળ મળી રહે, એના માટે દસ હજાર જેટલા લાભાર્થીને તાલીમ આપવામાં આવશે. આતિથ્ય ક્ષેત્રે કામ કરનારા લોકોને પ્રોત્સાહન આપવા માટે વિવિધ કેટેગરીના એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડ છે, એમાં એવોર્ડ સેરેમની જે હોટલ, સ્થાનિક ટૂર, ગાઇડ, ટ્રાવેલ્સ, બ્લોગર, કલ્ચર અને વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર, ટૂર ઓપરેટર જેવા અલગ અલગ કેટેગરીના એવોર્ડ આપવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રવાસન વિભાગની જે પોલિસી છે, એની વાત કરીને મારે મારી વાત પૂરી કરવી છે. પ્રવાસન નીતિ, જેમાં મેડિકલ ટુરિઝમ, વેલનેસ ટુરિઝમ, ધાર્મિક અને આધ્યાત્મિક ટુરિઝમનો પણ વિકાસ કરવામાં આવેલ છે. સરકારે જાહેર કરેલ પ્રવાસન નીતિના સ્ટાર હોટેલો, હેરિટેઝ હોટેલો, હોટેલ્સ એન્ડ સિટી જેવી સવલતો માટે પણ એમાં સહાય આપવામાં આવે છે.

આ ઉપરાંત એક વિષયની પહેલ ગુજરાત રાજયે કરી છે. જેમાં સિનેમેટિક ટુરિઝમ પોલિસી જાહેર કરી છે. એના કારણે ફિલ્મ નિર્માતાઓ પણ આકર્ષાય એવી આ યોજના છે. આ હેરિટેઝ પોલિસીમાં ૩૦૦ કરોડ રૂપિયાની અમે જોગવાઇ સૂચવી છે. જેમાં પણ જે આપણા વિશ્વ કક્ષાના હેરિટેઝ છે. રાણકી વાવ, ચાંપાનેર, ધોળાવીરા અને અમદાવાદ સિટીને પણ હેરિટેઝ સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો છે અને મોઢેરા અને વડનગરને આ વર્ષે યુનિસેફ દ્વારા સૂચિત યાદીમાં સમાવેશ કર્યો છે. એના માટે ૩૦૦ કરોડ રૂપિયાનું રોકાણ આવવાની સંભાવનાઓ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો કલાઇમેટ ચેન્જ વિભાગ છે, એ વિભાગની વાત કરીને મારી વાત પૂરી કરીશ. જે કલાઇમેટ ચેન્જ વિભાગ છે, એ સન ૨૦૦૯માં આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે એમની દીર્ઘદષ્ટિના કારણે સમગ્ર વિશ્વમાં પહેલી વખત આપણે કલાઇમેટ ચેન્જ વિભાગની સ્થાપના કરી હતી અને આ વિભાગ ખૂબ અગત્યનું કામ કરી રહેલ છે. નીતિ આયોગ, ભારત સરકાર દ્વારા આપણા તમામ રાજયોના સ્ટેટ કલાઇમેટનો જે એનર્જી ઇન્ડેકસ છે, એમાં પ્રથમ ક્રમ આપણે પ્રાપ્ત કર્યો છે. આ જણાવતા હું ગર્વની લાગણી અનુભવું છું.

આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ જે પંચામૃત સંકલ્પોની વાત કરી છે. બીજા એક સભ્યએ અહીં વાત કરી હતી, એટલે હું એ વાત કરતો નથી. એક લાખથી વધારે લાભાર્થીઓને સોલાર સિસ્ટમ બેસાડવા માટે સબસિડી ચૂકવવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી જે માગણીઓ છે, તેના ઉપર સભ્યશ્રીઓએ જે કાપ દરખાસ્ત મૂકી છે, એ બધા જ સભ્યોને વિનંતી છે કે તેઓ પોતાની કાપ દરખાસ્ત પાછી ખેંચે. જેમને રણોત્સવમાં આવવું હોય, સિંહ જોવા હોય, તો અમે એમને લઇ જઇશું. મારા વિભાગ હસ્તકની વન વિભાગની માગણી ક્રમાંક ૨૬, પર્યાવરણ વિભાગની ૨૭, પ્રવાસનની ૫૧ અને કલાઇમેટ ચેન્જની માગણી ક્રમાંક ૧૦૭ છે. એ બધી જ માગણીઓ સર્વાનુમતે મંજૂર કરો એવી વિનંતી કરી મારી વાત પૂરી કરું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ મારા મત વિસ્તારમાં પણ લગભગ રૂ.૬.૭૪ કરોડની સ્વિમિંગ પુલની કામગીરી અમારા રમતગમત સંકુલમાં કરી છે, એટલે આભાર માનું છું. સાથે સાથે માનનીય અધ્યક્ષશ્રી, ટીમ ભારતમાં આપણા શ્રી રવિન્દ્ર જાડેજા રમી રહ્યાં છે. ગઇકાલે જ મેચમાં મેન ઓફ ધી મેચ એ થયા છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની ટીમમાં શ્રીમતી રિવાબા છે અને આપણા ગુજરાતનું ગૌરવ એમણે વધાર્યું છે, ત્યારે આપના માધ્યમ દ્વારા શ્રીમતી રિવાબા થકી ભાઇશ્રી રવિન્દ્ર જાડેજાને આ ગૃહ અભિનંદન આપે એવી આપને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : ખૂબ ખૂબ અભિનંદન. આપણા બધાનું ગૌરવ છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગના મંત્રીશ્રીને વિનંતી કરું છું કે અમારા ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને વન્ય પ્રાણીઓ છે, એનાથી ખેડૂતોને ખૂબ મોટું નુકસાન થાય છે. એટલે ર૩ જેટલા ગવર્નમેન્ટ અભ્યારણ્ય છે. એમાં ભૂંડ હોય, નીલ ગાય હોય કે નંદી હોય. એ બધા પ્રાણીઓને ત્યાં લઇ જવા માટેની કોઇ વ્યવસ્થા કરે. ખાસ કરીને જૂનાગઢના સાસણ ગીરમાં લઇ જાય. જેથી કરીને એ જંગલ પણ મોટું છે અને સુરક્ષિત રીતે ત્યાં જેટલા દિવસ રહે એટલા દિવસ ત્યાં રહી શકે એવી વિનંતી કરું છું. બીજું, મારા મત વિસ્તાર ઢીમાં અને ઉજનવાળાને પ્રવાસન ધામમાં લીધેલા છે. આ બન્નેની ગ્રાન્ટ પણ મંજૂર કરેલી છે તો ખાસ કરીને એને નર્મદાના ઓવરફલો સાથે જોડીને આ બન્ને પ્રવાસન ધામના તળાવો એ પાણીથી ભરવામાં આવે તેવી અપેક્ષા રાખું છું. શ્રી વિનુભાઇ એમના પ્રવચનમાં કહેતા હતા કે કોંગ્રેસે બાવળિયા વાવ્યા છે તો કમસેકમ...

અધ્યક્ષશ્રી : બાવળિયાનો વિષય છોડો. હવે જેટલા વાવ્યા એટલા ઘણા છે. હવે તો શ્રી કુંવરજીભાઇ અહીંયા છે.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય સભ્યશ્રી જીતુભાઇ વાઘાણીનો ખૂબ ખૂબ આભાર માનું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ આપશ્રી અને સમસ્ત સભાગૃહનો આભાર માનું છું કે જામનગર ગુજરાત અને ભારત નહીં પણ ઇન્ટરનેશનલ ક્ષેત્રે મારા હસબંડ શ્રી રવિન્દ્રસિંહ જાડેજાએ જે સિદ્ધિ હાંસલ કરી છે તે બદલ મને પ્રાઉડ થાય અને આ સભાગૃહને પણ પ્રાઉડ થાય એ બદલ હું ખૂબ ખૂબ આભાર માનું છું અને સાથે બે અગત્યના પ્રશ્નો માનનીય મંત્રીશ્રી મુળુભાઇ ને પૂછવા માગું છું. તેઓ અમારા જિલ્લામાંથી રીપ્રેઝન્ટ કરે છે તેથી એમને સવિશેષ ખ્યાલ હશે કે પિરોટન ટાપુ જે મરીન નેશનલ પાર્ક તરીકે ગુજરાતમાં અન્ડર ડેવલપ મરીન પાર્ક છે. એટલે તેના ડેવલોપમેન્ટ માટે સ્ટ્રક્ચરની સાથે સાથે વન ઓફ ધ બેસ્ટ મરીન પાર્ક ગુજરાતને આપી શકાય તે માટે વિચારણા કરવી જોઇએ. તેની સાથે સાથે જામનગર જિલ્લાનું બીજું એક એવું ગૌરવ છે ખિજડીયા બર્ડ સેન્ચ્યુરી, તેના માટે ગાર્ડનની વ્યવસ્થા અને સાથે સાથે જેમ અહીં આપણે વિધાનસભા ગૃહમાં આયોજન કર્યું કે એક વ્હીકલ બેટરી ઓપરેટેડ વૃદ્ધો, વડિલો અને બૂઝર્ગો માટે મળે, એવી જ રીતે આ ખિજડીયા બર્ડ સેન્ચ્યુરી માટે પણ એક બેટરી ઓપરેટેડ વ્હીકલની ખાસ્સી જરૂર છે. તો આ બે બાબત પર વિચાર કરવો જોઇએ.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી વન પર્યાવરણ મંત્રીશ્રીને છે કે અગાઉ પોલિસીની અંદર કચ્છનો ઉલ્લેખ છે. એની અંદર ફેરી જોડવામાં આવે તો એ ટ્રાન્સપોર્ટેશન માટે ઉપયોગી થશે અને અમારા કચ્છથી દ્વારકાને અને એમના વિસ્તારને જોડી શકાશે. બીજી વિનંતી રમત ગમત મંત્રીશ્રીને છે કે બીચ રમતોત્સવ આ વખતે કચ્છમાં માંડવીના દરિયાકિનારે થાય એવી વિનંતી છે.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી રાજયના ખૂબ બાહોશ, ખંતીલા અને દરેક યુવાનના આદર્શ એવા ગૃહમંત્રીશ્રીને હું પ્રશ્ન પૂછવા માગું છું કે, રાજકોટ એ સમગ્ર સૌરાષ્ટ્રનું પાટનગર છે ત્યારે રાજકોટમાં શ્રી હર્ષભાઇ આવેલા હતા ત્યારે એમને કહેલું કે રાજકોટને પણ એક આવું હાઇ પરફોર્મન્સ સેન્ટર આપવામાં આવે. તો આપશ્રીને વિનંતી કરું છું કે રાજકોટને એક હાઇ પરફોર્મન્સ સેન્ટર મળે. બીજું, આદરણીય ગૃહમંત્રીશ્રીને એ પણ વિનંતી કરું છું કે રાજકોટમાં નેશનલ અને ઇન્ટરનેશનલ લેવલના બેડમિન્ટન્સ, સ્વિમિંગ અને જૂડોના પ્લેયર્સ છે, તો રાજકોટ જે સૌરાષ્ટ્રનું પાટનગર છે એને આ ત્રણ એક્ટિવિટી માટે એક રિજિયોનલ એકેડમી પણ આપવામાં આવે તેવી વિનંતી કરું છું. ત્રીજો મારો પ્રશ્ન છે એ આદરણીય મુળુભાઇ મંત્રીશ્રીને...

અધ્યક્ષશ્રી : એટલા બધા ન લેશો, એક પ્રશ્નમાં પૂરું કરો તો બીજાનો વારો આવે.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકો જ છે. આ ત્રીજો મારો પ્રશ્ન આદરણીય મંત્રીશ્રી મુળુભાઇને છે કે રાજકોટ મહાનગરપાલિકાએ લાયન સફારી પાર્ક માટે ઓલરેડી બજેટ આ વખતે ફાળવેલું છે. માત્ર ફોરેસ્ટ વિભાગે એમને જગ્યા આપવાની છે તો એ જગ્યાની જોગવાઇ કરવામાં આવે તેવી મારી નમ્ર વિનંતી છે.

અધ્યક્ષશ્રી : વર્ણનાત્મક જેટલું બને એટલું ઘટાડજો.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી રમત ગમત વિભાગના મંત્રીશ્રી હર્ષભાઇને વિનંતી કરું છું કે, અમારા વલસાડ તાલુકામાં દાંડી દરિયા કિનારે સ્પોર્ટસ સંકુલ મંજૂર થયેલ છે તો એનું બાંધકામ અને અન્ય ડેવલપમેન્ટ માટે ગ્રાન્ટ મંજૂર કરવા અને પ્રવાસન વિભાગમાં ઘણા બધા યાત્રાધામોના સ્થળ લીધા છે તો પાનેરાનો કિલ્લો એ શિવાજી મહારાજનો કિલ્લો છે. ત્યાં થોડું ડેવલપમેન્ટ થયું છે તો તેના માટે પણ થોડી ગ્રાન્ટ ફાળવશે તેવી વિનંતી કરું છું.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે વનમંત્રીશ્રીને કહેવા માગું છું કે પ્રધાનમંત્રી સડક યોજનામાં અને બીજી જે યોજનાઓમાં રોડ રસ્તાઓ મંજૂર થયા છે એમાં રિઝર્વ ફોરેસ્ટ અથવા તો સોશિયલ ફોરેસ્ટ આવતું હોય એના કારણે ઝડપી મંજૂરીઓ મળતી નથી. એટલે મંજૂર થયેલા રસ્તાઓ પણ બે બે, ત્રણ ત્રણ વર્ષથી પડયા છે. મારા વિજાપુર તાલુકામાં પણ એમ.એલ.એ.ની ગ્રાન્ટમાંથી મંજૂર થયેલા લગભગ ૪૫ જેટલા રસ્તાઓ બાકી છે. તેમાં કેટલાક ફોરેસ્ટના પણ કારણો છે. તો તેમાં ધ્યાન આપીને ઝડપી મંજૂરી આપવામાં આવે. માનનીય રમતગમત મંત્રીશ્રીને મારો એક ટૂંકો પ્રશ્ન છે કે આપ જે ક્રિકેટની રમત રમાડવા માગો છો તેમાં જો ખેલદિલી રાખવા માગતા હો તો કેપ્ટન અમારામાંથી રાખો અને અમારામાં તમે બનો તો કંઇક વિચારીએ.

અધ્યક્ષશ્રી : ગોઠવો, દરખાસ્ત બરાબર છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને સૂચન કરું છું કે જંડ હનુમાન મંદિર અમારા વિસ્તારમાં બહુ પ્રચલિત છે. પાંડવો વખતનું મંદિર છે. ૫૦,૦૦૦ લોકો દર શનિવારે આવે છે. શ્રાવણ મહિનામાં ૧,૦૦,૦૦૦ લોકો આવતા હોય છે. આના વિકાસ માટે ૩ કરોડ રૂપિયાની દરખાસ્ત કરેલી છે પણ અભયારણ્યને કારણે અમે આ કરી શકતા નથી. માનનીય મંત્રીશ્રી આમાં કંઈ કરવા માગે છે કે કેમ? બીજું, નસવાડી તાલુકામાં છોટીઉમર અને નાના અંબાજીની દરખાસ્ત પ્રવાસન ધામમાં કરેલી છે, તો આ ત્રણે દરખાસ્ત મંજૂર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ભાથીજી મહારાજનું યાત્રાધામ ફાગવેલ બધા સમાજની આસ્થાનું કેન્દ્ર છે. તેનો યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરીને યાત્રાધામ તરીકે વિકાસ કરવા માટે મારી વિનંતી છે. એફ.આર.એ.ની જે વાત થઇ તેમાં ૫૦ ટકા જેટલા દાવાઓ પેન્ડિંગ છે તો મારી માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે કાયદો બન્યે ૧૭ વર્ષ થયાં. તેના માટેની કોઇ હાઇલેવલ કમિટી બનાવી રિવ્યુ કરીને તેનો ઝડપથી નિકાલ કરવામાં આવે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા અને અરવલ્લીના મોટી સાહેબ વખતના જે ત્રણ પ્રોજેક્ટ છે, પોળો, શામળાજી મંદિર ટ્રસ્ટ, તેનું પણ પર્યટન સ્થળે મહત્ત્વ છે અને દેવની મોરીનો જે પ્રોજેક્ટ છે તેનું કામ ઝડપથી શરૂ થાય તે માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રીશ્રીને મારા બે સૂચન છે. મારા જમાલપુર-ખાડિયા વિસ્તારમાં જયશંકર સુંદરી હોલ આવેલો છે. છેલ્લાં ૧૦ વર્ષથી બંધ છે તેને રિનોવેશન કરીને શરૂ કરવામાં આવે અને બીજું, અમદાવાદ રિવરફ્રન્ટ ઉપર સ્પોર્ટસ સંકુલ બનીને તૈયાર છે તેનું ઉદ્ઘાટન થયું નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે તેનું ઉદ્ઘાટન થાય અને લોકો તેનો ઉપયોગ કરતા થાય.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સિદ્ધરાજ જયસિંહ સોલંકીની માતા મીનળદેવીએ વિરમગામમાં મુનસર તળાવ એ વખતે ખૂબ સારી રીતે બનાવેલું છે. તેના વિશેષ ડેવલપમેન્ટ માટે વિશેષ આયોજન થાય એવી માનનીય પ્રવાસન મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એક રજૂઆત કરવા માગું છું કે કોનોકાર્પસ વૃક્ષથી ઘણું બધું નુકસાન થાય છે. એ હવામાં કાર્બન ડાયોક્સાઇડ છોડે છે. જમીનમાંથી પાણીને પણ ખેંચી લે છે અને હવાની અંદર જે ભેજ હોય છે તેને પણ ખેંચી લે છે તો આ વૃક્ષના નિકાલ માટે આયોજન કરવામાં આવે અને સમગ્ર ગુજરાતમાં આ વૃક્ષને બાન કરવામાં આવે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાત અને ખાસ કરીને સર્વ સામાજિક, ધાર્મિક લાગણી સાથે જે બાપાના સ્વરૂપે નમન કરીને વંદન કરે છે એવું અમારું કાંકરેજ તાલુકાનું ટોટાણા ગામ જે સંતશ્રી શ્રદ્ધારામ બાપુનું સ્થાન છે તેનો યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી જિતેન્દ્ર કાં. સોમાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે મારો વિધાનસભા વિસ્તાર બે જિલ્લામાં આવે છે. વાંકાનેર તાલુકાના ૧૦૦ ગામમાં જો સૌની યોજના મારફત પાણીની પાઇપલાઇન નાખવામાં આવે અને ખેડૂતોને નર્મદા યોજના, સૌની યોજનાનું પાણી મળે. બોરના પાણીથી જે પાક થાય અને નર્મદાના નીરથી પાક થાય તેમાં ઘણો ફરક પડે છે.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, આ પ્રશ્ન આજની માગણીઓ પૂરતો છે. આપ વાત કરો છો તે સવારે પ્રશ્નોત્તરીમાં હતો. માગણીઓમાં નથી.આની અંદર સચિવશ્રીઓને અને માનનીય મંત્રીશ્રીઓને પણ વિનંતી કે તમારી જે નાણાકીય ઉપલબ્ધતા હોય એના આધારે, તમે બજેટમાં જે જોગવાઇ કરી છે તેના આધારે માનનીય ધારાસભ્યશ્રીઓ જે કામ આપે છે એ એમની પ્રાયોરિટી છે એટલે પ્રજાની પ્રાયોરિટી છે. જે નાણાકીય વ્યવસ્થા હોય એ પ્રમાણે, નહીં તો અમે દસ કામ કહીએ તો દસે દસ તમારે કરી દેવા એવું નથી, પરંતુ પ્રજાની પ્રાયોરિટી આ છે તો એ આપણને સીધી માનનીય ધારાસભ્યશ્રીઓ દ્વારા ધ્યાનમાં આવ્યું છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ આ બાબતને ખૂબ પોઝિટિવ લીધી છે તો એ કામોને પ્રાયોરિટીમાં કરીએ. મારું પણ એક સૂચન છે, થોડાક દિવસ પહેલાં હું ઇન્દ્રોડા પાર્કમાં ગયો હતો અને ત્યાં કેટલાક પંખીઓ માટે અને પોપટ માટે ત્યાં આગળ ચકલીકૂંડ રાખેલા છે પરંતુ એની જગ્યા છે એ થોડીક સાંકડી દેખાતી હતી અને એને અંદર રહેવું થોડુંક અઘરું લાગે એવું હતું તો એની પણ કોઇ એકાદ વખત મુલાકાત લઇ અને જોઇ લે તો એને પણ થોડીક મોકળાશ મળે એવું કંઇક થાય તો સારું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૩, ૪, ૫, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦ અને ૩૧ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક- ૨૬, ૨૭, ૫૧, ૯૮ અને ૧૦૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ બપોરના ૧-૧૨ વાગ્યે પૂરું થતા સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ફાલ્ગુન ૨૯, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

સોમવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૨૩

ફાલ્ગુન ૨૯, ૧૯૪૪ શાકે

સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

જીએમઇઆરએસની કોલેજોમાં અનુસ્નાતક બેઠકોની સંખ્યામાં વધારો

* ૨૫૨૩ **શ્રી રાકેશ દેસાઇ** (નવસારી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જીએમઇઆરએસની કઇ કઇ કોલેજોમાં અનુસ્નાતક બેઠકોની સંખ્યામાં વધારો કરવાની દરખાસ્ત ભારત સરકારને કરવામાં આવી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કોલેજ દીઠ કેટલી બેઠકો વધારવાની મંજૂરી મળી ?

જવાબ

(૧) સોલા-અમદાવાદ, ધારપુર-પાટણ, વલસાડ અને હિંમતનગર ખાતે અનુસ્નાતક બેઠકોની સંખ્યામાં ૩૯ સીટનો વધારો કરવાની દરખાસ્ત ભારત સરકારને કરવામાં આવી છે.

(૨)

કોલેજ	**બેઠકો**
ધારપુર-પાટણ	૦૪
વલસાડ	૦૧
હિંમતનગર	૦૩
કુલ	**૦૮**

શ્રી રાકેશ ગુ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જી.એમ.ઇ.આર.એસ. હેઠળ હાલ કેટલી કોલેજો ખાતે અનુસ્નાતક અભ્યાસક્રમ ચાલે છે અને કેટલા પ્રકારના? જી.એમ.ઇ.આર.એસ. હેઠળની કોલેજોમાં હાલમાં કયા કયા વિભાગોમાં એમ.ડી., એમ.એસ.ના અભ્યાસક્રમ ચાલે છે અને કેટલી બેઠકો છે? અને આપની પાસે માહિતી હોય તો રાજયમાં કુલ પી.જી.ની કેટલી સીટો ઉપલબ્ધ છે એ પણ જણાવશો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી રાકેશભાઇએ જે પ્રશ્ન પૂછયો એમાં પ્રશ્ન નં. ૧, ૬ અને ૯ લગભગ સરખા પ્રકારના છે. ત્રણે-ત્રણ પ્રશ્નની અંદર તમામ માહિતી એકસરખી છે. મારી આપને વિનંતી છે. પ્રશ્ન એમણે થોડો લિમિટેડ સ્કોપમાં પૂછયો છે પરંતુ પ્રશ્ન મહત્ત્વનો છે. રાજયના અનુસંધાનમાં જી.એમ.ઇ.આર.એસ. સરકારી અને પ્રાઇવેટ મેડિકલ કોલેજ વિષય વર્ગ-૧ના ડોકટરોનો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૧, ૬ અને ૯ સમાન પ્રકારના છે, જેથી ક્રમાંક-૬ અને ૯ના પ્રભારી ધારાસભ્યશ્રીઓ એક નંબરના પ્રશ્નમાં પોતે ભાગ લઇ લે તો ઝડપથી બીજા પ્રશ્ન પર જઇ શકાય. અગ્રતા ક્રમ પ્રશ્ન-૧, ૬ અને ૯.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો શ્રી રાકેશભાઇએ પ્રશ્ન પૂછયો એનો જવાબ આપી દઉં. જી.એમ.ઇ.આર.એસ. હેઠળ હાલમાં ૮ મેડિકલ કોલેજો ખાતે આપણે પી.જી.નો અભ્યાસક્રમ ચલાવીએ છીએ. સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર, ધારપુર-પાટણ, વલસાડ, હિંમતનગર, વડનગર અને જૂનાગઢ. આ ત્રણ પ્રકારના પી.જી. કોર્સીસ ચાલે છે. એમ.ડી.,એમ.એસ., ડી.એન.બી. અને ડી.એન.બી.ડિપ્લોમા. નવ વિભાગોમાં એમ.ડી.,એમ.એસ. ના અભ્યાસક્રમો ચાલે છે. પેથોલોજી સોલામાં-૭, માઇક્રોબાયોલોજીમાં-૫, ઓપ્સ એન્ડ ગાયનેક-૮, ઇ.એન.ટી.માં-૪, ઓપ્થોમાં-૩, એનેસ્થેશિયામાં-૭, સાઇકીયાટ્રીસમાં-૪, મેડિસીનમાં-૨ અને ડર્મેટોલોજીમાં-૫. ગોત્રીમાં એ પ્રમાણે ક્રમશઃ મેં અભ્યાસક્રમ વાંચ્યા એ પ્રમાણે પેથોલોજીમાં-૫, માઇક્રોમાં નથી. ઓપ્સ એન્ડ ગાયનેકમાં નથી. ઇએનટી.માં-૨, ઓપ્થોમાં-૨, એનેસ્થેશિયામાં-૭, સાઇકીયાટીસ્ટમાં-૩, મેડિસીનમાં-૩ અને ડર્મેટોલોજીમાં- ૨ એ જ પ્રમાણે ગાંધીનગરમાં ૫, ૩, ૨, ૨, ૬ એમ કુલ ૧૮ કુલ બેઠકો ગણીએ આ બધાની તો કુલ ૮૭ બેઠકો થાય છે. જે એમ.ડી., એમ.એસ. અભ્યાસક્રમની ૮૭ બેઠકો છે એમાં સોલામાં-૪૫, ગોત્રીમાં- ૨૪, ગાંધીનગરમાં ૧૮ છે. આમ જોઇએ તો જી.એમ.ઇ.આર.એસ. કોલેજ લગભગ ૧૩ છે એમાં ગયા વર્ષે આપણે પાંચની શરૂઆત કરી એ સિવાયની ૮ પહેલા ચાલુ હતી. જેની અંદર ૮૭ સીટો અવેલેબલ છે. સોલા, ગાંધીનગર, ગોત્રીમાં આપણે એમ.આર.આઇ. મશીન આપી દીધા છે. આમ તો એન.એમ.સી. નોર્મ્સ પ્રમાણે આપણે જે સાધનો આપવાનાં હોય એ પ્રમાણે આપીને આપણે આ કોલેજો ચાલુ કરી છે. પરંતુ એના ઉપરની વધારાની સુપર સ્પેશિયાલિસ્ટ સેવા માટે આપણે એમ.આર.આઇ. મશીનની સવગડ પણ ચાલુ કરી દીધી છે. જૂના ૮માં સિટી સ્કેન આપણે આપી દીધા છે. ઉપરોકત વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી તા. ૧૫-૪-૨૦૨૩ પછી એન.એમ.સી. ખાતે બીજી સીટોની અરજી કરવામાં આવશે. બાકી રહી ગયેલી બ્રાન્ચો જે રેડિયો, ઓર્થો, ગાયનેક, સર્જરી, મેડિસીન આ બધામાં પણ તા.૧૫-૪-૨૦૨૩ પછી આપણે જે અરજી કરીશું એમાં ૧૫૦ સીટો જી.એમ.ઇ.આર.એસ.માં વધારો થવાની

સંભાવના છે અને નવી આપણી પાંચ મેડિકલ કોલેજમાં પણ ડી.એન.બી.માં જુદાજુદા વિષયો માટે ૫૦ સીટો માટે નેશનલ બોર્ડ ઓફ એજ્યુકેશનમાં આપણે અરજી કરીશું. આમ, હાલ આપણી પાસે ૨૩૧ સીટ છે તેમાં બીજી ૨૦૦ સીટોનો વધારો થશે. તેની અરજી આપણે તા.૧૫-૪-૨૦૨૩ પછી કરવાના છીએ. તેમાં ટોટલ ૨૩૧ પ્લસ ૨૦૦ એટલે આપણી જીએમઈઆરએસની કોલેજો છે તેમાં ૪૩૧ પી.જી. સીટો ઉપલબ્ધ થવાની છે. તેના સિવાય આપણી પાસે સરકારી મેડિકલ કોલેજો છે તેમાં પણ પી.જી.ની લગભગ ૧,૧૫૧ સીટો હાલ ઉપલબ્ધ છે. તેમાં બીજી ૨૦૦ સીટોનો વધારો થવાની સંભાવના છે. તા.૧૫-૪-૨૦૨૩ પછી આપણે જ્યારે અરજી કરીએ ત્યારે આ સીટો આપણને ક્રમશઃ મળતી થઈ જશે. પ્રાઈવેટ મેડિકલ કોલેજો છે તેમાં અત્યારે હાલ પી.જી.ની ૧,૫૧૦ સીટો અવેલેબલ છે. આમ ટોટલ ૨૪૯૨ પી.જી.ની સીટો આપણી પાસે છે. પરંતુ ચાલુ વર્ષે જીએમઈઆરએસમાં ૨૦૦ સીટો, સરકારી મેડિકલ કોલેજોમાં ૨૨૦ અને પ્રાઈવેટ મેડિકલ કોલેજોમાં ૧૯૫ સીટો મળવાની છે. એટલે પી.જી.ની નવી ૪૫૦ સીટોનો વધારો કરીશું. સુપર સ્પેશિયાલિસ્ટમાં આપણી પાસે ૯૩ જેટલી સીટો છે. તેમાં એક સીટની પરમિશન માગી છે. ત્યારબાદ તા.૧૫-૪-૨૦૨૩ પછી સુપર સ્પેશિયાલિસ્ટમાં સ્ટાફની અવેલેબિલિટી હશે તો તે પ્રમાણે નવી સીટો માગીશું. પ્રાઈવેટમાં મેડિકલ કોલેજોમાં ૧૦૭ સીટો સુપર સ્પેશિયાલિસ્ટની છે. એટલે ટોટલ ૨૦૦ સીટો સુપર સ્પેશિયાલિસ્ટની છે એટલે તેટલા પ્રમાણમાં ડૉકટરો ભવિષ્યમાં આપણને મળવાના છે. ચાલુ વર્ષે આ વિષય હું એટલા માટે કહી રહ્યો છું કે, એમ.ઓ.ની ઘટ, વર્ગ-૧ના અધિકારીઓની ઘટનો વારંવાર પ્રશ્ન આવે છે. ભૂતકાળમાં પણ દવાખાનાની ઘટનો વિષય આવતો હતો. આપણે આ પ્લેટફોર્મ પૂરું કર્યું છે પરંતુ હવે જ્યારે મેનપાવર (હ્યુમન રિસોર્સિસ) મૂકવાનો વિષય આવે તેવા સમયે આ વખતે જી.પી.એસ.સી.માં માગણાપત્રક મોકલેલ છે અને તેમાં ૧,૦૦૦ ડૉકટરો ભરવાની પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે. આ ૧,૦૦૦માંથી જેટલા ડૉકટરો મળશે તે પણ વર્ગ-૨માં મૂકીશું અને બીજા ૨,૬૩૮ બોન્ડેડ ડૉકટરો મળવાના છે. આપણે વર્ગ-૨ની અંદર આખા રાજ્યમાં જુઓ તો ૭૧૧ જ એમ.ઓ. મૂકવાના બાકી છે. આપણી પાસે સરપ્લસ થશે. આ સરપ્લસ થયા પછી જે બોન્ડેડ એમ.ઓ. મૂકીએ છીએ....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ માત્ર પી.જી. ડૉકટરની ૩૮ સીટોની મંજૂરી ભારત સરકારમાં માગી છે તેમાંથી કેટલી મંજૂરી મળી તેટલો જ પ્રશ્ન છે. તેમાં ડૉકટરનો કે બીજો પ્રશ્ન આવતો નથી. તેટલા પૂરતા જ આપણે તેની અંદર જ રહીએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ પી.જી.ની મંજૂરીની ૩૦ સીટો વેઇટિંગમાં છે. તેમાંથી ૮ સીટોની મંજૂરી મળી ગઈ છે. આ ૮ સીટોની મંજૂરી મળી ગઈ એટલે ૩૦ સીટો નામંજૂર થઈ છે એવું નથી. પરંતુ તે ૩૦ સીટોની મંજૂરી આવતા સમયમાં મળશે. તા.૧૫-૪-૨૦૨૩ પછી નવી સીટો માટે દરખાસ્ત કરવાની રહેશે.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કેટલીક આંકડાકીય માહિતી આપી છે તેના અનુસંધાનમાં હું પેટા પ્રશ્ન પૂછવા માગું છું કે, આ અનુસ્નાતક બેઠકોનો વધારો કયા આધારે કરવામાં આવે છે, તેની પ્રક્રિયા શું છે અને દરખાસ્ત કરેલ મંજૂરી બાકી હોય તેવી બેઠકોનો વધારો કયારે થશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અનુસ્નાતકની બેઠકોમાં વધારો કરવાની આખી જે પ્રક્રિયા છે તેમાં એન.એમ.સી.(નેશનલ મેડિકલ કમિશન) અને એન.બી.એ. (નેશનલ બોર્ડ ઓફ એકઝામિનેશન) નવી દિલ્હીને આની દરખાસ્ત કરવામાં આવે છે. અત્યારે હાલમાં ઇન્સ્પેક્શનની પ્રક્રિયા ચાલુ છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા પછી આ બેઠકોમાં વધારો થતો હોય છે. પી.જી. બેઠકો માટે તબીબી શિક્ષકોના જરૂરી અનુભવ, સાધન સામગ્રી, ઇન્ફ્રાસ્ટ્રકચર, ઓ.પી.ડી. એટલે કે દર્દીની સંખ્યા કેટલી છે તે બધા ધારા-ધોરણો આ બંને સંસ્થાઓ દ્વારા નક્કી કરવામાં આવે છે અને તેના પછી તેની મંજૂરી મળતી હોય છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી ફક્ત એટલું જ જાણવું છે કે, હમણાં જ પી.જી.(નીટ)નું રિઝલ્ટ જાહેર થયું છે. તેમાં આપણા ગુજરાતના દીકરા દીકરીઓ પાસ થયા છે. હવે તેમાં એપ્લીકેશનનો સમય આવશે. હાલ ગુજરાતમાં જીએમઈઆરએસ, સરકારી કે પ્રાઈવેટ કોલેજો ગણીએ તો તેમાં પી.જી.ની અલગ અલગ ઓર્થોપેડિક્સ, રેડિયોલોજીસ્ટ વગેરે વગેરે કોર્સિસ છે તેના માટેની કુલ કેટલી સીટો છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુલ સંખ્યા અગાઉ મેં કહ્યું તે પ્રમાણે ૨,૪૯૨ ની છે.

ડો. હસમુખ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જી.એમ.ઇ.આર.એસ. હેઠળની કોલેજોમાં કેટલા કેટલા વિભાગોમાં ડી.એન.બી. અને ડી.એન.બી. ડિપ્લોમા કોર્સ ચાલે છે અને એની કુલ કેટલી સીટો છે? આ પૂછવા પાછળનું કારણ એ છે કે, આ સીટોથી અંતરિયાળ વિસ્તારમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડોકટરની સંખ્યાની સાથી પક્ષના સભ્યશ્રીએ ચિંતા વ્યક્ત કરી હતી. હું પણ એના માટે ચિંતા વ્યકત કરીને કહેવા માગું છું કે જો આ સંખ્યા વધારે હશે તો અંતરિયાળ વિસ્તારમાં નાગરિકોને આરામથી પોસ્ટ ગ્રેજ્યુએટ ડોકટરોની સેવા મળી શકશે અને નાગરિકોને રાહત થશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જી.એમ.ઇ.આર.એસ. હેઠળની કોલેજોમાં હાલ ૧૨ વિભાગોમાં ડી.એન.બી. અને ડી.એન.બી. ડિપ્લોમાના કોર્સ ચાલી રહ્યા છે એમાં આખું પત્રક છે જો આપ કહેતા હોવ તો રજૂ કરું?

અધ્યક્ષશ્રી : એ પત્રક માનનીય સભ્યશ્રીને પહોંચાડજો અને આપ મિડિયાના માધ્યમથી લોકો સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી શકશો.

તારાંકિત પ્રશ્નો

એમ.પી.શાહ મેડિકલ કોલેજ, જામનગરનું સંવર્ગવાર મહેકમ

* ૨૫૨૨ **શ્રી દિવ્યેશભાઈ અકબરી** (જામનગર દક્ષિણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ એમ.પી.શાહ મેડિકલ કોલેજ, જામનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧)

સંવર્ગ	**મંજૂર જગ્યા**
વર્ગ-૧	૨૪૩
વર્ગ-૨	૯૮
વર્ગ-૩	૨૦૦
વર્ગ-૪	૧૭૭
કુલ	**૭૧૮**

(૨)

સંવર્ગ	**ભરાયેલ જગ્યા**	**ખાલી જગ્યા**
વર્ગ-૧	૧૫૬	૮૭
વર્ગ-૨	૪૦	૫૮
વર્ગ-૩	૧૪૫	૫૫
વર્ગ-૪	૧૭૭	૦૦
કુલ	**૫૧૮**	**૨૦૦**

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સૌરાષ્ટ્રની સૌથી મોટી હોસ્પિટલ જી.જી. હોસ્પિટલમાં એમ.આર.આઇ. મશીન જે અંદાજે રૂપિયા ૧૦ કરોડના ખર્ચે આવી ગયું છે અને આવતા રવિવારે એનું લોકાર્પણ છે એ માટે હું માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે, એમ.પી. શાહ મેડિકલ કોલેજ જામનગર ખાતે જગ્યાઓ ખાલી રહેવાનું કારણ શું છે અને, એમ.પી.શાહ મેડિકલ કોલેજ ખાતેની જગ્યાઓ ભરવા માટે શું આયોજન કરવામાં આવેલું છે ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૩ જગ્યાએ આપણે એમ.આર.આઇ. મશીન આપ્યા છે એ પૈકીનું જામનગર છે અને રકમ ૧૦ કરોડ નહીં પણ રૂપિયા ૧૨થી ૧૩ કરોડના ખર્ચે આ એમ.આર.આઇ. મશીન આપણે વસાવેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમ.પી. શાહ મેડિકલ કોલેજ, જામનગર ખાતે વિવિધ સંવર્ગોની જગ્યા ખાલી રહેવાનાં કારણો જણાવું તો એમ.પી.શાહ મેડિકલ કોલેજ, જામનગર ખાતે વર્ગ-૧માં પ્રાધ્યાપકની ૧૧ જગ્યાઓ, એસોસિએટ પ્રોફેસરની ૧૮ જગ્યાઓ અને મદદનીશ પ્રાધ્યાપકની ૫૮ જગ્યાઓ આમ કુલ મળીને ૮૭ જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ નિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ, બદલી, રાજીનામા અને લાયક ઉમેદવાર ન મળવાના કારણે પણ ખાલી રહેતી હોય છે. વર્ગ-૨ની કુલ ૫૮ જગ્યાઓ ઉપરોકત કારણોસર ખાલી રહી છે અને વર્ગ-૩ માટે અધીક્ષક, સ્ટેનોગ્રાફર, સ્ટેનો ટાઇપીસ્ટ, લેબોરેટરી ટેકનિશિયન વગેરે જગ્યાઓ છે એ પણ એ જ કારણોસર ખાલી રહેલી છે અને ખાલી જગ્યાઓ ભરવા માટે પ્રાધ્યાપક, સહ પ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક એ જગ્યાઓ ભરવા માટે તા.૨૨-૧૦-૨૦૧૯ અને તા.૨૩-૧૦-૨૦૧૯ના રોજ કુલ ૭૫૦ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માગણી પત્રકો આપણે જી.પી.એસ.સી.માં મોકલી આપ્યા છે અને આયોગ દ્વારા સીધી ભરતીથી ભરવા માટેની ૩૦૦ ઉમેદવારોની આપણને ભલામણ કરી દેવામાં આવી છે અને એમાંથી ૨૭૭ જેટલા ઉમેદવારોને સીધી ભરતીથી નિમણૂક આપી દેવામાં આવી છે. ૪૧ જગ્યાઓ કે જે જગ્યાઓમાં લાયક ઉમેદવાર ન મળ્યા હોય એમાં કોઇ ભલામણ નથી મળી અને ૬૦ જગ્યાઓ માટે નિમણૂક આપવાની કાર્યવાહી હાલ ગતિમાં છે અને બાકી રહેલ જગ્યાઓ ભરવા માટે આયોગમાંથી ભલામણ મળશે એટલે તુરત એ જગ્યાઓ ભરી દેવામાં આવશે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને ધ્યાને લઇ વખતો વખત વોક-ઇન ઇન્ટર્વ્યૂ પણ આપણે યોજતા હોઇએ છીએ અને ૧૧ મહિનાના કરાર આધારિત પણ એ નિમણૂક આપીએ છીએ. આ ઉપરાંત બાકી રહેલી જગ્યા માટે પણ આપણે ખાતાકીય બઢતીથી પણ આ જગ્યાઓ ભરતા હોઇએ છીએ. વર્ગ-૨ માટે ૭૩ જગ્યાઓ સીધી ભરતીથી તા.૩-૧૦-૨૦૧૮ના રોજ જી.પી.એસ.સી.માં માગણી પત્રક મોકલી આપવામાં આવેલ છે જે પૈકી ૩૨ ઉમેદવારોની આપણને જી.પી.એસ.સી. દ્વારા ભલામણ કરવામાં આવી છે. વર્ગ-૩ માટે સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨, સ્ટેનો-ટાઇપીસ્ટ વગેરે જગ્યાઓ જિલ્લા કલેકટર કચેરી દ્વારા ભરવામાં આવે છે. કલેકટર કચેરી દ્વારા ઉમેદવાર ફાળવવામાં આવેલ ન હોઇ એના કારણે રોગી કલ્યાણ સમિતિ દ્વારા આપણે આઉટ સોર્સિંગથી આ સર્વિસ લઇએ છીએ. કચેરી અધીક્ષકની ૨૫ જગ્યાઓના માગણા પત્રક તૈયાર કરી નાણાં વિભાગની સ્થાયી સમિતિની મંજૂરી અર્થે આપણે રજૂ કરી દીધેલા છે. લેબોરેટરી ટેકનિશિયનની ફિડર કેડરમાં ઉમેદવારો ઉપલબ્ધ ના હોય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આપણે ભરીશું. ટ્રેઇન આસિસ્ટન્ટ, આર્ટિસ્ટ આસિસ્ટન્ટ, આર્ટિસ્ટ ડ્રાઇવર, રેડિયો ટેકનિશિયન, આંકડાશાસ્ત્રી, મિકેનિક, પ્લમ્બર, ઇલેક્ટ્રિશિયન,

ઇલેકટ્રો ટેકનિશિયન, એનિમલ ટેકનિશિયન, મીડિયા મેકર, વાયરમેન અને કુલ આવી બધી ૨૩ જગ્યાઓ આઉટસોર્સથી ભરવા માટે સરકારશ્રીની મંજૂરી મળે છે, ભરવામાં આવશે. લાઇબ્રેરીયન અને આસિસ્ટન્ટ લાઇબ્રેરિયન કેડર પોસ્ટ છે એટલે આપણે શિક્ષણ વિભાગને કહ્યું છે. વાયરમેન, ઇલેક્ટ્રિશિયન આ બધાની કાર્યવાહી સંસ્થા પાસેથી જ વિગતો મેળવીને એ મેળવ્યા પછી તેની ભરવાની પ્રક્રિયા હાથ ધરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એમ.પી.શાહ મેડિકલ કોલેજ જામનગર ખાતે વિવિધ સંવર્ગમાં ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટે આવનાર સમયમાં ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવનાર છે જે પૂર્ણ થયે ગુજરાત જાહેર સેવા આયોગ તથા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આ જગ્યાઓ સીધી ભરતીથી ભલામણ કર્યેથી ઉપરોકત જગ્યા ભરવામાં આવનાર છે. બાકી રહેલ જગ્યાઓ બઢતીથી કાર્યવાહી હાથ ધરી ભરવામાં આવનાર છે. જગ્યાના ભરતી નિયમો અદ્યતન થયેથી ભરતીની કાર્યવાહી કરી ખાલી જગ્યાઓમાં ભરવામાં આવનાર છે. દરમિયાનમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને ધ્યાને લઇ કરાર આધારિત જગ્યાઓ ભરવામાં આવે છે અને આઉટસોર્સની સેવાઓથી ભરવા માટેનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ, અત્યારે જે રીતે મેડિકલ સીટો વધી અને જે ટ્રેન્ડ આપણે જોઈએ છીએ, કદાચ ચાલુ વર્ષે અથવા તો વધુમાં વધુ વર્ષ ૨૦૨૪ પછી આપણે વર્ગ-૨ના ડોકટરો દરેક જગ્યાએ પી.એચ.સી./સી.એચ.સી. બધી જગ્યાએ ભરીશું અને જે રીતે આપણે પી.જી.ની સીટો વધી રહી છે એટલે વર્ગ-૧ના ડોકટરો માટે વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં બધી જ જગ્યાઓ આપણે ભરી શકીએ એ પ્રકારનું આયોજન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તરફથી થઇ રહ્યું છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું કે, ઘણા સમયની અમારી માગણી હતી. જી.જી. હોસ્પિટલમાં એમ.આર.આઇ. મશીન ફાળવ્યું, પણ આપના માધ્યમથી જાણવા માગું છું કે, જામનગર ખાતેની જી.જી. હોસ્પિટલમાં ન્યૂરો સર્જનની જગ્યા કેટલા સમયથી ખાલી છે ? અને ન્યૂરો સર્જનની જગ્યા કયારે ભરવા માગો છો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે મેં વાત કરી આખો જવાબ વિગતવાર આપ્યો તેમાં વિભાગ વાઇઝ ન્યૂરો સર્જન હોય, સર્જરીનો વિભાગ છે, મેડિસીનનો છે, ગાયનેકનો છે તેમાં જે જે જગ્યાઓ બાકી છે ચાહે રેડિયોલોજિસ્ટની પણ બાકી હોય...

અધ્યક્ષશ્રી : ના, ખાલી ન્યૂરો સર્જન પૂરતું જ કહ્યું છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ન્યૂરો સર્જનની જ વાત છે તેની અંદર એ કેડરમાં જે ખાલી જગ્યાઓ છે તે પૈકી ભરતીની પ્રક્રિયા ચાલુ છે અને લાયક ઉમેદવાર મળવાથી તે ભરાઇ જશે અને તેમણે પૂછયું કે કેટલા સમયથી ખાલી છે ? તો એ સમય મારી પાસે નથી.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પહેલાં જ વિસ્તૃતપણે જવાબ આપી દીધો છે છતાં મારો પ્રશ્ન એ હતો કે, વિવિધ સંવર્ગની જગ્યાઓ ભરવા માટેની ભરતી પ્રક્રિયા શું છે? જે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપી દીધો છે.

અધ્યક્ષશ્રી : તેમણે જવાબ આપી દીધો છે.

રાજ્યની સરકારી આયુર્વેદ કોલેજને નેશનલ કાઉન્સિલ ફોર ઇન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસીન દ્વારા માન્યતા

* ૨૩૬૫ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કેટલી સરકારી આયુર્વેદ કોલેજને નેશનલ કાઉન્સિલ ફોર ઇન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસીન દ્વારા માન્યતા મળી, અને	(૧) કુલ-૫ (પાંચ).
(૨)ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી કોલેજો કાર્યરત થઇ છે ?	(૨) ઉક્ત ૫ (પાંચ) કોલેજો કાર્યરત થઇ છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ગુજરાત રાજયમાં નેશનલ કાઉન્સિલ ફોર ઇન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસિન દ્વારા જે સરકારી આયુર્વેદ કોલેજોને વર્ષ ૨૦૨૨-૨૩ માટે માન્યતા આપવામાં આવી છે કે કેમ? અને આવી છે તો કેટલી સીટોની આપવામાં આવી? અને રાજયમાં કોઇ સરકારી આયુર્વેદ કોલેજને માન્યતા આપવામાં ન આવી હોય તેમ બનવા પામેલ છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં આપણી પાંચ સરકારી આયુર્વેદિક કોલેજ છે. એમાં સ્ટેટ મોડલ સરકારી આયુર્વેદ કોલેજ, કોલવડા ખાતે કે જયાં ૭૫ સીટ છે, સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ અમદાવાદ-૯૪ સીટ છે, સરકારી આયુર્વેદ કોલજ, વડોદરામાં-૭૫ સીટ છે. સરકારી આયુર્વેદિક કૉલેજ, જૂનાગઢમાં ૭૫ સીટો છે. આમ કુલ પાંચ કૉલેજોમાં ૩૦૦ સીટો માટે માન્યતા આપી છે અને એમણે કહ્યું એવું બનવા પામ્યું નથી અને બીજી આયુર્વેદિક કૉલેજોને પણ માન્યતા આપી છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી યોગેશભાઈ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરાની આયુર્વેદિક કૉલેજ લગભગ ૫૦થી ૬૦ વર્ષ જૂની છે. આ બિલ્ડિંગમાં પાણી પણ બહુ પડે છે. એનું નિર્માણ વર્ષ ૧૯૭૫ની સરકારે કરેલ છે. નવી બિલ્ડિંગ માટે કોઈ આયોજન છે કે કેમ?

અધ્યક્ષશ્રી : આ મંજૂરી પૂરતો પ્રશ્ન છે પણ મકાનની વ્યવસ્થાની માહિતી આપની પાસે હોય તો જવાબ આપી શકો છો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એની વ્યવસ્થા આપણે કરી છે. ભાવનગરમાં અખંડાનંદ અને એક બીજી કૉલેજમાં નાની-મોટી વ્યવસ્થાઓ ચાલુ છે. આવનાર સમયમાં આયુષને પ્રમોશન કરવાનું કામ કેન્દ્ર સરકાર તરફથી પણ ચાલુ છે અને રાજ્ય સરકાર પણ એમાં પૂરતું ધ્યાન આપે છે. આયુષ વિભાગ સારી રીતે કામ કરી શકે એના માટે સરકારની કામગીરી ચાલુ છે.

મહેસાણા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામો

* ૨૩૫૦ **શ્રી સરદારભાઈ ચૌધરી** (ખેરાલુ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો/ સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું કામ ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૦૩ (ત્રણ) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૦૧ (એક) સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું કામ નીચે જણાવેલ વિગતે તબક્કા હેઠળ છે.

ક્રમ	પ્રા.આ.કેન્દ્ર / સા.આ.કે.ના કેન્દ્રના નામ	ભૌતિક સ્થિતિ
૧	સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખેરાલુ, તા.ખેરાલુ	ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ
૨	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેણપ, તા.વિસનગર	
૩	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જગુદણ, તા.મહેસાણા	વહિવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ
૪	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર	

(૩) ઉક્ત મંજૂર થયેલ બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામ વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ હોય પૂર્ણ થયેલ નથી અને સદર કામગીરી માટે કૂલ ખર્ચ રૂ.૪૪,૩૭૪/- નો ખર્ચ થયેલ છે.

પી.એચ.સી.નું બાંધકામ કરવાની પ્રક્રિયા કરતા પહેલા જમીનની સોઈલ ટેસ્ટિંગની કામગીરી માટે ખર્ચ થાય છે. જે માટે વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ માં આવો ખર્ચ કરવા માટે કરાયેલ જોગવાઈમાંથી નિયમોનુસાર મળેલ મંજૂરી અન્વયે પત્રક-૧ મુજબ રૂ.૪૪,૩૭૪/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

પત્રક-૧

ક્રમ	ફેસિલિટી	ગામનું નામ અને તાલુકો	બજેટ જોગવાઇ			થયેલ રકમ રૂ.લાખમાં	ખર્ચ થયેલ કામગીરીની વિગત
			વર્ષ	એચ.એફ. નં.	પ્રોવિઝન રકમ રૂ.લાખમાં		
૧	સા.આ.કેન્દ્ર	ખેરાલુ, તા.ખેરાલુ	૨૦૨૧-૨૨	૧૫૯	૧૩૫.૧૦	૦.૩૯	સાઇટ સરવેની કામગીરી સબબ
			૨૦૨૨-૨૩	૧૮૩	૧૩૫.૦૦		
				કુલ	**૨૭૦.૧૦**	**૦.૩૯**	
૨	પ્રા.આ.કેન્દ્ર	દેણપ, તા.વિસનગર	૨૦૨૧-૨૨	૨૨૧	૩૮.૫૦	૦.૦૨	સાઇટ સરવેની કામગીરી સબબ
			૨૦૨૨-૨૩	૧૮૦	૩૮.૫૦		
				કુલ	**૭૭.૦૦**	**૦.૦૨**	

૩	પ્રા.આ.કેન્દ્ર	મોઢેરા, તા.બેચરાજી	૨૦૨૧-૨૨	૨૨૧	૩૮.૫૦	૦.૦૩	સાઈટ સરવેની કામગીરી સબબ
			૨૦૨૨-૨૩	૧૮૦	૩૮.૫૦		
				કુલ	**૭૭.૦૦**	**૦.૦૩**	
૪	પ્રા.આ.કેન્દ્ર	જગુદણ, તા.મહેસાણા	૨૦૨૧-૨૨	૨૨૧	૩૮.૫૦	૦.૦૦	
			૨૦૨૨-૨૩	૧૮૦	૩૮.૫૦		
				કુલ	**૭૭.૦૦**	**૦.૦૦**	

શ્રી સરદારભાઈ શા. ચૌધરી માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કારણ કે, મારા ખેરાલુ મત વિસ્તારમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર જર્જરિત હતું. એનું ટેન્ડરિંગ કરીને નવું બનાવવાનું નક્કી કર્યું છે અને ટૂંક સમયમાં નવું બનવાનું ચાલુ થશે. ગુજરાત સરકારના માધ્યમથી ગુજરાતમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નેટવર્ક ખૂબ સારી સ્થિતિમાં છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી સરદારભાઈ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આમ જનતા એનો ખૂબ સારી રીતે લાભ લઈ રહી છે. જે આપણે કોરોના કાળમાં જોયું છે.

અધ્યક્ષશ્રી : માનનીય સરદારભાઇ, પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી સરદારભાઈ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી**,** હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે રાજ્યમાં વર્ષ ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તીના ધોરણો મુજબ કુલ મળવાપાત્ર આરોગ્ય કેન્દ્રો**,** મંજૂર થયેલ આરોગ્ય કેન્દ્રો અને વધ-ઘટની વિગતો શું છે ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં વર્ષ ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તીના ધોરણો મુજબ આપણી જરૂરિયાત ૧,૪૨૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની હતી અને અત્યારે ૧**,**૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે. આમ વર્ષ ૨૦૧૧ની સ્થિતિએ આપણી પાસે ૭૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો વધારે છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યમાં વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરીના ધોરણો મુજબ કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર થાય છે? તે પૈકી આજની સ્થિતિએ મંજૂર થયેલા અને વધ-ઘટની શું સ્થિતિ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૧ના વસતીના ધોરણો પ્રમાણે રાજ્યમાં કુલ ૩૬૫ સી.એચ.સી. હોવા જોઇતા હતા અને અત્યારે ૩૬૫ સી.એચ.સી. છે. એમાં વધારો પણ નથી અને ઘટાડો પણ નથી.

શ્રી કરશનભાઈ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, પેટા આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મકાન બાંધકામ માટે કેટલી જમીનની જરૂરિયાત છે ?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન માત્ર પી.એચ.સી. પૂરતો છે એટલે સી.એચ.સી. અને પેટા આરોગ્ય કેન્દ્ર બંનેની વચ્ચેનો જવાબ આપી દો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પેટા આરોગ્ય કેન્દ્રમાં ૫૦૦ ચો.મી., પી.એચ.સી.માં ૨, ૫૦૦ અને સી.એચ.સી.માં ૧૦, ૦૦૦ ચો.મી. જગ્યાની જરૂરિયાત રહે છે.

બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં ડોક્ટરો પાસેથી બોન્ડ રકમની વસૂલી

* ૩૨૫૫ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સરકારી કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ કરેલ ડોક્ટરોની બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર આપેલ નિમણૂક પૈકી હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ

ક્રમ	**જિલ્લાનુ નામ**	**હાજર ન થયા હોય તેવા ડોક્ટરો પાસેથી બોન્ડની રકમ વસુલવાના બાકી કેસોની સંખ્યા**	**બાકી રકમ (રૂપિયામાં)**
૧	બનાસકાંઠા	૨૩	૧,૧૫,૦૦,૦૦૦/-
૨	અમદાવાદ	૦૪	૨૦,૦૦,૦૦૦/-

(૨) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ઘોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સરકારી કૉલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ કરેલ ડૉક્ટરોની બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર આપેલ નિમણૂક પૈકી હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ

વસૂલવાની બાકી છે તેમજ ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શું પગલાં લેવામાં આવ્યાં અને બોન્ડની બાકી રકમ વૂસલવા બાબતે સરકારશ્રી આગળ શું કાર્યવાહી કરવા માગે છે ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપે આગળના બંને પ્રશ્નોના લેખિતમાં જવાબ આપેલ છે એટલે ફક્ત ત્રીજા પ્રશ્નનો જવાબ આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે લોકોએ બોન્ડ આપ્યા હોય અને ફરજમાં હાજર થયેલ ન હોય તેમને પ્રેક્ટિસ માટેના કોઈ પણ પ્રકારના સર્ટિફિકેટ હેન્ડઓવર કરવામાં આવતા નથી એટલે તે પ્રેક્ટિસ કરી શકતા નથી, પણ મોટા ભાગે એવું જોવામાં આવે છે કે આ ડૉક્ટરો એમ.બી.બી.એસ. ડૉક્ટરો હોય, જેમણે બોન્ડ આપ્યા હોય, પરંતુ બોન્ડની ફરજ અથવા તો બોન્ડની સેવાઓ ન આપતા હોય અથવા પૈસા ન ભરતા હોય તેવા લોકો સામાન્ય રીતે પી.જી.ના અભ્યાસક્રમ માટે નીટની તૈયારી કરતા હોય છે અને નીટની તૈયારી કરે એટલે આપણને ખબર ન હોય અને જ્યારે નીટ પાસ કરીને આવે ત્યારે પણ બોન્ડની જોગવાઈ હોય એટલે એમ.બી.બી.એસ. + પી.જી.ના બોન્ડ ભેગા થઈને નવી પૉલિસી બનાવવા જઈ રહ્યા છીએ. તે પ્રમાણે હવે એમ.બી.બી.એસ.માં એક વર્ષ અને પી.જી.માં એક વર્ષ પરંતુ બંને ભેગું થઈને જો દોઢ વર્ષની સેવા ગ્રામ્ય વિસ્તારમાં આપે તો ચલાવી લઈએ છીએ. નહિ તો ૩.૨૦ લાખ એમ.બી.બી.એસ.ના અને ૩.૪૦ લાખ પી.જી.ના એમ કરીને ૩.૬૦ લાખ ભરે તો બોન્ડમાંથી મુક્તિ આપીએ છીએ.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં તબીબી અધિકારી, વર્ગ-૨ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે અને તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં તા.૧૦/૦૩/૨૦૨૩ની સ્થિતિએ તબીબી અધિકારી, વર્ગ-૨ની હૉસ્પિટલમાં મંજૂર થયેલી ૩૯ જગ્યાઓ પૈકી ૨૬ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૩ જગ્યાઓ ખાલી છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલી ૮૧ જગ્યાઓ પૈકી ૬૩ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૮ જગ્યાઓ ખાલી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલી ૧૩૬ જગ્યાઓ પૈકી ૧૦૦ જગ્યાઓ ભરાયેલી છે અને ૩૬ જગ્યાઓ ખાલી છે. આમ, કુલ-૧૮૯ જગ્યાઓ ભરાયેલી છે અને ૬૭ જગ્યાઓ ખાલી છે. તે પ્રમાણે અમદાવાદ જિલ્લામાં હૉસ્પિટલમાં મંજૂર થયેલી ૧૭૮ જગ્યાઓ પૈકી ૧૭૪ જગ્યાઓ ભરાયેલી છે અને ૪ જગ્યાઓ ખાલી છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલી ૨૫ જગ્યાઓ પૈકી ૨૨ જગ્યાઓ ભરાયેલી છે અને ૩ જગ્યાઓ ખાલી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલી ૪૦ જગ્યાઓ પૈકી ૩૭ જગ્યાઓ ભરાયેલી છે અને ૩ જગ્યાઓ ખાલી છે. આમ, કુલ-૨૩૩ જગ્યાઓ પૈકી ૧૦ જગ્યાઓ ખાલી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી મેડિકલ કૉલેજમાં બધી સુવિધાઓ અને રાહત એટલા માટે આપીએ છીએ કે સમગ્ર ગુજરાતમાં પી.એચ.સી. અને સી.એચ.સી.માં સારા ડૉક્ટર્સ મળી રહે. આજની પ્રશ્નોતરીના અલગ-અલગ પ્રશ્નો જોતાં ૩૫૯ ડૉક્ટર્સ હાજર થયા નથી અને તેની પાસેથી જે બોન્ડની રકમ લેવાની થાય છે તેના કુલ સરવાળા પ્રમાણે લગભગ ૩.૧૮ કરોડ ૨૫ લાખ લેવાના બાકી થાય. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે કેટલાક ડૉક્ટર્સ પી.જી. કે નીટના અભ્યાસક્રમ માટે જોડાતા હોય છે. મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લા પૂરતું જ પૂછવું છે કે આમ તો ૩૫૯ પાસેથી વસૂલવાના બાકી છે પણ બનાસકાંઠા જિલ્લામાં ૨૩ અને અમદાવાદ જિલ્લામાં ૪ પાસેથી વસૂલવાના બાકી છે તે પૈકી કેટલા લોકો પી.જી. અને નીટના કારણે હાજર ન થયા હોવાથી તેમની પાસે બોન્ડની કેટલી રકમ વસૂલવાની થાય છે અને કેટલા પાસેથી બોન્ડની રકમ વસૂલવામાં આવેલ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે લોકો બોન્ડ આપ્યા હોવા છતાં પણ સેવાઓમાં હાજર ન થાય તે માનવાને કારણ છે કે તે લોકો કદાચ આગળની તૈયારી કરતા હશે અને તેના કારણે કેટલા હાજર થયા અને કેટલા હાજર થયા નથી તે સંખ્યામાં તફાવત છે એટલે જેટલા હાજર થયા નથી તેમની પાસેથી બોન્ડ વસૂલવાની કાર્યવાહી કરવાની થાય. છેલ્લાં ત્રણ વર્ષની અંદર આખા ગુજરાતમાંથી ૩.૧૩૯ કરોડ વસૂલ કર્યા છે અને આ જે વિસ્તારનો પ્રશ્ન છે એમાં પણ બોન્ડની વસૂલી માટેની પ્રક્રિયા ચાલુ કરતાં હોઈએ છીએ અને એના પર કાયદાકીય પગલાં પણ ભરતાં હોઈએ છીએ. હવે પી.જી.ની અંદર ૩.૪૦ લાખ અને ૩.૨૦ લાખ એમ કુલ મળી ૩.૬૦ લાખ આપે તો જ ડોક્યુમેન્ટસ્ મળે અને ખાનગી પ્રેક્ટિસ કરી શકે એ પ્રકારની વ્યવસ્થા કરીએ છીએ. વર્ષ ૧૯૯૭થી ચાલુ થયેલી આ બોન્ડની પ્રથામાં વખતોવખત સુધારા-વધારા થયા છે. અત્યારે જે છેલ્લો સુધારો કરીએ છીએ છે એમાં એમ.બી.બી.એસ. ૩.૨૦ લાખ, પી.જી. ૩. ૪૦ લાખ અને એસ.એસ. ૩.૫૦ લાખ. આમ, ત્રણેય માટે આપણે એક-એક વર્ષ કરીએ છીએ, પરંતુ એમ.બી.બી.એસ. અને પી.જી. બંનેમાં બોન્ડ ભર્યો ન હોય, તો એ બંને બોન્ડની ૩.૬૦ લાખની રકમમાં એ દોઢ વર્ષની સેવા આપે તો ૬૦ લાખ માફ થાય નહીં તો, દોઢ વર્ષની સેવા કરો એ પ્રકારની વ્યવસ્થા આપણે કરી છે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નો મોટાભાગે કૉંગ્રસ પાર્ટીમાંથી પૂછાયેલા પ્રશ્નો છે તો મને લાગે છે કે આમાં થોડી વિસ્તૃત ચર્ચા કરીએ. એક જ પ્રકારના પ્રશ્નો છે ફક્ત જિલ્લા અલગ-અલગ છે. જો માનનીય મંત્રીશ્રીને અનુકૂળતા હોય અને આખા રાજ્યનો જવાબ આપી દે તો વધારે ચર્ચા કરવી ન પડે.

તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે શ્રી અમિતભાઇએ પૂછ્યું એ મારે ફરીથી પૂછવું છે કે, બનાસકાંઠામાં ૨૩ લોકોના બોન્ડની રકમ વસૂલ કરવાની બાકી છે અને અમદાવાદમાં ૪ બાકી છે. એ કેટલી જગ્યાઓ હતી? અને જે ઓર્ડર કર્યા એમાંથી કેટલા લોકો હાજર થયા?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે બોન્ડના હુકમો કર્યા એના પછી કેટલા લોકો હાજર થયા અને કેટલાના હુકમ કર્યા એનો મારી પાસે સ્પષ્ટ જવાબ નથી પણ હું માનનીય સભ્યશ્રીને એટલી ખાતરી જરૂરથી આપી શકીશ કે આવતા વર્ષની અંદર આપણે આખા રાજ્યમાં વર્ગ-૨ના તમામ ડૉક્ટરોની નિમણૂક કરી દઇશું.

અધ્યક્ષશ્રી : બાકીના સભ્યશ્રીઓને બીજા પ્રશ્નોની અંદર તક આપીશું.

જીએમઇઆરએસની કોલેજોમાં અનુસ્નાતક બેઠકોની સંખ્યામાં વધારો

* ૨૩૫૫ **શ્રી કેયુર રોકડિયા** (સયાજીગંજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જીએમઇઆરએસની કઇ કઇ કોલેજોમાં અનુસ્નાતક બેઠકોની સંખ્યામાં વધારો કરવાની દરખાસ્ત ભારત સરકારને કરવામાં આવી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કોલેજ દીઠ કેટલી બેઠકો વધારવાની મંજૂરી મળી ?

જવાબ

(૧) સોલા-અમદાવાદ, ધારપુર-પાટણ, વલસાડ અને હિંમતનગર ખાતે અનુસ્નાતક બેઠકોની સંખ્યામાં ૩૯ સીટનો વધારો કરવાની દરખાસ્ત ભારત સરકારને કરવામાં આવી છે.

(૨)

કોલેજ	બેઠકો
ધારપુર-પાટણ	૦૪
વલસાડ	૦૧
હિંમતનગર	૦૩
કુલ	**૦૮**

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, આ અનુસ્નાતક બેઠકો કયા આધાર પર વધારવામાં આવે છે?, એની પ્રક્રિયા શું છે? અને જે બેઠકોની મંજૂરી મળતી નથી એ બેઠકો ક્યારે વધારવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ જે જવાબ આપ્યો હતો એમાં મોટાભાગના બધા જ જવાબો આવી જાય છે.

મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં ડોક્ટરો પાસેથી બોન્ડ રકમની વસૂલી

* ૩૨૪૧ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સરકારી કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ કરેલ ડોક્ટરોની મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર આપેલ નિમણૂક પૈકી હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ

ક્રમ	જિલ્લાનુ નામ	હાજર ન થયા હોય તેવા ડોક્ટરો પાસેથી બોન્ડની રકમ વસૂલવાના બાકી કેસોની સંખ્યા	બાકી રકમ (રૂપિયામાં)
૧	મહેસાણા	૦૭	૩૫,૦૦,૦૦૦/-
૨	ગાંધીનગર	૦૧	૫,૦૦,૦૦૦/-

(૨) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ઘોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ડૉકટરની ડિગ્રી પ્રાપ્ત કરવી એ ખરેખર બહુ અઘરું કામ છે અને ડૉકટર થયા પછી સરકારશ્રીના નિયમો પ્રમાણે બોન્ડ પ્રમાણે ગ્રામ વિસ્તારમાં નોકરી કરવી જોઇએ. માનનીય મંત્રીશ્રીએ જવાબ સારો આપ્યો છે કે ડૉકટર થયા પછી પી.જી.ની તૈયારી માટે રજા લીધી હોય અને સમયસર પૂરું કર્યું ન હોય.

અધ્યક્ષશ્રી : ચર્ચા થઇ ગઇ છે. એને દોહરાવશો નહીં.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, આવા કિસ્સાઓ બન્યા હોય કે પી.જી.ની. તૈયારી કે કોઇ અન્ય તૈયારી હોય, ફોરેન ગયા હોય અને પાછા આવ્યા હોય એના કારણે બોન્ડ પૂરું કરી શક્યા ન હોય અને ફરીથી પૂરું કરવા માટે આવે તો એવા લોકો અધિકારીના ચક્કરમાં ન પડતા મંત્રીશ્રી તરીકે એ લોકોનું બોન્ડ પૂરું કરવા તાત્કાલિક નિમણૂકો આપવા માગો છો કે કેમ?

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવા કોઇપણ કિસ્સાઓ જેવા કે, પી.જી.ની પરીક્ષા માટે ગયા હોય, પી.જી.ક્લિયર કરી શક્યા ન હોય, ફોરેન ગયા હોય અને સમયસર બોન્ડની અમલવારી કરવામાં જે-તે વિદ્યાર્થી રહી ગયો હોય અથવા તો ન આપી શકયા હોય એવા સંજોગોમાં સરકાર એની ચોકક્સ વિચારણા કરશે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગીર સોમનાથ જિલ્લાનું મુખ્ય સિવિલ હૉસ્પિટલ વેરાવળમાં આવેલું છે. તે મારી ૯૦-સોમનાથ વિધાનસભામાં આવેલું છે. ત્યાં એમ.ડી. ફિઝિશિયનની જગ્યા ખાલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય વિમલભાઇ, આ પ્રશ્ન ફક્ત મહેસાણા અને ગાંધીનગર જિલ્લા પૂરતો છે. એટલે બાકીના પ્રશ્નો આવે એમાં તમે પૂછી શકશો.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગાંધીનગર જિલ્લામાં તબીબી અધિકારી અને વર્ગ-૨ની જે જગ્યાઓ ખાલી છે એને ભરવા માટે શું આયોજન છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં હાલમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કુલ મંજૂર થયેલી જગ્યાઓ જણાવું તો, મહેસાણામાં એસ.ડી.એચ. અને ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલમાં ૩૯ જગ્યાઓ મંજૂર થયેલ છે. જેમાં ૩૭ જગ્યાઓ ભરેલી છે અને ૨ જગ્યાઓ ખાલી છે. સી.એચ.સી.માં ૪૦ જગ્યાઓ મંજૂર થયેલ છે, જેમાં ૩૪ જગ્યાઓ ભરેલી છે અને ૬ જગ્યાઓ ખાલી છે. પી.એચ.સી.માં ૬૩ જગ્યાઓ મંજૂર થયેલી છે, જેમાં ૫૯ જગ્યાઓ ભરેલી છે અને ૪ જગ્યાઓ ખાલી છે. એ જ રીતે ગાંધીનગર જિલ્લામાં, હૉસ્પિટલોમાં ૩૮ જગ્યાઓ મંજૂર થયેલ છે. જેમાં ૩૭ જગ્યાઓ ભરેલ છે અને ૧ જગ્યા ખાલી છે. સી.એચ.સી.માં ૨૭ જગ્યાઓ મંજૂર થયેલી છે. જેમાં ૨૨ જગ્યાઓ ભરેલી છે અને ૫ જગ્યાઓ ખાલી છે અને પી.એચ.સી. માં ૩૧ જગ્યાઓ મંજૂર થયેલી છે. જેમાં ૨૯ જગ્યાઓ ભરેલી છે અને ૨ જગ્યાઓ ખાલી છે.

અધ્યક્ષશ્રી :પ્રશ્ન ક્રમાંક-૮ બોન્ડવાળો જ પ્રશ્ન છે.

જીએમઇઆરએસની કોલેજોમાં અનુસ્નાતક બેઠકોની સંખ્યામાં વધારો

* ૨૩૫૬ **શ્રીમતી કંચનબેન રાદડિયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જીએમઇઆરએસની કઇ કઇ કોલેજોમાં અનુસ્નાતક બેઠકોની સંખ્યામાં વધારો કરવાની દરખાસ્ત ભારત સરકારને કરવામાં આવી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કોલેજ દીઠ કેટલી બેઠકો વધારવાની મંજૂરી મળી ?

જવાબ

(૧) સોલા-અમદાવાદ, ધારપુર-પાટણ, વલસાડ અને હિંમતનગર ખાતે અનુસ્નાતક બેઠકોની સંખ્યામાં ૩૯ સીટનો વધારો કરવાની દરખાસ્ત ભારત સરકારને કરવામાં આવી છે.

(૨)

કોલેજ	બેઠકો
ધારપુર-પાટણ	૦૪
વલસાડ	૦૧
હિંમતનગર	૦૩
કુલ	**૦૮**

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ પ્રશ્ન ક્રમાંક-૧માં મળી ગયેલો છે.

અધ્યક્ષશ્રી : ધન્યવાદ. પ્રશ્ન ક્રમાંક-૧૦

એમ એન્ડ જે ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થાલ્મોલોજી અમદાવાદનું સંવર્ગવાર મહેકમ

* ૨૩૫૭ **શ્રી અમુલ ભટ્ટ** (મણીનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ એમ એન્ડ જે ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓપ્થાલ્મોલોજી અમદાવાદનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

જવાબ

(૧)

સંવર્ગ	મંજૂર જગ્યા
વર્ગ-૧	૩૯
વર્ગ-૨	૧૫
વર્ગ-૩	૨૩૦
વર્ગ-૪	૧૪૭
કુલ	**૪૩૧**

(૨)

સંવર્ગ	ભરાયેલ જગ્યા	ખાલી જગ્યા
વર્ગ-૧	૩૧	૦૮
વર્ગ-૨	૦૩	૧૨

વર્ગ - ૩	૧૯૫	૩૫
વર્ગ - ૪	૧૪૭	૦૦
કુલ	**૩૭૬**	**૫૫**

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી, અમદાવાદ જિલ્લામાં ૨૫૦ બેડ ધરાવતી અમારી એમ એન્ડ જે ઇન્સ્ટિટયૂટ ઓફ ઓપ્થેલ્મોલોજીમાં ૬ સુપર સ્પેશિયાલિટીના વિભાગો છે અને આખા ગુજરાત રાજ્યમાં સારામાં સારી સારવાર આપી રહી છે તે બદલ હું સરકારશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે, એમ એન્ડ જે ઇન્સ્ટિટયૂટ ઓફ ઓપ્થેલ્મોલોજી, અમદાવાદ ખાતે કેટલીક જગ્યાઓ ખાલી છે. તો તેના કારણો શું છે અને ખાલી જગ્યા ભરવા માટે શું કાર્યવાહી કરવા માગો છો ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સિવિલ હૉસ્પિટલમાં આંખની ઓથોરિટી ગણાય એવી એમ એન્ડ જે ઇન્સ્ટિટયૂટ ઓફ ઓપ્થેલ્મોલોજી, અમદાવાદ ખાતે વિવિધ સંવર્ગમાં જગ્યા ખાલી રહેવાના સંવર્ગવારનાં કારણોમાં જણાવું તો, વર્ગ - ૧માં પ્રાધ્યાપકની ૧ જગ્યા, સહ પ્રાધ્યાપકની ૧ જગ્યા, મદદનીશ પ્રાધ્યાપકની ૬ જગ્યા, એમ કુલ - ૮ જગ્યાઓ ખાલી છે. આ બધી ખાલી જગ્યાઓ મેં અગાઉ કહ્યું એમ, નિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ, બદલી, રાજીનામા અને યોગ્ય ઉમેદવારો ન મળે, આ બધા કારણોસર ખાલી રહી છે. વર્ગ - ૨ની કુલ ૧૨ જગ્યાઓ નિવૃત્તિ વિગેરે કારણોસર ખાલી છે. વર્ગ - ૩ની જગ્યાઓ પણ આ જ કારણોસર ખાલી છે. જગ્યાઓ ભરવાની વાત છે તેમાં, પ્રાધ્યાપક, સહ પ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક વિગેરેની સંવર્ગવાર જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે માગણાપત્રકો ગુજરાત જાહેર સેવા આયોગને મોકલી આપ્યા છે. ગુજરાત જાહેર સેવા આયોગમાંથી આપણને ભલામણ મળી ગયેલ છે, તે પરત્વે ઉમેદવારો માટે નિમણૂક આપવાની કાર્યવાહી કરી રહ્યા છીએ. ટૂંક સમયમાં નિમણૂકો અપાઇ જશે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને ધ્યાને લઇ વખતોવખત આપણે વોક - ઇન - ઇન્ટર્વ્યૂ કરતા હોઇએ છીએ. જો આપણને સીધે સીધા ૧૧ માસના કરાર આધારિત મળી જાય તો ૧૧ માસના કરાર આધારિત જગ્યાઓ ભરીએ છીએ. એ ઉપરાંત બાકી રહેલ જગ્યાઓ માટે બઢતીની પણ પ્રક્રિયા, ખાતાકીય બઢતીની પ્રક્રિયા પણ કરીએ છીએ. વર્ગ - ૨ માટે વોક ઇન ઇન્ટરવ્યુ કરીને પણ આપણે નિમણૂક આપીએ છીએ. જી.પી.એસ.સી. દ્વારા પણ આપણે ભરીએ છીએ. વર્ગ - ૩ માટે પણ સ્ટેનોગ્રાફર ગ્રેડ - ૨ ની જગ્યા જિલ્લા કલેકટર કચેરી ભરે છે. હેડ નર્સની ખાલી જે જગ્યા છે, આપણે પ્રમોશન આપીએ છીએ. ઓપ્થેલ્મિક આસિસ્ટન્ટની જગ્યાઓ સંયુકત નિયામક, ઓપ્થેલ્મિક વિભાગ દ્વારા પ્રક્રિયા કરવામાં આવે છે. કચેરી અધીક્ષકની ૨૫ જગ્યાઓ માગણાપત્રક તૈયાર કરી નાણાં વિભાગની સ્થાયી સમિતિને મંજૂરી અર્થે રજૂ કરેલ છે. હેડ કલાર્કની ૧૭ જગ્યાઓ, સિનિયર કલાર્કની ૩૭ જગ્યાઓ અને જુનિયર કલાર્કની ૧૪૪ જગ્યાઓ સીધી ભરતીથી માગણાપત્રક તૈયાર કરી નાણા વિભાગની સ્થાયી સમિતિને મંજૂરી અર્થે રજૂ કરી દીધા છે. સિનિયર જુનિયર કોન્ટેકટલેસ ટેકનિશિયનની જગ્યાઓ કોન્ટેકટલેસ ટેક્નિશિયનની જગ્યાઓ સામે મર્જ કરવાની. માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ મર્જ કરી રહ્યા છીએ. એ મર્જ થઇ જાય એટલે આપણે તરત ભરીશું. ડેમોસ્ટ્રેટરના ભરતી નિયમો રિવાઇઝ કરવાની કાર્યવાહી ગતિમાં છે. એટલે સાહેબ, એ ચાલુ પ્રક્રિયા છે. સેનેટરી આસિસ્ટન્ટ, ડ્રાઇવર, ઓપરેશન થિયેટરની ખાલી જગ્યાઓ આઉટસોર્સથી આપણે ભરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એમ.એન્ડ જે. ઇન્સ્ટિટયૂટ ઓફ ઓપ્થેલ્મોલોજી, અમદાવાદ ખાતે વિવિધ સંવર્ગમાં ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટે અવારનવાર જી.પી.એસ.સી., ગૌણ સેવા પસંદગી વગેરેનું આયોજન આપણે કરીએ છીએ. એમાંથી આપણને ઉમેદવાર મળી જાય, એટલે એમને આપણે નિમણૂક આપીએ છીએ. આમ મેં કહ્યું એ પ્રકારના આયોજનોથી આ જગ્યાઓ આપણે ભરીએ છીએ.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ન્યારા એનર્જી લિમિટેડ કંપની દ્વારા થતા પ્રદૂષણની ફરિયાદો

* ૨૫૦૪ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧ - ૧૨ - ૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ ન્યારા એનર્જી લિમિટેડ કંપની દ્વારા હવા, પાણીનું પ્રદૂષણ અને વેસ્ટનો નિકાલ યોગ્ય રીતે કરવામાં ન આવતો હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરિયાદો અન્વયે ક્યારે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત કંપની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) મળેલ ફરિયાદોની સંખ્યા - ૦૪

(૨) અને (૩)

ફરિયાદ	કરેલ કાર્યવાહી
૧	તા.૦૯ - ૦૯ - ૨૦૨૧ના રોજ કારણ દર્શક નોટીસ પાઠવેલ.
૨	તા.૨૦ - ૦૧ - ૨૦૨૨ના રોજ તપાસ પરથી

	દફ્તરે કરેલ છે.
૩	તા.૨૦-૦૬-૨૦૨૨ના રોજ તપાસ પરથી દફ્તરે કરેલ છે.
૪	તા.૧૫-૦૭-૨૦૨૨ના રોજ તપાસ પરથી દફ્તરે કરેલ છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ન્યારા એનર્જી વિરુદ્ધ ૪ અરજીઓ મળી. એસ. આર. બલ્ક ટર્મિનલ વિરુદ્ધ ટોટલ ૧૩ અરજીઓ મળી અને આર. એસ.પી.એલ. વિરુદ્ધ ટોટલ ૫ અરજીઓ મળી. એમાં મોટા ભાગની અરજીઓમાં માત્ર કારણદર્શક નોટિસ આપીને અરજી દફતરે કરી દેવામાં આવી છે. આ જે અરજીઓ મળી છે, એની આજુબાજુના વિસ્તારમાં સોઇલ અને પાણીનું ટેસ્ટિંગ કરીને વિજીલન્સ દ્વારા તપાસ કરાવવા માગો છો કે કેમ? અને બીજું જે પ્રદૂષિત પાણીના કારણે જે ખેડૂતોની જમીનમાં પાક નિષ્ફળ ગયા છે કે વાવવા લાયક નથી રહી, એવા ખેડૂતોને કંપની પાસેથી અથવા સરકાર દ્વારા કોઇ વળતર આપવા માગો છો કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ફકત નાયરા કંપની પૂરતો છે. નાયરા કંપનીની અંદર વર્ષ ૨૦૨૧માં ૧ અરજી આવી હતી. વર્ષ ૨૦૨૨માં ૩ અરજી. આમ ટોટલ ૪ અરજી આવી હતી. આ એકમ વિરુદ્ધ તા.૨૦-૭-૨૦૨૧, તા.૨૦-૧-૨૦૨૨, તા.૨૦-૬-૨૦૨૨ અને તા.૧૫-૭-૨૦૨૨ના એ જગ્યા પર સ્થળની મુલાકાત લેવામાં આવી હતી. ત્યાં મુલાકાત લીધા બાદ જે રીતે એકમને જી.પી.સી.બી.દ્વારા સી.પી.સી.બી.એ જે મંજૂરી આપી હતી, એ દરેક મંજૂરી ચેક કરવામાં આવી હતી. સાથોસાથ આ કંપનીની અંદર એન.જી.ટી.માં ફરિયાદ થઇ હતી અને એન.જી.ટી. દ્વારા કમિટીનું ગઠન કરવામાં આવ્યું હતું. એ કમિટીમાં ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડન, ડાયરેકટર મરીન નેશન પાર્ક અને જી.પી.સી.બી. એમ ૩ સંસ્થાના ૩ મેમ્બરોની કમિટી નીમવામાં આવી હતી અને એ ફરિયાદ બાદ જી.પી.સી.બી.માં તા.૧૮-૪-૨૨ ના રોજ હુકમ કરેલો કે એન.જી.ટી.માં મેંગરુ વિસ્તાર વર્ષ ૨૦૧૯ના સાપેક્ષમાં વર્ષ ૨૦૨૧માં વધ્યા હતા. એ ફરિયાદમાં લખ્યા પ્રમાણે અને એનું નીરી પ્રમાણ પણ એસેસમેન્ટ દર વર્ષે થાય છે. આંતર ભરતીના કારણે ઉપરવાસમાં જૈવિક મરીન જે બાયોલોજિકલ જે જીવજંતુ છે, એની ઉપર કોઇપણ જાતની અસર થઇ નથી. આમ સાહેબ, એ લોક સુનાવણી થઇ હતી અને એન.જી. ટી. માં જયારે રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો, ત્યારે એન.જી.ટી. એ, એ રિપોર્ટ ખારીજ કરી નાંખ્યો હતો અને એને કિલનચીટ આપી હતી, એટલે એ નોટિસ દફતરે કરવામાં આવી હતી. એમનું કહેવાનું છે કે ખેતીમાં કોઇ નુકસાન થયું હોય એવી અમારી પાસે કોઇ ફરિયાદ આવી નથી. સાહેબ, એવી ફરિયાદ આવશે તો અમે તપાસ કરીને યોગ્ય નિકાલ કરીશું.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નાયરા એનર્જીનો કુલ કેટલો વિસ્તાર છે, કેટલા વિસ્તારમાં એ એનર્જી પ્લાન્ટ આવેલો છે અને સાથે સાથે આ કંપની દ્વારા બાગાયતી ગ્રીન બેલ્ટ ડેવલોપમેન્ટ કરવામાં આવે છે કે કેમ? અને જો કરવામાં આવે છે તો કેટલા વિસ્તારની અંદર વાવેતર કરવામાં આવેલ છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નાયરા એનર્જી ટોટલ ૧,૧૦૦ હેકટરની અંદર કંપની આવેલી છે. એમાંથી લગભગ ૩૫ ટકા જેટલો વિસ્તાર એટલે લગભગ ૪૧૦ હેકટર જેટલા વિસ્તારની અંદર બાગાયતી ગ્રીન બેલ્ટ એરિયા આવેલો છે. નાયરા દ્વારા જે ખેતી કરવામાં આવે છે તેમાં કેરી, સરુ, દાડમ, ચીકુ, કેસર, ઓસ્ટ્રેલિયન બાબુલ, કણજ, લીમડો, સોનમહોર, ગુલમહોર, સીરીસ, આછો ગુલાબી સપ્તર્સી, દેવ કંચન, આમલી, ગોરસ આમલી, બદામ, સરગવો, ગરામલો,

અધ્યક્ષશ્રી : કયા કયા ઝાડ વાવ્યા છે એવું પૂછયું નથી. કેટલો એરિયા છે એ જ પૂછયું છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૪૧૦ હેકટરમાં એમણે વાવેતર કરેલ છે અને આ ટાઇપના ઝાડો ત્યાં થાય છે. આની અંદર વધારે તો કેરી વાવે છે અને કેરીનું એકસ્પોર્ટ પણ આ કંપની દ્વારા કરવામાં આવે છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જી.પી.સી.બી. દ્વારા નાયરા એન્જિનિયરિંગ લિમિટેડનું છેલ્લાં બે વર્ષ દરમ્યાન કેટલી વખત મોનિટરિંગ કરવામાં આવેલ છે અને જી.પી.સી.બી. સિવાય બહારની કોઇ સંસ્થા દ્વારા એનું મોનિટરિંગ કરવામાં આવે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : અગાઉના પ્રશ્નમાં જેટલો જવાબ ન આવ્યો હોય એટલો જવાબ આપો. આગળના પ્રશ્નમાં લગભગ આવી ગયો છે પણ બાકી રહેતો હોય એટલો જવાબ આપો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જનરલી જી.પી.સી.બી. દ્વારા વર્ષમાં ૩થી ૪ વખત મોનિટરિંગ થાય છે પણ આ નાયરા કંપનીની અંદર ૨૦૨૨ના વર્ષ દરમ્યાન છ વાર મુલાકાત લીધી હતી. એમાં બહારની એજન્સી નીરી દ્વારા પણ મુલાકાત થઇ હતી**,** એન.આઇ.ઓ. દ્વારા પણ મુલાકાત લેવામાં આવેલી છે. આમ વારંવાર મુલાકાતો થાય છે અને વારંવાર મુલાકાત થાય ત્યારે જે તે સમયે એના રિપોર્ટ પણ રજૂ કરવામાં આવે છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નાયરા એન્જિનિયરિંગ લિમિટેડ દ્વારા શું ઉત્પાદન કરવામાં આવે છે અને આ કંપની દ્વારા હવા, પાણી અને જોખમી કચરાનું પ્રદૂષણ અટકાવવા માટે કયા કયા પગલાં લેવામાં આવેલ છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ નાયરા એન્જિનિયરિંગ કંપની દ્વારા પેટ્રોલ, ડીઝલ, એલ.પી.જી., કેરોસીન, ગેસોલીન વગેરેનું ઉત્પાદન થાય છે. આ કંપનીની અંદર ૨૧ મિલિયન મેટ્રિક ટન કેપેસિટી માટે પર્યાવરણના કાયદા હેઠળ સી.સી.એ. રિન્યુબલ અને વન પર્યાવરણ મંત્રાલય તરફથી પર્યાવરણની મંજૂરી લઇને આ કંપનીની અંદર પ્રોડકશન થાય છે. પાણી પ્રદૂષણની અંદર આ કંપની પાણી માટે ખારા પાણી ડી સેલિનેશન કરીને ખારું પાણી મીઠું બનાવીને તેનો ઉપયોગ કરે છે. બહારના નદી, નાળાના પાણીનો ઉપયોગ કરતા નથી અને ભૂગર્ભ જળનો પણ ઉપયોગ કરતા નથી. એ જ રીતે હવા પ્રદૂષણની અંદર પણ નાઇટ્રોજન, ઓક્સિજન નિયંત્રણ માટે બર્નર પણ લગાવ્યા છે. ઓન લાઇન મોનિટરિંગ કરવા માટેનાં સાધનો પણ લગાવવામાં આવેલા છે. એ જ રીતે જોખમી કચરા માટે પણ તેના સ્ટોરેજ માટે અલાયદી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. એકમ દ્વારા ઇ.ટી.પી.માંથી ઉદભવતા વેસ્ટના નિકાલ માટે ઓથોરાઇઝડ ટી.એસ.ડી.એફ. સાઇટનું સભ્યપદ પણ મેળવેલું છે, બીજા વેસ્ટ જેવા કચરા ઓઇલ વેસ્ટ, રેસ્કયુ કન્સલ્ટિંગ ઓઇલ, યુઝ ઓઇલ, તથા વેસ્ટર્ન ઓથોરાઇઝ સીમેન ઇન્ડસ્ટ્રીઝ જેવા પ્રોસેસિંગ યુનિટમાં મોકલવામાં આવે છે અને આ રીતે કચરાનો નિકાલ કરવામાં આવે છે.

એમ એન્ડ જે ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થાલ્મોલોજી અમદાવાદનું સંવર્ગવાર મહેકમ

* ૨૩૫૪ **શ્રી જીતેન્દ્રકુમાર પટેલ** (નારણપૂરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ એમ એન્ડ જે ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થાલ્મોલોજી અમદાવાદનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧)

સંવર્ગ	મંજૂર જગ્યા
વર્ગ-૧	૩૯
વર્ગ-૨	૧૫
વર્ગ-૩	૨૩૦
વર્ગ-૪	૧૪૭
કુલ	**૪૩૧**

(૨)

સંવર્ગ	ભરાયેલ જગ્યા	ખાલી જગ્યા
વર્ગ-૧	૩૧	૦૮
વર્ગ-૨	૦૩	૧૨
વર્ગ-૩	૧૯૫	૩૫
વર્ગ-૪	૧૪૭	૦૦
કુલ	**૩૭૬**	**૫૫**

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આગળના દસ નંબરના પ્રશ્નમાં મારા પ્રશ્નનો જવાબ મળી ગયેલો છે.

રાજકોટ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોના બાંધકામો

* ૨૩૪૭ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ પૂર્ણ થયા, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૪૨ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી કોઈ બાંધકામ પૂર્ણ થયેલ નથી.

(૩) તેની પાછળ કોઈ ખર્ચ થયેલ નથી.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટમાં વર્ષ ૨૦૧૧ની ગ્રામ્ય વસતિના ધોરણ મુજબ કુલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા આરોગ્ય કેન્દ્રોની મંજૂરી અને વધઘટની વિગતો શું છે?

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં સને ૨૦૧૧ની સ્થિતિએ ૧,૪૨૬ સામૂહિક આરોગ્ય કેન્દ્રોની જરૂરિયાત સામે ૧,૪૯૯ છે અને ૭૩ વધારે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ૩૬૫ની જરૂરિયાત સામે ૩૬૫ છે. પેટા આરોગ્ય કેન્દ્રો ૯,૦૬૩ સામે ૯૨૩૧ એટલે ૧૬૧ વધારે છે. રાજકોટ જિલ્લાની વાત કરીએ તો સી.એચ.સી.ની જરૂરિયાત ૧૪ અને હયાત ૧૮ એટલે ૪ વધારે છે. પી.એચ.સી. જરૂરિયાત ૫૫ અને હયાત ૫૬ એટલે ૧ વધારે છે.

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો કોઇ પ્રશ્ન નથી પણ હું આરોગ્ય મંત્રીશ્રીને આણંદ જિલ્લાવતી ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું કે આણંદ જિલ્લાને નવી ૧૦ વેન્ટિલેટરવાળી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવી છે એ બદલ મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીનો ખૂબ આભાર.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અહીં ૪૨ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ મંજૂર કરવામાં આવ્યા છે તે પૈકી કોઇ બાંધકામ પૂર્ણ થયેલ નથી. આ અગાઉના પ્રશ્નમાં પણ માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો તેમાં બધી પ્રોસેસ થઇ ગઇ હોય પણ ટેન્ડર નીકળ્યા ન હોય એટલે પી.આઇ.યુ. યુનિટ છે તેની કામગીરી ખૂબ ધીમી દેખાય છે. ગ્રામ્ય કક્ષાએ પેટા આરોગ્ય કેન્દ્રો હોય, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોય કે સી.એચ.સી. હોય, હેલ્થ માટે ખૂબ અગત્યના યુનિટો છે. પી.આઇ.યુ. યુનિટની કાર્યવાહી સઘન બને અને બાંધકામની પ્રક્રિયા ઝડપથી પૂરી કરે એ માટે સ્ટાફ ઘટતો હોય તો સ્ટાફ ભરવાની અથવા તો બીજી કોઇ કન્સલ્ટન્ટ નીમવાની જરૂરિયાત હોય તો એ પૂરી કરીને આ બાંધકામો ઝડપથી પૂરા થાય તે માટેની કોઇ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા માટે ગૌરવનો વિષય છે કે રાજ્ય સરકાર પોતે તો આરોગ્યનું કામ કરે પણ ઇ.સી.આર.પી. પેકેજ-૨માં કેન્દ્ર સરકાર પણ આપણને આમાં સહાય કરતી હોય. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું આખું કામ કરવા માટે ખૂબ સારી વ્યવસ્થા આપણે ત્યાં થઇ છે. એમણે આખા રિપોર્ટનું પૂછ્યું કે કયુ કામ ક્યાં છે, કેટલી પ્રગતિ થઇ છે. મારી પાસે તૈયાર છે. આપ કહો તો ક્યા સ્ટેજ ઉપર પહોંચ્યું અને કેટલા સમયમાં પૂરું થાય, મારી પાસે વિગત છે અને ત્રણ પાનાની નોટ છે.

અધ્યક્ષશ્રી : એમની માહિતી એટલી છે કે પી.આઇ.યુ. ઝડપથી કામ કરે તેના માટે કંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : પી.આઇ.યુ. ઝડપી કામ કરે છે પણ ઘણી વખત જમીન માટે..

અધ્યક્ષશ્રી : તમે જવાબ એવો લખ્યો છે કે પૂર્ણ થયેલ નથી એના કારણે અને તેની પાછળ કોઇ ખર્ચ થયેલ નથી. આવો જવાબ છે તેના કારણે તેમણે પૂછ્યું છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : ખર્ચ થયો છે.

અધ્યક્ષશ્રી : જવાબ એવો આપેલો છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : પ્રાઇમરી સ્ટેજ ઉપર જે ખર્ચ થયો હોય, સોઇલ ટેસ્ટિંગ, જમીન મેળવવાની પ્રક્રિયા હોય...

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન એટલો છે કે જો વિલંબ થતો હોય તો? વિલંબ ન થતો હોય તો વાંધો નહીં. વિલંબ થતો હોય તો કરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : જે બાંધકામ પ્રગતિમાં છે તે વહેલી તકે તેની ટેન્ડર પ્રોસેસ કરી અને ઝડપથી પૂરા કરી દેવામાં આવશે.

સુરત જિલ્લામાં સરકારી છાત્રાલયોમાં સોલર-વોટર હિટર સિસ્ટમ

* ૨૩૨૨ **શ્રી સંદીપ દેસાઈ** (ચોર્યાસી) : **માનનીય ક્લાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકારી છાત્રાલયોમાં સોલર-વોટર હિટર સિસ્ટમ સ્થાપવાની યોજના છે કે કેમ,	(૧) હા, જી.
(૨) જો હા, તો તેની વિગતો શી છે,	(૨) સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ, કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ, એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલો તથા યાત્રાધામના વિશ્રામ ગૃહોમાં ૧૦૦% સરકારી સહાયથી સોલર વોટર હિટીંગ સિસ્ટમ સ્થાપવાની યોજના છે.
(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કુલ કેટલી સોલર વોટર હિટર સિસ્ટમ સ્થાપવામાં આવી, અને	(૩) ૮
(૪) ઉક્ત સ્થિતિએ તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?	(૪) રૂ.૧૯,૦૮,૯૦૦/-

શ્રી સંદીપ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સુરત જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કઇ કઇ સંસ્થાઓમાં કેટલી ક્ષમતાની સોલર વોટર હિટર સિસ્ટમ લગાવવામાં આવી છે? તે માટે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં સિઝનલ હોસ્ટેલ, ઉમરખાડી તાલુકો ઉમરપાડાની અંદર ૧,૫૦૦ લિટરની ક્ષમતાવાળી બે સિસ્ટમ લગાડવામાં આવી છે. તેમાં રૂ. ૪, ૭૩, ૬૫૦નો ખર્ચ થયો છે. સિઝનલ હોસ્ટેલ ચકડા, તાલુકો ઉમરપાડા. તેમાં ૧,૫૦૦ લિટરની ક્ષમતાવાળી બે સિસ્ટમ લગાડવામાં આવી છે. તેમાં રૂ. ૪, ૭૪, ૪૦૦નો ખર્ચ થયો છે. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, બિલવાડ, તાલુકો ઉમરપાડા ખાતે ૧,૫૦૦ લિટરની ક્ષમતાવાળી બે સિસ્ટમ લગાડવામાં આવી છે.એનો ખર્ચ રૂ.૪,૭૬,૩૫૦, થયો. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, રેગામા, તાલુકો માંડવી, એની અંદર ૧,૫૦૦ લિટરની બે સિસ્ટમ લગાવવામાં આવી છે. એની અંદર રૂ. ૪,૮૪,૫૦૦ખર્ચ થયો છે. આમ ૧,૫૦૦ લિટરની ૮ સિસ્ટમ લગાવવામાં આવી છે અને એના માટે રૂ.૧૯,૦૮,૯૦૦ નો કુલ ખર્ચ થયો છે.

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય મંત્રીશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સોલાર વોટર હિટર સિસ્ટમની યોજનાનું અમલીકરણ કઇ રીતે થાય છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સોલર-વોટર હિટર સિસ્ટમ યોજના અંતર્ગત ઉપલબ્ધ વાર્ષિક જોગવાઇના આધારે અન્ય વિભાગના હસ્તક સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ, કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ, એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કૂલોની યાદી મેળવી સોલર વોટર હિટર સિસ્ટમ લગાવવામાં આવે છે અને આ બધી શાળાઓમાં વિનામૂલ્યે એક પણ રૂપિયો લીધા વગર સોએ સો ટકા ફ્રીમાં લગાવવામાં આવે છે.

અરવલ્લી અને વલસાડ જિલ્લામાં ડોક્ટરો પાસેથી બોન્ડ રકમની વસૂલી

* ૩૨૩૮ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સરકારી કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ કરેલ ડોક્ટરોની અરવલ્લી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર આપેલ નિમણૂક પૈકી હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ

ક્રમ	**જિલ્લાનું નામ**	**હાજર ન થયા હોય તેવા ડોક્ટરો પાસેથી બોન્ડની રકમ વસૂલવાના બાકી કેસોની સંખ્યા**	**બાકી રકમ (રૂપિયામાં)**
૧	અરવલ્લી	૦૪	૨૦,૦૦,૦૦૦/-
૨	વલસાડ	૦૭	૩૫,૦૦,૦૦૦/-

(૨) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ઘોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મેં જયારે એમ.બી.બી.એસ. પૂરું કર્યું હતું ત્યારે બોન્ડની રકમ ફકત ૧૦ હજાર રૂપિયા હતી. અત્યારે બોન્ડની રકમ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ કેટલી છે એ જાણવું છે? અને સરકારશ્રી એ બોન્ડની રકમ વધારવા માગે છે કેમ? અને મારું બીજું એક એ સજેશન એ પણ છે કે બોન્ડની રકમ ના રાખતા ફરજિયાત સરકારની સેવા આપવાની કોઇ જોગવાઇ આપ કરી શકો કે કેમ? તો જ આ ડોકટરોમાં પલાયનવાદ અટકશે અને ગુજરાતના લોકોને આરોગ્યની સારી સુવિધા આપણે પૂરી પાડી શકીશું. થેંકયુ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય તુષારભાઇએ કહ્યું એ પ્રમાણે બોન્ડથી પલાયનવાદ એટલા માટે છે કારણ કે એમની પાસેવેકન્સી બીજી જગ્યાએ કામ કરવાની હોય છે. પરંતુ હવે ૧,૦૦૦ જગ્યા માટે જયારે જી.પી.એસ.સી.માં માંગણાપત્રક મોકલીએ અને લગભગ આપણી પાસે ૨,૫૦૦ ડોકટરો બોન્ડના અવેલેબલ થાય અને સામે ૭૧૧ જ જગ્યા હોય એટલે સ્વાભાવિક એ ફલો જેમ વધતો જાય એમ બોન્ડની રકમ પણ આવતા સમયમાં, અત્યારે એમ.બી.બી.એસ.માં રૂ.૨૦ લાખની નવી આપણે કરી છે પરંતુ જે જૂની હતી એ રૂ.૫,૦૦૦/-થી લઇ ચાલતી ચાલતી અત્યારે નવી પોલિસી પ્રમાણે એમ.બી.બી.એસ.માં રૂ.૨૦ લાખ કરવા જઇ રહ્યા છીએ, પી.જી. માં રૂ.૪૦ લાખને એસ.એસ.માં રૂ.૫૦ લાખ આ પ્રમાણે છે. રકમ વધારવાની વખતોવખતની સરકારોને જરૂરિયાત પડી છે અને એના કારણે આપણને ડોકટરો ગ્રામ્ય સેવાઓમાં મળતા થયા એની પાછળ કોઇપણ સરકાર, ભૂતકાળની સરકાર હોય કે ચાલુ સરકાર હોય એના મનમાં એવું છે કે આટલા બધા લોકોના ટેકસના પૈસે ડોકટરો બનતા હોય તો કમસેકમ એ ગ્રામ્ય વિસ્તારમાં જઇ અને જયાં આગળ સેવાઓ નથી

અતારાંકિત પ્રશ્નો

મળી શકતી એવી જગ્યાએ જઈ અને સેવા આપે એના માટે આ બોન્ડની રકમો રૂ.૫૦૦૦/-થી લઈ આટલા સુધી પહોંચ્યા છીએ, વર્ગ-૨નો વિષય પતે છે અને આવતા સમયમાં કોલેજો વધવાના કારણે આપણે વધતા જઈએ છીએ, પી.જી.માં પણ આ વખતે આપણે લગભગ ૨,૭૦૦-૨,૮૦૦ સીટોએ પહોંચીશું, અત્યારે ૨,૪૦૦ની આસપાસ છીએ તો ૨,૭૦૦-૨,૮૦૦ જેટલી પી.જી.ની સીટો વધે અને એ પણ ક્રમશઃ વધે, એસ.એસ.ની સીટો વધતી રહે તો આ જે ડોકટરોની સ્કેરસિટી છે એ પૂરી કરવા પાછળનો આશય બોન્ડનો હોય છે.

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આમ તો ભરતીની આખી પ્રક્રિયા વિશે જણાવ્યું, ભરતી પણ થઇ રહી છે પરંતુ એક પ્રશ્ન એ છે કે આદિવાસી વિસ્તારની અંદર વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૧૧ માસના કરારથી ડોકટરોની ભરતી થયેલી છે. ૧૧ માસ પૂરા થઇ ગયા છે, ઘણા સમયથી આ કરાર રિન્યૂ થયેલ નથી તો કરવા માગો છો કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રીનું અવલોકન

અધ્યક્ષશ્રી : (સભાગૃહમાં કાબર ઉડતાં)કાબર એવું જોવા આવી છે કે અમે જેમ ઝઘડીએ છીએ એવું તો નથી ઝઘડતાને! એટલા માટે આવી છે પણ આપણે શાંત છીએ એટલે અહીંયા આવીને પોઝિટિવ વાતાવરણ લઇને જશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કરાર આધારિત જે આપણું પોર્ટલ હતું એ અત્યારે બંધ કર્યું છે અને હવે આપણે કરાર આધારિત આપતા પણ નથી અને એનું કારણ એ છે કે વર્ગ-૨ના બોન્ડેડ ડોકટરો આપણી પાસે અવેલેબલ થઇ રહ્યા છે એટલે એ બોન્ડના ડોકટરોને સર્વિસ આપવા માટે તથા કાયમી જગ્યા ભરવા માટે...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

ભરૂચ અને નર્મદા જિલ્લામાં ડોક્ટરો પાસેથી બોન્ડ રકમની વસૂલી

૩૨૪૫ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સરકારી કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ કરેલ ડોક્ટરોની ભરૂચ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર આપેલ નિમણૂક પૈકી હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ

ક્રમ	જિલ્લાનુ નામ	હાજર ન થયા હોય તેવા ડોક્ટરો પાસેથી બોન્ડની રકમ વસૂલવાના બાકી કેસોની સંખ્યા	બાકી રકમ (રૂપિયામાં)
૧	ભરૂચ	૧૪	૭૦,૦૦,૦૦૦/-
૨	નર્મદા	૧૦	૫૦,૦૦,૦૦૦/-

(૨) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ઘોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

રાજ્યમાં સિંહની વસ્તી ગણતરી

૨૩૨૪ **શ્રી રમેશભાઈ ટીલાળા** (રાજકોટ દક્ષિણ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

પ્રશ્ન

(૧) રાજ્યમાં સિંહની વસ્તી ગણતરી કેટલા વર્ષે કરવામાં આવે છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સિંહની છેલ્લી વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવેલ છે, અને

(૩) રાજ્યમાં સિંહની છેલ્લી વસ્તી ગણતરી મુજબ નોંધાયેલ સિંહોની સંખ્યા કેટલી છે ?

જવાબ

(૧) રાજ્યમાં સિંહની વસ્તી ગણતરી દર પાંચ વર્ષે કરવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સિંહનો છેલ્લો વસ્તી અંદાજ સને ૨૦૨૦ માં (પુનમ અવલોકન) હાથ ધરવામાં આવેલ હતો.

(૩) રાજ્યમાં સિંહની છેલ્લી વસ્તી ગણતરી મુજબ સિંહોની સંખ્યા ૬૭૪ નોંધાયેલ છે.

- - - - - - - - -

છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં ડોક્ટરો પાસેથી બોન્ડ રકમની વસૂલી

૩૨૨૩ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સરકારી કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ કરેલ

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ

ડોક્ટરોની છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર આપેલ નિમણૂક પૈકી હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

ક્રમ	જિલ્લાનું નામ	હાજર ન થયા હોય તેવા ડોક્ટરો પાસેથી બોન્ડની રકમ વસૂલવાના બાકી કેસોની સંખ્યા	બાકી રકમ (રૂપિયામાં)
૧	છોટાઉદેપુર	૨૦	૧,૦૦,૦૦,૦૦૦/-
૨	દાહોદ	૩૩	૧,૬૫,૦૦,૦૦૦/-

(૨) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨) મામલતદાર(વસૂલાત) દ્વારા વસૂલાતની ઘોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- - - - - - - - -

અમરેલી જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોના બાંધકામ

૨૩૪૩ **શ્રી જનકભાઈ તળાવિયા** (લાઠી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ પૂર્ણ થયા ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કુલ ૦૯ પેટા આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી કોઈ બાંધકામો પૂર્ણ થયેલ નથી.

- - - - - - - - -

અમરેલી જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોના બાંધકામ

૨૫૨૬ **શ્રી જે.વી. કાકડિયા** (ધારી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ પૂર્ણ થયા ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કુલ ૦૯ પેટા આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી કોઈ બાંધકામો પૂર્ણ થયેલ નથી.

- - - - - - - - -

ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝએન્ડ રિસર્ચ સેન્ટર અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ

૨૩૬૨ **શ્રી દિનેશસિંહ કુશવાહ** (બાપુનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝએન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદને રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

વર્ષ	ફાળવેલ ગ્રાન્ટ(રૂ.લાખમાં)
૨૦૨૦-૨૧	રૂ.૧૦૯૧૮.૭૬ લાખ
૨૦૨૧-૨૨	રૂ.૧૩૨૩૫.૭૭ લાખ

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન થયેલ ખર્ચ નીચે મુજબ છે.

વર્ષ	થયેલ ખર્ચ (રૂ.લાખમાં)
૨૦૨૦-૨૧	રૂ.૧૨૨૨૪.૮૦ લાખ
૨૦૨૧-૨૨	રૂ.૧૮૭૬૪.૮૭ લાખ

- - - - - - - - -

અમદાવાદની અખંડાનંદ આયુર્વેદિક હોસ્પિટલનું જર્જરીત મકાન

૨૪૮૦ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન	**જવાબ**
(૧) અમદાવાદમાં આવેલી અખંડાનંદ આયુર્વેદિક હોસ્પિટલનું મકાન જર્જરીત અને ભયજનક હાલતમાં છે તે હકીકત સાચી છે, અને	(૧) હા, જી.
(૨) જો હા, તો સરકારે આ હોસ્પિટલના નવા મકાન માટે કોઇ આયોજન કરેલ છે કે કેમ ?	(૨) સરકારે આ હોસ્પિટલના નવા મકાન માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં નવી બાબત મંજૂર કરેલ છે.

- - - - - - - - -

સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટ અને ફિઝિયોથેરાપી કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ

૨૩૫૯ **પાયલ કુકરાની** (નરોડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટ અને ફિઝિયોથેરાપી કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧)

સંવર્ગ	**મંજૂર જગ્યા**
વર્ગ-૧	૨૫
વર્ગ-૨	૨૮
વર્ગ-૩	૧૦૫
વર્ગ-૪	૬૦
કુલ	**૨૧૮**

(૨)

સંવર્ગ	**ભરાયેલ જગ્યા**	**ખાલી જગ્યા**
વર્ગ-૧	૦૭	૧૮
વર્ગ-૨	૦૩	૨૫
વર્ગ-૩	૯૧	૧૪
વર્ગ-૪	૬૦	૦૦
કુલ	**૧૬૧**	**૫૭**

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

- - - - - - - - -

મહેસાણા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામ

૨૩૪૯ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો/ સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું કામ ક્યા તબક્કે છે, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૦૩ (ત્રણ) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૦૧ (એક) સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું કામ નીચે જણાવેલ વિગતે તબક્કા હેઠળ છે.

અનુ. નં.	**પ્રા.આ.કેન્દ્ર / સા.આ. કેન્દ્ર**	**ભૌતિક સ્થિતિ**
૧	સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખેરાલુ, તા.ખેરાલુ	ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ
૨	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેણપ, તા.વિસનગર	
૩	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જગુદણ, તા.મહેસાણા	વહીવટી મંજૂરીની

૪	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોઢેરા, તા.બેચરાજી	પ્રક્રિયા હેઠળ

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૩) ઉક્ત મંજૂર થયેલ બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામ વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ હોય પૂર્ણ થયેલ નથી અને સદર કામગીરી માટે કૂલ ખર્ચ રૂ.૪૪,૩૭૪/- નો ખર્ચ થયેલ છે.
પી.એચ.સી.નું બાંધકામ કરવાની પ્રક્રિયા કરતા પહેલા જમીનની સોઇલ ટેસ્ટિંગની કામગીરી માટે ખર્ચ થાય છે. જે માટે વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં આવો ખર્ચ કરવા માટે કરાયેલ જોગવાઇમાંથી નિયમોનુસાર મળેલ મંજૂરી અન્વયે પત્રક-૧ મુજબ રૂ.૪૪,૩૭૪/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

પત્રક-૧

ક્રમ	ફેસિલિટી	ગામનું નામ અને તાલુકો	બજેટ જોગવાઇ			થયેલ રકમ રૂ.લાખમાં	ખર્ચ થયેલ કામગીરીની વિગત
			વર્ષ	એચ.એફ. નં.	પ્રોવિઝન રકમ રૂ.લાખમાં		
૧	સા.આ.કેન્દ્ર	ખેરાલુ, તા.ખેરાલુ	૨૦૨૧-૨૨	૧૫૯	૧૩૫.૧૦	૦.૩૯	સાઇટ સરવેની કામગીરી સબબ
			૨૦૨૨-૨૩	૧૮૩	૧૩૫.૦૦		
				કુલ	**૨૭૦.૧૦**	**૦.૩૯**	
૨	પ્રા.આ.કેન્દ્ર	દેણપ, તા.વિસનગર	૨૦૨૧-૨૨	૨૨૧	૩૮.૫૦	૦.૦૨	સાઇટ સરવેની કામગીરી સબબ
			૨૦૨૨-૨૩	૧૮૦	૩૮.૫૦		
				કુલ	**૭૭.૦૦**	**૦.૦૨**	
૩	પ્રા.આ.કેન્દ્ર	મોઢેરા, તા.બેચરાજી	૨૦૨૧-૨૨	૨૨૧	૩૮.૫૦	૦.૦૩	સાઇટ સરવેની કામગીરી સબબ
			૨૦૨૨-૨૩	૧૮૦	૩૮.૫૦		
				કુલ	**૭૭.૦૦**	**૦.૦૩**	
૪	પ્રા.આ.કેન્દ્ર	જગુદણ, તા.મહેસાણા	૨૦૨૧-૨૨	૨૨૧	૩૮.૫૦	૦.૦૦	
			૨૦૨૨-૨૩	૧૮૦	૩૮.૫૦		
				કુલ	**૭૭.૦૦**	**૦.૦૦**	

- - - - - - - - -

રાજ્યની સરકારી આયુર્વેદ કોલેજને નેશનલ કાઉન્સિલ ફોર ઇન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસીન દ્વારા માન્યતા

૨૩૬૬ **શ્રી અમીત શાહ** (એલિસબ્રિજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કેટલી સરકારી આયુર્વેદ કોલેજને નેશનલ કાઉન્સિલ ફોર ઇન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસીન દ્વારા માન્યતા મળી, અને

(૨)ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી કોલેજો કાર્યરત થઇ છે ?

જવાબ

(૧) કુલ-૫ (પાંચ).

(૨) ઉક્ત ૫ (પાંચ) કોલેજો કાર્યરત થઇ છે.

- - - - - - - - -

સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

૨૩૨૭ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

વર્ષ	વાવેતર વિસ્તાર (હેક્ટરમાં)
૨૦૨૧-૨૨	૩૭.૦૦
૨૦૨૨-૨૩	૩૩.૦૦

(૨) રૂ. ૬૮.૨૯ લાખ.

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

કેવડિયા ખાતે ક્ષેત્રિય વનીકરણ માટેની નાણાકીય જોગવાઈ

૩૦૭૦ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લાના કેવડીયા વન વિભાગને ક્ષેત્રિય વનીકરણ માટે સરકારે કેટલી નાણાકીય જોગવાઈ કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ક્ષેત્રિય વનીકરણ હેઠળ કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવેલ, અને

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧)

નાણાકીય વર્ષ	નાણાકીય જોગવાઈ
૨૦૨૧-૨૨	૯૨૯.૦૪ લાખ
૨૦૨૨-૨૩	૧૨૫૦.૦૦ લાખ

(૨) ક્ષેત્રિય વનીકરણ હેઠળ પથ્થરની દીવાલ, અ અને બ પ્રકારના બાણો, દવા ટુકડીની રચના અને જાળવણી, વાહનોની મરામત તથા જાળવણી, રોજમદારના પગાર ભથ્થા, ૧૨ વોલ્ટના ફાનસની ખરીદી, કચેરી ખર્ચ, વાયરલેસ સેટની જાળવણી, વન સંરક્ષણના કામે રાઉન્ડ ચકાસણી, રાજ્યના ૨૭ રક્ષિત વિસ્તારો તથા બહારની બાજુએ વિચરતા વન્ય પ્રાણીઓ વ્યવસ્થા વિકાસની કામગીરી, ઈન્ટરપ્રિટેશન સેન્ટરની જાળવણી, ચેકડેમ, વન તલાવડી, જન જાગૃતિનાં કામો (ખેડૂત શિબિર, નેચર કેમ્પ, સ્વરોજગાર સહાય, સામૂહિક સંગઠણ અને તાલીમ, દવ સંરક્ષણ સાધનો, વાવેતર અને નર્સરી, તાલીમ, નર્સરી સુધારણા, ક્લસ્ટર વિકાસની કામગીરી, ગામોમાં આર્થિક વિકાસની કામગીરી, મંડળીઓ દ્વારા જંગલ સંરક્ષણની કામગીરી, પ્રચાર અને પ્રસાર, માનવ સંપત્તિ તેમજ માનવ જાતને થતુ નુકશાન અટકાવવા, રેસ્કયુ પ્રાણીઓને સ્થળાંતર તથા ખોરાક, દવા અને પાણી, કરુણા અભિયાન, વન્યપ્રાણીઓ દ્વારા થતા માનવ જાનહાની તથા માલઢોરના મૃત્યુ સામે વળતર, વન્યપ્રાણીઓની પાણી પીવા કુડીઓ, તળાવો બનાવવા, વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી, વન્યજીવ બચાવ, વન્યપ્રાણીઓને પકડવા માટેની સાધન સામગ્રી, ઈકો- ટુરિઝમની કામગીરી, વોચ ટાવર, રસ્તા, માર્ગ, ચેકીંગ નાકા કચેરી વગેરેની જાળવણી, હેબીટેટ સુધારણા (ખોરાક તથા રહેઠાણ).

(૩)

નાણાકીય વર્ષ	થયેલ ખર્ચ
૨૦૨૧-૨૨	૯૨૯.૦૪ લાખ
૨૦૨૨-૨૩	૪૨૫.૩૩ લાખ

- - - - - - - - -

કચ્છ જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર

૨૫૨૦ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કેટલા સબ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેન્દ્રો ઉપર કયા ક્યા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ૪૨૧ સબ સેન્ટર અને ૬૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર ખાતે ૧૨ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

1. ગર્ભાવસ્થા અને બાળજન્મ સંબંધિત સેવાઓ.
2. નવજાત બાળક અને શિશુઓની આરોગ્ય-સંભાળ સેવાઓ.

3. બાલ્યાવસ્થા અને તરુણાવસ્થાની આરોગ્ય-સંભાળ સેવાઓ.
4. કુટુંબનિયોજન, ગર્ભ નિરોધક સેવાઓ અને અન્ય પ્રજનનતંત્રના આરોગ્ય સંબંધિત સેવાઓ.
5. નેશનલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ચેપી રોગોની સારવાર અંગેનું વ્યવસ્થાપન
6. સામાન્યતઃ જોવા મળતા ચેપી રોગો, તીવ્ર રોગો અને સામાન્ય બીમારીઓની ઓ.પી.ડી. સારવારનું વ્યવસ્થાપન.
7. બિનચેપી રોગોની તપાસ, અટકાવ અને વ્યવસ્થાપન.
8. સામાન્યતઃ જોવા મળતી આંખની બીમારીઓ અને કાન, નાક, ગળાની સમસ્યાઓની સારવાર.
9. મોઢાના આરોગ્યની સામાન્ય સારવાર.
10. વૃદ્ધત્વ તેમજ દર્દશામક સારવાર સેવાઓ.
11. ઇમર્જન્સી તબીબી સેવાઓ.
12. માનસિક બીમારીઓની તપાસ અને સામાન્ય વ્યવસ્થાપન.

- - - - - - - - -

એમ. પી. શાહ મેડિકલ કોલેજ, જામનગરનું સંવર્ગવાર મહેકમ

૨૩૬૦ **શ્રીમતી રિવાબા જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ એમ.પી.શાહ મેડિકલ કોલેજ, જામનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧)

સંવર્ગ	મંજૂર જગ્યા
વર્ગ-૧	૨૪૩
વર્ગ-૨	૯૮
વર્ગ-૩	૨૦૦
વર્ગ-૪	૧૭૭
કુલ	**૭૧૮**

(૨)

સંવર્ગ	ભરાયેલ જગ્યા	ખાલી જગ્યા
વર્ગ-૧	૧૫૬	૮૭
વર્ગ-૨	૪૦	૫૮
વર્ગ-૩	૧૪૫	૫૫
વર્ગ-૪	૧૭૭	૦૦
કુલ	**૫૧૮**	**૨૦૦**

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

- - - - - - - - -

ઘાનેરા અને દાંતીવાડા તાલુકામાં સરકારી કોલેજ

૩૨૫૮ **શ્રી માવજીભાઈ દેસાઈ** (ઘાનેરા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ઘાનેરા અને દાંતીવાડા તાલુકામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ ત્રણેય પ્રવાહની કોઈ સરકારી કોલેજ આવેલ નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

જવાબ

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકામાં નવી સરકારી કોલેજ શરૂ કરવાનું રાજ્ય સરકારનું કોઈ આયોજન છે ?

(૨) ઉક્ત બે તાલુકામાં નવી સરકારી કોલેજ શરૂ કરવાનું રાજ્ય સરકારનું હાલ કોઈ આયોજન નથી.

- - - - - - - - -

ક્વાંટ ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડિંગ

૨૫૪૩ **શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | **જવાબ**

(૧) વર્ષ ૨૦૨૨-૨૩માં છોટા ઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ. ૫,૬૦,૬૨,૨૦૦/-ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) આ મંજૂરી ક્યારે આપવામાં આવી ?

(૩) તા.૨૭-૦૬-૨૦૨૨ના રોજ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

- - - - - - - - -

હિંમતનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

૨૩૨૮ **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૧)

વર્ષ	વાવેતર કરેલ રોપા (સંખ્યામાં)
૨૦૨૧-૨૨	૫૧,૦૨૨
૨૦૨૨-૨૩	૪૬,૦૨૨

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેમાં મુખ્યત્વે અરડુસા, નીલગીરી, લીમડા, દેશી બાવળ, કરંજ, જામફળ, ખાટી આમલી, સીસુ, સીરસ, પેલ્ટોફોર્મ વગેરે રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ.૮૨.૬૬ લાખ.

- - - - - - - - -

દાહોદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

૨૩૨૯ **શ્રી કનૈયાલાલ કિશોરી** (દાહોદ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૧)

વર્ષ	વાવેતર કરેલ રોપા (સંખ્યામાં)
૨૦૨૧-૨૨	૫૭,૪૦૦
૨૦૨૨-૨૩	૭૫,૧૧૧

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેમાં મુખ્યત્વે સાગ, સરગવો, મહુડો, ગુલમહોર, પેલ્ટો, કાશીદ, લીમડો, વાંસ, નીલગીરી, કણજ, આમળા, દેશી બાવળ તથા અન્ય ફળાઉ, ઈમારતી અને સુશોભિત રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ.૧૧૧.૧૬ લાખ.

- - - - - - - - -

પાટણ જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

૨૩૪૮ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં (૧) ચારૂપ, તા.સરસ્વતી (૨)

કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત થયા ?

ભાટસર, તા.ચાણસ્મા આમ કુલ ૨(બે) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ બન્ને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા.

- - - - - - - - -

ગીર સોમનાથ જિલ્લામાં આયુષ્યમાન કાર્ડ

૨૩૫૩ **શ્રી પ્રદ્યુમન વાજા** (કોડીનાર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં કેટલા લોકોને (પ્રધાનંમત્રી જન આરોગ્ય યોજના)''પી.એમ.જે.એ.વાય.-મા'' યોજનાના આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યા, અને

(૨) આ જિલ્લામાં બાકી રહી ગયેલ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને ઉક્ત કાર્ડ મળી રહે તે માટે શું આયોજન કરવામાં આવ્યું ?

જવાબ

(૧)

વર્ષ	આયુષ્યમાન કાર્ડ (PMJAY-MA)
૨૦૨૧	૧,૪૬,૨૦૯
૨૦૨૨	૧,૩૫,૭૮૮
કુલ	**૨,૮૧.૯૯૭**

(૨) ઉક્ત જિલ્લામાં બાકી રહેલ પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને યોજનાનું કાર્ડ મળી રહે તે માટે યોજના સાથે જોડાયેલ તમામ સરકારી હોસ્પિટલ, પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટરો, યુ.ટી.આઈ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી એન્ડ સર્વિસિસ લિ. (UTI-ITSL) એન. કોડ એજન્સી, કલર પ્લાસ્ટ એજન્સીના નોંધણી સેન્ટર પરથી આયુષ્યમાન કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- - - - - - - - -

માંડવી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

૨૩૩૫ **શ્રી કાંતિભાઈ બલર**(સુરત ઉત્તર): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

વર્ષ	વાવેતર (હેક્ટરમાં)
૨૦૨૧-૨૨	૫૧૪
૨૦૨૨-૨૩	૫૩૭

(૨)

વર્ષ	ખર્ચ (રૂ. લાખમાં)
૨૦૨૧-૨૨	૫૨૩.૬૮
૨૦૨૨-૨૩	૩૬૧.૧૬

- - - - - - - - -

રાજ્યમાં સરકારી / જી.એમ.ઈ.આર.એસ. કોલેજોનું મહેકમ

૧૭૧૩ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાતમાં સરકારી અને જી.એમ.ઈ.આર.એસ. સંચાલિત મેડિકલની કોલેજોનું કોલેજવાર શૈક્ષણિક મંજૂર મહેકમ કેટલું છે, અને

જવાબ

(૧)

સરકારી મેડિકલ કોલેજનું નામ	મંજૂર મહેકમ
બી.જે.મેડિકલ કોલેજ, અમદાવાદ	૪૪૨
સરકારી મેડિકલ કોલેજ, વડોદરા	૩૮૮
સરકારી મેડિકલ કોલેજ, સુરત	૩૪૪
સરકારી મેડિકલ કોલેજ, ભાવનગર	૩૦૧
પી.ડી.યુ. મેડિકલ કોલેજ, રાજકોટ	૩૫૩
એમ.પી.શાહ મેડિકલ કોલેજ, જામનગર	૩૨૫
કુલ	**૨૧૫૩**

જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજનું નામ	મંજૂર મહેકમ
જીએમઈઆરએસ કોલેજ, સોલા-અમદાવાદ	૧૯૫

જીએમઈઆરએસ કોલેજ, ગોત્રી-વડોદરા	૧૯૨
જીએમઈઆરએસ કોલેજ, ધારપુર-પાટણ	૧૬૯
જીએમઈઆરએસ કોલેજ, ગાંધીનગર	૧૮૨
જીએમઈઆરએસ કોલેજ, વલસાડ	૧૬૯
જીએમઈઆરએસ કોલેજ, વડનગર	૧૨૯
જીએમઈઆરએસ કોલેજ, જૂનાગઢ	૧૩૭
જીએમઈઆરએસ કોલેજ, હિંમતનગર	૧૩૬
જીએમઈઆરએસ કોલેજ, રાજપીપળા	૯૫
જીએમઈઆરએસ કોલેજ, નવસારી	૯૫
જીએમઈઆરએસ કોલેજ, મોરબી	૯૫
જીએમઈઆરએસ કોલેજ, પોરબંદર	૯૫
જીએમઈઆરએસ કોલેજ, ગોધરા	૯૫
કુલ	**૧૭૮૪**

(૨) તેમાંથી કેટલી જગ્યાઓ ખાલી છે ?

(૨)

સરકારી મેડિકલ કોલેજનું નામ	**ખાલી જગ્યાઓ**
બી.જે.મેડિકલ કોલેજ, અમદાવાદ	૮૫
સરકારી મેડિકલ કોલેજ, વડોદરા	૯૨
સરકારી મેડિકલ કોલેજ, સુરત	૧૦૨
સરકારી મેડિકલ કોલેજ, ભાવનગર	૧૧૫
પી.ડી.યુ. મેડિકલ કોલેજ, રાજકોટ	૧૩૩
એમ.પી.શાહ મેડિકલ કોલેજ, જામનગર	૧૩૪
કુલ	**૬૬૧**

જીએમઈઆરએસ મેડિકલ કોલેજનું નામ	**ખાલી જગ્યાઓ**
જીએમઈઆરએસ કોલેજ, સોલા-અમદાવાદ	૬૬
જીએમઈઆરએસ કોલેજ, ગોત્રી-વડોદરા	૬૩
જીએમઈઆરએસ કોલેજ, ધારપુર-પાટણ	૯૮
જીએમઈઆરએસ કોલેજ, ગાંધીનગર	૫૦
જીએમઈઆરએસ કોલેજ, વલસાડ	૭૦
જીએમઈઆરએસ કોલેજ, વડનગર	૩૯
જીએમઈઆરએસ કોલેજ, જૂનાગઢ	૬૨
જીએમઈઆરએસ કોલેજ, હિંમતનગર	૩૬
જીએમઈઆરએસ કોલેજ, રાજપીપળા	૬૬
જીએમઈઆરએસ કોલેજ, નવસારી	૫૯
જીએમઈઆરએસ કોલેજ, મોરબી	૬૧
જીએમઈઆરએસ કોલેજ, પોરબંદર	૭૮
જીએમઈઆરએસ કોલેજ, ગોધરા	૭૫
કુલ	**૮૨૩**

- - - - - - - - -

ધોરડો ખાતે પ્રવાસી સુવિધાઓ

૨૩૧૨ **શ્રી અનિરુદ્ધ દવે** (માંડવી) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના ધોરડો ખાતે આવતા પ્રવાસીઓ માટે સુવિધા ઊભી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩) ઉક્ત કામગીરી અંગે છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરડો ખાતે પ્રવાસીઓ માટે સુવિધા ઊભી કરવા કરેલ કામગીરી તથા થયેલ ખર્ચ નીચે મુજબ છે.

ક્રમ	**વિગત**	**ખર્ચ (રૂ.લાખમાં)**
૧	ફેઝ-૧ કન્સ્ટ્રક્શન ઓફ રોડ, પાર્કિંગ, પીક અપ એન્ડ ડ્રોપ	૮૧૫.૫૩

	બસ સ્ટોપ એન્ડ અધર ટુરિસ્ટ ફેસિલિટી એટ ઘોરડો • સી.સી. રોડ (ચેક પોઈન્ટ ૨ થી વોચટાવર સુધીનો ડાબી બાજુનો રોડ) • પાર્કિંગ • પીક અપ એન્ડ ડ્રોપ બસ સ્ટોપ • ટોઈલેટ બ્લોક • અંડર ગ્રાઉન્ડ વોટર ટેન્ક	
૨	ફેઝ-૨ પ્રોવાઈડીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટુરીસ્ટ ફેસિલિટી લાઈક પર્ફોમન્સ સ્ટેજ, રોડ, ગેટ એટેન્ડ રીલેટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સર્વિસ એટ ઘોરડો • સી.સી. રોડ (ચેક પોઈન્ટ ૨ થી વોચટાવર સુધીનો જમણી બાજુનો રોડ) • રિટેઈનીંગ વોલ • પર્ફોમન્સ સ્ટેજ • બે ગેટ	૮૦૭.૯૧
૩	ઘોરડો ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શો ની કામગીરી	૧૨૫.૬૦

- - - - - - - - -

રાજ્યમાં ઉદ્યોગગૃહોને જંગલની જમીનોની ફાળવણી

૩૨૨૬ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન

(૩) ઉક્ત કેન્સરના રોગનો ઘટાડો થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા કેન્સર સ્ક્રીનીંગ ઓપીડી, કેન્સર જનજાગૃતિ કેમ્પ, કેન્સર નિદાન કેમ્પ, HOSPICE, ઘર મુલાકાત અને કેન્સરને લગતા વિવિધ દિવસની ઉજવણી સાથેના પગલા/કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ છે.

- - - - - - - - -

ફાલ્ગુન ૨૯, ૧૯૪૪ શાકે

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રીનું નિવેદન

બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

૩૨૫૪ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે,	(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૧ (એક) અને અમદાવાદ જિલ્લામાં ૧ (એક) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે.
(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં વર્ષ ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તી પ્રમાણે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે અને તેની સામે કેટલી ઘટ છે, અને	(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તી પ્રમાણે મળવાપાત્ર અને ઘટની વિગત નીચે મુજબ છે.

	અમદાવાદ	**બનાસકાંઠા**
મળવાપાત્ર	૩૬	૧૨૧
હયાત	૩૯	૧૨૨
વધ/ઘટ	૩ વધ	૧ વધ

(૩)ઉક્ત ઘટ પૂરી કરવા માટે સરકારનું શું આયોજન છે? (૩) કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

\- - - - - - - - -

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

શ્રમયોગીઓના વેતનમાં સુધારા અંગે

શ્રી બળવંતસિંહ રાજપૂત**(**શ્રમ**,** કૌશલ્ય વિકાસ અને અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ આપશ્રીની અનુમતિથી ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે રાજ્ય સરકારના અગત્યના શ્રમિક કલ્યાણલક્ષી અગત્યના નિર્ણય લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ અન્વયે ૪૬ વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓના વેતનમાં સુધારા અંગે હું ઉપસ્થિત થઇ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે નીચે મુજબનું નિવેદન કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર શ્રમિકોના કલ્યાણ અને તેમના હિતોના રક્ષણ માટે સદા તત્પર અને કટિબદ્ધ છે. શ્રમિક કાયદાઓના સુચારુ અમલ થકી શ્રમિકોના સ્વાસ્થ્ય, શિક્ષણ, સુરક્ષા અને સગવડભર્યા જીવન ઘોરણ માટે સતત જાગૃત છે. લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ની કલમ-૩ની જોગવાઇ અનુસાર રાજ્ય સરકારે તેને મળેલ સત્તા અન્વયે લઘુત્તમ વેતનના સને ૨૦૧૪થી પવર્તમાન દરની સમીક્ષા કરેલ છે અને તે માટે સરકારે ગુજરાત રાજ્ય લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિમર્શ કરીને લઘુત્તમ વેતનના દર સુધારવાનું નકકી કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, લઘુત્તમ વેતન ધારા હેઠળની અનુસૂચિ પૈકીના ૪૬ વ્યવસાયો માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા તા.૫-૫-૨૦૨૨ના રોજ સૂચિત લઘુત્તમ વેતનના દરો અંગે સંબંધકર્તાઓના વાંધા-સૂચન મંગાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. ઉક્ત જાહેરનામાના અનુસંધાને ઉદ્યોગો તરફથી ૮૫ વાંધા-સૂચન મળેલ હતાં, તેમજ શ્રમિક મંડળો તરફથી ૨૬ વાંધા-સૂચનો મળેલ હતાં. રાજ્યમાં શ્રમિકોના લઘુત્તમ વેતન અંગે રાજ્ય સરકારને સલાહ આપવા માટે ગુજરાત રાજ્ય લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડની રચના કરવામાં આવેલ છે. આ બોર્ડે ઉદ્યોગ તથા શ્રમિક મંડળો તરફથી મળેલ વાંધા-સૂચનો ઉપર ચર્ચા વિચારણા કરેલ. આ બોર્ડની ભલામણો ઉપર પુખ્ત વિચારણા કરીને પ્રસ્તુત સુધારો કરેલ છે. જેમાં હાલની પરિસ્થિતિ જણાવું તો, લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળ જુદા જુદા ૪૬ વ્યવસાયના લઘુત્તમ વેતનદરોમાં હાલ કુશળ શ્રમિકને કોર્પોરેશન વિસ્તારો તથા નગરપાલિકાઓ અને સ્થાનિક સત્તામંડળ હેઠળના વિસ્તારોમાં માસિક વેતન રૂ.૯,૮૮૭.૮૦/- મળે છે. તેના સ્થાને માસિક વેતન રૂ.૧૨,૩૨૪/- મળશે. આમ થવાથી શ્રમિકના માસિક વેતનમાં રૂ.૨,૪૩૬.૨૦/-નો વધારો એટલે કે ૨૪.૬૩ ટકાનો વધારો થશે. તે જ રીતે અર્ધ કુશળ શ્રમિકને માસિક વેતન રૂ. ૯,૬૫૩.૮૦/- મળે છે તેના સ્થાને માસિક વેતન રૂ.૧૧,૯૮૬/- મળશે, એટલે કે તેમાં રૂ.૨,૩૩૨.૨૦/-નો માસિક વધારો થશે. જે સરેરાશ ૨૪.૧૫ ટકાનો વધારો થાય છે. તે જ રીતે બિનકુશળ શ્રમિકને માસિક વેતન રૂ.૯,૪૪૫.૮૦/- મળે છે તેના સ્થાને માસિક વેતન રૂ.૧૧,૭૫૨/- મળશે એટલે કે રૂ. ૨,૩૦૬.૨૦/-નો માસિક વધારો થશે. જે સરેરાશ ૨૪.૪૧ ટકાનો વધારો થાય છે. કોર્પોરેશન વિસ્તારો તથા નગરપાલિકાઓ અને સ્થાનિક સત્તામંડળ હેઠળના વિસ્તારો સિવાયના કુશળ શ્રમિકને માસિક વેતન રૂ. ૯,૬૫૩.૮૦/- મળે છે તેના સ્થાને માસિક વેતન રૂ. ૧૨,૦૧૨/- મળશે. એટલે કે તેમાં રૂ. ૨,૩૫૮.૨૦/-નો માસિક વધારો થશે. જે સરેરાશ ૨૪.૪૨ ટકાનો વધારો થાય છે.તે જ રીતે અર્ધ કુશળ શ્રમિકને રૂ.૯,૪૪૫.૮૦/-ના સ્થાને માસિક વેતન રૂ.૧૧,૭૫૨/- મળશે એટલે કે તેમાં રૂ.૨,૩૦૬.૨૦/- નો મસિક વધારો થશે. જે સરેરાશ ૨૪.૪૧ ટકાનો વધારો થાય છે તથા બિનકુશળ શ્રમિકને માસિક વેતન રૂ.૯,૨૩૭.૮૦/- મળે છે. તેના સ્થાને રૂ.૧૧,૪૬૬/- મળશે. એટલે કે રૂ.૨,૨૨૮.૨૦/-નો માસિક વધારો થશે જે સરેરાશ ૨૪.૧૨ ટકાનો વધારો થાય છે. આમ,

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રીનું નિવેદન

આ સરકારે શ્રમિકોના વેતનમાં સૌ પ્રથમ વખત ૨૫ ટકા જેટલો માતબર વધારો કરેલ છે. શ્રમિકોના લઘુત્તમ વેતન નકકી કરવા માટે ૧૫મી ઇન્ડિયન લેબર કોન્ફરન્સમાં વિવિધ માપદંડો નક્કી કરવામાં આવેલ છે. જેમ કે, કુટુંબના સભ્યોની સંખ્યા, માથાદીઠ આહાર, કાપડ, ઘરભાડું, બળતણ, લાઇટ, બાળકોનું શિક્ષણ, તબીબી સારવાર વિગેરે. આ તમામ માપદંડોને પ્રસ્તુત સુધારો કરતાં ધ્યાનમાં લેવામાં આવેલ છે. વેતનમાં થનારા આ સુધારાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રાજ્યના અંદાજે ૨ કરોડથી વધુ લોકોને ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે પણ વેતન સુધારાની આ પ્રક્રિયામાં સતત સાથે રહી માર્ગદર્શન પૂરું પાડેલ છે. આ વધારાથી શ્રમયોગીઓની આર્થિક પરિસ્થિતિમાં અને તે રીતે તેઓના જીવન ધોરણમાં સુધારો થશે.

આમ, ઉક્ત વિગતોએ રાજ્યના શ્રમિકોના વેતનમાં સુધારા અંગે જાહેરાત કરતા હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

શેરડી કાપણી-ભરણી વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓના વેતનદરમાં સુધારા અંગે.

શ્રી બળવંતસિંહ રાજપૂત**(**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, શેરડી કાપણી-ભરણી વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓના વેતનદરમાં સુધારા અંગે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે નીચે મુજબનું નિવેદન કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લઘુત્તમ વેતન ધારા હેઠળ શેરડી કાપણી-ભરણીના વ્યવસાય સાથે સંકળાયેલ શ્રમિકો માટે લઘુત્તમ વેતનદરમાં વધારો કરવા માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા તા.૦૫/૦૨/૨૦૨૨ના રોજ સૂચિત લઘુત્તમ વેતનના દરો અંગે સંબંધકર્તાઓના વાંધા સૂચન મંગાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. હાલમાં પ્રવર્તમાન દર ૩.૨૩૮/- પ્રતિ ટન છે. ઉક્ત જાહેરનામાના અનુસંધાને ખાંડ ઉદ્યોગ તેમજ સહકારી મંડળીઓ દ્વારા ૫(પાંચ) વાંધા સૂચનો મળેલ તેમજ શ્રમિક મંડળો તરફથી ૧(એક) વાંધા સૂચન મળેલ. આ વાંધા સૂચનો ઉપર ગુજરાત રાજ્ય લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડની ભલામણો મેળવવામાં આવેલ હતી.

મને આ સન્માનનીય ગૃહને જણાવતા આનંદ થાય છે કે ઉક્ત ભલામણો પર પુખ્ત વિચારણાના અંતે વેતનના દરોમાં ૧૦૦ ટકાનો વધારો કરી ૩.૪૭૬/- પ્રતિ ટન કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડની ભલામણો ઉપર પુખ્ત વિચારણા કરીને શેરેડી કાપણી-ભરણીના વ્યવસાય માટે હાલ લઘુત્તમ વેતન દરમાં સરેરાશ ૧૦૦ ટકાનો વધારો કરવામાં આવેલ છે. જેનાથી શ્રમયોગીઓની આર્થિક પરિસ્થિતિમાં અને તે રીતે તેઓના જીવન ધોરણમાં સુધારો થશે. વેતનમાં થનારા આ સુધારાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રાજ્યના અંદાજે ૩ લાખથી વધુ લોકોને ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે પણ વેતન સુધારાની આ પ્રક્રિયામાં સતત સાથે રહી માર્ગદર્શન પૂરું પાડેલ છે. આ વધારાથી શ્રમયોગીઓની આર્થિક પરિસ્થિતિમાં અને તે રીતે તેઓના જીવન ધોરણમાં સુધારો થશે.

આમ, ઉક્ત વિગતોએ રાજ્યના શ્રમિકોના વેતનમાં સુધારા અંગે જાહેરાત કરતા હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

અધ્યક્ષશ્રી : આમાં બહુ લાંબી ચર્ચા કરી શકાતી નથી. ૧-૨ લોકો વાત કરી શકશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે ઘણા લાંબા સમય બાદ શ્રમિકોના વેતનમાં ૨૩૮ રૂપિયાનો વધારો કર્યો છે. ૧૫૦ રૂપિયાનો વધારો એવરેજ થાય છે પણ આપના પ્રવચનમાં કે આપની સ્પીચમાં જે શ્રમિકો માટેનો વેતન વધારો કર્યો છે એનો અમલ કઇ તારીખથી થશે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શૈલેષભાઇની બહુ મહત્ત્વની વાત છે. આ લઘુત્તમ વેતન અધિનિયમ કાયદાની જોગવાઇ મુજબ જાહેરનામું ગેઝેટમાં જલદી પ્રસિદ્ધ થશે અને પ્રસિદ્ધ થનાર તારીખમાં મને લાગે છે અઠવાડિયા, ૧૦ દિવસની અંદર આનો અમલ ચોકકસપણે થઇ જવાનો છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મંત્રીશ્રીએ લઘુત્તમ વેતન વધારવાની જે વાત કરી એ બદલ આપનો હૃદયપૂર્વક આભાર માનું છું. સાથેસાથે એ જાણવા માગું છું કે લઘુત્તમ વેતન દર વધારવાની પ્રક્રિયા શું છે?

અધ્યક્ષશ્રી : મોટાભાગે આજે થઇ એ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા મુદ્દા આમાં આવ્યા હતા. લઘુત્તમ વેતન અધિનિયમ કલમ-૩ હેઠળ લઘુત્તમ વેતન દર પાંચ વર્ષે નકકી કરીને સુધારવાની રાજય સરકારને સત્તા છે. શ્રમનો વિષય સંવિધાનના કન્કરન્ટ લિસ્ટ પર હોવાથી શ્રમ કાયદા હેઠળના નિયમો દરેક રાજય દ્વારા બનાવાવામાં આવે છે. એની પ્રક્રિયા અલગ અલગ હોય છે. રાજયમાં લઘુત્તમ વેતન દર સુધારવા માટે જાહેરનામું પ્રસિદ્ધ કરી સુધારણા કરવામાં આવે છે. જાહેરનામાનો મુસદ્દો પ્રસિદ્ધ થયા બાદ બે માસમાં વાંધા રજૂ કરવા માટે આપવાના રહે છે. જેના માટે મોટાભાગે સબંધિતો તરફથી વાંધા સૂચન મળે અને મળેલા વાંધા/સૂચન (કલમ-૨, ૫ મુજબ)લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડ દ્વારા વિચારણા અર્થે મોકલવામાં આવે છે.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળ જાહેરનામું

શ્રી કનુભાઇ મો. દેસાઇ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળ વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ, ઉપરાંત ટ્રેડિંગ ઓફ ઇલેક્ટ્રિકલ પાવર એન્ડ કો-ઓર્ડિનેશન એક્ટિવિટી કરતા હોય તેવા ઉદ્યોગોમાંના તમામ રોજગારને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરતું ઊર્જા અને પટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૧૪-૩-૨૦૨૩નું જાહેરનામા ક્રમાંક-ઘઇ/૨૦૨૩-૧૫/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ-૨) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ

શિક્ષણ વિભાગ

માગણી ક્રમાંક- ૯

ડો.કુબેરભાઇ ડીંડોર(શિક્ષણ મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૭૯,૨૯,૧૬,૭૪,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૩૩,૬૯,૭૩,૨૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૯ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.

ડો. સી.જે. ચાવડા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી:માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા:માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ:માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા:માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

તા. ૨૦મી માર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

માગણી નં. ૧૦

શિક્ષણ વિભાગ

ડો. કુબેરભાઇ ડીંડોર**(**શિક્ષણ મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૦૩,૬૪,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૪૫, ૪૨, ૦૧,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક-૯૩

આદિજાતિ વિકાસ વિભાગ

ડો. કુબેરભાઇ ડીંડોર(આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩,૬૧,૮૯,૬૩,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૭૬,૩૬,૭૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૯૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક -૯૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા:માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી,હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી,હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક-૯૬

આદિજાતિ વિકાસ વિભાગ

ડો. કુબેરભાઇ ડીંડોર(આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૦૨,૯૫,૬૨,૩૧,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૮૦,૨૦,૪૭,૦૭,૦૦૦/-ની માગણી ક્રમાંક-૯૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક -૯૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી,હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

સન૨૦૨૩-૨૦૨૪ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

અ.નં.	મુખ્યસદરઅનેસંદર્ભ	કાપદરખાસ્તરૂ.	વિષય	પ્રભારીસભ્યશ્રી
૧	૨	૩	૪	૫
		શિક્ષણ વિભાગ **માગણીનં. ૯**		
૧	૨૨૦૨-સામાન્ય શિક્ષણ ૦૧-પ્રારંભિક શિક્ષણ ૦૦૧-નિર્દેશ અને વહીવટ રૂ. ૫,૬૮,૦૪,૧૭,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૧૪ થી ૧૬	૧૦૦	શાળાઓમાં ભગવદ ગીતાના પાઠ ભણાવવાની જાહેરાત અન્વયે ગીતાના પુસ્તકો છપાવવા માટે કરેલ ખર્ચની રકમ જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	ગેનીબેન ઠાકોર
*૨	- - - " - - -	૧૦૦	વિદ્યાર્થીઓના ભગવદ ગીતા પરના જ્ઞાનનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિ અંગે સ્પષ્ટતા કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
૩	- - - " - - -	૧૦૦	ખાનગી શાળાઓ દ્વારા ફી રેગ્યુલેશન કમિટી સમક્ષ મુકવામાં આવતી ખર્ચ અંગેની વિગતોની જીણવટભરી ચકાસણી કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જિગ્નેશ મેવાણી

૪	- - - " - - -	૧૦૦	FRC થકી ખાનગી શાળાના ફીમાં થતા વધારા પર નિયંત્રણ લાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૫	- - - " - - -	૧૦૦	શાળાઓમાં અભ્યાસની ગુણવત્તા ન જળવાતા ખાનગી ટ્યુશનોની સંખ્યા વધતી જાય છે જે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૬	- - - " - - -	૧૦૦	રાજ્યની અંદાજે ૬૪૪૨ શાળાઓમાં રમત ગમત માટે મેદાનની સુવિધા ન હોવા છતાં તેને શાળા તરીકે મંજૂરી આપનાર જવાબદારો સામે સખ્તાઇથી પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. સી.જે.ચાવડા
૭	- - - " - - -	૧૦૦	બેફામ રીતે ફી વસૂલતી ખાનગી શાળાઓને સરકાર હસ્તક મૂકવાની જોગવાઇ સાથેના કાયદા બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
૮	૨૨૦૨-સામાન્ય શિક્ષણ ૦૧-પ્રારંભિક શિક્ષણ ૦૦૧-નિર્દેશ અને વહીવટ રૂ. ૫,૬૮,૦૪,૧૭,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૧૪ થી ૧૬	૧૦૦	કન્યા કેળવણી યોજના માટેફાળવાયેલ ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૯	- - - " - - -	૧૦૦	મોટાપ્રમાણમાં પ્રવેશોત્સવ તેમજ ગુણોત્સવના કાર્યક્રમો કરવા છતાં અંદાજે ૬૦૦૦ જેટલી સરકારી શાળાઓ બંધ કરવી પડી છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
*૧૦	- - - " - - -	૧૦૦	નર્મદા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઇ વસાવા
*૧૧	૨૨૦૨-સામાન્ય શિક્ષણ ૦૧- પ્રારંભિક શિક્ષણ ૧૦૬-શિક્ષકો...સેવાઓ રૂ.૧,૮૭,૦૮,૫૪,૧૮,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૧૮ થી ૨૨	૧૦૦	નર્મદા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં જરૂરી ઓરડાઓ પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઇ વસાવા
૧૨	૨૨૦૨-સામાન્ય શિક્ષણ ૦૨-માધ્યમિક શિક્ષણ ૦૦૧-નિર્દેશ અને વહીવટ ૦૨-ગુજરાત..બનાવવુ રૂ.૫૭,૬૯,૮૦,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૨૭	૧૦૦	શિક્ષણ બોર્ડ દ્વારા જેલના કેદીઓની પરીક્ષા લેવાયા બાદ તેનું પરિણામ જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી અરવિંદભાઈ લાડાણી
૧૩	- - - " - - -	૧૦૦	સરકારી અને ગ્રાન્ટેડ શાળાના ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામ જુદા જુદા જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
૧૪	૨૨૦૨-સામાન્ય શિક્ષણ ૦૩-યુનિવર્સિટિ..શિક્ષણ ૦૦૧-નિર્દેશ અને વહીવટ રૂ.૧૮,૯૪,૧૫,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૪૩	૧૦૦	રાજ્યની અંદાજે ૧૪ જેટલી યુનિવર્સિટીઓમાં ગેરરીતિઓ અંગે થયેલ ફરિયાદો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કિરીટકુમાર પટેલ
૧૫	- - - " - - -	૧૦૦	ખાનગી યુનિવર્સિટીઓ પરના સરકારના નિયંત્રણના અભાવે યુનિવર્સિટીઓ દ્વારા અયોગ્ય રીતે લેવાતી વિવિધ પ્રકારની ફી પર અંકુશ મૂકવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા
૧૬	- - - " - - -	૧૦૦	યુનિવર્સિટીઓ દ્વારા લેવાતી પરીક્ષાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ જાહેરહીત માટે વેબસાઇટ પર મૂકવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી અમીત ચાવડા
૧૭	૨૨૦૨-સામાન્ય શિક્ષણ ૮૦-સામાન્ય ૦૦૧-નિર્દેશ અને વહીવટ ૦૧-EDN-27 ઉચ્ચતર..કચેરી રૂ.૧,૩૪,૬૧,૪૦,૦૦૦ અં.પ્ર.નં.૪, પાના નં. ૫૮	૧૦૦	ટેબલેટ માટેની રકમ ભર્યા બાદ પણ વિદ્યાર્થીઓને ટેબલેટ આપવામાં થતો વિલંબ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ચિરાગકુમાર પટેલ

		માગણી નં. ૧૦		
૧૮	૨૨૦૫-કલા અને સંસ્કૃતિ ૧૦૧-લલિતકલાશિક્ષણ રૂ.૩૩,૬૨,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૯૮	૧૦૦	કલા, સંસ્કૃતિ અને નૃત્ય ભારતીનો વારસો જાળવાઇ રહે તેવી કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
		આદિજાતિ વિકાસ વિભાગ **માગણી નં. ૯૩**		
*૧૯	૨૨૦૨-સામાન્ય શિક્ષણ ૦૧-પ્રારંભિક શિક્ષણ ૮૦૦-અન્ય ખર્ચ ૦૧-EDN-47 આદિજાતિ..જોગવાઇ રૂ.૨,૫૭,૨૨,૦૦૦ અં.પ્ર.નં. ૨૪ (ભાગ-૩) પાના નં. ૬	૧૦૦	આદિજાતિ વિસ્તારોમાં સરકારી શાળાઓની તથા શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૨૦	૨૨૫૧-સચિવાલય..સેવાઓ ૦૯૦-સચિવાલય ૦૧-આદિજાતિ..વિભાગ રૂ.૨,૩૯,૫૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૪ (ભાગ-૩) પાના નં. ૩૩	૧૦૦	આદિવાસી યુવક યુવતીઓને સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૨૧	- - - " - - -	૧૦૦	વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત દરેક આદિજાતિ જિલ્લામાં મેડીકલ કોલેજની સ્થાપના કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
*૨૨	- - - " - - -	૧૦૦	રાજ્યના આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
*૨૩	- - - " - - -	૧૦૦	આદિજાતિ વિસ્તારોમાં પર્યાવરણ અંગેના લાયસન્સ વગર ચાલતા એકમો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
૨૪	- - - " - - -	૧૦૦	આદિજાતિઓ અંગેના પ્રમાણપત્રો આપવામાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ગેનીબેન ઠાકોર
૨૫	૨૨૫૧-સચિવાલય..સેવાઓ ૦૯૦-સચિવાલય ૦૧-આદિજાતિ..વિભાગ રૂ.૨,૩૯,૫૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૪(ભાગ-૩) પાના નં. ૩૩	૧૦૦	વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ રોજગારલક્ષી કાયક્રમો શરૂ કરી લાભાર્થીઓને લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
		માગણી નં. ૯૬		
૨૬	૨૨૨૫-અનુસૂચિત..કલ્યાણ ૦૨-અનુસૂચિત..કલ્યાણ ૭૯૬-આદિજાતિ..યોજના રૂ.૨૫,૯૫,૫૬,૭૩,૦૦૦ અં.પ્ર.નં. ૨૪ (ભાગ-૪) પાના નં. ૧૧૬ થી ૧૪૮	૧૦૦	આદિજાતિ વિસ્તારોમાં આવતા જંગલોની ગૌણવન પેદાશોની લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૨૭	- - - " - - -	૧૦૦	આદિજાતિ વિસ્તારોમાં વ્યવસાયિક તાલીમ કેન્દ્રોનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. સી.જે.ચાવડા

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ડો. તુષાર અ. ચૌધરી(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ વિકાસ મંત્રી માગણી ક્રમાંક-૯૩ અને ૯૬ લઇને આ ગૃહમાં આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે કોઇ લગ્ન પ્રસંગમાં જમવા જઇએ અથવા તો કોઇ હોટલમાં ગુજરાતી થાળી જમવા જઇએ ત્યારે ત્યાં ડીશ ગોઠવીને ઘણીબધી વાટકીઓ ત્યાં મૂકેલી હોય છે. ત્યારબાદ કતારબંધ પીરસનારાઓની લાઇન લાગે. એક પછી એક વાટકીમાં દૂધપાક હોય, બાસુંદી હોય, જાત જાતની મીઠાઇ હોય, ફરસાણ હોય, દાળ હોય, કઢી હોય એમ આખી થાળી ભરાઇ જાય એટલું તે લોકો પિરસી કાઢે. તે પછી ચટણી અને અથાણાનો વારો આવે અને નાની ચમચીથી તેને જગ્યા

દેખાય ત્યાં ચટણી કે અથાણું મૂકે. આપણે રૂપિયા ત્રણ લાખ કરોડ, ત્રણ લાખ કરોડનું બજેટ એક મહિનાથી કહીએ છીએ અને તેને હું સાંભળું છું. પણ અમારા આદિજાતિ વિકાસ માટે, આદિવાસીઓ માટે બજેટમાં જે ફાળવણી છે તે માત્ર રૂ.૩,૪૧૦ કરોડની જ છે. જે ખૂબ ઓછી છે. આ વાત હું એટલા માટે કહું છું કે, સન ૨૦૦૭માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રીએ વનબંધુ કલ્યાણ યોજના જાહેર કરી હતી. તેનો સમયગાળો સન ૨૦૦૭થી ૨૦૧૨નો હતો. તે વખતે તેમણે વર્ષ ૨૦૦૭થી ૨૦૧૨ સુધીમાં આદિવાસી કલ્યાણ માટે રૂ.૪૫ હજાર કરોડ રૂપિયા વાપરવાની જાહેરાત કરી હતી. તેનો મતલબ એ થાય છે કે, રૂ.૪૫,૦૦૦/-ના પાંચ ભાગ કરીએ તો એક વર્ષે રૂ.૯,૦૦૦ કરોડ રૂપિયા વાપરવાના હતા. તે વાતને આજે દસ વર્ષના વ્હાણાં વહી ગયા હોય તો તે રકમ વધવી જોઇએ કે ઘટવી જોઇએ? મારો પહેલો પ્રશ્ન સરકારને એ છે કે, શું આદિવાસીઓ એટલા સક્ષમ બની ગયા છે કે તે લોકોને સહકારની કે સરકારની સહાયની જરૂર નથી? મારો બીજો પ્રશ્ન એ છે કે, આદિવાસીનો અવાજ સરકાર સુધી પહોંચતો નથી કે જેથી સરકાર તેમના માટે બજેટમાં ફાળવણી કરતી નથી. હું અત્યારે ૧૮ વર્ષ પછી વિધાનસભામાં ફરીવાર આવ્યો છું. હું પ્રોરેટા બેઝની વાત અત્યારે સાંભળ્યા કરું છું કે, તમારે વિરોધપક્ષનું નેતાપદ જોઇતું હોય તો પ્રોરેટા બેઝ પ્રમાણે તમારું આટલું સંખ્યા બળ હોવું જોઇએ. હું એગ્રી છું. તમારે વિધાનસભામાં બોલવા માટે સમય વધારે જોઇતો હોય તો અમને જવાબ મળે છે કે, પ્રોરેટા બેઝ પ્રમાણે તમારા આટલા સભ્યો છે એટલે આનાથી વધારે સમય તમને મળી શકે નહીં, તો એગ્રી. હવે મારી માગણી એ છે કે, પ્રોરેટા બેઝ પર ગુજરાતમાં અમારી ૧૫ ટકા વસતિ છે તો રૂ.૪૫,૦૦૦ કરોડ રૂપિયા અમને બજેટમાં ફાળવવા જોઇએ. જો પ્રોરેટા બેઝની વાત હોય તો.

માનનીય રાજયપાલશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીએ પણ વન અધિકાર અધિનિયમ હેઠળ ૯૫,૦૫૯ દાવાઓ મંજૂર કરવાની વાત કરી છે. સને ૨૦૦૬માં જ્યારે આ કાયદો બન્યો ત્યારે હું દિલ્હીમાં લોકસભામાં સાંસદ હતો અને કાયદામાં મેં પણ મતદાન કર્યું હતું અને એ કાયદો અમે લોકસભામાં વિના વિરોધે પસાર કર્યો હતો. યોગાનુયોગ સને ૨૦૦૯માં હું આદિજાતિ વિભાગનો ભારત સરકારમાં મંત્રી બન્યો ત્યારે આ કાયદાની અમલવારી કરવાની જવાબદારી પણ અમારા શિરે હતી એના ભાગરૂપે સને ૨૦૦૯ ઓગસ્ટમાં અમે ગુજરાત ખાતે આદિજાતિ વિભાગના અધિકારીઓ સાથે મિટિંગ કરી હતી ત્યારે મને એ લોકોએ એમ જણાવ્યું હતું કે લગભગ ૨ લાખ ૨૧ હજાર જેટલા દાવાઓ અમને મળ્યા છે. આ વાત છે સને ૨૦૦૯ની આજે એને પણ ૧૪ વર્ષના વ્હાણા વહી ગયા અને ૧૪ વર્ષમાં ફકત ૯૫ હજાર જેટલા આદિવાસીઓને જ જંગલની જમીન મળી છે. બાકીના ૫૦ ટકા કરતા વધારે લોકોને જમીન મળી નથી. રામાયણમાં રામનો વનવાસ પણ ૧૪ વર્ષે પૂરો થઇ જાય છે, પણ અમારા આદિવાસીઓને ૧૪ વર્ષના વ્હાણા વહી ગયા છતાં પણ વનવાસી બનાવી શક્યા નથી એનો મને રંજ છે. સાથે સાથે જે લોકોને જંગલની જમીન મળી છે એને જે પ્રકારે વન વિભાગ દ્વારા હેરાનગતિ કરવામાં આવે છે, હું સાબરકાંઠા જિલ્લાની વાત કરીશ કે, સાબરકાંઠા જિલ્લામાં પ્રાયોજના વહીવટદાર દ્વારા પરિક્ષેત્ર વન અધિકારી શ્રી વી.વી.ગ્રેન એને એક પત્ર લખવામાં આવ્યો કે વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ના કાયદા અને નિયમો મુજબ પ્રકરણ-૩ (૪)(૫) હેઠળ રચેલ જોગવાઇ મુજબ માન્ય કરવાની અને ખરાઇ કરવાની કાર્યવાહી પૂરી ન થાય ત્યાં સુધી વનવાસી અનુસૂચિત આદજાતિઓ અને અન્ય પરંપરાગત વનવાસીઓના કોઇ પણ સભ્યને એમના ભોગવટા હેઠળની વન્ય જમીનમાંથી ખાલી કરાવી શકાશે નહીં અથવા તેમને તેનાથી દૂર કરી શકાશે નહીં. વધુમાં નામદાર સુપ્રીમકોર્ટમાં રિટ પિટિશન થયેલ હોઇ અને ગુજરાત સરકાર તરફથી તમામ નામંજૂર દાવાઓ સેટેલાઇટ ઇમેજ હેઠળ ચકાસણી કરવાની કાર્યવાહી ચાલુમાં હોઇ આપના વિસ્તારમાં મંજૂર, નામંજૂર દાવાઓના ખેડાણ-દબાણ દૂર ન કરવા જણાવવામાં આવે છે. અન્યથા કાયદાની રૂએ આ કાર્યક્રમ અંતર્ગત કોઇ પણ નિર્ણય ન લેવા વિનંતી છે. વધુમાં નામદાર સુપ્રીમકોર્ટમાં કેસ ચાલતો હોઇ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ ન થાય એનું ધ્યાન પણ રાખવાનું જણાવવામાં આવે છે. આટલો સ્પષ્ટ નિર્દેશ આપ્યા પછી પણ સાબરકાંઠા જિલ્લાના વન વિભાગ દ્વારા ઊભા પાકમાં ખાડા ખોદીને એ લોકોના પાકને નુકસાન કરવામાં આવે છે, આડેધડ ફેન્સિંગનાં કામો કરવામાં આવે છે, આડેધડ દીવાલો ચણવામાં આવે છે અને એ લોકોની મોટરો લઇ જવામાં આવે છે, એ લોકોના ખેતરમાં કોઇ ટ્રેકટર ખેડવા આવ્યું હોય તો એ ટ્રેકટર પણ જપ્ત કરવામાં આવે છે અને આડેધડ દંડ પણ ફટકારવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદામાં જંગલની જમીન ખેડતા કોઇપણ આદિવાસીઓને દંડ કરવાની કોઇપણ જોગવાઇ આ કાયદામાં છે નહીં, તેમ છતાં પણ સાબરકાંઠા રેન્જ દ્વારા આ દંડ પણ વસૂલ કરવામાં આવે છે.

માનનીય સભાપતિ ડો. સી.જે. ચાવડા અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, મારા સરકારશ્રીને બે પ્રશ્નો છે, શું વન વિભાગ સુપ્રીમકોર્ટથી પણ ઉપર છે? અને મારો બીજો પ્રશ્ન એ છે કે, શું આ સરકારે આદિવાસીઓને, જંગલ જમીન ખેડતા વનવાસીઓને રંજાડવાની, હેરાન પરેશાન કરવાની, એ લોકોને આર્થિક રીતે નુકસાન કરવાની કાયદેસરની પરવાનગી આપી છે? આ બંને બાબતમાં મારે આદિજાતિ વિકાસ મંત્રીશ્રી પાસેથી જાણવું છે. સાથે સાથે આજે આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક ચાલતી ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓ તથા ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના કર્મચારીઓને છમા પગાર પંચનો લાભ તો આપણે આપ્યો છે. પરંતુ તા.૧-૧-૨૦૧૬થી આજ સુધી એરિયર્સ હજુ સુધી ચૂકવવામાં આવેલ નથી. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે તાત્કાલિક જે બાકી એરિયર્સ હોય એ પણ આ કર્મચારીઓને વહેલી તકે ચૂકવવામાં આવે. સાથે સાથે રબારી, ચારણ, ભરવાડની જે દરખાસ્ત અત્યારે સરકાર હસ્તક પેન્ડિંગ છે એ વહેલામાં વહેલી તકે આયોગને અને ભારત સરકારને મોકલવામાં આવે અને ભારત સરકાર જે પણ નિર્ણય લેશે,

આયોગ જે નિર્ણય લેશે એ સૌ આદિવાસીભાઈઓને સ્વીકાર્ય રહેશે પણ કમસે કમ દિલ્હી સુધી દરખાસ્ત આપ ક્યારે પહોંચાડશો એ પણ માનનીય મંત્રીશ્રી અમને જણાવે એવી વિનંતી કરું છું. મેં આ ગૃહ સમક્ષ અમારા આદિવાસીઓ માટેની જે માગણી મૂકી છે, માનનીય નાણામંત્રીશ્રી એ સ્વીકારશે અને પૂરક માગણીમાં અમારા પ્રશ્નોનું નિરાકરણ લાવશે તો અવશ્ય અમે આને ટેકો આપીશું પણ અત્યારે ચટણીને અથાણા જેટલા બજેટમાં હું આ બજેટને ટેકો આપી શકું તેમ નથી કારણ કે, આનાથી અમારા આદિવાસીઓનો વિકાસ થઇ શકે તેમ નથી. "ધન્યવાદ"

શ્રી રમણલાલ ઈ. વોરા(ઈડર) : માનનીય અધ્યક્ષશ્રી, " **या देवी सर्वभूतेषु विद्यारूपेण संस्थिता, नमस्तेस्यै नमस्तेस्यै नमस्ते नमस्तेस्यै नमो नमः**" મા સરસ્વતીની સાધના સાથે આજે શિક્ષણ વિભાગનું બજેટ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર અનેક રાજવીઓએ શિક્ષણને ખૂબ વધારે મહત્ત્વ આપ્યું છે અને તેના કારણે ગુજરાત ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે અને એ જ દિશામાં તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૨૦ના દિવસે ૩૪ વર્ષ પછી ગુજરાતના પનોતા પુત્ર અને દેશના લોકલાડિલા વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીએ નવી રાષ્ટ્રીય નીતિ આપીને એક નવો આયામ સમગ્ર ગુજરાત અને દેશ માટે વ્યકત કર્યો છે. હું મારા વિષયમાં સૌથી પહેલાં ગરીબ વિદ્યાર્થીઓની વાત કરવા માગું છું. જે દિવસે રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ જયારે પાર્લામેન્ટમાં પસાર થયો અને પછીની અમારી મિટિંગો થઇ તે વખતે હું શિક્ષણ વિભાગમાં હતો અને તે વખતે ગરીબ બાળકોને સારી ખાનગી શાળાઓમાં પણ શિક્ષણ મળવું જોઇએ તેના માટેની ૨૫ ટકા રિઝર્વેશનની વાત થઇ હતી અને તે વખતે પણ મેં કહ્યું હતું અને આની પહેલાંના એક પ્રશ્નોત્તરીના જવાબમાં મેં કહ્યું હતું કે કોઇ ઝૂંપડપટ્ટીમાં રહેતો બાળક અથવા ગરીબ બાળક જયારે ખાનગી શાળામાં જતો હોય ત્યારે તેનો યુનિફોર્મ, તેના બુટ-મોજાં, તેની ટાઇ, તેના લંચ-બોક્સ, તેની બેગ એ આપી શકે તેમ નથી અને એટલા માટે માત્ર તેને એડમિશન મળે તો એ લઘુતાગ્રંથિથી પીડાતો થાય અને તે દિશામાંથી બહાર લાવવા માટે ગુજરાતની સરકારે જે સ્કૂલ ચાલતી હોય તે સ્કૂલની અંદર ૧૦ હજાર રૂપિયા તેની ફી પેટે અને ૩ હજાર રૂપિયા તેના યુનિફોર્મ અને તેને લગતી જે વસ્તુઓ જોઇએ તે પ્રમાણે આપવાનો પ્રયાસ કર્યો છે. તેના કારણે ૫,૧૨,૬૩૪ વિદ્યાર્થીઓને આ એક્ટ હેઠળ ગુજરાત સરકારના અનુદાનથી પ્રવેશ મળ્યો છે, અભ્યાસ કરી રહ્યાં છે. આ વિભાગની સૌથી મોટી અને ગંભીર સમસ્યા તે બદલીપાત્ર અધિકારીઓ/કર્મચારીઓની હતી એના માટે પણ માત્ર ઓન લાઇન પ્રક્રિયા ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારે આવી ત્યારથી મેરિટના આધારે ભરતી થતી હોય છે. કોઇની લાગવગ નહીં, કોઇની ચિઠ્ઠી નહીં, કોઇની ભલામણ નહીં અને એ જ પ્રમાણે જયારે તેની બદલી કરવાની હોય ત્યારે પણ માત્ર ઓન લાઇન પ્રક્રિયાના કારણે તેમની બદલી થવાના કારણે ૩૬ હજાર કરતા વધારે પ્રાથમિક શિક્ષકોની આપણે બદલી કરી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, દર વખતે કેટલા શિક્ષકો નિવૃત્ત થાય, કોઇ રાજીનામું આપે, કોઇનું અપ-મૃત્યુ થાય આ બધા પ્રસંગોમાં સમયસર શિક્ષકોની ભરતી થઇ શકી નથી ત્યારે તેની પ્રોસિઝર છે, તેની પ્રક્રિયા છે અને તે પ્રક્રિયા કરતા તેમાંય થોડુંક લંબાણપૂર્વક જાય છે અને એટલા માટે રાજય સરકારે બાળકોના હિત માટે પ્રવાસી શિક્ષકોની વ્યવસ્થા કરીને અત્યાર સુધીમાં ૧૦ હજાર કરતા વધારે પ્રવાસી શિક્ષકો આ રાજય સરકારમાં કામગીરી કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે કોરોનાની મહામારી આવી અને આ કોરોનાની મહામારીની અંદર આપણે બધા જ જાણીએ છીએ તેમ બાળકોને પોતાનું શિક્ષણ પૂરતા પ્રમાણમાં, પૂરતા કલાકો ના મળે એ દિવસોમાં અમારા શિક્ષક મિત્રોએ, ગુરુજનોએ કાં તો શાળાનો સમય શરૂ થયાના પહેલો અડધો કલાક અથવા શાળા પૂરી થઇ જાય પછીનો અડધો કલાક અથવા એક કલાક પહેલાં અથવા એક કલાક પછી એમ કરીને ૧,૩૯,૨૩૫ શિક્ષકોએ આ કોરાનાકાળ દરમિયાન આ બાળકોને શિક્ષણ આપવાનો પ્રયાસ કર્યો છે. પ્રાથમિક શિક્ષણમાં શ્રી અર્જુનભાઇએ એવી વાત કરી હતી કે હું ત્યાં જોવા ગયો હતો. એમના સચિવ સાથે મને લઇ ગયા હતા. ગુજરાતની ૩૨,૦૦૦ શાળાઓમાં કેવી રીતે મૉનિટરિંગ થઇ શકે અને આધુનિક યુગમાં સમગ્ર દેશ માટે ગૌરવ લઇ શકાય એ પ્રકારની વ્યવસ્થા પ્રાથમિક શિક્ષણમાં થઇ રહી છે. માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળામાં પણ ધો.૯ થી ૧૨માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તક આપવામાં આવે છે અને અત્યાર સુધીમાં ૧૯,૨૭,૦૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓને મફત પાઠ્ય પુસ્તકો આપીને શિક્ષણની સુવિધાઓ આપી છે. એસ.ટી.માં એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું હોય તો કન્સેશન આપવામાં આવે છે. બિન સરકારી અને અનુદાનિત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ ૭,૪૦,૦૦૦ કરતાં વધારે વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવે છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૩માં કન્યા કેળવણી રથયાત્રાની શરૂઆત કરી. દીકરીઓ સાથે દીકરાઓ પણ શાળામાં ભણવા જાય એ માટે પ્રવેશ પદ્ધતિ થઇ એના કારણે ડ્રૉપઆઉટ રેશિયો ઘટ્યો. બાળકોની સંખ્યામાં વધારો થયો. માત્ર બાળકો વધે એટલું પૂરતું નથી, પણ ગુણોત્સવ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને સારામાં સારું શિક્ષણ મેળવવામાં મદદરૂપ થઇ શકાય એ માટે શિક્ષકો પોતે મૂલ્યાંકન કરે. ત્રણ દિવસ સુધી રાજ્ય સરકારના તમામ અધિકારી, પદાધિકારીઓ આ ગુણોત્સવના કાર્યક્રમમાં જાય એ માટેની વ્યવસ્થા આ રાજ્ય સરકારે કરી છે. હું વાત કરતો હતો કે શાળામાં વર્ગ વધારો હોય અથવા નવા વર્ગોની જરૂરિયાત ઊભી થાય એના માટે આ રાજ્ય સરકારને અત્યાર સુધી મળેલ તમામ દરખાસ્તોમાંથી ૧૦૮ દરખાસ્તોને મંજૂરી આપી છે. 'One Time Cash Award' માં જે બાળકો ભૂમિ, નૌકા કે વાયુદળમાં તાલીમ માટે જોડાનાર હોય એવા વિદ્યાર્થીઓને રૂ.૫૦,૦૦૦/-નો

cash award રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. અનેકવિધ કાર્યક્રમોમાં એકમ કસોટી લેવામાં આવે છે. માત્ર ભણવું પૂરતું નથી. ઉચ્ચ શિક્ષણની વાત કરું તો મેં પહેલાં પણ કહ્યું હતું કે વર્ષ ૨૦૦૧માં માત્ર ૧૧ યુનિવર્સિટીઓ હતી. આજે ૭૭ યુનિવર્સિટીઓ છે. એ વખતે ટેક્નિકલ શિક્ષણમાં માત્ર ૫૨,૦૦૦ સીટો હતી. આજે ૧,૨૫,૦૦૦ કરતાં વધારે સીટો છે. આપણા વિદ્યાર્થીઓ પરપ્રાંતમાં જતા હતા એના બદલે પરપ્રાંતના વિદ્યાર્થીઓ ગુજરાતમાં આવવા લાગ્યા. અહીં કોઇપણને પૂછો કે કેટલાં બાળકો ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં ભણે છે. નેશનલ લૉ કૉલેજ યુનિવર્સિટી બની છે. પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી બની છે. ફૉરેન્સિક સાયન્સ યુનિવર્સિટી પણ બની છે. એમાં આપ જાણો છો તેમ અન્ય પ્રાંતના લોકો પણ અહીં આવતા હોય છે. ઉચ્ચ શિક્ષણ અને ટેક્નિકલ શિક્ષણમાં અત્યારના આધુનિક જમાનામાં રાજ્ય સરકાર કામ કરી રહી છે, ત્યારે આ વિદ્યાર્થીઓ ભણે એટલું જ નહિ પણ સ્કિલ આધારિત મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનામાં ટેક્નિકલ શિક્ષણમાં જે તે યુનિવર્સિટીમાં એને નોકરી મળે એટલા માટે આ રાજ્ય સરકારે વિચારણા કરી છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અમારા આદિજાતિ વિકાસ વિભાગની માગણી ક્રમાંકઃ ૯૩ અને ૯૬ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ઉમરગામથી અંબાજી સુધીના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાની નવી વસ્તીની ગણતરી થાય તો કદાચ એક કરોડથી પણ વધારે વસ્તી થવા જઈ રહી છે. આદિવાસી વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને ખાસ કરીને તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે આ રાજ્યની ધુરા સંભાળ્યા પછી ખૂબ સારો એવો બદલાવ આવ્યો છે તેના અમે સાક્ષી છીએ. આ વખતે એટલા માટે જ આદિવાસી વિસ્તારમાં ૨૭માંથી ૨૩ સીટ ભારતીય જનતા પાર્ટીને મળી છે. વનબંધુ પેકેજ એ અમારા માટે ખૂબ જ આશીર્વાદરૂપ છે. હમણાં માનનીય તુષારભાઈ જે ૩,૪૧૦/-ની વાત કરતા હતા, પણ આ બજેટ અમારા આદિજાતિ વિભાગ માટેનું ખૂટતી કડીઓને પૂરી કરવા માટેનું બજેટ છે. હું માનનીય નાણામંત્રીશ્રી અને આદરણીય મુખ્યમંત્રીશ્રીને વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.એક લાખ કરોડનું જે પેકેજ બનાવ્યું તેના માટે ખૂબ અભિનંદન આપું છું. અમે ગયા વખતે પણ લગભગ રૂ.૧૪,૬૬૮ કરોડના બજેટનો આદિવાસી વિસ્તાર માટે ઉપયોગ કર્યો છે, ત્યારે મને અંદાજ છે કે આ વખતે પણ રૂ.૨૦ હજાર કરોડથી પણ વધારે બજેટ આદિવાસી વિસ્તારમાં વપરાશે અને ઊર્જા, માર્ગ અને મકાન, આરોગ્ય, સિંચાઈ, પાણી પુરવઠા જેવા અન્ય વિભાગોની ભૌતિક અને માળખાકીય સુવિધાઓમાં તેનો પૂરેપૂરો ઉપયોગ થઈ રહ્યો છે તેના અમે સાક્ષી છીએ. આદિવાસી વિસ્તારોના પહાડી, ડુંગરાળ અને નદી-નાળાથી ઘેરાયેલા વિસ્તારને કનેક્ટિવિટી આપવી, નદીઓ ઉપર પુલ બનાવવા, બોક્સ કન્વર્ટ કરવા એ કોઈ નાની-સૂની ઘટના ન હતી. આજે અમે ગર્વ સાથે કહી શકીએ કે અમારા ડાંગ જેવા આદિવાસી વિસ્તારના યુવાન કે યુવતી પણ રોજગારી માટે સુરત સુધી અપ-ડાઉન કરી શકે તેવી રોડની કનેક્ટિવિટી આપી છે. આરોગ્યની સુવિધા પણ તે રીતે આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ઊર્જાની વાત કરું તો મને બરાબર યાદ છે કે, મારો જન્મ અંધારામાં થયો છે અને મારા લગ્ન પણ અંધારામાં એટલે કે પેટ્રોમેક્સથી થયા ત્યાં સુધી લાઈટ ન હતી. આજે અમારા યશસ્વી વડાપ્રધાને ડાંગથી શરૂ કરેલી જ્યોતિગ્રામ યોજના થકી અમે ૨૪ કલાક વીજળીનો ઉપયોગ કરી રહ્યા છીએ. એમણે જંગલોની જમીનની વાત પણ કરી. અમારા વનવાસીઓએ વર્ષોથી વન સંરક્ષણનું કામ કર્યું છે તેને ધ્યાનમાં રાખીને આ વનવાસીઓને જમીન મળે તેના માટે વર્ષ ૨૦૦૬માં કાયદો અમલમાં આવ્યા પછી ૧ લાખ ૮૨ હજાર ૮૬૯ વ્યક્તિગત દાવાઓની અરજીઓ મળી. તે પૈકી તા.૩૧/૦૧/૨૦૨૩ સુધીમાં ૯૫,૦૫૯ અરજીઓ મંજૂર કરી. તે સિવાય ૭,૧૮૭ સામૂહિક દાવાઓ પૈકી ૪,૭૯૧ દાવાઓ મંજૂર કર્યા. જે રીતે ૬૫,૫૨૫ હેક્ટર જમીન આદિવાસીઓને મળે, તેના હાથમાં ૭/૧૨ના દાખલા આવે તે કદાચ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બન્યું છે એટલે હું સરકારને ખૂબ અભિનંદન આપું છું. અમારો આદિવાસી કે જે વર્ષોથી જમીન ખેડતો હતો, તેને પોતાને વિશ્વાસ હતો કે આજે નહિ તો કાલે જમીન મળશે, એ કબજો સાચવવાનો પ્રયત્ન કરતો હતો. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે તેની મનમાં પડેલી વાતને ચરિતાર્થ કરવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં માત્ર માળખાકીય સુવિધાઓ અથવા બીજો કોઈ વિકાસ કરવાથી આદિવાસીઓનો વિકાસ થવાનો નથી. જો તમારે આદિવાસી વિસ્તારમાં સારી રીતે વિકાસ કરવો હોય, ભવિષ્યમાં સારી રોજગારી આપવી હોય તો તેને ખૂબ સારી રીતે શિક્ષણ આપવું જોઈએ. શિક્ષણની સુવિધાઓ કેવી હતી એ અમે ભૂતકાળમાં જોયું છે. ચારથી પાંચ ગામ વચ્ચે એક માધ્યમિક શાળા હોય. એન્જિનિયરિંગ કે મેડિકલમાં જવું હોય તો સાયન્સ શાળાઓ ન હોય. આજે અમે ગર્વ સાથે કહી શકીએ છીએ કે, આજે અમારા આદિવાસી પટ્ટામાં તાલુકામાં જ નહીં પણ ગામે-ગામ સાયન્સ શાળાઓ શરૂ થઇ રહી છે અને તાલુકા કક્ષાએ સાયન્સ કૉલેજો પણ શરૂ થઇ રહી છે. એકપણ તાલુકો એવો નથી કે જ્યાં આઇ.ટી.આઇ. ન હોય. એક તાલુકાની અંદર ત્રણથી ચાર આઇ.ટી.આઇ. પણ છે, વોકેશનલ સેન્ટર છે કે જ્યાં સારી તાલીમ લઇ રોજગારી માટે આગળ વધી શકાય એ પ્રકારની વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે એ માટે હું એમને અભિનંદન આપું છું. એકલવ્ય રેસિડન્સી શાળા, આદર્શ નિવાસી શાળાઓમાં ૯૦થી ૧૦૦ ટકા રિઝલ્ટ આવ્યું છે. કપરાડામાં મારે જવાનું થયું. મારા એક તાલુકાની દીકરી ધોરણ-૧૨ કોમર્સમાં અભ્યાસ કરતી હતી અને ૯૩ ટકા સાથે પાસ થઇ. એ દીકરીનું જ્યારે મેં સન્માન કર્યું ત્યારે મેં એ દીકરીને પૂછ્યું કે, ''હવે તું શું કરીશ?'' ત્યારે એક મિનિટનો પણ વિલંબ કર્યા

સિવાય એણે કહ્યું કે, ''હું આગળ ભણીશ અને સી.એ. બનીશ.'' એક આદિવાસી દીકરી સી.એ. બનવાનો વિચાર કરે એ કોઇ નાનીસૂની વાત નથી. કોઇપણ આદિવાસી બાળક જ્યારે પહેલાં ધોરણમાં જાય ત્યારે એનું વાલી માઇગ્રેટ પણ થતું હોય છે. એના મા-બાપ અભણ હોય છે. એ આશ્રમશાળાઓ સારી હોવી જોઇએ, શિક્ષકો સારા હોવા જોઇએ અને ખૂબ સારી સુવિધાઓ મળવી જોઇએ. કોઇપણ બાળક કોઇ ગલી કે શેરીનું નથી હોતું, રાજ્ય કે દેશનું નથી હોતું. એ બાળક બ્રહ્માંડનું હોય છે, એ બાળક ગ્લોબલ સિટીઝન હોય છે અને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે એને સુવિધા આપી છે. આજે મારે માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે. વર્ષોથી આશ્રમશાળાઓ ચાલતી હતી એ જર્જરિત હાલતમાં હતી અને એની જવાબદારી સંચાલકોની હતી. અમારા આદિવાસી બાળકોની ભણવાની ચિંતા કરીને ગયા વર્ષના બજેટમાં એ જર્જરિત આશ્રમશાળાઓને પાકા મકાનો મળી જાય એ માટે અમે રૂ.૨૦૦ કરોડની જોગવાઇ કરી છે. વિદેશમાં અભ્યાસ કરતાં અમારાં બાળકોને રૂ.૧૫ લાખની લોન મળે છે, અમારા ૪૫ આદિવાસી વિદ્યાર્થીઓ વિદેશમાં અત્યારે અભ્યાસ કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૭થી અત્યારસુધીનો આંકડો જોઇએ તો, અમારા ૧૬૯ આદિવાસી વિદ્યાર્થીઓ અત્યારે વિદેશમાં અભ્યાસ કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીની મહેરબાનીના કારણે મારા વાંસદા તાલુકાની એક દીકરી આજે વિદેશમાં મેડિકલ અભ્યાસ કરી રહી છે. વર્ષોથી આદિવાસી વિસ્તારમાં કેવો વિકાસ અને સુવિધા હતી એના અમે સાક્ષી છીએ. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી એમાં ચોક્કસ બદલાવ આવ્યો છે. હળપતિઓને પાકું ઘર, વીજળી, પાણી, દસ લાખ રૂપિયાનું આરોગ્ય વીમા કવચ અને ફ્રીમાં અનાજ મળે છે. ''હો ભલે પડકારો અનેક અમે નહીં અટકવાના, લાંઘીશુ અમે સીમાઓ અને લાંઘીશુ આકાશ, જંગલ, નદી પર્વત એમ કુદરતના ખોળે છે વિશ્વાસ. આદિ છીએ, અનાદિ છીએ. ઉડાન ઊંચી ભરવાના, અમે નહીં અટકવાના.''

હું આ માગણીઓને સમર્થન આપું છું અને મારી વાણીને વિરામ આપું છું. ધન્યવાદ.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, બજેટ ઉપર આજની માગણી નંબર-૯૩ અને ૯૬ માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિભાગની જે લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય એટલે આજે સૌ કોઇ કહી શકે છે કે, સમગ્ર દેશમાં એક એંન્જિન ગ્રોથની સાથે ચાલનારું રાજ્ય છે. આપણે ગુજરાત રાજ્યની ભૌગોલિક પરિસ્થિતિ ઉપર થોડી નજર કરી લઇએ તો, અમારા ઉમરગામ તાલુકાના દેહરીગવાડાથી કચ્છ સુધી ૧,૬૦૦ કિ.મી.નો દરિયો છે. પૂર્વ વિસ્તારમાં જોઇએ તો, અમારા માનનીય પૂર્વ મંત્રીશ્રી નરેશભાઇએ કહ્યું કે, જે પહાડી વિસ્તારો છે એવા ડુંગર તળેટીમાં ૧૪ જિલ્લા અને ૫૩ તાલુકામાં આદિવાસી વિસ્તાર છે. ૮ મહાનગરપાલિકાઓ, ૧૬૫ નગરપાલિકાઓ અને આ સમગ્ર વિસ્તારમાં ગામડું મજબૂત બને અને રાજ્ય સમતોલ વિકાસ સાથે ચાલે એવો દૃષ્ટિકોણ હોવો જોઇએ. આ દેશમાં વર્ષ ૧૯૫૨માં પહેલી ચૂંટણી આવી. વર્ષ ૧૯૫૨થી વર્ષ ૧૯૯૦ સુધી સરકાર જે હોય તે પણ બધાની એક જનરલ જવાબદારી આવે છે. સરકારનો, લોકોને એક સાથે બાંધવા, વિકાસ સાધવો અને સમતલ વિકાસ થાય એવો દૃષ્ટિકોણ હોવો જોઇએ. આપણે જોયું છે કે, ૪૭ વર્ષમાં ગામડાં કેમ તૂટ્યાં? ગામડાના લોકો ઘર બંધ કરીને, શહેરમાં રોજગારી લેવા માટે આવે છે. જયારે ગામડાના લોકો શહેરમાં રોજગારી લેવા માટે આવતાં હોય ત્યારે સ્વાભાવિક રીતે જે કોઇ સરકાર હોય, એને બરાબર જવાબદારી નિભાવી ન હોય એના કારણે ગામડાં તૂટતાં રહ્યાં છે, એ અમે ૪૭ વર્ષમાં જોયું છે. માનનીય ડૉકટર સાહેબે ઘણી વાત મૂકી કે કશુ કર્યું નથી પણ, અમે તો સરકારમાં રહી ચૂક્યા છીએ. ૪૭ વર્ષમાં આદિવાસીઓ માટે બજેટના માત્ર રૂપિયા ૬ હજાર કરોડ ખર્ચાયા છે. આપણા ગુજરાત રાજ્યના આદિવાસીઓની વસતિને કવર કરવા માટે આ દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ખૂબ ચિંતા કરી છે. વર્ષ ૨૦૦૭માં ૧૦ મુદ્દા કાર્યક્રમ કર્યો. ૧૦ મુદ્દા કાર્યક્રમમાં નક્કી કર્યું કે જે ૧૦ કામો કરવાનાં છે એમાં, કયા કયા કામો કરી શકાય અને લોકોને કંઇ રીતે રોજગારી આપીને આપણે મજબૂત કરી શકીએ, એવા મુદ્દા લેવામાં આવ્યા. એ મુદ્દાઓને કારણે એક પરિસ્થિતિએ આપણી તરફ વળાંક લીધો કે આ મુદ્દો સારો છે, જેનાથી ગામડાં તૂટતાં બંધ થાય અને શહેર ઉપર જે ભારણ વધે છે એને આપણે અટકાવી શકીએ. વર્ષ ૨૦૦૭માં વન બંધુ કલ્યાણ યોજના આવી. ત્યારબાદ, એમાં ગુજરાત સરકારે જે ન્યૂ બજેટ પેટર્ન કર્યું એ રૂપિયા ૧૫ હજાર કરોડનું પેકેજ ૫ વર્ષ માટે વાપરવાનું નક્કી કર્યું હતું. એના પરિણામે, રૂપિયા ૧૭,૨૩૮ કરોડ ખર્ચાયા. ગામડામાં મુશ્કેલીઓ જેવી કે રસ્તાઓ ન હતા, પીવાના પાણીની વ્યવસ્થા ન હતી, શાળા અને આંગણવાડીની વ્યવસ્થા ન હતી એના કારણે, ગામડાના આદિવાસીને લાગતું હતું કે સરકારશ્રીનું અમને કશું મળતું નથી, પણ આ રૂપિયા ૧૫ હજાર કરોડના પેકેજ સામે રૂપિયા ૧૭,૨૩૮ કરોડ ખર્ચ કર્યા પછી લાગ્યું કે, આદિવાસી વિસ્તારમાં સારાં કામો થઇ રહ્યાં છે. ત્યારબાદ, બીજી પંચવર્ષીય યોજનામાં રૂપિયા ૪૦ હજાર કરોડ મૂકવામાં આવ્યા. એની અવેજીમાં રૂપિયા ૬૭ હજાર કરોડ આ ગામડાઓમાં ખર્ચવામાં આવ્યા છે. એટલા માટે અમે આજે ગર્વથી કહીએ છીએ કે, આજે નગરપાલિકા કે મહાનગરપાલિકા વિસ્તારોમાં જે સુવિધા છે એટલી જ સુવિધા અમારા આદિવાસી વિસ્તારમાં પણ મળી ચૂકી છે. એનું મુખ્ય કારણ શું છે? આદિવાસી કયા વિસ્તારમાં રહે છે? ડુંગર તળેટીમાં રહેતો હોય તો એને મુખ્ય પ્રવાહ સાથે જિલ્લા કે તાલુકા માર્ગે જોડવા માટે ઘણી બધી નદીઓ પાર કરવી પડતી હોય છે. નદીઓ ઉપર બ્રિજ બાંધવા પડે, બ્રિજ બાંધીને અવર-જવર માટેની વ્યવસ્થા આપવી પડે, રસ્તાઓ આપવા પડે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ, 'મુખ્યમંત્રી સડક યોજના' અમલમાં મૂકી. એના કારણે ગામડાઓને કવર કરતાં ગયા છીએ. મારે આજે કૃષિ અને સિંચાઇ ક્ષેત્રમાં બે વાત કરવી છે. આપણે જાણીએ છીએ કે, આપણે લોકોને માળખાકીય વ્યવસ્થા

આપીએ છીએ પણ, પોતાના ઘરની આજુબાજુ એમને રોજગારી મળે એવો સરકારશ્રીનો કાર્યક્રમ હોવો જોઇએ. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ કાર્યક્રમ મૂક્યો છે. દા.ત. મેં ગઇ વખતે પણ મારા પ્રવચનમાં કહ્યું હતું કે, સરકાર બધાને નોકરી નહીં આપી શકે પણ, એવી વ્યવસ્થા થવી જોઇએ કે ગામડામાં ૨૪ કલાક વીજળી મળે, ગામડામાં પાકી સડકો બને, વીજળી મળવાના કારણે ખેડૂતો પોતાના ખેતરમાં ઉત્પાદન કરે અને એ કૃષિ પેદાશો સારા રસ્તા હોવાના કારણે બજારમાં આપે તો પોતે નોકરી કરે એનાથી પણ સારી રીતે પૈસા કમાઇ શકે. એટલા માટે વર્ષ ૨૦૨૧-૨૨માં પ્રથમ તબક્કામાં રૂપિયા ૧ લાખ કરોડની જાહેરાત કરી છે એમાં એમાં રૂ.૧૪,૪૬૩ કરોડ રૂપિયા ફકત વનબંધુ કલ્યાણ યોજનામાં અમે વાપરી ચૂકયા છીએ. એના કારણે આજે ગામડાં તૂટતાં અટક્યાં છે. સારી રીતે ગામડામાં લોકો રહેવા લાગ્યા છે. એ જ રીતે વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૪,૬૩૮ કરોડ રૂપિયા, બે વર્ષમાં ૨૯,૧૦૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરીને આદિવાસી સમુદાયના આદિવાસી વિસ્તારના વિકાસ માટે અનેકવિધ કાર્યો હાથ ધર્યા છે અને રોજગારીની તકો લોકોને આપી છે. ટકાઉ સરકાર અને ટકાઉ સરકારની અંદર લોકોને રોજગારી એ બે વસ્તુ જો બરાબર હોય તો આખા દેશની જે વ્યવસ્થા છે, ગુજરાતની વ્યવસ્થા છે ૮૫ ટકા સરકાર ઉપર નજર રાખીને લોકો મતદાન કરતા હોય છે. તેનું પરિણામ પણ આપણે આજે જોઇએ છીએ. કેમ કે ૨૬ જે લોકસભાની બેઠક હતી એ છવ્વીસે છવ્વીસ સીટો ભારતીય જનતા પાર્ટી જીતી. ત્યારબાદ ગયે વખતે પણ વિધાનસભાની ચૂંટણી ગઇ. ટ્રાયબલ વિસ્તારમાં એવું હતું કે કોંગ્રેસ તરફે પણ ચાલે. લોકોને હવે દેખાયું છે કે અમને કામ મળે છે, અમને રોજગારી મળે છે. અમારી ચિંતા સરકાર કરે છે. એટલા માટે ટ્રાયબલ વિસ્તારની ૨૭ સીટો છે, તેમાંથી ૨૩ સીટ ભારતીય જનતા પાર્ટીને મળી છે. એનું પરિણામ સ્પષ્ટ છે કે સાચી સરકાર, કામ કરવાવાળી સરકાર અને ગુજરાતને સમગ્ર તંત્ર સાથે જોડીને સમગ્ર રીતે વિકાસ થાય એ દૃષ્ટિકોણ જો રાખે તો પ્રજા ચોકકસ સાથે રહે છે. એટલા માટે આજના આ બજેટમાં જે જોગવાઇ કરવામાં આવી છે, એમાં અમારા કૃષિ ક્ષેત્રની અંદર પણ નાની મોટી ખૂબ બધી ૨૪૧ યોજનાઓ આદિવાસીઓ માટે મૂકવામાં આવેલી છે. એ ૨૪૧ યોજનાની અંદર કૃષિ ડેરી જે યોજના છે, એનાથી લોકોને ખૂબ મોટો ફાયદો થયો છે. પોતાના ઘરની અંદર જેટલા પણ સભ્યો હોય, એ પોતે ત્યાં રોજગારી કરીને સ્થિર બન્યા છે. ગામડામાં પણ કોઇ કદાચ ભણેલા નહીં હોય, તેમ છતાં ગૃહ ઉદ્યોગ, ઇંટ ઉદ્યોગ. ઇંટ ઉદ્યોગમાં પોતાના ઘરના ૫ સભ્યો હોય તો એ ૫ સભ્ય જ પોતે ધંધો કરે છે અને સારી રીતે આદિવાસી ક્ષેત્રમાં રહે છે ત્યારે હું બજેટની આ માગણીઓને મારું સમર્થન આપું છું.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા(ઘોરાજી):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ માગણી ક્રમાંક ૯ અને ૧૦ને મારું સમર્થન આપું છું અને આ તકે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન સમયમાં ભારતને જી-૨૦નું અધ્યક્ષપદ મળ્યું છે. આ બાબત સરવે ભારતવાસી માટે ગૌરવરૂપ ઘટના છે. આજે વિશ્વમાં ભારત પાસે પ્રધાનમંત્રીના સ્વરૂપમાં જે મજબૂત નેતૃત્વ છે. જે વિઝનરી નેતૃત્વ છે, તેને પણ ખૂબ જ સન્માન સાથે સમગ્ર વિશ્વમાં જોવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વ આજે ભારત તરફ મીટ માંડીને બેઠું છે. જેના કારણે પ્રત્યેક ભારતવાસીને આનંદ અને ગૌરવ થાય તે સ્વાભાવિક છે. વર્ષ ૨૦૨૩નું જી-૨૦નું અધ્યક્ષપદ ભારતની આર્થિક પ્રગતિને લઇને સાયન્સ એન્ડ ટેકનોલોજી, ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ સુધીના લગભગ દરેક ક્ષેત્રમાં વિકાસની શ્રેષ્ઠતાની નવી ઊંચાઇઓના પરિપ્રેક્ષ્યમાં જી-૨૦નું અધ્યક્ષપદ સુવર્ણ તક તરીકે જોવાનો ગુજરાત સરકારનો નિર્ધાર એમના બજેટ પ્રોવિઝન પરથી નિશ્ચિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બદલાતી ટેકનોલોજીના પરિપ્રેક્ષ્યમાં અનુકૂલન સાધી શકે તે માટે તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં જરૂરી સગવડો, ઇન્ફ્રાસ્ટ્રકચર તથા નવા અભ્યાસક્રમો, વિદ્યાર્થીઓમાં કૌશલ્યનો વિકાસ થાય એના માટે નવા પ્રકલ્પો શરૂ કરવા માટે બજેટમાં ખાસ આયોજન કરેલ છે અને એના માટે વર્ષ ૨૦૨૩-૨૪માં શિક્ષણ વિભાગમાં સૌથી વધારે બજેટ પ્રોવિઝન રૂ.૪૩,૬૫૧ કરોડનું કરવામાં આવ્યું છે અને તે માટે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ સાહેબને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વૈશ્વિક સ્તરે ગુજરાતની ઓળખ ઊભી કરવા માટે રાજયના શિક્ષણ વિભાગે સમગ્ર યુનિવર્સિટી અને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને ઇનોવેશન અને ઉદ્યોગ સાહસિકતા માટેની તેમની આવડત વિકસાવવા માટે, એમની આવડતને પોષવા માટે સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન પોલિસી-૧ ની શરૂઆત કરેલી હતી. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ વચ્ચે જે એસ.એસ.આઇ.પી.૧ને બહુ મોટી સફળતા મળી, ત્યાર પછી શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વરદ હસ્તે પમી જાન્યુઆરી ૨૦૨૨ના રોજ સાયન્સ સિટી ખાતે એસ.એસ.આઇ.પી.૨, સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન પોલિસી-૨ લોંચ કરવામાં આવી અને આ પોલિસી તા.૩૧.૦૩.૨૦૨૭ સુધી અમલમાં રહેવાની છે. એસ.એસ.આઇ.પી.૧ના અમલીકરણના ગાળા દરમિયાન ૫૧ યુનિવર્સિટી સહિત કુલ ૧૮૬ શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજોને ગ્રાન્ટ-ઇન તરીકે સામેલ કરવામાં આવેલ હતી અને રૂપિયા ૨૪.૦૩ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. એસ.એસ.આઇ.પી.ની નીતિ હેઠળ કુલ ૧,૩૮૪ પેટન્ટ ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ એકટ અંતર્ગત ફાઇલ કરવામાં આવ્યા છે. ૨,૨૯૨ સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તેમજ ૬,૯૪૯ વિદ્યાર્થી ટીમોને પ્રોટોટાઇપ વિકસાવવા માટે ૨

લાખની મર્યાદામાં ગ્રાન્ટ આપવામાં આવેલ છે. એસ.એસ.આઇ.પી.ના પ્રથમ તબક્કાના પાંચ વર્ષમાં રાજયભરમાં ૧૧ લાખથી પણ વધુ વિદ્યાર્થીઓને ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ વિશેની મૂળભૂત જાગૃતિ માટે માહિતી આપવામાં આવેલ છે. એસ.એસ.આઇ.પી. અંતર્ગત હેકા ફોન, સ્ટુડન્ટ્સ ઓપન ઇનોવેશન ચેલેન્જ, એસ.એસ.આઇ.પી. પ્રશંસા અને સમર ઇનોવેશન ચેલેન્જ જેવા ઘણા ઇનોવેટીવ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન ઇનોવેશન પોલિસી-૨ અંતર્ગત રાજય સરકાર દ્વારા રૂ.૫૦૦ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં ૩૦૦ કરોડ સ્ટુડન્ટ ઇનોવેશન ફંડ રાજયના બજેટ દ્વારા પ્રોવાઇડ કરવામાં આવશે અને રૂ.૨૦૦ કરોડ ગ્રાન્ટ-ઇન મેચિંગ ફંડ તરીકે યુનિવર્સિટીઓ, અન્ય સંસ્થાઓના આંતરિક બજેટ, ખાનગી અને સી.એસ.આર. ફંડ દ્વારા એકત્રિત કરવામાં આવશે. એસ.એસ.આઇ.પી.-૨ માટે રાજય સરકાર દ્વારા અને ખાસ કરીને વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષ માટે ચાલુ બાબત હેઠળ રૂ.૬૦ કરોડની જોગવાઇની સૈદ્ધાંતિક મંજૂરી પણ આપવામાં આવેલ છે. એસ.એસ.આઇ.પી.-૨ અંતર્ગત રાજયની તમામ યુનિવર્સિટી, કોલેજો અને શાળાઓને આવરી લેવામાં આવેલ છે અને ૩૫ વર્ષ સુધીનો કોઇ પણ વ્યક્તિ આ પોલિસી અંતર્ગત નાણાકીય સહાય મેળવી શકશે. એસ.એસ.આઇ.પી.-૨ અંતર્ગત આગામી પાંચ વર્ષોમાં રાજયની તમામ યુનિવર્સિટીમાં કાર્યાત્મક ઇનોવેશન અને ઇન્કયુબેશન સેન્ટરનો વિકાસ કરવામાં આવશે. રાજયની તમામ યુનિવર્સિટી અને શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓને તેમના ક્રિએટીવ આઇડિયામાંથી સ્ટાર્ટ-અપ બનાવવા માટે મહત્તમ રૂપિયા અઢી લાખની નાણાકીય સહાય આપવામાં આવશે. તેમજ દેશમાં પેટન્ટ મેળવવા માટે ૭૫ હજારની અને ઇન્ટરનેશનલ લેવલે પેટન્ટ મેળવવા માટે દોઢ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. શાળના વિદ્યાર્થીઓને પણ પ્રોજેકટ મોડલ બનાવવા માટે મહત્તમ રૂપિયા ૨૦ હજારની મર્યાદામાં નાણાકીય સહાય આપવામાં આવશે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર(મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સમાજ માટે માગણીઓ લઇને આવ્યા છે. આદિ-અનાદિકાળથી તેની સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણની કોઇએ જો જાળવણી કરી હોય તો એ આદિવાસી સમાજે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન રામ જ્યારે ૧૪ વર્ષના વનવાસે ગયા. એકબાજુ ભગવાન રામ વનવાસ માટે નીકળ્યા અને એક બાજુ શબરી માતા ભગવાન રામના દર્શન માટે તેમની રાહ જોઇને બેઠા હતા અને એવું વિચારતા હતા કે એક દિવસ મારી ઝૂંપડીએ ભગવાન શ્રી રામ આવશે. શબરી માતાની ભક્તિ જોઇને ભગવાન શ્રી રામે ત્યાં જવું પડ્યું, શબરી માતાને દર્શન આપ્યા. ભગવાન શ્રી રામ જ્યારે આવ્યા ત્યારે શબરી માતાએ તેમને બોર આપ્યા. શબરી માતાની એટલી ભક્તિ કે એમને મનમાં થયું કે આ બોર ક્યાંક ખાટાં તો નહીં હોય ને? તેમણે એક એક બોર ચાખી ચાખીને ભગવાન શ્રી રામને આપ્યા અને એઠાં બોર ભગવાન શ્રી રામે ખાધા. આ નાતો છે ભગવાન શ્રી રામનો અમારા સમાજ સાથેનો. એવા આદિવાસી સમાજની માગણી લઇને માનનીય મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોરજી આવ્યા છે ત્યારે મારું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજ એટલે કે લડાયક સમાજ. આ સમાજ આઝાદીની લડાઇમાં અનેક વખત દેશના ભૂ-ભાગમાં જ્યારે પણ રાજ્યોમાં જરૂર પડે, જ્યાં જ્યાં પણ આઝાદી માટે લડવું પડે તેમાં આદિવાસી સમાજે મોટું બલિદાન આપ્યું છે. ખૂબ મોટું યોગદાન આપ્યું છે પણ ભૂતકાળની કોંગ્રેસની સરકારે આઝાદી મળી તે પછી આદિવાસી સમાજ ઉપર જે ધ્યાન આપવું જોઇએ એ ન આપ્યું. તેના કારણે આદિવાસી સમાજ મુખ્ય ધારાથી વિખૂટો પડ્યો, ઉપેક્ષિત થયો અને ભૂતકાળની સરકારોએ માત્રને માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કર્યો. કોઇ પણ સમાજના બાળકને આગળ વધારવું હોય, તેની પ્રગતિ કરાવવી હોય, શિક્ષણમાં આગળ લઇ જવું હોય તો તેનું ઘર, પરિવાર, સરકાર અને સમાજ કેટલી સુવિધા આપે છે, તેના માટે કેવું વાતાવરણ પૂરું પાડે છે તેના ઉપર તેની પ્રગતિનો આધાર હોય છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે એક યોજના શરૂ કરી. જેના માં-બાપ ગરીબ છે, અંતરિયાળ વિસ્તારમાં રહે છે, ઝૂંપડપટ્ટીમાં રહે છે અને બાળકોને નબળી આર્થિક સ્થિતિના કારણે શિક્ષણ આપી શકતા નથી. બાળક હોંશિયાર છે એવા આદિવાસી સમાજનાં બાળકો શિક્ષણથી વંચિત ન રહે તેના માટે ધોરણ-૬થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ કક્ષાના વિદ્યાલયોમાં વિનામૂલ્યે સર્વશ્રેષ્ઠ શિક્ષણ આપવાનું કામ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટી અને ટેલેન્ટ પૂલ યોજના થકી કરવામાં આવ્યું છે. ભારતમાં આદિવાસી સમાજનું અલગ વર્ચસ્વ છે. આધ્યાત્મિક પરંપરાઓ, વિશિષ્ટ સંસ્કૃતિ અને તેના જીવનમૂલ્યો. જ્યારે જ્યારે દેશની સુરક્ષાની વાત આવે, દેશ ઉપર જ્યારે સંકટ આવ્યું હોય ત્યારે આદિવાસી સમાજે પોતાના શૌર્ય અને બલિદાનથી રાષ્ટ્રની રક્ષામાં પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ચાહે એ તિલ્કા માંઝી હોય, ભગવાન બિરસા મુંડા હોય. આદિવાસી સમાજનું આઝાદી માટે ખૂબ મોટું યોગદાન રહેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા પંચમહાલ જિલ્લાની વાત કરું તો પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકામાં આવેલા વડેગ ગામમાં જોરિયા પરમેશ્વર જે થઇ ગયા, જેમણે આદિવાસી સમાજ માટે જર, જમીન અને જંગલના હક્ક માટે, આદિવાસી સમાજનું શોષણ કરતા હતા તેના માટે સમાજ સુધારણા આંદોલન શરૂ કરી અંગ્રેજો સામે બાથ ભીડી ત્યારે આદિવાસી લોકોના અધિકારો માટે રૂપસિંગ નાયક અને ગલાલીયા નાયક જેવા પણ તેમની સાથે જોડાયા. અંગ્રેજોના વિરુદ્ધમાં આંદોલન ઊભું કર્યું અને સને ૧૮૬૮માં તેમને ફાંસીના માચડે ચડાવી દીધા. આવું મોટું યોગદાન હોવા છતાં ઇતિહાસના પાનામાં એમનું ક્યારેય નામ નહોતું. ધન્ય છે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે વર્ષ ૨૦૧૨માં ઇતિહાસના પાનામાં તેમનું નામ આપ્યું.

નવેસરથી શાળા બનાવવામાં આવી અને સ્ટેચ્યૂ બનાવવામાં આવ્યું જેથી કરીને આવતી જનરેશન છે એ ઈતિહાસના પાનામાં આંદોલનમાં છૂપાયેલી રાષ્ટ્રભાવના માટે જેમણે કામ કર્યું છે તેમને જાણી શકે. તેનું સૌથી મોટું ઉદાહરણ આપું. ગુરુ ગોવિંદ. તા. ૧૭મી નવેમ્બર-૧૯૧૩માં માનગઢની ધરતી ઉપર ભગત આંદોલન થયું અને જલીયાવાલા બાગ કરતા પણ વધુ ૧,૫૦૦થી વધુ ભીલવીરોએ પોતાના પ્રાણોની આહૂતિ આપી દીધી અને એને પણ ઈતિહાસના પાનામાં કંડારવાનું કામ કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે અને જયારે અંગ્રેજો સામે લડતા હતા ત્યારે મને ભૂરેટિયાવાળું ગીત યાદ આવે છે, ભૂરેટિયા એટલે કે અંગ્રેજો અને ત્યારે ગવાતું ગીત મને યાદ આવે છે,

'' કંબોઇ મારો વાસો હૈ લીમડીમાં મારો ફેરો હૈ ભૂરેટિયા, નઇ માનું રે નહીં માનું,
બારીયામાં મારી તોપો હે, ગોધરામાં મારો ફેરો હે, ભૂરેટિયા, નઇ માનું રે નહીં માનું,
અમદાવાદ મારી જાજમ હે, દિલ્હીમાં મારી ગાદી હે, ભૂરેટિયા, નઇ માનું રે નહીં માનું,
દિલ્હીમાં મારી ગાદી હૈ, બેડેશ્વર મારો લેખ હે, ભૂરેટિયા, નઇ માનું રે નહીં માનું,
બેડેશ્વર મારો લેખ હે, માનગઢ મારો ઝંગડો હે, ભૂરેટિયા, નઇ માનું રે નહીં માનું,''

આ ગીતથી અંગ્રેજો સામે આદિવાસી સમાજે કેવી લડત લડી હતી એનો આપણને ચિતાર મળે છે. આદિજાતિ સમાજના વિકાસ માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૩,૪૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે અને આદિવાસી કુટુંબમાં સ્વસ્થ્ય આરોગ્ય અને પોષણ માટેની થયેલી કામગીરી જોઇએ તો આદિવાસી સમાજના લોકોની આર્થિક સ્થિતિ નબળી હોય છે, અત્યંત ગરીબ હોય છે અને જયારે ટી.બી., કેન્સર અને જીવલેણ ગંભીર રોગોમાં જયારે સપડાઇ જાય છે ત્યારે એ ના દવા ખરીદી શકે કે ના ઇન્જેકશન લઇ શકે આવા સમયે આદિવાસી સમાજના લોકો માટે પૈષ્ટિક આહાર હોય, દવા હોય, એના માટે મફત તબીબી સહાય યોજના આપવામાં આવી અને એના આધારે આદિવાસી સમાજમાં પાંડુરોગ, ટી.બી., કેન્સર, રકતપિત્ત, એચ.આઇ.વી.,સિકલસેલ એનીમિયા હોય, થેલેસિમિયા વગેરે રોગો માટે જુદી જુદી સહાય નક્કી કરવામાં આવી છે. એની સાથે આદિવાસી બાળકોની જયારે તંદુરસ્તીની જયારે ચિંતા કરવાની હોય ત્યારે આંગણવાડી હોય કે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકો હોય, ધો.૧થી ૮થી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકો માટે જે વિટામિન્સ, પ્રોટિન્સ કેલ્શિયમ અને ક્ષાર તત્વોની જયારે ઊણપ હોય તો આવાં બાળકોને નાની વયે જયારે પોષણક્ષમ આહાર ઉપરાંત દૂધ આપવામાં આવે તો આવા તત્વોની ખામી દૂર કરી શકાય છે અને એના માટે આ વર્ષના બજેટમાં દૂધ સંજીવની યોજના હેઠળ કુલ પર આદિજાતિ તાલુકામાં ૮ લાખથી પણ વધુ બાળકોને વિશિષ્ટ પોષણ માટે રૂ.૧૪૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. બાળકોનો શારીરિક વિકાસ અને માનસિક વિકાસ થાય એના માટે આરોગ્યમાં સુધારો કરવા માટે દૂધ સંજીવની યોજના અમલમાં મૂકી છે અને બાળકોને દર અઠવાડિયાના પાંચ દિવસ બાળક દીઠ ૨૦૦ મિલિગ્રામ ફલેવર્ડ મિલ્ક બાળકોને આપવામાં આવે છે અને એનાથી ઘણો બધો ફાયદો આદિજાતિ વિસ્તારમાં થયો છે. આદિજાતિ સમાજના યુવાનને જો યોગ્ય તક મળે તો સમાજમાં સર્વોત્તમ યોગદાન આપવા માટે હરહંમેશ તત્પર હોય છે. થોડાક દિવસ પહેલાં રાજયની ઇજનેરી કોલેજ, ડિપ્લોમા કોલેજ હોય, મેડિકલ કોલેજ હોય, ફાર્મસી કોલેજ હોય, આદિવાસી સમાજની બેઠકો હંમેશા ખાલી રહેતી હતી. ..

સભાપતિશ્રી : શ્રીમતી નીમિષાબેન, આપનો સમય પૂરો થાય છે.

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર : માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ અને આદિજાતિ વિકાસની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું. અહીંયા માનનીય વોરા સાહેબે બહુ સરસ વાત કરી તો મને પણ એવો વિચાર થયો કે આ શિક્ષણ એ એવી બાબત છે કે માણસનો સર્વાંગી વિકાસ કરે છે અને એટલા માટે કહ્યું છે કે,

''न चोरहार्य न राजहार्य न भ्रतृभाज्यं न च भारकारि !
व्यये कृते वर्धति एव नित्यं विद्याधनं सर्वधनप्रधानम् !''

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાધન છે એ ખરેખર શ્રેષ્ઠ ધન છે. ચોર ચોરી ન શકે, ભાઇઓ ભાગ ન પડાવી શકે અને જેમ વાપરો એમ વિદ્યા વધતી જાય છે. માનનીય મંત્રીશ્રી શિક્ષણની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આપણે જોઇશું તો જે આપણા આદરણીય વડાપ્રધાન મોદી સાહેબ જયારે એ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા.તે વખતે પણ શિક્ષણ ઉપર ખૂબ ભાર મૂક્યો હતો અને આજે કેન્દ્રમાં વડાપ્રધાન છે ત્યારે કેન્દ્રની સરકાર અને રાજ્ય સરકારે પ્રધાનમંત્રી પોષણ યોજના શરૂ કરી છે. અહીંયા ધોરણ ૬થી ૧૨ના વિદ્યાર્થીઓ હોય એમને ૨૦૦ એમ.એલ. ફલેવર્ડ મિલ્ક આપવામાં આવે છે. સાથે સાથે એમને એવું ભોજન આપવામાં આવે છે કે જેથી એમને કેલ્શિયમ અને વિટામિન જેવા તત્વો મળી રહે. ગુજરાતના આદિજાતિ, અનુસૂચિત જાતિ અને પછાત વર્ગના જે વિદ્યાર્થીઓ છે એમને પણ સારું ભોજન મળી રહે અને એમની રોગપ્રતિકારક શક્તિ ટકી રહે એવું સરસ મજાનું ભોજન પ્રધાનમંત્રી પોષણ યોજનામાં આપવામાં આવે છે. સાથે સાથે લોહતત્ત્વ, ઝીંક, ફોલિક એસિડ અને બીજા વિટામિન જેવા તત્ત્વો ભોજનમાં મળી રહે તેનું ધ્યાન રાખવામાં આવે છે. એટલા માટે આ વિદ્યાર્થીઓને ફોર્ટિફાઇડ ચોખા પૂરા પાડવામાં આવે છે. ઉપરાંત રાજ્યમાં સરકાર દ્વારા બાળકોને ભોજન પોષણયુક્ત મળે અને જે બાળકોમાં લોહતત્ત્વોની ઊણપ હોય એ ઊણપ દૂર કરવા માટે સરકારશ્રીએ

વર્ષ ૨૦૨૨-૨૩માં સાદા મીઠાની જગ્યાએ ડબલ ફોર્ટિફાઇડ સોલ્ટનો ઉપયોગ કરીને યોજના અમલી બનાવી છે. બાળકો શાળામાં નિયમિત આવે એ માટે એમને ભોજન આપવામાં આવે છે અને ૭૦ ટકા ઉપર હાજરી હોય એવા વિદ્યાર્થીઓને ૩૦ કિલોગ્રામ ઘઉં અને ૩૦ કિલોગ્રામ ચોખા પણ આપવામાં આવે છે. એમનો વિકાસ થાય એના માટે આદિજાતિ વિસ્તારનાં બાળકોમાં અને શાળાઓમાં બાળકોને દૂધ સંજીવની યોજના હેઠળ ૨૦૦ એમ.એલ. ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે. દૂધ સંજીવની યોજના હેઠળ બાળકોને સ્વાસ્થ્ય સુધરે એના માટે ચોકલેટ, ઇલાયચી વગેરે ફ્લેવરવાળું દૂધ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં નવી બાબત તરીકે નવા બે તાલુકાઓ મોરવા-હડફ અને જાંબુઘોડા ખાતે રાજ્ય સરકારે આ દૂધ સંજીવની યોજનાનો અમલ પણ કર્યો છે. આ વિભાગ દ્વારા કુલ ૨૮ તાલુકાઓની શાળામાં ભોજન ઉપરાંત ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે. આ રીતે આપણે જોઇશું તો રાજ્યની અંદર જે અગરિયા હોય છે એ ૩-૪ મહિના મીઠું પકવવા માટે જતા હોય છે. એમનાં બાળકોની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ચિંતા કરી છે અને આવા અગરિયા જે જગ્યાએ મીઠું પકવતા હોય ત્યાં સ્કૂલ ન હોય એટલા માટે જૂની એસ.ટી. બસનો ઉપયોગ કરીને આવાં ૭૦૦ બાળકોને કામના સ્થળ ઉપર જ શિક્ષણ આપવામાં આવે છે. એવા અનેક ગામડાં છે જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગના વિદ્યાર્થીઓ ભણે છે એમને આ રીતે ભોજન આપવામાં આવે છે. આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબે શિક્ષણ ઉપર ખૂબ જ ભાર આપ્યો છે અને એટલા માટે થઇને મને ખ્યાલ છે ત્યાં સુધી ગુજરાતમાં ફક્ત ત્રણ જ યુનિવર્સિટી ગુજરાત યુનિવર્સિટી, એમ. એસ. યુનિવર્સિટી, એસ.પી. યુનિવર્સિટી હતી. ત્યાર પછી અત્યારે જોઇએ તો શિક્ષણ ક્ષેત્રે અનેક યુનિવર્સિટીઓ ગુજરાતમાં સ્થપાઇ છે. એ એટલા માટે કે સરકાર શિક્ષણ ઉપર ખૂબ જ ભાર આપે છે. શિક્ષણ વિભાગનું મોટામાં મોટું બજેટ એટલા માટે હોય છે, કારણ કે આપણા દેશના વિદ્યાર્થીઓ એ આપણી મૂડી છે અને આવતીકાલે દેશનું મજબૂત નિર્માણ થાય એના માટે થઇને રાજ્ય સરકાર શિક્ષણ બાબતમાં ખૂબ જ ધ્યાન આપે છે.

સભાપતિશ્રી : માનનીય માનસિંહભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ વિભાગની માગણી નંબર ૯૩, ૯૬ લઇને આવ્યાં છે ત્યારે મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે વિધાનસભાની અંદર આદિજાતિ વિકાસ વિભાગની માગણીઓ હોય ત્યારે સ્વાભાવિક રીતે અમારા આદિવાસી ધારાસભ્યોની લાગણી હોય, વિસ્તારમાં સારું કામ થયું હોય, સરકારે સારું કામ કર્યું હોય તો અમે વાહ વાહ કરીએ એ સ્વાભાવિક છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિવાસી સમાજની ચિંતા કરી છે ત્યારે આજે મને કહેતા આનંદ થાય છે કે હાલના વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આજે અમારે અભિનંદન આપવા પડે. 'વનબંધુ યોજના' લાવવાની કેમ જરૂર પડી? શાના માટે જરૂર પડી? કોંગ્રેસના ૩૫ વર્ષના ઇતિહાસમાં ફક્ત રૂ.૬,૫૦૦ કરોડ વાપરેલા. એમાં ક્યો વિકાસ થાય? સાહેબ, અંબાજીથી ઉમરગામ સુધીમાં અમારી વસ્તી ૯૦ લાખની છે એમાં ૧૫ જિલ્લા આવે, ૫,૮૭૨ ગામડાં આવે છે. આદિવાસી સમાજ ગરીબ હતો એના માટેની યોજના ભારતીય જનતા પાર્ટીની સરકારમાં માનનીય મોદી સાહેબ લાવ્યાં. એમને થયું કે મારે કંઇક કરવું છે, છેવાડાના માનવીને રસ્તા, વીજળી, પાણી, રોજગારી, સ્કૂલ આપવાની સઘન વ્યવસ્થા એમણે કરી છે. મને કહેતા આનંદ થાય છે કે 'ન ભૂતો ન ભવિષ્યતિ' પહેલાના વખતમાં રસ્તામાં ડિલિવરી થઇ જાય, છકડામાં બહેન આવતાં આવતાં મરી જાય એના માટે સારા રસ્તા ન હતા. સાહેબ, પ્રધાનમંત્રી સાહેબ તે વખતના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે સારા રસ્તા આપવાનું કામ કર્યું છે. મને કહેતા આનંદ એટલા માટે થાય છે આદિવાસી અને ડુંગરાળ વિસ્તારમાં લખોટીઓ મારે એવા રોડ બન્યાં છે. સાહેબ, બટન દબાવો ત્યાં ૧૦૮ એમ્બ્યુલન્સ પહોંચી જાય છે. કદાચ હજુ કોઇ જગ્યાએ બાકી હશે પણ મને કહેતા દુ:ખ થાય છે કે કોંગ્રેસના વખતમાં અમારી આદિવાસી દીકરીઓની ડિલિવરી થાય ત્યારે એને ઝોલામાં લઇને જવું પડે એવી પરિસ્થિતિ હતી એનો હું સાક્ષી છું. મને ત્રીજી વખત આ ગૃહમાં બોલવાનો મોકો મળ્યો છે. હું મારા વિસ્તારનો અભ્યાસ કરીને આવું છું ત્યારે પહેલા ગામડાંની અંદર કાચા મકાનો હતા. તેના માટે આવાસની યોજનાની સહાયમાં રૂપિયા ૭૦ હજાર હતા એમાં વધારો કરીને લગભગ રૂપિયા ૧ લાખ ૨૦ હજાર કરીને વ્યક્તિગત ધોરણે ૬,૨૨૩ આવાસો આપવામાં આવ્યાં છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

સાહેબ, હળપતિ આવાસની પણ યોજના છે. માનનીયશ્રી હળપતિ સાહેબ અમારા મંત્રી છે. એ ચેરમેન પણ હતા. એમને ખબર છે કે હળપતિ સમાજની ચિંતા કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. વર્ષ ૨૦૨૨-૨૩માં લગભગ ૪,૨૭૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. બોર્ડર વિલેજના ગામોને પણ લાભ આપવામાં આવ્યો છે. મારો વિસ્તાર છે એ મહારાષ્ટ્રની બોર્ડરે આવેલો વિસ્તાર છે અને મારા ૧૦ ગામો છે એ બોર્ડર વિલેજમાં આવતા નથી. મેં મંત્રીશ્રીને પણ રજૂઆત કરી છે કે આ ૧૦ ગામોને બોર્ડર વિસ્તારમાં આવરી લે અને બોર્ડર વિલેજનો એને લાભ મળે એવી મારી વિનંતી અને માગણી છે. મારે બીજું પણ કહેવું છે. મારા આદિવાસી સમાજ માટે આ સરકારે શું નથી કર્યું? મોદીસાહેબને અભિનંદન આપવા પડે. શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ ૧૦ મુદ્દાનો જે કાર્યક્રમ છે એ સરસ ચલાવી રહ્યા છે. રાષ્ટ્રપતિની જે ચૂંટણી થઇ એમાં આદિવાસી સમાજની દીકરી શ્રીમતી દ્રૌપદી મૂર્મુને આ સ્થાને બેસાડયા અને આદિવાસીનો વટ પાડયો. આ ગૃહના પૂર્વ સભ્ય શ્રી મંગુભાઇ પટેલ સાહેબ, આદિવાસીના દીકરાને મધ્યપ્રદેશના રાજયપાલ બનાવ્યા. દિલ્હીની સરકારમાં આ પહેલા આદિવાસી સમાજનું ખાતું જ ખૂલ્યું નહોતું. શ્રી બાજપાઇ સાહેબની સરકાર આવી ત્યારે આ સમાજના ચાર મંત્રી બનાવ્યા અને આ સમાજનું, અમારા

વિસ્તારનું પ્રતિનિધિત્વ આપ્યું છે એને માટે ભારતીય જનતા પાર્ટીની સરકારને અમે ખૂબ અભિનંદન આપીએ છીએ. અમારા વિસ્તારની અંદર વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સ્કૂલમાં જવાના રસ્તા કર્યા. હમણાં સભ્યશ્રી બોલતા હતા કે વ્યવસ્થા શું કરી? તો મારે કહેવું છે રેલિયાઆંબા, બોરખાડ, ઓકમલા વાસણ, પાતળિયા, બોઠા, તનખલા, કાળીયાપુર, જીતનગરમાં સ્કૂલમાં જવાના રસ્તા નહોતા. આ જે સ્કૂલમાં જવાના રસ્તા હતા એની અંદર રૂપિયા ૬૦ લાખ, ૪૦ લાખ, ૮૦ લાખ, ૧૫૦ લાખના આ રસ્તા ઉપરથી આદિવાસીના દીકરા સ્કૂલે જઇ શકે એને માટે મેં રજૂઆત કરી અને મંત્રીશ્રીએ રસ્તા મંજૂર કર્યા. આદિવાસી સમાજના દીકરા ભણે, સ્કૂલે જાય. પહેલા મોટામોટા કોતર હતા. કોતરની બહાર સ્કૂલ આવેલી હોય તો જાય કેવી રીતે? અમે રજૂઆત કરી. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ કેટલીય રકમ આવા વિસ્તારની અંદર આપવામાં આવી છે ત્યારે મને આનંદ છે. મારે બીજું પણ કહેવું છે કે પહેલા આશ્રમશાળાઓ નહોતી. આદિવાસીનો દીકરો કેવી રીતે અભ્યાસ કરી શકે? મોદીસાહેબને આપણે અભિનંદન આપવા પડે. સાયન્સ કોલેજો ખોલી, પહેલા સાયન્સ કોલેજો નહોતી એટલે આદિવાસીના દીકરા ડોકટર બની શકતા નહોતા, પણ શ્રી મોદીસાહેબ આવ્યા પછી શિક્ષણની નીતિ એમણે અપનાવી, ત્યારે મારા આદિવાસી દીકરાઓ આજે ડોકટર બની શકયા છે અને આદિવાસી વિસ્તારમાં મેડિકલ કોલેજો આપી છે. અમારા રાજપીપળા, છોટાઉદેપુર આ વિસ્તારમાં મેડિકલ કોલેજો આપી છે એટલે આ સરકારને અમે આદિવાસી સમાજના ધારાસભ્યો અભિનંદન આપીએ છીએ. છોકરીઓ સ્કૂલે જાય, ધોરણ-૯ની વિદ્યાર્થિનીઓને આખા ગુજરાતની આદિવાસી દીકરીઓને સાઇકલ આપી છે. આના માટે ખૂબ સારી વ્યવસ્થા સરકારે કરી છે એટલે અમારી દીકરીઓ ભણતી થઇ છે. મારા વિસ્તારની અંદર એકલવ્ય મોડલ સ્કૂલ આવેલી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો જન્મ દિવસ હતો. હું ત્યાં ગયો. ૧,૭૦૦ દીકરીઓ ધોરણ-૯, ૧૦, ૧૧ અને ૧૨ની દીકરીઓને અમે ભેગી કરી અને વાત મૂકી કે તમને કેવું ભોજન મળે છે? તમને કેવો અભ્યાસ મળે છે? ત્યારે દીકરીઓનું એવું કહેવું હતું કે ભા.જ.પા.ની સરકાર આવ્યા પછી અમને એસ.ટી. મૂકવા આવે છે, બસ મૂકવા આવે છે અને ભોજન સારું મળે છે અને અમારા અભ્યાસની અંદર ૮૦ ટકા, ૮૧ ટકા, ૯૨ ટકા દીકરીઓ આદિવાસી સમાજની અભ્યાસ કરે છે અને એમને મેં એટલું કહેલું...

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓને સમર્થન આપું છું.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહમાં મને બોલવાની જે તક આપી છે તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ અને આદિજાતિ મંત્રી ડો. કુબેરભાઇ ડીંડોર સાહેબનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જે અનુદાનો માટેની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન છે અને તેમાં મારા વિચારો રજૂ કરવા માગું છું. અંબાજીથી ઉમરગામ સુધી અનુસૂચિત જનજાતિના લોકો વસવાટ કરે છે. આઝાદીનાં વર્ષોથી આદિવાસી સમાજની પરિસ્થિતિ કેવી હતી. અમારા સિનિયર સભ્યશ્રીએ આદિવાસી સમાજની પરિસ્થિતિ વિશે વિસ્તૃત ચર્ચા કરી છે. આદિવાસી સમાજની જે પરિસ્થિત વર્ષો પહેલાં હતી તેના માટે જવાબદાર કોણ હતું? હું તેમાં પડવા માગતો નથી. પરંતુ હું અભિનંદન તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર માનું કે આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટેની યોજના લાવ્યા. તમામ લોકો એકમંચ પર આવે, તમામનો સર્વાંગી વિકાસ થાય તેવી તેમની પરિકલ્પના હતી તે પરિકલ્પના માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ પૂરી કરી છે. સાથે સાથે માનનીય મંત્રીશ્રીનો એટલા માટે આભાર માનું છું કે તેઓ આ બજેટની અંદર આદિવાસીઓના વિકાસ માટે ૫૦૧ કરોડ રૂપિયાનો વધારો લઇને આવ્યા છે. ૩.૪૩,૪૧૦ કરોડની જોગવાઇ આ બજેટની અંદર કરવામાં આવી છે તેને અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું. રાજ્ય સરકારનો એટલા માટે આભાર માનું કે, સન ૨૦૦૭થી વનબંધુ યોજના અમલમાં મૂકી અને ત્યારથી અવિરતપણે આદિવાસી સમાજનો વિકાસ થયો છે તેનો હું પોતે પણ સાક્ષી છું. આજે રાજ્ય સરકારે સન ૨૦૦૭ માં વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકી તથા દસ મુદ્દા અમલીકરણ કાર્યક્રમનો અમલ થાય તેના માટે ચિંતા કરી છે. રાજ્ય સરકારે વનબંધુઓ માટે જે જે યોજનાઓ મૂકી છે તેના માટે રાજ્ય સરકારનો હું આભાર માનું છું. ડૉ.તુષારભાઇ ચૌધરી સાહેબે વાત કરી તે મારા પોતાના મત વિસ્તારના રહીશ છે અને મતદાર પણ છે. ડો. તુષારભાઇને હું કહીશ કે આજથી કદાચ ૨૦ કે ૨૫ વર્ષ પહેલાંની જે પરિસ્થિતિ હતી તે તમે તમારી નજર સમક્ષ જોઇ હશે. હું મારો દાખલો આપું તો હું જયારે કોલેજ કરતો હતો ત્યારે એકદમ અંતરિયાળ વિસ્તારમાંથી, જંગલ વિસ્તારમાંથી ચાલતો હું કોલેજ કરવા માટે આવતો હતો. ૨૭થી ૨૮ કિલોમિટર ચાલતો અને ૧૦ કિલોમિટર જેટલું અંતર બસમાં બેસીને હું કોલેજ કરવા માટે આવતો હતો. ચોમાસાના સમય દરમ્યાન નદીમાં પૂર આવે તો કપડાં અને નોટ માથે બાંધીને નદી પાર કરીને સામે કાંઠે જતા હતા. આવી પરિસ્થિતિ અમે જોઇ છે. ભૂતકાળની સરકારમાં મેં આ વેઠયું છે. સાથે સાથે આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે જે યોજનાઓ અમલમાં મૂકી છે તેના માટે આભાર માનું છું. તે સમયે શહેરમાં ભણવા જવું હોય તો હોસ્ટેલની પણ તકલીફો પડતી હતી. તેના માટે પણ મેં ઘણું વેઠયું છે. અમદાવાદ બી.એડ કોલેજ કરવા માટે આવ્યો હતો ત્યારે લગભગ બે માસ સુધી બસ સ્ટેન્ડ પર રહી બી.એડ કરવા જતો હતો. આજે આ સરકારે આદિજાતિ સમાજ માટે કામ કર્યું છે તેના માટે અભિનંદન આપું છું. સન ૨૦૨૧-૨૨થી ૨૦૨૩-૨૪ સુધી રાજ્ય સરકારે આદિવાસીઓ માટે રૂપિયા ૧ લાખ કરોડની ફાળવણી કરી છે તેના માટે અભિનંદન આપું

છું. આદિમ જૂથના કોટવાળિયા, કોલચા અને કાથોડિ લોકો છે તથા તેની સાથે સાથે વિચરતી જાતિ છે તેના માટે રાજ્ય સરકારે જે વિકાસનાં કામો કર્યા છે તે ઉડીને આંખે વળગે તે પ્રમાણેના છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રી આપનું પ્રવચન પૂરું થાય છે. ગૃહનો વિરામનો સમય થયો છે. વિરામ બાદ ગૃહ બપોરના ૩.૦૦ કલાકે મળશે.

(વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦)

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અંદાજીત ૩.૪,૬૦૦ કરોડની જે માગણીઓ લઇને આવ્યા છે એ વિશે અમારા વિચારો રજૂ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર શિક્ષણનું પ્રમાણ વધે, શિક્ષણના લીધે રોજગારીનું પ્રમાણ વધે તેમાં અમારી સંમતિ હોય પણ મને લાગે છે કે, આજથી વર્ષો પહેલા બહુ મહાન શિક્ષણ શાસ્ત્રી લોર્ડ મેકોલેએ એક વાક્ય કહ્યું હતું કે, If you want to destroy any nation with a war, only destroy its education system. એટલે કે કોઇપણ દેશને તમારે યુદ્ધ વિના તોડી પાડવો હોય તો એ દેશની શિક્ષણ પદ્ધતિ તમે તોડી નાંખો એટલે એ દેશ બરબાદ થઇ જશે. માનનીય શિક્ષણ મંત્રી, જે રીતે શિક્ષણની અંદર અખતરા કરવામાં આવે છે, જુદી જુદી રીતે શિક્ષણ ખતમ કરવાનો પ્રયાસ ગુજરાતની અંદર અને દેશની અંદર થઇ રહ્યો છે એ મને લાગે છે કે, આગામી સમયમાં લોર્ડ મેકોલેએ જે કહ્યું હતું એ વાક્ય સાચું પડવાનું છે. સન ૨૦૨૦ની જે નવી શિક્ષણ નીતિ થઇ એની અંદર પણ રાજય સરકારે સ્વીકાર્યું છે અને નીતિ આયોગે સૂચન કર્યું છે કે, બજેટની અંદર જે પણ જોગવાઇ કરવામાં આવે એ જી.ડી.પી.ના ૬ ટકા જેટલી જોગવાઇ શિક્ષણ પાછળ થવી જોઇએ. કેન્દ્ર સરકારનું હમણાં જે બજેટ આવ્યું એની અંદર ૩.૫ ટકાથી વધુ શિક્ષણમાં જોગવાઇ કરવામાં આવી નથી. અહીં રાજયની અંદર પણ ૩ ટકાથી ઓછી જોગવાઇ કરવામાં આવી છે. સ્ટેટવાઇઝ બજેટ એલોકેશન જોઇએ તો જે રાજયો શિક્ષણ પાછળ ખર્ચ કરી રહ્યા છે એમાં ગુજરાતનો નંબર દસમો છે. જે રીતે ગયા વર્ષે માનનીય શ્રી જીતુભાઇ મંત્રી હતા એમના પ્રયાસોથી શિક્ષણમાં ગુજરાતનો રેન્ક છઠ્ઠો હતો એને બદલે ચોથો રેન્ક થયો એના માટે એમને અભિનંદન આપીએ છીએ. આપણે શિક્ષણમાં કન્યા કેળવણીની વાતો કરીએ છીએ. કેન્યા કેળવણીમાં છેલ્લાં પાંચ વર્ષમાં દોઢ લાખથી વધુ ડ્રોપ આઉટ રેશિયો રહ્યો છે. સન ૨૦૧૪-૧૫માં દસમાં ધોરણમાં વિદ્યાર્થિનીઓના એડમિશનમાં ઘટાડો થયો છે એટલે કે ૪૯,૩૯,૧૩૮ વિદ્યાર્થિનીઓએ એડમિશન લીધા હતા. તમે શિક્ષણની આટલી વાત કરો છો ત્યારે કહેવું છે કે સન ૨૦૨૧-૨૨માં ૪૭,૮૯,૩૩૨ વિદ્યાર્થિનીઓએ એડમિશન લીધા એટલે કે ધોરણ દસમાં શિક્ષણની અંદર વિદ્યાર્થિનીઓના એડમિશનમાં ૧.૫ લાખનો ઘટાડો થયો છે. કન્યા કેળવણીમાં જે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, તેમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૧,૨૫૧ લાખ રૂપિયાની ગ્રાન્ટ વણ વપરાયેલી પડી રહી છે. છેલ્લા ઘણાં વર્ષોથી પ્રાઇમરી સ્કૂલોની અંદર લાઇબ્રેરિયનની ભરતી થઇ નથી, વ્યાયામ ટીચરની ભરતી થઇ નથી, પી.ટી.સી. ટીચરની ભરતી થઇ નથી, ચિત્ર શિક્ષકોની ભરતી થઇ નથી એટલે ફકત કાગળ ઉપર રમાડવાના હોય તો એ યોગ્ય નથી. ખરેખર તમારે રમશે ગુજરાત, વાંચશે ગુજરાતને સફળ બનાવવું હોય તો લાયબ્રેરીયનની સુવિધા કરવી જોઇએ. ગઇ લોકસભામાં જે આંકડાઓ રજૂ થયા એમાં ધોરણ નવમાં ડ્રોપ આઉટ રેશિયો ૧૭.૯ ટકા હતો એટલે કે દર ૧૭માં વિદ્યાર્થીએ એક વિદ્યાર્થી આઠમાં ધોરણ પછી ડ્રોપ આઉટ લે છે. માનનીય પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી રમણભાઇ ઉચ્ચ શિક્ષણની વાત કરતા હતા તો ઉચ્ચ શિક્ષણમાં જે નેશનલ રેન્કિંગ હોય તેમાં દેશની ૧૦૦ યુનિવર્સિટીમાં ગુજરાતની માત્ર એક જ યુનિવર્સિટીનો નંબર આવે છે.

વર્ષ-૨૦૨૧ની યુનિવર્સિટીની અંદર સેન્ટર ઓફ એકસલન્સની શરૂઆત થઇ. માનનીય શિક્ષણ મંત્રીશ્રી, મને લાગે છે કે સુરસૂરીયું થઇ ગયું, કંઇ થયું નથી. જે રીતે કુલપતિઓની નિમણૂક કરવામાં આવે છે. આપણા બધા માટે શરમજનક બાબત કહી શકાય કે નામદાર સુપ્રીમકોર્ટે કુલપતિઓની નિમણૂક રદ કરી, એસ.પી.યુનિવર્સિટીના કુલપતિની નિમણૂક રદ કરી. તેના પછી ઘણા બધા કુલપતિઓ સામે તપાસ ચાલી રહી છે.

માનનીય મંત્રીશ્રી, તમે ભ્રષ્ટાચારમુકત શિક્ષણની વાતો કરો છો. વારંવાર મેં આ વિધાનસભા ગૃહની અંદર રજૂઆતો કરી છે. આ રાજયના ચીફ સેક્રેટરી જે હમણાં જ રિટાયર્ડ થયા *(xxx) અને શિક્ષણ સુધારવાની વાતો કરવા નીકળી પડયા છો? ઉચ્ચ શિક્ષણની અંદર જે રીતે મોટા પાયે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે... (અંતરાય)

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ જે વાત કરે છે તે કોર્ટ મેટર છે અને કોર્ટની વિચારાધિન બાબત છે અને તેની ચર્ચા કરે છે એટલે તે રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : નહીં કરવી જોઇએ.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમના વિરૂદ્ધમાં કાર્યવાહી કરવાનો અને સી.આઇ.ડી. ક્રાઇમને તપાસ સોંપવાનો માનનીય ચીફ સેક્રેટરીએ રિપોર્ટ આપ્યો છે. ત્રણ ત્રણ વર્ષ સુધી તમે એ.સી.બી.ની તપાસ કરતા નથી. જયારે તમે વાઇબ્રન્ટ ગણાવો છો, ગતિશીલ ગુજરાત ગણાવો છો ત્યારે એ જયાં સુધી રિટાયર્ડ થઇ જાય ત્યાં સુધી તેમાં તપાસ થતી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નથી એટલે ભ્રષ્ટાચારમુકત શિક્ષણની વાત તમે કરો અમને વાંધો નથી પરંતુ જો તમારે શિક્ષણ સુધારવું હોય તો માનનીય મંત્રીશ્રી, મારા નહીં, સારા રાજકીય પીઠબળ ધરાવતાં નહીં પરંતુ જેનું શૈક્ષણિક ગ્રાઉન્ડ મજબૂત હોય એવા કુલપતિઓની નિમણૂક થાય. માનનીય મંત્રીશ્રી, આપ તો અધ્યાપક છો. છેલ્લાં ૨૬ વર્ષથી ગુજરાતની કોઇ પણ ગ્રાન્ટેબલ કોલેજની અંદર લાઇબ્રેરીયનની ભરતી થઇ નથી, પીટીઆઇની ભરતી થઇ નથી. લાઇબ્રેરીયન માટે ૨૬૭ની એનઓસી આપી છે. તમે અધ્યાપક છો, સારી રીતે સમજી શકશો. આ કોલેજોની વેદના તમે સમજો.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા(ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણની માગણી નંબર-૯ અને ૧૦ લઇને આવ્યા છે તેમાં મારા મંતવ્યો અને વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ શરીર પંચતત્વોમાંથી ઉદભવેલું છે. માનવ જીવનનું ઘડતર તેને આધીન છે. ભૂમિ, આકાશ, હવા, જળ અને અગ્નિ આ પંચતત્વોમાંથી ઉદભવેલ શરીર આખરે પંચતત્વોમાં વિલીન થાય છે, પરંતુ આખી પ્રાકૃતિક ઘટનામાં માનવ ઘડતરના મૂલ્યો તેના જીવાત્માને ઉચ્ચસ્થાને લઇ જાય છે અને આના માટે જયારથી પૃથ્વીની રચના થઇ ત્યારથી આજ દિન સુધીમાં મનુષ્ય જીવનને ઉજાગર કરવા માટે જો કોઇએ મહત્ત્વનું યોગદાન આપ્યું હોય તો તે ધાર્મિક, તાકિક અને વૈજ્ઞાનિક શિક્ષણ છે. રાજયની ડબલ એન્જીન સરકારે વિકાસની વણઝાર ફેલાવી છે. દેશના પનોતા પુત્ર અને આપણાં સૌના લોકલાડિલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેજા હેઠળ દેશ પ્રગતિના પંથે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે શિક્ષણ વિભાગના અનુદાનો માટેની માગણીઓ ઉપર મારા મંતવ્યો રજૂ કરવાની મને તક મળી છે ત્યારે કન્યા કેળવણીના પ્રણેતા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને યાદ કરવા રહ્યાં. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર હંમેશા તેના નાગરિકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે પ્રતિબદ્ધ છે અને શિક્ષણનું બજેટ આ પ્રતિબદ્ધતાનો પૂરાવો છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ગુજરાતના સાક્ષરતા દરમાં સતત સુધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ ગુજરાતનો સાક્ષરતા દર ૭૮.૩ ટકા હતો જે વર્ષ ૨૦૨૧માં વધીને ૮૩.૬૫ ટકા થયો હતો. વર્ષ ૨૦૧૯માં ગુજરાત સરકારે નવી શિક્ષણ નીતિ રજૂ કરી જેનો હેતુ રાજ્યમાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો હતો. આ નીતિમાં શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને વ્યવસાયિક તાલીમમાં ટેક્નોલોજીના ઉપયોગ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આર.ટી.આઇ.નું અમલીકરણ એટલે કે શિક્ષણનો અધિકાર કાયદો ૬થી ૧૪ વર્ષનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણની ખાતરી આપે છે. આ કાયદો ગુજરાત સરકારમાં અસરકારક રીતે લાગુ કરવામાં આવ્યો છે. ડિજિટલ પહેલ થકી ગુજરાત સરકારે શિક્ષણ ક્ષેત્રે વિવિધ ડિજિટલ પહેલો શરૂ કરી છે. જેમાં વિદ્યાર્થીઓ માટે ડિજિટલ સામગ્રી પૂરી પાડતા ઇ-કલાસ પ્રોજેક્ટ અને શાળાઓમાં પ્રવેશ વધારવાનો ઉદ્દેશ ધરાવતા શાળા પ્રવેશ કાર્યક્રમોનો સમાવેશ થાય છે. કૌશલ્ય વિકાસ થકી ગુજરાતે વિદ્યાર્થીઓને જૉબ માર્કેટમાં સફળ થવા માટે જરૂરી કૌશલ્ય પ્રદાન કરવા શિક્ષણ ક્ષેત્રે કૌશલ્ય વિકાસ કાર્યક્રમો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રાજ્ય સરકારે રાજ્યભરમાં વિવિધ કૌશલ્ય વિકાસ કેન્દ્રો સ્થાપ્યા છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચરની વાત કરીએ તો ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટમાં પણ ગુજરાત સરકાર અગ્રિમ સ્થાને છે. રાજ્યમાં હાલની ઇમારતોના નવીનીકરણ સાથે નવી શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીઓનું નિર્માણ વિકાસનો નવો પાયો કંડારી રહ્યો છે. રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે રાજ્ય સરકારે શિક્ષક તાલીમ કાર્યક્રમ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. શિક્ષકોના જ્ઞાન અને કૌશલ્યને અપડેટ કરવા માટે વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સહયોગ થકી ગુજરાતને શિક્ષણ ક્ષેત્રે અકલ્પનીય સફળતા સાંપડી છે. વિવિધ દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સહયોગ કર્યો છે. રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ગુજરાત રાજ્યએ યુ.કે., યુ.એસ., ઓસ્ટ્રેલિયા જેવા દેશો સાથે કરાર કર્યા છે. ગુજરાતમાં છેલ્લાં દસ વર્ષમાં એન્જિનિયરિંગ કૉલેજોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં સરકારી ખાનગી સંસ્થાઓ સહિત એન્જિનિયરિંગ કૉલેજોની સંખ્યામાં અંદાજે ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. રાજ્ય સરકારે યુવાનોને રોજગારી મળી રહે તે માટે કૌશલ્ય પહેલ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કૌશલ્ય વિકાસ કાર્યક્રમો બાંધકામ, કાપડ, આરોગ્ય અને પ્રવાસન સહિતના વિવિધ ક્ષેત્રોમાં ચલાવવામાં આવી રહ્યા છે. શિક્ષણમાં રોકાણ એ આપણા રાજ્યના ભવિષ્ય માટે નિર્ણાયક છે. છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ઘણી પહેલો અમલમાં મૂકી છે. શિક્ષણમાં ટેકનૉલૉજીના ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. શિક્ષણનો વ્યાપ વધારવા માટે ઘણા ડિજિટલ સાધનો અને પ્લેટફોર્મ રજૂ કર્યા છે. આ ઉપરાંત રાજ્યભરની શાળાઓમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા માટે પણ પગલાં લીધાં છે. હાલની શાળાઓને અપગ્રેડ કરી છે અને નવી શાળાઓ બનાવી છે. આમ, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક - ૯૩ અને ૯૬ લઇને આવ્યા છે ત્યારે હું એના પર મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ન્યૂ ગુજરાત પેટર્ન અંતર્ગત રાજ્યમાં આદિજાતિ વિકાસના પ્રયત્નો વધુ અસરકારક બનાવવા માટે આ ન્યૂ ગુજરાત પેટર્ન વર્ષ ૧૯૯૭-૯૮થી અમલમાં આવી છે. આદિવાસી વિસ્તારોમાં ટ્રાયબલ યોજનામાં વસતીના ધોરણે ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય ત્યારે દરેક જિલ્લા કક્ષાએ પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને આ આયોજન કરવાનું થતું હોય છે, ત્યારે ૯૦ ટકા જેટલા આયોજન જિલ્લા કક્ષાએ થાય અને વિકાસનાં કામો ત્યાં લેવામાં આવતા હોય છે અને ૧૦ ટકા જેટલા રાજ્ય કક્ષાએથી ફાળવવામાં આવે છે. જે અમલીકરણ અધિકારી છે એના દ્વારા સદરવાઇઝ આ યોજનાનું કામ કરવામાં આવતું હોય છે. આદિવાસી વિસ્તારમાં મોટાભાગે ખેડૂતો કૂવા

આધારિત ખેતી કરતા હોય છે. અમારા દાહોદ જિલ્લામાં ઘઉં, ચણા કે અન્ય કઠોળ પાકો, શાકભાજી અને ફૂલની પણ ખેતી કરવા માટે ખેડૂતોને આદિવાસી ગ્રાન્ટમાંથી આ સહાય આપવામાં આવે છે. દાહોદ જિલ્લામાં નાની મોટી અનેક ડેરીઓ આવેલી છે. પશુપાલન સહાય યોજના મારફતે ભેંસો પણ આપવામાં આવે છે. પશુપાલક ભાઈઓ અને બહેનો દ્વારા તેમના પરિવાર થકી ડેરીનું સંચાલન કરવામાં આવે છે. વિકાસનાં કામોમાં નાની સિંચાઈનાં કામો લેવામાં આવે ત્યારે આદિવાસી વિસ્તારમાં નાના મોટા બોર, કૂવા વગેરે માટે યોજના થકી સહાય આપવામાં આવતી હોય છે. દાહેદ જિલ્લાના ટ્રાયબલ વિસ્તારમાં ખૂટતી કડીનાં કામો લેવામાં આવતાં હોય ત્યારે રોડ રસ્તા કે અન્ય વિભાગનાં પણ કામો લેવામાં આવતાં હોય છે. ગ્રામ્ય વિસ્તારમાં પહેલાં ખૂબ ગંભીર પરિસ્થિતિ હતી. શિક્ષણની વાત કરીએ તો ત્યાં ઓરડા પણ ન હતા. હાલ આ યોજનામાંથી ખૂટતી કડીનાં કામો કરીને બાળકોને ભણવા માટે ઓરડા, રમકડાંથી માંડીને કપડાં સુધીની બધી જ સગવડો પૂરી પાડવામાં આવે છે. આંગણવાડીના મકાનો પણ ટ્રાયબલની યોજનામાંથી કરવામાં આવે છે. દાહોદ જિલ્લાના ફતેપૂરા અને સંજેલીમાં સી.એચ.સી. અને પી.એચ.સી. ન હતા. હાલ ત્યાં આરોગ્યની પૂરેપૂરી સગવડ કરીને ડૉક્ટરો પણ ઉપલબ્ધ છે. શ્રમ અને રોજગાર વિભાગ કે અન્ય વિભાગોની શૈક્ષણિક હેતુ માટે આ યોજનામાંથી સગવડો મળતી હોય ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું પણ સમર્થન આપું છું અને આ યોજનમાંથી સારું થાય તેવી અપેક્ષા રાખું છું.

શ્રી અમૂલ ભટ્ટ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર શિક્ષણ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપી મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે જે ધનને ચોર ચોરી શકે નહિ, રાજા જપ્ત કરી શકે નહિ, ભાઈ ભાગ પડાવી શકે નહિ, જરા પણ ભારરૂપ ન લાગે અને જે વાપરતા નિત્ય દિન વધે તેવું મહામૂલું વિદ્યાધન ગુજરાતમાં દિન-પ્રતિદિન વધે તેવા સંકલ્પ સાથે અમારી ગુજરાત સરકાર આગળ વધી રહી છે. હમણાં ક્યાંક ટેકનિકલ શિક્ષણની ટીકાઓ થતી હતી. હું નાનો હતો ત્યારની વર્ષ ૧૯૭૫-૭૬ની વાત કરું તો ત્યારે માઈનિંગ અને પેટ્રોલિયમ ટેકનોલોજી માટે સ્કૂલ ઓફ માઇન્સ, ધનબાદ એક માત્ર કૉલેજ હતી. અમારા બધા વિદ્યાર્થીઓની એક ઈચ્છા હતી કે અમે માઈનિંગ કરી શકીએ. આજે ગર્વ સાથે કહી શકું છું કે ગુજરાતમાં આપણા શ્રદ્ધેય વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીની ઈચ્છા શક્તિથી પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી સ્થપાઈ છે. માત્ર ગુજરાતના નહિ પરંતુ સમગ્ર વિશ્વના વિદ્યાર્થીઓ આ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં એડમિશન લેવા માટે પડાપડી કરે છે. માનનીય કિરીટભાઈએ વાત કરી કે આ બધા પૈસાઓનું શું થઈ રહ્યું છે? હું પૂછવા માગું છું કે આ ફૉરેન્સિક સાયન્સ યુનિવર્સિટીનો કોઈને વિચાર સુદ્ધા કેમ ન આવ્યો કે જ્યાં ફૉરેન્સિકના વિદ્યાર્થીઓ તૈયાર થાય. માત્ર ગુજરાત નહિ, માત્ર હિંદુસ્તાન નહિ, પરંતુ દુનિયાભરના લોકો પોતાના ગુના ડિટેક્ટ કરવા માટે ગુજરાતમાં આવે તેવી ફૉરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગુજરાતમાં ઊભી કરી છે. સંસ્કૃત યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, રેલવે યુનિવર્સિટી આ બધું જે કંઈ થયું હોય તો તે ગુજરાતમાં થયું છે.મને સમજાતું નથી કે વિપક્ષ કઈ રીતે શિક્ષણ વિભાગની વાતો કરી રહી છે. સંસ્કૃત સમાજના નિર્માણ માટે શિક્ષણનો ભાગ ખૂબ મહત્ત્વનો છે. વ્યક્તિના વિકાસમાં શિક્ષણનો મહત્ત્વનો ભાગ હોય છે. વ્યક્તિના વિકાસનો પાયો શિક્ષણ પર આધારિત છે અને એટલું જ નહીં, નેલ્સન મંડેલાએ કહ્યું છે કે,

`` It is well said that, Education is the most powerful weapon which you can use to change the whole world."

ગુજરાતના વિવિધ ક્ષેત્રોમાં સો જેટલી યુનિવર્સિટીઓ સ્થાપીને ગુજરાતના શિક્ષણ વિભાગે રેકોર્ડ કર્યો છે. ગુજરાતમાં શિક્ષણનો વ્યાપ વધારી ભારતના સોફ્ટ પાવરને વિશ્વના ફલક પર પ્રસ્થાપિત કરવામાં જો કોઈનો સિંહફાળો હોય તો તે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીનો છે. સ્વાતંત્ર્ય નોબેલ પારિતોષિક વિજેતા અને ૨૧મી સદીના મહાન સુધારક બ્રિગામ યંગે કહ્યું છે કે,

'' you educate a man, you educate a person but if you educate a women, you can educate a generation.''

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ જો શિક્ષિત હશે તો સમાજ શિક્ષિત થઇ શકશે. આ ગુજરાત સરકાર મહિલાઓને શિક્ષિત કરવા માટે પૂરતા પ્રયત્નો કરી રહી છે. ગુજરાતમાં હજારોની સંખ્યામાં માત્ર યુનિવર્સિટી કે કૉલેજની વાત કરતો નથી, પણ પ્રાથમિક શિક્ષણના સ્તરે પણ આમૂલ પરિવર્તન લાવી સ્માર્ટ ક્લાસરૂમોની સ્થાપના કરીને ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામજીના પ્રાથમિક શિક્ષણ અંગેના વિઝન પર કાર્ય કરી ગુજરાતની ભા.જ.પ.ની સરકારે દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં દિશાદર્શન કરવાનું કામ કર્યું છે. એટલે જ, ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામજીએ કહ્યું છે કે,

" All of us do not have an equal talent but all of us have an equal opportunity to develop our talents."

માનનીય અધ્યક્ષશ્રી, આપણને આપણી પ્રતિભાનો વિકાસ કરવા માટેની એકસરખી યોગ્યતા મળી શકે અને આજે ગુજરાતમાં અમે ગર્વભેર કહી શકીએ છીએ કે, કોઈપણ જાતિ, કોઈપણ સમાજ, ગરીબ, મધ્યમ કે તવંગર બધાને જ સરખા શિક્ષણની જો કોઈએ તક પૂરી પાડી હોય તો તે ગુજરાતે પૂરી પાડી છે. દેશના ઔદ્યોગિક વિકાસમાં ગુજરાતનું સ્થાન મોખરે છે. પેટ્રોલિયમ, રસાયણ, આઇ.પી.સી.એલ., નિરમા જેવી અનેક ઇન્ડસ્ટ્રિઝ ગુજરાતમાં વિકાસ પામી રહી છે અને આના વિકાસ માટે માનવબળ ઊભું કરવાની જરૂરિયાત હોય છે. મને કહેતાં ગર્વ થાય છે કે, એક વખત ગુજરાતમાં માત્ર છ યુનિવર્સિટીઓ

હતી. આપણી સરકારે ઈનિસિએટિવ લઇ જુદી-જુદી કૉલેજો અને યુનિવર્સિટીઓ ઊભી કરી શિક્ષણમાં વધુને વધુ પ્રગતિ કરી શકીએ એવા પ્રયત્નો કર્યા છે. સમયની મર્યાદા છે એટલે છેલ્લે એક વાત કહી મારી વાત પૂરી કરીશ.

अंधकार को दूर कर जो प्रकाश फैला दे,बुझी हुई आस में जो विश्वास जगा दे।
जब लगे नामुमकीन कोई भी चीज़,उसे मुमकीन बनाने की राह दिखा दे,
वो शिक्षा है, मोदी है तो मुमकीन है।

શ્રી કનૈયાલાલ બ. કિશોરી(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે તેને સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહને સૌ પ્રથમ મારા જોહાર અને રામ રામ. મને એ કહેતાં આનંદ થાય છે કે, ભારતદેશમાં જો પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ બનાવવાનું કામ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. સાથે સાથે ઓડિસ્સાના ગામડામાંથી ગરીબ પરિવારમાંથી કોઇ આદિવાસી મહિલા ઉચ્ચપદે રાષ્ટ્રપતિ તરીકે બિરાજમાન થાય એ આદિવાસી સમાજ માટે ગૌરવની બાબત છે. મને એ પણ કહેતાં આનંદ થાય છે કે, આ જ ગૃહના પૂર્વસભ્યશ્રી, પૂર્વમંત્રીશ્રી અને પૂર્વઉપાધ્યક્ષશ્રી પણ અમારા આદિવાસી સમાજમાંથી હતા. આજે મધ્યપ્રદેશના રાજ્યપાલશ્રીનું સ્થાન બિરાજમાન કરવાનું કામ કોઇએ કર્યું હોય તો એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અમારા આદિવાસીઓ આદિ-અનાદિકાળથી અંગ્રેજો સાથે લડતા હતા અને ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીરામ સાથે પણ રહ્યા હતા. એ જ માનગઢ ધામ કે જ્યાં પંદરસોથી વધુ આદિવાસી ભાઇઓ અંગ્રેજો સામે લડતાં-લડતાં શહીદ થઇ ગયા અને આઝાદીમાં એમણે અમૂલ્ય ફાળો આપ્યો. માનગઢ ધામ વર્ષોથી કોઇની જાણમાં પણ ન હતું. આ માનગઢ ધામને ઉજાગર કરવાનું અને ઇતિહાસમાં સ્થાન અપાવવાનું કામ જો કોઇએ કર્યું હોય તો તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. મને કહેતા આનંદ થાય છે કે તારીખ ૧ નવેમ્બર, ૨૦૨૨ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે, માનગઢ ધામ ખાતે આવી, ત્યાંની જે ધરોહર છે, માનગઢ ધામ છે એને દેશ-દુનિયામાં સ્થાન અપાવવાનું કામ કર્યું છે. સાથો સાથ મને એક વાત કહેતા આનંદ થાય છે કે, રાજ્ય અને દેશનો વિકાસ અમારા આદિવાસી સમાજ વિના અધૂરો છે. કેમ કે, સૌરાષ્ટ્રમાં જાઓ કે દેશના કોઇપણ ખુણે જાઓ એમાં નહેર હોય, કેનાલ હોય, રસ્તા હોય કે આપણે આ ઇમારતમાં બેઠા છીએ એ ઇમારતના પાયા માટે પરસેવો પાડવાનું કામ જો કોઇએ કર્યું હોય તો મારા આદિવાસી સમાજે કર્યું છે. એટલે મને કહેતા આનંદ થાય છે કે, આખા દેશના ૧૦૨ મહત્ત્વકાંક્ષી જે જિલ્લા જાહેર કર્યા છે, એમાં દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાત રાજ્યના દાહોદ અને નર્મદા જિલ્લાનો પણ મહત્વાકાંક્ષી જિલ્લાઓ તરીકે સમાવેશ કર્યો છે. આ પ્રસંગે હું શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર વ્યકત કરું છું. શિક્ષણની વાત કરું તો, આદર્શ નિવાસી શાળા હોય, આશ્રમશાળાઓ હોય, એકલવ્ય મોડેલ સ્કૂલ હોય, રેશિડેન્શિયલ સ્કૂલ હોય એવી ૮૩૮ શાળાઓમાં ૧ લાખ ૫ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા માટે રૂપિયા ૬૬૭ કરોડની જોગવાઇ ગુજરાતની ભા.જ.પ સરકારે કરી છે. કુમાર-કન્યા સરકારી ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓમાં ૭૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. એમના માટે રૂપિયા ૨૪૫ કરોડની જોગવાઇ ગુજરાતની ભા.જ.પ. સરકારે કરી છે. પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની વાત કરું તો, ધોરણ-૧૧ અને ધોરણ-૧૨માં ઉચ્ચ અભ્યાસ કરતાં ૩ લાખ જેટલા વિદ્યાર્થીઓને લાભ આપવા માટે રૂપિયા ૫૨૦ કરોડની જોગવાઇ કરી છે. જી.એલ.આર.એસ.માં અભ્યાસ કરતી બાલિકાઓની વાત કરું તો, પહેલા જે બાલિકાઓ ભણતી ન હતી, અમારાં ગામડાના લોકો કોઇક કોઇક સમયે બહાર જાય તો બાલિકાઓ કયાં ભણે? એના માટે જી.એલ.આર.એસ.માં અભ્યાસ કરતી અંદાજે ૧૫ હજાર વિદ્યાર્થિનીઓને રહેવા, જમવા અને સારું શિક્ષણ મળી રહે તેના માટે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે રૂપિયા ૪૦ કરોડની જોગવાઇ કરી છે. ગુરુ ગોવિંદ યુનિવર્સિટીની વાત કરું તો, અમારા આદિવાસી વિદ્યાર્થીને અમદાવાદ સુધી ફેરો ન પડે અને સારું શિક્ષણ મળી શકે એના માટે ગુરુ ગોવિંદ યુનિવર્સિટી સ્થાપવાનું પણ રાજ્ય સરકારે સરાહનીય કામ કર્યું છે. અમારા ડ્રોપ આઉટ રેટની વાત કરીએ તો, વર્ષ ૨૦૦૧-૦૨માં ડ્રોપ આઉટ રેટ જે ૩૭.૨૨ ટકાનો હતો તે ઘટીને વર્ષ ૨૦૧૮-૧૯માં ૪.૪૮ ટકાનો થયો છે. દૂધ સંજીવની યોજનાની વાત કરું તો, બાળકો કુપોષિતમાંથી સુપોષિત કઇ રીતે થાય એની ગુજરાત સરકારે ચિંતા કરી છે. રાજ્ય સરકારે ૮ લાખ બાળકોના પોષણ માટે રૂપિયા ૧૪૪ કરોડની જોગવાઇ કરી છે. સંકલિત ડેરીની વાત કરું તો, આ પશુને લગતો વિષય છે પણ, સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ ૧૫ હજાર જેટલી મહિલાઓ અને પશુપાલકોને, મહિલાઓ પોતે આત્મનિર્ભર થાય, પોતાના પગ ઉપર મજબૂત થાય અને પોતાનું આર્થિક ઉપાર્જન મેળવી શકે એના માટે ૧૫ હજાર જેટલી મહિલાઓ અને પશુપાલકો માટે રૂપિયા ૩૪ કરોડની જોગવાઇ કરી છે. કડાણા યોજનાની વાત કરું તો નેવાના પાણી મોભે ન ચડે. મને યાદ છે કે, વર્ષ ૧૯૯૧-૯૨માં હું મંત્રીશ્રી પાસે જતો હતો ત્યારે કહેતાં હતાં કે, કડાણાનું પાણી તમને દાહોદમાં ન મળે પણ, કડાણાનું પાણી દાહોદને આપવાનું કામ આ દેશના હાલના વડાપ્રધાનશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. મારા વિચારો સભાગૃહ સમક્ષ મૂકવાની મને તક આપી તે બદલ હું આભાર માનું છું. કહેવાનું તો ઘણું હતું પણ બધાને રામ, રામ.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું આદિવાસી કલ્યાણની માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં આદિવાસી કલ્યાણ યોજનાઓ જેવી કે, વન બંધુ કલ્યાણ યોજનામાં હજી પૂરેપૂરી રકમ ફાળવી નથી, એ વધારવા માટે મારું સૂચન રજૂ કરું છું. વન અધિકાર નિયમના કાયદામાં જે જમીનો આપવાની છે એની ફાઈલો પેન્ડિંગ પડી છે તેનો તાત્કાલિક નિકાલ થાય, એવું મારુ સૂચન રજૂ કરું છું. આદિવાસી વિસ્તારોમાં કેટલીક કલ્યાણકારી યોજનાઓથી આદિવાસીઓનો વિકાસ થયો છે એ સારી બાબત છે. હું મારા લુણાવાડા મત વિસ્તારની વાત કરું તો મારા મત વિસ્તારના ખાનપુર તાલુકાના લોકો જેવા કે, ડામોર, કટારા, મછાર, પાંડોર, બરજોડ, માલીવાડ, ગાંધા, બામણિયા, રાવળ જેવા ભીલ કુળ ધરાવતાં લોકો વસે છે. પરંતુ તેઓના દાદા અને પરદાદાની અજ્ઞાનતા કારણે અને અક્ષરજ્ઞાનના અભાવે ખાનપુર તાલુકામાં વસવાટ કરતાં, ભીલ ઈસમોની જમીન નિયંત્રણ ૭૩ (એ) હેઠળઆવરી લીધેલ હતી. જેના કારણે જાતિ પ્રમાણપત્રો મળતા નથી. જેને વર્ષ ૧૯૮૦થી રજૂઆત કરવા છતાં પરિણામ ન મળતા તા. ૫-૩-૨૦૧૬ના રોજ કલેકટરશ્રી, મહિસાગરને આદિવાસી હોવાના રાષ્ટ્રીય દફતર ભંડાર, નવી દિલ્હીના આધાર પૂરાવા સાથે આવેદન આપવામાં આવેલ હતું. આ અનુસંધાને ગુજરાત વિદ્યાપીઠ અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તથા સરકારના અધિકારીશ્રીની દેખરેખ હેઠળ સંશોધન ટીમ બનાવી ડોર ટુ ડોર સરવે કરીને સંશોધન અહેવાલ સરકારશ્રીને સુપરત કરેલ છે. જેમાં ૮૦૩ કુટુંબોનું આદિવાસી હોવાનું પ્રસ્થાપિત કરેલ, પરંતુ આ સંદર્ભે કમિશનર, મહિસાગરને પ્રમાણપત્ર ઈસ્યુ કરવા માટે જાણ કરેલ, પણ ૭૩- એ અને ૭૩-એએ ન હોવાના કારણે પ્રમાણપત્રો મળતા નથી. દક્ષિણ ગુજરાતના કોળી, રાઠવા અને રાઠવા-કોળી જે રીતે આદિવાસી ગણવામાં આવ્યા, તે રીતે મારા ખાનપુર વિસ્તારના આદિવાસીઓને પણ આદિવાસી ગણવામાં આવે એવી મારી આપ સાહેબને ભલામણ છે. વર્ષ ૨૦૦૮ સુધી આદિવાસીઓના દાખલા મળતા હતા. જેના કારણે ખાનપુર તાલુકાના ધોરણ ૮ અને ૧૨ ના વિદ્યાર્થીઓના એલ.સી. ની જ્ઞાતિમાં ભીલ શબ્દ લખેલો હતો. તેના કારણે તેઓને શિષ્યવૃત્તિ છેલ્લાં ૮ વર્ષથી મળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય દફતર ભંડાર, નવી દિલ્હીના આજથી ૧૬૦ વર્ષ પહેલાની વાત કરું કે વર્ષ ૧૮૬૫ થી ૧૮૭૩ના બાઉન્ડ્રી વિવાદ. ડુંગરપુર અને લુણાવાડા સ્ટેટ. જેમાં ડુંગરપુર અને લુણાવાડા સ્ટેટમાં થયેલા બાઉન્ડ્રી વિવાદમાં તે સમયના પોલિટિકલ એજન્ટ મિસ્ટર જે.સી. હોલ અને કોલોનલ એફ.એલ.મેકસને તેમના લેખમાં લુણાવાડા સરહદ પર આવેલા છાણી, ઢોલખાખરા, રોકલી, લંભો, ઉડાવા, ખાતુડામોરની મુવાડી, કાલા ખેતરા, લીમડીટીંબા, વાઢેલા, દોલતપૂરા, કાકરી મહુડી જેવા ગામોનું તેઓએ જાત નીરિક્ષણ કરેલ.

અધ્યક્ષશ્રી : અરવિંદભાઇ, તમે પાછળ બેસી જાઓ. અહીંથી પાછળ બેસી જાઓ.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : ઉપર જણાવેલ ગામોમાં ભીલ લોકો રહે છે તેવું જણાવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, બાઉન્ડ્રી વિભાગના પાના નંબર ૨ ઉપર ભીલ ક્લસ્ટર વસે છે તેવું પણ જણાવવામાં આવેલ છે. બાઉન્ડ્રી વિભાગના પાના નંબર ૧૪ ઉપર છાણી અને ઢોલખાખરાના ડામોરો ભીલડામોર છે એવું પણ બતાવવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગેઝેટ યર ઓફ બોમ્બેના વોલ્યુમ નંબર...

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. આપની ૪ મિનિટ હતી પણ સાડાચાર મિનિટ આપી.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ મંત્રીશ્રી ઉમરગામથી અંબાજી સુધીના વિસ્તારમાં જે આદિવાસી સમાજના સશક્ત, ખડતલ અને અંગ્રેજો સામેની લડાઇમાં પણ સહભાગી થઇને શહીદી વહોરી છે, એવા આદિવાસી સમાજ માટે જયારે વિકાસની માગણીઓ લઇને આવ્યા છે, ત્યારે એ માગણીઓને હું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું. સૌથી પહેલા ગુરુ ગોવિંદ અને બિરસા મુંડા ભગવાન અને જે અંગ્રેજો સામેની લડાઇમાં શહીદ થયેલા મારા આદિવાસી વીર નાયકોને પણ આજે યાદ કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામે પક્ષે ખૂબ મોટી ચર્ચાઓ થતી હતી. એ ચર્ચાઓ મેં સાંભળી પણ છે. મારું મતક્ષેત્ર છોટાઉદેપુર જિલ્લો અને મધ્યપ્રદેશની સરહદે આવેલ મારો પોતાનો જિલ્લો છે. આદિવાસી વિસ્તારમાં શિક્ષણની વાત કરું ત્યારે મારે ગૌરવથી કહેવું છે કે દેશના આદરણીય સન્માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે છોટાઉદેપુર જિલ્લામાં સૌ પ્રથમવાર સર્વ શિક્ષા અભિયાન મારફતે મારે દીકરીઓને ભણાવવી છે, એમ કરીને આદરણીય સન્માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે છોટાઉદેપુર જિલ્લામાં આદિવાસી દીકરીઓના કોમળ હસ્તે 'ગરવી ગુજરાત' લખીને સર્વ શિક્ષા અભિયાન અને કન્યા કેળવણી મહોત્સવ દ્વારા શિક્ષણનો વ્યાપ વધારવા માટેનું કામ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના આશીર્વાદ મળવાના કારણે અને આ રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના આશીર્વાદ મળવાના કારણે આદિવાસી વિસ્તારમાં શિક્ષણનો વિકાસ થયો છે. આદિવાસી વિસ્તારમાંથી અને મધ્યપ્રદેશ બોર્ડર ઉપરથી હું પ્રતિનિધિત્વ કરું છું ત્યારે મારે ગર્વથી કહેવું છે કે બોર્ડર વિલેજની યોજનાઓ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આપવાનાં કારણે વર્ષો પહેલાં સરકારોમાં એવું હતું કે તાલુકા નજીકના ગામોમાં વિકાસ થતો હતો, પરંતુ સરહદી ગામોનો વિકાસ નહોતો થતો. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સન્માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના અને રાજયના મુખ્યમંત્રી સન્માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના આશીર્વાદ

મળવાના કારણે તાલુકાથી નજીકના ગામોમાં જે પ્રકારનો વિકાસ થતો હોય તેવા જ પ્રકારનો વિકાસ સરહદી ગામોમાં પણ થવા લાગ્યો. સૌના માટે પીવાના પાણીની વાત, સૌના માટે શિક્ષણની વાત, સૌના માટે આરોગ્યની વાત, સૌના માટે વીજળીની વાત, સૌના માટે બારમાસી રસ્તાઓની વાત, આ આશીર્વાદ મળ્યા હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મળ્યા છે એ મારે ગર્વથી કહેવું છે. કોંગ્રેસનું શાસન હતું એ વખતે મેં પોતે પણ જોયું છે. કોંગ્રેસની સરકારોમાં શાળાના મકાનોની અવ્યવસ્થા હતી. શાળાઓમાં તૂટેલા-ફૂટેલા નળીયા નીચે અને ઝાડ નીચે બેસીને બાળકો અભ્યાસ કરતાં હતાં. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી બે-બે માળની શાળાઓ મારા આદિવાસી વિસ્તારમાં જોવા મળી રહી છે. પીવાના પાણીની વાત કરું ત્યારે મારે ગર્વથી કહેવું છે કે, નદીઓની અંદર વેરી ખોદીને આદિવાસી વિસ્તારના લોકો પાણી પીતા હતા, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી હેન્ડપંપ આધારિત મીની પાણી પુરવઠા યોજના થકી અને હવે તો નલ સે જલ યોજનાના આશીર્વાદ મળવાના કારણે મારી આદિવાસી માતાઓના માથા ઉપરથી બેડાનો ભાર ઉતારવાનું કામ જો કોઈએ કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. મારે આદિવાસી વિસ્તારની અંદર શાળાઓની વાત કરવી છે. મારે ગર્વથી કહેવું છે કે, કવાંટ જેવો વિસ્તાર કે જે મધ્યપ્રદેશની સરહદે આવેલો વિસ્તાર છે, એવા આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને ભણાવવા માટે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના આશીર્વાદ મળવાના કારણે એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ જેવી વ્યવસ્થા કોંગ્રેસના સમયમાં અને ભૂતકાળની સરકારોમાં નહોતી. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આશીર્વાદ મળવાના કારણે મફતમાં આદિવાસી સમાજનાં બાળકો શિક્ષણ લઈ રહ્યાં છે. મારા આદિવાસી સમાજ માટે, સૌના માટે શિક્ષણ, સૌના માટે આરોગ્ય, સૌના માટે પાણી, સૌના માટે બારમાસી રસ્તાઓ, સૌના માટે વીજળી, સૌના માટે ઘર જેવી યોજનાઓ માટે જયારે માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે ત્યારે એ માગણીઓને મારું પૂરેપૂરું સમર્થન આપીને મારી વાત પૂર્ણ કરું છું. વંદે માતરમ, ભારત માતા કી જય.

ડો. દર્શના ચં. દેશમુખ(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોરજી માગણી નંબર ૯૩ અને ૯૬ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નદી જેમ પત્થરો, પહાડો અને ડુંગરોને કોરીને પોતાનો માર્ગ કરી લે છે તેમ આજે આદિજાતિ સમાજ પણ ભારતીય જનતા પાર્ટીની આ સરકારમાં આ વિકાસની હરણફાળમાં સરકારની આ વિવિધ યોજનાઓ થકી પોતાનો વિકાસ કરીને સતત અને સતત આગળ વધ્યે જ જાય છે. એનું શ્રેષ્ઠતમ ઉદાહરણ એટલે કે આજનો આદિજાતિ સમાજનો યુવક અને યુવતિ વિવિધ પરીક્ષાઓ પાસ કરીને આઇ.એ.એસ., આઇ.પી.એસ., એન્જિનિયર, ડોકટર, એમ.બી.એ. અને પાઇલટ જેવી અલગ અલગ મોભાદાર પોસ્ટ પર પોતાનું સ્થાન સુનિશ્ચિત કરતો થયો છે. આ આભારી છે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને કે જેમને અનુસૂચિત જન જાતિ સમૂદાય માટે લાગણી હતી. ડો. બાબા સાહેબ આંબેડકર પણ કહે છે કે શિક્ષણ એ વાઘણના દૂધ જેવું છે. જે પીવે છે તે ગર્જના કર્યા સિવાય રહી શકતો નથી. ગુજરાતની આ ગાથામાં ગુજરાતની આ અસ્કયામતો, એટલે કે ગુજરાતની આ અડાબીડ વનરાજી, જેનું જતન કરનારી અમારી આદિવાસી પ્રજા વર્ષોથી ઉપેક્ષિત રહેતી અને જેનો ફકત વોટિંગ માટે જ ઉપયોગ કરવામાં આવતો હતો. ત્યારે વર્ષ ૨૦૦૨થી આદિવાસી સમાજના સુખના દિવસો શરૂ થયા અને શરૂ થઇ યશગાથા પૂર્વ પટ્ટીના આદિવાસી વિસ્તારની અને તેમની કાયાપલટની. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના હૈયે આદિવાસી સમાજનું હિત વસેલું છે. આદિવાસી વિદ્યાર્થીઓ માટે પ્રોફેશનલ કોચિંગ સંસ્થાઓ મારફતે કોચિંગ વર્ગોનું આયોજન કરવાથી મેડિકલ અને ડેન્ટલની અનુસૂચિત જનજાતિની ૧૦૦ ટકા સીટો અમારા સમાજના વિદ્યાર્થીઓથી ભરાય છે. જે કોંગ્રેસના સમયમાં ૫૦ ટકા જેટલી ખાલી રહેતી હતી. વર્ષે ૪૦૦ જેટલા આદિવાસી એમ.બી.બી.એસ. અને બી.ડી.એસ. ડોક્ટર ની પદવી હાંસલ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં જ ઉજવાયેલા આદિ મહોત્સવમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કહ્યું છે કે ૨૦ વર્ષ પહેલાં હું ગુજરાતનો મુખ્યમંત્રી બન્યો હતો ત્યારે આદિવાસી પટ્ટામાં વિજ્ઞાનની એક પણ શાળા ન હતી. વિજ્ઞાનની શાળાની વ્યવસ્થા ઊભી કરીને આ પડકારનો ઉકેલ લાવ્યા છે. આદિવાસી બાળકો દેશના કોઇ પણ ખૂણામાં હોય તેમનું શિક્ષણ અને તેમનું ભવિષ્ય એ મારી પ્રાથમિકતા છે.

સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત ભાષા અવરોધના કારણે આદિવાસી યુવાનોને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો પરંતુ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં માતૃભાષામાં અભ્યાસ કરવાનો વિકલ્પ પણ ખોલવામાં આવ્યો છે. જ્યારે દેશની છેલ્લી હરોળમાં ઊભેલી વ્યક્તિ પોતાની પ્રાથમિકતા સાથે રાખે છે ત્યારે પ્રગતિના માર્ગ આપોઆપ ખુલી જાય છે. આદિવાસી વિસ્તારોમાં આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક કનેક્ટિવિટી વધવાની સાથે જે યુવાનો અલગ અલગ થવાના કારણે અલગતાવાદની જાળમાં ફસાઇ જતાં હતા તે હવે ઇન્ટરનેટ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના માધ્યમ થકી મુખ્ય પ્રવાહ સાથે જોડાઇ રહ્યા છે. ''સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ ઔર સબ કા પ્રયાસ'' જે દૂર દૂર દેશના દરેક નાગરિક સુધી પહોંચે છે. આજે આદિ અને આધુનિકતાના સંગમનો ધ્વનિ છે, જેના પર નવા ભારતની બુલંદ ઇમારત ઊભી થશે. સારી સ્કૂલ, સારું શિક્ષણ, સારું ભણતર હોવાને કારણે અને શૌચાલય જેવી વ્યવસ્થા ઊભી થવાના કારણે આજે ડ્રોપઆઉટ રેશિયો ઘટી ગયો છે. આદિજાતિની નવી પેઢીને શિક્ષણની જરૂરિયાત મુજબની તકો મળી રહે તે માટે ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી

દ્વારા ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે ૧૦૨ શાળાઓ કે જેમાં એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ, કન્યા સાક્ષરતા શાળા, મોડલ ડે સ્કૂલ અને સૈનિક શાળાઓનું સંચાલન કરવામાં આવે છે. જેમાં ૩૪,૦૦,૦૦૦ જેટલા આદિજાતિના વિદ્યાર્થીઓ ધોરણ-૬થી ૧૨માં અભ્યાસ કરે છે. જેના માટે રૂ. ૯૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આદર્શ નિવાસી શાળાઓ કે જેમાં ૧૦૦ ટકા રિઝલ્ટ આવે છે, તેમાં ૧૧,૬૮૦ જેટલા વિદ્યાર્થીઓ લાભાન્વિત થયા છે અને ધોરણ-૯થી ૧૨માં અભ્યાસ કરે છે. જેના માટે રૂ.૧૧૦ કરોડની જોગવાઇ છે. ૧૭૫ જેટલા સરકારી છાત્રાલયોનું સંચાલન પણ કરવામાં આવે છે, જેમાં ૧૯,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી અભ્યાસ કરી રહ્યા છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, આણંદ, હિંમતનગર, પાટણ, ભૂજ અને જામનગર એવા ૧૦ શહેરોમાં ૨૦ જેટલા સમરસ છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં ૩,૬૦૦ જેટલા આદિજાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપીને લાભાન્વિત કરવામાં આવી રહ્યા છે.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું વક્તવ્ય પૂરું થાય છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ(ઘાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે વ્યક્તિ શિક્ષણનું મહત્ત્વ સમજે છે અને જેણે શિક્ષણને આત્મસાત કર્યું છે એવા આપણા શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઇ ડીંડોર શિક્ષણ અને આદિજાતિ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવાયું છે કે જે શિક્ષિત થઇ શકે છે એ જ દિક્ષિત થઇ શકે છે. ધર્મનો વિકાસ પણ જો ધર્મસ્થાનો વધુ છે ત્યાં નહીં, પણ જ્યાં આગળ શિક્ષણ સંસ્થાનો વધુ છે ત્યાં જ માણસ શિક્ષિત થઇ શકે છે અને જે શિક્ષિત થઇ શકે છે તે જ વિકસિત થઇ શકે છે અને તે જ દિક્ષિત થઇ શકે છે. આપણા દેશના ડાયનેમિક અને વિઝનરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દૂરંદેશી વાપરી તેમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓના સશક્તિકરણ માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી છે. શિક્ષણનું લેવલ વિશ્વ કક્ષાનું બને, તેમાં તમામ ક્ષેત્રના વિદ્યાર્થીઓ પોતાની રૂચિને અનુરૂપ શિક્ષણ મેળવીને પોતાની કારકિર્દી બનાવી શકે તે માટે આ નવી શિક્ષણ નીતિ ઘડવામાં આવી છે.

સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે, શાળા પ્રવેશ ઉત્સવ, કન્યા કેળવણી આવા અનેક કાર્યક્રમોની શરૂઆત કરી અને એ કાર્યક્રમોના ફળ સ્વરૂપે સમગ્ર રાજયની અંદર છેક છેવાડાના નાનામાં નાનાં ગામડાની અંદર પણ શિક્ષણની જયોત પ્રજવલિત કરવાનું કામ આ માનનીય વડાપ્રધાનશ્રી મોદીસાહેબે કર્યું છે. શિક્ષણ એ આવનારી પેઢીના વિકાસ માટે પાયાની જરૂરિયાત છે. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પ્રાથમિક સગવડો ઊભી થાય એની સાથે ડિજિટલ શિક્ષણની સગવડો ઊભી કરવા માટે વિશ્વ બેંકના સહયોગથી મિશન સ્કૂલ ઓફ એકસેલન્સ યોજના સરકારે હાથ ધરી છે. રૂપિયા દસ હજાર કરોડના ખર્ચે હાથ ધરાયેલા પ્રોજેકટ અંતર્ગત ૨૦ હજાર મોટી શાળાઓમાં ૫૦ હજાર જેટલા નવા વર્ગખંડો, દોઢ લાખ જેટલા જ્ઞાનકુંજ સ્માર્ટ કલાસ રૂમ, ૨૦ હજાર જેટલી કોમ્પ્યુટર લેબ, પાંચ હજાર સાયન્સ ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સની લેબ અને વોકેશનલ લેબની સુવિધાઓ ત્રણ વર્ષમાં સરકાર ઊભી કરવા જઇ રહી છે. એકવીસમી સદી એ જ્ઞાનની સદી છે, ટેકનોલોજીની સદી છે. આપણી રાજય સરકારે આ જે કલ્યાણકારી યોજનાઓ છે એનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે અને કોઇ ગરીબ વંચિત ન રહે, એનો લાભ બધાને મળી રહે એ માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી અને છેવાડાના માનવી સુધી આ કલ્યાણકારી યોજનાઓ પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. આપણી રાજય સરકારે આ ટેકનોલોજીના માધ્યમથી યુવાધનને આપવાનું સવિશેષ કામ કર્યું છે. સન ૨૦૧૭માં નમો ટેબલેટ આપવાની યોજના શરૂ કરી હતી અને છેવાડાના માનવીને એના લાભો મળે એ માટેનું આ કામ કર્યું છે. મને કહેતાં એ બાબતનો આનંદ છે કે આપણા ગુજરાતમાં કોઇપણ સમાજોમાંથી તેજસ્વી વિદ્યાર્થીઓને સરકારનો જો યોગ્ય પ્રતિસાદ જો મળ્યો હોય તો તે ભારતીય જનતા પાર્ટીની સરકારનો મળ્યો છે. જે વિદ્યાર્થીઓ રાજયમાં આવેલી માન્ય યુનિવર્સિટીમાંથી હાયર એજયુકેશન અને પી.એચ.ડી. કરે છે.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : આ માગણીઓને મારું સમર્થન આપું છું. આભાર.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ વિભાગની માગણી નંબર-૯ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એ સેવા છે. કોઇપણ રાજય કે દેશના વિકાસ માટે શિક્ષણ એ ખૂબ જ જરૂરી છે. જયારે શિક્ષણનું વ્યાપારીકરણ જયારે જે રાજયમાં કે દેશમાં થયું છે એ દેશ કે રાજયની જનતા ખૂબ ગરીબી અને બેરોજગારીના ભરડામાં આવી જાય છે. ગરીબ વધુને વધુ ગરીબ બનતો જાય છે અને અમીર વધુને વધુ અમીર બનતો જાય છે. ગરીબી અને અમીરી વચ્ચે ખૂબ મોટી ભેદરેખા આવી જાય છે, જે આજે ગુજરાતમાં જોવા મળે છે. આપણા ગુજરાતની વાત કરીએ તો સરકારી શાળા કરતા ખાનગી સ્કૂલ, કોલેજ, યુનિવર્સિટીને વધુ પ્રોત્સાહન આપવામાં આવે છે. અનેક પ્રવેશ ઉત્સવ કે ગુણોત્સવ કર્યા છતાં રાજયની છ હજાર કરતા વધારે સરકારી સ્કૂલ બંધ કરવી પડી છે. ગુજરાતમાં આંગણવાડી કે પ્રાથમિક શાળાની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. ગુજરાતમાં મોટા ભાગની સરકારી સ્કૂલોમાં પૂરતા શિક્ષકો નથી, ઓરડાઓ નથી, ટોઇલેટની સુવિધાઓ નથી. રાજયની અંદાજે ૬,૭૭૨ શાળાઓમાં રમતગમતના મેદાનો પણ નથી અને સાથોસાથ પી.ટી. ટીચરો પણ નથી, જેના પરિણામે આજે ગુજરાતના ગરીબ વર્ગ કે મધ્યમ વર્ગ પોતાના બાળકોને સારું શિક્ષણ આપવા માટે પ્રાઇવેટ સ્કૂલમાં બેસાડવા મજબૂર થઇ રહ્યા છે અને પોતાનાં પરસેવાની કમાયેલી મૂડી આ પ્રાઇવેટ સ્કૂલ કોલેજોના સંચાલકોને આપવી પડે છે. ગુજરાતમાં

ગરીબ કે મધ્યમ વર્ગનાં બાળકોમાં ખૂબ સારું ટેલેન્ટ છે, પણ આપણે એને મફત અને સારું શિક્ષણ પૂરતું આપી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જો આપણે ગુજરાતમાં પ્રાઇવેટ સ્કૂલ કે યુનિવર્સિટી કરતાં સરકારી સ્કૂલ કે કોલેજને વધુ પ્રોત્સાહન આપીએ તો આપણાં ગુજરાતનાં બાળકોને આપણે સારા વૈજ્ઞાનિક બનાવી શકીએ એમ છીએ, આઇ.એ.એસ, આઇ.પી.એસ બનાવી શકીએ તેમ છીએ. પણ દુઃખ સાથે કહેવું પડે છે કે તાજેતરમાં યુ.પી.એસ.સી.નું પરિણામ આવ્યું, એમાં આપણા ગુજરાતનો એક પણ વિદ્યાર્થી ન હતો. ગુજરાતમાં ગરીબ કે મધ્યમવર્ગના બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. માત્ર પ્રાઇવેટ સ્કૂલ કોલેજોની મસમોટી ફીના કારણે આમ બની રહ્યું છે. એક લાખ કરતાં વધારે બાળકો સ્કૂલે ગયા જ નથી. આજે ગુજરાતમાં પ્રાથમિક સ્કૂલો અને માધ્યમિક સ્કૂલોમાં અન્ય રાજ્યની સરખામણીમાં આપણા ગુજરાતનો ડ્રોપ આઉટ રેશિયો ખૂબ ઊંચો છે. મોટાભાગના લોકોને સરકારી નોકરી તો કરવી ગમે છે, પણ પોતાનાં બાળકોને સરકારી સ્કૂલોમાં ભણાવવા ગમતા નથી. ગુજરાતમાં વસતા આઇ.એ.એસ., વર્ગ-૧થી ૪ના તમામ કર્મચારીઓએ પોતાના...

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું વકતવ્ય પૂરું થાય છે.

ડો. કુબેરભાઇ ડીંડોર (શિક્ષણ અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું મારા વિભાગની માગણીઓ લઇને આવ્યો એમાં ગૃહના ૧૮ જેટલા માનનીય સભ્યશ્રીઓ, સાથી પક્ષ અને વિપક્ષના સભ્યો ડો. તુષારભાઇ, ડો. કિરીટભાઇ, શ્રી માવજીભાઇ અને શ્રી ઉમેશભાઇએ વિચારો રજૂ કર્યા અને સૂચનો પણ કર્યાં છે. આવનારા સમયમાં એના ઉપર વિચારણા કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વર્લ્ડ ચકલી દિવસ છે. હું પણ પાછલા પાંચ વર્ષથી અહીં ઉપસ્થિત છું. આંતરરાષ્ટ્રીય હેપ્પીનેસ દિવસ પણ છે. આજે આપણા બધા, અમારા આદિજાતિ વિભાગ અને શિક્ષણ વિભાગ માટે હર્ષનો દિવસ છે. આજે આપણા ગૃહમાં વર્લ્ડ ચકલી દિવસે ચકલી ઉપસ્થિત રહી છે. કબીરદાસે કહ્યું છે કે, '**कबीरा खड़ा बाजार में मांगे सबकी खेर, न कहुसे दोस्ती न कहुसे बैर**।' સાથે સાથે કહ્યું કે, '**निंदक नेयार राखी आंगन कुटी छाय, बीन पानी, सबून बिना निर्मल करे शुभाई**' અમે તમારાં બધાં જ સૂચનો આવકાર્યા છે. નિંદા હિંસા છે. છતાં અમે અપનાવીને કામ કરતા કરતા ૧૫૬ સુધી પહોંચ્યા છીએ. સજેશનો તમે કરો છો, સરકાર કામગીરી કરે છે. લોકો વિશ્વાસથી અમારી સાથે જોડાય છે. માનનીય તુષારભાઇએ બજેટ બાબતે વાત કરી અને આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ નિયમ-૪૪ હેઠળ નિવેદન કર્યું હતું એની પણ એમણે વાત કરી હતી. મને કહેતા આનંદ છે કે સને ૧૯૭૪થી આદિજાતિ પેટા યોજનાનો, આદિવાસીઓની વિકાસ યોજનાઓનો આરંભ થયો. અમારી સરકાર જે બની એ વખતે સને ૨૦૦૧ સુધીમાં ૨૭ વર્ષ દરમિયાન આશરે ૬,૫૦૦ કરોડ રૂપિયા ખર્ચ થયો. ૨૭ વર્ષમાં આટલો ખર્ચ થયો છે. જ્યારે વર્ષ ૨૦૦૦થી ૨૦૦૭ દરમિયાન એ સમયના ૫ વર્ષ દરમિયાન તમે જે વાત કરી એ સમયમાં આશરે ૬ હજાર કરોડ જેટલો ખર્ચ આ સરકારે કર્યો. ૨૭ વર્ષમાં ૬,૫૦૦ કરોડ અને માત્ર ૫ વર્ષમાં ૬ હજાર કરોડ આ તફાવત આપ જાણો છો. સાથે સાથે આપે એક સરસ વાત એ કરી કે હું કેન્દ્ર સરકારમાં સને ૨૦૦૯માં આદિજાતિ વિકાસનો મંત્રી હતો. આભાર માનો દેશના તત્કાલીન વડાપ્રધાન આદરણીયશ્રી અટલબિહારી બાજપાઇજીનો કે દેશ આઝાદ થયો, આઝાદીના પર વર્ષ પછી પણ કેન્દ્રમાં આદિજાતિ વિભાગનું અલગ મંત્રાલય ન હતું. વર્ષ ૧૯૪૭માં આઝાદ થયો અને વર્ષ ૧૯૫૨માં પ્રજાને સત્તા આપવામાં આવી. પર વર્ષ સુધી કેન્દ્રમાં આદિજાતિ વિકાસ વિભાગનું ખાતુ ન હતું. માત્ર સમાજ કલ્યાણ સાથે તેનું જોડાણ હતું. સને ૧૯૯૯માં સન્માનનીય સ્વર્ગસ્થશ્રી અટલબિહારી બાજપાઇજી અમારી ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન બન્યા અને એમણે અલગ મંત્રાલય કર્યું. એ વખતે અલગ મંત્રાલયની ઓફિસ પણ ન હતી અને અમારા ઓરિસ્સાના મંત્રી બન્યા એમણે એક અલગ રૂમમાં આદિજાતિ વિભાગની શરૂઆત કરી અને તમે વર્ષ ૨૦૦૯માં મંત્રી બન્યાં એના માટે પણ આભાર અમારી ભારતીય જનતા પાર્ટીનો માનવો પડે. એમણે બજેટની પણ વાત કરી. શું બોલ્યા હતાં? એમણે ચટણી અને અથાણાંની વાત કરી. એ બાબતે મને કહેતા દુઃખ થાય છે કે આટલાં વર્ષો સુધી તમે બધા જ તાજના સાક્ષી હશો કે જ્યારે અમારા બાપ-દાદાઓ આદિવાસી સમાજ એ તમારા માટે વોટબેંક હતી. અમારા સમાજનો વોટબેંક તરીકે ઉપયોગ કર્યો. યાદ કરો વર્ષ ૧૯૭૧નું સ્વ.શ્રીમતી ઇન્દિરા ગાંધીનું સૂત્ર 'ગરીબી હટાવો' નો નારો એ વખતે કોંગ્રેસે આપ્યો હતો. આગળ વધતા 'चक दे इन्डिया' અને 'કોંગ્રેસ કા હાથ ગરીબો કે સાથ'. મિત્રો, આ બધા સૂત્રો આપ્યા પણ માનનીય શ્રી રમણલાલ વોરા સાહેબ, આપને ખબર હશે. મારા બાપ-દાદા સૂત્રો પોકારતા હતા. હું ભણતો હતો ત્યારે મારા બાપ-દાદા પાંચ વર્ષે એકવાર કોંગ્રેસની બેઠકમાં જતા ત્યારે મને કહેતા હતા કે હું રામ રામ કરવા જાઉં છું. પાંચ વર્ષ પછી અમારાં બાપ-દાદાઓ અને વડવાઓ કોંગ્રેસની બેઠકમાં રામ રામ કરવા જતાં હતાં. સૂત્રો લગાવતાં હતાં એ તમારા સૂત્રોમાં દમ ન હતો. યાદ કરો એ સૂત્રોને? સૂત્રો એવા લગાવતાં હતાં કે 'આધી રોટી ખાયેંગે ઇન્દિરા કો લાયેંગે', 'સૂકી રોટી ખાયેંગે કોંગ્રેસ કો લાયેંગે' 'લાલ રોટી ખાયેંગે કોંગ્રેસ કો લાયેગે' તમારા સૂત્રોમાં દમ ન હતો. તમે આધી રોટી ખાવાની અને ઇન્દિરાને લાવવાની વાત કરી હતી. મિત્રો, અમારા બાપ-દાદાઓ વર્ષો સુધી એમની પાછળ લાગ્યાં રહ્યાં, પણ ભલું થજો આપણી સન્માનનીય ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સવિશેષ કરીને માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબનું. સંવિધાનમાં જે જોગવાઇઓ કરી હતી એ મુજબ છેવાડાના માનવીને એના હક્ક અને અધિકાર મળે એટલા માટેની વ્યવસ્થા કરીને એમણે

'વનબંધુ કલ્યાણ યોજના' શરૂ કરીને એમાં બજેટમાં જોગવાઇ કરી. તમે જે બજેટ માટે અથાણું અને ચટણીની વાત કરી એમની વાત સાચી છે. હજુ એમણે ભૂતકાળનાં ચશ્માં બદલ્યાં નથી. ડો. તુષારભાઇ ભૂતકાળનાં ચશ્માથી જ જુએ છે. એ ભણેલા હતા એટલે ડોક્ટર બન્યા પણ એમણે આદિવાસી સમાજની સેવા કરી જ નહીં. ચૂંટાઇને અહીંયા આવી ગયા. સરકારી ખર્ચે ડોક્ટર બન્યાં. એકેય જિલ્લામાં નથી ગયા... (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય મંત્રીશ્રી, આ બાજુ જોઇને બોલો.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, બજેટની વાત કરીશ. બજેટની કુલ જોગવાઇ જોઇએ તો રૂપિયા ૩૦ કરોડ ૧ હજારનું યથાશક્તિ બજેટ છે એમાં રૂ.૧૬ કરોડ ૧૬ હજાર ૨૭૯.૭૧ કરોડની જોગવાઇ થયેલી છે. રાજ્યમાં કુલ વિકાસલક્ષી બજેટને ધ્યાને લઇએ તો વર્ષ ૨૦૨૩-૨૪ માં આદિજાતિ વિકાસ માટે ફાળવેલ બજેટ રૂપિયા ૧૮,૭૫૪.૩૫ કરોડ છે. ટ્રાયબલ સબપ્લાન અંતર્ગત ગુજરાત સરકારના જુદા જુદા ૨૩ વિભાગો દ્વારા બજેટ જોગવાઇ કરવામાં આવે છે. રાજ્ય સરકારના વિભાગો દ્વારા ટ્રાયબલ સબપ્લાન હેઠળ કરવામાં આવતી જોગવાઇ ઉપરાંત ઘણા વિભાગની યોજનાઓ સાથે આદિજાતિ વિસ્તાર અને આદિજાતિ સમુદાયને પણ આવરી લેવામાં આવે છે. આવી તમામ યોજનાઓના આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો માનનીય ધારાસભ્યશ્રીએ એમ કહ્યું છે કે 'અપેક્ષા કરતા ઘણું ઓછું બજેટ છે' એને હું નકારું છું... (અંતરાય) તમારું સજેશન છે... (અંતરાય)

સભાપતિશ્રી : તમે જે જે બોલો છો એ ટેબલ પર મૂકી દેજો.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, અમે જરૂરથી ટેબલ પર મૂકી દઇશું. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા એ બાબતનો આનંદ છે કે આ સર્વાંગી વિકાસ અને પ્રજા કલ્યાણની તીર્થભૂમિ એટલે ગુજરાત વિધાનસભા. આપણે બધાએ સાથે મળીને જેટલું થાય એટલું પ્રજાનું કલ્યાણ કરવાનું છે. કશું નથી કર્યું એવું નથી કહેતો પણ જે રીતે થવું જોઇએ એ રીતે થયું નથી.

સભાપતિશ્રી : માનનીય મંત્રીશ્રી, આ બાજુ જોઇને બોલો.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી,

''શબ્દ એક શોધો ત્યાં સંહિતા નીકળે
કૂવો એક ખોદો તો આખી સરિતા નીકળે.
જનક જેવા અહીં આવી હજુ જો હળ હાંકે તો,
આ ધરતીમાંથી હજુ પણ સીતા નીકળે.
સાહેબ, અલગ છે આ તાસિર વિધાનસભાની.
આ વિધાનસભાની ભૂમિ છે.
મહાભારત વાવો ત્યાં ગીતા નીકળે
અને હજી ઘબકે છે કયાંક લક્ષ્મણ રેખા
રાવણ જેવા ત્યાંથી બીતાં બીતાં નીકળે છે.''

માનનીય અધ્યક્ષશ્રી, મારા હસ્તકના વિભાગો આદિજાતિ વિભાગ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગોની માગણી ઉપર વિરોધ પક્ષના બધા સભ્યશ્રીઓએ સત્ર દરમિયાન ચર્ચા કરી છે. ઘણાં સુધારાત્મક સૂચનો કરેલ છે એ આવકાર્ય છે. મારા બંને વિભાગોની માગણી લઇને આવ્યો છું ત્યારે તેના કેટલા મુદ્દા રજૂ કરું છું. હું જે સમાજનું બજેટ લઇને આવ્યો છું એ સમાજે આદિ અનાદિ કાળથી સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણી કરી છે. એવા સમાજના વિકાસની માગણી લઇને આવ્યો છું. આપણા પરમપૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ આદિવાસી વિસ્તારનો જયારે પ્રવાસ કરતા હતા અને એ એમ કહેતા કે આ સમાજમાં મને ભગવાનના દર્શન થાય છે. ભગવાન શ્રીરામ શબરી માતા જેવા આદિવાસીઓના ઘરે ગયા અને તેના એંઠા બોર ખાધા હતા એ સમાજની હું માગણી લઇને આવ્યો છું. ગુજરાત રાજ્યમાં આદિવાસી સમાજની જનસંખ્યાની વાત કરીએ તો અંબાજીથી ઉમરગામ સુધી પૂર્વપટ્ટીમાં ૧૪ જિલ્લાઓમાં ૫૩ જેટલા તાલુકાઓ, ૫,૮૦૦ કરતાં વધારે ગામડાંઓ અને એક કરોડ જેટલો મારો આદિવાસી સમાજ ગુજરાતમાં વસવાટ કરે છે. આ બધા મિત્રોએ બહુ સારી વાત કરી છે કે આઝાદીની લડતમાં આદિવાસી સમાજનું મોટું બલિદાન છે, યોગદાન છે. આઝાદી પછી આવેલી કોંગ્રેસની સરકારો ત્યારે રાજ્યમાં હોય કે કેન્દ્રમાં આપની ડબલ એન્જિન સરકાર હતી જ અને દેશમાં અને ગુજરાતમાં કોંગ્રેસનું એકહથ્થુ શાસન હતું પણ આ સમાજની વર્ષો સુધી ઉપેક્ષા કરવામાં આવી. દેશને આઝાદી અપાવવા માટે જે જનજાતિ સમાજના લોકોએ બલિદાન આપ્યા હતા એની ઉપેક્ષા કરી અને આ સમાજ મુખ્યધારાથી વિખૂટો પડી ગયો. (અંતરાય) શ્રી વિમલભાઇ, તમને સમજણ ન પડે. તમને વાર લાગશે. તમારો જન્મ ૧૯૮૫ પછી થયો એટલે તમને ખ્યાલ ન આવે.

સભાપતિશ્રી : શ્રી વિમલભાઇ, બેઠાં બેઠાં ન બોલો.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસે આ સમાજનો માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કર્યો. ગુજરાત રાજ્ય મહારાષ્ટ્રથી અલગ થયું ત્યારે વર્ષ ૧૯૬૧માં આદિજાતિ વિભાગ અને સમાજ કલ્યાણ ખાતાનું ભેગું બજેટ માત્ર રૂ.૫૮ કરોડ હતું. છેલ્લાં ૧૩ વર્ષમાં સને ૨૦૦૭થી ૨૦૨૧ વનબંધુ કલ્યાણ યોજના-૨ અંતર્ગત રૂપિયા એક લાખ કરોડની રકમ કરતા

વધારે આદિજાતિ વિકાસ માટે વાપરવામાં આવેલ છે. જેથી આદિવાસી વિસ્તારની માળખાકીય સુવિધાઓ તેમજ આદિજાતિ સમુદાયના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક એમ સર્વાંગી વિકાસની દિશામાં આદિવાસી સમાજે નવા આયામો સિદ્ધ કર્યા છે. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫-૨૬ સુધી રૂપિયા એક લાખ કરોડની રકમ આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે વાપરવાની છે. એના ભાગરૂપે વર્ષ ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ના વર્ષમાં રૂ.૨૯,૦૦૦/-કરોડ કરતા વધારે રકમનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪ માટેના બજેટમાં રૂ.૧૮,૭૫૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આઝાદીની લડાઇમાં આદિવાસી સમાજનું ખૂબ મોટું યોગદાન રહ્યું છે. જયારે કોંગ્રેસની સરકારમાં એમનો ઇતિહાસ ભૂલાવી દેવાનો પ્રયત્ન કર્યો. આઝાદીના અમૃત મહોત્સવના શુભારંભના કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીએ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને યાદ કરીને આઝાદીની રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેનાર આદિવાસી વીર સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર ખાતે ૨૫ એકર જમીનમાં રૂ.૧૩૭ કરોડના ખર્ચે રાષ્ટ્રીય કક્ષાનું સંગ્રહાલય બનાવવામાં આવી રહ્યું છે. આદિવાસી સમાજને માન સન્માન આપવાનું કામ, આદિવાસી સમાજની અસ્મિતા, સ્વાભિમાન, આદિવાસી સમાજનું શૌર્ય, વીરતા, સાહસને ઉજાગર કરવાનું કામ શ્રી વિમલભાઇ, ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ટ્રાયબલ ફ્રિડમ ફાઇટર મ્યુઝિયમમાં રાજપીપળા, કેવડીયા ખાતે દેશના કુલ ૯૭ આઝાદીની ચળવળોની સ્વાતંત્ર્યની લડાઇમાં જે લોકોએ ભાગ લીધો એની વિગતો સમાવવામાં આવી છે. જે પૈકી મુખ્ય જનજાતિના આયોગોના સંગ્રામો ૧૬ ગેલેરીમાં પ્રદર્શિત કરવામાં આવશે. ચાલુ વર્ષમાં રૂપિયા પાંચ કરોડની બજેટની જોગવાઇ કરી છે. હાલમાં ૭૫ ટકા બાંધકામની કામગીરી પૂર્ણ થઇ છે. વર્ષ ૨૦૨૪ પહેલા તમને એના દર્શન કરાવવાની પણ અમારી જવાબદારી છે અને અમારી તૈયારી છે. ૧૪ જિલ્લાઓ, ૫૫૮૦૦ કરતા વધારે ગામોમાં એક કરોડ આદિવાસીઓને સવિશેષ અધિકારો મળી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, દિવાસી વિકાસ માટે વર્ષ ૨૦૨૩-૨૪ નું જે બજેટ છે તેમાં સર્વાંગી વિકાસ થાય તેના માટેની વ્યવસ્થા સરકાર તરફથી કરવામાં આવી છે. ફોરેસ્ટ રાઇટ એકટ-૨૦૦૬ હેઠળ રાજ્યના અંદાજે ૯૫ હજાર જેટલા આદિવાસી કુટુંબોને જમીનના અધિકારો આપવામાં આવેલ છે અને બાકી દાવાઓના યોગ્ય નિકાલની પ્રક્રિયા ચાલુ છે. સન્માનનીય સભ્યશ્રીએ જે વાત કરી અને આમ તો શ્રી રાહુલ ગાંધી અને તેમનો બંનેનો ઇતિહાસ સરખો છે. તેમને અમેઠી વાયનાડ જવું પડયું અને આમને વ્યારાથી અહીંયાં ખેડબ્રહ્મા આવવું પડયું. ખેડબ્રહ્માની તેમની ચિંતા છે તે વ્યાજબી છે અને અમે તેમાં ચકાસી લઇશું. તેમણે કહ્યું કે, ત્યાં જમીનમાં ખાડા ખોદવામાં આવે છે અને સાથે સાથે ખોટો દંડ કરવામાં આવે છે. આની યાદી હોય તો મને આપજો. તેના માટે અમારી તૈયારી છે. સાથે સાથે જે દાવાઓ બાકી રહી ગયા છે તેનો યોગ્ય નિકાલ થાય તેના માટેનો પ્રયાસ પૂરા ગુજરાત માટે કરીશું. આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમ શાળાઓ, એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલો મળીને કુલ ૮૩૮ જેટલી શાળાઓના અંદાજિત ૧.૫ લાખ વિદ્યાર્થીઓને સહાય પેટે રૂ.૬૭૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કુમાર અને કન્યાના સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલાયોના ૭૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને સહાય આપવા માટે રૂ.૨૪૫ કરોડની જોગવાઇ કરી છે. ૨.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિનો લાભ આપવા માટે રૂ.૫૨૦ કરોડની જોગવાઇ કરી છે. પ્રિ-મેટ્રિકના અંદાજે ૧૪ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવા માટે રૂ.૧૬૭ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ-૧થી ૮માં અભ્યાસ કરતા અંદાજે ૧૩ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય પેટે રૂ.૧૧૭ કરોડની જોગવાઇ કરી છે. શિક્ષા, રોટી, કપડાં અને મકાનની જે વાત કરતા હતા, દેશ જયારે આઝાદ થયો અને જયારે જનસંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ કહ્યું હતું કે, દેશ આઝાદ થયો પણ જયાં સુધી આઝાદીના મીઠા ફળ ગરીબના ઘર સુધી ન પહોંચે ત્યાં સુધી આઝાદી નકામી છે. તેમણે કહ્યું કે જયાં સુધી આપણે ગરીબના ઘર સુધી લાઇટ નહીં પહોંચાડીએ, ગરીબના બાળકના શિક્ષણની ચિંતા નહીં કરીએ, ગરીબને બે ટાઇમનો રોટલો મળે તેની ચિંતા નહીં કરીએ, ગરીબના આવાસની ચિંતા નહીં કરીએ, ગરીબના ઘરે નળથી પાણી નહીં પહોંચાડીએ ત્યાં સુધી દેશમાં આઝાદી તો મળી છે પણ તેમાં હિન્દુસ્તાનના લોકો આઝાદ ગણાશે નહીં. મને કહેતાં આનંદ છે કે, આપણા દેશના સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સન ૨૦૧૪માં દેશની કમાન સંભાળી અને સાચા અર્થમાં અંત્યોદયની વિચારધારા સાથે આપણી ભારતીય જનતા પાર્ટીની જે સ્થાપના થઇ હતી તે અંત્યોદયની વિચારધારા સાથે છેવાડાના માનવીને તેનો પૂરેપૂરો લાભ મળે તેની વ્યવસ્થા આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી છે. આ ૭૫ વર્ષ પછી જયારે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવીએ છીએ. સાચા અર્થમાં ૧૪ જિલ્લા અને ૫૩ તાલુકાના આદિવાસી સમાજના લોકો આઝાદી મહેસૂસ કરી રહ્યા છે. આજે મા-અમૃતમ કાર્ડ હોય, આયુષ્યમાન ભારત કાર્ડ હોય, પ્રધાનમંત્રી આવાસ યોજના હોય, ઉજ્જવલા યોજના હોય, જયોતિગ્રામ યોજના હોય, ફ્રી શિપ કાર્ડ હોય, બાળકોના શિક્ષણની વ્યવસ્થા હોય આ બધી જ વ્યવસ્થા આજે આદિવાસી સમાજના આંગણે પહોંચી છે. અમે આદિવાસી સમાજના ઘર સુધી નહીં પણ તેના હૃદય સુધી પહોંચવાની કામગીરી અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. આદિવાસી સમાજના ૧ લાખ ૫૦ હજાર બાળકો કે.જી. થી પી.જી. સુધીનું શિક્ષણ મેળવી રહ્યા છે તેનો તમામ ખર્ચ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. અમારા સન્માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબનું દિલ ઉદાર છે અને અમે જે કંઇ યોજનાઓ મૂકી છે, જે

નવી બાબતો મૂકી છે તે બધી જ મંજૂર કરી છે તેના માટે હું તેમને ધન્યવાદ આપું છું. આજે આ ૧.૫૦ લાખ બાળકો ભણી રહ્યાં છે તેમને સૂટ અને બૂટ પહેરાવવાનું કામ અમારી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આ ગૃહમાં હું પાંચ વર્ષથી આવ્યો છું, પણ તે પહેલાં કયારેક ગેલેરીમાં બેસીને આ ગૃહનો સાક્ષી બન્યો છું. જયારે જયારે આદિવાસી સમાજના બજેટની માગણીઓ આવતી ત્યારે વોકઆઉટ કરવામાં આવતું, વિરોધ કરવામાં આવતો હતો. આજે તેનું પરિણામ એ આવ્યું કે, ગુજરાતમાં આદિવાસી સમાજની ૨૭ સીટો છે તેમાંથી ૨૩ સીટો ભારતીય જનતા પાર્ટીને ફાળે આવી છે. અમારું ભારતીય જનતા પાર્ટીનું સૂત્ર છે કે, સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ. સૌના સામૂહિક પ્રયાસથી દરેકનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં અમે કામગીરી કરી રહ્યા છીએ. વોટબેંકની રાજનીતિ ફગાવીને અમે માનવતાની રાજનીતિ કરી છે. અમે વિકાસની રાજનીતિ પર આગળ વધી રહ્યા છીએ. ધોરણ ૧થી ૪માં ભણતા ૧ લાખ વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશની વ્યવસ્થા અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરે છે અને તેના માટે રૂ.૧૧૭ કરોડની જોગવાઇ કરી છે. દૂધ સંજીવની યોજના અંતર્ગત ૫૩ આદિજાતિ તાલુકામાં અંદાજે ૮ લાખ બાળકોને વિશિષ્ટ પોષણ મળે તેના માટે રૂ.૧૪૪ કરોડની જોગવાઇ કરી છે. અમે દૂધ ભરીને ડેરીમાં મોકલીએ અને તે દૂધ સરકાર ખરીદીને પેકિંગ કરીને આપણાં બાળકોને પીવડાવે છે. આ વડિલો બધા જાગૃત બન્યા છે અને એજ દૂધ માટે આપણે રૂ.૧૪૪ કરોડની જોગવાઇ કરીને ૮ લાખ બાળકોને દૂધ પીવડાવવાનું કામ ડેરીના માધ્યમથી આપણી સરકાર કરી રહી છે. આદર્શ નિવાસી શાળા અને સરકારી છાત્રાલયોના અદ્યતન સુવિધાવાળા મકાન બાંધકામ માટે રૂ.૧૨૦ કરોડની જોગવાઇ, કન્યા સાક્ષરતા નિવાસી શાળા જી.એલ.આર.એસ.માં ભણતી અંદાજે ૧૫ હજાર જેટલી વિદ્યાર્થિનીઓને રહેવા, જમવા અને શિક્ષણ માટે રૂ.૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય ગેનીબેન, પહેલા સ્ત્રીઓની સ્થિતિ શું હતી એ એક મહિલા તરીકે આપ જાણી શકો છો. અમારા આદિવાસી સમાજની દીકરીઓ અને અન્ય સમાજની દીકરીઓ આજે હાયર એજ્યુકેશન સુધી આગળ વધી રહી છે એનું મને ગૌરવ અને આનંદ છે. સાથે સાથે ફોરેસ્ટ રાઇટ એકટ હેઠળ આદિજાતિ કુટુંબોને આર્થિક સહાય આપવા માટે રૂ.૬૦ કરોડની જોગવાઇ અલગથી કરી છે. અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયોની યોજના અંતર્ગત રૂ.૨૩ કરોડની જોગવાઇ કરી છે. હમણા મોહનભાઇ કોંકણે કહેતા હતા કે હું અહીં બી.એડ કરવા આવ્યો ત્યારે દોઢ મહિના સુધી ગીતા મંદિરના સ્ટેશન પર રહ્યો હતો. હું પણ એનો ભોગ બનેલો છું. વર્ષ ૧૯૯૩માં મારા પિતાએ કહ્યું કે અમદાવામાં તું ક્યાં જાય છે, તું ક્યાંક ખોવાઇ જઇશ. પી.જી.ની એકઝામ આપવા માટે આખા ગુજરાતમાં માત્ર એક જ સેન્ટર હતું, બી.એ. પછી એમ.એ. કરતા એને પરીક્ષા આપવી હોય તો માત્ર ગુજરાતમાં એક જ સેન્ટર. આદિવાસી સમાજના માણસો નથી ભણી શકયા એનું કારણ આ છે. હું પણ વર્ષ ૧૯૯૩માં એમ.એ. માટેની એકઝામ આપવા માટે પહેલીવાર અમદાવાદ આવ્યો હતો. આજે ગામડે ગામડે, તાલુકા લેવલે પરીક્ષા સેન્ટરો આપેલા છે અને એને કારણે આજે દરેક સમાજનાં બાળકો હાયર એજ્યુકેશન ઘર આંગણે મેળવી રહ્યા છે. અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયો બન્યા છે એને કારણે આજે કોઇ પણ વિદ્યાર્થી અમદાવાદ, રાજકોટ, સુરત, બરોડા, આણંદ ગમે ત્યાં જાય એના મા-બાપને કોઇ ચિંતા નથી કે એ બાળક ક્યાં જશે? એ એડમિશન લેશે એટલે તુરત જ એને સમરસ છાત્રાલયમાં એડમિશન મળે ત્યાં એને ખાવા-પીવા, રહેવાની વગેરે બધી જ સુવિધા મળે છે. આ સમરસ છાત્રાલયો માટે આપણા બજેટમાં રૂ.૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજપીપળા ખાતે આવેલ બિરસા મૂંડા આદિવાસી સેન્ટર, બધા વાત કરે છે બિરસા મૂંડાની, ગુરુ ગોવિંદની આ દેશને આઝાદી અપાવવા માટે સ્વાતંત્ર્ય સંગ્રામ ખેલાયો ત્યારે પશ્ચિમ બંગાળથી વંદે માતરમનો નારો લાગ્યો હતો. એ જ સમયે છત્તીસગઢ, ઝારખંડથી બિરસા મૂંડા ભગવાને આદિવાસી સમાજની અંદર પડેલી સુષમ્ન શક્તિમાં રાષ્ટ્રપ્રેમ જગાવવાનો નારો આપીને કહ્યું હતું કે, ''**जय द्वारका नारा है, भारत देश हमारा है**'' એ સૂત્ર બિરસા મૂંડાએ અંગ્રેજોની ખિલાફ આપ્યું હતું. પણ મને આજે કહેતા દુઃખ એ બાબતનું છે કે, કેટલાક લોકો આ બિરસા મૂંડાના સૂત્રનો ગેર ઉપયોગ કરીને ખોટી રીતે દેશ વિરોધી, રાષ્ટ્ર વિરોધી, આદિવાસી સમાજ વિરોધી, વિકાસ વિરોધી લોકો એ મૂળ નિવાસીની કલ્પના કરીને આદિવાસીઓને ગુમરાહ કરવાનું કામ દેશમાં રાષ્ટ્રવિરોધી લોકો કરી રહ્યા છે. બિરસા મૂંડાએ નારો આપ્યો હતો જય દ્વારાકા નારા હે ભારત દેશ હમારા હે. એનાથી આગળ વધીને ઉત્તર ભારતથી જે ગીત આવ્યું હતું કે ''**सारे जहां से अच्छा हिंदुस्तान हमारा है**।'' અને એ જ સમયે આપણા ગુજરાત પ્રાન્તથી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતની ત્રિભેટે માનગઢની ધરતી ઉપર દેશને આઝાદી અપાવવા માટે સને ૧૮૫૭નો વિપ્લવ નિષ્ફળ ગયા પછી ગુરુગોવિંદના નેતૃત્વમાં આદિવાસી સમાજની અંદર પડેલી સુષુપ્ત શક્તિમાં રાષ્ટ્રપ્રેમ જગાવવાનું કામ માનગઢની ધરતી પરથી ગુરુ ગોવિંદના નેજા હેઠળ થયું હતું. અહીંયા ઘણા મિત્રોએ એની ચર્ચા કરી પણ ગુરુ ગોવિંદે સૂત્ર આપ્યું હતું કે, મરો તો દેશ માટે અને જીવો તો ગામ માટે. આમ કરીને આદિવાસી સમાજને અંગ્રેજોની સામે લડાઇ માટે ઊભો કર્યો હતો. આ માનગઢની ધરતી એ આદિવાસી સમાજનું શૌર્ય, આદિવાસી સમાજની અસ્મિતા અને આદિવાસી સમાજની વીરતાને બહાર લાવવાનું કામ સન્માનનીય દેશના વડાપ્રધાન તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ હતા ત્યારે એમણે ૬૩મો વન મહોત્સવ ત્યાં આપ્યો અને તા.૩૦-૭-૨૦૧૨ના દિવસે માનગઢની ધરતી પર પગ મૂકીને ૧૫૦૭ આદિવાસી શહીદોની યાદમાં સ્મૃતિવન બનાવીને પ્રવાસન ધામ તરીકે એનો વિકાસ

કર્યો છે. ૧લી નવેમ્બરે દેશના વડાપ્રધાન તરીકે માનગઢની ધરતી પર આવીને એને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવાનું કામ પણ સન્માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફોરેસ્ટ રાઇટ એકટ હેઠળ આદિવાસી કુટુંબોને આર્થિક સહાય આપવા માટે રૂ.૬૦ કરોડની જોગવાઇ કરી છે. અત્યારે માનનીય ચાવડા સાહેબ હાજર નથી પણ સિંચાઇની સુવિધા વધારવા માટે માનનીય ચાવડા સાહેબ કહેતા હતા કે, ભાજપવાળા બતાવે કે તમે એક મોટો ડેમ બનાવ્યો તો હું આ ગૃહમાંથી રાજીનામું આપી દઉં. એમને બધા મિત્રો મેસેજ પહોંચાડજો. આનંદ છે, ગૌરવ છે આદિવાસી સમાજ ૧૪ જિલ્લાઓમાં કોંગ્રેસની સરકાર વખતે ડેમો બનાવ્યાં. આદિવાસી સમાજની જમીન ડૂબાણમાં ગઇ એ અમે બલિદાન આપ્યું, ભોગ આપ્યો. ગુજરાત સુખાકારીના પંથે વધ્યું તેમાં અમારું બલિદાન છે તેનું અમને ગૌરવ છે, અમારો તેમાં વિરોધ નથી. આટલા વર્ષો પછી ડેમો બનાવ્યાં તે પછી મેસ્થો હોય કે આ અમારું કાંકરાપાર, મહિસાગર કે તાપી હોય કે ઉકાઇ હોય ગમે તે ડેમ હોય પણ આદિવાસી વિસ્તારમાં ડેમો બનાવીને આદિવાસી સમાજની જમીનો ડૂબી, પણ સિંચાઇનું પાણી આવ્યુ નહીં, પીવાનું પાણી આવ્યું નહીં કે પૂરતું વળતર આપ્યું નહીં અને સિંચાઇનું પાણી આપવાનું કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું. અમારા સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રૂ.૧૧૭૦ કરોડની યોજના અમારા કડાણાથી દાહોદ સુધીના લોકોને સિંચાઇનું પાણી મળી રહે તેની વ્યવસ્થા કરી. સિંચાઇની સુવિધા વધારવા માટે સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિ સાથે લિફ્ટ ઇરિગેશન યોજનાથી અંદાજે ૧૨ હજાર આદિજાતિ ખેડૂતોને લાભ આપવા માટે રૂ.૭૫ કરોડની જોગવાઇ, પર્યટન સ્થળોમાં પ્રવાસીઓને આદિજાતિ સંસ્કૃતિની અનુભૂતિ થાય, પ્રકૃતિનો સંગાથ મળે અને તેમની આર્થિક ઉન્નતિ સારી થાય તેના માટે એક નવી હોમ સ્ટે યોજના અમે લાવ્યા છીએ. આદિવાસી વિસ્તારમાં જે પ્રવાસીઓ આવશે તેની પણ પૂરી વ્યવસ્થા જળવાય. આજે માનનીયશ્રી મોદી સાહેબે આંતરરાષ્ટ્રીય મિલેટ યર જાહેર કર્યું છે. આપણાં જે જાડા ધાન્યો છે તેને પણ પ્રોત્સાહન મળશે અને આદિવાસી સમાજ અને સાથે આપણાં દરેક સમાજો પારિવારિક ભાવનાથી જોડાશે તેના માટે હોમ સ્ટે લાવવાનું આયોજન અમારી સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રયાસોથી આ મિલેટ યર જે જાહેર કરવામાં આવ્યું છે તેમાં જાડા ધાનને ખોરાકમાં સામેલ કરવા માટે પ્રોત્સાહન મળશે. સાથે સાથે અમારા આદિવાસી સમાજમાંથી વર્ષોથી ખોરાકનું આ જાડું ધાન નાગલી, જુવાર, બાજરી, બંટી આ જે ધાન ઉગે છે તેનો ઉપયોગ અમે વર્ષોથી કરીએ છીએ તેનો ઉપયોગ તમામ લોકો કરતા થશે અને તમામ લોકો તંદુરસ્ત રહેશે તે તેના પાછળની અમારી શુભકામના છે.

માનનીય અધ્યક્ષશ્રી, શૈક્ષણિક ઉત્કર્ષ માટેની વિશેષ જોગવાઇઓ જોઇએ તો વર્ષ ૨૦૨૩-૨૪માં આદિજાતિ સમુદાયના બાળકોને ગુણવતાયુકત શૈક્ષણિક સુવિધાઓ વિસ્તાર માટે રાજય સરકારે મેડિકલ, ડિગ્રી એન્જિનિયરિંગ અને ડિપ્લોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધન ખરીદવા સહાય દરમાં વધારો કરીને દરેક સ્તરે રૂ.૨ હજારથી વધારીને રૂ.૫ હજાર સુધીનો વધારો કરવામાં આવ્યો છે. મેડિકલ સહાયમાં દર જે હતો રૂ.૧૦ હજારથી વધારીને રૂ.૧૫ હજાર કરવામાં આવ્યો. સાથે સાથે ડિગ્રી એન્જિનિયરિંગ માં સહાયનો દર જે રૂ.૮ હજાર હતો તે વધારીને રૂ.૧૦ હજાર કરવામાં આવ્યો. ડિપ્લોમા એન્જિનિયરિંગમાં જે દર હતો રૂ.૩ હજારથી વધારીને રૂ.૫ હજાર કરવામાં આવ્યો સાથે સાથે ધોરણ-૧૦ અને ૧૨માં રાજય કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ બોર્ડની પરીક્ષામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ પ્રથમ ૧થી ૩માં આવનારને પ્રોત્સાહન આપવાની સહાયમાં વધારો કર્યો છે. આ અમારી સરકારે પહેલી વખત કોઇ પણ આદિવાસી સમાજનો દીકરો બોર્ડમાં પ્રથમ નંબરે જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ નંબરો લાવીને ઇનામ આપવાની જાહેરાત અમે કરી અને એમાં રાજયકક્ષાએ દરેક સ્તરે રૂ.૨૦ હજારનો વધારો કર્યો છે, જિલ્લા કક્ષાએ દરેક સ્તરે રૂ.૫ હજારથી રૂ.૯ હજાર સુધીનો વધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય કક્ષાએ પ્રથમ આવનારને પ્રોત્સાહક સહાયરૂપે રૂ.૩૧ હજારથી વધારીને રૂ.૫૧ હજાર, દ્વિતીય આવનારને પ્રોત્સાહક સહાય રૂ.૨૧ હજારથી વધારીને રૂ.૪૧ હજાર, તૃતિય આવનારને પ્રોત્સાહક સહાય રૂ.૧૧ હજારથી વધારીને રૂ.૩૧ હજાર, જિલ્લા કક્ષાએ પ્રથમ આવનારને પ્રોત્સાહક સહાય રૂ.૬ હજારથી વધારીને રૂ.૧૫ હજાર, દ્વિતીય કક્ષાએ આવનારને રૂ.૫ હજારથી વધારીને રૂ.૧૧ હજાર, તૃતિય આવનારને પ્રોત્સાહક સહાય રૂ.૪ હજારથી વધારીને રૂ.૯ હજાર કરવામાં આવી છે. તેનાથી આગળ વધીને જે અમારો ગરીબ હળપતિ સમાજ જે અમારી કાથોડી અને બીજી જે જાતિઓ છે તેનો પાંચ વર્ષમાં સર્વાંગી થાય તેને રોડ, રસ્તા, પાણી, વીજળી, આવાસ પૂરેપૂરું મળે તે માટે આદિવાસી ઉત્કર્ષ યોજના લઇને અમે આવ્યા છીએ. આજે હળપતિ સમાજનો દીકરો પણ અહીંયા મંત્રી બનીને અમારી વચ્ચે બેઠો છે. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં હળપતિ સમાજને પણ ન્યાય મળ્યો છે. આ ટેબ્લેટ આપવાની યોજના ધોરણ-૧૨માં...

અધ્યક્ષશ્રી : તેમને કહેજો કે આ બેન્ચીસ તોડી ન નાંખે.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ટેબ્લેટ આપવાની યોજનામાં ધો.૧૨માં ૭૦ ટકાની જોગવાઇ હતી એને દૂર કરવામાં આવી છે અને અંદાજે ૩૦,૦૦૦ વિદ્યાર્થીઓને આનો સીધો લાભ થયો છે. ધો.૧થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ગણવેશ સહાયમાં વધારો કર્યો છે. એમાં રૂ.૯૦૦ આપવામાં આવે છે. આનો લાભ ૧૩ લાખ વિદ્યાર્થીઓને મળે છે. આદિજાતિ કન્યાઓ માટે વિદ્યાસાધના યોજના અમલમાં મૂકવામાં આવી છે. ધો.૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને શિક્ષણમાં પ્રોત્સાહન આપવાના હેતુથી વિદ્યા સાધના યોજના અંતર્ગત સાઇકલ ભેટ આપવામાં આવે છે. જેનાથી અંદાજે ૪૧,૯૪૦ કન્યાઓને સાઇકલ ભેટ આપવામાં આવે છે. શ્રી તુષારભાઇનો સાઇકલના રંગને લઇને પ્રશ્ન હતો કે, આ સાઇકલનો

રંગ કેસરી કેમ છે? કેસરી રંગ તો કેસૂડાનો રંગ છે. આદિવાસી સમાજનો રંગ છે. કેસરી રંગ તો ૧૫૬ સીટોમાં પહોંચ્યો છે અને આખા દેશમાં કેસરિયો લહેરાયો છે. તમારે કેસરી રંગ ના જોવો હોય તો કાળાં ચશ્માં પહેરીને સાઇકલ જોજો એટલે વાંધો ના આવે. રાજ્યમાં કાર્યરત ૧૭૫ સરકારી છાત્રાલયોમાં અભ્યાસ કરતાં ૧૯,૩૪૦ વિદ્યાર્થીઓને નિવાસ અને ભોજનની સુવિધાઓની કાર્યક્ષમ વ્યવસ્થાઓ પૂરી કરવા માટે રૂ.૧૧૩.૮૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સરકારી છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં રૂ.૧૦૦૦નો વધારો કરવા માટે રૂ.૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં ૧૭ સરકારી કુમાર/કન્યા છાત્રાલયોના મકાન બાંધકામ માટે રૂ.૪૯.૦૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ધાનપુર, દાહોદ, પનિયારી, સોનગઢ, વાલોડ, તાપી, વાંસદા-૧, ચીખલી-૨, નવસારી, બાજકોટ, અરવલ્લી ખાતે કન્યાઓ માટે અને અંબાજી-જિ.બનાસકાંઠા, છોટા ઉદેપુર, સીમલિયા, ગરબાડા, સોનગઢ, રાજકોટ, ચીખલી, પારડી ખાતે કુમારો માટે તેમજ ઇડર-જિ.સાબરકાંઠામાં પણ કુમાર અને કન્યા છાત્રાલયો બનાવવાના છે. ત્રણ સરકારી કુમાર/કન્યા છાત્રાલયોના રિનોવેશન માટે રૂ.૧.૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યમાં અનુસૂચિત જનજાતિની વસતી મુખ્યત્ત્વે અંતરિયાળ જંગલ વિસ્તારોમાં તથા ડુંગરાળ પ્રદેશોમાં વસવાટ કરે છે. જ્યાં શૈક્ષણિક સુવિધાઓ અપૂરતી હોવાના કારણે શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું હોઇ આદિજાતિનાં બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધે તે હેતુથી આદિજાતિ વિસ્તારમાં ૭૫ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. જેમાં અંદાજે ૧૧,૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ આ આદર્શ નિવાસી શાળામાં રેસિડેન્સ સાથે શિક્ષણ લઇ રહ્યા છે. જેના માટે રૂ.૧૧૧.૬૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આઠ આદર્શ નિવાસી શાળાઓના નવીન મકાન બાંધકામ માટે રૂ.૬૯.૪૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં માંગરોળ-જિ. સુરત, કપરાડા-જિ.વલસાડ, મેઘરજ-જિ.અરવલ્લી, ગરબાડા-જિ.દાહોદ ખાતેની મિશ્ર શાળાઓ, આહવા-જિ.ડાંગ, ઉમરગામ-જિ.વલસાડ, ખેરગામ-જિ.નવસારી ખાતેની કન્યા અને નોગામા-જિ. વલસાડ ખાતેના કુમાર છાત્રાલયોનો સમાવેશ થાય છે. રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સલન્સ નામની નવી યોજના આદિજાતિ વિભાગ અને શિક્ષણ વિભાગે સંયુક્ત રીતે શરૂ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સલન્સ યોજના અંતર્ગત આદિજાતિ વિભાગના વિદ્યાર્થીઓ માટે અલાયદી ૨૫ બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (હવેથી સ્વામી વિવેકાનંદ જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ)ની સ્થાપના કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના માટે ચાલુ વર્ષે રૂ.૩૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ સાથે અદ્યતન સુવિધાવાળી સમરસ હૉસ્ટેલો રાજ્યમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, આણંદ, હિંમતનગર, પાટણ, ભૂજ અને જામનગર ખાતે કાર્યરત સમરસ છાત્રાલયોની યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને નિવાસી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે અંદાજે ૩,૯૦૦ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ મળવાનો છે. જેના માટે રૂ.૨૩.૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યની પ્રાથમિક શાળાઓ અને આશ્રમ શાળાઓનાં આદિજાતિનાં બાળકોના પોષણનું સ્તર વધે, બાળકો નિયમિત શાળાએ આવે અને વધારાનું પોષણ મળે તે માટે આદિજાતિ વિસ્તારના ૫૩ તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના શરૂ કરેલ છે. જેમાં બાળકોને ૨૦૦ મિ.લી. ફોર્ટિફાઇડ દૂધ અપાય છે. જેનો લાભ અંદાજે ૮ લાખ બાળકોને મળે છે. જેના માટે ચાલુ વર્ષે રૂ.૧૪૩.૮૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વન વિસ્તારમાં રહેતી આદિજાતિઓ અને પરંપરાગત વનવાસીઓ કે જેઓ પેઢીઓથી વનમાં રહે છે. વન્ય જમીનમાં ખેતી કરે છે. વન તેમજ વન્ય પેદાશોમાંથીથી પોતાની પ્રાથમિક આજીવિકા મેળવે છે. ૧૩૩ જેટલા જંગલો, ૨૭ અભ્યારણ, ૬૫ નોન-શેડ્યુલ એરિયા માટે વર્ષ ૧૯૭૬થી વન વિકાસ નિગમની સ્થાપના થયેલી છે અને તે આદિવાસીઓના ઉત્થાન માટે કાર્યરત છે. આપણે ૨૦૦ પ્રકારની વન્ય ગૌણ પેદાશોનું ગુજરાતમાં ઓર્ગેનિક કલેક્શન કરીએ છીએ. કોરોનાની મહામારી આવી ત્યારે માત્ર આપણો દેશ નહિ પરંતુ સમગ્ર વિશ્વ આયુર્વેદ તરફ આગળ વધ્યું હતું. આ આયુર્વેદિક સંપદાઓનું સેવન કરીને અમારો આદિવાસી સમાજ કોરોનાની મહામારી સામે લડ્યો. અત્યાર સુધી ૧.૬૧ લાખ એકરથી વધુ જંગલની જમીનના વ્યક્તિગત અધિકારો આદિવાસી સમાજના લોકોના ચરણે ધરવામાં આવ્યા છે તે નાની-સૂની બાબત નથી. ૧.૬૧ લાખ એકર જમીનના પટ્ટા આજે આદિવાસી સમાજને આપવામાં આવ્યા છે અને તેમાં સારી રીતે ખેતી કરી શકે, ખેતીનાં આધુનિક સાધનો વસાવી શકે તે માટે આગમી વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂ.૬૦.૫૦ કરોડની જોગવાઈ જુદી જુદી યોજનાઓમાં લાભ આપવા માટે કરવામાં આવી છે. વન અધિકારમાં જેમને જમીન મળી છે તેવા લાભાર્થીઓ માટે આ જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર હરહંમેશ અમારા આદિવાસીઓની ચિંતા કરતી હોય છે ત્યારે અમારા આદિવાસી એ આદિ-અનાદિ કાળથી મૂળ વંશજ છે અને આ ધરતીની પ્રકૃતિને પૂજનારા છે. અમે જંગલ ક્યારેય કાપતા નથી. અમારે લાકડાની જરૂર પડે તો આજે પણ જંગલમાં જઇને સૂકું લાકડું કાપીને લાવીએ છીએ. પ્રકૃતિનું સંવર્ધન, વૃક્ષોનો ઉછેર એ અમારી સંસ્કૃતિ અને પ્રકૃતિ છે. છેવાડાના અને અંતરિયાળ વિસ્તારોમાં વસતા આદિવાસી પરિવારોની આંતરમાળખાકીય સુવિધાઓ માટે માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબની સરકાર અને અમારા નાણામંત્રી હંમેશા ચિંતા કરી રહ્યા છે. આવનારા સમયમાં જે કંઈ ખામી હશે તેને દૂર કરી આગળ વધીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ટેકનોલોજીનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિ યોજના, સમરસ છાત્રાલયોની યોજના, કુંવરબાઈનું મામેરું યોજનામાં દીકરીઓને રૂ.૧૨ હજારની સહાય આપવામાં આવે છે. છેવાડાના વિસ્તાર સુધી ટ્રાયબલ સબ પ્લાન-વનબંધુ કલ્યાણ યોજનામાં એક લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલી છે.

માનનીય કિરીટભાઈ હમણાં શિક્ષણ વિભાગની વાત કરતા હતા. તેઓ પ્રોફેસર છે અને તેમણે લાઈબ્રેરીયનની જે વાત કરી તેમાં સરકારી કૉલેજોમાં કુલ મંજૂર મહેકમ ૬૯ પૈકી ૫૩ ભરાયેલી અને ૧૬ ખાલી છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૬ નવી જગ્યાઓ મંજૂર થયેલ છે. બાકીની ૧૦ જગ્યાઓ ભરવા માટે રોસ્ટર રજિસ્ટર બનાવવાની કાર્યવાહી ચાલુ છે. સાથે સાથે તેમણે એમ.બી.બી.એસ. ગુણ વધારાની પણ વાત કરી હતી. એમ.બી.બી.એસ. ગુણ સુધારણા પ્રકરણમાં જવાબદારો સામે રાજ્ય સરકાર દ્વારા તત્કાલીન ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ તપાસ સમિતિ રચવામાં આવેલી હતી. આ તપાસ સમિતિની ભલામણના આધારે રાજ્ય સરકાર દ્વારા ખાતાકીય તપાસ હાથ ધરવા અને સી.આઈ.ડી. ક્રાઈમને તપાસ સોંપવા હુકમ કરેલ છે. સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા તાજેતરમાં તપાસ પૂર્ણ કરી સરકારને રિપોર્ટ રજૂ કરેલ છે. આ રિપોર્ટ અન્વયે કરવાની થતી કાર્યવાહી સરકારની વિચારણા હેઠળ છે. *(xxx) આ પ્રક્રિયા હાલ સબજ્યુડિશ છે. આ જે કોર્ટ મેટર થઇ છે એની વાતો આપ કરતા હતા. એમણે ભાષણમાં મૅકોલેની પણ વાત કરી હતી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે, કેટલીક બાબત કોર્ટ મેટર હતી છતાં પણ સભ્યશ્રીએ ઉલ્લેખ કર્યો હોય તો માનનીય મંત્રીશ્રી જ્યારે પૂરાવો આપતા હોય કે આ કોર્ટ મેટર છે તો તેવી બધી બાબતો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપણી ગુલામીનું કારણ જ આ મૅકોલે હતા અને એનું નામ તમે અહીંયા ગૃહમાં લો છો. ઇતિહાસ ખોટો ભણાવવામાં આવ્યો. અકબરના જમાનામાં કાલિદાસ પેદા થયા કે કાલિદાસના જમાનામાં અકબર આવ્યા? આપણે બધાએ ઇતિહાસ સુધારવો પડશે. આપણે આટલા બધા સ્વાતંત્ર્ય સંગ્રામો ખેલ્યા. આદિવાસી સમાજે અંગ્રેજો સામે શરણાગતિ ન સ્વીકારી અને લડતાં-લડતાં શહીદી વ્હોરી લીધી. મૅકોલેએ એમના પિતાને ચિઠ્ઠી લખી હતી એ હું આ સભાગૃહને જણાવવા માગું છું. એ શબ્દ આજે એમણે અમારા શિક્ષણ વિભાગ માટે વાપર્યો છે. માનનીય કિરીટભાઈ, આપ પ્રોફેસર છો જરા વિચારીને વાત કરો. મૅકોલોએ પોતાના પિતાને ચિઠ્ઠી લખી હતી એ ચિઠ્ઠી ખૂબ પ્રસિદ્ધ બની હતી અને આ ચિઠ્ઠીમાં એમણે લખ્યું હતું કે, '' આ કોન્વેન્ટ સ્કૂલોમાંથી એવાં બાળકો તૈયાર થશે કે જે ભારતીય દેખાશે પરંતુ, તેઓનું મગજ અંગ્રેજ જેવું હશે. તેઓ પોતાની સંસ્કૃતિ વિશે, પોતાના દેશ વિશે, પોતાની પરંપરાઓ વિશે કંઈપણ જાણતા નહીં હોય.'' આપણો દેશ આઝાદ થયો એના પછી પણ આપણે આ મૅકોલેની શિક્ષણનીતિ ભણતા રહ્યા અને ઇતિહાસમાં કોઇ નવો સુધારો ના લાવ્યા. આ સુધારા માટે આપણે નવી એજ્યુકેશન પોલિસી લાવ્યા છીએ. આપણી ભારતીય શિક્ષા પ્રણાલી, ગુરુકુળ પરંપરા, આદર્શ શિષ્ય પરંપરા, આદર્શ શિક્ષણનીતિ, આદર્શ સમન્વય ભાવના, આદર્શ ભાતૃભાવ, આદર્શ પિતૃભાવ. આપણી સંસ્કૃતિ રામાયણની સંસ્કૃતિ છે. બીજાનું પડાવી લેવાનું નહીં પણ બીજાના માટે ઘસાઇને ઊજળા થવાનું કામ કરવું એ આપણી સંસ્કૃતિ છે. માનનીય કિરીટભાઇ અને મકવાણાભાઇ કહેતા હતા કે, પ્રાથમિક શાળાઓમાં વ્યાયામ અને ચિત્રકળાના શિક્ષકો નથી. માનનીય તુષારભાઇ આપ મંત્રી હતા એ વખતે વર્ષ ૨૦૦૯માં આર.ટી.ઇ. એક્ટ બન્યો હતો. પ્રાથમિક શાળાઓમાં વ્યાયામ અને ચિત્રકળાના શિક્ષકો માટે આર.ટી.ઇ. એક્ટ હેઠળ અંશકાલીન શિક્ષકોની જોગવાઇ છે. વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિકનું યજમાન આપણું હિંદુસ્તાન બનવાનું છે. એના માટે સ્કૂલો અને કૉલેજોમાંથી ખેલાડીઓ મળી રહે એ માટે અમારી રાજ્ય સરકારે શ્રી કનુભાઇ દેસાઇ અને શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સાથે મળીને આ વર્ષના બજેટમાં નવી બાબત તરીકે ૫,૦૦૦ ખેલ સહાયક શિક્ષકોની નિમણૂક કરવાની જોગવાઇ કરી છે.

અધ્યક્ષશ્રી : બેઠાં-બેઠાં કોમેન્ટ કરીને માનનીય મંત્રીશ્રીને ડિસ્ટર્બ કરવાનું કામ ન કરો.

શ્રી કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સમન્વયની ભાવનામાં માનીએ છીએ. એટલે આપણે દેસાઇ, પટેલ, બ્રાહ્મણ કે બાપુ બધા જ સરખા છીએ. એટલે બોલાઇ ગયું હોય તો વાંધો નહીં. આપણા સન્માનનીય દેશના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ સાહેબ કોટમાં ગુલાબ લગાવતા હતા. એક માળીને કોઇએ પૂછ્યું કે, આ ગુલાબ શેના માટે લગાવતાં હતા? એનું પ્રતીક શું હતું? એના માટે માળીએ કહ્યું કે,

''फूल वाले से पुछा तो बोला के हुज़ुर ये गुलाब है,
फूल वाले से पुछा तो बोला के हुज़ुर ये गुलाब है,
चमन का शबाब है, नेहरुजी उसे कोट में लगाया करते थे,
देश को देश-विदेश में महेकाया करते थे,
लेकिन दुख तो इस बात का है कि जाते जाते गुलाब को अपने साथ ले गए,
लेकिन कांटे हिन्दुसातन में बिखेर गए।''

માનનીય અધ્યક્ષશ્રી, ૩૭૦ની કલમ, ત્રણ તલાક, રામ મંદિર, જાતિવાદ, પ્રાંતવાદ, નક્સલવાદ, હું ભલે શ્રી કનુભાઇ પટેલ બોલી ગયો પણ આપણે ત્યાં જાતિવાદ, પ્રાંતવાદમાં આપણે બધા માનતા જ નથી. આપણે સમન્વયની ભાવનાથી કામ કરીએ છીએ. સાથે સાથે સબકા સાથ, સબકા વિકાસ, સબકા પ્રયાસ અને સબકા વિશ્વાસ વાળી આ ભરોસાની

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ભા.જ.પ. સરકારમાં આપણે બધા જ સમન્વયથી આગળ વધીએ છીએ. આજે પરિવારમાં કોઇ વ્યકિત બીમાર પડે તો આરોગ્યની સુવિધા લેવા જવું પડે, કોઇ વ્યકિત બીમાર પડે તો હૉસ્પિટલમાં જવું પડે પણ આ શિક્ષણ એક એવી વ્યવસ્થા છે કે દિવસ ઉગે અને આથમે ત્યાં સુધીમાં આપણા દરેક પરિવારના બાળકને શિક્ષણની જરૂર પડે છે. આજે ગુજરાત રાજ્યમાં કે.જી.થી પી.જી. સુધીમાં દોઢ કરોડ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. હું આજે આપણા સન્માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા સન્માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો આભાર માનું છું કે, વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા કરીને ચાલુ વર્ષે આપણા શિક્ષણ વિભાગમાં સાચા અર્થમાં બજેટમાં ૨૫ ટકાનો વધારો કર્યો છે. જેમાં રૂપિયા ૪૩,૬૬૧ કરોડની જોગવાઇ કરી છે. સર્વપ્રથમ, રાજ્યના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં ચાલુ વર્ષે શિક્ષણ વિભાગ માટેની અંદાજપત્રીય જોગવાઇમાં, પાછલા વર્ષોની સરખામણીમાં ૨૫ ટકા જેટલો માતબર વધારો કરી કુલ રૂપિયા ૩૮,૮૬૭ કરોડની ફાળવણી શાળા શિક્ષણ માટેની કરી છે તથા અમારા હાયર એજ્યુકેશન માટે રૂપિયા ૪,૭૮૪ કરોડની ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ માટેની ફાળવણી કરવા બદલ હું ગુજરાત રાજ્યના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષણ વિભાગ તથા શિક્ષણ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ વતી આપણા સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા સન્માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો આભાર માનું છું. ગુજરાતના ઇતિહાસમાં શિક્ષણના બજેટમાં એક સાથે આટલો મોટો વધારો પ્રથમ વખત કરવામાં આવ્યો છે. આ વધારાથી ગુજરાત રાજ્યના ભવિષ્યને ઘડવામાં ખૂબ મદદ મળશે. આજનું આપણું શિક્ષણ ક્ષેત્રે રોકાણ ભવિષ્યની પેઢીઓ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થશે અને માનનીય વડાપ્રધાનશ્રીના 'અમૃતકાળ'ના સ્વપ્નને સાકાર કરવા માટે એક મહત્ત્વની શરૂઆત બનશે, તેવી મને આશા છે. આપણે ત્યાં કહેવાયું છે કે, **व्यये कृते वर्धत एव नित्यं, विद्याधनं सर्वधनप्रधानम्**॥ અર્થાત વિદ્યા તમામ સંપ્રદાયોમાં, તમામ સંપત્તિઓમાં સૌથી મોટી સંપત્તિ છે. કારણ કે વિદ્યા જ એવું ધન છે કે જે અન્યને આપવાથી અથવા દાન કરવાથી વધે છે. વિદ્યાના દાનથી શિક્ષણ આપનારના જીવનમાં પણ મોટું આમૂલચૂર પરિવર્તન થતું હોય છે. છેલ્લાં ૨૦ વર્ષના એટલે કે, વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૨૨ સુધીના સુશાસન દ્વારા ગુજરાત રાજ્યની સરકારી શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શાળાકીય શિક્ષણ પ્રદાન કરવાના ઉદ્દેશ સાથે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રીએ શાળા શિક્ષણમાં, માળખાકીય પરિવર્તન માટેની અનેક પહેલ કરી છે. આ તમામ પહેલ થકી શાળાકીય શિક્ષણે ગુજરાતની અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. મને કહેતા એ બાબતનો આનંદ છે અને સભાગૃહને પણ વાકેફ કરવા માગું છું કે, ભારત સરકારશ્રીના નેશનલ એચિવમેન્ટ સરવે-૨૦૨૧માં ગુજરાત રાજ્ય દેશના અગ્રિમ રાજ્યોમાં સામેલ છે. ભારત સરકારશ્રીના શિક્ષા મંત્રાલયના પરફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્ષ, (પી.જી.આઇ.)માં ઉત્તરોત્તર પ્રગતિ સાથે ૧,૦૦૦માંથી ૯૦૩નો સ્કોર મેળવી, ગુજરાત રાજ્ય દેશના ટોપ પરફોર્મિંગ રાજ્યોમાં સામેલ થયું છે. રાજ્યની ઓનલાઇન મોનિટરિંગ સિસ્ટમ, આપણા 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' ને માનનીય પ્રધાનમંત્રીશ્રીના હસ્તે પ્રાઇમ મિનિસ્ટર એવોર્ડ ફોર એક્સલન્સ ઇન પબ્લિક એડમિનિસ્ટ્રેશન મળેલ છે. આ આપણા ગુજરાત માટે, શિક્ષણ વિભાગ માટે ગૌરવની બાબત છે. દેશના અનેક રાજ્યો દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રો જેવી જ વ્યવસ્થા ઊભી કરવા માટે ગુજરાતના વિદ્યા સમીક્ષા કેન્દ્રોનો મોડેલ તરીકે અભ્યાસ કરવામાં આવેલ છે.

માનનીય વડાપ્રધાનશ્રીના ન્યૂ ઇન્ડિયાના વિઝનને ધ્યાનમાં રાખીને દેશના ભવિષ્યને અમૃતકાળમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને ભવિષ્યલક્ષી શિક્ષણ આપવના ધ્યેયને સિદ્ધ કરવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ ખૂબ જ મહત્ત્વનું છે. આગામી વર્ષ દરમ્યાન રાજયનાં બાળકોના સર્વાંગી વિકાસ સાથે તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વિવિધ યોજનાઓનો વિધિવત શુભારંભ કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, મને એ બાબતનો કહેતા આનંદ છે કે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે શાળા શિક્ષણના મહત્ત્વના પાંચ પ્રકલ્પોના વિભાગ અમે તૈયાર કર્યા છે. માનનીય નાણામંત્રીશ્રીએ તેમના અંદાજપત્રમાં ગુજરાતના વેગવંતા વિકાસના પાંચ મુખ્ય સ્તંભો વ્યાખ્યાયિત કર્યા છે. એ જ રીતે શાળાકીય શિક્ષણ માટે પણ પાંચ મહત્ત્વના પરિબળો આધારિત યોજનાઓ અને જોગવાઇઓ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી છે. વિદ્યા સમીક્ષા કેન્દ્રો, મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ, સામાજિક ભાગીદારી દ્વારા ગુણવત્તાયુકત શિક્ષણ, વિદ્યાર્થી કેન્દ્રિત કલ્યાણકારી યોજનાઓ અને નવી યોજનાઓ. ઉચ્ચ ગુણવત્તાયુકત સર્વવ્યાપી શિક્ષણ એ દેશની સમૃદ્ધ માનવ પ્રતિભા અને સંશાધનનો વિકાસ અને સંવર્ધન માટે તેમજ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વૈશ્વિક કલ્યાણ માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી દાયકામાં ભારતમાં વિશ્વના સૌથી વધારે યુવાન લોકો આપણા હિન્દુસ્તાનમાં છે અને તેમને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક અવસર પ્રદાન કરવાની આપણી ક્ષમતા જ આપણા દેશના ભવિષ્યને નિર્ધારીત કરશે. ભારતના સર્વાંગી વિકાસ, આર્થિક વૃદ્ધિ, સામાજિક ન્યાય અને સમાનતા, વૈજ્ઞાનિક પ્રગતિ, રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક સંરક્ષણ વગેરે બાબતો તેમજ વૈશ્વિક સ્તર પર ભારતના નેતૃત્વને મજબૂતી પ્રદાન કરવા માટે ગુણવત્તાયુકત અને સર્વવ્યાપી શિક્ષણ ચાવીરૂપ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝનને સાકાર કરતી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અસરકારક અમલીકરણ થકી અમૃતકાળમાં ભારતના જ્ઞાન આધારિત સમાજ અને વિશ્વગુરૂ બનાવવાના તથા ફાઇવ ટ્રિલિયન ડોલર ઇકોનોમીના ધ્યેયને સાકાર કરવા માટે ગુજરાત સંપૂર્ણ કટિબદ્ધ છે. આવનારા સમયમાં વ્યવસાયલક્ષી અને સ્કિલ બેઝ એજ્યુકેશન આપવાની વ્યવસ્થા આપણી સરકાર તરફથી કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ માટે દરેક વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ એ પાયાની જરૂરિયાત છે. શિક્ષણના ક્ષેત્રે દરેક તબકકે માળખાગત સગવડો સુદૃઢ કરવા, નવતર

ટેકનોલોજીનો ઉપયોગ કરવા તેમજ શિક્ષણમાં ગુણવત્તાલક્ષી સુધારા લાવવા સરકાર પ્રયત્નશીલ છે. વિદ્યાર્થીઓના શિક્ષણકાળમાં વધારો કરવો એ વૈશ્વિક તકોનો વધારે સારી રીતે લાભ લઈ શકે તે માટે જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બદલાતી ટેકનોલોજીના પરિપ્રેક્ષ્યમાં અનુકૂલન સાધી શકે તે માટે શિક્ષણ સંસ્થાઓને જરૂરી સગવડો આપી નવતર અભ્યાસક્રમો શરુ કરવા સરકારે આયોજન કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મિશન સ્કૂલ ઓફ એકસલન્સ આપણા માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા દેશના સૌથી મોટા શાળાકીય સર્વગ્રાહી ટ્રાન્સફર્મેશન, મિશન સ્કૂલ ઓફ એકસલન્સનું લોકાર્પણ ગત નવેમ્બર-૨૦૨૨ના કરવામાં આવ્યું. આ મિશન સ્કૂલ ઓફ એકસલન્સ અંતર્ગત રાજયની ૨૦ હજાર મોટી સરકારી અને અનુદાનિત શાળાઓને જેમાં રાજયના આશરે ૮૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેમને ઉચ્ચ સ્તરીય ભૌતિક અને માળખાકીય સુવિધાઓ સાથે સજ્જ કરવાનું લક્ષ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મિશન સ્કૂલ ઓફ એકસલન્સ અંતર્ગત આગામી વર્ષ દરમ્યાન ૨૧ હજાર નવા વર્ગખંડો, આ બધા જે મિત્રો વર્ગખંડોની વાત કરે છે એ નોંધી લેજો. એમાં આગળ વધી રહ્યા છીએ. ૨૧ હજાર જેટલા નવા વર્ગખંડો, ૫૪ હજારથી વધુ જ્ઞાનકુંજ સ્માર્ટ કલાસ, ૬ હજાર કોમ્પ્યુટર લેબ, ૫ હજાર સ્ટેમ લેબ્સ અને અન્ય માળખાકીય સુવિધાઓ સાથેની સરકારી શાળાઓની કાયાપલટ થશે. જે માટે રૂ.૩,૧૦૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. મિશન સ્કૂલ ઓફ એકસલન્સનો મુખ્ય હેતુ રાજયનો દરેક વિદ્યાર્થી ધોરણ અનુરૂપ અધ્યયન, નિષ્પત્તિ પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવાનો છે. આ માટે ધોરણ દીઠ એક વર્ગખંડ અને ધોરણ દીઠ શિક્ષકની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી એ અત્યંત જરૂરી છે. તે આ યોજના હેઠળ સુનિશ્ચિત કરવામાં આવશે. માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ચાલુ વર્ષે ૨૫ ટકા જેટલો વધારો શાળા, શિક્ષણના બજેટમાં કરવામાં આવ્યો છે, ત્યારે રાજયના દરેક વિદ્યાર્થીને અતિ આધુનિક માળખાકીય સુવિધાઓ મળે તે માટે પૂરતા શિક્ષકો ઉપલબ્ધ કરાવી શકાય એવા ઉમદા આશયથી અનેક નવી યોજનાઓ અમે અમલમાં મૂકવા જઇ રહ્યા છીએ. નવી પ્રવાસી શિક્ષક નીતિ, માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા (સમય સૂચક ઘંટડી) સાહેબ, સમય વધારવો પડશે. સન ૨૦૨૨માં મિશન સ્કૂલ ઓફ એકસેલન્સનો શુભારંભ કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમારે કેટલો સમય જોઇશે?

ડો. કુબેરભાઇ ડીંડોર : સાહેબ, દસ મિનિટ વધારી દો.

અધ્યક્ષશ્રી : હવેથી તમારે કેટલી મિનિટ સમય જોઇશે? તમારી એક કલાકમાંથી ૪૫ મિનિટ લગભગ પતી ગઇ છે (અંતરાય) પંચાવન મિનિટ થઇ ગઇ એટલે એક કલાકમાં પાંચ મિનિટ બાકી છે, પાંચેક મિનિટમાં તમે પૂરું કરો.

ડો. કુબેરભાઇ ડીંડોર : પ્રાથમિક શાળાઓ માટે શાળા સહાયક, એક નવી યોજના આપણા બધા માટે છે. આપ બધા કહો છો ને કે શિક્ષકોને બીજી કામગીરી સોંપવામાં આવે છે. એના માટેની વ્યવસ્થા સરકારે કરી છે. શિક્ષક પોતાનો પૂરો સમય બાળકોના શિક્ષણ માટે જ આપી શકે તેવા હેતુથી શાળા સહાયકની નવી યોજના અમલમાં મૂકવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. આ શાળા સહાયકો કોમ્પ્યુટર લેબ, તમામ બિન શૈક્ષણિક પ્રવૃતિઓ જેવી કે દૈનિક રિપોર્ટિંગ, રેકોર્ડ રાખવા, શાળાઓની ઓનલાઇન કામગીરી અને જરૂર પડયે ટીચિંગ કાર્ય પણ કરી શકે તેના માટે શાળા સહાયકોની જોગવાઇ અમે આ વખતે કરી છે. આ યોજના અંતર્ગત ૬,૪૦૦ શાળા સહાયકો માટે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ.૮૭.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. સરકારી શાળાઓમાં ખેલ સહાયક, ઓલમ્પિક ૨૦૩૬ માટે દેશની યજમાનગીરી અને ખાસ કરીને આ યજમાની માટેની દાવેદારી ગુજરાત કરી રહ્યું છે ત્યારે મિશન સ્કૂલ ઓફ એકસલન્સ હેઠળની લગભગ ૫,૦૦૦ જેટલી મોટી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે ખેલ સહાયકની નિમણૂક કરવા માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૬૬.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. સાથે સાથે સ્વામી વિવેકાનંદ જ્ઞાન શકિત રેસિડેન્સિયલ સ્કૂલ, રાજયની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા ૧ લાખ તેજસ્વી વિદ્યાર્થીઓને સામાજિક ભાગીદારી દ્વારા ધોરણ ૬થી ૧૨નું ઉત્કૃષ્ટ નિવાસી શાળાકીય શિક્ષણ આપવાની યોજના હેઠળ ૫૦ સ્વામી વિવેકાનંદ જ્ઞાન શકિત રેસિડેન્શિયલ સ્કૂલ સામાજિક ભાગીદારી હેઠળ સ્થાપવામાં આવશે. તેના માટે રૂ.૯૦ કરોડની જોગવાઇ છે. જ્ઞાન શકિત ડે સ્કૂલ, જેના માટે ૨ લાખ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ૪૦૦ શાળાઓ સામાજિક ભાગીદારીથી શરૂ કરવામાં આવશે, તેના માટે રૂ.૬૪.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સામાજિક ભાગીદારી દ્વારા રાજયભરમાં ૧૦ રક્ષા શકિત સ્કૂલ સ્થાપવામાં આવશે. અને જેમાં આશરે ૭૦૦ વિદ્યાર્થીઓને ધોરણ ૬ માં પ્રવેશ આપવામાં આવશે એમાં બે મહિલા રક્ષા શકિતની પણ જોગવાઇ છે. જેના માટે રૂ.૫.૨૫ કરોડની જોગવાઇ છે. સાથે સાથે હાયર એજયુકેશનમાં અમારું ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, જેમાં ઉચ્ચ શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત સારી ગુણવત્તાયુકત સંશોધનને પ્રોત્સાહન આપવા માટે શોધ યોજના, શિષ્યવૃત્તિ યોજના માટે માટે રૂ.૩૯૦ કરોડની જોગવાઇ, સાથે ગુણવત્તાયુકત શિક્ષણ, રિસર્ચ અને ઇનોવેશન, કૌશલ્ય વિકાસ, ટીચર ટ્રેઇનિંગ તથા વિવિધ અભ્યાસક્રમોના ગુજરાતી ભાષાંતર તેમજ તેને લગતી પ્રવૃત્તિઓને ટેકનોલોજી આધારિત ડિજિટલ લર્નિંગને પ્રોત્સાહન આપવા વિવિધ સગવડતા પૂરી પાડવા માટે ૪૦૦ એકમની જોગવાઇ, સાથે સાથે કે.કે. શાસ્ત્રી ટ્રાન્સફોર્મેશન ફંડ અંતર્ગત નવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ શરૂ કરવા માટે તેમજ હયાત સંસ્થાઓમાં માળખાકીય સુવિધાઓ અને આઇ.ટી. ઉપકર્ણો ઉપલબ્ધ કરાવવા માટે રૂ.૧૧૩ કરોડની જોગવાઇ, ટેકનિકલ શિક્ષણના તાબા હેઠળની સંસ્થાઓમાં ચાલુ બાંધકામ તેમજ મરામતનાં ચાલુ કામો તથા આઇ.ટી. ઉપકર્ણો માટે રૂ.૧૬૯ કરોડની જોગવાઇ. યુવાનોને સ્ટાર્ટ-અપ સહિતની સર્જનાત્મક ક્ષમતામાં વૃદ્ધિ

માટે સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન પોલિસી-ટુ અને યુવાનોના આઇડિયાને માઇન્ડ ટુ માર્કેટ સુધી પહોંચાડવા માટે ઇનોવેશન હબ ખાતે પ્રોટોટાઇપ ડેવલપમેન્ટ સેન્ટર માટે રૂ.૭૦ કરોડની જોગવાઇ. રાજયની સરકારી ઇન્સ્ટિટયૂટમાં વિવિધ માળખાકીય સુવિધાઓ સુદૃઢ કરવા માટે રૂ.૬૪ કરોડની જોગવાઇ. ઇમેજિંગ ટેકનોલોજીના ક્ષેત્રે સેન્ટર ઓફ એકસલન્સ સી.ઓ.ઇ.એફ. ની સ્થાપના માટે રૂ.૪૦ કરોડની જોગવાઇ. આઇ.આઇ.ટી. રામ, ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ, અમદાવાદની આપણી જે સંસ્થા છે જેની સ્થાપના મોટી સાહેબે કરી હતી તેના માટે રૂ.૧૮ કરોડની જોગવાઇ. સર્વ સમાવેશક શિક્ષણને ઉત્તેજન આપવાના હેતુસર દિવ્યાંગ વિદ્યાર્થીઓને વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પાંચ કરોડની જોગવાઇ. સ્ટુડન્ટ એકેડેમિક મોનિટરિંગ, ઓલ-રાઉન્ડ રિવ્યુ, ટ્રેઇનિંગ એન્ડ હેન્ડ હોલ્ડિંગ ઓફ યંગ એસ્પિરન્ટસ સંસ્થાન,સાયબર સિક્યોરિટી અવેરનેસ એન્ડ ક્રિએટીવ હેન્ડ હોલ્ડિંગ કેન્દ્રનો ઉદ્દેશ સાયબર ફ્રોડ, સાયબર ક્રાઇમ અને મોબાઇલ એડિક્શન જેવી અનિચ્છનીય પ્રવૃત્તિઓથી યુવાનોને બચાવવા માટે સાયબર અવેરનેસ થકી તેઓની સર્જનાત્મક ક્ષમતામાં વૃદ્ધિ કરવાનો છે. જે માટે રાજ્યની ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ સંસ્થાઓમાં કવચ કેન્દ્રની સ્થાપના માટે રૂ. ૬ કરોડની જોગવાઇ. સાથે સાથે સરસ્વતી, સ્ટુડન્ટ એન્ડ રેસિડન્ટસ આસિસ્ટન્ટ સ્કીમ ફોર વેલ્ચુ એડિશન ઇન ટીચિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સન્માન યોજના અંતર્ગત સરકારી યુનિવર્સિટી તેમજ કોલેજમાં આઇ.ટી.નાં સાધનો વસાવવા વિવિધ માળખાકીય સુવિધાના વિકાસ અને કોચિંગ કોન્ટ્રિબ્યુશન વગેરે માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા નાગરિકો તરફથી સહાય મેળવી સામાજિક ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે રૂ.૩૫ કરોડની જોગવાઇ.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા એ વાતનો આનંદ છે કે અમારી સરકાર ગુજરાતના ભાવિ નાગરિકો એટલે કે આજના વિદ્યાર્થીઓને ઉત્તમ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા માટે કટિબદ્ધ છે. તે માટે જરૂરી તમામ યોજનાઓનો અમલ કરવા કૃતસંકલ્પ છે. આપણે સૌ સાથે મળીને ગુજરાતને અમૃતકાળમાં શૈક્ષણિક ક્ષેત્રે સમૃદ્ધ અને અગ્રેસર બનાવીને સાચા અર્થમાં ગુજરાતની ભાવિ પેઢી માટે ભવિષ્ય નિર્માણનો અમૃતકાળ બનાવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અંતમાં હું મારા બન્ને વિભાગના બજેટની માગણીઓ અંગે એટલું કહેવા માગું છું કે આ બજેટ ગરીબો માટે છે, આદિવાસીઓ માટે છે. વંચિતો માટે છે, મહિલાઓ માટે છે અને બાળકો માટે છે, યુવાનો માટે છે. ગુજરાતના શિક્ષણની સ્થિતિ સુધરે તેના માટે છે. આથી ગુજરાતના વિકાસ માટે સરકારે કરેલી આ નવી જોગવાઇઓને સમગ્ર ગૃહના સભ્યો વિનાવિરોધે સર્વાનુમતિથી મંજૂર કરે એવી મારી વિનંતી છે, મારો અનુરોધ છે અને સાથે સાથે એક પંક્તિથી મારા વકતવ્યનું સમાપન કરું છું. **अब कोई मासूम चहेरा खंजर न बन पाएगा**। આ બધી વ્યવસ્થા આપણે જો પૂરી પાડીશું તો, **अब कोई फरिश्ता अज़गर बन न पाएगा, अगर मिलते रहेंगे सबको शिक्षा, रोटी, कपड़ा और मकान, तो कोई पिछड़ा, दलित, उपेक्षित, पीडित आदिवासी डाकू न बन पाएगा।**

માનનીય અધ્યક્ષશ્રી, બધાને મારી વિનંતી કે આપે જે કાપ દરખાસ્ત મૂકી છે એ પાછી ખેંચે (અંતરાય) શ્રી શૈલેષભાઇએ કહ્યું એટલે મારે કહેવું પડે છે કે દેશ આઝાદ થયો, દાહોદથી મધ્યપ્રદેશ જવાનું થતું હતું ત્યારે પહેલાંની સરકારોમાં અહીંની પોલીસ અને ત્યાંની પોલીસ ભેગા કરીને દસ ગાડીઓ પસાર કરતી હતી. આ સ્થિતિ હતી. બધી વિગત મારી પાસે છે. જો શિક્ષણ આપવામાં આવે તો બધી સમસ્યાઓનું નિરાકરણ છે. આ રાષ્ટ્રની મોટામાં મોટી સંપત્તિ શિક્ષણ છે. માણસને શિક્ષણ મળી જાય તો તમામ સમસ્યાનું સમાધાન થાય. આપ બધા કાપ દરખાસ્ત પાછી ખેંચો અને મારા બન્ને વિભાગની માગણીઓ વિના વિરોધે પસાર કરો એવી વિનંતી છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં તેમના ભાષણમાં રૂ.૧ લાખ કરોડ જેટલા છેલ્લા પાંચ વર્ષમાં સરકારે આદિવાસીઓ માટે વાપર્યાનો દાવો કર્યો છે. મારી આપના માધ્યમથી એટલી જ વિનંતી છે કે આ રૂ.૧ લાખ કરોડ રૂપિયા ક્યાં વાપર્યા છે એ માહિતી ટેબલ પર મૂકે. મારો બીજો પ્રશ્ન એ છે કે આ રૂ.૧ લાખ કરોડ રૂપિયાનું આયોજન આદિજાતિ વિકાસ મંત્રાલય કરે છે કે અન્ય મંત્રાલય કરે છે તેનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું કે મારા મત વિસ્તારમાં સંતરામપુર તાલુકામાં જે ટ્રાયબલ વિસ્તાર છે તેમાં રૂ. ૧૩૨ કરોડની પાનમ જળાશય આધારિત ૩૩ ગામોના તળાવો ભરવાની યોજના આ વર્ષના બજેટમાં મંજૂર કરવામાં આવેલ છે. મંત્રીશ્રીને એટલી વિનંતી કરું છું કે આ જે ઉદવહન સિંચાઇ યોજના મંજૂર કરી અને તળાવો ભરવાની યોજના છે તો જે ટ્રાઇબલ ખેડૂતો છે તેને લિફ્ટ ઇરિગેશન કરીને તેમનો આર્થિક ઉત્કર્ષ કેવી રીતે થાય, ૧૨,૦૦૦ ખેડૂતોને આપણે લાભાન્વિત કરવાના છીએ. રૂ. ૭૫ કરોડની જોગવાઇ કરેલી છે. પાનમ જળાશય આધારિત સંતરામપુર તાલુકાના ૩૩ ગામ માટે છે. તો આ વર્ષમાં મંજૂર કરવા મારી વિનંતી છે. શિક્ષણ વિભાગમાં કહેવાનું છે કે કડાદરા પ્રાથમિક શાળા, ડાંગરિયા અને હારેડા પ્રાથમિક શાળાની જર્જરિત પ્રાથમિક શાળાઓ છે એ સત્વરે વહેલી તકે મંજૂર કરવામાં આવે જેથી કરીને બાળકોને જે તકલીફ પડે છે એ ના પડે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા કક્ષાએ ટી.પી.ઓ.ની ઓફિસમાં જે સ્ટાફની ખાલી જગ્યા હોય ત્યાં વહેલી તકે સ્ટાફ મૂકવામાં આવે અને બીજું આશ્રમશાળાની અંદર રસોઇયાની જગ્યા ઘણા વર્ષોથી ભરવાની બાકી છે તો માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે રસોયાની જગ્યા વહેલી તકે ભરાય.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ગુજરાતમાં ૨૧ હજાર જેટલા નવા શાળાના ઓરડાઓ મંજૂર કર્યા છે એમાં બનાસકાંઠામાં પણ ૧,૮૮૯ નવા શાળાના રૂમ મંજૂર કર્યા છે તો આ રૂમ ઝડપી પૂરા થાય એના માટે ટેન્ડર પ્રક્રિયા બહુ ઝડપી કરવામાં આવે અને આગામી ચોમાસા પહેલાં જે ડેમેજ શાળાઓ છે એના રૂમ ઝડપથી બની જાય એવી મારી વિનંતી છે અને બીજું મારા દિયોદર વિધાનસભા મત વિસ્તારમાં ત્રણ તાલુકાઓમાં એક પણ સરકારી કોલેજ નથી અને આખો વિસ્તાર બક્ષીપંચનો છે અને ત્યાં સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં વિદ્યાર્થીઓને ભણવામાં તકલીફ પડે છે તો દિયોદર વિસ્તારમાં એક સરકારી કોલેજ મંજૂર કરે એવી સરકારને મારી વિનંતી છે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણમંત્રીશ્રીએ આ વખતે જે બાળકો મે માસ સુધીમાં છ વર્ષ પૂરાં થાય એ બાળકોને જ પહેલાં ધોરણમાં પ્રવેશ આપવાનું નક્કી કર્યું છે તો મે માસની જગ્યાએ જુલાઇ માસ સુધી નક્કી કરવામાં આવે તો જુલાઇ માસ સુધીનાં જે બાળકો રહી જાય છે એને આમાં પ્રવેશ મળે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે વાવ તાલુકાના મમાણા, કુંડાળીયા અને ભાણખડ આ ત્રણેય સરકારી હાઇસ્કૂલો ઓલરેડી મંજૂર થયેલી છે અને ચાલે છે પણ એના બિલ્ડિંગ બનાવવાના બાકી છે એ બનાવવામાં આવે. જમીનનું ટાઇટલ તો ક્લિયર હતું એ જિલ્લા લેવલનું ક્લિયર થઇ ગયું છે. અહીં ગાંધીનગર લેવલે મહેસૂલ વિભાગ અને શિક્ષણ વિભાગ બંન્ને સાથે મળીને સોલ્યુશન કરે તેવી વિનંતી. બીજું, ભાભર અને સૂઇગામ આ બન્ને તાલુકાની કોલેજ અત્યારે ચાલુ છે પણ એના મકાન બનાવવા માટેની પ્રક્રિયા ધીમી ગતિએ ચાલે છે. ભાભર અને સૂઇગામ આ બન્ને તાલુકાની સરકારી કોલેજનું ઝડપથી મકાન બાંધકામ કરવામાં આવે એ એક માગણી છે અને બીજું વાવ તાલુકાના તીથગામમાં અનુદાનિત હાઇસ્કૂલ ચાલે છે એનો સ્કૂલ ઓફ એકસેલન્સમાં સમાવેશ કરવામાં આવે એવી મારી માગણી છે.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી એટલે કે ૫-૦૫ વાગ્યા સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે એવો પ્રસ્તાવ રજૂ કરું છું.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : અમારો ટેકો છે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડી વાર બાદ)મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવીએ છીએ.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી કરવા માગું છું. મારા મત વિસ્તાર માંડવી શહેરમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી હાઇસ્કૂલ કચ્છમાં આપવા વિનંતી. બીજું, કચ્છ યુનિવર્સિટીની અંદર ભરતીની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. એના રોસ્ટરની અંદર નીચેથી ભૂલ થઇને આવેલ છે. ગંભીર બાબત છે એટલે ધ્યાને દોરું છું. જાતિની કેટેગરીમાં ફેરફાર થઇ ગયો છે અને ત્રીજું, નખત્રાણાની અંદર સરકારે ગ્રાન્ટ ઇન એઇડ કોલેજ જાહેર કરી છે તો પ્રિન્સિપાલ સહિત એમનો પગાર શરૂ થાય એના માટેની વિનંતી છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને મારી એટલી જ વિનંતી છે કે મારા ડુંગર વિસ્તારમાં ૪૦ ગામો વચ્ચે એક પણ હાઇસ્કૂલ નથી તો મને હાઇસ્કૂલ આપવા માગો છો કે કેમ?

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે મારા વિસ્તારમાં એસ.એસ.એમ. દ્વારા જે ઓરડા મંજૂર થયા છે એ ૨૦-૨૫ ગામો ભેગા થઇને એક જ ટેન્ડર બહાર પાડે છે. એનાથી ૪-૪, ૫-૫ વખત ટેન્ડર બહાર પાડયા પણ કોઇ ભરતું નથી.એટલે એનું વિભાજન થાય અને એક એક પેકેજ ગામદીઠ થાય તો ખૂબ સારી વાત છે. એ કરવું બહુ જરૂરી છે. જેથી કરીને એ સ્કૂલના ઓરડા થઇ શકે. બીજું, મારા સાંતલપુર તાલુકામાં કોલેજ મંજૂર થઇ ગઇ છે પણ એનું કામ ધીમી ગતિએ ચાલે છે એ ઝડપથી પૂરું થાય એવી વિનંતી છે.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી શિક્ષણ મંત્રીશ્રીને સૂચન કરવા માગું છું કે, વખતોવખત પુખ્ત વયની દીકરીઓ માટે કે જે સરકારી શાળામાં અભ્યાસ કરી રહી છે એમના શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સ્વાસ્થ્ય અને મેન્સ્ટ્રુઅલ અવેરનેસ માટે સેનેટરી નેપ્કીન સરકારશ્રી તરફથી ઉપલબ્ધ કરાવવામાં આવે તો ઘણી બધી વિદ્યાર્થિનીઓને આના માટેની ગેરમાન્યતાઓ દૂર થશે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે મારા વિસ્તારમાં લગભગ ૩૫ થી ૪૦ હજાર એસ.ટી.સમાજના લોકો વસે છે. એમાં ૧૫ ગામ તો પોકેટના આવેલા છે. મારા વિસ્તારમાં એકપણ આદિવાસી છાત્રાલય કે આદિવાસી સ્કૂલ નથી તો આ વિસ્તારમાં એક સ્કૂલ છાત્રાલય સાથે આપે એવી વિનંતી છે.

ડો. કમલેશભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર પેટલાદમાં ૧૩૨ વર્ષ જૂની રાજકીય સંસ્કૃત પાઠશાળા છે. એના નવીન મકાન માટે અને ૧૩૨ વર્ષ જૂની નારણભાઇ કેશવલાલ પરીખ, એન.કે. હાઇસ્કૂલ છે જ્યાં આદરણીય સરદાર સાહેબે અભ્યાસ કરેલો. જ્યાં પૂજ્ય મોટા, પૂજય પ્રમુખ સ્વામી મહારાજ...

અધ્યક્ષશ્રી : તમે સીધો પ્રશ્ન પૂછો.

ડો. કમલેશભાઇ ર. પટેલ : એના માટે સરકાર કાંઇક આ સંસ્થાઓને મદદરૂપ થાય એવી વિનંતી છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

